**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ માં ખૂનના ૩૦ માંથી ૩૦ એ ૩૦ કેસ શોધી કાઢવામાં આવ્યા છે, ૨૦૦૭ માં ખૂનના ૨૨ માંથી ૨૧ કેસો શોધી કાઢવામાં આવ્યા છે, ૨૦૦૮ માં ૩૫ માંથી ૩૨ કેસો શોધી કાઢવામાં આવ્યા છે. બળાત્કારના કેસોમાં ૨૦૦૬ માં ૧૯ એ ૧૯, ૨૦૦૭ માં ૧૭ માંથી ૧૭ અને ૨૦૦૮ માં ૨૧ માંથી ૨૧ કેસો શોધી કાઢવામાં આવ્યા છે. એટલે કે સો એ સો ટકા કેસો ઉકેલાયા છે. ખૂનના કેસમા ૨ કેસો ઉકેલવાના બાકી છે અને એના માટેના બધા જ પ્રયત્નો ચાલુ છે અને એના સગડ પણ મેળવીને કઈ રીતે એમને જબ્બે કરી શકાય એ બાબતમાં એસ.પી. કક્ષાના અધિકારી પૂરેપૂરી ચિંતા કરી રહયા છે.

**ફાસ્ટ ટ્રેક કોર્ટો**

*૮૦૦૦ **શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : **માનનીય કાયદા મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઉભી કરી, અને

(૨) કયા કયા જિલ્લાઓમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઉભી થઈ?

**કાયદા મંત્રીશ્રી:**

(૧) ૧૫.
(૨) પત્રક-૧ મુજબ.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ઉભી થયેલ ફાસ્ટ ટ્રેક કોર્ટોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | અમદાવાદ (ગ્રામ્ય) | ૧ |
| ૨ | બનાસકાંઠા-પાલનપુર | ૨ |
| ૩ | ભાવનગર | ૧ |
| ૪ | દાહોદ | ૧ |
| ૫ | જૂનાગઢ | ૧ |
| ૬ | કચ્છ-ભૂજ | ૧ |
| ૭ | ખેડા-નડિયાદ | ૧ |
| ૮ | મહેસાણા | ૧ |
| ૯ | પાટણ | ૧ |
| ૧૦ | પંચમહાલ-ગોધરા | ૧ |
| ૧૧ | સૂરત | ૧ |
| ૧૨ | વડોદરા | ૩ |
| | કુલ: | ૧૫ |

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : મારે જાણવું છે કે આ ફાસ્ટ ટ્રેક કોર્ટ શરૂ કરવા માટેનાં કોઈ ધોરણો છે કે કેમ? ૨૦૦૮ માં ફાસ્ટ ટ્રેક કોર્ટ કેટલી શરૂ થઈ અને આગામી વર્ષમાં કોઈ ફાસ્ટ ટ્રેક કોર્ટ શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : આ ફાસ્ટ ટ્રેક કોર્ટો શરૂ કરવા માટેનાં ધોરણો છે એમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એક કેસમાં ૨૦૦૧ માં કાચા કામના કેદીઓ અને સેશન્સ કોર્ટના ભારણના ધોરણો ધ્યાનમાં રાખીને નામદાર હાઈકોર્ટ આવી ફાસ્ટ ટ્રેક કોર્ટો મંજૂર કરે એ પ્રકારના હુકમો કરેલ છે અને એના ધારેણો એક વર્ષના ભારણને ધ્યાનમાં રાખીને વડી અદાલતના ન્યાયમુર્તિઓની કમિટી બેસીને નકકી કરે છે, પરંતુ એની અંદર લગભગ ૧ાા વર્ષમાં કેસો ચાલવા ઉપર આવે તેવી એમની ગણતરીથી આ ભલામણ આપણી પાસે આવતી હોય છે. ૨૦૦૮ માં ૧૦ ફાસ્ટ ટ્રેક કોર્ટ શરૂ કરવાની ભલામણ કરી હતી અને ૧૦ એ ૧૦ કોર્ટ આ સરકાર તરફથી ચાલુ કરવાની મંજૂરી મળતાં બધી પ્રક્રિયા પૂરી થઈને ચાલુ થઈ ગઈ છે. **શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે ફાસ્ટ ટ્રેક કોર્ટો શર થયા પછી જે કેસોનો ભરાવો હતો તેમાં ઘટાડો થયો છે કે કેમ? બીજુ ૨૦૦૩ થી ૨૦૦૮ સુધી કોર્ટો ચાલુ કરી તેના મકાનોના બાંધકામની અને એવી વ્યવસ્થાઓ કરી છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : જયારથી ફાસ્ટ ટ્રેક કોર્ટો શરૂ કરી એટલે કે તેની સ્થાપના શરૂ થઈ ત્યારથી ૨૦૦૭ સુધીમાં ૧૪૯ નવા મકાનો રાજય સરકાર દ્વારા બાંધવામાં આવ્યા છે અને ૧૭૭ કરોડ રૂપિયાનો ખર્ચ પણ કર્યો છે. આ મકાનોમાં બીજી કોર્ટોનો પણ સમાવેશ થઈ જાય છે પણ સંકૂલ એક જ છે એટલે એની સાથે ફાસ્ટ ટ્રેક કોર્ટો આવી જાય છે. કેસના નિકાલની બાબત છે ત્યાં સુધી ફાસ્ટ ટ્રેક કોર્ટોના લીધે કેટલો નિકાલ થયો તેને છૂટા પાડવા અઘરા છે. પણ અનેકવિધ પ્રયત્નો કરવાને લીધે, એમાં લોક અદાલતો, ફાસ્ટ ટ્રેક કોર્ટ, અને હમણાં મુખ્ય મંત્રીશ્રીના વિચાર મુજબ સાંધ્ય કોર્ટો ચાલુ કરી તે નવો પ્રયોગ પણ સફળ થયો છે. તેના લીધે, આ ઉપરાંત કોમ્પ્યુટરાઈઝેશન અને કલાસિફિકેશન ઓફ કેસીસ, આ બધા પ્રયત્નોના લીધે ૨૦૦૨ માં ૪૩ લાખ જેટલા કેસો પડતર હતા અને ૨૦૦૮માં ૨૨ લાખ જેટલા કેસો જ બાકી છે. એટલે લગભગ અડધા કરતાં વધુ પડતર કેસોનો નિકાલ થઈ ગયો છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : મારે એ જાણવું છે કે નામદાર અદાલતોમાં હજુ પણ કેસોનું ભારણ વધુ છે. તેથી આ કેસોનું ભારણ ઘટે અને ત્વરિત કેસો ચલાવવામાં આવે અને તાત્કાલિક નિકાલ થાય તે માટે સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવ્યું હોય તો એ જણાવશે?

**શ્રી અમિત શાહ** : અનેક પ્રકારના આયોજનો કર્યા છે બધા જ જિલ્લામાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓની અધ્યક્ષતામાં કમિટી જાય છે. કેસોના કલાસિફિકેશનથી શરૂઆત કરે છે. એક દિવસ ફકત જુના કેસો જ ચલાવવા તેવી વ્યવસ્થા કરે છે. આ ઉપરાંત ડી. એસ. પી. અને કલેકટરોની સાથે કો-ઓર્ડિનેશન કરી અને વોરંટ ઝડપથી બજે તે માટેની વ્યવસ્થા થાય છે લોક અદાલતોના માધ્યમથી પણ પ્રયત્નો કરવામાં અવે છે. સાંધ્ય અદાલતો મારફત સવા પાંચ લાખ કરતાં વધુ પી.ટી. કેસોનો નિકાલ કરી દીધો છે. કોમ્પ્યુટરાઈઝેશન અને ડેટા ફીડીંગની કામગીરી ઘણાં જિલ્લાઓમાં ચાલુ થઈ ગઈ છે. અને મને જણાવતાં આનંદ થાય છે કે ગઈ કાલે પાટણ જિલ્લાની બધી જ કોર્ટોને સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝેશન કરી અને આખો જિલ્લો કોમ્પ્યુટરાઈઝેશન કરી દીધો છે. કોઈ પણ

અરજદાર પોતાના કેસનું સ્ટેટસ વેબસાઈટ ઉપર જોઈ શકે અને પાંચ છ દિવસમાં મોબાઈલ ઉપર પણ મળી શકે તેવા પ્રકારની વ્યવસ્થા કરી અને એક મોડેલ જિલ્લા તરીકે આ વ્યવસ્થા કરી છે. હવે પછીબધા જ જિલ્લાઓ માટે કનેકટીવીટીનું કામ આગળ ચલાવવાનું છે. ૨૦૦૩ પછી સતત આ કોર્ટોમાં કેસનું ભારણ ઘટે તેના માટેની વ્યવસ્થા કરી છે અને તેના ખૂબ સારાં પરિણામો મળ્યાં છે. તેની સમગ્ર દેશમાંથી પ્રશંસા પણ થઈ રહી છે. એટલે ૪૩ લાખ કેસોમાંથી આપણે ૨૨ લાખ સુધી પહોંચ્યા છીએ. અમારી એવી ચોકકસ નેમ છે કે કોઈ પણ કેસ દાખલ થાય તો ન્યાય માગનાર વ્યકિતને એક વર્ષમાં ન્યાય મળી શકે તેવી માળખાકીય વ્યવસ્થા ન્યાય તંત્ર દ્વારા ઉભી થાય તેના માટે સરકાર કટિબદ્ધ છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ૧૫ જિલ્લાઓમાં આ કોર્ટો શરૂ કરી છે તો બીજા જિલ્લાઓમાં કેટલા સમયમાં આ કોર્ટો ચાલુ કરવા માગો છો?

**શ્રી અમિત શાહ** : ફાસ્ટ ટ્રેક કોર્ટો જિલ્લામાં કેસનો ભરાવો અને કાચા કામના કેદીઓ જેમાં છે તેના અનુપાતમ શરૂ થાય છે. પરંતુ રાજય સરકારે નકકી કરેલ છે કે જયાં પણ જરૂર જણાશે અને હાઈકોર્ટની દરખાસ્ત આવશે તે દરેક જિલ્લામાં ફાસ્ટ ટ્રેક કોર્ટ શરૂ કરવા માટે રાજય સરકાર તૈયાર છે.

**અમદાવાદ જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો**

***૭૦૬૦ શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા ખૂન લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો તાલુકાવાર નોંધાયા,

(૨) તે અન્વયે કેટ કેટલા ગુન્હાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો, અને

(૩) કેટલા ગુન્હાઓનો ભેદ ઉકેલવાનો બાકી છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

(૧)

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર |
|---|---|---|---|---|
| ધોળકા | ૯ | ૧૦ | ૪ | - |
| બાવળા | ૭ | ૬ | ૩ | ૨ |
| સાણંદ | ૫ | ૫ | ૩ | - |
| ધંધુકા | ૫ | ૮ | ૨ | - |
| બળવાળા | ૩ | ૧ | - | - |
| રાણપુર | ૪ | ૧ | - | ૧ |
| દસક્રોઈ | ૨૬ | ૪૦ | ૧૧ | ૬ |
| અમદાવાદ શહેર | ૨ | - | - | - |
| વિરમગામ | ૬ | ૩ | ૧ | ૫ |
| માંડલ | ૩ | ૩ | - | - |
| દેત્રોજ | ૧ | ૩ | ૧ | ૧ |
| | કુલ :-૧૯૧ | | | |

(૨) ૧૪૮.

(૩) ૪૩.

**શ્રી કાનજીભાઈ ૨ા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૩ ગુનાઓનો ભેદ હજુ ઉકેલવાનો બાકી છે. તો એમાં ખુનના કેટલા, લૂંટના કેટલા, ધાડના કેટલા ગુનાઓ છે અને કેટલા ગુનેગારો પકડાયા છે? બીજુ અધિકારીઓ સાથે થયેલી ચર્ચા મુજબ ૧૯૬૦માં જે મહેકમ હતુ તેમાં કોઈ વધારો થયો છે કે કેમ અને જો ન થયો હોય તો સરકાર કોઈ વધારો કરવા માગે છે કે કેમ? બીજી બાબત એ છે કે પોલીસ અને રાજકારણની મીઠી નજર હોય ત્યારે ગુનેગારો પકડાય નહીં તો આ અંગે સરકાર શું વિચારણા કરવા માગે છે?

**શ્રી અમિત શાહ** : માનનીય સભ્યશ્રીએ કેટલીક વિગતો માગી છે એમણે કહ્યું કે કેટલા કેસો નથી શોધાયા, કેટલા આરોપીઓ નથી પકડાયા એમાં મારે જણાવવાનું કે ખૂનમાં ૧૪ આરોપીઓ, લૂંટમાં ૫, ધાડમાં ૪, અને બળાત્કારમાં શૂન્ય એમ કુલ ૨૩ આરોપીઓ પકડવાના બાકી છે અને એના માટેની કાર્યવાહી ચાલુ છે. જયાં સુધી મહેકમનો પ્રશ્ન છે ત્યાં સુધી મહેકમ એ સમગ્ર પોલીસ બેડાનું હોય છે. પોલીસ સ્ટેશનનું મહેકમ એના ધારાધોરણ મુજબનું હોય છે. જે પોલીસ સ્ટેશનમાં કામ વધુ હોય ત્યાં પોલીસ સ્ટેશનનું ડિવિઝન કરી બીજું પોલીસ સ્ટેશન બનાવીએ છીએ એટલે ઓટોમેટીક મહેકમ વધે છે. ૧૯૬૦ થી સમયે સમયે એમાં વધારો કર્યો છે. ચોક્કસ આંકડા અત્યારે મારી પાસે નથી પરંતુ એમની ઈચ્છા હશે તો હું ટેબલ ઉપર મૂકીશ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે અમદાવાદ જિલ્લાની અંદર તાલુકાવાર સન ૨૦૦૬ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધી ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારની અંદર કેટલી રકમની મિલ્કતો ગયેલી છે અને એ પૈકી પોલીસે કેટલી મિલ્કતો રિકવર કરેલ છે અને બાકી રહેલ મિલ્કતો અંગે શું કાર્યવાહી કરી છે?

**શ્રી અમિત શાહ** : તાલુકાવાર માહિતી તો ઘણી લાંબી થશે, એટલે હું પહેલા અમદાવાદ જિલ્લાના આંકડા મૂકી દઉં છું. તાલુકાવાર લિસ્ટ હું ટેબલ ઉપર મૂકી દઈશ. ૨૦૦૬માં પાછી મળેલ મિલ્કત ૧ કરોડ ૪૨ લાખ, ૨૦૦૭માં ૫૭ લાખ, ૨૦૦૮માં ૩૯ લાખ ૬૮ હજાર. જયારે ગયેલ મિલ્કત કુલ ૩ કરોડ ૫૭ લાખ છે. મેળવવાની બાકી છે એ પ્રક્રિયાની અંદર ખૂબ ઉંડાણથી સિનિયર અધિકારીઓ ધ્યાન રાખી રહ્યા છે. આંકડાનો પ્રશ્ન પૂછયો એમાં ૨૦૦૬માં ખૂનના ૩૭, લૂંટના ૯, ધાડના ૧૨ અને બળાત્કારના ૬, ૨૦૦૭માં ૩૬ ખૂનના, ૧૩ લૂંટના, ૫ ધાડના અને ૮ બળાત્કારના આંકડા નોંધાયેલા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : છેલ્લા બે વર્ષમાં ૧૯૧ ખૂન, લૂંટ ધાડ અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓ નોંધાયા છે. એમાંથી ૪૩ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલવાનો બાકી છે. હમણાં મંત્રીશ્રી કહેતા હતા કે ફાસ્ટ ટ્રેક કોર્ટ કરીને અમે એક વર્ષમાં સજાની વ્યવસ્થા કરાવવા માગીએ છીએ. સજા તો ત્યારે થાય જયારે ગુનાનો ભેદ ઉકેલાય અને આની પાછળ જે લોકો સંડોવાયેલા છે એને બહાર લઈ આવવામાં આવે જે બાકી છે એને પકડવામાં આવે. બે બે વર્ષ થયા ૪૩ જેટલા ગુનાઓ પકડાયા વગરના રહ્યા છે એ તો ગંભીર બાબત છે. ગુનાઓ ઉકેલાય અને એ ઉકેલવા માટે ગુનેગારોને રાજયાશ્રય ન મળે અને સક્ષમ પોલીસ અધિકારીઓની નિમણૂક થાય એ માટે સરકાર શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી અમિત શાહ** : સક્ષમ પોલીસ અધિકારીઓની નિમણૂક કરવામાં આવે છે અને એ લોકોને રાજયાશ્રય મળતો નથી એટલા માટે એમના સમય કરતાં અમારા સમયમાં ગુનાઓમાં ૩૭ ટકાનો ઘટાડો થયો છે. જો રાજયાશ્રય મળતો હોય તો આ શકય ન બને. હું માનતો હતો કે આ સત્રની નવી શરૂઆત છે એટલે કોઈ રાજકીય આક્ષેપ કરવામાં ન આવે, આક્ષેપ કરીને મને ઉશ્કેરે નહિ તો સારુ. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી રાજયાશ્રય આપવાનો કોઈ પ્રશ્ન જ નથી. એમના વખતનો ભૂતકાળ યાદ કરાવવો એ મને બરાબર લાગતું નથી. માનનીય અર્જુનભાઈને ઈચ્છા હોય તો તેઓ આના માટે એક ચર્ચા માગે. ૧૯૯૦થી ૧૯૯૫ની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને અત્યારની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરીએ એટલે કોણ કેટલા પાણીમાં છે એ ખબર પડે. • (xxxxxx) એવું હોય તો એક કલાકની ચર્ચા ગૃહમાં કરીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સામેથી દરખાસ્ત કરી છે એટલે આ બાબતે ગૃહમાં એક કલાકની ચર્ચા થવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપણે અત્યારે પ્રશ્નોત્તરીને વળગી રહીએ. ૪૩ ગુનાઓ અંગે આપે કાંઈ કહેવું હોય તો કહો?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એ ૪૩ ગુનાઓ ડી.વાય.એસ.પી.ને સોંપી દેવામાં આવ્યા જે એક વર્ષથી જૂના ગુનાઓ છે એ બધા એમને સોંપી દેવામાં આવ્યા છે. મુળ તપાસ કરનાર અધિકારી સિવાય બીજા એક પી.એસ.આઈ.ની અલગ એના માટે નિમણૂક કરવામાં આવી છે. કોઈપણ શાસનમાં સોએ સો ટકા ગુનાઓ શોધવા શક્ય નથી. અમારો પ્રયત્ન આ ૪૩ એ ૪૩ ગુનાઓ શોધવાનો છે અને એમાં અમને સફળતા પણ મળશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી,૧૯૧માંથી ૪૩ તો ગંભીર પ્રકારના ગુનાઓ છે એ અનડીટેકટ રહ્યા છે. માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે આ બહુ ઓછા છે. આ ખૂબ ગંભીર ઘટના છે. એને સરકારે ગંભીરતાથી લેવી જોઈએ. આ ૪૩ ગુનાઓ તાત્કાલિક સમયબદ્ધ રીતે ડીટેકટ થવા જોઈએ અને આરોપીઓને પકડી લેવા જોઈએ. અને માનનીય મંત્રીશ્રી રાજકીય રીતે જવાબ આપે એ બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : એમણે કહ્યું કે આ ૪૩ ગુનાઓ માટે ડીવાય.એસ.પી. કક્ષાના અધિકારી મૂક્યા છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧/૫ સુધીના આ આંકડાઓ છે. એમાં આ ૪૩ ગુનાઓ છે એ બે વર્ષ જૂના નથી. પરંતુ જે ગુનાઓ ૧ વર્ષ જૂના છે એમના માટે ડીવાય.એસ.પી. કક્ષાના અધિકારીની નિમણૂક કરી છે અને બીજા જેમણે તપાસ ન કરી હોય એવા એક પી.એસ.આઈ.ની નિમણૂક કરી છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ પૂછાઈ ગયો છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર અને તાલુકાવાર છેલ્લા ૩ વર્ષમાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટલા આરોપીઓ પકડ્યા, કેટલા પકડવાના બાકી છે અને કેટલા નાસતા ફરે છે? એના માટે શું કાર્યવાહી કરી?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે એમાં ખૂનના ગુનાઓમાં ૨૦૦૬ની અંદર ૯૨ આરોપીઓ સામે ૯૧ પકડાયા છે, ૨૦૦૭માં ૬૭ આરોપીઓ સામે ૬૭ આરોપીઓ પકડાયા

• (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છે, ૨૦૦૮માં ૧૪૯ આરોપીઓ સામે ૧૩૨ આરોપીઓ પકડાયા છે. લૂંટના ગુનામાં ૨૦૦૬માં ૫૧ આરોપીઓમાંથી ૫૧ આરોપીઓ પકડાયા છે. ૨૦૦૭માં ૯૦માંથી ૯૦ આરોપીઓ પકડાયા છે અને ૨૦૦૮માં ૬૪માંથી ૬૪ આરોપીઓ પકડાયા છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ આપે છે.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (બેઠાં બેઠાં) અમારા પ્રશ્નનો જવાબ નહીં આપવાનો અને બીજા પ્રશ્નોમાં ૬ વર્ષના આંકડા આપવાના.. અમારા પ્રશ્નમાં નહીં આપવાના?

**શ્રી અમિત શાહ** : સભ્યશ્રીએ શું પ્રશ્ન પૂછવાનો એ કોણ નક્કી કરી શકે?

**જુનાગઢ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો**

***૬૯૮૭ શ્રી ભગવાનભાઈ ધા. બારડ (તાલાળા)** :તા.૧૮-૨-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૫૬૪૫ (અગ્રતાક્રમ-૩૩) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન કુલ પાંચ નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું તે અન્વયે તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આ વીજ સબસ્ટેશનો સ્થપાયા છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા) :**

જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન કુલ પાંચ નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું તે પૈકી ૬૬ કે.વી. સિંધજ સબસ્ટેશન સિવાય બાકીના ચાર સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવેલ છે. જ્યારે ૬૬ કે.વી. સિંધજ સબસ્ટેશન ટેસ્ટ ચાર્જ કરી દેવામાં આવેલ છે અને તેને સંલગ્ન ૬૬ કે.વી. લાઈનનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં નવા સબસ્ટેશનો ૬૬ કે.વી.ના પાંચનું આયોજન હતું એમાંથી ચાર ચાલુ થયા છે અને એક બાકી છે તો એકની અંદર સિંધજ ગામ કયા તાલુકાનું છે એ પણ માનનીય મંત્રીશ્રી જરા જણાવે અને તાલાલા તાલુકાની અંદર નવા ૬૬ કે.વી. સબસ્ટેશનોની કોઈ દરખાસ્ત મળી છે કે કેમ અને મળી હોય તો ક્યારે ચાલુ કરવાના છો અને ૬૬ કે.વી.ના સબસ્ટેશનોમાં ખેડૂતોને પૂરતો ૮ કલાક વૉલ્ટેજની અંદર વિદ્યુત પુરવઠો મળી રહે એના માટે જોગવાઈ કરવામાં આવે છે અને માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે ૬૬ કે.વી.ના સબસ્ટેશનો કર્યા પછી એની જે જોઈન્ટ લાઈનો ઇલેવન અને એલ.ટી.ની ખેડૂતોને આપવાના પાવર માટેની હોય છે તે આજની તારીખ સુધી દરિયાઇ પટ્ટીમાં કયારેય બદલી નથી અને એના કારણે વારેવારે એકસીડન્ટો થાય છે તો બદલવા માગો છો કે કેમ? થોડા દિવસ પહેલા જ .. ..

**અધ્યક્ષશ્રી** : શ્રી ભગવાનભાઈ, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : પ્રશ્ન જ છે. પૂછું છું પેટા પ્રશ્ન જ પૂછું છું. માનનીય અધ્યક્ષશ્રી, થોડા દિવસ પહેલા દરિયાઈ પટ્ટીની અંદર મીની વાવાઝોડુ આવ્યું ત્યારે ઘણુંબધું નુકસાન થયું અને આજની તારીખ સુધી ખેડૂતોનો વીજળી પુરવઠો ચાલુ નથી થયો તો કેટલા સમયમાં કરવા માગો છો? અને કયા કયા ફીડરો બંધ છે એ માનનીય મંત્રીશ્રી જણાવવા જરા વિનંતી કરે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા ખેડૂતોને ગુણવત્તાવાળી વીજળી આપવાની છે. મારે આ સભાગૃહને આનંદ થાય તે માટે કહેવું છે કે અગિયારમા ફીફથ ફાઈવ ઈયર પ્લાનની અંદર ૨૩૦ સબસ્ટેશનનું આપણે આયોજન કર્યુ હતું. ૨૦૦૮-૦૯ની અંદર ૬૦ સબસ્ટેશનોનું આયોજન કર્યુ હતું એ સફળતાપૂર્વક પૂરું કર્યુ છે. અને એની અંદર જૂનાગઢની અંદર ૪ સબસ્ટેશનો પૂરા થયા અને કોડીનાર તાલુકાની અંદર સિંધજ સબસ્ટેશન છે એનું સિવિલ અને ઈલૅક્ટ્રિકલ વર્કનું કામ પૂરું થઈ ગયું છે અને જે એસોસીએટેડ લાઈન વર્કસનું કામ અત્યારે ચાલી રહ્યું છે અને ટૂંક સમયની અંદર પૂરું થશે. તાલાલાની અંદર એમણે જે વાત કરી એ તાલાલા તાલુકામાં ૯-૧૦ની અંદર ૬૬ કે.વી.એ ધુંસીયા સબસ્ટેશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામ આ વર્ષની અંદર પૂર્ણ થશે. વધારે જે એમણે વાત કરી કે આ સબસ્ટેશન નાખવાનું મૂળ કારણ કે ખેડૂતોને લો વૉલ્ટેજના પ્રશ્નો ઉભા હતા અને ઘણા સમયથી જરૂર અને માગણી હતી એના કારણે આ નાખવામાં આવ્યા છે. જો જ્યાં સબસ્ટેશનોની અંદર જગ્યા નથી હોતી ત્યાં નવું સબસ્ટેશન કરવામાં આવે છે. દિવસે દિવસે વીજળીની માંગ વધતી જાય છે અને ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશન લોસીસ ઓછા કરવા માટે નવું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરીએ છીએ અને એના કારણે આ વર્ષે પણ ૬૦ નવા સબસ્ટેશનાનું આખા રાજયની અંદર આપણે આયોજન કર્યુ છે. વધારાની એમણે જે વાત કરી કે દરિયાકાંઠાની અંદર ગુણવત્તાવાળી વીજળી આપવા માટે આ વર્ષ ૨૦૦૮-૦૯ની અંદર આપણે ૯ સબસ્ટેશનોનું કામ પૂર્ણ કર્યુ છે અને એની અંદર તળાજા તાલુકો ભાવનગર, જામનગરની અંદર લાલપુર, જામનગરની અંદર જામકલ્યાણપુર, જુનાગઢની અંદર વેરાવળ જૂનાગઢની અંદર સુત્રાપાડા કચ્છમાં મુંદ્રા, કચ્છમાં અબડાસા અને પોરબંદર તાલુકો એવી રીતે દરિયાકાંઠાની અંદર ગુણવત્તાવાળી વીજળી આપવા માટેનું આપણે આયોજન કર્યુ છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જે તે વિસ્તારમાં નવીન ૬૬ કે.વી. વીજ સ્ટેશન સ્થાપવાથી જે તે ગ્રાહકોને કયા કયા પ્રકારના લાભ થાય છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ મેં કીધું કે સૌથી વધારે જે લાંબા ફીડરો હતા એ ફીડરોને આપણે શોર્ટ કરી અને લો વૉલ્ટેજના પ્રશ્ન જે કાયમ માટે રહેતા હતા એ એનાથી દૂર થયા છે. દિવસે દિવસે આપણે વધારે અને વધારે કનૅક્શન આપીએ છીએ એટલે દિવસે દિવસે ડિમાન્ડ વધતી જાય છે. આ ડિમાન્ડ પૂરી કરવા માટે જે સબસ્ટેશનોનું કામ આપણે હાથમાં લીધું છે અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં એની જરૂરિયાત પ્રમાણે જોઈતા સબસ્ટેશન આપવા માટે આ સરકાર કટિબદ્ધ છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું તેમજ માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે વેરાવળ તાલુકાના દરિયા બેલ્ટ એક ઉપર મીની વાવાઝોડા જેવું .. ..

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : સાહેબ હું દરિયાપટ્ટી ઉપરથી જ આવુ છું. એ પણ ત્યાંથી જ આવે છે. એટલે મારે વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી** : હા, આપ આવો છો એ વાત સાચી છે. નહીં , નહીં, રાજસીભાઈ સબસ્ટેશનને લગતો પ્રશ્ન છે, બાકીનો પ્રશ્ન આપ ફરી પૂછજો. **શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ કે.વી.ને લગતી જોઈન્ટ લાઈનો દરિયાઈ પટ્ટીમાં આવેલી છે એનું વાયરીંગ બદલવા માગો છો કે કેમ એ પ્રશ્ન મેં માનનીય મંત્રીશ્રીને પૂછ્યો છે.

**શ્રી સૌરભ પટેલ** : હવે પછીના આવતા પ્રશ્નોમાં હું એનો વિગતવાર જવાબ આપીશ. આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. પરંતુ જ્યાં જરૂર પડે ત્યાં વાયરો બદલીએ છીએ. દરિયાકાંઠાના વિસ્તારોમાં રાજ્ય સરકારે કેટલા વાયરો બદલ્યા એની વિગતવાર માહિતી આવતા પ્રશ્નોમાં આપવા તૈયાર છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ભગવાનભાઈ, તમારો સબ સ્ટેશનોને લગતો પ્રશ્ન છે.

### ક્રિષ્ના ગોદાવરી બેઝિનમાં ગેસ અને ઑઈલ અંગે

* ૭૯૯૨ **પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ક્રિષ્ના ગોદાવરી બેઝિન ખાતેના જી.એસ.પી.સી. હસ્તકના બ્લોકમાં ઑઈલ અને ગેસનું ઉત્પાદન ક્યારથી ચાલુ થશે, અને

(૨) ઉત્પાદન શરૂ થતા રાજ્યને તેનાથી કેટલો લાભ મળશે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા) :**

(૧) ક્રિષ્ના ગોદાવરી બેઝિન ખાતેના જી.એસ.પી.સી. હસ્તકના બ્લૉકનો ફિલ્ડ ડેવલોપમેન્ટ પ્લાન ડાયરૅક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપરત કરેલ છે. આ પ્લાનની મંજૂરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘરવપરાશકારો સહિતના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરિયાત પ્રમાણે પૂરતા પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃદ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃદ્ધ થશે. પ્રદૂષણ પણ ઘણા અંશે ઓછું થશે. જેથી જીવનશૈલીની ગુણવત્તા વધશે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ક્રિષ્ના ગોદાવરી બેઝિન માટે હું સરકારને અભિનંદન આપું છું. પરંતુ મારે એ વાત જાણવી છે કે ગુજરાતને આનાથી અકલ્પનીય ફાયદો થવાનો હોય ત્યારે આ ઉત્પાદનની મંજૂરી મળે ત્યારે ઉત્પાદન થઈ શકે. તો આ મંજૂરી ક્યારે માગી છે અને વિલંબ થયો હોય તો આ વિલંબ શેના કારણે થઈ રહ્યો છે?

**શ્રી સૌરભ પટેલ** : આ કે.જી. બેઝિન ગુજરાતને આવતા દિવસોમાં ખૂબ મોટો ફાયદો કરવાનું છે. થોડા સમય પહેલા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ કે.જી. બેઝિન ૨૦ ટી.સી.એસ. પ્રૉબેબલ રિઝર્વ્સ એવી જાહેરાત કરી હતી. મને જણાવતાં આનંદ થાય છે કે આજની તારીખમાં પ્રુવન રિઝર્વ્સ જે મંજૂરી આપી છે એ ૧૦.૮ ટી.સી.એફ. ઓલરેડી થઈ ગયા છે. એટલે દીન દયાળ વેસ્ટમાં ૨.૯૦ ટી.સી.એફ., દીન દયાળ ઈસ્ટમાં ૫.૩૦ ટી.સી.એફ. અને દીન દયાળ નોર્થમાં ૨.૬૦ ટી.સી.એફ. આ પ્રમાણે ઓલરેડી ૧૦.૮ ટી.સી.એફ.નું રિઝર્વ છે એની ડી.જી.એચ.એ જાહેરાત કરી દીધેલ છે. બીજા રિઝર્વ વેલ્સ આપણે આજની તારીખમાં કરતા આવ્યા છીએ. ૧૫ વેલ્સ ઓલરેડી અત્યાર સુધીમાં કર્યા છે અને એમાં માત્ર ત્રણ વેલમાં નો ફ્લો આવ્યું છે. અને એક વેલનું ટેસ્ટીંગ કરવાનું હજી બાકી છે. એટલે આજની તારીખમાં આપણે એમ કહી શકીએ કે ૧૧ વેલ્સમાં સંપૂર્ણપણે સફળતા આપણને મળી ગયેલ છે. અત્યાર સુધી જે કામગીરી કરી છે અને એના આધારે આપણે વિગતો ડી.જી.એચ.ને મોકલી છે. જેટલા વેલ્સો આપણે ડ્રીલ કર્યા એનો રિપોર્ટ, એનું જીઓલોજીકલ મૉડલ આખા બ્લૉકનું બનાવવામાં આવ્યું છે. અને એ બ્લૉકમાં કેટલો પોટેન્શિયલ ગેસ દરેક વેલમાંથી નીકળવાનો છે એની સંપૂર્ણપણે માહિતી મોકલી છે. બીજું કે જે પોસીબલ રિઝર્વ્સ ૧૧ વેલ્સની અંદર છે એ પણ આપણે ત્યાં મોકલ્યું છે. બીજું કે, ડૅવલપમેન્ટ માટે

આપણે આજુબાજુમાં કેટલા વેલ્સ કરીશું એનો પણ આખો માસ્ટર પ્લાન મોકલ્યો છે. ઓફસોર પ્લૅટફૉર્મ આપણે જો કરવાનું હશે એનો કેટલો ખર્ચ છે એના નકશા અને ડિઝાઈન સાથે મોકલવામાં આવ્યું છે. ગેસ જ્યારે નીકળતો હોય ત્યારે ગેસની સાથે પાણી પણ હોય, ગેસ પણ હોય, એની પાઈપલાઈનની સાઈઝ, એની લંબાઈ અને કનેક્ટિવિટી આ બધું જ આપણે ડી.જી.એચ.ને મોકલ્યું છે. ગેસ બહાર નીકળે પછી એનું સીઓટુ અને એચટુ, એચ.ફાઈવ અને એચટુએચ એ છૂટું પાડવું પડે છે અને એને કમ્પ્રેશ પણ કરવો પડતો હોય છે. આ બધું ઓનસોર અને ઓફસોર ડિઝાઈન સાથે આપણે ડી.જી.એચ.ને આપણે મોકલી આપ્યું છે. એટલે અત્યારે કોઈ વિલંબ થયો નથી. કયારથી આપણને મંજૂરી મળશે એના અઢી વર્ષની અંદર આપણે ગેસ ગુજરાતની અંદર લાવીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું કે, એક તો ઘણા લાંબા સમય પહેલા જાણે એકઝેટ ગેસ મળી ગયો હોય એવી જાહેરાત થઈ હતી. આજે મંત્રીશ્રીના જવાબમાં આવે છે કે અંદાજીત પ્રાપ્ત થશે. ૧૧ વેલમાં અંદાજીત છે. જાહેરાતો જે હતી એ વિપરીત હતી. ૧૧ અને ૪ ૧૫ તો આ વેલના અંદરનો અત્યાર સુધીમાં કે.જી. બેઝિનમાં ટોટલ થયેલ ખર્ચ કેટલો અને ડાયરેકટર જનરલ, કાર્બોહાઈડ્રોને કઈ તારીખે આપે મોકલાવ્યું અને કઈ કઈ તારીખે આપણે ફોલો-અપ કર્યું અને હજુ સુધી મંજૂરી ન મળવાના કારણો શું? **શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને થોડી ગેરસમજ થઈ છે. મારે ખાલી એમનું એટલું ધ્યાન દોરવું છે કે જ્યારે એક્ષપ્લોરેશન કરવામાં આવે છે ત્યારે ઘણો વધો ડેટા વેવ કરવામાં આવતો હોય છે. એમાં ટુ-ડી, થ્રી-ડી આ બધા જ અહેવાલોના કારણે નક્કી કરવામાં આવે છે કે એમાં કેટલો ગેસ નીકળશે નિષ્ણાંતો પાસે એનો રિપોર્ટ લેવામાં આવે છે અને એ રિપોર્ટ લીધા પછી આપણે ૨૦ ટીસીએફની જાહેરાત કરી હતી. મને કહેતાં આનંદ એ થાય છે કે બે વર્ષની અંદર ૧૫ વેલ આપણે જુદા જુદા એરિયાની અંદર ડ્રીલ કર્યા. એ જુદા જુદા એરિયાની અંદર જે રિઝર્વ મળ્યું એ પોઝિટીવ હંન્ડ્રડ પર્શન્ટ ગેરંટી રિઝર્વ મળ્યું છે એટલે ૧૦.૮ થયું. હજુ કેટલો બધો એરિયા બાકી છે. જે ૨૦ ટીસીએફ કહ્યું હતું એની અંદર બીજા વેલ કરવાના બાકી છે, શક્યતા એ પણ છે કે હજુ ૨૦ ટીસીએફથી વધે. ત્રીજું માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૫૦ સ્કેવર કિલોમીટરનો એરિયા છે એ ૧૮૫૦ સ્કેવર કિલોમીટરની એરિયાની અંદર ઘણો એરિયા હજુ કરવાનો બાકી છે. ચોથું આ અત્યારની તારીખમાં આપણને એસ્યોરન્સ હતું કે આટલો ટીસીએફ મળ્યો છે એટલે ૧૧ મીલયન સ્ટાન્ડર્ડ કયુબિક મીટર ઓફ ગેસનો આપણે વહન કરવાનું ત્યાંથી કાકીનાળાથી ગુજરાતમાં ઓલરેડી રિલાયન્સ જોડે કરી લીધો છે. આ ઉપરાંત રોજના ખાલી ૮ થી ૧૦ મિલીયન ક્યુબિક ગેસ નીકળે તો રોજનો ૧૦ કરોડનો ગેસ નીકળશે. આ ત્રીસ વર્ષ સુધી નીકળશે. આ વિધાનસભા ગૃહને મારે વધારે માહિતી આપવી છે કે, આ ઉપરાંત આપણે પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડને કાકીનાળા ટુ ભીલવાડા, ભીલવાડાથી ગુજરાત વાયા બોપલ, ઈન્દ્રપુર, ઉદેપુર અને દાહોદ વધારાનો ગેસ જે રિલાયન્સની અંદર ના થઈ શકે એ ગેસ આપણે આની અંદર લાવવાનો પ્રયાસ કરીએ. વધારે મારે એમણે જે ખર્ચની વાત કરી એ ખર્ચ પણ કહું કે અત્યાર સુધી ૩૭૭૮ કરોડનો ખર્ચ થયો છે. હજુ આ જે કામગીરી કરવાની છે એના પાછળ પાંચથી સાત હજાર કરોડનો ખર્ચો થશે અને ત્રીજું અમારા પ્રમાણમાં કોઈ જગ્યાએ કયાંય ડીલે થયો નથી અને જે આપણે ડીજીએચને રિપોર્ટ મોકલ્યો છે એ આટલી બધી ડિટેઈલ્સ સાથે મોકલ્યો છે. હમણાં છઠ્ઠા મહિનામાં જ ૧૯-૬ એ પ્રમાણે હું સ્પષ્ટ કહું છું કે આટલી બધી કામગીરી ૧૮મી જૂન ૨૦૦૯ની તારીખે આપણે ડીજીએચને આપ્યો છે. પરંતુ મને કહેતા આનંદ થાય છે કે જ્યારે આપણે રિઝર્વ કરતા હોઈએ ત્યારે એક વેલ આપણે ઉતારીએ. આ હાઈપ્રેશર, હાઈટેમ્પરેચર વેલ હોય છે એની અંદર તમને ખાલી દા.ત. પાંચ હજાર મીટર સુધી આપણે નીચે કરીએ છીએ. એટલે પાંચ કિલોમીટર સુધી આપણે દરિયાની અંદર જતા હોઈએ છીએ. બીજું હાઈપ્રેશર ૧૪૦૦૦ ટીએસઆઈનું પ્રેશર આવે છે. હાઈ ટેમ્પરેચર ૪૦૦ ડીગ્રી ફેરનહીટનું આવે છે અને દરિયાના કાંઠા કોઈ ૧૬ મીટર પાણી હોય તો ૬૦૦ મીટરનું પાણી હોય છે. આના કારણે જ્યારે જુદા જુદા વેલો કરતા હોઈએ ત્યારે આજે એક વેલ કર્યો હોય અને તરત જ આપણો બીજો વેલ ચાલતો હોય તો બીજી માહિતી મળતી હોય એના કારણે ટોટલ માહિતી જે ડેવલપમેન્ટનો પ્લાન આખો બદલાઈ જતો હોય છે. સેકંડ, જ્યારે ડેવલપમેન્ટ માટે આટલો બધો ખર્ચો કરવાનો હોય છે તો આખી માહિતી, એ માહિતી આપણે ડીજીએચને મોકલતા હોઈએ છીએ. ડીજીએચ આપણને ૨૦ સવાલ પૂછતા હોય એ ૨૦ સવાલનો જવાબ આપતા હોઈએ અને એના પછી આખો માસ્ટર પ્લાન તૈયાર થતો હોય છે એટલે કાંઈ સહેલું નથી અને એના માટે જીએસપીસીએ માત્ર બે વર્ષની અંદર આ સારી કામગીરી કરી છે એ માટે અભિનંદનને પાત્ર છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય શકિતસિંહજી અગર જો બધાને અનુકૂળતા હોય તો નાની નાની બેચમાં ત્યાં આ જગ્યા વિઝિટ કરવા જેવી છે તો બધા જ ધારાસભ્યશ્રીઓને કોઈ જો આપણે આયોજન કરવું હોય તો કદાચ ચોમાસામાં સમુદ્ર બરાબર તોફાની હશે તો અલાઉ નહિ કરતા હશે. પરંતુ એવો જો વિચાર હશે તો હું માનું છું કે કદાચ જવા અને જોવા જેવું છે. ઘણાં બધા લોકોને આ કેટલો મોટો પોટેન્શ્યલ છે એનો એક અંદાજ આવશે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના જાહેર સાહસે એક્ષપ્લોરેશનના ક્ષેત્રમાં જે જે બેનમૂન સિદ્ધિ હાંસલ કરી છે એ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે એક વિશેષ પરિમાણરૂપ બનવાની છે એવા સમયે મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે

ઉદ્યોગોને અને વપરાશકારોને આ ગેસ સમયસર અને પૂરતા પ્રમાણમાં મળી રહે અને એના માટેનું જે પ્રાઈસ નિયમન જે છે કારણ કે આજે ગેસ મેળવવા માટે જુદા જુદા સોર્સિસમાંથી ઉદ્યોગોને ઘણી અનસરટેઈન્ટીટીનો સામનો કરવો પડે છે એવા સમયે રાજય સરકાર આ ગેસનું વિતરણ અને પ્રાઈસના નિયમન માટે કોઈ રેગ્યુલેટરી ઓથોરીટી કે એના માટેનું કોઈ તંત્ર ઊભું કરવાનું આયોજન કરે છે કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં કે.જી.બેઝિન. જી.એસ.પી.સી.નો ગેસ આપણે વિતરણ કરીએ, કોને આપવો એ આપણે નક્કી કરીએ એના માટે આપણે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી છે. જે હાલમાં રિલાયન્સનો ગેસ કે.જી.બેઝિનમાંથી નીકળ્યો છે એ કૅબિનૅટ સબ કમિટીએ એનું ડિસ્ટ્રીબ્યુશન ફાળવ્યું છે એમાં કોઈ રાજયનો કોઈ ફાળો છે નહીં. આજની તારીખમાં પણ નાના મોટા ઉદ્યોગો માટેની આપણે ગેસની માગણી કરી છે ગુજરાતને આપવા માટેની, હજુ સુધી રિલાયન્સના ગેસની માગણી એ આવી સ્વીકારી નથી પરંતુ મને ચોક્કસ ખાતરી છે કે, સરકારના દબાણને કારણે જી.એસ.પી.સી.નો જે ગેસ આવશે એ ગેસ નાના મોટા ઉદ્યોગો માટે આપણે ચોક્કસ આપીશું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૬.

**રાજય બહાર અપાયેલ વીજળી.**

***૭૧૬૪ શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ (નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૧-૪-૨૦૦૭ થી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં રાજય સરકારે રાજય બહાર કેટલી વીજળી આપી, અને

(૨) આ રીતે રાજય બહાર અપાયેલ વીજળીના વળતર પેટે કયા દરથી કેટલી રકમ રાજય સરકારને ક્યારે પ્રાપ્ત થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા) :**

(૧) અને ( ૨) : સામાન્ય રીતે રાજયમાં વીજ ઉપલબ્ધિ કરતાં વીજ માંગ ઓછી હોય તેવા પ્રસંગોએ જેમ કે, રાત્રિનો સમયગાળો, જાહેર રજાઓ કૃષિક્ષેત્રની ઓછી માંગ તેમજ ચોમાસા દરમિયાન વધારાની વીજળી અન્ય રાજયોને પૂરી પાડવામાં આવેલ છે. વીજળી જેવી અમૂલ્ય રાષ્ટ્રીય સંપત્તિ વેડફાય નહીં અને રાજયના વીજ મશીનો બિનઉપયોગી ન રહે અને રાજયની વીજ સ્થાપિત ક્ષમતાનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેમજ રાજયની વીજ ખરીદ કિંમતમાં ઘટાડો કરી શકાય તે હેતુઓને ધ્યાને રાખીને આ અભિગમ અપનાવ્યો છે. વધુમાં, માર્કેટમાં વીજળીની મોટા પ્રમાણમાં માંગ હોય તેવા પ્રસંગોએ પણ રાજયની વધારાની વીજ ઉપલબ્ધિને ધ્યાને રાખીને તેટલો જ જથ્થો અન્ય રાજયોને પૂરો પડાયેલ છે. નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમિયાન રાજય બહાર અનુક્રમે ૨૯૮.૪૫ મિલિયન યુનિટ તેમજ ૪૬૨.૨૫ મિલિયન યુનિટ વીજળી પૂરી પાડવામાં આવેલ, જે પેટે રાજયને અનુક્રમે રૂા. ૧૬૪.૫૪ કરોડ તેમજ રૂા. ૩૫૬.૫૩ કરોડ વળતર પ્રાપ્ત થયેલ છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે, ૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૯ સુધી રાજયની બહાર કેટલી વીજળી આપવામાં આવી ? માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જે જાણવું છે કે, આ વીજળી જે રાજયની બહાર જે આપવામાં આવી છે, એમાં જણાવ્યું છે કે, કૃષિક્ષેત્રે ઓછી માંગ હોવાથી. તો ગુજરાતના ખેડૂતોને આ વીજળી આપવામાં શું મુશ્કેલી હતી ? આ ગુજરાતના ખેડૂતોને આઠ કલાક વીજળી, છ કલાક વીજળી આપવામાં આવે છે ત્યારે મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, હું પણ ખેડૂત છું કેટલા કલાક ખેડૂતોની માંગણી છે અને એમાં સ્પષ્ટ લખ્યું છે કે, ચોમાસા દરમિયાન વધારાની વીજળી અન્ય રાજયોમાં પૂરી પાડવામાં આવેલ છે ત્યારે ગુજરાતના ખેડૂતોને જ્યારે ઓછી વીજળી મળતી હોય ત્યારે એમાં વધારો કરવા માગો છો કે કેમ ?

બીજું કે, મિલિયન યુનિટ ૭૬૦ અન્ય રાજયોમાં આપવામાં આવી છે, તો એની એક મિલિયન યુનિટની કેટલી કિંમતે અન્ય રાજયોમાં આપવામાં આવી છે ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ આખા દેશમાં માત્ર એક રાજય છે કે, જ્યાં લોડ શેડિંગ નથી, ચોવીસ કલાક વીજળી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર...ઑર્ડર... ખુમાનસિંહ આપ બેસી જાવ, જવાબ સાંભળો. ( આ તકે વિરોધપક્ષના નેતાશ્રી બેઠા બેઠા કાંઈક બોલતાં) શકિતસિંહજી, મંત્રીશ્રીએ શું જવાબ આપવો છે, (અંતરાય) ના તમે એક જિલ્લા છો એની ના નહીં, તમારા અને મંત્રીશ્રી વચ્ચે મૈત્રી કરાર હોય તો પણ મને વાંધો નથી.(અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : ન બીજલી, ન પાની, કૈસી હૈ રાજધાની. માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયમાં નીતિ પ્રમાણે ચોવીસ કલાક શહેરોમાં અને ગામડાઓમાં વીજળી આપવામાં આવે છે. ખેડૂતોને ઓછામાં ઓછી આઠ કલાક અને જરૂર પડે ત્યાં વધારે વીજળી પણ આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીને મારે થોડી માહિતી આપવી છે કે, જ્યારે વીજળીનું ઉત્પાદન થતું હોય તો એની સામે જ માંગ હોવી જરૂરી છે. તમે પાણી સ્ટોર કરી શકો, અનાજ સ્ટોર કરી શકો પરંતુ વીજળી સ્ટોર કરી શકો નહીં. હવે માટે એટલું કહેવું છે કે, ચોમાસામાં ખેડૂત હોય એને પણ ખબર પડે અને ખેડૂત ના હોય એને પણ ખબર પડતી હોય કે ચોમાસામાં જ્યારે આઠ કલાક, દસ કલાક

જ્યારે સળંગ વરસાદ પડતો હોય છે ત્યારે વીજળીની પાણીની મોટરો ચાલતી નથી હોતી. બીજું કે, આ કાયમ માટે બે-પાંચ-સાત દિવસ સુધી વીજળી વપરાતી નથી હોતી. આને કારણે પ્લાન્ટ બંધ કરવા પડે. પ્લાન્ટ બંધ કરવાનો વારો ન આવે એવા સમયે આપણે વીજળી બહાર વેચતા હોઈએ છીએ. મારે સભ્યશ્રીઓને જાણ કરવી છે કે ૨૦૦૦, જયારે વીજળી વેચવામાં આવી છે તો કયા મહિનામાં વેચવામાં આવી એટલે એમને ખ્યાલ આવે કે જે વેચવામાં આવી છે એ ઑગસ્ટ મહિનામાં ૭૩ મિલિયન વેચવામાં આવી છે. ૨૯૮માંથી ૭૩ મિલિયન ઑગસ્ટમાં વેચવામાં આવી છે. જુલાઈની અંદર ૨૦ વેચવામાં આવી છે, જુનમાં ૧૭ વેચવામાં આવી છે એટલે જયારે વીજળીમાં ખેતીની અંદર માગણી નથી હોતી ત્યારે વેચવામાં આવી છે અને બીજું આપને કહું કે, ટોટલ ખેડૂતોને સાહેબ, આ આંકડા સમજવા જેવા છે. ટોટલ ખેડૂતોની ટોટલ વપરાશ રોજની ૫૦ મિલિયન છે અને ૨૦૦૭-૦૮ની અંદર ૧૫૦૭૦ મિલિયન યુનિટ આપી છે. ૨૦૦૮-૦૯માં ૧૫૬૧૬ મિલિયન યુનિટ આપી છે એટલે જે ટોટલ વેચાણ છે એ ૨૯૮ છે એટલે પાંચ દિવસની પણ ન થઈ. ત્રીજું કે, ૦.૪૪ટકા થઈ એટલે આપ સમજી શકો છો અને કોઈને પણ પૂછી શકો છો કે વીજળી જયારે વપરાતી ન હતી અને સરપ્લસ હોય ત્યારે વીજળી વેચી શકાતી હોય છે અને એના કારણે રાજય મથકના પ્લાન્ટો બંધ ન થાય એના માટે વીજળી વેચી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગુજરાતની અંદર ખેડૂતોને વીજળીની જરૂર હોય ત્યારે ઉદ્યોગો ઉપર વીજળીનો કાપ આપવામાં આવે છે તો એવા સમયે આપણે વીજળી વેચીએ છીએ કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જી.ના. અને બીજું આપણે આખા વર્ષની અંદર ખેડૂતોને જરૂરિયાતના સમયમાં આપણે ૨૦૦૭-૦૮માં આપણે વીજળી ખરીદી પણ છે. ઓકટોબરની અંદર ફકત એક જ મહિનામાં ૨૬૦ મિલિયન યુનિટ વીજળી ખરીદવામાં આવી છે કારણકે એ વખતે સાડા છ રૂપિયે યુનિટ ખરીદી માત્ર ને માત્ર ખેડૂતોને વીજળી આપવા માટે પરંતુ જયારે જયારે ખેડૂતોને વીજળી આપવાની જરૂર પડશે ત્યારે આ રાજય સરકાર વીજળી આપવા માટે કટિબદ્ધ છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મને પૂછવા દેશો?

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, ખુમાનસિંહને પહેલો ચાન્સ આપવો હોય તો મને વાંધો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમને ચાન્સ આપીશું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમ વાત કરી કે ગુજરાતના ગામડાંમાં ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે. શહેરોમાં વીજળી ૨૪ કલાક અપાય છે. મને એમ લાગે છે કે ગુજરાતનાં ગામડાં અને ગુજરાતના ખેડૂતો એટલે માનનીય મંત્રીશ્રી ઉદ્યોગપતિઓ સમજતા હશે.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર જ આવું છું એટલા માટે કે ઉદ્યોગપતિઓને ૨૪ કલાક વીજળી મળતી હશે પરંતુ ગામડાંમાં ૨૪ કલાક વીજળી મળે છે અને ખેડૂતોને ૮ કલાક વીજળી મળે છે એ ગામડાં અને ખેડૂતોની મજાક છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત પૂછવા માગું છું કે આમાંથી એક પણ સભ્ય દાવા સાથે એમ કહી શકે છે કે ૮ કલાક વીજળી મળતી નથી, ૨૪ કલાક વીજળી મળતી નથી. તો હું આપના મારફત પૂછવા માગું છું કે બીજા રાજયોને વીજળી આપવાને બદલે અને વીજળી ઉપર રાજનીતિ કરવાને બદલે પંજાબમાં જઈને ભાષણ કરી શકાય કે અમારા ખેડૂતને ૨૪ કલાક વીજળી મળે છે. અહીંયા કેટલી મળે છે આપણને?

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, પ્રશ્ન ઉપર આપણે રહીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૨૪ કલાક વીજળી આપવા માગે છે કે કેમ? ૮ કલાક ખેડૂતોને વીજળી આપવા માગે છે કે કેમ? આ પ્રશ્ન માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ પાવર મિનિસ્ટર્સની કોન્ફરન્સ હતી દિલ્હીમાં અને દરેક કોન્ફરન્સની અંદર દરેક અધિકારીશ્રીઓએ, દરેક મંત્રીશ્રીઓએ અને શિંદેજીએ ગુજરાતની સિસ્ટમના વખાણ કર્યા છે અને આવતા દિવસોની અંદર આર.જી.જી.વાય.ની અંદર જે આપણે જયોતિ ગ્રામમાં સફળતા મેળવી છે એ દરેક રાજયોને એ પ્રમાણે રહેવા માટે શિંદેજીએ વાત કરી છે. મને જણાવતાં આનંદ થાય છે કે આપણું જે મોડલ છે એ મોડલનો અભ્યાસ કરવા માટે દરેક રાજયમાંથી ઓફિસર્સ આવી ગયા છે. નોટ ઓન્લી ધેટ, હમણાં થર્ટીન ફાઈનાન્સ કમિશન આવ્યું ત્યારે થર્ટીન ફાઈનાન્સ કમિશનના કેલકરજીએ બધાની વચ્ચે એમ કીધું કે હું જયાં જયાં ગયો છું ત્યાં દરેક જણે મને જયોતિ ગ્રામ યોજનાના વખાણ કર્યા છે.અને જ્યોતિગ્રામ યોજના તમારા થકી ફાઈનાન્સ કમિટીના અહેવાલની અંદર આવે એ પ્રમાણે માગણી કરી છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક-૭.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક ૭ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહ ભાઈ, આ પ્રશ્નમાં ૧૦ મિનિટ પૂરી આપી છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : અમારા જિલ્લાના ધારાસભ્યનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન રાજ્યનો છે. જિલ્લાનો નથી. બંને બાજુથી સરખા સભ્યશ્રીઓને તક આપી છે. આપના પહેલા આપના નેતા અર્જુનભાઈ બોલ્યા, એટલે મેં એમને ચાન્સ આપ્યો. નેકસ્ટ (અંતરાય ) આપણે જે અભિગમ અપનાવ્યો છે એને હું વળગી રહ્યો છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : અમારા ધારાસભ્યશ્રી પૂછે...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન વડોદરા જિલ્લાનો નથી. ખુમાનસિંહભાઈ તમારી ગેરસમજ થાય છે. અર્જુનભાઈને કઈ કહેવું હોય તો કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન એટલો છે કે * (xxxxxx) (xxxxxx) (xxxxxx)

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. આ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જવાબ ન મળ્યો હોય તો નિયમ ૯૨ નીચે નોટિસ આપશો.

**રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં વીજ વાયરો બદલવા પાછળ ખર્ચ**

***૭૯૮૮ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજયના દરિયાકાંઠા વિસ્તારો ભેજવાળા, ખારાશયુકત હવામાનને કારણે જર્જરિત વાયરો બદલવા કોઈ યોજના અમલમાં આવેલ છે કે કેમ,

(૨) તે અંતર્ગત રાજયના નાણાકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કેટલા કિ.મી. જર્જરિત વાયરો બદલવામાં આવ્યા અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)**

(૧) રાજ્યની " સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના" અંતર્ગત દરિયાકાંઠાના વિસ્તારોમાં જર્જરિત વીજ વાયરો બદલવા માટેની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) અને (૩) : નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન ૫૮૩૪.૫૪ કિ.મી. જર્જરિત વાયરો બદલવામાં આવ્યા છે. જે માટે રૂપિયા ૧૮૦૩.૨૫ લાખનો ખર્ચ થયો છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, દરિયાકાંઠાના ભેજવાળા, ખરાશયુકત વિસ્તારોમાં વીજ
વાયરો બદલવા માટેની સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના અમલમાં આવી છે, આ યોજનાનો હેતુ શું છે અને આ યોજના ક્યારથી અમલમાં આવી છે? આ યોજનાનો લાભ કયા કયા જિલ્લાને મળવાનો છે?

**શ્રી સૌરભ પટેલ** : ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૭ એ આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના જાહેર કરવામાં આવી હતી. આ વિસ્તારની અંદર સેલીનિટીના કારણોથી વાયરો જલ્દીથી ખરાબ થઈ જાય છે. એના કારણે કન્ડક્ટર અને પોલ્સ વારંઘડિયે બદલવા પડતા હોય છે. કારણ કે કરોસિવ થઈ જાય છે. આના કારણે ફ્રિકવન્ટ ઈન્ટરપ્શન ન થાય અને હાનિ ન થાય, એકિસડંટ ન થાય એના કારણે વાયરો બદલતા હોતા હોઈએ છીએ. કોસ્ટલ ડિસ્ટ્રિકટની અંદર અને ૩૮ તાલુકાની અંદર આ કામગીરી હાથમાં લીધી છે. મુખ્ય કામગીરી હોય છે તે ૩ ભાગમાં વહેચીએ છીએ: એક ડિસ્ટ્રિબ્યુશનમાં બીજી ટ્રાન્સમિશનમાં અને ત્રીજી છે ૬૬ કે.વી.ના નવા સબસ્ટેશનમાં, આમાં ડિસ્ટ્રિબ્યુશન લાઈન છે એનું રિપ્લેસમેન્ટ કરવામાં આવે છે અને પોલ્સ બદલવામાં આવે છે અને જે ટ્રાન્સમિશનનું હોય છે, એની અંદર રિપ્લેસમેન્ટ ઓફ કન્ડકટર ઈન્સ્યુલેટર્સ અને ટાવર સ્ટ્રકચરની કામગીરી કરવામાં આવે છે. નવા સબ સ્ટેશનોનું ઈરકશન કરવામાં આવે છે. સૌથી વધારે લાભ એ થાય છે કે આ કરવાના કારણે ઈન્ટરપ્શન અને લાઈન લોસ થતા હોય છે, એમાં ઘણું બધું ઓછું થઈ જતું હોય છે અને કવોલિટી પાવર અને પૂરતું વૉલ્ટેજ સાથે ગ્રાહકને મળતો હોય છે. આ ૨૦૦૮-૦૯ ની અંદર ખાલી ડિસ્ટ્રિબ્યુશનની અંદર આપણે ૩૯.૫૪ કરોડનો ખર્ચો કયો છે. અને નવા સબસ્ટેશનોનો ૩૪.૭ કરોડનો ખર્ચ કર્યો છે. કુલ ૮૦ કરોડના ખર્ચે કામગીરી હાથ ઉપર લીધી છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન બહું અગત્યનો છે. વિભાવરી બેનને ખૂબ ખૂબ ધન્યવાદ. આ પ્રશ્ન અગત્યનો છે. એટલા માટે અગત્યનો છે કે આજે સમગ્ર ગુજરાતની અંદર આ વાયર કટિંગની વ્યવસ્થિત ટોળકી કામ કરી રહી છે. દરેક સબસ્ટેશનમાં એક કિસ્સો દિવસમાં નોંધાતો હોય છે કે અમારા વિસ્તારમાં વાયરના કટિંગ થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, બહુ વ્યવસ્થિત ટોળકી ચાલે છે. કોઈની મીલીઝૂલીથી ચાલતી હોય તો તેની મને ખબર નથી. પણ તેના કારણે મારા તાલુકાની અંદર છેલ્લા એક મહિનાની અંદર ચાર ખેડૂતોના જે વીજ જોડાણો હતા તેના વાયર કટીંગ થયેલા છે. આના માટે ડેપ્યુટી એન્જિનિયરને ફોન કરીએ છીએ અને કહીએ છીએ કે ભાઈ પાણી ચાલુ છે, આની મગફળી અને બાજરીનો પાક સૂકાય છે. તો પંદર

* (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

દિવસ સુધી વાયરો ઉપલબ્ધ થતા નથી અને વાયરો નાંખી આપવામાં આવતા નથી. આમ કહીને ખેડૂતોના તાર નાંખવામાં આવતા નથી. તેના કારણે ખેડૂતોને ખૂબ મોટું નુકસાન થાય છે. તો આ જે નુકસાન થાય છે તે નુકસાન જી.ઈ.બી. ભરપાઈ કરી આપવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : માનનીય ખુમાનસિંહભાઈ પ્રશ્ન સાગરખેડૂના વિસ્તારના વાયરોનો છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ સાચી વાત છે. સાગરખેડૂ સાથે ખેડૂતોનો આ અગત્યનો પ્રશ્ન છે. આ બાબતમાં સરકાર કોઈ નીતિ વિષયક નિર્ણય કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : જે વાયરો માટેની વાત કરી. ગોડાઉનમાં વાયર નથી તેની વાત કરી છે એટલા માટે મારે જણાવવું છે કે આ યોજનાની અંદર ૧૨ જિલ્લામાં ૫૮૩૪ કિલોમીટરના વાયરો બદલાયા છે. કોઈપણ અધિકારી કહેતા હોય કે વાયરો નથી, શોર્ટેજ છે તો તે વાત ખોટી છે. આવું કયાંય નીકળે તો આપ મારું ધ્યાન દોરજો અને બીજું જે આપે વાયરો કટીંગની બધી વાત કરી છે, ચોરીના કિસ્સાઓની વાત કરી છે આવું કયારેય થાય તો અમારું ધ્યાન દોરજો અમે ગૃહ વિભાગ સાથે રહીને આ લોકોને પકડીશું.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ :** માનનીય અધ્યક્ષશ્રી વનબંધુ કલ્યાણ યોજના, શહેરી ગરીબ મધ્યમવર્ગની યોજના અને સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના લાવવા બદલ રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન સાથે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજનાના કારણે શું શું ફાયદા થાય છે? તે જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા ખાતાનો સવાલ છે. મુખ્ય ફાયદા કે જે ૧૨ જિલ્લા કહયા તેના વર્ષો સુધી લાઈનો બદલવામાં આવી ન હતી અને ગુણવત્તાવાળી વીજળી માટે સબ સ્ટેશનોનું આયોજન કરવામાં આવ્યું ન હતું માત્ર ૨૦૦૮-૦૯માં ખૂબ મોટી સંખ્યામાં વાયરો બદલ્યા  અને સબસ્ટેશનોનું કામ હાથમાં લીધું. જેથી દરિયાકાંઠાના વિસ્તારોના વાયરો અને ફીડરો ટૂંકા થઈ ગયા અને આવતા બે વર્ષના આયોજન પ્રમાણે હજુ સારી વ્યવસ્થા ગોઠવાય તે પ્રમાણે મહેનત કરીશું.

**.બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં ઈન્દિરા આવાસ તથા ગ્રામ્ય ખેડૂતોને ઘર વપરાશની વીજળી**

***૭૭૦૩ શ્રી રણછોડભાઈ ક. મેર (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે..,

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં ઈન્દિરા આવાસ તથા ગ્રામ્ય ખેડૂતોને કેટલી ઘર વપરાશની વીજળીની માંગણીની અરજીઓ આવી,

(૨) આ અરજીઓ પૈકી કેટલાને કયારે વીજળીનું કનેકશન આપવામાં આવ્યા, અને

(૩) જે તે વીજ કનેકશન અપાયેલ નથી તેમની અરજીઓ કઈ તારીખે આવેલ છે, અને તેઓને કયારે વીજ કનેકશન આપવા માગો છો?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા):**

(૧), (૨) અને (૩): તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૬૯૫૧ અરજીઓ આવી છે. તે પૈકી ૨૦૦૬ માં ૨૦૫૨, ૨૦૦૭માં ૧૮૬૧ અને ૨૦૦૮ માં ૨૦૬૫ એમ કુલ ૫૯૭૮ વીજ કનેકશન આપવામાં આવેલ છે. બાકી રહેલ આપવાપાત્ર વીજ કનેકશન આપવાની કામગીરી પૂર્ણ થવામાં છે.

**શ્રી રણછોડભાઈ ક. મેર :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા ધંધુકા તાલુકા મત વિસ્તારમાં ઘણા સમયથી બી.પી.એલ.ના કાર્ડ ધારકોને કનેકશનો આપવામાં આવ્યા નથી. એ કનેકશનો કયારે આપવા માગે છે? બીજું મારા મત વિસ્તારમાં સિંગલ ફેઈઝની લાઈટ ઘણા સમયથી આપવામાં આવી નથી તો આ સિંગલ ફેઈઝની લાઈટ કયારે આપવા માગે છે તે જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, જે ઘર વપરાશની લાઈટની વાત કરી તો મારે માહિતી આપવી છે કે કુલ ૬૯૫૧ કનેકશનની માગણી હતી. તેમાં આપણે આજની તારીખ સુધીમાં ઝૂંપડપટ્ટીની અંદર ૧૦૪૫ અને નોર્મલ સ્કિમમાં ૪૯૩૩ તેમ ૫૯૭૮ કનેકશન આપી દીધાં છે. ૯૦૧ અરજીઓમાં નોન પેમેન્ટ ઓફ એસ્ટીમેન્ટ ચાર્જના કારણે તેમને કનેકશન આપ્યા નથી અને રીજેકટ થયા છે અને આજની તારીખમાં માત્ર ૭૨ અરજીઓ પેન્ડીંગ છે અને આ ૭૨ ગ્રાહકોને એસ્ટીમેન્ટ આપી દીધા છે. જેવા એસ્ટીમેન્ટના ચાર્જ આપશે તો તાત્કાલિક કનેકશન આપવામાં આવશે. બીજું સિંગલ ફેઝના કનેશનની વાત કરી જે કોઈ ફીડર હોય તે ફીડરના મને નામ આપી દે અને ખાસ સભ્યશ્રીઓને વિનંતી કે એ ફીડર ઉપર ગ્રાહકોએ કનેકશન માટે માગણી કરવી પડે.આજે ગ્રાહકો કનેકશન માટે માગણી કરતા નથી. કારણકે એ લોકોને જો માગણી કરે તો સિંગલ ફેઈઝનું મીટર તેમની વાડી પર મૂકવામાં આવે છે અને તેમણે પૈસા ભરવા પડે એટલે તે લોકો માગણી કરતા નથી અને અપેક્ષા રાખે છે કે માગણી કર્યા વગર તે લોકોને જોડાણ ચાલુ કરવામાં આવે. એટલે મારે સભ્યશ્રીને એટલી વિનંતી કરવાની કે જે કોઈ.....

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### હીરા ઉદ્યોગમાં મંદી

૬૯૯૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-
તા.૧૮/૨/૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * ૬૦૭૫(અગ્રતા -૨૯)ના અનુસંધાને

**પ્રશ્ન**

(૧) તાજેતરમા રાજ્યમાં હીરા ઉદ્યોગમાં વ્યાપેલ મંદીના કારણે કેટલા રત્ન ક્લાકારો બેકાર બન્યા તેના સર્વેની કામગીરી પૂરી થઈ છે કે કેમ, અને

(૨) જો હા, તો સર્વે અનુસાર કેટલા રત્ન
એચબી-૧૮૫-૨
છે ?

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સુરત શહેરમાં પ્રાથમિક સર્વેક્ષણ કરેલ છે.

(૨) પ્રાથમિક સર્વે કરેલ ૧૨૩૮ ચાલુ એકમોમાં ૧,૨૪,૬૭૬ રત્ન ક્લાકારો કામ કરતાં હતાં, બંધ એકમોના બેરોજગાર હોઈ શકે તેવા રત્ન ક્લાકારોને મદદરૂપ થવા રાજ્ય સરકારે રત્નદીપ કૌશલ્ય વર્ધક તાલીમ સહાય પેકેજ તથા રત્ન ક્લાકારોને અકસ્માત વીમા યોજનાનું વીમા સુરક્ષા કવચ જાહેર કરેલ છે. આ ઉપરાંત ચાલુ રોજગારલક્ષી યોજનાઓનો લાભ આપવાનું શરૂ કરેલ હતું.

બેંકબલ યોજના અંતર્ગત સુરતમાં ૫૭ રત્ન ક્લાકારોને લોન સહાયનો લાભ આપવામાં આવેલ છે. અમદાવાદમાં માનવ કલ્યાણ યોજના હેઠળ ૪૮૦ બેરોજગાર રત્ન ક્લાકારોને ટૂલ કીટનું વિતરણ કરવામાં આવેલ છે. તથા રત્ન ક્લાકાર કુટુંબના મહિલા સભ્યોને વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત ૨૦૦ લાભાર્થીઓને સિલાઈ મશીન અપાયેલ છે.

રત્નદીપ કૌશલ્ય વર્ધક તાલીમ સહાય પેકેજ યોજના આચાર સંહિતાને કારણે અમલ ન થતાં તાજેતરમાં અરજીઓ માંગતા અમદાવાદમાંથી ૧૨૩૮, સુરતમાંથી ૭૩૫ અને ભાવનગરમાંથી ૨૨૩ ઈસમોની અરજી મળેલ છે. જેઓની તાલીમ બેચ તા.૧-૭-૨૦૦૯ થી ચાલુ થશે.

------------

### ખાણ-ખનિજ ખાતાની જી.એમ.આર.ડી.એસ.ની રોયલ્ટીની વસૂલાત

૮૦૦૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખાણ અને ખનિજ ખાતાની જી.એમ.આર.ડી.એસ. ની રોયલ્ટીની ચોરી પકડવા માટે બિન અધિકૃત રીતે ખોદકામ વહનના કિસ્સા પકડવાના હેતુથી એક ડાયરેકટરની નિમણૂંક કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ ડાયરેકટરે તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી માત્ર બિન અધિકૃત ખનિજના કેસ પકડી ફક્ત રોયલ્ટીની વસુલાત કરી, રાજ્ય સરકારને મહેસૂલી આવક્નું મોટું નુક્સાન કરાવેલ છે તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી. ઉક્ત ડાયરેકટરની નિમણૂંક્ને બે વર્ષ થવામાં છે. તેમની મુખ્યત્વે કામગીરી, ખાણોની સીસ્ટમેટીક તપાસ કરી મોટા પાયાના ખનિજ ચોરી/રોયલ્ટી ઈવેઝનના કેસો શોધી, વિગતવાર અહેવાલ તૈયાર કરી આગળની કાયદેસરની કાર્યવાહી કે જેમાં ખનિજ કિંમત/રોયલ્ટી વસુલાત પણ આવે છે, તે સારું

(૩) જો હા, તો ખનિજ કિંમત વસૂલવાના બદલે રોયલ્ટી વસૂલાત કરવા માટે આ ડાયરેક્ટર સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

ખાતાને આપવાના છે. ત્યારબાદ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા કેસની ચકાસણી/સુનવણી કરી ખનિજ કિંમત કે રોયલ્ટી વસુલવા નિર્ણય લેવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સાયન્સ સીટીના કાર્યક્રમોની વિદ્યાર્થીઓએ લીધેલ મુલાકાત**

૭૯૫૪ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાયન્સ સીટીના કાર્યક્રમો કેવી રીતે શાળાના બાળકોને ઉપયોગી છે,

(૧) વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રો જેવા કે ભોતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર વિગેરે વિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓ, મહત્વના વિજ્ઞાન દિવસોની ઉજવણી, વિજ્ઞાન પરના વ્યાખ્યાનો અને ચર્ચા વિગેરે નિયમિત કાર્યક્રમોમાં ભાગ લેવાથી બાળકો અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચી કેળવવામાં મદદરૂપ થાય છે, તેમજ રાજ્યના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી વિજ્ઞાન સબંધી સ્પર્ધાઓમાં વધુ સારો દેખાવ કરવા માર્ગદર્શન મળી રહે છે.

- સાયન્સ સીટી એ સામાન્ય મ્યુઝિયમથી સાવ જ અલગ છે. ""જાતે કરો"" અને ""જાતે શીખો"" ના સિદ્ધાંત પર કામ કરતા અહીંના પ્રદર્શન સ્થળો મારફત બાળકો અને વિદ્યાર્થીઓને વિજ્ઞાનના ગૂઢ રહસ્યોને સહજતાથી સમજવાનું માધ્યમ મળે છે જેથી તેમના આવા વિષયના રોજીંદા અભ્યાસક્રમ અને પાઠ્ય પુસ્તકોના વિવિધ મુદ્દાઓ અને સિદ્ધાંતોની મનોરંજક અને યાદ રહી જાય તેવી રીતે પાયાની સમજ કેળવાય છે.

- સાયન્સ સીટીના ૩-ડી આઈમેક્સ થિયેટરમાં પ્રદર્શિત થતી વેજ્ઞાનિક ફિલ્મો દ્વારા બાળકો-વિદ્યાર્થીઓને નવી દુનીયા અને નવા વિચારોને સમજવાની તક પૂરી પાડે છે.

(૨) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રાજ્યની કેટલી શાળાના કેટલા બાળકોને સાયન્સ સીટીની મુલાકાત લીધેલ છે, અને

(૨) સને ૨૦૦૭-૦૮ માં ૭૪૫ શાળાના ૧,૨૫,૬૭૯ અને સને ૨૦૦૮-૦૯ માં ૧૧૧૧ શાળાના ૧,૬૯,૨૯૯ વિદ્યાર્થીઓએ સાયન્સ સીટીની મુલાકાત લીધેલ છે. આ સિવાય સને ૨૦૦૭-૦૮ માં ૮૧,૦૯૮ બાળકો અને ૨,૭૫,૪૭૫ અન્ય લોકોએ મળી કુલ-૪,૮૨,૨૫૨ તથા સને ૨૦૦૮-૦૯ માં ૯૭,૯૬૧ બાળકો અને ૩,૩૭,૭૮૩ અન્ય લોકોએ મળી કુલ-૬,૦૫,૦૪૩ લોકોએ લાભ લીધેલ છે.

(૩) સાયન્સ સીટીમાં શાળાના બાળકોને કોઈ કન્સેશન આપવામાં આવે છે કે કેમ ?

(૩) હા, જી.

**રાજ્યની આર.ટી.ઓ. કચેરીની આવક**

૬૯૮૨ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં રાજ્યની આર.ટી.ઓ. કચેરી દ્વારા કેટલી આવક વર્ષવાર મળી ?

| સને | આવક (રૂા.લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | રૂા.૯૫૨૩૩.૯૯ |
| ૨૦૦૮-૦૯ | રૂા.૧૦૦૦૩૯.૯૧ |

## જિલ્લાઓમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસિક્યુટરની જગ્યાઓ

૭૯૮૩**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની મંજૂર થયેલી કેટલી જગ્યાઓ છે,

(૨) આ પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) ખાલી પડતી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ-ક મુજબ.

(૨) ૧૬૮ જગ્યાઓ ભરવામાં આવેલ છે. ૨૪૮ જગ્યાઓ ખાલી છે.

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગીની કાર્યવાહી ચાલુ છે, પસંદગી યાદી મળ્યેથી આનુસાંગિક કાર્યવાહી પૂરી થયા બાદ.

### પરિશિષ્ટ-ક

જિલ્લાવાર આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરોની મંજુર જગ્યાઓ

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ જગા | સ્થળ | સંખ્યા | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમદાવાદ | ૨૯ | અમદાવાદ (શહેર) | ૧૮ | ૧૪ | ૪ ખાલી |
| | | | અમદાવાદ (ગ્રામ્ય) | ૭ | ૦૪ | ૩ ખાલી |
| | | | વિરમગામ | ૧ | ભરેલી | -- |
| | | | ધોળકા | ૧ | ભરેલી | -- |
| | | | ધંધુકા | ૧ | ભરેલી | -- |
| | | | સાણંદ | ૧ | ભરેલી | -- |
| ૨. | અમરેલી | ૮ | અમરેલી | ૩ | ૧- ભરેલી | ૨-ખાલી |
| | | | ધારી | ૧ | -- | ખાલી |
| | | | રાજુલા | ૧ | -- | ખાલી |
| | | | સાવરકુંડલા | ૧ | -- | ખાલી |
| | | | બગસરા/વડીયા | ૧ | -- | ખાલી |
| | | | લાઠી/લિલીયા | ૧ | ભરેલી | -- |
| ૩. | આણંદ | ૬ | આણંદ | ૨ | ૧-ભરેલી | ૧ ખાલી |
| | | | બોરસદ | ૧ | ભરેલી | -- |
| | | | ખંભાત | ૧ | ભરેલી | -- |
| | | | પેટલાદ | ૧ | ભરેલી | -- |
| | | | ઉમરેઠ | ૧ | ભરેલી | -- |
| ૪. | બનાસકાંઠા | ૯ | પાલનપુર | ૪ | ભરેલી | -- |
| | | | દિયોદર | ૧ | ભરેલી | -- |
| | | | ડીસા ધાનેરા | ૧ | ભરેલી | -- |
| | | | થરાદ-વાવ | ૧ | ભરેલી | -- |
| | | | દાંતા | ૧ | ભરેલી | -- |
| | | | ડીસા | ૧ | ભરેલી | -- |
| ૫. | ભરૂચ | ૮ | ભરૂચ | ૪ | ભરેલી | -- |
| | | | વાલીયા | ૧ | -- | ખાલી |
| | | | જંબુસર | ૧ | ભરેલી | -- |
| | | | અંકલેશ્વર | ૧ | ભરેલી | -- |
| | | | ઝગડીયા | ૧ | ભરેલી | -- |
| ૬. | ભાવનગર | ૧૫ | ભાવનગર | ૮ | ૫- ભરેલી | ૩-ખાલી |
| | | | બોટાદ | ૧ | ભરેલી | -- |
| | | | મહુવા | ૧ | -- | ખાલી |
| | | | પાલીતાણા | ૧ | -- | ખાલી |
| | | | શિહોર | ૧ | -- | ખાલી |
| | | | વલ્લભીપુર | ૧ | ભરેલી | -- |
| | | | તળાજા | ૧ | -- | ખાલી |
| | | | ગઢડા | ૧ | -- | ખાલી |
| ૭. | દાહોદ | ૬ | દાહોદ | ૨ | ભરેલી | -- |
| | | | દેવગઢ બારીયા | ૧ | ભરેલી | -- |
| | | | દાહોદ-લીમખેડા | ૧ | ભરેલી | -- |
| | | | ઝાલોદ | ૧ | ભરેલી | -- |

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ જગા | સ્થળ | સંખ્યા | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૮. | ગાંધીનગર | ૪ + ૧ | ગાંધીનગર | ૨ + ૧ | ભરેલી | -- |
| | | | ગાંધીનગર-દહેગામ | ૧ | ભરેલી | -- |
| | | | ગાંધીનગર-માણસા | ૧ | ભરેલી | -- |
| ૯. | મહેસાણા | ૧૦ | મહેસાણા | ૪ | ૪- ભરેલી | -- |
| | | | કલોલ (હાલ ગાંધીનગર) | ૨ | ભરેલી | -- |
| | | | કડી | ૧ | ભરેલી | -- |
| | | | ખેરાલુ | ૧ | ભરેલી | -- |
| | | | વિજાપુર | ૧ | -- | ખાલી |
| | | | વિસનગર | ૧ | ભરેલી | -- |
| ૧૦. | નર્મદા-રાજપીપળા | ૩ | રાજપીપળા | ૨ | ભરેલી | -- |
| | | | સાગબારા-ડેડયાપાડા | ૧ | ભરેલી | -- |
| ૧૧. | નવસારી | ૭ | નવસારી | ૪ | ૩- ભરેલી | ૨-ખાલી |
| | | | ગણદેવી | ૧ | ભરેલી | -- |
| | | | વાસંદા | ૧ | -- | ખાલી |
| | | | આહવા | ૧ | ભરેલી | -- |
| ૧૨. | પંચમહાલ-ગોધરા | ૧૧ | ગોધરા | ૬ | ૩-ભરેલી | ૩-ખાલી |
| | | | હાલોલ | ૧ | ભરેલી | -- |
| | | | લુણાવાડા | ૧ | ભરેલી | -- |
| | | | કાલોલ | ૧ | -- | ખાલી |
| | | | શહેરા | ૧ | -- | ખાલી |
| | | | સંતરામપુર | ૧ | -- | ખાલી |
| ૧૩. | પાટણ | ૭ | પાટણ | ૨ | ભરેલી | -- |
| | | | ચાણસ્મા | ૧ | ભરેલી | -- |
| | | | રાધનપુર | ૧ | ભરેલી | -- |
| | | | સિધ્ધપુર | ૧ | ભરેલી | -- |
| | | | ઉંઝા (મહેસાણામાં) | ૧ | ભરેલી | -- |
| | | | હારીજ/સમી | ૧ | ભરેલી | -- |
| ૧૪. | પોરબંદર | ૩ | પોરબંદર | ૨ | ૧- ભરેલી | ૧-ખાલી |
| | | | કુતિયાણા | ૧ | -- | ખાલી |
| ૧૫. | જામનગર | ૧૦ | જામનગર | ૬ | ૩- ભરેલી | ૩-ખાલી |
| | | | ખંભાળીયા | ૧ | ભરેલી | -- |
| | | | દ્વારકા | ૧ | -- | ખાલી |
| | | | ભાણવડ/જામજોધપુર | ૧ | -- | ખાલી |
| | | | ધ્રોળ/જોડીયા | ૧ | ભરેલી | -- |
| ૧૬. | જૂનાગઢ | ૧૨ | જૂનાગઢ | ૫ | ૪- ભરેલી | ૧-ખાલી |
| | | | કેશોદ | ૧ | -- | ખાલી |
| | | | માણાવદર | ૧ | -- | ૧-ખાલી |
| | | | ઉના/કોડીનાર | ૧ | ભરેલી | -- |
| | | | વેરાવળ | ૧ | ભરેલી | -- |
| | | | માંગરોળ | ૧ | ભરેલી | -- |
| | | | માળીયા-હાટીના | ૧ | ભરેલી | -- |
| | | | તલાલા | ૧ | -- | ખાલી |
| ૧૭. | ખેડા-નડીયાદ | ૧૧ | ખેડા | ૧ | -- | ખાલી |
| | | | નડીયાદ | ૫ | ૪- ભરેલી | ૧-ખાલી |
| | | | માતર | ૧ | ભરેલી | -- |
| | | | કપડવંજ | ૧ | ભરેલી | -- |
| | | | ડાકોર | ૧ | ભરેલી | -- |
| | | | બાલાસિનોર | ૧ | ભરેલી | -- |
| | | | મહેમદાવાદ | ૧ | ભરેલી | -- |
| ૧૮. | કચ્છ-ભૂજ | ૯ | ભૂજ | ૩ | ૧-ભરેલી | ૨-ખાલી |
| | | | માંડવી/મુંદ્રા | ૧ | ભરેલી | -- |
| | | | ભચાઉ | ૧ | -- | ખાલી |
| | | | અંજાર | ૧ | -- | ખાલી |
| | | | ગાંધીધામ | ૧ | ભરેલી | -- |
| | | | નખત્રાણા/નલિયા | ૧ | ભરેલી | -- |
| | | | રાપર | ૧ | -- | ખાલી |
| ૧૯. | રાજકોટ | ૧૪ | રાજકોટ | ૬ | ૨-ભરેલી | ૪-ખાલી |
| | | | ગોંડલ | ૨ | ૧-ભરેલી | ૧-ખાલી |

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ જગ્યા | સ્થળ | સંખ્યા | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|
| | | | મોરબી | ૨ | ૧-ભરેલી | ૧-ખાલી |
| | | | જેતપુર | ૧ | ભરેલી | -- |
| | | | ધોરાજી | ૧ | ભરેલી | -- |
| | | | ઉપલેટા | ૧ | -- | ખાલી |
| | | | જસદણ | ૧ | -- | ખાલી |
| ૨૦. | સાબરકાંઠા-હિંમતનગર | ૮ | હિંમતનગર | ૨ | ૧- ભરેલી | ૧-ખાલી |
| | | | ઈડર | ૧ | ભરેલી | -- |
| | | | પ્રાંતિજ | ૧ | ભરેલી | -- |
| | | | મોડાસા | ૨ | ભરેલી | -- |
| | | | ખેડબ્રહ્મા | ૧ | ભરેલી | -- |
| | | | ભિલોડા | ૧ | ભરેલી | -- |
| ૨૧. | સુરત | ૧૫ | સુરત | ૯ | ૯- ભરેલી | -- |
| | | | કઠોર | ૧ | ભરેલી | -- |
| | | | માંડવી | ૧ | ભરેલી | -- |
| | | | વ્યારા | ૧ | ભરેલી | -- |
| | | | બારડોલી | ૧ | ભરેલી | -- |
| | | | માંગરોળ | ૧ | ભરેલી | -- |
| | | | ઓલપાડ | ૧ | ભરેલી | -- |
| ૨૨. | સુરેન્દ્રનગર | ૧૦ | સુરેન્દ્રનગર | ૪ | ૨-ભરેલી | ૨-ખાલી |
| | | | વઢવાણ | ૧ | ભરેલી | -- |
| | | | ધ્રાંગધ્રા | ૨ | ભરેલી | -- |
| | | | લીંબડી | ૧ | ભરેલી | -- |
| | | | મુળી/સાયલા/ચોટીલા | ૧ | ભરેલી | -- |
| | | | હળવદ | -- | -- | ખાલી |
| ૨૩. | વડોદરા | ૧૬ | વડોદરા | ૮ | ૭- ભરેલી | ૧-ખાલી |
| | | | કરજણ | ૧ | ભરેલી | -- |
| | | | છોટાઉદેપુર | ૧ | -- | ખાલી |
| | | | પાવી/જેતપુર | ૧ | ભરેલી | -- |
| | | | ડભોઈ | ૧ | ભરેલી | -- |
| | | | સંખેડા | -- | -- | ૧-ખાલી |
| | | | સાવલી | ૧ | ભરેલી | -- |
| | | | પાદરા | ૧ | ભરેલી | -- |
| | | | કરજણ-સિનોર | ૧ | ભરેલી | -- |
| ૨૪. | વલસાડ | ૬ | વલસાડ | ૩ | ૨- ભરેલી | ૧-ખાલી |
| | | | પારડી | ૧ | ભરેલી | -- |
| | | | ધરમપુર | ૧ | ભરેલી | -- |
| | | | ઉમરગામ | ૧ | -- | ખાલી |
| | નવી મંજૂર થયેલ જગ્યાઓ | ૧૮૦ | જિલ્લાવાર ફાળવણી બાકી | ૧૮૦ | -- | ૧૮૦ |
| | | | કુલ :- | ૪૧૬ | ૧૬૮ ભરેલી | ૨૪૮ ખાલી |

------------

## વડોદરા જિલ્લામાં વીજળીથી વંચિત પેટા પરા

૭૫૪૦ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વીજળીથી વંચિત પેટા પરા કેટલા છે, અને

(૨) કેટલા સમયમાં ઉક્ત પેટા પરાઓનું વીજળીકરણ પુરૂં થશે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના તમામ પેટાપરાઓને વીજળીકરણથી આવરી લેવાની રાજ્ય સરકારની નીતિ છે. આ નીતિને અનુરૂપ બાકી રહેલા ગામ અને પેટાપરાનું વીજળીકરણ કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે, તે મુજબ વડોદરા જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ હયાત ૧૨ પેટાપરા આરક્ષિત જંગલ વિસ્તારમાં આવેલ હોઈ આ તમામ પેટાપરાનું ૨૦૦૯-૧૦ માં સોર ઉર્જાથી વીજળીકરણ કરવાનું આયોજન છે.

------------

## પોલીસદળના આધુનિકરણ યોજના હેઠળ કેન્દ્ર સરકારે ગુજરાતને ફાળવેલ રકમ

૭૯૪૮ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળના આધુનિકરણ યોજના હેઠળ છેલ્લા ૩ વર્ષમાં કેન્દ્ર સરકારે, ગુજરાતને કુલ કટેલી રકમ મંજૂર કરી છે, અને

(૨) રાજ્ય સરકારે કેટલી રકમની માંગણી વર્ષવાર કરી હતી ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | મંજૂર થયેલ કુલ રકમ |
|---|---|---|
| ૧. | ૨૦૦૬-૦૭ | ૫૩,૩૩,૧૮,૦૦૦ |
| ૨. | ૨૦૦૭-૦૮ | ૬૯,૩૯,૬૯,૦૦૦ |
| ૩. | ૨૦૦૮-૦૯ | ૬૪,૦૦,૦૦,૦૦૦ |

(૨) વર્ષ ૨૦૦૧-૦૨ માં રૂા.૧૦૦ ક્રોડ, ૨૦૦૨-૦૩ માં રૂા.૧૦૦ ક્રોડ, ૨૦૦૩-૦૪ માં ૯૮.૩૫ ક્રોડ, ૨૦૦૪-૦૫ માં રૂા.૧૦૦ ક્રોડ, ૨૦૦૫-૦૬ માં રૂા.૯૨.૩૫ ક્રોડનો એમપીએફ પ્લાન મંજૂર થયેલ. ૨૦૦૬-૦૭ માં રાજ્ય સરકારે રૂા.૧૫૨.૬૬ ક્રોડનો પ્લાન રજુ કરેલ. જે પૈકી કેન્દ્ર સરકારે રૂા.૪૯.૩૩ ક્રોડ મંજૂર કરેલ અને વધારાના રૂા.૪ ક્રોડ થઈ કુલ રૂા.૫૩.૩૩ ક્રોડ મંજૂર કરેલ. ત્યારબાદ ૨૦૦૭-૦૮ માં રૂા.૬૯.૪૦ ક્રોડ (૫૩.૩૩ + વધારાના રૂા.૧૬.૦૭ ક્રોડ) અને ૨૦૦૮-૦૯ માં રૂા.૬૪ ક્રોડ (૫૩.૩૩ + વધારાના ૧૦.૬૭ ક્રોડ) નો પ્લાન મંજૂર કરેલ હતો. આમ ૨૦૦૬-૦૭ થી પ્લાન ઘટતાં રાજ્યની સરહદી અને દરિયાઈ સલામતી લક્ષમાં લઈ, પ્લાન સાઈઝ નહીં ઘટાડવા કેન્દ્ર સરકારને વિનંતી કરવામાં આવેલ હતી. તે અંગે અવારનવાર લેખિત અને મોખિક રજૂઆતો કરવામાં આવેલ છે. તથા માન.વડાપ્રધાનશ્રીને મુખ્ય મંત્રીશ્રી કક્ષાએથી પણ લખાણ કરાએલ છે.

------------

## ગ્રામ રક્ષક દળના સભ્યોનું માનદ્ વેતન

૭૯૬૩ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર)** : **માનનીય ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ રક્ષક દળના સભ્યોને હાલ કેટલું માનદ્ વેતન મળે છે,

(૨) શું એ વેતન વધારવા અંગેની માંગણી સરકારમાં થયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો શું નિર્ણય લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસના પૂરક દળ તરીકે ગ્રામ રક્ષક દળના સભ્યોની કામગીરી ખૂબ જ પ્રસંશનીય છે. આ બાબતને ધ્યાને રાખી વિભાગના તા.૨૨-૫-૦૯ ના ઠરાવથી તા.૧-૪-૨૦૦૯ થી અમલમાં આવે તે રીતે ગ્રામ રક્ષક દળના સભ્યોને આપવામાં આવતા માનદ વેતનના દૈનિક દર રૂા.૩૧/- થી વધારીને રૂા.૬૦ કરવામાં આવેલ છે.

------------

## ભિલોડા અને શામળાજી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખૂનના ગુનાઓ

૭૪૪૨ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને શામળાજી પોલીસ સ્ટેશનોમાં ખૂનના કેટલા ગુનાઓ વર્ષવાર નોંધવામાં આવ્યા,

(૨) નોંધાયેલા ગુનાઓ અંગેના કેટલા કેસોમાં ગુનેગારોને પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| પોલીસ સ્ટેશન | તા.૧-૬-૦૬ થી તા.૩૧-૫-૦૭ | તા.૧-૬-૦૭ થી તા.૩૧-૫-૦૮ | તા.૧-૬-૦૮ થી તા.૩૧-૫-૦૯ |
|---|---|---|---|
| ભિલોડા | ૪ | ૪ | ૧ |
| શામળાજી | ૧ | ૩ | ૩ |
| કુલ : | ૫ | ૭ | ૪ |

(૨) કુલ-૧૬ કેસો પૈકી ૧૨ કેસોમાં ગુનેગારોને પકડવામાં આવેલ છે. જ્યારે ૪ કેસોમાં "અ" સમરી ભરવામાં આવેલ છે.

ભરવામાં આવેલ છે.

(૩) તે પૈકી કેટલા કેસોમાં ગુનેગારોને સજા થઈ, — (૩) ૨ (બે કેસોમાં)

(૪) કેટલા કેસોમાં ગુનેગારોને પકડવાના બાકી છે, અને — (૪) એક પણ નહીં.

(૫) કેટલા કેસોમાં ગુનો નોંધાયા પછી તે કેસો અકસ્માતે મોત તરીકે દાખલ કરવામાં આવ્યા ? — (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજ્યનાં આદિવાસી લોકોને વીજળીનો લાભ

૭૯૨૯ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યના છેવાડાના આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ,

(૧) હા, જી. રાજ્યનાં છેવાડાનાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે કુટિર જ્યોતિ યોજના તેમજ પેટાપરા વીજળીકરણ યોજના અમલમાં છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૮-૦૯ માં આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઈબ) નાં લાભાર્થીઓને વીજ જોડાણની યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી.

(૨) જો હા, તો તે અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૭૪.૮૧૧ લાભાર્થીઓને તેમજ ૧૭૧ પેટાપરાનાં ૫૩૭૪ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, જ્યારે આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઈબ) યોજના અંતર્ગત ૧૨,૮૮૫ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૩) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા નવા વીજ જોડાણો આપવાનું આયોજન છે ?

(૩) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૧,૦૧,૮૦૦ લાભાર્થીઓને તથા ૧૦૦ પેટાપરામાં સમાવિષ્ટ લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન છે.

------------

## છોટાઉદેપુર ચેકપોસ્ટની આવક

૭૯૪૭ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વાહન વ્યવહાર ખાતાની છોટા ઉદેપુર ચેકપોસ્ટની કેટલી આવક થઈ, અને

(૧)

| વર્ષ | આવક (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૭-૬-૦૬ થી ૬-૬-૦૭ | ૭૯.૯૯ |
| ૭-૬-૦૭ થી ૬-૬-૦૮ | ૭૪.૫૦ |
| ૭-૬-૦૮ થી ૬-૬-૦૯ | ૮૨.૯૩ |

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? — (૨) ઘટાડો થયેલ નથી.

------------

## રાજ્યમાં સરકારી વકીલોની નિમણૂક

૭૯૪૪ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં સરકારી વકીલોની નિમણૂક ક્યા ક્યા જિલ્લાઓમાં થયેલી

(૧) **પરિશિષ્ટ-ક**
ગુજરાત રાજ્યના પબ્લીક પ્રોસીક્યુટરશ્રીઓના નામે

છે, અને

| ક્રમ | જિલ્લાનું નામ | પબ્લીક પ્રોસીક્યુટર |
|---|---|---|
| ૧ | અમદાવાદ (રૂરલ) | શ્રી પી.એમ.ત્રિવેદી |
| ૨ | અમરેલી | શ્રી એમ.બી.સોલંકી |
| ૩ | આણંદ | શ્રી એન.પી.મહિડા |
| ૪ | બનાસકાંઠા-પાલનપુર | શ્રી ઉદય આચાર્ય |
| ૫ | ભરૂચ | શ્રી પી.એન.પરમાર |
| ૬ | ભાવનગર | શ્રી ગીરીશ પી.દવે |
| ૭ | દાહોદ | શ્રી એચ.એમ.જાની ઈ.ચા. |
| ૮ | ગાંધીનગર | શ્રી હિતેશ રાવલ |
| ૯ | જામનગર | શ્રી બી.એચ.ચોટાઈ |
| ૧૦ | જૂનાગઢ | શ્રી એન.ડી.મોરી |
| ૧૧ | કચ્છ-ભૂજ | શ્રી યોગેશ ભાંડારકર |
| ૧૨ | ખેડા-નડીયાદ | શ્રી પરેશ ધોરા |
| ૧૩ | મહેસાણા | શ્રી સી.એલ.રાજપૂત |
| ૧૪ | નમંદા-રાજપીપળા | શ્રી જે.કે.પંડયા |
| ૧૫ | નવસારી | શ્રી અરવિંદ એ.રાણા |
| ૧૬ | ગોધરા-પંચમહાલ | શ્રી પી.એલ.ગાંધી |
| ૧૭ | પાટણ | શ્રી શૈલેષ ઠક્કર |
| ૧૮ | પોરબંદર | શ્રી એસ.કે.અમલાણી |
| ૧૯ | રાજકોટ | શ્રીમતિ એ.પી.સીપ્પી ઈ.ચા. |
| ૨૦ | સાબરકાંઠા-હિંમતનગર | શ્રી એ.જે.પટેલ |
| ૨૧ | સુરત | શ્રી નયન એલ.સુખડવાલા |
| ૨૨ | સુરેન્દ્રનગર | શ્રી જી.સી.પુરોહિત |
| ૨૩ | વડોદરા | શ્રી પી.આર.ભટ્ટ ઈ.ચા. |
| ૨૪ | વલસાડ | કુ.મીતાબેન એ.પટેલ |

(૨) ક્યા ક્યા જિલ્લા બાકી છે ?

(૨) (૧) દાહોદ (૨) રાજકોટ (૩) વડોદરામાં બાકી હતી.

------------

**સાંધ્ય કોર્ટની સ્થાપના**

૭૯૪૫ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩-૩-૦૯ની સ્થિતિએ સરકારે છેલ્લા ૩ વર્ષમાં કેટલી સાંધ્ય કોર્ટની સ્થાપના કરી, અને

(૨) સાંધ્ય કોર્ટ ક્યા ક્યા જિલ્લાઓમાં સ્થાપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૦૨ સાંધ્ય કોર્ટો.

(૨) પંચમહાલ અને પોરબંદર સિવાય તમામ જિલ્લાઓમાં.

------------

**ખેડા જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ, બળાત્કાર અને ચોરીના બનાવો**

૭૩૪૮ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ખૂન-લૂંટ-ધાડ-બળાત્કાર અને ચોરીના તાલુકાવાર કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કા | ચોરી |
|---|---|---|---|---|---|
| નડીયાદ | ૧૫ | ૫ | ૫ | ૨ | ૨૪૨ |
| માતર | ૫ | ૧ | - | ૧ | ૪૪ |
| ઠાસરા | ૧૨ | - | ૨ | ૨ | ૧૩૭ |
| ખેડા | ૫ | ૫ | ૧ | ૫ | ૭૫ |
| મહેમદાવાદ | ૮ | ૧ | - | ૧ | ૫૬ |
| મહુધા | ૪ | - | ૧ | - | ૨૬ |
| કઠલાલ | ૬ | ૧ | ૧ | ૪ | ૩૦ |
| કપડવંજ | ૮ | - | - | ૧ | ૬૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કપડવંજ | ૮ | - | - | ૧ | ૬૧ |
| બાલાસિનોર | ૨ | ૨ | - | ૫ | ૬૩ |
| વિરપુર | ૨ | ૩ | ૧ | - | ૧૬ |

(૨) આવા ગુન્હાઓમાં સંડોવાયેલા કેટલા ઈસમોની ધરપકડ થઈ અને કેટલાની બાકી છે ?

(૨) કુલ-૭૦૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી અને કુલ-૧૨ આરોપીઓની ધરપકડ કરવાના બાકી છે. ન પકડાયેલ ગુન્હેગારોને પકડી પાડવા માટે નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ.૭૦ હેઠળ વોરંટ મેળવી ખાનગી તથા વિશ્વાસુ બાતમીદારોથી ભાળ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. ઘરના માણસો, નજીકના સગા, સબંધીઓ તેમજ હેતુમિત્રોની કડક તપાસ, વોચ ગોઠવી સંભવીત સ્થળો ઉપર આકસ્મિક અને છુપી રેઈડ કરી આરોપીઓને પકડવાના પ્રયાસો કરવામાં આવે છે.

------------

**રાજ્ય બહાર અપાયેલ વીજળી**

૭૧૮૪ **શ્રી સી.કે.રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૪-૦૭ થી તા.૩૧-૩-૦૯ સુધીમાં રાજ્ય સરકારે રાજ્ય બહાર કેટલી વીજળી આપી, અને

(૨) રાજ્ય બહાર અપાયેલી વીજળીના વળતર પેટે ક્યા દરથી કેટલી રકમ રાજ્ય સરકારને ક્યારે પ્રાપ્ત થઈ ?

**જવાબ**

(૧) અને (૨) : સામાન્ય રીતે રાજ્યમાં વીજ ઉપલબ્ધિ કરતાં વીજ માંગ ઓછી હોય તેવા પ્રસંગોએ જેમ કે, રાત્રિનો સમયગાળો, જાહેર રજાઓ, કૃષિક્ષેત્રની ઓછી માંગ તેમજ ચોમાસા દરમ્યાન વધારાની વીજળી અન્ય રાજ્યોને પૂરી પાડવામાં આવેલ છે. વીજળી જેવી અમૂલ્ય રાષ્ટ્રીય સંપત્તિ વેડફાય નહીં અને રાજ્યના વીજ મશીનો બિનઉપયોગી ન રહે અને રાજ્યની વીજ સ્થાપિત ક્ષમતાનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેમજ રાજ્યની વીજ ખરીદ કિંમતમાં ઘટાડો કરી શકાય તે હેતુઓને ધ્યાને રાખીને આ અભિગમ અપનાવ્યો છે. વધુમાં, માર્કેટમાં વીજળીની મોટા પ્રમાણમાં માંગ હોય તેવા પ્રસંગોએ પણ રાજ્યની વધારાની વીજ ઉપલબ્ધિને ધ્યાને રાખીને તેટલો જ જથ્થો અન્ય રાજ્યોને પૂરો પડાયેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્ય બહાર અનુક્રમે ૨૯૮.૪૫ મીલીયન યુનિટ તેમજ ૪૬૨.૨૫ મીલીયન યુનિટ વીજળી પૂરી પાડવામાં આવેલ, જે પેટે રાજ્યને અનુક્રમે રૂા.૧૬૪.૫૪ કરોડ તેમજ રૂા.૩૫૬.૫૩ કરોડ વળતર પ્રાપ્ત થયેલ છે.

------------

**જિલ્લાઓમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસિક્યુટરની જગ્યાઓ**

૭૯૭૮ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓમાં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરની મંજૂર થયેલી કેટલી જગ્યાઓ છે,

(૨) આ પૈકી કેટલી જગાઓ ભરવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) ખાલી પડતી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ-ક મુજબ.

(૨) ૧૬૮ જગ્યાઓ ભરવામાં આવેલ છે. ૨૪૮ જગ્યાઓ ખાલી છે.

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગીની કાર્યવાહી ચાલુ છે, પસંદગી યાદી મળ્યેથી આનુસાંગિક કાર્યવાહી પૂરી થયા બાદ.

**પરિશિષ્ટ-ક**

## જિલ્લાવાર આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરોની મંજુર જગ્યાઓ

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ જગા | સ્થળ | સંખ્યા | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૯ | અમદાવાદ (શહેર) | ૧૮ | ૧૪ | ૪ ખાલી |
| | | | અમદાવાદ (ગ્રામ્ય) | ૭ | ૦૪ | ૩ ખાલી |
| | | | વિરમગામ | ૧ | ભરેલી | -- |
| | | | ધોળકા | ૧ | ભરેલી | -- |
| | | | ધંધુકા | ૧ | ભરેલી | -- |
| | | | સાણંદ | ૧ | ભરેલી | -- |
| ૨. | અમરેલી | ૮ | અમરેલી | ૩ | ૧- ભરેલી | ૨-ખાલી |
| | | | ધારી | ૧ | -- | ખાલી |
| | | | રાજુલા | ૧ | -- | ખાલી |
| | | | સાવરકુંડલા | ૧ | -- | ખાલી |
| | | | બગસરા/વડીયા | ૧ | -- | ખાલી |
| | | | લાઠી/લિલીયા | ૧ | ભરેલી | -- |
| ૩. | આણંદ | ૬ | આણંદ | ૨ | ૧-ભરેલી | ૧ ખાલી |
| | | | બોરસદ | ૧ | ભરેલી | -- |
| | | | ખંભાત | ૧ | ભરેલી | -- |
| | | | પેટલાદ | ૧ | ભરેલી | -- |
| | | | ઉમરેઠ | ૧ | ભરેલી | -- |
| ૪. | બનાસકાંઠા | ૯ | પાલનપુર | ૪ | ભરેલી | -- |
| | | | દિયોદર | ૧ | ભરેલી | -- |
| | | | ડીસા ધાનેરા | ૧ | ભરેલી | -- |
| | | | થરાદ-વાવ | ૧ | ભરેલી | -- |
| | | | દાંતા | ૧ | ભરેલી | -- |
| | | | ડીસા | ૧ | ભરેલી | -- |
| ૫. | ભરૂચ | ૮ | ભરૂચ | ૪ | ભરેલી | -- |
| | | | વાલીયા | ૧ | -- | ખાલી |
| | | | જંબુસર | ૧ | ભરેલી | -- |
| | | | અંક્લેશ્વર | ૧ | ભરેલી | -- |
| | | | ઝગડીયા | ૧ | ભરેલી | -- |
| ૬. | ભાવનગર | ૧૫ | ભાવનગર | ૮ | ૫- ભરેલી | ૩-ખાલી |
| | | | બોટાદ | ૧ | ભરેલી | -- |
| | | | મહુવા | ૧ | -- | ખાલી |
| | | | પાલીતાણા | ૧ | -- | ખાલી |
| | | | શિહોર | ૧ | -- | ખાલી |
| | | | વલ્લભીપુર | ૧ | ભરેલી | -- |
| | | | તળાજા | ૧ | -- | ખાલી |
| | | | ગઢડા | ૧ | -- | ખાલી |
| ૭. | દાહોદ | ૬ | દાહોદ | ૨ | ભરેલી | -- |
| | | | દેવગઢ બારીયા | ૧ | ભરેલી | -- |
| | | | દાહોદ-લીમખેડા | ૧ | ભરેલી | -- |
| | | | ઝાલોદ | ૧ | ભરેલી | -- |
| ૮. | ગાંધીનગર | ૪ + ૧ | ગાંધીનગર | ૨ + ૧ | ભરેલી | -- |
| | | | ગાંધીનગર-દહેગામ | ૧ | ભરેલી | -- |
| | | | ગાંધીનગર-માણસા | ૧ | ભરેલી | -- |
| ૯. | મહેસાણા | ૧૦ | મહેસાણા | ૪ | ૪- ભરેલી | -- |
| | | | ક્લોલ (હાલ ગાંધીનગર) | ૨ | ભરેલી | -- |
| | | | કડી | ૧ | ભરેલી | -- |
| | | | ખેરાલુ | ૧ | ભરેલી | -- |
| | | | વિજાપુર | ૧ | -- | ખાલી |
| | | | વિસનગર | ૧ | ભરેલી | -- |
| ૧૦. | નર્મદા-રાજપીપળા | ૩ | રાજપીપળા | ૨ | ભરેલી | -- |
| | | | સાગબારા-ડેડયાપાડા | ૧ | ભરેલી | -- |
| ૧૧. | નવસારી | ૭ | નવસારી | ૪ | ૩- ભરેલી | ૨-ખાલી |
| | | | ગણદેવી | ૧ | ભરેલી | -- |
| | | | વાસંદા | ૧ | -- | ખાલી |
| | | | આહવા | ૧ | ભરેલી | -- |
| ૧૨. | પંચમહાલ-ગોધરા | ૧૧ | ગોધરા | ૬ | ૩-ભરેલી | ૩-ખાલી |

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ જગા | સ્થળ | સંખ્યા | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|
| | | | હાલોલ | ૧ | ભરેલી | -- |
| | | | લુણાવાડા | ૧ | ભરેલી | -- |
| | | | કાલોલ | ૧ | -- | ખાલી |
| | | | શહેરા | ૧ | -- | ખાલી |
| | | | સંતરામપુર | ૧ | -- | ખાલી |
| ૧૩. | પાટણ | ૭ | પાટણ | ૨ | ભરેલી | -- |
| | | | ચાણસ્મા | ૧ | ભરેલી | -- |
| | | | રાધનપુર | ૧ | ભરેલી | -- |
| | | | સિધ્ધપુર | ૧ | ભરેલી | -- |
| | | | ઉંઝા (મહેસાણામાં) | ૧ | ભરેલી | -- |
| | | | હારીજ/સમી | ૧ | ભરેલી | -- |
| ૧૪. | પોરબંદર | ૩ | પોરબંદર | ૨ | ૧- ભરેલી | ૧-ખાલી |
| | | | કુતિયાણા | ૧ | -- | ખાલી |
| ૧૫. | જામનગર | ૧૦ | જામનગર | ૬ | ૩- ભરેલી | ૩-ખાલી |
| | | | ખંભાળીયા | ૧ | ભરેલી | -- |
| | | | દ્વારકા | ૧ | -- | ખાલી |
| | | | ભાણવડ/જામજોધપુર | ૧ | -- | ખાલી |
| | | | ધ્રોળ/જોડીયા | ૧ | ભરેલી | -- |
| ૧૬. | જૂનાગઢ | ૧૨ | જૂનાગઢ | ૫ | ૪- ભરેલી | ૧-ખાલી |
| | | | કેશોદ | ૧ | -- | ખાલી |
| | | | માણાવદર | ૧ | -- | ખાલી |
| | | | ઉના/કોડીનાર | ૧ | ભરેલી | -- |
| | | | વેરાવળ | ૧ | ભરેલી | -- |
| | | | માંગરોળ | ૧ | ભરેલી | -- |
| | | | માળીયા-હાટીના | ૧ | ભરેલી | -- |
| | | | તલાલા | ૧ | -- | ખાલી |
| ૧૭. | ખેડા-નડીયાદ | ૧૧ | ખેડા | ૧ | -- | ખાલી |
| | | | નડીયાદ | ૫ | ૪- ભરેલી | ૧-ખાલી |
| | | | માતર | ૧ | ભરેલી | -- |
| | | | કપડવંજ | ૧ | ભરેલી | -- |
| | | | ડાકોર | ૧ | ભરેલી | -- |
| | | | બાલાસિનોર | ૧ | ભરેલી | -- |
| | | | મહેમદાવાદ | ૧ | ભરેલી | -- |
| ૧૮. | કચ્છ-ભૂજ | ૯ | ભૂજ | ૩ | ૧-ભરેલી | ૨-ખાલી |
| | | | માંડવી/મુંદ્રા | ૧ | ભરેલી | -- |
| | | | ભચાઉ | ૧ | -- | ખાલી |
| | | | અંજાર | ૧ | -- | ખાલી |
| | | | ગાંધીધામ | ૧ | ભરેલી | -- |
| | | | નખત્રાણા/નલિયા | ૧ | ભરેલી | -- |
| | | | રાપર | ૧ | -- | ખાલી |
| ૧૯. | રાજકોટ | ૧૪ | રાજકોટ | ૬ | ૨-ભરેલી | ૪-ખાલી |
| | | | ગોંડલ | ૨ | ૧-ભરેલી | ૧-ખાલી |
| | | | મોરબી | ૨ | ૧-ભરેલી | ૧-ખાલી |
| | | | જેતપુર | ૧ | ભરેલી | -- |
| | | | ધોરાજી | ૧ | ભરેલી | -- |
| | | | ઉપલેટા | ૧ | -- | ખાલી |
| | | | જસદણ | ૧ | -- | ખાલી |
| ૨૦. | સાબરકાંઠા-હિંમતનગર | ૮ | હિંમતનગર | ૨ | ૧- ભરેલી | ૧-ખાલી |
| | | | ઈડર | ૧ | ભરેલી | -- |
| | | | પ્રાંતિજ | ૧ | ભરેલી | -- |
| | | | મોડાસા | ૨ | ભરેલી | -- |
| | | | ખેડબ્રહ્મા | ૧ | ભરેલી | -- |
| | | | ભિલોડા | ૧ | ભરેલી | -- |
| ૨૧. | સુરત | ૧૫ | સુરત | ૯ | ૯- ભરેલી | -- |
| | | | કઠોર | ૧ | ભરેલી | -- |
| | | | માંડવી | ૧ | ભરેલી | -- |
| | | | વ્યારા | ૧ | ભરેલી | -- |
| | | | બારડોલી | ૧ | ભરેલી | -- |

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ જગા | સ્થળ | સંખ્યા | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|
| | | | માંગરોળ | ૧ | ભરેલી | -- |
| | | | ઓલપાડ | ૧ | ભરેલી | -- |
| ૨૨. | સુરેન્દ્રનગર | ૧૦ | સુરેન્દ્રનગર | ૪ | ૨-ભરેલી | ૨-ખાલી |
| | | | વઢવાણ | ૧ | ભરેલી | -- |
| | | | ધ્રાંગધ્રા | ૨ | ભરેલી | -- |
| | | | લીંબડી | ૧ | ભરેલી | -- |
| | | | મુળી/સાયલા/ચોટીલા | ૧ | ભરેલી | -- |
| | | | હળવદ | -- | -- | ખાલી |
| ૨૩. | વડોદરા | ૧૬ | વડોદરા | ૮ | ૭- ભરેલી | ૧-ખાલી |
| | | | કરજણ | ૧ | ભરેલી | -- |
| | | | છોટાઉદેપુર | ૧ | -- | ખાલી |
| | | | પાવી/જેતપુર | ૧ | ભરેલી | -- |
| | | | ડભોઈ | ૧ | ભરેલી | -- |
| | | | સંખેડા | -- | -- | ૧-ખાલી |
| | | | સાવલી | ૧ | ભરેલી | -- |
| | | | પાદરા | ૧ | ભરેલી | -- |
| | | | કરજણ-સિનોર | ૧ | ભરેલી | -- |
| ૨૪. | વલસાડ | ૬ | વલસાડ | ૩ | ૨- ભરેલી | ૧-ખાલી |
| | | | પારડી | ૧ | ભરેલી | -- |
| | | | ધરમપુર | ૧ | ભરેલી | -- |
| | | | ઉમરગામ | ૧ | -- | ખાલી |
| | નવી મંજૂર થયેલ જગ્યાઓ | ૧૮૦ | જિલ્લાવાર ફાળવણી બાકી | ૧૮૦ | -- | ૧૮૦ |
| | | | કુલ :- | ૪૧૬ | ૧૬૮ ભરેલી | ૨૪૮ ખાલી |

------------

## રાજ્યમાં સરકારી વકીલોની નિમણૂક

૭૯૪૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા સરકારી વકિલોની નિમણૂક ક્યા ક્યા જિલ્લામાં કરવામાં આવી છે,

**જવાબ**

(૧) પરિશિષ્ટ-ક મુજબ.

ગુજરાત રાજ્યના પબ્લીક પ્રોસીક્યુટરશ્રીઓના નામ

| ક્રમ | જિલ્લાનું નામ | પબ્લીક પ્રોસીક્યુટર |
|---|---|---|
| ૧ | અમદાવાદ (રૂરલ) | શ્રી પી.એમ.ત્રિવેદી |
| ૨ | અમરેલી | શ્રી એમ.બી.સોલંકી |
| ૩ | આણંદ | શ્રી એન.પી.મહિડા |
| ૪ | બનાસકાંઠા-પાલનપુર | શ્રી ઉદય આચાર્ય |
| ૫ | ભરૂચ | શ્રી પી.એન.પરમાર |
| ૬ | ભાવનગર | શ્રી ગીરીશ પી.દવે |
| ૭ | દાહોદ | શ્રી એચ.એમ.જાની ઈ.ચા. |
| ૮ | ગાંધીનગર | શ્રી હિતેશ રાવલ |
| ૯ | જામનગર | શ્રી બી.એચ.ચોટાઈ |
| ૧૦ | જૂનાગઢ | શ્રી એન.ડી.મોરી |
| ૧૧ | કચ્છ-ભૂજ | શ્રી યોગેશ ભાંડારકર |
| ૧૨ | ખેડા-નડીયાદ | શ્રી પરેશ ધોરા |
| ૧૩ | મહેસાણા | શ્રી સી.એલ.રાજપૂત |
| ૧૪ | નર્મદા-રાજપીપળા | શ્રી જે.કે.પંડયા |
| ૧૫ | નવસારી | શ્રી અરવિંદ એ.રાણા |
| ૧૬ | ગોધરા-પંચમહાલ | શ્રી પી.એલ.ગાંધી |
| ૧૭ | પાટણ | શ્રી શૈલેષ ઠક્કર |
| ૧૮ | પોરબંદર | શ્રી એસ.કે.અમલાણી |

| | | |
|---|---|---|
| ૧૯ | રાજકોટ | શ્રીમતિ એ.પી.સીપ્પી ઈ.ચા. |
| ૨૦ | સાબરકાંઠા-હિંમતનગર | શ્રી એ.જે.પટેલ |
| ૨૧ | સુરત | શ્રી નયન એલ.સુખડવાલા |
| ૨૨ | સુરેન્દ્રનગર | શ્રી જી.સી.પુરોહિત |
| ૨૩ | વડોદરા | શ્રી પી.આર.ભટ્ટ ઈ.ચા. |
| ૨૪ | વલસાડ | કુ.મીતાબેન એ.પટેલ |

(૨) ક્યા ક્યા જિલ્લા બાકી છે, અને

(૨) (૧) દાહોદ (૨) રાજકોટ (૩) વડોદરા

(૩) બાકી રહેલ જિલ્લાઓની જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ૧. દાહોદ તથા ૨. રાજકોટ ખાતે જ્ગ્યા ભરાયેલ છે. જ્યારે વડોદરા ખાતેની પેનલ મળેલ છે. અને જે હાલ રજુઆતમાં છે. નિર્ણય થયે જ્ગ્યા ભરવામાં આવશે.

**ભરૂચ જિલ્લાના દહેજ બંદરના વિકાસ માટે ખાનગી કંપનીઓને કામગીરી સોંપવા બાબત**

૭૨૭૮ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના દહેજ બંદરના વિકાસ માટે કઈ કઈ ખાનગી કંપનીઓને કામગીરી સોંપાયેલ છે,

(૧) નીચે મુજબની કંપનીઓને બંદરના વિકાસ માટે કામગીરી સોંપાયેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | મે.આઈપીસીએલ | કેપ્ટીવ જેટી |
| (૨) | મે.ગુજરાત કેમીકલ્સ પોર્ટ ટર્મીનલ કું.લી. | કેમિકલ ટર્મીનલ |
| (૩) | મે.પેટ્રોનેટ એલએનજી લી | એલએનજી ટર્મીનલ |
| (૪) | મે.દહેજ હાર્બર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | કેપ્ટીવ જેટી |
| (૫) | મે.અદાણી પેટ્રોનેટ (દહેજ) પોર્ટ પ્રા.લી.કું. | સોલીડ કાર્ગો ટર્મીનલ |
| (૬) | મે.સ્ટ્રલીંગ બાયોટેક લી. | દહેજ ખાતે બુટના ધોરણે નવી બંદરીય સુવિધાનો વિકાસ |

(૨) તે અન્વયે આ બંદરના વિકાસ માટેની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) ઉપર દર્શાવેલ ક્રમ (૧), (૨), (૩) અને (૪) કંપની દ્વારા બંદરીય સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

મે. અદાણી પેટ્રોનેટ (દહેજ) પોર્ટ પ્રા.લી.કુ. દ્વારા સોલીડ કાર્ગો પોર્ટ ટર્મીનલનું બાંધકામ શરુ કરવામાં આવેલ છે જે પ્રગતિમાં છે.

મે. સ્ટ્રલીંગ બાયોટેક લી. કંપનીને ગુ.મે.બોર્ડ દ્વારા નવી બંદરીય સુવિધા માટે ઈરાદાપત્ર પાઠવવામાં આવેલ છે. કંપની દ્વારા તજજ્ઞ રોકી ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની તથા પર્યાવરણ અંગેની મંજૂરી મેળવવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

(૩) આ કામ કેટલા સમયમાં પૂરું થવાની ધારણા છે ?

(૩) મે. અદાણી પેટ્રોનેટ (દહેજ) પ્રા.લી.કુ. દ્વારા સોલીડ કાર્ગો ટર્મીનલનું બાંધકામ જૂન-૨૦૧૦ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

મે. સ્ટ્રલીંગ બાયોટેક લી. દ્વારા પ્રથમ તબક્કાનાં કામો વર્ષ ૨૦૧૩ માં પૂર્ણ થવાની ધારણા છે.

દહેજ ખાતે વર્ષ ૨૦૧૩ સુધીમાં કુલ રૂા.૭૩૩૫ કરોડના ખાનગી રોકાણથી હાલની ૧૭ મીલીયન મેટ્રિક ટન ક્ષમતામાં વધારો થઈ ૩૮ મીલીયન મેટ્રિક ટન થવાની ધારણા છે.

## જુનાગઢ જિલ્લામાં કૃષિ વીજ જોડાણ

૭૦૫૩ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટે નાણાં ભરાઈ ગયા હોવા છતાં વીજ જોડાણ આપવામાં આવેલ નથી તેવી તાલુકાવાર કેટલી અરજીઓ પડતરમાં છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ, ૬૩૦ અરજીઓ પડતર છે. જેની તાલુકાવાર માહિતી પત્રક-અ મુજબ છે.**પત્રક-અ**

જૂનાગઢ જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટે નાણાં ભરપાઈ ગયા હોવા છતાં વીજ જોડાણ આપવામાં આવેલ નથી તેવી પડતર અરજીઓની માહિતી.

| તાલુકો | નાણાં ભરપાઈ પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| વિસાવદર | ૧૮૩ |
| ભેંસાણ | ૫૮ |
| જૂનાગઢ | ૧૫૭ |
| કેશોદ | ૪૭ |
| કોડીનાર | ૦ |
| મેંદરડા | ૪૭ |
| માંગરોલ | ૦ |
| માળીયા | ૪૬ |
| માણાવદર | ૦ |
| સુતરાપાડા | ૧૧ |
| તલાલા | ૧૬ |
| ઉના | ૩૬ |
| વેરાવળ | ૨૮ |
| વંથલી | ૧ |
| કુલ : | ૬૩૦ |

(૨) પેસા ભરાઈ ગયા હોવા છતાં વીજ ક્નેક્શનો સત્વરે નહીં આપવાનાં કારણો શાં છે ?

(૨) ખેતી વિષયક વીજ જોડાણ આપવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. સામાન્ય સંજોગોમાં સત્વરે વીજ જોડાણો આપવાનો અભિગમ સરકાર દ્વારા રાખવામાં આવે છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં વીજ જોડાણ આપવામાં વિલંબ થતો હોય છે. કારણ કે, ખેતી હેતુ વીજ જોડાણો માટે વધારાની લાઈનો નાખવાની હોય અથવા ખેતરમાં ઉભો પાક હોય કે લાઈન નાખવા સામે વાંધો હોય અને જો વીજ લાઈનો જંગલ વિસ્તારમાંથી નાખવાની થતી હોય તો જંગલ વિભાગની મંજૂરી મળ્યા બાદ જ લાઈન નાખી શકાય છે.

------------

## નર્મદા નદીની માઈનોર, સબમાઈનોર અને ફીલ્ડ ચેનલ કેનાલના કામો

૬૯૭૮ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં નર્મદાની કેટલી માઈનોર, સબ માઈનોર ફીલ્ડ ચેનલ કેનાલો કરવાની બાકી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ માઈનોર ૧૩૪૦૫ કિ.મી. લંબાઈમાં અને સબ માઈનોર ૩૭૦૫૫ કિ.મી. લંબાઈમાં કરવાની બાકી છે. જ્યારે ફીલ્ડ ચેનલના કામો પિયત સહકારી મંડળીઓ દ્વારા લાભિત ખેડૂતોના સહયોગથી હાથ ધરવાના રહે છે.

(૨) આ બાકી રહેતી કેનાલોનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૨) બાકી રહેતી કેનાલોનું કામ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાની ધારણા છે ?

(૩) બાકી રહેલ માઈનોર અને સબમાઈનોર માટે કુલ રૂા.૩૯૬૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. ફીલ્ડ ચેનાલોના કામો લાભિત ખેડૂતોના સહયોગથી હાથ ધરવાના રહે છે.

------------

### અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં રજીસ્ટ્રેશન માટે આર.સી. બુકો તૈયાર કરવા બાબત

૭૦૫૫ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં ટુ વ્હીલર વાહનોના રજીસ્ટ્રેશન માટે તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર કેટલી આર.સી. બુકો તૈયાર કરવાની હતી,

(૨) તે પૈકીની કેટલી કામગીરી પૂરી કરવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) આર.સી. બુકો ઝડપથી તૈયાર થઈને અરજદારને સત્વરે મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : પત્રક-અ મુજબ.

(૩) આર.સી.બુકો ઝડપથી તૈયાર કરવા નવા કોમ્પ્યુટર અને અદ્યતન પ્રીન્ટર ફાળવવામાં આવેલ છે.

**પત્રક-અ**

| અ.નં. | માસ | ગત માસના અંતે બાકી બનાવવાની બુકો | માસ દરમ્યાન મળેલ તેયાર કરવાની બાકી બુકો | માસ દરમ્યાન કુલ તેયાર કરવાની બાકી બુકો | માસ દરમ્યાન નિકાલ કરેલ બુકો | માસના અંતે બાકી બુકો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | જૂન-૨૦૦૮ | ૮૭૫૦ | ૬૮૮૯ | ૧૫૬૩૯ | ૫૯૫૦ | ૯૬૮૯ |
| ૨ | જુલાઈ-૨૦૦૮ | ૯૬૮૯ | ૮૨૯૨ | ૧૭૯૮૧ | ૭૧૦૦ | ૧૦૮૮૧ |
| ૩ | ઓગષ્ટ-૨૦૦૮ | ૧૦૮૮૧ | ૭૭૫૭ | ૧૮૬૩૮ | ૬૫૨૫ | ૧૨૧૧૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | સપ્ટેમ્બર-૨૦૦૮ | ૧૨૧૧૩ | ૩૯૨૪ | ૧૬૦૩૭ | ૩૨૬૦ | ૧૨૭૭૭ |
| ૫ | ઓકટોબર-૨૦૦૮ | ૧૨૭૭૭ | ૪૮૮૩ | ૧૭૬૬૦ | ૪૧૨૫ | ૧૩૫૩૫ |
| ૬ | નવેમ્બર-૨૦૦૮ | ૧૩૫૩૫ | ૬૮૮૩ | ૨૦૪૧૮ | ૫૨૫૬ | ૧૫૧૬૨ |
| ૭ | ડિસેમ્બર-૨૦૦૮ | ૧૫૧૬૨ | ૬૩૦૧ | ૨૧૪૬૩ | ૫૮૦૦ | ૧૫૬૬૩ |
| ૮ | જાન્યુઆરી-૨૦૦૯ | ૧૫૬૬૩ | ૫૫૫૦ | ૨૧૨૧૩ | ૪૨૬૦ | ૧૬૯૫૩ |
| ૯ | ફેબ્રુઆરી-૨૦૦૯ | ૧૬૯૫૩ | ૭૨૪૫ | ૨૪૧૯૮ | ૬૧૨૫ | ૧૮૦૭૩ |
| ૧૦ | માર્ચ-૨૦૦૯ | ૧૮૦૭૩ | ૯૦૦૪ | ૨૭૦૭૭ | ૭૮૧૫ | ૧૯૨૬૨ |
| ૧૧ | એપ્રિલ-૨૦૦૯ | ૧૯૨૬૨ | ૮૧૭૭ | ૨૭૪૩૯ | ૬૯૭૦ | ૨૦૪૬૯ |
| ૧૨ | મે-૨૦૦૯ | ૨૦૪૬૯ | ૮૪૭૨ | ૨૮૯૪૧ | ૭૩૮૦ | ૨૧૫૬૧ |

------------

### ભૂજમાં નવી જેલ બનાવવા બાબત

૭૯૯૮ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૧ના ભૂકંપ વખતે નાશ પામેલ ભૂજ ખાસ જેલના વિકલ્પમાં નવી જેલ બાંધવા અંગે કોઈ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨) : કુલ : ૬૦ કેદીઓની ક્ષમતા ધરાવતી ભૂજ ખાસ જેલના વિકલ્પ તરીકે કુલ **૫૩૦ કેદીઓ** (સ્ત્રી-૪૦, પુરૂષ-૪૯૦)ની ક્ષમતા ધરાવતી પાલારા ખાસ **જેલ તા. ૨૧-૪-૨૦૦૯થી કાર્યરત થઈ જવા પામેલ છે.**

-----------

### સરદાર સરોવર બંધમાં પાણીની આવક

૭૧૭૮ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ સરદાર સરોવર બંધમાં પાણીની આવક કેટલી હતી,

(૨) તે પૈકી ગુજરાત રાજ્યના હિસ્સે આવતા કેટલા પાણીનું વિતરણ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ સરદાર સરોવર બંધમાં પાણીની આવક ૧૦.૨૭ મિલિયન એકર ફીટ હતી.

(૨) તે પૈકી ગુજરાતના હિસ્સે આવતા ૪.૦૭ મી.એ. ફુટ પાણીનું વિતરણ કરવામાં આવ્યું.

(૩) અન્ય ક્યા ક્યા રાજ્યોને કેટ કેટલું પાણી ફાળવવામાં આવ્યું ?

(૩) રાજસ્થાનને ૦.૦૭૨ મી.એ. ફુટ પાણી ફાળવવામાં આવેલ છે.

-----------

### ક્રુડ ઓઈલ અને ગેસ પરની રોયલ્ટી

૭૯૩૫ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ ના નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી ક્રુડ ઓઈલ અને ગેસ પરની કેટલી રોયલ્ટી મળી છે,

(૨) ગત વર્ષ કરતાં આવક વધુ છે કે ઓછી, અને

(૩) તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારને ક્રુડ ઓઈલ અને ગેસ પરની રોયલ્ટી કેન્દ્ર સરકાર તરફથી નહિ, પરંતુ કેન્દ્ર સરકારના ઉપક્રમો (ખાસ કરીને ઓ.એન.જી.સી.એલ.) અને અન્ય ખાનગી કંપનીઓ તરફથી મળવાપાત્ર થાય છે. રાજ્યને વર્ષ ૨૦૦૮-૦૯માં ઓ.એન.જી.સી.એલ. તરફથી ક્રુડ ઓઈલ અને ગેસ પરની અગાઉની બાકી સહિત કુલ રૂા. ૨૭૮૭.૩૧ કરોડ રોયલ્ટી મળવાપાત્ર હતી. જે સામે રાજ્યને રૂા. ૧૨૫૬.૩૧ કરોડ રોયલ્ટી મળેલ છે.

(૨) ઓછી

(૩) કેન્દ્ર સરકારે નીમેલ મોસ્કર કમીટીના અહેવાલના આધારે વર્ષ ૨૦૦૩માં કેન્દ્ર સરકારે બહાર પાડેલ તા. ૧૭-૩-૦૩ના ઠરાવ ક્રમાંક : O-22013/1/2001-ONG-III, તેમજ ત્યાર બાદના જાહેરનામા અનુસાર માર્કેટ આધારિત કિંમત ઉપર રોયલ્ટી ચુકવવાની રહે છે, પરંતુ ઓએનજીસીએ તે ફોર્મ્યુલાના સ્થાને કેન્દ્ર સરકારની સુચનાના આધારે વળતર બાદની કિંમતે રોયલ્ટી ચુકવી હોવાના કારણે સરકારને રૂા. ૧૫૩૧.૦૦ કરોડ રોયલ્ટી ઓછી મળી છે.

-----------

### જેલોમાં ઝામર અથવા અન્ય ઉપકરણો વસાવવા બાબત

૭૯૨૭ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની જેલોમાં કેદીઓ ધ્વારા મોબાઈલ ફોનના અનઅધિકૃત ઉપયોગને અંકુશ કરવા જેલોમાં ઝામર ઉપરાંત અન્ય કોઈ ઉપકરણો વસાવવાનું વિચારવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨) : કેદીઓ પાસેના મોબાઈલ ફોન શોધવા માટે કુલ : ૧૦ મોબાઈલ ફોન ડીટેક્ટર પ્રાયોગિક ધોરણે ખરીદવામાં આવેલ છે અને ટુંક સમયમાં તે ઉપકરણો રાજ્યની મધ્યસ્થ અને અન્ય સંવેદનશીલ જેલોમાં મોબાઈલ ફોનની શોધખોળ માટે કાર્યરત કરવામાં આવનાર છે.

-----------

### પાદરા તાલુકામાં માઈનોર અને સબમાઈનોર કેનાલના કામ

૮૦૧૧ **શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાદરા તાલુકામાં કઈ કઈ કેનાલ હાલમાં બાંધકામના અભાવે ચાલુ થયેલ નથી, અને

(૨) તે કેનાલનું બાંધકામ કરી કેટલા સમયમાં માઈનોર, સબમાઈનોર ચાલુ કરવા માંગો છો ?

**જવાબ**

(૧) પાદરા તાલુકામાં વડોદરા શાખા નહેરમાંથી નીકળતી ૩૨ માઈનોર કેનાલો તેમજ જંબુસર શાખા નહેરમાંથી નીકળતી ૧ માઈનોર કેનાલ આમ કુલ ૩૩ માઈનોર કેનાલો (પત્રક-૧ મુજબ) તેમ જ ૧૮૦ સબમાઈનોર કેનાલો બાંધકામના અભાવે ચાલુ થયેલ નથી. (પત્રક-૨ મુજબ)

(૨) બાકી રહેલ કેનાલોનું બાંધકામ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

## પત્રક-૧

### (અ) બાંધકામના અભાવે ચાલુ થયેલ નથી તે માઈનોરનું નામ

| અ. નં. | બ્લોક નંબર | માઈનોરના નામ | નોંધ<br>કઈ શાખા નહેરમાંથી નીકળે છે. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૯ સી ૧ | ૧. આંતી માઈનોર-૧ | જંબુસર શાખા નહેર |
| ૨ | ૯ એ ૫ | ૨. પાદરા માઈનોર | વડોદરા શાખા નહેર |
| | | ૩. પાદરા બ્રાન્ચ માઈનોર | વડોદરા શાખા નહેર |
| | | ૪. પાદરા ટેઈલ માઈનોર | વડોદરા શાખા નહેર |
| | | ૫. લતીપુરા માઈનોર | વડોદરા શાખા નહેર |
| | | ૬. ડભાસા માઈનોર-૧ | વડોદરા શાખા નહેર |
| | | ૭. ડભાસા માઈનોર-૨ | વડોદરા શાખા નહેર |
| | | ૮. ડભાસા બ્રાન્ચ માઈનોર-૨-૧ | વડોદરા શાખા નહેર |
| | | ૯. રણુ બ્રાન્ચ માઈનોર | વડોદરા શાખા નહેર |
| | | ૧૦. રણુ બ્રાન્ચ માઈનોર | વડોદરા શાખા નહેર |
| | | ૧૧. મુવાલ માઈનોર-૧ | વડોદરા શાખા નહેર |
| | | ૧૨. ગવાસદ ટેઈલ માઈનોર | વડોદરા શાખા નહેર |
| | | ૧૩. ગવાસદ ટેઈલ બ્રાન્ચ માઈનોર | વડોદરા શાખા નહેર |

### (બ) સ્ટ્રક્ચરના બાંધકામના અભાવે ચાલુ થયેલ નથી તે માઈનોરની વિગત

| અ.નં. | બ્લોક નંબર | માઈનોરના નામ | કુલ લંબાઈ (કી.મી.) | પાણીનું વહન થતુ હોય તેવી લંબાઈ (કી.મી.) | પાણીનું વહન ન થતુ હોય તેવી લંબાઈ (કી.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૯ એ-૩ | ૧. પાટોદ માઈનોર | ૭.૧૬ | ૫.૬૦ | ૧.૫૬ |
| | | ૨. ચાનસદ માઈનોર-૨ | ૮.૦૮ | ૧.૬૦ | ૬.૪૮ |
| | | ૩. ચાનસદ માઈનોર-૩ | ૬.૦૬ | ૦.૮૦ | ૫.૨૬ |
| | | ૪. સોખડાખુર્દ માઈનોર | ૩.૯૪ | ૦.૦૦ | ૩.૯૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | ૫. દરાપુરા માઈનોર | ૨.૩૧ | ૦.૦૦ | ૨.૩૧ |
| | | ૬. મદ્યપુરા માઈનોર-૧ | ૫.૮૬ | ૧.૫૦ | ૪.૩૬ |
| | | ૭. વિરપુર માઈનોર-૧ | ૮.૭૧ | ૨.૩૦ | ૬.૪૧ |
| | | ૮. વિરપુર માઈનોર-૨ | ૧૨.૪૨ | ૩.૬૦ | ૮.૮૨ |
| ૨ | ૯ એ-૫ | ૯. ગામેઠા ડાયરેક્ટ | ૨.૩૭ | ૧.૬૦ | ૦.૭૭ |
| ૩ | ૯ એ૪ | ૧૦. લુણા | ૧.૭૮ | ૦.૬૮ | ૧.૧૦ |
| | | ૧૧. ડભાસા | ૦.૬૩૩ | ૦.૩૫ | ૦.૨૮ |
| | | ૧૨. મુજપુર-૧ | ૨.૯૮ | ૨.૬૮ | ૦.૩૦ |
| | | ૧૩. મજાતણ-૨ | ૨.૫ | ૧.૪૪ | ૧.૦૬ |
| | | ૧૪. મજાતણ બ્રાન્ચ | ૧.૧૭ | ૦.૪૦ | ૦.૭૭ |
| | | ૧૫. ઉમરાયા | ૪.૯૪ | ૦.૩૪ | ૪.૬૦ |
| | | ૧૬. ડબકા-૨ | ૦.૯૪ | ૦.૧૬ | ૦.૭૮ |
| | | ૧૭. ચોકારી | ૪.૯૪ | ૧.૧૨ | ૩.૮૨ |
| | | ૧૮. ચિત્રાલ | ૫.૫૩ | ૩.૦૦ | ૨.૫૩ |
| | | ૧૯. સાંઢા | ૮.૧૩ | ૧.૬૮ | ૬.૪૫ |
| | | ૨૦. દૂધવાડા | ૩.૮૮ | ૩.૩૮ | ૦.૫૦ |
| | | કુલ સરવાળો | ૯૪.૩૩૩ | ૩૨.૨૩ | ૬૨.૧૦૩ |

-----------

## પત્રક-૨

### (અ) બાંધકામના અભાવે ચાલુ થયેલ નથી તે વી. એસ. એ.ની વિગત

| અ. નં. | બ્લોક નંબર | વી.એસ.એ.ના નામ | સબમાઈનોરની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૯ સી-૧ | ૧. આંતી માઈનોર-૨ | ૫ |
| | | ૨. ક્લ્યાણકુઈ માઈનોર | ૯ |
| | | ૩. સાદરા માઈનોર-૨ | ૪ |
| ૨ | ૯ સી-૨ | ૪. નેદ્રા માઈનોર | ૮ |
| ૩ | ૯ એ-૩ | ૫. વિરપુર માઈનોર-૨ | ૭ |
| ૪ | ૯ એ-૪ | ૬. તાજપુરા | ૫ |
| | | ૭. લુણા | ૫ |

| અ. નં. | બ્લોક નંબર | વી.એસ.એ.ના નામ | સબમાઈનોરની સંખ્યા |
|---|---|---|---|
| | | ૮. ડભાસા | ૨ |
| | | ૯. મુજપુર-૩ | ૩ |
| | | ૧૦. વડુ | ૬ |
| | | ૧૧. ડભાસા-૧ | ૧ |
| | | ૧૨. ઉમરાયા | ૭ |
| | | ૧૩. એકલલારા | ૧ |
| | | ૧૪. મુજપુર-૧ | ૨ |
| | | ૧૫. નરસિંહપુરા | ૪ |
| | | ૧૬. સોમજીપુરા | ૪ |
| | | ૧૭. ચિત્રાલ | ૪ |
| | | ૧૮. સાંઢા | ૨ |
| | | ૧૯. દૂધવાડા-૧ | ૩ |
| ૫ | ૯ એ-૫ | ૨૦. ગામેઠા ડાયરેક્ટ | ૪ |
| | | ૨૧. ગામેઠા | ૨ |
| | | ૨૨. ક્શઝટ | ૬ |
| | | ૨૩. ગામેઠા માસર | ૬ |
| | | ૨૪. અભોર કુરાલ | ૧ |
| | | ૨૫. અભોર માસર | ૩ |
| | | ૨૬. પાદરા ટેઈલ માઈનોર | ૨ |
| | | ૨૭. લતીપુરા માઈનોર | ૩ |
| | | ૨૮. વડુ | ૨ |
| | | ૨૯. ડભાસા માઈનોર-૧ | ૩ |
| | | ૩૦. ડભાસા માઈનોર-૨ | ૧૦ |
| | | ૩૧. પાદરા | ૨૦ |
| | | ૩૨. રણુ | ૧૩ |
| | | ૩૩. મુવાલ-૧ | ૬ |
| | | ૩૪. મુવાલ-૨ | ૪ |
| | | ૩૫. ગવાસદ ટેઈલ | ૧૩ |
| | | કુલ :- | ૧૮૦ |

------------

**લીમખેડા તાલુકા માટે સિવિલ કોર્ટનું મકાન બનાવવા બાબત**

૭૭૦૨ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા): માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા માટે નવી સિવિલ કોર્ટનું ખાત મુર્હૂત ક્યારે કરવામાં આવેલ છે,

(૨) આ કોર્ટનું બાંધકામ ક્યા તબક્કે છે, અને કેટલા સમયમાં તે પૂર્ણ થશે, અને

(૩) અત્યાર સુધીમાં તે અંગે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૧-૧૨-૨૦૦૮ના રોજ ભૂમિપૂજન કરવામાં આવેલ છે.

(૨) આ કામ માટેના ટેન્ડરો તા. ૨૧-૭-૦૯ના રોજ ખોલવાના છે. કામ શરૂ થયા બાદ ૨૪ (ચોવીસ) માસમાં પુર્ણ કરવાનું આયોજન છે.

(૩) શૂન્ય

-----------

**દાહોદ જિલ્લામાં નવા પોલીસ સ્ટેશનની માગણી**

૭૨૧૬ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કુલ કેટલા નવા પોલીસ સ્ટેશનની માગણીઓ પડતર છે, અને

(૨) આ માગણીઓનું નિકાલ કરવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને ૨ : તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ નવા પોલીસ સ્ટેશનની કોઈ માગણી પડતર નથી.

-----------

**રાજ્યના પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા બાબત**

૭૯૩૩ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું નક્કી કરેલ છે તે વાત ખરી છે, અને | (૧) હા જી. |
| (૨) અત્યાર સુધીમાં કેટલા પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે ? | (૨) કમ્પ્યુટરાઈઝેશનમાં કમ્પ્યુટર હાર્ડવેર, સોફ્ટવેર, ક્નેક્ટીવીટી અને એપ્લીકેશન સોફ્ટવેર જેવી બાબતોનો સમાવેશ થાય છે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર પ્રિન્ટર વીથ મોડેમ, ઈન્ટરનલ સીડી રાઈટર, ફેક્સ, સ્કેનર, ડીજીટલ કોપીયર, યુ.પી.એસ. ફાળવવામાં આવેલ છે તથા ૪૨૧ પોલીસ સ્ટેશનોને જીસ્વાન ક્નેક્ટીવીટી આપવામાં આવેલ છે. એપ્લીકેશન સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે અને તેના યુઝર એક્સેપ્ટન્સ ટેસ્ટની કામગીરી ચાલી રહી છે તથા રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોના ડેટા ડીજીટાઈઝેશનની કામગીરી ચાલી રહી છે. |

-----------

**રાજ્યમાં આદિવાસી અને પછાત તાલુકામાં ઓદ્યોગિક વસાહતોની સ્થાપના**

૭૯૭૧ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્ય સરકારે રાજ્યના આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો સ્થાપવાનો નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા સ્થળે તે મુજબની વસાહતો સ્થપાશે ? | (૨) રાજ્યના નીચે જણાવેલ આદિવાસી વિસ્તારો<br>(૧) ખેરગામ (ચીખલી)<br>(૨) ડોલવણ (વ્યારા) (૩) જબુગામ (પાવીજેતપુર) (૪) બેણદ્યા (સંતરામપુર) (૫) પાલ્લી (લીમખેડા)<br>(૬) કપરાડા (૭) માંડવી(૮)છોટાઉદેપુર<br>(૯) શામળાજી (ભીલોડા)<br>(૧૦)માલપુર<br>(૧૧) આહવા અને<br>(૧૨)ધરમપુર તાલુકામાં ઓદ્યોગિક વસાહત સ્થાપવાનો સેધ્ધાંતિક નિર્ણય ક્ર્યો છે. આ ઉપરાંત રાજ્યના પછાત (આર્થિક રીતે વિકાસશીલ) એવા<br>(૧) સાંતલપુર અને<br>(૨) મોરવા તાલુકામાં ઓદ્યોગિક વસાહત સ્થાપવાનો સેધ્ધાંતિક નિર્ણય કરવામાં આવ્યો છે. |

-----------

**રાજ્યમાં વીજ ઉત્પાદન તેમજ આયોજન અંગે**

૭૧૮૧ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન થયું, અને | (૧) ૬૮,૯૬૩ મીલીયન યુનીટ |
| (૨) સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં વિજ ઉત્પાદનમાં | (૨) ૩૩૮૬ મેગાવોટ |

કેટલો વધારો કરવાનું આયોજન છે ?

-----------

**રાજ્યના વીજ ગ્રાહકોને ઈલેક્ટ્રીસીટી ડ્યુટીમાં રાહત**

૭૯૯૫ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૬-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના વીજ ગ્રાહકોને ઈલેક્ટ્રીસીટી ડ્યુટીમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે અને કેટલી રાહત આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા

(૨) સને ૨૦૦૬-૦૭ થી છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની કક્ષાવાર વીજ કરમાં રાહત આપવામાં આવેલ છે.

| ૨૦૦૬-૦૭ | | |
|---|---|---|
| કક્ષા | વિદ્યુત શુલ્કમાં રાહત (%) માં | વિદ્યુત શુલ્કમા (રૂા. કરોડમાં) |
| રહેણાંક (શહેરી) | ૫ | ૬૫.૦૦ |
| હોલ, સીનેમા, હોટલ | ૫ | ૪૭.૦૦ |
| રેસીડ્યુઅરી | ૫ | ૮.૦૦ |
| | | ૧૨૦.૦૦ |

| ૨૦૦૭-૦૮ | | |
|---|---|---|
| રહેણાંક (ગ્રામ્ય) | ૫ | ૧૫૯.૦૦ |
| રહેણાંક (શહેરી) | ૧૦ | |
| હોલ, સીનેમા, હોટલ | ૫ | ૧૧.૦૦ |
| રેસીડ્યુઅરી | ૫ | ૫૩.૦૦ |
| | | ૨૨૩.૦૦ |

-----------

**ભરૂચ જિલ્લામાં મીઠાના અગરમાં કામ કરતા અગરીયાઓને કીટ્સ આપવાનો કોન્ટ્રાક્ટ**

૭૦૯૯ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં મીઠાના અગરમાં કામ કરતા અગરીયાઓને કીટ્સ આપવાનો કોન્ટ્રાક્ટ કોનો હતો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અગરીયાઓને ખરેખર કપડાં-બૂટ-મોંજા આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં મીઠાના અગરમાં કામ કરતાં અગરીયાઓને કીટસ આપવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં અગરીયાઓને નીચે જણાવ્યા મુજબ કપડાં-બુટ-મોંજા આપવામાં આવેલ છે.

| ક્રમ | વસ્તુનું નામ | અપાયેલ સંખ્યા |
|---|---|---|
| ૧ | કપડાં | ૦૦ |
| ૨ | બૂટ | ૫૦ |
| ૩ | મોજાં | ૫૦ |

-----------

**અમદાવાદ શહેરમાં ખૂન, લૂંટ અને ધાડના બનાવો**

૭૦૬૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ

વર્ષમાં અમદાવાદ પોલીસ કમિશ્નરની હકૂમત હેઠળના વિસ્તારોમાં થયેલ ખૂન-ધાડ-લૂંટ ના બનાવો અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કે ગુન્હાનો ભેદ ઉકેલવાના બાકી છે, અને

વર્ષમાં અમદાવાદ પોલીસ કમિશનરની હકૂમત હેઠળના વિસ્તારોમાં થયેલ ખૂન-ધાડ-લૂંટના બનાવોની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

| | ખૂનના કેસો | ધાડના કેસો | લૂંટના કેસો |
|---|---|---|---|
| છેલ્લા ત્રણ વર્ષમાં (તા. ૧-૬-૦૬ થી ૩૧-૫-૦૯ સુધીમાં) નોંધાયેલ કેસો | ૨૬૭ | ૫૯ | ૧૨૫૪ |
| ગુનામાં સંડોવાયેલા આરોપીઓ | ૮૬૦ | ૩૦૧ | ૧૭૯૮ |
| પકડાયેલા કુલ આરોપીઓ | ૭૩૯ | ૨૫૬ | ૧૧૩૯ |
| કેટલા આરોપીઓની ધરપકડ બાકી છે. | ૧૨૧ | ૪૫ | ૬૫૯ |
| કેટલા ગુન્હાના ભેદ ઉકેલવાના બાકી છે. | ૪૧ | ૧૧ | ૭૩૫ |

(૨) આ ભેદ નહીં ઉકેલવાનાં કે આરોપીઓ નહીં પકડાવાના કારણો શાં છે ?

(૨) આ ભેદ નહીં ઉકેલવાના કે આરોપીઓ નહીં પકડાવાના કારણોની વિગત નીચે મુજબ છે.

| | ખૂન | ધાડ | લૂંટ |
|---|---|---|---|
| નહી પકડાયેલા કુલ આરોપીઓની સંખ્યા | ૧૨૧ | ૪૫ | ૬૫૯ |
| આરોપીઓ નહીં પકડાવાના કારણો | | | |
| ૧. આરોપીઓના નામ-નમૂદ ન હોય તેના કારણે | ૬૫ | ૪૫ | ૬૨૮ |
| ૨. અપૂરતા નામ સરનામાને કારણે | ૧૮ | ૦ | ૩૧ |
| ૩. ગુનો કર્યા બાદ નાસતા ફરતા હોય તેના કારણે | ૩૮ | ૦ | ૦ |

પકડાયેલ આરોપીઓની ઘનિષ્ઠ પૂછપરછ કરી તથા જે આરોપીઓના નામ ખૂલેલ છે પરંતુ પકડાયેલ નથી તેઓના રહેઠાણે તેમજ સગા સંબંધીઓના ત્યાં તપાસ કરવામાં આવે છે અને તેઓને પકડી પાડવા માટેના તમામ સ્તરે પ્રયત્નો જારી છે.

આવા ગુનાઓ બનતા અટકાવવા અસરકારક નાઈટ રાઉન્ડની સ્કીમ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઉપરાંત અવારનવાર વાહન ચેકીંગ/નાકાબંધીનું આયોજન કરવામાં આવે છે. નાસતા ફરતા આરોપીઓ અને જેલમાંથી છૂટેલા આરોપીઓ ઉપર વૉચ રાખવામાં આવે છે. શહેરમાં શરૂ કરવામાં આવેલ પી.સી.આર. વાન દ્વારા પણ અસરકારક પેટ્રોલીંગની કામગીરી કરવામાં આવે છે. અવારનવાર હોટલ/ઢાબાઓ, ગેસ્ટ હાઉસો, રેલ્વે સ્ટેશન, એસ.ટી. સ્ટેન્ડો જેવી ભીડવાળી જગ્યાઓ ચેક કરવામાં આવે છે અને શંકાસ્પદ ઈસમો ઉપર દેખરેખ રાખવામાં આવે છે.

----------

## વલસાડ જિલ્લામાં ઈંગ્લીંશ દારૂના નોંધાયેલા કેસો

૭૩૮૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાદીઠ ઈંગ્લીશ દારૂના કેટલા કેસો નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧)

| તાલુકા | કેસોની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૧૦૯૨ |
| પારડી | ૩૬૫૪ |
| ઉમરગામ | ૪૪૬ |
| ધરમપુર | ૧૭૧ |
| કપરાડા | ૧૩૭ |

(૨) કેટલી કિંમતનો દારૂ પકડવામાં આવ્યો છે ?

(૨)

| તાલુકા | દારૂની કિંમત |
|---|---|
| વલસાડ | ૩,૧૨,૭૬,૧૨૦ |
| પારડી | ૩,૯૫,૫૧,૫૫૫ |
| ઉમરગામ | ૮૨,૫૯,૮૯૫ |
| ધરમપુર | ૧૮,૯૩,૧૫૦ |
| કપરાડા | ૧૭,૯૧,૩૫૫ |

-----------

**રાજ્યમાં સરકારી વકીલોની નિમણૂક**

૮૦૦૩ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા સરકારી વકીલોની નિમણૂક ક્યા ક્યા જિલ્લાઓમાં કરવામાં આવી છે, અને

(૨) જે જિલ્લાઓમાં નિમણૂક બાકી છે, તે ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ - ક મુજબ

(૨) દાહોદ, વડોદરા, રાજકોટ જિલ્લાઓમાં નિમણૂક બાકી હતી. તે પૈકી દાહોદ અને રાજકોટ ખાતે નિમણૂક થયેલ છે જ્યારે વડોદરા ખાતે નિર્ણય થયે નિમણૂક કરવામાં આવશે.

**પરિશિષ્ટ-ક**

**ગુજરાત રાજ્યના પબ્લીક પ્રોસીક્યુટરશ્રીઓના નામ**

| ક્રમ | જીલ્લાનું નામ | પબ્લીક પ્રોસીક્યુટર |
|---|---|---|
| ૧ | અમદાવાદ (રૂરલ) | શ્રી પી. એમ. ત્રિવેદી |
| ૨ | અમરેલી | શ્રી એમ. બી. સોલંકી |
| ૩ | આણંદ | શ્રી એન. પી. મહિડા |
| ૪ | બનાસકાંઠા-પાલનપુર | શ્રી ઉદય આચાર્ય |
| ૫ | ભરૂચ | શ્રી પી. એન. પરમાર |
| ૬ | ભાવનગર | શ્રી ગીરીશ પી. દવે |
| ૭ | દાહોદ | શ્રી એચ. એમ. જાની ઈ.ચા. |
| ૮ | ગાંધીનગર | શ્રી હિતેશ રાવલ |
| ૯ | જામનગર | શ્રી બી. એચ. ચોટાઈ |
| ૧૦ | જુનાગઢ | શ્રી એન. ડી. મોરી |
| ૧૧ | કચ્છ-ભુજ | શ્રી યોગેશ ભાંડારકર |
| ૧૨ | ખેડા-નડીયાદ | શ્રી પરેશ ધોરા |
| ૧૩ | મહેસાણા | શ્રી સી. એલ. રાજપૂત |
| ૧૪ | નર્મદા-રાજપીપળા | શ્રી જે. કે. પંડ્યા |
| ૧૫ | નવસારી | શ્રી અરવિંદ એ. રાણા |
| ૧૬ | ગોધરા-પંચમહાલ | શ્રી પી. એલ. ગાંધી |
| ૧૭ | પાટણ | શ્રી શૈલેષ ઠક્કર |
| ૧૮ | પોરબંદર | શ્રી એસ. કે. અમલાણી |
| ૧૯ | રાજકોટ | શ્રીમતિ એ. પી. સીપ્પી ઈ.ચા. |
| ૨૦ | સાબરકાંઠા-હિંમતનગર | શ્રી એ. જે. પટેલ |
| ૨૧ | સુરત | શ્રી નયન એલ. સુખડવાલા |
| ૨૨ | સુરેન્દ્રનગર | શ્રી જી. સી. પુરોહિત |
| ૨૩ | વડોદરા | શ્રી પી. આર. ભટ્ટ ઈ.ચા. |
| ૨૪ | વલસાડ | કુ. મીતાબેન એ. પટેલ |

-----------

**સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદીઓ સામે નોંધાયેલ કેસો**

૭૫૪૨ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ક્યા કેદી સામે ક્યારે અને કેવા પ્રકારના ગુન્હાઓ નોંધાયા છે,

(૨) આ ગુનાઓની તપાસ/દરોડામાં કેવા પ્રકારનો મુદ્દામાલ મળી આવેલ છે,

(૩) નોંધાયેલા ગુન્હાઓ પેકી પાકિસ્તાન અને બીજા દેશોમાં ફોન કરવાના ગુન્હાઓ ક્યારે અને કોની સામે નોંધાયેલા છે, અને

(૪) સાબરમતી સેન્ટ્રલ જેલમાં ચાલતી આવી ગેરકાનૂની પ્રવૃત્તિઓ અટકાવવા શાં પગલાં લેવાયા ?

**જવાબ**

(૧) સાબરમતી સેન્ટ્રલ જેલમાં તા. ૨૩-૯-૦૬ થી તા. ૨૬-૫-૦૯ના સમયગાળા દરમ્યાન અનધિકૃત મુદ્દામાલ રાખવા અંગે કાચા/પાકા કામના કેદીઓ સામે સાબરમતી પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૧૮૮ તેમજ પ્રીઝન એક્ટની કલમ ૪૨, ૪૩ અને ૪૫ ની પેટા કલમ ૧૨ મુજબના ગુનાઓ નોંધવામાં આવેલ છે.

(૨) તપાસ દરમ્યાન મોબાઈલ ફોન, સીમકાર્ડ, ચાર્જર, ડીવીડી પ્લેયર, ડીવીડી/સીડી કેસેટો, ચલણી નાણું, કાપણા વિગેરે મુદ્દામાલ મળી આવેલ છે.

(૩) આવા ગુનાઓ બનેલ નથી.

(૪) જેલની અંદર જેલ પ્રતિબંધિત મુદ્દામાલ રાખવાના તથા કેદીઓ વચ્ચે થતા મારામારીના બનાવમાં સંડોવાયેલ તથા સ્ટાફ ઉપર હુમલો કરવાના બનાવમાં સંડોવાયેલ કેદીઓ સામે ગુનાઓ નોંધાવા ઉપરાંત જેલ નિયમોનો ભંગ કરનાર કસુરદાર કેદીઓ વિરૂધ્ધ પ્રિઝન એક્ટની જોગવાઈ અનુસાર જેલ શિક્ષા કરવામાં આવે છે. જેલ અધિક્ષકની સીધી રાહબરી હેઠળ સીનીયર જેલર કક્ષાના અધિકારી તથા ગાર્ડીંગ સ્ટાફના કર્મચારીઓની અલગ ટીમ બનાવી સ્થાનિક ઝડતી સ્કવોડની રચના કરવામાં આવેલ છે અને જેલમાં કેદી પાસેથી જેલ પ્રતિબંધિત ચીજવસ્તુઓ શોધી કાઢવા સઘન ઝડતી ઝુંબેશ અભિયાન ગતિશીલ બનાવવામાં આવેલ છે. જેના ભાગરૂપે જેલના અધિકારીઓ/કર્મચારીઓએ કેદીઓ પાસેથી અનધિકૃત મુદ્દામાલ શોધી કાઢેલ છે. આ ઉપરાંત જેલમાં કેદીઓ જેલ નિયમો તોડવાની પ્રવૃત્તિ કરે નહીં તેમજ જેલમાં કેદીઓને જેલ પ્રતિબંધિત ચીજવસ્તુઓ સાથે પ્રવેશતાં અટકાવવા માટે આધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા કે સી.સી.ટી.વી. કેમેરા, મોબાઈલ જામર મશીન, હેન્ડ હેલ્ડ મેટલ ડીટેક્ટરો, એક્સ-રે સ્કેનીંગ મશીન, નારકોટીક્સ અને એક્ષ્પ્લોઝીવ ડીટેક્ટર, ડોરફ્રેમ મેટલ ડીટેક્ટર, નાઈટ વીઝન ગોગલ્સ વિગેરેનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.

**ખેડૂતોને વીજ બચતનું મહત્વ**

૭૯૫૮ **શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વિશેષ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન શું કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) હા જી, ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૮-૦૯ માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે હયાત મોટર પમ્પ સેટને વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના અમલમાં મૂકેલ છે.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યના આ સાથે રાખેલ **પત્રકમાં** દર્શાવ્યા મુજબના ૧૧ તાલુકાઓમાં કુલ ૪૧૯ હયાત મોટર પમ્પ સેટને વીજ કાર્યક્ષમ પમ્પ વડે

બદલવામાં આવેલ છે.

**પત્રક**

| અનુ. નં. | તાલુકો | બદલાવેલ પમ્પ સેટની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૩ |
| ૨ | હળવદ | ૯ |
| ૩ | હિંમતનગર | ૫ |
| ૪ | પ્રાંતિજ | ૯ |
| ૫ | માણસા | ૧૪૦ |
| ૬ | મહેસાણા | ૧૧ |
| ૭ | વિજાપુર | ૧૦૪ |
| ૮ | વિસનગર | ૧૬ |
| ૯ | ડીસા | ૨૧ |
| ૧૦ | ધાનેરા | ૮ |
| ૧૧ | કાંકરેજ | ૯૩ |
| | કુલ :- | ૪૧૯ |

(૩) આ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ ?

(૩) આ યોજના હેઠળ નવા વીજ કાર્યક્ષમ પમ્પ સેટની કિંમતનો બે તૃત્યાંશ ભાગ અથવા નિયત કરેલ મહત્તમ રકમ, બે માંથી જે રકમ ઓછી હોય તેટલી રકમ ખેડૂતોને સહાય પેટે આપવામાં આવે છે. જે વીજ કંપની અને રાજ્ય સરકાર સરખા ભાગે ભોગવે છે. જ્યારે બાકીની ૧/૩ રકમ ખેડૂતોએ ભોગવવાની હોય છે. અને જૂનો પમ્પ સેટ ખેડૂતે જે તે વીજ કંપનીમાં જમા કરાવવાનો રહે છે.

-----------

**ખેડૂતોને આપવામાં આવતી વીજળી**

૬૯૯૩ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેતીવાડીમાં દરરોજ કેટલા કલાક વીજળી આપવામાં આવે છે,

(૨) વાસ્તવિક રીતે કેટલા કલાક વીજળી આપવામાં આવે છે તે અન્વયે દિવસે કેટલા કલાક અને રાત્રિના કેટલા કલાક વીજળી અપાય છે,

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે માટે તમામ ખેતીવાડી ફીડરોનું બે ગૃપમાં વિભાજન કરીને દરેક ગૃપને દર અઠવાડિયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

(૩) ખેતીવાડીમાં ખેડૂતોને વધારે કલાક વીજળી આપવા સરકાર વિચારે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા કલાક વધારે વીજળી આપવા વિચારે છે ?

(૩) અને (૪) : સમયાન્તરે પાકની જરૂરિયાતને ધ્યાને લઈને અન્ય ક્ષેત્રોમાં વીજ કાપ મૂકીને પણ ખેડૂતોને જરૂરીયાત મુજબ પૂરતા સમય માટે વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

-----------

**રાજ્યનાં આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ**

૭૯૭૫ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના છેવાડાના આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે કે કેમ,

**જવાબ**

(૧) હાજી, રાજ્યના છેવાડાનાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે કુટિર જ્યોતિ યોજના તેમજ પેટાપરા વીજળીકરણ યોજના અમલમાં છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૮-૦૯માં આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઈબ) નાં લાભાર્થીઓને વીજ જોડાણની યોજના અમલમાં મૂકવામાં

(૨) જો હા, તો તે અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

આવેલ હતી.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૭૪,૮૧૧ લાભાર્થીઓને તેમ જ ૧૭૧ પેટાપરાનાં ૫૩૭૪ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા. જ્યારે આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઈબ) યોજના અંતર્ગત ૧૨૮૮૫ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૩) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા નવા વીજ જોડાણો આપવાનું આયોજન છે ?

(૩) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૧,૦૧,૮૦૦ લાભાર્થીઓને તથા ૧૦૦ પેટાપરામાં સમાવિષ્ટ લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન છે.

-----------

**કોર્ટોના મકાનો બનાવવા બાબત**

૭૯૬૫ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી કોર્ટોના મકાન બન્યા,

(૧) ૨૧ મકાનો.

(૨) કઈ કઈ કોર્ટોના કેટલા મકાન બન્યા, અને

(૨) ૧૯ રેગ્યુલર કોર્ટના મકાનો તથા ૨ ફાસ્ટ ટ્રેક કોર્ટના મકાનો.

(૩)આ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

(૩) રૂા. ૫૧૫૫.૭૩ લાખ

-----------

**અમદાવાદ શહેરમાં પાસાના કાયદા હેઠળ થયેલ ધરપકડ**

૭૭૦૧ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાસાનાં કાયદા હેઠળ કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી,

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાસાના કાયદા હેઠળ કુલ ૧૧૮૪ લોકોની ધરપકડ કરવામાં આવી.

(૨) ધરપકડ કરાયેલ લોકોની સામે અગાઉ કેટલા ગુનાઓ નોંધાયેલ છે, અને

(૨) ધરપકડ કરાયેલ લોકો સામે અગાઉ ૩૫૪૮ ગુનાઓ નોંધાયેલ છે.

(૩) આ પેકી એક પણ પોલીસ કેસ ના થયા હોય તેવા કેટલા લોકો છે ?

(૩) એક પણ કેસ નોંધાયેલ ન હોય તેવા કોઈપણ ઈસમ નથી.

-----------

**આણંદ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે થયેલ અરજીઓ**

૭૧૦૪ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી, અને

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | આણંદ | ૭૯૧ | ૭૭૩ | ૧૫૬૪ |
| ૨ | ઉમરેઠ | ૨૩૬ | ૨૪૨ | ૪૭૮ |
| ૩ | ખંભાત | ૫૧૦ | ૪૦૬ | ૯૧૬ |
| ૪ | તારાપુર | ૧૨૫ | ૯૮ | ૨૨૩ |
| ૫ | પેટલાદ | ૪૮૨ | ૪૪૭ | ૯૨૯ |
| ૬ | બોરસદ | ૨૮૨ | ૪૨૬ | ૭૦૮ |
| ૭ | સોજીત્રા | ૧૭૦ | ૧૫૩ | ૩૨૩ |
| ૮ | આંકલાવ | ૯૭ | ૯૧ | ૧૮૮ |
| **કુલ :-** | | **૨૬૯૩** | **૨૬૩૬** | **૫૩૨૯** |

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી ?

(૨)

| અ. નં. | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | આણંદ | ૩૯૯ | ૩૨૯ | ૭૨૮ |
| ૨ | ઉમરેઠ | ૭૩ | ૧૦૮ | ૧૮૧ |
| ૩ | ખંભાત | ૨૮૧ | ૨૮૧ | ૫૬૨ |
| ૪ | તારાપુર | ૬૧ | ૪૭ | ૧૦૮ |
| ૫ | પેટલાદ | ૩૩૧ | ૨૪૫ | ૫૭૬ |
| ૬ | બોરસદ | ૧૫૧ | ૧૪૫ | ૨૯૬ |
| ૭ | સોજીત્રા | ૭૧ | ૭૨ | ૧૪૩ |
| ૮ | આંકલાવ | ૪૨ | ૪૦ | ૮૨ |
| **કુલ :-** | | **૧૪૦૯** | **૧૨૬૭** | **૨૬૭૬** |

-----------

**ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ચાલતી દારૂની મહેફીલ**

૮૦૦૭ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (જામજોધપુર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મે, ૨૦૦૯ માસમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ રૂમમાંથી વિદેશી દારૂની બોટલનું ખોખું અને દારૂવાળા ગ્લાસ મળી આવ્યાની હકીકત સાચી છે,

(૨) જો હા, તો પાટનગરની સરકારી કચેરીમાં ચાલતી આવી દારૂની મહેફીલ ચલાવતા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) અન્ય સરકારી કચેરીઓમાં આવું બનતું અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) તા. ૧૪-૫-૦૯ ના રોજ ગાંધીનગર કલેક્ટરશ્રીની કચેરીના વીડીયો કોન્ફરન્સ રૂમમાંથી જી-સ્વાનના કર્મચારીઓ માટે મુકવામાં આવેલ ટેબલની નીચે વિદેશી બ્રાન્ડના લીકરનું બોટલ વગરનું ખાલી પેપર કવર (બોક્સ) મળી આવેલ.

(૨) પાટનગરની સરકારી કચેરીમાં દારૂની મહેફીલ ચાલતી હોવાની કોઈ હકીકત ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં ચેતક કમાન્ડો દળની રચના અંગે**

૬૯૭૩ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ચેતક કમાન્ડો દળની રચના કરવાની જાહેરાત સરકારે કરી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ દળમાં કુલ કેટલી વ્યક્તિઓને સમાવવાનું આયોજન હતું, અને

(૩) આ દળ હાલમાં શું કામગીરી કરે છે ?

**જવાબ**

(૧) હા.

(૨)

| સંવર્ગ | મંજૂર |
|---|---|
| ના. પો. અધિક્ષક | ૨ |
| પો. ઈ. | ૪ |
| પો. સ. ઈ. | ૧૬ |
| એ. એસ. આઈ. | ૧૬ |
| હે. કો. | ૧૬ |
| આ. પો. કો. | ૮૦ |
| ડ્રા. પો. કો. | ૨૦ |
| **કુલ :-** | **૧૫૪** |

(૩) ચેતક કમાન્ડો ફોર્સને નીચેની મુખ્ય કામગીરીની ફરજો બજાવવાની હોય છે.

(એ) ત્રાસવાદી પ્રવૃત્તિઓના વળતા પ્રહારની કામગીરી

(બી) મલ્ટીપલ ડિઝાસ્ટર વેળાએ ત્વરીત પગલા

(સી) સુરક્ષા કવચ ધરાવતા વી.વી.આઈ.પી.શ્રીઓની સુરક્ષા

-----------

**હોમ ગાર્ડઝનું માનદ વેતન વધારવા બાબત**

૭૯૩૮ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય ગ્રામ ગૃહરક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હોમ ગાર્ડઝના જવાનોને તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ માનદ વેતન કેટલું આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) અને (૨) : કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસના પૂરક દળ તરીકે હોમગાર્ડઝ જવાનોની

(૨) આ માનદ્ વેતનની રકમમાં કોઈ વધારો કરવાનું વર્ષ ૨૦૦૮-૦૯માં આયોજન છે કે કેમ ?

કામગીરી ખૂબ જ પ્રસંશનીય છે. આ બાબતને ધ્યાને રાખી વિભાગના તા. ૧૧-૧૨-૦૮ ના ઠરાવથી તા. ૧-૧-૨૦૦૯થી અમલમાં આવે તે રીતે હોમગાર્ડઝ દળના જવાનોને આપવામાં આવતા દૈનિક ફરજ ભથ્થાના દરમાં રૂા. ૫૦/- થી વધારીને રૂા. ૮૦/- કરવામાં આવેલ છે.

-----------

**વડોદરા જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૭૯૯૬ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો કેટલા છે, અને

(૨) જો ખૂટતા હોય તો તે અંગે નવા બનાવવા અંગે કોઈ વિચારણા કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) : વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે કુલ-૧૭૭૬ રહેણાંકના મકાનો ઉપલબ્ધ છે. જે જિલ્લાના હાલના પોલીસ કર્મચારીઓના સંખ્યાબળના પ્રમાણમાં પૂરતા છે. આમ, ખૂટતા મકાનો બાંધવા અંગે વિચારણા કરવાનો હાલને તબક્કે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જૂનાગઢ જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૭૯૬૮ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને

(૨) જો ખૂટતા હોય તો નવા મકાનો બાંધવામાં આવનાર છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) : જુનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે હાલ ૧૬૭૦ રહેણાંકના મકાનો ઉપલબ્ધ છે. જે હાલના હયાત મહેકમની સંખ્યાના પ્રમાણમાં પૂરતા અને સંતોષકારક છે. તેથી ખૂટતા મકાનો અંગે વિચારણા કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

-----------

**મુખ્ય મંત્રીશ્રી એ હેલીકોપ્ટર, સરકારી વિમાન અને ચાર્ટર પ્લેન ધ્વારા કરેલ મુસાફરીનો ખર્ચ**

૬૯૮૫ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ હેલીકોપ્ટર-સરકારી વિમાન અને ચાર્ટર પ્લેન ધ્વારા કેટ કેટલી વખત મુસાફરી કરી, અને

**જવાબ**

(૧) તા. ૧-૪-૨૦૦૮ થી ૩૧-૫-૦૯ સુધીમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ હેલીકોપ્ટર, સરકારી વિમાન અને ચાર્ટર પ્લેન દ્વારા નીચે દર્શાવ્યા મુજબ મુસાફરી કરી છે.

| વાહનનો પ્રકાર | | કરેલ મુસાફરીની સંખ્યા |
|---|---|---|
| હેલીકોપ્ટર | - | ૬૦ વખત |
| વિમાન | - | ૧૫ વખત |
| ચાર્ટર પ્લેન | - | ૨૯ વખત |

(૨) આ મુસાફરી પાછળ કેટ કેટલો ખર્ચ થયો ?

(૨) આ મુસાફરી પાછળ નીચે દર્શાવ્યા મુજબ ખર્ચ થયેલ છે.

| વાહનનો પ્રકાર | | થયેલ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|
| હેલીકોપ્ટર | - | રૂા. ૧૯,૫૮,૮૩૫/- |
| વિમાન | - | રૂા. ૬,૪૧,૦૯૯/- |
| ચાર્ટર પ્લેન | - | રૂા. ૩,૪૯,૬૦,૩૩૨/- |

-----------

**સુરત જિલ્લામાં બંધ થયેલ ઉદ્યોગો બાબત**

૭૧૦૬ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા નાના અને મોટા ઉદ્યોગો બંધ હાલતમાં છે, અને

**જવાબ**

(૧) ભારત સરકાર દ્વારા અખીલ ભારતીય ચોથી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમોની વર્ષ ૨૦૦૬-૨૦૦૭ સેન્સસ અન્વયે મળેલ તદ્દન કામચલાઉ

પરિણામો (પ્રોવિઝનલ) મુજબ સુરત જીલ્લામાં ૭૪૫૬ એકમો બંધ જણાયેલ છે.

(૨) આવા ઉદ્યોગોને પુનઃ ધમધમતા કરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) રાજ્ય સરકાર દ્વારા માંદગીના કારણે બંધ થયેલ એકમોને પુનઃવસન માટે સરકારશ્રીએ પોતાની ઓદ્યોગિક નીતિ-૨૦૦૯ અંતર્ગત તા. ૨૭-૨-૨૦૦૯નાં ઠરાવ ક્રમાંક-એમએસએમ-૧૦૨૦૦૯-૫૭૯૨૮/આઈ મુદ્દા નં.- ૩.૧૩ અન્વયે માંદા એકમોના પુનઃવસન માટે યોજના જાહેર કરવામાં આવેલ છે.

-----------

**કલ્પસર યોજનાથી ગુજરાતને થતા લાભ**

૭૨૭૨ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજના તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ યોજનાથી રાજ્યને ક્યા ક્યા લાભ થશે, અને

(૩) આ યોજના પાછળ સંભવિત ખર્ચ કેટલો થશે ?

**જવાબ**

(૧) પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) યોજનાથી સિંચાઈ, ઉદ્યોગ અને ઘરવપરાશ માટે પીવાનું પાણી, પરિવહન, જમીન નવસાધ્યકરણ, બિનપરંપરાગત ઉર્જા, મત્સ્યોદ્યોગોનો વિકાસ, ટુરીઝમનો વિકાસ જેવા લાભો થશે.

(૩) પૂર્ણ શક્યતાદર્શી અહેવાલની કામગીરી પૂર્ણ થયેથી યોજનાના સંભવિત ખર્ચનો અંદાજ મળશે.

-----------

**આણંદ જિલ્લાનાં પોલીસ સ્ટેશનોમાં કાચા કામના કેદીઓના મૃત્યુ**

૮૦૧૭ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ સ્ટેશનમાં કાચા કામના કેદી કે તહોમતદારના પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયા, અને

(૨) પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયાના કેટલા કેસમાં જવાબદાર અધિકારીઓ સામે તપાસ તથા જરૂરી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) આ સમય ગાળા દરમ્યાન આણંદ જીલ્લાના ઉમરેઠ તાલુકાના પોલીસ સ્ટેશનની હદમાં ભાલેજ આ. પો. લોકઅપમાં એક આરોપી/તહોમતદારનું મૃત્યુ થયું હતું.

(૨) સબબ આરોપી/તહોમતદારનું મૃત્યુ ""માનસિક આઘાત"" (ચેતાતંતુના આંચકા) થી થયેલ હતું.

મેજીસ્ટ્રીયલ ઈન્કવાયરીની તપાસ દરમ્યાન પોલીસની કોઈ નિષ્કાળજી જણાયેલ નથી, આથી જવાબદાર અધિકારીઓ સામે જરૂરી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમદાવાદ શહેરના સી.એન.જી. પેટ્રોલ પંપો ઉપર ફાયર સેફ્ટીની વ્યવસ્થા**

૭૫૧૫ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ કેટલા સી.એન.જી. પેટ્રોલ પંપો આવેલા છે,

(૨) આ પંપો ઉપર ફાયર સેફ્ટીની શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પેટ્રોલ પંપો (સીએનજી) એ ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે?

**જવાબ**

(૧) ત્રેસઠ (૬૩)

(૨) આ સીએનજી સ્ટેશનો પર ચીફ કન્ટ્રોલર ઓફ એક્સપ્લોઝીવ્સની ઓ. આઈ. એસ. ડી. - ૧૭૯ની ગાઈડ લાઈન્સ મુજબની ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૩) એક પણ નહિ.

## ખેડા જિલ્લામાં નર્મદા કેનાલની સબ માઇનોરના કામો

૭૦૯૬ **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં નર્મદા કેનાલની સબ માઈનોર કેનાલના કામ ક્યારે હાથ ધરવાનું આયોજન છે, અને

(૨) તેમાં કુલ કેટલા કી.મી. ના કામનો અંદાજ છે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાંથી પસાર થતી નર્મદાની શાખા નહેરો તથા વિસ્તરણ પધ્ધતિની નહેરોના કુલ ૩૬૯૦૫ હેક્ટર પિયત વિસ્તાર પૈકી ૧૪૯૯૧ હેક્ટર વિસ્તારમાં, સબમાઈનોર લેવલ સુધી સિંચાઈ ક્ષમતા વિક્સાવવામાં આવેલ છે. સબમાઈનોર કેનાલની કુલ લંબાઈ ૮૬૬.૩૪ કી. મી. પૈકી ૬૬૩.૮૦ કી. મી. લંબાઈમાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. બાકી રહેતી ૨૦૨.૫૪ કી. મી. લંબાઈના કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) તેમાં કુલ ૨૦૨.૫૪ કિ. મી. ના કામનો અંદાજ છે.

------------

## જોડીયા બંદરની ખાડીમાં કાંપ ભરાઈ જવા બાબત

૭૨૧૪ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા બંદરની ખાડીમાં મોટા પ્રમાણમાં કાંપ ભરાઈ જતા હાલ જોડીયા બંદર બિન ઉપયોગી બંદર તરીકે નોંધાયેલ છે તે હકીક્ત સરકાર જાણે છે કે કેમ,

(૨) આ કાંપ કેટલા વર્ષોથી ભરાયો છે, અને

(૩) તેને દૂર કરી આ બંદરને પુનઃ કાર્યરત બનાવવા સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

છેલ્લા ૩૦ વર્ષ દરમ્યાન કાંપ ભરાયો છે. જોડીયા બંદરની આજુબાજુ રોઝી, બેડી તથા નવલખી બંદરનો વિકાસ થયેલ છે. જોડીયા બંદરને પુનઃ કાર્યરત કરવા માટે ટેક્નોઈકોનોમીકલ ફીઝીબીલીટીનો અભ્યાસ કરી ભવિષ્યમાં થનાર વિકાસને ધ્યાને લઈ જરૂર જણાયે યોજનાને અમલમાં મુક્વામાં આવશે.

------------

## બનાસકાંઠા જિલ્લામાં બળાત્કારના બનાવો

૭૨૭૬ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૨૦૦૮ થી ૩૧-૫-૨૦૦૯ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બળાત્કારના કેટલા કેસ બનવા પામ્યા છે,

(૨) આ કેસોમાં કેટલા આરોપીઓ સંડોવાયેલ છે, અને

(૩) તે પૈકી કેટલા પકડાયા અને પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | બનેલ ગુના |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૮ |
| ૨ | દાંતા | ૨ |
| ૩ | વડગામ | ૧ |
| ૪ | અમીરગઢ | ૨ |
| ૫ | ડીસા | ૬ |
| ૬ | ધાનેરા | ૩ |
| ૭ | વાવ | ૩ |
| ૮ | થરાદ | ૨ |
| ૯ | કાંકરેજ | ૮ |
| ૧૦ | દાંતીવાડા | ૦ |
| ૧૧ | દિયોદર | ૨ |
| ૧૨ | ભાભર | ૨ |

(૨) ૮૨

(૩) કુલ ૫૫ આરોપીઓ પકડાયેલ છે. અને કુલ-૨૭ આરોપીઓને પકડવાના બાકી છે. તે માટે

આરોપીઓની રહેઠાણની જ્ગ્યાએ તથા તેમના સગાવહાલાં, મિત્રમંડળ તથા બાતમીદારોથી તપાસ ક્રવામાં આવે છે.

------------

**રાજ્યમાં ચેતક ક્માન્ડોના દળ પાછળ થયેલ ખર્ચ**

૬૯૭૬ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ચેતક ક્માન્ડોની રચનાની જાહેરાત કરી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ ચેતક ક્માન્ડોના દળ માટે તા.૩૧-૫-૦૯ સુધીમાં કેટલી વ્યક્તિઓએ ટ્રેનીંગ લીધી, અને

(૩) આ ટ્રેનીંગ પાછળ કુલ કેટલો ખર્ચ ક્રવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ચેતક ક્માન્ડો યુનિટ-૧ અને ૨ ખાતે ફરજ બજાવતા તમામ અધિકારીઓ/જવાનોએ તાલીમ મેળવેલ છે. મેળવેલ તાલીમ અંગેની વિગત નીચે મુજબ છે.

| તાલીમ ક્રોર્ષનું નામ | તાલીમ ક્રોર્ષનો સમયગાળો | | તાલીમાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ચેતક ક્માન્ડો બુનિયાદી ક્રોર્ષ નં. ૩૧ | તા. ૨૪-૮-૦૩થી | તા. ૨૩-૧-૦૪ સુધી | ૧૨૨ |
| ચેતક ક્માન્ડો રીપીટર કોર્ષ નં. ૩૧ | તા. ૯-૩-૦૪ થી | તા. ૨૭-૩-૦૪ સુધી | ૫૪ |
| ચેતક ક્માન્ડો બુનિયાદી ક્રોર્ષ નં. ૩૩ | તા. ૫-૧૦-૦૪થી | તા. ૨૭-૧૨-૦૪ સુધી | ૨૬ |
| ચેતક ક્માન્ડો રીફ્રેશર ક્રોર્ષ નં. ૩૮ | તા. ૧૦-૨-૦૫થી | તા. ૬-૩-૦૫ સુધી | ૩૮ |
| ચેતક ક્માન્ડો રીફ્રેશર ક્રોર્ષ નં. ૪૦ | તા. ૯-૫-૦૫થી | તા. ૧૯-૬-૦૫ સુધી | ૨૯ |
| ચેતક ક્માન્ડો રીફ્રેશર ક્રોર્ષ નં. ૫૪ | તા. ૭-૫-૦૭થી | તા. ૧૬-૬-૦૭ સુધી | ૫૬ |
| ચેતક ક્માન્ડો રીફ્રેશર ક્રોર્ષ નં. ૫૫ | તા. ૨-૭-૦૭થી | તા. ૧૦-૮-૦૭ સુધી | ૨૯ |
| ચેતક ક્માન્ડો રીફ્રેશર ક્રોર્ષ નં. ૫૮ | તા. ૧૧-૨-૦૯થી | તા. ૨૭-૩-૦૯ સુધી | ૦૪ |
| કુલ | | | ૩૯૨ |

(૩) આ ટ્રેનીંગ પાછળ કુલ રૂા. ૩,૭૪,૧૪,૭૯૦/- નો ખર્ચ ક્રવામાં આવેલ છે.

------------

**આણંદ જિલ્લામાં જિલ્લા ક્ક્ષાની જેલ બનાવવા બાબત**

૭૩૮૩ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **: માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યક્ક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા ક્ક્ષાની જેલ નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો જેલ બનાવવા સંબંધી કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તે હાલમાં ક્યા તબક્કામાં છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

આણંદ જિલ્લામાં ખંભાત તાલુકા સબ જેલમાં ૧૦૦ કેદીઓની સમાવેશ ક્ષમતા સામે તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ૩૫ કેદીઓ છે. જરૂર જણાયે અન્ય કેદીઓને નજીક્ની બીલોદરા-નડીયાદ જીલ્લા જેલ ખાતે મોક્લવામાં આવે છે.

------------

**અમરેલી-સાવરકુંડલામાં બિન ઉપયોગી ૬૬ કે.વી. જુની ડેડ લાઈન**

૭૪૧૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી-સાવરકુંડલા ૬૬ કે.વી. જુની ડેડ લાઈન વર્ષોથી બીન ઉપયોગી પડેલ છે. જે વાત સાચી છે,

(૨) જો હા, તો બીન ઉપયોગી લાઈનને ખસેડવા માટે વિભાગ દ્વારા કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા ૨૦ વર્ષથી આ પડેલી બીન ઉપયોગી લાઈન શા માટે ખસેડવામાં આવતી નથી?

**જવાબ**

(૧), (૨) અને (૩)

અમરેલી-સાવરકું.ડલા ૬૬ કે, વી. જુની લાઈનના ૧૨ ગાળાની લાઈન ડેડ છે. આ ડેડ લાઈન જે વિસ્તારમાંથી પસાર થાય છે તે વિસ્તારનું વિસ્તરણ જોતાં બીજા ફીડર કરવા માટે તકલીફ ન પડે, તે હેતુથી સદર લાઈન કાઢવામાં આવેલ નથી.

------------

**ગુજરાતમાં વીજ તંગી નિવારવા કરેલ આયોજન**

૭૩૫૦ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટી દ્વારા ઉપલબ્ધ ડેટા મુજબ ગુજરાતમાં કામના કલાકો દરમ્યાન વીજખાધ દર મહીને વધી રહી છે તે વાત સાચી છે, અને

(૨) આ વીજખાધ આગામી જુલાઈ માસમાં ૧૮ ટકાએ ઓકટોબર માસમાં ૫૦ ટકા રહેવાની શક્યતા દર્શાવાઈ છે તે બાબતને લક્ષમાં લઈ સરકારે વીજ તંગી નિવારવા શું આયોજન કરેલું છે ?

**જવાબ**

(૧) અને (૨)

ના, જી. સેન્ટ્રલ ઈલેક્ટ્રીક્સીટી ઓથોરીટીનો ડેટા અપેક્ષિત ડેટા છે અને તે કારણે તે વાસ્તવિક ડેટાથી અલગ છે. વિશેષમાં સેન્ટ્રલ ઈલેક્ટ્રીક્સીટી ઓથોરીટીની ગણતરી અને રાજ્ય સરકારની ગણતરીમાં પણ તફાવત હોઈ સેન્ટ્રલ ઈલેક્ટ્રીક્સીટી ઓથોરીટીનો ડેટા હકીકતોથી જુદો હોય છે.

સેન્ટ્રલ ઈલેક્ટ્રીક્સીટી ઓથોરીટીના ડેટામાં જુલાઈ માસમાં ૧૮ ટકા અને ઓક્ટોબર માસમાં ૫૦ ટકા નહીં. પરંતુ ૧૫ ટકા વીજ ખાધની ધારણા બતાવેલ છે પરંતુ હાલમાં વીજ માંગ અને વીજ પૂરવઠાની સ્થિતિ મહદઅંશે રાહતદાયક અને સંતોષકારક છે. વર્ષ ૨૦૦૮-૦૯માં સરેરાશ વીજ ખાધ માત્ર ૯.૮૩ ટકા રહેલ છે.

રાજ્ય સરકાર ઘરવપરાશ માટે ગ્રામ્ય કક્ષાએ અને શહેરી વિસ્તારોમાં તેમ જ ઉદ્યોગો/વાણિજ્યિક એક્મોને ૨૪ કલાક અને જરૂર પ્રમાણે ખેડૂતોને ૮ કલાક સુધી વિજળી આપવા કટિબધ્ધ છે.

------------

**આઈ. ટી. ક્ષેત્રે વિકાસ**

૭૯૮૧ **શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આઈ.ટી. ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકારે કોઈ નીતિ જાહેર કરેલ છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આઈ.ટી. ક્ષેત્રના વિકાસ માટે આઈ.ટી. પોલીસી ૨૦૦૬-૨૦૧૧ બહાર પાડેલ છે. જેમાં નીચે મુજબની અગત્યની જોગવાઈઓ છે.

- શહેરી વિસ્તારોમાં આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને પ્રોત્સાહન
- મેઘા આઈ.ટી. પ્રોજેક્ટસ માટે કેસ ટુ કેસ બેઈઝ ચકાસી યોગ્ય જણાયે પ્રોત્સાહિત કરવા.
- આઈ.ટી. સેકટર માટે તૈયાર બાંધકામ ની સગવડ વિકસાવવા આઈ.ટી. પાર્ક/એસ.ઈ.ઝેડ પ્રોત્સાહિત કરવા.

- આઈ.ટી. ક્ષેત્રના નવા ઉદ્યોગોને ૫ વર્ષ માટે ઈલેક્ટ્રીક્સીટી ડ્યુટીમાંથી મુક્તિ
- મજૂર કાયદાઓના અમલમાં સરળીકરણનો લાભ આઈ.ટી. ઉદ્યોગનો લાગુ પાડવો.
- ગુજરાત વેન્ચર ફાયનાન્સ લી. ના હસ્તક રાજ્ય સરકારે આઈ.ટી. વેન્ચર ફંડની સ્થાપના કરી છે.
- નાસકોમ અને ઉદ્યોગોના સભ્યોને સભ્ય બનાવી મુખ્ય સચિવશ્રીના વડપણ હેઠળ નીચે આઈ.ટી. સલાહકાર સમિતિની રચના કરેલ છે.
- આઈ.ટી. સેકટર માટેનું માનવબળ વધારવું.
- આઈ.ટી. ઈન્વેસ્ટમેન્ટ રીજીઓન્સ ના વિકાસ માટે જરૂરી અગ્રતા આપવી.

## ગુજરાતમાં વીજ ખાધની તંગી નિવારવા કરેલ આયોજન

૭૩૪૪ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટી દ્વારા ઉપલબ્ધ ડેટા મુજબ ગુજરાતમાં કામના કલાકો દરમ્યાન વીજખાધ દર મહીને વધી રહી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) આ વીજખાધ આગામી જુલાઈ માસમાં ૧૮ ટકાએ ઓકટોબર માસમાં ૫૦ ટકા રહેવાની શક્યતા દર્શાવાઈ છે તે બાબતને લક્ષમાં લઈ સરકારે વીજ તંગી નિવારવા શું આયોજન કરેલું છે ?

**જવાબ**

(૧) અને (૨)

ના, જી. સેન્ટ્રલ ઈલેક્ટ્રીક્સીટી ઓથોરીટીનો ડેટા અપેક્ષિત ડેટા છે અને તે કારણે તે વાસ્તવિક ડેટાથી અલગ છે. વિશેષમાં સેન્ટ્રલ ઈલેક્ટ્રીક્સીટી ઓથોરીટીની ગણતરી અને રાજ્ય સરકારની ગણતરીમાં પણ તફાવત હોઈ સેન્ટ્રલ ઈલેક્ટ્રીક્સીટી ઓથોરીટીનો ડેટા હકીક્તોથી જુદો હોય છે.

સેન્ટ્રલ ઈલેક્ટ્રીક્સીટી ઓથોરીટીના ડેટામાં જુલાઈ માસમાં ૧૮ ટકા અને ઓક્ટોબર માસમાં ૫૦ ટકા નહીં. પરંતુ ૧૫ ટકા વીજ ખાધની ધારણા બતાવેલ છે પરંતુ હાલમાં વીજ માંગ અને વીજ પૂરવઠાની સ્થિતિ મહદઅંશે રાહતદાયક અને સંતોષકારક છે. વર્ષ ૨૦૦૮-૦૯માં સરેરાશ વીજ ખાધ માત્ર ૯.૮૩ ટકા રહેલ છે.

રાજ્ય સરકાર ઘરવપરાશ માટે ગ્રામ્ય ક્ષાએ અને શહેરી વિસ્તારોમાં તેમ જ ઉદ્યોગો/વાણિજ્યિક એકમોને ૨૪ કલાક અને જરૂર પ્રમાણે ખેડૂતોને ૮ કલાક સુધી વિજળી આપવા કટિબધ્ધ છે.

------------

## ખેતીવાડી વીજ કનેક્શનોમાં ટ્રાન્સફોર્મર મુકવા બાબત

૭૫૯૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ખેતીવાડી વીજ કનેક્શનોમાં કનેક્શનદીઠ ટ્રાન્સફોર્મર મૂકવાનો નિર્ણય કરેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો વીજ કનેક્શન દીઠ ટ્રાન્સફોર્મર મુકવાથી ખેડૂતોને શું શું ફાયદો થશે?

**જવાબ**

(૧) હા, જી. ખેતીવાડી વીજ કનેકશનોમાં કિસાન હિત ઉર્જા શક્તિ યોજના (KHUSHY) અંતર્ગત નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર મૂકવામાં આવે છે.

(૨) આ યોજનાથી ખેડૂતોને નીચે મુજબના ફાયદાઓ થશે.

- ટ્રાન્સફોર્મર સાથે ઓછા વીજ ગ્રાહકો જોડાયેલ હોવાથી વીજ વિક્ષેપ દરમિયાન ઓછા વીજ ગ્રાહકોને જ અસર થશે.
- વોલ્ટેજમાં વધઘટ ઓછી થવાના કારણે તથા પૂરતા દબાણને વીજ પુરવઠાના કારણે મીટરો બળવાના કિસ્સાઓમાં ઘટાડો
- નોંધાયેલ વીજ ગ્રાહકોમાં માલીકીપણાનો ભાવ થશે તેથી તેઓ અન્યને હળવા દબાણની વીજ રેષાઓ સાથે ચેડાં કરવા દેશે નહીં.

- ક્ષમતા કરતાં વધુ લોડ આવવાથી થતા ટ્રાન્સફોર્મર ફેઈલ્યર રેટ ઘટવાથી વીજ ગ્રાહકોને સતત સાતત્યપૂર્ણ અને વિશ્વાસનીય વીજ પુરવઠો મળી રહેશે.
- નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર ખેતી હેતુ વીજ ગ્રાહકના વીજ સ્થાપન નજીક મૂકવાથી લો-વોલ્ટેજનો પ્રશ્ન પણ નિવારી શકાશે.
- નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર વીજ કંપનીઓ હયાત વીજ વિષયક વીજ જોડાણો ઉપર સ્વખર્ચે મૂકે છે. ખેડૂતો પાસેથી કોઈ અલાયદો અલગ ચાર્જ વસૂલ કરવામાં આવતો નથી. ખેડૂતો માત્ર લાભાર્થી જ છે તેઓએ આ સબબ કોઈ અલગ રજૂઆત કે કામગીરી કરવાની રહેતી નથી.

------------

**હાઈકોર્ટમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની જ્યાઓ**

૭૯૨૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૬-૬-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યની હાઇકોર્ટમાં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરની મંજૂર થયેલ કેટલી જ્યાઓ છે, | (૧) રાજ્યની હાઈકોર્ટમાં તા. ૬-૬-૨૦૦૯ની સ્થિતિએ આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની કોઈ જ્યા મંજૂર થયેલ નથી. |
| (૨) આ પૈકી કેટલી જ્યા ભરવામાં આવી, કેટલી બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી જ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કલોલ તાલુકામાં સબ જેલ બનાવવા બાબત**

૭૫૧૨ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલોલ તાલુકામાં શહેર પોલીસ સ્ટેશન અને તાલુકા પોલીસ સ્ટેશન એમ બે પોલીસ સ્ટેશન હોવા છતા કલોલ ખાતે આવેલ સબ જેલ જર્જરિત અને બીન ઉપયોગી છે તે હકીક્ત સાચી છે,<br>(૨) જો હા, તો સરકાર નવી સબજેલ બનાવવા માંગે છે કે કેમ, અને<br>(૩) જો હા, તો ક્યારે અને ક્યાં બનાવવા માંગે છે? | (૧), (૨) અને (૩)<br>કલોલ તાલુકા સબ જેલનું મકાન સન-૨૦૦૧માં ભુકંપને કારણે ક્ષતિગ્રસ્ત થયેલ હોઈ બીનઉપયોગી જાહેર થયેલ છે. હાલમાં કેદીઓને સાબરમતી સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવે છે. આથી નવા મકાન અંગે હાલમાં કોઈ આયોજન નથી. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા મુખ્ય કેનાલમાં થયેલ ભંગાણ**

૭૫૮૭ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા મુખ્ય કેનાલમાં કેટ કેટલી વખત છેલ્લા એક વર્ષમાં ભંગાણ થયુ, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાંથી નર્મદા મુખ્ય નહેર પસાર થતી નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ કેનાલમાં ભંગાણ થવાના કારણો શાં છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ક્રિષ્ના ગોદાવરી બેઝિનમાં ગેસ અને ઓઈલ અંગે**

૮૦૦૧ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્રિષ્ના ગોદાવરી બેઝિન ખાતેના જી.એસ.પી.સી. હસ્તકના બ્લોકમાં ઓઈલ અને ગેસનું ઉત્પાદન ક્યારે ચાલુ થશે, અને

(૨) ઉત્પાદન શરૂ થતા રાજ્યને તેનાથી કેટલો લાભ થશે?

**જવાબ**

(૧) ક્રિષ્ના ગોદાવરી બેઝિન ખાતેના જી.એસ.પી.સી. હસ્તકના બ્લોકનો ફીલ્ડ ડેવલોપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપરત કરેલ છે. આ પ્લાનની મંજૂરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘરવપરાશકારો સહિતના લઘ ુ અને મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરીયાત પ્રમાણે પૂરતા પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃધ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃધ્ધ થશે. પ્રદુષણ પણ ઘણાં અંશે ઓછું થશે. જેથી જીવનશેલીની ગુણવત્તા વધશે.

------------

**વિદ્યુત શુલ્ક પેટે થયેલ આવક**

૬૯૮૮ **શ્રી ભગવાનભાઈ બારડ** (તાલાલા) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧/૪/૨૦૦૮ થી તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં રાજ્ય સરકારને વિદ્યુત શુલ્ક પેટે વર્ષવાર કેટલી રકમ મળી,

(૨) વીજ દરના ભાવ વધારાના કારણે વીજ શુલ્કની આવકમાં કેટલો વધારો થયો, અને

(૩) રાજ્ય સરકારનું વીજ શુલ્કમાં રાહત આપવા કોઈ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૧-૪-૦૮થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં રાજ્ય સરકારને વિદ્યુત શુલ્ક પેટે વર્ષવાર નીચે મુજબ રકમ મળેલ છે.

| વર્ષ/સમયગાળો | વિદ્યુત શુલ્ક (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૨૩૪૪.૨૧ |
| ૨૦૦૯-૨૦૧૦ (તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૫-૦૯) | ૩૭૬.૯૦ |

(૨) વીજદરના ભાવ વધારાના કારણે વિદ્યુત શુલ્કની આવકમાં નીચે મુજબનો વધારો થયેલ છે.

| વર્ષ/સમયગાળો | વિદ્યુત શુલ્ક (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૯૨.૭૬ |
| ૨૦૦૯-૨૦૧૦ (તા. ૧-૪-૦૯થી તા. ૩૧-૫-૦૯) | ૩૨.૧૩ |

(૩) રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે વીજળીના દરમાં ભાવવધારો થવાથી વિદ્યુત શુલ્કની આવકમાં પણ વધારો થાય છે ત્યારે ઘરવપરાશના વીજ ગ્રાહકોને રાહત આપવામાં આવે છે અને તે મુજબ સને ૨૦૦૦-૨૦૦૧થી ૨૦૦૭-૦૮ના વર્ષ દરમિયાન નીચે મુજબની રાહતો આપવામાં આવેલ છે.

| વર્ષ | વીજકર દર ટકામાં ઘટાડો | વીજ કર દરમાં રાહત (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૦-૨૦૦૧ | ૫(૨૦,૨૫,૪૦ ટકા) માંથી (૧૫.૨૦,૩૫) | ૫૮-૦૦ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩ ટકા ટી.એસ.ઈ. માફ કર્યા | ૩૬-૦૦ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૫(૩૫ ટકા)માંથી ૩૦ ટકા) | ૬૫-૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ગ્રામ્ય-૫ (૧૫ ટકા) માંથી (૧૦ ટકા) શહેરી-૧૦ (૩૦ ટકા) માંથી (૨૦ ટકા) | ૧૫૯-૦૦ |
| | કુલ : | ૩૧૮-૦૦ |

------------

**બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ**

૭૭૦૪ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લાના બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં વર્ષવાર કેટલા ખેડૂતોએ ખેતી માટે વીજ જોડાણની માંગણીઓ કરી,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લાના બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં વર્ષવાર ખેડૂતોએ ખેતી માટે કરેલ વીજજોડાણની માંગણીઓ નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષવાર આવેલ માંગણી | | | |
|---|---|---|---|---|
| | જુન-૦૬થી મે-૦૭ | જુન-૦૭થી મે-૦૮ | જુન-૦૮થી મે-૦૯ | કુલ |
| ધંધુકા | ૯ | ૮ | ૭૪ | ૯૧ |
| બરવાળા | ૭૩ | ૮૧ | ૧૭૧ | ૩૨૫ |
| રાણપુર | ૨૬૩ | ૨૩૦ | ૩૬૭ | ૮૬૦ |
| કુલ : | ૩૪૫ | ૩૧૯ | ૬૧૨ | ૧૨૭૬ |

**પ્રશ્ન**

(૨) તે પેકી કેટલા ખેડૂતોને વીજ જોડાણો આપેલ છે, અને

**જવાબ**

(૨) તે પેકી ૧૮ કુલ વીજજોડાણ આપ્યા છે. જેમાં રાણપુર તાલુકામાં ૨ અને બરવાળા તાલુકામાં ૪ અનુસૂચિત જાતિની પ્રાયોરીટીમાં આવતા હોઈ તથા રાણપુર તાલુકામાં ૫ તથા બરવાળા તાલુકામાં ૭ ખેડૂતોએ ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવેલ હોઈ અગ્રતાથી વીજજોડાણ આપેલ છે. તદ્ઉપરાંત અગાઉના વર્ષની નોંધાયેલ અરજીઓ પેકી છેલ્લા ૩ વર્ષમાં બરવાળા તાલુકામાં ૯૭, રાણપુરમાં ૨૦૮ અને ધંધુકામાં ૪૪ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

**પ્રશ્ન**

(૩) બાકી રહેલ ખેડૂતોને ક્યારે વીજ જોડાણ આપવામાં આવશે?

**જવાબ**

(૩) સામાન્ય યોજના હેઠળ અરજીઓની નોંધણીની તારીખના અગ્રતા ક્રમ મુજબ કામગીરી થતી હોય છે. નાણાંકીય જોગવાઈ વીજ ઉત્પાદન, વીજમાંગ ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, તથા વીજતંત્ર પર પડનાર બીજાને લક્ષમાં લઈ પ્રતિ વર્ષ પડતર અરજીઓના સપ્રમાણ લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે. આ તમામ પાસાંઓને લક્ષમાં લઈ બાકી વીજજોડાણોની કામગીરી હાથ ધરાશે.

------------

**રાજ્યમાં નર્મદાની માઈનોર, સબમાઈનોર અને ફિલ્ડ ચેનલના કામો**

૬૯૯૨ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગુજરાતમાં નર્મદાની કેટલી માઈનોર-સબમાઈનોર-ફિલ્ડ ચેનલ કેનાલો કરવાની બાકી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ માઈનોર ૧૩૪૦૫ કિ.મી. લંબાઈમાં અને સબ માઈનોર ૩૭૦૫૫ કિ.મી. લંબાઈમાં કરવાના બાકી છે. જ્યારે ફીલ્ડ ચેનલના કામો પિયત સહકારી મંડળીઓ ધ્વારા લાભિત ખેડૂતોના સહયોગથી હાથ ધરવાના રહે છે.

**પ્રશ્ન**

(૨) આ બાકી રહેતી કેનાલોનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૨) બાકી રહેતી કેનાલોનું કામ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાની કચેરીમાં પડતર અપીલો**

૮૦૧૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાની અપીલ શાખામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી અપીલો પડતર હતી?

**જવાબ**

(૧) ૧૮૩૮ અપીલ

(૨) તે પૈકી છેલ્લા ૩ (ત્રણ) વર્ષમાં નવી કેટલી અપીલો મળેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૩ (ત્રણ) વર્ષમાં કેટલી અપીલનો નિકાલ થયો, અને

(૪) અપીલો પડતર રહેવા બાબતે ક્સૂરવાર અધિકારી સામે સરકાર શું પગલાં લેવા માંગે છે?

(૨) સને ૨૦૦૬થી મે-૨૦૦૯ સુધીમાં ૨૦૦૨ અપીલ

(૩) સને ૨૦૦૬ થી મે-૨૦૦૯ સુધીમાં ૧૦૭૧ અપીલ

(૪) વહીવટી કારણોથી પડતર રહેલ છે તેથી કોઈ અધિકારી ક્સૂરવાર નથી.

------------

## ગ્રામ રક્ષક દળના સભ્યોનું માનદ્ વેતન

૮૧૯૩ **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ રક્ષક દળના સભ્યોને હાલ કેટલું માનદ્ વેતન મળે છે,

(૨) શું એ વેતન વધારવા અંગેની માગણી સરકારમાં થયેલ છે કે કેમ, અને

(૩) એ બાબતમાં સરકારે શું નિર્ણય કરેલ છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસના પૂરક દળ તરીકે ગ્રામ રક્ષક દળના સભ્યોની કામગીરી ખૂબ જ પ્રસંશનીય છે આ બાબતને ધ્યાને રાખી વિભાગના તા. ૨૨-૫-૨૦૦૯ના ઠરાવથી તા. ૧-૦૪-૨૦૦૯થી અમલમાં આવે તે રીતે ગ્રામ રક્ષક દળના સભ્યોને આપવામાં આવતા દૈનિક માનદ વેતનના દર રૂા. ૩૧/-થી વધારીને રૂા. ૬૦/- કરવામાં આવેલ છે.

------------

## સરકારી કર્મચારીઓ દ્વારા કોમ્પ્યુટરનો ઉપયોગ

૭૯૬૦ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારી કર્મચારીઓ કોમ્પ્યુટર ઉપયોગમાં કુશળતા મેળવે તે માટે સરકારે કોઈ પગલાં લીધલ છે, અને

(૨) જો હા, તો તે અંગેની વિગતો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

(૧) સામાન્ય વહીવટ વિભાગના તારીખ : ૩૦-૯-૨૦૦૬ના જાહેરનામાથી "કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬" ઘડવામાં આવેલ છે.

(૨) બઢતી અને ઉચ્ચત્તર પગારધોરણની પાત્રતા માટે વર્ગ-૧ અને ૨ માટે સી.સી.સી. પ્લાસ તથા વર્ગ-૩ માટે સી.સી.સી. સ્તરની પરીક્ષા ઉત્તીર્ણ કરવાની જોગવાઈ ફરજિયાત કરાઈ છે.

(૩) આ માટેની તાલીમ/પરીક્ષાની ફી સરકાર દ્વારા ચૂકવાય છે.

(૪) સ્પીપા, આઈ.ટી.આઈ. ટેક્નીકલ એક્ઝામીનેશન બોર્ડ સહિતની સરકારી સંસ્થાઓ તથા કેટલીક ખાનગી સંસ્થાઓને તાલીમ માટે માન્ય કરેલ છે.

(૫) ઉક્ત તાલીમી સંસ્થાઓમાં કર્મચારીઓ અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ સમયસર મળી શકે તેવી વ્યવસ્થા કરાયેલ છે.

(૬) સચિવાલયમાં કોમ્પ્યુટર પર કાગળો રજૂ કરવા માટે સચિવાલયના મોટાભાગના કર્મચારીઓને ઈન્ડીક સોફ્ટવેરની મદદથી કોમ્પ્યુટર પર ઈંગ્લીશ કી-બોર્ડથી ગુજરાતી ટાઈપની કામગીરીની તાલીમ પણ આપવામાં આવી છે.

**વડોદરા જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૭૯૯૦ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો કેટલા છે, અને

(૨) જો ખૂટતા હોય તો તે અંગે નવા બનાવવા અંગે કોઈ વિચારણા કરેલ છે કે કેમ?

**જવાબ**

(૧) અને (૨)

વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે કુલ - ૧૭૭૬ રહેણાંક્ના મકાનો ઉપલબ્ધ છે જે જિલ્લાના હાલના પોલીસ કર્મચારીઓના સંખ્યાબળના પ્રમાણમાં પૂરતા છે. આમ, ખૂટતા મકાનો બાંધવા અંગે વિચારણા કરવાનો હાલને તબક્કે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યના વીજ ગ્રાહકોને ઈલેક્ટ્રીસીટી ડ્યુટીમાં રાહત**

૭૯૭૦ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના વીજ ગ્રાહકોને ઈલેક્ટ્રીક્સીટી ડ્યુટીમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે અને કેટલી રાહત આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા.

(૨) સને ૨૦૦૬-૦૭થી છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની ક્ક્ષાવાર વીજ કરમાં રાહત આપવામાં આવેલ છે.

| ૨૦૦૬-૨૦૦૭ | | |
|---|---|---|
| ક્ક્ષા | વિદ્યુત શુલ્કમાં રાહત (%) માં | વિદ્યુત શુલ્કમાં (રૂા. કરોડમાં) |
| રહેણાંક (શહેરી) | ૫ | ૬૫.૦૦ |
| હોલ, સિનેમા, હોટલ | ૫ | ૪૭.૦૦ |
| રેસીડ્યુઅરી | ૫ | ૮.૦૦ |
| | | ૧૨૦.૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | | |
| રહેણાંક ગ્રામ્ય | ૫ | ૧૫૯.૦૦ |
| રહેણાંક (શહેરી) | ૧૦ | |
| હોલ, સિનેમા, હોટલ | ૫ | ૧૧.૦૦ |
| રેસીડ્યુઅરી | ૫ | ૫૩.૦૦ |
| | | ૨૨૩.૦૦ |

**બનાસકાંઠા જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો**

૭૯૭૩ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો કેટલા છે, અને

(૨) ખૂટતા મકાનો બાંધવા માટે કોઈ વિચારણા થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨)

બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે ૮૧૦ રહેણાંક્ના મકાનો ઉપલબ્ધ છે. ખૂટતા મકાનો બાંધવા માટે જમીનની ઉપલબ્ધતા, નાણાંકીય જોગવાઈ અને વહીવટી અનુકૂળતા ધ્યાને લેવાની હોય છે.

------------

**ખેડા જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવારનું મહેક્મ**

૭૩૪૯ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવાર કેટલું

**જવાબ**

(૧) **પત્રક-૧**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

મહેક્મ મંજૂર થયેલ છે,

**સંવર્ગવાર નવું મંજૂર થયેલ મહેક્મ**

| અ. નં. | પો. સ્ટે. | મંજૂર | | | |
|---|---|---|---|---|---|
| | | પો. ઈન્સ. | પો.સ.ઈ. | અ.હે.કો/એ.એસ.આઈ | પો. કોન્સ. |
| ૧ | નડીયાદ ટાઉન | ૩ | - | - | ૧ |
| ૨ | નડિયાદ પમિ | - | - | - | ૧ |
| ૩ | નડિયાદ રૂરલ | - | - | - | ૧ |
| ૪ | કપડવંજ ટાઉન | - | - | - | ૧ |
| ૫ | બાલાસિનોર | ૩ | - | - | ૧ |
| ૬ | ચક્લાસી | - | - | - | ૧ |
| ૭ | ખેડા-ટાઉન | - | - | - | ૧ |
| ૮ | કઠલાલ | - | - | - | ૧ |
| ૯ | ઠાસરા | - | - | - | ૧ |
| ૧૦ | એસ.સી./એસ.ટી | - | ૧ | ૧ | ૧+ડ્રા. પો.કો. |
| ૧૧ | એસઓજી | - | - | - | - |

(૨) તે સામે કેટલી જ્ગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, અને

(૨) **પત્રક-૨**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર નવું મંજૂર થયેલ મહેક્મ સામે ખાલી જ્ગ્યા

| અ. નં. | પો. સ્ટે. | PI | | PSI | | HC/ASI | | PC | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હાજર | ખાલી | હાજર | ખાલી | હાજર | ખાલી | હાજર | ખાલી |
| ૧ | નડીયાદ ટાઉન | ૩ | - | - | - | - | - | ૧ | - |
| ૨ | નડિયાદ પમિ | - | - | - | - | - | - | ૧ | - |
| ૩ | નડિયાદ રૂરલ | - | - | - | - | - | - | ૧ | - |
| ૪ | કપડવંજ ટાઉન | - | - | - | - | - | - | ૧ | - |
| ૫ | બાલાસિનોર | ૩ | - | - | - | - | - | ૧ | - |
| ૬ | ચક્લાસી | - | - | - | - | - | -- | ૧ | - |
| ૭ | ખેડા-ટાઉન | - | - | - | - | - | - | ૧ | - |
| ૮ | કઠલાલ | - | - | - | - | - | - | ૧ | - |
| ૯ | ઠાસરા | - | - | - | - | - | - | ૧ | - |
| ૧૦ | એસ.સી./એસ.ટી | - | - | - | ૧ | - | - | - | ૧+ડ્રા. પો.કો. |
| ૧૧ | એસ.ઓ.જી | - | - | - | - | - | - | - | ૧ |

(૩) ઉક્ત ખાલી જ્ગ્યાઓ ભરવા માટે સરકારે શું આયોજન કરેલ છે?

(૩) ખેડા જિલ્લામાં પોલીસ ઈન્સ્પેકટર ક્ક્ષાના પોલીસ સ્ટેશન પૈકી એક પણ પો. સ્ટે. માં પો. ઈન્સ. સંવર્ગની જ્ગ્યા ખાલી નથી જ્યારે સને ૨૦૦૮ની ખાલી જ્ગ્યાઓ તથા સન ૨૦૦૯ અને ૨૦૧૦માં ખાલી પડનાર જ્ગ્યાઓ ભરવા સરકારે પરસ્પેકટીવ પ્લાન હેઠળ પો. સ. ઈ. ની કુલ -૧૨૨૪ જ્ગ્યા અને લોકરક્ષક્ની ૮૭૩૪ જ્ગ્યાઓ ભરવા માટે મંજૂરી આપેલ છે. અને આ જ્ગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા પોલીસ ભરતી બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

------------

**હાઈકોર્ટમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની જ્ગ્યાઓ**

૭૯૭૯ : **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની હાઈકોર્ટમાં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરની મંજૂર થયેલી કેટલી જ્ગ્યાઓ છે,

**જવાબ**

(૧) રાજ્યની હાઈકોર્ટમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની કોઈ જ્ગ્યા મંજૂર થયેલ નથી.

(૨) આ પેકી કેટલી જ્ગ્યા ભરવામાં આવી, કેટલી બાકી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નર્મદા યોજનાની મુખ્ય કેનાલનું કામ

૭૨૭૯ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નર્મદા યોજનાની મુખ્ય કેનાલનું કેટલા કી.મી.નું કામ પૂર્ણ થયેલ છે, અને કેટલા કી.મી. નું કામ બાકી છે,

(૨) તે અન્વયે નર્મદા કેનાલની ડીસ્ટ્રીબ્યુટરી અને બ્રાન્ચ કેનાલો તથા માઈનોર કેનાલના કેટલા કી.મી.ના કામો પૂર્ણ કરવામાં આવેલા છે, અને

(૩) કેટલા કી.મી.ના કામ બાકી છે, અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ મુખ્ય નહેર સાંકળ ૦ થી ૪૫૮ કી. મી. સુધી પૂર્ણ થયેલ છે.

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ નહેરની લંબાઈ (કી. મી. માં) નીચે મુજબ છે.

| અ. નં | નહેર | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પૂર્ણ કરવામા આવેલ લંબાઈ (કી.મી.માં) |
|---|---|---|
| ૧ | બ્રાન્ચ કેનાલ | ૧૮૨૭ |
| ૨ | ડીસ્ટ્રીબ્યુટરી | ૧૫૪૦ |
| ૩ | માઈનોર કેનાલ | ૫૦૦૮ |

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ બાકી રહેલ નહેરનું કામ (લંબાઈ કી.મી.માં) નીચે મુજબ છે.

| અ. નં | નહેર | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ બાકી રહેલ નહેરની લંબાઈ (કી.મી.માં) |
|---|---|---|
| ૧ | બ્રાન્ચ કેનાલ | ૭૫૮ |
| ૨ | ડીસ્ટ્રીબ્યુટરી | ૩૫૭૨ |
| ૩ | માઈનોર કેનાલ | ૧૩૪૦૫ |
| બાકી રહેલ કેનાલના કામ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. | | |

------------

## ભાવનગર સીટી ડિવીઝન અને રૂરલ ડિવીઝનમાં નવા મિટરોની ચકાસણી અંગેનું સર્ટિફિકેટ

૭૦૫૪ : **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર સીટી ડીવીઝન અને રૂરલ ડીવીઝન દ્વારા પી.જી.વી.સી.એલ. સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીમાં નવા મીટરો મુકવામાં આવે છે ત્યારે મીટરની ચકાસણી અંગેનું સર્ટીફીકેટ આપવામાં આવતું નથી એ હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨)

મીટરની ચકાસણી અંગેનું સર્ટીફીકેટ આપવાની કોઈ કાયદાકીય જોગવાઈ નથી. પરંતુ નામ ગુજરાત વીજ નિયમન આયોગ (જી.ઈ.આર.સી.) ના જાહેરનામા ક્રમાંક : ૧૧ના રેગ્યુલેશન ૬. ૧. ૨. મુજબ સ્થળ ઉપર

(૨) જો હા, તો કાયદાકીય જોગવાઈ મુજબ મીટર ચકાસણીનું સર્ટીફીકેટ આપવું ફરજિયાત હોવા છતાં નહીં આપવાના કારણો શાં છે?

મીટરની ચકાસણી કરી, મીટર બોડી પર લગાડવામાં આવેલ સીલ, સ્થળ પર મીટર બોક્ષ પર કરવામાં આવતાં સીલ, ટર્મીનલ કવર પર લગાડવામાં આવતાં સીલ, સીલની વિગત સાથેના પ્રફોર્મા -૧૫ ભરીને તેના પર ગ્રાહકની સહી લઈ, ગ્રાહકને પણ તેની નકલ આપવામાં આવે છે. ઉપરાંત જ્યારે મીટર બદલવામાં આવે છે ત્યારે પણ તે મુજબનો પ્રફોર્મા ભરી ગ્રાહકની સહી લઈ નકલ આપવામાં આવે છે.

------------

**રાજ્ય સરકાર દ્વારા વીજ ઉત્પાદન**

૬૯૭૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં રાજ્યમાં કેટલું નવું વીજ ઉત્પાદન કરવાનું રાજ્ય સરકારનું આયોજન હતું,

(૨) ઉક્ત ગાળા દરમ્યાન કેટલું નવું વિજ ઉત્પાદન કર્યુ, અને

(૩) આ નવું વિજ ઉત્પાદન ક્યા ક્યા સ્થળે કેટ કેટલું થયું ?

**જવાબ**

(૧) તા. ૧-૦૪-૨૦૦૬થી તા. ૩૧-૦૫-૨૦૦૯ સુધીમાં કુલ ૬૩૫૯ મે. વો. નવું વીજ ઉત્પાદન કરવાનું આયોજન હતું.

(૨) આ સમયગાળા દરમ્યાન કુલ ૯૫૬ મે.વો. ની વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. તે ઉપરાંત રાજ્ય સરકારના સાહસો દ્વારા ૨૫૯૭ મે.વો. ની કુલ વીજયોજના અમલીકરણ હેઠળ છે. (વિગતો **પત્રક-અ** મુજબ) જ્યારે ખાનગી સાહસો જેવા કે ટોરેન્ટ પાવર લિ. દ્વારા ૧૧૪૬ મે. વો. ની વીજ ક્ષમતા કાર્યાન્વિત કરવાની તેયારીમાં છે. જ્યારે મે. અદાણી પાવર લિ. દ્વારા ૧૦૦૦ મે.વો. ની વીજયોજના તેના આયોજન મુજબ વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તેયાર થશે. વીજ મથક સ્થાપવા માટે જમીન, પાણી વિગેરે પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત પર્યાવરણ સંબધિત મંજૂરીઓ બળતણ માટે સુવ્યવસ્થા નિતિ કરવાની જરૂરિયાત બંદર સુવિધાની ઉપલબ્ધીની વ્યવસ્થા કરવી વિગેરે અનિવાર્ય પરિબળો છે. આ પ્રમાણેની મંજૂરીઓ મળ્યેથી અને બળતણ પુરવઠો વગેરે માટેની વ્યવસ્થા સુનિતિ થયા બાદ જ વીજ યોજનાઓ કાર્યાન્વિત થઈ શકે છે.

(૩) આ નવી વીજ ઉત્પાદન ક્ષમતા **પત્રક-બ** મુજબ વધારવામાં આવેલ છે.

**પ ત્ર ક- "અ"**

| યોજનાનું નામ | સેક્ટર | ક્ષમતા | હાલની સ્થિતિ |
|---|---|---|---|
| કચ્છ-લિગાઈટ આધારીત વીજમથક | રાજ્ય સરકારનું સાહસ | ૭૫ | કાર્યાન્વિત થવાની સ્થિતિમાં છે. |
| સિક્કા એક્સ્ટેન્શન | રાજ્ય સરકારનું સાહસ | ૫૦૦ | મુખ્ય પ્લાન્ટ અને મશીનરીના ઓર્ડર મુકી દેવામાં આવ્યા છે. |
| ધુવારણ સ્ટેજ-૨ | રાજ્ય સરકારનું સાહસ | ૧૧૨ | કાર્યાન્વિત થયેલ છે. |
| જીઆઈપીસીએલ-સ્ટેજ-૨ | રાજ્ય સરકારનું સાહસ | ૨૫૦ | કાર્યાન્વિત થવાની સ્થિતિમાં છે. |
| પીપાવાવ ગેસ આધારીત વીજમથક | રાજ્ય સરકારનું સાહસ | ૭૦૦ (૩૫૦ મે.વો.નું આયોજન ૨૦૦૯-૧૦ માં) | મુખ્ય પ્લાન્ટ અને મશીનરીના ઓર્ડર મુકી દેવામાં આવ્યા છે. |
| હજીરા ગેસ આધારીત વીજમથક | રાજ્ય સરકારનું સાહસ | ૩૫૦ | મુખ્ય પ્લાન્ટ અને મશીનરીના ઓર્ડર મુકી દેવામાં આવ્યા છે. |
| ધુવારણ સ્ટેજ-૩ | રાજ્ય સરકારનું સાહસ | ૩૬૦ | જમીન સંપાદન થયેલ છે અને વિવિધ મંજૂરીઓ મેળવવામાં આવેલ |
| સોરાષ્ટ્ર પાવર પ્રોજેક્ટ (જીપીસીએલ/નિરમા) | રાજ્ય સરકારનું સાહસ | ૨૫૦ | આ વીજ યોજનામાંથી મે. નિરમા કેમીકલ્સ ખસી જતાં રાજ્ય સરકારે અન્ય જાહેર સાહસોના સંયુક્તપણામાં બનેલ મે.ભાવનગર એનર્જી કંપની લિ. દ્વારા વિકસાવવાનું આયોજન કરેલ છે. આ વીજયોજના ૫૦૦ મે.વો. ની કરેલ છે. |
| | | ૨૫૯૭ | |

**પ ત્ર ક - "બ"**

| અ.નં. | સ્થળ | કુલ વીજ ક્ષમતા (મે.વો.) | રાજ્યને પ્રાપ્ત થયેલ વીજક્ષમતા (મે.વો.) |
|---|---|---|---|
| ૧. | તારાપુર ન્યુક્લીયર વીજમથક-મહારાષ્ટ્ર (યુનિટ નં.૩) | ૫૪૦ | ૧૩૭ |
| ૨. | વિધ્યાચલ સુપર થર્મલ વીજમથક-મધ્યપ્રદેશ (યુનિટ નં.૯) | ૫૦૦ | ૧૩૩ |
| ૩. | સરદાર સરોવર હાઈડ્રો વીજમથક-ગુજરાત (યુનિટ નં.૫) | ૨૦૦ | ૩૨ |
| ૪. | સરદાર સરોવર હાઈડ્રો વીજમથક-ગુજરાત (યુનિટ નં.૬) | ૨૦૦ | ૩૨ |
| ૫. | વિધ્યાચલ સુપર થર્મલ વીજમથક-મધ્યપ્રદેશ (યુનિટ નં.૧૦) | ૫૦૦ | ૧૩૩ |
| ૬. | ધુવારણ ગેસ આધારીત વીજમથક, ધુવારણ-ગુજરાત | ૧૧૨ | ૧૧૨ |
| ૭. | સીપત થર્મલ વીજમથક-છત્તીસગઢ (યુનિટ નં.૧) | ૫૦૦ | ૧૩૩ |
| ૮. | કહલગાવ થર્મલ વીજમથક-છત્તીસગઢ (યુનિટ નં.૧) | ૫૦૦ | ૪૭ |
| ૯. | કહલગાવ થર્મલ વીજમથક-બિહાર (યુનિટ નં.૨) | ૫૦૦ | ૪૭ |
| ૧૦. | સીપત થર્મલ વીજમથક-છત્તીસગઢ (યુનિટ નં.૨) | ૫૦૦ | ૧૪૦ |
| ૧૧. | પવન ઉર્જા આધારિત વીજ મથક, બાયઠ જિ.કચ્છ, ગુજરાત | ૧૦ | ૧૦ |
| | કુલ : | ૪૦૬૨ | ૯૫૬ |

------------

**ખેડા જિલ્લામાં નર્મદા યોજનાની માઈનોર, સબમાઈનોર અને ફિલ્ડ ચેનલ કેનાલોના કામો**

૭૧૭૯ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નર્મદા યોજના અંતર્ગત ખેડૂતોને ખેતર સુધી પાણી પહોંચાડવા કેટલી માઈનોર, સબમાઈનોર અને ફીલ્ડ ચેનલ કેનાલો તાલુકાવાર કરવાની બાકી છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નર્મદા યોજના અંતર્ગત ખેડૂતોને ખેતર સુધી પાણી પહોંચાડવા ૭૪.૮૪૫ કિ.મી. લંબાઈની માઈનોર, ૨૦૨.૫૪૦ કિ.મી. લંબાઈની સબમાઈનોર અને ૨૬૫૫ કિ.મી. લંબાઈની ફિલ્ડ ચેનલ કેનાલના કામો બાકી છે. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | બાકી રહેતી કેનાલોની લંબાઈ (કિ.મી.) માઈનોર | સબમાઈનોર | ફિલ્ડ ચેનલ |
|---|---|---|---|
| ઠાસરા | ૩૬.૯૪૦ | ૯૩.૧૫૦ | ૭૫૦ |
| કઠલાલ | ૩૪.૧૯૫ | ૪૦.૨૬૦ | ૧૧૪૫ |
| કપડવંજ | ૧.૧૯૦ | ૧૪.૬૧૦ | ૨૦૦ |
| મહુધા | ૦.૦૦ | ૧૦.૧૯૦ | ૧૩૦ |
| મહેમદાવાદ | ૨.૫૨૦ | ૪૪.૩૩૦ | ૪૩૦ |
| કુલ : | ૭૪.૮૪૫ | ૨૦૨.૫૪૦ | ૨૬૫૫ |

(૨) આ કામો પૈકી માઈનોર/સબમાઈનોરના કામો વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે ફિલ્ડ ચેનલના કામો લાભાર્થી ખેડૂતો દ્વારા નિગમના અધિકારીઓના તાંત્રિક માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવશે.

-------------

**ઝાલોદ ચેક પોસ્ટની આવક**

૭૯૪૬ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝાલોદ ચેક પોસ્ટની છેલ્લા ૩ કેલેન્ડર વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૬ | ૨૨૯.૮૩ |
| ૨૦૦૭ | ૨૨૩.૭૨ |
| ૨૦૦૮ | ૨૬૨.૧૫ |

(૨) ઘટાડો થયેલ નથી.

-------------

**વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા માટે સાયન્સ સીટીની પ્રવૃત્તિઓ**

૭૯૬૧ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા માટે સાયન્સ સીટી ધ્વારા ક્યા ક્યા પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા વિજ્ઞાન-શિક્ષણ અને મનોરંજનનો સુમેળ ધરાવતું આંતરરાષ્ટ્રીય કક્ષાનું સાયન્સ સીટી અમદાવાદ નજીક વિકસાવેલ છે. સાયન્સ સીટી ખાતે સામાન્ય પ્રજાજન પણ વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિશે જ્ઞાત થઈ માહિતી મેળવી શકે તે માટે જુદા જુદા પ્રકારના પ્રદર્શનો ગોઠવાયેલા છે જેવા કે, કલ્પનાત્મક પ્રદર્શન (ઈમેજીનેટીવ એક્ઝીબીટ્સ), પ્રત્યક્ષ દર્શનથી વિજ્ઞાનની માનસિક અનુભૂતિ (માઈન્ડ્ઝ ઓન એક્સપિરીઅન્સ), કાર્યરત નમૂના (વર્કીંગ મોડેલ્સ), આભાસી વાસ્તવિક્તા (વર્ચ્યુઅલ રીઆલીટી), વૈજ્ઞાનિક પ્રવૃત્તિની વ્યવસ્થા (એક્ટીવીટી કોર્નર્સ), લેબોરેટરી અને પ્રત્યક્ષ નિદર્શન વિગેરે યોજવામાં આવે છે. સાયન્સ સીટી ખાતેના આઈમેક્સ થીયેટર દ્વારા થ્રી ડાઈમેન્શન પીક્ચરથી વિજ્ઞાનને લગતી ફિલ્મો દર્શાવવામાં આવે છે તથા વિષયાત્મક પ્રદર્શન (થીમ પેવેલીયન)માં વિજ્ઞાનને લગતી અસરપરસ કાર્યરત-પ્રદર્શન (Interactive exhibits) ગોઠવવામાં આવે છે. આમ, વિજ્ઞાનનું સરળ અને મનોરંજક સ્વરૂપમાં પ્રદર્શન કરી વિદ્યાર્થીઓ, યુવાનો અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ વધારવાની અગત્યની કામગીરી ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી દ્વારા હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત વિજ્ઞાનની લોકપ્રિયતા માટે સાયન્સ સીટીમાં નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિઓ પણ કરાય છે.<br>- વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવો.<br>- વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા વિદ્યાર્થીઓને વધુ કેળવણી આપવી અને પ્રોત્સાહિત કરવા.<br>- વિશ્વ આરોગ્ય દિવસ, પૃથ્વી દિવસ જેવા વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી કરવી.<br>- વિદ્યાર્થીઓ માટે કેરિયર કાઉન્સિલીંગ, વર્કશોપ અને વૈજ્ઞાનિકો સાથે વાર્તાલાપ.<br>- સાયન્સ સીટી મીડીયા સેન્ટર દ્વારા વિજ્ઞાનને લોકપ્રિય બનાવવું.<br>- સાયન્સ સીટી મીડીયા સેન્ટર દ્વારા વિજ્ઞાનને લોકપ્રિય બનાવવું<br>- "સાયન્સ મેટર" શિર્ષક હેઠળ પ્રતિમાસ "પોપ્યુલર સાયન્સ લેક્ચર" શ્રેણીનું આયોજન<br>- સાયન્સ અને મેથ્સને લગતા વિવિધ શૈક્ષણિક કાર્યક્મોનું આયોજન કરવું. |
| (૨) વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલા લોકોએ તેનો લાભ લીધેલ છે ? | (૨) વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૬,૦૫,૦૪૩ લોકોએ લાભ લીધેલ છે. |

-------------

## દાહોદ જિલ્લામાં ગ્રામરક્ષક દળ અને ગૃહરક્ષક દળના જવાનોને ચૂકવવામાં આવેલ દૈનિક ભથ્થું

૭૨૧૭ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય ગૃહરક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામરક્ષક દળ અને ગૃહરક્ષક દળના જવાનોને છેલ્લા બે વર્ષમાં કેટલું દૈનિક ભથ્થું ચૂકવવામાં આવ્યું, અને

(૨) કેટલા જવાનોનું કેટલું દૈનિક ભથ્થું ચૂકવવાનું બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ રક્ષક દળ અને ગૃહ રક્ષક દળના જવાનોને છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ દૈનિક ભથ્થાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાવાર | ગ્રામરક્ષક દળના જવાનોને છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ દૈનિક ભથ્થું | ગૃહરક્ષક દળના જવાનોને છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ દૈનિક ભથ્થું |
|---|---|---|---|
| ૧ | દાહોદ | રૂા. ૧,૭૬,૨૧૨/- | રૂા. ૬૧,૬૪૯/- |
| ૨ | ગરબાડા | રૂા. ૧,૩૭,૩૭૧/- | રૂા. ૧,૨૯,૧૧૦/- |
| ૩ | ધાનપુર | રૂા. ૫૯,૬૦૪/- | રૂા. ૩,૯૩,૭૯૮/- |
| ૪ | દે.બારીયા | રૂા. ૧,૨૬,૮૯૧/- | રૂા. ૨,૦૩,૯૨૪/- |
| ૫ | લીમખેડા | રૂા. ૧,૦૧,૦૨૦/- | રૂા. ૪,૬૮,૩૪૪/- |
| ૬ | ઝાલોદ | રૂા. ૨,૬૦,૩૮૬/- | રૂા. ૪,૨૦,૯૨૯/- |
| ૭ | ફતેપુરા | રૂા. ૧,૭૯,૦૦૫/- | રૂા. ૨,૦૦,૨૬૬/- |
| | **કુલ** | **રૂા. ૧૦,૪૦,૪૮૯/-** | **રૂા ૧૮,૭૮,૦૨૦/-** |

(૨) ચૂકવણી બાકી નથી.

-------------

## ઉકાઈ પાવર સ્ટેશનમાં વીજ ઉત્પાદનની ક્ષમતા

૭૧૮૨ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારની માલીકીના ઉકાઈ પાવર સ્ટેશનમાં કેટલી વીજ ઉત્પાદન ક્ષમતા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું વીજ ઉત્પાદન આ વીજ મથકમાંથી થયું, અને

(૩) આ વીજમથકમાં તેની વીજ ક્ષમતા કરતા

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારની માલિકીના ઉકાઈ પાવર સ્ટેશનની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા નીચે મુજબ છે.

| વીજ મથકનો પ્રકાર | સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા (મે. વો.) |
|---|---|
| થર્મલ (કોલસા આધારીત) | ૮૫૦ |
| હાઈડ્રો (જળ આધારીત) | ૩૦૫ |
| **કુલ** | **૧૧૫૫** |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉકાઈ વીજમથક દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વીજ મથકનો પ્રકાર | વર્ષવાર થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) | |
|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| થર્મલ (કોલસા આધારીત) | ૫૦૬૩ | ૪૮૩૫ |
| હડ્રો (જળ આધારીત) | ૯૩૭ | |
| **કુલ** | **૬૦૦૦** | **૫૩૦૨** |

(૩) આ વીજ મથકમાં તેની વીજ ક્ષમતા કરતાં

ઓછું વીજ ઉત્પાદન થવાના કારણો શાં છે ?

ઓછું વીજ ઉત્પાદન થવાનાં કારણો નીચે મુજબ છે.

(૧) ઉકાઈ થર્મલ વીજ મથકના એકમ નં. ૧ અને ૨ વર્ષ ૧૯૭૬-૭૭ દરમ્યાન સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ એકમો જુના હોવાથી તેમની પૂર્ણ ક્ષમતાએ ચાલતા ન હતા અને વારંવાર ખામીઓ સર્જાતા સમારકામ માટે બંધ કરવા પડતા હતા. આ એકમોને તેમની પૂર્ણ ક્ષમતાએ ચલાવવા માટે આધુનીકરણ અને નવીનીકરણ આવશ્યક હતુ અને આ અંતર્ગત આધુનીકરણ અને નવીનીકરણનું કામ મેસર્સ ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લીમીટડ (ભેલ)ને આપવામાં આવ્યું છે.

(૨) એકમ નં. ૩, ૪ અને ૫ તેમની પૂર્ણ ક્ષમતાએ કાર્યરત છે.

(૩) જળ આધારીત વીજ એકમો સિંચાઈ વિભાગ તરફથી મળતી સૂચના અનુસાર કાર્યાન્વિત કરવામાં આવે છે.

-------------

## ભરૂચ જિલ્લામાં અગરીયાઓને આવાસ આપવા બાબત

૭૧૦૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં મીઠાના અગરમાં કામ કરતા અગરીયાઓને આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલા આવાસો આપવામાં આવ્યા,

(૨) કેટલા અગરીયાઓને આવાસો આપવાના બાકી છે, અને

(૩) તે અંગે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં મીઠાના અગરમાં કામ કરતાં અગરીયાઓને આવાસ યોજના હેઠળ તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબ આવાસો આપવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાગરા | ૪૮૯ |
| ૨ | જંબુસર | ૯૬ |
| ૩ | હાંસોટ | ૩૯ |
| | કુલ :- | ૬૨૪ |

(૨) કેટલા અગરીયાઓને આવાસો આપવાના બાકી છે. તેની વિગતો નીચે પ્રમાણે દર્શાવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | અગરીયાઓને આવાસ આપવાની બાકી હોઈ તેની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાગરા | ૬૦ |
| ૨ | જંબુસર | ૨૭ |
| | કુલ :- | ૮૭ |

(૩) તે અંગે કુલ રૂપિયા ૩૯૩.૯૨ લાખનો ખર્ચ થયેલ છે.

------------

## સાબરમતી સેન્ટ્રલ જેલના કેદીઓ પાસે ગેરકાયદેસર મોબાઈલ અને અન્ય પદાર્થ

૭૦૬૬ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી કેદીઓ પાસેથી ગેરકાયદેસર મોબાઈલ અને અન્ય પદાર્થો પકડવાના કેટ કેટલા બનાવો નોંધાયા છે,

**જવાબ**

(૧) ૧૬૭

(૨) આવા બનાવો અંગેના કારણો અંગે સરકારે કોઈ તપાસ કરાવી છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શું છે ?

(૨) અને (૩) : પ્રસ્તુત બાબતે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે આઈ.પી.સી. કલમ ૧૮૮ તેમજ પ્રિઝન એક્ટ કલમ ૪૨, ૪૩, ૪૫(૧૨) મુજબ ગુનો દાખલ કરી તપાસ કરવામાં આવી રહી છે.

-------------

## ભીલાડ અને કપરાડા ચેકપોસ્ટની આવક

૭૩૮૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાની ભીલાડ ચેકપોસ્ટ અને કપરાડા ચેકપોસ્ટ ઉપરથી તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં દર મહિનાની આવક કેટલી, અને

(૨) આ ચેકપોસ્ટ ઉપર તે અન્વયે ઓવર લોડના વાહનો ઉપર કેટલા કેસો કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| માસ | વલસાડ જિલ્લા ખાતેની ભિલાડ અને કપરાડા ચેકપોસ્ટ ઉપરની તા. ૧-૧-૨૦૦૭થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીની દર માસે મેળવેલ આવક | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૦૭ (રૂા. લાખમાં) | | ૨૦૦૮ (રૂા. લાખમાં) | | (મે. ૨૦૦૯ સુધીમાં) (રૂા. લાખમાં) | |
| | ભિલાડ | કપરાડા | ભિલાડ | કપરાડા | ભિલાડ | કપરાડા |
| જાન્યુઆરી | ૫૫૨.૦૩ | ૨૬.૧૪ | ૭૬૩.૦૬ | ૪૨.૮૪ | ૬૩૭.૯૬ | ૪૧.૪૨ |
| ફેબ્રુઆરી | ૫૮૯.૯૪ | ૨૮.૪૫ | ૮૦૭.૪૧ | ૪૧.૧૦ | ૬૧૧.૯૩ | ૫૩.૫૩ |
| માર્ચ | ૬૪૫.૯૧ | ૩૪.૩૮ | ૭૯૫.૨૭ | ૩૭.૦૪ | ૭૧૦.૮૮ | ૪૦.૮૦ |
| એપ્રિલ | ૫૮૭.૦૩ | ૩૭.૬૮ | ૬૬૭.૬૧ | ૩૪.૫૯ | ૬૧૯.૬૪ | ૪૧.૪૧ |
| મે | ૫૯૧.૯૩ | ૩૯.૯૭ | ૭૩૧.૨૪ | ૪૩.૩૭ | ૫૯૫.૩૭ | ૫૧.૭૫ |
| જુન | ૫૫૨.૬૪ | ૩૬.૩૭ | ૬૮૭.૧૨ | ૪૪.૫૪ | - | - |
| જુલાઈ | ૫૯૬.૭૭ | ૩૪.૮૯ | ૬૪૦.૭૪ | ૩૬.૩૬ | - | - |
| ઓગસ્ટ | ૬૦૪.૭૧ | ૩૩.૩૮ | ૫૮૬.૭૦ | ૩૩.૯૨ | - | - |
| સપ્ટેમ્બર | ૫૯૫.૭૦ | ૩૭.૬૧ | ૬૧૧.૧૯ | ૩૩.૫૭ | - | - |
| ઓક્ટોબર | ૫૯૬.૨૦ | ૪૫.૯૦ | ૬૦૪.૭૯ | ૩૩.૧૭ | - | - |
| નવેમ્બર | ૬૨૪.૦૪ | ૪૦.૬૯ | ૫૯૨.૭૩ | ૩૭.૨૦ | - | - |
| ડિસેમ્બર | ૭૩૭.૭૩ | ૪૨.૫૦ | ૬૦૪.૨૯ | ૨૭.૫૮ | | |
| કુલ | ૭૨૬૮.૬૩ | ૪૩૭.૯૬ | ૮૦૯૨.૧૫ | ૪૪૫.૨૮ | ૩૧૭૫.૭૭ | ૨૨૮.૯૧ |

(૨) ભિલાડ ચેકપોસ્ટ ઉપરથી ઓવર લોડના વાહનો ઉપર સને ૨૦૦૭, ૨૦૦૮ અને મે, ૨૦૦૯ સુધીમાં અનુક્રમે ૯૨૦૩૦, ૧૦૬૭૬૩ અને ૩૭૭૭૩ જ્યારે કપરાડા ચેકપોસ્ટ ઉપરથી અનુક્રમે ૭૩૧, ૧૨૦૩ અને ૬૭૭ કેસો નોંધાયેલા છે.

-------------

## નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું કામ

૭૫૪૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નર્મદા યોજનાની જુદી જુદી કેનાલ નેટવર્કનું કેટલા કી.મી.નું કામ કરવાનું આયોજન હતું,

(૨) તે અન્વયે કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે,

(૩) સમગ્ર કેનાલનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેનાલ નેટવર્કનું આયોજન નીચે મુજબ કર્યું હતુ.

| અ.નં. | નહેર | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેનાલ પૂર્ણ કરવાનું આયોજન (કિ.મી.માં) |
|---|---|---|
| ૧ | મુખ્ય નહેર | ૪૫૮ |
| ૨ | શાખા નહેર | ૨૨૩૧ |
| ૩ | વિશાખા | ૧૬૫૭ |
| ૪ | પ્રશાખા | ૫૪૪૫ |
| ૫ | પ્ર પ્રશાખા | ૧૨૭૪૩ |

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પૂર્ણ થયેલ કેનાલ નેટવર્કનું કામ (લંબાઈ કી.મી.માં) નીચે મુજબ છે.

| અ.નં. | નહેર | તા. ૩૧-૫-૦૯ સુધીમાં પૂર્ણ થયેલ કામ લંબાઈ (કિ.મી.માં) |
|---|---|---|
| ૧ | મુખ્ય નહેર | ૪૫૮ |
| ૨ | શાખા નહેર | ૧૮૨૭ |
| ૩ | વિશાખા | ૧૫૪૦ |
| ૪ | પ્રશાખા | ૫૦૦૮ |
| ૫ | પ્ર પ્રશાખા | ૧૧૦૦૩ |
| | **કુલ...** | **૧૯૮૩૬ કી.મી.** |

(૩) વર્ષ ૨૦૧૪-૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) તા. ૩૧-૫--૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે. (રૂા. કરોડ)

છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ખર્ચ

| ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|
| ૧૨૩૩.૯૫ | ૧૦૨૮.૯૫ | ૭૫૪.૬૮ |

**બારડોલી અને માંડવી તાલુકામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળના વીજજોડાણો**

૬૯૯૪ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં છેલ્લા એક વર્ષમાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ કેટલા જોડાણો આપવામાં આવ્યા,

(૨) આ યોજનામાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, ઓ.બી.સી. અને આર્થિક પછાત વર્ગના બી.પી.એલ. યાદીમાં સમાવેશ ન હોય તેવા પરિવારોને જોડાણો આપવામાં આવતા નથી તે હકીક્ત ખરી છે,

(૩) આવા પરિવારોને જોડાણો આપવાનું સરકારની વિચારણા છે કે કેમ, અને

(૪) વંચિત પરિવારોને કેટલા સમયમાં લાભો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના એ કેન્દ્ર સરકારની યોજના છે. સુરત જિલ્લાનો રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજનાનો પ્રોજેક્ટ ૨૦૦૫માં કેન્દ્ર સરકારને મોક્લેલ. જેની મંજુરી માર્ચ-૦૮માં મળેલ. આ પ્રોજેક્ટ ટર્ન-કી બેઝ પર કરવાનો હોઈ પ્રોજેક્ટની કોસ્ટમાં વધારો થતાં રીવાઈઝ કોસ્ટનો ટર્ન-કી ઓર્ડર જુન-૦૯ આપવામાં આવેલ તેથી છેલ્લા એક વર્ષમાં કોઈ વીજજોડાણ આપવામાં આવેલ નથી.

(૨) કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ હોય તેમને જ આર.જી.જી.વી.વાય. હેઠળ વીજળીકરણનો લાભ મળવાપાત્ર છે. જ્યારે રાજ્ય સરકારની અન્ય યોજનાઓ જેવી કે કુટિરજ્યોતિ યોજના, અનુસૂચિત જાતિની વસ્તીનું વીજળીકરણ યોજના તથા ઝુંપડા વીજળીકરણ યોજનામાં બી.પી.એલ લાભાર્થી ઉપરાંત જેઓની આવક રૂા. ૧૧,૦૦૦ કરતાં ઓછી છે. પરંતુ બી.પી.એલ. ના લીસ્ટમાં નથી તેવા લાભાર્થીઓને પણ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) અને (૪) : આવા પરિવારોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કુટિરજ્યોતિ યોજના, અનુસૂચિતજાતિની વસ્તીનું વીજળીકરણ યોજના અને ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજળીકરણનો લાભ આપવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીની આવક રૂા. ૧૧૦૦૦ કરતાં ઓછી હોય તેવા લાભાર્થીઓ અને તદ્દઉપરાંત ગ્રામવિકાસ વિભાગની www rural dev.Gujarat.gov. in વેબ સાઈટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓને પણ આવરી લેવામાં આવે છે. બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૫ લાખ લાભાર્થીઓને ઘરવપરાશના વીજજોડાણો આપવાનું આયોજન છે. તે પેકી ૨૦૦૮-૦૯ માં ૩,૦૭,૯૨૪ વીજજોડાણ આપવામાં આવેલ છે અને ૨ લાખ વીજજોડાણો ૨૦૦૯-૧૦ માં વિવિધ યોજના અંતર્ગત આપવાનું આયોજન છે.

-------------

**આદિજાતિ વિસ્તારમાં વીજ સબ સ્ટેશનો સ્થાપવા અંગે**

૭૯૬૬ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા વીજ સબ સ્ટેશનો સ્થાપવા અંગે વિચારણા કરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો ક્યાં ક્યાં સ્થાપવાનું વિચારેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યનાં આદિજાતિ વિસ્તારમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ૬ (છ) વીજ સબ સ્ટેશનો સ્થાપવા આયોજન કરવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| સબ સ્ટેશનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૬૬ કે.વી. મોવાસા | પંચમહાલ | સંતરામપુર |
| ૬૬ કે.વી. રજાયતા | પંચમહાલ | મોર્વાહડપ |
| ૬૬ કે.વી. પાનવડ | વડોદરા | ક્વાંટ |
| ૬૬ કે.વી. પિપેરો | દાહોદ | ધાનપુર |
| ૬૬ કે.વી.રણધિક્પુર | દાહોદ | લિમખેડા |
| ૬૬ કે.વી. સાગતાલા | દાહોદ | દેવગઢબારીયા |

તદુપરાંત ૪૦૦ કે.વી. કોસંબા સબસ્ટેશનની કામગીરી વર્ષ ૨૦૧૦-૧૧ માં પૂર્ણ કરવાનાં લક્ષ્યાંક સાથે શરૂ કરવામાં આવી છે.

-------------

**ગુજરાત મીનરલ્સ એન્ડ રીસર્ચ ડેવલપમેન્ટ સોસાયટીએ પૃથ્થકરણ માટે લીધેલા સેમ્પલ**

૮૦૧૫ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખાણ અને ખનીજ ખાતાની ગુજરાત મીનરલ્સ એન્ડ રીસર્ચ ડેવલપમેન્ટ સોસાયટી ગાંધીનગરે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સેમ્પલ પૃથ્થકરણ માટે લીધા,

(૨) આ સેમ્પલોનું ટેસ્ટીંગ ક્યાં કરાવ્યું, અને

(૩) તેની કેટલી આવક સરકારને થયેલ છે ?

**જવાબ**

(૧) ૭૮૭૫ સેમ્પલો

(૨) જીએમઆરડીએસની પ્રયોગશાળા, ગાંધીનગરમાં આ સેમ્પલોનું ટેસ્ટીંગ કરાવેલ છે.

(૩) રૂ. ૩૨,૮૪,૬૫૧/-૦૦

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદાની માઈનોર, સબમાઈનોર અને ફિલ્ડ ચેનલોની કેનાલના કામો**

૬૯૭૪ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદાની કેટલી માઈનોર-સબમાઈનોર-ફિલ્ડ ચેનલ કેનાલોના કામો બાકી છે,

(૨) કેટલા કામો કાર્યરત છે, અને

(૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં આશરે ૩૪૨૨ કી.મી.ની માઈનોર, આશરે ૧૭૨૪૯ કી.મી.ની સબમાઈનોર અને આશરે ૫૯૬૮૫ કી.મીની ફીલ્ડ ચેનલ કેનાલોના કામો બાકી છે.

(૨) માઈનોર, સબ માઈનોરના કામો ચાલુ થયેલ નથી.

(૩) આ કામો તબક્કાવાર ૨૦૦૯-૧૦ થી શરૂ કરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ગરીબી રેખા નીચે ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોને વીજળીકરણ**

૭૯૫૧ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ગરીબી રેખા નીચે ઝુંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે કોઈ યોજના છે કે કેમ, અને

(૨) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન કેટલા લાભાર્થીઓને આ યોજના અંતર્ગત વીજ જોડાણ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા,જી. રાજ્યના ગરીબી રેખા નીચે ઝુંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડા વીજળીકરણ યોજના, કુટિર જ્યોતિ યોજના (આદિજાતિ વિસ્તારો માટે) તેમજ કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અમલી છે.

(૨) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ ૧,૧૦,૦૦૦ લાભાર્થીઓને, કુટિર જ્યોતિ યોજના હેઠળ ૧,૦૧,૮૦૦ લાભાર્થીઓને અને રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ અંદાજે ૨૪૫૬૯૦ લાભાર્થીઓને વીજજોડાણ આપવાનું આયોજન છે.

-------------

**વડોદરા જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો**

૬૯૮૬ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર ખૂન-લૂંટ-ધાડ અને બળાત્કારના કેટલા

**જવાબ**

(૧)

| | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર |
|---|---|---|---|---|
| વડોદરા તાલુકો | ૪ | ૧ | ૪ | ૨ |
| સાવલી | ૪ | ૩ | ૧ | ૧ |

ક્સ્સિાઓ નોંધાયા, અને

| | | | | |
|---|---|---|---|---|
| શિનોર | ૨ | ૦ | ૦ | ૦ |
| કરજણ | ૩ | ૧ | ૧ | ૧ |
| પાદરા | ૬ | ૦ | ૦ | ૦ |
| વાઘોડીયા | ૯ | ૦ | ૦ | ૦ |
| સંખેડા | ૫ | ૧ | ૧ | ૨ |
| નસવાડી | ૮ | ૦ | ૦ | ૬ |
| ડભોઈ | ૪ | ૧ | ૦ | ૦ |
| છોટા ઉદેપુર | ૧૬ | ૪ | ૦ | ૧૦ |
| ક્વાંટ | ૬ | ૧ | ૦ | ૧ |
| પાવી જેતપુર | ૧૧ | ૦ | ૦ | ૩ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?

(૨) ૨૫૪

-------------

## જી.ઈ.બી. કચેરી, ગઢડાની કચેરીના વિભાજન બાબત

૭૨૭૪ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગઢડા ખાતેની ક્ચેરીના વિભાજનની માંગણી છે કે કેમ,

(૨) જો હા, તો હાલ ક્યા તબક્કે છે, અને

(૩) આ માંગણી ક્યારે મંજૂર થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલ આ દરખાસ્ત આર્થિક અને તાંત્રિક ચકાસણી હેઠળ છે.

(૩) દરખાસ્ત આર્થિક અને તાંત્રિક દ્રષ્ટિએ યોગ્ય જણાયા બાદ પમિ ગુજરાત વીજ કંપની દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

-------------

## આણંદ જિલ્લા પોલીસ સ્ટેશનના કર્મચારીઓની સંખ્યા

૮૦૮૧ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં કેટલા પોલીસ સ્ટેશન આવેલા છે અને ક્યા ક્યા,

(૨) ધોરણો મુજબ પી.આઈ., પી.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ વગેરેનો દરેક પોલીસ સ્ટેશનમાં કેટલો સ્ટાફ હોવો જોઈએ, અને

(૩) હાલમાં દરેક પોલીસ સ્ટેશનમાં કેટલો સ્ટાફ (કર્મચારીઓ) છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં ૧૮ પોલીસ સ્ટેશન આવેલા છે. જે નીચે મુજબ છે. (૧) આણંદ ટાઉન (૨) આણંદ રૂરલ (૩) વિદ્યાનગર (૪) ઉમરેઠ (૫) વાસદ (૬) ખંભોળજ (૭) મહિલા (૮) પેટલાદ ટાઉન (૯) બોરસદ (૧૦) પેટલાદ રૂરલ (૧૧) મહેળાવ (૧૨) ભાદરણ (૧૩) આંક્લાવ (૧૪) ખંભાત સીટી (૧૫) ખંભાત રૂરલ (૧૬) તારાપુર (૧૭) સોજીત્રા (૧૮) વિરસદ

(૨) અને (૩)

પોલીસ સ્ટેશનના સ્ટાફની સંખ્યા જે તે વિસ્તારની વસ્તી, ગુનાઓનું પ્રમાણ, વિકાસ પ્રક્રિયા અને તબક્કાઓ તથા કાયદો વ્યવસ્થા સંદર્ભની જરૂરિયાત ચકાસીને નક્કી કરવામાં આવે છે. દરેક પો.સ્ટે. વાઈઝ સ્ટાફ (કર્મચારીઓ) ની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | પો.સ્ટે.નું નામ | મંજૂર મહેક્મ | | | | હાજર મહેક્મ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | PI | PSI | HC | PC | PI | PSI | HC | PC |
| ૧ | આણંદ ટાઉન | ૧ | ૧ | ૩૧ | ૬૧ | ૧ | ૪ | ૩૪ | ૬૧ |
| ૨ | આણંદ રૂરલ | - | ૧ | ૧૫ | ૨૮ | - | ૨ | ૧૬ | ૨૮ |
| ૩ | વિદ્યાનગર | - | ૧ | ૧૬ | ૩૪ | - | ૩ | ૧૫ | ૩૩ |
| ૪ | ઉમરેઠ | - | ૨ | ૧૪ | ૩૩ | - | ૨ | ૨૨ | ૩૩ |
| ૫ | વાસદ | - | ૧ | ૭ | ૨૧ | - | ૧ | ૧૨ | ૧૯ |
| ૬ | ખંભોળજ | - | ૨ | ૧૪ | ૩૧ | - | ૧ | ૧૬ | ૨૪ |
| ૭ | મહિલા | ૧ | ૨ | ૩ | ૯ | - | - | ૪ | ૭ |
| ૮ | પેટલાદ ટાઉન | ૧ | ૧ | ૩૬ | ૭૬ | ૧ | ૧ | ૨૮ | ૪૦ |
| ૯ | બોરસદ | ૧ | ૧ | ૩૪ | ૬૭ | ૧ | ૨ | ૩૦ | ૪૨ |
| ૧૦ | પેટલાદ રૂરલ | - | ૨ | ૧૯ | ૩૭ | - | ૧ | ૧૩ | ૨૮ |
| ૧૧ | મહેળાવ | - | ૧ | ૧૨ | ૨૧ | - | ૧ | ૧૩ | ૧૨ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ભાદરણ | - | ૧ | ૧૬ | ૩૧ | - | ૧ | ૧૪ | ૨૧ |
| ૧૩ | આંક્લાવ | - | ૧ | ૧૩ | ૨૩ | - | ૨ | ૧૬ | ૧૯ |
| ૧૪ | ખંભાત સીટી | ૧ | ૧ | ૩૭ | ૮૮ | ૧ | ૨ | ૨૯ | ૫૦ |
| ૧૫ | ખંભાત રૂરલ | - | ૨ | ૧૯ | ૩૭ | - | ૨ | ૧૬ | ૨૭ |
| ૧૬ | તારાપુર | - | ૧ | ૧૧ | ૧૬ | - | ૧ | ૧૨ | ૧૮ |
| ૧૭ | સોજીત્રા | - | ૨ | ૧૩ | ૨૬ | - | ૧ | ૧૧ | ૧૮ |
| ૧૮ | વિરસદ | - | ૧ | ૧૩ | ૨૫ | - | ૧ | ૧૧ | ૧૫ |

-------------

## બનાસકાંઠા જિલ્લામાં સિંગલ ફેઈઝ વીજ ક્નેક્શન

૭૨૭૭ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૬-૬-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના તમામ ગામોમાં ફાર્મ હાઉસ ઉપર સીંગલ ફેઈઝ વીજળી આપવાના ક્રાંતિકારી નિર્ણયને અનુસંધાને બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર કેટલા સીંગલ ફેઈસ વીજ ક્નેક્શન બાકી છે, અને

(૨) આ બાકી ગામોમાં કેટલા સમયમાં વીજ ક્નેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૦૬-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ફાર્મહાઉસ પર સીંગલ ફેઈઝ વીજ જોડાણ મેળવવા માટેની ૧૫૮૫ અરજીઓ પડતર છે, જેની તાલુકાવાર માહિતિ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૪૫ |
| અમીરગઢ | ૧૬ |
| વડગામ | ૫૯ |
| દાંતા | ૨૦ |
| દાંતીવાડા | ૬૨ |
| ધાનેરા | ૧૫૮ |
| ડીસા | ૧૮૭ |
| થરાદ | ૧૪૪ |
| વાવ | ૩૫ |
| કાંક્રેજ | ૨૨૨ |
| દિયોદર | ૪૪૮ |
| ભાભર | ૧૮૯ |
| **કુલ :** | **૧૫૮૫** |

(૨) બાકી ગોમામાં સપ્ટેમ્બર-૨૦૦૯ ના અંત સુધીમાં વીજ જોડાણો આપવાનું આયોજન છે.

## નર્મદા જિલ્લામાં ખેડૂતોએ માંગેલ વીજજોડાણ

૬૯૭૭ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડીના વિજજોડાણ માટેની કેટલા ખેડૂતોની અરજીઓ પેન્ડીંગ છે, અને

(૨) તા. ૩૦-૩-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં આ હેતુ માટે કેટલા વિજજોડાણ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડીના વિજજોડાણ માટે ખેડૂતોની પડતર અરજીઓ તથા તે પેકી તા. ૩૧-૫-૦૯ સુધીમાં આપેલ વીજજોડાણની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ પડતર અરજીઓની સંખ્યા | તા. ૩૦-૩-૦૮ થી તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં આપેલ વીજજોડાણ |
|---|---|---|
| નાંદોદ | ૯૫૮ | ૫૩૦ |
| તિલકવાડા | ૧૦૬ | ૪૪ |
| ડેડીયાપાડા | ૧૭૭ | ૧૮ |
| સાગબારા | ૧૨૪ | ૬ |
| કુલ : | ૧૩૬૫ | ૫૯૮ |

------------

## આણંદ જિલ્લામાં વિદેશ જવા માટે આપવામાં આવેલ પી. સી. સી.

૭૩૮૪ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં વિદેશ જવા સંબંધી પી.સી.સી (પોલીસ

**જવાબ**

(૧) ૬૧૪૭

ક્લીઅરન્સ સર્ટીફીકેટ) કેટલા લોકોને આપવામાં આવ્યા,

(૨) તે પૈકી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોય અથવા કોર્ટ કેસ પેન્ડીંગ હોય તેવા કોઈ હતા કે કેમ, અને

(૩) જો હા, તો તેવા લોકોને ક્યા કારણોસર પી. સી. સી. આપવામાં આવ્યા ?

(૨) હા.

(૩) કુલ-૮(આઠ) લોકોને ગુના રજીસ્ટર નંબર અને કોર્ટ કેસ પેન્ડીંગ છે. તેવું દર્શાવીને કોર્ટના હૂકમ મુજબ પોલીસ ક્લીઅરન્સ સર્ટી. આપવામાં આવેલ છે.

----------

## પીપાવાવ બંદર ઉપર નવું થર્મલ પાવર સ્ટેશન

૭૪૧૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખાસ પીપાવાવ બંદર ઉપર સરકારશ્રી દ્વારા નવું થર્મલ પાવર સ્ટેશન કરવા માટેનું કોઈ આયોજન કરવામાં આવેલ છે,

(૨) જો હા, તો છેલ્લા ૧ વર્ષમાં કેટલા મેગા વોટનું થર્મલ પાવર સ્ટેશન થશે, અને

(૩) કેટલા સમયમાં આ થર્મલ પાવર સ્ટેશન શરૂ થશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

પીપાવાવ આસપાસ નીચે મુજબ ચાર વીજ મથકો સ્થાપવાનું આયોજન છે.

| ક્રમ | પ્રોજેક્ટ | ક્ષમતા |
|---|---|---|
| ૧ | ગુજરાત પાવર કોર્પોરેશન લી. અને ટોરેન્ટ પાવર લી.ના સંયુક્ત સાહસ દ્વારા કોલસા આધારિત વીજમથક | ૧૦૦૦ મેગાવોટ |
| ૨ | ગુજરાત પાવર કોર્પોરેશન લી. અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લી. દ્વારા થનાર ગેસ આધારિત વીજમથક | ૭૦૦ મેગાવોટ |
| ૩ | મે. વિડીયોકોન દ્વારા કોલસા આધારિત વીજમથક | ૬૦૦ મેગાવોટ |
| ૪ | મે. વીસા પાવર કંપની દ્વારા કોલસા આધારિત વીજમથક | ૧૦૦૦ મેગાવોટ |

વીજ મથક સ્થાપવા માટે જમીન, પાણી વિગેરે પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત પર્યાવરણ સંબંધીત મંજૂરીઓ, બળતણ માટે સુવ્યવસ્થા નિતિ કરવાની જરૂરિયાત, બંદર સુવિધાની ઉપલબ્ધીની વ્યવસ્થા કરવી વિગેરે અનિવાર્ય પરિબળો છે. આવી જરૂરીઆતો પૂર્ણ થયા બાદ અમલીકરણ પૂર્ણ થયેથી આ વીજમથકો પ્રથમ તબક્કામાં ૨૦૧૨ સુધીમાં કાર્યાન્વિત થવાની અપેક્ષા છે.

-------------

## અદાણી ગૃપ પાસેથી વીજળી ખરીદવા બાબત

૭૩૫૨ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે અદાણી ગૃપ પાસેથી વીજળી ખરીદવાનો લાંબા ગાળાનો કરાર તાજેતરમાં કર્યો છે તે વાત સાચી છે,

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., ની સ્પર્ધાત્મક બીડ (ટેન્ડર) ની પ્રક્રિયાના સ્પેસીફીકેશન નં.૦૧/એલટીપીપી/૨૦૦૬ અને ૦૨/

(૨) સરકારે અદાણી ગૃપ પાસેથી શું ભાવે અને કેટલા વર્ષ માટે વીજળી ખરીદીનો કરાર કરેલ છે,

એલટીપીપી/૨૦૦૬ પ્રમાણે દરેક બીડમાં ૧૦૦૦ મે.વો. વીજળી લાંબાગાળાના ધોરણે પૂરી પાડવા માટે સફળ થનાર બીડર મેસર્સ અદાણી પાવર લી., ને પસંદ કરવામાં આવેલ તદ્દનુસાર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., એ અદાણી ગૃપ પાસેથી ફેબ્રુઆરી-૨૦૦૭ માં ૨૫ (પચીસ) વર્ષના સમયગાળા માટે વીજળી ખરીદીનો કરાર કરેલ છે. બીડના મૂલ્યાંક્ન માટે બીડ નં.૧ આયાતી કોલસા માટે સંતુલિત દર રૂા.૨.૮૯ પ્રતિ યુનિટ અને બીડ નં.૨ સ્થાનિક કોલસા માટે સંતુલિત દર રૂા.૨.૩૪૯૫ પ્રતિ યુનિટ હતો.

(૩) રાજ્ય સરકારના પોતાના પાવર એક્મો દ્વારા ઉત્પાદન થતી વીજળીનું ઉત્પાદન ખર્ચ યુનીટ દીઠ હાલમાં કેટલું પડે છે, અને

(૩) વર્ષ ૨૦૦૮-૦૯ ના ધોરણે રાજ્ય સરકારના પોતાના વિવિધ એક્મો દ્વારા ઉત્પાદન થતી વીજળીનું સરેરાશ ઉત્પાદન ખર્ચ હાલમાં પ્રતિ યુનિટ રૂા.૨.૭૩ પડે છે.

(૪) અદાણી ગૃપ સાથેના કરારની અન્ય મહત્વની શરતો શું નક્કી કરવામાં આવી છે ?

(૪) ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા લાંબાગાળાના વીજળી ખરીદી માટેના નક્કી કરાયેલ બીડ દસ્તાવેજો પ્રમાણે જ મેસર્સ અદાણી પાવર લી. સાથે વીજ ખરીદીના કરારો કરાયેલ છે.

વીજળી ખરીદીના કરારો (પીપીએ) ની મહત્વની શરતો પત્રક-"અ" મુજબની છે.

**પત્રક-""અ""**

વીજળી ખરીદીના કરારો (પીપીએ) ની મુખ્ય શરતો

(૧) વીજળી ખરીદીના કરાર પ્રમાણે મે.અદાણી પાવર લી. એ પાવર પ્રોજેકટની સ્થાપના માટે પાત ભૂમિકા તેયાર કરવી, પ્રોજેક્ટ માટે જરૂરી બધી જ પરવાનગી મેળવવા અને જે કાંઈ વિઘ્નો આવે તેનું નિરાકરણ કરવા તેમજ જુદા જુદા સત્તાધિકારીઓ પાસેથી અનુમતિ મેળવવા અને ઈંધણની વ્યવસ્થા કરવા માટે જવાબદાર છે.

(૨) ઈંધણની કિંમતોમાં કે અન્ય સંચાલન અને રીપેરીંગના ખર્ચાઓમાં ક્રમશઃ વધારો થાય તો પણ મુદ્દા નં.૨ ના જવાબમાં દર્શાવેલ દર સ્થિર રહેશે (કોઈ ફેરફાર થશે નહિ.)

(૩) બીડ નં.૦૧/એલટીપીપી/૨૦૦૬ અને બીડ નં.૦૨/એલટીપીપી/૨૦૦૬ અંતર્ગત બીડરે વીજ ખરીદ કરાર સહી ર્ક્યા બાદ એટલે કે અનુક્રમે તા.૬-૨-૦૭ અને તા.૨-૨-૦૭ થી અનુક્રમે ૩૬ અને ૬૦ માસમાં નિર્ધારીત વીજ ક્ષમતા જેટલો વીજ પૂરવઠો વ્યવસાયિક ધોરણે શરૂ કરવાનો હોય છે.

(૪) જો પાવર પ્રોજેકટ નિર્ધારીત સમય મર્યાદામાં વેપારી ધોરણે કાર્યાન્વિત ન થાય તો અદાણી પાવર લી. એ પ્રથમ ૬૦ દિવસ સુધી રૂા.૧૦,૦૦૦ પ્રતિ મે.વો. દીઠ પ્રતિ દિવસે અને ત્યારબાદ રૂા.૧૫૦૦૦ પ્રતિ મે.વો. દીઠ પ્રતિ દિવસે, વધુમાં વધુ ૧ વર્ષ સુધી નિર્ધારીત નુક્શાન પેટે ચૂક્વવાના રહેશે.

(૫) ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા કાયદામાં સુધારા થવાના કારણે ટેક્ષ ઓન સેલ ઓફ પાવર, ટેક્સ ઓન ઈલેક્ટ્રીસીટી જનરેશન, વોટર સેસ અને એનવાયર્મેન્ટલ ટેક્ષ, લાગુ કરવામાં આવે ત્યારે વધારાના બોજાની મર્યાદિત જવાબદારી બીડ નં.૦૧/એલટીપીપી/૨૦૦૬ ના ૧૦૦૦ મે.વો. ના લાંબાગાળાની ખરીદીમાં રહેશે.

જ્યારે બીડ નં.૦૨/એલટીપીપી/૨૦૦૬ ના ૧૦૦૦ મે.વો.ના લાંબાગાળાની ખરીદીના કરાર મુજબ, બીડ જમા કરાવ્યાના ૭ દિવસ અગાઉથી કોઈપણ વેરો, શેષ, ડ્યુટી, રાજ્ય કે કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવશે તો તેનું રીએમ્બર્સમેંટ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ને કરવાનું રહેશે.

(૬) બીડ નં.૦૧/એલટીપીપી/૨૦૦૬ ના કિસ્સામાં કુદરતી આફ્તોના કિસ્સામાં જેમ કે આગ, ભૂકંપ, પૂર વગેરેમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી./અદાણી પાવર લી. ને રાહત ઉપલબ્ધ છે. જ્યારે બીડ નં.૦૨/એલટીપીપી/૨૦૦૬ માં કુદરતી આફ્તો સિવાયની આફ્તો જેવી કે રાષ્ટ્રીયકરણ, સરકારશ્રી દ્વારા ફરજીયાત સંપાદન અને ઘનિષ્ટ પ્રયત્નો

કરવા છતાં અદાણી પાવર લી. ને સરકારશ્રી અને તેની કચેરીઓ દ્વારા અનુમતિ/પરવાનગી ન આપવા બાબતે અદાણી પાવર લી. ને રાહત ઉપલબ્ધ છે.

------------

**રાજકોટ જિલ્લામાં નવા ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવા બાબત**

૭૫૯૧ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હાલમાં કુલ કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં કેટલા નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને

(૩) તે પૈકી રાજકોટ જિલ્લામાં નવા ૬૬ કે.વી. સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે કે કેમ, અને ક્યાં ક્યાં ?

**જવાબ**

(૧) રાજ્યમાં હાલમાં કુલ ૯૯૦ સબ સ્ટેશનો કાર્યરત છે.

(૨) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં કુલ ૬૦ (સાઈઠ) નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૩) તે પૈકી રાજકોટ જિલ્લામાં ૧૨ નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે. જેની વિગતો પત્રક-"અ" મુજબ છે.

**પત્રક-""અ""**

**વર્ષ-૨૦૦૯-૧૦ દરમ્યાન રાજકોટ જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાની યાદી :-**

| અ.નં. | સબ સ્ટેશનનું નામ | સર્કલનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. માવડી રોડ (રાજકોટ) | ગોંડલ | રાજકોટ | રાજકોટ |
| ૨ | ૬૬ કે.વી. શાસ્ત્રીમેદાન | ગોંડલ | રાજકોટ | રાજકોટ |
| ૩ | ૬૬ કે.વી.મોટી પાનેલી | જૂનાગઢ | રાજકોટ | ઉપલેટા |
| ૪ | ૬૬ કે.વી. ઉમરાલી | ગોંડલ | રાજકોટ | જેતપુર |
| ૫ | ૬૬ કે.વી. જામવડી | ગોંડલ | રાજકોટ | ગોંડલ |
| ૬ | ૬૬ કે.વી. સિન્ધાવદર | ગોંડલ | રાજકોટ | વાંકાનેર |
| ૭ | ૬૬ કે.વી. રાયડી | જૂનાગઢ | રાજકોટ | જામ કંડોરણા |
| ૮ | ૬૬ કે.વી. ચાચાપર | ગોંડલ | રાજકોટ | મોરબી |
| ૯ | ૬૬ કે.વી. ફાડદંગ | ગોંડલ | રાજકોટ | રાજકોટ |
| ૧૦ | ૬૬ કે.વી. ઘાંટીલા | ગોંડલ | રાજકોટ | મોરબી |
| ૧૧ | ૬૬ કે.વી. ઢીકીયારી | ગોંડલ | રાજકોટ | વાંકાનેર |
| ૧૨ | ૬૬ કે.વી. ખાખીજાલીયા | જૂનાગઢ | રાજકોટ | ઉપલેટા |

------------

**અનામત પોલીસ દળ (એસ.આર.પી.) ની સ્ટ્રેન્થ વધારવા બાબત**

૭૯૨૮ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા અનામત પોલીસ દળ (એસ.આર.પી.) ની સ્ટ્રેન્થ વધારવા વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને

(૨) જો હા તો, રાજ્ય સરકાર આવી કેટલી બટાલીયનો કઈ જગ્યા અને ક્યારે સ્થાપવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ ના બજેટ હેઠળ નીચે મુજબની નવી એસ.આર.પી. બટાલીયન ઉભી કરવાનું આયોજન છે.

(૧) જામનગર જી. ખાતે નવી એસ.આર.પી. બટાલીયન
(૨) કચ્છ ખાતે નવી એસ.આર.પી. બટાલીયન
(૩) દરીયાઈ સુરક્ષા માટે મરીન કમાન્ડોની નવી એસ.આર.પી. બટાલીયન
(૪) ત્રાસવાદી પ્રવૃત્તિઓને પહોંચી વળવા માટે ચેતક કમાન્ડો ફોર્સના બે નવા યુનિટો અનુક્રમે યુનિટ-૩ અને યુનિટ-૪

------------

## ક્લોલ અને કડી તાલુકાની બંધ મિલોના કામદારોની બાકી લેણાંની અરજીઓ

૭૫૧૩ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ)** : તા.૨૬-૨-૦૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૬૪૨૫ (અગ્રતા-૪૪) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડી અને ક્લોલ તાલુકાની બંધ મીલોના કામદારોના બાકી લેણાની અરજીઓની ચકાસણીની કામગીરી ક્યારે પૂર્ણ કરી ચૂકવણું કરવામાં આવશે,

(૨) અરજીઓની ચકાસણીમાં અસાધારણ વિલંબ થવાના કારણો ક્યા છે, અને

(૩) ચકાસણીમાં વિલંબ થવા બાબતે અધિકારીઓ સામે પગલાં લેવાનું સરકારે વિચારેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારની યોજના અન્વયે કડી અને ક્લોલ તાલુકાની બંધ મીલોના કામદારોના બાકી લેણાં પેટે કોઈ ચૂકવવાની રકમ બાકી નથી.

ભારત સરકારની ટેક્ષટાઈલ રીહેબીલીટેશન ફંડ યોજના અન્વયે રીજીઓનલ ટેક્ષટાઈલ કમિશ્નરશ્રી, અમદાવાદના તા.૧૫-૬-૦૯ ના પત્રથી જણાવ્યા અનુસાર તેઓને મળેલ દાવાઓ અન્વયે બધા જ કામદારોને ચૂકવણી થઈ ગયેલ છે અને તેમની પાસે કોઈ દાવા કે ચૂકવણી માટે બાકીમાં નથી.

રાજ્ય સરકારના ઉદ્યોગ ખાતામાં પણ કોઈ કામદારની અરજી ચકાસણીમાં બાકીમાં નથી.

(૨) અરજીઓની ચકાસણીમાં કોઈ અસાધારણ વિલંબ ધ્યાને આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ મહેકમ

૭૫૮૮ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર )** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ, સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે કેટ કેટલી જગ્યા સંવર્ગવાર ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સામેલ **પત્રક** મુજબ.

(૨) સામેલ **પત્રક** મુજબ.

(૩) રાજ્યના પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સરકારે પરસ્પેકટીવ પ્લાન હેઠળ પો.સ.ઈ.ની કુલ-૧૨૨૪ જગ્યા અને લોકરક્ષકની કુલ-૮૭૩૪ જગ્યાઓ ભરવા માટે મંજૂરી આપેલ છે. અને આ જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા પોલીસ ભરતી બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

**પ ત્ર ક**

### તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ, સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ પોલીસ મહેકમ કેટલું છે તેની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | પોલીસ ઈન્સ્પેકટર | | | પોલીસ સબ ઈન્સ્પેકટર | | | એ.એસ.આઈ./હેડ કોન્સ. | | | પોલીસ કોન્સ્ટેબલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | હાજર | ખાલી | મંજૂર | હાજર | ખાલી | મંજૂર | હાજર | ખાલી | મંજૂર | હાજર | ખાલી |
| ૧ | વઢવાણ તાલુકો | ૦ | ૦ | ૦ | ૩૦ | ૨૪ | ૬ | ૧૭૭ | ૧૮૭ | +૧૦ | ૩૯૦ | ૩૭૭ | ૧૩ |
| ૨ | લખતર તાલુકો | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૮ | ૧૮ | ૦ | ૨૮ | ૧૯ | ૯ |
| ૩ | મુળી તાલુકો | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૮ | ૧૫ | ૩ | ૨૯ | ૨૧ | ૮ |
| ૪ | લીંબડી તાલુકો | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૩૭ | ૩૯ | +૨ | ૬૦ | ૩૮ | ૨૨ |
| ૫ | ચુડા તાલુકો | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૪ | ૧૬ | +૨ | ૨૫ | ૧૫ | ૧૦ |
| ૬ | સાયલા તાલુકો | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૨૦ | ૨૧ | +૧ | ૩૨ | ૨૪ | ૮ |
| ૭ | ચોટીલા તાલુકો | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ | ૩૪ | ૨૮ | ૬ | ૫૬ | ૪૧ | ૧૫ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ધ્રાંગધ્રા તાલુકો | ૨ | ૨ | ૦ | ૩ | ૩ | ૦ | ૪૮ | ૪૨ | ૬ | ૮૩ | ૫૩ | ૩૦ |
| ૯ | હળવદ તાલુકો | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૮ | ૧૭ | ૧ | ૨૯ | ૨૪ | ૫ |
| ૧૦ | પાટડી તાલુકો | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૪૭ | ૪૪ | 3 | ૬૬ | ૪૪ | ૨૨ |

------------

## સાંધ્ય કોર્ટની સ્થાપના

૭૯૭૪ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૬-૬-૨૦૦૯ની સ્થિતિએ સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના કરી,અને

(૧) ૧૦૨ સાંધ્ય કોર્ટો

(૨) ક્યા ક્યા જિલ્લાઓમાં કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના થઈ ?

(૨) પોરબંદર અને પંચમહાલ જિલ્લા સિવાય તમામ જિલ્લાઓમાં.

------------

## આતંકવાદી ઘટનાઓ અંગે તકેદારીના પગલાં

૭૯૮૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ના બને તે માટે તકેદારીના પગલાં રૂપે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રીથી સુસજ્જ એવા સ્પેશિયલ ઓપરેશન ગ્રૃપની જિલ્લા/શહેરવાર રચના કરવાનો નિર્ણય કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની તાલીમ શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ?

(૨) જિલ્લા/શહેરના એસ.ઓ.જી. ઈન્ચાર્જ અધિકારીઓની તાલીમ ગુજરાત પોલીસ એકેડેમી કરાઈ ખાતે, કર્મચારીઓની તાલીમ પોલીસ ટ્રેઈનીંગ સ્કૂલ, વડોદરા ખાતે તથા એસ.ઓ.જી. યુનિટોના કર્મચારીઓને એ.ટી.એસ. મુખ્ય મથક ખાતે ""પ્રેકટીકલ ઓન ધી જોબ"" તાલીમ આપવામાં આવે છે. જેમાં આધુનિક શસ્ત્રોની તાલીમનો પણ સમાવેશ થાય છે. દરેક એસ.ઓ.જી. યુનિટોને તેઓની જરૂરીયાત મુજબ ફેક્સ મશીન, જીપ તથા મોટર સાયકલ ફાળવવામાં આવેલ છે.

------------

## કેન્દ્ર સરકાર દ્વારા સ્પેશીયલ ઈકોનોમીક ઝોનને મંજૂરી

૭૨૮૦ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં કેટલા સ્પેશીયલ ઈકોનોમીક ઝોનની મંજૂરી આપવામાં આવી,

(૧) ૧૨ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) આ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનમાં ક્યા પ્રકારના ઉદ્યોગો સ્થાપવામાં આવશે, અને

(૨) સેકટર સ્પેશીફીક એસઈઝેડમાં આઈટી/ આઈટીઈએસ, ટેક્ષટાઈલ, નોન કન્વેન્શન એનર્જી (સોલાર એનર્જી સહિત) ઈક્વીપમેન્ટ/સેલ, ફુડ પ્રોસેસીંગ અને ઓટો કોમ્પોનન્ટ સેકટરને લગત ઉદ્યોગો સ્થાપવામાં આવશે, જ્યારે મલ્ટી પ્રોડકટ એસઈઝેડમાં તમામ સેકટરના ઉદ્યોગો સ્થાપવામાં આવી શકે છે.

(૩)તે અન્વયે કેટલું મૂડીરોકાણ થવાનો અંદાજ છે?

(૩) રૂા.૨૮૧૨૧ કરોડ.

------------

## પંચમહાલ જિલ્લામાં પાડવામાં આવેલા દારૂ અંગેના દરોડા

૮૦૦૬ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં માર્ચ-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ દારૂ માટે કેટ કેટલા દરોડાઓ પાડી કેટલી કિંમતનો દારૂ પકડવામાં આવ્યો,

(૨) ક્યા પોલીસ સ્ટેશન હેઠળ વધુ દારૂ પકડાયો, અને

(૩) જે પોલીસ સ્ટેશનની હદમાં રૂપિયા ૧૦,૦૦૦ કે તેથી વધુ રકમનો દારૂ પકડાયેલ હોઈ તે અન્વયે સરકારે શાં પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | છેલ્લા બે વર્ષમાં પાડેલ | |
|---|---|---|
| | દરોડા | કિંમત |
| ગોધરા | ૨૪૯૯ | ૬૧૦૪૬૨૦ |
| શહેરા | ૦૫૭૫ | ૬૬૫૦૭૦૮ |
| મોરવા | ૦૫૩૨ | ૧૩૧૯૦૦૫ |
| લુણાવાડા | ૧૨૧૦ | ૨૨૪૪૫૦ |
| ખાનપુર (બકોરા) | ૦૩૨૮ | ૨૪૪૦૨૩૬ |
| કડાણા | ૦૨૯૦ | ૮૨૪૪૦૫ |
| સંતરામપુર | ૦૪૪૮ | ૧૬૫૨૮૪૦ |
| હાલોલ | ૧૫૩૯ | ૬૦૦૭૩૮ |
| કાલોલ | ૮૮૦ | ૧૦૧૭૭૬૬૦ |
| જાંબુઘોડા | ૫૧૬ | ૩૮૩૧૩ |
| ઘોઘંબા | ૫૨૧ | ૭૫૨૭૯૭૫ |
| કુલ : | ૯૬૦૮ | ૩૬૮૮૮૯૯૦ |

(૨) કાલોલ પોલીસ સ્ટેશન.

(૩) આ તમામ કેસો સ્થાનિક પોલીસે દરોડા પાડેલ હોઈ કોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જ્યોતિગ્રામ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં વીજળીકરણ

૭૨૧૮ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ગામોનું જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વીજળીકરણ થયેલ છે, અને

(૨) બાકીનાં ગામોનું વીજળીકરણ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં પરંપરાગત વીજળીકરણ થયેલ ૬૮૮ ગામોને જ્યોતિગ્રામ યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | જ્યોતિગ્રામ યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ ગામોની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૮૫ |
| દેવગઢ-બારીયા | ૮૫ |
| ધાનપુર | ૮૬ |
| ફતેપુરા | ૯૬ |
| ગરબાડા | ૩૪ |
| લીમખેડા | ૧૫૨ |
| ઝાલોદ | ૧૫૦ |
| કુલ .. | ૬૮૮ |

(૨) પરંપરાગત વીજળીકરણ થયેલ તમામ ૬૮૮ ગામોને જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવામાં આવેલ છે. ૪ ગામો આરક્ષિત જંગલ વિસ્તારમાં આવેલ હોઈ સોર ઉર્જાથી વીજળીકરણ કરવામાં આવેલ છે, જ્યારે ૧ ગામ ડૂબાણમાં ગયેલ છે. આમ કોઈ ગામ વીજળીકરણથી વંચિત નથી.

------------

## વિદ્યુત શુલ્ક પેટે ઘરવપરાશ અને ઉદ્યોગ વપરાશમાંથી થયેલ આવક

૭૧૮૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રાજ્ય સરકારને વિદ્યુત શુલ્ક પેટે ઘરવપરાશ અને ઉદ્યોગ વપરાશમાંથી વર્ષવાર કેટલી આવક થઈ, અને

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વિદ્યુતશુલ્ક પેટે ઘર વપરાશ અને ઉદ્યોગ વપરાશમાંથી વર્ષવાર નીચે જણાવ્યા મુજબ આવક થયેલ છે.

| ક્રમ | વર્ષ | ઘર વપરાશની આવક | ઉદ્યોગ વપરાશની આવક |
|---|---|---|---|
| | | (રૂા.કરોડમાં) | (રૂા.કરોડમાં) |
| ૧ | ૨૦૦૭-૦૮ | ૪૫૧.૩૨ | ૧૩૩૬.૩૭ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૫૫૧.૦૩ | ૧૪૩૮.૮૨ |
| | કુલ : | ૧૦૦૨.૩૫ | ૨૭૭૫.૧૯ |

**પ્રશ્ન**

(૨) વીજળીના દરમાં ભાવ વધારો થવાથી વિદ્યુત શુલ્કની આવકમાં પણ વધારો થાય છે ત્યારે ઘ રવપરાશના વીજ ગ્રાહકોને વીજ શુલ્કમાં મોટી રાહત સરકાર આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૨) રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે વીજળીના દરમાં ભાવ વધારો થવાથી વિદ્યુતશુલ્કની આવકમાં પણ વધારો થાય છે ત્યારે ઘર વપરાશના વીજ ગ્રાહકોને રાહત આપવામાં આવે છે અને તે મુજબ સને ૨૦૦૦-૨૦૦૧ થી ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમિયાન નીચે મુજબની રાહતો આપવામાં આવેલ છે.

| વર્ષ | વીજકર દર ટકામાં ઘટાડો | વીજકર દરમાં રાહત (રૂા.કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૦-૨૦૦૧ | ૫(૨૦,૨૫,૪૦ ટકા) માંથી (૧૫,૨૦, ૩૫) | ૫૮-૦૦ |
| ૨૦૦૧-૨૦૦૨ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩ ટકા ટી.એસ.ઈ. માફ કર્યો. | ૩૬-૦૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૪-૨૦૦૫ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૫-૨૦૦૬ | ૫ (૩૫ ટકા) માંથી ૩૦ ટકા | ૬૫-૦૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૭-૨૦૦૮ | ગ્રામ્ય-૫ (૧૫ ટકા) માંથી (૧૦ ટકા) શહેરી-૧૦ (૩૦ ટકા) માંથી (૨૦ ટકા) | ૧૫૯-૦૦ |
| | **કુલ :-** | **૩૧૮-૦૦** |

------------

## ભરૂચ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં મંજૂર થયેલ મહેકમ

૭૧૦૧ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

**પ્રશ્ન**

(૨) ચોરી અને લૂંટ જેવા બનાવોની સંખ્યા વધતી અટકાવવા પૂરતો પોલીસ સ્ટાફ ફાળવવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૨) ભરૂચ જિલ્લા ખાતે હાલનું મંજૂર પોલીસ મહેકમ પૂરતું છે. આ મહેકમમાંની ખાલી જગ્યાઓ ટૂંક સમયમાં ભરાઈ જવાની શક્યતા છે. કારણ કે સરકારે પરસ્પેકટીવ પ્લાન હેઠળ પો.સ.ઈ. ની કુલ-૧૨૨૪ જગ્યા અને લોકરક્ષકની કુલ-૮૭૩૪ જગ્યાઓ ભરવા માટે મંજૂરી આપેલ છે. અને આ જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા પોલીસ ભરતી બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

## પત્રક
## ભરૂચ જિલ્લાનું પોલીસ કોન્સ્ટેબ્લરી સ્ટ્રાફની વિગત દર્શાવતું પત્રક તા. ૩૧-૫-૦૯
## (૧) પત્રક - અ (બિન હથિયારી)

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | પોલીસ ઇન્સપેક્ટર | | | પો. સ. ઇ. | | | | એ.એસ.આઇ. (અ) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી |
| | **ભરૂચ ડીવીઝન** | | | | | | | | | | | |
| ૧ | ભરૂચ શહેર એ ડીવીઝન | ૧ | ૧ | ૦ | ૩ | ૫ | +૨ | ૦ | ૧૬ | ૧૦ | -૬ | ૬ માસ સુધીની |
| ૨ | ભરૂચ શહેર બી ડીવીઝન | ૧ | ૧ | ૦ | ૬ | ૨ | -૪ | ૬ થી ૧૨ માસ સુધી | ૧૩ | ૧૦ | -૩ | ૬ માસ સુધીની |
| ૩ | ભરૂચ રૂરલ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૩ | -૨ | ૬ માસ સુધીની |
| ૪ | નબીપુર | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પાલેજ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | +૩ | ૦ |
| ૬ | દહેજ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ | -૨ | ૬ થી ૧૨ માસ સુધી | ૧ | ૫ | +૪ | ૦ |
| | **જંબુસર ડીવીઝન** | | | | | | | | | | | |
| ૭ | જંબુસર | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | -૧ | ૬ માસ સુધીની | ૫ | ૬ | +૧ | ૦ |
| ૮ | આમોદ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૪ | -૧ | ૬ માસ સુધીની |
| ૯ | વાગરા | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૪ | -૧ | ૬ માસ સુધીની |
| ૧૦ | કાવી | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૩ | ૭ | +૪ | ૦ |
| ૧૧ | વેડચ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૩ | -૧ | ૬ માસ સુધીની |
| | **અંકલેશ્વર ડીવીઝન** | | | | | | | | | | | |
| ૧૨ | અંકલેશ્વર શહેર | ૧ | ૧ | ૦ | ૨ | ૩ | +૧ | ૦ | ૧૦ | ૯ | -૧ | ૬ માસ સુધીની |
| ૧૩ | અંકલેશ્વર રૂરલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૫ | +૧ | ૦ |
| ૧૪ | અંકલેશ્વર જીઆઇડીસી | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | +૧ | ૦ | ૪ | ૪ | ૦ | ૦ |
| ૧૫ | હાંસોટ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૭ | ૪ | -૩ | ૬ માસ સુધીની |
| ૧૬ | વાલીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૮ | ૮ | ૦ | ૦ |
| ૧૭ | ઝઘડીયા | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | -૧ | ૬ થી ૧૨ માસ સૂધી | ૮ | ૭ | -૧ | ૬ માસ સુધીની |
| ૧૮ | ઉમલ્લા | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૮ | +૩ | ૦ |
| | **કુલ :** | **૮** | **૮** | **૦** | **૨૯** | **૨૫** | **-૪** | **૦** | **૧૦૩** | **૧૦૦** | **-૩** | **૦** |

| અ.હે.કો. (બ) | | | | અ.પો.કો. (ક) | | | | અ. લોકરક્ષક (ડ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા |
| | | | | | | | | | | |
| ૨૪ | ૩૪ | +૧૦ | ૦ | ૧૩૬ | ૭૯ | -૫૭ | ૬ થી ૧૨ માસ સુધી | ૦ | ૦ | ૦ |
| ૧૯ | ૨૦ | +૧ | ૦ | ૪૭ | ૩૪ | -૧૩ | ૬ થી ૧૨ માસ સુધી | ૦ | ૦ | ૦ |
| ૧૫ | ૧૨ | -૩ | ૬ માસ સુધીની | ૨૬ | ૧૫ | -૧૧ | ૬ થી ૧૨ માસ સુધી | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ૮ | -૩ | ૬ માસ સુધીની | ૨૪ | ૧૫ | -૯ | ૬ માસ સુધી | ૦ | ૦ | ૦ |
| ૬ | ૪ | -૨ | ૬ માસ સુધીની | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ૨ | -૧ | ૬ માસ સુધીની | ૬ | ૯ | +૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | | | | | | | | |
| ૭ | ૬ | -૧ | ૬ માસ સુધીની | ૨૭ | ૨૧ | -૬ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૮ | ૫ | -૩ | ૬ માસ સુધીની | ૧૫ | ૧૧ | -૪ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૭ | ૪ | -૩ | ૬ માસ સુધીની | ૧૪ | ૧૨ | -૨ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૬ | ૩ | -૩ | ૬ માસ સુધીની | ૧૧ | ૮ | -૩ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૭ | ૬ | -૧ | ૬ માસ સુધીની | ૧૧ | ૯ | -૨ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| | | | | | | | | | | |
| ૧૪ | ૧૨ | -૨ | ૬ માસ સુધીની | ૬૫ | ૪૪ | -૨૧ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૫ | ૫ | ૦ | ૦ | ૧૮ | ૧૬ | -૨ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૬ | ૧૩ | +૭ | ૦ | ૨૨ | ૨૫ | +૩ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૭ | ૮ | +૧ | ૦ | ૧૮ | ૧૨ | -૬ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ૧૮ | +૭ | ૦ | ૩૪ | ૨૪ | -૧૦ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૩૫ | ૨૫ | -૧૦ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૮ | ૪ | +૪ | ૬ માસ સુધીની | ૨૨ | ૧૭ | -૫ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| **૧૭૬** | **૧૭૬** | **૦** | **૦** | **૫૪૩** | **૩૮૮** | **-૧૫૫** | **૦** | **૦** | **૦** | **૦** |

## (૨) પત્રક - અ (હથિયારી)

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | એ.એસ.આઇ. (અ) | | | | અ.હે.કો. (ક) | | | | અ.પો.કો. (ક) | | | | અ. લોકરક્ષક (ડ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જ્યા | ક્યારથી | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જ્યા | ક્યારથી | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જ્યા | ક્યારથી | મંજૂર મહેકમ | હાજર મહેકમ | ખાલી જ્યા |
| | **ભરૂચ ડીવીઝન** | | | | | | | | | | | | | | | |
| ૧ | ભરૂચ શહેર એ ડીવીઝન | ૦ | ૨ | +૨ | ૦ | ૦ | ૬ | +૬ | ૦ | ૦ | ૯ | +૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ભરૂચ શહેર બી ડીવીઝન | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | +૧ | ૦ | ૩ | ૮ | +૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ભરૂચ રૂરલ | ૦ | ૩ | +૩ | ૦ | ૦ | ૨ | +૨ | ૦ | ૦ | ૩ | +૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | નબીપુર | ૦ | ૧ | +૧ | ૦ | ૧ | ૦ | -૧ | ૬ માસ સુધીની | ૫ | ૨ | -૩ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૫ | પાલેજ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૫ | +૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | દહેજ | ૧ | ૦ | -૧ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૭ | +૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **જંબુસર ડીવીઝન** | | | | | | | | | | | | | | | |
| ૭ | જંબુસર | ૨ | ૫ | +૩ | ૦ | ૪ | ૧ | -૩ | ૬ માસ સુધીની | ૧૬ | ૧૧ | -૫ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૮ | આમોદ | ૧ | ૨ | +૧ | ૦ | ૩ | ૧ | -૨ | ૬ માસ સુધીની | ૧૧ | ૬ | -૫ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૯ | વાગરા | ૨ | ૨ | ૦ | ૦ | ૫ | ૦ | -૫ | ૬ માસ સુધીની | ૨૪ | ૧૨ | -૧૨ | ૬ થી ૧૨ માસ સુધી | ૦ | ૦ | ૦ |
| ૧૦ | કાવી | ૧ | ૦ | -૧ | ૬ માસ સુધીની | ૦ | ૪ | +૪ | ૦ | ૪ | ૫ | +૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | વેડચ | ૦ | ૧ | +૧ | ૦ | ૧ | ૦ | -૧ | ૬ માસ સુધીની | ૪ | ૬ | +૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **અંકલેશ્વર ડીવીઝન** | | | | | | | | | | | | | | | |
| ૧૨ | અંક્લેશ્વર શહેર | ૨ | ૨ | ૦ | ૦ | ૪ | ૬ | +૨ | ૦ | ૧૭ | ૧૨ | -૫ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૩ | અંક્લેશ્વર રૂરલ | ૦ | ૧ | +૧ | ૦ | ૧ | ૦ | -૧ | ૬ માસ સુધીની | ૩ | ૪ | +૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | અંક્લેશ્વર જીઆઇડીસી | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | +૨ | ૦ | ૪ | ૧૫ | +૧૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | હાંસોટ | ૧ | ૧ | ૦ | ૦ | ૩ | ૨ | -૧ | ૬ માસ સુધીની | ૧૧ | ૬ | -૫ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૬ | વાલીયા | ૧ | ૨ | +૧ | ૦ | ૩ | ૨ | -૧ | ૬ માસ સુધીની | ૧૧ | ૧૬ | +૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ઝઘડીયા | ૨ | ૩ | +૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૧૫ | ૧૬ | +૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ઉમલ્લા | ૧ | ૦ | ૧ | ૬ માસ સુધીની | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ :** | **૧૪** | **૨૫** | **+૧૧** | **૦** | **૩૧** | **૩૩** | **+૨** | **૦** | **૧૪૦** | **૧૪૮** | **+૮** | **૦** | **૦** | **૦** | **૦** |

### આતંક્વાદ અને અદ્યતન ગુન્હાઓ ડામવા ગુજરાતમાં સેન્ટ્રલ ડીટેકટીવ ટ્રેઈનીંગ સ્કૂલ

૮૧૯૬ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આતંક્વાદ અને અદ્યતન ગુન્હાઓ ડામવા માટે રાજ્યમાં સેન્ટ્રલ ડીટેકટીવ ટ્રેઈનીંગ સ્કૂલ સ્થાપવાનો નિર્ણય ક્યારે કરવામાં આવેલ છે, | (૧) રાજ્ય સરકારે આ બાબતે કોઈ નિર્ણય કરેલ નથી. |
| (૨) રાજ્યમાં આવી સ્કૂલની સ્થાપના માટે કેન્દ્ર સરકારે ક્યારે અને કેટલી રકમ મંજૂર કરેલ છે, | (૨) કેન્દ્ર સરકારે કોઈ રકમ મંજૂર કરેલ નથી. |
| (૩) રાજ્ય સરકારનો તેમાં કેટલો ફાળો છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) રાજ્ય સરકારે આ સ્કૂલ ક્યા સ્થળે ઉભી કરવાનું નક્કી કર્યુ છે, | (૪) કેન્દ્ર સરકાર સાથે પરામર્શ પર બાકી છે. |
| (૫) આ સ્કૂલ ક્યારથી કાર્યરત થાય તેમ છે, અને | (૫) અને (૬) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૬) આ સ્કૂલમાં વર્ષે, કેટલા પોલીસ અધિકારીઓને તાલીમ આપવાનું આયોજન છે ? | |

------------

### પોલીસ હાઉસીંગ માટે ખર્ચવામાં આવેલ રકમ

૭૯૫૭ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ કેટલી રકમના નાણા પોલીસ હાઉસીંગ માટે ખર્ચવામાં આવેલ છે ? | તા.૬-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ રૂા.૩૪,૬૭૮.૬૨ લાખની રકમ પોલીસ હાઉસીંગ માટે ખર્ચવામાં આવી છે. |

------------

### વીજળી પેદા કરવા બાબત

૮૦૧૯ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કેટલા મેગા વોટ વીજળી પેદા કરવામાં આવી, | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારશ્રીના જીએસઈસીએલ સંચાલિત વીજ મથકો દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે. |

| વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) | વર્ષ | | |
|---|---|---|---|
| | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| થર્મલ (કોલસા + ગેસ આધારીત) | ૨૬૨૬૦.૫૫ | ૨૮૦૦૦.૧૪ | ૨૭૮૩૭.૯૭ |
| હાઈડ્રો (જળ આધારીત) | ૧૨૭૩.૦૮ | ૧૨૪૦.૫૭ | ૫૪૯.૮૦ |
| કુલ : | ૨૭૫૩૩.૬૩ | ૨૯૨૪૦.૭૧ | ૨૮૩૮૭.૭૭ |

(૨) હાલમાં સરેરાશ વીજળીની માંગ કેટલા મેગાવોટની છે, અને

(૩) જેટલા મેગાવોટ વીજળીની માંગ છે, તેની સામે ખુટતી વીજળી મેળવવા સરકારના શાં પ્રયત્નો છે ?

(૨) હાલમાં સરેરાશ અનિયંત્રીત વીજળીની માંગ ૮૮૪૫ મેગાવોટની છે.

(૩) પીક અવર્સમાં અથવા વીજ ઉત્પાદનની સામે વીજ માંગ વધારે હોય ત્યારે ફ્રીક્વંસી સારી હોય તો કેન્દ્ર સરકાર હસ્તકના યુનીટમાંથી વધુ વીજ પૂરવઠો મેળવી અથવા વીજળીની ખરીદી જીયુવીએનએલ દ્વારા કરી વીજ માંગને પૂરી કરવામાં આવે છે.

------------

**ભૂજમાં નવી જેલ બાંધવા બાબત**

૭૯૫૦ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૧ ના ભૂકંપ વખતે નાશ પામેલ ભૂજ, ખાસ જેલના વિકલ્પમાં નવી જેલ બાંધવા અંગે કોઈ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨) : કુલ : ૬૦ કેદીઓની ક્ષમતા ધરાવતી ભૂજ ખાસ જેલના વિકલ્પ તરીકે કુલ-૫૩૦ કેદીઓ (સ્ત્રી-૪૦, પુરૂષ-૪૯૦) ની ક્ષમતા ધરાવતી પાલારા ખાસ જેલ તા.૨૧-૪-૨૦૦૯ થી કાર્યરત થઈ જવા પામેલ છે.

# શોકદર્શક ઉલ્લેખો

## ગુજરાતના પૂર્વ મંત્રી અને વિદ્યમાન સભ્ય સ્વ. શ્રી પોપટભાઈ સવશીભાઈ જીંજરીયા, પૂર્વમંત્રી સ્વ. શ્રી ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયક, પૂર્વ મુખ્ય દંડક સ્વ. શ્રી ભગવાનદાસ હરિભાઈ પટેલ અને પૂર્વ સભ્ય સ્વ. શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ તથા સ્વ. શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદાના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી અને વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી પોપટભાઈ સવશીભાઈ જીંજરીયાનું બીજી મે, ૨૦૦૯ના રોજ ૫૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી જીંજરીયાનો જન્મ ૧૭મી ઓગસ્ટ, ૧૯૫૮ના રોજ રાજકોટ જિલ્લાના બેડલાં મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી જીંજરીયાએ ધોરણ દશ સુધીનો અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી જીંજરીયાએ પોતાની કારકીર્દી એકવીસ વર્ષની ઉંમરે શરૂ કરી સૌ પ્રથમ તેઓ ૧૯૮૧માં રાજકોટ તાલુકા પંચાયતની બેડલાં બેઠક ઉપર ચૂંટાઈ આવેલા. ત્યાર બાદ તેઓશ્રીએ બેડલાં સંઘ સહકારી મંડળીમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી. સને ૧૯૮૨-૮૮ના દુષ્કાળ સમયમાં રાહત કાર્યો માટે અથાગ પરિશ્રમ કરી લોકોને દુષ્કાળ વર્ષમાં પણ રાહત મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહયા હતા. તેઓશ્રીએ સંસદીય સચિવ તરીકે તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ અને પંચાયત વિભાગના મંત્રી તરીકે સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી જીંજરીયા સાતમી, નવમી, અગીયારમી અને બારમી ગુજરાત વિધાનસભાનું પ્રતિનિધિત્વ ધરાવતા હતા.

સ્વર્ગસ્થશ્રી પોતાના કાર્યકાળ દરમિયાન દરેક સમાજના લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહયા હતા. ખાસ કરીને સમાજના કચડાયેલા વર્ગના રાહબર બનીને તેઓને આગળ લાવવા માટે તેઓએ અથાગ પરિશ્રમ કરેલ હતો. તેઓ સમુહ લગ્નોના હિમાયતી હતા. ધાર્મિક તેમજ લોકોપયોગી કાર્યોમાં હંમેશા તેઓશ્રીનો અમુલ્ય ફાળો રહેતો. દરેક સમાજના નબળા વર્ગના બાળકોને શિક્ષણ મળી રહે તે માટે તેઓશ્રી સતત પ્રયત્નશીલ રહેલા.

તેઓશ્રીને આધ્યાત્મિક તેમજ લોકસાહિત્ય વાંચનનો અને સમાજ સેવાનો શોખ હતો.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજી નો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયકનું તારીખ ત્રીજી જુન, ૨૦૦૯ના રોજ ૭૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી નાયકનો જન્મ પાંચમી એપ્રિલ, ૧૯૩૬ના રોજ નવસારી જિલ્લાના સારવ ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી નાયકે ડીપ્લોમા સિવિલ એન્જિનીયરીંગ સુધીઓ અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી નાયકે સૂરતની ગાંધી એન્જિનીયરીંગ કોલેજમાં વ્યાખ્યાતા તરીકે અને સૂરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રી અનેક સહકારી પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે જોડાયેલા હતા. તેઓશ્રીએ સૂરત જીવન વિકાસ ટ્રસ્ટ અને પ્રેરણા ક્રેડિટ કો. ઓ. સોસાયટીના ચેરમેન તરીકે તથા સૂરતની ટી. બી. હોસ્પિટલના ઉપપ્રમુખ તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ અડાજણ ખાતે બહેરાં-મુંગાની શાળાની સ્થાપનામાં પણ યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી નાયકે આઠમી ગુજરાત વિધાનસભામાં ગણદેવી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પોતાના વિસ્તારમાં લોકહિતના કામો કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ ૧૨મી માર્ચ, ૧૯૯૦થી ૧૩મી માર્ચ, ૧૯૯૫ દરમિયાન નાગરિક પુરવઠો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શ્રમ અને રોજગાર, પાણી પુરવઠો, સહકાર અને ટેકનિકલ શિક્ષણ ખાતાઓના કેબીનેટ તેમજ રાજયકક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી નાયક પ્રવાસ, વાંચન, લેખન, તરણ, રમતગમત તથા સામાજિક સેવામાં ઉંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સહકારી આગેવાન અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજી નો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ મુખ્યદંડકશ્રી ભગવાનદાસ હરિભાઈ પટેલનું તારીખ ઓગણત્રીસમી માર્ચ, ૨૦૦૯ ના રોજ ૭૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૯મી સપ્ટેંબર, ૧૯૩૩ના રોજ સાબરકાંઠા જિલ્લાના સૂરજપુરા ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો અને વ્યવસાયે તેઓ ખેતીવાડી સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી વાવડી ગૃપ ગ્રામ પંચાયતમાં સરપંચશ્રી તરીકે, હિંમતનગર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ તરીકે તથા હિંમતનગર જિલ્લા પંચાયતમાં વિરોધપક્ષના નેતા તરીકે સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી પટેલે ગુજરાત કૉટન ફૅડરેશન અમદાવાદ, સાબર જીનર્સ કો.ઓપરેટીવ કૉટન યુનિયન, સાબરકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘ તથા હિંમતનગર સહકારી જીનના ચેરમેન તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ગાંભોઈ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા હિંમતનગર તાલુકા ખરીદ વેચાણ સંઘની સ્થાપના કરી વર્ષો સુધી સેવાઓ આપેલ હતી. સ્વર્ગસ્થશ્રી પટેલે ગુજરાત રાજય જમીન વિકાસ બૅન્ક, સાબરકાંઠા બૅન્ક તથા સાબર ડેરીમાં સભ્ય તરીકે અનન્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલ પાંચમી અને આઠમી ગુજરાત વિધાનસભામાં હિંમતનગર મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ સરકારના મુખ્યદંડક તરીકે પણ સેવાઓ બજાવેલ હતી. તેઓશ્રીને રમત-ગમત સામાજિક સેવા તથા તરવાનો શોખ હતો. સ્વર્ગસ્થશ્રીએ જાપાન, સાઉથ કોરિયા તથા હૉંગકૉંગનો વિદેશ પ્રવાસ કરેલ હતો. તેઓશ્રીના અવસાનથી રાજયે એક રાજકીય આગેવાન, સહકારી નેતા અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મનુભાઈ ગંગારામ વ્યાસનું તારીખ ચોવીસમી એપ્રિલ, ૨૦૦૯ના રોજ ૭૪ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી વ્યાસનો જન્મ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૩૫ ના રોજ ભાવનગર જિલ્લાના પાલીતાણા મુકામે થયો હતો. તેઓશ્રી કાયદાના સ્નાતક હતા અને તેમણે વકીલાતનો વ્યવસાય સ્વીકાર્યો હતો. સ્વર્ગસ્થશ્રી વ્યાસે વિદ્યાર્થીકાળ દરમ્યાન શામળદાસ કૉલેજ વિદ્યાર્થી મંડળના મહામંત્રી, જિલ્લા શિક્ષણસંઘના મંત્રી, ભાવનગર ખાતેના વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી, રાષ્ટ્રીય મજદૂર સંઘના પ્રમુખ, ગુજરાત ઈન્ટુકના સહમંત્રી તથા ગુજરાત ટૅક્સટાઈલ કોરપોરેશનના ડાયરેક્ટર તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ભાવનગર બાર

એસોસિએશન પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે રહીને મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેઓશ્રી શિક્ષણ પ્રવૃત્તિ, પછાત વર્ગની ઉન્નતિ તથા મજૂર પ્રવૃત્તિઓમાં ખાસ રસ ધરાવતા હતા.

સ્વર્ગસ્થશ્રી વ્યાસ ચોથી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે ભાવનગર અને શિહોર મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. સ્વર્ગસ્થશ્રી વ્યાસને વાંચન અને સમાજસેવાનો શોખ હતો. તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હમીરજી હઠીસિંહ રાયજાદાનું તારીખ ૮મી મે, ૨૦૦૯ના રોજ ૬૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી રાયજાદાનો જન્મ ૧૯૪૨માં જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ચાંદીગઢ મુકામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી રાયજાદાએ ચાંદીગઢ સહકારી મંડળી, કેશોદ તાલુકા પંચાયત, ખરીદ વેચાણ સંઘ, ઓટો રીક્ષા એસોસિએશન, હઠીસિંહજી વિનયમંદિર કેળવણી મંડળ તથા જુનાગઢ જિલ્લા બાંધકામ સમિતિના પ્રમુખ તરીકે અને જમીન વિકાસ બૅન્કના ડિરેક્ટર પદે રહી બહુમૂલ્ય સેવાઓ આપેલ હતી. તેઓશ્રી વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેઓશ્રીએ દુષ્કાળના કપરા વર્ષોમાં બોરસદ તથા ચાંદીગઢ મુકામે કેટલ કૅમ્પો યોજીને માનવતાવાદી કાર્ય કરેલ હતું.

સ્વર્ગસ્થશ્રી રાયજાદાએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં માળિયા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે પ્રજાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીના અવસાનથી રાજયે સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ ઉમદા સમાજ સેવક અને શિક્ષણ પ્રેમી ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. સ્વ. પોપટભાઈ જીંજરીયા, એક કોઠાસૂઝવાળું વ્યક્તિત્વ, વરસો સુધી આ ગૃહમાં એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. માણસ પુસ્તકિયું શિક્ષણ લે, એ જ સારી લોકસેવા કરી શકે એમ નહિ, ગણતરવાળો માણસ સમાજની અંદર સારામાં સારા લોકસેવક તરીકે કામ કરી શકે છે એનો આ તાદૃશ્ય જો કોઈ દાખલો હોય તો એ સ્વ. પોપટભાઈ જીંજરીયા છે. વિસ્તારના કે રાજકોટના ઝાંપે ઊભેલા છકડાવાળાની શું તકલીફ છે, એની ચિંતાનો અહેસાસ એ સ્વ. પોપટભાઈ જીંજરીયાને હંમેશા થતો. આ ગૃહના સભ્ય તરીકે હંમેશા શિસ્તમાં રહીને જ્યારે પણ વાત કરવાની થાય ત્યારે એમણે હંમેશા પ્રજાકીય મુદ્દાઓને ઉઠાવવાનો પ્રયત્ન કર્યો. લોકસભાઓની ચૂંટણીઓના થોડાક દિવસો પહેલાં એમના પરિવારના એક વડીલનું અવસાન થયું અને જ્યારે હું એમને ત્યાં ખરખરા માટે ગયો ત્યારે સામાજિક પ્રશ્નોની ચિંતા, વિસ્તારના લોકોની ચિંતા, આવતા દિવસોમાં વિધાનસભામાં શું વાત કરીએ તો જેથી સમાજનું હિત કરી શકાય, એની સતત ચિંતા એ કરતા હતા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાંથી રાજકીય કારકિર્દી શરૂ કરીને પોપટભાઈએ આ ગૃહને એક ચિરંજીવી રહે એવી યાદો આપી છે હું એમને આ ગૃહ વતી શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઠાકોરભાઈ નાયક સાથે એક મંત્રીમંડળના સાથી તરીકે પણ કામ કર્યુ અને એ સત્તામાં હોય ત્યારે વિરોધપક્ષમાં રહીને પણ કામ કર્યુ, તટસ્થાપૂર્વક, પ્રેમપૂર્વક કામ કરવા ટેવાયેલા માનનીય ઠાકોરભાઈ અંગત જીવનમાં પણ માનનીય અધ્યક્ષશ્રી, જાહેર જીવનમાં પડેલા બહુ ઓછાં એવા લોકો જોયા છે કે, પોતાની પત્નીને પક્ષઘાત થયો હોય, તો જાહેર જીવનની બધીજ ફરજો નિભાવતાં નિભાવતાં પણ, એક પોતાની અંગત જવાબદારીના ભાગરૂપે, વ્હીલચેર પર બેસાડીને, મંત્રીમંડળના કૉમ્પ્લેક્સમાં ફરવા લઈને નીકળે, કોઈ આયા કે બીજું કોઈ નહિ, હું જાતે લઈને નીકળું, એ પ્રકારનું એક ઉમદા માનવીય વ્યક્તિત્વ, એની જાહેરજીવનમાં ખોટ પડી છે, વિધાનસભામાં પણ આજે પણ માનનીય સભ્યશ્રીઓ એમના અપાયેલા જવાબો, એમના પ્રવચનો જોઈએ તો, સકારાત્મક વાતો, નકારાત્મક ભાવ નહિ અને એ અમારા જેવા ઘણાએ પણ એમના જીવનમાંથી પ્રેરણા લઈએ એ જ એમને સાચી શોકાંજલિ ગણી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. ભગવાનભાઈ પટેલ સાથે પણ આ ગૃહમાં નજીકથી કામ કરવાનો મોકો મળ્યો. સદાય હસમુખા, ક્યારેય કદાચ કોઈ મજાક, મશ્કરી એમની કરે તો પણ ક્યારેય ખોટું ના લગાડે, એટલું જ નહિ પણ પોતાના ઉપરથી પણ એ જોક બનાવીને કહેવા ટેવાયેલી વ્યક્તિ, આખરે માણસ જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામે છે, આ ક્રમ છે, કોઈ અમર નથી, કદાચ જેને ઈશ્વરીય અવતાર કહીએ છીએ એ પણ આવ્યા છે તો એ ગયા છે અને આપણે સૌએ એક દિવસ જવાનું છે, પણ એ વચ્ચેનો પિરિયડ, આવ્યા અને ગયા, એના વચ્ચેની જે કરણી છે એ લોકો હંમેશા યાદ રાખતા હોય છે, આખરે પ્રેમનું ભાથું બાંધીને જનારો માણસ છે, એને સમાજ હંમેશા દિલથી યાદ કરતો હોય છે, જેણે કોઈકને હસાવ્યા હોય છે, કોઈને રડાવનાર માણસને સમાજ લાંબા સમય માટે યાદ રાખતો નથી, હું સ્વ. ભગવાનભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.મનુભાઈ વ્યાસ તો મારા જિલ્લાના અને મારા માટે તો એક અંગત મુરબ્બી હતા, મારા દાદા સાથે પણ આ ગૃહના સભ્ય રહ્યા અને એ પછી સતત, ક્યારેય મારાથી એમને કોઈક ચૂંટણીમાં જાણ કરવાનું રહી ગયું હોય એવું બને, પણ સામેથી આવીને કહે કે હું આ જગ્યાએ ઉપયોગી થઈશ, મારી ફરજનો એક ભાગ છે, એમ કહીને કામ કરનારું વ્યક્તિત્વ, આજકાલના સમયમાં ઈંગ્લીશ કે ઈન્ટરનેટનો ઉપયોગ કરનારા ઘ ણા મળે, પણ સંસ્કૃત અને સાહિત્યનો ઊંડો અભ્યાસ કરનારો જીવ, એટલે માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. મનુભાઈ વ્યાસ, પૂજ્ય મોરારીબાપુ હોય તો એ પણ સામેથી મનુભાઈને કહે કે, થોડા દિવસ મહુવામાં કે તલગાજરડામાં છું, મનુભાઈ આવજો સત્સંગ કરીશું. તેમના અવસાનના થોડા દિવસો પહેલાંજ જ્યારે તલગાજરડા જતા હતા ત્યારે તેમનો સામેથી ફોન આવ્યો કે હું તલગાજરડા જાઉં છું બાપુનું આમંત્રણ છે. આવું વિદ્યમાન વ્યકિતત્વ માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્ય તરીકે તો તેમની કામગીરી ઉજ્જવળ રહી અને તે પછી પણ માનનીય અધ્યક્ષશ્રી જ્યારે મળે ત્યારે કોઈકના કોઈક સંસ્મરણો વિધાનસભા ગૃહમાં તેમના સમયનાં જેમ આજે માનનીય સિનિયર સભ્યશ્રી વજુભાઈ હોય તો તે સમયના દિવસો યાદ કરીને દાખલાઓ ટાંકીને વાત કરે તે રીતે સ્વર્ગસ્થ મનુભાઈ પણ તે રીતે વાત કરતા. ભાવનગરમાં વકીલાતનો વ્યવસાય પણ માત્ર સ્વાર્થનું સંધાન નહીં ક્યારેક વાત કરીને કોઈક ગરીબને મોકલ્યો હોય તો ફીની ચિંતા નહીં. આવ્યો છું હું તારું કામ કરી આપીશ, તું નામ લઈને આવ્યો છો તારું કામ કરી આપીશ તે રીતની સમાજ સેવાનો ભાવ સ્વર્ગસ્થ મનુભાઈનો હતો. તેમના જવાથી જાહેર જીવનમાં, ભાવનગર જિલ્લાને અને અંગત રીતે પણ મને મોટી ખોટ પડી છે, તેમને પણ શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ શ્રી હમીરજી રાયજાદાના તેમની સાથે પણ સાહજીક સબંધો પણ રહ્યા. કોલેજના એક વિદ્યાર્થી તરીકેનો મારો કાળ હતો ત્યારે અને આ વિધાનસભા ગૃહના તે ધારાસભ્ય તરીકે પણ હંમેશા ગામડાંની વાત છે તેને ગૃહમાં કેમ રજૂ કરવી અને ગ્રામ્ય વિસ્તારની ચિંતા કેમ કરી શકાય તેનો જો કોઈ ઉત્તમ દાખલો આજના અમારા જેવા મિત્રો માટે જો લેવાનો હોય તો તે હમીરજી રાયજાદા પાસેથી લેવાનો હોય માનનીય અધ્યક્ષશ્રી. ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણનું સ્તર કેમ ઉંચુ આવે આજકાલ શિક્ષણનું વ્યાપારીકરણ થયું છે. એટલા માટે જ્યાં વધારે વિદ્યાર્થી મળે ત્યાં અથવા જ્યાં વધારે પૈસા મળી શકે તેમ હોય ત્યાં શૈક્ષણિક સંસ્થા એવું નહીં પણ ગ્રામ્ય વિસ્તારના લોકોને બહાર ન જવું પડે નફાકારક નહીં પરંતુ સેવાકારક શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવી. દુષ્કાળના સમયમાં ઢોરવાડામાં અનેક ગાયોને રાખીને અને પછી સબસીડી મળે નહીં મળે તો પણ બિન ઉપયોગી જે ગાયો હોય તેને પણ રાખીને તેને સાચવવાનું કામ તે આજીવન પોતાના ગામ ચાંદીગઢ કરતા રહ્યા હતા અને તે મેં નજરે જોયેલું છે. તેમના જવાથી જાહેર જીવનને એક મોટી ખોટ પડી છે. હું તેમને શોકાંજલિ અર્પુ છું અને જે દિવંગત આત્માઓ આ ગૃહના પૂર્વ સભ્યશ્રીઓના અવસાન થયા છે તેમના પરિવારજનોને દુ:ખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે એવી પ્રાર્થના કરી વિરમું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના વિદ્યમાન સભ્ય ભાઈ પોપટભાઈ જીંજરિયા તેમજ ભૂતપૂર્વ સભ્યોના અવસાન નિમિત્તે શોકદર્શક ઉલ્લેખો લઈ અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ તેને પોતાનું સમર્થન આપ્યું છે તે શોકદર્શક પ્રસ્તાવમાં હું મારો સૂર પૂરાવું છું.

શ્રી પોપટભાઈ જીંજરિયા ૫૧ વર્ષની યુવાન વયે આપણી વચ્ચેથી ચાલ્યા ગયા. ચાર ચાર વખત આ સન્માનીય ગૃહના સભ્ય તરીકે રહ્યા અને તે દરમિયાન પાર્લામેન્ટરી સેક્રેટરી અને પંચાયત વિભાગના મંત્રી તરીકે પણ તેમણે ખૂબ કુશળતાપૂર્વક જવાબદારીઓ સંભાળી. પછાત વર્ગના વિકાસ માટે સતત ચિંતિત રહી અને પોપટભાઈ સતત કામ કરતાં રહ્યાં. પક્ષના એક સાથી તરીકે ખૂબ નજીકથી તેમની સાથે કામ કરવાનો મને મોકો મળ્યો અને તે દરમિયાન પ્રજાકીય પ્રશ્નોને વાચા આપવાની તેમની તત્પરતા અને સામાન્યમાં સામાન્ય માણસની ચિંતા કરવાની તેમની લાગણીએ હંમેશાં એક જાગૃત લોકસેવક તરીકેની તેમની છાપ ઉભી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું તેમને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. મુરબ્બી ઠાકોરભાઈ નાયક ૭૩ વર્ષની વયે તેમનું દુ:ખદ અવસાન થયું. સિવિલ એન્જીનીયર તરીકેનો તેમણે અભ્યાસ કર્યો હતો પણ ખેતી અને શિક્ષણ સાથે સતત સંકળાયેલા રહ્યા. જુદા જુદા ટ્રસ્ટોમાં અને જુદી જુદી સેવાભાવી સંસ્થાઓ દ્વારા સતત એ જાહેર જીવનમાં કામો કરતા રહ્યા. ૧૯૯૦ થી ૧૯૯૫ સુધીમાં ગુજરાત સરકારના મંત્રીમંડળમાં એમણે અભૂતપુર્વ કામગીરી કરી. ઠાકોરભાઈ એક અત્યંત સરળ અને સાદા વ્યકિત, સેવાદળ સાથે વર્ષો સુધી સંકળાયેલા રહ્યાં અને ગુજરાત સેવાદળના મુખ્ય સંયોજક તરીકે પણ એમણે વર્ષો સુધી કામગીરી કરી. આ સેવાદળની નિષ્ઠા અને સેવાની ભાવનાને સાચા અર્થમાં જીવનમાં ઉતારવાનું કામ તેમણે કર્યુ હતું. તેમના જવાથી એક નિષ્ઠાવાન માનવીય અભિગમ ધરાવતા અને સાદગીપૂર્ણ નેતા આપણે સૌએ ગુમાવ્યા છે એનું મને અત્યંત દુ:ખ છે.

માનનીય ભગવાનભાઈ હરિભાઈ પટેલ. સરપંચ તરીકે કામગીરી શરૂ કરી. ત્યારબાદ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ, જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા અને ત્યારપછી આ સભાગૃહના માનનીય સભ્ય અને મુખ્ય દંડક તરીકે પણ એમણે કામગીરી કરી. સહકારી ક્ષેત્રે એમનું આગવુ પ્રતિનિધિત્વ રહ્યું. એક સહકારી સંસ્થાને પાયામાંથી ઉભી કરવાનું અને બળ આપવાનું કામ સતત કરતા રહ્યાં અને સમગ્ર જિલ્લાના સહકારી આગેવાન તરીકે આગવી

છાપ એમણે ઉભી કરી. સ્વચ્છ પ્રતિભા ધરાવતા આ વ્યકિતના જવાથી આપણા ગુજરાતના જાહેર જીવનને ભારે મોટી ખોટ પડી છે.

મનુભાઈ વ્યાસ. વિરોધ પક્ષના નેતાએ ઉલ્લેખ કર્યો તે પ્રમાણે ભાવનગરના. ભાવનગરમાં શિક્ષણ સાથે જોડાયેલા અને બાર એસોસિએશનના પ્રમુખ પણ તેઓ રહ્યા. પણ એમનો મૂળ રસ મજૂર પ્રવૃત્તિ સાથેનો અને એટલે ભાવનગરથી અમદાવાદ આવ્યા અને અમદાવાદમાં તેમના પડોશી તરીકે વર્ષો સુધી એમની સાથે રહેવાનો મને મોકો મળ્યો છે. જુદા જુદા પ્રસંગોને ટાંકીને એટલી સુંદર વાત તેમની પાસેથી જાણવા અને સમજવા મળે. રાષ્ટ્રીય મજૂર સંઘના પ્રમુખ અને ઈન્ટુકના સેક્રેટરી તરીકે પણ તેમણે મજૂર વર્ગના પ્રશ્નોને સતત વાચા આપવાનું કામ કર્યુ. તેમના અવસાનથી આપણે એક નિષ્ઠાવાન મજૂર આગેવાન ગુમાવ્યો છે. તેમની ભારે મોટી ખોટ આપણને પડી છે.

હમીરજી રાયજાદા. જૂનાગઢના કેશોદના વતની. વિવિધ સહકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા. ખેતી સાથે પણ સતત સંકળાયેલા રહ્યાં. જયારે જયારે જરૂરિયાત ઉભી થઈ ત્યારે સેવાની પોતાની આગવી કામગીરીથી એમણે એક મોટી છાપ ઉભી કરી. દુષ્કાળના વર્ષોમાં પણ સૌરાષ્ટ્ર હોય કે આણંદ જિલ્લો હોય, તેમણે કેમ્પો ચલાવવાથી માંડીને, ગાયોને સાચવવાથી માંડીને અનેક કામગીરી કરીને સમાજની સેવા કરવાનું કામ કર્યુ છે.

આ તમામ આગેવાનોને હું મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને એમના કુટુંબીજનોને આપના થકી દિલસોજીનો સંદેશો પાઠવીએ તેવો અનુરોધ કરું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલલેખો લઈને આવ્યા છે તથા માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જેને સમર્થન કર્યું છે, તેને મારો ટેકો આપવા માટે ઉભો થયો છું.

આમ તો આજે આપણી વચ્ચે આ ગૃહમાં બેસનારા અને ગુજરાત માટે કામ કરનારા ૫ વિરલ વ્યકિતઓ નથી. આ વિરલ વ્યકિતઓ એક સામાન્ય કુટુંબમાંથી આવનારા સામાન્ય માનવીઓ હતા. તેમાંથી લગભગ મોટા ભાગના મિત્રોએ એક ખેડૂત પરિવારમાં જન્મીને સમાજની મોટી સેવા કરી હતી. આ માનવીઓ સામાન્ય માનવીઓ કરતા મુઠ્ઠી ઉંચેરા માનવીઓ હતા. એમાં ૫ વર્ષ સુધી મને પોપટભાઈનો બરાબર અનુભવ થયો છે. મેં એમને જોયા છે. આ ગૃહમાં ગમે તેવી પ્રતિકુળ પરિસ્થિતિ હોય તો પણ પોપટભાઈ હંમેશા ગૃહમાં શાંતિથી અને વિવેકથી પોતાની વાત રજૂ કરતા હતા. ૫ વર્ષના અનુભવમાં મેં એકપણ પ્રસંગે એમને કોઈ જગ્યાએ અલગ પડીને વાત કરતા હોય એવું મેં જોયું નથી. એમના કોઈ વ્યવહાર કે શિસ્તમાં સહેજ અલગ પડીને વાત કરતા હોય એવું મેં જોયું નથી. કોઈ કામ હોય અને ઓફિસમાં મળવા આવે અને ઓફિસમાં વાત કરીએ, એમને વાત સમજાવીએ તો સમજી જાય. સાતમી વિધાનસભા, નવમી વિધાનસભા, અગિયારમી અને બારમી વિધાનસભામાં એ રીતે ચાર ચાર વખત ચૂંટાય અને છતાં ગૃહમાં આટલું સારું વર્તન હોય એ આનંદની વાત છે અને જુઓ તો ખરા કે જે વાત કરવામાં આવી એ વાત ખરી છે કે માણસ ઓછું ભણેલ હોય, પરંતુ મનમાં લોકાની સેવા કરવાની ઈચ્છા કે તમન્ના હોય તો એ ચોકકસ કરી શકે છે. અહીંયાં આપણે જોઈએ તો સ્વ. શ્રી પોપટભાઈ એ ફકત ૧૮ વર્ષની ઉંમરે સક્રિય થયા, ૧૮ વર્ષની ઉંમરે તાલુકા પચાંયતના પ્રમુખ થયા અને ત્યારપછી સતત ચાર વખત વિધાનસભામાં ચૂંટાયા અને મેં જોયું છે કે એમની ઘણી જ ઉંચી લોકપ્રિયતા વિધાનસભામાં અને એમના વિસ્તારમાં હતી. એ કોઈપણ જગ્યાએ ગમે ત્યારે ગમે તે પાર્ટીમાંથી ઉભા રહે અને છતાં પણ ચૂંટાય એવી એમની શકિત અને તાકાત હતી. એ વ્યકિત આજે આપણી વચ્ચે નથી અને એ તો હજુ ઘણું કામ કરી શકે તેમ હતા અને ફકત ૫૧ વર્ષની યુવાન વયે આપણી વચ્ચેથી એમણે વિદાય લીધી એનું ખૂબ જ દુઃખ છે.

એ જ રીતે સ્વ. શ્રી ઠાકોરભાઈ નાયક અને શ્રી ભગવાનદાસની વાત કરું તો ભગવાનદાસ એ તો અમારા મહેસાણા જિલ્લાની નજીકમાં સાબરકાંઠા જિલ્લાના વતની હતી. એમને ઘણીવાર મળવાનું થતું હતું. એક સામાન્ય માનવી પણ આટલું સારું કામ કરી શકે છે. ખાસ કરીને એમને કોટનમાં રસ હતો અને એમાં એમણે કામ કર્યુ હતું. સહકારી ક્ષેત્રે એમનું પ્રદાન ખૂબ જ સુંદર રહયું છે.

એ જ રીતે જોઈએ તો એવું જ બીજું વ્યકિતત્વ શ્રી મનુભાઈની વાત કરું તો એ પાલીતાણામાં જન્મ્યા હતા અને એમણે પણ ખૂબ જ સુંદર કામગીરી કરી હતી એ પણ બધાએ વાત કરી. શ્રી રાયજાદાની વાત કરું તો એક ગામનો સામાન્ય માનવી હોય અને છતાં કાંઈ કરવા માગતો હોય તો ઘણું કરી શકે એનો આ એક સુંદર દાખલો છે. આજે આપણે બધા ૧૮૨ ધારાસભ્યો આ વિધાનસભામાં ગુજરાતના હિત માટે, ગુજરાતના વિકાસ માટે ગુજરાતના સમાજ માટે કામ કરીએ છીએ એમ આ પાંચે વ્યકિતઓએ એ રીતે કામ કર્યુ છે એના માટે તેમને અભિનંદન આપું છું અને આપશ્રી મારફતે તેમનાં કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે એ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભાજપ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને તેમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે એને હું પણ મારું સમર્થન આપું છું.

સ્વ. શ્રી પોપટભાઈ સવસીભાઈ જીંજરીયા તેમની સાથે મારો ખૂબ જ નિકટનો સંબંધ હતો. સુરેન્દ્રનગર સાથેનો સંબંધ અને વાંકાનેર કે જે સુરેન્દ્રનગર મત વિસ્તારમાં આવે ત્યાંથી પહેલી વખત ૧૯૮૫ માં ચૂંટાયા હતા. તેમને લોકોનું એટલું બધું જનસમર્થન હતું કે વાંકાનેરની બાજુનો મત વિસ્તાર ચોટીલામાંથી પણ એ ચૂંટાયા હતા. આ ગૃહમાં તેમની સાથે ત્રણ વખત રહેવાનો મોકો મળ્યો છે. ૧૯૮૫, ૧૯૯૦ની વિધાનસભા, ૧૯૯૫ અને ગઈ વિધાનસભા વખતે પણ તેમની સાથે રહેવાનો મોકો મળ્યો હતો. પોપટભાઈ માટે જે કાંઈ કહેવાયું તેમાં હું મારો સૂર પૂરાવું છું. એક સામાન્ય નાના ગામમાંથી આવેલા અને સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના જનજીવન સાથે છવાઈ ગયા હતા. ખાસ કરીને તેમની કોળી જ્ઞાતિમાં એ એક એવા આગેવાન હતા કે એ ગમે ત્યારે જઈને ઉભા રહે તો લોકો તેમને પસંદ કરતા હતા. એવી લોકચાહના પ્રાપ્ત કરનાર પોપટભાઈ આજે આપણી વચ્ચે નથી એનો વસવસો વ્યકત કરું છું. એમના પરિવારને શાંતવના આપવા માટેનો આ જે શોક ઠરાવ છે એમાં મારો સૂર પૂરાવું છું.

સ્વ. શ્રી ઠાકોરભાઈ નાયક સાથે પણ આ ગૃહમાં રહેવાનો મોકો મળ્યો હતો. એક ચૂસ્ત ખાદીધારી, ગાંધી વિચારસણીના આગેવાન અને પાણી પુરવઠાના મંત્રી તરીકે તેઆ હતા અને ત્યારપછી ધારાસભ્ય  ન હતા ત્યારે પણ અવારનવાર તેમને મળવાનું થતું હતું. કચ્છ આવે ત્યારે પણ મળવાનું થતું હતું એવા શ્રી ઠાકોરભાઈને હું મારી અંજલિ આપું છું. ભગવાનભાઈ પટેલ આ ગૃહના એ દંડક હતા, તેમની સાથે આ ગૃહમાં રહેવાનો મોકો મળ્યો છે. અમારા નેતાશ્રી શકિતસિંહભાઈએ કહું તેમ ખૂબ જ હળવાશથી એમની સાથે વાતચીત કરી શકાય. તેઓ કોઈ પણ પ્રકારના દભ રાખ્યા વગરનું વર્તન રાખતા હતા, એ જ રીતે મનુભાઈ ગંગારામ વ્યાસ સાથે આ ગૃહમાં કામ કરવાનો મોકો નહોતો મળ્યો પણ તેમનો પરિચય ખૂબ હતો. પૂજય મોરારી બાપુ પણ તેમને બોલાવે તેવા જ્ઞાનિ, અને ઈન્ટુકના આગેવાન તરીકે શ્રમજીવીઓના હામી તરીકે રહયા હતા. અને પર પ્રાંતના મજદૂરોનો કેસ લડી અને સંખ્યાબંધ પરપ્રાંતિયોની પણ તેઓએ સંભાળ લીધી હતી. એક મજદૂરનો કેસ લડી અને હાઈકોર્ટમાંથી એમના તરફી ચૂકાદો લાવી અને ખૂબ મોટું વળતર અપાવી શકયા હતા. આવા પરદુ:ખભંજન વ્યકિત વ્યવસાયે વકીલ હતા છતાં પણ કયારેય ફીની તેઓ અપેક્ષા નહોતા રાખતા. આવા મનુભાઈ વ્યાસને પણ હું અંજલિ આપું છું.

એ જ રીતે હમીરજી રાયજાદા સાથે છઠ્ઠી વિધાનસભામાં કામ કરવાનો મોકો મળેલો પણ એમની સાથે પારિવારીક સંબંધો છેલ્લે સુધી રહયા હતા. અને મુખ્ય મંત્રીશ્રીએ જે ઉલ્લેખ કર્યો એ રીતે તેઓ ખૂબ મોટા ગૌભકત પરિવારમાંથી આવેલા હતા. દુષ્કાળમાં  પંદર હજાર કે વીસ હજાર ગાયો રાખતા હતા, આવા ગૌભકત પરિવારના મોભી સૌરાષ્ટ્રમાં આ પરિવારનું નામ,હઠીસિંહભાઈના સુપુત્ર હમીરજીભાઈ અને એમનાં લઘુ બંધુ વનરાજસિંહભાઈ જુનાગઢ જિલ્લામાં કમાન્ડન્ટ તરીકે હતા જુનાગઢ જિલ્લામાં પણ અમારા લોક સાહિત્ય પરિવારમાં પણ એમને મળવાનું થતું હતું.આ બધાને કારણે એમની યાદ કયાંક ને કયાંક થતી રહેતી એ જ રીતે કયારેક મળે કયારેક ન મળે પણ એમની સાથેની ખૂબ નીકટતા હતી.. અને તેઓ ખૂબ જીવંત સંપર્ક રાખનારા વ્યકિત હતા. તેમને પણ હું અંજલિ અર્પુ છું. આ તમામ ધારાસભ્યો આજે આપણી વચ્ચે નથી તેની જાહેર જીવનમાં ખૂબ મોટી ખોટ પડી છે. તેઓના આત્માને પરમકૃપાળુ પરમાત્માચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું. આપના મારફત એમના કુટુંબી જનોને દિલસોજીનો સંદેશો પાઠવું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (ભા.રા.કો.)** : આ ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. આ દેશના બંધારણે છેવાડાના માનવીને સત્તામાં ભાગીદાર કરવાના અને તેનું પ્રતિનિધિત્વ કરવાના અધિકારો આપ્યા છે તેમાં ૧૯૪૭ પહેલા કદાચ આપણામાંથી કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે પોપટભાઈ જીંજરીયા જેવા છેવાડાના માનવી ચૂંટાઈ આવી અને આ ગૃહમાં બેસે અને છેવાડાના લોકોનો અવાજ પણ રજૂ કરે. પોપટભાઈ ખૂબ નાની વયે યુવાન વયથી જ સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહયા હતા. અને સામા પવને ચૂંટાઈ અને પંચાયતમાં, સહકારી પ્રવૃત્તિઓમાં અને આ ગૃહમાં પણ આવ્યા. છેલ્લે ગઈ વિધાનસભામાં અને આ વિધાનસભામાં પણ આપણે સૌએ પોપટભાઈને એમની ભાષામાં લોકોની ભાષામાં લોકોના પ્રશ્નો રજૂ કરતા જોયા છે. અને સામાન્ય પ્રશ્ન હોય એને જે રીતે રજૂ કરતા હતા તેના કારણે ચેર અને ટ્રેઝરી બેન્ચ બન્નેને ધ્યાન આપવું પડે તેવા પ્રકારની લોકોના પ્રશ્નોની ધારદાર રજૂઆત તેઓની હતી. એમના વિસ્તારમાં તેઓ ખૂબ લોકપિય હતા. એમના સાથીઓ સાથે પણ ખૂબ સૌહાર્દ ભર્યા સંબંધો હતા. ખૂબ નાની ઉમર હતી અને હજુ એમની પાસેથી સમાજ અને આપણા સૌની ખૂબ અપેક્ષાઓ હતી કે વધારે રાજકીય રીતે મજબૂત બની અને પ્રજાના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તેઓ ભાગીદાર થઈ શકે એમ હતા.      માનનીય અધ્યક્ષશ્રી,  સ્વ. પોપટભાઈ આપણા સૌના સાથી હતા એ રીતે પ્રજાના પણ હતા અને એમના વિસ્તારની પણ સાથી હતા. એમના પરિવારના મોભી હતા. આપણા સૌની વચ્ચેથી નાની ઉંમરે વિદાય લીધી  છે ત્યારે એમના પરિવારજનોને આપની મારફતે દિલસોજીનો સંદેશો પાઠવીએ અને એમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા  શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ.

સ્વ. ઠાકોરભાઈ નાયક દક્ષિણ ગુજરાતના આગેવાન હતા પરંતુ સેવાદળની સાથે જિંદગીભર જોડાયેલા રહ્યા હતા. સત્તા અને સત્તા સાથે સંકળાયેલા કોઈપણ એલીમેન્સ એમને અસર ન કરે.  માનનીય શકિતસિંહજીએ

કહ્યું કે એ મંત્રીશ્રી તરીકે બિરાજતા હોય ત્યારે પણ એમનો વ્યવહાર અને જ્યારે કાર્યકર તરીકે હોય ત્યારે પણ એજ અનુભવ હોય. સક્રિય રાજનીતિમાંથી નિવૃત્ત થયા હતા છતાં એક સામાન્ય કાર્યકરના દરજજે જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી આપણા સૌને અને એમના વિસ્તારને માર્ગદર્શન આપતા રહ્યા.

સ્વ. ભગવાનભાઈ પટેલ આ ગૃહમાં તો ચૂંટાયા એ ઉપરાંત સહકારી પ્રવૃત્તિ અને પંચાયત પ્રવૃત્તિમાં પણ સંકળાયેલા હતા. જૈફ હોવા છતાં સક્રિય રીતે તમામ પ્રકારની રાજકારણની પ્રવૃત્તિમાં ભાગ લેતા. જ્યાં જરૂર લાગે ત્યાં સ્પષ્ટપણે વાત કરીને જ્યાં જરૂર લાગે ત્યાં નવયુવાનોને માર્ગદર્શન આપવાનું કામ સ્વ.ભગવાનભાઈ પટેલે કર્યુ હતું.

અત્યારે ખાસ કરીને લેબર, મજૂર પ્રતિનિધિ મનુભાઈ વ્યાસની ખોટ સાલે છે.તેઓ આ ગૃહના સભ્ય પણ હતા. જે છેવાડાનો માનવી છે જે શોષિત લોકો છે એની બ્રિફ લઈને ચાલવાવાળા ઉમદા વકીલ હતા. એમણે આખી જિંદગી બીજા બધા કામ કરવા કરતાં મજૂર પ્રવૃત્તિને મહત્ત્વ આપવાનું કામ કર્યુ હતું. તેથી આ ક્ષેત્રને તેમના જવાથી મોટી ખોટ પડશે.

સ્વ. હમીરજીભાઈ રાયજાદા વિશે કોઈએ કલ્પના પણ નહિ કરી હોય એમને લખતાં વાચતા પણ આવડતું નહોતું. હમીરજીભાઈ મને કહેતા કે મને હમીરજીભાઈ રાયજાદા એટલી સહી સિવાય બીજું કશું લખતાં વાંચતાં નથી આવડતું, છતાં જ્યારે કોઈપણ જગ્યાએ ઊભા રહે ત્યારે સારામાં સારા વક્તાને પણ પાછળ રાખી દે દલીલમાં વકીલને પણ પાછળ રાખી દે તેવું એમનું વક્તવ્ય ધારદાર દલીલો સાથેનું રહેતું હતું. વિધાનસભા સિવાય બહાર પણ સામાજિક પ્રવૃત્તિમાં ડાયરાના માણસ તરીકે જાણીતા હતા. જ્યાં જાય ત્યાં લોકોને એમને સાંભળવા પડે એવું ઉમદા વકૃત્વ હતું. ૧૯૮૫ થી ૧૯૮૭માં દુષ્કાળ પડ્યો ત્યારે એક યુવાન તરીકે પોરબંદરની અંદર ગૌશાળા, કેટલકેમ્પ ચલાવવાની અંદર એમનું માર્ગદર્શન અને એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. હું ચાર મહિના પહેલા કેશોદ ગયેલો ત્યારે એમના ઘરે ખબર પૂછવા માટે ગયેલો ત્યારે પથારીમાં પડ્યા રહેવાની વેદના ચેહરા, ભાષા અને આંખ ઉપરથી બહાર આવતી હતી. એક જમાનામાં હોકારો કરીને ગમે તેવા ભૂપતિને પણ બેસાડી દે એવા એક માણસ લાંબો સમય બીમાર રહ્યા. હજી પણ સમાજ સેવા કરી શકે તેવી ઉંમરે વિદાય લીધી. માનનીય હમીરજીભાઈના જવાથી અમારા વિસ્તારને, સૌરાષ્ટ્રને અને વ્યકિતગત રીતે મને એમની ખોટ સાલસે.

તમામ મહાનુભાવના પરિવારોને આપની મારફતે દિલસોજીનો સંદેશો પાઠવીએ તેવી વિનંતી કરું છું.

**શ્રી કિરીટસિંહ જી. રાણા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય નેતાશ્રી આ સભાગૃહમાં જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે અને એને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને ટેકો આપ્યો છે એને અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ પોપટભાઈ મારા જિલ્લામાં બે-બે વખત ધારાસભ્યશ્રી તરીકે ચૂંટાયા છે અમે બન્નેએ સાથે કામ કર્યું છે. તે પોતે કોળી પટેલ સમાજના આગેવાન હતા અને અન્ય સમાજના પ્રશ્નોની પણ તેઓ રજૂઆત કરતા હતા. મને કહેતાં આનંદ થાય છે કે, તેઓ સાચી વાતને માનતા હતા અને એની રજૂઆત કરતા હતા. એનો યશ જે તે પક્ષને આપતા હતા. એમણે એમ કહ્યું કે આ સરકારમાં પણ કામ થાય છે. આ એમણે કરેલો ઉલ્લેખ છે. હું કોઈ રાજકીય ઉલ્લેખ કરતો નથી. હું એમને જાહેર જીવનમાં મળ્યો ત્યારે પૂછ્યું હતું કે, તમે શરૂઆત કયાંથી અને ક્યારે કરી હતી? ત્યારે એમણે કહ્યું હતું કે, મેં ગ્રામ પંચાયતથી શરૂઆત કરેલી. એમણે ૨૧ વર્ષની ઉંમરે રાજકોટ જિલ્લામાં તાલુકા પંચાયતના સભ્ય તરીકે શરૂઆત કરી હતી. ત્યારબાદ રાજકોટ જિલ્લાના વાંકાનેરની બેઠક ઉપરથી બે બે વાર ચૂંટાયા હતા અને મંત્રી પણ બન્યા હતા. મારા જિલ્લામાં કોળી પટેલના સગાં-વહાલાં રહે છે. એમની સાથે નજીકથી કામ કર્યું છે. તેઓ ઓછું ભણ્યા હતા પરંતુ એમનામાં કોઠા-સૂઝ વધારે હતી. કોઈપણ પ્રશ્નની તેઓ સારી રીતે રજૂઆત કરી શકતા હતા. એમની રજૂઆતથી કામ કરવાનું મન થાય એવો એમનો સ્વભાવ હતો. રાજકોટ જિલ્લાના બેડલાં ગામના તેઓ વતની હતા. તેઓ રાજકીય રીતે ગમે તે પક્ષમાં હોય પણ સાથે રહી ને કામ કરતા હતા. એમના જવાથી એમના કુટુંબીજનોને દુ:ખ સહન કરવાની પ્રભુ શકિત આપે. જેમની સાથે આ સભાગૃહમાં કામ નથી કર્યું પણ જેમણે આદરણીય ધારાસભ્યશ્રી તરીકે અને મંત્રીશ્રી તરીકે કામ કર્યું છે એવા સ્વર્ગસ્થ પૂર્વ મંત્રીશ્રી ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયક, પૂર્વ દંડક સ્વ.શ્રી ભગવાનદાસ હરિભાઈ પટેલ, પૂર્વ સભ્ય સ્વ.શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ તથા સ્વ.શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદાને મારી શ્રદ્ધાંજલિ આપું છું અને આપના દ્વારા એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો મળે એવી વિનંતી કરું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાએ જેને અનુમોદન આપ્યું છે એમાં મારો સૂર પુરાવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયક નવસારી જિલ્લાના સારવ ગામના વતની હતા. તેઓ સૂરતના સિંહ હતા. રાજકીય પ્રવૃત્તિઓમાં અને સમાજ સેવામાં અમે સાથે કામ કરતા હતા. રાજયના વિકાસમાં કામ કરવાની તેમને તક મળી હતી. સામાજિક રીતે તેઓ ગાંધીવાદી જેવું સાદું જીવન જીવતા હતા. ખાસ કરીને એમને સ્વ.શ્રી મોરારજીભાઈના અનુયાયી તરીકે કામ કરવાનો શોખ હતો અને એમણે એ કામ ખૂબ સારી રીતે કરી બતાવ્યું છે. સૂરતના વિકાસમાં એમણે ખૂબ સારું કામ કર્યું છે. ધારાસભ્ય તરીકે ચૂંટાઈને દક્ષિણ

ગુજરાતના વિકાસમાં તેમણે ખૂબ સારું કામ કર્યું છે. સૂરતે આવો સારો સમાજ સેવક ગુમાવ્યો છે. હું મારી એમને શ્રદ્ધાંજલિ આપું છું. બાકીના મિત્રો, સ્વ.શ્રી પોપટભાઈ, પૂર્વ દંડક સ્વ.શ્રી ભગવાનદાસ હરિભાઈ પટેલ, પૂર્વ સભ્ય સ્વ.શ્રી મનુભાઈ ગંગારામ વ્યાસ તથા સ્વ.શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદાને મારી શ્રદ્ધાંજલિ આપું છું અને આપના દ્વારા એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહના માન્યવર નેતાશ્રી અને વિપક્ષના નેતાશ્રીએ આપણા ચાર પૂર્વ અને એક વર્તમાન ધારાસભ્યશ્રીને અંજલિ આપતો શોકાંજલિ પ્રસ્તાવ લઈને આવ્યા છે. જેને જૂદા જૂદા વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ સમર્થિત કર્યો છે. ગુજરાત એ લોકસેવા અને લોકસંસ્કૃતિનું રાજય છે અને આ પાંચેય મહાનુભાવોએ લોકસેવા અને લોકસંસ્કૃતિને સતત લોકોની વચ્ચે લોકપ્રતિનિધિ તરીકે અને લોકસેવક તરીકે દર્શાવી છે. એમના જીવનને સમર્પિત કર્યુ છે. હજુ ગયા સત્રની અંદર આપણા સૌની વચ્ચે જ પોપટભાઈ હતા, એમ આજે આપણે કહેવું પડે છે. સ્વર્ગસ્થશ્રી પોપટભાઈએ ગરીબ માણસોના અવાજને વાચા આપી છે. કચડાયેલા, પીડિત લોકોના અવાજનો એ પ્રતિઘોષ બન્યા છે. શ્રી ઠાકોરભાઈ નાયક મારી સાથે ૧૯૯૦ની અંદર હું નાગરિક પુરવઠા વિભાગ સંભાળતો હતો અને એ રાજયકક્ષાના મંત્રીશ્રી હતા. એમની પાસેથી ગાંધી વિચાર અને ખાદી સેવા એ એમના જીવનનો અંક મંત્ર હતો અને એ એમણે આજીવન પાળ્યો. શ્રી ભગવાનભાઈ એ ખેડૂતોના માણસ. સાબરકાંઠાથી ચૂટાઈને દંડક તરીકે કાર્ય કરતા તેઓશ્રી ખૂબ ખૂબ રમૂજી માણસ હતા. એ સમયની અંદર ભગવાનભાઈ જે રીતે કાર્ય કરતા હતા તેને હંમેશા યાદ રખાય તેવું છે. શ્રી મનુભાઈ માટે એમ કહેવાય કે એ મહાગુજરાતના આંદોલનનો માનવી. વિદ્યાર્થી કાર્યકર્તા તરીકે તેમણે કામ કર્યુ. પરંતુ એ સંસ્કૃત અને સંસ્કૃતિનો માણસ એમના ઘરે જઈએ ત્યારે લોકસેવા અને સંસ્કૃતિની જ વાત અને સંસ્કૃતની જ વાતો હોય. અકાળે આપણી વચ્ચેથી ગયા. એવી જ રીતે હમીરસિંહભાઈ મારી સાથે જ હતા. ગૌભકત અને ગૌસેવા એમની નેમ હતી. આપણે જોઈએ તો આ પાંચેય વ્યકિત એવા હતા કે જેમણે આપણી સંસ્કૃતિ, ચાલી આવતી સંસ્કૃતિને સાચવી છે. લોકસેવક તરીકે એમણે સૌએ પોત પોતાના વિસ્તારની અંદર અને સમગ્ર ગુજરાતની અંદર લોકસેવા કરીને ગુજરાતને ઊજળું બનાવ્યું છે. એવા ગૌરવવંતા લોક્સેવકો આ સૌ હતા. આપણે બે મિનિટનું મૌન પાળીશું.

(બે મિનિટના મૌન બાદ)

સભાગૃહની આ લાગણી સભ્યશ્રીઓના કુટુંબીજનોને પહોંચાડવામાં આવશે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. પોપટભાઈ આ વર્તમાન સભાગૃહના સભ્યશ્રી હતા એટલે આપણી પ્રણાલિકા મુજબ એમના અવસાનના માનમાં આજનું ગૃહનું કામકાજ મુલતવી રાખીએ એવી હું દરખાસ્ત કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે દરખાસ્ત મૂકી છે તેમાં હું સંમત છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની આજની બેઠક મુલતવી રાખવામાં આવે છે. સભાગૃહ આવતી કાલે મંગળવારે તા:૩૦મી જૂન,૦૯ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે ફરીથી મળશે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૪૯ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા:૩૦મી જૂન, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તારીખ ૩૦ મી જૂન, ૨૦૦૯**
**આષાઢ ૯, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ભરૂચ જિલ્લામાં લઘુમતિ માટેની શૈક્ષણિક યોજનાઓની મળેલ અરજીઓ

*૭૨૮૨ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

૧. તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લઘુમતિઓની વિવિધ શૈક્ષણિક યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેલી અરજીઓ આવી,
૨. આ અરજીઓ પૈકી કેટલી મંજૂર કરી, કેટલી રકમ ચૂકવાઈ,
૩. જે અરજીઓ પડતરમાં છે તેમાં વિલંબ થવાનાં કારણો શાં છે, અને
૪. કેટલા સમયમાં તેનો નિકાલ કરવામાં આવશે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

**૧.** તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં વિવિધ શૈક્ષણિક યોજનાઓ અંતર્ગત નીચે મુજબની અરજીઓ તાલુકાવાર મળેલ છે.

| **ક્રમ** | **તાલુકો** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૭૪૨૨ |
| ૨ | અંકલેશ્વર | ૧૨૮૪ |
| ૩ | આમોદ | ૨૯૭૩ |
| ૪ | વાગરા | ૧૪૫૧ |
| ૫ | વાલીયા | ૩૦૧ |
| ૬ | ઝઘડીયા | ૫૯૩ |
| ૭ | હાંસોટ | ૪૩૭ |
| ૮ | જંબુસર | ૪૪૮૮ |
| | કુલ: | ૧૮૯૪૯ |

૨. આ અરજીઓ પૈકી ૧૮૩૦૯ અરજીઓ મંજૂર કરીને રૂા. ૫૦,૪૦,૪૦૫/- ની રકમ ચૂકવવામાં આવી છે.
૩. કોઈ અરજી પડતર ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
૪. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારું આ પ્રશ્ન પૂછવા પાછળનું હાર્દ કે આશય એ હતો કે વિવિધ શૈક્ષણિક યોજનાઓ માટે કેન્દ્ર સરકારમાંથી શૈક્ષણિક લોન રાજયને ફાળવવામાં આવે છે અને રાજયમાં શૈક્ષણિક હેતુસર માઈનોરિટીઝના વિદ્યાર્થીઓ માટે એના ઉપર લોન આપવામાં આવે છે, પરંતુ કમનસીબે એનું જે અમલીકરણ એટલે કે ઈમ્પ્લીમેન્ટેશન થવું જોઈએ એમાં ખૂબ જ વિલંબ થઈ રહ્યો છે અને એનું અમલીકરણ કરવામાં આવતું નથી. કોઈ ટેકનીકલ મુદ્દાઓના કારણોસર આ પ્રશ્નના જવાબમાં એનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી આ મારી એક વાત અને બીજું કે જે લોન આપવામાં આવે છે એ પછી શૈક્ષણિક હેતુસર જે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, એનું ધોરણ પણ એટલું બધું નીચું છે કે ધોરણ ૫, ૬ અને ૭ ના પ્રાથમિક વિભાગ માટે માત્ર ૭૫ રૂપિયા એક વિદ્યાર્થીદીઠ સહાય આપવામાં આવે છે અને ગણવેશના માત્ર ૧૫૦ રૂપિયા આપવામાં આવે છે. એટલે બીજી મારી માગણી એ છે કે આ જે સહાય કે શિષ્યવૃત્તિનું સ્ટાન્ડર્ડ એટલું બધું નીચું છે કે એમાં ગણવેશ તો બાજુ પર રહ્યો, પરંતુ એક રૂમાલ પણ ખરીદી શકાય એટલી સહાય જ છે અને માત્ર ૭૫ રૂપિયા અપાય છે. જો ખરેખર રાજય સરકારનો અભિગમ શૈક્ષણિક રીતે માઈનોરિટીઝના વિદ્યાર્થીઓને લાભ આપવાનો હોય તો મારે એટલું જ કહેવું છે કે આ ધોરણમાં કોઈ સુધારો કરવા માગો છો કે કેમ અને શૈક્ષણિક જે લોન આપવામાં આવેલ છે, એની જે ગ્રાન્ટ મળેલ છે એ પૈકી ગુજરાત સરકાર એનો અમલ કરાવવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમના સૂચન સાથેના બે ત્રણ પ્રશ્નો હતા એમાં શરૂઆતના બે પ્રશ્નો હતા એ શૈક્ષણિક લોન અંગેના હતા અને એ આપણું જે અલ્પ સંખ્યક નાણા નિગમ છે એ કરે છે અને નિગમના પ્રશ્નોના જવાબ સામાન્ય રીતે આપણે અહીંયાં આપતા નથી. તેમણે પ્રશ્ન પૂછયો હતો એ વિવિધ શૈક્ષણિક યોજનાઓ માટે રાજય સરકારની વિવધ યોજનાઓ છે એ અંગેની બધી માહિતી મેં પ્રશ્નના જવાબમાં આપેલ છે. તેમણે જે સહાય અને શિષ્યવૃત્તિનાં નીચાં ધોરણ અંગેની વાત કરી છે એ એમનું સૂચન છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું આ પ્રશ્ન પૂછવા પાછળનું હાર્દ માનનીય મંત્રીશ્રી બરાબર સમજયા છે એટલા માટે મારે જાણવું છે કે જયારે આપ જાણો છો કે અલ્પ સંખ્યક નાણા વિકાસ નિગમ તરફથી જે ભેદભાવભરી નીતિ કરીને પૈસા ચૂકવવામાં આવતા નથી, ત્યારે એની ચર્ચા ના કરીએ, પરંતુ મંત્રીશ્રી એટલી ખાતરી તો આપે ને કે આ નિગમના મુદ્દાઓ મંગાવીને આ જે અન્યાય થઈ રહ્યો છે એ દૂર કરવા માટે સરકાર ચિંતિત રહેશે ખરી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ માનનીય સભ્યશ્રીને પૂછયું હો.ત તો કદાચ આ પ્રશ્ન ઉપસ્થિત ના થાત. પરામર્શ સમિતિમાં માનનીય સભ્યશ્રીને સંતોષ એટલા માટે થાય કે તેમણે આ અંગેનો મુદ્દો ઉભો કર્યો હતો. આ નિગમના એમ.ડી. ની હાજરીમાં આ પ્રશ્ન ચર્ચાઈ ગયો અને એમ.ડી. અને સચિવશ્રી સાથે મિટિંગ કરી એમને સંતોષ થાય એ પ્રમાણેની કાર્યવાહી કરી છે.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : હું પૂછવા માગું છું કે આ ૧૮૯૪૯ અરજીઓ મળેલ છે એમાંથી ૧૮૩૦૯ મંજૂર કરી છે અને એમાંથી બાકી ૬૪૦ રહે છે તો એનું શું અને એ કેટલા સમયમાં પૂરું કરવા માગે છે અને આપ લખો છો કે કોઈ પડતર નથી. એ પછી આ વિવિધ યોજનાઓ છે એમાં કઈ કઈ યોજનાઓ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કુલ અરજીઓ આવી છે એ ૧૮૯૪૯ છે એમાંથી ૧૮૩૦૯ મંજૂર કરી છે અને ૬૪૦ નામંજૂર કરવામાં આવેલ છે. આ જે નામંજૂર કરી છે એની અંદર આવકનો જે ક્રાયટેરિયા રાખ્યો છે એના આધારે ૨૦૯ આવક વધારે હોવાને કારણે નામંજૂર કરી છે, પછી જે ૫૦ ટકાનું મેરિટસ રાખ્યું છે એમાં ૫૦ ટકાથી ઓછા ગુણ હોવાને કારણે ૧૫૬ નામંજૂર થઈ છે, રાજય સરકારની કોઈ યોજનાનો લાભ લીધો હોય તો લાભ મળતો નથી એના કારણે ૨૪૧ નામંજૂર થઈ છે, અભ્યાસ છોડી દેવાના કારણે ૨ અને ધાર્મિક લઘુમતિમાં સમાવેશ ન થતો હોવાના કારણે ૫ નામંજૂર અને કેન્દ્ર સરકારે ૨૭ નામંજૂર કરી છે એમ કુલ ૬૪૦ અરજીઓ નામંજૂર કરી છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું કે કઈ કઈ યોજનાઓ માટે, તો રાજય સરકાર પ્રી. એસ.એસ.સી. શિષ્યવૃત્તિ આપે છે વાર્ષિક ૭૫ રૂપિયા ધોરણ ૧ થી ૭ માટે. ગણવેશ આપે છે ૫ થી ૭ ધોરણના ખાનગી શાળામાં ભણતા બાળકો માટે વાર્ષિક ૧૭૫ રૂપિયા વાર્ષિક સ્કોલર શીપ આપે છે ધોરણ અગિયાર માટે ૩૦૦ રૂપિયા સ્કોલરશીપ છે અને ધોરણ ૧૨ માટે ૬૦૦ રૂપિયા. આઈ.ટી.આઈ. કરતા હોય તો માસિક ૧૦૦ રૂપિયાની સ્કોલરશીપ રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. સાથોસાથ કેન્દ્ર સરકાર દ્વારા મેરિટ કમ મીન્સની જે શિષ્યવૃત્તિ છે ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટમાં, એ પણ આપવામાં આવે છે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : કેન્દ્ર સરકારે લઘુમતિઓ માટે પ્રિ-મેટ્રિક યોજનાની જાહેરાત કરેલી છે, તે યોજનાનો અમલ ગુજરાતમાં ચાલુ છે કે કેમ? અને જો નથી તો તેના શાં કારણો છે? લઘુમતિઓની શૈક્ષણિક યોજના માટે કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી? અને કેન્દ્ર સરકારે ફાળવેલ રકમમાંથી કેટલી રકમ પડી રહેલ છે અને તેના શાં કારણો છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા**: શિષ્યવૃત્તિ માટે આપણે આવેલ અરજી મુજબ દરખાસ્ત કરતા હોઈએ છીએ, અને એના આધારે રકમ આવતી હોય છે, એટલે એમાં પડી રહેવાનો સવાલ નથી. બીજો પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિનો સવાલ હતો, રાજય સરકારમાં પણ આપણે એને પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ આપીએ છીએ. કેન્દ્ર સરકાર એને પોતાની યોજના તરીકે દાખલ કરીને કહે છે કે ૭૫ ટકા રકમ અમે આપીએ અને ૨૫ ટકા રાજય સરકાર આપે. આપણે કહ્યું છે કે આ રાજય સરકારની અમારી યોજના ચાલે છે અને જો કેન્દ્ર સરકારે આપવી હોય તો ૧૦૦ ટકા સાથેની યોજના કેન્દ્ર સરકાર આપે તો રાજય સરકાર સ્વીકારવા તૈયાર છે, નહીંતર યોજના બેવડાશે.

**અગ્રતાક્રમ-૨ પ્રશ્ન ક્રમાંક- ૭૫૧૬ - માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**રાજયમાં જિલ્લાવાર સંકટમોચન યોજના હેઠળ ચૂકવેલ સહાય**

**૮૦૮૨ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧મી માર્ચ-૦૯ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી?

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી, સહાય ચૂકવવામાં આવી? અને

(૩) તેની જિલ્લાવાર માહિતી શું છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૧૨૦૯૬

(૨) ૬૨૬૩ અરજીઓ મંજૂર કરી ૬૧૦૨ અરજીઓમાં સહાય ચૂકવવામાં આવેલ છે.

(૩) જિલ્લાવાર વિગતોનું પત્રક આ સાથે સામેલ છે. (પત્રક-૧ તથા ૨)

**પ ત્ર ક - ૧**

**જિલ્લાવાર સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ પૈકી મંજૂર થયેલ અરજીઓ અને ચૂકવેલ સહાયની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧-૩-૦૯ સુધીમાં મળેલ અરજીઓ | તે પૈકી મંજૂર અરજીઓ | તે પૈકી ચૂકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | અમદાવાદ | ૧૯૯૯ | ૧૧૪૨ | ૧૦૯.૮૦ | ૪૪-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં થનાર છે. |
| ૨. | અમરેલી | ૨૬૪ | ૧૪૬ | ૧૪.૬૦ | |
| ૩. | આણંદ | ૭૦૭ | ૩૦૪ | ૩૦.૪૦ | |
| ૪. | બનાસકાંઠા | ૩૦૧ | ૧૪૦ | ૧૪.૦૦ | |
| ૫. | ભાવનગર | ૫૦૦ | ૨૪૦ | ૨૪.૦૦ | |
| ૬. | ભરૂચ | ૨૦૯ | ૧૧૫ | ૧૧.૫૦ | |
| ૭. | દાહોદ | ૨૬૨ | ૮૧ | ૮.૧૦ | |
| ૮. | ડાંગ | ૦૨ | -- | -- | |
| ૯. | ગાંધીનગર | ૧૦૭ | ૬૫ | ૬.૫૦ | |
| ૧૦. | જામનગર | ૪૪૨ | ૨૬૬ | ૨૩.૦૦ | ૩૬-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માસ દરમ્યાન કરી દીધેલ છે. |
| ૧૧. | જૂનાગઢ | ૫૫૯ | ૨૮૦ | ૨૨.૫૦ | ૫૫-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં કરી દીધેલ છે. |
| ૧૨. | ખેડા | ૭૧૦ | ૩૧૮ | ૩૧.૮૦ | |
| ૧૩. | કચ્છ | ૨૬૭ | ૯૯ | ૯.૯૦ | |
| ૧૪. | મહેસાણા | ૪૪૦ | ૨૨૨ | ૨૧.૫૦ | ૦૭-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં કરવામાં આવનાર છે. |
| ૧૫. | નર્મદા | ૧૯૭ | ૮૬ | ૮.૬૦ | |
| ૧૬. | નવસારી | ૧૩૮૩ | ૪૬૫ | ૪૬.૫૦ | |
| ૧૭. | પંચમહાલ | ૪૫૨ | ૩૫૮ | ૩૫.૮૦ | |
| ૧૮. | પાટણ | ૫૫૬ | ૨૮૧ | ૨૮.૧૦ | |
| ૧૯. | પોરબંદર | ૧૬૩ | ૪૨ | ૪.૧૦ | ૧-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં કરવામાં આવનાર છે. |
| ૨૦. | રાજકોટ | ૩૩૯ | ૧૮૪ | ૧૭.૬૦ | ૮-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં કરી દીધેલ છે. |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩૦૩ | ૧૨૪ | ૧૨.૨૦ | ૨-અરજીઓનું જૂન-૦૯ માસમાં ચૂકવણું થનાર છે. |
| ૨૨. | સાબરકાંઠા | ૧૩૧ | ૮૯ | ૮.૧૦ | ૮-અરજીઓનું જૂન-૦૯ માસમાં ચૂકવણું થનાર છે. |
| ૨૩. | સુરત | ૯૩૩ | ૬૦૬ | ૬૦.૬૦ | |
| ૨૪. | વડોદરા | ૪૭૦ | ૩૨૦ | ૩૨.૦૦ | |

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧-૩-૦૯ સુધીમાં મળેલ અરજીઓ | તે પૈકી મંજૂર અરજીઓ | તે પૈકી ચૂકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૨૫. | વલસાડ | ૩૪૮ | ૨૮૫ | ૨૮.૫૦ | |
| ૨૬. | તાપી | ૫૨ | ૦૫ | ૦.૫૦ | |
| | **કુલ :** | **૧૨૦૯૬** | **૬૨૬૩** | **૬૧૦.૨૦** | **૧૬૧** |

**પ ત્ર ક - ૨**
**જિલ્લાવાર સંકટ મોચન યોજનાના લાભાર્થીઓની મળેલ અરજીઓની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧-૩-૦૯ સુધીમાં મળેલ અરજીઓ | તે પૈકી મંજૂર અરજીઓ | તે પૈકી નામંજૂર અરજીઓ | પડતર રહેલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | અમદાવાદ | ૧૯૯૯ | ૧૧૪૨ | ૬૦ | ૭૯૭ |
| ૨. | અમરેલી | ૨૬૪ | ૧૪૬ | ૫૪ | ૬૪ |
| ૩. | આણંદ | ૭૦૭ | ૩૦૪ | ૨૩૨ | ૧૭૧ |
| ૪. | બનાસકાંઠા | ૩૦૧ | ૧૪૦ | ૯૫ | ૬૬ |
| ૫. | ભાવનગર | ૫૦૦ | ૨૪૦ | ૧૯૦ | ૭૦ |
| ૬. | ભરૂચ | ૨૦૯ | ૧૧૫ | ૬૧ | ૩૩ |
| ૭. | દાહોદ | ૨૬૨ | ૮૧ | ૯૪ | ૮૭ |
| ૮. | ડાંગ | ૦૨ | -- | -- | ૦૨ |
| ૯. | ગાંધીનગર | ૧૦૭ | ૬૫ | ૪૧ | ૦૧ |
| ૧૦. | જામનગર | ૪૪૨ | ૨૬૬ | ૫૪ | ૧૨૨ |
| ૧૧. | જૂનાગઢ | ૫૫૯ | ૨૮૦ | ૨૫૮ | ૨૧ |
| ૧૨. | ખેડા | ૭૧૦ | ૩૧૮ | ૨૯૦ | ૧૦૨ |
| ૧૩. | કચ્છ | ૨૬૭ | ૯૯ | ૭૭ | ૯૧ |
| ૧૪. | મહેસાણા | ૪૪૦ | ૨૨૨ | ૧૩૮ | ૮૦ |
| ૧૫. | નર્મદા | ૧૯૭ | ૮૬ | ૨૨ | ૮૯ |
| ૧૬. | નવસારી | ૧૩૮૩ | ૪૬૫ | ૪૪૦ | ૪૭૮ |
| ૧૭. | પંચમહાલ | ૪૫૨ | ૩૫૮ | ૫૪ | ૪૦ |
| ૧૮. | પાટણ | ૫૫૬ | ૨૮૧ | ૧૯૨ | ૮૩ |
| ૧૯. | પોરબંદર | ૧૬૩ | ૪૨ | ૯૦ | ૩૧ |
| ૨૦. | રાજકોટ | ૩૩૯ | ૧૮૪ | ૧૧૪ | ૪૧ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩૦૩ | ૧૨૪ | ૧૨૫ | ૫૪ |
| ૨૨. | સાબરકાંઠા | ૧૩૧ | ૮૯ | ૨૫ | ૧૭ |
| ૨૩. | સુરત | ૯૩૩ | ૬૦૬ | ૧૦૭ | ૨૨૦ |
| ૨૪. | વડોદરા | ૪૭૦ | ૩૨૦ | ૧૨૧ | ૨૯ |
| ૨૫. | વલસાડ | ૩૪૮ | ૨૮૫ | ૨૯ | ૩૪ |
| ૨૬. | તાપી | ૫૨ | ૦૫ | ૧૨ | ૩૫ |
| | કુલ : | ૧૨૦૯૬ | ૬૨૬૩ | ૨૯૭૫ | ૨૮૫૮ |

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે આ સંકટમોચન યોજના અંતર્ગત મંજૂર થયેલ પૈકી ૧૬૧ અરજીઓમાં જે સહાય ચૂકવવાની બાકી છે, એ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે અને બીજું કે ૩૧/૩/૦૯ મુજબ પડતર અરજીઓ ૨૮૫૮ છે. તે પૈકી હાલની સ્થિતિએ કેટલી અરજી પડતર છે? ત્રીજું કે ૨૦૦૮-૦૯માં કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા**: માનનીય સભ્યશ્રીના ૩ પ્રશ્નો છે. એમાં ૩૧/૩ ની સ્થિતિએ ૧૬૧ અરજીઓને જે સહાય ચૂકવવાની બાકી હતી તે પૈકી તાજેતરની પરિસ્થિતિ પ્રમાણે ૯૮ લાભાર્થીઓને ચૂકવણી થઈ ગઈ છે. ૬૩ પૂર્તતા માટે બાકી છે. ૧૫/૭ સુધીમાં બધી અરજીઓને ચૂકવણી થઈ જશે. એમણે પડતર અરજીઓનો પ્રશ્ન પણ પૂછયો છે. તો આજની પરિસ્થિતિએ ૨૮૫૮ પૈકી ૧૬૦૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૪૫૩ નામંજૂર કરવામાં આવી છે અને ૮૦૪ અરજીઓ પડતર છે, જે પૂર્તતા માટે પડતર છે. ત્રીજો પ્રશ્ન હતો કે ૨૦૦૮-૦૯માં કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવાઈ? તો ૭૫૫૯ લાભાર્થીઓને ૭,૫૫,૮૫,૦૦૦/- ચૂકવવામાં આવેલ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : આ યોજનામાં સહાય ચૂકવવાના ધોરણો શું હોય છે? કેમ કે ૩૩ ટકા અરજીઓ નામંજૂર થઈ છે. તો એના કારણો શું છે અને આ ચૂકવવાના ધારાધોરણ અને નિયમો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા**: માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાના ધારાધોરણ છે એ પ્રમાણે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતનું અવસાન થાય તો એને સહાય મળવાપાત્ર છે. મૃત્યુ પામનારની ઉંમર ૧૮ થી ૬૫ વચ્ચેની હોવી જોઈએ. સાથોસાથ એક જ વ્યકિતને એનો લાભ મળતો હોય છે. આ યોજનામાં અરજી સાથે મરણ પ્રમાણપત્ર અને ગરીબી રેખા નીચે જીવતા હોવાનો પુરાવો આપવો પડે છે. નામંજૂર થાય છે તેમ કહ્યું તો આના ક્રાઈટેરિયામાં ઘણા લોકો ઉંમર પછી પણ અરજી કરતા હોય છે અને બી.પી.એલ.માં ન હોય તો પણ અરજી કરતા હોય છે, એના કારણે આ રીજેકશન આવે છે. **શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં જણાવ્યું કે ૧૨૦૯૬ જેટલી અરજીઓ આવી એમાંથી ૬૨૬૩ જેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એક વર્ષનો સમય આપ્યો છે. મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ગરીબી રેખા હેઠળ જીવતા હોય એમાં કમાનાર વ્યકિતનું મૃત્યુ થાય ત્યારે એવા પરિવારને આ લાભ મળતો હોય છે. કમાનાર વ્યકિતનું મૃત્યુ થયું હોય ત્યારે એ કુટુંબ ઉપર આભ તૂટી પડે છે આ સંકટ મોચન નામ બરાબર આપ્યું છે પરંતુ ૬૨૬૩ સિવાયની અડધો અડધ અરજદારો છે એના ઉપર સંકટ આવ્યું અને બીજું કે એની અરજી નામંજૂર કરવામાં કયું સંકટ હતું? સ્ટાફ ઓછો છે, ઇરાદો ઓછો છે, ગ્રાન્ટ ઓછી છે કયા કારણો છે અહીંયા તો અડધો અડધ અરજી પડી રહી છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : અડધા કરતાં વધારે પડતર નથી. (અંતરાય) આ કેન્દ્ર સરકાર દ્વારા દાખલ થયેલી યોજના છે અને કેન્દ્ર સરકાર એ અંગેના નોમ્સ નક્કી કરે છે એ કેન્દ્ર સરકારે જે નોમ્સ નક્કી કરેલા છે એ અગાઉ હું બોલી ગયો છું. નોમ્સમાં ન આવતું હોય અને અરજી કરે એટલે સ્વાભાવિક રીતે એ નામંજૂરીને પાત્ર છે. ૨૮૫૮ પડતર અરજીઓની વાત છે એ ૩૧-૩ સુધીમાં પડતર હતી. ત્યારપછી વચ્ચેનો ગાળો આચાર સહિંતાના કારણે તંત્ર લાંબો વખત એમાં રોકાયેલુ હતું. આજે ફક્ત ૮૦૪ જ અરજીઓ પડતર છે.

## મુન્દ્રા અદાણી પાવર પ્લાન્ટ ખાતે મજૂરોના અપમૃત્યુ

*** ૭૧૭૧ શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ (નસવાડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મુન્દ્રા અદાણી પાવર પ્લાન્ટમાં મે, ૨૦૦૯ દરમિયાન ચીમનીના બાંધકામ દરમિયાન વપરાતી લિફ્ટમાં ખામી હોવાથી મજૂરોના અપમૃત્યુ થવાના કેટલા કિસ્સા તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં બન્યા છે,
(૨) આવી ખામીયુકત લિફ્ટ બાબતે સરકારે કોઈ તપાસ કરી છે કે કેમ, અને
(૩) જો હા, તો તપાસમાં શું જણાઈ આવ્યું, સરકારે આ બાબતમાં શાં પગલાં લીધા?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**
(૧) એક પણ નહિ.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે છઠ્ઠી મેના રોજ મુન્દ્રા પાવર પ્લાન્ટમાં એક ઘટના બની હતી એમાં અહીંયા જવાબમાં જણાવવામાં આવ્યું કે એક પણ મૃત્યુ થયું નહોતું. છઠ્ઠી મેના રોજ અમારા વિસ્તારના મજૂર લોકો પણ આ પાવર પ્લાન્ટ નજીક કામ કરતા હતા એમણે નજરો નજર આ બનાવ જોયો હતો. છઠ્ઠી મેના રોજ પેપરમાં પણ આવ્યું છે. જ્યારે અહીંયા જવાબ આપવામાં આવે છે કે એક પણ મૃત્યુ થયું નથી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે ૧૭મી એપ્રિલે અને છઠ્ઠી મેના રોજ મૃત્યુ પામનારના વારસદારો છે એમને અદાણી તરફથી કે સરકાર તરફથી કોઈ સહાય આપવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય સભ્યશ્રી ધીરૂભાઈએ વાત કરી એમાં જણાવવાનું કે લિફ્ટમાં ખામી હોવાને લીધે કોઈ મૃત્યુ નથી થયું. ચીમનીની અંદર બે લિફ્ટ બનાવવામાં આવી હતી. એક માલની હેરફેર માટે હતી અને બીજી માણસને લાવવા લઈ જવા માટેની હતી. આની અંદર કોઈ બનાવ બન્યો નથી. પરંતુ એ સિવાય ચીમનીની અંદર ચીમની તૈયાર થાય ત્યારે એની અંદર સ્ટ્રકચર રીમુવ કરવા માટે એક કામદાર જે ગડર ઉપર

ઊભો હતો. ચેસીસને ઊંચી કરવાની વાત આવી ત્યારે ૬-૫ના રોજ રાત્રીના ૧૦.૩૦ કલાકે આ બનાવ બન્યો હતો. ગડર ઉપર જે વ્યકિત ઊભી હતી એ ૫ડી ગઈ અને એનું મૃત્યુ થયું. તેનું મૃત્યુ થયા પછી જે workmen compensation act નીચે તેને જે કંઈ મળવાપાત્ર હોય એ Simplex Infrastructure Pvt Ltd., એ કોન્ટ્રાકટર હતા એ કોન્ટ્રાકટરને ત્યાં કામ કરતા મહમદ મુસ્તફી કામદાર હતા, ઉંમર ૩૨ વર્ષ હતી અને તેને જે વળતર મળવું જોઈએ એ રોજનો ૧૪૬ રૂપિયા પગાર મળતો હતો. માસિક તેના ૩૭૯૬ રૂપિયા પગાર હતો. તેને workmen compensation act મુજબ વળતર મળે. તેનો પગાર હોય તેનો અડધો પગાર તેને ગુણ્યા તેની ઉંમરનું ફેકટર. ઉંમરનું ફેકટર છે એ workmen compensation act નીચે આપેલ છે. આ વ્યકિતનો અડધો પગાર થાય તો ૧૮૯૮ રૂપિયા તેનો અડધો પગાર થાય અને ઉંમરનું ફેકટર થાય ૨૦૩.૮૫, એ workmen compensation act નીચે રજૂ થયેલ છે એટલે આ પ્રમાણે તેને મળવાપાત્ર થાય ૩,૮૬,૯૦૭ રૂપિયા. પણ એ વર્કર તો ગુજરી ગયો છે. હવે તેના વારસદાર કોણ છે તેને આપણે વળતર ચૂકવવાનું હોય એટલે આ કંપનીએ તા. ૪-૬-૦૯ના રોજ ૨,૦૦,૦૦૦/- રૂપિયા ex-gratia તરીકે ભુજની લેબર કોર્ટમાં જમા કરાવ્યા છે અને બીજું જે આપવાપાત્ર વળતર હતું તેના ૪,૦૦,૦૦૦/-, અંદાજે ૪,૦૦,૦૦૦/- રૂપિયા રકમ જમા કરાવી છે. હવે તેના કાયદેસર વારસદાર કોણ છે એ નક્કી કરવાનું કામ લેબર કોર્ટનું છે. એ લેબર કોર્ટ કરશે. એટલે તેને વળતર મળી જશે. કોર્ટમાં આ પૈસા તેને ૩,૮૬,૦૦૦/- મળે તેના બદલે ૪,૦૦,૦૦૦/- અને ૨,૦૦,૦૦૦/- ex-gratiaના જમા કરાવેલ છે. હવે કોણ વારસદાર એટલું જ નક્કી કરવાનું છે. વારસદાર હશે તેને કોર્ટ આપી દેશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈએ જે સુધારો કર્યો તેને આવકારું છું. ભૂતકાળની પ્રથા પણ આ હતી કે ટેકનિકલી નકારો નહીં કરી દેવાનો પહેલાં જ. સભ્યશ્રીની પૂછવાની વાતને લાવવી જોઈએ. મારો સવાલ એ છે કે આ ઘટના બની, પી.યુ.સી.એલ.ની ટીમે રિપૉર્ટ સબમીટ કર્યો. It is a criminal negligence. તેમનો મજદૂર ગડર ખેસવતા પડી ગયો અને મરી ગયો. ૩૨ વર્ષનો માણસ અને આપણાં પેટનું પાણી ન હલે? તેની સામે ક્રિમીનલ એકશન લેવાવા જોઈએ. આવો ક્રિમીનલ કેસ તેની સામે કરવાની સરકારની કોઈ વિચારણા છે કે કેમ? કારણ કે અગાઉ પણ ૧૭ એપ્રિલે આવો જ બનાવ બન્યો છે. એ પછી પોલીસ ત્યાં જાય છે. મજદૂરો જે આંદોલન કરતા હતા તેના ઉપર આડેધડ ગોળીબાર થાય છે. શું આ પ્રમાણે આપણે ઈન્ડસ્ટ્રીયાલીસ્ટને રક્ષણ આપીશું તો ગરીબ માણસોનું કોણ કામ કરશે? આ ક્રિમીનલ કેસ, gross ક્રિમીનલ નેગ્લીજન્સી છે તેના માટે આપણે કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આમાં સવાલ બે રીતે હોય, એક જે કોન્ટ્રાકટર હોય કે જે માલિક હોય. તે આ વર્કમાં કોઈ પણ વર્કર ગુજરી જાય તો workmen compensation act નીચે તેને વળતર મળે. પણ સાથોસાથ મૂળ માલિક હોય તેની પણ ફરજ છે. આ સુપરવીઝન રાખવા માટે થઈને. તેમાં અદાણી પાવર લિમિટેડના એમ.ડી. કે જેનું ફૉર્મ ભરવામાં આવે છે કે તમારે ત્યાં કેટલા વર્કર અંદાજે કામ કરશે તેનું રજીસ્ટ્રેશન થયેલું હોય. રજીસ્ટ્રેશનમાં તેના એમ.ડી.નું નામ લખેલ છે. મી. આર.કે. ગુપ્તા. એટલે આર.કે. ગુપ્તા સામે બે ફોજદારી કેસ કર્યા છે. એક ફોજદારી કેસ એવો છે કે તેને workmen compensation act નીચે ફોજદારી કેસ નથી કર્યા. પરંતુ આની અંદર કાયદો લાગુ પડશે. તેને જે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી અધિનિયમ-૧૯૯૬ તેની નીચે લાગુ પડે. કારણ કે હજી તો ફૅક્ટરી અસ્તિત્વમાં નથી આવી. તેનું કામ ચાલુ નથી થયું ત્યાં સુધી ફૅક્ટરી એકટ મુજબ તેની ફોજદારી ન થાય. પણ આના માટે ફોજદારી કરી છે કે તેની ફરજ હતી કે અદ્ધર-ઉપર કામ કરતા હોય તો નીચે તેણે સેફ્ટી નેટ રાખવી જોઈએ. એ સેફ્ટી નેટ નહોતી રાખી એટલે ૭૨/૭ મુજબ તેની સામે એક કેસ કર્યો છે અને બીજો કેસ તેની સામે કર્યો છે કે તેને સેફ્ટી બેલ્ટ આપવો જોઈએ અને બેલ્ટની સાથે તેને સેફ્ટી લાઈફ લાઈન આપવી જોઈએ એ પણ તેને નથી આપી. એટલા માટે થઈને, બન્ને માટે થઈને અદાણી પાવર લિમિટેડના આર.કે. ગુપ્તા સામે કોર્ટ દાખલ કરેલ છે. અત્યારે કેસ છે તે પેન્ડીંગ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આમાં માનનીય અધ્યક્ષશ્રી ક્રિમીનલ કેસ ૩૦૪ લાગે, આમાં ૩૦૪ આઈ.પી.સી. લાગે. તે નીચે કારણ કે પેલામાં તો કંઈ વળવાનું નથી. તેમાં magistrate triable કેસ છે. ૩૦૪ આપે જે કહ્યું. આઈ એપ્રિશિએટ. આ બન્ને વસ્તુ હોવી જોઈએ એ નથી લેવાઈ એટલે ૩૨ વર્ષનો યુવાન મૃત્યુ પામ્યો છે. આ કાળજી નથી લેવાઈ એટલે ૩૦૪ આઈ.પી.સી. બન્ને લેવાય એ માટે સરકારે વિચાર્યું છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦૪ મુજબ કેસ કરવો કે કેમ એ લિગલી તપાસી લઈશું અને થતું હશે તો અમે કોઈને મૂકવાના નથી એ હકીકત છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બાંધકામ ક્ષેત્રે લાખો મજૂરો અનઓર્ગેનાઈઝડ ક્ષેત્રમાં કામ કરે છે અને રાજય સરકાર બાંધકામ ક્ષેત્ર પાસેથી ઘણી બધી રકમની શેષ ઉઘરાવે છે. ત્યારે આ અનઓર્ગેનાઈઝડ ક્ષેત્રના મજૂરોને સોસિયલ સિકયુરીટીના ભાગરૂપે અકસ્માત વીમા યોજના જેમ કિસાનોને આપીએ છીએ એ યોજનાનો લાભ આ ક્ષેત્રના મજૂરોને આપવાનું સરકાર વિચારવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અનઓર્ગેનાઈઝડ લેબર છે એને કાયદા મુજબ વળતર મળતું હોય એ આપીએ છીએ અને આની અંદર સ્પેશિયલ એકટ કર્યો છે. એટલા માટે થઈને એ રીતે છે. કોઈ વળતર

વગરની વ્યકિત ન રહે એ જોવાનું રહે. બેમાંથી એક મળે એના માટે થઈને જનરલ ઇન્સ્યુરન્સ એકટ કે સ્પેશિયલ એકટ નીચે વળતર આપવામાં આવે છે.

**રાજયમાં જિલ્લાવાર સંકટ મોચન યોજનાની મળેલ અર જીઓ**

***૮૦૫૬ શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સંકટ મોચન યોજના અંતર્ગત તા.૩૧મી માર્ચ-૦૯ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,
(૨) તે પૈકી કેટલી મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી, અને
(૩) તેની જિલ્લાવાર વિગતો શું છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧૨૦૯૬
(૨) ૬૨૬૩ અરજીઓ મંજૂર કરી ૬૧૦૨ અરજીઓમાં સહાય ચૂકવવામાં આવેલ છે.
(૩) જિલ્લાવાર વિગતોનું પત્રક આ સાથે સામેલ છે.(પત્રક-૧ તથા ૨)

**પ ત્ર ક - ૧**

**જિલ્લાવાર સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ પેકી મંજૂર થયેલ અરજીઓ અને ચૂકવેલ સહાયની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧-૩-૦૯ સુધીમાં મળેલ અરજીઓ | તે પૈકી મંજૂર અરજીઓ | તે પૈકી ચૂકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | અમદાવાદ | ૧૯૯૯ | ૧૧૪૨ | ૧૦૯.૮૦ | ૪૪-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં થનાર છે. |
| ૨. | અમરેલી | ૨૬૪ | ૧૪૬ | ૧૪.૬૦ | |
| ૩. | આણંદ | ૭૦૭ | ૩૦૪ | ૩૦.૪૦ | |
| ૪. | બનાસકાંઠા | ૩૦૧ | ૧૪૦ | ૧૪.૦૦ | |
| ૫. | ભાવનગર | ૫૦૦ | ૨૪૦ | ૨૪.૦૦ | |
| ૬. | ભરૂચ | ૨૦૯ | ૧૧૫ | ૧૧.૫૦ | |
| ૭. | દાહોદ | ૨૬૨ | ૮૧ | ૮.૧૦ | |
| ૮. | ડાંગ | ૦૨ | -- | -- | |
| ૯. | ગાંધીનગર | ૧૦૭ | ૬૫ | ૬.૫૦ | |
| ૧૦. | જામનગર | ૪૪૨ | ૨૬૬ | ૨૩.૦૦ | ૩૬-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માસ દરમ્યાન કરી દીધેલ છે. |
| ૧૧. | જૂનાગઢ | ૫૫૯ | ૨૮૦ | ૨૨.૫૦ | ૫૫-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં કરી દીધેલ છે. |
| ૧૨. | ખેડા | ૭૧૦ | ૩૧૮ | ૩૧.૮૦ | |
| ૧૩. | કચ્છ | ૨૬૭ | ૯૯ | ૯.૯૦ | |
| ૧૪. | મહેસાણા | ૪૪૦ | ૨૨૨ | ૨૧.૫૦ | ૦૭-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં કરવામાં આવનાર છે. |
| ૧૫. | નર્મદા | ૧૯૭ | ૮૬ | ૮.૬૦ | |
| ૧૬. | નવસારી | ૧૩૮૩ | ૪૬૫ | ૪૬.૫૦ | |
| ૧૭. | પંચમહાલ | ૪૫૨ | ૩૫૮ | ૩૫.૮૦ | |
| ૧૮. | પાટણ | ૫૫૬ | ૨૮૧ | ૨૮.૧૦ | |
| ૧૯. | પોરબંદર | ૧૬૩ | ૪૨ | ૪.૧૦ | ૧-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં કરવામાં આવનાર છે. |
| ૨૦. | રાજકોટ | ૩૩૯ | ૧૮૪ | ૧૭.૬૦ | ૮-અરજીઓનું ચૂકવણું જૂન-૦૯ માં કરી દીધેલ છે. |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩૦૩ | ૧૨૪ | ૧૨.૨૦ | ૨-અરજીઓનું જૂન-૦૯ માસમાં ચૂકવણું થનાર છે. |
| ૨૨. | સાબરકાંઠા | ૧૩૧ | ૮૯ | ૮.૧૦ | ૮-અરજીઓનું જૂન-૦૯ માસમાં ચૂકવણું થનાર છે. |
| ૨૩. | સુરત | ૯૩૩ | ૬૦૬ | ૬૦.૬૦ | |
| ૨૪. | વડોદરા | ૪૭૦ | ૩૨૦ | ૩૨.૦૦ | |
| ૨૫. | વલસાડ | ૩૪૮ | ૨૮૫ | ૨૮.૫૦ | |
| ૨૬. | તાપી | ૫૨ | ૦૫ | ૦.૫૦ | |
| | **કુલ :** | **૧૨૦૯૬** | **૬૨૬૩** | **૬૧૦.૨૦** | **૧૬૧** |

## પ ત્ર ક – ૨
## જિલ્લાવાર સંકટ મોચન યોજનાના લાભાર્થીઓની મળેલ અરજીઓની વિગત

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧-૩-૦૯ સુધીમાં મળેલ અરજીઓ | તે પૈકી મંજૂર અરજીઓ | તે પૈકી નામંજૂર અરજીઓ | પડતર રહેલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | અમદાવાદ | ૧૯૯૯ | ૧૧૪૨ | ૬૦ | ૭૯૭ |
| ૨. | અમરેલી | ૨૬૪ | ૧૪૬ | ૫૪ | ૬૪ |
| ૩. | આણંદ | ૭૦૭ | ૩૦૪ | ૨૩૨ | ૧૭૧ |
| ૪. | બનાસકાંઠા | ૩૦૧ | ૧૪૦ | ૯૫ | ૬૬ |
| ૫. | ભાવનગર | ૫૦૦ | ૨૪૦ | ૧૯૦ | ૭૦ |
| ૬. | ભરૂચ | ૨૦૯ | ૧૧૫ | ૬૧ | ૩૩ |
| ૭. | દાહોદ | ૨૬૨ | ૮૧ | ૯૪ | ૮૭ |
| ૮. | ડાંગ | ૦૨ | -- | -- | ૦૨ |
| ૯. | ગાંધીનગર | ૧૦૭ | ૬૫ | ૪૧ | ૦૧ |
| ૧૦. | જામનગર | ૪૪૨ | ૨૬૬ | ૫૪ | ૧૨૨ |
| ૧૧. | જૂનાગઢ | ૫૫૯ | ૨૮૦ | ૨૫૮ | ૨૧ |
| ૧૨. | ખેડા | ૭૧૦ | ૩૧૮ | ૨૯૦ | ૧૦૨ |
| ૧૩. | કચ્છ | ૨૬૭ | ૯૯ | ૭૭ | ૯૧ |
| ૧૪. | મહેસાણા | ૪૪૦ | ૨૨૨ | ૧૩૮ | ૮૦ |
| ૧૫. | નર્મદા | ૧૯૭ | ૮૬ | ૨૨ | ૮૯ |
| ૧૬. | નવસારી | ૧૩૮૩ | ૪૬૫ | ૪૪૦ | ૪૭૮ |
| ૧૭. | પંચમહાલ | ૪૫૨ | ૩૫૮ | ૫૪ | ૪૦ |
| ૧૮. | પાટણ | ૫૫૬ | ૨૮૧ | ૧૯૨ | ૮૩ |
| ૧૯. | પોરબંદર | ૧૬૩ | ૪૨ | ૯૦ | ૩૧ |
| ૨૦. | રાજકોટ | ૩૩૯ | ૧૮૪ | ૧૧૪ | ૪૧ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩૦૩ | ૧૨૪ | ૧૨૫ | ૫૪ |
| ૨૨. | સાબરકાંઠા | ૧૩૧ | ૮૯ | ૨૫ | ૧૭ |
| ૨૩. | સુરત | ૯૩૩ | ૬૦૬ | ૧૦૭ | ૨૨૦ |
| ૨૪. | વડોદરા | ૪૭૦ | ૩૨૦ | ૧૨૧ | ૨૯ |
| ૨૫. | વલસાડ | ૩૪૮ | ૨૮૫ | ૨૯ | ૩૪ |
| ૨૬. | તાપી | ૫૨ | ૦૫ | ૧૨ | ૩૫ |
| | કુલ : | ૧૨૦૯૬ | ૬૨૬૩ | ૨૯૭૫ | ૨૮૫૮ |

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક-૩માં મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

### અમદાવાદ જિલ્લામાં વૃદ્ધ પેન્શનના ચૂકવણા અંગે

***૮૦૫૭ શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત કયા માસ સુધી સહાયનું ચૂકવણું થયેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

માર્ચ-૨૦૦૯ સુધીનું.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વૃદ્ધ પેન્શન યોજનાનો લાભ અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને મળ્યો છે? બીજો પ્રશ્ન- અમદાવાદ જિલ્લામાં બાકી સહાય ચૂકવવા માટે હાલમાં શું પરિસ્થિતિ છે? ત્રીજો પ્રશ્ન - રાજય સરકારે આ સહાય જલદી અને વહેલી તકે મળે તે માટે શું આયોજન કર્યું છે અને શું કરવા માગે છે? અને રાજયમાં કુલ કેટલા લાભાર્થીઓ આ યોજનાનો લાભ લે છે અને ચોથો પ્રશ્ન એ છે કે, ૨૦૦૮-૨૦૦૯માં આ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીનો પ્રશ્ન હતો કે, અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો છે? આમાં બે યોજનાઓ છે. એક રાજય સરકારની અને એક કેન્દ્ર સરકારની યોજના છે. અમદાવાદ જિલ્લામાં રાજય સરકારના ૧૦૨૪૩ લાભાર્થીઓને એનો લાભ મળ્યો છે અને ભારત સરકારની જે યોજના છે એમાં ૯૦૩૯ લાભાર્થીઓને એનો લાભ મળ્યો છે. બીજો પ્રશ્ન હતો કે, બાકી સહાય ચૂકવવામાં હાલની પરિસ્થિતિ શું છે? અમદાવાદ જિલ્લામાં ૩ પ્રાંત ઑફિસો દ્વારા એનો અમલ થાય છે. એમાં ધોળકા પ્રાંત ઑફિસ દ્વારા મે સુધીનું સંપૂર્ણ ચૂકવણું કરી દીધું છે. બીજી સીટી પ્રાંત ઑફિસ છે એમાં મે સુધીમાં આંશિક ચૂકવણું કર્યું છે અને તેઓએ કહ્યું છે કે, દસ દિવસમાં બાકીનું ચૂકવણું કરી દેશે. વિરમગામ પ્રાંત ઑફિસ છે એનું બિલ બનાવીને ટ્રેઝરી ઑફિસમાં માર્ચમાં મોકલ્યું હતું અને ક્વેરી સાથે પરત આવ્યું હતું. એમનું મે સુધીમાં ચૂકવણાનું આયોજન હતું. જે ટૂંક સમયમાં ચૂકવાઈ જશે. આ સહાય પહેલાં દર બે મહિને ચૂકવવામાં આવતું હતું. આ વખતે સરકારે નિર્ણય લીધો છે કે દર મહિને વૃદ્ધ પેન્શનની રકમ ચૂકવાય. સાથે સાથે કુલ કેટલા

લાભાર્થીઓ આ રાજયમાં છે. તો રાજયમાં રાજય સરકારના લાભાર્થીઓની સંખ્યા ૧,૦૩,૪૨૯ છે અને કેન્દ્ર સરકારના લાભાર્થીઓની સંખ્યા ૧,૦૦,૮૮૦ છે. રાજય સરકારે ૨૦૦૮ની અંદર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવાઈ એવો પ્રશ્ન હતો. તો ૨૦૦૮-૨૦૦૯માં રાજય સરકારે ૧,૦૧,૫૩૬ લાભાર્થીઓને રૂ.૨૬.૪૨ કરોડની સહાય ચૂકવી છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની જે સહાય યોજના છે એ માટે કેન્દ્ર સરકારે કેટલી સહાય આપી છે? અને બીજું અમદાવાદ શહેરમાં કેટલી અરજીઓ થઈ હતી અને કેટલી અરજીઓ પડતર છે એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારને જે દરખાસ્ત મોકલીએ છીએ એ પ્રમાણે જ સહાય આવે છે એટલે એમાં પહેલેથી સહાય આપવામાં આવતી નથી. આપણી પાસે જે અરજીઓ આવે એ આપણે કેન્દ્ર સરકારને મોકલીએ છીએ. એમાંથી આપણને એ ચૂકવવામાં આવે છે. જ્યાં સુધી પડતર અરજીઓનો સવાલ છે એ પ્રમાણે નામંજૂર અરજીઓ ૬ છે. અને જે પડતર અરજીઓ હતી એ ૪૭૮ હતી. એમાંથી ૨૨૯ એ સીટી કલેક્ટર કચેરી અમદાવાદની હતી. વિરમગામ પ્રાંતની ૧૦૯ અને ૧૪૦ ધોળકા પ્રાંતની ચકાસણીના અર્થે આ અરજીઓ પડતર છે. જે પણ ૧૫-૭ પહેલાં ચૂકવણું થઈ જશે.

**તાપી જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

*** ૭૦૦૫ શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નવરચિત તાપી જિલ્લામાં તા:૩૧-૫-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલા શિક્ષિત- અર્ધશિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વ્યારા | ૪૬૬૩ | ૪૩૯ | ૫૧૦૨ |
| ૨ | સોનગઢ | ૩૭૦૨ | ૩૭૨ | ૪૦૭૪ |
| ૩ | વાલોડ | ૨૫૬૦ | ૨૦૬ | ૨૭૬૬ |
| ૪ | નિઝર | ૧૪૩૨ | ૭૧ | ૧૫૦૩ |
| ૫ | ઉચ્છલ | ૧૭૬૭ | ૧૦૯ | ૧૮૭૬ |
| | કુલ : | ૧૪૧૨૪ | ૧૧૯૭ | ૧૫૩૨૧ |

(૨)

| ક્રમ | સમયગાળો | આપવામાં આવેલ રોજગારીની સંખ્યા |
|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૦૭-૦૮ તા:૧-૬-૨૦૦૭ થી તા:૩૧-૫-૨૦૦૮ | ૧૩૪૧ |
| ૨ | ૨૦૦૮-૦૯ તા:૧-૬-૨૦૦૮ થી ૩૧-૫-૨૦૦૯ | ૧૬૬૬ |
| | કુલ : | ૩૦૦૭ |

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શિક્ષિત બેરોજગારો નવરચિત તાપી જિલ્લામાં ૩૧-૫-૨૦૦૯માં ૧૫૩૨૧ જેટલા નોંધણી થયેલા બેરોજગારો પૈકી માત્ર ૩૦૦૦ને જ રોજગારી આપવામાં આવેલી છે જે અત્યંત ચિંતાજનક છે. એક તરફ રાજય સરકાર રોજગારલક્ષી અભિગમની વાત વાત કરે છે બીજી તરફ સંખ્યાબંધ ૧૨હજાર જેટલા બેકાર શિક્ષિત બેરોજગારી ભોગવી રહ્યા છે ત્યારે આવા બેકાર શિક્ષિતને રોજગારીભથ્થું આપવા માગો છો કે કેમ અને બાકીના ક્યારે ભરવા માગો છો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ પહેલા એમ છે કે ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની નોંધણી થઈ છે એટલે નોંધણી જે અગાઉથી થઈ હોય એનું એમનેમ લિસ્ટ હોય, નવા ઉમેરાતા જાય અને અમૂક લોકોને કામ મળે એ ઓછા થતા જાય એટલે ૧૫૩૨૧માંથી જે ૩૦૦૭ લોકોને ૨ વર્ષની અંદર નોકરી મળી છે અને જે બાકીનાને જે નોકરી નથી મળી એના માટે આપ કહો છો કે બેકારી વળતરભથ્થું આપવા માગો છો કે નહીં તો આ બેકાર માટે તમે અને હું બેય ભેગા થઈ અને કેન્દ્ર સરકારને આપણે અરજી કરીએ કે બેકાર લોકોને આપણે ભથ્થું આપવું જોઈએ. એમાં કેન્દ્ર નક્કી કરે એટલી રાજય સરકાર વાત કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતાપક્ષના ચૂંટણી ઢંઢેરામાં હતું કે બેરોજગારોને બેકારીભથ્થું આપીશું. કેન્દ્ર પાસે હાથ લંબાવવાની વાત નહોતી, આપના પાસે ચૂંટણી ઢંઢેરો નહીં હોય મારી પાસે કોપી પડી છે હું આપીશ આપને. મારે તો એ જાણવું છે મારી પાસે ચૂંટણી ઢંઢેરાની કોપી પડી છે હું આપને આપીશ. બેરોજગારીભથ્થું અમે આપીશું એ આપનું વચન હતું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી.. ..(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ભા.જ.પ.ના. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કેન્દ્ર પાસે વાત કરી એટલા માટે મારે કહેવું પડ્યું કે When you say on the one hand (અંતરાય) હું મારા પ્રશ્ન ઉપર આવું છું

**અધ્યક્ષશ્રી** : મારે એ વિનંતી કરવાની છે કે ચૂંટણી ઢંઢેરા ઉપરથી પ્રશ્ન ઉભો નથી કરી શકાતો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એટલા માટે ઉભો થાય છે કે કેન્દ્ર સરકારનો એ પ્રશ્ન નથી, એ જવાબ આપી શકયા હોત. એ જવાબ એવો આપી શકયા હોત કે અમે આપી શકીએ એમ નથી. વાત પૂરી થાય. When there is a political observation I have a right to say. માનનીય અધ્યક્ષશ્રી મારો સવાલ એટલો છે કે ૩૦૦૭ને આપે જે નોકરી આપી છે એમાં સરકારી રીતે કાયમી નોકરી આ પૈકી કેટલાને મળી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા એમણે જે માનનીય શકિતસિંહે વાત કરી કે ચૂંટણી ઢંઢેરામાંની જે વાત કરી છે એ ૫ જ વર્ષમાં અમે દરેક વચનો પાળ્યા છે. અમારા ચૂંટણી ઢંઢેરામાં અને આપ જે કહો છો કે કેન્દ્ર સરકનાર પાસે હાથ લાંબો કરવા જવાની વાત એ કોન્સ્ટીટયૂશનલી કેન્દ્ર સરકારની ફરજ છે કે રાજયને રકમ આપવી જોઈએ એમાં કોઈ ઉપકાર નથી કરતા. એ રાજય સરકાર પાસેથી છ ગણી રકમ લઈ જાય છે અને ૧/૬ ભાગ રાજય સરકારને આપે છે. સરકાર ગમે એની હોય કેન્દ્ર સરકારે ચાલે છે એ તમામ રાજયોના ખભા ઉપર બેસીને કેન્દ્ર સરકાર ચાલે છે. કેન્દ્ર સરકારના આધારે રાજય સરકાર નથી ચાલતી. રાજય સરકાર ટેકસ ઉઘરાવે છે એમાંથી, અને પછી એ રીતે આપીએ છીએ. આપે જે રીતે વાત કરી કે આમાંથી કેટલી નોકરી મળી. આમાંથી ખાનગી ક્ષેત્રમાં ૭૨૬ લોકોને નોકરી મળી અને જાહેર ક્ષેત્રમાં ૨૨૮૧ લોકોને નોકરી મળી છે. ગવર્નમેન્ટ અને સેમી ગવર્નમેન્ટ હોય એ જાહેર ક્ષેત્રમાં આવે છે. જાહેર ક્ષેત્રના લોકો એમ કહે છે કે અમારે આટલા લોકોની જરૂર છે. એમાં જેટલાને નોકરી મળી એને યાદીમાંથી કમી કરીએ છીએ. ઘણાએ પ્રોબેશન ઉપર લીધા હોય એટલે કહું છું કે જાહેર ક્ષેત્રમાં એની જરૂરિયાત મુજબ ૨૨૯૧ લોકોને નોકરી મળી છે અને ખાનગી ક્ષેત્રમાં ૭૨૬ લોકોને મળી છે. કાયમી હોય કે રોજમદાર હોય એના આંકડા અમારી પાસે ન હોય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કાયમી રીતે લીધા છે કે રોજમદાર એના આંકડા આપવા જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : નોકરીમાં લીધા પછી એને કાયમી કરવા કે નહીં એ જાહેર ક્ષેત્રનો અધિકાર છે. અમારી પાસે સરકારમાં જે માહિતી હોય એ પ્રોસિજર પ્રમાણે ન આપતા હોય તો ન મળે. જો એની નોંધ હશે તો જોવડાવી લઈશું અને મોકલાવીશું.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર સોનગઢ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને કયા કયા વિભાગમાં નોકરી આપવામાં આવી છે?

**શ્રી વજુભાઈ વાળા** : ઉચ્છલ તાલુકામાં જે શિક્ષિત હતા એ ૧૭૬૭ હતા અને અર્ધ શિક્ષિત ૧૦૯ હતા એમાંથી ખાનગી ક્ષેત્રમાં ૨૫ લોકોને નોકરી મળી છે અને જાહેર ક્ષેત્રમાં ૧૨૬ લોકોને નોકરી મળી છે.

## નિરીક્ષકની ખાલી જગ્યાઓ ભરવા અંગે

*૮૦૮૮**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ (કાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

૧. તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ બક્ષીપંચ તાલુકા નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે?
૨. તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, કેટલી ખાલી છે, અને
૩. ખાલી જગ્યાઓ પર કેટલા સમયમાં ભરતી કરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

૧. ૫૫
૨. ૪૧ જગ્યાઓ ભરાયેલ છે અને ૧૪ જગ્યાઓ ખાલી છે.
૩. શકય તેટલી વહેલી તકે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ બક્ષીપંચ તાલુકા નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે. માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે ૫૫ જગ્યા મંજૂર થયેલ છે એમાંથી ૪૧ ભરાયેલ છે અને ૧૪ ખાલી છે. તો પંચમહાલ જિલ્લાની કેટલી જગ્યાઓ ખાલી છે એ હું જાણવા માગું છું.

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે એમાં કુલ ૫૫ જગ્યાઓ મંજૂર કરી છે. ૪૧ ભરાયેલ છે અને ૧૪ ખાલી છે. ખાલી છે એમાં અમદાવાદ, પાટણ, સમી, વિરમગામ, કાંકરેજ, બાયડ, શહેરા, પોરબંદર, જેતપુર, ભાણવડ,ખંભાળિયા, ભાવનગર, જાફરાબાદ, ભચાઉ વિગેરે જગ્યાઓ ખાલી છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : પંચમહાલ જિલ્લાના શહેરાની નિરીક્ષકની જગ્યા ખાલી છે તો એ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : પંચમહાલ જિલ્લાની ત્રણ જગ્યાઓમાંથી બે જગ્યા ભરાયેલ છે. લુણાવાડા અને ગોધરા. શહેરા તાલુકાની એક જગ્યા ખાલી છે એ જગ્યા સત્વરે ભરવામાં આવશે.

## અપંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ

*૮૦૮૦ **શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

૧. અપંગ સાધન સહાય યોજના અન્વયે રાજ્યમાં તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી અરજીઓ આવી,
૨. તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને
૩. કેટલી અરજીઓ પડતર છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

૧. ૯૯૫૭
૨. ૮૮૧૩ મંજૂર, ૮૪૮ નામંજૂર
૩. ૨૯૬.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, અપંગ સાધન સહાય યોજના અંતર્ગત ૨૦૦૮-૦૯માં ૮૮૧૩ અરજીઓ મંજૂર થયેલ બતાવ્યું છે. મારે જાણવું છે કે લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કયા સાધનો માટે? ૮૪૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એના કારણો શાં છે? ૨૯૬ અરજીઓ પડતર છે એનો ક્યારે નિકાલ કરવામાં આવશે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૨૦૦૮-૦૯માં ૮૮૧૩ લાભાર્થીઓને ૧.૯૦ કરોડની સાધન સહાય ચૂકવવામાં આવેલ છે. કયા કયા સાધનો માટે માનનીય ધારાસભ્યશ્રીએ પૂછાવ્યું છે, એમાં ટ્રાયસિકલ આપવામાં આવે છે, શ્રવણયંત્ર આપવામાં આવે છે, કેલીપર્સ આપવામાં આવે છે, બેલ્ટ કિટ આપવામાં આવે છે અને રોજગારી માટે કોમ્પ્યુટર રિપેરીંગ વગેરે સાધનો માટે પણ એની સહાય આપવામાં આવે છ. જે ૮૪૮ અરજીઓ નામંજૂર થઈ છે એમાં જે ધોરણ નક્કી કર્યુ છે વિકલાંગતાનું એમાં ૪૦ ટકાથી ઓછી વિકલાંગતા હોય, આવક ૨૫,૦૦૦/- થી વધુ હોય અને ઉંમર ૫૦ વર્ષથી વધુ હોય આ કારણોસર એ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ૨૯૬ જે પડતર અરજીઓ છે એ એકજ જિલ્લામાં સુરેન્દ્રનગર જિલ્લાની હતી અને એમાં બિલ રજૂ થઈ ગયું હતું. પરંતુ ટ્રેઝરી દ્વારા એ પરત આવવાના કારણે મે મહિનાની અંદર એ ચુકવણું થઈ ગયું છે એટલે આજની તારીખે હવે કોઈ ચુકવણું બાકી રહેતું નથી.

## ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભ અંગે

*** ૬૯૯૬ શ્રી હરીલાલ મો. પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

રાજ્યમાં ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર વધારો કરવા રાજ્ય સરકારે તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?

**નાણામંત્રીશ્રી** :

ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ ના નિયમ ૨(૨) (જ) અનુસાર પગાર સુધારણા નિયમો ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડતા નથી.

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે રાજ્યમાં ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર વધારો કરવા રાજ્ય સરકાર ૩૧/૫/૨૦૦૯ સુધીમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે છઠ્ઠું પગાર પંચ હતું એમાં જે લોકો ફીકસ પગારથી સર્વિસ કરતા હોય એવા લોકોને છઠ્ઠા પગાર પંચનો લાભ ના મળે. એને ભૂતકાળમાં પણ બીજા પગાર પંચનો લાભ નહોતો એના માટે થઈને ગુજરાત સિવિલ સર્વિસ રૂલ્સ ૨૦૦૯ એ જે બહાર પાડ્યા છે એની અંદર કોને કોને આ લાભ મળે, કયા વર્ગના સરકારી કર્મચારીઓને આ નિયમ લાગું પડે અને આ નિયમ કોને લાગુ ના પડે. એ લાગુ ના પડે એમાં આ આવી ગયા છે. એકત્રિત પગાર પધ્ધતિ અથવા ફીકસ પગાર પદ્ધતિ પ્રમાણે કામે રાખેલા વ્યકિતઓને આ પગાર પંચનો લાભ ના મળે એવું નક્કી કરેલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પૂછવાનો હાર્દ સાથે સંમત થઈને કારણ કે જે વિકસિત રાજ્યો આખા દેશમાં છે. કયાંય ૪૫૦૦ રૂપિયાથી ઓછે પૈસે શિક્ષિત યુવાનને નોકરીએ નથી

રાખવામાં આવતા. આપણે જે ફીકસ પગાર છે એ પગારો વધારીને સારા યુવાનો તોજ આવશે અત્યારે પણ મળશે, ડબલ ગ્રેજ્યુએટ પણ ૧૫૦૦ માં મળશે પણ આપણે જે ટેલેન્ટેડ સારા યુવાનો સરકારમાં લાવવા માગતા હોઈએ તો એક સ્પર્ધાત્મક આર્થિક ઉપાર્જન પણ આપવું પડે તો ફીકસ પગાર જે છે એ ધોરણો ઘણાં લાંબા સમયથી છે. બીજા રાજ્યોમાં ૪૫૦૦ થી નીચે કયાંય નથી તો આ ફીકસ પગાર ધોરણો વધારવા સરકાર માગે છે કે નહિ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા રાજ્યોનો જે કાંઈ અભ્યાસ કરીને માનનીય સભ્યશ્રીનું જે સૂચન છે,. એ સૂચન ઉપર ધ્યાન દેવા જેવું લાગશે તો જોઈશું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ અગત્યનો પ્રશ્ન છે. આજે સમગ્ર રાજ્યની અંદર આજે લગભગ ફીકસ પગારથી જ કર્મચારીઓ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, મામલતદાર કચેરી, કલેકટર કચેરી દરેક જગ્યાએ ફીકસ પગારથી લેવાનો એક શિરસ્તો પડી ગયો છે. એક બાજુ ફીકસ પગારથી નોકરીએ રખાય અને કરપ્શન એટલું બધું વધ્યું છે કે આ ૪૫૦૦ રૂપિયામાં એમનું કેવી રીતે પૂરું થાય. કરપ્શન એટલું બધું વધી ગયું છે કે જેની કોઈ હદ નહિ. તાલુકા પંચાયત, મામલતદાર કચેરીમાં દલાલો બેસી ગયા છે એટલે મારી વાત એક એવી હતી કે આ ફીકસ પગારમાં કેટલાક સમયથી જે કર્મચારીઓ નોકરી કરે છે એને વહેલામાં વહેલી તકે કાયમી કરવા માગો છો કે કેમ? અથવા તો ૪૫૦૦ રૂપિયાનું જે માનદ વેતન જેવો જે ફીકસ પગાર આપવામાં આવે છે એમાં કાંઈ વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય શકિતસિંહભાઈને કહ્યું એ પ્રમાણે પગાર વધારવા માટે આપનું સૂચન જ છે, બાકી ફીકસ પગારમાં પણ બે પ્રકારના છે. અમુક લોકોને એસ્યુરન્સ છે કે તમે અત્યારે આટલા વર્ષ ફીકસ પગારે સર્વિસ કરશો ત્યારે તમને નિયત પગારની અંદર તમને લેવામાં આવશે અને બીજી રીતે હોય છે એ ફીકસ પગારમાં હોય છે. કેન્દ્રની યોજના પણ ફીકસ પગારની અંદર જ અમુક યોજનાઓ છે. આંગણવાડીની યોજના છે કેન્દ્ર આપણને મદદ કરે છે પૈસાની આપણે એ પ્રમાણે આંગણવાડી તેડાગર બહેનોને એમાં એ રીતે રાખીએ છીએ એટલે આવી રીતે આ ફિકસ પગારની યોજનાઓ છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : કેન્દ્રે વધારી એવી રીતે આપણે કરવા માગીએ છીએ કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : એવી રીતે ફિકસ પગાર આપીએ છીએ. એમાં બે પ્રકારનું છે, એક ફિકસ પગારમાં અમુક વર્ષ પછી પાંચ વર્ષ પછી એને કાયમી કરવામાં આવે છે, અમુક ફિકસ પગારમાં કાયમી જેવું હોતું નથી, એક વર્ષ માટે ટેમ્પરરી ફિકસ પગારથી રાખીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આંગણવાડીની વાત કરી એ તો પ્રોજૅકટ છે અને પ્રોજૅકટ માટે એ અમુક ફિકસ પગારથી રખાય એનો વાંધો નહીં પરંતુ અહીંયા તો જે કાયમી મહેકમમાં છે એની વાત કરીએ છીએ, આનંદીબેન આપ વધારી શક્યા હોત, આપ વધારો તો વાંધો નહીં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ આપ પ્રશ્ન ઉપર આવો, મારા ઉપર ધ્યાન રાખો બાકીના ઉપર ધ્યાન ન રાખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ એમને સૂચના આપો આંગણવાડીના મંત્રીશ્રી સાહેબ અમને ડિસ્ટ્રબ કરે છે. અહીંયા હું કહેવા જતો હતો કે, કાયમી મહેકમ ઉપર એ પોલીસનું મહેકમ હોય, શિક્ષકોનું મહેકમ હોય, પી.એસ.આઈ.નું મહેકમ હોય કે બીજા ક્ષેત્રોમાં લેક્ચરર હોય એ તમામ જગ્યાએ અત્યારે ફિકસ પગારથી રાખવામાં આવે છે • (xxxx) (xxxx) અને એમાં ખાસ કરીને જ્યારે આપણે સુરક્ષા અને શિક્ષણની ચિંતા કરીએ છીએ ત્યારે ૨૫૦૦/-ના પગાર આપી અને કૉન્સ્ટેબલને ત્રાસવાદીઓની સામે લડવાનું કહીએ છીએ, શિક્ષકોને નિરક્ષરતાની સામે લડવાનું કહીએ છીએ અને એમને પગાર માનનીય અધ્યક્ષશ્રી મિનિમમ વેજીસ કરતાં પણ ઓછો આપીએ છીએ. આપણે દરરોજ એક લાખ રૂપિયા હવાઈ ઉડાનમાં કરતા હોઈએ ( અંતરાય) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તો આની અંદર આમાં પગાર વધારવા માગીએ છીએ કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન સ્વીકારાતો નથી. નેકસ્ટ. (અંતરાય) નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૧૧. (અંતરાય) પ્રશ્ન ક્રમાંક-૧૧, શ્રી દેવુસિંહ ચૌહાણ.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : મારો પ્રશ્ન ક્રમાંક-૧૧.

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) વ્યંગાત્મક વાત કરવાની જ નહીં (અંતરાય) પ્રશ્ન ક્રમાંક-૧૧ (અંતરાય)

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : મારો પ્રશ્ન ક્રમાંક-૧૧

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ છાપ્યા પ્રમાણે.

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, (અંતરાય) જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ આ સંસ્થાઓમાં કયા પ્રકારના બાળકોને દાખલ કરવામાં આવે છે ? (અંતરાય) બાળકોને કયા પ્રકારની સગવડ આપવામાં આવે છે તથા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આવી સંસ્થાઓમાં કેટલા બાળકો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય આ પ્રશ્ન એમણે જે પ્રશ્ન, (અંતરાય) આપ બેસી જાઓ, હું જવાબ આપું છું (અંતરાય) પ્રશ્ન મેં શા માટે રદ કર્યો એ હું આપને કહું (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કેન્દ્ર સરકારની ટીકા ત્યાંથી થાય તો વાંધો નહીં, મારા પ્રશ્નનો જવાબ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, એટલે હું ઊભો નથી થયો, એટલા માટે કે આ પ્રશ્ન એમાંથી ઉપસ્થિત થતો નહતો. (અંતરાય) જે પ્રશ્નમાં આપ જે વ્યંગ કરવા માગતા હતા એ વ્યંગ, ભલે એમાંથી ઉપસ્થિત થતો નહતો. આપ મર્યાદાની બહાર જાવ છો અને પછી રક્ષણ માગો છો એ બે વસ્તુ નહીં બને (અંતરાય) આપ મર્યાદાની અંદર રહી, આપે રાજકીય નિરીક્ષણ કર્યા, ગઈ કાલે આપે રાજકીય નિરીક્ષણ કર્યા અને આ બાજુથી એનો જવાબ અપાય એનો વાંધો નથી. પણ જે પ્રશ્ન ફિકસ પગારનો હતો જેની મર્યાદા હતી ત્યાં સુધીના રાજકીય નિરીક્ષણો મે ચલાવ્યા છે ત્યાર પછી (અંતરાય) એ તો ચર્ચામાં કહેજો. પ્રશ્નોત્તરીની અંદર વ્યંગાત્મક આપણે કરી શકતા નથી, પ્રશ્નોત્તરીની અંદર વ્યંગ આપણે લાવી શકતા નથી. તેમ છતાં પણ અર્જુનભાઈ મેં મારી મર્યાદામાં રહીને (અંતરાય) જરા પણ નહીં, મેં એટલા માટે રદ કર્યો કે આપના પ્રશ્નની અંદર એ હવાઈ ઉડાનોવાળી વાત આવતી જ નહતી, હવાઈ ઉડાનોની વાત આજના પેટા પ્રશ્નમાં આવતી જ નહતી એ કયારેય આવતી નહતી.(અંતરાય) તમે બાકીની ફિકસ પગારની અંદર બાકીની બધી જ વાતો કરી, મેં કરવા દીધી છે. (અંતરાય) આપ આપના સભ્યશ્રીને કહો કે એમણે કેવી રીતે પ્રશ્ન પૂછવો જોઈએ. પ્રશ્નના પૂરક પ્રશ્નની મર્યાદા સમજો. (અંતરાય) આપ બેસી જાવ હું રૂલીંગ આપવા તૈયાર છું, નેકસ્ટ પ્રશ્ન-૧૧ ઉપર જવાબ આપો.(અંતરાય) બાકીના તમારા સભ્યોને બેસાડી દો હું ચર્ચા કરવા તૈયાર છું.

**શ્રી ખુમાનસિંહ ર઼ા. ચૌહાણ** : ગઈકાલે મારા પ્રશ્નનો જે જવાબ મળ્યો છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, આપ બેસી જાવ. આપના નેતા બોલે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના તરફથી રક્ષણ અમને મળે એ અમારી અપેક્ષા હોય છે અને આપની ફરજ આપ બજાવો છો. મારો માત્ર એટલો જ સવાલ છે કે અમારા માનનીય સભ્યશ્રી બોલે એટલે સવાલની બદલે બીજો સવાલ કુદાવવા માટે ત્યાંથી પ્રૅશર થાય એ બરાબર નથી. એમના સવાલનો જવાબ મળે બાકીનો વાંધો નથી. એમનો જે સ્પેસીફીક સવાલ છે એનો મંત્રીશ્રી જવાબ આપે.

**અધ્યક્ષશ્રી** : પહેલી વસ્તુ એ છે કે આપણે પ્રશ્નોની મર્યાદામાં રહીને પૂરક પ્રશ્નો પૂછીએ એ સિનિયર મેમ્બરની જવાબદારી છે. ટીકા એ સંભવિત ટીકાની મર્યાદાઓની બહાર જાય. માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ સિનિયર મેમ્બર છે. એમણે ફીકસ પગારના બાકીના જે અવલોકનો કર્યા એ બધા જ રાજકીય અવલોકનોમાં હું વચ્ચે નથી પડયો. પરંતુ જે પ્રશ્ન (અંતરાય) એક મિનિટ અર્જુનભાઈ, પ્લીઝ સીટ ડાઉન (અંતરાય) પ્લીઝ સીટ ડાઉન આઈ એમ ઓન માય લેગ (અંતરાય) ખુમાનસિંહભાઈ, એમણે જે અવલોકન કર્યું.(અંતરાય)

**શ્રી ખુમાનસિંહ ર઼ા. ચૌહાણ** : ગઈકાલના પ્રશ્નના જવાબમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ના ગઈકાલના પ્રશ્નના જવાબ જે છે એની ચર્ચા અંદાજપત્રની ચર્ચા વખતે કરી શકાય.(અંતરાય) આપ એમને કહો કે આ પ્રશ્ન એમાંથી ઊભો થતો નથી. (અંતરાય) ખુમાનસિંહભાઈ, એની ચર્ચા અત્યારે સંભવિત નથી. હું કહું છું બેસી જાવ.(અંતરાય) આજે જે પ્રશ્ન ફીકસ પગારનો હતો એ રાજકીય અવલોકન પાછું ખેંચે. (અંતરાય) ના. મેં પ્રશ્ન ત્યારે રદ કર્યો કે જયારે એમણે એક લાખ રૂપિયાની વાત કરી છે એ આ પ્રશ્નના પૂરક પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો નહોતો. આ પ્રશ્નના પૂરક પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો પ્રશ્ન હોત તો હું એલાઉ કરત. મેં નેકસ્ટ કહીને એમને સ્પેસીફીક પ્રશ્ન (અંતરાય) ખુમાનસિંહભાઈ, આપ બેસી જાવ.ના હવે તો નેકસ્ટ પ્રશ્ન થઈ ગયો છે. મેં નેકસ્ટ કહ્યું છે. દેવુસિંહે બીજો પ્રશ્ન પૂછી લીધો છે.આપ પણ જોઈ લો(અંતરાય) નહીં, ત્યારપછી દેવુસિંહભાઈએ એમનો પ્રશ્ન પૂછયો છે. સ્પેસીફીક સવાલનો જવાબ ત્યારે મળે કે સવાલ સવાલની મર્યાદામાં રહ્યો હોત તો મેં રદ ન કર્યો હોત. મેં સવાલ ત્યારે રદ કર્યો છે કે સવાલના પૂરક પ્રશ્નની મર્યાદામાંથી અર્જુનભાઈ બહાર ગયા છે. અર્જુનભાઈ એ પ્રશ્નની મર્યાદામાંથી બહાર ગયા એટલે મેં એમનો પ્રશ્ન રદ કર્યો છે. નેકસ્ટ કહયું અને પ્રશ્ન ક્રમાંક-૧૧ લીધો છે અને દેવુસિંહભાઈ ઊભા થઈ ગયા છે.(અંતરાય) ના.ના. I don't want any advice.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને સ્પેસીફીક પ્રશ્ન પૂછવા દો.

**અધ્યક્ષશ્રી** : વજુભાઈ, આપ જવાબ આપશો?

**શ્રી વજુભાઈ વાળા** : હાજી.

**અધ્યક્ષશ્રી** : વજુભાઈ, જવાબ આપે છે.તમારો સવાલ પહોંચી ગયો છે. હવે આપનો પ્રશ્ન પતી ગયો છે. જવાબ આપે છે. આપ બેસી જાઓ. શ્રી દિલીપભાઈ આપ બેસી જાઓ (અંતરાય) આપ બેસી જાઓ.

**શ્રી વજુભાઈ વાળા** : બધા શાંતિ રાખો. આપે મને બહાર નીકળીને પૂછયું હોત તો પણ જવાબ આપી દેત. આ જવાબ હાઉસમાં જ દેવો એવું થોડું છે. પછી બીજા અવલોકનો મૂકોને. સવાલ પૂરતી રાખોને મર્યાદા. લક્ષ્મણરેખા દોરી દોને, બધા સભ્યોને કે આની બહાર ન જવું. એમણે સવાલ પૂછયો એમાં ખુમાનસિંહભાઈએ પૂછયું એમાં પણ કહ્યું હતું કે ફિકસ પગારવાળા બે પ્રકારના હોય છે. એક ફિકસ પગારવાળા અમુક સમય પછી એમને એન્સ્યોરન્સ મળે છે કે આટલા વર્ષ પછી હું નિયત પગારમાં દાખલ થઈ જઈશ. બીજાને ફિકસ પગાર નથી મળતો, છતાં આની અંદર જેટલા લોકો છે, કારકુન, વિદ્યાસહાયક, શિક્ષણ સહાયક, વહીવટી સહાયક, સેવક, લોક સેવક વગેરે આ બધા લિસ્ટની રીતે છે એમાં સૂચન હોય તો ગમે ત્યારે સૂચન છે (અંતરાય) વધારવાનું આપનું સૂચન છે. સારામાં સારું સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

**જુવેનાઈલ જસ્ટીસ એકટ અન્વયે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ**

***૮૦૭૮શ્રી દેવુસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ જસ્ટીસ એકટ-૨૦૦૦ હેઠળ હાલ રાજયમાં કેટલી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :**

૪૪ સરકારી સંસ્થા અને ૬૧ સ્વૈચ્છિક સંસ્થાઓ.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળની આ સંસ્થામાં કયા પ્રકારના બાળકોને દાખલ કરવામાં આવે છે. બાળકોને કેવા પ્રકારની સગવડ આપવામાં આવે છે? તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ આવી સંસ્થાઓમાં કેટલાં બાળકો હતાં?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ ૧૮ વર્ષ સુધીના રક્ષણ અને સંભાળની જરૂરિયાતવાળા તેમજ કાયદા સાથે સંઘર્ષ કરતા બાળકોને રાખવામાં આવે છે. એમને સગવડ આપવામાં આવે છે. એમાં મફત આશ્રય આપવો, ભોજનની વ્યવસ્થા કરવી, કપડાં ૬ જોડી આપવાં અને બહાર શિક્ષણ માટેની વ્યવસ્થા કરવી, તબીબી સહાય વગેરેની જોગવાઈ કરવામાં આવે છે. એમનો બીજો પ્રશ્ન એ હતો કે ૩૧-૫ આવી સંસ્થામાં કેટલા બાળકો હતા? તો એમાં બે પ્રકારના બાળકો સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા એવા ૨૧૪૭ બાળકો અને કાયદા સાથે સંઘર્ષ વાળા ૫૬ એમ કુલ ૨૨૦૩ બાળકો આ જુવેનાઈલ જસ્ટીસ એકટ સંસ્થામાં હતાં.

**પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળના લાભાર્થીઓ**

***૮૦૬૨શ્રી મનસુખભાઈ પાં. ભુવા (ધારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ રાજ્યમાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી છે,
(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને
(૩) કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :**

(૧) ૧૩૭૮ વસાહત મંજૂર કરવામાં આવી.
(૨) રૂપિયા ૫૭૫૯.૪૧ લાખ ખર્ચ થયેલ છે.
(૩) ૨૧૫૦૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા

માગું છું કે પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના ધોરણો શું છે અને બીજા લાભાર્થીઓને આ ચુકવણું કેવી રીતે કરવામાં આવે છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે આનું ધોરણ શું છે? એ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી જે ધોરણ આપ્યા છે એ પ્રમાણે આવતા હોય તો સહાય ચુકવવામાં આવે છે. બીજો પ્રશ્ન પૂછયો છે કે આ સહાય ચુકવણીના ધોરણો શું છે. મકાન સહાય મંજૂર થાય તે ૨૦,૦૦૦ નો પહેલો હપ્તો આપવામાં આવે છે. આ વખતથી માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિથી ઘણા સમયથી લાગણી હતી કે બક્ષીપંચના લોકોને માટે તેમાં ૪૦,૦૦૦ રૂપિયાનું ધોરણ હતું, એની અંદર ૪૩૫૦૦ નું ધોરણ કરવામાં આવ્યું છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : આપની મારફત હું જાણવા માગું છું કે આ યોજનામાં છેલ્લા બે વર્ષમાં ઘણાં મકાનો બાંધ્યાં ૨૧૫૦૦ ઉપર. તો મારે જાણવું છે કે આ લાભાર્થીઓની સંખ્યા, માગણીદારો કેટલા હતા? આપણે ૨૧ હજાર મકાનો બનાવ્યા છે. હવે માગણીદારો કેટલા બાકી છે અને કેટલા લાભાર્થીઓની માગણી હતી?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલના તબક્કે આજની પરિસ્થિતિમાં એકપણ લાભાર્થીની માગણી બાકી નથી. જે અપૂર્ણ છે તેમાં અમુક લાભાર્થીઓની પૂર્તતા થયેલ ન હોવાને કારણે, અન્ડર પ્રોસેસ હોવાને કારણે અપૂર્ણ છે. બાકી આજની તારીખે પેન્ડીંગ અરજી એકપણ નથી.

**જામનગર જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

***૮૦૭૯ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) સંત સુરદાસ યોજના અન્વયે જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તેઓને કયાં સુધી સહાય ચુકવેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૩૫૨

(૨) માર્ચ-૨૦૦૯.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તાલુકાવાર કેટલા લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવી છે તેમજ કેટલી વિકલાંગતાવાળી વ્યકિતને કઈ ઉંમર સુધી લાભ આપવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ યોજના હેઠળ જામનગર જિલ્લામાં તાલુકાવાર જઈએ તો જામનગર તાલુકામાં ૧૪૧, કાલાવડ-૧૦, ભાણવડ-૨૧, ધ્રોલ-૭, દ્વારકા-૫૦, જોડીયા-૧૬, જામખંભાળીયા-૪૫, જામજોધપુર-૧૧, જામ કલ્યાણપુર-૩૩, લાલપુર-૧૮ ટોટલ ૩૧૨ લાભાર્થીઓને ૧૨ લાખ ૯૮ હજાર ની સહાય ચુકવવામાં આવેલ છે. તેમણે ઉંમરની વાત કરી છે તો આ જે સંત સુરદાસ યોજના છે તે બે તબકકા છે. તેમાં ૦ થી ૧૮ સુધી રૂા.૨૦૦ અને ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરવાળાને રૂા.૪૦૦ આપવામાં આવે છે અને તેમાં વિકલાંગતાનું ધોરણ-૭૫ ટકા રાખવામાં આવેલ છે. આ ૪૫ વર્ષ સુધી ચુકવાય છે અને ત્યારબાદ વૃધ્ધાવસ્થાનો લાભ તેમને આપવામાં આવે છે.

**બક્ષીપંચના વર્ગો માટે નોન ક્રીમીલેયરના આવકની મર્યાદા અંગે**

*** ૭૩૪૦ શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) ભારત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જ્ઞાતિને નોન-ક્રીમીલેયરની આવક મર્યાદા રૂા.સાડા ચાર લાખ તા. ૧૪-૧૦-૨૦૦૮ના રોજ ઠરાવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ભારત સરકારની ઉપરોકત જોગવાઈની અનુસરણમાં રાજય સરકારે ક્રીમીલેયરની આવા મર્યાદામાં કોઈ સુધારો કર્યો નથી તે હકીકત સાચી છે,

(૩) જો ના, તો શાં કારણો છે, અને

(૪) ચાલુ શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને આ જોગવાઈનો લાભ મળતો થાય તે માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) હા,જી

(૨), (૩) અને (૪) પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભારત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને નોક ક્રીમીલેયર આવક મર્યાદામાં રૂા.સાડા ચાર લાખ ૧૪-૧૦-૦૮ના રોજ ઠરાવ્યું તે હકીકત સાચી છે? જો હા તો રાજય સરકારે આ આવક મર્યાદામાં કોઈ સુધારો કર્યો નથી તે હકીકત સાચી છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ અગાઉ આપેલ છે. ક્રીમીલેયરની આવક મર્યાદા ૪-૧૦-૦૮ના હુકમથી વધારી છે. અત્યારે ૨ લાખ ૫૦ હજાર ચાલુ છે. ભારત સરકારની યોજના પ્રમાણે વિચારણા હેઠળ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા વ્યાજબી છે. ક્રિમીલેયરની આવક મર્યાદા કેન્દ્ર સરકારે વધારી આપી છે. તેનો પરિપત્ર તા. ૧૪-૧૦-૦૮માં થઈ ગયો છે અને આપણે અત્યારે જુન-૨૦૦૯માં છીએ. આ સંજોગોમાં સભ્યશ્રીની ચિંતા છે તે મુજબ આ વિચારણામાં લાંબો સમય કાઢયા વગર જેટલા વહેલા આ ક્રીમીલેયરનો અમલ કરશો તેટલા વધારે લાભાર્થીઓ લાભ લઈ શકવાના છે. તો આ વિચારણા કેટલા સમયમાં પૂર્ણ કરવા માગીએ છીએ.

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને વાત કરું કે અત્યારે રાજય સરકારની વિચારણા હેઠળ છે. જેમ બને તેમ સત્વરે અને તેમાં અમૂક આચારસંહિતા આવી તેના કારણે વિલંબ થયેલ છે. જેમ બને તેમ સત્વરે આમાં આગળ વધીશું.

**જુવેનાઈલ જસ્ટીસ એકટ અન્વયે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ**

*** ૮૦૫૫ શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ જુવેનાઈલ જસ્ટીસ એકટ-૨૦૦૦ હેઠળ હાલ રાજયમાં કેટલી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

૪૪-સરકાર સંસ્થા અને ૬૧ સ્વૈચ્છિક સંસ્થાઓ.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા :** માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબથી સંતોષ છે.

**સુરત અને તાપી જિલ્લામાં કુંવરબાઈના મામેરાની મળેલ અરજીઓ**

***૭૧૧૧ શ્રી પ્રભુભાઈ ના. વસાવા (સોનગઢ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨ તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, અને

(૩) કેટલી રકમની સહાય વર્ષવાર ચૂકવાઈ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

**(૧)** તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૭૯ અરજીઓ મળી.

(૨) કુલ ૧૫૩ અરજીઓ મંજૂર કરી અને ૨૪ નામંજૂર કરી.

(૩) વર્ષ ૨૦૦૭-૦૮- રૂ.૫.૫૦ લાખ
વર્ષ ૨૦૦૮-૦૯- રૂ. ૨.૧૫ લાખ.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મંજૂર કરેલ ૧૫૩ અરજીઓ પૈકી વર્ષવાર કેટલા લાભાથીઓને સહાય ચુકવવામાં આવી છે અને કેટલાને ચુકવવાની બાકી છે. જે ૨૪ અરજીઓ નામંજૂર કરી છે તો તે કયા કારણોસર નામંજૂર કરી છે. જે અરજીઓ નામંજૂર કરી છે તેની પૂર્તતા કરીને સહાય આપવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : આ જે ૨૪ નામંજૂર કરી છે તેમાં ૧ આવક મર્યાદા વધારે હોવાને કારણે...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**કલોલ તાલુકામાં ઓદ્યોગિક એકમોમાં કરેલ ચેકીંગ અંગે**

૭૫૧૬ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં કાયદાકીય જોગવાઇ કરતાં વધુ કલાકો કામ લેવા અને લઘુત્તમ વેતન ન આપવા બાબતે વર્ષ ૨૦૦૮/૦૯ માં ઉદ્યોગોમાં કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યું, અને | (૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં લઘુત્તમ વેતન ધારા, ૧૯૪૮ હેઠળ ૧૬૫૬ એકમોમાં ચેકીંગ કરવામાં આવેલ છે. જ્યારે કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ ૧૨૦ એકમોમાં ચેકીંગ કરવામાં આવેલ છે. |
| (૨) ચેકીંગ દરમ્યાન કસુરવાર ઉદ્યોગો ઉપર કયા પગલાં ભરવામાં આવ્યા ? | (૨) ચેકીંગ દરમ્યાન કસુરવાર ૨૬ સંસ્થા સામે લઘુત્તમ વેતન ધારા, ૧૯૪૮ હેઠળ ફોજદારી કોર્ટમાં ૪૬ કેસો દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૩૫ ફોજદારી કેસોનો નિકાલ થતાં રૂા.૨૪,૮૦૫/- નો દંડ નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે. જ્યારે કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ ૬ (છ) કેસો દાખલ કરવામાં આવેલ છે. જે હાલ કોર્ટમાં પડતર છે. |

**બક્ષીપંચના વર્ગો માટે નોન - ક્રીમીલેયરની આવકની મર્યાદા અંગે**

૭૩૪૧**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જ્ઞાતિને નોન-ક્રીમીલેયરની આવક મર્યાદા રૂપિયા સાડા ચાર લાખ તા. ૧૪-૧૦-૨૦૦૮ ના રોજ ઠરાવી છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ભારત સરકારની ઉપરોક્ત જોગવાઇની અનુસરણમાં રાજ્ય સરકારે ક્રીમીલેયરની આવક મર્યાદામાં કોઇ સુધારો કર્યો નથી તે હકીક્ત પણ સાચી છે, | (૨), (૩) અને (૪) : પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૩) જો ના, તો શાં કારણો છે, અને | |
| (૪) ચાલુ શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને આ જોગવાઇનો લાભ મળતો થાય તે માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ? | |

------------

**પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ વસાહતો**

૮૦૪૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ રાજ્યમાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્લસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી છે, અને | (૧) ૧૩૭૮ વસાહત મંજૂર કરવામાં આવી. |
| (૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) રૂા.૫૭૫૯.૪૧ લાખ ખર્ચ થયેલ છે અને ૨૧૫૦૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

**છઠ્ઠા પગાર પંચ અન્વયે મળવાપાત્ર એરીયર્સની રકમ અંગે**

૭૦૦૧ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ તા. ૧-૧-૨૦૦૬ થી આપેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) છઠ્ઠા પગાર પંચની ભલામણોનો રાજ્ય સરકાર દ્વારા મહદ અંશે સ્વીકાર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ છઠ્ઠા પગાર પંચ મુજબ સરકારી કર્મચારીઓને મળવાપાત્ર એરીયર્સની રકમ પાંચ વર્ષ સુધી પી.એફ. માં જમા કરાવવાના નિર્ણય સામે વિરોધ કરતી કેટલી ફરિયાદ રાજ્ય સરકારને તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં મળી છે, અને | (૨) તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં કુલ બે (૨) રજૂઆત મળેલ છે. |
| (૩) રાજ્ય સરકાર આ એરીયર્સની રકમ ટૂંકા ગાળામાં ચૂકવવા શું આયોજન કરેલ છે ? | (૩) એરીયર્સના હપ્તા અંગેના નિર્ણયમાં કોઈ ફેરફાર કરવાનો રહેતો નથી. |

------------

**ભરૂચ જિલ્લામાં વેચાણવેરા પેટે વસુલ લેવાની બાકી રકમ**

૭૧૧૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં વેચાણવેરા પેટે કેટલી રકમ વસુલ કરવાની | (૧) રૂા.૫૧૩.૧૦ કરોડ. |

બાકી છે,

(૨) આ બાકી રકમમાં પાંચ લાખ કે વધુ વેચાણ વેરાની રકમ બાકી હોય તેવા ઉદ્યોગગૃહોની કેટલી સંખ્યા છે, અને

(૨) ૧૨૪.

(૩) આ બાકી રકમ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

------------

**ફિક્સ પગારના કર્મચારીઓને પગાર વધારવા માટે મળેલ રજૂઆતો**

૭૦૦૮**શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં ફિક્સ પગારના કર્મચારીઓને અત્યંત ઓછો પગાર આપવામાં આવે છે તે સંજોગોમાં છઠ્ઠા પગાર પંચના અમલીકરણ પછી હવે ફિક્સ પગારના કર્મચારીઓનો પગાર રાજ્ય સરકાર વધારવા અંગેની કેટલી રજૂઆતો તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં સરકારને મળી, અને

(૧) કુલ-૭ (સાત) રજૂઆતો મળેલ છે.

(૨) મળેલ રજૂઆતો પછી રાજ્ય સરકાર ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં વધારો કરવા માંગે છે કે કેમ ?

(૨) આ અંગે હાલમાં કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી.

------------

**રાજ્ય સરકારના દેવા સામે વ્યાજની ચૂકવેલ રકમ**

૮૦૩૪ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ રાજ્યનું વધતું જતું દેવું વધતા જતા વ્યાજ બોજાના કારણે પણ છે તે હકીક્ત સાચી છે,

(૧) ના.

(૨) જો હા, તો ઊંચા વ્યાજની રકમો પરત કરી ઓછા વ્યાજની રકમ લેવા છતાં ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વ્યાજની રકમ વધતી રહી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો ગત ત્રણ વર્ષમાં આ સ્થિતિએ વર્ષવાર કેટલી રકમના દેવા સામે કેટ કેટલું ખર્ચ વ્યાજ અન્વયે ચૂકવવામાં આવ્યું ?

------------

**કુંવરબાઇનું મામેરા યોજનાના લાભાર્થીઓ**

૮૦૪૯ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

રાજ્યમાં બક્ષીપંચની કેટલી બહેનોને છેલ્લા બે વર્ષમાં કુંવરબાઇનું મામેરા યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો છે ?

૭૨૫૯.

------------

## જૂનાગઢ જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ

૮૦૮૪**શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંત સુરદાસ યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા-લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૫૦૭. |
| (૨) તેઓને ક્યાં સુધી સહાય ચૂકવેલ છે ? | (૨) માર્ચ-૨૦૦૯. |

------------

## વડોદરા જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ

૮૦૫૧**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંત સુરદાસ યોજના અન્વયે વડોદરા જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૧,૮૮૦. |
| (૨) તેઓને ક્યાં સુધી સહાય ચૂકવેલ છે ? | (૨) માર્ચ-૨૦૦૯. |

------------

## સાતફેરા સમૂહ લગ્ન યોજનાના લાભાર્થીઓ

૭૦૧૧**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અને અનુસૂચિત જાતિના યુગલોને લગ્ન માટે મદદરૂપ થવા રાજ્ય સરકારની સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ અને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલા યુગલોને તેનો લાભ આપવામાં આવ્યો, | (૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ૧૬૨૫ અને અનુસૂચિત જાતિના ૪૧૯ યુગલોને લાભ આપવામાં આવ્યો છે. |
| (૨) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૧૮૭ તથા અનુસૂચિત જાતિની ૫૧૮ અરજીઓ પડતર છે. |
| (૩) આ યોજનામાં તે અન્વયે બજેટમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને કેટલો ખર્ચ કર્યો ? | (૩) |

| વર્ષ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ | | અનુસૂચિત જાતિ | |
|---|---|---|---|---|
| | ફાળવેલ રકમ | કરેલ ખર્ચ | ફાળવેલ રકમ | કરેલ ખર્ચ (રૂા.લાખમાં) |
| ૨૦૦૭-૦૮ | ૩૮.૮૦ | ૩૮.૮૦ | ૧૩.૧૮ | ૧૩.૧૬ |
| ૨૦૦૮-૦૯ | ૫૧.૦૭ | ૫૧.૦૭ | ૧૪.૭૨ | ૧૪.૫૩ |

------------

## ગરબાડા તાલુકા મથકે તિજોરી કચેરી શરૂ કરવા અંગે

૭૭૦૭**શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકા બનાવ્યા બાદ તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ તાલુકા તિજોરીની કચેરી બનાવવા માટે જમીનની ફાળવણી કરવા છતાં આ તિજોરી કચેરીનું કામ શરૂ નહીં થવાના કારણો શા છે, અને | (૧) નાણાકીય વ્યવહારોનું કાર્યભારણ ધ્યાને લેતાં પેટા તિજોરી કચેરી શરૂ નહી કરવાનો સરકારે નિર્ણય લીધેલ છે. |
| (૨) કેટલા સમયમાં આ કામ હાથ ધરી કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સુરત જિલ્લામાં વેટની ચૂકવણી ન કરનાર ઓદ્યોગિક એકમો

૭૨૮૪**શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧મી માર્ચ-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેટ હેઠળ રજીસ્ટર થયેલ યુનીટો, ઓદ્યોગિક સંસ્થાની સંખ્યા કેટલી, અને

(૨) આ પેકી આ સ્થિતિએ વેટની ચૂકવણી બાકી હોય એવી કેટલી સંસ્થા, ઓદ્યોગિક યુનિટો છે ?

**જવાબ**

(૧) રજીસ્ટર થયેલ યુનીટો-૩૫૩૬ અને ઓદ્યોગિક સંસ્થા-૫.

(૨) ૨ યુનીટ.

------------

## કચ્છ જિલ્લામાં નવી આઇ.ટી.આઇ. સંસ્થા શરૂ કરવા અંગે

૮૦૩૩**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી સરકારી આઇ.ટી.આઇ. છે,

(૨) જે તાલુકાઓમાં સરકારી આઇ.ટી.આઇ. નથી ત્યાં સરકારી નવી આઇ.ટી.આઇ. શરૂ કરવા સરકાર માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યાં અને ક્યારે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ સરકારી આઈ.ટી.આઈ. છે.

| ક્રમ | તાલુકાનું નામ | સરકારી આઈ.ટી.આઈ. ની સંખ્યા | સંસ્થાનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | અંજાર | ૧ | અંજાર |
| ૨ | ભચાઉ | ૧ | ભચાઉ |
| ૩ | ભૂજ | ૧ | ભૂજ |
| ૪ | ગાંધીધામ | ૧ | ગાંધીધામ |
| ૫ | લખપત | ૧ | પાનન્ધ્રો |
| ૬ | માંડવી | ૧ | માંડવી |
| ૭ | મુન્દ્રા | ૧ | મુન્દ્રા |
| ૮ | રાપર | ૧ | રાપર |

(૨) અબડાસા અને નખત્રાણા ખાતે સરકારી આઈ.ટી.આઈ. નથી તે પેકી અબડાસા ખાતે નવી સરકારી આઈ.ટી.આઈ. વર્ષ ૨૦૦૯-૧૦ માં શરૂ કરવાનું આયોજન છે.

(૩) ખંડ નંબર-૨ મુજબ.

------------

## બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજનાના લાભાર્થીઓ

૭૨૮૭**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુંવરબાઇનું મામેરું યોજના અન્વયે તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) આ સહાય પેકી જે લાભાર્થીઓને બાકી છે તે સરકાર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સાતફેરા સમૂહલગ્ન યોજનાના લાભાર્થીઓ

૭૦૦૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુસુચિત જાતિના યુગલોને લગ્ન માટે મદદરૂપ થવા રાજ્ય સરકારની સાતફેરા સમુહલગ્ન યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલા યુગલોને તેનો લાભ આપવામાં આવ્યો,

**જવાબ**

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ૧૬૨૫ અને અનુસૂચિત જાતિના ૪૧૯ યુગલોને લાભ આપવામાં આવ્યો છે.

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૧૮૭ તથા અનુસૂચિત જાતિની ૫૧૮ અરજીઓ પડતર છે.

(૩) આ યોજનાનો ખર્ચ બજેટના ક્યા સદરે પાડવામાં આવે છે?

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે ""બીસીકે-૧૨૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના સમુહલગ્ન માટે નાણાંકીય સહાય. ""તથા અનુસૂચિત જાતિ માટે મુખ્ય સદર-""૨૨૨૫ અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ પેટા સદર બીસીકે-૫૭ માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમુહ લગ્નને નાણાંકીય સહાય.""

------------

**વેલ્યુ એડેડ ટેક્ષના રીટર્ન ફોર્મ અંગે**

૭૩૫૩**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વેલ્યુ એડેડ ટેક્ષ-વેટના રીટર્ન ફાઈલ કરવા માટેનું ફોર્મ તા. ૧લી એપ્રિલથી તા. ૩૦મી જૂન સુધીમાં ભરવાનું થાય છે તે હકીકત સાચી છે,

(૨) આ ફોર્મ વેપારીઓને તા. ૧લી એપ્રિલે મળી જવું જોઈએ તે હકીક્ત સાચી છે,

(૩) આ ફોર્મ તા. ૧લી જૂન સુધી પણ બહાર પડયું નથી તે હકીક્ત સાચી છે, અને

(૪) આ સંજોગોમાં બાકીના ફક્ત ૨૫ જેટલા દિવસોમાં જ રાજ્યના પાંચ લાખ જેટલા વેપારીઓને આ ફોર્મ ભરવામાં પડનારી અને ઓછા સમયમાં ફોર્મ નહી ભરી શક્વાને કારણે ઉભી થનારી તકલીફો દૂર કરવા સરકારે શું આયોજન કર્યું છે?

**જવાબ**

(૧) ના, જી. ગુ.મૂ.વ.વેરા નિયમો, ૨૦૦૬ના નિયમ ૧૯ની જોગવાઈ મુજબ માસિક રીટર્ન માસ પૂરો થયેથી દિન-૩૦ માં, ત્રિમાસિક રીટર્ન ત્રિમાસ પૂરો થયેથી દિન-૩૦ માં અને વાર્ષિક રીટર્ન વર્ષ પૂરૂં થયેથી ત્રણ માસમાં ભરવાનું થાય છે.

(૨) પેટા ખંડ (૧) ના સંદર્ભમાં નાજી.

(૩) ના, જી. તા.૧-૪-૦૮ થી એડીશનલ ટેક્ષનો અમલ થતાં ફોર્મ-૨૦૫ માં સુધારો જ બહાર પાડવાનો બાકી હતો, જે તા.૧૦-૬-૦૯ ના રોજ બહાર પાડેલ છે.

(૪) (ક) તમામ પ્રકારના ફોર્મ બહાર પાડેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(ખ) તા.૧-૪-૦૮ થી એડીશનલ ટેક્ષનો અમલ થતાં ફોર્મ-૨૦૫ માં સુધારો જ બહાર પાડવાનો બાકી હતો, જે તા.૧૦-૬-૦૯ ના રોજ બહાર પાડેલ છે.

(ગ) ફોર્મ ભરવાની મુદત તા.૩૦-૭-૦૯ સુધી લંબાવી આપવામાં આવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૭૦૧૬**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા નોંધાયેલા છે.

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૦૭૫૭ | ૧૬૨૬ | ૧૨૩૮૩ |
| ૨ | મેંદરડા | ૧૨૬૫ | ૭૦ | ૧૩૩૫ |
| ૩ | તાલાલા | ૧૯૪૫ | ૧૬૧ | ૨૧૦૬ |
| ૪ | સુત્રાપાડા | ૧૭૬૭ | ૩૧ | ૧૭૯૮ |
| ૫ | વેરાવળ | ૩૭૩૭ | ૨૬૪ | ૪૦૦૧ |
| ૬ | કોડીનાર | ૩૯૭૮ | ૫૭ | ૪૦૩૫ |
| ૭ | માળીયા-હાટીના | ૨૮૨૧ | ૧૪૮ | ૨૯૬૯ |
| ૮ | માંગરોળ | ૪૫૦૩ | ૨૮૭ | ૪૭૯૦ |
| ૯ | કેશોદ | ૩૯૯૭ | ૨૧૪ | ૪૨૧૧ |
| ૧૦ | માણાવદર | ૨૬૬૩ | ૧૮૯ | ૨૮૫૨ |
| ૧૧ | વંથલી | ૧૮૭૯ | ૧૫૫ | ૨૦૩૪ |
| ૧૨ | ભેંસાણ | ૭૮૯ | ૪૭ | ૮૩૬ |
| ૧૩ | વિસાવદર | ૧૪૨૪ | ૧૦૧ | ૧૫૨૫ |
| ૧૪ | ઉના | ૩૦૩૭ | ૧૦૧ | ૩૧૩૮ |
| | કુલ : | ૪૪૫૬૨ | ૩૪૫૧ | ૪૮૦૧૩ |

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

(૨)

| સમયગાળો | રોજગારી |
|---|---|
| (વર્ષ ૨૦૦૭-૨૦૦૮)<br>૧-૬-૨૦૦૭ થી ૩૧-૫-૨૦૦૮ | ૪૯૧૯ |
| (વર્ષ ૨૦૦૮-૨૦૦૯)<br>૧-૬-૨૦૦૮ થી ૩૧-૫-૨૦૦૯ | ૪૭૨૦ |
| કુલ : | ૯૬૩૯ |

------------

**પંચમહાલ જિલ્લામાં પગી જ્ઞાતિના વિધાર્થીઓને બક્ષીપંચમાં સમાવવાના પ્રમાણપત્રો આપવા અંગે**

૮૦૨૪ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં પગી જ્ઞાતિ સમૂહના જાતિનો બક્ષીપંચ જ્ઞાતિ સમૂહમાં સમાવેશ થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા પગી જ્ઞાતિના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્રો આપ્યા,

(૩) આ જાતિ પ્રમાણપત્રો ન આપવાના કારણો શાં છે, અને

(૪) આવી પગી જ્ઞાતિના વિદ્યાર્થીઓને કેટલા સમયમાં જાતિ પ્રમાણપત્રો આપવા માંગો છો?

**જવાબ**

(૧) ના, જી.

(૨), (૩) અને (૪) : પગી જાતિનો સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગની યાદીમાં સમાવેશ થયેલ ન હોવાથી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય**

૮૦૭૭ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ગણવેશ યોજનામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) ૨૯,૦૭,૯૬૧ વિદ્યાર્થીઓને

(૨) રૂા. ૪૩,૬૧,૯૪,૦૭૫/-

**રાજ્ય સરકારનું જાહેર અને બાહ્ય દેવું**

૭૦૭૬ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યનું જાહેર દેવું અને બાહ્ય દેવું તા. ૧-૫-૦૯ની સ્થિતિએ કેટલું છે, અને

(૨) આ દેવા ઉપર રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કેટ કેટલું વ્યાજ ચૂકવ્યું છે ?

**જવાબ**

(૧) જાહેર દેવું રૂા.૮૫૮૨૯ કરોડ (અંદાજીત) બાહ્ય દેવું : શૂન્ય.

(૨) વ્યાજ ચૂકવણી (રૂા.કરોડમાં)

| નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ (અંદાજીત) |
|---|---|
| ૬૬૭૭ | ૭૦૬૫ |

**રાજ્યમાં કુંવરબાઈનું મામેરૂ યોજનાના લાભાર્થીઓ**

૮૦૯૦ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં બક્ષીપંચની કેટલી બહેનોને છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો છે ?

**જવાબ**

૭૨૫૯.

### કુંવરબાઈનું મામેરૂ યોજનાના લાભાર્થીઓ

૮૦૬૫ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં બક્ષીપંચની કેટલી બહેનોને છેલ્લા બે નાણાકીય વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો છે? | ૭૨૫૯ |

------------

### જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ કાર્યરત બોર્ડ

૮૦૮૧**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ હેઠળ રાજ્યમાં કુલ કેટલી ચાઈલ્ડ વેલ્ફેર ક્મીટી અને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ કાર્યરત છે? | ૨૪ ચાઈલ્ડ વેલ્ફેર ક્મીટી તથા ૨૪ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ. |

------------

### દાહોદ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી

૭૨૨૩ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રોજગાર વિનિમય ક્ચેરીમાં કુલ કેટલા શિક્ષિત બેરોજગાર નોંધાયેલ છે, | (૧) ૨૩૮૮૪ |
| (૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને | (૨) ૧૦૪૮૪ |
| (૩) તે પૈકી વર્ષવાર કુલ કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી? | (૩) |

| વર્ષ | |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૯ |
| ૨૦૦૮-૦૯ | ૪૭ |
| કુલ : | ૬૬ |

------------

### રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિ

૭૧૮૭ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર અનુસુચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને પ્રતિભાશાળી રાજ્ય શિષ્યવૃત્તિ આપવામાં આવી ? | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આ ખાતા હસ્તક પ્રતિભાશાળી રાજ્ય શિષ્યવૃત્તિની યોજના અમલમાં નથી. પરંતુ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૦ અને ધો.૧૨ ની પરીક્ષામાં પ્રથમ ક્મ મેળવતાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવાની યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯ ના વર્ષમાં વડોદરાની એક વિદ્યાર્થીનીને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવેલ છે. |

------------

### આણંદ જિલ્લામાં રૂા. ૫ લાખથી વધુ વસુલ લેવાનો બાકી વેચાણવેરો

૭૧૦૮ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પાંચ લાખ કે તેથી વધુ રક્મની વેચાણવેરાની રક્મ વસુલ કરવાની બાકી હોય તેવા કેટલા ઉદ્યોગ ગૃહો | (૧) ૩૯ ઉદ્યોગ ગૃહો પાસેથી રૂા.૩૯.૭૦ ક્રોડની રક્મ બાકી છે. |

છે, કેટલી રકમ બાકી છે, અને

(૨) આવી બાકી રકમ સત્વરે વસુલ કરવા સરકારે શાં પગલાં લીધા?

(૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

------------

**વલસાડ જિલ્લામાં સ્થાનિક યુવાનોને રોજગારી**

૭૩૮૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં આવેલ ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક યુવાનોને રોજગારી આપવાના પરિપત્ર અન્વયે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કેટલી વખત ચકાસણી કરવામાં આવી, અને | (૧) સ્થાનિક યુવાનોને રોજગારી આપવાના પરિપત્ર અન્વયે તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર છ માસિક ધોરણે, ૪ (ચાર) વખત માહિતી મેળવી ચકાસણી કરવામાં આવી. |
| (૨) તે અન્વયે સ્થાનિક યુવાનોને રોજગારી ન આપી હોય તેવા કેટલા કિસ્સા સરકારના ધ્યાને આવ્યા? | (૨) ૬૬. |

------------

**બક્ષીપંચના વર્ગો માટે નોન-ક્રીમીલેયરની આવક મર્યાદાના અમલ અંગે**

૭૨૧૯ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભારત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની નોન-ક્રીમીલેયરની આવક મર્યાદા રૂા. ૪.૫ લાખ તા. ૧૪-૧૦-૨૦૦૮ના રોજ ઠરાવી છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ભારત સરકારની ઉપરોક્ત જોગવાઈની અનુસરણમાં રાજ્ય સરકારે ક્રીમીલેયરની આવક મર્યાદામાં કોઈ સુધારો કર્યો નથી તે હકીક્ત પણ સાચી છે, | (૨), (૩) અને (૪) : પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૩) તેના શા કારણો છે, આ બાબત પડતર રહેવા માટે કોણ જવાબદાર છે, અને | |
| (૪) ચાલુ શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને આ જોગવાઈનો લાભ મળતો થાય તે માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે? | |

------------

**માતા પિતાને તરછોડનાર સંતાનોને સજા કરવાના કાયદાના અમલ અંગે**

૭૦૬૩ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માતા પિતાને તરછોડનાર સંતાનોને સજા કરવાના કેન્દ્ર સરકારે બનાવેલા ગુજરાત મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન્સ એક્ટ-૨૦૦૭નો અમલ રાજ્યમાં કરવાનો સરકારે ક્યારે નિર્ણય કર્યો, | (૧) તા.૭-૧૦-૨૦૦૮ થી |
| (૨) રાજ્ય સરકારના સેધ્ધાંતિક સ્વીકાર પછી તે કાયદા અન્વયે જરૂરી નિયમો રાજ્ય સરકારે ક્યારે બનાવ્યા, અને | (૨) રાજ્ય સરકારે નિયમો તા.૧૯-૫-૨૦૦૯ થી બનાવ્યા છે. |
| (૩) આ કાયદો ક્યારથી અમલમાં આવશે? | (૩) કાયદો હાલ રાજ્યમાં અમલમાં છે. |

**વડોદરા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૭૫૫૦ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા બેરોજગારોને આ સ્થિતિએ કેવા પ્રકારની નોકરીઓમાં સમાવેશ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૩૩૦૮૬ |
| ૨ | કરજણ | ૧૬૦૫ |
| ૩ | પાદરા | ૨૫૪૦ |
| ૪ | સાવલી | ૨૬૦૩ |
| ૫ | વાઘોડીયા | ૮૬૫ |
| ૬ | ડભોઈ | ૧૮૪૨ |
| ૭ | સંખેડા | ૨૬૮૭ |
| ૮ | જેતપુર પાવી | ૧૯૨૯ |
| ૯ | છોટાઉદેપુર | ૧૬૪૦ |
| ૧૦ | ક્વાંટ | ૧૧૩૮ |
| ૧૧ | નસવાડી | ૭૦૮ |
| ૧૨ | શિનોર | ૫૧૦ |
| | કુલ | ૫૧૧૫૩ |

(૨) ૭૪૫૪

ગ્રામ મિત્ર, વિદ્યાસહાયક અને મદદનીશ શિક્ષક જેવી સરકારી નોકરીઓમાં સમાવેશ કરવામાં આવેલ છે.

------------

**વિદેશ અભ્યાસની મળેલ અરજીઓ**

૮૦૬૯ **શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશમાં અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૦૭-૦૮માં અને ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૭-૦૮ માં ૫૫ અરજીઓ તથા વર્ષ-૨૦૦૮-૦૯ માં ૬૨ અરજીઓ મળી.

(૨) ૬૯ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) ૧૯ અરજી નામંજૂર કરવામાં આવી.

------------

**જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ કાર્યરત બોર્ડ**

૮૦૫૮ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ હેઠળ રાજ્યમાં કુલ કેટલી ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ કાર્યરત છે ?

**જવાબ**

૨૪ ચાઈલ્ડ વેલ્ફેર કમીટી તથા ૨૪ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ.

------------

**આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૮૧૬૨ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં કેટલા બેરોજગાર ભાઈ-બહેનોએ રોજગાર વિનિમય કચેરીમાં રોજગારી મેળવવા નામ નોંધણી કરી, અને

(૨) નામ નોંધણી કરાવનારાઓમાંથી કેટલા યુવાન ભાઈ-બહેનોને સરકાર ધ્વારા નોકરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|
| ૭૧૪૬ | ૧૮૯૨ | ૯૦૩૮ |

(૨)

| ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|
| ૨૮૪૯ | ૭૧૪ | ૩૫૬૩ |

------------

**દત્તક બાળકોની કામગીરીની સ્વૈચ્છિક સંસ્થાઓ**

૮૦૫૯ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં બાળકો દત્તક અંગેની કામગીરી કરતી સરકારી અને સ્વૈચ્છિક કેટલી સંસ્થાઓ આવેલી છે, અને

(૨) રાજ્યમાં ક્યાં ક્યાં કાર્યરત છે ?

**જવાબ**

(૧) ૯ સરકારી અને ૧૦ સ્વૈચ્છિક સંસ્થાઓ.

(૨)

| સરકારી | | સ્વૈચ્છિક | |
|---|---|---|---|
| ૧. અમદાવાદ - | ૧ | અમદાવાદ - | ૩ |
| ૨. વડોદરા - | ૧ | સુરત - | ૧ |
| ૩. સુરત - | ૧ | સુરેન્દ્રનગર - | ૧ |
| ૪. સુરેન્દ્રનગર - | ૧ | ભાવનગર - | ૧ |
| ૫. ભરૂચ - | ૧ | જામનગર - | ૧ |
| ૬. નવસારી - | ૧ | રાજકોટ - | ૧ |
| ૭. પાલનપુર - | ૧ | નડીયાદ - | ૧ |
| ૮. ગોધરા - | ૧ | કચ્છભુજ - | ૧ |
| ૯. હિંમતનગર - | ૧ | | |
| કુલ :- | ૯ | કુલ :- | ૧૦ |

------------

**પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૭૧૮૯ **શ્રી સી.કે.રાઉલજી(ગોધરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બેરોજગારોની કેટલી સંખ્યા નોંધાયેલી છે, અને

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને વર્ષવાર રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૪૬૮૩

(૨)

| સમયગાળો | રોજગારી |
|---|---|
| વર્ષ ૨૦૦૭-૦૮<br>તા. ૧-૬-૨૦૦૭ થી<br>૩૧-૫-૨૦૦૮ | ૧૦૫૧૭ |
| વર્ષ ૨૦૦૮-૦૯<br>તા. ૧-૬-૨૦૦૮ થી<br>૩૧-૫-૨૦૦૯ | ૫૯૧૦ |
| કુલ :- | ૧૬૪૨૭ |

------------

## અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૭૦૯૯ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા શિક્ષિત અર્ધ શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૭૪૧૪૪ | ૫૦૬૪ | ૭૯૨૦૮ |
| ૨ | દશક્રોઈ | ૨૦૦૩ | ૩૩૪ | ૨૩૩૭ |
| ૩ | વિરમગામ | ૧૮૦૪ | ૨૭૧ | ૨૦૭૫ |
| ૪ | ધોળકા | ૧૩૦૨ | ૧૮૧ | ૧૪૮૩ |
| ૫ | ધંધુકા | ૭૯૫ | ૧૪૧ | ૯૩૬ |
| ૬ | રાણપુર | ૫૮ | ૨ | ૬૦ |
| ૭ | દેત્રોજ | ૩૪૧ | ૫૯ | ૪૦૦ |
| ૮ | બરવાળા | ૧૩૦ | ૬ | ૧૩૬ |
| ૯ | માંડલ | ૫૦૦ | ૪૦ | ૫૪૦ |
| ૧૦ | સાણંદ | ૧૬૭૦ | ૨૫૦૬ | ૪૧૭૬ |
| ૧૧ | બાવળા | ૬૦૪ | ૯૯ | ૭૦૩ |
| | કુલ | ૮૩૩૫૧ | ૮૭૦૩ | ૯૨૦૫૪ |

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી અમદાવાદ ધ્વારા કેટલા બેરોજગારોને રોજગારી આપી ?

(૨) ૫૦૯૩૩

------------

## ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૭૧૯૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૨૪૨૨ | ૧૮૧ | ૨૬૦૩ |
| ૨ | કઠલાલ | ૨૫૦૬ | ૧૩૬ | ૨૬૪૨ |
| ૩ | કપડવંજ | ૩૨૩૮ | ૧૬૮ | ૩૪૦૬ |
| ૪ | વિરપુર | ૧૭૦૩ | ૨૨ | ૧૭૨૫ |
| ૫ | બાલાસિનોર | ૧૮૯૫ | ૭૫ | ૧૯૭૦ |
| ૬ | ખેડા | ૮૦૦ | ૮૪ | ૮૮૪ |
| ૭ | માતર | ૧૫૪૨ | ૧૩૧ | ૧૬૭૩ |
| ૮ | ઠાસરા | ૩૦૨૮ | ૨૩૨ | ૩૨૬૦ |
| ૯ | મહુધા | ૧૩૪૮ | ૧૨૭ | ૧૪૭૫ |
| ૧૦ | નડિયાદ | ૧૧૫૬૯ | ૧૫૭૦ | ૧૩૧૩૯ |
| | કુલ : | ૩૦૦૫૧ | ૨૭૨૬ | ૩૨૭૭૭ |

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

(૨) ૬૩૫૨.

------------

## સુરત જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૭૦૧૫ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં આવેલ રોજગાર વિનિમય કચેરી ખાતે શિક્ષિત-અર્ધ શિક્ષિત બેરોજગારોની કેટલી સંખ્યા નોંધાયેલા છે, અને

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા

| | | |
|---|---|---|
| ૧ | શિક્ષિત | ૪૦૯૩૫ |
| ૨ | અર્ધશિક્ષિત | ૩૪૨૩ |
| ૩ | કુલ : | ૪૪૩૫૮ |

(૨) સરકારે આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી માટેની તકો પૂરી પાડી ?

(૨) ૨૯૪૪૮.

**સાબરકાંઠા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજનાની પડતર અરજીઓના નિકાલ અંગે**

૮૦૨૭**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૯૭૦૭. |
| (૨) તે પેકી કેટલી મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી અને કેટલી પડતર છે, | (૨) ૭૨૦૭ મંજૂર<br>૧૮૩૮ નામંજૂર<br>૬૬૨ પડતર |
| (૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા માસ સુધીનું ચૂકવણું કરવામાં આવેલ છે, અને | (૩) હિંમતનગર અને મોડાસા પ્રાંતમાં મે-૦૯ સુધી અને ઈડર પ્રાન્તનું માર્ચ-૦૯ સુધી સહાયનું ચુકવણું કરવામાં આવેલ છે. |
| (૪) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) પડતર અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે. |

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૭૩૮૬ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ તેમજ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૫-૦૯ સુધીમાં આણંદ અને ખેડા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે.

**જવાબ**

(૧)

| ક્રમ | સમયગાળો | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૨૦૦૭-૦૮ | ૧૭૮૬૩ |
| ૨. | ૨૦૦૮-૦૯ | ૧૮૫૯૮ |
| ૩. | ૨૦૦૯-૧૦ તા. (૩૧-૫-૨૦૦૯ સુધી) | ૧૨૩૩ |
| | કુલ : | ૩૭૭૪૪ |

(૨) તે પેકી કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, અને

(૨) ૧૫૬૨૪.

(૩) સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં કેટલાને નોકરીઓ મળી ?

(૩)

| | | |
|---|---|---|
| ૧. | સરકારી ક્ષેત્ર | ૬૧૩૫ |
| ૨. | ખાનગી ક્ષેત્ર | ૯૪૮૯ |
| ૩. | કુલ : | ૧૫૬૨૪ |

------------

**ભિલોડા તાલુકાના શામળાજી ખાતે વેચાણવેરા કચેરી બનાવવા અંગે**

૭૪૪૩**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી ખાતે વેચાણવેરાની ઓફિસ બનાવવા ૬ આદિવાસી પરિવારોના મકાન સીલ કરી એમની ખેતીની જમીન એક્વાયર કરવાની કામગીરી ચાલે છે તે હકીકત સાચી છે, | (૧) શામળાજી ખાતે આઉટ ગોઈંગ ચેક-પોસ્ટના હેતુ માટે જમીનનો કબજો જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ વાણિજ્યિક વેરા ખાતાને તા. ૨૨-૫-૨૦૦૯ના રોજ પ્રાપ્ત થયેલ છે. |
| (૨) રાજ્ય સરકારે આ આદિવાસી ખેડૂતોની શું | (૨) જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની |

વૈકલ્પીક વ્યવસ્થા કરેલ છે, અને ક્યા નિયમના આધારે તેમને ખસેડવામાં આવી રહયા છે, અને

જોગવાઈ મુજબ રોડ, રસ્તા, કેનાલ વગેરે જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવામાં આવે ત્યારે સંપાદીત થતી જમીનનું વળતર ચુકવવામાં આવે છે. સંપાદીત થતી જમીનના બદલામાં પુનઃવસન માટે જમીન આપવાની જોગવાઈ નથી.

(૩) રાજ્ય સરકારે શામળાજીથી ૧.૫ કિ.મી. દૂર નવી બનાવેલ વેચાણવેરાની ઓફિસનો શું ઉપયોગ કરવા માગે છે ?

(૩) રાજ્ય સરકારે શામળાજીથી ૧.૫ કિ.મી. દુર બનાવેલ વેચાણવેરાની ઓફીસોની આવક વાહનોની સઘ ન ચકાસણી, જપ્ત કરેલ માલના સ્ટોરેજ, કોમ્પ્યુટર ડેટા એંટ્રી ચેકપોસ્ટની વહીવટી કામગીરી માટે ઉપયોગ થાય છે.

------------

## રાજ્ય સરકારને વેચાણવેરા પેટે થયેલ આવકના લક્ષ્યાંક અંગે

૭૦૦૬**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારને વેચાણવેરા પેટે વર્ષવાર કેટ કેટલી આવક મળી, અને

(૧)

| વર્ષ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૫૧૦૪.૫૪ (નેટ) (પ્રોવિઝનલ) |
| ૨૦૦૮-૦૯ | ૧૬૮૦૯.૫૬ (નેટ) (પ્રોવિઝનલ) |

(૨) તે અન્વયે વર્ષવાર કેટ કેટલો લક્ષ્યાંક હતો ?

(૨)

| વર્ષ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૫૦૮૦.૦૦ (નેટ) |
| ૨૦૦૮-૦૯ | ૧૭૦૨૩.૦૦ (નેટ) |

------------

## રાજ્ય સરકારનું જાહેર દેવું અને બાહ્ય દેવું

૬૯૯૭ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૪-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારનું જાહેર દેવું અને બાહય દેવું કેટલું છે, અને

(૧) જાહેર દેવું : રૂા. ૮૫૮૨૯ કરોડ (અંદાજીત)
બાહ્ય દેવું : શૂન્ય

(૨) આ દેવા ઉપર છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારે કેટલું વ્યાજ ચૂક્વ્યું ?

(૨)
વ્યાજ ચૂકવણી (રૂા. કરોડમાં

| નાણાકીય વર્ષ | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ (અંદાજીત) |
| ૬૬૭૭ | ૭૦૬૫ |

------------

## રાજ્યમાં જિલ્લાવાર સંકટ મોચન યોજનાના લાભાર્થીઓ

૮૦૮૬**શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧મી માર્ચ-૦૯ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૧) ૧૨૦૯૬

(૨) તે પેકી કેટલી મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) ૬૨૬૩ અરજીઓ મંજુર કરી, ૬૧૦૨ અરજીઓમાં સહાય ચુકવવામાં આવેલ છે.

(૩) તેની જિલ્લાવાર વિગતો શું છે ?

(૩) જીલ્લાવાર વિગતોનું પત્રક આ સાથે સામેલ

છે. (પત્રક-૧ તથા ૨)

## પત્રક-૧

### જિલ્લાવાર સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ પેકી મંજુર થયેલ અરજીઓ અને ચૂકવેલ સહાયની વિગત

| અ. નં. | જિલ્લાનું નામ | ૩૧-૩-૦૯ સુધીમાં મળેલ અરજીઓ | તે પેકી મંજુર અરજીઓ | તે પેકી ચુક્વેલ સહાયની રકમ (રૂા. લાખમાં) | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | અમદાવાદ | ૧૯૯૯ | ૧૧૪૨ | ૧૦૯.૮૦ | ૪૪-અરજીઓનું ચુક્વણું જુન-૦૯માં થનાર છે. |
| ૨. | અમરેલી | ૨૬૪ | ૧૪૬ | ૧૪.૬૦ | |
| ૩. | આણંદ | ૭૦૭ | ૩૦૪ | ૩૦.૪૦ | |
| ૪. | બનાસકાંઠા | ૩૦૧ | ૧૪૦ | ૧૪.૦૦ | |
| ૫. | ભાવનગર | ૫૦૦ | ૨૪૦ | ૨૪.૦૦ | |
| ૬. | ભરૂચ | ૨૦૯ | ૧૧૫ | ૧૧.૫૦ | |
| ૭. | દાહોદ | ૨૬૨ | ૮૧ | ૮.૧૦ | |
| ૮. | ડાંગ | ૦૨ | - | - | |
| ૯. | ગાંધીનગર | ૧૦૭ | ૬૫ | ૬.૫૦ | |
| ૧૦. | જામનગર | ૪૪૨ | ૨૬૬ | ૨૩.૦૦ | ૩૬-અરજીઓનું ચુક્વણું જુન-૦૯ માસ દરમ્યાન કરી દીધેલ છે. |
| ૧૧. | જુનાગઢ | ૫૫૯ | ૨૮૦ | ૨૨.૫૦ | ૫૫-અરજીઓનું ચુક્વણું જુન-૦૯માં કરી દીધેલ છે. |
| ૧૨. | ખેડા | ૭૧૦ | ૩૧૮ | ૩૧.૮૦ | |
| ૧૩. | કચ્છ | ૨૬૭ | ૯૯ | ૯.૯૦ | |
| ૧૪. | મહેસાણા | ૪૪૦ | ૨૨૨ | ૨૧.૫૦ | ૦૭-અરજીઓનું ચુક્વણું જુન-૦૯માં કરવામાં આવનાર છે. |
| ૧૫. | નર્મદા | ૧૯૭ | ૮૬ | ૮.૬૦ | |
| ૧૬. | નવસારી | ૧૩૮૩ | ૪૬૫ | ૪૬.૫૦ | |
| ૧૭. | પંચમહાલ | ૪૫૨ | ૩૫૮ | ૩૫.૮૦ | |
| ૧૮. | પાટણ | ૫૫૬ | ૨૮૧ | ૨૮.૧૦ | |
| ૧૯. | પોરબંદર | ૧૬૩ | ૪૨ | ૪.૧૦ | ૧-અરજીઓનું ચુક્વણું જુન-૦૯માં કરવામાં આવનાર છે. |
| ૨૦. | રાજકોટ | ૩૩૯ | ૧૮૪ | ૧૭.૬૦ | ૮-અરજીઓનું ચુક્વણું જુન-૦૯માં કરી દીધેલ છે. |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩૦૩ | ૧૨૪ | ૧૨.૨૦ | ૨- અરજીઓનું જુન-૦૯માસમાં ચુક્વણુ થનાર છે. |
| ૨૨. | સાબરકાંઠા | ૧૩૧ | ૮૯ | ૮.૧૦ | ૮-અરજીઓનું જુન-૦૯ માસમાં ચુક્વણુ થનાર છે. |
| ૨૩. | સુરત | ૯૩૩ | ૬૦૬ | ૬૦.૬૦ | |
| ૨૪. | વડોદરા | ૪૭૦ | ૩૨૦ | ૩૨.૦૦ | |
| ૨૫. | વલસાડ | ૩૪૮ | ૨૮૫ | ૨૮.૫૦ | |
| ૨૬. | તાપી | ૫૨ | ૦૫ | ૦.૫૦ | |
| | કુલ : | ૧૨૦૯૬ | ૬૨૬૩ | ૬૧૦.૨૦ | ૧૬૧ |

## પત્રક-૨

### જિલ્લાવાર સંકટ મોચન યોજનાના લાભાર્થીઓની મળેલ અરજીઓની વિગત

| અ. નં. | જિલ્લાનું નામ | ૩૧-૩-૦૯ સુધીમાં મળેલ અરજીઓ | તે પેકી મંજુર અરજીઓ | તે પેકી નામંજુર અરજીઓ | પડતર રહેલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | અમદાવાદ | ૧૯૯૯ | ૧૧૪૨ | ૬૦ | ૭૯૭ |
| ૨. | અમરેલી | ૨૬૪ | ૧૪૬ | ૫૪ | ૬૪ |
| ૩. | આણંદ | ૭૦૭ | ૩૦૪ | ૨૩૨ | ૧૭૧ |
| ૪. | બનાસકાંઠા | ૩૦૧ | ૧૪૦ | ૯૫ | ૬૬ |
| ૫. | ભાવનગર | ૫૦૦ | ૨૪૦ | ૧૯૦ | ૭૦ |
| ૬. | ભરૂચ | ૨૦૯ | ૧૧૫ | ૬૧ | ૩૩ |
| ૭. | દાહોદ | ૨૬૨ | ૮૧ | ૯૪ | ૮૭ |
| ૮. | ડાંગ | ૦૨ | - | - | ૦૨ |
| ૯. | ગાંધીનગર | ૧૦૭ | ૬૫ | ૪૧ | ૦૧ |
| ૧૦. | જામનગર | ૪૪૨ | ૨૬૬ | ૫૪ | ૧૨૨ |
| ૧૧. | જુનાગઢ | ૫૫૯ | ૨૮૦ | ૨૫૮ | ૨૧ |
| ૧૨. | ખેડા | ૭૧૦ | ૩૧૮ | ૨૯૦ | ૧૦૨ |
| ૧૩. | કચ્છ | ૨૬૭ | ૯૯ | ૭૭ | ૯૧ |
| ૧૪. | મહેસાણા | ૪૪૦ | ૨૨૨ | ૧૩૮ | ૮૦ |
| ૧૫. | નર્મદા | ૧૯૭ | ૮૬ | ૨૨ | ૮૯ |

| અ. નં. | જિલ્લાનું નામ | ૩૧-૩-૦૯ સુધીમાં મળેલ અરજીઓ | તે પૈકી મંજુર અરજીઓ | તે પૈકી નામંજુર અરજીઓ | પડતર રહેલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧૬. | નવસારી | ૧૩૮૩ | ૪૬૫ | ૪૪૦ | ૪૭૮ |
| ૧૭. | પંચમહાલ | ૪૫૨ | ૩૫૮ | ૫૪ | ૪૦ |
| ૧૮. | પાટણ | ૫૫૬ | ૨૮૧ | ૧૯૨ | ૮૩ |
| ૧૯. | પોરબંદર | ૧૬૩ | ૪૨ | ૯૦ | ૩૧ |
| ૨૦. | રાજકોટ | ૩૩૯ | ૧૮૪ | ૧૧૪ | ૪૧ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩૦૩ | ૧૨૪ | ૧૨૫ | ૫૪ |
| ૨૨. | સાબરકાંઠા | ૧૩૧ | ૮૯ | ૨૫ | ૧૭ |
| ૨૩. | સુરત | ૯૩૩ | ૬૦૬ | ૧૦૭ | ૨૨૦ |
| ૨૪. | વડોદરા | ૪૭૦ | ૩૨૦ | ૧૨૧ | ૨૯ |
| ૨૫. | વલસાડ | ૩૪૮ | ૨૮૫ | ૨૯ | ૩૪ |
| ૨૬. | તાપી | ૫૨ | ૦૫ | ૧૨ | ૩૫ |
| | કુલ : | ૧૨૦૯૬ | ૬૨૬૩ | ૨૯૭૫ | ૨૮૫૮ |

------------

## રાજ્યમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળના લાભાર્થીઓ

૮૦૯૪ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ રાજ્યમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી છે, અને

(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે અને કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૩૭૮ વસાહત મંજૂર કરવામાં આવી.

(૨) રૂા. ૫૭૫૯.૪૧ લાખ ખર્ચ થયેલ છે અને ૨૧૫૦૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

------------

## સુરત અને તાપી જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી

૭૧૧૨**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિતા | કુલ |
|---|---|---|---|---|
| | | સુરત જિલ્લો | | |
| ૧ | સુરત સીટી | ૨૨૪૦૬ | ૨૪૨૯ | ૨૪૮૩૫ |
| ૨ | ચોર્યાસી | ૩૬૪૫ | ૨૩૮ | ૩૮૮૩ |
| ૩ | ઓલપાડ | ૨૮૮૫ | ૨૩૨ | ૩૧૧૭ |
| ૪ | કામરેજ | ૧૨૬૪ | ૭૬ | ૧૩૪૦ |
| ૫ | પલસાણા | ૬૬૬ | ૩૩ | ૬૯૯ |
| ૬ | બારડોલી | ૨૦૩૫ | ૭૪ | ૨૧૦૯ |
| ૭ | માંડવી | ૩૫૧૦ | ૧૨૫ | ૩૬૩૫ |
| ૮ | મહુવા | ૨૦૪૧ | ૭૨ | ૨૧૧૩ |
| ૯ | માંગરોલ | ૧૭૪૧ | ૧૩૦ | ૧૮૭૧ |
| ૧૦ | ઉમરપાડા | ૭૪૨ | ૧૪ | ૭૫૬ |
| | સુરત-કુલ | ૪૦૯૩૫ | ૩૪૨૩ | ૪૪૩૫૮ |
| | | તાપી જિલ્લો | | |
| ૧ | વ્યારા | ૪૬૬૩ | ૪૩૯ | ૫૧૦૨ |
| ૨ | સોનગઢ | ૩૭૦૨ | ૩૭૨ | ૪૦૭૪ |
| ૩ | વાલોડ | ૨૫૬૦ | ૨૦૬ | ૨૭૬૬ |
| ૪ | નિઝર | ૧૪૩૨ | ૭૧ | ૧૫૦૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ઉચ્છલ | ૧૭૬૭ | ૧૦૯ | ૧૮૭૬ |
| | તાપી-કુલ | ૧૪૧૨૪ | ૧૧૯૭ | ૧૫૩૨૧ |
| | કુલ : | ૫૫૦૫૯ | ૪૬૨૦ | ૫૯૬૭૯ |

(૨) છેલ્લા બે નાણાકિય વર્ષમાં તાલુકાવાર કેટલાને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાવાર બેરોજગારોને પૂરી પાડવામાં આવેલ રોજગારીની તકોની સંખ્યા |
|---|---|---|
| સુરત જિલ્લો | | |
| ૧ | સુરત સીટી | ૧૫૫૩૬ |
| ૨ | ચોર્યાસી | ૨૩૭૧ |
| ૩ | ઓલપાડ | ૨૪૨૩ |
| ૪ | કામરેજ | ૧૩૯૩ |
| ૫ | પલસાણા | ૭૦૮ |
| ૬ | બારડોલી | ૨૧૦૮ |
| ૭ | માંડવી | ૨૦૧૧ |
| ૮ | મહુવા | ૧૫૧૫ |
| ૯ | માંગરોલ | ૧૩૧૨ |
| ૧૦ | ઉમરપાડા | ૯૪૬ |
| | સુરત-કુલ | ૩૦૩૨૩ |
| તાપી જિલ્લો | | |
| ૧ | વ્યારા | ૧૯૬૬ |
| ૨ | સોનગઢ | ૧૭૨૧ |
| ૩ | વાલોડ | ૧૦૭૯ |
| ૪ | નિઝર | ૫૭૬ |
| ૫ | ઉચ્છલ | ૭૦૮ |
| | તાપી-કુલ | ૬૦૫૦ |
| | કુલ : | ૩૬૩૭૩ |

------------

**બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ અંગે ચૂકવેલ સહાય**

૮૦૯૧**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ગણવેશ યોજનામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે, અને | (૧) ૨૯,૦૭,૯૬૧ વિદ્યાર્થીઓને. |
| (૨) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) રૂા. ૪૩,૬૧,૯૪,૦૭૫/- |

------------

**ભરૂચ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૭૧૧૬ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની સંખ્યા નોંધાયેલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું | નોંધાયેલ બેરોજગારોની |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૯૪૫૧ |
| ૨ | જંબુસર | ૩૧૭૯ |

| | | |
|---|---|---|
| ૨ | જંબુસર | ૩૧૭૯ |
| ૩ | આમોદ | ૧૨૫૦ |
| ૪ | વાલીયા | ૧૫૩૬ |
| ૫ | હાંસોટ | ૧૦૨૪ |
| ૬ | વાગરા | ૧૦૧૯ |
| ૭ | અંક્લેશ્વર | ૩૯૬૪ |
| ૮ | જગડીયા | ૨૨૧૩ |
| | કુલ : | ૨૩૬૩૬ |

(૨) રોજગાર વિનિમય કચેરી દ્વારા આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

(૨) ૩૩૪૫૫

------------

**કેન્દ્ર સરકારના ધોરણે છઠ્ઠા પગાર પંચના અમલ અંગે**

૭૦૧૦ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છઠ્ઠા પગાર પંચનું અમલીકરણ કેન્દ્ર સરકારના ધોરણે જ સરકાર કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો ના, તો તે માટેના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨) : છઠ્ઠા પગાર પંચની ભલામણોનો મહદ્ અંશે સ્વીકાર કરવામાં આવેલ છે.

------------

**કલાકારોને એવોર્ડ આપવા સામે સમિતિની રચના અંગે**

૮૦૩૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની લલિત કલાઓ, સાંસ્કૃતિક, લોકસંગીત સાથે સંકળાયેલ અકાદમીઓ તરફથી છેલ્લા બે વર્ષમાં કલાકારોની પસંદગી કરી એવોર્ડ આપવાની જાહેરાત તા.૩૧-૩-૦૯ સુધી થઇ નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ ગત વર્ષો માટેની પસંદગી સમિતિની રચના ક્યારે કરવામાં આવી અને આ સમિતિએ ગોરવ પુરસ્કાર કે અન્ય પુરસ્કારો માટે કલાકારોને પસંદ કર્યા, અને

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષોમાં ક્યા ક્યા કલાકારોને એવોર્ડસ માટે પસંદ કરાયા અને કઇ કઇ તારીખે આ એવોર્ડ વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ના, જી.

૨૦૦૭-૦૮ના વર્ષ માટે કલાકારોની પસંદગી કરી એવોર્ડ આપવામાં આવેલ છે. જ્યારે ૨૦૦૮-૦૯ ના એવોર્ડ વરસ પૂર્ણ થયા બાદ એવોર્ડ આપવાના થાય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સામેલ પત્રક-અ મુજબ તા. ૨૪-૯-૦૭ અને તા. ૨૧-૮-૦૮ ના રોજ કલાકારોને એવોર્ડ વિતરણ કરવામાં આવેલ છે.

**પત્રક-અ**

| અ. નં. | નામ | ક્ષેત્ર | તારીખ |
|---|---|---|---|
| | વર્ષ ૨૦૦૫-૦૬ | | |
| ૧ | શ્રી સત્યમ નવીનચંદ્ર રાવલ | સંગીત | ૨૪-૯-૦૭ |
| ૨ | શ્રી રણજીતસિંહ ગાયકવાડ | સંગીત | ૨૪-૯-૦૭ |
| ૩ | કુ. શ્વેતા ઝવેરી | સંગીત | ૨૪-૯-૦૭ |
| ૪ | શ્રી લંગા એમ. ઈક્બાલ | સંગીત | ૨૪-૯-૦૭ |
| ૫ | શ્રીમતી રેણુ ભરત યાજ્ઞીક | નાટ્ય | ૨૪-૯-૦૭ |
| ૬ | શ્રી ચંદ્રકાન્ત ઠક્કર મેહ | નાટ્ય | ૨૪-૯-૦૭ |
| ૭ | સુશ્રી દર્શન ઝવેરી | નૃત્ય | ૨૪-૯-૦૭ |
| ૮ | શ્રી કલ્પેશ દલાલ | લોક નૃત્ય | ૨૪-૯-૦૭ |
| ૯ | શ્રી બિજોરી આનંદ શિવરામ | નૃત્ય | ૨૪-૯-૦૭ |
| ૧૦ | શ્રી જ્યંત પટેલ, વડોદરા | ચિત્રકલા | ૨૧-૮-૦૮ |
| ૧૧ | શ્રી ગીરીશ ખત્રી, વડોદરા | ફોટોગ્રાફી | ૨૧-૮-૦૮ |
| | વર્ષ ૨૦૦૬-૦૭ | | |
| ૧ | શ્રી શ્યામલ મુનશી અને શ્રી સોમિલ મુનશી (સંયુક્ત) | સંગીત | ૨૪-૯-૦૭ |
| ૨ | શ્રી વિષ્ણુપ્રસાદ દવે અને પ્રશાંત દવે (સાઈરામ) (સંયુક્ત) | લોક સંગીત | ૨૪-૯-૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૩ | શ્રી દાના ભારમલ હરીજન (મારવડી) | લોક સંગીત | ૨૪-૯-૦૭ |
| ૪ | શ્રીમતી ભારતીબેન પી. વ્યાસ | લોક સંગીત | ૨૪-૯-૦૭ |
| ૫ | ડો. મહેશ ચંપકલાલ | નાટ્ય | ૨૪-૯-૦૭ |
| ૬ | શ્રી પી. એસ. ચારી | નાટ્ય | ૨૪-૯-૦૭ |
| ૭ | શ્રીમતી ઈષિરા પરી | નૃત્ય | ૨૪-૯-૦૭ |
| ૮ | શ્રીમતી ભૈરવી હેમંત કોશીયા | નૃત્ય | ૨૪-૯-૦૭ |
| ૯ | કુ. ડિમ્પલ લલિત ડેપ્યુટી | નૃત્ય | ૨૪-૯-૦૭ |
| ૧૦ | શ્રી અમિત અંબાલાલ, અમદાવાદ | ચિત્રકલા | ૨૧-૮-૦૮ |
| | વર્ષ ૨૦૦૭-૦૮ | | |
| ૧ | શ્રી પાર્થિવ ગોહિલ | સંગીત | ૨૪-૯-૦૭ |
| ૨ | શ્રીમતી ભાવના લાબડીયા | લોક સંગીત | ૨૪-૯-૦૭ |
| ૩ | શ્રીમતી લલીતાબેન ઘોડાદ્રા (ભરડા) | સંગીત | ૨૪-૯-૦૭ |
| ૪ | શ્રી આશીષ એસ. શાસ્ત્રી | સંગીત | ૨૪-૯-૦૭ |
| ૫ | શ્રી અર્ચન ત્રિવેદી | નાટ્ય | ૨૪-૯-૦૭ |
| ૬ | શ્રી વિરલ રાચ્છ | નાટ્ય | ૨૪-૯-૦૭ |
| ૭ | શ્રીમતી આવૃતિબહેન નાણાવટી | નાટ્ય | ૨૪-૯-૦૭ |
| ૮ | શ્રીમતી પલ્લવી વ્યાસ | નૃત્ય | ૨૪-૯-૦૭ |
| ૯ | ડો. સંધ્યા પલ્લવી પુરેચા | નૃત્ય | ૨૪-૯-૦૭ |
| ૧૦ | શ્રી કાન્તી રાણા, વડોદરા | ચિત્રકલા | ૨૧-૮-૦૮ |
| ૧૧ | શ્રી શૈલેષ રાવલ, અમદાવાદ | ફોટોગ્રાફી | ૨૧-૮-૦૮ |

------------

## પંચમહાલ જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ કરેલ ખર્ચ

૭૦૧૩ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) વર્ષવાર કેટલો ખર્ચ કઇ કઇ પ્રવૃત્તિઓ પાછળ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૨૦૦૭-૦૮ના વર્ષમાં રૂા. ૬,૨૧,૦૦૦/- અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા. ૧૪,૩૫,૯૪૫/- મળી કુલ રકમ રૂા. ૨૦,૫૬,૯૪૫/- ફાળવવામાં આવેલ છે.

(૨) પત્રક-અ મુજબ ૨૦૦૭-૦૮ના વર્ષમાં રૂા. ૬,૨૧,૦૦૦/- અને પત્રક-બ મુજબ ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા. ૧૪,૧૧,૯૨૭/- મળી કુલ ખર્ચ રૂા. ૨૦,૩૨,૯૨૭/- નો ખર્ચ થયેલ છે. પત્રક આ સાથે સામેલ છે.)

### પત્રક-અ

### ૨૦૦૭-૦૮ ના વર્ષમાં દરેક યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ફાળવેલ રકમ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | લોકડાયરો | ૨૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | - |
| ૨ | બાળ નૃત્ય નાટિકા | ૨,૦૦૦/- | ૨,૦૦૦/- | - |
| ૩ | બાળ પ્રતિભા શોધ સ્પર્ધા | ૧૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- | - |
| ૪ | ડૉ. બાબાસાહેબ આંબેડકર જ્યંતિ | ૧૫,૦૦૦/- | ૧૫,૦૦૦/- | - |
| ૫ | નવરાત્રી રાસ ગરબા | ૫૦૦૦/- | ૫૦૦૦/- | - |
| ૬ | તાલુકા યુવા ઉત્સવ | ૨૨,૦૦૦/- | ૨૨,૦૦૦/- | - |
| ૭ | જિલ્લા યુવા ઉત્સવ | ૧૫,૦૦૦/- | ૧૫,૦૦૦/- | - |
| ૮ | યુવક નેતૃત્વ તાલીમ શિબિર | ૧૫,૦૦૦/- | ૧૫,૦૦૦/- | - |
| ૯ | યોગાસન તાલીમ શિબિર | ૧૭,૦૦૦/- | ૧૭,૦૦૦/- | - |
| ૧૦ | ચાંપાનેર મહોત્સવ | ૫,૦૦,૦૦૦/- | ૫,૦૦,૦૦૦/- | - |
| | **કુલ :** | **૬,૨૧,૦૦૦/-** | **૬,૨૧,૦૦૦/-** | - |

### પત્રક-બ

### ૨૦૦૮-૦૯ ના વર્ષમાં દરેક યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ફાળવેલ રકમ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | લોકડાયરો | ૨૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ચૂંટણીના કારણે સ્પર્ધા યોજવામાં આવેલ નથી. |
| ૨ | બાળ નૃત્ય નાટિકા | ૨,૦૦૦/- | ૨,૦૦૦/- | એન્ટ્રી ન મળવાને કારણે |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | સ્પર્ધા યોજી નથી. |
| ૩ | બાળ પ્રતિભા શોધ સ્પર્ધા | ૧૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- | - |
| ૪ | વડોદરા પ્રદેશ બાળ પ્રતિભા શોધ સ્પર્ધા | ૩૦૮૬૮૭/- | ૩૦૮૬૮૭/- | - |
| ૫ | ડૉ. બાબાસાહેબ આંબેડકર જ્યંતિ | ૨૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | - |
| ૬ | નવરાત્રી રાસ ગરબા | ૫૦૦૦/- | ૫૦૦૦/- | - |
| ૭ | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉજવણી દિન (સમરસતા દિન) | - | ૫૦૦૦/- | - |
| ૮ | તાલુકા યુવા ઉત્સવ | ૨૨,૦૦૦/- | ૨૨,૦૦૦/- | - |
| ૯ | જિલ્લા યુવા ઉત્સવ | ૧૫,૦૦૦/- | ૧૫,૦૦૦/- | - |
| ૧૦ | યુવક નેતૃત્વ તાલીમ શિબિર | ૨૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | - |
| ૧૧ | યોગાસન તાલીમ શિબિર | ૨૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- | - |
| ૧૨ | અનુસૂચિત જનજાતિ યોગાસન શિબિર | ૫૦,૦૦૦/- | ૫૦,૦૦૦/- | - |
| ૧૩ | અનુસૂચિત જાતિ યોગાસન તાલીમ શિબિર | ૫૦,૦૦૦/- | ૪૭,૯૮૨/- | - |
| ૧૪ | ચાંપાનેર મહોત્સવ | ૮,૮૮,૨૫૮/- | ૮,૮૮,૨૫૮/- | - |
| | કુલ : | ૧૪,૩૫,૯૪૫/- | ૧૪,૧૧,૯૨૭/- | ૨૪૦૧૮/-બચત |

------------

**સુરત જિલ્લામાં બેરોજગાર ઉમેદવારોને નોકરી અંગે**

૭૨૮૫ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરતની રોજગાર વિનિમય ક્ચેરીમાં માર્ચ-૨૦૦૮ થી માર્ચ-૨૦૦૯ સુધીમાં વિવિધ કારકીર્દીમાં નોંધાયેલ બેરોજગાર ઉમેદવારો કેટલા છે, અને | (૧) ૩૩૮૭૧ |
| (૨) આ પેકી હજીરા ઉદ્યોગ પટ્ટી (હાડા) વિભાગના ઉદ્યોગોમાં નોકરી અપાવી શક્યા હોય એવા બેરોજગાર કેટલા હતાં ? | (૨) ૧૨૪ |

------------

**બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૭૨૮૮**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની રોજગાર વિનિમય ક્ચેરીમાં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ છે, | (૧) ૧૯૪૯૫ |
| (૨) આ પેકી કેટલા ઉમેદવારોની સરકારી નોકરીમાં ભલામણ કરવામાં આવી છે, અને | (૨) ૮૮૭૮ |
| (૩) આ પેકી કેટલા ઉમેદવારોને સરકારી રોજગારી આપવામાં આવી છે ? | (૩) ૪૮૧૪ |

------------

**ફિક્સ પગારના કર્મચારીઓને પગાર વધારવા માટે મળેલ રજૂઆતો**

૭૦૦૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ફિક્સ પગારના કર્મચારીઓને અત્યંત ઓછો પગાર આપવામાં આવે છે તે સંજોગોમાં છઠ્ઠા પગારપંચના અમલીકરણ પછી હવે ફિક્સ પગારના કર્મચારીઓનો પગાર રાજ્ય સરકાર વધારવા અંગેની કેટલી રજૂઆતો તા.૩૧-૫-૦૯ સુધીમાં સરકારને મળી, અને | (૧) કુલ-૭ (સાત) રજુઆતો મળેલ છે. |
| (૨) મળેલ રજૂઆતો પછી રાજ્ય સરકાર ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં વધારો કરવા માંગે છે કે કેમ ? | (૨) આ અંગે હાલમાં કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી. |

**વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે કરેલ સહાય**

૭૦૧૭ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુવાનોને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માટે કેટલાને કેટલી રકમની સહાયતા આપવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બજેટમાં કેટ કેટલી રકમ ફાળવવામાં આવેલ હતી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર ધ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુવાનોને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માટે સહાય નહીં, પરંતુ લોન આપવાની યોજના અમલમાં છે, તદ્નુસાર ૮૩ વિદ્યાર્થીઓને રૂા. ૪૪૫.૦૦ લાખની લોન આપવામાં આવી છે.

(૨) વર્ષ-૨૦૦૭-૦૮માં રૂા. ૧૫૦ લાખ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂા. ૨૯૫ લાખની રકમ ફાળવવામાં આવેલ હતી.

-----------

**પંચમહાલ જિલ્લામાં અંધ-માનસિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓની મળેલ અરજીઓ**

૮૦૨૫**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર છેલ્લા ૩ વર્ષ દરમ્યાન અંધ, શારીરિક વિક્લાંગ અને બહેરા મુંગા માનસિક ક્ષતિવાળી વ્યક્તિની સહાય માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી અને કેટલી ચૂકવવાની બાકી છે, અને

(૩) બાકી હોય તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર છેલ્લા ૩ વર્ષ દરમ્યાન અંધ, શારીરિક વિક્લાંગ અને બહેરા મુંગા માનસિક ક્ષતિવાળી વ્યક્તિની સહાય માટેની નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| વર્ષ | સાધન સહાય | સંત સુરદાસ |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૦૮ | ૩૦૬ |
| ૨૦૦૭-૦૮ | ૧૭૮ | ૪૭૭ |
| ૨૦૦૮-૦૯ | ૫૬૫ | ૪૬૩ |

તાલુકાવાર મળેલ અરજીઓનું પત્રક-૧ તથા ૨ આ સાથે સામેલ છે.

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજુર કરી સહાય ચુકવવામાં આવેલ છે.

વિક્લાંગ સાધન સહાય

| વર્ષ | મંજુર અરજીઓ | ચુક્વેલ સહાય |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૯૧ | ૨,૭૬,૫૫૦/- |
| ૨૦૦૭-૦૮ | ૧૬૪ | ૩,૪૫,૩૦૦/- |
| ૨૦૦૮-૦૯ | ૫૨૪ | ૧૨,૮૮,૩૦૦/- |

સંત સુરદાસ સહાય

| વર્ષ | મંજુર અરજીઓ | ચુક્વેલ સહાય |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૮૪ | ૧૦,૨૭,૨૦૦/- |
| ૨૦૦૭-૦૮ | ૪૫૩ | ૧૪,૫૬,૦૦૦/- |
| ૨૦૦૮-૦૯ | ૪૪૨ | ૧૫,૨૬,૪૦૦/- |

કોઈ અરજી ચુકવણી કરવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**
**સાધન સહાય યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓ મંજૂર અરજીઓ તથા ચૂકવેલ રકમની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૬-૦૭ | | | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચુકવેલ રકમ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચુકવેલ રકમ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચુકવેલ રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ગોધરા | ૬૩ | ૬૦ | ૭૦૫૫૦ | ૫૭ | ૫૨ | ૧૧૨૪૦૦ | ૧૫૩ | ૧૪૯ | ૩૮૬૨૦૦ |
| ૨ | કાલોલ | ૧૯ | ૧૬ | ૨૪૬૦૦ | ૨૨ | ૨૧ | ૪૩૯૦૦ | ૧૧૩ | ૧૦૪ | ૨૨૩૬૦૦ |
| ૩ | હાલોલ | ૫ | ૫ | ૭૩૦૦ | ૫ | ૫ | ૧૨૩૦૦ | ૪૫ | ૪૦ | ૧૦૩૭૦૦ |
| ૪ | ઘોઘંબા | ૧૧ | ૧૦ | ૧૯૭૫૦ | ૨૨ | ૨૦ | ૪૪૧૦૦ | ૩૪ | ૩૧ | ૭૨૦૦૦ |
| ૫ | જાંબુઘોડા | ૨ | ૨ | ૧૫૦૦ | ૨ | ૨ | ૪૫૦૦ | ૨ | ૨ | ૪૫૦૦ |
| ૬ | મોરવા (હ) | ૧૩ | ૧૩ | ૨૩૭૦૦ | ૩ | ૩ | ૫૬૦૦ | ૨૨ | ૨૦ | ૫૪૦૦૦ |
| ૭ | લુણાવાડા | ૨૩ | ૨૦ | ૩૨૬૦૦ | ૨૨ | ૧૯ | ૪૪૨૦૦ | ૬૫ | ૫૮ | ૧૪૬૩૦૦ |
| ૮ | શહેરા | ૩૬ | ૩૩ | ૩૪૦૦૦ | ૧૭ | ૧૭ | ૩૭૯૦૦ | ૫૩ | ૪૯ | ૧૨૩૨૦૦ |
| ૯ | ખાનપુર | ૧૦ | ૯ | ૧૭૫૫૦ | ૧૧ | ૯ | ૧૭૨૦૦ | ૨૦ | ૧૭ | ૪૦૪૦૦ |
| ૧૦ | કડાણા | ૯ | ૯ | ૧૭૩૦૦ | ૫ | ૫ | ૨૪૦૦ | ૧૦ | ૧૦ | ૨૫૯૦૦ |
| ૧૧ | સંતરામપુર | ૧૭ | ૧૪ | ૨૭૭૦૦ | ૧૨ | ૧૧ | ૨૦૮૦૦ | ૪૮ | ૪૪ | ૧૦૮૫૦૦ |
| | કુલ : | ૨૦૮ | ૧૯૧ | ૨૭૬૫૫૦ | ૧૭૮ | ૧૬૪ | ૩૪૫૩૦૦ | ૫૬૫ | ૫૨૪ | ૧૨૮૮૩૦૦ |

**પત્રક-૨**
**સંતસુરદાસ સહાય યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓ, મંજૂર અરજીઓ તથા ચૂકવેલ રકમોની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૬-૦૭ | | | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચુકવેલ રકમ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચુકવેલ રકમ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | ચુકવેલ રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ગોધરા | ૬૩ | ૬૧ | ૨૦૪૦૦૦ | ૯૩ | ૯૧ | ૩૦૦૦૦૦ | ૯૫ | ૯૨ | ૩૨૧૬૦૦ |
| ૨ | કાલોલ | ૪૦ | ૩૭ | ૧૨૭૨૦૦ | ૬૯ | ૬૬ | ૨૨૫૬૦૦ | ૬૫ | ૬૨ | ૨૧૧૨૦૦ |
| ૩ | હાલોલ | ૧૯ | ૧૭ | ૫૭૬૦૦ | ૨૭ | ૨૬ | ૮૬૪૦૦ | ૨૧ | ૨૦ | ૬૭૨૦૦ |
| ૪ | ઘોઘંબા | ૯ | ૮ | ૯૧૨૦૦ | ૨૪ | ૨૧ | ૪૮૦૦૦ | ૨૭ | ૨૪ | ૮૧૬૦૦ |
| ૫ | જાંબુઘોડા | ૩ | ૩ | ૯૬૦૦ | ૧૧ | ૧૧ | ૩૮૪૦૦ | - | - | - |
| ૬ | મોરવા (હ) | ૧૩ | ૧૦ | ૩૩૬૦૦ | ૩૩ | ૩૦ | ૧૦૮૦૦૦ | ૨૪ | ૨૧ | ૬૯૬૦૦ |
| ૭ | લુણાવાડા | ૩૯ | ૩૫ | ૧૨૦૦૦૦ | ૯૮ | ૯૪ | ૨૫૫૬૦૦ | ૯૧ | ૮૮ | ૩૧૬૮૦૦ |
| ૮ | શહેરા | ૪૩ | ૪૧ | ૧૩૪૪૦૦ | ૩૭ | ૩૬ | ૧૨૨૪૦૦ | ૪૧ | ૪૦ | ૧૩૨૦૦૦ |
| ૯ | ખાનપુર | ૩૭ | ૩૫ | ૧૨૨૪૦૦ | ૩૧ | ૨૮ | ૯૪૦૦૦ | ૩૧ | ૩૦ | ૯૮૪૦૦ |
| ૧૦ | કડાણા | ૧૦ | ૧૦ | ૩૩૬૦૦ | ૯ | ૯ | ૩૧૨૦૦ | ૧૦ | ૧૦ | ૩૩૬૦૦ |
| ૧૧ | સંતરામપુર | ૩૦ | ૨૭ | ૯૩૬૦૦ | ૪૫ | ૪૧ | ૧૪૬૪૦૦ | ૫૮ | ૫૫ | ૧૯૪૪૦૦ |
| | કુલ : | ૩૦૬ | ૨૮૪ | ૧૦૨૭૨૦૦ | ૪૭૭ | ૪૫૩ | ૧૪૫૬૦૦૦ | ૪૬૩ | ૪૪૨ | ૧૫૨૬૪૦૦ |

------------

**કેન્દ્ર સરકારના ધોરણે છઠ્ઠા પગાર પંચના અમલ અંગે**

૭૦૭૭ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છઠ્ઠા પગાર પંચનું અમલીકરણ કેન્દ્ર સરકારના ધોરણે જ સરકાર કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો ના, તો તે માટેના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨) : છઠ્ઠા પગાર પંચની ભલામણોનો મહદ્ અંશે સ્વીકાર કરવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત મળેલ અરજીઓ**

૭૨૨૪ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| (૧) | દાહોદ | ૨૦ |
| (૨) | ગરબાડા | ૦૨ |
| (૩) | ધાનપુર | ૦૩ |
| (૪) | દેવગઢ બારીયા | ૧૭ |
| (૫) | લીમખેડા | ૨૮ |
| (૬) | ઝાલોદ | ૦૬ |
| (૭) | ફતેપુરા | ૦૫ |
| | કુલ : | ૮૧ |

(૨) તે પૈકી કુલ ૭૦ અરજીઓ મંજુર કરવામાં આવી જે તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજુર અરજીઓ |
|---|---|---|
| (૧) | દાહોદ | ૨૦ |
| (૨) | ગરબાડા | ૦૧ |
| (૩) | ધાનપુર | ૦૨ |
| (૪) | દેવગઢ બારીયા | ૧૪ |
| (૫) | લીમખેડા | ૨૩ |
| (૬) | ઝાલોદ | ૦૬ |
| (૭) | ફતેપુરા | ૦૪ |
| | કુલ : | ૭૦ |

(૩) ૧૧ અરજીઓ.

------------

**નવી શરૂ કરેલ આઇ.ટી.આઇ. સંસ્થાઓ**

૭૧૮૮ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા બે નાણાકીય વર્ષમાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં રાજ્યમાં નવી આઇ.ટી.આઇ. ની સ્થાપના ક્યા ક્યા જિલ્લામાં કરવામાં આવી ?

**જવાબ**

છેલ્લા બે નાણાકીય વર્ષમાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં નીચે જણાવેલ રાજ્યના જિલ્લાઓમાં નવી આઈ.ટી.આઈ.ની સ્થાપના કરવામાં આવી.

| | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | ક્રમ | જિલ્લાનું નામ |
| ૧ | પાટણ | ૧ | રાજકોટ |
| ૨ | કચ્છ | ૨ | કચ્છ |
| ૩ | અમદાવાદ | ૩ | અમદાવાદ |
| ૪ | જામનગર | ૪ | જામનગર |
| ૫ | સુરત | ૫ | સુરત |
| ૬ | વલસાડ | ૬ | ભાવનગર |
| | | ૭ | ભરૂચ |
| | | ૮ | અમરેલી |
| | | ૯ | જુનાગઢ |
| | | ૧૦ | વડોદરા |
| | | ૧૧ | બનાસકાંઠા |
| | | ૧૨ | દાહોદ |
| | | ૧૩ | પંચમહાલ |

------------

**આણંદ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૭૧૧૦ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા અર્ધશિક્ષિત-શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિયમ કચેરી દ્વારા કેટલા બેરોજગારોને રોજગારી આપી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૭૭૯૩ | ૬૧૩ | ૮૪૦૬ |
| ૨ | ખંભાત | ૪૬૬૭ | ૪૧૬ | ૫૦૮૩ |
| ૩ | બોરસદ | ૩૯૬૦ | ૩૫૨ | ૪૩૧૨ |
| ૪ | પેટલાદ | ૩૧૯૭ | ૨૬૫ | ૩૪૬૨ |
| ૫ | ઉમરેઠ | ૨૨૦૫ | ૧૭૨ | ૨૩૭૭ |
| ૬ | આંકલાવ | ૭૩૧ | ૬૮ | ૭૯૯ |
| ૭ | સોજીત્રા | ૭૬૫ | ૧૦૨ | ૮૬૭ |
| ૮ | તારાપુર | ૫૪૪ | ૭૬ | ૬૨૦ |
| | કુલ : | ૨૩૮૬૨ | ૨૦૬૪ | ૨૫૯૨૬ |

(૨) ૭૯૫૪.

------------

**વલસાડ જિલ્લાના ઓદ્યોગિક એકમોના શ્રમિકોને ધારાધોરણ મુજબ ન ચૂકવેલ વેતન**

૭૩૯૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં આવેલ ઓદ્યોગિક એકમો ઉપર કામ કરતા શ્રમિકોને સરકારના ધારાધોરણ મુજબ વેતન ચુકવવામાં આવે છે કે કેમ, તે માટે છેલ્લા બે વર્ષમાં ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી વખત ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૨) ધારાધોરણ મુજબ વેતન ન ચુકવાતું હોય તેવા કેટલા કિસ્સાઓ સરકારના ધ્યાને આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી. છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ ૩૩૬૬ સંસ્થાઓમાં લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ચેકીંગ કરવામાં આવેલ છે.

(૨) ધારા ધોરણ મુજબ વેતન ન ચૂકવાતું હોય તેવા ૧૦૧ કિસ્સાઓ ધ્યાને આવ્યા.

------------

**બક્ષીપંચ જાતિની બેહનોને નોન ક્રીમીલેયરના પ્રમાણપત્રો અંગે**

૭૨૨૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં બક્ષીપંચ જાતિની બહેનોના લગ્ન થયા પછી નોન-ક્રીમીલેયર પ્રમાણપત્રો મેળવવા માટે પતિની કે પિતાની આવક ગણત્રીમાં લેવા સરકારે કોઇ ચોક્કસ આદેશો કરેલા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગુંચવાડાને દુર કરવા શી સ્પષ્ટતા કરવા માંગે છે અને આ અંગે ના હુકમો ક્યાં સુધીમાં કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને નોકરી અંગે**

૮૦૨૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલા ઉમેદવારો પેકી ઉક્ત સ્થિતિએ કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૫૩૬૫

(૨) ૧૬૭૪

**આણંદ જિલ્લામાં રમતગમત સંકુલ બનાવવા થયેલ કાર્યવાહી**

૭૩૮૭ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાનું રમતગમત સંકુલ નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રમતગમત સકુંલ બનાવવા આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ કાર્યવાહી થયેલ છે કે કેમ,

(૩) જો હા, તો ક્યા તબક્કામાં છે, અને

(૪) કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આણંદ તાલુકાના બાકરોલ મુકામે કલેકટરશ્રીએ જમીન ફાળવેલ છે. જે રમતગમત સંકુલને યોગ્ય ન જણાતા તા.૨-૧૨-૦૮ના પત્રથી અન્ય સ્થળે જમીન ફાળવવા જણાવેલ છે.

(૩) અને (૪) : અન્ય જગ્યાએ હજુ જમીનની ફાળવણી થયેલ ન હોઈ રમતગમત સંકુલનું કામ શરૂ થઈ શકેલ નથી.

-----------

**સાબરકાંઠા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

૭૪૪૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર વેચાણવેરાના કુલ કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૨) દરોડાઓ દરમ્યાન કુલ કેટલા રૂપિયાની ગેરરીતીઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઇસમો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) પત્રક-૧

| તાલુકો | તા.૧-૬-૦૬ થી તા.૩૧-૫-૦૭ | તા.૧-૬-૦૭ થી તા.૩૧-૫-૦૮ | તા.૧-૬-૦૮ થી તા.૩૧-૫-૦૯ | કુલ |
|---|---|---|---|---|
| હિંમતનગર | ૨ | ૫ | ૪ | ૧૧ |
| તલોદ | ૧ | ૦ | ૨ | ૩ |
| ઈડર | ૦ | ૧ | ૧ | ૨ |
| ખેડબ્રહ્મા | ૦ | ૧ | ૦ | ૧ |
| મોડાસા | ૦ | ૭ | ૨ | ૯ |
| પ્રાંતિજ | ૦ | ૦ | ૧ | ૧ |
| બાયડ | ૦ | ૦ | ૦ | ૦ |
| વડાલી | ૦ | ૦ | ૦ | ૦ |
| વિજયનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ભિલોડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ધનસુરા | ૦ | ૦ | ૦ | ૦ |
| માલપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| મેઘરજ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ : | ૩ | ૧૪ | ૧૦ | ૨૭ |

(૨) રૂા.૯૭.૪૦ લાખ.

(૩) ૨૫ વેપારીઓ પેકી ૨૨ વેપારીઓ સામે ગુજરાત વેચાણ વેરા/ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમની જોગવાઈઓ અનુસાર તપાસ હાથ ધરી સ્થળ પર વેરો રૂા.૯૭.૪૦ લાખ + રૂા.૧૭.૯૪ લાખ દંડ + રૂા.૨૯.૪૮ લાખ વ્યાજ મળી કુલ રૂા.૧૪૪.૮૨ લાખની વસૂલાતની કાર્યવાહી કરવામાં આવેલ છે. જ્યારે બાકીના ૩ વેપારીના કેસોમાં જપ્ત/ઈમ્પાઉન્ડ કરેલ છે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૬૯૯૮**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૮૩૯૬ | ૮૫૧ | ૯૨૪૭ |
| ૨ | ધ્રાંગધ્રા | ૨૮૩૪ | ૫૯૨ | ૩૪૨૬ |
| ૩ | પાટડી | ૧૩૬૮ | ૧૦૪ | ૧૪૭૨ |
| ૪ | લખતર | ૬૩૨ | ૫૧ | ૬૮૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | લીંબડી | ૨૬૫૭ | ૨૬૪ | ૨૯૨૧ |
| ૬ | મુળી | ૬૧૬ | ૭૬ | ૬૯૨ |
| ૭ | ચુડા | ૬૮૭ | ૬૧ | ૭૪૮ |
| ૮ | ચોટીલા | ૧૬૧૮ | ૧૦૯ | ૧૭૨૭ |
| ૯ | હળવદ | ૧૬૭૭ | ૧૮૪ | ૧૮૬૧ |
| ૧૦ | સાયલા | ૪૯૬ | ૧૦૨ | ૫૯૮ |
| | કુલ : | ૨૦૯૮૧ | ૨૩૯૪ | ૨૩૩૭૫ |

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટકેટલા બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં આવી ?

(૨) ૩૮૦૮.

------------

**સુરત અને તાપી જિલ્લામાં સંકટ મોચન યોજના અન્વયે ચૂકવેલ સહાય**

૭૧૧૩ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં સંકટ મોચન યોજના અન્વયે સુરત અને તાપી જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા પરિવારોને કેટલી સહાયતા તાલુકાવાર ચૂકવવામાં આવી ?

**જવાબ**

વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ માંની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૦૭-૨૦૦૮ | ચૂકવેલ સહાયની રકમ | વર્ષ ૨૦૦૮-૨૦૦૯ | ચૂકવેલ સહાયની રકમ |
| ૧ | સુરત | ચોર્યાસી | -- | -- | ૦૧ | ૧૦૦૦૦ |
| | | સુરત (સીટી) | ૦૭ | ૭૦૦૦૦ | ૩૧ | ૩૧૦૦૦૦ |
| | | બારડોલી | -- | -- | ૦૧ | ૧૦૦૦૦ |
| | | કામરેજ | -- | -- | -- | -- |
| | | મહુવા | ૦૧ | ૧૦૦૦૦ | ૦૧ | ૧૦૦૦૦ |
| | | પલસાણા | -- | -- | -- | -- |
| | | માંડવી | -- | -- | -- | -- |
| | | માંગરોળ | -- | -- | -- | -- |
| | | ઓલપાડ | -- | -- | -- | -- |
| | | ઉમરપાડા | -- | -- | -- | -- |
| | | કુલ | ૦૮ | ૮૦,૦૦૦ | ૩૪ | ૩,૪૦,૦૦૦ |
| ૨ | તાપી | વાલોડ | શૂન્ય માહિતી છે. | | | |
| | | વ્યારા | | | | |
| | | સોનગઢ | | | | |
| | | ઉચ્છલ | | | | |
| | | નિઝર | | | | |

------------

**ભાવનગર જિલ્લામાં કુંવરબાઇના મામેરા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૭૨૮૬**શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧મી માર્ચ-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પેકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના કુલ ૭૧૫ તથા અનુસૂચિત જાતિના કુલ ૪૪૫ લાભાર્થીઓની અરજીઓ આવી.

(૨) તે પેકી સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ૫૦૯ તથા અનુસૂચિત જાતિના ૩૩૧ લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસના લાભાર્થીઓ**

૭૨૮૯ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કુલ કેટલા લાભાર્થીઓને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૬૨૯ |
| (૨) આ યોજના હેઠળ જિલ્લામાં કોઇ વસાહત ઉભી કરવામાં આવી છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

**વડોદરા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૭૦૦૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત, અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૩૩૫૪૮ | ૨૯૭૪ | ૩૬૫૨૨ |
| ૨ | કરજણ | ૧૫૦૮ | ૩૦૬ | ૧૮૧૪ |
| ૩ | પાદરા | ૨૭૫૭ | ૪૬૪ | ૩૨૨૧ |
| ૪ | સાવલી | ૨૬૯૧ | ૪૦૫ | ૩૦૯૬ |
| ૫ | વાઘોડીયા | ૯૩૨ | ૨૦૩ | ૧૧૩૫ |
| ૬ | ડભોઈ | ૩૦૯૫ | ૪૨૩ | ૩૫૧૮ |
| ૭ | સંખેડા | ૨૭૦૩ | ૨૦૩ | ૨૯૦૬ |
| ૮ | જેતપુર પાવી | ૩૩૦૯ | ૧૯૪ | ૩૫૦૩ |
| ૯ | છોટાઉદેપુર | ૨૩૫૪ | ૧૭૪ | ૨૫૨૮ |
| ૧૦ | ક્વાંટ | ૨૩૮૫ | ૧૮૯ | ૨૫૭૪ |
| ૧૧ | નસવાડી | ૯૩૨ | ૯૫ | ૧૦૨૭ |
| ૧૨ | શિનોર | ૧૦૭૨ | ૮૬ | ૧૧૫૮ |
| | કુલ : | ૫૭૨૮૬ | ૫૭૧૬ | ૬૩૦૦૨ |

(૨) છેલ્લા બે નાણાકીય વર્ષમાં રોજગાર વિનિમય કચેરી દ્વારા આ સ્થિતિએ કેટલા બેરોજગારોને વર્ષવાર રોજગારી આપવામાં આવી ?

(૨)

| નાણાંકીય વર્ષ | રોજગારીની સંખ્યા |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૬૭૯૦ |
| ૨૦૦૮-૦૯ | ૧૨૪૫૦ |
| **કુલ :** | **૨૯૨૪૦** |

------------

**નાણાં વિભાગ દ્વારા સરભરા આતિથ્ય પાછળ કરેલ ખર્ચ**

૭૦૧૮ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં નાણા વિભાગ દ્વારા સરભરા આતિથ્ય પાછળ કેટકેટલો ખર્ચ કરેલ છે, અને | (૧) રૂા.૧,૮૨,૭૫૦/- |
| (૨) આ ખર્ચમાં માનનીય નાણામંત્રીની મીટીંગો પાછળ કેટ કેટલો ખર્ચ કરેલ છે ? | (૨) રૂા.૨૯,૧૦૩/- |

------------

**રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના લાભાર્થીઓ**

૮૦૨૬ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં પંચમહાલ જિલ્લાના તાલુકાવાર કુલ કેટલા લાભાર્થીઓને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ લાભ આપવામાં

**જવાબ**

(૧) નીચે મુજબ લાભ આપવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૫૦ |
| ૨ | કાલોલ | ૮૨ |

આવેલ છે,

| | | |
|---|---|---|
| ૩ | હાલોલ | ૨૫ |
| ૪ | ઘોઘંબા | ૮૬ |
| ૫ | જાંબુઘોડા | ૦૨ |
| ૬ | મોરવા (હ.) | ૩૬ |
| ૭ | શહેરા | ૧૧૬ |
| ૮ | લુણાવાડા | ૧૩૭ |
| ૯ | ખાનપુર | ૦૨ |
| ૧૦ | કડાણા | ૦૮ |
| ૧૧ | સંતરામપુર | ૨૮ |
| | કુલ : | ૬૭૨ |

(૨) તે પેકી કેટલી અરજીઓ નામંજૂર કરી અને તે ક્યા ગામના અરજદારો હતા, અને

(૨) ૧૬૩-અરજીઓ નામંજૂર તાલુકાવાર/ગામવાર માહિતી આ સાથે પત્રકમાં સામેલ રાખેલ છે.

(૩) બાકી રહેવાના કારણો શાં છે ?

(૩) ૧. અરજદારો તરફથી વિગતોની પુર્તતા ન કરવાથી.
૨. આ કામગીરીના મહેકમને લોકસભા ચૂંટણી તથા મતદાર યાદીઓની કામગીરી સોંપેલ હોવાથી.

------------

**પત્રક**

| | તાલુકાના નામ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | ગોધરા | | કાલોલ | | હાલોલ | | ઘોઘંબા | | મોરવા (હ) | |
| | ગામ | નામંજૂર અરજીઓ | ગામ | નામંજૂર અરજીઓ | ગામ | નામંજૂર અરજીઓ | ગામ | નામંજૂર અરજીઓ | ગામ | નામંજૂર અરજીઓ |
| ૧ | ગોધરા | ૧૧ | કાલોલ | ૧૦ | હાલોલ | ૦૮ | ઘોઘંબા | -- | રામપુર | ૦૧ |
| ૨ | રતનપુર | ૦૧ | ખંડોળી | ૦૧ | તરખંડા | ૦૨ | ગજાપુરા | ૦૨ | સુલીયાત | ૦૧ |
| ૩ | ગોલી | ૦૨ | સમા | ૦૧ | કણજરી | ૦૧ | ખરખડી | ૦૧ | મોરવા (હ) | ૦૧ |
| ૪ | રામપુરા (જો) | ૦૧ | ચોરાડુંગરી | ૦૧ | રૂપાપુરા | ૦૧ | દ્યઉદ્ય | ૦૧ | વાલેયા | ૦૧ |
| ૫ | બખ્ખર | ૦૧ | નાંદરવા | ૦૧ | | | જીતપુરા | ૦૧ | | |
| ૬ | વાવડી (ખુ) | ૦૧ | સમાની મુવાડી | ૦૧ | | | અડાદરા | ૦૧ | | |
| ૭ | કેવડીયા | ૦૨ | બેઢીયા | ૦૩ | | ૦૦ | ફરોડ | ૦૧ | | |
| ૮ | મોરડુંગરા | ૦૧ | બાકરોલ | ૦૧ | | | ચેલાવાડા | ૦૧ | | |
| ૯ | ચંચેલાવ | ૦૫ | રતનપુરા | ૦૧ | | | રણજીત -નગર | ૦૧ | | |
| ૧૦ | સાંપા | ૦૧ | | | | | બોર | ૦૧ | | |
| ૧૧ | કબીરપુર | ૦૧ | | | | | | | | |
| ૧૨ | વડેલાવ | ૦૧ | | | | | | | | |
| ૧૩ | વટલાવ | ૦૧ | | | | | | | | |
| ૧૪ | સરસવા | ૦૧ | | | | | | | | |
| ૧૫ | વેલવડ | ૦૧ | | | | | | | | |
| ૧૬ | ટીંબા | ૦૧ | | | | | | | | |
| કુલ | | ૩૨ | | ૨૦ | | ૧૨ | | ૧૦ | | ૦૪ |
| | | | | | | | | | | |
| **સમગ્ર કુલ નામંજૂર અરજીઓ - ૧૬૩** | | | | | | | | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શહેરા | | લુણાવાડા | | ખાનપુર | | કડાણા | | સંતરામપુર | |
| ગામ | નામંજૂર અરજીઓ | ગામ | નામંજૂર અરજીઓ | ગામ | નામંજૂર અરજીઓ | ગામ | નામંજૂર અરજીઓ | ગામ | નામંજૂર અરજીઓ |
| શહેરા | ૦૫ | લુણાવાડા | ૧૭ | મેણા | ૦૧ | ખંટવા આટલવાડા | ૦૧ | સંતરામપુર | ૧૩ |
| ઢાકલીયા | ૦૧ | રામબારી-યાના મુવાડા | ૦૧ | બાકોર | ૦૪ | | | નાનીરેલ | ૦૧ |
| છોગાળા | ૦૨ | વાયના મુવાડા | ૦૧ | ધુળેટા | ૦૧ | | | સીંગલગઢ | ૦૧ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બીલીથા | ૦૧ | ખારોલ | ૦૧ | લીમડીયા | ૦૧ | | | રતનપુર | ૦૧ |
| નાંદરવા | ૦૧ | કોલવાણ | ૦૧ | ભાદરોડ | ૦૧ | | | | |
| સાજીવાવા | ૦૧ | પટટણ | ૦૩ | લાડણના મુવાડા | ૦૨ | | | | |
| સાદરા | ૦૧ | ઉકરડી | ૦૧ | પાંદરવાડા | ૦૨ | | | | |
| દલવાડા | ૦૩ | દેનાવાડ | ૦૧ | | | | | | |
| ચુરેલી | ૦૨ | દાણીયા | ૦૧ | | | | | | |
| ગાંગડીયા | ૦૧ | હરદાસપુર | ૦૧ | | | | | | |
| મીઠાપુર | ૦૧ | નાનાદેવના મુવાડા | ૦૧ | | | | | | |
| મોરવા | ૦૧ | વાડોખર | ૦૧ | | | | | | |
| ચલાણી | ૦૧ | બામણવાડા | ૦૧ | | | | | | |
| રેણા | ૦૧ | લીંબોદરા | ૦૧ | | | | | | |
| | | વાડીના ગોરાડા | ૦૨ | | | | | | |
| | | | | | | | | | |
| | ૨૨ | | ૩૪ | | ૧૨ | | ૦૧ | | ૧૬ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

## જૂનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના અન્વયે ચૂકવવાની બાકી સહાય

૭૦૭૮ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં બક્ષીપંચના યુવક યુવતીઓને સાતફેરા સમૂહલગ્ન યોજના અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા યુગલોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કેટલાને સહાય ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) તા.૧-૬-૦૭ થી તા.૩૧-૫-૦૮ દરમ્યાન કોઈ યુગલને સહાય અપાઈ નથી, જ્યારે તા.૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ દરમ્યાન ૧૯૯ યુગલોને રૂા.૯.૯૫ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

(૨) કોઈને સહાય ચૂકવવાની બાકીમાં નથી.

------------

## આદર્શ નિવાસી શાળા ખોલવા માટે મળેલ અરજીઓ

૮૧૯૭ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૫-૦૯ની સ્થિતિએ કુલ કેટલી આદર્શ નિવાસી શાળાઓ રાજ્યમાં આવેલી છે,

(૨) છેલ્લા બે વર્ષમાં નવી આદર્શ નિવાસી શાળા ખોલવા માટેની કેટલી અરજીઓ આવી, અને

(૩) તે અરજીઓ અન્વયે શી કાર્યવાહી થઇ ?

**જવાબ**

(૧) અનુસૂચિત જાતિની ૧૮ અને વિકસતી જાતિની ૩૩ એમ કુલ ૫૧ આદર્શ નિવાસી શાળાઓ રાજ્યમાં આવેલી છે.

(૨) આદર્શ નિવાસી શાળાઓ સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવે છે. જેથી નવી આદર્શ નિવાસી શાળાઓ ખોલવા માટે અરજીઓ મેળવવાનો પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## વલસાડ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૭૩૯૧**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાદીઠ રોજગાર વિનિમય કચેરી ખાતે કેટલા બેરોજગારોની સંખ્યા નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૮૫૮૭ |
| ૨ | પારડી | ૩૩૬૪ |
| ૩ | ઉમરગામ | ૧૫૮૩ |
| ૪ | ધરમપુર | ૪૫૬૩ |

| | | |
|---|---|---|
| ૫ | કપરાડા | ૧૪૧૩ |
| | કુલ : | ૧૯૫૧૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગાર યુવાનોને રોજગારીની તકો આપવામાં આવી ?

(૨)

| | સમયગાળો | રોજગારીની તકો |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ (૧-૬-૨૦૦૭ થી ૩૧-૫-૦૮) | ૫૩૩૩ |
| ૨ | ૨૦૦૮-૦૯ (૧-૬-૨૦૦૮ થી ૩૧-૫-૦૯) | ૭૧૮૮ |
| | કુલ : | ૧૨૫૨૧ |

## અધ્યક્ષશ્રીનો નિર્ણય

**અધ્યક્ષશ્રી** : મારે કેટલીક અગત્યની બાબત ઉપર ધ્યાન દોરવું છે. આજે પ્રશ્નોત્તરી સમય દરમિયાન જે પ્રશ્ન ઉભો થયો તે માટે આપણા વિધાનસભાના નિયમોના નિયમ ૮૯ ઉપર, " કોઈપણ તારાંકિત પ્રશ્નના જવાબ આપવામાં આવ્યા હોય ત્યારે કોઈપણ સભ્ય અધ્યક્ષ તેમનું નામ પોકારે ત્યારે અપાઈ ચૂકેલા જવાબમાંથી હકીકત પરત્વે સ્પષ્ટતા મેળવવા માટે પૂરક પ્રશ્ન પૂછી શકશે, પરંતુ અધ્યક્ષને એમ લાગે કે કોઈ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ જેવું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો અધ્યક્ષ તે નામંજૂર કરી શકે છે." એ રીતે મેં શ્રી અર્જુનભાઈના પ્રશ્નના પૂરક પ્રશ્નને એ કારણસર નામંજૂર કર્યો હતો કે તે મૂળ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો ન હતો એટલે નામંજૂર કર્યો હતો. .નામંજૂર કરવાનો મારો અધિકાર છે, એમણે જે શબ્દો વાપર્યા હતા એ શબ્દોને પણ હું રદ કરું છું. આ સભાગૃહમાં હું આશા રાખું છું કે, પૂરક પ્રશ્ન મૂળ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતા હોય તેવા પ્રશ્નો હોય, શ્રી ખુમાનસિંહ, ગઈ કાલે જે પ્રશ્ન અતારાંકિત થયો એનો જવાબ જો આપણે આજે પૂછવા જઈશું તો આ સભાગૃહનું સંચાલન કરવું અઘરું પડશે. એટલે સભ્યશ્રીઓએ નિયમોની મર્યાદામાં રહીને જ પૂરક પ્રશ્નો પૂછવા જોઈએ. આજે મેં જે મંજૂરી આપી અને માનનીય રોજગાર મંત્રીશ્રીએ સ્વીકારી એ વિરોધપક્ષના નેતાશ્રીએ મૂળ પ્રશ્નને એકવાર લેવા માટેની વિનંતી કરી, એ વિનંતી મેં સ્વીકારી પરંતુ એને પરંપરા ગણાશે નહીં.

# પોઈન્ટ ઓફ ઓર્ડર
## શબ્દો રદ કરવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્નોત્તરી ઉપરનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીનું રૂલિંગ સ્વીકાર્ય છે કે પ્રશ્નોત્તરીમાં વ્યંગ નહીં હોવો જોઈએ અને એ મૂળ પ્રશ્ન હોય એ મૂળ પ્રશ્નના સંદર્ભમાં પેટાપ્રશ્ન હોવો જોઈએ પણ માનનીય અધ્યક્ષશ્રી, જયારે બેરોજગારોને ભથ્થું આપવાની વાત હતી એ વખતે માનનીય મંત્રીશ્રીએ પણ કેન્દ્ર સરકારની ટીકા ન કરી શકાય છતાં કેન્દ્ર સરકારની ટીકા કરી હતી અને રાજકીય જવાબો આપ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે મને આપે કહયું અથવા તો મારા શબ્દો રદ કર્યા તો આપે માનનીય મંત્રીશ્રીના એ શબ્દો પણ રદ કરવા જોઈતા હતા પણ એને બદલે સુઓમોટો, આપે મને કહયું છે, તો આપે રેકોર્ડ જોઈને એમના જે શબ્દો છે એ પણ રદ કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : મેં જે રૂલિંગ આપ્યું છે એના ઉપર જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો....(અંતરાય) આપનો સેપરેટ પોઈન્ટ ઓફ ઓર્ડર છે, હું સ્વીકારું છું કે તમારો સેપરેટ પોઈન્ટ ઓફ ઓર્ડર છે, પરંતુ આપે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો, હું રેકોર્ડ જોઈ લઈશ. મને ચોકકસ ખબર છે કે માનનીય શકિતસિંહજીએ જે પ્રશ્ન ઉપર મોંધવારી ભથ્થાની વાત કરી એ ચૂંટણી ઢંઢેરા ઉપરથી કરી હતી (અંતરાય ) નહીં, નહીં, મને ખબર છે, માનનીય અર્જુનભાઈ, હવે હું બોલું છુંને, આપણે ડીબેટ નથી કરવી, એના ઉપરથી પ્રશ્ન ઉભો થયો હતો અને શ્રી શકિતસિંહ પણ જાણે છે કે ચૂંટણી ઢંઢેરો છે એ આ ગૃહનું કમીટમેન્ટ નથી, પ્રજાનું કમીટમેન્ટ છે એટલે કોઈપણ પક્ષનું કમીટમેન્ટ હોય એને યાદ દેવડાવીને આપણે પ્રશ્ન ઉપરથી પૂરક પ્રશ્ન ઉભા કરી શકીએ, એમજે જે પૂરક પ્રશ્ન પૂછયો હતો એ પણ આ પૂરક પ્રશ્નોમાંથી ઉભો થતો ન હતો એટલા માટે મારી સૌને વિનંતી છે કે આપણે પ્રશ્નોની અને પૂરક પ્રશ્નોની મર્યાદામાં રહીશું, તો આપણે વધારી સારી રીતે ગૃહનું સંચાલન કરી શકીશું. મને ખાતરી છે કે આપ સૌ ગૃહનું સંચાલન કરવામાં જે સહયોગ આપો છો એ પરંપરાને આપણે સૌ જાળવીશું.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો
## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની તા. ૫-૩-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- જીએચયુ- ૨૦૦૯-(૪૦)-જીયુવી- ૧૦૨૦૦૭-૨૪૮૬-ક વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાતો

### સભ્યશ્રીની ધરપકડ અંગે

**અધ્યક્ષશ્રી :** મારે એક જાહેરાત કરવાની છે. પોલીસ અધિક્ષક, દાહોદ તરફથી મને તેમના તા.૨૯/૬/૨૦૦૯ના ફેકસ મેસેજથી જાણ કરવામાં આવેલ છે કે ગુજરાત વિધાનસભાના ૧૧૭-રાજગઢ વિધાનસભા મત વિસ્તારના સભ્યશ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણની દેવગઢ પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજીસ્ટર નં.૩૮/૨૦૦૨ હેઠળ નોંધાયેલ ફરિયાદ સબબ ઈન્ડિયન પિનલ કોડની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૩૫, ૪૩૬, ૪૨૭, ૩૯૫, ૩૨૫ અને ૨૯૫(એ) હેઠળ તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧) બી.એ. હેઠળ તા.૨૯/૬/૨૦૦૯ના રોજ ૧૧-૦૫ કલાકે દેવગઢ બારિયાના સર્કલ ઈન્સ્પેકટર દ્વારા ધરપકડ કરવામાં આવેલ છે. હાલમાં તેઓશ્રીને દેવગઢ બારિયા પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવેલ છે.

### ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓના રાજીનામાં અંગે

**અધ્યક્ષશ્રી :** મારે એક બીજી જાહેરાત કરવાની છે કે, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૬૯ અન્વયે ગુજરાત વિધાનસભાની બેઠક ઉપરથી ચૂંટાયેલા કુલ ૬ સભ્યશ્રીઓએ આપેલ રાજીનામાનો મેં સ્વીકાર કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

મત વિસ્તાર ૯૩(૨) સમી - ભાવસિંહભાઈ ડાહ્યાભાઈ રાઠોડ, ભારતીય રાષ્ટ્રીય, કોંગ્રેસ તા. ૭/૪/ ૨૦૦૯

મત વિસ્તાર ૪૭ કોડિનાર - ધીરૂભાઈ બોઘાભાઈ સોલંકી, ભારતીય જનતા પાર્ટી તા. ૨૫/૫/ ૨૦૦૯

મત વિસ્તાર ૨૨ ધોરાજી - વિઠ્ઠલભાઈ હંસરાજભાઈ રાદડિયા, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, તા. ૨૭/૫/૨૦૦૯

મત વિસ્તાર ૧૬ જસદણ - કુંવરજીભાઈ મોહનભાઈ બાવળિયા, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, તા. ૨૯/૫/૨૦૦૯

મત વિસ્તાર ૬૬ દહેગામ - જગદીશભાઈ મોતીજીભાઈ ઠાકોર, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, તા. ૨૯/૫/૨૦૦૯

મત વિસ્તાર ૧૦૨ દાંતા - મુકેશકુમાર ભૈરવદાનજી ગઢવી, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, તા. ૨૯/૫/૨૦૦૯

# વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

## કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી :** હું કામકાજ સલાહકા સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું. બારમી ગુજરાત વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શનિવાર, તા .૨૭મી જૂન, ૨૦૦૯ના રોજ રાત્રે ૮-૩૦ વાગે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિએ નીચે દર્શાવ્યા મુજબના સરકારી વિધેયકોને ક્રમાનુસાર ચર્ચા માટે હાથ ધરવા ભલામણ કરી છે.

(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૦૯નું ગુજરાત અધિનિયમો રદ કરવા બાબત વિધેયક

(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૦૯નું સરદાર પટેલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક

(૩) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૯નું નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી(સુધારા) વિધેયક

(૪) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૦૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક

(૫) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૦૯નું કામધેનું યુનિવર્સિટી વિધેયક

## બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અહેવાલની રજૂઆત

**શ્રી કાળુભાઈ વીરાણી (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો**

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાતે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

## બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી કાળુભાઈ વીરાણી (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૧, ૩, ૪ અને ૫ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

# અંદાજપત્રની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ માટેના ફેરફાર કરેલા અંદાજપત્રની રજૂઆત કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજયની સ્થાપનાની સુવર્ણજયંતી વર્ષ ૨૦૧૦માં ઉજવવા જઈ રહયા છીએ ત્યારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ વર્ષ ૨૦૦૯-૧૦નું ફેરફાર કરેલ અંદાજપત્ર રજૂ કરવા હું ઉપસ્તિથ થયો છું. વિશ્વમાં ચારે બાજુ મંદીના વાદળો છવાયેલા છે અને અર્થતંત્રના નકારાત્મક વલણો તમામ દેશોને આર્થિક સંકટમાં મૂકી રહયા છે ત્યારે ગુજરાતે પોતાની આગવી વ્યૂહ રચના, નીતિ-રીતિ તથા શાસ્હાનની સ્થિરતા વડે આર્થિક પ્રગતિ જાળવી રાખેલ છે. **સાડા પાંચ કરોડ ગુજરાતીઓના સ્વપ્નને સાકાર કરવા આ સભાગૃહ સંકલ્પબદ્ધ** છે ત્યારે સરકારે વર્ષ ૨૦૦૯-૧૦માં આ અવિરત ચાલતી પ્રગતિ યાત્રાને વધુ ગતિશીલ બનાવવા કરેલ આયોજનની વિગતો રજૂ કરતા હું આનંદ અનુભવુ છું.

ગુજરાતની પ્રગતિની નોંધ સમગ્ર વિશ્વ લઈ રહયું છે તેનું સૌથી મહત્વનું પરિબળ ગુજરાતનો સર્વાંગી વિકાસ છે. છેલ્લા આઠ વર્ષથી રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીના કુશળ નેતૃત્વ હેઠળ થયેલ સુદ્રઢ વહીવટને લીધે ગુજરાતે નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. ગુજરાતના છેવાડાના વિસ્તારોમાં વસતા આદિવાસી માટેની **વનબંધુ કલ્યાણ યોજના** હોય કે દરિયાકાંઠે વસતા **સાગરખેડૂના વિકાસ માટેની સાગરખેડૂ યોજના** હોય, શહેરના પછાત વિસ્તારમાં વસતા નાગરિકો માટેની **શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના** હોય કે ગામડાની સમગ્ર વિશ્વ સાથે સંપર્કમાં લાવી દેતી **ઈ-ગ્રામ યોજના હોય**-આ બધી યોજનાઓના આયોજનમાં માન.મુખ્યમંત્રીશ્રીની અભ્યાસુ નજર અને તેના અમલીકરણમાં લાભાર્થી સુધી યોજનાનો લાભ પહોંચે તે માટેની સતત ચિંતાને લીધે આ યોજનાઓ સફળ થઈ છે, જેની નોંધ સમગ્ર ભારતે લીધી છે.

વિશ્વમાં ગુજરાતની ઓળખ વાઈબ્રન્ટ આદ્યોગિક વિકાસની એક મોડેલ તરીકે પ્રસ્થાપિત થયેલી છે. ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની એક અમિટ છાપ વિશ્વભરમાં છે પરંતુ હવે વિકાસના અનેક ક્ષેત્રોમાં ગુજરાતનું ઉદાહરણ લેવાય છે. તાજેતરમાં અમેરિકાની **ઈન્ટરનેશનલ ફુડ પોલીસી રીસર્ચ ઈન્સ્ટીટયુટ, વોશિંગ્ટન** જેવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રતિષ્ઠિત સંસ્થાએ ગુજરાતના કૃષિ વિકાસદરની પ્રશંસા કરી છે. ભારતના સરેરાશ કૃષિ વિકાસદર ૨.૭ ટકાની સામે તેનાથી સાડા ત્રણ ગણા એવા ગુજરાતના ૯.૬ ટકા જેટલા કૃષિ વિકાસદરની આ રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવાયેલ નોંધનો ઉલ્લેખ આ સભાગૃહમાં કરતાં હું આનંદ અનુભવુ છું. આ બાબત રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ કૃષિ મહોત્સવની સફળતાને મહોર મારે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમય છે ગુજરાતના વિકાસ માટે પ્રતિબધ્ધતા અને સમૃધ્ધ ભવિષ્ય માટે પ્રતિજ્ઞાનો, નવા સંકલ્પો અને તેની સિધ્ધિ માટે વ્યૂહરચના ઘડી કાઢવાનો, જનજીવનના દરેક ક્ષેત્રમાં વૈશ્વિક ધોરણો સ્વીકારી જીવનમાં ગુણાત્મક પરિણામ આવે તેવો અમારો દ્રઢ નિર્ધાર છે. **ચક્રધારી મોહનથી ચરખાધારી મોહન સુધી ગુજરાતની વિરાસતની વૈશ્વિક ઓળખ અમે કરાવવા માગીએ છીએ.**

**ગુજરાતના વિકાસના ફળ નાનામાં નાની વ્યકિત અને દૂર છેવાડે વસતો માનવી** પ્રાપ્ત કરે તેવું આયોજન લઈને હું આપની સમક્ષ આવ્યો છું.

**રાજયની વાર્ષિક યોજના**

અમારા માટે વિકાસના કેન્દ્રમાં માનવ છે, જેમાં વિકાસનો માર્ગ લોકો દ્વારા કંડારાય, વિકાસની સિધ્ધિ લોકો થકી પ્રાપ્ત થાય અને વિકાસનો લાભ લોકો માટે હોય. વિકાસની એવી પ્રક્રિયામાં લોકો પથદર્શક બને અને લોકભાગીદારીથી વિકાસનું અભિયાન જનઆંદોલન બને તેવું અમારુ સ્વપ્ન છે. આથી જ શાસનની ધુરા સંભાળ્યા બાદ તરત જ અમે સર્વાંગી વિકાસને અમારું લક્ષ્ય બનાવ્યું છે.

ગુજરાતની સ્થાપના બાદ ૪૧ વર્ષના સમયગાળામાં રજૂ થયેલ ત્રીજીથી નવમી પંચવર્ષીય યોજનાઓનું કુલ **કદ રૂ. ૫૫,૨૫૬.૭૭ કરોડ**નું હતું. જેની સામે કુલ ખર્ચ **રૂ. ૫૪,૨૦૫.૩૨ કરોડ** થયો હતો. અમારી સરકારના વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૦૬-૦૭ના સમયગાળામાં ૧૦મી પંચવર્ષીય યોજનાનું કદ **રૂ.૪૭,૦૦૦ કરોડ** નકકી કરવામાં આવેલ હતુ જેની સામે **રૂ. ૪૯,૪૧૬ કરોડ**ની સિધ્ધિ હાંસલ કરેલ છે. ગુજરાતે કરેલ કામગીરીને ધ્યાને રાખીને ૧૧મી પંચવર્ષીય યોજનામાં કુલ **રૂ. ૧,૧૧,૧૧૧ કરોડ**નો લક્ષ્યાંક આપવામાં આવેલ છે, જે ગુજરાતની સ્થપાના બાદ તમામ પંચવર્ષીય યોજનાઓની કુલ રકમ કરતાં પણ વધારે છે.

વર્ષ ૨૦૦૯-૧૦ માટેની વાર્ષિક વિકાસ યોજનાનું કદ રૂ. ૨૩,૨૭૫ કરોડનું નિયત કરવામાં આવેલ છે, જેની સદરવાર ફાળવણી નીચે મુજબ છે.

| ક્રમ | સદર | જોગવાઈ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | ૧૭૪૫.૮૬ |
| ૨ | ગ્રામીણ વિકાસ | ૮૪૬.૮૪ |
| ૩ | ખાસ વિસ્તાર વિકાસ કાર્યક્રમ | ૧૧૬.૧૨ |
| ૪ | સિંચાઈ અને પૂર નિયંત્રણ | ૫૫૭૦.૨૦ |
| ૫ | ઉર્જા | ૯૩૫.૫૦ |
| ૬ | ઉદ્યોગ અને ખનિજ | ૭૫૨.૨૪ |
| ૭ | પરિવહન (વાહન વ્યવહાર) | ૨૧૭૯.૨૫ |
| ૮ | સંદેશા વ્યવહાર | ૨૨૭.૨૫ |
| ૯ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી | ૧૧૭.૦૦ |
| ૧૦ | સામાન્ય આર્થિક સેવાઓ | ૬૧૭.૩૩ |
| ૧૧ | સામાજિક સેવાઓ | ૧૦૧૫૦.૨૮ |
| ૧૨ | સામાન્ય સેવાઓ | ૧૭.૧૩ |
| | **કુલ** | **૨૩,૨૭૫** |

**લક્ષ્યાંક કરતા વધુ આર્થિક વિકાસ દર**

ગુજરાતના વિકાસ માટેની અમારી પ્રતિબધ્ધતા અને સમૃધ્ધ ભવિષ્ય માટેની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા અમે અવિરત કામગીરી કરી છે તેમજ રાષ્ટ્રીય લક્ષ્યાંક કરતાં પણ વધુ આર્થિક વિકાસદર હાંસલ કરી શકયા છીએ.

વર્ષ ૨૦૦૮-૦૯ની **રૂ.૨૧,૦૦૦ કરોડ**ની વાર્ષિક યોજનાની સામે વર્ષ ૨૦૦૯-૧૦માં **રૂ.૨૩,૨૭૫ કરોડ**ની વાર્ષિક યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. જે **રૂ.૨,૨૭૫ કરોડ**નો એટલે કે ૧૧ ટકા જેવો વધારો સૂચવે છે.

૧૧મી પંચવર્ષીય યોજનામાં રાષ્ટ્રનો આર્થિક વિકાસ દરનો લક્ષ્યાંક ૯ ટકા છે જયારે ગુજરાતના આર્થિક વિકાસ દરનો લક્ષ્યાંક ૧૧.૨ ટકા રાખવામાં આવેલ છે જે દર્શાવે છે કે ગુજરાતની આર્થિક ક્ષેત્રે વિકાસ કરવાની શકિતને કેન્દ્ર સરકારે સ્વીકારી છે અને તેને લીધે જ ગુજરાતનો આર્થિક વિકાસ દરનો લક્ષ્યાંક ઉંચો રાખેલ છે. આ પડકારને ગુજરાત સરકારે ઉપાડી લીધેલ છે અને ૧૧મી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષમાં જ **ગુજરાતે ૧૨.૭૯ ટકાનો ધરખમ આર્થિક વિકાસ દર હાંસલ કરેલ છે.**

વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ચાલુ ભાવે, રાજયનો **GSDP** (એકંદરે ઘરગથ્થુ ઉત્પાદન) **રૂ. ૩,૦૬,૮૧૩ કરોડ** અંદાજવામાં આવેલ છે જે વર્ષ ૨૦૦૬-૦૭ના સુધારેલ અંદાજ **રૂ. ૨,૬૨,૭૩૨ કરોડ**ની સરખામણીએ ૧૬.૭૮ ટકાનો વધારો દર્શાવે છે. રાજયનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન સ્થિર (૧૯૯૯-૦૦) ભાવે **રૂ.૨,૧૩,૬૭૪ કરોડ** અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૦૬-૦૭ના સુધારેલ અંદાજ **રૂ.૧,૮૯,૪૩૬ કરોડ**ની સરખામણીએ **૧૨.૭૯ ટકાની વૃધ્ધિ દર્શાવે છે.**

**ગુજરાત રાજય સ્થાપના સુવર્ણજયંતી ઉજવણી**

વર્ષ ૨૦૧૦માં ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે ગુજરાતની પ્રજાના ખમીરની પ્રતીતિ માત્ર દેશને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વને થાય તે માટે ૨૦૧૦ના વર્ષને ગુજરાત સુવર્ણજયંતી વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે.

સુવર્ણજયંતી વર્ષ એ વિકાસની હરણફાળ ભરવાનો એક વિશિષ્ટ અવસર છે. અમે વિકાસની ગતિને વધુ તેજ કરવા માંગીએ છીએ. રાજયના ગરીબો, વંચિતો અને વનવાસી ભાઈઓ સુધી વિકાસના લાભો પહોંચે તેવો અમારો સંકલ્પ છે. સ્વર્ણિમ જયંતી પૂર્વેના આ વર્ષમાં તેના અનુસંધાને વિવિધ કાર્યક્રમો થઈ રહયા છે.

ગુજરાત રાજયની સ્થાપનાની સુવર્ણનયંતી ઉજવીએ છીએ ત્યારે આ સમય ઉત્સવની સાથે આંતરખોજનો પણ છે. આ સમયે આપણે સૌ સુવર્ણ સંકલ્પ લઈએ, જે આધુનિક અને સ્વર્ણિમ ગુજરાતનો પાયો નાંખશે અને આપણી પ્રગતિનો દિશાનિદેશ્ પણ કરશે. જનજીવનના દરેક ક્ષેત્રમાં વૈશ્વિક ધોરણો સ્વીકારી જીવનમાં ગુણાત્મક પરિણામો આવે તેવો અમારો દ્રઢ નિર્ધાર છે.

**કલાઈમેટ ચેન્જ**

ગ્લોબલ વોર્મિંગને કારણે પૃથ્વીનું તાપમાન વધી રહયું છે અને વિશ્વની આબોહવામાં પણ ઘણા ફેરફારો થયા છે જેની અસર સમગ્ર વિશ્વ પર અનેક ક્ષેત્રોમાં પડી રહી છે. આર્થિક પ્રગતિ અને વિકાસ પર થતી આ પ્રતિકૂળ અને અવરોધક અસરનો સામનો કરવો જ રહયો. મને એ વાતનું ગૌરવ છે કે ગ્લોબલ વોર્મિંગની

સમસ્યાનું મૂળભૂત સમાધાન આપણા ઋષિમુનિઓએ દર્શાવેલ છે. આ વિષય પર વધુ ધ્યાન આપવા માટે ગુજરાત સરકારે કલાઈમેટ ચેન્જ નામનો અલગ વહીવટી વિભાગ બનાવવાનો સૈધ્ધાંતિક નિર્ણય કરીને આ ક્ષેત્રે સુચારૂ વ્યૂહ રચના અપનાવી છે. આવો અલગ વિભાગ બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજય છે. અને સમગ્ર વિશ્વમાં ચાથું એકમ છે. આ દિશામાં કામ કરવા અમે કરેલી કામગીરીની વિગતો તથા હવે કરવાની કામગીરીની વિગતો નીચે મુજબ છે.

- વાયુ પ્રદૂષણ અટકાવવા **CNG**નો પરિવહન માટે ઉપયોગ કરવાનું નેટવર્ક.
- ગેસ ગ્રીડની ૨૨૦૦ કિ.મી. પાઈપલાઈનનું કામ પ્રગતિમાં.
- નર્મદા યોજના, સુજલામ સુફલામ યોજના, ચેકડેમો તથા વરસાદી પાણીને જમીનમાં ઉતારીને કરેલ **ભૂગર્ભ જળ રિચાર્જ કરી જળ વ્યવસ્થાપન.**
- સૂર્ય ઉર્જા તથા પવન ઉર્જા માટે નીતિ નકકી કરાઈ. ગાંધીનગરને સૌર ઉર્જાનગરી બનાવવાનું આયોજન.
- અમદાવાદ શહેર અગાઉ ખૂબ જ પ્રદૂષિત શહેર હતું. પ્રદૂષણ ઘટાડવાના અનેકવિધ પ્રયત્નો કરવાને લીધે **યુનાઈટેડ નેશન્શ એન્વીરોનમેન્ટલ પ્રોગ્રામ સંસ્થા**ના તાજેતરના અભ્યાસ અહેવાલ મુજબ અમદાવાદ દેશના પ્રદૂષણમુકત શહેરોમાં સ્થાન પામેલ છે.
- **૩૯ ટકા જેટલી કાર્બન ક્રેડિટ મેળવી**ને સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને.
- ગ્રીન ક્રેડિટ મૂવમેન્ટ દ્વારા રાજયમાં સ્થપાતા નવા પ્રોજેકટમાં વૃક્ષ આચ્છાદિત ભૂમિના વૈકલ્પિક રક્ષણની વ્યવસ્થા કરવાની જોગવાઈ.
- ઔદ્યોગિક કેમિકલ સમુદાય/વસાહતોમાં ઉત્પન્ન થતાં હવા પ્રદૂષકોનું ૨૬ સ્થળો પર મોનીટરીંગ અને પૃથકકરણ.
- વાતાવરણનું પ્રદૂષણ ઘટાડવા ૪૩ જેટલા **CDM** પ્રોજેકટસ રજૂ કરાયા.
- અમદાવાદ, સુરત અને રાજકોટ ખાતે **BRTS** પ્રોજેકટ દ્વારા **૪૦** જેટલો વાહન વ્યવહાર ખાનગીને બદલે જાહેર વાહનો મારફત કરવાનો લક્ષ્યાંક.

**શિક્ષણ**

વર્ષ ૨૦૦૪-૦૫માં **રૂ.૫૬૫ કરોડ**ની જોગવાઈ હતી તેને માત્ર પાંચ વર્ષમાં લગભગ **ત્રણ ગણી કરીને વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૬૦૦ કરોડ.**

**સર્વ માટે શિક્ષા તો ખરી જ,** સાથોસાથ શ્રેષ્ઠ શિક્ષા દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવાનો અમારો સંકલ્પ છે. શિક્ષણની પરંપરાગત પધ્ધતિઓને બદલે શિક્ષણ સુધારા માટે એક જન આંદોલન ઉપાડીને શિક્ષકોની ભરતી, ઓરડાઓનું નિર્માણ, શાળાની અંદર શૌચાલય, અને પીવાના પાણીની સુવિધાઓ, મધ્યાહન ભોજનની ઉચ્ચ ગુણવત્તા, દૂધ સંજીવની, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ યોજના અંતર્ગત **પ્રત્યેક વિદ્યાર્થીને વીમો, શાળા આરોગ્ય કાર્યક્રમ દ્વારા બાળકોના જ સ્વાસ્થ્યની જાળવણી** જેવા અનેકવિધ કાર્યો હાથ ધર્યા છે જેને પરિણામે આજે બધા જ બાળકો શાળાએ જવા લાગ્યા છે. **ડ્રોપ આઉટ રેટમાં સંતોષકારક ઘટાડો** નોંધાયેલ છે. આગળના કદમ તરીકે શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તનની દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવાની સરકારની નેમ છે.

આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- **૨૦૦** ઉપરાંત નવી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આદિવાસી, અતિપછાત અને સાગરખેડૂ વિસ્તારમાં શરૂ કરાઈ.
- ૨૦૦૦ જેટલી ગ્રામ્ય વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવાનું આયોજન.
- **૧૫** થી **૩૫** વર્ષ વચ્ચેના **૪૫** લાખ જેટલા નિરક્ષરોને સાક્ષર બનાવવા **અક્ષર સંસ્કાર પ્રકલ્પ યોજના** માટે **રૂ.૧૮ કરોડની જોગવાઈ.**
- **BISAG**ના માધ્યમથી શ્રેષ્ઠ શિક્ષકો દ્વારા પ્રાથમિક શિક્ષકોને વિજ્ઞાન, ગીણત અને અંગ્રેજીની સેટેલાઈટના માધ્યમથી તાલીમ.
- સરકારી એન્જિનિયરિંગ કોલેજોમાં ડબલ શિફટમાં કામ કરીને નવી **૧૨** ડિગ્રી અને ૬ પોલિટેકનિક કોલેજો શરૂ કરીને ડિગ્રી એન્જિનિયરિંગની **૧૯,૪૦૦** સીટોમાં આશરે **૧૦,૬૦૦** સીટનો વધારો.
- કોલેજના અધ્યાપકોને અંગ્રેજી અને વિવિધ વિદેશી ભાષાઓનું જ્ઞાન તેમજ કોમ્પ્યુટરની સઘન તાલીમ આપવા **નોલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ ફોર ફેકલ્ટિઝ (KMPF) પ્રોજેકટ માટે રૂ.૧૦ કરોડ.**
- શૈક્ષણિક ક્ષેત્રે નવા સંશોધન, સુધારાત્મક પ્રયોગો, ભારતીય સંસ્કાર મૂલ્યોના જતન અને જીવનશૈલીના સમગ્ર વિકાસ માટે **એજયુકેશન ઈનોવેશન કમિશન માટે રૂ. ૫ કરોડ.**

- પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં મલ્ટી મીડિયાના માધ્યમથી વિજ્ઞાન અને ગણિત જેવા વિષયો શીખવવા **૧૦,૦૦૦** પ્રાથમિક અને **૬,૦૦૦** માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર અને **KU** બેન્ડ રીસીવર આપવાનું આયોજન.
- વિદ્યાર્થીઓના હાજરીના નિયમો માટે બાયો મેટ્રિક હાજરી પધ્ધતિ.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

આરોગ્ય અને પવિાર કલ્યાણ વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ની જોગવાઈ સામે **૪૩.૫ ટકાના** વિક્રમી વધારા સાથે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૦૭૨.૨૫ કરોડ**

આરોગ્યનો વ્યાપ એકેએક માનવ સુધી પહોંચાડવાનો અમારો સંકલ્પ છે, જે માટે તબીબી શિક્ષણમાં વધારો અનિવાર્ય છે. રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીએ કચ્છ અને ઉત્તર ગુજરાતની મેડિકલ મોલેજ માટેની માગણી સંતોષી તેની સાથોસાથ ચાલુ એકેડેમિક વરસ દરમ્યાન **MBBS** કક્ષાએ સાડા ચારસો કરતાં વધારે નવી સીટ એડમિશન માટે ઉપલબ્ધ બની છે. રાજયના ઓછી આવક ધરાવતા તેમજ મધ્યમવર્ગના જે તેજસ્વી વિદ્યાર્થીઓ પ્રવેશની તકોથી વંચિત રહેતા હતા તેમને આ કારણે મોટો ફાયદો થશે. રાજયમાંથી અન્યત્ર મોટી કેપીટેશન ફી ભરીને અભ્યાસ માટે ગુજરાતના વિદ્યાર્થીઓએ જવું પડે તે પરિસ્થિતિમાં રાહત અને રાજયમાં ડોકટરની તંગી નિવારવા તરફ આ ઐતિહાસિક કદમ છે, આની સાથોસાથ અનુસ્નાતક કક્ષાએ પણ ઉપલબ્ધ સીટોમાં મોટો વધારો થાય તેવી કાર્યવાહી રાજય સરકારે કરી છે. ગુજરાત રાજયની સ્થાપનાથી આજ દિવસ સુધીમાં રાજયના તબીબી શિક્ષણ ક્ષેત્રે ચાલે સાલે થયેલ સીટનો વધારો એક વિક્રમી ઉપલબ્ધિ છે.

- આ જ રીતે રાજયની કેન્સર હોસ્પિટલને વૈશ્વિક કક્ષાની બનાવવા અને સાથે મેડિકલ કોલેજ સ્થાપી ૨૦૧૦ની સાલથી એડમિશન આપવા આયોજન.
- ગુજરાતની સરકારી હોસ્પિટલોની ગુણવત્તા સુધારવા માટે **NABH** સર્ટિફિકેશન જેવી નિર્ણાયક કાર્યવાહી.
- રાજયની લગભગ ૨૫ ટકા વસતિ જેટલા ૧૮ વરસથી નીચેનાં એક કરોડ પચ્ચીસ લાખ બાળકોને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ તપાસી તેમને ઓપરેશન સહિત કોઈપણ સારવાની વ્યવસ્થા.
- એશિયાની મોટામાં મોટી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૨૮૦૦ પથારી વધારી ક્ષમતા ૪૮૨૦ની કરવા તેમજ હયાત સંકુલનું નવીનીકરણ કરવા રૂ.૯૧૧ કરોડનો મહત્વાકાંક્ષી માસટર પ્લાન. વર્ષ ૨૦૦૯-૧૦માં વર્ષે રૂ.૧૦૦ કરોડની જોગાવાઈ.
- ડોકટરોની તેમજ પેરા મેડિકલ સ્ટાફની તંગી નિવારવા છેલ્લા એક વર્ષમાં ૨૭૭૨ જેટલા **MBBS** ૨૬૬ જેટલા આયુર્વેદ અને હોમિયોપેથીક તબીબી અકિારી અને ૨૧૪૪ નર્સિંગ તેમજ અન્ય પેરામેડિકલ સ્ટાફની વિક્રમજનક નિમણૂંક.

**મહિલા અને બાળ વિકાસ**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અને ૨૦૦૮-૦૯ની રૂપિયા **૩૮૦** કરોડની જોગવાઈ સામે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ. ૭૩૦ કરોડ.**

રાજયમાં મહિલાઓ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર સક્રિય રીતે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી રહી છે, જેના થકી તેના મીઠા ફળ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચતા કરવામાં રાજય સરકાર અગ્રેસર રહી છે. રાજયની મહિલા અને બાળ વિકાસ નીતિ સમગ્ર દેશ માટે માર્ગદર્શક બની છે.

આ ક્ષેત્રે કરેલ કામગીરી અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- પૂરક પોષણ કાર્યક્રમ હેઠળ ૬ વર્ષથી નાના બાળકો, સગર્ભા માતાઓ તથા કિશોરીઓને અપાતા પોષણયુકત આહારના લાભાર્થી દીઠ થતા ખર્ચમાં બમણો જેટલો વધારો. **જોગવાઈ રૂ.૪૧૭ કરોડ.**
- રાજય આંગણવાડીના મકાનોન્ બનાવવા માટે જોગવાઈ **રૂ. ૧૦૦ કરોડ.**
- આંગણવાડીના મકાનોની મરામત માટે જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**
- ૩૩૧૨ આંગણવાડી કેન્દ્રો અને ૧૧૨૬ મીની આંગણવાડી કેન્દ્રો શરૂ કરવામાં આવશે.
- અંતરિયાળ વિસ્તારના બાળકોને પૂરપોષક આહાર પહોચાડવા માટે ૧૦ મોબાઈલ વાનની વ્યવસ્થા કરાશે.
- **માતા યશોદા પુરસ્કાર યોજના** હેઠળ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને શ્રેષ્ઠ કામગીરી માટે પ્રોત્સાહનરૂપે **રૂ.૧.૧૧ કરોડના ૬૪૮ પુરસ્કાર** આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૦૯-૧૦થી શરૂ કરેલ આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો માટેની **માતા યશોદા ગૌરવ નિધિ યોજના** માટે જોગવાઈ **રૂ.૫ કરોડ.**
- રાજય સરકાર દ્વારા **૪૪૧૭૯** આંગણવાડી કેન્દ્રોના વીજ કનેકશન માટે **રૂ.૧.૮૧ કરોડ.**

- આંગણવાડી કેન્દ્રોના વીજળી બિલોના ચુકવણા માટે રૂ.૮.૮૩ કરોડ.
- ૫,૦૦૦ આંગણવાડીઓમાં ગેસ સ્ટવ અને કુકર લોક-સહકારથી આપવા આયોજન.

**અનુસૂચિત જનજાતિ કલ્યાણ**

રાજય સરકારે અનુસૂચિત આદિજાતિના વિકાસ માટે ૧૧મી પંચવર્ષીય યોજનાના સમયગાળા માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકેલ છે, જેની પાંચ વર્ષની કુલ જોગવાઈ રૂ. ૧૫,૦૦૦ કરોડ છે. વનબંધુ કલ્યાણ યોજનાની જોગવાઈ વિવિધ વિભાગોના બજેટ સદર હેઠળ કરવામાં આવે છે. જેમાં આદિજાતિ વિકાસ વિભાગની જોગવાઈનો પણ સમાવેશ થઈ જાય છે. વર્ષ ૨૦૦૯-૧૦ માટે રૂ.૩૫૬૬ કરોડ જેવી માતબર જોગવાઈ કરવામાં આવેલ છે.

આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- રાજય સરકારે આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત વિકાસ માટેના ૧૦ મુદ્દા કાર્યક્રમોને પૂરા વેગથી અમલી બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે. ૧૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત પાંચ લાખ કુટુંબોને રોજગારી, શિક્ષણમાં ગુણવત્તા સુધારા, બમણો આર્થિક વિકાસ, સૌને માટે આરોગ્ય, સૌને માટે આવાસ, પાઈપ લાઈનથી પાણી, સિંચાઈની સુવિધા, બારમાસી રસ્તાઓ, વીજળીની ઉપલબ્ધતા, શહેરી વિકાસને આવરી લેવામાં આવશે.
- અનુસૂચિત જનજાતિની ધોરણ-૮માં અભયાસ કરતી **BPL** પરિવારની ૨૩,૭૬૦ વિદ્યાર્થીનીઓને **રૂ.૨,૦૦૦**ની સાયકલ સહાય આપવા **જોગવાઈ રૂ.૪.૭૫ કરોડ.**
- ધોરણ-૧ થી૭માં ભણતા ૧૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે જોગવાઈ રૂ. ૧૫ કરોડ.
- **SSC** સુધીના અભ્યાસક્રમો માટે આશરે ૧૪,૬૭,૦૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે જોગાવઈ રૂ.૨૩.૮૬ કરોડ.
- ૩૪ નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો, ૫ નવા સરકારી છાત્રાલયો, ૨ કુમાર અને ૨ કન્યા છાત્રાલયનું બાંધકામ તેમજ ૭ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૨ના ક્રમિક વર્ગો/પ્રયોગશાળા ઉભી કરવા માટે જોગાવઈ રૂ.૫૪,૮૦ લાખ.
- ૧૧ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના ક્રમિક વિકાસ માટે અને ૨ આશ્રમશાળાના વિકાસ માટે જાગવાઈ રૂ.૯૯ લાખ.
- ધોરણ-૧ ની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ માટે જોગવાઈ રૂ.૬૭.૬૫ લાખ.
- **PPP** મોડેલ શાળાના બાંધકામ, શાળાઓના નિભાવ અને સ્ટાફ કવાર્ટર્સના બાંધકામ માટે જોગવાઈ રૂ. ૨૪.૫૦ કરોડ.
- **PPP** મોડેલ હેઠળ વીટીસીના નિભાવ માટે જોગવાઈ રૂ. ૩.૬૦ કરોડ.
- કુંવરબાઈનું મામેરૂ યદજના હેઠળ ૩,૪૩૪ કન્યાઓને લાભ આપવા માટે જોગવાઈ રૂ.૧.૭૨ કરોડ.

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૨૯૪.૯૪ કરોડ.** આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- અનુસૂચિત જાતિઓ માટે લો લિટરસી રેટવાળી તાલુકામાં ૨૫ નવા ગ્રાન્ટ ઈન એડઈ છાત્રાલયો શરૂ કરવામાં આવશે.
- ગ્રાન્ટ ઈન એડઈના ધોરણે ચલાવતા છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં **૧૦૦૦** સુધીનો વધારો કરવામાં આવશે.
- જિલ્લા કક્ષાએ જ સરકારી અને તાલુકા કક્ષાએ ૧૦ કુમાર અને ૧૫ કન્યા છાત્રાલયો શરૂ કરવામાં આવશે.
- અનુસૂચિત જાતિના ૩૦૦૦ યુવક/યુવતીઓને **IT** અને નોન **IT**ની તાલીમ આપવા માટે **જોગવાઈ રૂ.૪૫ લાખ.**
- નડિયાદ, આણંદ અને પાલનપુર ખાતે કન્યાઓ માટે ત્રણ નવી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવશે.

**વિકાસ જાતિ કલ્યાણ**

રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો, લઘુમતીઓ તથા વિચરતી અને વિમુકત જાતિઓના સર્વાંગી વિકાસ માટે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૨૭૫ કરોડ.** આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- ૨૫ નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરૂ કરવામાં આવશે.
- ચાલુ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૦૦૦ સુધીનો વધારો કરવામાં આવશે.
- યુવક યુવતીઓને ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા સંચાલિત વ્યાવસાયિક અભ્યાસક્રમોની તાલીમ માટે સ્ટાઈપેન્ડ આપવા **જોગવાઈ રૂ.૩૭.૫૦ લાખ.**
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવગૅ, લઘુમતી તથા વિચરતી અને વિમુકત જાતિની ૧૨૭૫૦ વ્યકિતને નવા રોજગાર ધંધા શરૂ કરવા માટે નાણાકીય સહાય માટે **જોગવાઈ રૂ. ૭.૧૫ કરોડ.**

**સમાજ સુરક્ષા**

સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ. ૧૧૫ કરોડ. સમાજસુરક્ષા ખાતું નબળા વર્ગો જેવા કે સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો, નિરાધાર મહિલાઓ, વિકલાંગો, વૃધ્ધ વ્યકિતઓ અને અન્ય નબળા વર્ગોના વિકાસ માટે કાર્યરત છે. કલ્યાણકારી પ્રવૃત્તિઓના વિસ્તિાર અને વિકાસ માટે વિવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગત નીચે મુજબ છે.

- વૃધ્ધોના કલ્યાણ માટે વયવંદના યોજના હેઠળ **BPL** યાદીમાં નોંધાયેલ કુટુંબની ૬૫ વર્ષથી વધુ વયની વૃધ્ધ વ્યકિતને સહાય કરવા માટે તેમજ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ **BPL** કુટુંબની મુખ્ય વ્યકિતનું મૃત્યુ થતા તેના વારસદારને રૂ.૧૦.૦૦૦ની આર્થિક સહાય કરવા માટે જોગવાઈ રૂ.૫૭.૯૩ કરોડ.
- ભિક્ષુકો માટે ભોજન અને કપડા ખર્ચ તેમજ નિરાધાર બાળકોને ભોજન પુરૂં પાડવા માટે જોગવાઈ રૂ.૨.૪૬ કરોડ.
- આકસ્મિક વીમા યોજના હેઠળ તમામ વિધવા લાભાર્થીઓને પ્રિમીયમની ચુકવણી માટે જોગવાઈ રૂ.૫.૫૪ કરોડ.
- ૧૮ થી ૪૦ વર્ષની વયની નિરાધાર વિધવા મહિલાઓને વ્યાવસાયિક તાલીમની કીટની રકમ રૂ.૩૦૦૦ થી વધારી ૫૦૦૦ કરેલ છે. આ યોજનામાં ૧૦,૦૦૦ મહિલાઓને તાલીમ આપવા માટે જોગવાઈ રૂ.૯.૨૦ કરોડ.
- નારી કેન્દ્ર, વાંસદા ખાતે મકાનના બાંધકામ માટે જોગવાઈ રૂ.૧ કરોડ.
- મહિલાઓ અને બાળાઓના કલ્યાણ, વિકાસ અને પુન:વસનની યોજનાઓ માટે જોગવાઈ રૂ.૨.૪૨ કરોડ.

**પાણી પુરવઠા**

પાણી પુરવઠા પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૫૪૯.૨૫ કરોડ.

રાજય સરકાર સમગ્ર રાજયના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં પુરતું અને પીવાલાયક પાણી પુરૂ પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેલ છે. પાણી પુરવઠા યોજનાઓ મોટા ભાગે સરફેસ સોર્સ આધારિત તૈયાર કરવામાં આવેલ છે. સામાન્ય, આદિજાતિ અને અનુસૂચિત જાતિ વિસ્તારોને પૂરતુ અને સલામત પીવાનું પાણી ખાતરીથી મળી શકે તે માટે સુવ્યવસ્થિત, સમયબધ્ધ આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે.

રાજયમાં ભૂગર્ભ જળના પુન:સિંચાઈની કામગીરી છેલ્લા સાત વર્ષોમાં ખૂબ જ સુંદર થયેલ છે. રાજય સરકારે ચેકડેમો બનાવીને, તળાવો ઉંડા કરીને, ખેત તલાવડીબનાવીને અને વરસાદનું પાણી જમીનમાં ઉતારીને તથા અન્ય પગલાઓ લઈને ભૂગર્ભ જળનું સ્તર ઉંચું આવે તે માટે પ્રયત્નો કરેલ છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- વર્ષ ૨૦૦૯-૧૦માં અંશત:પીવાના પાણીની સુવિધાવાળા (**PC-કક્ષા**)૯૦૭ ગામ/ફળિયા ઓ અને પીવાના પાણીની ગુણવત્તાની સમસ્યાવાળા (**QP-કક્ષા**) ૪૮૯ ગામ/ફળિયાઓને પૂરતુ અને શુધ્ધ પીવાલાયક પાણી આપવા માટે **જોગવાઈ રૂ. ૮૧૪.૭૫ કરોડ.**
- નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓ માટે **રૂ. ૫૪૦ કરોડ**ની જોગવાઈ આ વર્ષના બજેટમાં રાખેલ છે. જે અંતર્ગત સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલમાં કુલ ૧૬૯૦ કિ.મી. લંબાઈની બલ્ક પાઈપ લાઈન તથા ૫૬ વિતરણ વ્યવસ્થા ગૃપની કામગીરી પૂર્ણ કરી ૩૦૩૩ ગામો અને ૭૦ શહેરોને નર્મદાના પાણીની સુવિધાથી આવરી લીધેલ છે. જૂનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૮૬

કિ.મી. બલ્ક પાઈપ લાઈનના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. તેમજ અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, મહેસાણા, નર્મદા, ખેડા, જૂનાગઢ, પોરબંદર અને જામનગર જિલ્લાના ૧૭૬૬ ગામ અને ૨૬ શહેરો માટે ૨૪ વિતરણ ગૃપની કામગીરી પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૦૯-૧૦માં વધુ ૫૦૦ ગામોને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવા માટે જોગવાઈ **રૂ. ૧૮૦ કરોડ.**

- પીવાના પાણીના પ્રશ્નનો ઉકેલ લાવવા સુજલામ-સફલામ યોજના દ્વારા અત્યાર સુધીમાં ૨૭૭૦ ગામો અને ૨૩ શહેરોને પીવાના પાણીની સુવિધાથી આવરી લીધેલ છે. રાજયના પીવાના પાણીની અછતવાળા ૧૦ જિલ્લાઓના ૪૯૦૪ ગામોને નર્મદા કેનાલ અને અન્ય જળાશયો આધારિત પીવાના પાણીની પુરતી સુવિધાથી આવરી લેવામાં આવશે.
- દરિયાકિનારાના તાલુકાઓના બધા જ ગામડાઓને ખાતરીલાયક પીવાના પાણી પુરવઠાની સગવડતાથી આવરી લેવા **સાગર ખેડૂ સર્વાંગી વિકાસના કામો માટે જોગવાઈ રૂ. ૨૨૯ કરોડ.**

પીવાના પાણીને લગતા તમામ કામો અને તેની વ્યવસ્થાનું સંચાલન અને નિભાવણી પાણી સમિતિઓને સોંપી લોક ભાગીદારીનો ઉત્કૃષ્ટ અને સફળ અમલ કરેલ છે. અત્યાર સુધીમાં ૧૩૦૦૦ જેટલી પાણી સમિતિની રચના, ૪૧૦૯ ગામોની અંદાજીત **રૂ.૪૫૬.૫૩** કરોડની યોજનાઓ પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ માટે આ યોજનાની જોગવાઈ **રૂ.૧૫૦ કરોડ.**

ગત વર્ષે તા.૨૧/૪/૦૮ના રોજ પાણી પુરવઠા વિભાગની વાસ્મો સંસ્થાને **" લોક પ્રશાસનમાં ઉત્કૃષ્ટ કામગીરી"** માટે વડાપ્રધાનશ્રીનો એવોર્ડ એનાયત થયેલ છે. ગૃહને જણાવતા આનંદ થાય છે કે, **તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર સંઘ (યુનો) જાહેર પુરસ્કાર-૨૦૦૯ અંતર્ગત "નવીન માળખા દ્વારા નીતિ વિષયક નિર્ણયોમાં લોકભાગીદારીને વેગ આપવો" કેટેગરીમાં વાસ્મો સંસ્થાને આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરેલ છે.** આ વિષયમાં એવોર્ડ મેળવનાર વિશ્વની એકમાત્ર સંસ્થા છે. રાજય અને દેશ માટે આ ગૌરવની વાત છે.

## કૃષિ

કૃષિ અને સહકાર વિભાગ હેઠળ **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૪૪૩.૭૧ કરોડ.**

ગુજરાતના વિકાસમાં સૌથી વધુ યોગદાન આપી શકે તેવી ગુજરાતના ખેડૂતમાં દૃષ્ટિ અને શકિત છે. ગુજરાતના દીર્ઘદૃષ્ટા મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ખમીરવંતા ખેડૂતની આ શકિતને પારખીને છેલ્લા પાંચ વર્ષથી કૃષિ મહોત્સવથી ગુજરાતના ખેડૂતને ખેતીની આધુનિક ટેકનિક, વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ, ગરીબ ખેડૂતોની જરૂરી ઈનપુટ કીટસ-ઓજારો આપીને તથા રાજયના કૃષિ નિષ્ણાતોના માર્ગદર્શનને ગાંમ્યકક્ષા સુધી પહોંચાડીને કૃષ ક્ષેત્રે મોટો ચમત્કાર સજર્યો છે. પરંપરાગત પાણીની અછત ધરાવતા આપણા રાજયમાં ડ્રીપ અને સ્પ્રિંકલર ઈરીગેશન પધ્ધતિ માટે સરકારી સહાય, સુજલામ સુફલામ તથા નર્મદાની નહેરા દ્વારા પાણીની ઉપલબ્ધિ કરાવી કૃષિ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં કૃષિ ઉત્પાદન ત્રણગણાથી પણ વધારે થયું છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- છેલ્લા પાંચ વર્ષથી કૃષિ મહોત્સવ દ્વારા ગુજરાતનો ખેડૂત ઓછા ખર્ચે વૈવિધ્યસભર અને મબલખ પાક લેવા માટે સુસજજ થયો છે. ખેડૂતને તેની ખેત પેદાશના મહત્તમ ભાવ મળી રહે તે માટે પોસ્ટ હાર્વેસ્ટ સગવડો, ખેતરથી બજાર સુધીની સંકલિત કોલ્ડ ચેઈન અને અન્ય આંતરરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવી જરૂરી છે. ખેડૂતને વિદેશમાં નિકાસ માટેની અપ્રતિમ તકોનો લાભ મળી શકે તે અર્થે ઓન-લાઈન ક્રીષ વિષયક માહિતી અને પાકનું એક્રેડીશન થાય તે ખૂબ જરૂરી છે. સાથેસાથે ખેત બજાર વ્યવસ્થા સુદૃઢ થાય તે પણ જરૂરી છે. આ બધા પાસાઓને ધ્યાનમાં લઈને રાજય સરકાર **નવી એગ્રો બિઝનેસ પોલિસી** દ ડીને ખેડૂતો માટે ઉત્તમ વ્યવસ્થાનું નિર્માણ કરશે.
- ૧૭.૩૭ લાખ ખેડૂતોને **"સોઈલ હેલ્થ કાર્ડ"** આપવામાં આવેલ છે. અને બાકીના ખેડૂતોને ટૂંક સમયમાં આપવાનું આયોજન હાથ ધરેલ છે, જે માટે જોગવાઈ **રૂ.૨૦.૫૦ કરોડ.**
- દરેક ગામનાં પાંચ-પાંચ ગરીબ ખેડૂતોને **રૂ.૨,૦૦૦** ની મર્યાદામાં ઈનપુટ કીટસ અને ઓજાર વિનામૂલ્યે આપવામાં આવશે.
- ગામદીઠ અનુસૂચિત જનજાતિનાં ૧૦ અને અનુસૂચિત જાતિના બે **ખેડૂતોને ઈનપુટ કીટસ અને ઓજાર વિનામૂલ્યે** આપવામાં આવશે.
- ડેડિયાપાડા ખાતે એગ્રીકલ્ચર એન્જિનિયરીંગ કોલેજ શરૂ કરવામાં આવશે. ખેડબ્રહમા અને અમીરગઢ ખાતે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૨ નવી કૃષિ પોલિટેકનિક શરૂ થશે. જગુદણ અને ડીસા ખાતે ૨ નવી પોલિટેકનિક કોલેજો શરૂ કરવાનું આયોજન છે.

- રાજયના ૧૮ જિલ્લાના **કોમ્યુનિટી કેનિંગ સેન્ટરો** ઉપર શહેરી અને ગ્રામ્ય વિસ્તારની ૧૬,૦૦૦ બહેનોને ફળ અને શાકભાજી પરીક્ષણની તાલીમ આપશે.
- **ફોગીંગ સિસ્ટમ વેર હાઉસ, કોલ્ડ સ્ટોરેજ તથા ટીસ્યુ કલ્ચર લેબોરેટરી** સ્થાપવાનું આયોજન કરેલ છે.
- ૧.૫૯ લાખ હેકટર વિસ્તારમાં જમીન સંરક્ષણની વિવિધ કામગીરી કરવામાં આવશે. ૮,૧૧૯ ખેત તલાવડી તથા સીમ તલાવડીઓ, ૫૪૫ ગામ તળાવો ઉંડા કરવા તથા ૧૨,૩૭૪ જળ સંગ્રાહક સ્ટ્રકચર બનાવવા આયોજન કરેલ છે.
- આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ૩૦,૦૦૦ હેકટર વિસ્તારમાં જમીન સંરક્ષણની કામગીરી અને ૭૮ ખેત/સીમ તલાવડીની કામગીરી હાથ ધરાશે, જયારે અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ૪,૯૯૪ હેકટર વિસ્તારમાં જમીન સંરક્ષણની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.
- કૃષિ ક્ષેત્રે વિકાસનો આધાર પશુધન પર રહેલો છે. પશુઓના સ્વાસ્થ્ય માટે આદિજાતિ વિસ્તારમાં ૪૦ નવાં ફરતાં પશુ દવાખાના, ૨૭૦૦થી વધુ પશુ આરોગ્ય મેળા અને ૨૧૦૦થી વધુ જાતિય આરોગ્ય સારવાર કેમ્પ દ્વારા ૨૦,૦૦,૦૦૦ પશુઓને સારવાર આપશે.
- બે નવી વેટરનરી કોલેજ સ્થાપવાનું આયોજન છે.
- જે ગામો છૂટાછવાયા, અંતરિયાળ હોય અને રસ્તાની સુવિધા અપૂરતી હોય ત્યાં દૂધની આંતરરાષ્ટ્રીયકક્ષાની જાળવણી માટે કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવામાં આવશે.
- ઓખા અને જાફરાબાદ ખાતે મત્સ્ય બંદર વિકસાવવા માટે આયોજન.
- રાજયની હેચરીઓ અને મત્સ્યબીજ ઉછેર કેન્દ્રો માટે ૭૦ કરોડ મત્સ્યબીજનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક.

**સાગરખેડૂ યોજના**

ગુજરાતના ૧,૬૦૦ કિ.મી. લાંબા દરિયા કિનારે વસતા સાગરખેડૂને આઝાદી બાદ લાંબા સમય સુધી વિકાસ માટે જરૂરી યોજનાઓના લાભ મળ્યા ન હતા. શિક્ષણ, આરોગ્ય, રસ્તાઓ અને અન્ય પાયાની જરૂરિયાત પરત્વે તેઓની લાંબા સમયથી ઉપેક્ષા થતી હતી. માન.મુખ્યમંત્રીશ્રીએ આ ઉપેક્ષિત સમાજના સર્વાંગી વિકાસ માટે **સાગરખેડૂ યોજના** જાહેર કરી, વિવિધ વિભાગો હેઠળની યોજનાઓનો સંકલિત લાભ આપવા વિશેષ લક્ષ્ય આપ્યું, જેમાં ખેતી, પાણી પુરવઠો, રસ્તાઓ, મકાનો, ગ્રામ વિકાસ, ગાંમીણ આવાસન, ઉર્જા, ભૂમિસંરક્ષણ, મત્સ્યોદ્યોગ, મીઠા ઉદ્યોગ, કુટિર ઉદ્યોગ, આરોગ્ય, શિક્ષણ તેમજ રોજગાર વગેરે માટે **રૂ.૧,૦૫૦ કરોડની** જોગવાઈ કરવામાં આવી છે.

**ગ્રામ વિકાસ કાર્યક્રમો**

ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ૨૦૦૮-૦૯ની **રૂ.૩૮૪.૩૬ કરોડ**ની જોગવાઈમાં ધરખમ વધારો કરીને **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૬૯૩.૫૬ કરોડ.**

ગ્રામીણ પરિવારોને ગરીબી રેખા ઉપર લાવવાના મુખ્ય હેતુથી તેઓને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવા અને રોજગાર આપવાનો મૂળભૂત હેતુ આ ગ્રામ વિકાસ કાર્યક્રમોનો છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- ગામડાઓમાં ૩૦૦ લાખ માનવદિનની રોજગારી પૂરી પાડવાના આશયથી કેન્દ્ર પુરસ્કૃત **રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાહેંધરી યોજના** માટે રાજયના **ફાળાના રૂ.૮૧ કરોડ.**
- ૧,૮૦,૦૦૦ ઉપરાંત **BPL** ગ્રામિણ ગરીબોને આવાસની સુવિધા પૂરી પાડવા ઈન્દિરા આવાસ યોજના માટે રાજયના ફાળાની તથા પૂરક સહાય માટેની કુલ **જોગવાઈ રૂ.૨૭૯ કરોડ.**
- ૩૭,૦૦૦ **BPL** લાભાર્થીઓને તાલીમ, ધિરાણ અને આર્થિક સહાય આપી સ્વરોજગારી પૂરી પાડવા સુવર્ણજયંતી ગાંમ સ્વરોજગાર યોજના માટે **જોગવાઈ રૂ.૧૫.૭૩ કરોડ.**
- ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા ગોકુલ ગ્રામ યોજના માટે **જોગવાઈ રૂ.૩૮** કરોડ.
- સ્વસહાય જૂથોની રચના કરી તેઓને તાલીમ, ધિરાણ વગેરે દ્વારા સશકિતકરણ કરીને સ્વરોજગારની તકો પૂરી પાડીને આર્થિક સધ્ધરતા આપતા સખી મંડળ પ્રોજેકટ માટે **જોગવાઈ રૂ.૪૦ કરોડ.**
- જયાં અનાવૃષ્ટિની શકયતા છે તેવા વિસ્તારમાં તથા રણ વિસ્તારમાં જળસ્ત્રાવ વિસ્તાર માટે રાજયના હિસ્સા તરીકે **જોગવાઈ રૂ.૪૮ કરોડ.**
- ગ્રામ્ય સુખાકારી કાર્યક્રમ અન્વયે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેકટ હેઠળ **જોગવાઈ રૂ.૬૦ કરોડ.**
- જમીનવિહોણા ખેતમજૂર કુટુંબોને **વીમાકવચ** પૂરૂ પાડવા **આમ આદમી વીમા યોજના** પેટે **જોગવાઈ રૂ.૧૧.૧૫ કરોડ.**

**શહેરી વિકાસ**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ **વર્ષ ૨૦૦૯-૧૦માટેની સૂચિત જોગવાઈ રૂ.૨૭૩૯.૨૮ કરોડ.**

ગુજરાત દેશમાં સૌથી વધુ ઝડપે શહેરીકરણ તરફ જઈ રહેલા રાજયોમાનું એક છે. શહેરોમાં વસ્તી વધારાને કારણે શહેરી આંતરમાળખાકીય સવલતો ઉપર મોટુ ભારણ આવે છે. રાજયમાં ઉદ્યોગ ધંધાના અપ્રતિમ વિકાસના કારણે શહેરીકરણ વધી રહયું છે. શહેરી ગરીબો સહિત તમામ નાગરિકો માટે પાણી, આરોગ્ય, શિક્ષણ સહિતની સુવિધાઓ ઉભી કરવાની બાબતને રાજય સરકારે અગ્રિમતા આપેલ છે. અને તે કારણોસર ગુજરાતના આર્થિક વિકાસનું કેન્દ્રબિંદુ બનતાં શહેરોને માળખાકિય સુવિધાઓથી સુસજજ કરવા માટે સુઆયોજિત અભિયાન રાજય સરકારે હાથ ધર્યું છે. રાજય સરકારે ભૂતકાળમાં કારેય આપી નહોતી તેટલી નાણાકીય સહાય નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને છેલ્લાં વર્ષોમાં પૂરી પાડી છે. વર્ષ ૨૦૦૪-૦૫માં આયોજન હેઠળ નગરપાલિકાઓને **રૂ.૧૨૧.૦૯ કરોડનું** અનુદાન આપેલ જે વર્ષ ૨૦૦૮-૦૯માં **રૂ.૧૭૮૯.૧૮ કરોડનું** થયેલ છે, જે પાંચ જ વર્ષમાં ૧૪ ગણો વધારો દર્શાવે છે.

**શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના**

રાજય સરકાર દ્વારા શહેરોમાં વસતાં ગરીબજનોના સર્વાંગી ઉત્કર્ષ માટે પાંચ વર્ષનું આયોજન કરી મૂળભૂત સુવિધાઓથી વંચિત રહેલાઓના વિકાસ માટે રોજગાર, આરોગ્ય, પોષણ, શિક્ષણ, રહેણાંક, રસ્તા તથા વીજળી જેવા ક્ષેત્રે સુવિધાઓ ઉભી કરવા **શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના** અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ **પાંચ વર્ષના સમયગાળામાં રૂ.૧૩,૦૦૦ કરોડનું** આયોજન કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ **રૂ.૧,૫૦૦ કરોડનું** આયોજન કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં થયેલ કામગીરી નીચે મુજબ છે.

- શહેરી ગરીબો માટે રૂ.૫,૪૦૬ આવાસો તૈયાર.
- ૩૭,૮૪૫ ગરીબ યુવાનોને તાલીમ.
- ૨૫,૭૪૪ લાભાર્થીઓને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવી.
- ૧૪,૭૮,૯૬૦ લાભાર્થીઓને આરોગ્ય વિષયક સુવિધાઓ પૂરી પાડવી.
- ૧,૫૦,૦૯૨ લાભાર્થીઓને પૌષ્ટિક આહાર અને ચિરંજીવી યોજના હેઠળ આવરી લેવાયા.
- ૮,૩૯૬ ઝૂંપડાઓમાં વીજળીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી.
- ૧૮,૩૯૭ લાભાર્થીઓને કોટેજ ઈન્ડસ્ટ્રી કૌશલ્ય તાલીમ અપાઈ.
- ૪૫,૮૧૦ લાભાર્થીઓને વ્યાવસાયિક તાલીમ અપાઈ.
- ૧૭,૫૦૦ યુવાનોને શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ તાલીમ અપાઈ.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ ૩૬,૪૬,૧૩૯ લાભાર્થીઓને આવરી લેવાયા.

**સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**

વધતું જતું શહેરીકરણ અને તેનાથી માળખાકીય સુવિધાઓની ઉભી થયેલ જરૂરિયાતને ધ્યાનમાં રાખી રાજય સરકારે સ્વર્ણિમજયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકવાનું નકકી કરેલ છે.

ગયા સાત વર્ષમાં અનેકવિધ યોજનાઓ દ્વારા રાજય સરકારે ગામડાઓને પ્રાથમિક સુવિધાઓ આપવાનું કામ પાર પાડયું છે. જેના કારણે ગામડાઓના નાગરિકોની સુવિધામાં ઘણો વધારો થયો છે અને તેથી ગામડાઓમાંથી થતું સ્થળાંતર અટકયું છે. જો શહેરોનો વિકાસ સુવ્યવસ્થિત અને સમયસર ન થાય તો શહેરોનો આયોજનબધ્ધ વિકાસ ન થઈ શકે. રાજય સરકારે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના દ્વારા શહેરી ગરીબો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે પરંતુ વિકસતા જતાં ગુજરાતની તરાહ જોતાં એ અનિવાર્ય બન્યું છે કે, શહેરો અને નગરોમાં સર્વાંગી અને આયોજનબધ્ધ વિકાસ થાય. આધુનિક ગુજરાતને અનુરૂપ માળખાકીય સુવિધાઓ આપવાનું કામ ગુજરાત જેવા વિકસિત રાજય માટે તાતી જરૂરિયાત બની ગયું છે.

ભૂતકાળમાં શહેરી વિકાસ માટે રાજય અને કેન્દ્ર દ્વારા નાના મોટા પ્રયાસો જરૂર થયા છે. પરંતુ આ પ્રયત્નો આમૂલાગ્ર પરિવર્તન માટે પૂરતા નથી. તેથી એક હરણફાળ ભરવાની જરૂરિયાત ઉભી થઈ છે. શહેરો અને નગરો મોટેભાગે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આવક અને ક્ષમતા પર નિર્ભર રહયા છે. શહેરોનો સર્વાંગી વિકાસ કરવો તે તેમની શકિત બહારનું કામ છે. રાજય સરકારના સહયોગ સિવાય મહાનગરપાલિકાઓ કે નગરો સર્વાંગી વિકાસ કરી શકે તે ખૂબ જ કઠિન છે.

ગુજરાતમાં ઔદ્યોગિક પ્રગતિને કારણે અન્ય રાજયોમાંથી આવીને વસનારની સંખ્યા પણ મોટા પ્રમાણમાં વધી રહી છે. આ બધી બાબતોને ધ્યાને લઈને આધુનિક ગુજરાત સાથે તાલ મિલાવી શકે તેવા મહાનગરો અને નગરોના નિર્માણ માટે એક નવતર યોજના સાથે અમે આગળ વધવાં માગીએ છીએ. આ બજેટમાં સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની જાહેરાત કરતાં મને ખૂબ જ આનંદ થાય છે. સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વર્તમાન પંચવર્ષીય યોજના દરમ્યાન રૂ.૭,.૦૦૦ કરોડનું પેકેજ મહાનગરો અને નગરોના વિકાસ માટે આપવામાં આવશે. જે ગયા દસ વર્ષ પહેલાના રાજયના વાર્ષિક બજેટ આયોજન કરતાં પણ વધારે છે.

**સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના** એ માત્ર જે તે શહેરને લાભ કરતાં રહેશે તેવું નથી પરંતુ જે તે વિસ્તારના તાલુકા અને ગામોના વિકાસ માટે પણ દિશાસૂચક રહેશે. ઉદારહણ તરીકે ગુજરાતમાં સૌથી છેલ્લે આકાર પામેલ મહાનગરપાલિકા જૂનાગઢ કે જે સોરઠના યાત્રા અને પ્રવાસન ધામોનું વડુ મથક છે અને પવિત્ર યાત્રાધામ સોમનાથ, ગીરનાર જનાર દેશ કે દુનિયાના યાત્રી માટે જૂનાગઢ આવવું સ્વાભાવિક છે. આ યોજના હેઠળ મળનાર માતબર રકમથી જૂનાગઢ શહેરની કાયાપલટ ખૂબ જ ઝડપી થઈ શકશે. તેવી જ રીતે કલ્પસર યોજના, ધોલેરા બંદરનો વિકાસ, દહેજ-ઘોઘા ફેરી સર્વિસ, એડવેન્ચર સ્પોર્ટસ જેવા અનેક નવા વિકાસ ધામો ઉપસી રહયા છે, ત્યારે ભાવનગર શહેરનો વિકાસ તેજ ગતિએ થવો અનિવાર્ય છે, જે આ યોજના હેઠળ મળનાર માતબર પેકેજમાંથી શકય બનશે.

- **સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**ના ભાગરૂપે રાજયની નગરપાલિકાના નાગરિકોને પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવા માટે અને ૭૫ નગરપાલિકામાં ભૂગર્ભ ગટરની યોજના બનાવવા માટેની **જોગવાઈ રૂ. ૪૦૦ કરોડ.**
- **સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**ના ભાગરૂપે ત્રણ વર્ષના સમયગાળા દરમ્યાન, અ,બ,ક અને ડ વર્ગની નગરપાલિકામાંથી યોગ્યતા અને કાર્યક્ષમતાના આધારે પસંદ કરેલ નગરપાલિકાઓને માળખાકીય સુવિધામાં સુધારો કરવા, નાગરિક કેન્દ્રી કામગીરી કરવા, સેવા વિતરણની કાર્યક્ષમતા વધારવા તથા નગરની આગવી ઓળખ ઉભી કરવા ગ્રાન્ટ ફાળવવા **જોગવાઈ રૂ.૧૮૦ કરોડ.**
- **સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**ના ભાગરૂપે રાજયના સાત મહાનગરોમાં પ્રજાલક્ષી વિકાસ કામો હાથ ધરવા જોગવાઈ રૂ.૪૦૦ કરોડ.
- **સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**ના ભાગરૂપે શહેરી ગરીબોને વ્યાજબી કિંમતે મકાન મળી રહે તે માટે સંકલિત આવાસ અને ગંદા વસવાટ નિર્મૂલન માટે **જોગવાઈ રૂ.૭૫ કરોડ.**
- **સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**ના ભાગરૂપે પોતાની માલિકીનું મકાન નથી અને હાલના મકાનો નાના છે તેવી નગરપાલિકાઓને નવા કે વધુ સારા મકાનો બનાવવા સહાય આપવા **જોગવાઈ રૂ.૫૦ કરોડ.**

આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- નગરપાલિકામાં લોકપ્રિય બનેલ બાજપાઈ નગર વિકાસ યોજના માટે **જોગવાઈ રૂ. ૧૧૭.૯૦ કરોડ.**
- નિર્મળ ગુજરાત યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં વ્યકિતગત શૌચાલયો માટે શૌચાલય દીઠ રૂ. ૪૫૦૦ની સબસીડી આપી ૧,૨૫,૦૦૦ કરતાં વધુ શૌચાલયો બાંધવા તથા પે એન્ડ યુઝ ટોયલેટ, ઘનકચરાના નિકાલ અને ડોર ટુ ડોર કલેકશન માટે સાધનો ફાળવવા માટેની **જોગવાઈ રૂ.૧૭૬ કરોડ.**
- મહાનગરો અને નગરોમાં આંતર માળખાકીય સુવિધાઓ અને શહેરી ગરીબોને પાયાની નાગરિક સુવિધાઓ પૂરી પાડવા માટેના JnNURM કાર્યક્રમ માટે **જોગવાઈ રૂ.૯૫૧.૬૭ કરોડ.**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ**

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગ હેઠળ **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૭૩૧ કરોડ.**

લોકશાહી વ્યવસ્થામાં પંચાયત પાયાનું એકમ છે અને પંચાયતી રાજ વ્યવસ્થામાં ગુજરાત દેશોમાં મોખરે છે. પંચાયતને ખરેખર સદૃઢ કરવા અને કિસાનો તેમજ ગ્રામજનોને તેમની સુવિધાઓ પોતાનાં ગામમાં જ મળે તે માટે સરકારે વ્યૂહાત્મક આયોજન કરેલ છે. આ ક્ષેત્રે કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- **સરદાર પટેલ આવાસ યોજના** હેઠળ ગ્રામ કક્ષાએ **BPL** લાભાર્થીઓને સારી ગુણવત્તાવાળુ મકાન રૂ.૪૩.૫૦૦ની મર્યાદામાં ૨૬,૪૦૦ ઉપરાંત મકાનો બનાવવા માટે **જોગવાઈ રૂ.૧૧૫ કરોડ.**

- **નિર્મળ ગુજરાત યોજના** હેઠળ ગામડાઓ સ્વચ્છ અને નિર્મળ બને એ માટે ગામડાઓમાં ગટર વ્યવસ્થા, સફાઈના સાધનો શૌચાલય વગેરે કામો માટે **રૂ. ૮૦ કરોડ.**

**ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના**

દરેક ગામ ઈ-ગ્રામ બને અને આંગળીના ટેરવે વહીવટી થાય તે રાજય સરકારનો સંકલ્પ છે. **ઈ-ગ્રામ એ વિશ્વનું નાગરિક માટેનું સૌથી મોટું ઈલેકટ્રોનિકસ સંદેશા વ્યવહારનું નેટવર્ક છે,** જે ગુજરાતના તમામ ગામડાને આવરી લે છે. તેની શરૂઆત **નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતીથી ર૩મી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ બારડોલી તાલુકાના હરિપુરા ગામેથી** થઈ છે. આ નેટવર્કના માધ્યમ થકી ખેડૂતો ૭-૧૨ના ઉતારાથી માંડી અન્ન પેદાશોના ભાવ પંચાયત કચેરીની મુલાકાત લઈ જાણી શકે છે. આગામી સમયમાં બીજી અનેક સુવિધાઓ આ નેટવર્ક સાથે જોડાશે.

૨૫ જિલ્લા પંચાયત, ૨, તાલુકા પંચાયતો અને ૯ પંચાયતી રાજ તાલીમ કેન્દ્રો તેમજ ૧૩,૫૪૬ ગ્રામ પંચાયતો ખાતે **DDRS** સેટ/ કે. યુ.બેન્ડ ડીશ એન્ટેના પૂરા પાડેલ છે. તમામ ગ્રામ પંચાયતોના બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીના જોડાણ સાથે ગુજરાત દેશનું પ્રથમ રાજય બનેલ છે.

**અર્બન માળખાકીય સુવિધા**

ગુજરાતે જે ઝડપે કૃષિ તેમજ અન્ય ક્ષેત્રે પ્રગતિ કરી રહયું છે તેને કારણે ગુજરાતમાં શહેરીકરણ અને અર્ધશહેરીકરણે વેગ પકડયો છે. આ પરિસ્થિતિમાં ગામડું અને શહેર વચ્ચે પ્રવર્તતી ખાઈ પુરાય તે માટે રર્બન પ્રોજેકટ શરૂ કરવમાં આવ્યો છે, જે ગુજરાતની આગવી પહેલ છે. સુવિધા શહેરની, આત્મા ગામડાનો આ રર્બનની વિશેષતા છે. આજે ગુજરાતની લગભગ ૬૦ ટકા વસ્તી ગામડામાં રહે છે. કૃષિ ક્ષેત્રે જે જબરદસ્ત પ્રગતિ કરી છે તેનાથી ગામડામાં આર્થિક નવી તકો માટે અને ગામડાના સામાન્ય નાગરિક માટે પ્રગતિના સોપાન ખૂલ્યાં છે, અને આ ક્ષેત્રે વધુ વેગ મળે તેવા પ્રયત્નો પણ કરવામાં આવનાર છે.

શરૂઆતના તબકકે ૧૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતાં અને આદિજાતિ વિસ્તારમાં ૭,૦૦૦ની વસ્તી ધરાવતા તેમજ દરેક તાલુકા મથકને આવરી લેવાનું નકકી કરેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ માટે આ પ્રોજેકટ હેઠળ જોગવાઈ રૂ.૧૧૫ કરોડ.

**સરદાર સરોવર યોજના**

પક્ષાપક્ષીથી પર રહીને સમગ્ર ગુજરાતે નર્મદા યોજના પરિપૂર્ણ કરવા માટેનો અવિરત પ્રયાસ કરેલ છે, તેના ફળ સ્વરૂપે નર્મદા બંધનું કોંક્રિટનું કામ આપણે પૂરૂ કરી શકયા છીએ. એ જ રીતે સહુના સહકારથી બોન્ડના વ્યાજનું જે ભયંકર ભારણ ગુજરાતના સામાન્ય માનવી પર તોળાતું હતું તેમાંથી આપણે બચી શકયા છીએ. મારે આ સભાગૃહનો આભાર માનવો છે કે બધા સાથે મળીને ગુજરાતના ગરીબ માનવીને આ વ્યાજના ભારણમાંથી બચાવી લીધો અને રૂ.૨૨૨૪ કરોડની બોન્ડની રકમ આપણે પરત કરી શકયા છીએ. આના પરિણામે રૂ.૨૭૧૩ કરોડનું ભારણ ગરીબ જનતાના માથે આવતું ઘટાડયું છે.

નર્મદા બંધની છલતી ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર સ્તરે લઈ જવામાં આવેલ છે. નર્મદા કંટ્રોલ ઓથોરિટી તરફથી અપેક્ષિત મંજૂરી મળ્યા બાદ પીયર્સ, બ્રીજ અને દરવાજાની યંત્ર સામગ્રી તથા તેને બેસાડવાની કામગીરીની જરૂરી મંજૂરી નર્મદા કંટ્રોલ ઓથોરિટી તરફથી મળવાની રાજય સરકારને અપેક્ષા છે.

સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી નીકળતી મોરબી શાખા નહેરનાં કામ આ વર્ષે હાથ ધરવામાં આવનાર છે તથા બોટાદ, લીંબડી અને ધ્રાંગધ્રા નહેરોના કામ પ્રગતિમાં છે. અને આશરે એમ લાખ હેકટર વિસ્તારમાં વિતરણ પધ્ધતિના કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણામંત્રીનું અંદાજપત્ર પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ** : અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું કામકાજ માનનીય નાણામંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

## અંદાજપત્રની રજૂઆત (ક્રમશ:)

**શ્રી વજુભાઈ વાળા:** સૌરાષ્ટ્ર શાખા નહેર અને રાજસ્થાનની હદ વચ્ચેની નર્મદા મુખ્ય નહેરની લંબાઈમાંથી નીકળતી ૧૫ શાખા નહેરો પૈકી પાંચ શાખા નહેરના કામો ચાલુ વર્ષે પૂર્ણ કરવાનું આયોજન છે. જયારે બાકીની પાંચ શાખા નહેરો માલસણ શાખા, વેજપુર શાખા, ઢીમા શાખા, વડકા શાખા તથા ગડસસર શાખાના કામો આ

વર્ષે શરૂ કરવાનું આયોજન છે. વધુમાં ૯૬ ઉપરાંત વી-શાખા નહેરના કામો પણ આ વર્ષે હાથ ધરવાનું આયોજન છે. ૪.૮૫ લાખ હેકટરમાં વિસ્તાર વિકાસના કામો પ્રગતિમાં છે.

માર્ચ-૨૦૦૯ સુધી યોજનામાં ૪.૬૦ લાખ હેકટરમાં સિંચાઈ ક્ષમતા ઉભી કરવામાં આવેલ છે અને માર્ચ-૨૦૧૦ સુધીમાં ૬.૫૦ લાખ હેકટર કરવાનું આયોજન છે.

સરકારે ઝુંબેશ સ્વરૂપે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા ટપક અને ફુવારા જેવી સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિ દાખલ કરવાનું અભિયાન વિશાળપાયે હાથ ધરેલ છે, જે અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ સુધીમાં ૯૨,૯૫૫ ખેડૂતોની ૧,૫૧,૧૧૦ હેકટર જમીનમાં સુક્ષ્મ સિંચાઈનો લાભ આપેલ છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને રૂ.૨૬૩.૧૩ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯-૧૦ માં ૭૫,૦૦૦ હેકટર જમીનમાં ૬૦,૦૦૦ ખેડૂતોને સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિનો લાભ આપવાનું આયોજન છે. જે માટે સરકારે સબસીડી પેટે રૂ.૧૫૦ કરોડની જોગવાઈ કરેલ છે.

**જળસંપત્તિ અને કલ્પસર વિભાગ**

જળ સંપત્તિ અને કલ્પસર પ્રભાગ હેઠળ **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૨૦૪૫ કરોડ.**

રાજયમાં નવી સિંચાઈ વ્યવસ્થા વધારવા તેમજ હયાત સિંચાઈ વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા, રાજયમાં વરસાદથી તેમજ નદીઓમાંથી વહી જતાં પાણીનો વધુમાં વધુ સંગ્રહ કરી જમીનમાં પુનઃસંચય થાય, **દરિયાકિનારાના વિસ્તારોમાં ખારાશ અટકે અને મીઠા પાણીનો સંગ્રહ થાય** એવા વ્યાપક કામો કરવામાં આવે છે.

રાજયમાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના અને અન્ય યોજનાઓ હેઠળ બનાવેલ ૧,૧૮,૦૦૦ થી વધુ ચેકડેમો દ્વારા થયેલ જળસંચય અને તેના લાભને કારણે આ વર્ષે પણ નાની નદીઓ પરના ચેકડેમ માટે જોગવાઈ **રૂ.૧૧૩ કરોડ**, મોટી નદીઓ પરના ચેકડેમો માટે જોગવાઈ **રૂ.૧૮૩.૨૫ કરોડ** અને **તળાવો ઉંડા કરવા માટે જોગવાઈ રૂ. ૩૦ કરોડ.**

સુજલામ સુફલામ યોજના અંતર્ગત ઉત્તર ગુજરાત વિસ્તારને ફાળવવામાં આવેલ નર્મદાના એક મીલીયન એકર ફૂટ પૂરના વપરાશ કરવા કુલ ૮ પાઈપલાઈન કાર્યાન્વિત કરેલ છે. નર્મદા નહેર આધારિત સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલનું પાણી વિવિધ જળાશયો સુધી પહોંચાડવા ત્રણ નવી પાઈપલાઈન (૧) નર્મદા મુખ્ય નહેરથી વાત્રક, માઝમ અને મેશ્વો જળાશય (૨) નર્મદા મુખ્ય નહેરથી દાંતીવાડા અને સીપુ (૩) નમર્દા મુખ્ય નહેરથી ધરોઈ જળાશય સુધી તેમજ અન્ય **પાઈપલાઈનના કામો માટે રૂ. ૧૭૭.૦૫ કરોડ.**

- મોટી, માધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓ અને તેની નહેરોના વિસ્તરણ, **નવીનીકરણ અને આધુનિકરણ માટે રૂ.૧૧૯.૪૪ કરોડ.**
- જળસંપત્તિ પ્રભાગ હેઠળની ૨૨ મધ્યમ યોજનાઓ અને ૧૧૬ નાની સિંચાઈ યોજનાઓ અને સંલગ્ન કામો માટે **રૂ.૩૦૬.૩૫ કરોડ.**
- રાજયના દુષ્કાળગ્રસ્ત ૧૦ જિલ્લાઓમાં અમલમાં મૂકેલ સુજલામ સુફલામ યોજનાની સ્પ્રડીંગ નહેરની કામગીરી પૂર્ણતાના આરે છે, જેમાં વધારાના જરૂરી કામો માટે **રૂ.૮૫ કરોડ.**
- નદીઓમાં ભારે પૂરના કારણે થતું ધોવાણ અટકાવવા પૂર સંરક્ષણ અને દરિયાઈ ધોવાણ પ્રતિરોધક કામો માટે વર્ષ ૨૦૦૯-૧૦માં **રૂ.૯૮.૮૪ કરોડ.**
- સૌરાષ્ટ્ર, ઘેડ વિસ્તાર અને દક્ષિણ ગુજરાતની ક્ષાર પ્રવેશ નિયંત્રણ અને દરિયાઈ ધોવાણ પ્રતિરોધક કામોની ચાલુ યોજનાઓ માટે **રૂ.૬૪.૯૮ કરોડ.**
- સુરત શહેરમાં પૂર સંરક્ષણ માટે બનાવેલ માટી પાળાના મજબૂતીકરણ માટે મંજૂર થયેલ કામોમાંથી ૭૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. ચાલુ વર્ષની જોગવાઈ **રૂ.૧૩૬.૭૨ કરોડ.**
- તાપી બેઝીનમાં પુર સંરક્ષણ તેમજ અન્ય કામો માટે જોગવાઈ **રૂ.૮૦ કરોડ.**
- પાનમ હાઈ લેવલ કેનાલની ૩.૩૬ કિ.મી. લાંબી ટનલનું લોકાર્પણ કરેલ છે. પંચમહાલ જિલ્લામાં પાનમ હાઈ લેવલના, મુખ્ય નહેર અને વિતરણ વ્યવસ્થાના બાકી કામો પૂરા કરવા **વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ.૪૦ કરોડ.**
- ૨,૯૭,૦૦૦ હેકટર જેટલો વિસ્તાર ખેડૂત સરકારી પિયત મંડળીઓને સોંપેલ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થાની કામગીરી ખેડૂત જૂથોને સોંપવા **રૂ.૩૪ કરોડ.**
- નર્મદાના પૂરના પાણીના ઉપયોગ માટે સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૭ ચેકડેમોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. વધુ ૨૮ ચેકડેમોના કામો કરવા **રૂ.૨૦ કરોડ.**
- કચ્છ જિલ્લામાં આયોજન હેઠળના ૪૪ બંધારા પૈકી ૩૦ બંધારાનન કામો પૂર્ણ કરવામાં આવેલ છે બાકીના કામો પ્રગતિમાં છે જે માટે **રૂ.૨૦ કરોડ.**
- ખારીકટ કેનાલના આસપાસના વિસ્તારને નયનરમ્ય બનાવવાના હેતુથી RCC ડકટમાં તબદીલ કરવાના કામો માટે **રૂ.૨૦ કરોડ.**

- અગાઉના અછતના વર્ષોમાં થયેલ નાની સિંચાઈના કામોને સલામત તબકકે લાવવા માટે જોગવાઈ **રૂ.૩૦ કરોડ.**
- ગુજરાત પેટર્ન અંતર્ગત આદિજાતિ વિસ્તારના કામો માટે **રૂ.૬૩.૧૫ કરોડ.**
- કલ્પસર યોજનાનો વિગતવાર યોજનાકીય બેકેબલ અહેવાલ તૈયાર કરવા **રૂ.૩૬ કરોડ.**

**માર્ગ અને મકાન**

માર્ગ અને મકાન વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૯ની **રૂ.૧૭૭૫ કરોડની** જોગવાઈ સામે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૨૦૭૫ કરોડ.**

ગુજરાતની સમૃદ્ધિા અને વિકાસની કરોડરજજુ સમાન, ગામડાથી શહેરો અને બંદરો સુધીના રસ્તાના જોડાણ માટે રાજય સરકાર કટિબધ્ધ છે. રસ્તાઓની સુધારણા અને મજબૂતીકરણ, ચોમાસામાં વિખુટા પડતા ગામડાઓને કાયમી જોડાણ, ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તા તથા ખેત પેદાશોને માર્કેટયાર્ડ સુધી પરિવહન માટેના રસ્તાઓ વગેરે દ્વારા રાજયના તમામ વિસ્તિારોને જોડતા રસ્તાઓનુ આયોજન કરવામાં આવેલ છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- પ્રગતિપથ યોજના હેઠળ રાજયના છેવાડાના સ્થળોને જોડતા નવ જેટલા લાંબા અંતરના માર્ગોને જોડવા માટે જોગવાઈ રૂ.૧૬૫ કરોડ.
- વિકાસ પથ યોજના હેઠળ ૧૩૧ નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતાં રાજયના રસ્તાઓને અદ્યતન કરવા માટે **જોગવાઈ રૂ.૫૧ કરોડ.**
- રાજયના ધોરી માર્ગોને ભારે વરસાદ તથા પૂરના કારણે થતાં નુકસાનની મરામત કરવા માટે **જોગવાઈ રૂ.૭૬.૨૦ કરોડ.**
- કિસાન પથ યોજના હેઠળ ચાલે વર્ષે નવા ૫૩૩ કિ.મીના રસ્તાઓ માટે **જોગવાઈ રૂ.૯૧.૭૫ કરોડ.**
- ભારે વરસાદ, પૂરથી ગંભીર રીતે અસર પામેલા ૭૩ ગામોને બારમાસી રસ્તો આપવા માટે **જોગવાઈ રૂ.૩૫ કરોડ.**
- વિભાગમાં પાયાના સ્તરે ક્ષત્રિય તાંત્રિક કર્મચારીઓ તરીકે ૨૫૦ મદદનીશ ઈજનેર (સિવિલ)ની તદ્દન પારદર્શી રીતે કેમ્પ કરીને કરાર આધારિત જિલ્લાવાર નિમણૂક.

**શ્રમ અને રોજગાર**

શ્રમ અને રોજગાર વિભાગ માટે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૧૯.૧૫ કરોડ.**

આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- ભારત સરકાર દ્વારા પ્રકાશિત થતા અહેવાલ અનુસાર વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીમાં ગુજરાત સતત ૬ વર્ષથી બેરોજગાર ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં પ્રથમ રહેલ છે. અને વર્ષ ૨૦૦૮માં પણ ૨.૨૫ લાખ બેરોજગારોને રોજગારી પૂર્ણ પાડેલ છે. જે આપણા સૌના માટે ગૌરવની વાત છે.
- ૨૦ નવી **ITI** શરૂ કરવામાં આવશે જે પૈકી ૬ વિકસતા તાલુકામાં, ૨ વનબંધુ વિસ્તારમાં અને ૬ દરિયાકાંઠા વિસ્તારમાં તેમજ ૨ નવી મહિલા **ITI** શરૂ કરવાનું આયોજન.
- ઉદ્યોગમાં કુશળ માનવ બળ પૂરૂ પાડવા માટે હાલમાં ચાલુ **ITI**માં **રૂ.૮.૨૧ કરોડના** ખર્ચે વધારવામાં આવનાર બેઠકોની સંખ્યા ૫૦૦૦.
- કુલ ૩૭ સેન્ટર ઓફ એકસેલન્સ **ITI** માં તાલીમાર્થીની ભાષા તથા કોમ્યુનિકેશન સ્કીલ વધારવા માટે **આધુનિક ડિજીટલ લેન્ગવેજ લેબ સ્થાપવા માટે જોગાઈ રૂ.૪.૭૦ કરોડ.**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો**

વર્ષ ૨૦૦૮-૯ની રૂ.૩૫.૪૫ કરોડ સામે ૧૨૨.૩૧ ટકાના જંગી વધારા સાથે વર્ષ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ. ૭૮.૮૧ કરોડ.

આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- અન્ન સલામતીના સુરક્ષા કવચ વિસ્તૃત કરવા માટે ક્ષેત્રમાં પહેલી મહત્વની કામગીરી. ફોર્ટીફાઈડ આટાનું કાર્ડ ૧૬.૭ કિ.ગ્રા.ના દરને બદલે અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થીઓને ૧૮.૫ કિ.ગ્રા. મુજબ વિતરણ કરવાનો નિર્ણય.
- ખાદ્યતેલમાં વિટામિન એ અને ડી, ઘઉં અને મેંદામાં આયર્ન અને ફોલીક એસિડનો ઉમેરો કરી ફુડ ફોર્ટીફીકેશનના અમલીકરણમાં ગુજરાત પ્રથમ રાજય છે. જેનાથી આ મહિલાઓ અને બાળકોમાં વ્યાપક રીતે જોવા મળતા એનિમિયા અને અન્ય આરોગ્ય વિષયક સમસ્યાઓમાં ઘટાડો થશે.

- ફુડ ફોર્ટીફીકેશન યોજના અંતર્ગત કાર્ડધારકોને પ્રોટીનયુકત આહાર પૂરો પાડવા ઘઉંના આટામાં ડિફેકટ સોયાનો લોટ ઉમેરવાનું આયોજન.
- જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ **BPL** અને **AAY** રેશનકાર્ડ ધારકોને ખાદ્યતેલના વિતરણ માટે રૂ.૩૦ કરોડ.
- તમામ **BPL** અને **AAY** રેશનકાર્ડ ધારકોને પ્રતિમાસ ૧ કિ.ગ્રા. આયોડિનયુકત મીઠું રૂ.૧ની કિંમતે વિતરણ કરવા માટે જોગવાઈ રૂ.૪.૭૦ કરોડ.

**વન**

વન અને પર્યાવરણ વિભાગ હેઠળ **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૩૫૨ કરોડ.**

રાજયમાં ભૌગોલિક વિસ્તારના ૫.૨ ટકા જેટલો વિસ્તાર જંગલ વિસ્તારની બહારમાં વનાચ્છિાદિત થયેલ છે. વૃક્ષાચ્છાદિત વિસ્તાર વધુ પ્રમાણમાં બનાવવાના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ અંતર્ગત સંસ્કૃતિ વન, પુનિત વન, માંગલ્ય વન, નિર્થકર વન, કૈલાસ વન બનાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ માટે વાનિકી ક્ષેત્રે **૨૦૩.૩૯ લાખ માનવદિન ઉત્પાદન કરી આદિવાસી અને પછાત વિસ્તારમાં રોજગારીની તકો** ઉભી કરવાનું આયોજન કરેલ છે.

ગુજરાત સરકારે પાંખા થયેલ વન વિસ્તારને પુનઃનવસાધ્ય કરવા સહભાગી વન વ્યવસ્થા યોજના મોટા પાયે અમલમાં મૂકી છે. હાલમાં ૨૮૯૦ સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ રચી પાંખા થયેલ ૩.૫૫ લાખ હેકટર વન વિસ્તાર આવરી લેવામાં આવેલ છે. ૨૫ વન વિભાગો/જિલ્લાઓમાં વન વિકાસ સમિતિઓની રચના કરવામાં આવેલ છે.

સિંહોના રક્ષણ અને સંવર્ધનના લાંબાગાળાના આયોજન માટે રાજયમાં સકકરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢ, રામપરા તથા ઉમટ, જી.રાજકોટ ખાતે **જીનપુલ ઉભા કરવા જોગવાઈ રૂ.૮ કરોડ.**

**ઉર્જા**

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૯૨૭.૮૫ કરોડ.**

ગુજરાતને વધુ વીજ ઉત્પાદન થકી દેશનું એનર્જી હબ બનાવવાના ઉમદા હેતુસર ૧૧મી પંચવર્ષીય યોજના દરમિયાન ૧૧,૧૬૪ મે.વો.નું વધારાનું વીજ ઉત્પાદન મેળવવાનું આયોજન છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- રાજયની વીજ ઉત્પાદન વીજ કંપની ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિ. દ્વારા સિકકા ખાતે ૨૫૦ મે.વો.ના બે યુનિટોની, ઉતરાણ-સુરત ખાતે ૩૭૪ મે.વો.ના યુનિટની, ઉકાઈ ખાતે ૫૦૦ મે.વો.ના યુનિટની તેમજ **GIPCL** ના માંગરોળ ખાતે ૨૫૦ મે.વો.ના યુનિટની, **GSPC**ના પીપાવાવ ખાતે ૭૦૦ મે.વો. યુનિટની અને **GSEG**ના હજીરા ખાતે ૩૬૦ મે.વો. યુનિટની કાર્યવાહી હાથ પર છે. માંગરોળ ખાતે ૫૦૦ મે.વો.નું લીગ્નાઈટ આધારિત વીજ ઉત્પાદન યુનિટ સ્થાપવાનું પણ આયોજન છે.
- તદઉપરાંત ૮૦૦ મે.વો.ના એક એવા કુલ પાંચ યુનિટ રાજયમાં અલગ અલગ સ્થળોએ સ્થાપવાનું આયોજન છે.
- દરેક વીજ ગ્રાહકને ગુણવત્તાસભર વીજ પુરવઠો પુરો પાડવા વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૨૦ કે.વી.ના ૩ અને ૬૬ કે.વી.ના ૫૭ એમ કુલ ૬૦ નવા સબ સ્ટેશનો જુદા જુદા જિલ્લાઓમાં સ્થાપવાનું આયોજન છે.
- કિસાનો હયાત પંપ સેટના બદલે એનર્જી એફીસીયન્ટ સબમર્સીબલ પંપ લગાવી વધુ સારી ઉપજ મેળવી શકે તે શુભ આશયથી રાજય સરકાર તરફથી આવા એફીસીયન્ટ પંપની કુલ કિંમતની ૨/૩ (૬૬ ટકા) જેટલી આર્થિક સહાયની યોજના માટેની જોગવાઈ **રૂ.૫૦ કરોડ.**
- કિસાનોને તેમના વીજ જોડાણ ઉપર પૂરતા દબાણથી વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે માટે, તેમના પ્રસ્થાન ઉપર જ નાની ક્ષમતાનું ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભુ કરવા માટે **કિસાન હિત ઉર્જા શકિત યોજના** અમલી બનાવાયેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ માટે જોગવાઈ **રૂ. ૪૦ કરોડ.**
- વીજળીની અનિવાર્યતા સમજીને **BPL** કુટુંબોને વીજ જોડાણોનો લાભ મળે માટે ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે ૧,૧૦,૦૦૦ વીજ જોડાણો આપવામાં આવશે જે માટે જોગવાઈ **રૂ.૪૨ કરોડ.**
- કુટિર જયોતિ યોજના હેઠળ **BPL** કુટુંબોને વિના મૂલ્યે ૧,૦૮,૮૦૦ વીજ જોડાણો આપવા માટેની **રૂ. ૨૮ કરોડ.**

**ગેસ અને પેટ્રોલિયમ**

એ જણાવતા હું ગૌરવ અનુભવું છું કે, ક્રિષ્ના-ગોદાવરી બેઝિન અને ખંભાતના અખાતમાં ઉત્ખનનની કામગીરી પૂરજોશમાં ચાલુ છે. કે. જી. બ્લોકમાં આપણે અત્યાર સુધીમાં ૧૫ કૂવાઓનું શારકામ કર્યું છે અને એ જાણીને આપને આનંદ થશે કે, તે પૈકીના ૧૧ કૂવાઓમાં આપણે ઓઈલ અને ગેસ શોધી શકયા છીએ. કે.જી.બેઝિનનો ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાન રૂ.૭૦૦૦ કરોડના ખર્ચે તૈયાર કરી ડાયરેકટ જનરલ ઓફ હાઈડ્રલકાર્બનને રજૂ કરવામાં આવ્યો છે. આ પ્લાનની મંજૂરી મળ્યે, દીનદયાલ બ્લોકમાંથી ગેસનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે.

- ખંભાતના અખાત જેવા મુશ્કેલ બ્લોકમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી આપણે ઘણા બધા કૂવાઓમાં શારકામ કર્યુ છે. આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ આ વિસ્તારમાં ૬૦ થી ૭૦ કરોડ બેરલના ઉત્પાદનનો અંદાજ આપ્યો છે. આગામી દિવસોમાં આપણે તે પૈકીનું ૧૫ થી ૨૦ ટકા ઉત્પાદન કરી શકીશું તેવી ધારણા છે.
- આપણે ઈજિપ્તમાં હરાજી પ્રક્રિયાથી ઉત્ખનન માટેના બે ક્ષેત્રો મેળવ્યા છે. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે ઈજિપ્તમાં કચેરી ખોલી ઉત્ખનનની કાર્યવાહીનું પ્રાથમિક કામ શરૂ કર્યું છે. આપને જણાવતાં મને આનંદ થાય છે કે, તાજેતરમાં ઈજિપ્ત સરકારે વધુ ત્રણ બ્લોક પણ ફાળવ્યા છે.
- માન.સભ્યશ્રીઓનુ સુવિદિત છે કે, ગત વર્ષે મેં રાજયના ૧૮૪ નાના તાલુકાઓમાં પાઈપલાઈન દ્વારા ગૃહ વપરાશ માટે ગેસ ફાળવવાની જાહેરાત કરેલ. હાલમાં ૨૦ નગરપાલિકા વિસ્તારોમાં ગેસ પુરવઠો અપાઈ રહયો છે. રાજય જયારે વર્ષ ૨૦૧૦માં ગુજરાત રાજયની સ્થાપનાની સુવર્ણજયંતી ઉજવતું હશે, ત્યારે રાજયમાં કુલ ૨૫૦ **GNG** સ્ટેશનો સ્થાપિત હશે અને ૨ લાખ જેટલાં ઘરોમાં ગૃહિણીઓ પાઈપ લાઈન મારફત ગેસ મેળવશે. આ રીતે **GNG** તેમજ **PNG** અંગેનું વિસ્તૃત નેટવર્ક પ્રસ્થાપિત કરનાર ગુજરાત દેશનું સૌ પ્રથમ રાજય છે. આગામી ૩ થી ૫ વર્ષમાં ૨૦ લાખ ઘરોને ગેસ પુરો પાડવાનો અમારો લક્ષ્યાંક છે. ગેસ ગ્રીડ પ્રોજેકટમાં રૂ.૫૦૦૦ કરોડ જેટલું જંગી રોકાણ કરવાના રાજય સરકારના હિંમતભર્યા નિર્ણયને કારણે આ શકય બન્યું છે અને તેને પરિણામે રાજયના ૧૫ જિલ્લાઓને આપણે સાંકળી શકયા છીએ.

**ઉદ્યોગ અને ખાણ**

ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૯૫૧ કરોડ.**

મોટા ઉદ્યોગોની સાથોસાથ લઘુઉદ્યોગ તેમજ કૌશલ્ય આધારિત રોજગારીની તકો વિકસે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- ૧૨ (બાર) આદિવાસી તાલુકાઓમાં ઔદ્યોગિક વસાહતો સ્થાપવાનું આયોજન છે.
- કુટિર અને ગ્રામદ્યોગ ક્ષેત્ર દ્વારા ૧,૭૦,૦૦૦ રોજગારીની તકો ઉભી કરવા રૂ.૧૯૦.૨૫ કરોડની જોગવાઈ છે જે પૈકી અસંગઠિત ક્ષેત્રના કામદારોના વિકાસ માટે રૂ.૭૯.૫૨ કરોડની જોગવાઈ.
- બંધ પડેલ માર્સ્ડન મિલની ઉપર ગારમેન્ટ પાર્ક સ્થાપવામાં આવશે.
- ચાલુ વર્ષે દ્વારકા, પાલિતાણા, અંબાજી અને મોરબી મુકામે નવા એરપોર્ટ રાજય સરકાર દ્વારા વિકસાવવાનું આયોજન.
- રાજયમાં ચાર ઈન્ડસ્ટ્રીયલ એરિયા અને બે ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનું આયોજન.
- રાજય સરકાર દ્વારા ધોલેરાના અંદાજિત ૮૭૯ ચોરસ કિલોમીટર વિસ્તારને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (**SIR**) તરીકે જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે રોકાણકારોને આકર્ષવા માટે ૨૦૦૩થી શરૂ કરીને અત્યાર સુધીમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ચાલુ વર્ષે અભૂતપૂર્વ સફળતા મેળવેલ છે.

- ૩૧ ક્ષેત્રોમાં ૮૬૯૩ પ્રોજેકટ માટે **MOU** થયેલ છે.
- ૮૬૯૩ **MOU** નું સંભવિત મૂડી રોકાણ રૂ.૧૨,૩૯,૩૮૩ કરોડ.
- ૨૬,૮૯,૨૫૦ રોજગારીની તકો ઉભી થવાની સંભાવના.

**યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ**

રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ની **રૂ.૮૭.૭૫ કરોડની** જોગવાઈ સામે ૨૮.૪૯ ટકાના વધારા સાથે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૧૧.૭૫ કરોડ.**

રમતગમતની માળખાકીય સુવિધાઓ માટે પાટણ, કચ્છ (ગાંધીધામ), અમરેલી, ડાંગ(સાપુતારા) સાબરકાંઠા (હિંમતનગર), ખેડા (નડિયાદ), નર્મદા(રાજપીપળા), સુરેન્દ્રનગર (લીંબડી), જૂનાગઢ, ગોધરા, અમદાવાદ(ખોખરા) એમ ૧૧ જિલ્લામાં **રૂ.૧૪,૪૭ કરોડના** ખર્ચે રમત સંકુલનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે.

૧૦ વર્ષ જૂની નાટક મંડળીઓને નવા નાટકો રજૂ કરવા માટે **રૂ.૫૦,૦૦૦ની સહાય** માટેની નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

**સંગ્રહાલય**

પાટણ, દ્વારકા અને વડનગર ખાતે સંગ્રહાલય બનાવવા માટેનું આયોજન છે. દ્વારકા ખાતે જમીન સંપાદનનું કાર્ય પૂર્ણ કરેલ છે. જૂનાગઢ ખાતેના સંગ્રહાલયને પણ સરકાર દ્વારા હસ્તગત કરેલ તાજ મંઝીલ ખાતે તબદીલ કરવાનું નકકી કરવામાં આવેલ છે.

➢ સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ અન્વયે **"મ્યુઝીયમ્સ ઈન ગુજરાત"** નામનું પુસ્તક બહાર પાડવાની કામગીરી ચાલુ છે. ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષ પુરા થવાના પ્રસંગે આંતરરાષ્ટ્રીય કક્ષાનું ગુજરાત રાજયની સંપૂર્ણ માહિતી સાથેનું પુસ્તક બહાર પાડવાનું નકકી કરેલ છે.

**પ્રવાસન**

પ્રવાસન પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ની **રૂ. ૧૦૦ કરોડની** જોગવાઈ સામે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૬૪.૮૩ કરોડ.**

પ્રવાસન વૈશ્વિક સ્તરે કુલ વિશ્વ વ્યાપારના ૧૦ ટકા જેટલો ફાળો ધરાવતી મહત્વની આર્થિક તેમજ રોજગારી પૂરી પાડતી પ્રવૃત્તિ છે. દેશના કુલ જીડીપી માં ૬.૫ ટકા ફાળો ધરાવતા આ ક્ષેત્રને રાજયમાં વિકસાવવા માટે રાજય સરકારે વ્યૂહાત્મક અભિગમ આપ્યો છે.

વર્ષ ૨૦૦૯-૧૦માં દરિયાકાંઠાના સ્થળોએ ૧૦ જગ્યાનો વિકાસ તેમજ જુદા જુદા પ્રવાસી સ્થળો જેવા કે સાપુતારા, સિધ્ધપુર, જૂનાગઢ, દેવની મોરી, સરખેજ, ચાંપાનેર, પોરબંદર, પાલિતાણા, પાટણ, દાંડી, નારાયણ સરોવર-કોટેશ્વર તેમજ અન્ય સ્થળોએ આંતરમાળખાકીય તેમજ પ્રવાસનને લગતી સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન છે જે માટે **રૂ.૬૬.૫૩ કરોડની** જોગવાઈ સૂચવેલ છે.

રાજયમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે અને ગુજરાત રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રવાસીઓને આકર્ષતુ થાય તે માટે રાજય સરકાર પૌરાણિક મહત્વ ધરાવતા લોક મેળા અને લોકત્સ્વનો વ્યૂહાત્મક :ઉપયોગ કરે છે. આ ઉપરાંત ગાંધી સરકીટ, બુધ્ધિષ્ટ સરકીય તેમજ વિવિધ સ્થળો સાથે જોડી પ્રવાસી સરકીટ વિકસાવવાનું આયોજન છે. પ્રવાસનના વિકાસને સિધ્ધ કરવા રાજય સરકાર **રૂ.૫૦ કરોડની** શેરમૂડી સાથે ગુજરાત પ્રવાસન વિકાસ કંપની શરૂ કરશે જેના ઝડપી હરણફાળ ભરવા માટે રાજય સરકારે **સ્વર્ણિમ જયંતી સોરઠ વિકાસ યોજના** શરૂ કરવા નિર્ણય લીધેલ છે.

**સ્વર્ણિમ જયંતી સોરઠ વિકાસ યોજના**

પ્રવાસનના ક્ષેત્રે ગુજરાતને આંતરરાષ્ટ્રીય સરકીય ઉપર મૂકવા માટેનું અભિયાન રાજય સરકારે હાથ ધરેલ છે. આ માટે વિવિધ ક્ષેત્રના પ્રવાસન વિસ્તારોનો અભ્યાસ કરીને તેને અનુરૂપ સરકીટ બનાવવામાં આવે છે. સૌરાષ્ટ્ર સરકીટ તે પૈકીની એક છે. જૂનાગઢ એક પ્રાચીનતમ શહેર તરીકે ગુજરાતના નકશા ઉપર ઉભરી આવે છે. જૂનાગઢ ભગવાન શિવનું અતિપ્રિય સ્થાન રહયું છે. જૂનાગઢનું પ્રાચીન નામ ગિરિનગર હતું. ગીરના જંગલોમાં, ડુંગરાળ પ્રદેશ, વિસ્તૃત મેદાનો અને તેમાં થઈને વહેતી નદીઓ, ઝરણાઓથી શોભતો આ જિલ્લો તેના વનરાજ સિંહો માટે વિશ્વ વિખ્યાત છે. પરદેશી પ્રવાસીઓનું આ માટે અનોખું આકર્ષણ રહેલ છે. ધ્વાદશ જયોતિર્લિંગ પૈકીનું એક સોમનાથ મંદિર, તેની આસપાસનો પ્રભાસ પાટણ વિસ્તાર અને જિલ્લાના દરિયાકાંઠે આવેલ ચોરવાડ, ઉના તેમજ અહમદપુર-માંડવી જેવા પ્રવાસન વિસ્તારને લીધે જૂનાગઢ ગુજરાતનું પ્રવાસનનું મધ્યબિંદુ છે. આ ધ્યાનમાં લઈને જૂનાગઢ સરકીટ વિકસાવવાનો રાજય સરકારે નિર્ણય કરેલ છે.

આ સમગ્ર વિસ્તારને આંતરરાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્ર તરીકે વિકસાવવા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની માળખાકીય સુવિધાઓ ઉભી કરવા અને સર્વાંગી વિકાસ કરવા **સ્વર્ણિમ જયંતી સોરઠ વિકાસ યોજના** અમલમાં મૂકવાનો રાજય સરકારે નિર્ણય કરેલ છે. આ માટે પ્રવાસન વિભાગ અન્ય વિભાગોના સહકારથી જૂનાગઢ શહેર અને જિલ્લાનો સર્વાંગી વિકાસ કરવા માટે કાર્યયોજના તૈયાર કરી રહયો છે જેમાં **આશરે રૂ. ૬૦૦ કરોડની વિવિધ વિભાગો હેઠળ થયેલ જોગવાઈઓ** અન્વયે સુઆયોજિત વિકાસ માટેની કાર્યવાહી કરવામાં આવશે.

પ્રવાસન વિભાગ દ્વારા નરસિંહ મહેતા તળાવ, વિલીંગ્ટન ડેમ, ઉપરકોટ એન્ટ્રન્સ, અડી-કડી વાવ, સર્કલ ચોક, સરદાર પટેલ દરવાજા, દિવન ચોક, મજેવડી દરવાજા અને જૂનાગઢ લાયબ્રેરીનું આધુનિકીકરણ, બૌદ્ધ પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવી રહયો છે. રાજય સરકાર જૂનાગઢ-સોમનાથ-પોરબંદર-દ્વારકાના રસ્તાને પ્રવાસન માર્ગ તરીકે વિકસાવી રહી છે આ ઉપરાંત વિકાસપથ, પ્રવાસીઓનું કામ પ્રગતિમાં છે. જૂનાગઢના જિલ્લા સેવાસદનનું આધુનિકરણ, કૃષિ વિશ્વ વિદ્યાલયનું વિસ્તરણ, છારા/સમીર અને સૂત્રાપાડા ખાતે નવા બંદરો વિકસાવવા, ત્રણ નવા સબ સ્ટેશન ઉભા કરવા, જૂનાગઢ શહેરની માળખાકીય સુવિધાઓ વધુ સુદ્રઢ કરવા માટે તથા કોડીનાર, વેરાવળ, સૂત્રાપાડા ખાતે અને કેશોદ તાલુકા માટેની પાણી પુરવઠા યોજનાની કામગીરી સત્વરે હાથ ધરવામાં આવશે.

આમ **સ્વર્ણિમ જયુતી સોરઠ વિકાસ યોજના** હેઠળ ઉપર્યુકત કામો પૂર્ણ થતાં જૂનાગઢ ધાર્મિક અને ઐતિહાસિક પ્રવાસન ક્ષેત્રે વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરશે અને લાખો પ્રવાસીઓને આકર્ષશે.

**ઈન્ટરનેશનલ સેમિનાર ઓન બુદ્ધિઝમ**

ગુજરાતમાં આવેલ બૌદ્ધ સ્મારકોની મુલાકાતે વિશ્વના બૌદ્ધ પ્રવાસીઓને આકર્ષવા માટે એક ઈન્ટરનેશનલ સેમીનાર ઓન બુદ્ધિઝમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં બુધ્ધ ધર્મના પવિત્ર સ્થળો જે ગુજરાતમાં આવેલ છે તેની વિગતો આપવમાં આવશે અને આ સેમિનારમાં સમગ્ર વિશ્વમાંથી બૌદ્ધ યાત્રિકો અને વિદ્વવાનોને આમંત્રિત કરવામાં આવશે.

**યાત્રાધામ**

ગુજરાતની પવિત્ર ધરા ધાર્મિક સ્તરે અતિ સમૃધ્ધ છે. આ ધરા પર દેવી-દેવતાઓના અનેક મંદિરો આવેલા છે. આ તમામ મંદિરો પૈકી ૬ મહત્વના મંદિરો દ્વારકા, સોમનાથ, ગિરનાર, પાલિતાણા, ડાકોર અને અંબાજીને યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકાસવવામાં આવી રહેલ છે. આ ઉપરાંત રાજય હસ્તકનાં ૩૩૯ દેવસ્થાનોના વિકાસ માટે પણ તબકકાવાર આયોજન હાથ ધરાશે.

**નવા બીચ રીસોર્ટ**

ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા અમરેલી જિલ્લાના સર્કેશ્વર, જામનગર જિલ્લાના શિવરાજપુર, સુરત જિલ્લાના સુવાલી તથા વલસાડ જિલ્લાના તીથલ ખાતે બીચ રીસોર્ટ વિકસાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

**બંદરો અને વાહન વ્યવહાર**

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ની **રૂ.૨૫૦.૫૦ કરોડની** જોગવાઈ સામે ૨૨ ટકાના વધારા સાથે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૩૦૫.૫૦ કરોડ.**

સરકારે બંદરક્ષેત્રે નોંધનીય સિધ્ધિ પ્રાપ્ત કરરી છે. દેશનાં પ્રથમ બે **LNG** ટર્મિનલ દહેજ અને હજીરા ખાતે કાર્યરત થયા છે. આંતરરાષ્ટ્રીય સ્તરના અદ્યતન કાર્ગો હેન્ડલીંગ સુવિધા ધરાવતા બે ખાનગી બંદરો પીપાવાવ અને મુંદ્રા કાર્યરત થયેલ છે, જેનું ગુજરાતના બંદરો ઉપરથી હેરફેર થતાં કુલ ટ્રાફિકમાં મોટું યોગદાન છે.

અત્યાર સુધીમાં, બંદર **ક્ષેત્રે રૂ.૨૦,૬૧૩ કરોડથી** વધુનું ખાનગી મૂડી રોકાણ થયેલ છે. સમગ્ર દેશના બંદરો પરથી પરિવહન થતાં કાર્ગો પૈકી ૧૯% કાર્ગો ગુજરાતના બંદરો પરથી હેરફેર થાય છે. જયારે દેશના તમામ દરિયાકિનારો ધરાવતાં રાજયોનાં નાના બંદરો ઉપરથી કુલ હેરફેર થતાં કાર્ગો પૈકી ૬૫% જેટલો કાર્ગો ગુજરાતના નાનાં બંદરો ઉપરથી થાય છે.

- વર્ષ ૨૦૦૯-૧૦માં ગુજરાત મેરીટાઈમ બોર્ડ પોતાના બંદરો ઉપર **રૂ.૪૩૩ કરોડના** અંદાજીત ખર્ચથી વિકાસની યોજનાઓ હાથ ધરવા આયોજન કરેલ છે. ઉપરાંત બંદર ક્ષેત્રે **રૂ.૨૧૫૦ કરોડનું ખાનગી મૂડી રોકાણ** થનાર છે.
- વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૯ના ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ દરમ્યાન બંદર ક્ષેત્રે ૫૦ યોજનાઓનાં અંદાજીત **રૂ.૮૫,૭૨૦ કરોડના મૂડી રોકાણ** માટેના સમજૂતિ કરાર પર સહી કરવામાં આવેલ છે. જેના કારણે આવતાં વર્ષોમાં રાજયનો આર્થિક વિકાસ તથા રોજગારીની તકો ઉભી થશે.

**વાહન વ્યવહાર**

- છેલ્લા ચાર વર્ષની જેમ આ વર્ષે પણ **૧૫૦૦ નવી બસો સંચાલનમાં** મૂકવા માટે સહાય **રૂ. ૨૨૮.૫૦ કરોડ**

- કુમાર/કન્યાઓને શાળાએ જવા માટે બસો ખરીદવા જોગવાઈ **રૂ.૫૦ કરોડ.**
- જિલ્લા કક્ષાના **૧૦ બસ સ્ટેશનો** પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે અપગ્રેડ કરવાનું આયોજન.
- ૪ પર્યટર સ્થળો વડનગર, સોમનાથ, પોરબંદર તેમજ ભરૂચ ખાતેના જૂના બસ સ્ટેશનો આધુનિક કરવાનું આયોજન.

**મહેસૂલ**

મહેસૂલ વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ની **રૂ.૨૨૨.૨૫ કરોડની** જોગવાઈ સામે ૫૭.૭૦ ટકાના વધારા સાથે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૩૫૧.૫૧ કરોડ.**

મહેસૂલ વિભાગ થકી થતી કામગીરી સામાન્યમાં સામાન્ય માણસથી માંડી ખેડૂત સુધી સૌને સ્પર્શે છે. આ કામગીરી સરળ બને અને ઝડપથી સવલતો પ્રાપ્ત થાય તે હેતુથી જૂના કાયદાઓમાં વ્યાપક પ્રમાણમાં ફેરફારો કરવામાં આવી રહયા છે જે માટે આ સન્માનનીય ગૃહની મંજૂરી મેળવવામાં આવશે, જેથી કરીને **૭-૧૨ના ઉતારા તેમજ જંત્રી** વગેરે વિગતો મેળવવાનું સરળ બને. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- મહેસૂલી વહીવટને સુદ્રઢ, આધુનિક અને સરળ બનાવી રાજયના નાગરિકોની રોજબરોજની જરૂરિયાતને વધુ સરળ બનાવવા માટે કોમ્પ્યુટરાઈઝેશન ઓફ લેન્ડ રેકર્ડઝ, તાલુકા નાગરિક સેવા કેન્દ્ર, **વન-ડે ગવર્નન્સ** તથા **ઇ-સ્ટેમ્પીંગ** જેવી યોજનાઓના માધ્યમથી જમીન સંબંધી વ્યવહારોમાં ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાયેલ છે.
- રાષ્ટ્રીય જમીન દફતર આધુનિકીકરણ યોજના હેઠળ સમગ્ર રાજયમાં તબકકાવાર રિ-સર્વેની કામગીરી હાથ ધરવા કરાયેલ આયોજન હેઠળ પ્રથમ તબકકામાં જામનગર, ગાંધીનગર અને પાટણ જિલ્લાના રિ-સર્વેની શરૂઆત આધુનિક ટેકનોલોજીથી શરૂ થઈ રહી છે.
- મહેસૂલી રેકર્ડના ગામ નમૂના નંબર-૧ના અગત્યના અને કાયમી રેકર્ડની ડેટા એન્ટ્રી રાજયના ૬,૧૧૭ ગામોમાં પૂર્ણ કરવામાં આવી છે. વર્ષના અંતે સમગ્ર રાજયમાં પૂર્ણ કરવામાં આવશે.
- સમગ્ર રાજયમાં મહેસૂલી રેકર્ડના ગામ નમૂના નંબર-૬ (હકક પત્રક)ને સ્કેનીંગ કરવાનો પ્રોજેકટ હાથ ધરાયેલ છે.
- મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોના પ્રજાજનોને સિટી સર્વેની અદ્યતન પ્રોપર્ટી કાર્ડની નકલો તથા પ્રથમવાર બહુમાળી બિલ્ડીંગોના વ્યકિતગત રહેણાર્થીને પણ મિલકત કાર્ડ આપવાની કાર્યવાહી ગતિમાં છે.
- દસ્તાવેજોની નોંધણી જનસેવા કેન્દ્રો ખાતે શરૂ કરવાનું આયોજન છે જેથી મહેસૂલી રેકર્ડમાં નોંધ થઈ તેની નકલો લોકોને ઝડપથી પ્રાપ્ત થશે.
- રાજય સરકારે દર વર્ષે જંત્રી રિવીઝન કરવા માટે સૈધ્ધાંતિક નિર્ણય કરી જંત્રી **ASR** -૨૦૦૬ અમલમાં મૂકી છે. જેનું વર્ષ ૨૦૦૯-૧૦નું રિવીઝન ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.
- ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ માટે કરેલ જોગવાઈ **રૂ.૨૧૦.૯૫ કરોડ.**
- આપત્તિ સંબંધની પ્રવૃત્તિઓ માટે જોગવાઈ **રૂ.૩૭.૮૦ કરોડ.**
- ગુજરાતની આપત્તિ પ્રતિકાર એજન્સીઓને સુસજજ કરવા સાધનોની પ્રાપ્તિ માટે જોગવાઈ **રૂ.૬૦ કરોડ.**
- દરિયા કિનારા નજીક ૨ કિ.મી. અંતરના તેમજ અંતરિયાળ વિસ્તારોમાં મધ્યમથી વધુ જોખમી વાવાઝોડા જોખમગ્રસ્ત વિસ્તારો માટે જોગવાઈ **રૂ.૨૫ કરોડ.**
- લાંબાગાળાના પૂર શમન માટેના પ્રોજેકટ માટે જોગવાઈ **રૂ. ૨૫ કરોડ.**

**ગૃહ**

ગૃહ વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ની **રૂ.૨૦૪.૬૫ કરોડની** જોગવાઈ સામે ૬૯.૩૮ ટકાના વધારા સાથે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૩૪૬.૬૫ કરોડ.**

માનનીય અધ્યક્ષશ્રી, સલામત ગુજરાત એ અમારો સંકલ્પ છે. ગુજરાતની સાડા પાંચ કરોડ જનતાની સલામતી, સુખશાંતિ એ અમારો ધ્યેય છે. આતંકવાદ તથા કોમી તોફાનોમાંથી ગુજરાતને મુકત કરવામાં અમને સફળતા મળી છે. ગુજરાત સરહદી રાજય છે, રાષ્ટ્રનો ત્રીજા ભાગનો દરિયાકાંઠો ગુજરાતમાં આવેલ છે અને અન્ય દેશ સાથેની ૫૦૦ કિ.મી. કરતાં વધુ જમીનની સરહદ ગુજરાતમાં છે ત્યારે સલામતી સુરક્ષાની બાબતો અમારે માટે ખૂબ જ પાથમિકતા ધરાવે છે. ગુજરાતના દરિયાકાંઠાની સુરક્ષા માટે રાજય સરકારે **રૂ.૩૯૨.૪૭ કરોડની**

યોજના કેન્દ્ર સરકારને રજૂ કરેલ પરંતુ કેન્દ્ર સરકારે માત્ર **રૂ.૫૮.૪૨ કરોડ** ફાળવ્યા છે. મુંબઈની આંતકવાદી ઘ ટના જેવી ઘટના પછી દરિયકાંઠાની સુરક્ષાનુ મહત્વ અનેકગણુ વધી જાય છે ત્યારે સમસ્યાની ગંભીરતાના પ્રમાણમાં ફાળવણી ખૂબ જ ઓછી છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- ગૃહ વિભાગ તથા ખાતાના વડાઓની વિવિધ કચેરીઓ અને પોલીસ સ્ટેશનોને **ઈન્ફોર્મેશા ટેકનોલોજીથી સજ્જ કરી ઈ-ગવર્નન્સ** મારફતે કામગીરી કરવા **રૂ.૪૦ કરોડ.**
- રાજયના ભુજ(કચ્છ) અને જામનગર ખાતે રાજય **અનામત પોલીસ દળની વધુ ૨ બટાલિયનો ઉભી કરવા રૂપિયા ૬૨ કરોડ.**
- **૧૩ નવા પોલીસ સ્ટેશનો** ખોલવા માટે **રૂ. ૪.૩૫ કરોડ.**
- રાજયમાં આતંકવાદી પ્રવૃત્તિ નેસ્તનાબૂદ કરવાના સરકારના દ્રઢ સંકલ્પના ભાગરૂપે **૧૩ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ** કમિશ્નર કક્ષાએ/જિલ્લા કક્ષાએ ઉભા કરવા માટે **રૂ.૮.૦૭ કરોડ.**
- ૧૧ નવા મહિલા પોલીસ સ્ટેશન શરૂ કરવા માટે **રૂ. ૫.૫૨ કરોડ.**
- રાજયમાં પોલીસ અને રાજય અનામત **પોલીસ દળના જવાનો માટે કવાર્ટર્સ બાંધવા માટે રૂ. ૨૬ કરોડ.**
- પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ **રૂ. ૯૬ કરોડ.**
- સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ **રૂ. ૪૨ કરોડ.**
- રાજયમાં નવી જેલોના બાંધકામ માટે અને પ્રવર્તમાન **જેલોના આધુનિકીકરણ અને મહેકમ માટે રૂ.૨૪.૯૪ કરોડ.**

**ન્યાય તંત્ર**

કાયદા વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ની **રૂ.૬૯.૨૫ કરોડની** જોગવાઈ સામે ૧૨૪ ટકાના વધારા સાથે **વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ.૧૫૫.૨૫ કરોડ.**

ગુજરાતમાં વિવિધ તબકકે પડતર અદાલતી કેસોના ઝડપી નિકાલ થાય તે માટે ન્યાયતંત્રને માનવબળ, માળખાકીય સુવિધાઓ અને ટેકનોલોજીનું સમર્થન આપવામાં **ગુજરાત રાજય અગ્રેસર છે.** પડતર તમામ અદાલતી કેસોનો વર્ષ ૨૦૧૧ સુધીમાં નિકાલ થાય તે માટે રાજય સરકાર સંકલ્પબદ્ધ છે અને આ માટે જરૂરી નવી કોર્ટો ઉભી કરવા, સાંધ્ય અદાલતો ઉભી કરવા અને કોર્ટોને જરૂરી સુવિધાઓ પૂરી પાડવા રાજય સરકારે મંજૂરીઓ આપી છે. સમગ્ર દેશમાં ગુજરાત એક જ એવું રાજય છે જેને ન્યાયતંત્રને માળખાકીય સુવિધાઓ, ટેકનોલોજી અને યોગ્ય માનવબળ આપવા માટે આટલું મોટું બજેટ ફાળવેલ છે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- સાંધ્ય અદાલતો ગુજરાતનું ગૌરવ છે અને આ અદાલતો ઉભી કરવાની પહેલ સૌ પ્રથમ ગુજરાતે કરેલ છે. હાલમાં **૮૭ જેટલી સાંધ્ય કોર્ટો** કાર્યરત છે. અને આ કોર્ટો દ્વારા **૫,૩૪,૧૫૨ કેસોનો નિકાલ** થયેલ છે. સાંધ્ય કોર્ટો ગરીબ અને શ્રમજીવી વર્ગના લોકોને નાના નાના કેસોમાં ઝડપી નિર્ણય માટે ખૂબ ઉપયોગી છે. આ માટે વર્ષ ૨૦૦૯-૧૦ની જોગવાઈ **રૂ.૧.૩૪ કરોડ.**
- લગ્ન, પારિવારિક બાબતોને લગતી તકરારોના ઝડપી ઉકેલ માટે જ શહેરોની વસ્તી ૧૦ લાખ કરતાં વધુ હોય ત્યાં નારી અદાલત (ફેમિલી કોર્ટ)ની સ્થાપના કરવાનું રાજય સરકારે નકકી કરેલ છે. કુલ ચાર કોર્ટ કાર્યરત છે જયારે વધુ ૬ **ફેમિલી કોર્ટ** વર્ષ ૨૦૦૯-૧૦માં શરૂ કરવામાં આવશે.
- વર્ષ ૨૦૧૧ સુધીમાં એક વર્ષ ઉપરના તમામ કેસોનો નિકાલ કરવા માટે રાજયના વિવિધ શહેરોમાં **૧૪ નવી અદાલતો સ્થાપવાનું આયોજન** છે, જેમાં લાંચ રૂશવત વિરોધી ધારા હેઠળની કોર્ટ તથા સિવિલ જજ અને જે.એમ.એફ.સી ની કોર્ટોનો સમાવેશ થાય છે. તદઉપરાંત સાંબકાંઠા જિલ્લામાં મોડાસા ખાતે પણ સિનિયર સિવિલ જજની કોર્ટની સ્થાપના કરવાનું આયોજન છે.
- રાજય સરકારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળના પડતર કેસોના નિકાલ માટે અમદાવાદ શહેર માટે વધારાની બે ખાસ કોર્ટ તેકજ સુરત, વડોદરા અને રાજકોટ શહેર દરેકમાં ૪ મળીને **વધારાની કુલ ૧૪ ખાસ કોર્ટની રચના** કરવાનું આયોજન કરેલ છે.
- ૨૦૦૯-૧૦ના વર્ષમાં હાઈકોર્ટ સહિત વિવિધ કોર્ટો અને કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન માટે જોગવાઈ **રૂ. ૧ કરોડ.**
- પડતર કેસોના ઝડપી નિકાલ થાય તે માટે જુદી જુદી અદાલતોમાં મદદનીશ સરકારી વકીલોની જગ્યાઓ ઉભી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.
- ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી માટે ગાંધીનગર જિલ્લામાં કોબા ખાતે ૩૮ એકર જમીનની ફાળવણી કરેલ છે જેના બાંધકામ માટે જોગવાઈ **રૂ.૪૦ કરોડ** આ યુનિવર્સીટીની પ્રથમ બેચ બહાર પડેલ છે જે પૈકી ઘણા વિદ્યાર્થીઓને મંદીના વાતાવરણમાં પણ પ્લેસમેન્ટ મળી ગયેલ છે.

- ➢ રાજયના તમામ લોકોને કાનૂની હકકો અને જ્ઞાન મળી રહે તે હેતુથી ૩,૩૯,૨૯૮ કાનૂની શિબિરો યોજેલ છે. લોક અદાલતોમાં આખરી થયેલ કેસો પાછળ થયેલ ખર્ચની ગણતરી કરતાં એક કેસ પાછળ માત્ર ૬૪ પૈસાનો ખર્ચ થયેલ છે. આ રીતે લોકોને ઝડપથી ન્યાય મળી રહે તેવી કાર્યવાહી રાજય સરકારે કરેલ છે.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ની **રૂ.૫૩.૨૦ કરોડની** જોગવાઈ સામે ૧૩૫ ટકાના માતબર વધારા સાથે વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ. ૧૨૫ કરોડ.

આગામી સમયમાં દરેક ક્ષેત્રે ટેકનોલોજીનો વ્યાપ વધવાનો છે. અને ધ્યાનમાં રાખીને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તર.થી રાજય સરકારે વહીવટી તેમજ શિક્ષણ ક્ષેત્રે કેટલીક અતિ મહત્વની પહેલ કરી છે જેમાં સાયન્સ સિટી સ્થાપવામાં ગુજરાત અગ્રિમ રાજય છે અને રાષ્ટ્રીય કક્ષાની ચીલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ આ વર્ષે ડિસેમ્બરમાં સાયન્સ સિટી યોજાશે. આ ક્ષેત્રે કરેલ કામગીરીની અને અન્ય આયોજનની વિગતો નીચે મુજબ છે.

- ➢ ઈ-ગવર્નન્સ માળખાકીય સુવિધાના ભાગરૂપે ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૧-૦૨માં સ્થપાયેલ **GSWAN** નેટવર્કને તાલુકા સ્તર સુધી વધુ સુદ્રઢ બનાવવામાં આવશે.
- ➢ અદ્યતન ટેકનોલોજી યુકત બે નવી **OB** વાન શરૂ કરવાનું આયોજન.
- ➢ કચ્છના અખાત વિસ્તારમાં આવેલ ઈન્ફ્રાસ્ટકચર ઈન્સ્ટોલેશન ઉપર ભૂસ્તરીય હલચલની આડઅસરોનો અભ્યાસ કરવામાં આવશે.
- ➢ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપીય પરંગોનો સમય પ્રવાહ અને વેગ જાણવા સુનામી મોડેલનું આયોજન કરવામાં આવશે.

**માહિતી અને પ્રસારણ**

માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂ. ૨૪.૧૦ કરોડ.

રાજય સરકારના જુદા જુદા વિભાગદ દ્વારા અમલ કરવામાં આવતી પ્રજા માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓની અને સિધ્ધિઓની માહિતી રાજયના અંતરિયાળ વિસ્તારમાં વસતા છેવાડાના માનવીને પણ મળી રહે તે હેતુસર અખબારો, સાપ્તાહિકો, ઈલેકટ્રોનિક મીડીયા, ટેલિવીઝન ફિલ્મો જેવા જુદા જુદા માધ્યમો દ્વારા પ્રચાર અને પ્રસારની કામગીરી માહિતી ખાતા દ્વારા અરસકારક રીતે કરવામાં આવે છે. આ વર્ષે આધુનિક ટેકનોલોજી દ્વારા સુવર્ણજયંતીનું ધ્યેય પૂર્ણ કરવા માટે માહિતી વિભાગનું સમગ્ર તંત્ર જોડાય તેવું ગોઠવવામાં આવેલ છે.

**રાજવિત્તીય વ્યવસ્થાપન**

વૈશ્વિક નાણાકીય કટોકટીને લીધે વર્ષ ૨૦૦૮-૦૯ના ઉતરાર્ધમાં ભારતીય અર્થતંત્રમાં પણ મંદીની પરિસ્થિતિ ઉભી થઈ, જેને લીધે રાજવિત્તીય જવાબદારી ધારાઓના રાજવિત્તીય વ્યવસ્થાપન માળખાનું પુન:મૂલ્યાંક કરવાની જરૂરિયાત ઉભી થઈ છે, આના આધારે ભારત સરકારે રાજયોના રાજવિત્તીય ખાદ્યના લક્ષ્યાંકોમાં વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં **GSDP**માં ૦.૫ ટકાની છૂટછાટ મૂકી છે. આ ઉપરાંત, રાજયોની મહેસૂલી ખાદ્ય શૂન્ય રાખવાના લક્ષ્યાંકમાં પણ છૂટછાટ મૂકી છે. ભારત સરકારે રાજયને તેમના રાજવિત્તીય ધારાઓમાં તે મુજબ સુધારાઓ કરવા સૂચવેલ છે.

છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના અમલના કારણે રાજય ઉપર મોટો આર્થિક બોજ પડેલ છે. જેમાં પગાર અને પેન્શનની સુધારણાને લીધે તથા તફાવતના ૨૦ ટકા રકમના ચુકવણાને લીધે ફરત ૨૦૦૯-૧૦માં જ રૂ. ૪૦૦૦ કરોડથી વધારે બોજ પડશે.

આર્થિક મંદીના આવા પડકાર હોવા છતાં, રાજય સરકારે ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ના દરેક લક્ષ્યાંકો વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં પૂર્ણ કરેલ છે. ભારત સરકારે છુટછાટની પરવાનગી આપી હોવા છતા રાજય સરકારે વર્ષ ૨૦૦૯-૧૦ (બજેટ અંદાજો)માં **GSDP** ની ૩ ટકાની મર્યાદામાં રાજવિત્તીય ખાદ્ય જાળવી રાખી છે. અમે દૂરદર્શી નીતિની પહેલ કરીને અને વ્યવહારમાં મૂકીને રાજવિત્તીય એકત્રીકરણની પ્રક્રિયાને અનુસરવા પ્રતિબધ્ધ છીએ.

ગુજરાત રાજવિત્તીય અધિનિયમ, ૨૦૦૫ હેઠળના વર્ષ ૨૦૦૯-૧૦ના પત્રકો વાર્ષિક નાણાકીય પત્રક સાથે રજૂ કરેલ છે.

**૨૦૦૯-૧૦ના ફેરફાર કરેલ અંદાજ**

સને ૨૦૦૯-૧૦ના ફેરફાર કરેલ અંદાજ નીચે પ્રમાણે રૂ.૪૭.૭૬ કરોડની એકંદર પુરાંત દર્શાવે છે.

(રૂપિયા કરોડમાં)

| | | સને ૨૦૦૯-૧૦ના ફેરફાર કરેલ અંદાજ |
|---|---|---|
| (૧) | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૪,૧૮,૧૫.૧૮ |
| | મહેસૂલી ખર્ચ | ૪,૫૭,૨૮.૩૭ |
| | મહેસૂલી હિસાબ પર ખાદ્ય | (-) ૩૯,૧૩.૧૯ |
| | મૂડીની આવક | ૧,૪૪,૨૨.૭૩ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧,૧૭,૧૧.૭૮ |
| | મૂડી હિસાબ પર પુરાંત | (+) ૨૭,૧૦.૯૫ |
| | એકત્રિત ફંડ (ચોખ્ખુ) | (-) ૧૨,૦૨.૨૪ |
| (૨) | **આકસ્મિક ફંડ** | ---- |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (+) **૧૨,૫૦. ૦૦** |
| | **સરવાળો: ચોખ્ખી લેવડ-દેવડ(૧+૨+૩)** | (+) **૪૭.૭૬** |
| | | |

હવે હું મારા પ્રવચનનો ભાગ-ખ રજૂ કરીશ.

**આદરણીય અધ્યક્ષશ્રી,**

સને ૨૦૦૯-૧૦ના વર્ષના ફેરફાર કરેલ અંદાજો અનુસાર પુરાંત રૂપિયા ૪૭.૭૬ ક્રોડની રહેશે.
હવે હું સને ૨૦૦૯-૧૦ના વર્ષ માટેની કરવેરાની દરખાસ્ત રજૂ કરું છું.

**મનોરંજન કર ડી.ટી.એચ.**

કેબલ ટી.વી. ઉપર હાલ મનોરંજન કર લેવામાં આવે છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોના સમાજના મહદ અંશે ગરીબ અને મધ્યમવર્ગના લોકો કેબલ ટી.વી.નો લાભ લે છે અને તે ઉપરનો મનોરંજન કર ભરે છે.

ડાયરેકટ ટુ હોમ (ડી.ટી.એચ.) પર મનોરંજન કર લેવામાં આવતો નથી. ડી.ટી.એચ. કનેકશન સામાન્યત: સમૃધ્ધ-સુખી લોકો દ્વારા લેવામાં આવતું હોય છે. આમ, સમાજના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને અન્યાય થાય છે. અને અસંતુલન ઉભું થાય છે. કેબલ ઓપરેટરો દ્વારા પણ એવી વ્યાપક રજૂઆતો મળી છે કે તેઓને સ્પર્ધાનું સમાન ધોરણ મળતું નથી.

આ સમગ્ર બાબતોને ધ્યાને લઈને, ડી.ટી.એચ. ઉપર મનોરંજન કર લેવાની આથી દરખાસ્ત કરું છું. પ્રત્યેક ડી.ટી.એચ. કનેકશન દીઠ, વાર્ષિક રૂપિયા ૨૦૦ લેખે મનોરંજન કર લેવની મારી દરખાસ્ત છે.

મનોરંજન કર અંગેના કાયદામાં આ અંગે કરવાના થતા સુધારા અંગેનું બિલ, વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે.

આજની આર્થિક પરિસ્થિતિમાં, રાજયની નાણાકીય જરૂરીયાતો અને જવાબદારીઓને ધ્યાને લેતાં, કરવેરા અંગેની બાકીની જોગવાઈઓને હાલ યથાવત રાખવાનું ઉચિત જણાય છે.

**સમાપન**

સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

(રકમ રૂપિયા કરોડમાં)

| | | |
|---|---|---|
| (૧) | **અંદાજ અનુસારની પુરાંત** | (+) **૪૭.૭૬** |
| (૨) | **કરવેરામાં સૂચિત વધારો મનોરંજન કર** | (+) **૬.૦૦** |
| (૩) | **અંદાજીત એકંદર પુરાંત** | (+) **૫૩.૭૬** |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૦૯-૨૦૧૦નું ફેરફાર કરેલ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે તેમણે કહ્યું કે બીજી દરખાસ્ત હું યથાવત રાખું છું. આપે ગયા વર્ષે બજેટ રજૂ કર્યું ત્યારે એડીશનલ ટેક્સ, વેલ્યુએડેડ ટેક્સ પ્લસ એડીશનલ ટેક્સ આપે જે લગાડેલો હતો એ આ વર્ષે એડીશનલ ટેક્સ ચાલુ રાખો છો કે દૂર કરો છો? ગયા વર્ષે આપે બજેટ રજૂ કર્યું ત્યારે વેલ્યુએડેડ ટેક્સ ઉપરાંત આપના ગયા વખતના પ્રવચનમાં હતું કે વિકાસને જાળવી રાખવા માટે વધારાના નાણાંની મારે આ વર્ષ પૂરતી જરૂર છે. એટલા માટે આ જરૂરિયાતને પૂરી કરવા રાજયમાં વસ્તુઓના વેચાણ ઉપર લાગતા વેલ્યુએડેડ ટેક્સ ઉપરાંત વધારાનો ટેક્સ, એડીશનલ ટેક્સ નાખવાની દરખાસ્ત કરું છું અને એ પછી આપે ચાર પૈસાના દરે વેરો લેવાય છે તેમાં દરમાં એક પૈસાનો એ સિવાય તમામ વેરાપાત્ર વસ્તુઓમાં હાલના દરમાં ૨.૫ પૈસાનો ઉમેરો કરેલો. એ આપના પ્રવચન પ્રમાણે ગયા વર્ષ પૂરતું હતું એ આ વર્ષે ચાલુ રહે છે કે નહીં?

**શ્રી વજુભાઈ વાળા** : ચાલુ જ રહે છે. વધારાનો નહીં, ગયા વર્ષે તેના માટે થઈને કાયદો બન્યો હતો. એ કાયદો એમ ને એમ ચાલુ છે. જ્યાં સુધી કાયદો નાબૂદ ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૦૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૧લી જુલાઈ,૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૧લી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૧૦, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## દાહોદ જિલ્લામાં બી.પી.એલ. યાદી બનાવવાની કાર્યવાહી

***૭૭૧૦ શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાદીઠ ગરીબી રેખા નીચે આવતા કુટુંબોનું રીસર્વે કરી નવીન બી.પી.એલ. યાદી બનાવવાની કાર્યવાહી કયા તબકકે છે, અને

(૨) કેટલા સમયમાં આ કામગીરી પૂરી કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** :

(૧) બી. પી. એલ. પરિવર્તનશીલ હોઈ આવેલ અરજીઓ પરત્વે નામો દાખલ કરવા અને કમી કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

જે અન્વયે ૨૦૦૮-૦૯માં આવેલ અરજીઓ નિકાલ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૯-૧૦માં આવેલ અરજીઓની ચકાસણી કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) સતત પરિવર્તન શીલ પ્રક્રિયા હોવાના કારણે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા એ પૂછવું છે કે દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બી.પી.એલ.ની યાદી માટે કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી? બીજો પ્રશ્ન એ છે કે બી.પી.એલ. યાદીમાં નામ દાખલ કરવાની સત્તા કોની પાસે છે અને તેના ધોરણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં બી.પી.એલ.ની યાદી તૈયાર કરવામાં અરજીઓ સતત આવતી રહે છે. ૨૦૦૨-૦૩ માં પહેલા જે અરજીઓ લેવામાં આવતી હતી તેમાં સતંદત પરિવર્તન કરીને ભારત સરકાર તરફથી સૂચના આપવામાં આવી કે આની વ્યવસ્થા માટે ૧૩ માપ દંડોના આધારે વ્યવસ્થા કરવાની છે. અને તેના કારણે પહેલા જે યાદીઓ હતી તે બદલાઈ ગઈ અને તેના કારણે ૨૦૦૩ માં જે સર્વે કરવામાં આવ્યો તેના આધારે દાહોદ જિલ્લામાં બેલાખ પચ્ચીસ હજારનો સર્વે કરવામાં આવ્યો અને તે સતત પરિવર્તનની પ્રક્રિયા ચાલે છે. એટલે જે છેલ્લે ૨૦૦૯માં ૧૪૮૧૬ અરજીઓ આવી તેની ચકાસણી એપ્રિલ અને મે મહિનામાં કરવામાં આવે છે. અને ટૂંક સમયમાં તેની ચકાસણી કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : ચકાસણી કોણ કરે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આનો સર્વે તાલુકા પંચાયત દ્વારા કરવામાં આવે છે અને તે સર્વે કરે છે તેને ડી.આર.ડી.માં મંજૂર કરવામાં આવે છે. અને કોઈ ફરિયાદ હોય તો અપીલ કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે બી.પી.એલ. એ પરિવર્તનશીલ અને સતત ચાલતી પ્રક્રિયા છે. પણ સતત ચાલતી પ્રક્રિયામાં કયારેય પણ આખા તાલુકાની અંદર કોઈ ગામમાં અરજીઓ આવી હોય અને ચકાસણી કરી અને નિર્ણય લેવામાં આવ્યો હોય તેવી ઘટના આ હાઉસમાં કોઈ ધારાસભ્યના ધ્યાનમાં નથી.

**અધ્યક્ષશ્રી** : અહીં પ્રશ્ન દાહોદ પૂરતો જ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું દાહોદની જ વાત કરું છું. આ દાહોદ માટેનો જ પ્રશ્ન પૂછું છું. આ દાહોદના પ્રશ્નમાં જ આવે છે. ગરીબ લોકોના પ્રશ્ન ન પૂછવા તેવું તો હોતું નથી? એટલે વાત હું એ કરવા માગું છું કે આ અતિ ગંભીરતાનો વિષય છે અને આપણા સૌની ચિંતાની વાત છે. આ જે અરજીઓ આવે છે તેની પીરીયોડીકલી, ૩ મહિનમાં, છ મહિનમાં કે એક વર્ષમાં ચકાસણી કરી અને રાજય સરકાર નિર્ણય લેવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે બી.પી.એલ. કાર્ડ ધારકો છે તે કયારેક આર.ટી.આઈ.માં અરજી કરે તો બી.પી.એલ. વાળા લોકો અરજી કરે છે તેથી તેના નામો આ બી.પી.એલ. કાર્ડ ધારકોને સજા કરવા માટે એ.પી.એલ. બનાવી દેવામાં આવે છે. તો આ પ્રકારની કોઈ ફરિયાદ રાજય સરકારના ધ્યાનમાં આવેલ છે કે કેમ? અને આ એ.પી.એલ. બનાવી દેવા વાળા અધિકારીઓ ઉપર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મેં કહયું તે પ્રમાણે અરજીઓ આવે છે તે મોજણીમાં આવેલ અરજીઓ ની ચકાસણી કરવામાં આવે છે અને તેની સીકવન્સ સાચવવામાં આવે છે. પરંતુ આવા બી.પી.એલ. માં થી એ. પી. એલ.માં મુકે છે તેવા અધિકારીઓ અંગે કોઈ ફરિયાદ મળે તો ચોકકસ પણે ધ્યાન આપવામાં આવશે. પર્રતુ મારું

કહેવું છે કે આ સતત ચાલતી પ્રક્રિયા છે એમાં દાહોદ જિલ્લાને સંબંધ છે ત્યાંસુધી મારે આપનું ધ્યાન દોરવાનું છે કે ૨૦૦૫-૦૬ થી માંડીને આજ સુધી **અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, છેલ્લા ત્રણ વર્ષની જ વિગત આપોને?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આ સતત પરિવર્તનશીલ પ્રક્રિયા છે. કોઈ અરજી કૅન્સલ કરવામાં આવેલ નથી. ૨૦૦૬-૨૦૦૭માં ૭૭૨૩૦ સંખ્યા હતી એ ૨૦૦૭-૨૦૦૮માં ૧ લાખ ૨૩ હજાર થઈ. જ્યારે ૩૧-૫-૨૦૦૯ સુધીમાં ૧ લાખ ૩૩ હજાર થઈ. મારે આપનું ધ્યાન એ બાબત તરફ જ દોરવું છે કે આ આખી સતત પ્રક્રિયાને કારણે ૭૭ હજાર અરજીમાંથી ૧ લાખ ૩૩ હજાર અરજી થઈ છે એટલે કોઈને અન્યાય કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### કચ્છ જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ મકાનો બાંધવા બાબત

***૭૭૩૧ શ્રી ધનજીભાઈ ગો. સેંઘાણી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બાંધવામાં આવ્યા, અને

(૨) આ યોજના પાછળ કેટલો ખર્ચ થયો?

**પંચાયત મંત્રીશ્રી** :

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરદાર આવાસ યોજના હેઠળ ૩૫૫ મકાનો બાંધવામાં આવ્યા.

(૨) રૂા. ૧૩૦.૮૧ લાખનો ખર્ચ થયો.

**શ્રી ધનજીભાઈ ગો. સેંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કચ્છ જિલ્લામાં ૨૦૦૮-૨૦૦૯માં સરદાર આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલા મકાનો બનાવેલ છે અને કેટલા પ્રગતિમાં છે અને તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : કચ્છ જિલ્લામાં ૨૦૦૮-૨૦૦૯માં ૩૫૫ સરદાર આવાસો બાંધવામાં આવેલા છે. કચ્છ જિલ્લાના કુલ દસ તાલુકા છે. ભુજ તાલુકામાં ૭૫ નો લક્ષ્યાંક હતો એમાંથી ૭૩ પ્રગતિમાં છે. માંડવી તાલુકામાં ૧૦૦નો લક્ષ્યાંક હતો એની સામે ૯૦ પૂર્ણ થયેલ છે એની પાછળ ૧૭ લાખ ૧૬ હજારનો ખર્ચ થયેલ છે. મુંદ્રા તાલુકામાં ૭૫ નો લક્ષ્યાંક હતો એની સામે ૩૯ પૂરા થયા છે ૩૬ પ્રગતિમાં છે એની પાછળ ૧૫ લાખ ૩૩ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. અંજાર તાલુકામાં ૫૫ નો લક્ષ્યાંક હતો એની સામે ૧૯ પૂર્ણ થયા છે જ્યારે ૩૬ પ્રગતિ હેઠળ છે. જેની પાછળ ૧૧લાખ ૯૫ હજારનો ખર્ચ થયેલ છે. ગાંધીધામ તાલુકામાં ૧૭નો લક્ષ્યાંક હતો એની સામે ૧૧ પૂર્ણ થયા છે જ્યારે ૬ આવાસ બાંધવાના છે. ભચાઉ તાલુકામાં ૬૦નો લક્ષ્યાંક હતો એની સામે ૫૨ પૂરા થયા છે એની પાછળ ૧૯ લાખ ૬૯ હજારનો ખર્ચ કરેલ છે. ૮ પ્રગતિમાં છે. રાપર તાલુકામાં ૫૫નો લક્ષ્યાક હતો એની સામે ૩૧ પૂરા કરેલ છે જ્યારે ૨૪ પ્રગતિ હેઠળ છે. એની પાછળ ૧૦ લાખ ૩૨ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. નખત્રાણા તાલુકામાં ૧૩૦નો લક્ષ્યાંક હતો એની સામે ૩૧ પૂર્ણ કર્યા છે. ૯૯ પ્રગતિમાં છે એની પાછળ ૨૬ લાખ ૪૬ હજારનો ખર્ચ થયેલ છે. અબડાસા તાલુકામાં ૬૧નો લક્ષ્યાંક હતો એની સામે ત્રણ પૂર્ણ થયા છે, ૫૮ પ્રગતિ હેઠળ છે. લખપત તાલુકામાં ૮૫ નો લક્ષ્યાંક હતો એની સામે ૭૭ પૂર્ણ થયા છે એની પાછળ ૧૮ લાખ ૪૮ હજારનો ખર્ચ થયો છે. આઠ કામ પ્રગતિમાં છે. કુલ ૭૧૩ના લક્ષ્યાંક સામે ૩૫૫ કામો પૂર્ણ થયેલ છે જ્યારે ૩૫૮ કામો પ્રગતિમાં છે અને એની પાછળ ૧૩૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : મારે આપના માધ્યમ દ્વારા એ જાણવું છે કે ગરીબી રેખા નીચે જીવતા ગ્રામ્ય ગરીબો માટે વિવિધ આવાસ યોજના માટે રાજય સરકારે નવી નીતિ જાહેર કરી છે એમાં કેવા પ્રકારની જોગવાઈઓ છે. (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : હું પ્રશ્ન સમજ્યો છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મૂળ પ્રશ્નમાંથી આ પ્રશ્ન પેદા થતો હોય તો જ જવાબ આપો. મૂળ પ્રશ્નનો ભાગ હોય તો જ જવાબ આપો. **શ્રી નરોત્તમભાઈ પટેલ** : તેમાંથી જ છે. તેનો ભાગ છે. (અંતરાય) જવાબ બરાબર છે તેનો.

**અધ્યક્ષશ્રી** : જયંતિભાઈ, પ્રશ્ન ફરી પૂછો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : જે ગરીબી રેખા નીચે જીવતા ગ્રામ્ય ગરીબો માટેની આવાસ યોજનામાં રાજય સરકારે નવી નીતિ જાહેર કરી છે. આ નીતિ કેવા પ્રકારની છે? આવાસ નિગમની?

**અધ્યક્ષશ્રી** : કચ્છને લગતો જ પ્રશ્ન છે. સરદાર આવાસ યોજનાનો પ્રશ્ન છે. ગરીબીની રેખા નીચેનો પ્રશ્ન નથી. નેક્સ્ટ.

**વલસાડ જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગૅરન્ટી યોજનામાં જોબ કાર્ડ આપવા બાબત**

*** ૭૩૯૭ શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાદીઠ રોજગાર ગૅરન્ટી યોજના અન્વયે કેટલા ઈસમોને જોબ કાર્ડ આપવામાં આવ્યા,

૨. તેની સામે કેટલા કામની માગણી આવી અને

૩. જોબ કાર્ડ આપેલ હોય છતાં રોજગારી ન આપી હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે?

**ગ્રામવિકાસ મંત્રીશ્રી:**

૧. તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાદીઠ રોજગાર ગૅરન્ટી યોજના અંતર્ગત તાલુકાવાર આપવામાં આવેલ જોબ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ઈસ્યુ કરેલ જોબ કાર્ડની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૩૧૧૬૦ |
| પારડી | ૧૯૯૭૭ |
| ઉમરગામ | ૧૫૩૧૬ |
| કપરાડા | ૩૪૧૬૭ |
| ધરમપુર | ૨૧૧૫૨ |
| કુલ | ૧૨૧૭૭૨ |

૨. તેની સામે કામની માગણી આવી તેની વિગતો તાલુકાવાર નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કામની માગણી કરવામાં આવેલ કુટુંબોની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૧૯૧ |
| પારડી | ૬૮૬ |
| ઉમરગામ | ૧૧૬ |
| કપરાડા | ૭૬૩૩ |
| ધરમપુર | ૯૦૪૭ |
| કુલ | ૧૭૬૭૩ |

૩. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી યોજના માગ આધારિત યોજના છે. જોબ કાર્ડ ધરાવતા શ્રમિકો દ્વારા કામની માગણી થયેથી તેઓને રોજગારી આપવાની જોગવાઈ છે તે પ્રમાણે તમામ કામની માગણી કરનાર કુટુંબોને કામ આપવામાં આવેલ છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વલસાડ જિલ્લાના કુલ ૧,૨૧,૭૭૨ જેટલા જોબ કાર્ડ ધારકો છે. તેમાં ૩૪,૧૬૭ જોબ કાર્ડ ધારકો કપરાડા તાલુકાના છે. કપરાડા જિલ્લાના જોબ કાર્ડ ધારકો ૩૪,૦૦૦ જેટલા છે. તેમાં ૭,૬૩૩ને માગણીના આધારે કામ મળેલ છે. આમાં હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કપરાડા તાલુકો ૭૦થી ૭૫ ટકા મજૂરોની વસતિ ધરાવતો તાલુકો છે. જેમાં કામની માગણી હોવા છતાં જે તે સ્થાનિક અધિકારીઓના અણવહીવટના કારણે તેમને કામ મળેલ નથી અને જેમણે કામ કરેલ છે તેમને ૬-૬ મહિના સુધી પેમેન્ટ આપેલ નથી. એવા પ્રશ્નો આપના ધ્યાન ઉપર છે કે નહીં?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ત્યાંની આવી કોઈ ફરિયાદ અમને મળી નથી અને કપરાડા તાલુકામાં પણ પૂરતા માણસોને કામ આપવામાં આવે છે. કપરાડા તાલુકામાં ૩૪,૧૬૭ જોબ કાર્ડ ઈસ્યુ કરેલા છે. તેમાંથી ૭,૬૩૩ લોકો કામ ઉપર આવે છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ કેવા કેવા કામો લઈ શકાય છે અને તેમાં જે વેતન આપવામાં આવે છે તેના નિયમો શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી અધિનિયમ પ્રમાણે નીચેના કામો આમાં લેવાના હોય છે. જળ સંચય અને જળ સંગ્રહના કામો લઈ શકાય છે. દુષ્કાળ પ્રતિરોધક કામો

જેવાં કે વનીકરણ અને વૃક્ષારોપણના કામો પણ લઈ શકાય છે. માઈક્રો અને માઈનોર સિંચાઈના કામો પણ આમાં લઈ શકાય છે. નહેરના કામો પણ લઈ શકાય છે. અનુસૂચિત જાતિ, જનજાતિના સભ્યો અને જમીન સુધારણા લાભાર્થીઓ અથવા ભારત સરકારના ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા ધારણ કરેલ જમીન પર સિંચાઈની સવલતો, ફળ-ઝાડની ખેતી, વનીકરણ અને જમીન વિકાસના કામો હાથ ઉપર લઈ શકાય છે. પરંપરાગત જળ સંચય અને સંગ્રહને લગતી સુવિધાઓ જેવી કે, કાંસ, વાવ, તળાવ, વોકળા, કૂવા, તળાવ સહિત પાણી સંગ્રહ માટે લઈ શકાય છે. જમીનના વિકાસના કામો પણ લઈ શકાય છે. જો ગામડાંઓમાં પાણી ભરાઈ રહેતું હોય એવા વિસ્તારોમાં ડ્રેનેજનું કામ પણ લઈ શકાય. પૂર નિયંત્રણ અને પૂર સંરક્ષણના કામો પણ લઈ શકાય છે. બારેમાસ ઉપયોગમાં આવી શકે એવા ગામડાંને જોડતા રસ્તાઓ પણ એન.આર.ઈ.જી.માં હાથ ધરી શકાય છે. રાજય સરકારના પરામર્શકો કેન્દ્ર સરકાર દ્વારા અને રાજય સરકાર દ્વારા કોઈ નિશ્ચય કરવામાં આવે તો એવા નવા કામો પણ લઈ શકાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કપરાડા તાલુકામાં ૩૪,૦૦૦ ઉપરાંતના જોબ કાર્ડ ધારકો છે. તેનો અર્થ એ છે કે તેમને કામ કરવું છે અને સામે માત્ર ૭,૬૦૦ને કામ આપી શક્યા છીએ. માનનીય સભ્યશ્રી જ્યારે એ વિસ્તારમાંથી આ પ્રશ્ન પૂછે છે ત્યારે આ વિસ્તારના આ લોકોને પૂરતું કામ મળે.એ માટે શું કરવા માગીએ છીએ? પેમેન્ટની બાબતમાં આપણે મેજરમેન્ટ લેવામાં વિલંબ કરવાના કારણે અને જયારે ડ્રાફટ પોસ્ટમાં જાય છે અને ખાતામાં જમા થાય છે એના વચ્ચે મારી જાત માહિતી છે કે, સમય ઘણો જાય છે. આ સમય ઘટાડવા માટે મંત્રીશ્રી કાંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જોબ કાર્ડ આપવાની એક પ્રક્રિયા છે. જે જોબ કાર્ડ ઇસ્યુ કરવામાં આવે છે એ માગ આધારિત યોજના છે. કોઈપણ વ્યકિત જોબ માગે, કામ માગે તો એ કામ આપવા માટે સરકાર બંધાયેલી છે. જે કામ માગે તે તમામને કામ આપવાની જવાબદારી સરકાર સંભાળે છે. આની અંદર કોઈએ કામ માગ્યું હોય અને ન મળ્યું હોય એવું ગુજરાતમાં બન્યું નથી. કામ માગે અને ૧૫ દિવસમાં કામ એને ન આપે તો સરકાર એને પેમેન્ટ કરે છે. પણ આવો કોઈ ઇસ્યુ બન્યો નથી. ગુજરાતમાં ૧૮૦૦૦ ગામો છે. દરેક ગામમાં પાંચ-પાંચ કામોની વહિવટી મંજૂરી આપી તૈયાર રાખ્યા છે. કોઈપણ વ્યકિત ડિમાન્ડ કરે તો આપવા માટે કામ તૈયાર છે. કપરાડા તાલુકામાં માનનીય ધારાસભ્યશ્રીને કહું છું કે, તેઓ જોબ કાર્ડ ધારકો કે જેઓ જોબ માટે આગળ આવે એવા ગમે તેટલા માણસો લાવશે તો અમે તૈયાર છીએ. (અંતરાય) એમણે સરપંચ જોડે જ માગણી કરવાની છે.

**સુરત જિલ્લામાં આદિવાસી કુટુંબોને સૌને માટે આવાસ યોજનામાં મળેલ લાભ**

***૭૬૦૬ શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સૌને માટે આવાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા આદિવાસી કુટુંબોને લાભ થયેલ છે, અને

(૨) વ્યકિતગત સહાયનું ધોરણ શું છે?

**આદિજાતિ મંત્રીશ્રી :**

(૧) સરકારશ્રી દ્વારા ચાલતી જુદી જુદી આવાસ યોજનાઓ હેઠળ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કુટુંબોને લાભ આપેલ છે.

| વર્ષ | લાભાર્થી કુટુંબોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૪૭૮૯ |
| ૨૦૦૮-૦૯ | ૫૬૭૨ |

(૨)

| ક્રમ | યોજનાની વિગત | સહાયની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | વ્યકિતગત મકાન બાંધકામ યોજના | રૂ.૪૦૦૦૦/- |
| ૨ | હળપતિ ગૃહ નિર્માણ યોજના | રૂ.૪૦૦૦૦/-+૩૦૦૦શ્રમ ફાળો |
| ૩ | અનુસૂચિત જનજાતિના આદિમજૂથ આવાસ યોજના | વર્ષ ૨૦૦૭-૦૮-રૂ.૩૬૦૦૦/-<br>વર્ષ ૨૦૦૮-૦૯-રૂ.૪૩૫૦૦/- |
| ૪ | સરદાર આવાસ યોજના બી.પી.એલ.(૦ થી ૨૦) | રૂ.૪૩૦૦૦/- |
| ૫ | ઈન્દિરા આવાસ યોજના બી.પી.એલ.(૦ થી ૧૬) | રૂ.૫૦૫૦૦/- |

તા.૨-૩-૨૦૦૯ના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ થી સહાયનું ધોરણ યુનિટ દીઠ રૂ.૫૦,૫૦૦/- કરવામાં આવેલ છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા આવાસો બાંધવામાં આવ્યા છે એની સંખ્યા અને એની પાછળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ સુરત જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો છે. એમાં છેલ્લા બે વર્ષમાં ૧૦૪૬૧ મકાનો બનાવ્યાં છે અને રૂ.૩૨.૧૦ કરોડ જેટલી રકમ એની પાછળ મંજૂર કરી છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૧૦૪૬૧ પૈકી ગુજરાત પૅટર્નમાં કેટલા આવાસો બન્યા?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૯૭ આવાસો ગુજરાત પૅટર્ન નીચે બન્યા છે.

**શ્રી કિશોરભાઈ વાંકાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૪૬૧ પૈકી સરદાર આવાસ યોજના હેઠળ કુલ કેટલા આવાસો બન્યા?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૪૬૧ આવાસ બન્યા છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સૌને માટે આવાસ યોજના હેઠળ ૧૦૪૬૧ લાભાર્થીઓને મકાનોની સગવડ મળી છે ત્યારે વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં કુલ સો ચોરસ વારના કેટલા પ્લૉટ ફાળવવામાં આવ્યા અને આ ફાળવણી કોણ કરે છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : ૧૪૯૧ પ્લૉટની ફાળવણી કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, આ જે સૌને માટે આવાસ યોજના છે એમાં સો વારના પ્લૉટના અભાવે એમના મકાનો બનાવી શકાતા નથી. ગ્રાન્ટ અવેલેબલ હોય બધી વસ્તુ અવેલેબ હોય તો પણ. આ વાત સાચી છે. જો આ વાત સાચી હોય તો એ જે પ્લૉટ જે તે વિસ્તારમાં મળે ત્યાં કલેકટરશ્રી અને સત્તાવાળાઓ દ્વારા તેમને પ્લોટ મળે. જેમ ઉદ્યોગપતિઓને પ્લૉટ મેળવવા માટે મોનીટરીંગ કમિટીઓ બની છે. એમ સો વારના પ્લૉટ ફાળવવા માટે કલેક્ટર કક્ષાએ, મંત્રીશ્રી કક્ષાએ, ચીફ સેક્રેટરી કક્ષાએ અને મુખ્યમંત્રીશ્રી કક્ષાએ આવી મોનીટરીંગ કમિટીઓ બનાવવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : સુરત જિલ્લા પૂરતો આ પ્રશ્ન છે એટલે માનનીય મંત્રીશ્રી સુરત જિલ્લા પૂરતો હોય તો કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સુરત જિલ્લા પૂરતો જ આ પ્રશ્ન છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે સરદાર આવાસમાં આપણે ૧૦૦ ચોરસ વારના પ્લોટો આપીએ છીએ અને બાકીના જે છે જે લાભાર્થીના નામ પર જમીન હોય તેને ઈન્દિરા આવાસ કે ગુજરાત પેટર્નમાંથી આપણે ફાળવવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પણ પ્લોટના અભાવે એ નથી બની શકતા આ વાતની ચર્ચા મંત્રીશ્રીઓની મોનીટરીંગ કમિટીમાં પણ થઈ છે અને ખૂબ ગંભીરતાથી મંત્રીશ્રીએ આ વાત સ્વીકારી છે એટલે પ્લોટના અભાવે નથી મળતા એ વાત સાચી છે ? અને જો સાચી હોય તો આપ એના માટે પગલાં લેવા માગો છો કે કેમ એ મારો સ્પેસીફીક પ્રશ્ન છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આના માટે તાલુકા પંચાયતમાં એક સમિતિ હોય છે અને એવી જમીનને નીમ કરવામાં આવે છે અને પછી પ્લોટ ફાળવવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રશ્ન માનનીય અધ્યક્ષશ્રી, એટલો જ છે કે સો વારના પ્લોટ એમની પાસે હોતા નથી, રાજય સરકાર એમને પ્લોટ ફાળવીને એના ઉપર મકાન બાંધવા માટેની સગવડતા કરવા માગે છે કે કેમ અને જો ના મળતી હોય તો એના માટે મોનીટરીંગ કમિટીઓ બનાવવા માગે છે કે કેમ એ મારો સ્પેસીફીક પ્રશ્ન છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયતમાં આ વ્યવસ્થા છે જ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (અંતરાય) આ ૧૦૦ વારના પ્લોટ મળતા નથી સાહેબ, જવાબ મારો મળ્યો નથી. (સતત અંતરાય) મેં સ્પેસીફીક પ્રશ્ન પૂછયો છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો એ એમનો પોતાનો અધિકાર છે. (સતત અંતરાય) આપને એમ લાગે તો નિયમ-૯૨ નીચે પ્રશ્ન ઉપસ્થિત કરી શકો છો. (સતત અંતરાય)

## જુનાગઢ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો

***૭૦૯૩ શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા:૩૧-૫-૦૯ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા કુટુંબો ગરીબી રેખાની નીચે જીવે છે અને

(૨) ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને ગરીબી રેખાથી ઉપર લઈ જવા માટે સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે?

**ગ્રામવિકાસ મંત્રીશ્રી :**

(૧) તા:૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા ૬૨૧૩૪ છે તેની તાલુકાવાર યાદી પરિશિષ્ટ-૧માં સામેલ છે.

(૨) આવા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને આર્થિક રીતે સદ્ધર કરવા માટે ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની નીચે મુજબની વિવિધ યોજનાઓ હેઠળ લાભ આપવા આયોજન કરવામાં આવેલ છે.

૧. સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર (S.G.S.Y.) તથા સખીમંડળ યોજના
૨. ઈન્દિરા આવાસ યોજના
૩. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન (T.S.C)
૪. રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી યોજના
૫. આમ આદમી વીમા યોજના
૬. વોટરશેડ અને હરિયાળી યોજના

**પરિશિષ્ટ-૧**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા** | | |
|---|---|---|---|---|
| | | ૦ થી ૧૬ સ્કોર ધરાવતા | ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતા | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભેંસાણ | ૧૩૭૨ | ૭૪૮ | ૨૧૨૦ |
| ૨ | જૂનાગઢ | ૧૪૦૦ | ૨૪૯૦ | ૩૮૯૦ |
| ૩ | કેશોદ | ૧૪૯૨ | ૨૬૦૧ | ૪૦૯૩ |
| ૪ | કોડીનાર | ૨૮૭૩ | ૩૮૨૦ | ૬૬૯૩ |
| ૫ | માળીયા | ૨૩૧૭ | ૨૬૨૭ | ૪૯૪૪ |
| ૬ | માણાવદર | ૪૨૨ | ૧૧૧૮ | ૧૫૪૦ |
| ૭ | માગરોળ | ૧૮૮૯ | ૩૫૫૦ | ૫૪૩૯ |
| ૮ | મંદરડા | ૩૪૭ | ૮૪૫ | ૧૧૯૨ |
| ૯ | વેરાવળ | ૧૫૪૯ | ૨૩૧૧ | ૩૮૬૦ |
| ૧૦ | સુત્રાપાડા | ૨૮૦૮ | ૩૭૧૧ | ૬૫૧૯ |
| ૧૧ | તાલાળા | ૨૧૨૧ | ૩૪૯૬ | ૫૬૧૭ |
| ૧૨ | ઉના | ૨૫૯૪ | ૬૬૦૨ | ૯૧૯૬ |
| ૧૩ | વંથલી | ૯૨૫ | ૧૭૪૭ | ૨૬૭૨ |
| ૧૪ | વિસાવદર | ૧૬૪૯ | ૨૭૧૦ | ૪૩૫૯ |
| | કુલ :- | ૨૩૭૫૮ | ૩૮૩૭૬ | ૬૨૧૩૪ |

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને આર્થિક રીતે સદ્ધર કરવા માટે સરકારે આ યોજનાના લાભો કેટલા કુટુંબોને આપેલા છે અને આ અલગ અલગ ૬ યોજનામાં ગુજરાત સરકારે અને કેન્દ્ર સરકારે કઈ કઈ યોજનામાં કેટકેટલો ખર્ચ કરેલો છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાનો બી.પી.એલ. યાદી અને એના માટે એમણે જે પ્રશ્ન પૂછયો છે એમાં ૦ થી ૧૬ જેને ગરીબ લોકો કહેવાય છે, અતિગરીબ કહેવાય છે એવા લોકોને ૨૩૭૫૮ લોકોને બી.પી.એલ. નીચે અતિ ગરીબમાં ગણવામાં આવે છે અને ૧૭ થી ૨૦ જેને...

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : વોટ ઈઝ કવેશ્ચન એન્ડ વોટ ઈઝ રીપ્લાય, સીધો સ્પેસીફીક પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો છે, પ્રશ્નોત્તરીનો ગાળો અમારા માટે બહુ મહત્વનો છે. એમનો સ્પેસીફીક સવાલ છે કે કેટલા કુટુંબોને તમે આ જે યોજના બતાવી છે એનો લાભ આપ્યો અને કેટલી રકમનો આપ્યો, આ બી.પી.એલ.ની યાદી નહીં કેટલા કુટુંબ એટલું જ માગ્યું છે. કેટકેટલાને લાભ આપ્યો એ કુટુંબની સંખ્યા અને ખર્ચની રકમ આપો.

**અધ્યક્ષશ્રી** : આ જૂદીજૂદી યોજનામાં તમે કુટુંબની યાદી આપી દો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૦ થી ૧૬ નંબરની જે ગરીબી રેખા નીચેના લોકો, આટલા કુટુંબો એને લેવાપાત્ર છે અને એ લોકોને લાભ મળે છે. અલગઅલગ લાભોમાં જેનો નંબર આવે, દા.ત. તમે ઈન્દિરા આવાસ યોજના માગતા હોવ તો ઈન્દિરા આવાસ યોજનામાં એનો સીરીયલ નંબર આવે તો ગરીબી રેખા નીચે એમને લાભ મળે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપની પાસે જુદી જુદી યોજનાના કુટુંબના લાભાર્થીનો આકડો હોય તો આપો, ન હોય તો ટેબલ ઉપર મૂકો. જે તમે યોજનાઓ બતાવી છે એ યોજનાના કુટુંબો બતાવી દો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ કુટુંબોની સંખ્યા આપી શકાય અને એમણે કેટલા લોકોને લાભ આપ્યો એ તો જેમ જેમ જિલ્લામાં નીડી આવે એમ એમ લાભ આપે.

**અધ્યક્ષશ્રી** : તમારી પાસે અત્યારે વિગત ના હોય તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : વિગત એમને જે જે જોઈશે તે અમે મૂકીશું ટેબલ ઉપર.

**અધ્યક્ષશ્રી** :ટેબલ ઉપર મૂકજો.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૫ની સ્પેસીફીક તારીખ આપી છે. આ તારીખ પહેલા કેટલા કુટુંબોને લાભ મળ્યો છે, કુલ કેટલા લોકોને અને આ યોજનામાં કેન્દ્ર સરકારે અને ગુજરાત સરકારે અલગ અલગ યોજના પ્રમાણે કેટલો કેટલો ખર્ચ કર્યો છે આ તો પ્રશ્નના પેટા પ્રશ્ન જ છે. **અધ્યક્ષશ્રી** : કુલ કેટલો ખર્ચ થયો એની વિગતો છે આપની પાસે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અલગ અલગ આઈટમમાં અલગ અલગ હોય છે. એ જિલ્લાનો કુલ ખર્ચ કેટલો છે એ હું ટેબલ ઉપર મૂકી દઈશ.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી રેખા નીચે રહેતા કુટુંબોને ૧ થી ૬ યોજનાઓ હેઠળ લાભ આપવામાં આવે છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આની અંદર ગુજરાત સરકારનો કઈ યોજનામાં કેટલો હિસ્સો છે અને કેન્દ્ર સરકારનો કઈ યોજનામાં કેટલો હિસ્સો છે? ૧૦૦ ટકા યોજના ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની કઈ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અલગ અલગ યોજનાઓમાં અલગ અલગ હોય છે. ઈન્દિરા આવાસ યોજનામાં ૭૫:૨૫ ટકાનો હિસ્સો કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારનો હોય છે. જ્યાં અલગ યોજના આવી છે ૦ થી ૧૬ માં એમાં ૭૫:૨૫ ટકાનો શેર હોય છે.

**આદિવાસી વિદ્યાર્થીઓ માટે ખાનગી (ડ્રાય હોસ્ટેલો) અને સરકારી ડ્રાય હોસ્ટેલો મંજૂર કરવા બાબત**

*૭૬૧૧ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) છેલ્લા બે વર્ષમાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે કેટલી ખાનગી ડ્રાય હોસ્ટેલો અને સરકારી ડ્રાય હોસ્ટેલો મંજૂર કરવામાં આવી, અને

(૨) આ યોજના પાછળ વાર્ષિક ખર્ચ કેટલો થાય છે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ખાનગી ડ્રાય હોસ્ટેલો મંજૂર કરવામાં આવેલ નથી. ૩૫ સરકારી ડ્રાય હોસ્ટેલો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૩૬૪.૬૨ લાખ ખર્ચ થયેલ છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજ્યમાં ડ્રાય હોસ્ટેલ યોજના ક્યારે શરૂ થઈ અને હાલમાં કિશોર-કન્યાઓની માન્ય સંખ્યા કેટલી છે? વડોદરા જિલ્લામાં કુલ કેટલી ડ્રાય હોસ્ટેલો ચાલે છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ડ્રાય હોસ્ટેલોની શરૂઆત વર્ષ ૧૯૯૭-૯૮માં કરી છે અને માન્ય સંખ્યા ૩૪૫૦ છે. વડોદરામાં ત્રણ હોસ્ટેલો અત્યારે ચાલુ છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : આ જે ૩૫ ડ્રાય હોસ્ટેલો ચાલે છે એ સરકારી મકાનમાં ચાલે છે કે પ્રાઈવેટ મકાનમાં ચાલે છે? એની સંખ્યા કેટલી છે? સરકારી મકાનમાં ચાલતી હોય તો એ સુવિધાવાળી છે કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ ડ્રાય હોસ્ટેલોની વાત છે. છેલ્લા બે વર્ષમાં મકાન બન્યા ન હોય એટલે પ્રાઈવેટ મકાનમાં જ ચાલતી હોય.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત રાજ્યમાં હાલ કુલ કેટલી ડ્રાય હોસ્ટેલો ખાનગી ભાડાના મકાનમાં ચાલે છે અને રાજ્ય સરકાર પોતાના મકાનો બનાવવા માગે છે કે કેમ? અને કેટલા સમયમાં?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : કુલ ૪૭ ભાડાના મકાનમાં ચાલે છે. બાકીની જમીન મેળવવાની અને અન્ય કાર્યવાહી ચાલુ છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : જે ૩૦૫૦ જેટલા આદિવાસી વિદ્યાર્થીઓ સાથે ૩૫ જેટલી ડ્રાય હોસ્ટેલો ચાલે છે એમાં મારે જાણવું છે કે આ હોસ્ટેલો ગુજરાતમાં કઈ કઈ જગ્યાએ ચાલે છે? ખાસ તો અમદાવાદ અને વલ્લભવિદ્યાનગર મુખ્ય જે સેન્ટરો છે તેવા વિસ્તારોમાં સરકારી આદિવાસી છાત્રાલયો ઓછા હોવાના કારણે તેમાં પ્રવેશ મળતો નથી. એટલે ડ્રાય હોસ્ટેલો વધારે મંજૂર કરીને આવા જિલ્લાઓના મુખ્ય મથકો ઉપર આ સંસ્થાઓ ચલાવવા માગો છો કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : એમણે વાત કરી એ મુજબ ૩૫ ડ્રાય હોસ્ટેલો અત્યારે છેલ્લા બે વર્ષમાં મંજૂર કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબનું સ્વપ્ન છે કે આદિવાસી વિદ્યાર્થીને શિક્ષણમાં મુશ્કેલીઓ ન પડે એટલા માટે બે વર્ષમાં ૩૫ જેટલી મંજૂર કરી છે અને એમનું સૂચન હશે તો એ મેળવીને પછી કરીશું.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડ્રાય હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને શું શું સગવડો આપવામાં આવે છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : વિદ્યાર્થીઓ માટે ૬૦૦ રૂપિયા સ્ટાઈપેન્ડ આપીએ છીએ. એ ઉપરાંત પાણી, વીજળી, પલંગ, ઓશિકું, ચાદર એમ બધી સગવડતા આપીએ છીએ.

## બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં સસ્તા અનાજની દુકાનોના પરવાનેદારની વારસાઈ લાયસન્સની માગણીઓ

*૭૭૧૩ **શ્રી રણછોડભાઈ ક. મેર (ધંધુકા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લાના બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકામાં વર્ષ પ્રમાણે કેટલા સસ્તા અનાજની પંડિત દિન દયાળ યોજનામાં પરવાનેદારના વારસાઈ લાયસન્સની માગણીઓ આવી,

(૨) આ પૈકીના કયા પરવાનેદારને વારસાઈ લાયસન્સ આપવામાં આવ્યા,

(૩) કેટલા પરવાનેદારના વારસાઈ લાયસન્સ આપવામાં આવ્યા નથી, અને

(૪) તેનાં શાં કારણો છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ |
|---|---|---|---|---|
| બરવાળા | - | ૦૨ | - | ૦૨ |
| રાણપુર | - | - | ૦૧ | ૦૧ |
| ધંધુકા | - | ૦૧ | - | ૦૧ |
| કુલ : | - | ૦૩ | ૦૧ | ૦૪ |

(૨) (અ) ૨ (બે) વારસાઈ લાયસન્સ આપવામાં આવ્યા

(૧) શ્રી પ્રકાશકુમાર રસિકલાલ દોશી, મું. બરવાળા

(૨) શ્રી લાખુભાઈ મુળુભાઈ રાઠોડ, મું. ખરડ

(બ) શ્રી સમીરભાઈ હરુભાઈ ગઢવી તા. રાણપુરને લાયસન્સ આપવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) ૧ (એક)

(૪) અવસાન પામનાર પરવાનેદારના વારસદાર પત્નીએ વારસાઈથી પરવાનો લેવાની ના પાડેલ છે.

**શ્રી રણછોડભાઈ ક. મેર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં સસ્તા અનાજની દુકાનો ઘણી બધી આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે ચોમાસામાં અમારા ધંધુકા અને ધોલેરા વિસ્તારમાં જ્યારે પાણી ભરાય છે ત્યારે જે છેવાડાના ગામોમાં સસ્તા અનાજની દુકાન નથી હોતી તો એવા ગામોને સસ્તા અનાજની દુકાન આપવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બરવાળા, ધંધુકા, રાણપુરમાં એમણે જે સસ્તા અનાજની દુકાનોની વારસાઈ માટેનો પ્રશ્ન પુછયો છે અને એમાં એ દુકાન વારસાઈના લીધે બંધ થઈ હતી. પરંતુ પ્રકાશકુમાર રસિકલાલ દોશી બરવાળામાં છે એમને મંજૂરી આપી છે. લાખુભાઈ મુળુભાઈ રાઠોડને મંજૂરી આપી દીધી છે. સમીરભાઈ હરૂભાઈ ગઢવીને પણ લગભગ મંજૂરી આપવાની તૈયારીમાં છે એટલે એ દુકાનો ચાલુ કરવામાં કોઈ તકલીફ નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન બહુ સીમિત છે. વારસાઈ અંગેનો છે. ધંધુકાનો છે, અમદાવાદ જિલ્લાનો છે એટલે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રી શ્રી પાસેથી એ જાણવું છે કે, એમના જવાબમાં જણાવ્યું છે કે અવસાન પામનાર પરવાનેદારના વારસદાર પત્નીએ વારસાઈથી પરવાનો લેવાની ના પાડેલ તો મારે એ જાણવું છે કે પરવાનો ના પાડવાના કારણો શું છે?

**અધ્યક્ષ શ્રી** : એ તો એમનો વ્યકિતગત સવાલ છે.

**શ્રી નરોત્તમ ભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ બહુ સીધો છે. આ શોભનાબેન હિતેશકુમાર મહેતા જે વારસાઈનો અધિકાર એમને હતો. પરંતુ એ પોતે આંગણવાડીમાં સંચાલક તરીકે નોકરી કરે છે એટલે એમણે નાયબ મામલતદાર જોડે લેખિતમાં આપ્યું છે કે મને વારસાઈ અધિકારની જરૂર નથી અને હું મારી નોકરી ચાલુ રાખવા માગું છું.

**અધ્યક્ષ શ્રી** : આ પ્રશ્ન વ્યકિતગત છે. દાખલ થઈ ગયા પછી ખબર પડે છે વ્યકિતગત છે. પહેલા વારસાઈને લગતો હતો. એટલે શા માટે ના પાડી પ્રાગજીભાઈ એ અગત્યનું નથી. નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક : ૧૦. (અંતરાય) પ્રશ્નનો જવાબ આવી ગયો. પ્રશ્ન મહત્ત્વનો છે એ મને ખબર છે. પ્રશ્ન ધંધુકાનો છે, પ્રશ્ન વારસાઈનો છે જેને વારસાઈ છે એ લેવાની ના પાડે. છે એટલે એ પ્રશ્નનો મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે. પ્રશ્ન ક્રમાંક : ૧૦ શ્રી અરવિંદભાઈ.

**પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો**

***૭૬૬૫ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ (કાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મંજૂર થયેલ ઈન્દિરા આવાસો પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલા મકાનો કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** :

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૮૧૧ મંજૂર થયેલ ઈન્દિરા આવાસો પૈકી ૫૨૦૭ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) આ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં રૂા.૧૮૩૭.૮૦ લાખનો ખર્ચ થયો, અને

(૩) આ આવાસો લાભાર્થી પોતે બનાવે છે તો બાકી રહેલા મકાનો સત્વરે પૂર્ણ કરાવવાનો પ્રયાસ કરાશે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે તા.૩૧-૩-૨૦૦૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસ યોજનાના મકાનો મંજૂર થયા અને કેટલા પૂર્ણ કરવામાં આવ્યા અને તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઈન્દિરા આવાસના બાંધકામ માટે જે પ્રશ્ન પૂછ્યો એ ૧૧ તાલુકા છે. ૧૧ તાલુકામાં ગોધરામાં ૭૨૮ આવાસ મંજૂર થયા ૨ કરોડ ૪ લાખનો ખર્ચ થયો છે. મોરવા જે છે એમાં ૫૬૧ મંજૂર આવાસો છે એમાં ૫૩૭ પૂરા કર્યા છે ૧ કરોડ ૭૦ લાખનો ખર્ચ થયો છે. શહેરામાં ૮૮૭ ઈન્દિરા આવાસ આપ્યા છે ૬૮૫ પૂરા થયા છે ૨ કરોડ ૪૬ લાખનો ખર્ચ થયો છે. લુણાવાડામાં ૩૩૬ આવાસો મંજૂર કર્યા છે ૨૪૫ પૂર્ણ કર્યા છે ૯૮ લાખ ખર્ચ થયો છે. ખાનપુરમાં ૨૧૨ આવાસો મંજૂર કર્યા છે ૧૬૭ પૂરા કર્યા છે ૭૦ લાખ ૪૫ હજાર ખર્ચ થયો છે. કાલોલમાં ૫૮૦ આવાસો મંજૂર કર્યા છે ૪૭૦ પૂરા કર્યા છે ૧૬૫ લાખ ખર્ચ થયો છે. હાલોલમાં ૬૦૭ આવાસો મંજૂર કર્યા છે ૫૪૪ આવાસો પૂરા કર્યા છે ૧૯૩ લાખનો ખર્ચ થયો છે. જાંબુધોડામાં ૧૦૦ આવાસો મંજૂર કર્યા છે ૯૦ પૂરા કર્યા છે ૩૫ લાખ ૪૨ હજારનો ખર્ચ થયો છે. ઘોઘંબા ૫૮૨ આવાસો મંજૂર કર્યા છે ૫૬૦ પૂરા કર્યા છે ૨૧૨ લાખનો ખર્ચ થયો છે. સંતરામપુર તાલુકામાં ૯૫૨ ઈન્દિરા આવાસો મંજૂર કર્યા ૮૫૩ પૂરા કર્યા છે. ૩૩૫ લાખનો ખર્ચ થયો છે. કડાણામાં ૨૮૮ આવાસો મંજૂર કર્યા, ૩૮૯ પૂરાં કર્યા છે, ૧૦૫ લાખનો ખર્ચ થયો છે. કુલ્લે ૫૮૧૧ આવાસો મંજૂર કર્યા, ૫૨૦૭ આવાસો પૂરાં કર્યા છે અને ૧૮ કરોડ અને ૩૭ લાખ રૂપિયાનો કુલે ખર્ચ થયો છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં ઇન્દિરા આવાસનો નીતિ વિષયક સવાલ એ છે કે, જે ગામ તળમાં જમીન ના હોય અને લોકોની ઇન્દિરા આવાસ માટેની માગણીઓ હોય તો આપના મારફતે મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, એવા લાભાર્થીઓ માટે જ્યાં ગામ તળની જમીન ઉપલબ્ધ ન હોય તાલુકા કમિટી જે કરતી હોય એ વાત સાથે સંમત છીએ પણ ઘણી વખત એકવીઝેશનના અભાવે, જમીનના અભાવે પંચમહાલ જિલ્લામાં એવા કેટલા ગામોમાં જેની ગામ તળની જમીન ન હોવાના કારણે અરજીઓ પેન્ડિંગ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને હાઉસમાં જણાવતાં ખૂબ આનંદ થાય છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તમામ ગુજરાતના ગરીબો જે એલીજેબલ છે એના માટે ૨૦૧૦ સ્વર્ણિમ જયંતી નિમિત્તે બધા જ આવાસો પૂરાં કરવા માટેનો અમને ટાર્ગેટ આપ્યો છે અને એમાં આપની જે મુશ્કેલી છે એ સોલ્વ થઈ શકશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઇન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓને સહાયના ધોરણો કેન્દ્ર અને રાજય સરકારની કયા પ્રમાણમાં ભાગીદારી હોય છે અને હાલમાં ઇન્દિરા આવાસ યોજનામાં એડવાન્સ હપતામાં કોઈ વધારો કરવામાં આવ્યો છે કે કેમ અને તબક્કાવાર કેટલી રકમ ચૂકવવામાં આવે છે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થીઓનો જે શેર છે એક્ચ્યુઅલી એક તો ૭૫ ટકા અને ૨૫ ટકાનો શેર છે એની મારે સ્પષ્ટતા કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૭૫ ટકામાં કેન્દ્ર સરકાર ૨૬,૨૫૦/- રૂપિયા આપે છે એની સામે ગુજરાત સરકાર ૨૫ ટકા જે આપે છે, ખરેખર તો ૮૫૫૦/- રૂપિયા જ આપવા પાત્ર હોય છે પરંતુ ગુજરાત સરકારે ઉદારતાથી, આ કામ પૂર્ણ ન થવાના કારણે બીજા ૮૫૦૦/- રૂપિયા આપી અને લગભગ ૧૭,૨૫૦/- રૂપિયા, એના શેરમાં ૪૦ ટકા જેટલો શેર ગુજરાત સરકાર ઇન્દિરા આવાસમાં આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા આવાસ યોજનામાં જે હપતો છે એ શરૂઆત કરવા માટે ૨,૫૦૦/- રૂપિયા આપવામાં આવતા હતા એમાં વધારો કરીને ૫,૦૦૦/- રૂપિયાનો પહેલો હપતો આપવાનો અમે નિર્ણય કર્યો છે, બીજો ૧૬,૦૦૦/- રૂપિયા અને ત્રીજો ૧૪,૦૦૦/- રૂપિયા અને છેલ્લો ૮,૫૦૦/- રૂપિયા નો એમ ૪૩,૫૦૦/- રૂપિયાનો એનો કુલ ખર્ચ થાય છે. ૭,૦૦૦/- રૂપિયા લાભાર્થી આપે છે અને આ બધો જ ૫૦,૫૦૦/- રૂપિયા નો ખર્ચ જે થાય છે એને ગુજરાત સરકારે મેક અપ કરી આપ્યો છે.

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ, પ્રશ્ન-૧૧.

**કચ્છના મુન્દ્રા તાલુકામાં ચેરના વૃક્ષોનું નિકંદન થવા બાબત**

*** ૮૧૨૧ શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છના મુન્દ્રા તાલુકાના દરિયા કાંઠે ચેરના વૃક્ષો ( મેન્ગ્રુવ )નું નિકંદન નીકળી રહ્યું છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ, અને

(૨) આ માટેના ગુન્હાહિતો કોણ કોણ છે અને તેમની સામે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શાં પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી :**

(૧) કચ્છના મુન્દ્રા તાલુકાના દરિયાકાંઠે ચેરના વૃક્ષો ( મેન્ગ્રુવ )નું નિકંદન નીકળી રહ્યું છે તે હકીકત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેર એ દરિયા કિનારાનું વૃક્ષ છે તેની દરિયાઈ સંપત્તિની જાળવણી થાય છે એટલે ફિશરીઝ એકટ અન્વયે પ્રોટેકડટેડ વૃક્ષ ગણાય છે. આવા હજજારો પ્રોટેકટેડ વૃક્ષોનું મુન્દ્રા ખાતે S.E.Z.બનાવવા માટે નિકંદન કરવામાં આવ્યું છે. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ પ્રોટેકટેડ વૃક્ષની ગણતરી સરકારે છેલ્લે ક્યારે કરી હતી અને કેટલાં વૃક્ષો જણાયાં હતાં ?

મારો બીજો પ્રશ્ન, મુન્દ્રા ખાતે S.E.Z. વિસ્તારમાં ૨૦૦૦ની સાલમાં ચેરના કેટલા વૃક્ષો કપાયાની ફરિયાદો મળી અને શું પગલાં લીધાં?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન પૂછયો છે એમાં વન વિભાગનું કોઈ ત્યાં આવતું નથી પરંતુ મૅરી ટાઇમ બોર્ડે એમને જગ્યા ફાળવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સવાલ તો ગ્યાસુદ્દીનભાઈનો સમજો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વન વિભાગના ચેરની વાત જે છે પણ જે વન વિસ્તાર આમાં આવતો નથી અને એમની જે વાત છે કે ચેરના ઝાડને જે નુકસાન થયેલ છે એ એમને મૅરી ટાઇમ બોર્ડ એમને જવાબ આપશે, તો મૅરી ટાઇમ બોર્ડ પાસે એમને જે જમીન ફાળવેલી છે તે મૅરી ટાઇમ બોર્ડે ફાળવેલી છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ હું કહું છું કે વન વિસ્તાર જે છે, આ પોર્ટની વાત કરે છે એ પોર્ટ મેરી ટાઈમ બોર્ડે ફાળવેલો. ચેરના વૃક્ષોની વાત છે, જે કંઈ એમની રજૂઆત છે એવા કોઈ ચેરના વૃક્ષો ત્યાં કપાયા નથી.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રીને પુછવા માગું છું કે ચેરની ઉપયોગિતા શું છે તથા ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં ચેરનું વાવેતર કેટલા હેકટરમાં કરવાનું આયોજન છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેરના વૃક્ષો છે ત્યાં ચેરનો ઉપયોગ ખાસ કરીને ઢોરોના ઘાસચારા માટે છે. લાકડુ બળતણ માટે વપરાય છે. ચેરના વૃક્ષો વધારે ગીચ હોય તો એ સુનામી સામે રક્ષણ આપી શકે છે એના માટે ખાસ ઉપયોગી છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મુંદ્રા તાલુકામાં છેલ્લા પાંચ વર્ષમાં ચેરનું વાવેતર કેટલું થયું?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬માં ૧૫૦હેકટર વાવેતર થયું છે. ૨૦૦૬-૦૭માં ૧૫૦ હેકટર, ૨૦૦૭-૦૮માં ૩૬૦હેકટર, ૨૦૦૮-૦૯માં ૩૨૫ હેકટર, ૨૦૦૯-૧૦માં ૫૫૦ હેકટર એમ કુલ ૧૫૩૫ હેકટરમાં ચેરના વૃક્ષોનું વાવેતર થયું છે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ પ્રશ્ન મેરી ટાઈમ બોર્ડનો છે એ જવાબ આપશે અને હવે મંત્રીશ્રી કેવી રીતે જવાબ આપે છે? મારો પ્રશ્ન એટલો છે કે ચેરના વૃક્ષો કેટલા છે એ ગણતરી કરવામાં આવેલ છે કે કેમ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :જે પ્રશ્ન સભ્યશ્રી મહેશ્વરીએ પૂછયો છે એ મુંદ્રા આખા તાલુકાની વાત કરી છે અને ગ્યાસુદ્દીનભાઈનો જે પ્રશ્ન હતો એ હું સમજું છું ત્યાં સુધી એ મુંદ્રા અને મુંદ્રા તાલુકા (અંતરાય) અર્જુનભાઈ, તમે સમજી શકો છો પ્રશ્નને. મુંદ્રા તાલુકામાં ચેરના કેટલા વૃક્ષો વાવ્યા? (અંતરાય) એક મિનિટ, તમને પ્રશ્ન પૂછવાની તક હું આપીશ ત્યારે તમારે પૂછવાનું. દરેક પ્રશ્નમાં ઊભા રહેવાનો તમારો અધિકાર છે? નહીં, નહીં તો તમે નિયમ-૯૨ નીચે ચોકકસ પ્રશ્ન ઉપરની અર્ધા કલાકની ચર્ચા માગી શકશો.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રોટેકટેડ વૃક્ષોની સંખ્યા કુલ કેટલી છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ તો હેકટર પ્રમાણે હોય. જો ગીચ શહેર હોય તો એક હેકટરમાં એક હજાર જેટલા ઝાડ આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન બહુ સ્પેસીફીક છે. સ્પેસીફીક મુંદ્રા તાલુકાનો પ્રશ્ન છે. મુંદ્રા તાલુકામાં મેંગ્રોનું વાવેતર આજની તારીખે કેટલું છે એ આપની પાસે માહિતી હોય તો આપો અને બીજું, આપે ફાઈલ કરેલી એફિડેવિટમાં આપે કહ્યું છે કે મેંગ્રોનું દરિયાકાંઠા પર વધારેમાં વધારે નુકસાન થઈ રહ્યું છે ઈન્ડસ્ટ્રીયલાઈઝેશનના કારણે એવી આપની પોલ્યુશનની એક મેટરમાં એફિડેવિટ છે. અહીંયા આપ કહો છો કે નુકસાન થતું નથી તો ખરેખર શું છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મુંદ્રા તાલુકામાં ૧૫૩૫ હેકટરમાં ચેરનું વાવેતર થયેલું છે. આ અત્યારે જે મેં જવાબ આપ્યો છે તે છે. બીજી વાત એમણે કહ્યું છે ચેર કપાયાની જે વાત છે એવું આ વન વિસ્તારનો જે ભાગ છે એમાં કોઈ ચેર કપાયું નથી. એક વ્યકિતએ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી, કોર્ટે તપાસ કરાવી. આક્ષેપ પુરવાર કરી ન શકયા એટલે કોર્ટે અરજી કાઢી નાખી છે.

**ભાવનગર જિલ્લામાં નવા રૅશનકાર્ડ માટેની અરજીઓ**

*** ૭૬૮૯ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની. સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રૅશનકાર્ડ તેમજ રૅશનકાર્ડ વિભાજન માટેની કેટલીઓ અરજીઓ મળી

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો અને

(૩) બાકીની અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે.?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧)

| | |
|---|---|
| (૧)નવા કાર્ડ માટેની અરજીઓ | ૭૫૩૧ |
| (૨) રૅશનકાર્ડ વિભાજન માટેની અરજીઓ | ૩૭૨૬૪ |
| કુલ | ૪૪૭૯૫ |

(૨) ૪૨૫૫૧ અરજીઓ.

(૪) બનતી ત્વરાએ

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા કાર્ડ કે વિભાજન માટેના કાર્ડની કેટલી અરજીઓ મળી અને તેમાંથી કેટલી અરજીઓનો નિકાલ કર્યો છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ ૭૫૩૧ જે નવી અરજીઓ મળી, એમાંથી ૬૮૬૧ અરજીઓનો નિકાલ કર્યો છે અને જે વિભાજન માટેની અરજીઓ મળી એમાં ૩૭૨૬૪ રૅશનકાર્ડના વિભાજન માટેની આવી છે, એમાંથી ૩૫૬૯૦ અરજીઓનો નિકાલ કર્યો છે. તાલુકાવાર વિગત જોઈતી હોય તો એ પણ મારી પાસે છે.

**અધ્યક્ષશ્રી** : એમણે માગી નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આ પ્રશ્નનો જે જવાબ છે, એમાંથી જે વિગતો આપી છે એ પ્રમાણે કુલ નવી અરજીઓ અને વિભાજન માટેની એ ૪૪૭૯૫ છે અને નિકાલ ૪૨૫૫૧ આમ ૩૧-૩-૦૯ ની સ્થિતિ છે. હું સરકારને અભિનંદન આપવા એટલા માટે આપવા માગું છું કે આટલા ખૂબ મોટા પ્રમાણમાં આવી અરજીઓ (અંતરાય) રૅશનકાર્ડની અરજીઓ સમાજના નીચલા વર્ગના લોકોની હોય છે, એને ફેરા, ધક્કા ખાવા ન પડે એ માટેનો જે નિર્ણય લેવાયો છે. એ માટે અભિનંદન આપું છું. બીજા આમાં મોટા ભાગના જે માઈગ્રેટ થઈને જાય છે એ ભાવનગર જિલ્લામાંથી એમાં મારા મત વિસ્તારમાંથી વધારે માઈગ્રેટ થઈને જાય છે. એટલે હું પ્રશ્ન ફેસ કરું છું. આ સાહેબ મને નડે છે, એ તમને નથી નડતો આ લોકોની વાત કરું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : મારો પ્રશ્ન એ છે કે ભાવનગર જિલ્લામાં આ રૅશનકાર્ડની કુલ કેટલી દુકાનો છે અને કુલ કેટલા રૅશનકાર્ડ ધારકો આનો લાભ લે છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ભાવનગર જિલ્લામાં કુલ ૭૫૯ દુકાનો રૅશનકાર્ડની પંડિત દીન દયાલ ગ્રાહક ભંડાર આવેલ છે. એમાં ૪૮ સહકારી ધોરણે અને ૭૧૧ ખાનગી છે. ભાવનગર શહેરમાં ૧૫ સહકારી અને ખાનગી ૧૦૭ છે. ૧૧૨ ભંડાર આવેલ છે. ભાવનગર ગ્રામ્યમાં ૧ સહકારી ધોરણે અને ૪૮ એ ખાનગી આવેલ

છે અને ૪૯ ભંડાર આવેલ છે. ઘોઘામાં ૧ સહકારી ધોરણે અને ૨૮ ખાનગી આવેલ છે. ૨૯ કુલ સસ્તા અનાજની દુકાનો છે. તળાજામાં સહકારી ૧૦ છે અને ૮૨ ખાનગી છે. એમ ૯૨ ગ્રાહક ભંડાર આવેલ છે. મહુવામાં ૨ સહકારી અને ૧૧૪ ખાનગી દુકાનો આવેલ છે. ૧૧૬ દુકાનો કુલ છે. પાલીતાણામાં ૨ સહકારી છે અને ૬૬ ખાનગી અને ૬૮ ગ્રાહક ભંડાર આવેલ છે. ગારિયાધરમાં ૩૬ ખાનગી જ છે. ગઢડામાં ૫ સહકારી ધોરણે અને ૫૨ ખાનગી અને ૫૭ કુલ આવેલ છે. બોટાદમાં ૯ સહકારી ધોરણે અને ૫૬ ખાનગી આવેલ છે અને ૬૫ દુકાનો ટોટલ છે. ઉમરાળામાં ફકત ખાનગી ધોરણે ૩૨, વલ્લભીપુરમાં ૨ સહકારી ધોરણે અને ૨૮ દુકાનો ખાનગી છે. કુલ ૩૦ દુકાનો આવેલ છે. શિહોરમાં ૧ સહકારી ધોરણે અને ૬૨ ખાનગી આવેલ છે. ૬૩ ટોટલ આવેલ છે. એમ કુલ ૭૫૯ ગ્રાહક ભંડાર આવેલ છે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવા રેશન કાર્ડ અને રૅશનકાર્ડ વિભાજન માટેની કેટલી અરજીઓ આવેલ છે. કેટલી અરજીઓનો નિકાલ કર્યો અને બાકીની અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ છાપ્યા પ્રમાણે કહી દો. ભાઈ તેમને જવાબ તો આપવા દો. નવા સભ્ય પ્રશ્ન પૂછે છે.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જણાવ્યું છે કે ૪૨૫૫૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. તો આ જે અરજીઓનો નિકાલ કર્યો છે તેમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી. બીજો મારો પ્રશ્ન છે કે મહુવા તાલુકામાં કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે નિકાલ કર્યો છે તે પૈકી મહુવા તાલુકામાં ૫૮૧૫ અરજીઓનો નિકાલ કર્યો છે અને તે મંજૂર કરી છે. આ જે નિકાલ કર્યો છે તે બધી મંજૂર કરી છે.

**બનાસકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મકાનો બનાવવા બાબત**

***૭૨૯૧ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બનાવવામાં આવ્યાં, અને

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને આવાસોનો કબજો આપવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

**(૧)** તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ કુલ ૧૪૮૦૯ મકાનો સામેલ પત્રક મુજબ બનાવવામાં આવેલ છે.

(૨) ઈન્દિરા આવાસ યોજના હેઠળ લાભાર્થી આવાસનું બાંધકામ જાતે જ કરે છે. તેથી આવાસનો કબજો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ બનાવેલ મકાનોની માહિતી દર્શાવતું પત્રક.**

| ક્રમ | તાલુકાનું નામ | બનાવેલ મકાનો | | |
|---|---|---|---|---|
| ૧ | | તા.૧-૬-૦૭થી તા. ૩૧-૫-૦૮ની સ્થિતિએ | તા.૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પાલનપુર | ૬૧૧ | ૯૦૭ | ૧૫૧૮ |
| ૨ | અમીરગઢ | ૬૫૩ | ૨૯૩ | ૬૪૬ |
| ૩ | વડગામ | ૬૦૯ | ૭૯૩ | ૧૪૦૨ |
| ૪ | દાંતા | ૭૭૭ | ૪૮૬ | ૧૨૬૩ |
| ૫ | ડીસા | ૯૧૮ | ૧૦૩૦ | ૧૯૪૮ |
| ૬ | દાંતીવાડા | ૩૯૮ | ૫૦૨ | ૯૦૦ |
| ૭ | ધાનેરા | ૪૨૩ | ૫૪૦ | ૯૬૩ |
| ૮ | થરાદ | ૫૩૧ | ૭૮૧ | ૧૩૧૨ |
| ૯ | વાવ | ૩૯૭ | ૪૭૩ | ૮૭૦ |
| ૧૦ | દિયોદર | ૫૨૫ | ૫૩૩ | ૧૦૫૮ |
| ૧૧ | ભાભર | ૫૨૪ | ૬૭૦ | ૧૧૯૪ |
| ૧૨ | કાંકરેજ | ૯૫૦ | ૭૮૫ | ૧૭૩૫ |
| | કુલ | ૭૦૧૬ | ૭૭૯૩ | ૧૪૮૦૯ |

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ગરીબ લોકોને ૧૪૮૦૯ ઈન્દિરા આવાસ ફાળવ્યા તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૧૪૮૦૯ મકાનો બનાવ્યા તેમાં છેલ્લો હપ્તો તાલુકાવાર કેટલા લાભાર્થીઓનો બાકી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૮૦૯ જે મકાનો બાંધ્યા તેમાં તબકકાવાર મકાનોના સ્ટેજીસ હોય છે. સ્પેશીફીક કેટલા મકાનોના હપ્તા બાકી છે.

**અધ્યક્ષશ્રી** : છેલ્લા હપ્તાની વિગતો છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તે સ્પેસીફીક માગશે તો આપીશ.

**શ્રી મફતલાલ મો. પૂરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે લાભાર્થીઓને પ્લોટ ફાળવી શકયા નથી તેવા કેટલા કેસો છે? જેના કારણે આ યોજનાનો તેમને લાભ મળી શકયો નથી તેવા લોકોને પ્લોટ જલદી મળે તેના માટે રાજય સરકારે કોઈ યોજના વિચારી છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જેને આપી શકાય જે લોકો એલીજીબલ છે તેને આપી શકાય તેને પ્લોટ આપવાની બાબતની સરકારની નીતિ છે. જે લોકો આવતા હોય તેને આપવામાં વાંધો હોતો નથી.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બનાસકાંઠા જિલ્લામાં કેટલા મકાનોનો લક્ષ્યાંક હતો અને તેની સામે કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ લક્ષ્યાંક હતો તે સિધ્ધ કરવામાં આવ્યો છે. ૧૦૦ ટકા બાંધવામાં આવ્યા છે.

**પંચમહાલ જિલ્લામાં જંગલની જમીન ખેડતા ખેડૂતોને સનદો આપવા બાબત**

*** ૭૧૯૧ શ્રી સી.કે. રાઉલજી (ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.,

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજય સરકારે રાઈટ ટુ ફોરેસ્ટ એકટ ૨૦૦૬ અન્વયે પંચમહાલ જિલ્લામાં જંગલની જમીન ખેડતા કેટલા ખેડૂતોને જમીનની સનદો અપાઈ, અને

(૨) કેટલા ખેડૂતોને સનદો આપવાની બાકી છે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) વન અધિકાર માન્યતા ધારો ૨૦૦૬ હેઠળ સનદ આપવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં જંગલની જમીન ખેડતા ખેડૂતોને સનદ આપવાનો પ્રશ્ન છે. મારો પ્રશ્ન ખૂબ ગંભીર પ્રશ્ન છે. જેમ ગ્યાસુદ્દીનભાઈની દશા થઈ હતી તે દશા મારી છે. આ પંચમહાલ જિલ્લામાં જંગલ ખેડતા આદિજાતિના ખેડૂતો એટલા નથી. બક્ષીપંચ અને ઈતર કોમના પણ વ્યકિતઓ છે. તેમાં મને જવાબ આપવામાં આવ્યો છે કે વન અધિકાર માન્યતા ધારા ૨૦૦૬ મુજબ સનદ આપવામાં આવતી નથી. તો આ ખેડૂતોને સનદ આપ્યા વગર કેવી રીતે માલિકી કરવામાં આવે છે. બીજી વસ્તુ એ છે કે આ ૬૦૦ ખેડૂતોનો પ્રશ્ન છે. ૧૯૮૦ થી આ સરકાર હોય કે પેલી સરકાર હોય પણ આદિવાસી અને ઓ.બી.સી. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે તેને આજદિન સુધી સનદો નથી મળી. મારો પ્રશ્ન ગંભીર એટલા માટે છે કે, આ ફક્ત આદિજાતિ વિભાગને એકલો લગતો નથી, પણ ત્રણ વિભાગના સંકલનના અભાવે ફૉરેસ્ટ વિભાગ, સિંચાઈ વિભાગ અને રેવન્યુ વિભાગ, ૧૯૮૦ની લગભગ ૬૦૦ ખેડૂતોને, મારી પાસે યાદી છે અને ૧૨ ગામો છે મોરવા તાલુકો, ગોધરા તાલુકો અને મોરવા હડપ તાલુકો, ૧૯૮૦થી આજદિન સુધી હડપ, અદલવાડા ડૅમ અને પાનમ સિંચાઈ ડૅમ બનવાના કારણે આ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ભાઈઓને આજદિન સુધી એમના પોતાના હક્કો મળી શક્યા નથી. તો માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી દ્વારા હું એ જાણવા માગું છું કે, માનનીય મંત્રીશ્રી આ ત્રણેય વિભાગોનું સંકલન કરીને આ ખેડૂતોને આ સનદોની એમના માલિકીના ભાગરૂપે જૂની શરતમાં, કારણ કે એ લોકોએ મૂળ પ્રસ્થાપિતમાં જૂની જમીન ગુમાવી અને પુનઃવસવાટ કરેલો છે, તેમ છતાં આ લાભ નથી મળ્યો તો આ લાભ ત્રણેય ખાતાના સંયુક્ત રીતે મળીને આ લાભ આપવા માગે છે કે કેમ, અને કેટલા સમયમાં?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન એમણે રજૂ કર્યો, એમાં મારે ગંભીર રીતે જવાબ નથી આપવો પણ એમની લાગણી સાથે હું સહમત છું. કબૂતરી, અદલવાડાના ડૅમના અસરગ્રસ્ત વિસ્તાર માટે છે તો આમાં આપણે ભારત સરકાર પાસે ૧૦૫૮ હેકટર જમીન માગી છે, અને ૪૭૮ માટે ભારત સરકારમાં ૨૩-૧-૨૦૦૦ના રોજ દરખાસ્ત કરી છે ભારત સરકાર આપણને મંજૂરી આપશે એ પછી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી સી.કે. રાઉલજી** : આ પ્રશ્ન પૂછવાથી ગઈ કાલે મામલતદાર મારફતે પેઢીનામાના પેપરની કાર્યવાહી થાય છે, મને ગંભીરતા એટલા માટે લાગે છે કે, રાઈટ ટુ ફૉરેસ્ટ એકટ ૨૦૦૬ મુજબ જો આ લોકોને સનદ આપવામાં આવે તો એમને મોટો અન્યાય થાય એમ છે, તો એમને પુન:વસવાટના નાતે આ ૬૦૦ ખેડૂતોને, ત્રણ તાલુકાનો પ્રશ્ન છે અને ગંભીર પ્રશ્ન છે, તો મારી આપના મારફતે વિનંતી છે કે, વહેલામાં વહેલી તકે, અત્યારે જે કાર્યવાહી થાય છે, અને એ આદિવાસીભાઈઓને, બક્ષીપંચના ભાઈઓને નુકસાન ન થાય એ માટે જૂની શરતના બેઇઝ પર અને એમને પુન:વસવાટના બેઇઝ ઉપર માનનીય મંત્રીશ્રી આ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : સાહેબ, આ પ્રશ્ન ત્રીસ વર્ષ જૂનો છે, અને મેં હા પાડી છે અને ભારત સરકારને પણ દરખાસ્ત કરી છે, ભારત સરકાર મંજૂરી આપશે એટલે આદિવાસીભાઈઓનો પ્રશ્ન અને બક્ષીપંચના ભાઈઓના પ્રશ્નની જે માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એનો કોઈ સવાલ જ નથી. ભારત સરકારમાં દરખાસ્ત ગઈ છે, મંજૂર થઈને આવ્યેથી એની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી સી.કે. રાઉલજી** : અત્યારે રાઈટ ટુ ફૉરેસ્ટ એકટ ૨૦૦૬ મુજબ આપે તો એ લોકોને ઘણુ બધુ આર્થિક નુકસાન થાય એમ છે, એટલે આ ગંભીરતા આપશ્રી દ્વારા જણાવવા માગું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, આ જે જંગલોની જમીનો છે એમાં જિલ્લા સમિતિ બનાવી છે, તાલુકા સમિતિ બનાવી છે, તો આ જિલ્લા સમિતિ અને તાલુકા સમિતિમાં કેટલી અરજીઓ હક્કદાવાની આવેલી છે, અને એ મંજૂર કરવામાં કેટલો વિલંબ થશે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૪ જિલ્લામાં પડતર છે, એ જિલ્લાની બેઠક મળ્યેથી મંજૂર કરવામાં આવશે.

**શ્રી સી.કે. રાઉલજી** : જવાબમાં, મને કેટલા ખેડૂતોની સનદો આપવાની બાકી છે, તો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, તો અત્યારે ૩૯૪ અરજીઓ પેન્ડિંગ છે તો આ છાપ્યા મુજબના જવાબ બરાબર છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : તમે જે પૂછ્યું છે એના જવાબ આપ્યા છે, તમે જે રીતે પૂછ્યું છે એ રીતે એના જવાબ છે. તમારા પૂરક પ્રશ્નને પૂરેપૂરો સંતોષ આપવાનો પ્રયત્ન થયો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બક્ષીપંચ અને આદિવાસીઓ માટેની માનનીય સભ્યશ્રીની અત્યંત ગંભીર ચિંતાઓ છે એમાં માનનીય મંત્રીશ્રી એમના સાથે મીટિંગ કરી, કેન્દ્ર સરકારમાં કઈ પડતર હોય અને અમારા ભાગે આવતું હોય એ અમે કરીએ, પણ આખરે ખેડૂતોને આ અધિકાર મળવો જોઈએ, રાજય સરકારે રાઈટ ટુ ફૉરેસ્ટ લેન્ડ એકટ આવ્યા પછી એની કાર્યવાહી કરવી જોઈએ, સભ્યશ્રીના કહેવા પ્રમાણે ગઈ કાલ સુધી એના પેઢીનામા નક્કી નહોતા થયા, તો એમના સાથે બેસીને આ પ્રશ્ન ઉકેલવાની દિશામાં માનનીય મંત્રીશ્રી કંઈ કરવા માગે છે કે કેમ ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમની જે વાત છે એ પુન:વસનની વાત છે, આ ટ્રાયબલ એકટ જે બન્યો છે, જે વર્ષોથી જમીન આદિવાસી ખેડતા આવેલા છે એમને હક્ક આપવાની વાત છે. આ પ્રશ્ન જ પુન:વસનનો છે, અને એમણે કહ્યું તે પ્રમાણે, મંત્રીશ્રીએ જવાબ આપ્યો તે પ્રમાણે કેન્દ્ર સરકારમાં પડતર છે, તો આપણે કેન્દ્ર સરકાર સાથે વાતચીત કરીને પ્રશ્ન કઈ રીતે હલ થાય તે માટે પ્રયત્ન કરવો જોઈએ, બીજી તમે બક્ષી પંચની વાત કરી તો....

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જામનગર જિલ્લામાં રેશનકાર્ડ માટેની અરજીઓ

૭૬૭૮**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી પ્રકારવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ માટે ૪૬૦૭૪ અરજીઓ આવેલ છે.

(૨) તે પૈકી પ્રકારવાર મંજૂર કરવામાં આવેલ અરજીની વિગતો નીચે મુજબ છે.

| કાર્ડનો પ્રકાર | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|
| એપીએલ | ૪૨૧૧૭ |
| બીપીએલ | શૂન્ય |
| અંત્યોદય | શૂન્ય |

(૩) બાકી અરજીઓનો એપ્રિલ-૦૯ ના માસમાં નિકાલ થઈ ગયેલ છે.

**વલસાડ જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળ ફોર્ટીફાઈડ આટો આપવા બાબત**

૭૬૮૫**શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ સરકાર દ્વારા કેટલો જથ્થો ફોર્ટીફાઈડ આટા તરીકે આપવામાં આવેલ છે, અને | (૧) ૪૪૧૮૦ ક્વીન્ટલ |
| (૨) તેમાં ક્યા તત્વો ઉમેરવામાં આવે છે ? | (૨) આર્યન અને ફોલીક એસીડનું તેયાર મિશ્રણ |

------------

**રાજકોટ જિલ્લા પંચાયતમાં મંજૂર થયેલ મહેકમ**

૭૭૩૭ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લા પંચાયતમાં કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) ૩૩૫૨ |
| (૨) તે પેકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૧૦૬૩ |
| (૩) ખાલી રહેલ જગ્યાઓ સરકાર દ્વારા ક્યારે ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

------------

**જામનગર અને કચ્છ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીમાં ગ્રામ સેવકોની જગ્યાઓ**

૭૨૨૬ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને કચ્છ જિલ્લામાં મે-૨૦૦૯ની સ્થિતિએ ગ્રામ વિકાસ એજન્સીમાં કેટલા ગ્રામ સેવકોની જગ્યાઓ મંજૂર થઈ છે, | (૧) જામનગર-૪૬ (છેંતાલીસ)<br>કચ્છ-૨૫ (પચ્ચીસ) |
| (૨) મે-૨૦૦૯ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) જામનગર-૩ જગ્યાઓ ખાલી છે.<br>કચ્છ-એક પણ જગ્યા ખાલી નથી. |
| (૩) આ જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને | (૩) ગ્રામ સેવકોની નિમણૂક પ્રતિનિયુક્તિથી કરવામાં આવે છે. પ્રતિનિયુક્તિથી કર્મચારીઓ ઉપલબ્ધ ન થવાને કારણે જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. |
| (૪) આ જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરશે ? | (૪) પ્રતિનિયુક્તિથી ગ્રામસેવકો ઉપલબ્ધ થયેથી તાત્કાલિક જગ્યાઓ ભરવામાં આવશે. |

------------

**કેન્દ્ર સરકારની રોજગાર ગેરંટી યોજના હેઠળ વણવપરાયેલ રકમ**

૭૦૩૭ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્રીય ગ્રામીણ ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ અન્વયે ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ના વર્ષમાં કેટલી રકમ વણવપરાયેલી રહી છે, અને<br>(૨) આ રકમ વણવપરાયેલી રહેવાના કારણો શા છે ? | (૧) અને (૨)<br>કેન્દ્રીય ગ્રામીણી રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત હોઇ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જેતપુર-પાવી તાલુકામાં નિવૃત્ત થયેલ કર્મચારીઓના "પે" ફિક્શેશનની કાર્યવાહી**

૭૫૪૯ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકા પંચાયત હેઠળ તા. ૧-૧-૨૦૦૬ પછી | (૧) ૪૧ |

નિવૃત્ત થયેલા કર્મચારીઓ કેટલા છે.

(૨) તેમની "પે" ફિક્શેશનની કાર્યવાહી ક્યારે કરવામાં આવશે.

(૩) કેટલા નિવૃત્ત કર્મચારીઓને તફાવતની મળવાપાત્ર રક્મ ચુક્વાઈ, અને

(૪) બાકીના કર્મચારીઓને મળવાપાત્ર તફાવતની રક્મ કેટલા સમયમાં ચુક્વાશે ?

(૨) કાર્યવાહી ચાલુ છે.

(૩) કોઈને નહીં

(૪) નાણાં વિભાગના તા. ૧૨-૨-૦૯ના ઠરાવ મુજબ તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૩-૦૯ના તફાવતનાં નાણાં સને ૨૦૦૯-૧૦ થી દર વર્ષે ૨૦ ટકા લેખે રોકડમાં ચૂક્વવામાં આવશે, તથા તા. ૧-૪-૦૯થી પેન્શનમાં રોકડમાં ચૂક્વવામાં આવશે.

------------

## રાજ્યમાં સરપંચોના સંમેલનો

૭૧૨૬ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૪-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા દીઠ કેટલા સરપંચ સંમેલનો યોજવામાં આવ્યા,

(૨) ઉક્ત સંમેલન દીઠ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ખર્ચ બજેટના ક્યા સદર હેઠળ ઉધારવામાં આવે છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા - ૧
નર્મદા - ૧
કુલ - ૨

(૨) બનાસકાંઠા પાલનપુરમાં રૂા. ૧૧,૫૩,૩૭૮/- તથા નર્મદા રાજપીપલામાં રૂા. ૪૮,૬૦૦/- ખર્ચ થયેલ છે.

(૩) ૧. જે તે જિલ્લા પંચાયતોના સ્વભંડોળ સદરેથી
૨. પાલનપુર (બ.કાં) ખાતે રાજ્યક્ક્ષાના મહિલા સંમેલન માટે વિકાસ કમિશ્નરશ્રી તરફથી મળેલ ગ્રાન્ટનો ખર્ચ ડીપોઝીટ સદરે ઉધારવામાં આવેલ છે.
૩. નર્મદા જિલ્લામાં ૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ (પ્લાન) સદરે

------------

## સુરત શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત

૭૬૬૮ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૨) તેનાથી સરકારમાં કેટલા પુરવઠાની બચત થઈ ?

**જવાબ**

(૧)

| અ. નં. | પ્રકાર | રદ કરવામાં આવેલ કાર્ડ |
|---|---|---|
| ૧ | બી.પી.એલ. | ૧૧૬ |
| ૨ | એ.પી.એલ. | ૩૨૨૯૭ |
| | કુલ : | ૩૨૪૧૩ |

(૨) તેનાથી સરકારને નીચે મુજબના પુરવઠાની માસિક બચત થઈ.

| અ. નં. | માલની વિગત | જથ્થો |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૬.૨૪ ક્વિ. |
| ૨ | ચોખા | ૬.૯૬ ક્વિ. |
| ૩ | ખાંડ | ૨.૭૦ ક્વિ. |
| | કુલ : | ૨૫.૯૦ ક્વિ. |
| ૪ | કેરોસીન | ૧૫૨.૫૪ કિલો લીટર |

## કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે ફાળવેલ રક્મ

૮૧૯૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : તા. ૨૦-૨-૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૪૫૦ (અગ્રતા-૬૮) ના અનુસંધાને : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રક્મ અન્વયે ૨૦૦૬-૦૭,

જવાબ

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારિત હોઈ રોજગારીની માંગણી

૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં કેટલી રકમ વણવપરાયેલી રહી છે, અને

(૨) આ રકમ વણવપરાયેલી રહેવાના કારણો શા છે ?

મુજબ રોજગારી પુરી પાડવામાં આવે છે તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારિત હોઈ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આદિજાતિ વિભાગે હાઈબ્રીડ મકાઈના બિયારણ વેચવાનો કોન્ટ્રાકટ આપવા બાબત**

૭૦૨૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) આદિજાતિ વિકાસ વિભાગે હાઈબ્રીડ મકાઈનું બિયારણ વેચવાનો કોન્ટ્રાક્ટ મલ્ટીનેશનલ કંપની મોન્ટેસોને ક્યારે આપ્યો,,

(૨) આ અન્વયે આદિજાતિ વિકાસ વિભાગે કૃષિ વિભાગને પરવાનગી ક્યારે લીધી, અને

(૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આ કંપની ધ્વારા કેટલો બિયારણનો જથ્થો શા ભાવે આપવામાં આવ્યો ?

જવાબ

(૧) રાજ્ય સરકારશ્રીની મંજૂરીથી આદિજાતિ વિકાસ વિભાગે તા. ૧૨-૫-૨૦૦૯ના રોજ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ગરીબ આદિજાતિ લાભાર્થીઓનું મકાઈનું ઉત્પાદન બમણું કરવા માટે જાણીતી કંપની મોન્સાન્ટો અને જી.એસ.એફ.સી. ના સહકારથી પ્રોજેક્ટ સનશાઈન શરૂ કરવા માટે આદેશ કરેલ છે.

(૨) તા. ૨૮-૧-૨૦૦૯ના રોજ.

(૩) ૯,૫૭,૯૬૦ કિ.ગ્રા.નો જથ્થો રૂા. ૯૪/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે આપવામાં આવ્યો.

------------

**આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને ઈ-ક્નેક્ટીવીટી આપવા બાબત**

૭૬૯૪**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત કેટલી ગ્રામ પંચાયતોમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈ-ક્નેક્ટીવીટી આપવામાં આવી, અને

(૨) બાકી ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૫૦

(૨) તમામ ગ્રામ પંચાયતોને ઈ-ક્નેક્ટીવીટીથી જોડાઈ ગયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કામરેજ તાલુકામાં સરદાર આવાસ યોજના હેઠળ મકાનો બનાવવા બાબત**

૭૬૭૨ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કામરેજ તાલુકામાં વર્ષ-૨૦૦૮-૦૯માં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બાંધવામાં આવ્યા,

(૨) કેટલા મકાનો બાંધવાના બાકી છે,

(૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) આ અંગે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કામરેજ તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯ માં સરદાર આવાસ યોજના હેઠળ ૫૪ મકાનો બાંધવામાં આવ્યા.

(૨) મકાનો પૂર્ણ થયેલ હોઈ પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

(૪) આ અંગે રૂા. ૧૯,૪૪,૦૦૦/- નો ખર્ચ થયેલ છે.

------------

**ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જ્યાઓ**

૭૧૧૭**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં

**જવાબ**

(૧) બાલાશિનોર અને ઠાસરા તાલુકામાં

ક્યા ક્યા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

તા. ૧૧-૨-૦૯થી જગ્યા ખાલી છે.

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શા પ્રયાસો કર્યા ?

(૨) સીધી ભરતી માટે માગણા પત્રક મોકલેલ છે તથા બઢતી માટે જરૂરી વહીવટી પ્રક્રિયા હાથ ધરેલ છે.

------------

## નર્મદા અને ભરૂચ જિલ્લાના આદિવાસીઓને જંગલની જમીનના કાયદા નીચે સનદો આપવા બાબત

૭૧૨૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સરકારના જંગલની જમીનના કાયદા હેઠળ નર્મદા જિલ્લાના ડેડિયાપાડા, સાગબારા, નાંદોદ અને ભરૂચ જિલ્લાના વાલિયા, ઝગડીયા તાલુકામાં તાલુકા દીઠ કેટલા આદિવાસીઓને કેટલી જમીનની સનદો આપવામાં આવી, અને

(૨) બાકી રહેતા ઈસમોને કેટલા સમયમાં સનદો અપાશે?

**જવાબ**

(૧) વન અધિકાર માન્યતા ધારો ૨૦૦૬ અંતર્ગત સનદ આપવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજ્યમાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા

૭૦૮૩ **શ્રી કાનજીભાઈ તળપદા** (ધોળકા) **: માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર બી.પી.એલ. કુટુંબોની સંખ્યા કેટલી છે, અને

(૨) છેલ્લા એક વર્ષમાં કુટુંબોના નામ બી.પી.એલ. યાદીમાંથી રદ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર બી.પી.એલ. કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| જીલ્લાનું નામ | ૦ થી ૧૬ સ્કોર ધરાવતા (અતિ ગરીબ) | ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતા (ગરીબ) |
|---|---|---|
| અમદાવાદ | ૮૫૬૦૩ | ૭૨૪૬૩ |
| અમરેલી | ૩૨૬૪૯ | ૩૫૨૬૦ |
| આણંદ | ૭૮૧૭૪ | ૭૫૫૭૭ |
| બનાસકાંઠા | ૧૨૪૦૫૨ | ૧૦૩૮૧૧ |
| ભરૂચ | ૭૦૮૧૭ | ૪૫૬૪૭ |
| ભાવનગર | ૨૭૯૩૭ | ૫૨૬૮૦ |
| દાહોદ | ૧૩૩૩૬૫ | ૭૯૮૦૩ |
| ડાંગ | ૨૪૩૧૨ | ૧૧૦૦૧ |
| ગાંધીનગર | ૧૩૮૩૦ | ૩૦૬૫૧ |
| જામનગર | ૨૩૧૨૧ | ૩૦૫૬૫ |
| જૂનાગઢ | ૨૩૭૫૮ | ૩૮૩૭૬ |
| કચ્છ | ૪૫૯૬૯ | ૫૪૪૯૦ |
| ખેડા | ૬૦૬૭૯ | ૯૧૧૭૩ |
| મહેસાણા | ૪૮૧૫૧ | ૫૨૫૮૯ |
| નર્મદા | ૪૮૨૫૯ | ૨૭૨૦૯ |
| નવસારી | ૨૪૮૪૦ | ૩૪૫૪૯ |
| ૧ | ૨ | ૩ |
| પંચમહાલ | ૯૫૦૨૯ | ૯૮૧૦૮ |
| પાટણ | ૪૬૭૮૩ | ૫૪૦૮૭ |
| પોરબંદર | ૬૦૯૭ | ૮૯૭૮ |
| રાજકોટ | ૩૪૨૫૨ | ૪૭૨૩૭ |
| સાબરકાંઠા | ૭૦૯૭૯ | ૯૩૬૭૭ |
| સુરત | ૫૩૯૯૯ | ૬૧૩૭૯ |
| તાપી | ૪૦૬૨૯ | ૩૬૧૧૯ |
| સુરેન્દ્રનગર | ૭૨૫૪૨ | ૬૩૭૯૩ |
| વડોદરા | ૧૨૩૩૯૧ | ૧૦૮૮૭૩ |
| વલસાડ | ૭૧૩૫૨ | ૫૧૩૭૪ |
| **કુલઃ** | **૧૪૭૯૮૧૭** | **૧૪૫૭૯૦૪** |

(૨) છેલ્લા એક વર્ષમાં ૬૩૪ કુટુંબોના નામ બી.પી.એલ. યાદીમાંથી રદ કરવામાં આવેલ છે.

------------

## જામનગર જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો

૭૬૮૮**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી,

જવાબ

(૧) ૧ (એક)

(૨) સરકાર આવી મહિલા સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો કરવા માંગે છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો કેટલી રકમનો વધારો કરવા માંગે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બાલાસિનોર અને વિરપુર તાલુકામાં ગ્રામ પંચાયતોના મકાનો બનાવવા બાબત**

૭૩૫૪**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર અને વિરપુર તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતો આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોના નવા આધુનિક મકાનો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાવવામાં આવ્યા ?

જવાબ

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં ૪૦ અને વિરપુર તાલુકામાં ૩૦ ગ્રામ પંચાયતો આવેલી છે.

(૨)

| તાલુકાનું નામ | તા. ૩૧-૫-૦૮ અંતિત પુર્ણ કર્યા | તા. ૩૧-૫-૦૯ અંતિત પુર્ણ કર્યા |
|---|---|---|
| બાલાસિનોર | ૦ | ૩ |
| વિરપુર | ૦ | ૨ |
| **કુલ :** | **૦** | **૫** |

------------

**દાહોદ જિલ્લામાં ગ્રામમિત્રોની મંજૂર થયેલ જગ્યાઓ**

૭૨૨૯ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ગ્રામમિત્રોની તાલુકાવાર કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) મંજુર થયેલ ઉક્ત જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરેલ છે, અને

(૩) બાકી રહેલ જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) દરેક ગ્રામપંચાયતમાં પાંચ ગ્રામમિત્રો નિમવાની નીતિ નક્કી થયેલ હતી.

(૨) તે અન્વયે ૨૦૦૮-૦૯ના વર્ષમાં દાહોદ જિલ્લામાં ૨૨૯૫ ગ્રામમિત્રોને નીમેલ હતા.

(૩) ગ્રામમિત્ર યોજનાની મુદત તા. ૩૧-૩-૦૯ના રોજ પૂરી થયેલ છે.

------------

**અમદાવાદ શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત**

૭૬૬૩ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૨) તેનાથી સરકારને અન્ન પુરવઠામાં નાણાંકીય દ્રષ્ટિએ શો ફાયદો થયો ?

**જવાબ**

(૧)

| અ. નં. | પ્રકાર | રદ કરેલ કાર્ડ |
|---|---|---|
| ૧ | અંત્યોદય | ૧૭૮૩ |
| ૨ | બીપીએલ | ૯૪૧૨ |
| ૩ | એપીએલ | ૭૯૭૦૪ |
| | કુલ : | ૯૦૮૯૯ |

(૨) તેનાથી સરકારને અન્ન પુરવઠામાં બચત થતાં સબસીડીની દ્રષ્ટિએ રૂા. ૬,૬૫,૦૧૫-૪૪ નો ફાયદો થયો.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયત ઘર બનાવવા બાબત**

૭૬૭૧ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પંચાયત ઘર

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૨૫ પંચાયત ઘર

બનાવવામાં આવ્યા,
(૨) કેટલી માંગણીઓ પડતર છે, અને
(૩) આ બાકી માંગણીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

બનાવવામાં આવ્યા.
(૨) કોઈ માંગણીઓ પડતર નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ડાંગ જિલ્લામાં વન્યપ્રાણી દ્વારા માનવ ઉપર હુમલા થવા બાબત**

૭૬૧૫**શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન્ય પ્રાણી દ્વારા માનવીઓ પર કેટલા હુમલા થયા, અને
(૨) વન્ય પ્રાણીથી થયેલ નુકસાન બદલ કેટલું વળતર આપવામાં આવ્યુ ?

જવાબ

(૧) ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન્યપ્રાણી દ્વારા માનવીઓ પર કુલ ૨૦ હુમલા થયા.
(૨) કુલ રૂપિયા ૮,૩૪,૦૦૦/-નું વળતર આપવામાં આવ્યુ.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૭૬૯૨**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ,
(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાન આપવામાં આવેલ છે,
(૩) કેટલી ગ્રામપંચાયતોને અનુદાન આજ સુધી આપવામાં આવેલ નથી, અને
(૪) બાકી રહેલી ઉક્ત ગ્રામ પંચાયતોને અનુદાન ક્યારે આપવામાં આવશે ?

જવાબ

(૧) ૧૨ (બાર)
(૨) ૬ (છ)
(૩) ૬ (છ)
(૪) બનતી ત્વરાએ

------------

**આદિવાસીઓનું રોજગારી માટે સ્થળાંતર**

૭૧૭૨ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાંથી તેમજ વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાંથી કેટલા ટકા આદિવાસીઓ રાજ્યના અન્ય જિલ્લાઓમાં રોજગારી માટે સ્થળાંતર કરે છે,
(૨) સરકારે આ સ્થળાંતર બાબતે કોઈ અભ્યાસ રિપોર્ટ તૈયાર કરાવેલ છે કે કેમ, અને
(૩) આવું સ્થળાંતર અટકાવવા અને ઘરઆંગણે રોજીરોટી મળે તે માટે સરકારે શું આયોજન કર્યું ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાંથી ૨૯.૭૦ ટકા અને દાહોદ જિલ્લામાંથી ૩૫ ટકા તથા વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાંથી ૧.૩૭ ટકા આદિવાસીઓએ રોજગારી માટે સ્થળાંતર કરેલ છે.
(૨) સ્થળાંતર બાબતે સરકાર દ્વારા કોઈ અભ્યાસ થયેલ નથી.
(૩) આવક બમણી કરવા માટે ડેરી અને કૃષિ લક્ષી યોજનાઓ, કૌશલ્યવર્ધક તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય ગ્રામીણ બાંહેધરી યોજના હેઠળ વિકાસના કામો હાથ ધરી રોજગારી આપવામાં આવે છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના મકાનો**

૭૭૨૦ **શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ-૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો પૂર્ણ કરેલ છે,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૬૮૨ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૩૩૪૪ આવાસો ઈન્દિરા આવાસ યોજના હેઠળ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તેની પાછળ ૨૦૦૭-૦૮ માં રૂા. ૮૯૯.૪૩ લાખ અને વર્ષ ૨૦૦૮-૦૯ રૂા. ૧૩૭૬.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ઈન્દિરા આવાસ યોજના હેઠળ લાભાર્થી મકાન બાંધકામ જાતે કરે છે. તેથી લાભાર્થીઓ દ્વારા આવાસો વહેલી તકે પૂર્ણ થાય તેની તકેદારી રાખવામાં આવશે.

------------

**જામનગર જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળ અનાજ આપવા બાબત**

૭૭૩૬**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા પ્રકારનું અનાજ ફાળવવામાં આવ્યું, અને

(૧)

| ફાળવેલ અનાજનું નામ | જથ્થો |
|---|---|
| (૧) ઘઉં | ૪૧૨૮ મે. ટન |
| (૨) ચોખા | ૩૪૮૦ મે. ટન |

(૨) તે પૈકી ફોર્ટીફાઈડ આટો કેટલો આપવામાં આવ્યો ?

(૨) ફાળવેલ ફોર્ટીફાઈડ આટો :- ૨૬૫૨૭૬૨ કીલો.

------------

**આણંદ જિલ્લા પંચાતય અને તાલુકા પંચાયતમાં સંવર્ગવાર મહેકમ**

૮૧૦૪**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૧-૪-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા પંચાયત કચેરી તથા તેના હેઠળની તમામ તાલુકા પંચાયત કચેરીઓમાં સંવર્ગવાર કેટલા કર્મચારી હોવા જોઈએ, અને

(૧)

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| જિ. પં. આણંદ | ૧૩ | ૨૧ | ૧૩૩ | ૩૮ | ૨૦૫ |
| તમામ તાલુકા પંચાયતો આણંદ જિલ્લો | ૦૦ | ૦૮ | ૫૪૬ | ૬૫ | ૬૧૯ |
| કુલ : | ૧૩ | ૨૯ | ૬૭૯ | ૧૦૩ | ૮૨૪ |

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કામ કરે છે ?

(૨)

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| જિ. પં. આણંદ | ૧૦ | ૧૮ | ૮૩ | ૨૨ | ૧૩૩ |
| તમામ તાલુકા પંચાયતો આણંદ જિલ્લો | ૦૦ | ૦૬ | ૪૦૭ | ૫૧ | ૪૬૪ |
| કુલ : | ૧૦ | ૨૪ | ૪૯૦ | ૭૩ | ૫૯૭ |

------------

**રાજ્યમાં સરપંચોના સંમેલનો**

૭૧૨૫**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુલ કેટલા સરપંચ સંમેલનો બોલાવવામાં આવ્યા,

(૧) ૨ (બે)

(૨) આવા સંમેલનો પાછળનો હેતુ શો હતો, અને

(૨) મહિલા પદાધિકારીઓને મહિલા શક્તિ અભિયાનના ભાગરૂપે મહિલા એક્તા સાધવા અને મહિલા પદાધિકારીઓ તેમની પંચાયતની કામગીરી અસરકારક રીતે કરી શકે તે માટે તથા ગ્રામ વિકાસને લગતી સમજૂતિ, જાગૃતિ, તાલીમ અને પ્રેરણા આપવાના હેતુસર

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂા. ૧૨,૦૧,૯૭૮/-

------------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં જંગલમાં વૃક્ષછેદનના ગુનાઓ**

૮૧૧૩**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન જંગલોનું વૃક્ષછેદન કરતાં કેટલા ગુનાઓ નોંધાયા, | (૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન જંગલોનું વૃક્ષછેદન કરતાં ૪૦૯ ગુનાઓ નોંધાયા છે. |
| (૨) તે પૈકી કેટલા અને ક્યા ક્યા નંબરોવાળા વાહનો અટકમાં લીધા, અને | (૨) તે પૈકી વાહનો અટકમાં લેવાયેલ હોય તેવા ગુના બનેલ નથી. |
| (૩) આવા વાહનો હાલમાં કોના કબજામાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી**

૭૧૯૪**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ યોજના હેઠળ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, | (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ યોજના હેઠળ ખેડા જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ રોજગારીની વિગતો સામેલ પત્રક-૧ મુજબ છે. |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) તે અન્વયે વર્ષવાર ફાળવેલ રકમની વિગતો સામેલ પત્રક-૨ મુજબ છે. |
| (૩) ઉક્ત રકમ સામે કેટલો ખર્ચ થયો ? | (૩) ઉક્ત રકમ સામે કરેલ ખર્ચની વિગતો સામેલ પત્રક-૩ મુજબ છે. |

------------

**પત્રક-૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગારી પુરી પાડ્યા અંગેની વિગત | |
|---|---|---|---|
| | | તા. ૧-૬-૨૦૦૭ થી તા. ૩૧-૫-૨૦૦૮ | તા. ૧-૬-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ |
| ૧ | બાલાસિનોર | ૦ | ૫૧૩૩ |
| ૨ | કપડવંજ | ૦ | ૧૮૦૮ |
| ૩ | કઠલાલ | ૦ | ૪૭૫૦ |
| ૪ | ખેડા | ૦ | ૧૨૧ |
| ૫ | મહેમદાવાદ | ૦ | ૧૪૯૩ |
| ૬ | મહુધા | ૦ | ૩૦૧૦ |
| ૭ | માતર | ૦ | ૨૯૮૭ |
| ૮ | નડીયાદ | ૦ | ૧૩૦૪ |
| ૯ | ઠાસરા | ૦ | ૩૧૧૭ |
| ૧૦ | વિરપુર | ૦ | ૭૯૯૨ |
| | કુલ : | ૦ | ૩૧૭૧૫ |

**પત્રક-૨**

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ફાળવવામાં આવેલ રકમ અંગેની વિગત (રકમ રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૧-૬-૨૦૦૭ થી તા. ૩૧-૫-૨૦૦૮ | તા. ૧-૬-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ |
| ૧ | બાલાસિનોર | ૦.૯૬ | ૪૫.૦૦ |
| ૨ | કપડવંજ | ૦ | ૧૯.૦૦ |
| ૩ | કઠલાલ | ૦ | ૪૭.૧૦ |
| ૪ | ખેડા | ૦ | ૨.૫૦ |
| ૫ | મહેમદાવાદ | ૦ | ૪૦.૫૦ |
| ૬ | મહુધા | ૦ | ૩૩.૦૦ |
| ૭ | માતર | ૦ | ૩૭.૦૦ |
| ૮ | નડીયાદ | ૦.૫૬ | ૩૧.૦૦ |
| ૯ | ઠાસરા | ૦ | ૭૧.૦૦ |
| ૧૦ | વિરપુર | ૦ | ૯૬.૦૦ |
| ૧૧ | લાઈન ડીપાર્ટમેન્ટ | ૦ | ૩૭.૫૦ |
| | કુલ : | ૧.૫૨ | ૪૫૯.૬૦ |

**પત્રક-૩**

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં થયેલ ખર્ચ અંગેની વિગત (રકમ રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૧-૬-૨૦૦૭ થી તા. ૩૧-૫-૨૦૦૮ | તા. ૧-૬-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ |
| ૧ | બાલાસિનોર | ૦ | ૩૧.૮૬ |
| ૨ | કપડવંજ | ૦ | ૧૭.૩૮ |
| ૩ | કઠલાલ | ૦ | ૩૭.૬૦ |
| ૪ | ખેડા | ૦ | ૨.૫૦ |
| ૫ | મહેમદાવાદ | ૦ | ૧૮.૪૫ |
| ૬ | મહુધા | ૦ | ૨૭.૬૪ |
| ૭ | માતર | ૦ | ૧૭.૪૭ |
| ૮ | નડીયાદ | ૦ | ૨૩.૭૧ |
| ૯ | ઠાસરા | ૦ | ૬૧.૨૦ |
| ૧૦ | વિરપુર | ૦ | ૬૬.૯૭ |
| | કુલ : | ૦ | ૩૦૪.૭૮ |

------------

## ધારી તાલુકા પંચાયતનું મહેકમ

૭૬૭૦ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ધારી તાલુકા પંચાયતનું કેટલું મહેકમ છે,

(૧)

| | |
|---|---|
| વર્ગ-૨ | ૦૧ |
| વર્ગ-૩ | ૬૨૯ |
| વર્ગ-૪ | ૦૫ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| | |
|---|---|
| વર્ગ-૨ | ૦૦ |
| વર્ગ-૩ | ૨૦ |
| વર્ગ-૪ | ૦૧ |

(૩) આ ખાલી રહેલ જગ્યાઓ સરકાર દ્વારા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ

------------

## આદિવાસી વિસ્તારોમાં આદર્શ નિવાસી શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવા બાબત

૭૬૦૭ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં આદિવાસી વિસ્તારોમાં કેટલી આદર્શ નિવાસી શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરેલ છે, અને

(૧) ૨૦ (વીસ)

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓને દર વર્ષે પ્રવેશ આપવાનું નક્કી કરેલ છે ?

(૨) ૮૦૦ (આઠસો)

------------

## અમદાવાદ શહેરમાં સબસીડીવાળા રાંધણગેસનો ગેરકાયદેસર ઉપયોગ રોકવા અંગે

૭૦૯૨ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સબસીડીવાળા રાંધણગેસના ગેરકાયદેસર ઉપયોગ બદલ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સબસીડીવાળા રાંધણગેસના ગેરકાયદેસર ઉપયોગ બદલ ૯ ઈસમોની ધરપકડ કરવામાં આવી.

(૨) આવા બાટલા કઈ કઈ ગેસ કંપનીના હતા, અને

(૨)
આઈ.ઓ.સી. - ૩૩
એચ.પી.સી. - ૧૫
બી.પી.સી. - ૨
અન્ય ખાનગી કંપનીના- ૧૯

(૩) હોટલો, જાહેર રોડ ઉપર ખાણી પાણીની લારીઓ અને રેલ્વે સ્ટેશનો ઉપર બેફામ રીતે આ ગેસના બાટલાઓનું ગેરકાયદેસર વેચાણ થાય છે તે અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ?

(૩) હોટલો, જાહેર રોડ ઉપર ખાણી પાણીની લારીઓ અને રેલ્વે સ્ટેશનો ઉપર આ ગેસના બાટલાઓનું ગેરકાયદેસર વેચાણ અટકાવવા છેલ્લા એક વર્ષમાં ૧૩૪ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા અને ૨૧૧ બાટલા કિંમત રૂ. ૨,૨૮,૦૦૦/- કબજે કરી રૂ. ૭૧,૬૨૫ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો તેમજ રૂ. ૨,૩૪૦/- નો દંડ કરવામાં આવ્યો.

------------

**તાપી જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગનું બાંધકામ**

૭૦૨૫ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવરચિત તાપી જિલ્લામાં જિલ્લા પંચાયતના બિલ્ડીંગ ના બાંધકામ અંગેની કાર્યવાહી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તાપી જિલ્લામાં જિલ્લા પંચાયતના ભવનનો સમાવેશ જિલ્લા મધ્યસ્થ કચેરી, વ્યારાના સંકુલમાં કરવાનું આયોજન કરેલ છે. આ સમગ્ર સંકુલ રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ડીઝાઈન થઈ રહેલ છે. આ સંકુલ ગ્રીન બિલ્ડીંગ તરીકે બનાવવાનું આયોજન છે કાર્યવાહી હાલ પ્રગતિમાં છે.

(૨) બનતી ત્વરાએ

------------

**વડોદરા શહેરમાં ગ્રાહક તકરાર નિવારણના કેસ**

૭૬૮૩ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં છેલ્લા કેલેન્ડર વર્ષમાં કેટલા કેસો દાખલ થયા,

(૨) આ સમય દરમ્યાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા કેસો બાકી છે ?

**જવાબ**

(૧) ૧૩૪૩

(૨) ૯૪૬

(૩) ૫૫૮૩

------------

**રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે આપેલ નાણાં**

૭૫૫૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને વર્ષવાર કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી,

(૨) તે પેકી વર્ષવાર કેટલો ખર્ચ થયો,

**જવાબ**

(૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને વર્ષવાર ફાળવેલ નાણાંની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૯૮૧૩.૫૩ |
| ૨૦૦૭-૦૮ | ૫૭૮૬.૦૫ |
| ૨૦૦૮-૦૯ | ૧૬૫૧૭.૮૫ |

(૨) તે પેકી વર્ષવાર કરેલ ખર્ચની વિગત નીચે

મુજબ છે.

| વર્ષ | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (રૂા.લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૮૬૦૩.૧૦ |
| ૨૦૦૭-૦૮ | ૮૧૮૩.૭૧ |
| ૨૦૦૮-૦૯ | ૧૯૬૧૫.૩૪ |

(૩) તે અન્વયે વર્ષવાર કેટલા કુટુંબોને રોજગારી અપાઈ, અને

(૩) તે અન્વયે વર્ષવાર કુટુંબોને આપેલ રોજગારીની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | આપેલ રોજગારી |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૨૬૨૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૨૯૦૬૫૧ |
| ૨૦૦૮-૦૯ | ૮૫૦૬૯૧ |

(૪) ઉક્ત યોજના હેઠળ છેલ્લે વેતનદરમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો ?

(૪) તા.૨૧-૭-૦૮ થી દૈનિક વેતનદરમાં વધારો કરીને રૂા.૧૦૦ કરવામાં આવેલ છે.

------------

**રાજકોટ જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનામાં ગ્રામ પંચાયતોને ઈ ક્નેક્ટીવીટી આપવા બાબત**

૭૬૭૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત કેટલી ગ્રામ પંચાયતોમાં તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈ-ક્નેક્ટીવીટી આપવામાં આવી, અને

(૨) બાકીની ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૦૯ સુધીમાં રાજકોટ જિલ્લાની તમામ ૮૪૩ ગ્રામ પંચાયતોને ઈ-ક્નેક્ટીવીટી આપવામાં આવી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરત જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના મકાનો**

૭૦૩૪**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસો બાંધવાનું કેટલું આયોજન સુરત જિલ્લામાં તાલુકાવાર હતું,

(૨) તે મુજબ કેટલા આવાસો તેયાર થયા અને કેટલા બાકી છે,

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૪) આવા ગરીબોના આવાસોમાં કોઈ સુધારણા કરવાની માગણીઓ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૧-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૨૮૭૦૬ ઈન્દિરા આવાસો બાંધવાનું આયોજન સુરત જિલ્લામાં તાલુકાવાર હતું. (પત્રક સામેલ છે.)

(૨) તે મુજબ ૨૧૩૭૭ આવાસો તેયાર થયા અને ૭૬૧૪ બાકી છે. (પત્રક સામેલ છે.)

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે ૬૦૫૧.૪૪ લાખની ગ્રાન્ટ ફાળવી અને

(૪) ગરીબોના આવાસોમાં સુધારણા કરવાની કોઈ માંગણીઓ પડતર નથી.

**પ ત્ર ક**

**તા.૧-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર ઈન્દીરા આવાસો બાંધવાનું આયોજન/તેયાર આવાસ અને બાકી આવાસોની માહિતી દર્શાવતું પત્રક.**

| ક્રમ | તાલુકાનું નામ | આવાસો બાંધવાનું આયોજન | | | | તેયાર (પૂર્ણ) થયેલ આવાસો | | | | તેયાર કરવાના બાકી આવાસો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | કુલ | |
| | | તા.૧-૬-૦૭ થી તા.૩૧-૩-૦૮ | તા.૧-૪-૦૮ થી તા.૩૧-૩-૦૯ | તા.૧-૪-૦૯ થી તા.૧-૬-૦૯ | તા.૧-૬-૦૯ ની સ્થિતિએ | તા.૧-૬-૦૭ થી તા.૩૧-૩-૦૮ | તા.૧-૪-૦૮ થી તા.૩૧-૩-૦૯ | તા.૧-૪-૦૯ થી તા.૧-૬-૦૯ | તા.૧-૬-૦૯ ની સ્થિતિએ | ૨૦૦૯-૧૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | બારડોલી | ૪૦૦ | ૩૮૦ | ૩૬૦ | ૧૧૪૦ | ૩૮૦ | ૪૨૩ | ૩૫ | ૮૩૮ | ૩૨૫ |
| ૨ | ચોર્યાશી | ૧૫૦ | ૨૬ | ૦ | ૧૭૬ | ૧૫૦ | ૨૬ | ૦ | ૧૭૬ | ૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | કામરેજ | ૨૫૯ | ૨૬૦ | ૧૦૬ | ૬૨૫ | ૨૫૩ | ૨૬૬ | ૬૦ | ૫૭૯ | ૪૬ |
| ૪ | મહુવા | ૩૫૬ | ૮૫૪ | ૧૯૦ | ૧૪૦૦ | ૩૪૫ | ૯૧૩ | ૦ | ૧૨૫૮ | ૧૯૦ |
| ૫ | માંડવી | ૯૩૧ | ૯૪૦ | ૨૫૫૫ | ૪૪૨૬ | ૯૩૧ | ૯૪૦ | ૧૧૪૦ | ૩૦૧૧ | ૧૪૧૫ |
| ૬ | માંગરોળ | ૭૫૪ | ૭૮૪ | ૮૧૮ | ૨૩૫૬ | ૭૫૪ | ૮૫૩ | ૫૯ | ૧૬૬૬ | ૭૫૯ |
| ૭ | ઓલપાડ | ૩૬૭ | ૩૧૦ | ૧૭૧ | ૮૪૮ | ૧૦૬ | ૫૭૧ | ૦ | ૬૭૭ | ૧૭૧ |
| ૮ | પલસાણા | ૨૫૦ | ૩૮૦ | ૭૫ | ૭૦૫ | ૨૪૫ | ૩૮૮ | ૫૦ | ૬૮૩ | ૨૫ |
| ૯ | ઉમરપાડા | ૯૦૯ | ૬૨૦ | ૪૭૨ | ૨૦૦૧ | ૮૫૬ | ૬૩૬ | ૫૬ | ૧૫૪૮ | ૪૧૬ |
| ૧૦ | નિઝર | ૧૭૫૫ | ૧૫૬૦ | ૧૪૭૫ | ૪૭૯૦ | ૧૭૨૫ | ૧૬૧૦ | ૦ | ૩૩૩૫ | ૧૪૭૫ |
| ૧૧ | સોનગઢ | ૮૭૯ | ૭૯૦ | ૭૪૦ | ૨૪૦૯ | ૮૨૪ | ૯૧૦ | ૦ | ૧૭૩૪ | ૭૪૦ |
| ૧૨ | ઉચ્છલ | ૧૨૯૦ | ૧૫૪૦ | ૧૧૨૫ | ૩૯૫૫ | ૧૨૯૫ | ૧૫૬૦ | ૧૭૦ | ૩૦૨૫ | ૯૫૫ |
| ૧૩ | વાલોડ | ૪૦૦ | ૪૦૦ | ૨૦૦ | ૧૦૦૦ | ૩૮૫ | ૪૨૦ | ૦ | ૮૦૫ | ૨૦૦ |
| ૧૪ | વ્યારા | ૧૦૨૮ | ૯૫૦ | ૮૯૭ | ૨૮૭૫ | ૭૮૦ | ૧૨૬૨ | ૦ | ૨૦૪૨ | ૮૯૭ |
| | કુલ : | ૯૭૨૮ | ૯૭૯૪ | ૯૧૮૪ | ૨૮૭૦૬ | ૯૦૨૯ | ૧૦૭૭૮ | ૧૫૭૦ | ૨૧૩૭૭ | ૭૬૧૪ |

------------

## મલ્ટીનેશનલ કંપની મોન્ટેસોને મકાઈનું બિયારણ વેચવાનો કોન્ટ્રાક્ટ આપવા બાબત

૭૦૨૮**શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આદિજાતિ વિભાગે, હાઈબ્રીડ મકાઈનું બિયારણ વેચવાનો કોન્ટ્રાક્ટ મલ્ટીનેશનલ કંપની મોન્ટેસોને ક્યારે આપ્યો,

(૨) આ અંગેના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવ્યા,

(૩) કોણે કોણે આ ટેન્ડરો ભર્યા, અને

(૪) તે અન્વયે મોન્ટેસોએ તા.૩૧-૫-૦૯ સુધીમાં બિયારણનો કેટલો જથ્થો શા ભાવે આપ્યો ?

**જવાબ**

(૧) વેચાણનો કોન્ટ્રાક્ટ નથી પણ રાજ્ય સરકારશ્રીની મંજૂરીથી વિભાગે તા.૧૨-૫-૦૯ ના રોજ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ગરીબ આદિજાતિ લાભાર્થીઓ માટે ઉચ્ચકક્ષાનું મકાઈ બિયારણથી તેમની આવક બમણી કરવા માટે જાણીતી કંપની મોન્સાન્ટો અને જી.એસ.એફ.સી. ના સહયોગથી પ્રોજેક્ટ સનશાઈન શરૂ કરેલ છે.

(૨) સુકી જમીનના વિસ્તારો માટે આ પ્રકારનું શંકર બિયારણ પ્રોપાઈટરી આઈટમ હોય, અને રાજ્ય સરકારશ્રીની મંજૂરી મેળવેલ હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ૯,૫૭,૯૬૦ કિ.ગ્રા.નો જથ્થો રૂા.૯૪/- પ્રતિ કિ.ગ્રા. ના ભાવે આપવામાં આવ્યો.

------------

## સાબરકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો માટે પરવાનો મેળવવાની અરજીઓ

૭૭૧૫**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સસ્તા અનાજની દુકાન માટે પરવાનો મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર કરવામાં આવેલ છે,

(૨) આવા પરવાના મેળવવાની અરજીઓ પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર થઈ,

(૩) આ પેકી કેટલી અરજીઓ વિભાગની અપીલ શાખામાં અપીલ અર્થે પેન્ડીંગ છે, તે પેકી કેટલી માન્ય રાખવામાં આવેલ છે, અને

(૪) કેટલી નામંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૭ |
| ૨ | ઈડર | ૩૯ |
| ૩ | વડાલી | ૧૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૨ |
| ૫ | વિજયનગર | -- |
| ૬ | ભીલોડા | ૧૬ |
| ૭ | મોડાસા | ૨૫ |
| ૮ | ધનસુરા | ૧૧ |
| ૯ | બાયડ | ૪૦ |
| ૧૦ | માલપુર | ૧૮ |
| ૧૧ | મેઘરજ | ૭ |
| ૧૨ | તલોદ | ૭ |
| ૧૩ | પ્રાંતિજ | ૧૫ |
| | કુલ : | ૨૨૧ |

(૨) ૪૦ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૧૮૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૩) ૫ અરજીઓ પેન્ડીંગ પેકી ૧ અરજી માન્ય રાખવામાં આવેલ છે.

(૪) કોઈ અપીલ અરજી હજુ સુધી નામંજૂર કરવામાં આવેલ નથી.

**કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ**

૮૦૯૫ **શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર)** : તા.૨૦-૨-૦૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬૪૫૦ (અગ્રતાક્રમ-૬૮) ના અનુસંધાને **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ અન્વયે ૨૦૦૬-૦૭,૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કેટલી રકમ વણવપરાયેલી રહી છે, અને

(૨) આ રકમ વણવપરાયેલી રહેવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨) : કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત હોઈ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જૂનાગઢ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીમાં ગ્રામ સેવકોની મંજૂર જગ્યાઓ**

૭૬૦૧**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લામાં મે-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં કેટલા ગ્રામ સેવકોની જગ્યા મંજૂર થઈ છે,

(૨) તે પૈકી મે-૨૦૦૯ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) આ જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

જવાબ

(૧) કુલ-૫૩ (ત્રેપન) ગ્રામ સેવકોની જગ્યાઓ મંજૂર થઈ છે.

(૨) ત્રણ (૩) જગ્યાઓ ખાલી છે.

(૩) પ્રતિનિયુક્તિથી ફરજ બજાવતા ગ્રામસેવકોની બદલી અને બઢતીના કારણે જગ્યાઓ ખાલી રહેલ છે. અને કરાર આધારીત એક ગ્રામ સેવકે રાજીનામું આપેલ છે.

(૪) કરાર આધારિત ભરવાની થતી ગ્રામ સેવકોની ૧ જગ્યા ભરવાની કાર્યવાહી ચાલુ છે અને બે જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ગ્રામ સેવક ઉપલબ્ધ થયેથી સત્વરે ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

------------

**રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો**

૭૬૬૭ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧)**:: **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મંજૂર થયેલ ઈન્દિરા આવાસો પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલા મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૪૦૯૫ મંજૂર થયેલ ઈન્દિરા આવાસો પૈકી ૩૫૫૯ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) આ યોજના અંતર્ગત રૂા.૧૪૫૨.૦૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) મકાનોના બાંધકામ લાભાર્થી દ્વારા કરવામાં આવે છે પરંતુ વહેલી તકે મકાનોનું કામ પૂર્ણ કરવામાં આવે તેવો પ્રયાસ કરવામાં આવશે.

------------

**કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

૮૧૧૭ **શ્રી અમરસિંહ વસાવા** (દેડીયાપાડા) : તા.૨૦-૨-૦૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬૪૫૦ (અગ્રતાક્રમ-૬૮) ના અનુસંધાને **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ અન્વયે ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કેટલી રકમ વણવપરાયેલી રહી છે,

(૨) આ રકમ વણવપરાયેલી રહેવાના કારણો શા છે ?

જવાબ

(૧) અને (૨) : કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત હોઈ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં રોજગારી આપવા બાબત**

૭૧૯૭ **શ્રી ચંદુભાઈ ડાભી** (કરજણ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી યોજના અન્વયે કેટલા લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત રકમ સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના તા.૧-૪-૦૮ થી અમલમાં છે તે અન્વયે નીચે મુજબના લોકોને વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮-૦૯ માં રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | રોજગારી પૂરી પાડેલ લોકોની |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | યોજના અમલમાં ન હતી. |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૪૨૭૨૦ |

(૨) તે અન્વયે વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૭૦.૫૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૩૩૦.૯૪ |
| | કુલ : | ૪૦૦.૯૪ |

(૩) ઉક્ત રકમ સામે કુલ રૂા.૩૯૨.૨૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**આદિવાસીઓના ઉત્કર્ષ અને કલ્યાણ માટેની યોજનાઓનું ડી.સેગ દ્વારા મોનીટરીંગ કરવા બાબત**

૮૧૧૪ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) આદિવાસીઓના ઉત્કર્ષ અને કલ્યાણને લગતી યોજનાઓના મોનીટરીંગ માટે સરકાર કક્ષાએ ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતની સ્થાપના ક્યારે કરવામાં આવેલ છે, અને

(૨) ડી.સેગ દ્વારા તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઈ કઈ યોજનાઓ માટે કેટલી રકમના કઈ કઈ સંસ્થા/પાર્ટી સાથે કોના દ્વારા ક્યારે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૧-૪-૨૦૦૭ થી કરવામાં આવી.

(૨) આ એમ.ઓ.યુ. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. સામેલ પત્રક-અ મુજબ.

**પ ત્ર ક - અ**

**એમ.ઓ.યુ. નું લીસ્ટ**

| ક્રમ | સંસ્થાનું નામ | પ્રોજેક્ટનું નામ | કૂલ પ્રોજેક્ટનું ખર્ચ રૂા.કરોડમાં | એમ.ઓ.યુ. કરવામાં આવેલ તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ઈનટેલ કોર્પોરેશન નવી દિલ્હી | આદિજાતિ વિસ્તારમાં ઈન્ટરવેન્શ ટેક્નોલોજી બેઈજઝડ | રકમ નક્કી કરેલ નથી. | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૨ | સિન્ની, જમશેદપુર | ડાંગ જિલ્લામાં લાઈવલીહુડ કાર્યક્રમ | ૨૨.૦૦ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૩ | ઈનબાર બેઈસીંગ-ચાઈના | પી.ટી.જી. માટે બામ્બુ લાઈવલીહુડ પ્રોજેક્ટ | ૧૨.૦૬ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૪ | મોન્સાન્ટો પ્રાઈવેટ લિમીટેડ મુંબઈ | પ્રોજેક્ટ સનશાઈન | ૪૦.૨૬ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૫ | નેશનલ ઈન્સટીટયુટ ઓફ ફેશન ટેક્નોલોજી, ગાંધીનગર | વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, ધરમપુર | ૧૬.૦૦ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૬ | મોન્સાન્ટો હોલ્ડીંગસ પ્રા.લિ., ઓરંગાબાદ | દાહોદ જિલ્લામાં શાકભાજીની ખેતી | ૦૦.૩૮ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૭ | દીપક ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા | ક્વાંટ એરિયા લાયવલીહુડ પ્રોજેક્ટ | ૫૯.૦૦ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૮ | શ્રી વાગલધારા વિભાગ સાર્વજનિક ટ્રસ્ટ વાગલધારા, જિ.વલસાડ | વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર | ૪.૮૦ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૯ | જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, વલસાડ | કપરાડા તાલુકામાં ચેકડેમ બાંધકામ | ૧.૧૬.૦૦ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૦ | બોશ લિમીટેડ, બેંગલોર | વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર | ૨.૪૦ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૧ | દૂધધારા ડેરી વલસાડ | બી.પી.એલ. કુટુંબો માટે વલસાડ, ડાંગ અને નવસારી જિલ્લામાં સંકલિત ડેરી વિકાસનો પ્રોજેક્ટ | ૧૪.૧૧ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૨ | સુમુલ ડેરી સુરત | બી.પી.એલ. કુટુંબો માટે સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ | ૧૧૧.૪૩ | ૧૩-૦૧-૨૦૦૯ |

| ક્રમ | સંસ્થાનું નામ | પ્રોજેક્ટનું નામ | કૂલ પ્રોજેક્ટનું ખર્ચ રૂા.કરોડમાં | એમ.ઓ.યુ. કરવામાં આવેલ તારીખ |
|---|---|---|---|---|
| ૧૩ | કેરિયર લોંચર | આદિજાતિ વિસ્તારમાં કોમ્યુનીટી અને બ્લીંગ સેન્ટર સ્થાપવા | ૧૭૬.૮૫ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૪ | સંઘવી ઈન્ડસ્ટ્રીઝ | આદિજાતિ વિસ્તારમાં ગુણાત્મક શિક્ષણ સુધારણાનો પ્રોજેક્ટ | રકમ નક્કી કરેલ નથી | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૫ | માઈક્રોસોફ્ટ બિઝનેશ સેન્ટર, અમદાવાદ | ટેક્નોલોજી આધારીત ઈન્ટરવેશન પ્રોજેક્ટ | પાછળથી નક્કી કરવામાં આવશે | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૬ | જી.ટી.ઝેડ ઈન્ટરનેશનલ સર્વિસીઝ, નવી દિલ્હી | વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરોને ટેકનિકલ સપોર્ટ માટેના સેન્ટરોની સ્થાપના | પાછળથી નક્કી કરવામાં આવશે. | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૭ | હિમાલયા ઈન્ટરનેશનલ લિમીટેડ | મશરૂમની ખેતી | ૧૨૫.૦૦ | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૮ | ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન | ખેડબ્રહ્મા ખાતે સ્પેશ્યલ એજ્યુકેશન ઝોન સ્થાપના | પાછળથી નક્કી કરવામાં આવશે. | ૧૩-૦૧-૨૦૦૯ |
| ૧૯ | સોમાનેટ વર્ક સોફટવેર એન્જીનીયરીંગ પ્રા.લિ. | બ્રોડબેન્ડ સર્વિસ માટે બી. એસ. એન.એલ. સાથે ૩ વર્ષનો પ્રોજેક્ટ | ૧૦૦.૦૦ | ૧૩-૦૧-૨૦૦૯ |

------------

## ખેડા જિલ્લામાં ગામતળ, ગોચર અને પડતર જમીનો ઉપર દબાણો

૭૫૫૩ શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ ગામતળ, ગોચર, પડતર જમીનના દબાણ અંગે સરકારને કેટલી ફરીયાદો મળી છે,

(૨) ફરીયાદોમાં મુખ્યત્વે કેવા પ્રકારના દબાણો છે, અને

(૩) વિરોજા, તાલુકા માતરના દબાણો દૂર કરવા સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) ૨૮૫ (બસો પંચ્યાસી)

(૨) ફરીયાદોમાં મુખ્યત્વે ગોચરમાં ખેડાણ તથા ગામતળમાં લારી ગલ્લા, કેબીનો, ઓટલા તથા ઉકરડાના તથા તળાવ ખરાબાના દબાણો છે.

(૩) કુલ ૫૩ દબાણદારોને નોટીસો આપવામાં આવેલ. કુલ દબાણો પેકી ૪૭ દબાણો દુર થયેલ છે. ૬ દબાણોમાં લીટીગેશન થયેલ છે.

------------

## આણંદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર મહેકમ

૭૩૯૨**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત વાર સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પેકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો ક્યા છે, અને

(૪) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

| કચેરી | કુલ મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| જિ.પં. આણંદ | ૨૦૩ | ૮૦ |
| તમામ તાલુકા પંચાયતો | ૬૧૯ | ૧૫૫ |
| | ૮૨૨ | ૨૩૫ |

આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) વહીવટી કારણોસર

(૪) બનતી ત્વરાએ.

------------

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં જૂનાગઢ જિલ્લાને ફાળવેલ રકમ

૭૦૩૧ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારીની બાંહેધરી યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ વર્ષમાં તા. ૩૧-૫-૦૯ સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી હતી,

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારીની બાંહેધરી યોજના જૂનાગઢ જિલ્લામાં તા. ૧-૪-૦૮ થી અમલમાં આવેલ છે. તેથી સને ૨૦૦૭-૦૮ના વર્ષની ફાળવેલ રકમની માહિતી શુન્ય છે. સને ૨૦૦૮-૦૯ રૂા. ૧૦૦૮.૬૨ લાખ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૫-૦૯ સ્થિતિએ રૂા. ૧૬૨૫.૩૬ લાખ ફાળવવામાં આવી.

(૨) આ ફાળવેલ રકમ પૈકી કેટલાને વર્ષવાર રોજગારી આપવામાં આવી, અને

(૨) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારીની બાંહેધરી યોજના જૂનાગઢ જિલ્લામાં તા. ૧-૪-૦૮ થી અમલમાં આવેલ છે. તેથી સને ૨૦૦૭-૦૮ના વર્ષની ફાળવેલ રકમની માહિતી શુન્ય છે. તા. ૩૧-૫-૦૯ સુધીમાં ૦.૩૯ લાખ કુંટુંબોને રોજગારી આપવામાં આવી.

| વર્ષ | રોજગારી આપેલ કુંટુંબોની સંખ્યા (લાખમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦.૧૭ |
| ૨૦૦૯-૧૦ | ૦.૨૨ |
| કુલ : | ૦.૩૯ |

(૩) કેટલી રકમ વણવપારયેલી રહી અને તેમાં કેટલો ખર્ચ થયો ?

(૩) કેન્દ્રીય રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારિત હોઇ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જૂનાગઢ જિલ્લામાં તા. ૧-૪-૦૮ થી યોજના અમલમાં આવતાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૧૮૫૬.૮૭ લાખ ખર્ચ થયેલ છે.

------------

## ખેડા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસો

**૧૭૬/page>** ૭૬૭૪ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં છેલ્લા કેલેન્ડર વર્ષમાં કેટલા કેસો દાખલ થયા, અને

(૧) ૨૯૫.

(૨) તે પૈકી ઉક્ત સમયગાળા દરમ્યાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો?

(૨) ૨૬૭

------------

## સાબરકાંઠા જિલ્લામાં રાંધણગેસના બાટલાના દુરુપયોગ રોકવા પાડવામાં આવેલ દરોડા

૭૪૩૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રાંધણગેસના બાટલાના દુર ઉપયોગ માટે કુલ કેટલા દરોડા પાડી કેટલા ગેસ સીલીન્ડરો જપ્ત કરવામાં આવ્યા,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | જપ્ત કરેલ ગેસ સીલીન્ડરો |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૩૨ | ૨૨ |
| ૨ | ઈડર | ૩ | ૨ |
| ૩ | ભિલોડા | ૪ | ૧૧ |
| ૪ | પ્રાંતીજ | ૧૪ | ૧૧ |
| ૫ | તલોદ | ૧૦ | ૨૧ |
| ૬ | બાયડ | ૮ | ૨૮ |
| ૭ | વિજયનગર | ૦ | ૦ |
| ૮ | વડાલી | ૪ | ૪ |
| ૯ | મેઘરજ | ૧ | ૦ |
| ૧૦ | મોડાસા | ૪૧ | ૫૬ |
| ૧૧ | ખેડબ્રહ્મા | ૫ | ૩ |
| ૧૨ | માલપુર | ૧ | ૧ |
| ૧૩ | ધનસુરા | ૧ | ૧ |
| | કુલ : | ૧૨૪ | ૧૬૦ |

(૨) આ અંગે કઈ કઈ એજન્સીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) રાંધણગેસના દુરપયોગ અંગે નીચે જણાવેલી બે એજન્સીઓ સંડોવાયેલ હતી.
૧. સાબર (એડહોક) ગેસ એજન્સી, મોડાસા.
૨. મીરા ગેસ એજન્સી, ખેડબ્રહ્મા.

ઉક્ત ગેસ એજન્સી પૈકી (૧) સાબર ગેસ એજન્સી સામે કાનુની કાર્યવાહી કરી કોર્ટરાહે પગલાં લઈ પી.બી.એમ. એક્ટ હેઠળ અટકાયત કરવામાં આવી.

મીરા ગેસ એજન્સી સામે કાર્યવાહી કરી દંડ કરવામાં આવ્યો.

(૩) આ એજન્સીઓ સામે શા પગલાં ભરવામાં આવ્યા?

(૩) આ એજન્સી સામે નીચે મુજબના પગલાં લીધા.

૧. રૂા. ૭,૦૯૦/-ની કિંમતની બોટલો જપ્ત કરવામાં આવી.
૨. રૂા. ૧,૪૫૯/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
૩. રૂા. ૨,૫૦૦/-ની અનામત રકમ રાજ્યસાત અને રૂા. ૨,૫૦૦/- દંડ કરવામાં આવ્યો.
૪. એક કેસમાં કોર્ટરાહે પગલાં લેવામાં આવ્યા.
૫. એક કેસમાં પી.બી.એમ. એક્ટ હેઠળ અટકાયત કરવામાં આવી.

------------

**ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો મંજૂર કરવા બાબત**

૭૨૯૩ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા આવાસોના કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૩) કેટલા આવાસોના કામો પ્રગતિમાં છે, અને

(૪) કેટલા આવાસોના કામો હજુ શરૂ કરવામાં આવ્યા નથી?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કુલ-૭૦૦૬ આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ૩૧૦૭ આવાસોના કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૩) ૨૦૬૧ આવાસોના કામો પ્રગતિમાં છે, અને

(૪) ૧૮૩૮ આવાસોના કામો શરૂ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

**જામનગર જિલ્લામાં જાહેર થયેલ મહિલા સમરસ ગ્રામ પંચાયતો**

૭૭૧૯ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી.

(૨) રાજ્ય સરકાર દ્વારા આવી મહિલા સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી રકમનો વધારો કરવા માંગે છે?

**જવાબ**

(૧) ૧ (એક)

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કચ્છ જિલ્લામાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ્સ તરીકે જાહેર કરવા બાબત**

૭૭૩૨ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા ૩૧/૩/૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) (અ) તા. ૧-૪-૦૭ થી ૩૧-૩-૦૮ - ૧૬૦
(બ) તા. ૧-૪-૦૮ થી ૩૧-૩-૦૯ - ૧૦૫
કુલ - ૨૬૫

(૨) એફ.પી.એસ. થવાથી પરવાનેદારોની આવકમાં વધારો થાય છે કે કેમ ?

(૨) હા, જી.

------------

**વલસાડ જિલ્લામાં તલાટી-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ**

૭૬૮૬**શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તલાટી-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ પેકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) સરકાર આ જગ્યાઓ ભરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) મંજુર થયેલ જગ્યાઓ - ૨૪૧
ભરાયેલી જગ્યાઓ - ૨૦૫
ખાલી જગ્યાઓ - ૩૬

(૨) અને (૩)
મહેસૂલ વિભાગ હસ્તક મહેસૂલી કામગીરી માટે તલાટીની જગ્યાઓ અલગથી ઉપસ્થિત કરવાની બાબત વિચારણા હેઠળ હોઈ અને તલાટી-કમ-મંત્રી પાસે મહેસૂલી કાર્યો કરવાના રહેતા ન હોઈ તલાટી-કમ-મંત્રીની ઘટેલ કામગીરીના સંદર્ભમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ પરત્વે પુનઃ વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

------------

**જૂનાગઢ જિલ્લામાં જંગલના હિંસક પ્રાણીઓ દ્વારા માનવી અને પશુઓના મારણ**

૭૦૯૪ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તારીખ ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ જંગલના હિંસક પ્રાણીઓ દ્વારા માનવી અને પશુઓના કેટલા મારણ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે પશુપાલક અને વારસદારોને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કેટલા લોકોને સહાય ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તારીખ ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંગલના હિંસક પ્રાણીઓ દ્વારા ૦૬ માનવી અને ૪૬૬૩ પશુઓના મારણ કરવામાં આવ્યા.

(૨) પશુઓના મૃત્યુ માટે પશુપાલકોને રૂપિયા ૭૬,૦૯,૬૫૪/- તેમજ ૦૬ માનવ મૃત્યુ માટે તેમના વારસદારોને રૂપિયા ૬.૦૦ લાખની સહાય ચૂકવવામાં આવી.

(૩) માલઢોરના મારણ પેકી ૫૩૧ લોકોને સહાય ચૂકવવાની બાકી છે.

------------

**આદિજાતિ વિદ્યાર્થીઓ માટેનો શિક્ષણ સુધારણાનો કણાદ પ્રોજેકટ બંધ કરવા બાબત**

૭૭૧૪ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માન. મુખ્ય મંત્રીશ્રીના ૧૦ મુદ્દા વનબંધુ કલ્યાણ યોજના હેઠળનો આદિજાતિ વિદ્યાર્થીઓના શિક્ષણ સુધારણાનો ""કણાદ"" પ્રોજેકટ હાલમાં બંધ છે જે સરકાર જાણે છે,

(૨) આ પ્રોજેકટ ક્યારનો બંધ છે,

(૩) કણાદ પ્રોજેકટ બંધ કર્યા પછી ક્યારે કેટલું નાણાકીય ચૂકવણું કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) ""કણાદ"" પ્રોજેકટ બંધ નથી પરંતુ હાલ સ્થગિત કરવામાં આવેલ છે.

(૨) નવેમ્બર ૨૦૦૮થી સ્થગિત કરવામાં આવેલ છે.

(૩) આ પ્રોજેકટ માટે નીચે મુજબ નાણાકીય ચુકવણું કરવામાં આવેલ છે.

| અ.નં. | તારીખ | ચુકવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૩૧-૩-૨૦૦૮ | ૧,૫૬,૦૦,૦૦૦/- |
| ૨ | ૨૪-૩-૨૦૦૯ | ૬૪,૩૭,૨૯૪/- |

| | કુલ સરવાળો : | ૨,૨૦,૩૭,૨૯૪/- |
|---|---|---|

(૪) શુ કામકાજ સંતોષકારક હોવાના કારણે ચૂકવણું કરવામાં આવ્યું,

(૪) પ્રોજેક્ટ મંજૂરીની બોલીઓ અને શરતોને આધીન રહી ચૂકવણું કરવામાં આવેલ છે.

(૫) નાણાકીય ચૂકવણું હમણાં થયું હોય તો આ કાર્ય પુનઃ કઈ તારીખથી શરૂ કરવા માંગો છો, અને

(૫) મીડટર્મ ઈવેલ્યુએશનની કામગીરી પૂર્ણ થયા બાદ

(૬) વિદ્યાર્થીઓને થતા નુકશાન બાબતે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?

(૬) વિદ્યાર્થીઓને કોઈ નુકશાન થયેલ હોવાનું ધ્યાને આવેલ નથી.

------------

**ગીર અભયારણ્યમાં માલધારીઓને નેસ માટે આપેલ જમીન બીજાને વેચી દેવા બાબત**

૮૧૨૨ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર અભયારણ્યમાં રહેતા માલધારીઓને નેસ માટે આપેલી જમીનો માલધારીઓએ બીજાને વેચી દીધી હોવાના અને બીજા લોકોએ તે જમીન ઉપર ગેરકાયદેસરના બાંધકામો કર્યા હોવાના કેટલા કિસ્સા છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સરકારના ધ્યાન ઉપર આવ્યા છે, અને

(૨) ઈન્ડીયન ફોરેસ્ટ એક્ટ અને વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટની જોગવાઈઓનો ભંગ કરી જમીનો વેચનાર અને બાંધકામ કરનાર કેટલા લોકો સામે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ શાં પગલાં લીધાં છે?

**જવાબ**

(૧) માલધારી પુનઃ સ્થાપન યોજના અંતર્ગત કુલ - ૫૮૮ માલધારી કુટુંબોને જમીન ફાળવવામાં આવેલ. જે પેકી ખેતીની જમીન જુની શરતમાં ફેરવતા કુલ-૨૭૯ કિસ્સામાં ખેતીની જમીન વેચાણ કરાયેલાનું ધ્યાને આવેલ છે.

આવી વેચાણ થયેલ જમીનનો ખેતી ઉપયોગ હોવાનું જાહેર થાય છે.

(૨) અભ્યારણ્ય વિસ્તારમાં આવતા મોજે-નાજાપુર છતરીયા ગામના સર્વે નં. ૨૦માં પુનઃસ્થાપિત માલધારી દ્વારા વેચાણ કરવામાં આવેલ એક કિસ્સામાં જમીન ખરીદનાર એક ઈસમ સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ તથા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ કાયદાકીય પગલાં હાથ ધરેલ છે. જે સામે ઉપરોક્ત વ્યક્તિ દ્વારા નામદાર વડી અદાલતમાં ખાસ દિવાની અરજી નં. ૫૦૫૫/૦૯ દાખલ કરેલ છે. જે સુનાવણી હેઠળ છે.

------------

**ભાવનગર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૭૬૯૦ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૩/૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી રહેલ જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે?

**જવાબ**

| | | |
|---|---|---|
| (૧) | વર્ગ-૧ | ૧૬ |
| | વર્ગ-૨ | ૧૪૭ |
| | વર્ગ-૩ | ૧૧૨૨૩ |
| | વર્ગ-૪ | ૪૩૨ |
| | | ૧૧,૮૧૮ |

(૨) ૧૦૮૬

(૩) બનતી ત્વરાએ

------------

**પંચમહાલ જિલ્લામાં સિંચાઈની સુવિધાઓ માટે ફાળવેલ રકમ**

૭૧૯૨ **શ્રી સી.કે.રાઉલજી(ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આદિજાતિ વિભાગ દ્વારા પંચમહાલ જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં સિંચાઈની સુવિધા માટે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં સિંચાઈની સુવિધા માટે નીચે મુજબની વર્ષવાર ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૧૩૪.૩૦ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૪૦૪.૭૫ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૨૫૭.૨૨ |
| | તા. ૩૧-૫-૨૦૦૯ સુધી ફાળવેલ રકમ | ૧૦૪.૦૦ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૨) આ ગ્રાન્ટમાંથી વર્ષવાર નીચે મુજબ કરવામાં આવ્યો

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૧૩૪.૩૦ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૪૦૪.૭૫ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૨૫૭.૨૨ |
| | તા. ૩૧-૫-૨૦૦૯ સુધી ફાળવેલ રકમ | ૧૦૪.૦૦ |

(૩) કેટલા હેક્ટર જમીનમાં સિંચાઈની સુવિધાઓ આપી?

(૩) ૧૮૫૯ હેક્ટરમાં સિંચાઈ સુવિધા આપવામાં આવી.

------------

**ધ્રોલ તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા બાબત**

૭૨૨૭ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જોડીયા) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સને ૨૦૦૧ના ભુકંપ સમયે ખૂબજ નુકશાન પામેલ જામનગર જિલ્લાની ધ્રોલ તાલુકા પંચાયતના મકાનને નવું બનાવી આપવાની દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રી ગાંધીનગર પાસે પડતર છે તે હકીક્ત સરકાર જાણે છે કે કેમ,

(૨) આઠ વર્ષ જેટલો લાંબો સમય વીતી જવા છતાં આ કચેરીનું મકાન નવેસરથી ન બાંધવાના શાં કારણો છે, અને

(૩) આ કામ ક્યાં સુધીમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) ધ્રોલ તાલુકા પંચાયતના મકાનને નવું બનાવવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી ધોરણસરની દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રીને કરાયેલ નથી.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પંચમહાલ જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના પ્લોટની અરજીઓ**

૭૦૩૮ **શ્રી હીરાભાઈ પટેલ** (લુણાવાડા) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચોરસવાર જમીનના પ્લોટ મેળવવા માટેની કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૦ ચોરસવાર જમીનના પ્લોટ મેળવવા માટેની ૪૧૯ અરજી મળી જે નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | જમીન મેળવવા અરજી |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૨૫ |
| ૨ | હાલોલ | - |
| ૩ | કાલોલ | - |
| ૪ | જાંબુઘોડા | - |
| ૫ | મોરવા (હડફ) | - |
| ૬ | શહેરા | ૬૦ |
| ૭ | લુણાવાડા | ૩૮ |

| | | |
|---|---|---|
| ૭ | લુણાવાડા | ૩૮ |
| ૮ | ખાનપુર | ૨૧ |
| ૯ | કડાણા | ૯૬ |
| ૧૦ | સંતરામપુર | ૭૯ |
| ૧૧ | ઘોઘંબા | - |
| | કુલ : | ૪૧૯ |

(૨) તે પૈકી કેટલા અરજદારોને ૧૦૦ ચોરસવારના પ્લોટ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ૩૫૧ અરજદારોને ૧૦૦ ચોરસવારના પ્લોટ મંજૂર કરવામાં આવ્યા.

(૩) એ અન્વયે જુદા જુદા તાલુકામાં કેટલી વખત લેન્ડ કમિટિની બેઠકો બોલાવી નિર્ણયો કરવામાં આવ્યા?

(૩) જુદા જુદા તાલુકામાં ૧૧ લેન્ડ કમિટિની બેઠકો બોલાવી નિર્ણય કરવામાં આવ્યા.

------------

**જેતપુર પાવી તાલુકાના ગામો ગ્રામ પંચાયતમાંથી રદ્દ થવા બાબત**

૭૫૫૫**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સુખી સિંચાઈ યોજનામાં જેતપુર-પાવી તાલુકાની ધનપુર જુથ ગ્રામ પંચાયતના ગામો અંશતઃ દબાણમાં જતાં ગ્રામ પંચાયત રદ્દ થયેલ છે. તે હકીક્ત સાચી છે,

(૨) જુથ ગ્રામ પંચાયતના ગામો ઉપરવાસમાં ખસી ગયા છે તેમણે ફરીથી ગ્રામ પંચાયત બનાવવા માંગણી કરી છે, તે હકીક્ત સાચી છે,

(૩) તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત વડોદરાએ ગ્રામ પંચાયત બનાવવા ભલામણ કરી છે તે દરખાસ્ત સરકારને મળી છે કે કેમ, અને

(૪) જો હા, તો આ ગ્રામ પંચાયત કેટલા સમયમાં કાર્યરત થશે?

**જવાબ**

(૧) હા, જી. ધનપુર ગામ સંપૂર્ણ ડુબાણમાં ગયેલ છે. જ્યારે વસનગઢ ગામ અંશતઃ ડુબાણમાં ગયેલ છે.

(૨) હા, જી વડોદરા ક્લેકટરશ્રી મારફતે મહેસુલ વિભાગને દરખાસ્ત કરી છે.

(૩) હા, જી

(૪) કાર્યવાહી પૂર્ણ થયાથી ગુણદોષ ઉપર વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

------------

**દૂધ સંજીવની યોજના**

૭૬૦૩ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દૂધ સંજીવની યોજના શું છે,

(૨) ક્યા ક્યા આદિજાતિ વિસ્તારોમાં આ યોજના અમલમાં છે, અને

(૩) સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપેલ છે, તથા છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) દૂધ સંજીવની યોજના પ્રાથમિક શાળા/ આશ્રમશાળા આદર્શ નિવાસી શાળાના ધોરણ-૧ થી ૭ના બાળકોને પુરકપોષણ હેઠળ વિટામીનયુક્ત ચાલુ શાળાએ ૨૦૦ મી.લી. (બાળક દીઠ) ફ્લેવર્ડ દૂધના પાઉચ પુરા પાડવાની યોજના છે.

(૨) નીચે મુજબના આદિજાતિ વિસ્તારોમાં આ યોજના અમલમાં છે.

| જિલ્લાનું નામ | આદિજાતિ વિસ્તારનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧. બનાસકાંઠા | પાલનપુર | દાંતા/અમીરગઢ |
| ૨. પંચમહાલ | ગોધરા | સંતરામપુર |
| ૩. દાહોદ | દાહોદ | ઝાલોદ |
| ૪. વડોદરા | છોટાઉદેપુર | ક્વાંટ |
| ૫. તાપી | સોનગઢ | ઉચ્છલ |

(૩) સુરત જિલ્લામાં આ યોજના અમલમાં નથી. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખેડા જિલ્લામાં તલાટી-મંત્રીઓની ખાલી જગ્યાઓ**

૭૧૧૮**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટી-મંત્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

જવાબ

(૧)

| તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|
| નડીઆદ | ૧૬ |
| મહુધા | ૦૬ |
| મહેમદાવાદ | ૧૦ |
| ખેડા | ૧૧ |
| માતર | ૧૩ |
| કપડવંજ | ૧૫ |
| કઠલાલ | ૧૧ |
| બાલાસિનોર | ૦૮ |
| વીરપુર | ૦૪ |
| ઠાસરા | ૧૯ |
| કુલ : | ૧૧૩ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) મહેસૂલ વિભાગ હસ્તક મહેસૂલી કામગીરી માટે તલાટીની જગ્યાઓ અલગથી ઉપસ્થિત કરવાની બાબત વિચારણા હેઠળ હોઈ, તલાટી-કમ-મંત્રીપાસે મહેસૂલી કાર્યો કરવાના રહેતા ન હોઇ તલાટી-કમ-મંત્રી ની ઘટેલ કામગીરીના સંદર્ભમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ પરત્વે પુનઃ વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

------------

**જામનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર જગ્યાઓ**

૭૬૯૬ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) સરકાર આ ખાલી જગ્યાઓ ભરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવા માંગે છે ?

જવાબ

(૧) ૧૧૫

(૨) અને (૩) : મહેસૂલ વિભાગ હસ્તક મહેસૂલી કામગીરી માટે તલાટીની જગ્યાઓ અલગથી ઉપસ્થિત કરવાની બાબત વિચારણા હેઠળ હોઈ, તલાટી-કમ-મંત્રી પાસે મહેસૂલી કાર્યો કરવાના રહેતા ન હોઈ તલાટી-કમ-મંત્રીની ઘટેલ કામગીરીના સંદર્ભમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ પરત્વે પુનઃ વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

------------

**ખેડા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ બારોબાર વેચાઈ જવાની ફરિયાદો**

૭૩૫૫ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની કેટલી દુકાનો છે,

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૪૨ |
| ૨ | નડીયાદ (ગ્રામ્ય) | ૧૦૫ |

| | | |
|---|---|---|
| ૩ | મહુધા | ૪૪ |
| ૪ | માતર | ૫૬ |
| ૫ | ખેડા | ૪૭ |
| ૬ | મહેમદાવાદ | ૮૫ |
| ૭ | કઠલાલ | ૭૪ |
| ૮ | કપડવંજ | ૯૦ |
| ૯ | ઠાસરા | ૧૨૪ |
| ૧૦ | બાલાશિનોર | ૫૪ |
| ૧૧ | વિરપુર | ૩૮ |
| | કુલ | ૭૫૯ |

(૨) ઉક્ત દુકાનોમાંથી અનાજ બારોબાર વેચાઈ જાય છે તેવી કેટલી ફરિયાદો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, અને

(૨) ૩૭

(૩) મળેલ ફરિયાદો અંગે સરકારે શાં પગલાં લીધા ?

(૩) મળેલ ફરિયાદો અંગે તપાસ કરવામાં આવેલ છે તપાસ બાદ અનાજનો જથ્થો રૂા. ૧,૬૯,૦૫૦/- નો કબજે લીધો.

રૂા. ૨૯,૮૬૦/- નો જથ્થો રાજ્યસાત અને રૂા. ૨૭,૭૫૦/- ની અનામત રકમ રાજ્યસાત કરવામાં આવી. ૨ (બે) પરવાના મોકુફ રાખ્યા અને ૨ (બે) પરવાના રદ કર્યા.

**દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના નીચે જુથ કુવા**

૭૨૩૦ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા જૂથ કુવા મંજૂર કરવામાં આવ્યા, અને

(૧) દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ગ્રામ કામની માંગણીઓ ધ્યાને લઈને તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂથ કુવાની નીચે મુજબની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૯૮ | ૬૭૮ |
| ૨ | ગરબાડા | ૪૫ | ૧૪૨ |
| ૩ | ઝાલોદ | ૩૦ | ૪૨૨ |
| ૪ | ફતેપુરા | ૦ | ૧૦૪૦ |
| ૫ | લીમખેડા | ૧૭૨ | ૯૦૧ |
| ૬ | ધાનપુર | ૦ | ૧૨૪૮ |
| ૭ | દે. બારીયા | ૨૪૪ | ૫૪૭ |
| | કુલ... | ૬૮૯ | ૪૯૭૮ |

(૨) તે પેકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા ?

(૨) તે પેકી નીચે મુજબ તાલુકાવાર કુવા પૂર્ણ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૦ | ૦ |
| ૨ | ગરબાડા | ૨૪ | ૦ |
| ૩ | ઝાલોદ | ૦ | ૫૬ |
| ૪ | ફતેપુરા | ૦ | ૨૫ |
| ૫ | લીમખેડા | ૦ | ૧૩ |
| ૬ | ધાનપુર | ૦ | ૦ |
| ૭ | દે. બારીયા | ૦ | ૬૮ |
| | કુલ... | ૨૪ | ૧૬૨ |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ કામ

૭૭૨૪ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) એન. આર. જી. એ. યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કામ શરૂ કરવામાં આવ્યા, | (૧) ૮૮ |
| (૨) તે પેકી કેટલા કામ પૂર્ણ થયા, અને | (૨) ૨૧ |
| (૩) કેટલા કામ બાકી છે ? | (૩) ૬૭ |

------------

## વડોદરા જિલ્લામાં તલાટી-મંત્રીની ખાલી જ્ગ્યાઓ

૭૧૭૪ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તલાટી-મંત્રીઓની તાલુકાવાર કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સાવલી | ૨૩ |
| ૨ | છોટાઉદેપુર | ૭ |
| ૩ | ડભોઈ | ૧૭ |
| ૪ | શિનોર | ૧૫ |
| ૫ | નસવાડી | ૭ |
| ૬ | વાઘોડીયા | ૧૨ |
| ૭ | પાદરા | ૨૦ |
| ૮ | ક્વાંટ | ૭ |
| ૯ | જેતપુર પાવી | ૨૨ |
| ૧૦ | કરજણ | ૧૭ |
| ૧૧ | વડોદરા | ૧૪ |
| ૧૨ | સંખેડા | ૧૭ |
| ૧૩ | વડોદરા (શહેર) | ૮ |
| | **કુલ** | **૧૮૬** |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તલાટીઓને વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ છે, અને | (૨) ૧૮૬ |
| (૩) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) સત્વરે ભરવા અંગેની કાર્યવાહી બનતી ત્વરાએ કરવામાં આવશે. |

------------

## ખેડા જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા

૭૧૯૫ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા નીચે દર્શાવ્યા પ્રમાણેની છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૦ થી ૧૬ સ્કોર ધરાવતાં (અતિ ગરીબ) | ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતાં (ગરીબ) |
| ૧ | બાલાસિનોર | ૨૩૮૭ | ૪૯૬૦ |
| ૨ | કપડવંજ | ૯૦૨૮ | ૧૨૮૧૨ |
| ૩ | કઠલાલ | ૧૦૮૬૦ | ૧૨૩૦૨ |
| ૪ | ખેડા | ૨૭૩૧ | ૩૯૩૮ |
| ૫ | મહુધા | ૩૯૭૭ | ૬૦૯૬ |
| ૬ | માતર | ૫૦૨૫ | ૭૩૧૨ |
| ૭ | મહેમદાવાદ | ૪૫૫૭ | ૯૫૦૩ |
| ૮ | નડીયાદ | ૮૬૮૭ | ૧૨૧૮૮ |
| ૯ | ઠાસરા | ૧૦૫૯૯ | ૧૬૧૯૩ |
| ૧૦ | વીરપુર | ૨૮૨૮ | ૫૮૬૯ |
| | કુલ : | **૬૦૬૭૯** | **૯૧૧૭૩** |

(૨) આવા ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોને આર્થિક રીતે સધ્ધર કરવા માટે સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

(૨) આવા ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોને આર્થિક રીતે સધ્ધર કરવા માટે ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની નીચે મુજબની વિવિધ યોજનાઓ હેઠળ લાભ આપવા આયોજન કરવામાં આવેલ છે.

(૧) સ્વર્ણ જ્યંતી ગ્રામ સ્વરોજગાર તથા સખી મંડળ યોજના (૨) ઈન્દિરા આવાસ યોજના, (૩) સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન (૪) રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી યોજના (૫) આમ આદમી વીમા યોજના (૬) વોટરશેડ અને હરિયાળી યોજના

------------

## અમરેલી જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત

૭૭૨૯**શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| અ. નં. | પ્રકાર | રદ કરેલ કાર્ડ |
|---|---|---|
| ૧ | અંત્યોદય | ૪૩૨ |
| ૨ | બીપીએલ | ૪૭૯૮ |
| ૩ | એપીએલ | ૨૧૮૮૭ |
| | કુલ : | ૨૭૧૧૭ |

| | |
|---|---|
| (૨) તેનાથી સરકારના કેટલા પુરવઠાની બચત થઈ, અને | (૨) નીચે મુજબ પુરવઠાની બચત થઈ<br>ઘઉં - ૩૫૮૪૪ કિ. ગ્રા.<br>ચોખા - ૨૬૦૫૦ કિ. ગ્રા.<br>અંત્યોદય આટો - ૪૩૨ કિ.ગ્રા.<br>ખાંડ - ૧૮,૭૬૭-૫૦૦ કિ. ગ્રા.<br>ખાદ્યતેલ - ૭૩૯૩ લીટર<br>કેરોસીન - ૧,૪૯,૪૪૭ લીટર |
| (૩) નાણાકીય દ્રષ્ટિએ શો ફાયદો થયો ? | (૩) તેનાથી સરકારને અન્ન પુરવઠામાં બચત થતાં સબસીડીની દ્રષ્ટિએ રૂા. ૨૩,૨૧,૧૮૩/- ફાયદો થયો. |

------------

**ગુજરાત પેટર્ન નીચે ફાળવવામાં આવેલ રકમ**

૭૦૨૬ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આદિજાતિના લોકોના વિકાસ, માટે છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ગુજરાત પેટર્ન હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૬-૦૭ માં રૂા. ૪૦૭૪૮.૫૯ લાખ અને વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા. ૩૨૨૫૧.૫૭ લાખ ફાળવવામાં આવી. |
| (૨) તે અન્વયે કેટલી રકમ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વણવપરાયેલી રહી છે, અને | (૨) તે પૈકી કોઈ રકમ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વણવપરાયેલી રહી નથી. |
| (૩) રકમ વણવપરાયેલી રહેવાના કારણો શાં છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વડોદરા જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનામાં ગ્રામ પંચાયતોને ઈ ક્નેક્ટીવીટી આપવા બાબત**

૭૬૮૪ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનામાં કેટલી ગ્રામ પંચાયતોને ઈ-ક્નેક્ટીવીટી આપવાની બાકી છે, અને | (૧) ૯ (નવ) |
| (૨) બાકી રહેલ ગ્રામ પંચાયતોને કેટલા સમયમાં ઈ-ક્નેક્ટીવીટી આપવામાં આવશે ? | (૨) બાકી રહેલ ૯ (નવ) ગ્રામ પંચાયતોમાં તા. ૨૦-૫-૦૯ના રોજ ક્નેક્ટીવીટીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

------------

**ઈ-ગ્રામ યોજના નીચે ગ્રામ પંચાયતોને જીસ્વાન ક્નેક્ટીવીટીથી જોડવા બાબત**

૭૫૫૭ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ગ્રામ પંચાયતોને ઈ-ગ્રામ યોજના અન્વયે કુલ કેટલા સર્વિસ સેન્ટરો (ગ્રામ ક્યિોસ્ક) ને જીસ્વાન ક્નેક્ટીવીટીથી જોડવામાં આવ્યા છે, | (૧) ૨૧૪ ઈ-ગ્રામ પંચાયતોને ઈ-ગ્રામ યોજના અન્વયે જીસ્વાન ક્નેક્ટીવીટીથી જોડવામાં આવ્યા છે. |
| (૨) આ જોડાણ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૨) આ જોડાણ પાછળ રૂા. ૩,૦૪,૫૬,૮૨૯/-નો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે કેન્દ્ર સરકાર ધ્વારા કેટલી રકમ ફાળવાઈ છે ? | (૩) કેન્દ્ર સરકાર ધ્વારા કોઈ રકમ ફાળવવામાં આવી નથી. |

**રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં કુટુંબોને જોબકાર્ડ આપવા બાબત**

૭૭૨૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના | (૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના |

હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલાં કુટુંબો કામ પર આવ્યા, અને

(૩) તે પેકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું ?

હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ૯૭૬૧૦ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે પેકી ૨૮૩૮૧ કુટુંબો કામ પર આવ્યા, અને

(૩) તે પેકી ૧૮૮૦૧ પુરૂષો અને ૯૫૮૦ મહિલાઓને કામ આપવામાં આવેલ છે.

------------

**કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ વણવપરાયેલ રકમ**

૭૦૨૯ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :** તા. ૨૦-૨-૦૯ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક ૬૪૫૦-(અગ્રતા-૬૮) અનુસંધાને **: માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્રીય ગ્રામીણ ગેરંટી યોજના હેઠળ કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ અન્વયે ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કેટલી રકમ વણવપરાયેલી રહી છે, અને

(૨) આ રકમ વણવપરાયેલી રહેવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત હોઈ રોજગારીની માંગણી મુજબ રોજગારી પુરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આદિજાતિ વિદ્યાર્થીઓ માટેનો શિક્ષણ સુધારણાનો કણાદ પ્રોજેક્ટ બંધ કરવા બાબત**

૭૭૧૭ **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માન. મુખ્ય મંત્રીશ્રીના ૧૦ મુદ્દા વનબંધુ કલ્યાણ હેઠળ આદિજાતિઓના વિદ્યાર્થીઓના શિક્ષણ સુધારણા કણાદ પ્રોજેક્ટ કઈ તારીખથી શરૂ કરવામાં આવ્યો,

(૨) કેટલા સમય સુધી કામકાજ થયું,

(૩) આ કામકાજ કોના ધ્વારા બંધ કરવામાં આવ્યું તેમજ ક્યા કારણસર, અને

(૪) પુનઃ આ પ્રોજેક્ટ કઈ તારીખથી શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ""કણાદ"" પ્રોજેક્ટ તા. ૧૭-૧૦-૨૦૦૭ થી શરૂ કરવામાં આવ્યો.

(૨) તા. ૧૭-૧૦-૨૦૦૭ થી તા. ૧૬-૨-૨૦૦૮ સુધી સર્વે અને તાલીમનું કામકાજ થયું

(૩) આ કામકાજ બંધ કરવામાં આવેલ નથી, પરંતુ હાલ પૂરતું સ્થગિત રાખવામાં આવેલ છે.

(૪) મીડટર્મ ઈવેલ્યુએશનની કામગીરી પૂર્ણ થયા બાદ.

------------

**જૂનાગઢ જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનામાં ગ્રામ પંચાયતોને ઈ ક્નેક્ટીવીટી આપવા બાબત**

૭૬૭૭ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત કેટલી ગ્રામ પંચાયતોમાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈ-ક્નેક્ટીવીટી આપવામાં આવી, અને

(૨) બાકી ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) ૮૧૯

(૨) જૂનાગઢ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતો ઈ-ક્નેક્ટીવીટીથી જોડાઈ ગયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજકોટ જિલ્લામાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારો**

૭૭૩૪ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧/૩/૦૯ની સ્થિતિએ કેટલા પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારો આવેલા છે,

**જવાબ**

(૧) ૯૧૮

(૨) સરકારના નિતિ પ્રમાણે કેટલા નવા ગ્રાહક ભંડારો શરૂ કરવાના બાકી છે, અને

(૨) ૫૦

(૩) ઉક્ત ગ્રાહક ભંડારો ક્યાં સુધી શરૂ કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ

------------

**વડોદરા જિલ્લામાં વનીકરણ માટે રોપાઓનું વાવેતર**

૮૧૨૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર વનીકરણ માટે કેટલા રોપાઓનું તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાવેતર કરવામાં આવ્યું,

(૧) તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | વાવેલ રોપાઓની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| છોટાઉદેપુર | ૬.૧૯ | ૫.૬૨ |
| ક્વાંટ | ૪.૮૩ | ૫.૮૭ |
| જેતપુર-પાવી | ૩.૬૮ | ૩.૮૩ |
| નસવાડી | ૩.૫૨ | ૮.૮૬ |
| વડોદરા | ૦.૬૫ | ૦.૯૨ |
| સાવલી | ૦.૭૯ | ૧.૨૫ |
| વાઘોડિયા | ૧.૦૩ | ૧.૩૯ |
| ડભોઈ | ૦.૮૭ | ૧.૧૮ |
| કરજણ | ૦.૯૦ | ૧.૨૪ |
| પાદરા | ૧.૦૧ | ૧.૨૨ |
| સિનોર | ૦.૮૮ | ૦.૭૯ |
| સંખેડા | ૦.૯૫ | ૧.૩૪ |
| **કુલ :** | **૨૫.૩૦** | **૩૩.૫૧** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ના વાવેતરોના ૧૯.૧૦ લાખ રોપા અને સને ૨૦૦૮-૦૯ વાવેતરોના ૨૯.૩૬ લાખ રોપા જીવંત છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૩) ઉક્ત સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ના વાવેતર પાછળ કુલ રૂા. ૫૨૬.૬૬ લાખ અને સને ૨૦૦૮-૦૯ વાવેતર પાછળ કુલ રૂા. ૫૨૭.૨૦ લાખ ખર્ચ થયેલ છે.

------------

**અનુસૂચિત જનજાતિઓની બેકલોગની ખાલી જગ્યાઓ**

૮૦૨૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિઓની બેકલોગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) ૨૨૭૦

(૨) બેકલોગની આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ૧. બેકલોગની ખાલી જગ્યા ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ, ગોણ પસંદગી મંડળ તથા પંચાયત સેવા પસંદગી મંડળને માંગણી પત્રકો મોકલવામાં આવ્યા છે.

૨. બાકીની જગ્યાઓ ભરવા માન.મંત્રીશ્રીના અધ્યક્ષપદે યોજાતી મંત્રી મંડળની પેટા સમિતિની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે.

૩. સચિવશ્રીઓની સમિતિમાં બાબત ચર્ચામાં લઈને બેકલોગની જગ્યાઓ ભરવા તમામ વિભાગોને સૂચના આપવામાં આવે છે.

------------

## આણંદ જિલ્લામાં ૭/૧૨ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ નકલો ન મળવા બાબત

૭૩૯૩ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાંથી કોમ્પ્યુટરાઈઝ ૭/૧૨ ની નકલો મળે છે.

(૨) જે ગ્રામ પંચાયતોમાંથી ૭/૧૨ ની નકલો નથી મળતી તેનાં શાં કારણો છે,

(૩) જિલ્લાના તમામ ગામોમાં કોમ્પ્યુટરાઈઝ નકલો મળે તેવુ કોઈ આયોજન છે કે કેમ, અને

(૪) કેટલા સમયમાં આ નકલો મળતી થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ૧૪૯ ગ્રામ પંચાયતમાંથી કોમ્પ્યુટરાઈઝ ૭/૧૨ ની નકલો મળે છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | કોમ્પ્યુટરાઈઝ ૭/૧૨ ની નકલો મળતી હોય તેવી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | આણંદ | ૩૫ |
| ૨ | ઉમરેઠ | ૨૫ |
| ૩ | બોરસદ | ૨૩ |
| ૪ | આંકલાવ | ૬ |
| ૫ | પેટલાદ | ૩૨ |
| ૬ | સોજીત્રા | ૪ |
| ૭ | ખંભાત | ૨૪ |
| ૮ | તારાપુર | ૦ |
| | **કુલ :** | ૧૪૯ |

(૨) જે ગ્રામ પંચાયતોમાંથી ૭/૧૨ ની નકલો નથી મળતી તેના કારણો :-

(૧) લેસર પ્રિન્ટર ઉપલબ્ધ ન હોવાથી.
(૨) કોમ્પ્યુટર સેટ જુના કન્ફ્યુગરેશનના હોવાથી અધતન ટેક્નોલોજી સાથે સુસંગત ન હોવાના કારણે.

(૩) નવા કોમ્પ્યુટર સેટ(કોમ્પ્યુટર અને લેસર પ્રિન્ટર) ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરેલ છે.

(૪) નવા કોમ્પ્યુટર સેટ(કોમ્પ્યુટર અને લેસર પ્રિન્ટર) ઉપલબ્ધ થતા તુરત જ નકલો મળતી થશે.

------------

## જૂનાગઢ જિલ્લામાં હિંસક પ્રાણીઓ દ્વારા માનવી અને પશુઓના મારણ

૭૦૩૨ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧/૪/૨૦૦૮ થી ૩૧/૫/૨૦૦૯ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં જંગલના હિંસક પ્રાણીઓ દ્વારા કેટલા માનવીઓ અને પશુઓના મારણ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત બનાવોમાં કેટલા ઈસમો ઘવાયેલા છે,

(૩) કેટલા માનવીઓના મૃત્યુ થયા તેમજ કેટલા માલધારીઓના પશુઓને મારી નાખવામાં આવ્યા,

(૪) ઉક્ત માનવીઓ તથા પશુઓ સબંધમાં કેટલું વળતર ચૂકવવામાં આવ્યું, અને

(૫) કેટલું વળતર ચૂકવવાનું બાકી છે ?

**જવાબ**

(૧) ૧/૪/૨૦૦૮ થી ૩૧/૫/૨૦૦૯ ના સમયગાળામાં જૂનાગઢ જિલ્લામાં હિંસક વન્યપ્રાણીઓ દ્વારા ૩ માનવ અને ૨૫૨૭-પશુઓના મારણ કરવામાં આવ્યા.

(૨) મૃત્યુ પામેલ માણસો સિવાય ૪૬ ઈસમો ઘ વાયેલા છે.

(૩) ઉક્ત બનાવમાં ૩ (ત્રણ) માનવ મૃત્યુ થયા તથા ૩૧૪ માલધારીઓના ૩૩૯ પશુઓને મારી નાખવામાં આવ્યા.

(૪) માનવ ઈજા તથા માનવ મૃત્યુ સંબંધમાં રૂા.૫,૯૫,૦૦૦/- તથા પશુઓના મારણમાં રૂા. ૨૬,૯૦,૦૮૭/- નું વળતર ચૂકવવામાં આવ્યું.

(૫) માનવ ઈજાના કેસમાં રૂા. ૫૦,૦૦૦/- તથા પશુઓના મારણના કિસ્સામાં રૂા. ૧૬,૨૧,૧૦૦/- ચૂકવવાના બાકી છે.

**ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતોને ઈ-ક્નેક્ટીવીટી આપવા બાબત**

૭૬૭૫ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતગર્ત કેટલી ગ્રામ પંચાયતોમાં તા. ૩૦-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈ-ક્નેક્ટીવીટી આપવામાં આવી, અને | (૧) ૫૫૮ |
| (૨) બાકીની ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ? | (૨) તમામ ગ્રામ પંચાયતોમાં ઈ-ક્નેક્ટીવીટી આપવામાં આવેલ છે. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં વન અધિનિયમ-૨૦૦૬ અન્વયે જંગલની જમીનો આપવા બાબત**

૭૪૩૮ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ વન અધિનિયમ -૨૦૦૬ અન્વયે જંગલની જમીન આપવા માટે સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૪૯૭૭ |
| ૨ | ખેડબ્રહ્મા | ૫૮૨૦ |
| ૩ | વિજયનગર | ૪૩૫૩ |
| ૪ | મેઘરજ | ૨૭૪૬ |
| ૫ | અન્ય તાલુકાઓમાં | શૂન્ય |
| | કુલ : | ૧૭૮૯૬ |

| | |
|---|---|
| (૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને જંગલની જમીન મંજૂર કરી સનદો આપવામાં આવી, અને | (૨) વન અધિકાર (માન્યતા) ધારો-૨૦૦૬ હેઠળ સનદ આપવામાં આવતી નથી. |
| (૩) બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં સરકાર કરવા માંગે છે ? | (૩) ટૂંક સમયમાં |

------------

**રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ**

૭૨૯૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) આ સાથે રાખેલ **પત્રક-અ** મુજબ |
| (૨) આ ખાલી જગ્યાઓ સમયસર નહીં ભરવાના કારણો શાં છે ? | (૨) વહીવટી કારણોસર. |

**પત્રક--અ**

**રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જગ્યાઓ**

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **ક્યારથી ખાલી છે ?** |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ધંધુકા | તા. ૨૫/૪/૦૮ |
| ૨. | | સીટી | તા. ૩૦/૯/૦૮ |
| ૩. | અમરેલી | લીલીયા | તા. ૨૧/૯/૦૮ |
| ૪. | | રાજુલા | તા. ૭/૭/૦૮ |
| ૫. | | બાબરા | તા. ૨/૬/૦૮ |
| ૬. | | બગસરા | તા. ૧/૯/૦૮ |

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| ૭. | આણંદ | પેટલાદ | તા. ૧/૧/૦૯ |
| ૮. | | ઉમરેઠ | તા. ૧૧/૨/૦૯ |
| ૯. | બનાસકાંઠા | થરાદ | તા. ૧૧/૨/૦૯ |
| ૧૦. | | ધાનેરા | તા. ૧૧/૨/૦૯ |
| ૧૧. | | દિયોદર | તા. ૨૪/૪/૦૮ |
| ૧૨, | ભરૂચ | વાગરા | તા. ૭/૫/૦૮ |
| ૧૩. | | આમોદ | તા. ૨૧/૭/૦૮ |
| ૧૪. | ભાવનગર | ભાવનગર | તા. ૧/૩/૦૯ |
| ૧૫. | | ઘોઘા | તા. ૩૦/૯/૦૮ |
| ૧૬. | | પાલીતાણા | તા. ૨૧/૨/૦૯ |
| ૧૭. | | શિહોર | તા. ૧૧/૨/૦૯ |
| ૧૮. | દાહોદ | દાહોદ | તા. ૧૩/૨/૦૯ |
| ૧૯. | | લીમખેડા | તા. ૧૨/૨/૦૯ |
| ૨૦. | | ધાનપુર | તા. ૧૨/૨/૦૯ |
| ૨૧. | | ગરબાડા | તા. ૧૨/૨/૦૯ |
| ૨૨. | ગાંધીનગર | ગાંધીનગર | તા. ૧૯/૭/૦૮ |
| ૨૩. | જામનગર | જામખંભાળીયા | તા. ૪/૧૦/૦૮ |
| ૨૪. | | જામનગર | તા. ૩/૧૦/૦૮ |
| ૨૫. | | દ્વારકા | તા. ૧/૨/૦૮ |
| ૨૬. | જુનાગઢ | વંથલી | તા. ૧૦/૨/૦૯ |
| ૨૭. | | કોડીનાર | તા. ૧૯/૭/૦૮ |
| ૨૮. | | વેરાવળ | તા. ૧/૮/૦૮ |
| ૨૯. | | ભેંસાણ | તા. ૯/૫/૦૮ |
| ૩૦. | | માણાવદર | તા. ૧/૨/૦૯ |
| ૩૧. | કચ્છ | નખત્રાણા | તા. ૧૧/૨/૦૯ |
| ૩૨. | | ગાંધીધામ | તા. ૧/૧/૦૭ |
| ૩૩. | ખેડા | બાલાશિનોર | તા. ૧૧/૨/૦૯ |
| ૩૪. | | ઠાસરા | તા. ૧૧/૨/૦૯ |
| ૩૫. | મહેસાણા | વડનગર | તા. ૧૦/૨/૦૯ |
| ૩૬. | પંચમહાલ | જાંબુઘોડા | તા. ૧/૧૦/૦૮ |
| ૩૭. | | હાલોલ | તા. ૧૨/૨/૦૯ |
| ૩૮. | | કાલોલ | તા. ૧/૧૧/૦૮ |
| ૩૯. | | કડાણા | તા. ૧/૫/૦૯ |
| ૪૦. | | શહેરા | તા. ૧/૨/૦૯ |
| ૪૧. | પાટણ | હારીજ | તા. ૧/૧૨/૦૮ |
| ૪૨. | પોરબંદર | કુતિયાણા | તા. ૧૩/૮/૦૭ |
| ૪૩. | રાજકોટ | રાજકોટ | તા. ૨૧/૨/૦૯ |
| ૪૪. | | પડધરી | તા. ૨૧/૨/૦૯ |
| ૪૫. | | કોટડાસાંગાણી | તા. ૧/૧૨/૦૬ |
| ૪૬. | | જામકંડોરણા | તા. ૧/૫/૦૮ |
| ૪૭. | | ટંકારા | તા. ૨૧/૨/૦૯ |
| ૪૮. | સાબરકાંઠા | વિજયનગર | તા. ૧૬/૨/૦૯ |

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| ૪૯. | | તલોદ | તા. ૧૬/૨/૦૯ |
| ૫૦. | | પ્રાંતિજ | તા. ૧૬/૨/૦૯ |
| ૫૧. | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા | તા. ૨૪/૨/૦૯ |
| ૫૨. | | ચોટીલા | તા. ૧૮/૨/૦૯ |
| ૫૩. | | લખતર | તા. ૨૦/૨/૦૯ |
| ૫૪. | | મુળી | તા. ૧/૮/૦૮ |
| ૫૫. | વડોદરા | વાઘોડિયા | તા. ૧/૭/૦૮ |
| ૫૬. | | ક્વાંટ | તા. ૧૧/૨/૦૯ |
| ૫૭. | તાપી | નિઝર | તા. ૧/૪/૦૯ |

------------

**બોપલ ગામના તળાવને માટીથી પુરવા બાબત**

૭૬૦૨**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ભૂગર્ભ જળ સંગ્રહ કરવા અને વરસાદી પાણીના નિકાલની સમસ્યા હલ કરવા તળાવોની જાળવણીના ગુજરાત હાઈકોર્ટે આદેશ આપ્યા છે તે હકીક્ત સાચી છે,

(૨) અમદાવાદ નજીક બોપલ ગામના તળાવને માટીનું પુરાણ કરી પચાવી પાડવાની ગંભીર પ્રવૃત્તિ ચાલી રહી છે, તે હકીક્ત સરકાર જાણે છે,

(૩) જો હા, તો આ પ્રવૃત્તિ કરનારા ઇસમો કોણ છે, અને

(૪) સરકારે આ તળાવના રક્ષણ માટે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) હા, જી.

(૨) અમદાવાદ નજીક બોપલ ગામના તળાવને માટીનું પુરાણ કરી પચાવી પાડવાની કોઇ ગંભીર પ્રવૃત્તિ ચાલતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પંચમહાલ જિલ્લામાં કેરોસીનનો જથ્થો આપવા બાબત**

૭૦૩૯ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં દર માસે કેરોસીનનો કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે,

(૨) આ કેરોસીનના જથ્થા સામે માંગ કેટલી છે, અને

**જવાબ**

(૧) અને (૨) પંચમહાલ જિલ્લામાં દર માસે માંગ સામે કેરોસીનનો જથ્થો નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.

(જથ્થો કિ.લી.માં)

| માસનું નામ | માંગ (જરૂરીયાત) | કરેલ ફાળવણી |
|---|---|---|
| જુન-૦૮ | ૩૧૧૪ | ૨૯૭૮ |
| જુલાઇ-૦૮ | ૩૧૪૪ | ૩૦૭૫ |
| ઓગ.-૦૮ | ૩૧૦૦ | ૩૦૧૨ |
| સપ્ટે.-૦૮ | ૩૦૩૬ | ૩૦૧૩ |
| ઓક્ટો-૦૮ | ૩૦૨૭ | ૩૦૨૨ |
| નવે.-૦૮ | ૩૦૨૭ | ૩૦૨૭ |
| ડીસે.-૦૮ | ૩૦૨૮ | ૩૦૨૮ |
| જાન્યુ.-૦૯ | ૩૦૩૧ | ૩૦૩૧ |
| ફેબ્રુ.-૦૯ | ૩૦૩૧ | ૩૦૩૧ |
| માર્ચ-૦૯ | ૩૦૩૦ | ૨૯૭૯ |
| એપ્રિલ-૦૯ | ૩૦૩૫ | ૩૦૦૫ |
| મે-૦૯ | ૩૦૪૨ | ૨૯૯૫ |

(૩) કાર્ડ ધારકોને પૂરતું કેરોસીન સમયસર મળી

(૩) કાર્ડ ધારકોને પૂરતું કેરોસીન સમસસર મળી

રહે તે માટે સરકાર દ્વારા શાં પગલાં લેવાયાં છે ?

રહે તે માટે જિલ્લાના કેરોસીન ડીલરો દ્વારા તા. ૧૦મી સુધીમાં ૫૫ થી ૬૦% જથ્થો તેમજ તા. ૨૨મી સુધીમાં ૧૦૦% જથ્થાનો ઉપાડ કરી સમયસર વિતરણમાં મુકાય તે રીતનું આયોજન કરાય છે. તેમજ કેરોસીનના પરવાનેદારોની નિયમીત તપાસણી કરી કસુરવાન વ્યક્તિ/પરવાનેદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

------------

**ખેડા જિલ્લામાં તાલુકા પંચાયતોને કોમ્પ્યુટરથી જોડવા બાબત**

૭૩૫૬ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જીલ્લામાં કઈ કઈ તાલુકા પંચાયતો કોમ્પ્યુટરથી જોડાયેલ નથી, અને | (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જીલ્લાની તમામ ૧૦ તાલુકા પંચાયતોને કોમ્પ્યુટરથી જોડવામાં આવેલ છે. |
| (૨) આવી તાલુકા પંચાયતોને કોમ્પ્યુટરથી ક્યારે જોડવામાં આવશે ? | (૨) દરેક તાલુકા પંચાયત કોમ્પ્યુટરથી જોડવામાં આવેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**અમરેલી જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર જગ્યાઓ**

૭૭૩૦ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ અમરેલી જીલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧૨૦ |
| (૨) સરકાર આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે ? | (૨) મહેસૂલ વિભાગ હસ્તક મહેસૂલી કામગીરી માટે તલાટીની જગ્યાઓ અલગથી ઉપસ્થિત કરવાની બાબત વિચારણામાં હોઈ, તલાટી-કમ-મંત્રી પાસે મહેસૂલી કાર્યો કરવાના રહેતા ન હોઈ તલાટી-કમ-મંત્રીની ઘટેલ કામગીરીના સંદર્ભમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ પરત્વે પુનઃ વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. |

------------

**રાજકોટ જિલ્લામાં રેશનકાર્ડ રદ થવા બાબત**

૭૭૨૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, | (૧) ૪૪૧૪૧ |
| (૨) તેનાથી સરકારને નાણાંકીય દ્રષ્ટિએ શો ફાયદો થયો ? | (૨) કાર્ડ રદ થવાથી અનાજ, ખાંડ અને કેરોસીનનો જથ્થો બચત થતાં નાણાકીય દ્રષ્ટિએ રૂા. ૩૦,૬૯૮૧૪/- નો ફાયદો થયો છે. |

------------

**જૂનાગઢ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ**

૭૭૧૮**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતને | (૧) ૩૨ (બત્રીસ) |

સમરસ જાહેર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને અનુદાન આપવામાં આવેલ છે,

(૨) ૩૧ (એકત્રીસ)

(૩) કેટલી ગ્રામપંચાયતોને તા. ૩૧-૫--૨૦૦૯ સુધીમાં અનુદાન આપવામાં આવ્યું નથી, અને

(૩) ૧ (એક)

(૪) બાકી ગ્રામ પંચાયતોને ક્યારે અનુદાન ચૂકવવામાં આવશે ?

(૪) અનુદાનની રકમની ચૂકવણી માટે બાકી રહેલ જંત્રાખડી ગ્રામ પંચાયત (તા. કોડીનાર) ને અનુદાનની રકમની ચૂકવણી કરવાના હુકમો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી તા. ૧૫-૬-૨૦૦૯ના રોજ કરી દેવામાં આવ્યા છે.

------------

**આણંદ જિલ્લામાં ભૂતિયાં રેશનકાર્ડ નાબુદ કરવા બાબત**

૭૩૯૪**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ભૂતિયા કાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૧)

| તાલુકાનું નામ | તા.૧-૬-૦૭થી તા.૩૧-૫-૦૮ સુધી રદ કરેલ ભૂતિયા રેશનકાર્ડ | તા.૧-૬-૦૮થી તા.૩૧-૫-૦૯ સુધી રદ કરેલ ભૂતિયા રેશનકાર્ડ | બે વર્ષમાં કુલ રદ કરેલ ભૂતિયા કાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| આણંદ શહેર | ૫૫ | ૩૦૨૯ | ૩૦૮૪ |
| આણંદ ગ્રામ્ય | ૧૧૧ | ૫૬૯૭ | ૫૮૦૮ |
| ઉમરેઠ | ૪૨ | ૨૦૧૪ | ૨૦૫૬ |
| આંક્લાવ | ૦ | ૧૪૨૭ | ૧૪૨૭ |
| બોરસદ | ૦ | ૩૩૧૮ | ૩૩૧૮ |
| પેટલાદ | ૩૮૩ | ૪૯૩૯ | ૫૩૨૨ |
| સોજીત્રા | ૦ | ૧૭૦૭ | ૧૭૦૭ |
| તારાપુર | ૩૭ | ૧૦૭૩ | ૧૧૧૦ |
| ખંભાત | ૦ | ૩૭૩૩ | ૩૭૩૩ |
| **કુલ :** | **૬૨૮** | **૨૬૯૩૭** | **૨૭૫૬૫** |

(૨) ગત બે વર્ષમાં તાલુકાવાર કેટલા બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય કાર્ડ નવા આપવામાં આવ્યાં ?

(૨)

| તાલુકાનુ નામ | બી.પી.એલ. કાર્ડ | એ.પી.એલ. કાર્ડ | અંત્યોદય કાર્ડ |
|---|---|---|---|
| આણંદ શહેર | ૧ | ૫૦૩૦ | ૧૮૧ |
| આણંદ ગ્રામ્ય | - | ૧૩૮૦૬ | ૩૨ |
| ઉમરેઠ | - | ૨૪૬૩ | ૬૫ |
| આંક્લાવ | - | ૧૨૩૪ | ૩૦ |
| બોરસદ | - | ૩૨૭૬ | ૧૯ |
| પેટલાદ | - | ૩૬૫૬ | ૧૭૩ |
| સોજીત્રા | - | ૧૨૪૬ | ૪૮ |
| તારાપુર | - | ૯૮૦ | ૧૩ |
| ખંભાત | - | ૬૩૨૦ | ૭૬ |
| **કુલ :** | **૧** | **૩૮૦૧૧** | **૬૩૭** |

------------

**શામળાજી ખાતે વર્ષ ૨૦૦૯ના વર્ષનો વન મહોત્સવ ઉજવવા આદિવાસી ખેડૂતોની જમીન એક્વાયર કરવા બાબત**

૭૪૩૭ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં શામળાજી ખાતે વર્ષ-૨૦૦૯ના વર્ષનો વન મહોત્સવ ઉજવવા રાજ્ય સરકારે ૪૩ આદિવાસી ખેડૂતોની વર્ષો જૂની જમીન એક્વાયર કરી છે, એ હકીક્ત સાચી છે,

(૧) ના, જી.

(૨) ચાર પેઢીના આ જમીન પર આદિવાસીઓ

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કબજો ધરાવતા હતા અને ખેતી કરતા હતા એ સરકારના ધ્યાન પર છે, અને

(૩) જો હા, તો આદિવાસી ખેડૂતોના જીવનનિર્વાહ માટે સરકાર શી વ્યવસ્થા કરવા માંગે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભરૂચ જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના ઘરથાળના પ્લોટ મંજૂર કરવા બાબત**

૭૨૯૫**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચો. વાર જમીનના ઘરથાળના કેટલા પ્લોટ મંજૂર કરવામાં આવ્યા, અને

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચો. વાર જમીનના ઘરથાળમાં ૧૧૫૫ પ્લોટ મંજૂર કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ પ્લોટ |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૯૧ |
| ૨ | અંકલેશ્વર | ૯૭ |
| ૩ | હાંસોટ | ૫૧ |
| ૪ | વાગરા | ૧૪૦ |
| ૫ | આમોદ | ૨૮૩ |
| ૬ | જંબુસર | ૩૧૯ |
| ૭ | જગડીયા | ૭૪ |
| ૮ | વાલીયા | ૦ |
| | કુલ : | ૧૧૫૫ |

(૨) આ અન્વયે લેન્ડ કમિટીઓની બેઠકો કેટલી વાર મળી ?

(૨) નીચે મુજબ લેન્ડ કમિટિની બેઠકો મળી

| તાલુકાનું નામ | મળેલ લેન્ડ કમિટિની સંખ્યા |
|---|---|
| ભરૂચ | બે વાર |
| અંકલેશ્વર | બે વાર |
| હાંસોટ | બે વાર |
| વાગરા | ત્રણ વાર |
| આમોદ | ત્રણ વાર |
| જંબુસર | બે વાર |
| જગડીયા | બે વાર |
| વાલીયા | બે વાર |
| કુલ : | ૧૮ |

------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

## ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

## ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

## ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

## ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૦૯-૨૦૧૦નું અંદાજપત્ર

**શ્રી નરોત્તમભાઈ પટેલ (ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૦૯-૨૦૧૦નું અંદાજપત્ર તથા સન ૨૦૦૮-૦૯નું સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું અંદાજપત્ર તથા સુધારેલું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**શ્રી શકિતસિંહ ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપે સૂચનાઓ આપી છે, અગાઉના માનનીય અધ્યક્ષશ્રીઓના પણ નિર્ણયો છે અને ગયા વખતે ગયા સત્રમાં પણ આ સભાગૃહનું ધ્યાન આપના મારફતે દોર્યું હતું. હું ગૃહનો સમય બચાવવા માટે એ નિર્ણયોનું વાંચન કરતો નથી પરંતુ ૨૦૦૨ અને ૨૦૦૩નો અહેવાલ અમને ૨૦૦૯માં વિધાનસભા ગૃહમાં મળે છે જે ચર્ચાઓ કરવાની હોય એમાં અમારો સમય આટલા વર્ષો સુધી વ્યતિત થયો છે એના માટે આપના તરફથી કંઈ આદેશ મળે એ જરૂરી છે.

**અધ્યક્ષશ્રી :** આ અંગે મારા અગાઉના અધ્યક્ષશ્રીએ પણ અને મેં પોતે પણ મારા નિર્ણયની અંદર કહ્યું છે અને એટલા માટે જ કૃષિ વિભાગનો ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો ૨૦૦૩નો વાર્ષિક ઓડિટ અહેવાલ અહીંયા અત્યારે રજૂ થાય છે એના વિલંબ માટે જે કોઈ લોકો જવાબદાર હોય એની સામે પગલાં લેવાવા જોઈએ. કેમ કે વિધાનસભા ગૃહમાં સમયસર આ અહેવાલો રજૂ થવા જોઈએ અને બાકીના વર્ષોના અહેવાલો આવતા સત્ર પહેલા રજૂ થાય એના માટે કૃષિ મંત્રીશ્રી કૃષિ યુનિવર્સિટીને તાકીદ કરે.

**શ્રી શ્રી દિલીપભાઈ સંઘાણી (કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે જ આપની સૂચના મુજબ બાકીના વર્ષોના ઓડિટ અહેવાલો સમયસર રજૂ થાય એના માટે સૂચનાઓ આપી છે અને આપે અત્યારે આપેલી સૂચનાઓનું પાલન કરીશું.

**અધ્યક્ષશ્રી :** ના, એટલે આ જે સૂચના છે કે કૃષિ યુનિવર્સિટીએ શા માટે વિલંબ કર્યો છે? એના કારણો આપ્યા છે એટલા પૂરતા જ આપણે મર્યાદિત ન રહીએ કેમ કે નિવેદનની અંદર કારણો આવે જ છે અને એ અહીંયા એક વખતે માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાના પ્રશ્ન ઉપસ્થિત થયા પછી એ કારણો મૂકવાનું શરૂ થયું. એટલે એ રીતે એનો અર્થ થાય કે કારણો આપી દેવાથી પતી જાય છે તો આ અંગે વિધાનસભાની મેજ ઉપર

મૂકવાની સમિતિને પણ ઉંડે ઉતરવાના આદેશ આપુ છું એટલે સમિતિ પણ એનો અહેવાલ કરે અને આપ મંત્રીશ્રી પણ આ અંગે ઉંડી તપાસ કરાવી જે જવાબદાર હોય એની સામે પગલાં લેવામાં આવે અને બાકીના જે અહેવાલો જે રજૂ કરવાના બાકી છે એ આવતા સત્ર પહેલા રજૂ થઈ જવા જોઈએ.

**શ્રી શ્રી દિલીપભાઈ સંઘાણી (કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે અવલોકન કર્યું છે એ હું જાતે જોઈ જઈશ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશ:)**

**ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક ઓડિટ અહેવાલ**

**શ્રી દિલીપભાઈ સંઘાણી (કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ એગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક ઓડિટ અહેવાલ અને વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત રાજય વેરહાઉસીંગ કોરપોરેશનનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપભાઈ સંઘાણી (સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વેરહાઉસીંગ કોરપોરેશનનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ એગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક અહેવાલ અને વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકજવામાં આવ્યા**

**ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષક વહીવટી અહેવાલ**

**શ્રી અમિતભાઈ શાહ (રાજય કક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૭-૦૮ના સુધારેલા અંદાજો અને સન ૨૦૦૮-૦૯ના અંદાજો તેમજ આ અહેવાલ અને અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ એગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ અને વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**નાણા વિભાગની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની તા. ૨૭-૨-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૮)વેટ-૨૦૦૯-એસ.૪૦(૧)(૫)-ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અધિસૂચના**

**શ્રી કીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની -

(૧) સન ૨૦૦૭ના વૃધ્ધોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ અન્વયેની તા. ૧૯-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જી/એલ/૧૦-૨૦૦૯/વીએનપી/૧૦૨૦૦૫/સીએસ-૨૪-છ

(૨) સન ૨૦૦૬ના બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ અન્વયેની તા.૧૧-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જી/એલ/૨-૨૦૦૮/બીએલવાય/૧૦૨૦૦૭/જીએસ-૦૯-છ અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની

(૧) તા. ૧૫-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૦૯ (૩૦) જીઆઈડી-૧૦૯૮-૩૩૧૨-જી

(૨) તા. ૧૯-૩-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીઆઈડીસી-એલએડબલ્યુ-ઈએસટી-એએમડી-૧૨ (૨) અધિસૂચનાઓ સભસાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની કે આપણા વિધાનસભા બિલ્ડીગના ભોંય તળિયે રેલ્વે રિઝર્વેશન કાઉન્ટર કાર્યરત થયું છે. માનનીય સભ્યશ્રીઓ આ અંગેનો લાભ લઈ શકશે. ઘણા વર્ષોની આ માગણી હતી અને આપણે રેલ્વે બોર્ડ પાસે મૂકી હતી રેલ્વે ખાતાએ આ આપણી માગણી સ્વીકારીને આ રિઝર્વેશન કાઉન્ટર કાર્યરત કરેલ છે.

# સરકારી વિધેયકો

## સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૦

# ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક,૨૦૦૯

### અમુક અધિનિયમો રદ કરવા બાબત વિધેયક

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, •*રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૧૦, સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### વિધેયકો તેમજ તેને સંલગ્ન સાહિત્ય સમયસર ન મળવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા:** માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક અંગે મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક મારફતે લગભગ ૨૧ જેટલા સુધારાઓ છે જે ઓલરેડી મેઈન એકટમાં ઈનકોર્પોરેટ થઈ ગયેલા છે એને રદ કરવા માટેનું આ બિલ લઈ આવવામાં આવ્યું છે.માનનીય અધ્યક્ષશ્રી, માત્ર આ વિધેયકના નામોનો જ એજન્ડા સભ્યશ્રીઓને મળેલો છે. એમાં બતાવવામાં એવું આવ્યું છે કે, લો કમિશનની ભલામણો મુજબ આ અધિનિયમો ઓલરેડી ઈનકોર્પોરેટ થઈ ગયેલા છે એટલે એ સ્ટેચ્યુટમાંથી રદ કરવા માટે આ બિલ લાવવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આટલો જયારે સુધારો થતો હોય ત્યારે મંત્રીશ્રીએ એ મૂળ સ્ટેચ્યુટ, મૂળ એકટ એની સાથે સમય સમય પ્રમાણે થયેલા જે સુધારોઓ છે એ અને લો-કમિશનની ભલામણો એ સભ્યશ્રીઓની જાણકારી માટે મૂકવા જોઈએ. તે સભ્યોની જાણકારી માટે મૂકવો જોઈએ તેને બદલે માત્ર આ અધિનિયમની ટૂંકી સંજ્ઞા અને ક્રમાંક આટલી જ યાદી સભ્યશ્રીઓને આપવામાં આવી. તેના પછી મેં માનનીય અધ્યક્ષશ્રી, સચિવશ્રીનું આ બાબતે ધ્યાન દોર્યુ તેના પછી એમ કહેવામાં આવ્યું કે માત્ર લો કમિશન જે છે તેની ભલામણોની પાંચ નકલો માત્ર લાયબ્રેરીમાં ઉપલબ્ધ કરવામાં આવશે. મૂળ સ્ટેચ્યુટની નકલો છે તે પણ ત્યાં પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ નથી. અમે ગમે તેમ કરીને આ મૂળ અધિનિયમની નકલો મેળવી છે તેમાં પણ માનનીય અધ્યક્ષશ્રી ૯ થી ૧૬ નંબરના પેઈજ તો ગાયબ જ છે. અને વખતો વખત જે સુધારા કરેલા છે તે પણ તેમાં ઉપલબ્ધ નથી. એટલે આપણે જ્યારે ગંભીરતાથી આ બિલ લઈ આવતાં હોઈએ ત્યારે સરકારશ્રીએ પણ તેમાં સુધારા વધારાને અવકાશ છે તેમ માનીને અને જ્યારે આ બિલ લઈ આવવામાં આવ્યું છે ત્યારે તેમાં સુધારા કરવાનો પણ અધિકાર રહેલો છે. તે મૂળ અધિનિયમનની કોપી ના મળે લો કમિશનની નકલ તેમને આપવામાં આવી ના હોય અને તેમને જે વખતો વખત સુધારા થયા છે તેના હેતુ સાથેનું જે બિલ છે તે તેમને ના આપવામાં આવ્યું હોય તો ગૃહના સભ્યો તેમાં પૂરતી રીતે participate થઈ શકે નહીં એટલે હું આપના મારફતે વિનંતી કરું છું કે અત્યારે જે બિલ મૂકવામાં આવ્યું છે તે ઓર્ડરમાં નથી અમે બિલ મુકાય તેમની સામે કોઈ વાંધો નથી. પરંતુ તેની પહેલાં આ પ્રકારનું સાહિત્ય પૂરું પાડવામાં આવે અને જ્યાં સુધી તેમને તેમનો જે રાઈટ છે એમેન્ડમેન્ટ લઈ આવવાનો તેના માટેનો પૂરતો સમય આપવામાં ના આવે ત્યાં સુધી આ બિલની introduction અને ચર્ચા મુલતવી રાખવામાં આવે એવી વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ માનનીય સભ્યશ્રીઓના આ ગૃહના અધિકાર માટેનો એક અત્યંત મહત્વનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે. હું તેમને સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ભૂતકાળમાં આ ચર્ચાઓ થઈ હતી કે જ્યારે કોઈ પણ કાયદાની કલમ પણ સુધારવા માટે આવે ત્યારે ઓરીજીનલ એકટ આપવો. ૧૮૨ ઓરીજીનલ એકટ આપવા કે કેમ? અને તે પછીની લાંબી ચર્ચા-વિચારણાના અંતે સ્પીકર ડિરેકશન છે, માનનીય અધ્યક્ષશ્રીની સૂચનાઓ છે અને તે સૂચનાઓ પછી આ ગૃહની એક પ્રણાલિકા પ્રસ્થાપિત થઈ. માનનીય મંત્રીશ્રીને હું એ કહેવા માગુ છું કે આ પ્રણાલિકાનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. અંતરાય...• (એ નિયમમાં શું આવે તે આપને નહીં સમજાય) (અંતરાય) પોઈન્ટ ઓફ ઓર્ડર કેવી રીતે આવે તે તેમને ના સમજાય.

**અધ્યક્ષશ્રી** : આ આપને નહીં સમજાય તે શબ્દો(અંતરાય) એક મિનિટ.... તમે પેલા જે શબ્દો વાપર્યા છે તે તેમને કઠે તેવા છે તેવા શબ્દો ના વાપરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તેમને કઠે એવા કોઈ શબ્દો હું નથી વાપરતો... હું પાછા ખેંચું છું તે શબ્દો.

**અધ્યક્ષશ્રી** : હા.

• વિધેયક તારીખ ૨૨મી જુન, ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

• ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું એ શબ્દો પાછાં ખેંચું છું મારે તેમને કઠે એવું કંઈ નથી કરવું. મારો સવાલ તો એટલો જ છે કે પોઈન્ટ ઓફ ઓર્ડરમાં નિયમની વાત કયાં આવે તે જો મંત્રીશ્રીને તો સમજ હોવી જોઈએ. આ ગૃહના માનનીય મંત્રીશ્રીને એ સમજ નથી તે વાત મને કઠી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ...આપને વિનંતી કરું છું.(અંતરાય)..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપના આદેશને માન આપ્યું છે I am on my leg, now. I have respected Hon'ble Speaker's voice.

**અધ્યક્ષશ્રી** : માનનીય દિલીપભાઈ, તમે મને પૂછી શકો છો હું તમને ચોક્કસ સમય આપીશ. આ પ્રશ્ન જે છે તે માનનીય અર્જુનભાઈએ ઉભો કર્યો છે એ પ્રશ્ન સાત્ત્વિક છે અને તે અંગેની ચર્ચા થાય તે જરૂરી છે. એ વિષય ઉપર આપ કહો (અંતરાય) એ શબ્દો મેં પાછાં ખેંચાવી લીધા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની ઉદારતાની, મર્યાદાની બહાર માનનીય મંત્રીશ્રીઓ જાય છે. માનનીય મંત્રીશ્રી એક શબ્દ બોલે, તો આ અધ્યક્ષશ્રીની ચેર પરથી ભૂતકાળમાં એમને ઠમઠોરવામાં આવ્યા છે  કે મંત્રીશ્રીઓને અધિકાર નથી ખલેલ પહોંચાડવાનો, સભ્યશ્રી કદાચ કરે તો સાંખી લેવાય, મંત્રીશ્રી અને ટ્રેઝરી બેન્ચે પૂરો વિવેક જાળવવો જોઈએ એવું વારંવાર અધ્યક્ષશ્રીઓએ કહ્યું છે. કેટલું ડીસ્ટર્બન્સ?

**અધ્યક્ષશ્રી :** આપ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલોને.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું માનનીય અધ્યક્ષશ્રી, એ કહેતો હતો કે માનનીય અધ્યક્ષશ્રીઓની જે સ્પીકર્સ ડાયરેકશન છે એમાં એ પછીયે નકકી થયું કે તમામ ૧૮૨ એકટ પૂરાં પાડવા શકય ન બને પણ સાથો સાથ સભ્યશ્રીઓ જયારે ગૃહમાં વિધેયક ઉપર ચર્ચા કરે, અને વિધેયક એ ચીરંજીવી હોય છે. પ્રશ્નોત્તરીનો કાળ કદાચ મહત્વનો હોય, પરંતુ તેના મહત્વ કરતા આપણે વિધાયકો છીએ, અને વિધેયકનું મહત્વ અત્યંત મોટું હોય છે. લાંબા સમય સુધી તેની અસરો રહેતી હોય છે. એટલા જ માટે જે તે સમયે માનનીય અધ્યક્ષશ્રીએ ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને સ્પીકર્સ ડાયરેકશન આપી કે જયારે પણ વિધેયક આવે ત્યારે તેની સાથે પુરવણી પુરી પાડવી. પુરવણીમાં શું પુરૂં પાડવું કે જે કલમનો સુધારો થતો હોય તેની મુખ્ય કલમોની સંપૂર્ણ વિગતો પૂરી પાડવી અને આપ તો આ ગૃહના સાક્ષી છો કે એ પછી એ પરંપરાનું બરાબર પાલન થતું આવ્યું છે કે પુરવણી પુરી પડી છે. જેથી કરીને જયારે સભ્યશ્રી કોઈ સુધારા વિધેયક ઉપર કે કોઈ બાબત પર ચર્ચા કરે ત્યારે તે મુખ્ય બાબત આપણને પ્રાપ્ત થયેલી હોય. અહીં માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે એટલા માટે પણ સુસંગત છે કે આપણે એમેન્ડમેન્ટ એકટને રીપીલ કરવા જઈએ છીએ. એક નહીં, અનેક એમેન્ડમેન્ટસને રીપીલ કરવા છે. અને એ રીપીલ કરતા હોઈએ ત્યારે આપણે શું રીપીલ કરીએ છીએ એ જ આપણને ખબર ન હોય તો શું થાય? ઉલ્લેખ માત્રથી તેની અસર શું પડશે? કયાંક આપણી નાની અમથી ચૂક થઈ જશે તો આખરે કોઈ જગ્યાએ મુળ કાયદામાં એ પ્લાન્ટ થયેલું છે અક્ષરશઃ તેનું પ્લાન્ટિંગ થયું છે કે કેમ તેના રૂટ એ ઓરિજિનલ એકટમાં એસ્ટાબ્લીશ થયા છે કે કેમ એ જાણ્યા જોયા વગર જો આપણે રીપીલ કરવાનો પ્રયત્ન કરીએ તો અસર કોને થશે? શેડયુલ ટ્રાયબ, શેડયુલ કાસ્ટ, ઓ.બી.સી., ગરીબ વર્ગના જે ગણોતીયાઓ છે તેમના માટે આપણી એક નાની ભૂલ ઘાતક પુરવાર થશે. અને એટલા માટે અહીં માનનીય સભ્યશ્રીઓને જે કંઈ એમેન્ડમેન્ટ એકટસ છે તે પુરવણીમાં પ્રાપ્ત થવા જ જોઈએ તે થયા વગરની ચર્ચા છે તે અંધારામાં હવાતીયા મારવા જેવી સાબિત થાય. આપણા જે સ્પીકર્સ ડાયરેકશન છે તેનું પણ ઉલ્લંઘનરૂપ છે અને એટલા માટે આ બાબતમાં આપના તરફથી યોગ્ય આદેશ આવે તેવું અપેક્ષિત છે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ પણ એમાં જે વિચારો રજૂ કર્યા તે બન્ને વાત જોડે હું તત્વત સંમત છું. ગૃહના બધા સભ્યશ્રીઓને પૂરો અભ્યાસ થાય તેના માટે સાહિત્ય પુરું પાડવું જ જોઈએ. આ જે કાયદો માનનીય મહેસૂલ મંત્રીશ્રી લઈને આવ્યા છે તે કાયદાની અંદર જે રીપીલ એકટ છે તે કાયદા પંચની ભલામણના આધાર ઉપર આપણે રદ કરીએ છીએ. અને કાયદા પંચનો જે અહેવાલ છે તે અહેવાલ વિધાનસભાની લાયબ્રેરીમાં મુકી દીધો છે અને આ સત્ર શરૂ થતી વખતે બધા જ સભ્યશ્રીઓને તેની સૂચના પણ એમના ટપાલ બોક્ષમાં વિધાનસભા સચિવાલય તરફથી મળી ગઈ છે. એટલે જે સભ્યશ્રીઓને અભ્યાસ કરવો હોય તે ડિટેઈલ કાયદા પંચના અહેવાલની અંદરથી મળી શકે તેમ છે. અને તેઓ જોઈ શકે તેમ છે. વિચારો વ્યકત કરી શકે તેમ છે. સવાલ ધ્યાનથી કાગળો જોઈ અને અભ્યાસ કરવાનો જ છે. એટલે આમાં ગૃહની અંદર કોઈ વિગત પૂરી પાડવાનો કે ના પાડવાનો કે એવો કોઈ પ્રશ્ન નથી, આ કાયદા પંચનો અહેવાલ વિધાનસભાની લાયબ્રેરીમાં ઉપસ્થિત છે અને મુકેલો જ છે. એની જાણકારી પણ દરેક સભ્યશ્રીને આપી દીધી છે. આ અહેવાલની અંદર એકટ કેમ રીપીલ કરવા જોઈએ તેની બધી જ વિષદ છણાવટ કારણો સાથેની અને તેના તારણો બધું જ આપેલું છે. એટલે આ પોઈન્ટ ઓફ ઓર્ડર મારી દૃષ્ટિથી રીલેવન્ટ નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ : (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉભો કર્યો છે એના હાર્દ સાથે સંમત છું, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે આપણે કોઈપણ વસ્તુ પૂરતી ખાતરી વિના અથવા કોઈને અન્યાય થાય તે રીતે આ સન્માનનીય સભાગૃહ નિર્ણય

લે તે યોગ્ય નથી એની સાથે પણ સંમત થવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, issues at debate is what, issue at debate is whether appropriate care and precaution is being exercised to ensure that nobody is going to be put to disadvantage or any kind of problem because of the repealation that is going to take place by the consideration of this Hon'ble House. Sir, let us look at this way. I will draw the attention of my learned friend to the jurisprudence and normally accepted conventions of the jurisprudence that when the law is quite you look beyond that. If you look beyond that, the issue is that appropriate attention has been paid, has been paid not only by a body which is not competent to look into it, but by a body which is absolutely capable of looking into it like a law commission. What we are going to do, we are going to simply accept the recommendations of the law commission, copies of which are adequate in number available, and are available for the reference of the Hon'ble Members, if they so desire. This is not an issue that we are going to take a decision like what my learned friend was saying groping in dark. સાહેબ, આપણે અંધારામાં રહીને કોઈ નિર્ણય લેતા નથી. આ નિર્ણય કાયદા પંચે વિષદ અભ્યાસ કરીને જે તારણ કાઢયું છે, ઘણો લાંબો સમય કાઢીને રિપોર્ટ તૈયાર કર્યા છે અને એના અંતે shall we not proceed with some kind of administrative reforms the laws which are antiquated, the laws which are not in use, the laws which are obstacle in the way of progress, these laws must be demolished. Therefore, there is nothing wrong, the point of order does not stand for a simple reason that (૧) there is considerable attention paid to the matter under debate, (૨) the matter has been examined by the appropriate body competent to examine it, (૩) the recommendations have been made that body relying upon which the issues have been brought before the House and fourth and most important issue is copies of the recommendations are available in the library of the Assembly. In this situation it is inappropriate to say that there is no kind of a direction available to the Hon'ble Members in the House. આ બધા જ મુદ્દાઓ જેને કોઈએ વાંચવા હોય તો એ વિધાનસભાની લાયબ્રેરીમાં ઉપલબ્ધ છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી તો he is a learned advocate, sir. He has all the competence in the world to go through the report of the Law Commission. All the Members shall`. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : He is trying to put his words in my mouth, sir.

**અધ્યક્ષશ્રી** :નહીં, તમારા અધિકારની વાત છે એ તમને કહે છે. (અંતરાય) આપ ચોકકસ કહી શકો છો, તમારી વાત કરવા માટે હું તમને તક આપીશ.(અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, આ વિરોધાભાસ તો જુઓ. અહમ્ બ્રમાસ્મીનો કેટલો મોટો અનુભવ છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એવું કહે છે કે તેઓશ્રી બધું જ સમજી શકે છે. અને બીજા સન્માનનીય..(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : He is trying to put his words in my mouth, sir. I did not say that.

**અધ્યક્ષશ્રી** : તમે બન્ને બેસી જાઓ. એક મિનિટ, શકિતસિંહજી, આ ડિબેટ તમે જે મુદ્દા ઉપર ઉભી કરી છે(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I have not said those words.

**શ્રી જયનારાયણ વ્યાસ**: You have said that.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : What did I say? ..

**અધ્યક્ષશ્રી** : હું તમને કહું છું કે, (અંતરાય) તમે બેસી જાઓ પછી હું વાત કરીશ. એકવાર જયનારાયણભાઈએ જે વાત કરી અને કરી રહ્યા છે એમાં આપે જે કાંઈ પણ કહેવું હોય તો ચોકકસ કહી શકો છો, પરંતુ પહેલાં એમનું પૂરું થવા દો ને? (અંતરાય)અને બેઠાં બેઠાં કંઈ ના કહો. હું તમને પણ આ વિષય ઉપર કહેવાની તક આપું છું. તમને પણ તક મળશે, માનનીય અર્જુનભાઈને પણ તક મળશે, પરંતુ પછીથી (અંતરાય) શું થાય છે કે આ એક એવો ઈસ્યુ છે કે એને જે (અંતરાય) તમે જે રીતે લઈ જવું હોય એ રીતે લઈ જવા દો, તમારે કહેવું હોય એ કહેવાનો અધિકાર છે અને એ સાંભળીશું અને માનનીય સભ્યશ્રીઓને પણ વિનંતી છે કે આ ડિબેટની ચર્ચાના અંત ઉપર મારે આવવું હોય તો બાકીના સભ્યો વચ્ચે ઈન્ટરવીન ના થાય.

**શ્રી જયનારાયણ વ્યાસ** : વોટ આઈ વોઝ ટ્રાઈંગ ટુ સે, કે કદાચ આ અહેવાલ, હું સમજી શકું છું કે, કાયદાની દરેક આંટી ઘૂંટી મારા જેવા કાયદો ન ભણેલા સભ્યશ્રીઓને કદાચ સમજણ ન પડે. પણ વિધાનસભાની લાયબ્રેરીમાં જે કંઈ અહેવાલો મુકેલા છે તે અહેવાલો તો સામાન્ય રીતે સભ્યશ્રીઓ માટે ઉપલબ્ધ છે અને સાહેબ આપણે ત્યાં ઘણાં અભ્યાસુ સભ્યશ્રીઓ છે. વિરોધપક્ષના સભ્યશ્રીઓ, સાથી પક્ષના સભ્યશ્રીઓ અને અમારા પણ

સભ્યશ્રીઓ લાયબ્રેરીનો ઉપયોગ કરે છે. અને વિધાનસભાની લાયબ્રેરી જે રીતે આપ સુસજ્જ કરી રહ્યા છો અને ઈલેકટ્રોનિકસ અપગ્રેડેશન જે રીતે થઈ રહયું છે તેમાં લાયબ્રેરીનો ઉપયોગ કરવાનું તો દરેક માટે ઉપલબ્ધ છે. તેવા સંજોગોમાં જયારે સંપૂર્ણ પણે આ રેફરન્સ લો કમિશને કહ્યા તે મુદ્દાઓ ઉપર આધારિત સુધારાઓ કર્યા છે અને તેની પૂર્ણ વિગતો લાયબ્રેરીમાં ઉપલબ્ધ હોય ત્યારે માનનીય અર્જુનભાઈએ અને વિપક્ષના નેતાશ્રીએ ઉભા કરેલા મુદ્દાઓ ટકતા નથી. સભ્યશ્રીઓને પૂરતો અવકાશ. આ બાબતે વાંચવાનો અને ચર્ચામાં ભાગ લેવાનો મળી રહે છે. એટલે મારી વિનંતી છે કે આ પોઈન્ટ ઓફ ઓર્ડર ટકતો નથી અને તે રદ થવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો જયનારાયણભાઈએ જે વાત કરી કે આ "ઓફસોલેટ લો છે" એવું નથી, આ લો ઓલ રેડી મેઈન એકટમાં ઈન્કોરપોરેટ થઈ ગયા છે, એટલા માટે આ રીપીલ કરવામાં આવે  છે. બીજી વાત એ થઈ કે બધું જ લાયબ્રેરીમાં અવેલેબલ છે, આ મેઈન સ્ટેચ્યુટની કોપી મારી પાસે છે. એ કોપી લાયબ્રેરીમાં ઉપલબ્ધ નથી. અને એ પછી મેં બીજી જગ્યાએથી મેળવવાની કોશીશ કરી, રેવન્યુ ડિપાર્ટમેન્ટમાંથી તો ત્યાંથી પણ એવું ઓરલી કહેવામાં આવ્યું કે ત્યાં પણ મેઈન એકટની કોપી ઉપલબ્ધ નથી. એ પછી મને આ એક કોપી મળી, એમાં પણ ૯ થી ૧૬ પેઈઝ ગાયબ છે. લાયબ્રેરીની અંદર બધું ઉપલબ્ધ છે તેમ કહેવામાં આવ્યું છે. તો હું એમ કહું છું કે મેં સચિવશ્રીને પત્ર લખ્યો તે પછી માત્ર લો કમિશનની જે ભલામણો છે તે લો કમિશનની ભલામણોની પાંચ કોપી મૂકવામાં આવી છે, એવું સભ્યોને સરકયુલેટ કરવામાં આવ્યું. તેના પછી જ, તેના પહેલા ઉપલબ્ધ નહોતું. માનનીય અધ્યક્ષશ્રી તેની પહેલા ઉપલબ્ધ નહોતું આ. અને તેના પછી જે સુધારાઓ વખતો વખત થયા, ૨૨ જેટલા સુધારાઓ થયા તે ૨૨ જેટલા સુધારાઓની નકલો પણ ત્યાં ઉપલબ્ધ નહોતી. સવાલ એટલો જ છે કે જયારે બિલ લઈ આવવામાં આવે ત્યારે બિલ પાસ થવું જોઈએ એટલું જ નહીં પણ બિલની વિચારણા થવી જોઈએ અને કન્સીડર થવું જોઈએ. એ વિચારણા કરવા માટે આ બધું જ મટિરીયલ જરૂરી છે. માત્ર વિચારણા થવી જોઈએ એટલું જ નહીં એમેન્ડમેન્ટ મુકવાનો પણ દરેક સભ્યને અધિકાર છે. અને એમેન્ડમેન્ટ જો મુકવા હોય તો તેમની પાસે મુળ એકટની નકલ મુળ એકટ ઉપર થયેલ એમેન્ડમેન્ટ અને આજે જે એમેન્ડમેન્ટ લાવવા ધાર્યુ છે તે ત્રણેયની નકલો ઉપલબ્ધ હોવી જોઈએ. અને એમાંથી વધુમાં વધુ સાહિત્ય એ સભ્યશ્રીઓને સરકયુલેટ થવું જોઈએ. લો કમિશનની ભલામણો છે તે આપ કહી શકો કે એ ભલામણો છે ઈટ ઈઝ નોટ પાર્ટ ઓફ ધી સ્ટેટ, તેના અધારે નિર્ણય લેવાયો છે તો એ લાયબ્રેરીમાં ઉપલધ્ય હોય તો સમજી શકાય. પણ જે એના કલોઝીસ, જે એમેન્ડમેન્ટ કરવા ધાર્યા છે તે કલોઝીસની નકલ અને તેમાં કેટલું એમેન્ડમેન્ટ છે તે કોપી તો પરંપરાથી આજ દિવસ સુધી સભ્યોને મળતી રહી છે  અને એના આધારે એમેન્ડમેન્ટ સભ્યો મુકતા હોય છે સભ્યો પોતાના એમેન્ડમેન્ટ એના આધારે  જ મુકતા હોય છે. મારે આપના મારફત આ ટ્રેઝરી બેન્ચને એટલો જ સવાલ પૂછવાનો છે કે અમારે એમેન્ડમેન્ટ લઈ આવવું હોય તો એમેન્ડમેન્ટ લાવવા માટે પૂરતો સમય સભ્યોને આપવામાં આવ્યો છે કે નહીં? જી ના, નથી આપવામાં આવ્યો. એમેન્ડમેન્ટ કયા કલોઝ ઉપર મૂકવામાં આવે છે. અથવા કયા કલોઝનું એમેન્ડમેન્ટ છે તેનું માત્ર ટાઈટલ આપવામાં આવ્યું છે. એની પણ મુળ નકલ જે આપવી જોઈએ તે મુળ નકલો આપવામાં આવી નથી. અને એટલા માટે  મૂળ નકલોના અભાવે આ બિલ છે એ ઑર્ડરમાં નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી,  બે બાબતો તરફ આપનું ધ્યાન ખેંચવા માગું છું. એક તો લો કમિશનના રિપૉર્ટના આધાર ઉપર આ કાયદો એમેન્ડમેન્ટ એકટ છે એ રીપીલ કરવાની વાત છે. માનનીય મંત્રીશ્રી વ્યાસ કહેતા હતા  કે લો કમિશને કહી દીધું એટલે કરી દેવાનું છે એ તરફ હું આપનું ધ્યાન દોરુ છું. Legal History of India  a book written by B.S. Sinha  એના ચેપ્ટર થર્ટી તરફ ધ્યાન દોરું છું. એમાં જે કનકલુઝન આપ્યું એ  Indian Law Commission and their reports.  It is very interesting. That is on ૨૦૭.  If the law of this country was revised...........

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી,  મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :  માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર પૉઈન્ટ ઑફ ઑર્ડર ન હોય.  When I am on a point of order  there cannot be any point of order on that.  After me concluding..

**અધ્યક્ષશ્રી** : માનનીય જયનારાયણભાઈ,  મેં પહેલા જ કહ્યું કે તમારી વાત પૂરી થયા પછી એ બોલશે અને એ બોલ્યા પછી તમે બોલજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ કનકલુઝન છે.  Revised and put into connected from the Commission of codification by which this is to be affected should remain as a permanent institution to watch over the work, protect it from determination and make further improvement as often required.  Nobody would wish that this body should have of itself any power for enacting laws.  The Commission is only empowering the element of intelligence in their construction.  The parliament will represent that on itself   કમિશન માત્ર ભલામણ કરી શકે છે, કાયદો બનાવવાનો એને અધિકાર નથી  અને કાયદા ઉપર અમલ કરવાનો અધિકાર નથી

એ અધિકારો આ હાઉસને છે અને એટલા માટે હાઉસ આંખો બંધ કરીને અમલ ન કરે એ પણ લો કમિશનની રચના કરવા માટે રચાયેલ કમિટીનું કનકલુઝન છે, આપણું કનકલુઝન નથી એમણે એ વખતે સ્પેસિફાઈ કર્યુ છે.

બીજી વાત મારે એ પણ કરવી છે કે લાઇબ્રેરીમાં તો બધું જ પડ્યું છે. જ્યારે માનનીય અધ્યક્ષશ્રીએ સ્પીકર ડાયરેકશન આપ્યા કે બિલમાં પુરવણી મૂકવી જોઈએ એ દિવસે પણ લાઇબ્રેરીમાં બધું જ હતું. લાઇબ્રેરીમાં હતું એક કરતાં અનેક કોપી હોય છતાં માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે નહિ રીલેવન્ટ વસ્તુઓ બિલની સાથે પ્રાપ્ત થવી જ જોઈએ. હું માનનીય અમિતભાઈને કહીશ, એમણે વાત કરી ત્યારે આ હાર્દને સમજીને સાથ આપવાનો પ્રયત્ન કર્યો. આ ગૃહની એ પ્રણાલિકા રહી છે કે સભ્યશ્રીઓના અધિકાર માટે જ્યારે લડવા કે બોલવા વિરોધપક્ષમાંથી ઊભા થાય તો પણ આ ગૃહના સભ્યોને અધિકાર છે એનો વિરોધ નહિ એને સમર્થન સામેથી માનનીય મનોહરસિંહજી, માનનીય સનતભાઈથી માંડીને અનેક દાખલાઓ મળશે. સત્તાધારી પક્ષમાં હોય અને વિરોધપક્ષના સભ્યશ્રીએ સભ્યોના અધિકાર માટે મુદ્દો ઉપસ્થિત કર્યો હોય ત્યારે ટ્રેઝરી બેંચે સમર્થન આપ્યું છે. Between the lines શોધીને આ અસ્થાને મુદ્દો છે એને કાઢી નાખો, આજે સત્તા ઉપર તમે છો કાલે કોઈપણ ત્યાં હોય આ ગૃહના સભ્યશ્રીઓના અધિકારનો સવાલ છે માત્ર સત્તાધારી કે માત્ર વિરોધપક્ષનો સવાલ નથી સમગ્ર ગૃહનો સવાલ છે. આ માહિતી હશે તો નુકસાન શું થવાનું છે. આપણી પાસે આટલું મોટુ તંત્ર છે આટલા પુસ્તકો આપણે છાપીએ છીએ, માગણી અમારી શું છે, માગણી અમારી માત્ર એટલી જ છે કે માનનીય અધ્યક્ષશ્રીના ડાયરેકશનના ભાગરૂપે રીપીલ એકટ કરવા જઈ રહ્યા છીએ એ શું રીપીલ કરીએ છીએ એ જાણવા માટે લાઇબ્રેરીમાં ન જવાનું હોય એ એમને બિલની સાથે પ્રાપ્ત થવું જોઈએ એટલી જ વાત છે અને જે વાતના હાર્દ સાથે સંસદીય બાબતોના મંત્રીશ્રીએ સમર્થન આપ્યું કે આની કાળજી લેવાવી જોઈએ ત્યારે આ બાબતમાં માત્ર આપનું માર્ગદર્શન જોઈએ છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : I want to put the record straight, Sir. I never said that the Commissions are final. If the Commissions were final the Hon'ble House would not have been discussing this Bill at all. To that extent, the Hon'ble Leader of the Opposition misquoted me. I would like to place the record straight. Having said that, and I will also say, the report if you have cared to go through, got several judgments. The report itself has quoted several judgments, including the judgements of the apex Court why this kind of Amendments have become necessary. There is nothing wrong, Sir, if relying upon the Report the House can debate on that. Nobody's right is being taken away. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ, આપને વિનંતી કરું છું. મારી લીંક તૂટી જાય છે. I request you, to keep silence. આમાં શું થાય છે કે હું તમારા જેટલો એ નથી એટલે હું આપને ફરીથી વિનંતી કરું છું કે આ એક એવી ચર્ચા ચાલી રહી છે કે જેમાં મારે રૂલિંગ આપવાનું હોય ત્યારે જ તમે વચ્ચે બોલો છો ત્યારે I request, once again to keep silence. માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો, તેને શકિતસિંહજીએ સમર્થિત કર્યો. સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ અને આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈએ આ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ એક ખૂબ જ લાંબા ગાળાની અસર ઉભી કરે એવો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે અને આવનારા દિવસોમાં પણ તેની અસર રહે એટલા માટે શ્રી અર્જુનભાઈએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓમાંથી જ્યારે કોઈ પણ બિલ રજૂ થાય ત્યારે તેનું સંદર્ભ સાહિત્ય અને આ અંગેના દસ્તાવેજો ગુજરાત વિધાનસભાના નિયમો અન્વયે માનનીય અધ્યક્ષશ્રીના આદેશો, પાંચમી આવૃત્તિ, પાના નં. ૬ ઉપર કોઈ ચુકાદો અથવા બીજા કોઈ દસ્તાવેજ કે જે વિધેયક અથવા તેની જોગવાઈઓને આધારરૂપ હોય અથવા વિધેયકની વિચારણા માટે જરૂરી હોય અને વિધેયકના ઉદ્દેશો અને કારણોના નિરૂપણમાં તેનો ઉલ્લેખ હોય તેવા ચુકાદા અને દસ્તાવેજોની પાંચ નકલ વિધાનસભાના ગ્રંથાલયમાં રાખવા માટે ગુજરાત વિધાનસભા-સચિવાલયને મોકલવી. શ્રી અર્જુનભાઈએ કહ્યું કે મારા પત્ર પછી આ મૂકાઈ છે એ હકીકત ખોટી છે અથવા તો તેમની જાણ બહારની છે. અર્જુનભાઈનો પત્ર તા.૨૯/૬/૦૯ નો છે જયારે પત્રક-૨, ૧૨મી ગુજરાત વિધાનસભા, શુક્રવાર, તા. ૨૬મી જૂન-૨૦૦૯ના રોજ બહાર પાડયું છે જે સરકારી વિધેયકમાં ઉલ્લેખ કરાયેલ કાયદા પંચના અહેવાલ બાબતે છે.

જેમાં જણાવાયું છે કે, સન-૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબતના વિધેયકના ઉદ્દેશો અને કારણોની યાદીમાં દર્શાવેલ રાજય કાયદા પંચના બીજા અહેવાલની પાંચ નકલો માનનીય સભ્યશ્રીઓના ઉપયોગ માટે વિધાનસભા ગ્રંથાલયમાં રાખવામાં આવી છે. એમ વિધાનસભા સચિવશ્રીએ બધાને એક બુલૅટિન દ્વારા જાણ કરવામાં આવી છે. એટલે એ જ્યારે બિલ અમારી પાસે આવ્યું તેની સાથે જ અધ્યક્ષશ્રીના આદેશો, નિર્ણયો જે છે તે નિર્ણયના અમલ પ્રમાણે વિધાનસભા-સચિવાલયે કરેલું છે. હવે પ્રશ્ન બીજો એ થાય છે કે સુધારા મૂકવા માટે. આપણી સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિમાં જઈએ તો સુધારા મૂકવા માટે જો આખું બિલ આવતું હોય તો તેની ક્ષેત્ર મર્યાદામાં સુધારા આવી શકે. અથવા તો જો સુધારા વિધેયક હોય તો તેના ઉપરના સુધારા મૂળ અધિનિયમની જે કલમો સુધારવાનો વિધેયકમાં નિર્દેશ હોય તેની ક્ષેત્રમર્યાદામાં હોવા જોઈએ. જયારે અત્યારે લાવવામાં આવેલ છે તેવા રદ કરતા વિધેયકોના કિસ્સમાં વિધેયકથી મૂળ અધિનિયમ રદ

કરવાનું સૂચવાયું હોય ત્યારે તેના ઉપર માત્ર નકારાત્મક સુધારા જ આવી શકે અને સુસ્થાપિત સંસદીય પરંપરા અને કાર્યરીતિ અનુસાર કોઈ પણ સુધારો નકારાત્મક ન હોવો જોઈએ. સંસદીય કાર્યરીતિના નિયમો હેઠળ નકારાત્મક સુધારા દાખલ થઈ શકે નહીં. જયારે જૂના અધિનિયમો રદ કરવાનું વિધેયક આવતું હોય ત્યારે આટલા કાયદાઓ રદ કરવાનો અને મહેસૂલ મંત્રીશ્રી કાયદા પંચના અહેવાલ ઉપર અભ્યાસ કરીને જ્યારે એ બિલ લાવતા હોય ત્યારે તેના ઉપરનો જે સુધારો આવશે, જો આવવાની શક્યતા હોય અને એને જો આપીએ તો એ સુધારા નકારાત્મક થાય અને એટલા માટે જ સુધારો નકારાત્મક ન હોવો જોઈએ એ આપણી સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિની અંદર જણાવેલું છે. આ ઉપરાંત આ સિદ્ધાંત અનુસાર જે સુધારા વિધેયકની કલમ રદ કરવાનું સૂચવતા હોય તે નિયમ બાહ્ય છે. તેવા કિસ્સાઓમાં યોગ્ય માર્ગ એ છે કે, આ કલમની વિરૂદ્ધ મતદાન કરવું. જે સુધારો કલમના અસરકારક શબ્દો રદ કરવાથી કલમ રદ થાય છે તેવી અસરમાં પરિણમતો હોય તેવા શબ્દો રદ કરવાનું સૂચવતો સુધારો એ નિયમ બાહ્ય છે. એટલે હવે આ પ્રણાલિકાને આધારે એમ કહું છું કે જે મુદ્દો શ્રી અર્જુનભાઈએ ઉપસ્થિત કર્યો છે તે યોગ્ય નથી અને માનનીય મંત્રીશ્રીને તેમનું બિલ લાવવા માટેની અનુમતિ આપું છું.

# ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક, ૨૦૦૯ (ક્રમશઃ)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૦ સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૦ સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબતનું વિધેયક લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવી છું. અનુસૂચિમાં દર્શાવેલ ૩૩ વિધેયકોને શા માટે રદ કરવા પડ્યા છે એની થોડીક વાત સૌથી પહેલાં આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કરવા માગું છું. ગુજરાત રાજય કાયદા પંચે તેના બીજા અહેવાલમાં આ ૩૩ અધિનિયમો ચકાસીને રદ કરવા પાત્ર હોવાથી તે રદ કરવાની ભલામણ કરી છે. અગાઉ જ્યારે આ પ્રકારના અન્ય અધિનિયમ રદ કરવાની બાબત આ સભાગૃહ સમક્ષ આવી હતી તે વખતે આ અધિનિયમો રદ કરવા માટેની ખાતરી આ સભાગૃહને આપવામાં આવેલ હતી અને વિધાનસભાગૃહની ખાતરી સમિતિ સમક્ષ વખતોવખત આ અંગેની કામગીરીમાં થયેલી પ્રગતિ અંગે ખ્યાલ આપવામાં આવ્યો હતો. નામદાર સુપ્રીમ કોર્ટમાં પણ તેમના નીચેના બે ચુકાદાઓમાં આવા પ્રકારના કાયદાઓ રદ કરવા અંગે જણાવેલ. જેથી કાયદા પોથી ઉપર બિન જરૂરી અધિનિયમ રહેવા ન પામે. એ.આઈ.આર.-૧૯૫૫ પંજાબ- મોહિન્દરસિંઘ વિરૂદ્ધ મિસિસ હરભજન કૌર બિન્દ્રા પેજ નં.૫૮૦-૮૧ ઉપર છે. એ.આઈ.આર.-૧૯૭૩ કેરાલા રમણ સહદેવન વિરૂદ્ધ આર.કેશવ નાયર પેજ નં.૧૩૬ ઉપર વિગતો આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુધારા અધિનિયમમાં દર્શાવેલ સુધારો મૂળ કાયદામાં જ્યારે સમાવિષ્ટ થઈ ગયા બાદ આ કાયદાનું કોઈ મહત્ત્વ રહેતું નથી. સુધારો મૂળ કાયદામાં સમાવિષ્ટ થઈ ગયેલ હોવાથી તે સુધારા કાયદો હવે બિનજરૂરી થઈ ગયેલ હોવાથી તે કાયદા પોથી ઉપરથી દૂર કરવામાં કોઈ વાંધો નથી. તે આપણને કાયદા પંચે જણાવ્યું છે. પંચે આ અધિનિયમ રદ કરવાથી બીજી કોઈ મુશ્કેલીઓ કે પ્રશ્નો ઊભા થાય છે કે કેમ? એ પણ જોવું જોઈએ અને એમાં કોઈ મુશ્કેલીઓ ઊભી થાય એવા પ્રશ્ન દેખાતાનથી. સુધારો અધિનિયમમાં મૂળ કાયદામાં સમાવિષ્ટ થઈ જાય છે. એટલે સુધારા અધિનિયમ રદ કરવા છતાં થયેલ સુધારાઓ મૂળ કાયદામાં યથાવત રહે છે. આથી આ સુધારાઓ લાગુ પાડવાથી કોઈ તકલીફ રહેવાની નથી. બૉમ્બે જનરલ કલોઝીઝ એકટ ૧૯૦૪ની કલમ-૭ તથા ૭(ક) મુજબ જ્યારે કોઈ અધિનિયમો રદ કરવામાં આવે ત્યારે આ અધિનિયમના અગાઉના અમલને કોઈ વાંધો આવતો નથી. અધિનિયમ રદ કરવા છતાં પણ અધિનિયમ હેઠળ ઊભા થયેલા કોઈ હક્ક, હિત, જવાબદારી અને ફરજો જે ઉત્પન્ન થયેલા હોય તે દૂર થતા નથી. રદ કરેલ અધિનિયમો હેઠળ જે દંડ, શિક્ષા કે ગુન્હા સબબ જપ્ત થયેલ હોય તેને પણ અધિનિયમ રદ કરવાથી અસર પહોંચતી નથી. રદ કરેલા અધિનિયમ હેઠળ જે કોઈ ઇન્વૅસ્ટીગેશન કે કાયદાકીય પ્રક્રિયાઓ કરવાની હોય તે અધિનિયમ રદ કરવા છતાં જાણે કે અધિનિયમ રદ ન કર્યો હોય તેવી રીતે સારું પણ થઈ શકે, ચાલુ પણ થઈ શકે અને તેને આધારે દંડ, શિક્ષા કે કાર્યવાહી થઈ શકે. આથી અધિનિયમ રદ કરવા છતાં પણ કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ પડવાની સંભાવના નથી. સને ૨૦૦૦માં આ જ પ્રમાણે રીપીલીંગ એકટ દ્વારા ૪૪ કાયદાઓ રદ કરવામાં આવ્યા હતા. સને ૨૦૦૪માં આપણે રીપીલીંગ બિલ દ્વારા બીજા ૩૬ કાયદાઓ રદ કર્યા હતા. સને ૨૦૦૦થી ૨૦૦૬ દરમિયાન આવી રીતે ૯૮ જેટલા જુદા જુદા કાયદાઓ રદ કરવામાં આવેલ છે અને હાલના રીપીલીંગ વિધેયક દ્વારા ૩૩ કાયદાઓ રદ કરવા માટે વિભાગે વિચારેલ છે. ગુજરાત મહેસૂલી કાયદાઓના સુધારાઓમાં અગ્રેસર રહ્યું છે.મુંબઇ ગણોત, વહિવટી અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮માં, ૧૯૫૧, ૧૯૮૭ દરમિયાન ૩૩ સુધારાઓ લાગુ કરાયા છે.જેના કારણે ખેડૂત ગણોતિયાઓના માલિકીહકકના હિત સંબંધની જોગવાઈઓ ચોક્કસ અને સરળ બનાવાતી ગઈ છે. ગણોતધારાની કલમ૮૪-સી હેઠળ આ ધારાની જોગવાઈ વિરૂદ્ધ થયેલી તબદીલી ગેરકાયદેસર ઠરાવવાની

અને જમીન સરકાર હસ્તક દાખલ કરવાની જોગવાઈ છે. અજાણ ખેડૂતો દ્વારા થયેલા વ્યવહારો ગેરકાયદે ઠરે ત્યારે તેઓની જમીનની સુરક્ષા માટે સરકારે ૧૯૬૦ના સુધારા ક્રમાંક:૧૬થી એવી જોગવાઈ દાખલ કરી હતી કે જો પક્ષકારો ત્રણ માસમાં જમીનની સ્થિતિ પૂર્વવત કરે તો તે જમીનને ખાલસા કરવાની આકરી શિક્ષા નહીં થાય, એ જ રીતે બીજો સુધારો કરાયો, કલમ-૬૩માં ખેતીની જમીન બીનખેડૂતને વેચવા પર નિયંત્રણો છે તેમાં ઓછી આવક ધરાવતા ખેતીની જમીન ખરીદી શકે તે માટે ૧૯૭૩ના સુધારા ક્રમાંક:૫ થી એવું નક્કી કરવામાં આવ્યું કે રૂા. ૫૦૦૦ની આવક મર્યાદાથી ઓછી આવકવાળાને આવી જમીન ખરીદવા પરવાનગીની કલેકટર વિચારણા કરી શકે તેવી જોગવાઈ પણ દાખલ કરવામાં આવી. ૧૯૮૭માં સુધારા ક્રમાંક:૨૧થી સરકારે સાર્વજનિક ધાર્મિક પૂજા માટેની દેવસ્થાન સંસ્થાઓની જમીન જે કલમ-૮૮-ચ હેઠળ છે તે પણ કલમ-૪૩ના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવી. આ પ્રકારના ૩૩ સુધારાઓ હવે મૂળ અધિનિયમના ભાગ બની ગયા છે. એટલે કે તે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ સને ૧૯૪૮ અંતર્ગત ભાગ થાય છે આથી સ્વતંત્ર સુધારા કાયદા તરીકે ચાલુ રાખવાની આવશ્યકતા જણાતી નથી. આ સુધારા આથી રદ કરવામાં આવે તો તે વહિવટી સરળીકરણની દિશામાં સહાયક નીવડશે. આપ સૌ એ જાણો છો કે રાજય સરકારે આવાં શ્રેણીબદ્ધ પગલાંઓ લીધાં છે, જેનાથી મહેસૂલી વહીવટની કાયાપલટ થઈ છે. વહિવટી સરળીકરણની પ્રક્રિયાના ભાગરૂપે નવી શરતની ગ્રાન્ટ થયેલી જમીનો ૧૫ વર્ષ અથવા તેથી પણ વધારે સમય જાય ત્યારે પણ ખેડૂતોને આપવામાં આવતી નહોતી. રાજય સરકારે આવી જમીનો ૧૫ વર્ષની સમયમર્યાદા બાદ જૂની શરતમાં ફેરવવા માટે અરજી કરવાની પણ જોગવાઈ રદ કરી અને સુવોમોટો કરીને આ જૂની શરતમાં ફેરવવા માટેનો એક મહત્ત્વનો નિર્ણય રાજય સરકારે કર્યો. સમયમર્યાદા પૂરી થયાના એક માસમાં કચેરી દ્વારા ખેતીના હેતુ માટે જૂની શરતમાં પરિવર્તીત કરાયેલી રેકૉર્ડ પર નોંધ કરવાની જોગવાઈ પણ કરવામાં આવી. પહેલા એવું હતું કે ખેતીની નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે D.L.P.C., S.L.P.C., નગર નિયોજક એની સાથે ફાઇલો ફરતી રહેતી હતી અને બે બે વર્ષ સુધી પણ પ્રિમિયમ ગણાતું નહોતું અને એટલા માટે રાજય સરકારે પ્રિમિયમ ગણવા માટે જંત્રીને આધારીત બનાવી અને ૪-૭-૨૦૦૮થી એને અમલી બનાવી જેથી જમીનની કિંમતમાં પારદર્શિતા આવી અને કોઈપણ વિવાદ ન થયો અને સમયનો પણ બચાવ થયો જંત્રીના કારણે પ્રિમિયમની ગણતરી કરવામાં આવી. એમાં પણ એક મહત્ત્વનો સુધારો કરવામાં આવ્યો કે પ્રિમિયમ ૧ કરોડ સુધીનું હોય તો કલેકટર કક્ષાએ જ તેનો નિકાલ થાય અને એની સત્તા સોંપણી એને કરવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, શરતફેર હેતુ માટે સરવે નંબરના આખી જમીન માટે પ્રિમિયમની ગણતરી કરવામાં આવતી હતી પરંતુ હવે એના સ્થાને આખરી ટી.પી.ના ક્ષેત્રફળ મુજબ પ્રિમિયમની ગણતરી કરવામાં આવે છે. આ પણ એક મહત્ત્વનો સુધારો રાજય સરકારે કર્યો છે. પહેલા એવું હતું કે ટી.પી. સ્કીમ હોય ત્યાં પણ ટુકડા ધારો લાગુ પડતો હતો હવે ટી.પી. સ્કીમમાં પણ ટુકડાની જમીનને ટુકડા ધારામાંથી મુકિત અપાઈ છે. સરકાર દ્વારા સંપાદિત થતી જમીન ગુમાવનાર ખેડૂતને સંપાદન સાથે જ ખેડૂત પ્રમાણપત્ર આપવાની જોગવાઈ કરાઈ છે. પહેલા એવું હતું કે બે બે વર્ષ સુધી ખેડૂત પ્રમાણપત્ર ન અપાય અને નિયમ એવો બનાવ્યો કે છ મહીનાની અંદર એમણે બીજે જમીન સંપાદિત કરવાની. પરંતુ પ્રમાણપત્ર જ ન અપાય તો ખેડૂત જમીન કઈ રીતે લઈ શકે અને એટલા માટે એમાં વિશેષ જોગવાઈ કરી કે સંપાદન સાથે જ ખેડૂતને પ્રમાણપત્ર આપી દેવાની જોગવાઈ કરી દેવામાં આવી જેના કારણે પ્રમાણપત્ર માટે રાહ ન જોવી પડે અને ૩ વર્ષની અંદર એ રાજયમાં ગમે ત્યાં ખેતીની જમીન ખરીદવાની એને છૂટ આપવામાં આવી. રાજયમાં ખેડૂત ગમે ત્યાં જમીન ખરીદી શકે એવા ઉદાર અભિગમને અનુસરીને અન્યત્ર જમીન ખરીદનાર ખેડૂતને હાલની જમીનના દસ્તાવેજની નકલને આધારે નવી જમીનની નોંધ પડાવી શકવાની જોગવાઈ કરી છે ત્યારે તે દસ્તાવેજોની ખરાઈ પાછળથી કરાવી લેવાની જોગવાઈ કરી જેને કારણે ખેડૂતોની હાલાકી દૂર થઈ છે. એક જમીન વેચી તેના બદલે બીજે જમીન લેનાર માટે પણ ખેડૂત પ્રમાણપત્ર વેચાણની રેકર્ડની નોંધણી સમયે જ ખેડૂત પ્રમાણપત્ર આપી દેવામાં આવે જેથી પ્રમાણપત્ર મળ્યા પછી તરત જ ૨ વર્ષની અંદર એ પોતે જમીન ખરીદી શકે. પિતા હોય અને પોતાના દીકરા દીકરીને જ્યારે કૌટુંબિક વહેચણી કરે છે ત્યારે જો કોઈ એની અંદર ટુકડો પડવાની સંભાવના હોય અને જો કોઈ દીકરો કે દીકરી એમાં ભાગીદાર બનવા માગતા ન હોય તો એમને પણ આવું ખેડૂતનું પ્રમાણપત્ર આપવું જેના કારણે એ બીજે જમીન લઈ શકે અને એ બીન ખેડૂત બની ન જાય. ચાકરિયાત અને પસાયતાની ઈનામી જમીનો અંગેનો કાયદો રદ થતાં કબજા હક્કની રકમ ભરવાની બાકી રહી ગઈ હતી. આવા કેસોમાં જમીન રીગ્રાન્ટ કરવાની બાબત પડતર હતી. આ રાજ્ય સરકારે સહાનુભૂતિપૂર્વક વિચારીને આવા મૂળ કબજેદારોના ઠરાવેલ કબજા પટ્ટની રકમ ભરે તો નિયમિત કરીને તેનો કબજા હક્ક આપવાની શરૂઆત કરવામાં આવી છે અને વર્ષો જૂના આ કેસો પેન્ડીંગ હતા. આજે ૩૩ સુધારાઓ રદ કરવાની દરખાસ્ત વિધાનસભા સમક્ષ છે તે માટે રાજ્ય સરકારે નિયુક્ત કરેલ કાયદા પંચના બીજા અહેવાલમાં રાજ્ય સરકારને આ અંગેની ભલામણો કરાઈ હતી. કાયદા પંચની આ ભલામણોનો સરકારે સ્વીકાર કર્યો છે. આ સ્વીકારને અમલીકરણના પગલાં તરીકે ગુજરાતના અધિનિયમો રદ કરવા અંગેનું વિધેયક લઈને આવી છું તેને અનુમોદન આપવા સભાગૃહને હું અનુરોધ કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયકો એ પ્રકારના કે જેને મૂળ કાયદામાં સ્થાન મળી ગયું છે અને માટે કાયદા પંચની રચના પછી કાયદા પંચના બીજા

અહેવાલમાં જે ભલામણો આવી છે, એના આધાર પર આ વિધેયક લઈને આવ્યા છે. હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે મને અને મારા સભ્યશ્રીઓને ચર્ચા વિસ્તૃત કરી શકીએ એ માટેના સ્કોપના દરવાજા એમની ઈન્ટ્રો સ્પીચના કારણે ઘણા ખોલી આપ્યા છે. જેના કારણે જંત્રી, જમીન સંપાદન અને એમાં પડતી મુશ્કેલીઓ, વારસદાર ખેડૂત થવા માટે અને બીજી બધી બાબતોમાં જેમ કે, બૉમ્બે ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચર લેન્ડ એક્ટ આખો ચર્ચા કરવો હોય તો થઈ શકે એટલો સ્કોપ કરી આપ્યો છે. એ માટે હું આભાર પણ વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે કાયદા પંચની જે આપણે રચના કરી એ તા. ૨૨-૬-૧૯૯૮ના રોજ કરી છે. કાયદા પંચની રચના કરતાં આ જી.આર.ને હું જોતો હતો. પંચના કાર્યક્ષેત્રની કઈ બાબતો છે? એમાં એક છે બદલાયેલા સામાજિક અને આર્થિક ઉદ્દેશોને સિદ્ધ કરવા માટેનું અસરકારક સાધન બની રહે તે માટે કાયદાની સુસંગતતા તપાસવી. કાયદાનો સંયોજિત કરી લોકોની આશા અને આકાંક્ષાઓને અનુરૂપ બનાવવાના સૂચનો કરવા. બીજું, બંધારણમાં દર્શાવેલ માર્ગદર્શક સિદ્ધાંતો, ડાયરેકટીવ પ્રિન્સિપલ ઑફ સ્ટેટ પૉલિસીને અનુરૂપ અને સુસંગત બનાવવા. જરૂરી ફેરફારો અને સૂચનો સૂચવવા તેમજ જરૂર જણાય તો નવા કાયદાઓ ઘડવા માટે સૂચનો કરવા. કાયદાનો અમલ કરનાર વ્યક્તિ અધિકારી તેનો અમલ કરવામાં નિષ્ફળ જાય તો તે માટેની જવાબદારી નક્કી કરતી જોગવાઈઓ કેટલા અંશે સામેલ કરી શકાય તેની ચકાસણી કરીને સૂચનો કરવા. કાર્યપદ્ધતિ વિષયક કાયદો, પ્રોસિજરીયલ લોઝની પુનઃ રચના અંગે ચકાસણી કરવી, વિસંગતતા દૂર કરવી તેમજ કાર્યવાહી સંક્ષિપ્ત થઈ શકે તેવા ઉપાયો અને સૂચનો કરવા. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ધ્યાનમાં આવેલ કાયદાકીય વિસંગતતા અને સંદિગ્ધતા દૂર કરવા અંગેના ઉપાયો અને સૂચનો કરવા. પ્રવર્તમાન કાર્યક્ષેત્રનો હેતુ બરાબર બર ન આવતો હોવાના કારણે તથા કાનૂની ગ્રંથોમાં જે સ્વરૂપમાં કાયદા છે તે સ્વરૂપમાં કાયદા ઘડવામાં આવેલ છે તે સ્વરૂપમાં તેની આવશ્યકતા ન હોવાના કારણે તે રદ કરવાની કે સુધારવાની શક્યતાઓ તપાસી ઉપાયો અને સૂચનો સૂચવવા. આ એમના કાર્યક્ષેત્ર હતા. ૧૯૯૮માં આ પરિપત્ર થયા પછી આનું મૂળ ક્યાં છે? માનનીય સુરેશભાઈ મહેતાને મળવા માટે કાયદા પંચના સભ્યો ગયા.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

On ૨nd February ૧૯૯૯ we have called on Mr Suresh Mehta alongwith the Secretary of Parliamentary affairs department. During the course of the said meeting Hon'ble Minister desired to consider some old and objectless Act required to be repealed. The desire of the Hon'ble Minister was quite consistent with the aim and objects and the terms of reference made in para ૪ of the resolution dated ૨nd June ૧૯૯૮ and caluse ૬ of para ૪. It is inter alia mentioned that the acts which are found being unnecessary should be considered for amending or repealing. આ એમણે બેઈઝ બનાવ્યો અને સુરેશભાઈની જે desire હતી એના આધાર પર કાયદાપંચે અભ્યાસ કર્યો. હું આવકારું છું, હું એને appreciate કરું છું. પરંતુ મારો સવાલ છે કે જે મુશ્કેલી છે એ છે કે અહીંયા વિધાનસભામાં આપણે કાયદાપંચના લો કમિશનના બીજા અહેવાલને ઉપલબ્ધ કરાવ્યો. લો કમિશન એમ કહે છે કે જે સુધારા વિધેયક આપણે લાવ્યા. વિધાનસભાએ પસાર કર્યો. એ પસાર કરેલું સુધારા વિધેયક એ મૂળ કાયદામાં પ્લાન્ટ થઈ ગયું. એ પ્લાન્ટ થઈ ગયા પછી એના રૂટ ત્યાં establish થઈ ગયા છે. એટલા માટે સુધારા વિધેયક્ને હવે ચાલુ રાખવાથી કોઈ ફરક પડવાનો નથી. એટલે સુધારા વિધેયકને અસ્તિત્વમાં રહેવાને બદલે એને repeal કરીએ. કારણ કે મુખ્ય કાયદામાં એણે સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. અમારી જે મુશ્કેલીઓ ઊભી થાય છે એ ત્યાં થાય છે કે આપ કાં તો કાયદા વિભાગે માનનીય સભ્યશ્રીઓ માટે જે એકટમાં અનેક amendment થયા છે. એ The Bombay Tenancy and Agricultural Land Act ૧૯૪૮ એ એકટને સુધારાઓ સાથે આપણે આપણી લાયબ્રેરીમાં પણ ઉપલબ્ધ કરાવી શક્યા છીએ ખરા? આપણી લાયબ્રેરીમાં પણ એ એકટ આજે ઉપલબ્ધ થઈ શક્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય આત્મારામભાઈને પણ કહેવા માગું છું કે આ વિષયની અસરો ગરીબ અને સામાન્ય માણસોને બહુ થવાની. આ ગણોત માટેનો કાયદો છે. જમીનદારોને કાંઈ બહુ અસર નહિ થાય. સામાન્ય માનવીને અસર થવાની જો આપણી નાની ચૂક થશે તો આપણે એકાદું સુધારા વિધેયક repeal કરી દઈએ અને એ repeal કરેલો સુધારો original એકટમાં પ્લાન્ટ નહિ થયો હોય root establishnd નહિ થયા હોય if we repeal today the effects will be far fledged. એની અસરો દુરોગામી રહેવાની છે અને અસરકર્તા કોણ થશે? છેલ્લે બેઠેલો વ્યકિત છે એ ગણોતિયો છે, જે જમીનના માલિક માટે થઈને પરસેવો વહાવે છે. આપણા પહેલાના ગ્રહોએ ખૂબ કુનેહ અને બુદ્ધિપૂર્વક એ કાયદો આપ્યો છે એ એમના રક્ષણ માટે અને એ રક્ષણ એવું છે કે કોઈ જમીન માલિકો એનું ભક્ષણના કરે. એ મોટામાથાઓની ચિંતા કરનારા તો બહુ બધા હોય છે. એના માટે તો આવે છે, એના માટે ઓર્ડિનન્સ પણ આવી શકે છે, વટહુકમો બહાર પાડી જશે પણ આ સામાન્ય માણસની ચિંતા કરવાની જવાબદારી આપણા સૌની છે કે એ વ્યકિતનો અવાજ, એ ગણોતિયાનો અવાજ કયાંક ઉતાવળે દબાઈ તો નથી જતોને? એને કયાંય આપણે નુકસાન તો નથી કરી બેસતાને? અને એટલા માટે આ ચિંતા છે. હું એ વાત કરતો હતો કે કાયદાપંચે એકેએક amendmentના વિષે એમણે કહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલો જ દાખલો લઉં છું. Bombay ૧૨ of ૧૯૫૧ જેને આજે આપણે repeal કરવા જઈએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એમાં કહેવાયું છે We have examined each and every provision of the said Act So far as the first Amendment is concerned it is ૧૨ of ૧૯૫૧. The provision of the said Amendment Act were already inserted and incorporated in the main Act.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંની લાયબ્રેરીની અંદરથી આવેલા પુસ્તકમાં એક નહીં અનેક જગ્યાએ મુશ્કેલી છે. કાયદા પંચ એમ કહે છે કે, સેકશન-૬ની સેકશન-૨ પછી સબ સેકશન-૨(એ) અને સબ સેકશન-૩ આ એમેન્ડમેન્ટ છે એ ઈનકોરપોરેટેડ થઈ ગયું છે ઓરીજીનલ એકટમાં આપણે શું કરીએ છીએ, આપણે ઓરીજીનલ એકટમાં આટલા વર્ષોથી જે કંઈ સુધારા કરીએ, એમાં પતાકડું ચોંટાડીએ છીએ. અમને ખબર નથી એ સ્લીપ આપની કોઈ કારણોસર નીકળી ગઈ છે. એમને ખબર નથી કે એ સ્લીપ ચોંટાડવાની રહી ગઈ છે, અમને ખબર નથી કે ત્યાં સુધી એ પ્લાન્ટ જ નથી. આ જવાબદારી કોની છે? આ જવાબદારી કાયદા વિભાગની છે અથવા જે વિભાગ રિપિલ કરવા માટે આવ્યા છે એમની છે, કે આપણે આપી શકીએ છીએ એ વાત? અને એ તૈયાર કરીને નહીં આપીએ, અનેક નાની ભૂલો રહી ગઈ હશે તો જે સુધારા વિધેયક આ વિધાનસભા ગૃહે પસાર કર્યુ છે, ગણોતિયાના હિતો માટે પસાર કર્યુ હશે કે આ ગણોતિયાના હિત માટે થઈને આ સુધારો સમયાંતરે અનુભવે લાગ્યું છે કે, આ જરૂરી છે એટલા માટે અમે કર્યુ છે. આ ઓરીજનલ એકટમાં સ્થાન પામવું જોઈએ, આપણે એના માટે કાયદો પસાર કર્યો, સુધારા વિધેયક પસાર કર્યુ એ સુધારા વિધેયક આજે અમલમાં છે, કદાચ ઓરીજનલ એકટમાં પ્લાન્ટ ન થયું હોય તો પણ કોઈ પણ ગણોતિયો પોતાના હિતોના રક્ષણ માટે જશે લડવા ત્યારે ઓરીજનલ એકટમાં નહીં હોય તો પણ એમેન્ડમેન્ટ હાથમાં લઈને એનો વકીલ દલીલો કરશે, ગણોતિયાના હિતોનું રક્ષણ કરશે. આજે આપણે એમેન્ડમેન્ટ એકટને નાબૂદ કરીએ છીએ, એને રિપિલ કરીએ છીએ. વિધાનસભામાંથી પ્રાપ્ત થયેલ પુસ્તકમાં મારા જોયા પ્રમાણે ત્યાં સ્લીપ ચોંટેલી નથી, ત્યાં એ ગોઠવાઈ નથી. તો મુશ્કેલીઓ કોની? પહેલી મુશ્કેલી તો આ વિધાનસભા ગૃહના સભ્યશ્રીઓની કે અમારે આરગ્યુમેન્ટસ કેવી રીતે કરવી? અથવા અમે એક વિશ્વાસ મૂકીને આ આજે રિપિલ કરી દઈએ અને કાલે એ ઓરીજનલ એકટમાં એ પ્લાન્ટ થયેલું ન નીકળે તો ? શું આપણે એટલું ન કરી શક્યા હોત ? કરોડો રૂપિયાના ખર્ચા કરીએ છીએ ત્યારે (અંતરાય) માનનીય આત્મારામભાઈ બિલ ઉપર બોલજો, આપને પણ તક મળે, આમાં તો સ્કાય ઈઝ ધ લિમિટ.

**સભાપતિશ્રી** : ભાઈ વચ્ચે ન બોલો પ્લીઝ, ડોન્ટ ડિસ્ટ્રબ હિમ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી હું એ કહેતો હતો કે, જો આપણે આ એકટને (અંતરાય) તમારી ચિંતા કરે છે. ફકીરભાઈના કારણે થયું ભાઈ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી હું એ કહેતો હતો કે, જો આપણે બૉમ્બે ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચર લોઝ એકટ-૧૯૪૮, હું તો આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું કે, આવા જે કાયદાઓ છે જેમાં અનેક સુધારાઓ થયા છે, અનેક એમેન્ડમેન્ટ થયા છે અને એનું સુધારેલું પુસ્તક અવેલેબલ ન હોય તો કદાચ માર્કેટમાં અવેલેબલ હોય અને લાયબ્રેરીમાં ન હોય, આપણે ખરીદીને લાયબ્રેરીમાં રાખીએ, માર્કેટમાં અવેલેબલ ન હોય તો સરકાર પ્રિન્ટ કરાવીને રાખે કે જેથી આવી મુશ્કેલીઓ નહીં થાય. આપને પણ સરળ પડશે, આપના તંત્રને પણ સરળ પડશે અને આ ગૃહના સભ્યશ્રીઓને પણ સરળ પડશે કે અમે જ્યારે આ વાત કરવા આવીએ છીએ ત્યારે આ પ્રકારની ચર્ચાઓ કરવા આવીએ છીએ ત્યારે અમારી પાસે એ વસ્તુ હાથમાં હોય. મને સમજાતું નથી, ઘણા માનનીય સભ્યશ્રીઓ ૧૯૫૮ની અને ૧૯૫૫ની વાત કરે. મને લાગે છે કે કદાચ આમાં ઊંડી ચાંચ ડુબાડીએ તો હકીકતથી વાકેફ થઈ શકીએ તેમ છીએ અને એટલા માટે કે અહીં વાત આપણે કરી શકીએ પણ એક નાની વાત છે એનાથી કેટલું મોટું રક્ષણ આપણને મળતું હોય છે ૧૫ કિલોમીટરની બહાર ખેડૂત જમીન ન ખરીદી શકે એના માટેની જોગવાઈ હતી એ પછી ૮ કિલોમીટર કરી. સાહેબ, પહેલાં ૧૫ કિલોમીટર હતી, પછી ૮ કિલોમીટર કરી અને પછી આપણે નાબૂદ કરી. અને એ ૮ કિલોમીટરનો કાયદો આપણે નાબૂદ કર્યો. હું પણ એક ખેડૂત છું. એક સદ્ધર ખેડૂત હોય એને તો કદાચ બહુ ગમે તેવી વાત હોઈ શકે પણ સામાન્ય ખેડૂત, ગરીબ ખેડૂત એની કઈ હાલત થાય? અને આ માગ કોની હતી? આ માગ એક કલાસની હતી. માસની માગ નહોતી. આપણે એને સરેન્ડર થયા. આજે કેટલાય એવા સામાન્ય ખેડૂતો સુરતની આજુબાજુ નજર કરો, અમદાવાદની આજુબાજુ નજર કરો તો આપણને ખ્યાલ આવે કે સામાન્ય ખેડૂતની જમીન પડાવી લેવામાં આવી છે. હું આ શબ્દ વાપરીશ પડાવી લેવામાં આવી અને એ જમીનો પછી કયા ભાવે વેચાઈ? આપણી એક નાની સરખી ભુલ હું તો કહું છું કે આપણી એ વખતની ઉતાવળ આ ગૃહના માનનીય સભ્યશ્રીઓને કદાચ મહદ અંશે હું તો કહીશ આ પાર્ટી કે તે પાર્ટી નથી. બહુમતી માનનીય સભ્યશ્રીઓ એ સામાન્ય, ગરીબ અને મધ્યમ વર્ગની ચિંતા કરનારા સભ્ય આ ગૃહમાં આવે છે પછી એ ભારતીય જનતા પક્ષના નિશાન પર ચુંટાય કે એન.સી.પી.ના નિશાન પર ચુંટાય, કોંગ્રેસના નિશાન પર ચુંટાય કે અપક્ષ ચુંટાઈને આવે એ સામાન્ય વર્ગની ચિંતા કરનારો માણસ આવે છે. હા, આવ્યા પછી કદાચ એમાંનો એકાદો કલાસ કાં બગડી જતો હોય અથવા તો બગાડવામાં આવતો હોય છે એવું બની શકે પરંતુ મહદ અંશે આ ગૃહના સભ્યશ્રીઓ સામાન્ય માણસની ચિંતા કરતા હોય છે અને એ ૧૫ કિલોમીટરનો કાયદો ૮ કિલોમીટર અને ૮ કિલોમીટરનો કાયદો

ઝીરો કરવાની જે વાત આવી એમાં નુકસાન કેટલું થયું? આજે માનનીય મંત્રીશ્રી જંત્રીની વાત કરતા હતા આપણે કઈ હદ સુધી જંત્રીમાં પહોંચ્યા છીએ. આપણે નવી શરત, જુની શરતની વાત કરી છે. આપણે કયાંક તંત્રના હાથમાં સત્તાના સુત્રો આપીએ છીએ. કેવા તોડ થાય છે એ નકકી કરવામાં? કેવી રીતે જંત્રીની કિંમત નકકી થાય છે? એક ઉદ્યોગપતિ પહોંચતો માણસ હોય એની ગોઠવણમાં પડે, એના ટયુન પર તંત્ર ડાન્સ કરે અને જંત્રી નકકી થાય અને એક સામાન્ય માણસ હોય એની હાલત શું થાય? માણસ કયારે દસ્તાવેજ કરવા જતો હોય છે? ગ્રામ્ય વિસ્તારમાં જમીનને મા ગણનારો માણસ છે અને જમીનનો વેપાર એ નથી કરતો એ એમ કહે છે કે આ મા કહેવાય અને મા નો વેપાર ન કરાય. એ બિલ્ડરો, એ જમીનના માફીયાઓ જેમને માત્ર ધનની લાલસા છે એ જમીનનો વેપાર કરતા હોય છે પરંતુ એ જમીનના વેપારની સાથોસાથ સામાન્ય અને નાના ખેડૂતનું શોષણ કરતા હોય છે. આપણે એને રક્ષણ આપવાની ચિંતા કરીએ છીએ ખરા? આપણને એના દુઃખનો, દર્દનો અહેસાસ છે ખરો? અને એ જો દુઃખ અને દર્દના અહેસાસની ચિંતા આપણે કરવી હોય તો? આટલા વર્ષોથી આ ચાલે છે. ૧૯૫૧નો એમેડમેન્ટ રાતોરાત કદાચ આપણે રીપીલ નહીં કરીએ તો બહુ ફરક નથી પડવાનો. થોડાક કાગળીયાઓ વધારે સાચવવા પડશે તો લાયબ્રેરી, પુસ્તકો સાચવશે એની બહુ ચિંતા, ઉતાવળ કરવાની જરૂર નથી. મારી તો એ વિનંતી છે કે પ્રવર સમિતિને આ બીલ સોંપો. રીપીલ કરતા પહેલાં પ્રવર સમિતિને અભ્યાસ કરવા દો કે આ જે જે સુધારા છે એ ઓરીજીનલ એકટમાં પ્લાન્ટ થઈ ગયા છે ખરા? ઈફ યસ, તો પછી એ પણ જોવું પડે કે એમના રૂટ એસ્ટાબ્લીશ થઈ ગયા છે ખરા ત્યાં? ઈફ યસ, એમેડમેન્ટ એકટ કાઢવામાં કોઈ ચિંતા નથી. એમેડમેન્ટ એકટને આપણે રદ કરીશું. આવતા સત્રમાં ચર્ચા કરીશું. લઈને આવીશું. ચાર-છ મહિનામાં ૧૯૫૧નો એમેડમેન્ટ એકટ આજે જ થઈ જાય, રદ કરવાનો છે. આ કંઈ નવું આપીને લઈ લેવાનો નથી. આ તો એક સરળીકરણ માટે થઈને આપણે કરીએ છીએ કે આ વધારાના કાયદાઓ છે જે ઓરીજીનલ એકટમાં પ્લાન્ટ થઈ ગયા હોય તો ચાલુ રાખવાની કોઈ જરૂરિયાત નથી. સારું કરીએ. વાંધો નથી અમને પણ એની જે ચિંતા છે. એનો જે રૂટ છે, એ ચકાસવાનો પ્રયત્ન આપણે કરવો પડશે. મેં પ્રયત્ન કર્યો હતો. ગઈ કાલે કાયદા પંચના એ વખતના ચેરમેન જસ્ટીસ કાપડિયા સાથે વાત કરવાનો મેં પ્રયત્ન કર્યો હતો. કેમ કે મારી ચિંતા એ હતી કે અમુક જે એમેન્ડમેન્ટ ઓરિજનલ એકટમાં પ્લાન્ટ થયા છે તેવું એમનું કહેવાનું છે. એમના રૂટ એસ્ટાબ્લિશ થયા છે તેવું એમનું કહેવાનું છે. લાયબ્રેરીના પુસ્તિકામાં એ એમેન્ડમેન્ટ કયાંય મને દ્રષ્ટિગોચર થતું નથી. જ્યારે પંચ જોવા બેઠું ત્યારે કયા ઓથરના કયા પુસ્તક નીચે એમણે આ ચકાસણી કરી છે. કમનસીબે મારા ત્રણેક પ્રયત્નો છતાં સંપર્ક નથી કરી શક્યો. કાયદા વિભાગના સચિવશ્રી હાઈકોર્ટમાં બીઝી હતા. એમનો સંપર્ક નથી કરી શક્યો. ત્યારે કેટલીક વખત થોડો ઘણો વિલંબ ઘાતક નથી હોતો,પણ આંધળુકિયા કરીને, ઉતાવળિયા કરીએ તે ઘાતક પુરવાર થતીં હોય છે, એટલા માટે આશા અને અપેક્ષાઓ રાખું છું કે આજને આજે રિપીલ કરવાની ઉતાવળ કરવાના બદલે સામાન્ય માણસના ચિંતાનો વિષય છે, ત્યારે આપણે આ બિલ પ્રવર સમિતિને સોંપીએ, એ ચકાસી લે, અથવા આપણને એમ લાગતું હોય તો વિધાનસભાના બંને પક્ષના સભ્યશ્રીઓ જમેને ગણોતિયાની ચિંતા હોય, સામાન્ય માણસની ચિંતા હોય. માત્ર એટલું ચકાસવાનું છે કે એમેન્ડમેન્ટ છે એ ઓરિજનલ એકટમાં બરાબર પ્લાન્ટ થઈ ગયા છે. એ ઓરિજનલ એકટના પુસ્તકમાં દ્રષ્ટિગોચર થાય છે? એમના સબસિકવન્ટ જે કાર્યવાહી કરવાની છે. આપણે વિધાનસભામાંથી એમેન્ડમેન્ટ પસાર કર્યો પછી એ રાષ્ટ્રપતિશ્રી વતી ગવર્નર સાહેબની મંજૂરી એ પછીના સબસિકવન્ટ સ્ટેપ્સ છે, જેના પછી વિધાનસાભાએ પસાર કરેલ વિધેયક એ કાયદાનું સ્વરૂપ લેતું હોય છે, એ કાયદાનું સ્વરૂપ લેવાવાના કોઈ સ્ટેપ ઉપર કોઈક જગ્યાએ કયાંય કોઈ વસ્તુ બાકી તો નથી ને? અને એ બાકી હશે તો ઓરિજનલ એકટમાં પ્લાન્ટ નહિ થયું હોય અને એ ઓરિજનલ એકટમાં પ્લાન્ટ નહિ થયું હોય તો આજે રિપીલ કરીશું તો તેની અસર બહુ ખરાબ પડશે. એ બેમાંથી એક સૂચન તરફ સરકાર વિચારે, એવી વિનંતી કરું છું. ફરી વખત માનનીય મહેસૂલ મંત્રીશ્રીનો આભાર માનું છું કે બિલનો સ્કોપ ઘણો એમના પ્રવચનથી વાઈડન્ટ કરી આપ્યો, એટલા માટે બીજા સભ્યશ્રીઓ વિસ્તૃત ચર્ચામાં ભાગ લઈ શકે, એટલા માટે આટલી વાત કરીને બેસું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી માનનીય મહેસૂલ મંત્રીશ્રી આનંદીબેન પટેલ આજે આ સભાગૃહની અંદર ગુજરાતના અધિનિયમ રદ કરવા બાબતનું વિધેયક ૨૦૦૯ લઈને આવ્યા છે, એમાં મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

જે સુધારા વધારા આજે રદ કરવા માટે આ ગૃહની અંદર ચર્ચા ચાલે છે, તેમાં મુંબઈ ગણોતધારાના મોટા ભાગના સુધારાઓ અને મુંબઈનો ગણોતનો કાયદો એ ખરેખર જૂનો કાયદો છે. આ કાયદો રાજ્યના ખેડૂતોના હિતમાં અને ગણોત હક્કનું રક્ષણ કરવા માટે આખા રાજયની જમીનની નીતિ નક્કી કરવા માટેનો કાયદો હતો. ૧૯૪૮ નો કાયદો અને ૧૯૪૮ પહેલા પણ દિલ્હીની અંદર મહેસૂલ મંત્રીઓની પરિષદ મળી હતી. એની અંદર કરપ્પા કમિટીની નિમણૂક કરવામાં આવી હતી. એના ઉપર સૂચનો લેવામાં આવ્યાં હતાં. આ કરપ્પા કમિટીની અંદર એવા પણ સૂચન થયાં હતાં કે ખેડૂતોની વ્યાજબી ધોરણ માટેની આવક પૂરી પાડી શકે તેવો કાયદો હોવો જોઈએ. આ કાયદો સામાન્ય કદના કુટુંબને પૂરો સમય રોજગારી આપી શકે તેવો હોવો જોઈએ. બળદની એક જોડ પૂરતું કામ આપી શકે તેવો કાયદો હોવો જોઈએ. દિલ્હીની એ વખતની કરપ્પા કમિટીમાં આ નિર્ણય લેવાયો

હતો. સ્વિડિશના મોટા અર્થશાસ્ત્રી જેમને નોબલ પારિતોષિક ઇનામ મળેલ છે, એવા ગુનાર મીનરલ. એમણે આ કાયદા માટે એવું કહ્યું હતું કે દક્ષિણ એશિયાનો આ સર્વશ્રેષ્ઠ કાયદો છે. એના અમલ માટે સંતોષ વ્યક્ત નહોતો કર્યો, એટલા માટે વારંવાર અમલ માટે સુધારા વધારા થતા આવ્યા છે. આજનો અમલમાં છે એ ૧૯૪૮ નો ગણોતધારાનો કાયદો એ મુંબઈની વિધાનસભાની અંદર ૧૧ મી સપ્ટેમ્બર ૧૯૪૮ ના રોજ રજૂ થયો. માનનીય અધ્યક્ષશ્રી, ૩૦મી સપ્ટેમ્બરે મુંબઈ વિધાનસભાએ ત્રણેય વાંચનમાંથી પસાર કર્યો હતો. આ એ મુંબઈ વિધાનસભાની અંદર પણ ચર્ચાની અંદર પ્રવર સમિતિની કમિટિનો અભિપ્રાય લેવા માટેની માગણી થઈ હતી. પરંતુ ચર્ચાને અંતે મુંબઈ વિધાનસભાએ પણ તે કાયદો ૩૦મી સપ્ટેમ્બરે પ્રવર સમિતિને નહીં મોકલતાં આ બિલ પસાર કરીને આજનો કાયદો પસાર કરેલો. ગુજરાતની સ્થાપના થઈ તે પહેલાં પણ નવ વખત આ કાયદાનો સુધારો વધારો કરવામાં આવ્યો છે. રાજયની સ્થાપના પછી પણ ખેડૂતના હકક, હિતનું રક્ષણ થાય અને એટલા માટે આ રાજયની અંદર ઘણા બધા સુધારા વધારા થયા છે. ૧૨મી વિધાનસભાની વાત કરું હમણાં ત્રીજા સત્રમાં તો માનનીય મહેસૂલ મંત્રીએ ઐતિહાસિક સુધારા કર્યા છે. રાજયના ખેડૂતના હિતમાં અને ગણોત હિતમાં સુધારા વધારા કર્યા છે.તેમાં વાત કરવા જઈએ તો ગણોત ધારાની કલમ-૪૩(ડી) તે આ વિધાનસભાની અંદર રદ કરી હતી. કલમ-૬૫ જે ખેડૂતોને મુશ્કેલીવાળી હતી અને જયારે વરસાદ ન પડે દુષ્કાળ પડે અને ખેતીની જમીન પડતર રહે તેવા સંજોગોમાં જે જમીનો સરકાર દાખલ થતી હતી આવી આકરી કલમો આ રાજયના માનનીય મહેસૂલ મંત્રી આનંદીબહેને આ સભાગૃહની અંદર બિલ લાવીને રદ કરાવી છે. હમણાં વાત કરતા હતા વિરોધપક્ષના નેતા. આઠ કિલોમીટરનો કાયદો. ખૂબ જ કાળો કાયદો ગણાતો હતો તે અમારી સરકારે રદ કરેલો છે તે સૌ જાણે છે. કાયદા પંચની વાત કરવા જઈએ તો કાયદાપંચે ૩૩ સુધારાની અંદર તેના પૂરતા કારણો સાથે આજે તે કાયદો મૂળ કાયદાની અંદર સમાયેલ હોય ત્યારે હવે આ કાયદાના આ સુધારાની આવશ્યકતા નહીં હોવાથી આ સુધારા માટે આવ્યો છે. આ સુધારાથી વહીવટની ખૂબ જ સરળતા થશે અને તેના કારણે એક બે પેઈજના જે સુધારા હતા અને મૂળ એક પુસ્તકના કાયદામાં હતા, ત્યારે હું માનું છું કે નાના કોન્ટ્રાડીકશન થતા હતા તે થશે નહીં. આ બાબતમાં નામદાર હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યા છે તે પ્રમાણે સુધારા થશે એટલે માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તેને હું આવકારું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજયના મુખ્યમંત્રીશ્રી અને રાજયના મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે. તમે પચાવી શકવાના નથી અને તમારો આ વિષય નથી. મારે એટલા માટે અભિનંદન આપવાં છે કે ખૂબ લાંબા સમય પછી જે કાયદાઓ સુસંગત નથી તેવા સુધારાઓ રજૂ કરવા માટે જે આ વિધેયક લઈને આવ્યા છે તેને હું મારો ટેકો આપું છું. ખુમાનસિંહ આપ બહાર નીકળજો પછી વાત કરી લઈશું. અહીં શું જવાબ આપવો. સાહેબ, કેટલાક લોકો એવા છે કે જેને વિઘો ભોંય નથી અને ભોંયની ચિંતા કરે છે તેમાંના ખુમાનસિંહ એક છે. મારે વાત કરવી છે કે માનનીય મહેસૂલ મંત્રીએ જે સારી ભાવનાથી આવા જયારે સુધારા, અધિનિયમો રદ કરવા માટે જે વિધેયક લઈને આવ્યા છે ત્યારે હું આ અધિનિયમ પર ચર્ચા કરતાં પહેલાં આના થોડા ઈતિહાસને પણ યાદ કરી લઈએ. એટલા માટે આમાં ૩૩ જેટલા અધિનિયમોનો જે સુધારો છે તે રદ કરવા માટેની ચર્ચા છે. મારે આપને એટલા માટે યાદ અપાવવું પડે અને આ રસપ્રદ એટલા માટે છે કે આ પૈકીના ૧૧ જેટલા સુધારા તો મુંબઈ રાજય વખતે થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦-૬૧ પહેલાં પરિસ્થિતિ એ હતી કે મુંબઈ રાજયનું અસ્તિત્વ હતું, ગુજરાત રાજય ન હતું, અને એવા સંજોગોમાં વિદર્ભથી લઈને અંબાજી સુધી મુંબઈ રાજય અમલમાં હતું એ દિવસોમાં દ્વિભાષી પદ્ધતિ અમલમાં આવ્યા પછી જે ભાષાવાદ પ્રાંતની રચના થઈ એમાં ગુજરાત રાજયની રચના થઈ, એટલે આ જે ૩૩ સુધારાઓ છે એ પૈકીના ૧૧ જેટલા સુધારાઓ મુંબઈ રાજયની વિધાનસભામાં પસાર થયેલા સુધારાઓ છે, ત્યારથી ૧૯૬૧થી લઈને ૧૯૮૭ સુધી જે ૨૨ જેટલા અધિનિયમો જેની ચર્ચામાં છે એ ગુજરાત રાજયની સ્થાપના પછી એવા જે અધિનિયમો છે, જે સુધારાઓ છે જે ઓલરેડી અમલમાં આવી ગયા છે એની આપણે ચર્ચા કરીએ છીએ.

મુંબઈ રાજય જ્યારે અસ્તિત્વમાં હતું ત્યારે મોટા ભાગના આપણા કાયદાઓ બૉમ્બે લેન્ડ એન્ડ ટેનન્સી એકટ કે બૉમ્બે પોલીસ એકટ, બૉમ્બે પ્રોહીબીશન એકટ, બૉમ્બે સિવિલ સર્વિસ રૂલ્સ એ પ્રમાણે મુંબઈના નામ સાથે જોડાયેલા આ બધા કાયદાઓ હતા. આપણે ૧૯૮૭ સુધી આ જે સુધારાઓ થયા એ સુધારાઓને સંમિલિત કરીને જે પુસ્તિકા આખી જે બહાર પડી ૧૯૮૮માં ત્યાર પછી આજ દિન સુધીમાં ૨૦-૨૧ વર્ષનો સમય વીતી ગયો છે. મને ચિંતા એ છે કે, વિપક્ષના નેતાશ્રી જ્યારે ચિંતા કરતા હતા ત્યારે અમને એમ થાય કે આ બધું ૧૯૬૧થી શરૂ થયેલું ૧૯૮૭ અને ત્યાર પછી એના પ્લાન્ટેશન કરવાની જવાબદારી અમારી નહોતી એ તો સત્તાસ્થાને બેઠેલા લોકોની હતી, તમારી હતી. એ માટે અત્યારે એટલા માટે યાદ અપાવવું પડે છે કે આ ગુજરાતમાં સત્તા પરિવર્તન થયું આવા કેટલાક કારણોસર અને એ સત્તા પરિવર્તનમાં એવા લોકોની સરકાર આવી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત આ જમીન સુધારાઓની કરવી છે એ એટલા માટે કરવી છે કે જમીન માટેનો, ખેડૂતો માટેનો કાળો કાયદો કહેવાતો તે દિવસોમાં ૧૯૯૫ પહેલાની વાત કરું છું. આ દેશમાં કે ગુજરાત રાજયમાં કોઈપણ ઉદ્યોગપતિ, મુંબઈનો ઉદ્યોગપતિ સુરતમાં ફૅકટરી નાખી શકે, રાજકોટનો ઉદ્યોગપતિ લીમડીમાં ફૅકટરી નાખી શકે, કલકત્તાનો ઉદ્યોગપતિ અમદાવાદનમાં ફૅકટરી નાખી શકે પણ ગુજરાતનો ખેડૂત પાસે સૂકી

જમીન હોય, વરસાદ પડતો ન હોય, તો એવા સંજોગોમાં એ સૂકી જમીન કાઢીને જ્યાં પાણીની વ્યવસ્થા હોય એવા વિસ્તારમાં એ જમીન ખરીદી શકે અને ગુજરાતનો ખેડૂત શાંતિથી જીવી શકે, ગુજરાતના ખેડૂતને પોષણક્ષમ ભાવ મળી શકે, ખેતીમાંથી એ ખેડૂત પોતાના કુટુંબનું જીવન નિર્વાહ કરી શકે એ પ્રકારનો જે કાળો કાયદો ગુજરાતના વિકાસને રોકતો હતો એ વિકાસને રોકતા કાયદાને દૂર કરવાનું કામ અમારી સરકારે કર્યું છે, અને એનું આજે પણ અમે ગર્વ લઈ શકીએ છીએ અને એના પરિણામે આજે ઉત્તર ગુજરાત હોય કે સૌરાષ્ટ્ર હોય કે ડુંગરાળ કે ખડકાળ વિસ્તાર પંચમહાલ કે જુનાગઢના વિસ્તારમાં જ્યાં પાણી નથી પડતું એવા વિસ્તારોમાંથી લઈને આ ખેડૂતોએ પોતાની જમીનો લઈને પોતાના જીવનનિર્વાહ માટે, જીવન ટકાવી શકે. સાહેબ, પરિસ્થિતિ એ હતી સૌરાષ્ટ્રમાં કે ગામડાઓ ખાલી થઈ રહ્યાં હતાં, ગામડાઓ ભાંગી રહ્યાં હતાં. આ ભાંગતાં ગામડાઓએ ટકાવવા માટે, ગામડાઓના યુવાધનને બચાવવા માટે સરકારે જે પગલાં લીધાં હતાં એ હિંમતવાન પગલાં હતાં ને ગુજરાતના વિકાસ માટે એક અગ્રેસર પગલું હતું એમ કહીએ તો ચાલે અને એને બિરદાવતાં આજે અમને એટલો જ આનંદ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એ હતી એમણે જમીનના માફિયાઓની વાત કરી છે ત્યારે આજથી પંદર કે વીસ વર્ષ પહેલાં પરિસ્થિતિ ગાંધીનગરમાં એ હતી કે સચિવાલયમાં જમીનના માફિયાઓ અને જમીનના દલાલો ખુલ્લેઆમ મંત્રીશ્રીઓની ચેમ્બરોમાં અને મંત્રીશ્રીઓના બંગલાઓમાં હતા આજે અમે ગર્વ સાથે કહી શકીએ એમ છીએ કે ગાંધીનગરમાં આવા જમીનના કોઈ દલાલની કે જમીનના માફિયાઓની એન્ટ્રિ લેવાની તાકાત નથી એ એટલા માટે છે કે અમે પારદર્શક વહીવટ આપ્યો છે અને પારદર્શક વહીવટના પરિણામે આ જમીનના માફિયાઓ અને આ જમીનના દલાલો ગાંધીનગરમાં પ્રવેશ કરવાની જીગર નથી કરી શકતા એ પ્રકારનું સર્જન આ ગુજરાતમાં ભારતીય જનતા પક્ષના શાસનમાં અને માનનીય નરેન્દ્રભાઈ મોદી જે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી છે એમના શાસનમાં અમે કરી શક્યા છીએ એનું ગુજરાત ગૌરવ લે છે અને સાડા પાંચ કરોડ ગુજરાતીઓ ગૌરવ લે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે, જ્યારે આ અધિનિયમ જ્યારે આજથી આપણે રદ કરવા આપણે જઈ રહ્યા છીએ ત્યારે અગાઉ ચર્ચા થઈ એ પ્રમાણે કાયદા પંચે પણ ભલામણ કરી છે અને એ પ્રમાણે હવે આ કાયદો જરૂરી નથી. માનનીય વિપક્ષના નેતા શકિતસિંહજીના સ્ટેટમેન્ટમાં એમણે જે કહ્યું છે એમાં એમનું એવું સ્ટેટમેન્ટ છે કે, આમાં નવું કાંઈ આપવાનું નથી અને બીજું કાંઈ લેવાનું નથી. પણ તો આપણને ઘણી વાર એવું થાય કે કયાંક ને કયાંય •* (આપવા લેવાની જે જૂની ટેવ છે )એ હજુ અમલમાં મૂકવા માગે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું આપ કહો એ પહેલા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, શબ્દો પાછા ખેંચી લો છો એ બરાબર છે પણ તમે લો ના વિદ્યાર્થી છો ત્યારે આપ જાણો છો કે શું બોલવું અને શું નહીં? તમે તમારા વિષય ઉપર બોલો વિષયની બહાર ન જાવ તો વધારે સારું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિષય પૂરતી જ વાત કરીશ. હું એટલા માટે આ વાત કરતો હતો કે આવા સુધારાઓ મુખ્ય અધિનિયમનો ભાગ પણ બની ચૂક્યા છે અને એ સંજોગોમાં આ અધિનિયમોને ચાલુ રાખવાની કોઈ જરૂરત જણાતી નથી અને ખાસ કરીને જ્યારે માનનીય મંત્રીશ્રીએ પોતાના નિવેદનમાં પણ સ્પષ્ટતાઓ કરી છે ત્યારે અનેક પ્રકારના જમીનને લગતા સુધારા, કાયદાઓ જે પસાર થયા છે એનાથી ગુજરાતના ખેડૂતોનું જીવન ધોરણ સુધર્યું છે, ગુજરાતના ખેડૂતોને જે આંટીઘૂટીઓ હતી અને અનેક પ્રકારની આંટીઘૂટીઓમાંથી જે રીતે પસાર થવું પડતું હતું એમાં સરલીકરણ કરવાનો જે પ્રયત્ન થયો છે એ પ્રયત્નોને કયારેય પણ ભૂલી શકાય એમ નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો ઉલ્લેખ નહીં કરી શકું પણ આ વિધાનસભા ગૃહમાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની બાબત કેટલી કઠિન અને મુશ્કેલ હતી, આ નવીમાંથી જૂનીમાં કરવાની એ અમને ખ્યાલ છે. નવી શરતમાંથી જૂની શરતની હું વાત કરું છું.(અંતરાય) ઈકબાલભાઈ, આ નવી જૂનીની વાત નથી. નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની વાત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ, તમે વિષયની ઉપર જ બોલો એવી હું ફરીથી તમને વિનંતી કરું છું. આ સભાગૃહની અંદર તમે ગંભીરતાથી પ્રવચન કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવા માટેની જે મુશ્કેલીઓ ગુજરાતના ખેડૂતોએ સહન કરી છે જે ગામડાના પરિવારોએ સહન કરી છે એનો અંદાજ કદાચ આ લોકોને ન હોઈ શકે પણ અમે તો એ સમસ્યાઓમાંથી બહાર આવ્યા છીએ એટલે અમને ખ્યાલ છે અને એ કાયદો જ્યારે થયો ત્યારે ગુજરાતના ખેડૂતો ખુશ ખુશાલ હતા કે આ નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેના જે કાયદાઓનું સરલીકરણ થયું હતું અને આવા પ્રકારના અનેક નિર્ણયો આ સરકારે લીધા છે અને એવા જ પ્રકારના એક નિર્ણય તરફ આજે આ સરકાર જઈ રહી છે ત્યારે એમના આ નિર્ણયમાં હું સહભાગી થાઉં છું અને જે વિધેયક માનનીય મહેસૂલ મંત્રીશ્રી લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

---

• (   ) સભ્યશ્રી દ્વારા આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મુંબઈ ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચર લેન્ડ એકટની અંદર જે સુધારાઓ લાવવા માટે ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબતનું જે વિધેયક લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશદ ચર્ચાઓ થઈ ગઈ છે એટલે વિશેષ બિલ પાછળના ઈરાદાઓ અને બિલ પાછળની તૈયારીઓ એ બાબત હું વિશેષ નહીં કહું. પરંતુ બિલ પાછળનો જે ઈરાદો છે એ સારો છે કે અનનેસેસરી મૂળ એકટ સિવાયના બધા જ આ પ્રકારના જેટલા જેટલા સુધારાઓ હોય એ સેપરેટ અલગ અલગ કાયદા તરીકે રહેવાના બદલે મૂળ એકટમાં એનો સમાવેશ થઈ જવો જોઈએ અને એના પછી આ સુધારાઓ જે થયેલા છે એ જુદા એકટ તરીકે રહેવાના બદલે એને રદ કરી નંખાય તો જે લોકો અભ્યાસીઓ છે અને નિષ્ણાતો છે અને સામાન્ય લોકો છે એને સમજમાં આવે એ રીતે એક જ એકટ અસ્તિત્વમાં રહે. અને એના માટે લો કમિશને પણ ભલામણ કરેલી છે અને લો કમિશને પાના નં.૩માં બહુ સ્પષ્ટ રીતે કહ્યું છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, માનનીય અર્જુનભાઈ તમારું વક્તવ્યુ ચાલુ રહે છે.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫ અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું જે કહેવા જતો હતો કે માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એ ખૂબ સારા ઈરાદાથી લઈને આવ્યા છે અને જે બિલ લઈ આવવામાં આવ્યું છે, આ પ્રકારના બિલો વારંવાર લઈ આવવા જોઈએ એવી કાયદા પંચે પણ ભલામણ કરેલી છે. જે કાયદાપંચના આધારે આ બિલ લઈ આવવામાં આવ્યું છે એ કાયદા પંચે પણ આ પ્રકારે તેમની ભલામણ કરી છે. પેઈજ-૩ માં કહ્યું છે કે,

**Quote:**

Repealing and amending acts are enacted by the legislature from time to time in order to repeal enactments which have ceased to be in force or have become obsolete or the retention thereof has separate acts is quite unnecessary. The principal object of such acts is to ‘excise dead matter, prune of superfluities and reject clearly inconsistent enactments’. An Act of this kind may be regarded as “a legislative scavenger”, vide A.I.R.૧૯૫૫ Punjab Mohinder Singh V/s. Mrs. Harbhajan Kaur (Bindras P.૫૮૦ & ૫૮૧).

**Unquote:**

માનનીય અધ્યક્ષશ્રી, હું તો એવો સુઝાવ આપું છું કે, આ પ્રકારના જયારે એમેન્ડમેન્ટસ આવે, એના પછીના તુરતના સમયની અંદર જ આ પ્રકારના બિલો લઈ આવી અને જે ભલામણ કરેલી છે લેજીસ્લેટીવ સ્કેવેન્જર્સની એ તુરત થઈ જવી જોઈએ, જેનાથી જે આપણી સ્ટેચ્યુટ બુક છે કે ઓર્ડિનન્સની બુક છે કે એક્ટની બુક છે એની અંદર બહુ વધારે રિફર ના કરવું પડે અને સરળતા થઈ જાય, છતાં આ પ્રકારે આ સુધારાઓ જે રદ કરવા માટેના આવ્યા છે એ સુધારાના ભાવની સાથે બધા જ સંમત છે, ભલામણો પણ થયેલી છે અને એ મુજબ અહીંયા આ બિલ લાવવામાં આવેલું છે, માનનીય મંત્રીશ્રી જ્યારે આ બિલના ઉદ્દેશો રજૂ કરતા હતા ત્યારે વિગતે આ બિલની ચર્ચાઓ થયેલી છે, આ જે બિલ લઈ આવવામાં આવ્યું હતું મુળ બિલ, એનો હેતુ ૧૯૪૭માં આપણને રાજકીય આઝાદી મળી, પણ એ આઝાદીના ફળ છેવાડાના માનવી સુધી પહોંચે, એ ભાવને કારણે આ બિલ લાવવામાં આવેલું, આ જે બોમ્બે એકટ છે એની પહેલાં બ્રિટિશ એક્ટ અસ્તિત્વમાં હતો, કોઈ કોઈ જગ્યાએ જે પ્રગતિશીલ રાજાઓ હતા એમણે પણ જમીનો માટેના કાયદાઓ અને થોડાં ઘણા અધિકારો ખેડૂતોને, ગણોતિયાઓને આપ્યા હતા. પરંતુ આ દેશના મોટાભાગના ખેડૂતો એવા હતા જેની કક્ષા વેઠિયા મજૂરોથી ઉંચી નહોતી, અને એને આઝાદીના ફળ છેવાડાના લોકોને મળે એના માટે આ કાયદો મુંબઈ ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચરલ લેન્ડ એકટ, ૧૯૪૮નો અસ્તિત્વમાં આવ્યો. આની સાથે જ સૌરાષ્ટ્રનો એકટ વધારે પ્રગતિશીલ રીતે અસ્તિત્વમાં આવેલો હતો અને એ એક્ટ કદાચ હિંદુસ્તાનના ઈતિહાસની અંદર સૌથી વધારે પ્રગતિશીલ એકટ કહેવાતો. એ એકટ હતો સૌરાષ્ટ્ર ઓર્ડિનન્સ ૪૧ ઓફ ૧૯૪૯, એના દ્વારા, આ બન્ને એક્ટ દ્વારા આ રાજયનો જે ખેડૂત વેઠિયા ખેડૂત તરીકે કામ કરતો હતો એને અધિકાર જમીન ખેડવાના, જમીનનો કબજો ધરાવવાના અને જમીનના માલિક બનાવવાના એમને અધિકારો અપાયા. માનનીય મંત્રીશ્રીએ રેવન્યુના કાયદાઓની પણ વાત કરી. રેવન્યુના કાયદાઓ છે તે બ્રિટિશ રાજે આપણને આપેલા છે. ઘણું બ્રિટિશ રાજની અંદર જે ઈન્ડાયરેકટલી સારું આપણને આપવામાં આવ્યું છે તેમાંનું કોઈ હોય તો એ કાનૂનો અને રેવન્યુના કાનૂનો જે આજે પણ આપણે તેને અનુસરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમુક કાયદા તો રેવન્યુના એવા છે કે તેને સુધારવા જતાં ઉલટાની મુશ્કેલીઓ ઉભી થઈ છે. મૂળ કાયદાઓ એવા સારા હતા. એટલે આ કાયદો આવ્યો માનનીય અધ્યક્ષશ્રી, તે કાયદો એ પ્રકારનો હતો કે જેનાથી ખેડૂતને, ખેતી કરતા લોકોને રક્ષણ મળ્યું. અને ખેડે તેની જમીન તે જે અધિકાર આપવાની વાત હતી તે પહેલી વખત આ કાયદાઓ દ્વારા અપાઈ. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, તે કાયદાઓની અંદર સમયાંતરે જુદી

જુદી જરૂરિયાતો ઉભી થઈ અને તેમાં જુદા જુદા સુધારાઓ સમય પ્રમાણે અપાતા ગયા. મુંબઈ રાજયે પણ અગિયાર જેટલા સુધારાઓ કર્યા અને ગુજરાતે પણ લગભગ ૨૨ જેટલા સુધારાઓ સમય પ્રમાણે કરતા રહ્યા. કેટલાંક કાયદાઓ કદાચ જરૂરિયાત હશે કેટલાંક કાયદાઓ એવા થયા જે માત્ર સ્થાપિત હિતોને મદદ કરવા માટે બનાવવામાં આવ્યાં. અને તેનો હેતુ જે મૂળ ખેડૂતને મદદ કરવાને બદલે સ્થાપિત હિતોને મદદ કરવાની વાત આવી. સૌરાષ્ટ્રે માનનીય અધ્યક્ષશ્રી, એવો કાયદો બનાવ્યો કે જેની અંદર જાતે ખેતી ના કરે એ કોઈ દિવસ ખેડૂત બની જ ના શકે. અને તેને કારણે આજે જે ગણોતના જે કાયદાઓ છે તેની મુશ્કેલી સૌરાષ્ટ્ર સિવાયના પ્રદેશોમાં સૌથી વધારે છે અને તેનો દુરઉપયોગ પણ સૌથી વધારે થાય છે. સૌરાષ્ટ્રની અંદર આજે એક પણ ગણોત ધારા હેઠળનો કેસ જોવા ના મળે. એક સમય એવો હતો માનનીય અધ્યક્ષશ્રી, કે ઢેબરભાઈ આ કાનૂન, સૌરાષ્ટ્ર ઓડિનન્સ લઈ આવ્યા

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ, મોહનભાઈ અને પંકજભાઈ સભાગૃહની અંદર ગંભીર ચર્ચા ચાલે છે આપની વાતોનો અવાજ અહીંયા સુધી આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રનો કાયદો એ પ્રકારે બનાવવામાં આવ્યો કે ખેડૂતના અધિકારો આપવા માટે, ગણોતિયાને અધિકાર આપવા માટે ટાઈમ બાઉન્ડ પોગ્રામ બનાવવામાં આવ્યો. અને એ ટાઈમ બાઉન્ડ પોગ્રામની અંદર એ વખતે જમીનદારોની એટલી ધાક હતી કે સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતો છે તે ખેડૂતોતો જે રોડ રાહત ધારા અને ઘરખેડ એકટ હેઠળ ફોર્મ ભરવા ના આવે. તે ફોર્મ ભરવા પણ તૈયાર ના હતા. અને તે વખતે માનનીય અધ્યક્ષશ્રી, રતુભાઈ અદાણી અને સ્વર્ગસ્થ કરમશીભાઈ મકવાણા તેમને સાથે રાખી અને આખા સુરેન્દ્રનગરની અંદર જીવના જોખમે ફર્યા અને એ વખતે ખેડૂતો પાસે ફોર્મ ભરાવ્યાં. માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે સૌરાષ્ટ્રની અંદર જમીનદારી પ્રથા એટલી તકલીફવાળી હતી કે જો તે વખતે આ સુધારાઓ ન લઈ આવ્યા હોત તો બિહારનું પુનરાવર્તન થાય એવી સ્થિતિ થાત. એ પુનરાવર્તન કરવાનો પ્રયાસ પણ જે તે વખતે અમુક સ્થાપિત હિતોએ કર્યા તેણે ભૂપત બહારવટિયાનું સર્જન કર્યુ છતાં પણ જે તે વખતની કોંગ્રેસની સરકાર અને તેના મંત્રીઓ જાનના જોખમે લડ્યા અને આ કાયદાનો અમલ કરાવ્યો. સૌરાષ્ટ્રના ખેડૂતો છે તેના દ ારની અંદર આજે કોઈનો પણ ફોટો હોવો જોઈએ તેમ માનતા હોય તો એમ કહે છે ઢેબરભાઈ તેના કારણે આજે સૌરાષ્ટ્રના ખેડૂતો જમીનના માલિકો બન્યાં, સમૃદ્ધ બન્યા બીજી જગ્યાએ ગયા અને સુખી થયા. આ મુંબઈ જે એકટ છે થોડો મજબૂત નહોતો અને તે પછી પણ તેમાં મજબૂતી લઈ આવવાના પ્રયાસો થયા અને તેમાં સમયાંતરે જુદા જુદા સુધારાઓ પણ થતાં આવ્યાં. અહીંયા વાત થતી હતી કે બધાજ રેકોર્ડ અપડેઈટ રાખવા જોઈએ અને રેકોર્ડ અપડેઈટ રહેવા જોઈએ. પણ આ કાયદા પંચે જે અહેવાલ આપ્યો છે તે અહેવાલની અંદર ૨૫મા પાના ઉપર સ્વીકાર્યુ છે તેણે કે સૌરાષ્ટ્ર ઓડિનન્સ ૪૧ ઓફ ૧૯૪૯ આ એકટ રાજયની વિભાગ પાસે કે વિધાનસભાની લાયબ્રેરીમાં આ એકટ અને તેના જે સુધારાઓ છે તે સુધારાઓ ઉપલબ્ધ નથી. આની અંદર સુધારો કરવા માટેનો પંચનો પ્રયાસ હતો. એણે વાત સ્વીકારી છે. હું સભાગૃહનો સમય બચાવવા માટે એને વાંચતો નથી. પણ દરેક જગ્યાએ એણે લખ્યું છે કે આ સુધારો અવેલેબલ નથી. એટલા માટે આ જે કાયદાના સુધારા થયા એની સ્પષ્ટ સૂચનાઓ પણ વારંવાર જવી જોઈએ, એ જતી નથી. અને એને કારણે સુધારો થતો નથી. સુધારો એનકોરપોરેટ થતો નથી. એને કારણે મુશ્કેલીઓ ઉભી થાય છે.

આના સંદર્ભમાં એક પૂરાંવો પણ આપને આપવા માગું છું. માનનીય મંત્રીશ્રીને પણ આપના મારફતે કહેવા માગું છું કે સૌરાષ્ટ્રમાં બારખલીદાર નાબૂદી એકટ હતો. એ એકટ હેઠળ ઘણીબધી કાર્યવાહીઓ ચાલતી હતી. અને એમાં ૨૦૦૪ની અંદર આ એકટ નાબૂદ કરવામાં આવ્યો, કેના નીચે એબ્સોલેટ છે, કોઈ કાયદાઓ પેન્ડિંગ નથી વગેરે વગેરે કરીને ૨૦૦૪માં સુધારો કરીને બારખલીદાર એકટ નાબૂદ થઈ ગયો. એ દરમ્યાન જૂનાગઢ જિલ્લાના સુખપુર ગામનો એક બારખલીદાર ૧૫ એકર જમીન રીટેન કરવાના અધિકારો એને પ્રાપ્ત થયા હતા અને એની સામે અપીલ થઈ હતી. એ અપીલ ચાલતી હતી એ દરમ્યાન આ બારખલીદાર એકટ નાબૂદ થયો અને એ બહાનું આગળ ધરીને આ ખેડૂતોની અરજી રદ કરવામાં આવી. એટલા માટે કે હવે આ ૨૦૦૪માં આ બારખલીદાર એકટ નાબૂદ થઈ ગયો છે.

માનનીય મંત્રીશ્રીએ સાચી જ વાત કરી કે જૂના કેસો ચાલતા હશે એને તકલીફ નહીં થાય. આ જૂના કેસમાં તકલીફ થઈ છે. માનનીય મંત્રીશ્રી સુધારો લઈ આવે ત્યારે અથવા રદ કરે ત્યારે બહુ સ્પષ્ટ રીતે સૂચના આપવી જોઈએ કે આ જૂના ચાલતા કેસોને આ કોઈપણ ધારો નાબૂદ થવાથી કોઈ નુકસાન થશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વાત એવી થઈ કે શ્રેષ્ઠ કાયદાઓ હતા, જે મુંબઈ રાજયે જે તે વખતે બનાવ્યા હતા. અને એમાં વખતોવખત સુધારા પણ થયા હતા. અને સુધારાઓ કેવા થયા? અમારા નેતા શકિતસિંહભાઈએ વાત કરી અને મને આશ્ચર્ય એ વાતનું થયું કે આત્મારામભાઈ પરમાર જેવા અમારા સાથી દલિતોના હિતની વાત કરે છે અને બીજી વાતો કરે છે, આના માટેના સુધારા એનકોરપોરેટ કરાવશે, એના બદલે જે સ્થાપિત હિતો માટે કાયદાઓના સુધારા થયા હતા, એની વકીલાત કરવા આવ્યા. માનનીય આત્મારામભાઈને મારી વિનંતી છે કે આપે જે ભાષણ અહીંયા આપ્યું, એ ભાષણ સુરતથી અંબાજી સુધીના દલિત વિસ્તારમાં કે આદિવાસી વિસ્તારમાં કરવાની હિંમત કરી બતાવે.

માનનીય અધ્યક્ષશ્રી, આઠ કિલોમીટરની ત્રિજયાનો કાયદો શું કામ બનાવવામાં આવ્યો હતો? એટલા માટે બનાવવામાં આવ્યો હતો કે કોઈપણ ખેડૂત, એ ખેતી કરવા માટે સાયકલ લઈને જાય, ઘોડા ઉપર જાય કે બીજા વાહન લઈને જાય. સવારથી સાંજે પાછો આવી જાય. (અંતરાય) મારૂતિ કાર ગુજરાતના કોઈપણ ખેડૂત (અંતરાય) દર વર્ષે નવી ખરીદે છે એ ભાષણમાં જરૂર કહી શકાય, બીજા રાજયમાં કહી શકાય. ગુજરાતનો ખેડૂત (સતત અંતરાય) ખેતર વેચીને થયા છે. ખેતર વેચીને થયા છે. જે લોકો ખેતી કરે છે એને જઈને પૂછો કે એમને મારૂતિ લેવી કેટલી સહેલી છે? એને તો સાયકલના પણ ફાંફા છે. એટલે આઠ કિલોમીટરની ત્રિજયાનો કાયદો એટલા માટે બનાવવામાં આવ્યો હતો કે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ખુમાનસિંહભાઈ, અર્જુનભાઈ બોલે છે, એમને ડિસ્ટર્બ ન કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આઠ કિલોમીટરની ત્રિજયાનો કાયદો એટલા માટે બનાવવામાં આવ્યો હતો કે ખેડૂત જાતે ખેતી કરે. અને એટલા માટે જ કે ખેડે તેની જમીન એનો સિદ્ધાંત જયારે આ કાયદો બનાવ્યો ત્યારે આ સિદ્ધાંતના આધારે જ આ કાયદો બનાવવામાં આવ્યો હતો. ઘરખેડની જમીન કે ખેડે તેની જમીનનો કાયદો એટલા માટે બનાવવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્રની અંદર ગણોતિયા એટલા માટે ઉભા ન થયા, એટલા માટે કે જે મૂળ જમીન માલિકો હતા, એમને ઋણ રાહત કાયદા હેઠળ વળતર એ વખતની કોંગ્રેસ સરકારના સમય દરમ્યાન આપવામાં આવ્યું હતું, પરંતુ ૮ કિલોમિટરની ત્રિજયાનો કાયદો એટલા માટે આવ્યો કે બિલ્ડરોને જમીન જોઈતી હતી, વિદેશોમાં રહેતા લોકોને ફાર્મ હાઉસ બનાવવાં હતાં, રાજકીય લોકોએ ભ્રષ્ટાચારથી ખેતરો લઈને તેમને પણ ફાર્મ હાઉસ બનાવવાં હતાં અને એટલા માટે જે લોકો આજે જાતે ખેતી કરીને મહેનત કરીને જે જમીન ખેડતા હતા, તેમને થોડાક વધારે પૈસા આપીને તેમની પાસેથી જમીનો પડાવી લેવાય અને એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. ના ખેડૂતો ખેતરોના માલિક હતા, જે સૈનિક સરહદ ઉપર લડતો હતો એ સૈનિકને સરકારે સાંથણીની જમીન આપી હતી, દલિતોને જમીનો આપી હતી આ બધી જ જમીનો બિલ્ડારો, ઉદ્યોગપતિઓ, બે નંબરના નાણાવાળા આ બધાએ આવી જમીનો ખરીદી લીધી અને આ ખેડૂતો હતા એ ખેડૂતમાંથી ખેતમજૂર બની ખેતરમાં મજૂરી કરવા લાગ્યા અને એટલા માટે આ જે ૮ કિલેમિટરની ત્રિજયાનો કાયદો છે એનો ફાયદો ખેડૂત કરતાં અનેકગણો આવા લોકોએ લીધો છે અને એટલા માટે આજે સુરતથી શરૂ કરીને વલસાડ સુધીની અને સૂરતની શરૂ કરીને અંબાજી સુધીની રોડ ઉપરની પ્રાઈમ લોકેશન ઉપરની તમામ જમીનો ૧ હજાર કે ૫૦૦ રૂપિયા વધારેઆપીને માલેતુજાર તત્વોએ એ ઝૂંટવી લીધી છે. આજે પરિસ્થિતિ એ થઈ છે કે આ ખેડૂતોનો જો સરવે કરવામાં આવે તો છેલ્લે આ કાયદો સુધાર્યા પછી ગુજરાતમાં કેટલા એસ.ટી., કેટલા એસ.સી. અને કેટલા ઓ.બી.સી. આ પ્રકારના લોકો હતા જે ખેતી ઉપર જીવન ગુજારતા હતા એ ખેડૂત મટીને કેટલા ખેતમજૂર થયા છે? એનો સરવાળો કરીએ તો આ ગૃહની પણ આંખ ઉઘડી શકે તેમ છે. એટલે મારી વિનંતી છે કે પોતાના આત્માને નજર સમક્ષ રાખીને બોલો. નંબર-૧ ખુશ થશે કે નહીં એની જરા પણ ચિંતા ન કરો, નંબર-૧ ની ચિંતા કરો છો એ તકલીફ છે. એટલે હું ઈચ્છતો હતો કે આવો કાયદો લઈ આવે, પરંતુ એ કાયદો ના લઈ આવ્યા, એ સુધારો ના લઈ આવ્યા એનું ગૌરવ લેવાય છે એનું મને દુ:ખ છે. અહીંયાં એમ કહયું કે ખેડૂતનું પ્રમાણપત્ર ૨-૨ વર્ષ પહેલાં મળતું હતું એ અમારી સરકાર આવ્યા પછી ઝડપથી આપવાનું કરી દીધું છે. ખેડૂતનું પ્રમાણપત્ર ખેડૂત હોય અને ના આપે એ કોઈ દિવસ ભૂતકાળમાં બનતું ન હતું, ખેડૂતનું પ્રમાણપત્ર ખેડૂત ૭-૧૨ નો ઉતારો લઈને જાય તો બીજા જ દિવસે એના આધારે મળી જવું જોઈએ, એ કોઈ ગૌરવ લેવા જેવી વાત નથી, પરંતુ ખેડૂતના પ્રમાણપત્રના નામે કેવા ખેડૂત બન્યા એમાં બહુ મારે ઉંડાણમાં જવું નથી.આશારામ પાસે જમીનો કયાંથી આવી, નિર્મલા ડેલ નામની બહેન છે એ શું કરવા ખેડૂત થઈ ગઈ, ભગવાન સાંઈના નામે સાબરકાંઠામાં જઈને ખેતીની જમીનો, જંગલની જમીનો પોતાના નામે કયાંથી આવી એની ચર્ચા કરવી જોઈએ. કારણ એટલું જ છે કે •(xxxxxx) છે એ કોઈના બાળકોનો બલિ કોઈને ગાદી ઉપર બેસાડવા માટે કરે છે એટલા માટે જમીન આપવામાં આવી છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે જે વ્યકિત આ ગૃહમાં હાજર નથી એનું નામ લઈને કેવી રીતે વાત કરી શકાય? *(xxxxxx)ની ટીકા અહીં કયાંથી થાય? (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : *(xxxxxxx)ની શું કામ ચિંતા કરો છો?

**શ્રી વજુભાઈ વાળા** : હું કોઈની ચિંતા કરતો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :માનનીય વજુભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, તેમને વાત કરવા દો. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આ ગૃહમાં હાજર ના હોય એનું નામ લઈને વાત ના થાય અને એટલા માટે આ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખવા જોઈએ.

---

•(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય વજુભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર હું સ્વીકારું છું. માનનીય શકિતસિંહજી આપે કાંઈ કહેવું છે? (અંતરાય) હા કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય વજુભાઈની વાતના હાર્દ સાથે સંમત છું, પરંતુ સમાજને નુકસાનકર્તા જે લોકો હોય પછી એ (xxxxx) હોય કે *(xxxxx)નાં નામ આ હાઉસમાં અનેક વખત લેવાયાં છે. એટલે આવા લોકોનાં નામ લેતા હોઈએ છીએ. કોઈ સારા માણસોનાં નામ લઈએ અને આપ ઉભા થાઓ તો સમજી શકાય.

**શ્રી વજુભાઈ વાળા** : (xxxxx) સાથે આશારામને સરખાવો છો તે જ તમારી મોટી ભૂલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બન્ને સરખા છે.

**અધ્યક્ષશ્રી** : આપણે નિયમોને વ્યકિત સાથે નહીં લઈએ, પણ નિયમ બહુ સ્પષ્ટ એટલો છે કે કોઈ વ્યકિત હાજર ન હોય તેનું નામ ન લેવાય, અને જયારે આ બાબતનો કોઈ વાંધો લે તો......

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ મેં એટલા માટે નામ લીધું છે કે ખેડૂતનું ખોટું સર્ટિફિકેટ આ વ્યકિત લઈ આવ્યા છે. એમના, રેવન્યુના રેકોર્ડ ઉપર છે. એટલા માટે બોલ્યો છું. રેવન્યુંના રેકોર્ડ ઉપર પેંઢલા ગામના ખેડૂત બન્યા છે તેનો મારી પાસે પૂરાંવો છે.

**શ્રી વજુભાઈ વાળા** : રેકોર્ડ ઉપર છે કે નહીં તે પ્રુફનો સવાલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અરે, એટલો શું કરવા બચાવ કરો છો?

**શ્રી વજુભાઈ વાળા** : હું બચાવ નથી કરતો.

**અધ્યક્ષશ્રી** : આપણા નિયમો અને પરંપરા જોડે સંકળાયેલા છે. આપણા નિયમો અને પરંપરા એમ કહે છે કે ગૃહમાં હાજર ન હોય તેનું નામ ન લેવાય, અને તે મુદે કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કરે તો મારે તે સ્વીકારવો પડે, કારણ કે જે વ્યકિત હાજર ન હોય તેનું નામ લઈને વાત ન થઈ શકે. શા માટે લીધું, કેમ લીધું તેમાં હું ઉતરતો નથી અને તે તર્કને હું સ્વીકારતો નથી. આપે જે નામ લીધું છે તે નામ હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

## ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક, ૨૦૦૯ (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા**: મારી વાત એટલી હતી કે અત્યારે સ્થાપિત હિતો ખેડૂત બની જાય છે. કાયદો એવો બનાવ્યો છે કે સાચા ખેડૂતો માટે આ કાયદો બનાવવામાં આવ્યો નથી, ખેડૂત તો આજે ખેત મજૂર બની ગયો છે. હું આપના મારફત આભાર માનું છું માનનીય ફકીરભાઈ વાઘેલાનો, કે એમણે ધારાસભ્યોની મિટીંગ બોલાવી, એસ. સી., એસ. ટી. અને ઓ.બી.સી. અને બધાજ ધારાસભ્યોની કે આપને બજેટમાં કોઈ સૂચન કરવા હોય તો કરો, એમાં બધા જ ધારાસભ્યો હતા, હું કોઈ પાર્ટીની વાત નથી કરતો, તમામ પક્ષના ધારાસભ્યો હતા. અને માત્ર એટલું જ નહીં, સરકારી અધિકારીઓ પણ હતા, સર્વાનુમતે બધાનો એક જ સૂર નીકળ્યો, માનનીય મંત્રીશ્રીએ પણ વાત સ્વીકારવી પડી કે આ રાજયમાં વગદાર અને પૈસાદાર માણસો લાખો એકર જમીન લઈ જાય છે. પણ ગરીબ વિધવાને સો વારના પ્લોટ જોઈતા હોય તો આ સરકારના કાયદામાં કોઈ જોગવાઈ નથી એમ કરીને પ્લોટની એમને ના પાડવામાં આવે છે. મેં એકલાએ આ વાત નથી કરી, તમામ પાર્ટીના આ હાઉસમાં હાજર છે તેવા સભ્યોએ આ વાત કરી હતી. એમને સો વારના પ્લોટ ન મળે, પણ ૨૨૦૦ એકર ગૌચરની જમીન જતી રહે, ગૌ શાળા માટે રીઝર્વ રાખેલ, કામધેનું યુનિવર્સિટી માટે અનામત રાખેલ ૨૨૦૦ એકર જમીન ટાટાને મળી જાય. સો વારના પ્લોટ ન મળે, અને એ પણ કયાં સુધી ન મળે, કે સરકારનો સમાજ કલ્યાણ વિભાગ ૪૦ હજાર કે ૫૦ હહજાર રૂપિયાનું મકાન બનાવવા માટે ગ્રાન્ટ આપવા તૈયાર હોય, કોઈ વિધવા બહેનને મકાન બનાવવા માટે ૨૦, ૨૫ કે ૬૦ હજાર રૂપિયાની ગ્રાન્ટ આપવાની તૈયારી હોય પણ આ રાજયના કલેકટર છે તે એમને જમીન ન આપે, પણ જો અહીંથી સંદેશો જાય કે ૩૦ દિવસમાં આ ઉદ્યોગપતિને આ ગૌચરની સરકારી જમીન આપી દેવાની છે, તો રાતો રાત હુકમો થઈ જાય.

માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહું છું કે કાયદાનો હેતુ બહુ સારો હોય છે. કાયદાનો હેતુ મેં કહ્યું એવા લોકોને જમીન આપવાનો નથી હોતો એ જમીન આપવા માટે ખેડે તેની જમીન એના માટેનો હોય છે, પરંતુ સ્થાપિત હિતો બધું જ પરિવર્તન કરતા હોય છે. માનનીય મહેસૂલ મંત્રીશ્રી વાત કરતા હતા કે અમે ટી.પી. સ્કીમ, ખેડૂત ધારો, જમીન સંપાદન એની અંદર ઘણા સુધારા કર્યા છે. ટી.પી. સ્કીમ વિશે મારે વધારે નથી કહેવું. ઝોન-૩માંથી ઝોન-૨ અને ઝોન-૨માંથી ઝોન-૧ કરે એમાં આટલા ઝોન ફરે એમાં દસ હજાર કરોડથી પંદર હજાર કરોડની ઉથલપાથલ થઈ જાય અને એક કલમને ઝાટકે ઝોન-૨માંથી ઝોન-૧ અને ઝોન-૩ માંથી ઝોન-૨ થઈ જાય. આ વિભાગ છે એ ગરીબ માણસો નહિ માલેતુજારો અને બિલ્ડરો ચલાવે છે અને એટલા માટે આ જે હેતુ છે આ ટેનન્સી એકટ હતો છેવાડાના માનવીને જમીન મળે એ માલિક તરીકે જળવાઈ રહે, એટલા માટે હતો. જૂની શરત અને નવી શરતની વાત આવી એમાં બહુ સારુ કરી દીધું, સરળીકરણ કરી દીધું, બધી જૂની શરતમાં ફેરવી દીધી. પણ નવી શરતનો ઈરાદો શું હતો એ એટલા માટે ઈરાદો હતો કે એ ખેડૂત તરીકે જળવાઈ રહે, ખોટા લાભમાં જમીન વેચી ન નાખે, બધા મા-બાપો પોતાના દીકરાને સલાહ આપે કે જમીન સંપત્તિ તરીકે સાચવી રાખજો. આપણે સરકાર મા-બાપ છીએ આપણી ફરજ છે એ સરકારે આપેલી જમીન સાચવે વાવે ખેડે

અને એ સક્ષમ બને એટલા માટે એ લોકોને જમીન હોય તો આપણે એને લોન આપીએ, જમીન સરખી ન હોય તો એ કરવા માટે સહાય આપીએ અને એ રીતે એ ખેડૂત તરીકે જળવાઈ રહેવો જોઈએ. પરંતુ પરિસ્થિતિ એવી થઈ કે નવી શરતમાંથી જૂની શરતમાં થઈ એમ થવાથી ભ્રષ્ટાચાર નાબૂદ કર્યો આખરે પરિણામ એ આવ્યું કે નવી શરતની જમીન કોની પાસે હતી મોટે ભાગે સાથણીની અંદર ખેત મજૂર હતા એણે જમીન લીધી હતી, મોટે ભાગે દલિત ખેડૂતોને મજૂરોને જમીન આપવામાં આવી હતી. લશ્કરની અંદર સેવા આપવાના બદલાની અંદર સાથણીની અંદર જમીન આપી હતી. સરહદ ઉપર કચ્છ બનાસકાંઠાની બોર્ડર ઉપર સૈનિકો રહે છે એમને સાથણીની જમીન આપવામાં આવી હતી એ બધી જ જમીન નવી શરતમાંથી જૂની શરતમાં કરી એ બધી જ જમીન માલેતુજાર લોકોને સોંપી પોતે ખેત મજૂર બની ગયા એની કોઈએ ચિંતા કરી છે ખરી? આની ચિંતા ખરેખર આત્મારામભાઈએ અંતરાત્માને પૂછીને કરી હોત તો એનું ભાષણ આજે જુદુ જ હોત. • (કોઈકને પૂછીને કરે)

**અધ્યક્ષશ્રી** : કોઈપણ સભ્ય પોતાનું ભાષણ કોઈને પૂછીને કરે છે એવું આપ જેવા સિનિયર કોઈપણ સભ્યશ્રીને...

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી ઉપર આટલી બધી વોચ ન રાખો.

**અધ્યક્ષશ્રી** : કોઈની ઉપર વોચ નથી રાખતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં હળવો શબ્દ પ્રયોગ કરેલો છે.

**અધ્યક્ષશ્રી** : હું કોઈની ઉપર વોચ નથી રાખતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી ઉપર વોચ રાખવાની જરૂર નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, હું આને ખૂબ ગંભીરતાથી લઉં છું. હું આપને જયારે કહું છું ત્યારે હું તમારા ઉપર વોચ રાખું છું માટે કહું છું એ માટે નહિ પરંતુ હું મારી ફરજ બજાવું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય સભ્યશ્રીએ વાધો નથી લીધો?

**અધ્યક્ષશ્રી** : મને વાંધો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ એ બોલે ત્યારે એમના ઉપર ધ્યાન રાખો.

**અધ્યક્ષશ્રી** : એના ઉપર ધ્યાન રાખું જ છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નથી રાખ્યું.

**અધ્યક્ષશ્રી** : મેં રાખ્યું છે. આપ બેસી જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું મારા શબ્દો પાછા ખેંચું છું મને એમાં વાધો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, આપ એમને કહો, તેઓ તો સિનિયર સભ્ય છે મારે એમને નથી કહેવું. હું તમારી ઉપર વોચ નથી રાખતો, આ સભાગૃહની અંદર કોઈપણ સભ્ય બીજાને પૂછીને બોલે છે એ રીતે કહેવું એ તો સભ્યશ્રીનું અપમાન છે અને જયારે વિરોધપક્ષના નેતા રહી ચૂકલા સભ્યશ્રી અન્ય સભ્યની વાત કરતા હોય ત્યારે આપ આવા શબ્દ ન વાપરો એવું કહેવાનો મને અધિકાર છે અને એ અધિકારને રૂએ હું તમને કહું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બધાને આપ કહો મને એકલાને નહિ. આપે નિર્ણય આપ્યો એ પહેલા મેં શબ્દો પાછા ખેંચી લીધા છે. મારો એવો કોઈ ઈરાદો નહોતો. મેં તો હળવાશથી વાત કરેલી છે. એમની સ્પીચ આપે જોઈ નથી. એટલે માનનીય અધ્યક્ષશ્રી, જો કોઈ અંતરાત્માને પૂછે તો એમ કહે આપણો અંતરાત્મા કે આ સમાજમાં ખેતમજૂરો કરતા ખેડૂતોની સંખ્યા વધારે રહેવી જોઈએ. આંધ્રમાં ૨૦૦૪માં સરકાર આવી, રાજશેખર રેડ્ડીની સરકાર આવી. મેં આંકડાઓ આપેલા છે. એક વર્ષમાં સવા લાખ હેકટર જમીન એક લાખ ખેતમજૂરોને અપાઈ. સાંથણી કેટલા વખતથી નથી થઈ? ૧૦૦ વારના પ્લૉટ કેટલા વખતથી નથી અપાયા? કમનસીબે આ સરકારનો કાન પકડનાર કોઈ ઝીણાભાઈ દરજી જેવા સંત વ્યકિત નથી. ઝીણાભાઈ દરજી સરકારમાં નહોતા. ૨૦ મુદ્દા કાર્યક્રમના ચેરમેન હતા. હું વિદ્યાર્થી તરીકે જોવા ગયો હતો. ૧૦૦ વારની પ્લૉટની કેટલી અરજીઓ પેન્ડીંગ છે? કલેક્ટરને પૂછવામાં આવ્યું, તેને કહ્યું જાહેરમાં, કે આ ૧૦૦ વારના પ્લૉટ ૩૦ દિવસમાં અપાઈ જવા જોઈએ અને ઑર્ડર મને મળી જવો જોઈએ. નહીં તો તમને ઑર્ડર મળી જવાનો છે. આ ભાષા કોઈ નહીં વાપરી શકે અને પ્રજા માટે આ કરવું જોઈએ. હું તો ડો. કનુભાઈ કળસરીયાને હ્દયથી ધન્યવાદ આપું છું કે સરકાર પોતાની હોય કે ગમે તેની હોય, ઉદ્યોગપતિઓની સાથે નહીં, ખેડૂતોની સાથે રહ્યા છે અને સાચી વાત કરવામાં કે સાચા આંદોલનની આગેવાની લેવામાં કયારેય કોઈએ સંકોચ કે ડર રાખવાની જરૂર નથી. પણ તેના માટે નં.૧ ખુશ થશે કે નહીં થાય તેની ચિંતા નહીં રાખવી જોઈએ. અમસ્તા ખુશ રાખવાની ચિંતા આપણે કરીએ છીએ. પણ આગલી હરોળમાં કયાં અવાય છે? સહેલું થોડું છે?

---

• (        ) આ શબ્દો માનનીય સભ્યશ્રીએ પાછા ખેંચી લીધા.

મારી વાત એટલી જ છે કે આ જે કાયદાઓ છે એ કાયદા પ્રજાના હિત માટે વાપરવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, વારસાઈની વાત આવી. બીજા બધા કાયદાઓની વાત લઈ આવ્યા. થોડુંક ભૂતકાળમાંથી શીખ્યા હોત તો પણ સારું હતું. ભૂતકાળમાં પણ રાજાઓની બાબતમાં એક કલ્યાણકારી વ્યવસ્થા હતી. બધી વાતની ચિંતા કરી હતી. ખેડૂતોને ખેતી કરવા મળે. ગામમાં રહેતા હોય એ લોકોને દરેકને જમીન મળે. ગામતળ હોય, એ ગામતળની વ્યવસ્થા બરાબર થાય, અહીં એની કોઈ ચિંતા થતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આ ધારાસભ્યોની મિટિંગની વાત કરું છું. હું એ ધારાસભ્યનું નામ આપવા માગતો નથી. પણ ફકીરભાઈ વાઘેલાએ મિટિંગ બોલાવી. એ ધારાસભ્યએ શું કહ્યું? ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય હતા. એણે કહ્યું કે સાહેબ, અમે એમ કહીએ કે આ ૧૦૦ વારના પ્લૉટ ગામમાં આપવાના છે તો કલેક્ટર એમ કહે કે તમારા ગામની અંદર તો હજી પાંચ એકર જમીન બચી છે. તો તેણે કહ્યું કે પાંચ એકરમાં ૧૫ વર્ષથી જમીન ન આપી એટલે લોકોએ ઝૂંપડા-મકાન બનાવી લીધા છે. એટલે વધારાનું આપો. વધારાનું ન આપે પણ બીજા દિવસે બુલ્ડોઝર પહોંચી જાય. સાબરમતીના કાંઠા ઉપર આશ્રમો ઉભા છે. જ્યાં બાળકોની બલિ અપાય છે ત્યાં મોકલોને, કોણ રોકે છે? ત્યાં નથી મોકલાતું. માનનીય અધ્યક્ષશ્રી, એસ્સાર કંપનીની અંદર ૫,૦૦૦ હેકટર જમીન જંગલની દબાવી છે, ત્યાં મોકલો, ત્યાં નહીં મોકલાય. ગરીબોના ઝૂંપડા તોડવાની અંદર સરકારને બહુ આનંદ આવે છે. એટલા માટે જે કાયદાનું હાર્દ છે એ હાર્દ છેવાડાના વ્યકિત માટે છે અને જ્યારે છેવાડાના વ્યકિતને ધ્યાનમાં ન રખાયો હોય ત્યારે કાયદો ગમે તેવો આમથી તેમ બનાવીએ પણ ફાયદો એનો એ લોકો જ લે છે. ગણોતધારામાં જોગવાઈ હતી, ૩૨-(ક)ની કે ગણોતિયો જો જૂનો ગણોતિયો હોય અને એની જમીન બિન ખેતી કરવાની આવે તો તેને પ્રિમિયમ ભરવું ન પડે. વડોદરા જિલ્લામાં અને વડોદરા શહેરમાં ૨૦૦૦થી શરૂ કરીને ૨૦૦૬ સુધીમાં એવા સેંકડો બિલ્ડરો ગણોતિયા થઈ ગયા. ઉપેન્દ્રસિંહભાઈ, વાત સાચી છે ને મારી? સેંકડો બિલ્ડરો ગણોતિયા થઈ ગયા.ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યે ફરિયાદ કરી કે, આ બિલ્ડરો ગણોતિયા થઈ જાય છે અને સરકારને અબજો રૂપિયાનું પ્રીમિયમ જતું કરવું પડે છે અને બધું જ વાઈન્ડ અપ થઈ ગયું છે અને ૧૦૦૦૦ કરોડનો ઘાટો લગાડ્યો છે અને બિલ્ડરો જયાફત ઉડાડે છે. કાયદો એના માટે નહોતો બનાવ્યો, કાયદો ગણોતિયા માટે બનાવ્યો હતો. એટલા માટે કહું છું કે, આપણી અંદરનો અંતરાત્મા છે એ છેવાડાના માણસની ચિંતા કરે. છેવાડાના માણસની ચિંતા કરશો તો તેમના આશીર્વાદ મળશે. નંબર વનના આશીર્વાદ હોય કે ન હોય પણ લોકોના આશીર્વાદ આપ સૌને મળવાના છે. આપનો થોડોક પણ અંતરાત્મા જાગૃત થાય અને સ્થાપિત હિતોની વિરૂદ્ધ પ્રગતિશીલ પગલાઓ છે એ રદ કરવાની વાત આવી છે એ પ્રગતિશીલ પગલાઓ રદ ન થાય તેવી વિનંતી કરી મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : કોઈ બોલનાર છે? આ બાજુ? (થોડીવાર બાદ) માનનીય મંત્રીશ્રી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ચાર ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો અહીં રજૂ કર્યા છે. શ્રી શકિતસિંહે કાયદા પંચ અને ફલાણું એવી ઘણી વાતો કરી છે, એમનું જે હાર્દ હું સમજી છું એ છે કે મૂળ એકટથી સુધારા કાયદો સ્થાપિત થવો જોઈએ એ જોવા સમિતિ બનાવવી જોઈએ અથવા તો પ્રવર સમિતિને સોંપી શકાય તો સોંપવું જોઈએ. મારા હાથમાં Bombay Tenancy and Agricultural Lands Act,૧૯૪૮ as amended upto ૩૧ ડિસૅમ્બર ૧૯૮૮, ૧૯૮૮માં આ પ્રિન્ટેડ થયેલા સુધારા છે. જેટલા સુધારા થયેલા છે એ તમામ સુધારાઓ આ એકટની હેઠળ આપવામાં આવેલ છે અને એમની જાણકારી માટે કયા પાના ઉપર આપવામાં આવેલ છે એની નોંધ અહીં જોઈ લીધી છે. પ્રવર સમિતિને સોંપવાની કે કોઈ સમિતિ બનાવવાની આવશ્યકતા લાગતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઈ તો ખબર નહીં કયા જમાનાની વાત કરતા હતા.(અંતરાય) અમારા અધિકારીઓ પણ સમજી શક્યા નથી. એમના કહેવાનો ભાવાર્થ શું હતો? ૧૯૫૧થી માંડીને ૧૯૮૭ સુધીમાં ૩૩ સુધારાઓ કરવામાં આવ્યા. કોના સમયમાં આ બધા સુધારા થયા હતા? કોની જવાબદારી હતી? આ સુધારાઓ મૂળ એમેન્ડમેન્ટમાં દાખલ કરવાનું આપ ચૂકી ગયા પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર નહીં ચૂકે એની હું આપ સૌને ખાતરી આપું છું. જેટલા પણ સુધારા ૧૯૮૭ પછી થયા છે. જ્યારે પણ કાયદા પંચનો અહેવાલ આવશે કે તરત જ એના ઉપર વિચાર કરવા ફરીથી આ સભાગૃહની અંદર બિલ લઈને આવીશ એની ખાતરી આપું છું. અહીં ઘણી બધી વાતો થઈ. પરંતુ મને એમ લાગે છે કે, વધારે સમય લેવો નથી. વિભાગની ચર્ચા આવવાની જ છે. એમણે જે કોઈ આક્ષેપો કર્યા છે, વાતો કરી છે, ભ્રષ્ટાચારના આક્ષેપો મૂક્યા છે એનો મારી પાર્ટીના ધારાસભ્યો અને મંત્રીશ્રીઓ જડબાતોડ જવાબ આપશે. આપ જેમને યાદ કરો છો એમને જમીન કોના સમયમાં કેટલી અપાઈ એ જાણ્યું હોત તો તમે આ પ્રશ્ન અહીં ન ઉઠાવ્યો હોત. મને દુ:ખ એ વાતનું થાય છે. જમીન ગમે તેના સમયમાં આપી શકાય. કમસેકમ

• (xxxxx) (xxxxx)(અંતરાય)

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

**પ્રેસમાં હાઈલાઈટ થવા બાબત**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હા, હા, ઉઠાવો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવો, કોઈ વાંધો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપ કહેતા હોય તો નિર્ણય વાંચું. કોઈપણ સભ્યશ્રી પ્રેસમાં હાઈલાઈટ થવા માટે કરે છે, સમજ્યા વગર બોલે છે, જાણ્યા વગર બોલે છે,

**અધ્યક્ષશ્રી** : આપણા અગાઉના અધ્યશ્રીના આદેશો છે કે કોઈપણ સભ્ય આ સભાગૃહની અંદર વાત કરે ત્યારે એ પોતાની પ્રસિદ્ધિ માટે કરે. છે એવા શબ્દો ના વપરાય.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સંમત સાહેબ.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા પંચે પણ .. ..

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો દૂર કરું છું એ પાછા ખેંચે છે. એટલે મેં દૂર કર્યા. (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આપને એમાં રસ હોય તો પાછા ખેંચીશ વાંધો નથી પણ તમે શબ્દો હવે ના બોલતા અહીં.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ આપની વાત કહો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા પંચે પણ પોતાના અહેવાલમાં લખ્યું છે કે વી હેવ એઝામીન ઓલ ધ એમેન્ડમેન્ટ એકટ બધું એકઝામીન કર્યા પછી જ કાયદા પંચે પોતાનો અહેવાલ આપ્યો છે અને એટલા માટે કાયદાપંચ ઉપર કોઈ શંકાકુશંકા કરવાની આવશ્યકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું કે આ બિલ પાસ કરે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક: ૧૦-સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, અનુસૂચિ, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક: ૧૦-સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક: ૧૦- સન ૨૦૦૯નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : આજે ચર્ચા દરમિયાન ગ્રંથાલય અંગેની કેટલીક સૂચનાત્મક વાતો થઈ. જે પુસ્તકોની મુશ્કેલી પડી એ અંગેની વાત પણ વિરોધપક્ષના નેતાશ્રી અને કેટલાક સભ્યશ્રીઓએ કહી. આ જે પુસ્તકો આ ગ્રંથાલયને મળ્યા છે એ ઘણા જ પૂરાંણા છે. એટલે એવું થયું હશે પરંતુ રાજય સરકારની સાથે રહીને અમે નિર્ણય કર્યો છે કે આ મુશ્કેલી ન પડે અને બધા જ સભ્યોને અને સામાન્ય જનતાને પણ આ પુસ્તકો પોતાના ઘેર બેઠા વાંચી શકાય એટલા માટે આવનારા એક વર્ષની અંદર ડીજીટાઈઝેશન કરીને ઓન લાઈન અગત્યની ચર્ચાઓ અને જે કાયદાના પુસ્તકો છે એ ગ્રંથાલયની અંદરથી મેળવવાનો અને ગ્રંથાલયનું આધુનિકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે એટલે વિધાનસભાના ગ્રંથાલય માટેના આપે જે અવલોકનો કર્યા એને હું વિધેયાત્મક રીતે લઉ છું.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૯.**

# સરદાર પટેલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૦૯

**સરદાર પટેલ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૫૫ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ રાજ્યપત્ર*માં પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૯-સન-૨૦૦૯ના સરદાર પટેલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી:** વિધેયક દાખલ કરવામાં આવે છે.

---

* વિધેયક તા. ૨૨મી જૂન, ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૯- સન-૨૦૦૯ના સરદાર પટેલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં અત્યાર સુધી ખેડા જિલ્લાનો સમાવેશ થતો હતો. હવે ખેડા જિલ્લામાંથી ખેડા અને આણંદ એમ બે જિલ્લાનું વિભાજન થવાના કારણે આ સરદાર પટેલ યુનિવર્સિટીમાં સુધારો કરવાની જરૂરિયાત ઊભી થયેલ છે. ખેડા જિલ્લા પંચાયતના સભ્ય જે અત્યાર સુધી સેનેટ સભ્ય તરીકે ચૂંટાતા હતા પણ હવે યુનિવર્સિટીનો આણંદ જિલ્લામાં સમાવેશ થવાના કારણે આ કલમમાં સુધારો કરીને આણંદ જિલ્લા પંચાયતના સભ્યો અને તેમાંથી ચૂંટાયેલ એક સભ્ય એ સરદાર પટેલ યુનિવર્સિટીના સેનેટ સભ્ય બનશે. એ સાથોસાથ અગાઉ રાજ્ય સરકારના ખાતાના વડા એ નિયામક તરીકે કામગીરી બજાવતા હતા. પરંતુ અત્યારે આ જગ્યાઓ અપગ્રેડ થઈને નિયામકના બદલે કમિશનરની જગ્યાઓ થઈ છે. એ જ પ્રમાણે ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન એક્ટ ૧૯૭૨ અમલમાં હતો. ૧૯૭૬માં શિક્ષણની નવી તરાહમાં આમાં સુધારો થવાના કારણે આ નિયમોની કલમમાં સુધારો કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. એ સાથોસાથ તત્કાલીન જાહેર બાંધકામ વિભાગનું નામકરણ માર્ગ અને મકાન વિભાગ થતાં આ અંગેનો સુધારો પણ સંબંધિત યુનિવર્સિટીમાં કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. અત્યાર સુધીમાં શિક્ષણ મંત્રીશ્રી હોદ્દાની રૂએ સેનેટના સભ્ય હતા. હવે શિક્ષણ મંત્રીના બદલે જિલ્લા કલેકટરશ્રી, આણંદને એના સભ્ય બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. કલેકટર કચેરીના હોદ્દાના નામોમાં જે ફેરફારો થયા છે એના કારણે આ ફેરફાર જરૂરી બન્યો છે. સેનેટમાં શિક્ષણ વિભાગના સચિવ અથવા તેમના દ્વારા નિયુક્ત નાયબ સચિવથી ઉતરતી કક્ષાના અધિકારી નહીં તેવો સુધારો પણ આમાં મૂકવામાં આવ્યો છે. ખાતાના વડાની રૂએ અત્યાર સુધી સેનેટ સભ્ય છે એમના વતીથી જે ખાતાના અધિકારીની નિમણૂંક થતી હતી એમાં રાજ્ય સરકાર હસ્તક આ જોગવાઈ કરવામાં આવી છે. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આ વિધેયકમાં યુનિવર્સિટીના સ્ટેટસમાં કોઈ ફેરફાર થતો નથી. રાજ્ય સરકારને કોઈ નાણાકીય બોજ આવતો નથી. પરંતુ બે જિલ્લાના કાર્યક્ષેત્રો બદલાવાના કારણે આ થોડા સુધારાઓ અમલમાં આવ્યા છે. હું માનું છું કે આ સુધારાઓની આટલી વાત પૂરતી છે. માનનીય સભ્યશ્રીઓ આ અંગે વિચારણા કરીને આ સુધારાઓને મંજૂર કરે એવી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સરદાર પટેલ યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૦૯ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી એ ગુજરાતના ગૌરવરૂપ યુનિવર્સિટી છે. ઘણી યુનિવર્સિટીઓ સરકારે બનાવી છે અને હવે અત્યારના સમયમાં વગદાર લોકો અને ઉદ્યોગપતિઓ પણ યુનિવર્સિટીઓ બનાવવા માંડ્યા છે. આવકાર્ય પગલું છે કે એ પણ સમાજના શ્રેષ્ઠીઓ છે. જો ઉદ્યોગપતિઓ આવે બેન આમાંય તમારી પાસે ઉદ્યોગપતિઓ માત્ર ત્યાં રહે એવું નહિ. ઉદ્યોગપતિ આ કામ પણ કરે.

**અધ્યક્ષશ્રી** : તો તમે બરાબર ધ્યાન રાખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારું ધ્યાન ખેંચાય એવું બોલે છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : તમે મારા ઉપર ધ્યાન રાખો. તમે મારા ઉપર વોચ રાખોને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, આ વોચ રાખું તોય તકલીફ પડે છે. મને અવાજ બહુ ડિસ્ટર્બ કર્યા કરે છે તકલીફ એ છે. એટલે ખબર નહિ ઉદ્યોગપતિનું નામ લઈએ છીએ ત્યારે એવું લાગે છે કે જાણે કોઈએ ઉદ્યોગપતિઓનો પેટન્ટ કોઈએ લઈ લીધા હોય એવું લાગે છે? અમારાથી ઉદ્યોગપતિનું નામ જ ના બોલાય?

**અધ્યક્ષશ્રી** : આપ વિષય ઉપર આવોને. આપ યુનિવર્સિટીના વિષય ઉપર બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પણ આ યુનિવર્સિટી તો એવા લોકોએ બનાવી કે જે વખતે નવી પ્રાથમિક શાળા બનાવવાનો પણ વિચાર મોટો બનતો હતો અને એ વખતે સ્વ.ભાયકાકાએ માત્ર મધ્યમવર્ગના લોકો હતા એમને સાથે રાખી અને સામે પ્રવાહે ચાલી અને એ ચરોતર વિદ્યા મંડળ હોય કે સરદાર પટેલ યુનિવર્સિટી હોય. બે યુનિવર્સિટીઓની સ્થાપના કરી અને એમાં સરદાર સાહેબનો, એચ.એમ.પટેલ સાહેબનો અને જે તે વખતની સરકારનો સહયોગ મળ્યો. મને યાદ છે કે એ વખતે સરદાર સાહેબને આ યુનિવર્સિટી પાછળ પોતાનું નામ લાગે એટલા માટે બિરલા ઉદ્યોગ ગૃહ સાથે સંકળાયેલા એક ઉદ્યોગપતિ ૫૦ લાખનું દાન આપવા માટે ગયા. સરદાર સાહેબે કહ્યું એ વખતે કે ચરોતરના અને ગુજરાતના લોકો માટે અમે યુનિવર્સિટી બનાવવાના છીએ. અમે ભીખ માગી લઈશું પરંતુ કોઈના નામ સાથે મારે યુનિવર્સિટી નથી જોડવી. સ્પિરિટ એ જમાનાનો હતો. આજે કોઈ નામ સાથે જોડાય એનું આપણને પેલું કોઈ હાર્દ નથી. આપણે એમની પાસેથી આવકાર્ય એ રાખીએ કે એ તંદુરસ્ત સંસ્થાઓ ચાલે. એ સરદાર પટેલ યુનિવર્સિટી હોય કે એમ.એસ. યુનિવર્સિટી હોય એને મોડેલ રાખીને ચાલે. એટલે ગામડાની અંદર પણ યુનિવર્સિટી ઊભી થઈ શકે એ પ્રકારનો વિચાર એ વખતે ભાયકાકાને આવ્યો. એમના સાથીઓએ સાથી મળી અને એક નાનકડું વાવેલું બીજ છે એ ખૂબ મોટું થયું. માત્ર ખેડા જિલ્લાનું નહિ. પરંતુ સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવે એવી યુનિવર્સિટી તૈયાર થઈ છે. આજે પણ ત્યાંની સંસ્થાઓ છે એ સમાજને એને ગુજરાતને ગૌરવ અપાવે એ રીતે ચાલે છે. માનનીય મંત્રીશ્રીએ એમનો હાર્દ તો

સમજાવ્યો કે ખેડા જિલ્લામાંથી આણંદ જિલ્લો જુદો થયો એના કારણે જે ટેકનીકલ જરૂરિયાતો ઊભી થઈ એ ટૅક્નીકલ જરૂરિયાતોને સંતોષવા માટે એ વખતે ખેડા જિલ્લાના પ્રતિનિધિઓ તરીકે અથવા તો રાજ્યના પ્રતિનિધિ તરીકે જે બેસતા હતા નોમેન કલેચરમાં ફેરફાર થયો એના કારણે આ એકટમાં જરૂરી સુધારો લઈ આવ્યા છે અને એકટમાં જે સુધારાઓ લઈ આવ્યા છે એની સામે કશું કહેવાનું નથી. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય શિક્ષણમંત્રીશ્રીને જરૂર એ કહેવા માગીશ કે એ શિક્ષણ છે એ શિક્ષકો, શિક્ષણશાસ્ત્રીઓ અને વિદ્યાર્થીઓના હાથમાં રહેવું જોઈએ. જે વખતે કમાણી કરનારના હાથમાં અને સરકારના હાથમાં રહેશે અને સરકારનો વધારે પડતો અંકુશ રહેશે તો એનાથી એ સુધારવાના બદલે એ બગડ્યું છે એવો આપણા બધાનો અનુભવ રહ્યો છે અને એટલા માટે જે ત્રણ પ્રતિનિધિઓ અહીંયા મૂકવાની વાત કરી છે કે ટૅક્નીકલ શિક્ષણના કમિશનર હોય, હાયર એજ્યુકેશનના કમિશનર હોય કે મેડિકલના કમિશનર હોય એ ત્રણે પ્રતિનિધિઓ છે એ યુનિવર્સિટીની સિન્ડિકેટ ઉપર રહેવાના છે. આપણા બધાનો અનુભવ એવો રહ્યો છે કે આ જે અધિકારીઓને આપણે મૂકીએ છીએ અને લગભગ દરેક સરકારી યુનિવર્સિટીના બોર્ડ ઉપર આ ત્રણેય અધિકારીઓ છે એ સિન્ડિકેટ સભ્યો તરીકે હોય છે. હું પણ ૧૫ વર્ષ સુધી સભ્ય રહ્યો છું અને છતાં આ સરકારે મૂકેલા સેનેટ સભ્યો હોય, કે સરકારે મૂકેલા સિન્ડિકેટ સભ્યો હોય એ રાજયનો આદેશ થાય આ સરકાર કે તે સરકાર, એ રાજયનો આદેશ થાય ત્યારે માત્ર મતદાન કરવા આવે છે, એ સિવાય આ જે સભ્યો છે સિન્ડિકેટ સભ્યો એમનું કે સેનેટ સભ્યોનું કોઈ પ્રદાન હોતું નથી. એને બદલે શિક્ષકોનો પ્રતિનિધિ હોય, ક્યાંક લેબર યુનિયનનો પ્રતિનિધિ હોય, ક્યાંક મેનેજમેન્ટનો પ્રતિનિધિ હોય કે ક્યાંક વિદ્યાર્થીઓનો પ્રતિનિધિ હોય તો એનું પ્રદાન વધારે હોય છે. હું તો ઇચ્છું કે આ સરકારી પ્રતિનિધિઓ જે જગ્યાઓ રોકીને બેસે છે એના કરતાં સમાજના શ્રેષ્ઠીઓ જે કંઈક આપવા ઇચ્છે છે એવા લોકોને જો આપણે સિન્ડિકેટ સભ્યો બનાવ્યા હોય તો એ વધારે કન્ટ્રીબ્યુટ કરી શકે. (અંતરાય) આમાં નીતિનભાઈ કાંઈ માથું મારવા જેવું નથી, હું સરખું જ બોલું છું.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ તમારી ગાડી બીજી બાજુ લઈ જવા માટે ખોટા સિગ્નલ આપતા હોય એની સામે તમે શું કરવા, તમે નીતિનભાઈના બદલે મને જુઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ સિગ્નલ માટે તો આપ થોડીક જામરની વ્યવસ્થા કરો, આ મોબાઈલમાં માટે જામરની વ્યવસ્થા કરી છે પણ આ સિગ્નલોમાં જામર અટકે.

**અધ્યક્ષશ્રી** : ના, તમે મારી સામે જોશો તો કોઈ વચ્ચે જામરની જરૂર નહીં પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પણ તો પણ આવી જાય છે સાહેબ આ કાનનો દોષ છે.

**અધ્યક્ષશ્રી** :નહીં કાન તો સારા જ હોવા જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલે હું કહેવા એ જતો હતો કે, (અંતરાય) અને આમાં શું છે કે, માનનીય વજુભાઈ બોલે તો થોડુંક હળવું વાતાવરણ કરે, આ બંને મિત્રો મારા ગંભીર વાતાવરણ બનાવી દે છે.

**અધ્યક્ષશ્રી** :નહીં આપ હળવા વાતાવરણની અંદર મારી સામે જોઈને વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :એટલે સિન્ડિકેટમાં જે કોન્ટ્રીબ્યુશન કરે એમને મૂકવા જોઈએ. અહીંયા સુધારા લાવ્યા, કદાચ આ રદ કરી નાખી હોત માનનીય મંત્રીશ્રીએ આ ત્રણેય જગ્યાઓ તો સિન્ડિકેટને કોઈ તકલીફ નથી પડવાની. કારણ કે, અત્યાર સુધીના ઇતિહાસમાં હું સિન્ડિકેટનો મેમ્બર રહ્યો છું. પંદર વર્ષમાં પાંચ વખત પણ આ સિન્ડિકેટના સભ્યો કયારેય આવ્યા નથી. મિટિંગ તો એકેય એટેન્ડ કરી નથી, મતદાન કરવાની અંદર કુશીયલ સમય હોય, બિન હરીફ થતું હોય તો ત્યાં પણ ના આવે તો માનનીય અધ્યક્ષશ્રી, એમને મોકલવામાં આવે, પણ એની જગ્યાએ જે લોકોને કન્ટ્રીબ્યુટ કરવું છે, સોસાયટીમાં કામ કરવું છે , તો યુનિવર્સિટીમાં એવા લોકોને જોડવાનો એવો સુધારો લઈ આવ્યા હોત એની જગ્યાએ તો એ ઉચિત ગણાત. જિલ્લા પંચાયતના સભ્યને સેનેટ મેમ્બર બનાવ્યા છે પણ એની જગ્યાએ જિલ્લા પંચાયતના સભ્ય એ યુનિવર્સિટીની સિન્ડિકેટમાં હોય તો એને ગૌરવ થાય કે હું ગામડાનો પ્રતિનિધિ છું છતાં આ યુનિવર્સિટીની સર્વોચ્ચ બોડીમાં હું સભ્ય છું, મારે પણ કાંઈક કન્ટ્રીબ્યુટ કરવું જોઈએ. સોસાયટીને અને યુનિવર્સિટીને ખૂબ ડિસટન્સ પડી ગયું છે. યુનિવર્સિટી એટલે ખૂબ સમજદાર લોકો, ગામડાના લોકોની ત્યાં સુધી પહોંચ નહીં એમાંથી બહાર કાઢી અને ગામડાને, સમાજના સામાન્ય વર્ગને અને યુનિવર્સિટીના શિક્ષણને સાથે જોડવું જોઈએ અને એટલા માટે આપણે યુનિવર્સિટીના એકસટેન્શન પ્રોગ્રામો ખૂબ થાય છે, વર્ષોથી એગ્રીકલચર યુનિવર્સિટીમાં લેબ ટુ લૅન્ડ પ્રોગ્રામો થાય છે પણ એકસટેન્શનના પ્રોગ્રામોમાં સમાજનો આપણને સહયોગ મળતો નથી. એનું કારણ એ છે કે સમાજના લોકોને આ યુનિવર્સિટીની વ્યવસ્થા તંત્રમાં જોડવા જોઈએ એ પણ આપણે જોડતા નથી અને આ જોડવાનો મોકો હતો પણ શિક્ષણ મંત્રીશ્રી ચૂકી ગયા. જો સુધારા લઈ આવ્યા હોત સમાજના શ્રેષ્ઠીઓને, સમાજના પ્રતિનિધિઓને, સમાજ સેવકોને સાથે જોડવાનો તો યુનિવર્સિટીનો એકસટેન્શન પ્રોગ્રામ એ વિસ્તારની ઇન્ડસ્ટ્રીઓ છે તો એની આજે વિદ્યાર્થીને પ્રોજૅકટ કરવો હોય, ટ્રેઈનીંગ કરવી હોય, કોઈ ઇન્ડસ્ટ્રીઝ તૈયાર થતી નથી લેવા માટે. એટલા માટે કે એને યુનિવર્સિટી સાથે કનેકટ કરવાની જે પ્રોસેસ છે એમાં આપણે પાછા પડ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા બાબતમાં તો કશું કહેવાનું નથી પણ હું આપના મારફતે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરીશ કે, આ યુનિવર્સિટી પૂરતું નહીં પણ દરેક યુનિવર્સિટીઓમાં આપણને કશું નુકસાન જવાનું નથી, બાર સિન્ડિકેટ સભ્યો હોય

તો બારની જગ્યાએ ૧૫-૨૦-૨૫ થાય એમાં કશો ફરક પડવાનો નથી, બે સીટોની વ્યવસ્થા વધારે કરવાની છે, ઘ ણા લોકો તો એવા હશે કે પોતે ભાડાભથ્થું પણ નહીં લે. એવા લોકોને જોડીને સમાજ સાથેનો એનો જે તંતુ અત્યારે તુટેલો છે એ જોડવાનું કામ અને એ જોડવાના કામથી યુનિવર્સિટીનો વ્યાપ પણ વધશે. એની આજુબાજુની સાથેથી જે ડીસકનેકટ થયેલી છે યુનિવર્સિટી એ કનેકટ પણ થશે અને એના દ્વારા સોસાયટીનો જે અત્યારે તો આપણે પ્રોગ્રામો એવા આપીએ છીએ, અભ્યાસક્રમ કરીકયુલમની અંદર એવી જોગવાઈ છે બધા કરીકયુલમમાં કે છેલ્લા વર્ષની અંદર એણે કોઈ સેન્ડવીચ કોર્સીસ, સેન્ડવીચ પ્રોજેકટ કરવાનો આવે, પાર્ટ ઓફ ધ પ્રોજેકટ કરવાનો આવે, એપ્રેન્ટીસશીપ કરવાની આવે તો આ બધા જોડાયેલા લોકો છે એના હોસ્ટ બને. એ વિદ્યાર્થીઓને, શિક્ષકોને તાલીમ માટે એની પણ જોગવાઈ થાય અને સારા લોકોના ઈન્ફ્રાસ્ટ્રકચર છે એનો પણ લાભ મળે એ પ્રકારના સુધારા ભવિષ્યમાં લઈ આવે એ સાથે હું આ બીલના હાર્દ સાથે સંમત થાઉ છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯નું સરદાર પટેલ યુનિવર્સિટી સુધારા વિધેયક બીલ લઈને માનનીય શિક્ષણ મંત્રીશ્રી આ ગૃહમાં આવ્યા છે તેમના સમર્થન માટે મારી વાત રજૂ કરું છું. ગુજરાત રાજયની સ્થાપના પહેલાં ૨-૩ યુનિવર્સિટીઓ જે સ્થપાયેલી છે તેમાંની એક યુનિવર્સિટી એટલે સરદાર પટેલ યુનિવર્સિટી. સરદાર પટેલ યુનિવર્સિટી દેશ વિદેશમાં તેની શિક્ષણની ગુણવત્તા માટે ખ્યાતિ ધરાવે છે. જે આપણા ગુજરાત રાજયનું ગૌરવ છે. સરકારી માળખામાં સમયાંતરે વહિવટી બાબતોમાં ફેરફાર થયા છે અને તે ફેરફારની અસર યુનિવર્સિટીના સંચાલન ઉપર પડી છે ત્યારે સમયાંતરે ફેરફાર કરવો આવશ્યક છે અને એટલા માટે આ બીલ આ સન્માનનીય ગૃહમાં માનનીય શિક્ષણ મંત્રી લાવ્યા છે. ૧૯૫૫ની અંદર સરદાર પટેલ યુનિવર્સિટી ખેડા જિલ્લામાં સ્થાપિત થઈ હતી પરંતુ આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે ખેડા જિલ્લાનું વિભાજન થયું અને આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. સરદાર પટેલ યુનિવર્સિટી આણંદ જિલ્લાના વિસ્તારમાં કામ કરી રહી છે ત્યારે યુનિવર્સિટીના સેનેટમાં જે સભ્યપદે હોય છે એ જિલ્લા પંચાયતનો ચૂંટાયેલો સભ્ય હોય છે અને ખેડા જિલ્લાના જિલ્લા પંચાયતના જે સભ્ય હતા તે એ સેનેટમાં સભ્ય હતા પરંતુ ૧૯૯૯ની અંદર આણંદની જિલ્લા પંચાયત જયારે અસ્તિત્વમાં આવી છે ત્યારે આ બીલનો સુધારો થવાથી જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્ય તરીકે સભ્યપદ સેનેટમાં પ્રાપ્ત કરી શકશે. આ ઉપરાંત રાજય સરકારના અનેક વિભાગો ફેરફાર સાથે કામ કરે છે. દા.ત. એ વખતના માધ્યમિક બોર્ડની સામે આજે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ કામ કરી રહ્યું છે તે ઉપરાંત જે તે સમયે જાહેર બાંધકામ વિભાગની જગ્યાએ આજે માર્ગ અને મકાનના નવા નામકરણ સાથે જયારે વિભાગો કાર્યરત છે ત્યારે આ વિભાગના વડાઓ યુનિવર્સિટીના સેનેટમાં સભ્ય હોય છે. આ અગાઉ રાજય સરકારની અંદર જે વડા હતા એ નિયામક તરીકે ઓળખાતા હતા પરંતુ આજે એ અપગ્રેડ થઈને કમિશ્નરના પદે છે ત્યારે આ સુધારો અત્યંત આવશ્યક છે. સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટના સભ્ય તરીકે હોદ્દાની રૂએ માનનીય શિક્ષણ મંત્રીશ્રી બિરાજમાન હતા પરંતુ આજે એક મહત્વનો ફેરફાર એ છે કે એ જગ્યાએ જિલ્લા કલેકટરશ્રીને સુચિત કરવામાં આવ્યા છે. જે ઘણી નોંધનીય બાબત છે અને સ્થાનીક લેવલે આ પ્રકારના ફેરફારને કારણે સેનેટમાં નિર્ણયો પણ ઝડપથી લેવાશે અને કાર્યરત બનશે. આ બીલના સુધારાથી સરદાર પટેલ યુનિવર્સિટીના સ્ટેટસમાં કોઈ ફેરફાર થતો નથી કે કોઈ નાણાકીય બોજ પણ સરકાર ઉપર પડવાનો નથી. જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી શિક્ષણની ગુણવત્તા માટે અતિ સંવેદનશીલ છે. કે.જી. થી પી.જી. સુધીમાં ખુબ જ મહેનત કરીને હરણફાળ ભરી છે ત્યારે આજે કાર્યાન્વિત સંસ્થાઓની પણ ચિંતા કરીને શિક્ષણની અંદર જે કામ કરી રહી છે એના સુધારા જે આવશ્યક છે તેના માટે સભાનતા અને જાગૃતિ જે બતાવી છે તેના માટે ખૂબ અભિનંદન આપું છું અને આ બીલની અંદર મારું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : વર્ષાબહેન હવે પછી જયારે આપ બોલો ત્યારે આખું પ્રવચન વાંચવાને બદલે મુદ્દા લઈને આવજો. શ્રી લાલસિંહભાઈ,

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી માનનીય શિક્ષણમંત્રીશ્રી સન ૨૦૦૯નું સરદાર પટેલ યુનિવર્સિટી વિધેયક લઈને આ ગૃહમાં આવ્યા છે, ત્યારે આપના માધ્યમથી શિક્ષણમંત્રીશ્રીને મને જે આ સુધારાની અંદર થોડો ક ફેરફાર કરવા જેવો લાગ્યો છે એ આપના માધ્યમથી એમને રજૂઆત કરું છું.

જે ૮ કિ.મી. એટલે કે ૫ માઇલની ત્રિજ્યા રાખવામાં આવી છે, એની જગ્યાએ ભૌગોલિક રીતે આણંદ જિલ્લો છે, એને આના વિસ્તાર તરીકે યુનિવર્સિટીને લેવામાં આવે તો ઘણી બધી કૉલેજો એવી છે કે જેને સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંકળાઈને કામ કરવું છે, પણ નીતિ નિયમના કારણે ૮ કિ.મી. ની ત્રિજ્યાને લીધે આ લોકો કામ નહોતા કરી શકતા. માટે એ યુનિવર્સિટી બીજી યુનિવર્સિટી સાથે સંલગ્ન થઈને કામ કરવું પડતું હતું. આની અંદર સુધારો કરી ભૌગોલિક આણંદ જિલ્લો છે, એને આનો વિસ્તાર બનાવીને અમલમાં મૂકવામાં આવે તો બોરસદની અંદર કૉલેજ છે, ભાદરણમાં, પેટલાદ, ઓડ અને બીજુ આંકલાવમાં છે તો, જિલ્લામાં જયાં જયાં કોલેજો છે, એ બધી આની અંદર રહી શકે, વહીવટમાં સરળતા રહે, જવા આવવાનો સમય બચી જાય આ એક મુદો છે. બીજો મુદો છે કે લોકલ ફંડ એક્ઝામીનર દ્વારા આ યુનિવર્સિટીનું ઑડિટ થતું હોય છે. ૨૦૦૧ થી અત્યાર સુધીનું ઑડિટ બાકી છે. આ એકલી યુનિવર્સિટી નહિ, પણ ઘણી બધી યુનિવર્સિટીનું બાકી છે, તો આ દર વર્ષ ઑડિટના હિસાબો થયા પછી જે મળવાપાત્ર યુનિવર્સિટીનું અનુદાન હોય છે, તે પણ સરકાર તરફથી

મળતું હોય છે એ નથી મળતું. એના માટે થઈને લગભગ દર વર્ષે દોઢથી બે કરોડ રૂપિયા યુનિવર્સિટીને મળવાપાત્ર આપવાના સરકાર તરફથી રહી જાય છે. એના કારણે અમારી સરદાર પટેલ યુનિવર્સિટીની અંદર ૧૮ કરોડની ખોટ છે. એ જ રીતે બીજુ એક કે આનું ઑડિટ થાય છે. શિક્ષણ વિભાગ અને ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી સંયુક્ત રીતે કરે છે. આપના માધ્યમથી શિક્ષણ મંત્રીશ્રીને કહેવું છે કે આ ઑડિટ સમયસર જો થાય. ૩૧-૩ એ વર્ષ પૂરું થાય છે, તો ૩૧-૩ વર્ષ પૂરું થાય કે તેના ૬ મહિનાની અંદર જો ઑડિટ કરી દેવામાં આવે તો આજે સંયુક્ત ટીમ દ્વારા ઑડિટ થાય છે, એમાં ૧૯૯૮-૯૯ થી આજ સુધીનું ઑડિટ બાકી છે, તો બંને પ્રકારનું ઑડિટ છે એ જો સમયસર થાય તો યુનિવર્સિટીઓને જે દર વર્ષે મળવાપાત્ર નિયમિત પૈસા મળવા જોઈએ એ મળતા થઈ જાય. અત્યારે ૧૮ કરોડ જેટલી માતબર રકમ બાકી છે, એ રકમ સમયસર મળતી થઈ જાય, તો ભૌગોલિક દ્રષ્ટિએ આણંદ જિલ્લાનું બે જાતનું ઑડિટ સમયસર થાય અને યુનિવર્સિટીને મળનાર પૈસા એને મળે તેવી તજવીજ થાય તો વધારે યોગ્ય ગણાશે. બીજું ઘણું બધુ અમારા ધારાસભ્યશ્રીઓ અને મિત્રો મારફત કહેવામાં આવ્યું કે ખેડા જિલ્લો થયો અને બે ભાગ પડ્યા તો એમાં આણંદ એકલાને જ પ્રતિનિધિત્વ આપવાની વાત છે, એની જગ્યાએ ખેડા અને આણંદ એમ બંનેને એકએક પ્રતિનિધિ મૂકવામાં આવે એવું કઈક શિક્ષણમંત્રીશ્રી વધારાનો સુધારો કરીને લાવે તો અમારા બંને જિલ્લાના લોકોને પણ આનાથી આનંદ થશે. આ મારી રજૂઆત ઉપર ધ્યાન આપવામાં આવે તો બહુ આનંદ થશે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૦૯ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું. સાથે સાથે મારા સાથી સભ્ય શ્રી લાલસિંહભાઈએ પાંચ કિલોમીટરની મર્યાદા રાખી છે તેના બદલે સમગ્ર આણંદ જિલ્લાનો સમાવેશ થાય તે વાત કરી છે તેમાં સૂર પૂરાંવું છુ. આણંદ જિલ્લામાં ઘણા શિક્ષણ સંકુલો આવેલા છે. ઘણી બધી કોલેજો આવેલી છે. આમ થશે તો તે વિભકત રહી જશે અને તેને સંચાલનમાં મુશ્કેલી થશે. આણંદ અને ખેડા જુદો પડયો ત્યારે ભવિષ્યના માટે ખેડા જિલ્લાનો વિચાર કરવો પડશે. ખેડા જિલ્લો હંમેશાં ગૌરવશાળી રહયો છે. તેની આણ, બાણ શાન અલગ છે. તેના શિક્ષણ માટે ભવિષ્યમાં વિચાર કરવો પડશે. સાથે સાથે આમાં જે શિક્ષણના તજજ્ઞો હોય તેમને મૂકવા જોઈએ. સાથે સાથે કલાકારો હોય તેમને પણ મૂકવા જોઈએ. સાથે સાથે જે લોકો દાનવીર છે, લાખો, કરોડો રૂપિયાનું દાન આપ્યું છે તે લોકોને સભ્ય તરીકે મૂકાય તો યુનિવર્સિટીની દિનપ્રતિદિન પ્રગતિ થશે. બાકી ખેડા જિલ્લાનો એક પ્રતિનિધિ મૂકાય એટલી ઈચ્છા છે તે પૂર્ણ કરશો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલના સુધારા ઉપર ચાર સભ્યશ્રીઓએ પોતાના સૂચનો રજૂ કર્યા છે. તે બધાએ હકારાત્મક પ્રતિભાવ આપ્યા છે તે બદલ બધાનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ જે સુધારો છે તે સરદાર પટેલ યુનિવર્સિટીમાં જરૂરી છે અને વિશેષ કરીને ટેકનિકલ બાબતો છે એટલા માટે આ સુધારા મૂકવામાં આવ્યા છે. માનનીય અર્જુનભાઈએ કહયું તે વાત સાથે એટલા માટે સંમત છું કે શિક્ષણમંત્રી થયા પછી સેનેટ સભ્ય તરીકે મારે મતદાન કરવાનું હતું અને તે વખતે મારા ધ્યાનમાં આવ્યું કે આ યુનિવર્સિટીમાં હું આવ્યો નથી અને કોઈ મિટીંગ એટેન્ડ કરી નથી અને માત્ર મારે મતદાન કરવાનું છે તો એટલા માટે મેં કહયું તે પ્રમાણે શિક્ષણમંત્રી તરીકે મારી જાતને એટલે શિક્ષણમંત્રી તરીકે તેમાંથી બહાર કાઢીને જિલ્લાના કલેકટર કારણકે આ યુનિવર્સિટીને તેની પણ જરૂરિયાત હોય છે એટલે આ સુધારો કર્યો છે. અર્જુનભાઈએ કહયું તેમ દરેક ફેકલ્ટીમાં અને તેઓ પંદર વર્ષ સુધી સેનેટમાં રહયા છે એટલે મારા કરતાં વધારે જાણે છે. બધામાં શિક્ષક પ્રતિનિધિ, કોલેજના પ્રતિનિધિઓ છે. પાંચ અન્ય પ્રતિનિધિઓ પણ છે. એટલે એમની જે આશા અને અપેક્ષા છે બધી જગ્યાએ છે તે પ્રકારનું પ્રતિનિધિત્વ ઓલરેડી પહેલેથી જ છે. માત્ર મેં કહયું તે પ્રમાણે કયાંક નિયામક હતા, નિયામકની જગ્યાએ કમિશ્નર આવ્યા. માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય હતા તે નામોના ફેરફારને કારણે આ સુધારાઓ કરવા પડયા છે અને યુનિવર્સિટીની પોતાની લાગણીને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા છે. તે સિવાય એના ભૌગોલિક વિસ્તાર અને ઓડીટ માટેની જે વાત કરી છે તે વાતને ગંભીરતાપૂર્વક લઈને તે પણ યુનિવર્સિટીના ધ્યાન પર મૂકી રાજય સરકારને જે કરવાનું થતું હશે તે કરી તેનો જરૂરથી પ્રયત્ન કરીશું. આ ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું કે આ બિલને સર્વાનુમતે મંજૂર કરે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૯નું સરદાર પટેલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ: ૨ થી ૬, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૯નું સરદાર પટેલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક:૯નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવેછે.

**સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક : ૮**

# નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી (સુધારા) વિધેયક, ૨૦૦૯

**નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૯નું નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૯નું નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા**: માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ ખાતે આવેલી નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીની ૨૦૦૯માં યુનિવર્સિટી તરીકે એની સ્થાપના થયેલી છે. અત્યારે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જે આમૂલ ફેરફારો થઈ રહ્યા છે અને આંતરરાષ્ટ્રિય સ્તરે જે પ્રમાણેની શિક્ષણની જરૂરિયાત ઊભી થઈ છે એ આ યુનિવર્સિટીના માધ્યમથી ખૂબ સારી રીતે કામગીરી ચાલી રહી છે ત્યારે એ યુનિવર્સિટીના બોર્ડ ઑફ ગવર્નન્સે જે સુધારાઓ મૂક્યા છે એમાં નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી જે અત્યારે એનું નામ છે એના બદલે અત્યંત પ્રચલિત અને લોકભોગે એવું ટૂંકુ નામ એ નિરમા યુનિવર્સિટી કરવા માટેનો સુધારો છે એ સાથે સાથે એના યુનિવર્સિટીના બોર્ડ ઑફ ગવર્નન્સમાં અત્યાર સુધીમાં સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગના સચિવશ્રી કામ કરતા હતા તેના બદલે હવે શિક્ષણ વિભાગના સચિવશ્રી એમાં કામ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે વિશેષ કરીને આ યુનિવર્સિટીને જેટલા નવા નવા અભ્યાસક્રમો કરવા છે એમાં ડેન્ટલ, મૅડિકલ, પૅરા મૅડિકલ, ફીજીયોથેરાપી, ફાર્મસી, કૉમર્સ, મેનેજમેન્ટ એન્ડ એજ્યુકેશન અને હ્યુમન આર્ટસ, આ વિષયો એ ઉમેરવા માગે છે એટલે અત્યાર સુધીમાં એમાં માત્ર સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીના કારણે આ સંભવ બનતું ન હતું, માત્ર નિરમા યુનિવર્સિટીના કારણે આ વધારાના કોર્સિસ ત્યાં ચાલુ થશે. એ સાથે સાથે અત્યાર સુધીમાં એમની પાસે બે ડીનની જગ્યા હતી એના બદલે તમામ જગ્યાએ ડીનની વ્યવસ્થા કરવાની જોગવાઈ છે. યુનિવર્સિટીનો અત્યાર સુધીનો ડાયરૅક્ટરનો જગ્યાનો નામાભિમાન બદલીને ડાયરૅક્ટર જનરલ કરવાનો આમાં સુધારો છે. આજના પ્રવર્તમાન સંજોગો અનુસાર આ યુનિવર્સિટીનું સંચાલન સ્વાયત્ત ધોરણે થનાર હોવાથી આ અંગે આર્થિક બોજ કોઈ આવવાનો નથી આ યુનિવર્સિટીના બોર્ડ ઑફ ગવર્નન્સે જે ભલામણો મોકલી છે એ હું ગૃહ સમક્ષ રજૂ કરું છું, અપેક્ષા છે કે બધા એને મંજૂર કરે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (સુધારા) વિધેયક લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નિરમા યુનિવર્સિટી કદાચ ગુજરાતની પહેલી પ્રાઈવેટ યુનિવર્સિટી હશે અને એ વખતે ઘણાં સંશયો પણ હતા આપણને કે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ આવી અને દુકાનો તો શરૂ નહીં કરી દેને? આ પ્રકારના અનેક સંશયો હતા કારણ કે બીજા રાજયોમાં આવી બાબતો બનેલી પણ હતી. અને એનો ચેપ આપણા રાજયોમાં પણ હવે કયાંક કયાંક શરૂ થયો છે. પણ આ યુનિવર્સિટી આવે ત્યારે બધાને થોડો આ પ્રકારનો સંશય હતો. પણ એમના સ્થાપકોનો સહકાર મળ્યો અને શ્રેષ્ઠ એકેડમીશ્યન એની સાથે જોડાયા તો સારી યુનિવર્સિટી બની શકે એ આ નિરમા યુનિવર્સિટીએ સાબિત કર્યું છે. મને એ વાતનું ગૌરવ છે કે મારા ૫૦ ટકા કરતાં વધારે ગુરુઓ આ યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે. આજે પણ એના વાઈસ ચાન્સેલર છે એની પાસે હું પાંચ વર્ષ સુધી સૌરાષ્ટ્રની લખધીરજી એન્જિનિયરીંગ કોલેજમાં જયારે પ્રો.એન.વી. વસાણી પ્રોફેસર હતા ત્યારે હું એમની પાસે મોરબીમાં મિકેનિકલ એન્જિનિયર ભણ્યો છું.. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર એ નહીં પણ એ સિવાય ત્યારે એક જ યુનિવર્સિટી હતી એને કારણે સરકારી જે એન્જિનિયરીંગ કોલેજો હતી મોરબી અને અમદાવાદ એલ.ડી. એન્જિનિસયરીંગ કોલેજ એ બંનેનો મોટા ભાગના જે શિક્ષકો હતા એ ત્યાં ગયા અને એણે આ યુનિવર્સિટીને આ દરજ્જે પહોંચાડી અને આજે મોટા ભાગે શિક્ષણ મંત્રીશ્રીનો સૌથી વધારે અનુભવ છે કે, દરેક લોકો અત્યારે યુનિવર્સિટી કે કોલેજ બનાવવા માટે નહીં પણ આ કોલેજમાં હું ભાગીદાર છું એ વાત કરે છે. કમનસીબી છે આ સમાજની અંદર કે આ પ્રકારે આવા એલિમેન્ટ તૈયાર થઈને આવ્યા છે. પણ નિરમા યુનિવર્સિટીની અંદર નિરમા ગૃપે રોકાણ કર્યું, નિરમા ઉદ્યોગ સાથે આપણે બહુ સંમત નથી થતા અત્યારે બહુ મોટી મુશ્કેલીઓ ઉભી કરે છે

* વિધેયક તા. ૧૮મી જૂન, ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

બધી જગ્યાએ પણ યુનિવર્સિટી એણે સારી બનાવી છે એ વાત આપણે સ્વીકારવી જ રહી અને એટલા માટે આજે નિરમા યુનિવર્સિટીનું એક નામ થઈ ગયું છે.અને શ્રેષ્ઠ શિક્ષકો ત્યાં આવ્યા અને સૌથી વધારે એ વાત થઈ કે કાયદાથી અમુક લોકોને વેપાર કરવા માટે મેનેજમેન્ટ કવોટા અને એન.આર.આઈ. કવોટા એમને આપવામાં આવ્યો અને આ મેનેજમેન્ટ કવોટા અને એન.આર.આઈ. કવોટા છે એનો છડેચોક વેપાર ચાલે છે. આપણે ગૈરવ સાથે કહી શકીએ કે, નિરમા યુનિવર્સિટીએ એની સ્થાપનાથી શરૂ કરીને આજ દિવસ સુધી એની તમામ જે સીટી છે એ આપણી કોમન એડમિશન કમિટી છે એને સરન્ડર કરેલ છે. ઓબ્લાઈઝ કરવાની, મોટા લોકો હોય નાણા વાળા હોય પૈસાની જરૂર ન હોય તો પણ એવી ઈચ્છા જરૂર થાય કે મારી પાસે લોકો આવે અને હું એમને એડમિશન આપું. પણ એડમિશનને નામે ફોન ન કરવો પડે એવી સારી વ્યવસ્થા કરી છે અને એટલા માટે આવા લોકો આવકાર્ય છે કે જે માત્રને માત્ર વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને સંસ્થા ઉભી કરે છે અને એનો વ્યાપ પણ વધવો જોઈએ. અને પ્રાઈવેટ ક્ષેત્રમાં, ખાનગી ક્ષેત્રમાં મોડેલ યુનિવર્સિટીઓ આ પ્રકારની બને અને એનું વિસ્તૃતિકરણ થાય, એનું વિસ્તરણ થાય એ ખૂબ જરૂરી છે. પણ હવે આ યુનિવર્સિટીઓમાં પણ ભલે મેરીટના ધોરણે એડમિશનો અપાય, પણ એક મોટો ભય ઉભો થયો છે અને એ ભય એવો છે કે, ગુજરાતના કાયદાઓથી બનેલી યુનિવર્સિટીમાં કદાચ ગુજરાતના વિદ્યાર્થીઓને પણ એડમીશનો ના મળે, જયારે નિરમા યુનિવર્સિટીનું બિલ આ ગૃહની અંદર લાવવામાં આવ્યું અને જ્યારે ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટનું બિલ આ ગૃહમાં લાવવામાં આવ્યું ત્યારે પણ આ ચિંતા સેવવામાં આવી હતી કે ગુજરાતના વિદ્યાર્થીઓને વધારેમાં વધારે એડમીશન મળે એના માટે આપણે આ એકટની અંદર જોગવાઈઓ કરીને એને એન્સ્યોર કરવું પડે. મને બરાબર યાદ છે કે, જે તે વખતના શિક્ષણમંત્રીશ્રીએ, ખાસ કરીને ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજીના બિલ વખતે આ ગૃહના ફલોર ઉપર ખાતરી આપી હતી કે, ગુજરાતના વિદ્યાર્થીઓને એડમીશન મળશે અને એના માટે આપણે એન્સ્યોર પણ કરાવીશું અને એકાદ કોર્સની અંદર એ મળે છે એવી વાત પણ કરી એ કોર્સ પછી બંધ કરી દેવામાં આવ્યો અને આજે ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજીની અંદર બાયનોક્યુલર લઈને જોવા જઈએ તો ગુજરાતનો વિદ્યાર્થી ક્યાંક મળી જાય, આ નિરમા યુનિવર્સિટીમાં પણ અમુક કોર્સની અંદર આની શરૂઆત થઈ ચૂકી છે, હું એમ નથી કહેતો કે મેરીટની બહાર જાય છે, પણ આપણે કાયદાથી જોગવાઈ કરવી પડશે આની અંદર કે આમાં ગુજરાતના વિદ્યાર્થીને એડમીશન મળે, કારણકે જ્યારે આ ગૃહની અંદર યુનિવર્સિટીઓના બિલ લાવવામાં આવેલા ત્યારે આ વાત બહુ ગાઈ વગાડીને સરકારે કહેલી છે કે ગુજરાતના પૈસા છે એ બીજા રાજયમાં જાય છે આપણા વિદ્યાર્થીઓ છે એ બીજા રાજ્યોમાં જાય છે અને અમુક કરોડો રૂપિયાનું રોકાણ ગુજરાતના વાલીઓએ બીજા રાજયોમાં કરવું પડે છે ત્યાં રેગીંગનો ભોગ બનવું પડે છે વિગેરે વિગેરે કારણો આપીને આ યુનિવર્સિટીઓના બિલો લગભગ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યાં હતા, અને જયારે એવું થતું હોય ત્યારે રાજય સરકારે લેજીસ્લેચર સુધારવાની અંદર જરાપણ શેહ શરમ રાખવી નહિ જોઈએ. જે જે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ આવે એમાં એક કલોઝ જરૂરથી રાખવો જોઈએ કે, યુનિવર્સિટીના જે એડમીશનો છે એને રેગ્યુલેટ કરવાની સત્તા રાજય સરકાર પાસે રહે, રેગ્યુલેટર તરીકેની જવાબદારી પણ એણે નિભાવવાની છે અને જો રેગ્યુલેટર તરીકેની જવાબદારી આપણે બરાબર નિભાવીશું તો એક રાષ્ટ્રીય સંસ્થા બનાવવાના મોહમાં સારી સંસ્થાઓની અંદર આપણા વિદ્યાર્થીઓને એડમીશન નહિ મળે. એ સંસ્થાઓ વિશે મારે કશું કહેવું નથી, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફરમેશન ટેકનોલોજી અને બીજી નિરમા યુનિવર્સિટી એની અંદર હજી શરૂઆત થઈ છે, હું આપના મારફત માનનીય શિક્ષણમંત્રીશ્રીને વિનંતી કરીશ કે આ યુનિવર્સિટીની અંદર ગુજરાતના વિદ્યાર્થીઓને એડમીશનો મળે એના માટેનો કલોઝ અચૂક લઈ આવવો પડશે. વ્યાપ વધે એની સામે કશો વાંધો નથી. પણ જો નહિ લઈ આવીએ તો દિલ્હીનો વિદ્યાર્થી અહીંયા હશે અને આપણો વિદ્યાર્થી ચેન્નાઈ કે બેંગ્લોર ભણતો થઈ જશે, સારી ઈન્સ્ટીટયુટ ત્યાં હશે અને હવે તો નેશનલ લેવલની એન્ટરન્સ એકઝામના આધારે ઘણી યુનિવર્સિટીઓ એડમીશનો આપતી થઈ છે આપણી ના નથી, એ એકઝામને પણ આપણે રેકગ્નાઈઝ કરીએ છીએ પણ એમાંથી જે વિદ્યાર્થી ગુજરાતના હોય એની પ્રાયોરિટિ, ૯૦ ટકા બેઠકો એના માટે અનામત રહે અને એ ખૂબ જરૂરી છે એટલા માટે કે બધાને ઘણી વખત એવું થાય છે કે, વિદ્યાર્થીઓ ગુજરાતના ભણે એના કરતાં ઑલ ઈન્ડિયામાં મારી ઈન્સ્ટીટયુટનું નામ નીકળે એ કારણોસર આ મોહની અંદર મેરીટ ઉપર પણ ગુજરાતના વિદ્યાર્થી કરતાં બીજા વિદ્યાર્થીઓનો સમાવેશ વધારે થતો હોય છે એટલો સુધારો જો લઈ આવે તો આ ગૃહ એને આવકારશે બાકી વ્યાપ વધે છે, શિક્ષણનો, નિરમા યુનિવર્સિટીનો એને આવકારીએ છીએ, નામ બદલવાનું આવે તો એમાં પણ કંઈ કશું કહેવાનું નથી પરંતુ આટલો સુધારો જે જે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ આપણે બનાવી છે. પરંતુ આટલો સુધારો જે જે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ આપણે બનાવી છે તે બધી જ પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં આ થોડાંક સુધારાઓ લઈ આવો એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના સુધારા વિધેયક ૨૦૦૯ને લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નિરમા યુનિવર્સિટી જ્યારે ૨૦૦૩ની અંદર આ સન્માનનીય સભાગૃહની અંદર તે વિધેયક પસાર કર્યુ તે વખતના દિવસોની ચર્ચાના કેટલાક અંશો મને આજે પણ યાદ છે. ૧૯૯૫માં આ નિરમા એજ્યુકેશન સંકુલ શરૂ થયેલી સંસ્થા ક્રમશઃ વિસ્તરીને ૨૦૦૩માં અનેક એન્જીનીયરીંગ, મેનેજમેન્ટ અને ફાર્મસી જેટલી જુદી જુદી બ્રાન્ચો સાથે કાર્યરત હતી. આ સંસ્થાની સાથે જે સંકળાયેલા છે તે નિરમા પરિવારના વડા કરસનભાઈ પટેલ જેને આપણે ડો.કે.કે.પટેલના નામથી જાણીએ છીએ. તે આપણા ગુજરાતના એક ઉદ્યોગપતિ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રંગપુર ગામના એક સામાન્ય ગરીબ કુટુંબના વ્યકિત કે જેણે જે તે વખતે પોતે ગુજરાતની અંદર પૂરતી સુવિધાઓ ના હોવાના કારણે માત્ર બી.એસ.સી.સુધીનો અભ્યાસ કરવાની તેને તક મળી. તે વખતે તેણે નક્કી કર્યુ કે હું એન્જીનીયર નથી બની શક્યો પરંતુ આ ગુજરાતની અંદર એન્જીનીયરોની ફોજ બનાવવા માટે હું મારી તમામ શકિતઓ વાપરીશ. તેણે પોતે સંકલ્પ કર્યો નિરમાના નામથી પોતે અને નિરમાની સંસ્થા આજે વિશ્વભરની અંદર જાણીતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ ટ્રસ્ટ બનાવ્યું તો તે ધારત તો તેને પ્રાઈવેટ ટ્રસ્ટ તરીકે કામ કરી શકત. પરંતુ તેણે પબ્લિક ટ્રસ્ટ તરીકે તેની જાહેરાત કરી અને સાથે સાથે ૧૦૩ એકરમાં આજ દિવસ સુધીમાં નિરમા ઓર્ગેનાઈઝેશન દ્વારા લગભગ ૯૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ આ સંસ્થા પાછળ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫થી આજ દિવસ સુધીમાં દસ હજાર જેટલા ડિગ્રી અને ડિપ્લોમાં મેનેજમેન્ટ અને ફાર્મસી જેટલા વિદ્યાર્થીઓ તેમાંથી ઉત્તિર્ણ થયાં છે. જે ૨૦૦૯ની અંદર પાસ થયા તે તમામનું ૨૦૦૮ની અંદર તમામનું પ્લેસમેન્ટ થઈ ગયું આ નિરમા યુનિવર્સિટીની આ પ્રમાણેની એક ઈમેજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કરસનભાઈ સાથે તેમનો જે પોતાના સ્વભાવ પ્રમાણે કે હું આ ધરતીમાં જનમ્યો છું, આ ધરતીમાં કમાયો છું, આ ધરતીએ મને નામના આપી છે તો આ ધરતીમાં મારે કંઈક કરવું છે " તેરા હી તુજકો અર્પણ " તેના માટે તેમણે ગુજરાતની અંદર આ શૈક્ષણિક સંકુલ સર્જીને આપણા સૌ ગુજરાતના યુવાનો માટે અનેરૂં કામ કર્યુ છે. આ નિરમા યુનિવર્સિટી જેને ૨૦૦૦ પછી આખા દેશની અંદર જે કુલ ખાનગી યુનિવર્સિટીઓ છે તેમાં દેશમાં તેણે ત્રીજું સ્થાન હાંસલ કર્યુ છે. બેસ્ટ ટીચર, બેસ્ટ પ્રિન્સિપલ, બેસ્ટ ઈન્સ્ટ્રીટયુટ એવા અનેકવિધ એવોર્ડ પણ આ સંસ્થાને મળ્યાં છે. પી.આર.એલ. ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, ઈસરો, જેવી સંસ્થાઓ સાથે તેણે રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા જોડાણ કરીને તેણે આપણને અનેકવિધ નવી સુવિધાઓ પણ પૂરી પાડી છે. નિરમામાંથી પાસ થયેલાં સ્ટુડન્ટને દેશ અને દુનિયાની અંદર સારા પેકેજ સાથે રોજગારી મળે છે. આ કરવાની જરૂરિયાત કેમ પડી? આપણે સૌ જાણીએ છીએ કે આઝાદીને આપણે સત્તા આવ્યાને ૬૦ વર્ષ થયા. અને આ ૬૦ વર્ષની અંદર મહત્તમ જે શાસકોના હાથમાં રાજય રહ્યું તેણે શિક્ષણના સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રી કોઈ ચિંતા નથી કરી. આજકાલ આપણને સૌને ચિંતા થાય છે કે ઑસ્ટ્રેલિયાની અંદર એક વર્ષની અંદર બસ્સો જેટલા હુમલાઓ થયા અને છેલ્લા એક મહિનાની અંદર વીસ જેટલા હુમલા થયા છે. અહીંથી, આ દેશમાંથી ૯૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયામાં ભણે છે. ૫ હજાર કરોડ રૂપિયા આપણા આ દેશમાંથી ઓસ્ટ્રેલિયામાં તણાઈ જાય છે. એકલા ગુજરાતના સાડા છ હજાર વિદ્યાર્થીઓ ત્યાં ભણે છે. થોડા સમય પહેલા જયારે ત્યાં ભણતા વિદ્યાર્થીઓ ઉપર હુમલા થયા અને ખાસ કરીને પાલનપુર અને વડોદરાના વિદ્યાર્થી ઉપર હુમલાના સમાચાર સરકારે જાણ્યા, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પાલનપુર અને વડોદરામાં એના પરિવારોને સંપર્ક કરીને, એમના ફોન નંબર મેળવીને ઓસ્ટ્રેલિયામાં તેમની સાથે વાત કરી કે ગુજરાત સરકાર તમારા ઉપર થયેલા હુમલાની ચિંતા કરે છે. દુઃખની વાત એ છે કે • (xxxx) (xxxx) (xxxx) માનનીય અધ્યક્ષશ્રી..

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી, આપ બિલ ઉપર આવીને બિલ ઉપર બોલો. બિલની કલમો ઉપર બોલો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આની આવશ્યકતા કેમ ઉભી થઈ, એનાથી વિશેષ મારે કંઈ કહેવું નથી.

**અધ્યક્ષશ્રી** : આપે કહેવા જેટલું કહી દીધું છે. આપ બિલ ઉપર આવો. મારે સમયની સાથે ચાલવાનું છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે ચિંતા કરી છે એ ચિંતા કેન્દ્ર સરકારે કરી નથી, એટલું તો મારે અવશ્ય કહેવું છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## કેન્દ્ર સરકારની ટીકા કરવા બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિથી હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, " માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો" એ પુસ્તકના પાના નંબર ૩૩૮ના ક્રમાંક: ૪૮૩. માનનીય અધ્યક્ષશ્રી, ૧૬ ફેબ્રુઆરી, ૧૯૭૬ના રોજ રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચામાં ભાગ લેતા સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ મુખ્યમંત્રીશ્રીના પ્રવચનનો ઉલ્લેખ કરી જણાવ્યું કે આજે દેશમાં રેડિયો

---

• **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. છાપામાં એકતરફી સમાચારો આવે છે. મીસાનો આડેધડ ઉપયોગ કરવામાં આવે છે. વાણી સ્વાતંત્રયનો લોપ થાય છે, ત્યારે શ્રી મગનભાઈ બારોટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે સભ્યશ્રીએ જણાવેલી સઘળી બાબતો ભારત સરકારે સંબંધકર્તા છે. ભારત સરકારને લગતી કોઈપણ બાબત હોય તે બાબતનો ઉલ્લેખ ન કરવો જોઈએ. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી કુંદનલાલ ધોળકીયાએ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો.

" એ વાત બહુ સ્પષ્ટ છે કે આપણે બીજી કોઈ સ્ટેટ ગવર્નમેન્ટ કે સેન્ટ્રલ ગવર્નમેન્ટને ક્રીટીસાઈઝ કરી શકતા નથી. આ એક વાત બહુ સ્પષ્ટ છે. અને મારે વખતોવખત રૂલિંગ આપવા પડે એ બરાબર નથી. કોઈ વસ્તુ બીજા સ્ટેટની હોય, તકલીફ હોય, આપણા સ્ટેટની હોય તો મૂકી શકાય. You cannot criticise the act of the central government. Let us be very clear about it. "

એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય ભૂતપુર્વ અધ્યક્ષશ્રીનો બહુ સ્પષ્ટ નિર્ણય છે, ઓસ્ટ્રેલિયામાં કેન્દ્ર સરકારે શું કર્યુ છે, શું નથી કર્યુ, કેન્દ્ર સરકાર આમ છે. વાહ વાહ કરાય, પણ માનનીય પ્રદિપસિંહભાઈને તો મારે, મારા સમાજમાંથી આવે છે એટલે, પણ એક મર્યાદા ચૂકીને એની ટીકા આ ગૃહમાં થઈ શકતી નથી. એટલું તો માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રનો જે ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીએ અભિગમ લીધો હતો એ જ અભિગમ આ રૂલિંગને ધ્યાનમાં રાખીને લેવાય એટલી વિનંતી કરું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કોઈ ટીકા ટીપ્પણી કરી નથી. હું બહુ ધ્યાનથી સાંભળતો હતો. એમણે દુ:ખ વ્યકત કર્યુ છે કે ત્યાંથી પૃચ્છા નથી કરી એનું મને દુ:ખ છે. સાહેબ, દુ:ખ વ્યકત કરવાનો તો અધિકાર છે, સભ્યશ્રીને. દુ:ખેય વ્યકત ન કરી શકે સાહેબ? એમને જે દુ:ખ થયું છે એ ગૃહ સમક્ષ વ્યકત કર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : જે વાતાવરણમાં બિલની ચર્ચા ચાલી રહી હતી. એ વાતાવરણની દિશા આપણે પકડીને ચાલુ રાખીએ. પ્રદિપસિંહજીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીનો ઉલ્લેખ કરી રાજયની બાબતો કહી ત્યાં સુધી એ યોગ્ય હતી. પરંતુ કેન્દ્ર સરકાર માટે દુ:ખ પણ વ્યકત કરવું એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એ ટીકા સમાન છે. અને એટલા માટે હું આ વાતને સ્વીકારી શકતો નથી. આ અગાઉ પણ મેં આ રૂલિંગ આપેલા છે. મારા અગાઉના અધ્યક્ષ મહોદયે પણ આ રૂલિંગ આપ્યા છે. શ્રી પ્રદિપસિંહજી, આપ બિલ ઉપર બોલીને જે વાતાવરણમાં બિલોની ચર્ચા ચાલે છે, એ વાતાવરણને આપ સમજીને આપ એ રીતે આપનું વકતવ્ય આપશો એવી મારી આપને વિનંતી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એટલો જ હતો કે..

**અધ્યક્ષશ્રી** : આશય કરતાં બિલ ઉપર આવી જાઓ.

# નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી (સુધારા) વિધેયક, ૨૦૦૯ (ક્રમશ:)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા**: હું બિલ ઉપર જ આવું છું. હું કેન્દ્ર સરકારના સંદર્ભમાં કાંઈ કહેવા માગતો નથી. હું એટલું ચોકકસ કહેવા માગું છું કે ભારતીય જનતા યુવા મોરચાના એક કાર્યકર્તા તરીકે રાજકીય પાર્ટીમાં અમે જોડાયા છીએ. અમારા વિદ્યાર્થી કાળથી જયારે કોઈ કોલેજમાં કોઈ રેગીંગની ઘટના બને, કેપિટેશન ફીના કરોડો રૂપિયા ગુજરાતમાંથી ખંખેરીને ગુજરાત બહાર જતા હતા ત્યારે પણ અમે જન આંદોલનો કર્યા હતાં. તો જયારે આવી કોઈ ઘટના બને તો એની સ્વાભાવિક જ પ્રતિક્રયા હોઈ શકે અને ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની આ સરકારે માત્ર વ્યથા કરી નથી, વેદના કરી નથી, પરંતુ યુવાનોને અનુકૂળ વ્યવસ્થા ઉભી કરવા માટે નિરમા યુનિવર્સિટીમાં જુદા જુદા અભ્યાસક્રમો દાખલ કરવા માટેનો પ્રયાસ કર્યો છે. આ જરૂરિયાત એટલા માટે ઉભી થઈ છે કે આપણે સૌ જાણીએ છીએ કે ૧૯ મી સદી એવી હતી કે જેની પાસે બાહુબળ હતું એણે રાજય કર્યુ, ૨૦ મી સદી એવી હતી કે જેની પાસે મૂડી હતી એણે જગત ઉપર રાજય કર્યુ, હવે આ ૨૧ મી સદી એવી સદી છે કે જેની પાસે જ્ઞાન, વિજ્ઞાન અને શિક્ષણ હશે એ જગત ઉપર રાજય કરવાના છે. આ ૨૧ મી સદી શિક્ષણની છે અને આ ૨૧ મી શિક્ષણની સદીમાં ૨૦૧૦ નું વર્ષ એ ગુજરાતનું સ્વર્ણીમ વર્ષ છૈ અને એ સ્વર્ણીમ વર્ષમાં ગુજરાતના યુવાનો સંપૂર્ણ રીતે શિક્ષિત થાય અને વલ્ડ ગ્લોબલ વિલેજ બનતું જાય છે ત્યારે ગ્લોબલ કોમ્પીટીશનમાં ગુજરાતના યુવાનોને પૂરતી તક મળે એના માટે મંત્રીશ્રી દ્વારા આ જે સુધારો લાવવામાં આવ્યો છે એને હું એટલા માટે આવકારું છું કે વાયબ્રન્ટ ગ્લોબલ ગુજરાતમાં ૧૨ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયાં, ૮૬૦૦ કંપનીઓએ એમ.ઓ.યુ. અને રાજયના ઉદ્યોગોમાં ૨૫ લાખ યુવાનો માટેની રોજગારીનું નિર્માણ ગુજરાતની ધરતી ઉપર થવાનું છે. આપણે ટેકનોલોજીકલ ક્ષમતા ધરાવતા યુવાનોને પ્રશિક્ષિત કરવાની ગુજરાતમાં તાતી આવશ્યકતા છે. રાજય સરકારે આ વખતે જે જાહેરાત કરી છે એમાં ૧૨ જેટલી એન્જિનિયરિંગ કોલેજોને ડબલ શિફટમાં ચલાવવાની છે, ૯ જેટલી પોલિટીકનીક કોલેજો અને ૨૦ જેટલી આઈ.ટી.આઈ. કોલેજોના માધ્યમથી ગયા વર્ષે જે એન્જિનિયરિંગની સીટો હતી એના કરતાં ડબલ જેટલી સંખ્યા થવાની છે. મેડીકલની સીટોમાં પણ વધારો કરીને ગુજરાતના યુવાનોને અને યુવતીઓને શિક્ષણની દિશામાં ગુજરાતની અંદર જ

ગુણવત્તાસભર અને સારું શિક્ષણ મળે અને ગુજરાતના યુવાનો વિશ્વમાં ગ્લોબલ કોમ્પીટીશનમાં કદમથી કદમ મિલાવીને પોતે પ્રગતિ કરી શકે એવા દ્રષ્ટિકોણથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની સ્વર્ણીમ ગુજરાતના સંકલ્પને સાકાર કરવાની અનુભૂતિ આ બિલમાં દેખાય છે એટલા માટે હું આ બિલને મારું સમર્થન આપું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (સુધારા) વિધેયક, ૨૦૦૯ લઈને આવ્યા છે. માનનીય અર્જુનભાઈએ જે વાત કરી છે એમાં હું મારો સૂર પૂરાવીને આ બિલ ઉપર વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં સૌથી મોટું આશાનું કિરણ હોય તો આપણા હ્યુમન રિસોર્સિસ છે. અમેરિકારના કોલમીસ્ટ થોમસ ફ્રેડસમેને બેસ્ટ સેલર તરીકે જેને પ્રાઈઝ મળ્યું છે એવું 'ધી વલ્ડ ઈઝ ફલેટ' એવું પુસ્તક લખ્યું છે. ધી વલ્ડ ઓફ ૨૧ સેન્ચ્યુરી, અમેરિકાના કોલમીસ્ટે દેશના માત્ર એકાદ ભાગમાં નહીં, આપણા દેશના નાના નાના હિસ્સામાં જ મુલાકાત લીધી એવું નહીં, પણ દુનિયાના મોટાભાગના દેશોમાં પ્રવાસ કર્યા પછી અમેરિકાના એ કોલમીસ્ટે લખ્યું છે કે, " ૨૧ મી સદીનું સામ્રાજ્ય આ હિન્દુસ્તાનનું હશે." આ અમેરિકાના કોલમીસ્ટે લખ્યું છે અને એ લખવા પાછળનું લોઝીક એવું આપ્યું છે કે મેં અમેરિકાની સિલિકોન વેલીમાં બેસીને કામ કરનાર વિદ્યાર્થી કે કામ કરનાર યુવાનને જોયો છે. મેં બેંગલોરમાં બેસીને કામ કરનાર યુવાનને જોયો છે, મેં કોરીયામાં બેસીને આઉટ સોર્સીંગ કરનાર યુવાનને પણ જોયો છે. અને મેં ચાયનામાં બેસીને આઉટ સોર્સીંગ કરનાર યુવાનને પણ જોયો છે પણ મારે કહેવું જોઈએ કે સમગ્ર વિશ્વમાં આઉટ સોર્સીંગમાં જો પ્રભુત્વશાળી કોઈનું કામ હોય તો એ હિનદુસ્તાનના યુવાનનું છે. એણે એમ કહયું કે મેં અમેરીકાના ડોકટર્સના ઈન્ટર્વ્યુ લીધા છે. અને અમેરીકાના ડોકટર્સ એમ કહે છે કે કોઈ એમ.આર.આઈ. આવે, એ એમ.આર.આઈ.ને આજે આઉટસોર્સીંગ પણ કરાવીએ છીએ. એ પડેલો ફોટો સીધો નેટ થ્રુ બેંગલોરમાં મોકલ્યો હોય, બેંગલોરમાં બેઠેલો હિનદુસ્તાની ટેકનીસીયન એ એમ.આર.આઈ.નો ફોટો જોઈ અને એનો રિપોર્ટ તૈયાર કરે. એ જ રીતે અમેરીકામાં ત્યાં બેઠેલો ટેકનીસીયન રિપોર્ટ તૈયાર કરે, પણ અમેરીકાનો ડોકટર એમ કહે છે કે અમેરીકાના ટેકનીસીયને આપેલા રિપોર્ટ પર અમે એટલો આધાર નથી રાખતા જેટલો હિન્દુસ્તાનમાં બેંગલોરમાં બેઠેલો ટેકનીસીયન અમને રિપોર્ટ આપે છે તેના પર અમે વધારે આધાર રાખીએ છીએ. આ કોઈ આપણો માણસ કહે એમ નહીં અમેરીકાનો એક કોલમનીસ્ટ પોતાના પુસ્તકમાં લખે તે આપણા સૌ ના માટે ગૌરવની વાત છે. આવતી કાલનું મજબૂત ભારત બને તેના પાછળના કોઈ કારણો પણ તેણે કહયાં હોય તો એ કહયા છે કે અનેક મુશ્કેલીઓ છે. ધેર આર મેની હર્ડલ્સ, પણ એ વિઘ્ન દોડ વચ્ચે હિન્દુસ્તાન જો આગળ વધવાનું હોય તો તેના રીસોર્સીમાં મહત્વનું રીસોર્સીસ કોઈ હોય તો તે હયુમન રીસોર્સીસ છે. દુનિયાના દેશોમાં સૌ થી વધારે યુવાનો કયાંય હોય તો તે હિન્દુસ્તાનમાં છે. યુવાનોનો દેશ છે. ત્યારે એમને વધારેમાં વધારે શિક્ષણ કેમ મળે, ઉત્તમ શિક્ષણ કેમ મળે તેની ચિંતા સૌ એ સહિયારી કરવાની છે. રાજકીય આક્ષેપો પ્રતિ આક્ષેપો માટેના ઘણાં પ્લેટફોર્મ મળતા હોય છે. કેટલાક પ્લેટફોર્મ તો એવા રાખીએ કે જયાં આપણે એનાથી પર ઉઠીને રાષ્ટ્રની અને રાજયની ચિંતા કરીએ. સતત પ્રગતિ, સતત વિકાસ અને સતત બુધ્ધીનો આંક એ ગુજરાતીઓનો છે. આજથી પાંચ હજાર વર્ષ પહેલા કે દસ હજાર વર્ષ પહેલાની હડપ્પન સંસ્કૃત્તિ ખોદાઈ છે, લાખા બાવળ હોય, ધોળાવિરા હોય કે લોથલની સંસ્કૃત્તિ હોય, આજ કાલની સંસ્કૃત્તિ નથી. આજથી દસ હજાર વર્ષ પહેલા દટાયેલી જે સંસ્કૃત્તિ ખોદાઈ છે તે હડપ્પન સંસ્કૃત્તિ વિશ્વના અન્ય વિભાગોમાં દસ હજાર વર્ષ પહેલાની જે શોધાઈ છે તે વિચારકો, ચિંતકો એના પર સંશોધન કરનારા લોકો એમ કહે છે કે દસ હજાર વર્ષ પહેલા પણ જે સંસ્કૃત્તિ બીજે હતી અને ગુજરાતમાં છે તેની સરખામણી કરીએ તો ગુજરાત ત્યારેય પણ દુનિયામાં સૌથી વધારે વિકાસશીલ ગુજરાત હતું. એટલે દરેક વાતમાં મારા કારણે ગુજરાતે વિકાસ કર્યો, એકસના કારણે કર્યો, એકસના કારણે કર્યો એમાંથી બહાર નીકળીએ, ગુજરાતીઓના જીન્સમાં વિકાસ પડેલો છે અને તેના કારણે ગુજરાત આગળ વધ્યું છે. એ ગુજરાતનું અપમાન છે, ગુજરાતની સંસ્કૃત્તિનું, ગુજરાતના જીન્સનું અપમાન છે, આપણે વખાણે ચડીને એ હદ સુધી ન જઈએ કે જયાં આગળ આપણે આપણી જાતનું અપમાન કરી બેસીએ, હું એ વાત કરવા માગતો હતો. કે જે રીતે શિક્ષણના ક્ષેત્રમાં ટોપ પર જગ્યાઓ છે. નીચેના લેવલ પર તકલીફ છે. અને આવતો સમય એ આવવાનો છે કે અહીં બેઠેલો વ્યકિત આઉટ સોર્સીંગના માધ્યમથી અમેરીકામાં બેઠેલા માણસનું આજે એકાઉન્ટીંગ કરે છે. અહીં બેઠેલો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ત્યાંના કોરપોરેટનું સંપૂર્ણ કામ અહીં બેસીને ત્યાં મોકલે છે. અને ડોલરમાં કમાય છે અને આપણા દેશમાં વધારો કરીને લાવે છે. આવકાર દાયક છે આવી યુનિવર્સિટીઓ, વધારે ને વધારે આગળ આવે, કોઈ ઉદ્યોગ પતિઓ હોય તે રોકાણો કરે પણ સાથે સાથે આપણી પણ જવાબદારી છે. પછી કેન્દ્ર સરકાર હોય રાજય સરકાર હોય કે આપણે સૌ હોઈએ, આખરે રાષ્ટ્રના વિકાસની આપણે ચિંતા કરીએ છીએ ત્યારે એને કેમ વધારે આગળ લઈ જઈ શકીએ, સાથે મળીને આગળ લઈ જઈ શકીએ તેની પણ ચિંતા કરે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીયસભ્યશ્રી પ્રદિપસિંહને મારે કહેવું છે કે ચિંતા એક જ વ્યકિત કરે છે અને બીજું કોઈ નથી કરતું એમાંથી બહાર નીકળીને મુળ સુધી જવાનો આપણે સૌએ પ્રયત્ન કરવો પડશે. હું ઑસ્ટ્રેલિયા તો આ બનાવો બન્યા પછી જાતે જઈને આવ્યો છું. એક બે નહિ પરંતુ અનેક સંગઠનોને મળીને આવ્યો છું. ત્યાં હિન્દુસ્તાનીઓએ રેલી કાઢી હતી એમાં પણ જોડાઈને આવ્યો છું. મેં એમાં કંઈ ઉપકાર નથી કર્યો, જાહેર જીવનમાં પડેલો માણસ છું એટલે મેં મારી ફરજના ભાગરૂપે આ કર્યુ છે એ વાત આપણે ભૂલવી જોઈએ

નહિ. આપણે જે કંઈ કરીએ છીએ એ આપણા જાહેર જીવનના ફરજના ભાગરૂપે કરીએ છીએ એનો કંઈ ઢંઢેરો પિટાવવાથી આપણે આપણી જાતને નીચે દેખાડતા હોઈએ છીએ, આપણે આપણી જાતનું અપમાન કરતા હોઈએ છીએ. મારે એ પણ કહેવું છે કે આપણે બહાર જઈએ છીએ એનો અભ્યાસ પણ કરવો પડે. માનનીય પ્રદિપસિંહજીભાઈ કહેતા હતા કે આપણું અઢળક રૂપિયાનું ધન ઑસ્ટ્રેલિયા ખેંચાઈ જાય છે, ત્યાં વિદ્યાર્થીઓ જાય છે ત્યાં જતાની સાથે વર્ક પરમિટ મળે છે. અનેક વિદ્યાર્થીઓએ ત્યાં મને કહ્યું કે અમે બીજા દેશોમાં નહિ અહીંયા એટલા માટે આવ્યા છીએ કે અહીંયા યુવાનોને બેરોજગારી ભથ્થું મળતું હોય છે. અહીંયા વર્ક પરમિટ અભ્યાસની સાથે સાથે મળે છે. અમે ભણીએ છીએ ખર્ચ કાઢીએ છીએ અને એ સિવાય વધારાના પૈસા અમે હિન્દુસ્તાનમાં કે ગુજરાતમાં પાછા મોકલીએ છીએ. ત્યાંના વિદ્યાર્થીઓએ એ પણ કહ્યું કે અહીંયા અભ્યાસ કરવા માટે એટલા માટે આવીએ છીએ કે અભ્યાસ પૂરો થતાંની સાથે સાથે કામ કરવાની પરમિટ મળે છે, રેસીડેન્સી પણ મળે છે. પરમેનેન્ટ સિટીજનશીપ મળે છે એટલે આપણે અધૂરી વાત નહિ પણ જ્યારે જઈએ ત્યારે એના મૂળ સુધી જવાનો પ્રયત્ન કરીએ તો એ આપણા દેશને કયાં કેટલો ફાયદો કે નુકસાન કરે છે તેનો ખ્યાલ આવે. આપણા કોઈ નિવેદનો આપણી કોઈ વર્તણૂક આપણે કદાચ પબ્લિસિટીના માધ્યમથી ફાયદો થાય પરંતુ દેશને કે આપણા હિતને નુકસાન ન કરે એ પણ જોવાની આપણા સૌની ફરજ છે.

નિરમા યુનિવર્સિટીનું નામ જ્યારે યુનિવર્સિટી શરૂ કરી ત્યારે જે નામ રાખવામાં આવ્યું હતું એના કારણે અભિગમ જે છે એ સંકુચિત થતો લાગ્યો અને એ કારણે નામમાં ફેરફાર કરવા માટે થઈને જ્યારે વાત આવે છે ત્યારે એમના આ આશયને સમર્થન આપું છું. નામમાં ફેરફાર કરવાના વિધેયકની સાથે એમનો જે આશય છે એ વધારે બર કેમ આવે એની ચિંતા સરકારે પણ કરવી પડશે. આપણે પણ ક્યાંક માધ્યમ થવું પડશે એટલું જ નહિ સત્તાધારી પક્ષ ચિંતા કરે કેન્દ્રમાં અમારો પક્ષ સત્તા સ્થાને છે તો ગુજરાતને ટેકનિકલ હોય, ગુજરાતને આરોગ્યનું ક્ષેત્ર હોય, ગુજરાતને ઈન્ફરમેશનનું ક્ષેત્ર હોય કે ગુજરાતને અન્ય ક્ષેત્રોમાં પણ કેમ વધારે ફાયદો થઈ શકે એમાં કેન્દ્ર સરકાર પણ કયાં ઉપયોગી થઈ શકે તેમ છે. ચાલો સાથે મળીને સહિયારો પુરુષાર્થ કરીએ આખરે ગુજરાતનું હિત કયાં છે એનો યશ કોને મળે છે એ મારે મન મહત્ત્વનું નથી. (અંતરાય) તમને હા લાગ્યું પણ તમને હાય લાગશે, આ હિતમાંથી ચૂક કરશો તો હાય લાગશે. માનનીય અધ્યક્ષશ્રી, જે યુનિવર્સિટીનો ઉદ્દેશ છે એમાં દંત ચિકિત્સા, ડેન્ટલ, તબીબી, સહ તબીબી, અંગ વ્યાયામ ચિકિત્સા, ફિઝિયોથેરાપી આ પણ મને લાગે છે કે આપણા માટે ઘણું જ મહત્ત્વનું છે. મોટા ભાગના ફિઝિયોથેરાપીસ્ટ બહાર જઈને સારી રીતે સેટ થઈ શકે છે અને ત્યાંથી ડોલરમાં કમાઈને રૂપિયા આપણા રાજયમાં અને આપણા દેશમાં પાછા મોકલી શકે છે. ઔષધ નિર્માણ વિજ્ઞાન, ફાર્મસી જેના અંદર પણ ગુજરાતે ખૂબ સારી હરણફાળ ભરી છે ત્યારે એનો પણ વિકાસ થાય. વાણિજ્ય સંચાલિત શિક્ષણ, માનવ વિદ્યા અને તેના સંલગ્ન ક્ષેત્રોમાં આ યુનિવર્સિટી આગળ વધવા માગે છે ત્યારે હું આવકારું છું આ તમામ ક્ષેત્રે એમને પૂરક બળ મળે એના માટેનું કામ આપણે સૌએ સાથે મળીને કરવું પડશે. ત્યારે માનનીય મંત્રીશ્રી આ જે વિધેયક લઈને આવ્યા છે તેને હું સકારાત્મક દ્દષ્ટિથી જોઉં છું અને વધારે મજબૂતી મળે તે માટે તેને આવકારીને વિરમું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે નિરમા યુનિવર્સિટી સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી સુધારા વિધેયક લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, નિરમા યુનિવર્સિટી જે માનનીય કરસનભાઈ પટેલે સ્થાપી છે. પ્રાઈવેટ યુનિવર્સિટી હોવા છતાં પણ ખૂબ જ ટૂંકા ગાળામાં પોતાનું નામ અને યુનિવર્સિટીનું નામ છેવાડાના માનવી સુધી પાથર્યું છે. તેની કામગીરીથી તેના જે ફળ છે તે છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે અને એ આપણા ગુજરાતનું ગૌરવ છે કે પ્રાઈવેટ યુનિવર્સિટી હોવા છતાં પણ આપણને સારું ગૌરવ અપાવવાનું કામ તેમણે કર્યું છે. સાથે સાથે નવી યુનિવર્સિટીનું નામ નિરમા યુનિવર્સિટીનું નામ રાખવા માટેનું વિધેયક લઈને આવ્યા છે તેમાં જે કાર્યક્ષેત્રો છે તે વધારવાનું વિચાર્યું છે. આજે ગુજરાતમાં ..

## સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) અન્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજની યાદીમાં બિલ તો પાંચ છે. પણ આ બિલ પૂરું થાય અને મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન થઈ જાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવી દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન થઈ જાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે જુદા જુદા નવા વિભાગો ડેન્ટલ, મૅડિકલ, સહતબીબી, ફીઝીયોથેરપી, ફાર્મસી, એમ.બી.એ. એવા જે વિભાગો શરૂ કરવાનું વિચાર્યું છે. અત્યારની જે પરિસ્થિતિ છે. ગામડાંમાં અત્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોય, સી.એચ.સી. હોય કે પી.એચ.સી. આજે પણ ડૉક્ટરોની જગ્યાઓ ખાલી છે. એ જગ્યાઓ પૂરવા માટે આ યુનિવર્સિટીઓ આવા નવા ડૉક્ટરોને જ્ઞાન આપીને ડીગ્રી પેદા કરશે તો મને લાગે છે કે આવી જગ્યાઓ પણ પૂરાશે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રે ઘણું મોટું કામ થઈ રહ્યું છે, ત્યારે આવા ક્ષેત્રોની પણ જરૂરિયાત પડશે. માનનીય અર્જુનભાઈએ વાત કરી તે એ કે ગુજરાતના વિદ્યાર્થીઓને વધુ મહત્ત્વ મળે અને સાથે સાથે ઓ.બી.સી., એસ.સી. અને એસ.ટી. વિદ્યાર્થીઓ માટે પણ આમાં સગવડ ઉભી થાય, એમના માટે પણ તમામને જે રીઝર્વેશનની પૉલિસી એમાં થાય એ પણ ખૂબ જરૂરી છે. આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નિરમા યુનિવર્સિટીના આ બિલની અંદર ચાર જેટલા માનનીય સદસ્યશ્રીઓએ પોતાનો હકારાત્મક અભિગમ અપનાવ્યો છે. આ બધાનો હું આભાર માનું છું. નિરમા યુનિવર્સિટી સ્વયં રીતે માત્ર રાષ્ટ્રીય નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે તેનું કામ વિકસ્યું છે અને તેને મદદરૂપ થવા માટે રાજય સરકારના એક પ્રયાસના ભાગ સ્વરૂપે તેમની જે માગણીઓ છે તેને હકારાત્મક દિશામાં લઈ જવા માટેના આ બિલના સુધારા છે. આમાં બે-ત્રણ બાબતોની મારે ચોખવટ એટલા માટે કરવી છે કે ૨૦૦૮માં આપણે જે બિલ મંજૂર કર્યું એમાં કોઈ પણ સંસ્થાની ૧૦૦ ટકા બેઠકો પૈકી ૭૫ ટકા બેઠકો એ આપણે મેરીટના આધારે ભરીએ છીએ. ૧૫ ટકા મેનેજમેન્ટ કવોટા, ૧૦ ટકા એન.આર.આઈ. કવોટા. એટલે ૭૫ ટકા બેઠકોની અંદર પણ પ્રવેશ પદ્ધતિમાં અનામતનું ધોરણ પણ એમાં રાખેલું છે. આપણે બધા જાણીએ છીએ. તે સાથે સાથે હમણાં ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટની જે વાત થઈ તેમાં ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટમાં ૫૦ ટકા વિદ્યાર્થીઓ માત્રને માત્ર ગુજરાતના, આ પ્રકારનો સુધારો ઓલરેડી થઈ ગયેલો છે. એટલે અર્જુનભાઈએ કહ્યું કે શોધવા જવું પડે એવી સ્થિતિ નથી. ૫૦ ટકા વિદ્યાર્થીઓ આજે પણ ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટમાં કામગીરી કરી રહ્યા છે અને જ્યારે આપણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની વાત કરવી હશે ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓનું જે ખમીર છે એ ખમીર રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવું હશે તો ક્યાંકને ક્યાંક આવી સંસ્થાઓને પણ આપણે સમર્થન આપવું પડશે. એ યુવાનોને વધારે સારી રીતે સમર્થન મળે.એના ભાગ સ્વરૂપે પણ આવી સંસ્થાઓને મદદ કરવી જરૂરી છે. પુનઃ ચારે ચાર સભ્યશ્રીઓનો આભાર વ્યકત કરી આ બિલને સર્વાનુમતે મજૂર કરવા માટેની હું વિનંતી કરું છું.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૮ સન-૨૦૦૯ નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૮, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૮ સન-૨૦૦૯ નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯ ગુજરાત વિધેયક ક્રમાંક-૮ સન ૨૦૦૯ના નિરમા યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૨જી જુલાઈ ૨૦૦૯ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર તા. ૨જી જુલાઇ, ૨૦૦૯**
**આષાઢ ૧૧, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજયમાં ઇજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ

***૭૮૦૫ શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ઇજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ નિવારવા સરકાર તરફથી કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) રાજયમાં ઇજનેરી/ફાર્મસી ડિગ્રી તથા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ નિવારવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦થી ઑન લાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : રાજયમાં ઇજનેરી/ફાર્મસી કૉલેજોમાં પ્રવેશ પ્રક્રિયામાં ખૂબ જ વિલંબ થતો હતો એના માટે સરકારે ઑન લાઈન પ્રક્રિયા દ્વારા પ્રવેશ કાર્યવાહી હાથ ધરી છે. આ નવી પદ્ધતિ હોય વિદ્યાર્થીઓ વાલીઑને અગવડતા ન પડે એ માટે સરકારે શું વ્યવસ્થા કરેલ છે?

**શ્રી રમણલાલ વોરા** : વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના વર્ષથી ડિગ્રી ઇજનેરી/ફાર્મસી/ડિપ્લોમામાં ઑન લાઈન પ્રક્રિયા આ રાજય સરકારે આ વરસે શરૂ કરી છે. અત્યાર સુધીમાં કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિને કારણે બહારગામથી અમદાવાદ સુધી આવતા વિદ્યાર્થીઓને ખૂબ જ હાલાકી ભોગવવી પડતી હતી, નાણાં અને સમયનો ખૂબ જ દુર્વ્યય થતો હતો. આ પ્રવેશ પદ્ધતિ ઝડપી અને પારદર્શક બનાવવા માટે આ ઑન લાઈન પદ્ધતિ અમલમાં મૂકી છે. એના કારણે આપણું શૈક્ષણિક સત્ર સમયસર શરૂ થાય અને સાથે સાથે વિદ્યાર્થીઓને જે સંસ્થાઓમાં પ્રવેશ મેળવવો છે એને અનુકૂળતા માટે સમય વધે એ સાથોસાથ આધુનિક ટૅક્નૉલૉજીને ધ્યાનમાં રાખીને આ વિદ્યાર્થીઓને લીટરસી વધે એ માટેનો રાજય સરકારનો પ્રયાસ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે પ્રવેશ પ્રક્રિયા ઑન લાઈન કરી, એ જ્યારથી કરી એ દિવસ પછી રાજયની ડિગ્રી, ડિપ્લોમા ઇજનેરીમાં કે ફાર્મસીમાં જે તે વખતે જે સીટો જાહેર કરી હતી એમાં શું કોઈ વધારો જાહેર કરવામાં આવ્યો છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : જે તે સમયે જાહેરાત કરવામાં આવી હતી એ વખતે ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ની સ્થિતિને ધ્યાનમાં લઈએ તો ડિગ્રી ઇજનેરી કૉલેજોમાં ૨૦૦૮-૨૦૦૯માં ૧૮૮૩૯ બેઠકો હતી અને બીજી જુલાઇ એટલે આજ તારીખથી એમાં ૩૪૦૧૦ એટલે કે ૧૫૧૭૧ બેઠકોનો વધારો થયો છે. ડિગ્રી ઇજનેરીની અંદર ૨૯૭૧૦ બેઠકો હતી એમાં ૪૭૫૦૦ એટલે કે ૧૭૭૯૦ બેઠકોનો વધારો થયો છે. ડિગ્રી ફાર્મસીમાં ૫૪૨૧ એટલે કે ૮૫૮નો વધારો થયો છે અને ડિપ્લોમા ઇજનેરીમાં પણ વધારો થયો છે એ પ્રમાણે ૨૦૦૮-૨૦૦૯ની સરખામણીએ આ વરસે ૩૩૬૮૪ બેઠકોનો વધારો થયો છે. આની સાથે સાથે મારે એ પણ જણાવવું છે કે રાજય સરકારે સેલ્ફ ફાઈનાન્સ અને સરકારી કૉલેજોની અંદર ડબલ શિફટ કરવાનો નિર્ણય કર્યો હતો. અન્ય રાજયમાં ન્યાય પ્રક્રિયામાં પડતર હોવાને કારણે આ વરસે ડબલ શિફટ કરી શક્યા નથી. આ ડબલ શિફટ થાય તો ડિગ્રીમાં પાંચ હજારથી વધારે અને ડિપ્લોમામાં ૩૫૦૦થી વધારે બેઠકોનો વધારો થશે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : પહેલાના વરસોમાં ઇજનેરી અને ફાર્મસી કૉલેજોની પ્રવેશ પ્રક્રિયા એટલી બધી વિલંબમાં પડતી હતી કે ઑગસ્ટ સપ્ટેંબર પછી ટર્મ શરૂ થતી હતી. માનનીય મંત્રીશ્રીએ ઑન લાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી છે તો એ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે તથા તેની મુદત શું નક્કી કરેલી છે?

**શ્રી રમણલાલ વોરા** : ઑન લાઈન પદ્ધતિ અમે સમયસર પૂરી કરીશું અને નિર્ધારિત સમય પ્રમાણે ૩૦મી જુલાઇ સુધીમાં આ તમામ પ્રક્રિયા પૂરી કરીશું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : ઑન લાઈન એડમિશનને કારણે ગુજરાતના વાલીઓ અને વિદ્યાર્થીઓને ઘ ણી સુવિધા ઉપલબ્ધ થઈ છે એના માટે માનનીય મંત્રીશ્રી અને સરકારને અભિનંદન આપું છું. ડિપ્લોમા, ડિગ્રીમાં અને ફાર્મસીમાં તાત્કાલિક ઑન લાઈન પદ્ધતિથી એડમિશન માટેની પ્રક્રિયા ઉપલબ્ધ કરી છે. પણ જે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે આ બાબતમાં શું સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે?

**શ્રી રમણલાલ વોરા** : ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં ઈન્ટરનેટની સુવિધા કે અન્ય સુવિધા ન હોય ત્યાં રાજય સરકારે તમામ સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજો ફાર્મસી ડિગ્રી, ડીપ્લોમા ફાર્મસી એ ઉપરાંત ૬૮ જેટલા હેલ્પ સેન્ટરો શરૂ કર્યા છે. ૧૪૨ જેટલા સાઈબર ઝોન શરૂ કરવામાં આવ્યા છે અને આ હેલ્પ સેન્ટરો ખાતે વિના મૂલ્યે માર્ગદર્શન, ઈન્ટરનેટની સુવિધા તથા પ્રિન્ટ કરી આપવાની સગવડો ઉભી કરી છે એ સાથે સાથે ગ્રામ્ય વિસ્તારનો કોઈ પણ વિદ્યાર્થી કોલ સૅન્ટરથી પોતાની માહિતી મેળવી શકશે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ચાલુ વર્ષે પીપીબીના ધોરણે ૧૨ નવી ડિગ્રી એન્જિનિયરીંગ કૉલેજો અને ૯ પૉલિટૅક્નિક કૉલેજો શરૂ કરવાની હતી એ હાલમાં આ વર્ષે તેમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઑન લાઈનનો પ્રશ્ન છે. અલગથી નવી સૂચના આપવી પડશે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સરકારશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ભોપાલ, મહારાષ્ટ્ર બધે આપણાં વિદ્યાર્થીઓ પાંચ વર્ષ પહેલાં ભણવા જતાં હતા.

**અધ્યક્ષશ્રી** : આ ઑન લાઈન ઉપર પ્રવેશ પદ્ધતિનો પ્રશ્ન છે. તેના ઉપર પૂછો. પૂર્વભૂમિકામાં ન પડો.

**શ્રી કાળુભાઈ વીરાણી** : ઑન લાઈનની વાત કરું છું. આજે ગામડાંમાં પણ ઑન લાઈન, બાઢડા ગામે ફાર્મસી કૉલેજ ચાલે છે ત્યાં પણ ઑન લાઈન પ્રવેશ મળે છે તેના અભિનંદન આપું છું અને ખાસ જે પાંચ વર્ષ પહેલાં ગુજરાતમાં સગવડતા નહોતી અને આજે ફાર્મસી કૉલેજ ૩૦૦૦ની વસતિના ગામમાં પણ ચાલે છે અને આવતા દિવસોમાં એન્જિનિયરીંગ કૉલેજ માટે સરકાર જે પગલાં ભરે છે તેના અભિનંદન અને સાથોસાથ મારો પ્રશ્ન એ છે કે જે રીસફલીંગ કરવામાં આવે છે તેમાં થોડો સમય લાગે છે. તેમાં માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આમાં ઝડપ થાય એવા પગલાં સરકાર ભરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગેની માહિતી અમને આપવામાં આવશે તો માત્ર ૪૮ કલાકમાં તેને સુવિધા કરી આપવામાં આવશે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઑન લાઈન એડમિશનની પ્રક્રિયા શરૂ થઈ છે. એટલે એડમિશનની પ્રક્રિયામાં કેટલા એડમિશન બાકી રહેશે તેની માહિતી માનનીય મંત્રીશ્રી કેવી રીતે આપવા માગે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ઑન લાઈન પ્રક્રિયામાં ૧,૩૮,૧૭૨ લોકોએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. રાજયમાં હાલ જેટલી ઉપલબ્ધ બેઠકો છે તે બેઠકોની મેં અગાઉ કહ્યું તેમ ૩૦-૭ પહેલાં આ તમામ પ્રક્રિયા રાજય સરકાર પૂર્ણ કરશે.

**રાજયમાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપવા પાછળ ખર્ચ**

***૭૮૪૨ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. રાજય સરકાર દ્વારા તો ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રામ્ય વિસ્તારની તેમજ શહેરી વિસ્તારની કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા અને

૨. તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**શિક્ષણ મંત્રીશ્રી :**

૧. વિસ્તારવાર કન્યાઓને આપેલ બૉન્ડની સંખ્યા

| વર્ષ | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૪૫૪૯૭ | ૫૫૩૭ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૨૭૯૭ | ૧૪૨૫૫ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૨૦૦૩ | ૧૦૬૯૪૦ |
| કુલ | ૩૯૦૨૯૭ | ૩૦૪૮૬ |

૨. વિસ્તારવાર થયેલ ખર્ચ (રૂા. લાખમાં)

| વર્ષ | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૪૫૪.૯૭ | ૫૫.૩૭ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૨૭.૯૭ | ૧૪૨.૫૫ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૨૦.૦૩ | ૧૦૬.૯૪ |
| **કુલ** | **૩૯૦૨.૯૭** | **૩૦૪.૮૬** |

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિદ્યાલક્ષ્મી બૉન્ડ યોજનાનો ઉદ્દેશ શું છે અને આ યોજના ક્યારથી અમલમાં આવી?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાલક્ષ્મી બૉન્ડ યોજના એ સ્ત્રી સાક્ષરતાનો દર વધે એટલા માટે કન્યાઓનું ૧૦૦ ટકા નામાંકન થાય, ૧૦૦ ટકા સ્થાયીકરણ થાય, તે માટે ધોરણ-૧માં નવીન પ્રવેશ મેળવનાર કન્યાઓને રૂા. ૧૦૦૦/-ના નર્મદા શ્રીનિધિ બૉન્ડ આપવામાં આવે છે અને ધોરણ-૭ પાસ કરે ત્યારે આ બૉન્ડની રકમ વ્યાજ સહિત ચૂકવવામાં આવે છે. આ વિદ્યાલક્ષ્મી બૉન્ડ યોજના વર્ષ ૨૦૦૨-૦૩થી અમલમાં આવી છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માધ્યમિક શાળાઓમાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં કુલ કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાલક્ષ્મી બૉન્ડ પ્રાથમિક વિભાગ સિવાય માધ્યમિક શાળાઓમાં પણ જે દીકરીઓ સ્ત્રી સાક્ષરતાનો દર વધારવા માટે ધોરણ-૮માં અભ્યાસ કરતી હોય તેવી કન્યાઓને પણ જે ગામોમાં કન્યાઓનો ૩૫ ટકા કરતા ઓછો સ્ત્રી સાક્ષરતાનો દર હોય એવા ગામો, જેઓના માતાપિતા ગરીબી રેખા નીચે જીવતા હોય. તેવી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બૉન્ડ ધોરણ-૮માં આપવાનું નક્કી કર્યું છે.૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં ૯૯૪૫ કન્યાઓને આવા વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા છે. એની પાછળ રૂ.૧,૯૮,૯૦,૦૦૦/-નો ખર્ચ થયો છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાલક્ષ્મી બૉન્ડની જાહેરાત પાછળ રાજય સરકારે છેલ્લા ૩ વર્ષમાં કુલ કેટલો ખર્ચ કર્યો છે?

**અધ્યક્ષશ્રી** : આમાંથી ઉપસ્થિત નહીં થાય, જાહેરાતની વિગતો છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ માહિતી નથી. એના માટે અલગથી નોટિસ જોઈશે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વિગતો ન હોય તો પછીથી આપજો.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિદ્યાલક્ષ્મી બૉન્ડ છે એ વિદ્યાર્થીનીઓને આપવામાં આવે છે, એમાં કેટલી રકમ આપવામાં આવે છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કહ્યું તે પ્રમાણે જે ગામમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૫ ટકા કરતાં ઓછું હોય અને જ્યાં એવા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવતા હોય એમની જે દીકરીઓ ધોરણ-૮ની અંદર અભ્યાસ કરતી હોય તેમને રૂ.૨૦૦૦/- ચૂકવવામાં આવે છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જ્યાં સાક્ષરતાનો દર નીચો છે ત્યાં સરકારશ્રી આ યોજના લાવી અને સ્ત્રી સાક્ષરતાનો દર ઊંચો લાવવા પ્રયત્ન કર્યો છે એ અભિનંદનને પાત્ર છે. પણ જ્યાં આ યોજના લોકોએ ઉપાડી લીધી હોય અને લોકફાળા તરીકે પણ બૉન્ડ આપ્યા હોય તો તેવી રકમ ગુજરાતમાં કેટલી છે?

**અધ્યક્ષશ્રી** : લોકફાળાની વિગતો છે? (અંતરાય) કોઈપણ સભ્ય પ્રશ્ન પૂછે તો એ એનો પોતાનો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (બેઠાં બેઠાં) આપને પૂછેલા સવાલ બતાવીશ.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા કરવી હોય તો ઝીરો અવર્સમાં પ્રશ્ન પૂછી શકો છો.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એ પ્રમાણે ૨૦૦૯-૧૦માં કુલ ૬,૬૭,૯૧૩ વિદ્યાર્થીનીઓનું નામાંકન થયેલું છે. લાભાર્થી કન્યાઓ છે એ જિલ્લા શિક્ષણ સમિતિની અંદર, મહાનગરોની અંદર હોય કે નગરપાલિકાઓની અંદર થઈને કુલ ૯૬૬૬૩ છે. એમની પાછળ ૯૬૬.૬૩ લાખના ખર્ચનું આયોજન કરેલું છે.

### આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ

***૭૧૩૧ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ, કમ્પાઉન્ડ વૉલ અને ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે?

આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ પ્રાથમિક શાળાઓમાં સુવિધા ખૂટે(ઘટ) છે.

| ક્રમ | તાલુકો | વીજળીકરણ | કમ્પાઉન્ડ વૉલ | ઓરડાઓ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૦૦ | ૩૧ | ૨૦ |
| ૨ | આંકલાવ | ૦૧ | ૧૨ | ૦૫ |
| ૩ | બોરસદ | ૦૧ | ૧૦૦ | ૧૮ |
| ૪ | ખંભાત | ૦૦ | ૦૧ | ૧૨ |
| ૫ | પેટલાદ | ૦૦ | ૩૬ | ૦૮ |
| ૬ | સોજીત્રા | ૦૧ | ૦૩ | ૦૪ |
| ૭ | તારાપુર | ૦૦ | ૦૧ | ૧૪ |
| ૮ | ઉમરેઠ | ૦૦ | ૨૫ | ૨૦ |
|  | કુલ | ૦૩ | ૨૦૯ | ૧૦૧ |

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓમાં ૧૦૧ ઓરડાઓ અને ૨૦૯ કમ્પાઉન્ડ વૉલ ખૂટે છે. કમ્પાઉન્ડ વૉલ ૨૦૯ જે બતાવ્યું છે એ ખરેખર ખોટું છે. આમાં તો તમામ સ્કૂલો બાકી છે. એમાં ૫૦ મીટર, ૧૦૦ મીટરની કમ્પાઉન્ડ વૉલ હોય તો એમાં ૨૫ મીટર બને છે અને બાકીની બાકી રહે છે. તો આ બાકીનું કામ કેટલા સમયમાં પૂરું કરવા માગો છો?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે પ્રશ્નો પૂછ્યા છે. એક તો આણંદ જિલ્લાની અંદર ઓરડાઓની ઘટ. આણંદ જિલ્લામાં ૧૦૩૪ શાળાઓ છે. એમાં કુલ ૪૭૯ જેટલા ઓરડાઓ બાંધવાના બાકી હતા એમાંથી ૩૭૮ બાંધી દીધેલા છે અને ૧૦૧ ઓરડાઓ બાકી છે. એમાંથી ૬૨ ઓરડાઓના બાંધકામનું આયોજન થઈ ગયું છે. **શ્રી જયસિંહ મા. ચૌહાણ** : (ક્રમશઃ:) : ત્યારબાદ બાકી રહેતા ૩૯ ઓરડાઓનું બાંધકામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે. કમ્પાઉન્ડ વૉલનું જ્યારે પૂછવામાં આવ્યું છે ત્યારે કમ્પાઉન્ડ વૉલ બાંધકામની યોજના ૨૦૦૬-૦૭ની અંદર શરૂ કરવામાં આવી તે અન્વયે આણંદ જિલ્લાની ૧૦૩૪ શાળાઓમાંથી માત્ર ૮૨૫ જેટલી કમ્પાઉન્ડ વૉલનું કામ પૂરું થઈ ગયું છે બાકી રહેતી શાળાઓનું કમ્પાઉન્ડ વૉલ છે એનું કામ સમયાંતરે પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત જોવા જઈએ તો બોરસદનો એમનો ખાસ સ્પેસીફીક પ્રશ્ન છે તો આણંદ જિલ્લાઓમાં સૌથી વધારે શાળાઓ બોરસદ તાલુકામાં ૨૦૯ જેટલી છે. એમાંથી ૧૦૯નું કમ્પાઉન્ડ વૉલનું કામકાજ પૂરું થયું છે રહી ૧૦૦ એના બાંધકામની કામગીરી વેળાસર કરાશે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં ખાલી ત્રણ જ સ્કૂલો વીજળીકરણ વગર બાકી છે એનું કારણ શું?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ૩ શાળાઓમાં વીજળીકરણ બાકી છે. કુલ ૧૦૩૪ શાળાઓમાં ૧૦૩૧ શાળાઓનું વીજળીકરણનું કામ પૂરું થયું છે આ ત્રણ જે શાળાઓ છે એમાં એક બોરસદ તાલુકાની, એક આંકલાવ તાલુકાની અને એક સોજીત્રા તાલુકાની છે. આ ત્રણેનું કામ વેળાસર પૂરું થશે. બાકી રહેવાનું કારણ એ છે જે આપનું ધ્યાન દોરુ છું વીજકનેકશન ત્યાંથી શાળાથી ૩ કિલોમીટર દૂરનું અંતર હતું, અઢીલાખથી ત્રણ લાખનો એસ્ટીમેટ ખર્ચ થાય એમ છે. પરંતુ આ ત્રણેત્રણ શાળાઓનું કામ સત્વરે વેળાસર પૂર્ણ કરાશે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૦૧ ઓરડા જે બાકી છે એ ઓરડા મંજૂર કરવાના ધોરણો શાં છે, એ સંખ્યાના આધારે કરવામાં આવે છે કે વર્ગના આધારે કરવામાં આવે છે એ જાણવા માગુ છું અને બીજું કે જેમ રાજુભાઈએ કહ્યું એમ ૨૦૯ કમ્પાઉન્ડ વૉલ બાકી છે એવી માહિતી આપવામાં આવી છે. અમારી માહિતી મુજબ આ આકડાઓ ખોટા છે અને આપ એની ચકાસણી કરીને યોગ્ય સાચી માહિતી મળે એવું કંઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડાઓ ખોટા છે એ કહેવું વ્યાજબી નથી. આ આકડાઓ તદ્દન સાચા છે. માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર આવે કે આમાં કયાંક બાકી હશે તો એ ખૂટતું કરવાની વ્યવસ્થા થાય પણ આ વિગતો ખોટી છે કહેવું એ ઠીક નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે શિરસ્તો એવો રહ્યો છે કે ચૂંટાયેલા ધારાસભ્યશ્રી જ્યારે એમ કહેતા હોય કે અધિકારી તરફથી આપને આપવામાં આવેલ માહિતી અને જાત માહિતી વિસ્તારની એ બંને વિસંગત છે ત્યારે સામાન્ય શિરસ્તો આ ગૃહનો એવો રહ્યો છે કે મંત્રીશ્રી એવો જવાબ આપતા હોય છે કે હું એની ફરીથી તપાસ કરાવી લઈશ અને સભ્યશ્રી પાસેથી માહિતી મેળવતા હોય છે. સભ્યશ્રી ખોટા છે અને તંત્ર સાચું છે આવો શિરસ્તો ભૂતકાળમાં નહોતો આપ પણ જાણો છો.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ એમ નથી કહ્યું કે સભ્યશ્રી ખોટા છે. એમણે એમ કહ્યું કે મારી પાસે જે માહિતી છે એ આ છે. માનનીય સભ્યશ્રી એમ કહે કે વાત ખોટી છે તો માનનીય સભ્યશ્રી પૂરી વિગતો સાથે આવે, ગમે ત્યારે આવશે તો મંત્રીશ્રીએ એની ખાતરી આપી છે કે હું એની તપાસ કરાવી લઈશ.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : સ્થળ ઉપર જવાની તૈયારી છે.

**અધ્યક્ષશ્રી** : સ્થળ ઉપર જવાની અમિતભાઈ જરૂર નથી. તમને ફરિયાદ કરવાનો અધિકાર છે. તમે એમ કહો કે આ ૧૦૦ બાકી છે, કે આટલા બાકી છે એની વિગતો આપો. એ વિગતોની એ તપાસ કરાવી લેશે. માત્ર ખોટા કહેવાથી નહીં પણ પૂરી વિગતો સાથે તમે આપશો તો એ તપાસ કરાવી લેશે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં જે પ્રાથમિક શાળાઓ આવેલી છે એની કમ્પાઉન્ડ વૉલ, એનું વીજળીકરણ ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ, સંસદસભ્યશ્રીની ગ્રાન્ટ અને રાજ્યસભાની ગ્રાન્ટો વપરાઈ છે એવી કેટલી શાળાઓ છે?

**શ્રી રમણલાલ વોરા** : પ્રશ્ન શું છે કંઈ ખબર ન પડી.

**અધ્યક્ષશ્રી** : કેટલી ગ્રાન્ટ ધારાસભ્યશ્રી અને સંસદસભ્યશ્રીની આમાં વપરાઈ?

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓ આવી છે એમાં ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ, સંસદસભ્યશ્રીની ગ્રાન્ટ અને રાજયસભાના સદસ્યોની ગ્રાન્ટમાંથી કેટલી કમ્પાઉન્ડ વૉલ થઈ અને કેટલું વીજળીકરણ થયું એની આપની પાસે માહિતી છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી કમ્પાઉન્ડ વૉલ બનાવવાની શરૂઆત ૨૦૦૭થી ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કરી. આણંદ જિલ્લાની ૧૩૪ શાળાઓ પૈકી ૮૨૫માં કંમ્પાઉન્ડ વોલની કામગીરી પૂરી કરી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર.. ઓર્ડર..શ્રી શંકરભાઈ, પ્રશ્ન એટલો જ છે (અંતરાય ) ખુમાનસિંહભાઈ બેસી જાવ. પ્રશ્ન એટલો જ છે કે સંસદ સભ્ય અને ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી કેટલી કંમ્પાઉન્ડ વોલ બની એની વિગતો છે ના હોય તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, એ વિગત મારી પાસે નથી. માત્ર ધ્યાન એટલું જ દોરવું છે કે બે વર્ષમાં ૧૦૩૪ માંથી ૮૨૫ કંમ્પાઉન્ડ વોલ આ રાજ્ય સરકારે પૂર્ણ કરી છે. બાકી રહી છે માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે વહેલાસર સત્વરે પૂરી કરવામાં આવશે.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે(અંતરાય) નીતિનભાઈ સાહેબ, સાંભળવા દોને. મને પહેલો ચાન્સ મળ્યો છે. આપણે કન્યાઓ માટે વિદ્યાલક્ષી બોન્ડમાં બે-બે હજાર રૂપિયા આપીએ છીએ. (અંતરાય) એના ઉપર જ આવું છું.

**અધ્યક્ષશ્રી** : ઓરડાની ઘટની વાત છે એટલે ઘટ પર બોલો.

**શ્રી નિરંજન પટેલ** : આ બહુ અગત્યનો પ્રશ્ન છે. વિદ્યાલક્ષી બોન્ડ આપીએ છીએ, ઓન લાઈન પ્રવેશ પણ બધાને આપીએ છીએ એટલે ઉચ્ચ શિક્ષણ અને માધ્યમિક શિક્ષણને આટલું બધું પ્રાધાન્ય આપીએ છીએ તો પાયાનું શિક્ષણ જે પ્રાથમિક વિભાગનું છે એને આ સરકાર આ વર્ષમાં ખૂટતી તમામ વસ્તુ આ નાણાકીય વર્ષમાં પુરી કરવા માગીએ છીએ કે કેમ? અને સર્વ શિક્ષા અભિયાન નીચે કેન્દ્ર સરકારની કેટલી ગ્રાન્ટ આવી છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ૨૦૯ કંમ્પાઉન્ડ વોલ બાકી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમની જાણકારી માટે ૧૦૩૪ શાળાઓમાંથી ૧૦૩૧ શાળાઓમાં વીજળીકરણનું કામ આ રાજ્ય સરકારે પૂર્ણ કર્યુ. ૧૦૩૪ શાળાઓ પૈકી (અતંરાય)

**અધ્યક્ષશ્રી** : નિરંજનભાઈ આપ બેસી જાવ. એમને જવાબ આપવા દો.

**શ્રી રમણલાલ વોરા** : માત્ર ૧૦૧ ઓરડાની ઘટ બાકી છે એમાંથી ૬૨નું આયોજન પૂર્ણ થયું છે. ૩૯ ઓરડાઓનું કામ સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉમેરઠની અંદર શ્રીમાળી વગાળા ટેકરી કન્યા શાળા છે એનું મકાન બે વર્ષથી પડી ગયું છે. કન્યાઓને ત્યાં ભણવાની વ્યવસ્થા નથી એટલે ડબલ શિફટમાં ત્યાં જાગનાથ ભાગોળે બેસાડે છે અને એના કારણે દીકરીઓ ઉઠાડી લેવાનો પ્રશ્ન બને છે તો આ મકાન વહેલાસર બનાવીને ત્યાં દીકરીઓ ફરી ભણવાનું ચાલુ કરી શકે એવી વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સારું સૂચન કર્યુ છે એની જરૂર તપાસ કરાવી લઈશું અને કન્યાઓને તકલીફ પડતી હશે તો વહેલાસર દૂર કરવાનો પ્રયત્ન કરીશું.

### અમદાવાદ શહેરમાં રહેમરાહે નોકરી

*** ૭૭૫૧ શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) અમદાવાદ શહેરમાં કલેકટર કચેરીમાં તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર પાસે રહેમરાહે નોકરી મેળવવા માટેની કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પૈકી સરકાર દ્વારા કેટલા લોકોને રહેમરાહે નોકરી પૂરી પાડવામાં આવી, અને

(૩) બાકી રહેલ લોકોને કેટલા સમયગાળામાં સરકાર રહેમરાહે નોકરી આપવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૨ (બે)

(૨) ૧ (એક)

(૩) બાકી એક દરખાસ્તમાં ખૂટતી વિગતો માંગેલ છે જે મળ્યેથી નિયમોનુસાર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રહેમરાહે નિમણૂક અંગે સત્વરે નિર્ણય લેવામાં આવશે.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે રહેમરાહે નોકરી કરતા લોકોને ફીકસ પગાર આપવામાં આવે છે કે રેગ્યુલર પગાર આપવામાં આવે છે? ૨, ફકત બે અરજીઓ માટે જો આટલો સમયગાળો થતો હોય તો ગુજરાતમાં રહેમરાહે નોકરી માટેના અસંખ્ય કેસો પેન્ડિગ પડ્યા છે તો એનો સમયગાળો નક્કી કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાનો પ્રશ્ન છે અને અમદાવાદ જિલ્લાની અંદર બે કેસ હતા એમાંથી એક કેસ પૂરો કરી દીધો છે અને એક કેસ બાકી છે એની લગભગ પૂર્તતા થઈ જ ગઈ છે અને એટલા માટે એકાદ મહિનાની અંદર જો નિયમાનુસાર હશે તો એને પૂર્ણ કરી દેવામાં આવશે.

**પંચમહાલ જિલ્લામાં નિરાધાર વિધવાબહેનોને પૂરતી સહાય આપવા અંગે**

***૭૮૬૫ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિરાધાર વિધવા બહેનોને સહાય ચૂકવવા કઈ જગ્યાએ ખાતાં ખોલવામાં આવે છે.
(૨) પોસ્ટ ઓફિસમાં ખાતાં ખોલવાથી નિરાધાર બહેનોને સહાયમાં પૂરતી રકમ મળતી નથી તે હકીકત સાચી છે,
(૩) જો હા, તો આવા ખાતાં કોઈ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ખોલાવી નિરાધાર બહેનોને પૂરતી રકમ અપાવવા માગો છો કે કેમ, અને
(૪) કેટલા સમયમાં?

**મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી :**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિરાધાર વિધવા બહેનોને સહાય ચૂકવવા સંબંધિત વિધવા લાભાર્થી બહેનોને તેઓની નજીકની પોસ્ટ ઓફિસમાં વિધવા નાણાકીય સહાય ખાતા ખોલવામાં આવે છે.
(૨) ના,જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કારણ કે આ વિધવાને લગતો પ્રશ્ન છે અને એના જે પ્રશ્નો આજસુધી વચેટિયાઓ પૈસા ખાઈ જતા એના માટે આ સરકારે ખૂબ સારી વ્યવસ્થા કરી છે. એટલે મને સાહેબ અભિનંદન આપતાં આનંદ થાય છે પણ મારે માનનીય મંત્રીશ્રી પાસે એટલું પૂછવું છે કે, પંચમહાલ જિલ્લાની પોસ્ટ ઑફિસોમાં વિઘવા લાભાર્થીઓના કેટલા ખાતાઓ ખોલવામાં આવ્યા?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં ૬૪૨૩ ખાતાઓ ખોલવામાં આવ્યા છે અને મે,૨૦૦૯ સુધીના લાભાર્થીઓના એમના બચત ખાતામાં વિઘવા પેન્શન જમા થઈ ગયા છે અને જૂન મહિનાનું પણ ત્યાંની ગોધરાની પોસ્ટ ઑફિસમાં જમા થઈ ગયું છે.

**જુનાગઢ જિલ્લામાં ગ્રામ સેવકોની મંજૂર થયેલ જગ્યાઓ**

***૭૬૦૦ શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ જિલ્લામાં ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિને મંજૂર થયેલ છે,
(૨) મે-૨૦૦૯ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને
(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) ૧૦૫ જગ્યાઓ.
(૨) ૭૦ જગ્યાઓ.
(૩) જગ્યા ભરવાની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વેરાવળ તાલુકામાં ગ્રામ સેવકોની કેટલી જગ્યા મંજૂર થયેલી છે, તે પૈકી કેટલી ભરાયેલી છે અને હાલમાં કેટલી ખાલી છે અને આ જગ્યાઓ પૈકી કેટલી જગ્યા હાલમાં સરકારશ્રી ભરવા માગે છે અને ક્યારે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વેરાવળ તાલુકામાં તાલીમ અને મુલાકાત કૃષિ વિભાગની ૮ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૨ જગ્યાઓ ભરાયેલી છે અને ૬ જગ્યાઓ ભરવા માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને તા. ૨૪-૧૨-૨૦૦૮ના રોજ વિભાગ તરફથી દરખાસ્ત કરવામાં આવી છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જુનાગઢ જિલ્લામાં ગ્રામ સેવકોની તાલુકાવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે તેમજ તે પૈકી કેટલી ભરાયેલી છે અને હાલમાં કેટલી જગ્યાઓ ભરાયેલી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લાના તાલુકાવાર, જુનાગઢ જિલ્લામાં ૭ જગ્યાઓ તાલીમ અને મુલાકાત યોજનાની આ મંજૂર થયેલી છે, ૩ ભરાયેલી છે અને ૪ ખાલી છે. વંથલીમાં ૬ મંજૂર થયેલી, ૩ ભરાયેલી છે અને ૩ ખાલી છે. મેંદરડા તાલુકામાં ૬ મંજૂર, ૨ ભરાયેલી અને ૪ ખાલી છે. માણાવદર તાલુકામાં ૮ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૩ ભરાયેલી અને ૫ ખાલી છે. વિસાવદર તાલુકામાં ૮

જગ્યાઓ મંજૂર થયેલી છે, ૩ ભરાયેલી અને ૫ ખાલી છે. ભેંસાણ તાલુકામાં ૫ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૧ ભરાયેલી અને ૪ ખાલી છે. ઉના તાલુકામાં ૧૬ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૩ જગ્યાઓ ભરાયેલી અને ૧૩ ખાલી છે. કેશોદ તાલુકામાં ૭ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૨ જગ્યાઓ ભરાયેલી અને ૫ ખાલી છે. કોડીનાર તાલુકામાં ૫ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૨ જગ્યાઓ ભરાયેલી અને ૩ ખાલી છે. વેરાવળ તાલુકામાં ૮ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૨ જગ્યાઓ ભરાયેલી અને ૬ ખાલી છે. સુત્રાપાડા તાલુકામાં ૬ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૨ જગ્યાઓ ભરાયેલી અને ૪ ખાલી છે. તાલાળા તાલુકામાં ૬ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૨ જગ્યાઓ ભરાયેલી અને ૪ ખાલી છે. માળિયા તાલુકામાં ૮ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૩ જગ્યાઓ ભરાયેલી અને ૫ ખાલી છે. માંગરોળ તાલુકામાં ૯ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૩ જગ્યાઓ ભરાયેલી અને ૬ જગ્યાઓ ખાલી છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આખા જિલ્લામાં ૭૦ જગ્યાઓ ખાલી છે આ ઝડપથી ભરવા માટે સરકાર કેવા પ્રકારની કાર્યવાહી કરવા માગે છે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે તમામ જગ્યાઓ ભરવા માટે વિભાગ તરફથી તા. ૨૪-૧૨-૨૦૦૮ના રોજ પંચાયત સેવા પસંદગી મંડળને દરખાસ્ત કરવામાં આવેલ છે અને ઝડપથી જગ્યાઓ ભરાય એટલે પંચાયત મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને અને અધિકારીઓની મિટિંગ તાજેતરમાં બોલાવેલ અને ઝડપથી આ જગ્યાઓ ભરવા માટેની સૂચનાઓ આપેલ છે.

**વડોદરા જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તાઓ**

***૭૭૮૬ શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાબાર્ડના કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તાલુકાવાર કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા રસ્તાઓના કામ પૂર્ણ થયા, અને કેટલા પ્રગતિમાં છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧)

| **તાલુકા** | **મંજૂર કરેલ રસ્તાઓની સંખ્યા.** |
|---|---|
| વડોદરા | ૨ |
| પાદરા | ૧૨ |
| કરજણ | ૧૪ |
| ડભોઈ | ૧૮ |
| શિનોર | ૧૦ |
| નસવાડી | ૩૫ |
| સાવલી | ૨૦ |
| સંખેડા | ૩૫ |
| જેતપુરપાવી | ૨૩ |
| છોટાઉદેપુર | ૧૪ |
| કવાંટ | ૮ |
| વાઘોડીયા | ૩ |
| **કુલ** | **૧૯૪** |

(૨)

| **તાલુકા** | **રૂા. લાખમાં.** |
|---|---|
| વડોદરા | ૯૭.૯૬ |
| પાદરા | ૫૭૦.૫૧ |
| કરજણ | ૮૨૮.૯૯ |
| ડભોઈ | ૧૪૦૮.૬૨ |
| શિનોર | ૭૯૪.૦૬ |
| નસવાડી | ૧૯૧૧.૪૫ |
| સાવલી | ૯૭૬.૦૭ |
| સંખેડા | ૧૫૭૯.૫૩ |
| જેતપુરપાવી | ૧૨૯૩.૧૯ |
| છોટાઉદેપુર | ૯૦૩.૪૨ |
| કવાંટ | ૬૦૦.૧૬ |
| વાઘોડીયા | ૧૮૭.૫૬ |
| **કુલ** | **૧૧૧૫૧.૪૮** |

(૩) ૪૯ કામો પૂર્ણ થયેલ છે, જયારે ૧૩૭ કામો પ્રગતિમાં છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, નાબાર્ડના રસ્તાની ગ્રાન્ટ છે એ સંપૂર્ણ કેન્દ્ર ઉપર આધારિત છે અને વડોદરા જિલ્લામાં ૧૧૧૫૧.૪૮ લાખના મંજૂર થયેલા છે એમાં ખાસ કરીને હું એ જાણવા માગું છું કે, કરજણ અને શિનોરના ૧૦ રસ્તાઓ નાબાર્ડમાં મંજૂર થયેલા છે.તેમાંથી કયા કયા રસ્તાના કામો બાકી છે અને જે કામો બાકી છે એ કઈ પ્રગતિમાં છે અને કયારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં કુલ ૧૯૪ કામ હતા એમાંથી ૪૯ કામો પૂર્ણ કર્યા છે. ૧૩૭ પ્રગતિમાં છે. ૮ કામો શરૂ થયા નથી. ૮ જે શરૂ નથી થયા એમાં સંખેડા, વેલપુરથી સોલથા રોડ ૧.૪૦ કિલોમીટરનો છે. અંદાજીત રકમ ૩૯.૫૯ રૂપિયા છે. સોલથાથી ચોસલપુર રોડ ૧.૮૦ કિલોમીટર અને ૩૫.૭૬લાખનો ખર્ચ છે. ભાદરપુર- ખેરવા રોડ ૧.૮૦ કિલોમીટર અને ૩૮.૯૮લાખનો ખર્ચ. આ ત્રણેય રસ્તાઓના ટેન્ડર બહાર પડી ગયા છે અને ટેન્ડર સ્ટેજે છે. કરજણમાં કંડારી-બેમારડી-ઘાવટ રોડ ૫.૬૦ કિલોમીટરનો છે અને ૧૦૫લાખનું કામ છે. મોટી કોરલપુરા રોડ ત્રણ કિલોમીટરનો અને ૪૫લાખનું કામ છે. કોઠીયાઈ રોડ એક કિલોમીટર ૧૯ લાખનો ખર્ચ અને રાષ્ટ્રીય ધોરી માર્ગથી ભરથાણા રોડ સાડા ત્રણ કિલોમીટર ૬૧લાખનું કામ છે. તા. ૨૫-૫-૨૦૦૦ના રોજ ડિપોઝીટ ભરવા માટે જાણ કરવામાં આવી છે અને નસવાડીનો એક રોડ છે બોરવાની કાલકોઠ રોડ એ દોઢ કિલોમીટરનો રસ્તો છે અને લગભગ ૬૦લાખ રૂપિયાનો ખર્ચ છે. તા.૨૪-૬-૦૯ના રોજ વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ નાબાર્ડ યોજના હેઠળ ૧૯૪ કામો મંજૂર કરવામાં આવ્યા એમાંથી ૪૯ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. હમણાં જ માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ૧૩૭ કામો પ્રગતિમાં છે. અને ૮ કામો શરૂ કરવામાં નથી આવ્યા. તો હાલની તારીખે જે આઠ કામો શરૂ કરવામાં આવ્યા નથી એનું સ્ટેટસ શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જ મેં કહ્યું કે ત્રણ કામ સંખેડાના જે છે એ ટેન્ડર સ્ટેજે છે. કરજણના જે ચાર કામ છે એમાં ડિપોઝીટ ભરવા માટે જણાવી દેવામાં આવ્યું છે અને નસવાડીનું એક કામ છે જેનો વર્કઓર્ડર આપી દેવામાં આવ્યો છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આઠ રસ્તાઓના કામ શરૂ થયા નથી. ડભોઈ તાલુકાના ૧૮ રસ્તાઓને નાબર્ડમાં મંજૂરી આપવામાં આવી હતી એમ જવાબમાં જણાવ્યું છે. પ્રશ્ન એવો છે કે નાબાર્ડમાં પણ અમુક કામોને મંજૂરી આપવામાં આવી અને પ્રધાનમંત્રી સડક યોજનામાં પણ મંજૂરી

આપવામાં આવી. આ બંને જગ્યાએ મંજૂરી મળવાને કારણે કેટલાક રસ્તાઓના કામ ચાલુ થઈ શકયા નથી કેમકે તપાસ કરતાં અધિકારીઓ પાસેથી એવું જાણવા મળ્યું છે કે નાબાર્ડમાં જે મંજૂર થાય એ પૈસા આપણને લોન પેટે મળે છે અને એ પાછા ચૂકવવાની આપણી જવાબદારી છે. પ્રધાનમંત્રી સડક યોજનામાંથી જે રકમ મળે છે એ ગ્રાન્ટ સ્વરૂપે મળે છે અને એટલા માટે નાબાર્ડને પ્રેફરન્સ ઓછો આપી અને જયાં પેલા રસ્તાઓ મંજૂર થયા હોય એની નીચે જ કામ થાય એવો એક નીતિ વિષયક નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે આવી માહિતી આપવામાં આવી છે. હવે બહુ સ્પેસીફીક રીતે હું કહેવા માગું છું કે અમારે ત્યાં મોતીપુરા ગામ છે. મોતીપુરા ગામનો એપ્રોચ રોડ આટલા બધા વર્ષો પછી પણ આપણે બનાવી શકયા નથી. જેને બંને જગ્યાએથી મંજૂરી મળી છે પણ એમ છતાંય દોઢ-દોઢ વર્ષથી મંજૂરી મળ્યા છતાંપણ આ રસ્તાનું કામ હજુ ચાલુ થઈ શકયું નથી. આ બાબતમાં માનનીય મંત્રીશ્રી રસ લઈ અને એનું કામ તાત્કાલીક ચાલુ કરવા કંઈક કરે એવી મારી વિનંતી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી સડક યોજનાનો અત્યારે પ્રશ્ન નથી, નાબાર્ડનો પ્રશ્ન છે પણ આપે જે મારું ધ્યાન દોર્યું છે એ હું જોવડાવી લઈશ અને શરૂ નહીં થયો હોય કારણકે આની અંદર એની માહિતી જ નથી અને એટલે એ રોડ પ્રગતિમાં હશે અથવા તો નહીં શરૂ થયો હોય તો જોવડાવી લઈશ જો મંજૂર થયો હશે, ટેન્ડર બહાર પડી ગયું હશે તો એ કામ કરી દેવામાં આવશે. ૧૩૭ રોડ જે મંજૂર થયા છે એમાં પણ ઓકટોબરથી ડિસેમ્બર-૨૦૦૯ સુધીમાં ૨૮ રોડને અમે પૂર્ણ કરવાના છીએ. જાન્યુઆરીથી માર્ચમાં ૫૫ રોડને પૂર્ણ કરીશું અને એપ્રિલ-૨૦૧૦થી જુન-૨૦૧૦ સુધીમાં બાકીના ૫૪ રસ્તાઓને પણ પૂર્ણ કરી દેવામાં આવશે એટલે ૧૩૭ રસ્તાઓ પણ પૂર્ણ કરી દેવામાં આવશે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી અને માર્ગ અને મકાન મંત્રીશ્રીને વડોદરા જિલ્લામાં ૧૯૪ રસ્તાઓ પહેલી વખત મંજૂર કર્યા છે એ બદલ ખૂબ ખૂબ અભિનંદન.નાબાર્ડ યોજનામાં વડોદરા જિલ્લામાં ૧૩૭ કામો પ્રગતિમાં છે, તે ક્યારે પૂરા કરવામાં આવશે. અને બીજો પ્રશ્ન સંખેડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં નાબાર્ડમાં કેટલા રસ્તાઓ મંજૂર કર્યા અને હાલ આ કામ કયા તબક્કામાં છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : જો સંખેડાની યાદી જોઈતી હોય તો બોલું, નહિતર ટેબલ ઉપર મૂકું.

**અધ્યક્ષશ્રી** : લાંબી યાદી હોય તો ટેબલ ઉપર મૂકો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૫૦-૫૦ રોડ છે.

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકજો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ટેબલ ઉપર મૂકીશ, પરંતુ આપની જાણકારી માટે હમણાં મેં કહ્યું તેમ ૨૮ રસ્તાની લંબાઈ ૮૦ કિ.મી. છે. અંદાજિત ખર્ચ ૯૫૮ લાખ રૂપિયાનો છે. આ રોડ ઑકટોબરથી ડિસેમ્બર-૨૦૦૯ સુધીમાં કામ પૂર્ણ કરવામાં આવશે. ૫૫ રોડ જેની લંબાઈ ૧૨૨ કિ.મી. છે અને ૩૩૭૦ લાખ રૂપિયાનો ખર્ચ છે અને આ ૫૫ રોડ જાન્યુઆરીથી માર્ચ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. બાકીના એપ્રિલ -૨૦૧૦ થી જૂન-૨૦૧૦ માં ૫૪ રોડ જેની લંબાઈ ૧૬૪ કિ.મી. અને ૩૪૬૭ લાખ રૂપિયાના રસ્તાઓ જૂન સુધીમાં પૂર્ણ કરીશું. આમ ૧૩૭ રસ્તાઓ ૩૬૬ કિ.મી. લંબાઈના રસ્તાઓ ૭૭૯૫ લાખ રૂપિયાના ખર્ચે આવતા જૂન સુધીમાં પૂર્ણ કરવાનું આ સરકારનું આયોજન છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નાબાર્ડના ૩૫ રસ્તાઓ નસવાડી તાલુકામાં અને કવાંટ તાલુકામાં ૮ રસ્તાઓ તો આમાં નાબાર્ડના રસ્તાઓની જે કામગીરી થઈ છે, એ રસ્તાઓ પૈકી કોઈ એજન્સીને કોઈ બિલ આપવામાં નાણા ચુકવવામાં વિલંબ થયો છે તે વાત સાચી છે? બીજું જાણવું છે કે નાબાર્ડના ૩૫ રસ્તાઓ નસવાડી તાલુકામાં મંજૂર થયા છે. એવો મારો પ્રશ્ન ૪૨ નંબરનો છે.

**અધ્યક્ષશ્રી** : બે પ્રશ્ન ક્લબ નથી કરતા.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : આમાં જવાબ આપ્યો છે ૩૫ રસ્તાઓ અને મારા પ્રશ્નના જવાબમાં ૨૬ રસ્તાઓ એવો જવાબ આપ્યો છે, તો સાચી હકીકત શું છે? નસવાડી તાલુકામાં ૩૫ રસ્તાઓ આ જવાબમાં મંજૂર થયા છે. મારો જ પ્રશ્ન ૪૨ મો છે, એમાં પંચાયતમાં ૨૬ રસ્તાઓ અને સ્ટેટના ૮ રસ્તાઓ બતાવેલ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પંચાયત બંનેના રસ્તાઓની વાત કરું છું. અને એમાં બારમાં નાણા પંચનું પણ છે અને અહીયા માત્ર નાબાર્ડનું જ છે.

**અધ્યક્ષશ્રી** : ૪૨ મો પ્રશ્ન આપ ક્લબ નહિ કરી શકો. આ પ્રશ્ન ઉપર આપ પૂછો?

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : નસવાડીમાં ૩૫ રસ્તાઓ, કવાંટમાં ૮ રસ્તાઓ છે. એમાં મારે જાણવું છે કે નસવાડી તાલુકામાં અને કંવાટ તાલુકામાં કેટલા રસ્તાનાં કામ શરૂ છે અને કેટલા બાકી છે. બાકી રસ્તાઓ છે તે વહેલામાં વહેલી તકે કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હું બોલી જાઉ બધા રસ્તાઓ. નસવાડીમાં ટીંબા- એ રોડ ૬-૧-૯૦ એ પૂરો થશે. રતનપુર પીપળજ રોડ, મોહમદપુરા-એ રોડ આ રસ્તાઓ પ્રગતિમાં છે. મોહમદપુર-એ રોડ, પંખાડા રોડ, કોઠિયા દાજીપુરા રોડ, વાંકીખાખર રોડ, ભૂણખાન ધાન્યાઉમરા રોડ, બોળિયાદ રોડ, બાઠા રોડ, બોરિયાડ બીજો રોડ, ઉઠાકોતર રોડ, ખડકિયા રોડ, કપરાલી ગોદા રોડ, નાના વાકા મોટી કડાઈ રોડ, જામેઠા કોઠિયા રોડ,

જીવનપુરા-એ રોડ, ડાલીડોલી નવાગામ રોડ, દાભેણ, વગુરમા રોડ, જામલીવાદરિયા છેવાડા રાડે, અંબાપુર, હમીરપુરા રોડ, હરિયાબાગ-એ રોડ, ભીલગામ-એ રોડ, હરિપુરા-એ રોડ, તણખલા દુધલા રોડ આ બધા રોડ પ્રગતિમાં છે અને મે એની વાત કરી કે કેટલાક રોડ નવેમ્બર સુધીમાં, કેટલાક રોડ માર્ચ સુધીમાં અને બાકીના ૨૦૧૦ સુધીમાં પૂર્ણ થશે. **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નવાગામ કારીધોરી રોડ જે છે..

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે કવાંટનો જવાબ આપવાનો બાકી છે. સાહેબ માગ્યો છે તો હું આપું છું. મારી પાસે માહિતી છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એક જ જાણવું છે કે નવાગામ કારીધોરી રોડ જે છે તે પ્રગતિમાં છે તેવું જણાવેલ છે. તે રસ્તો મારા ગામને અડીને આવેલ છે. તે રસ્તાની કામગીરી આજે કયાંય પણ થઈ નથી. નવાગામ કારીધોરી રસ્તો પ્રગતિમાં જણાવો છો તો તે રસ્તાની કામગીરી થઈ નથી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક રસ્તો તે બોલે તે કયા સ્ટેજે છે તે તો કેવી રીતે ખબર પડે. તેની માહિતી ન હોય પ્રગતિમાં હોય તો કયાંક રોડ ચાલુ હોય તો કયાંક ડામર કરવાનો બાકી હોય. કયાંક મેટલીંગ કામ થતું હોય. એ પ્રમાણે હોઈ શકે. વ્યકિતગત એક એક રોડની માહિતી અહીં ન હોય. આપના તાલુકાની માહિતી ટેબલ ઉપર મૂકી દેવામાં આવશે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એક જ જાણવું છે કે નવાગામ કારીધોરી રોડ જે છે તે પ્રગતિમાં છે ...

(આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી તરફથી સૂચના મળતાં કોંગ્રેસના સભ્યશ્રીઓએ પ્રશ્નો પૂછવાનું ટાળ્યું)

## રાજયમાં પશુ-આરોગ્ય મેળાઓના આયોજનમાં રસીકરણ

***૭૯૧૩ શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે..,**

(૧) રાજયમાં ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ,

(૨) આ મેળાઓમાં કેટલા પશુઓને મુખ્યત્વે કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

**પશુપાલન મંત્રીશ્રી :**

(૧) ૫૮૨૦

(૨) આ મેળાઓમાં કુલ ૧૯, ૭૯, ૨૩૭ પશુઓને મુખ્યત્વે ઝાડા, આફરો, અપચો, ન્યુમોનીયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોંઢામાં ચાંદા, આંચળના રોગો, વંધ્યત્વ-ગર્ભાશયના રોગો, તણછ,, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી.

(૩) કુલ ૧૫,૦૪, ૮૭૭ પશુઓને રસીકરણ કરવામાં આવ્યું.

**શ્રી વિજયભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનુ આયોજન કરવામાં આવ્યું અને આ પશુ આરોગ્ય મેળાની અંદર કયા કયા પ્રકારની સારવાર કરવામાં આવી?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં ૨૦૦૭-૦૮માં ૪૩ પશુ આરોગ્ય મેળા અને ૨૦૦૮-૦૯માં ૪૦ પશુ આરોગ્ય મેળા એમ કુલ ૮૩ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાની અંદર સામાન્ય રીતે રોગોની તબીબી સારવાર, શસ્ત્રક્રિયા, પશુ આરોગ્ય ચકાસણી, રસીકરણ, કૃત્રિમ બીજદાન, જરૂર જણાય તેવા કેસમાં ખસીકરણ વગેરેની કામગીરી કરવામાં આવે છે. આમાં જે રોગોની અંદર સારવાર આપવામાં આવે છે તેમાં ઝાડા, આફરો, અપચો, ન્યુમોનીયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોંઢામાં ચાંદા, આંચળના રોગો, વંધ્યત્વ-ગર્ભાશયના રોગો, તણછ, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગયા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળા કરવામાં આવ્યા અને કયા કયા પ્રકારની તેમાં સારવાર કરવામાં આવી?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષ પૈકી અમરેલી જિલ્લામાં ૨૦૦૭-૦૮માં ૧૭૮ પશુ આરોગ્ય મેળા અને ૨૦૦૮-૦૯માં ૧૨૩ પશુ આરોગ્ય મેળા એમ કુલ ૩૦૧ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ મેં કહયું તેમ આ મેળાની અંદર સામાન્ય રીતે રોગોની તબીબી સારવાર, શસ્ત્રક્રિયા, પશુ આરોગ્ય ચકાસણી, રસીકરણ, કૃત્રિમ બીજદાન, જરૂર જણાય તેવા કેસમાં ખસીકરણ વગેરેની કામગીરી કરવામાં આવે છે. સભ્યશ્રીને જરૂર હોય તો હું બાકીની વિગતો આપું. પશુ આરોગ્ય મેળામાં સામાન્ય રીતે જે સારવાર આપવામાં આવે છે તેમાં ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોંઢામાં ચાંદા, આંચળના રોગો, વંધ્યત્વ-ગર્ભાશયના રોગો, તણછ,, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુલ ૫૮૨૦ પશુ આરોગ્ય મેળાઓ યોજવામાં આવ્યા અને તેમાં કુલ ૧૯૭૯૨૩૭ પશુઓને સારવાર આપવામાં આવી અને ૧૫૦૪૮૭૭ પશુઓને રસીકરણ કરવામાં આવ્યું તો આની પાછળ ટોટલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮માં ૧૨૨.૧૦ લાખ અને ૨૦૦૮-૦૯માં ૧૭૬.૬૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષ દરમિયાન જે પશુ આરોગ્ય મેળાઓનું આયોજન થયું છે એમાં કુલ કેટલા જિલ્લાઓમાં આવું આયોજન થયું છે અને જિલ્લાવાર કેટલો ખર્ચ થયો છે એ માહિતી મારે જાણવી છે.

**અધ્યક્ષશ્રી** : જિલ્લાવાર વિગતો છે? જો ના, હોય તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એ વિગત છે, કુલ ૨૫ જિલ્લાઓમાં....

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકજો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, વાંચી જાઉં.

**અધ્યક્ષશ્રી** : ના, ટેબલ ઉપર મૂકજો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય સભ્યશ્રી આગ્રહ કરે છે.

**અધ્યક્ષશ્રી** : ૨૫ જિલ્લાઓની વિગતો આપવા જાઓ તો એ લાંબી વિગતો હોય, એ ટેબલ ઉપર મૂકજો. માનનીય આત્મારામભાઈ, તમારી વિગતો ટેબલ ઉપર આવશે. ૨૫ જિલ્લાઓની વિગતો વાંચવા જાય તો બીજી સાત મિનિટ થાય એટલે એ વિગતો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ પશુ આરોગ્ય મેળાઓનું આયોજન ક્યારથી કરવામાં આવ્યું અને આવા પશુ આરોગ્ય મેળાઓને કારણે પશુપાલકોની શું ફાયદો થયો તેની વિગતો આપવા વિનંતી છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રી વલ્લભભાઈને ખૂબ ખૂબ અભિનંદન આપું છું, ખૂબ સરસ મજાનો પ્રશ્ન એમણે પૂછ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧-૦૨થી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ રાજયનું નેતૃત્વ સંભાળ્યું ત્યાર પછી આ પશુ મેળાઓ શરૂ થયા. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે આ મેળાઓથી શું શું ફાયદો થયો તો મારી પાસે જે માહિતી છે એ મુજબ ૧૯૯૪-૯૫ થી ૨૦૦૧ સુધીના સમયગાળામાં રાજયમાં ૧૪.૧૭ લાખ ટન દૂધનો વધારો થયો છે. ૩૧.૭૮ ટકા જેટલો વધારો ગણાય. વાર્ષિક સરેરાશ વધારો ૩.૯૭ હતો જ્યારેથી પશુ મેળાઓ શરૂ થયા ત્યારથી ૧૪.૧૭ લાખથી વધીને ૨૫.૧૧ લાખ ટન દૂધ વધ્યું, જે ૩૧.૩૮ જેટલો વધારો હતો તે ૪૨.૭૩ જેટલો વધારો થયો, જે વાર્ષિક સરેરાશ ૩.૯૭ હતી તે વાર્ષિક વધારો ૫.૩૪ થયો. જ્યારે ભારતનો આજે કુલ સરેરાશ વધારો ૩.૭ છે. રાજયનો પશુ દૂધ વધારો ૭.૩૦ છે. (અંતરાય) માહિતી રાજ્યના હિતમાં આપુ છું, સારી માહિતી આપુ છું ત્યારે તમને પશુ પાલકોમાં રસ નથી, ગામડામાં રસ નથી. ગામડાના ગરીબ માણસોની ચિંતા કરવી નથી તમારે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ચર્ચામાં પડયા વગર આપ જવાબ ચાલુ રાખો. (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, પશુધન ૧૯૯૭ થી ૨૦૦૩ દરમ્યાન જે કુલ વસતિ વધારો હતો એ ૧૭.૩૨ લાખ હતો, ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં કુલ વસતિ વધારો ૧૮.૫૪ લાખ એટલે કુલ વધારો ૮.૫૬ ટકા છેલ્લા ચાર વર્ષમાં દેખાયો છે અને વાર્ષિક સરેરાશ વધારો ૧.૯ હતો એ વાર્ષિક સરેરાશ વધારો ૨.૭ ટકા થયો છે. એજ રીતે દેશી ગાયની ઉત્પાદકતામાં જે ખાસ કરીને વધારો થયો છે એમાં ૧૯૯૪-૧૯૯૫ના સમયગાળામાં કુલ વધારો થયો છે એ (અંતરાય)

**શ્રી શકિતસિંહ હ.ગોહિલ:** માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) (બેઠાં બેઠાં) કંઈક બોલતાં.

( આ તબક્કે વિરોધ પક્ષના નેતાશ્રી સહિત અને વિપક્ષના સભ્યશ્રીઓએ પોતાની જગ્યા પર ઉભા થઈ વિરોધ પ્રદર્શિત કર્યો)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, કોઈ પણ વખતે આપ ઉભા થઈ જાવ તે યોગ્ય નથી આપ બેસી જાવ, મારા નક્કી કરેલા ધોરણો પ્રમાણે જ હું ચાલુ છું. આ પ્રશ્નમાં છઠ્ઠી મિનિટ ચાલે છે (અંતરાય) આ પ્રશ્નમાં છઠ્ઠી મિનિટથી વધારે સમય હજુ થયો નથી. (અંતરાય) માનનીય શકિતસિંહજી, સૌથી પહેલા આપે જે શબ્દો વાપર્યા છે એ શબ્દો પાછા ખેંચી લો. 'આપે નક્કી કરેલું' એ શબ્દો પાછા ખેંચી લો. મેં કાંઈ પણ નક્કી નથી કર્યું. આપે પણ અધ્યક્ષના પદ માટેનો આદર રાખવો જ પડશે. આપને અધ્યક્ષના પદ માટેનો જો આદર નહીં હોય તો હું એ બાબતને ચલાવી નહીં લઉં. મેં આ પ્રશ્નને છ મિનિટથી વધારે ચાલવા નથી દીધો. મેં બરાબર નોંધ રાખી છે કે, ચંદુભાઈ ડાભીનો પ્રશ્ન સાત મિનિટ ચાલ્યો અને આ પ્રશ્ન છ મિનિટ જ ચાલ્યો છે. (અંતરાય) સભાગૃહનું સંચાલન હું કોઈના કહેવા પ્રમાણે કરતો નથી. તમે બેસી જાવ હું જવાબ આપું છું. તમારે મારા માટે કંઈ કહેવું

હોય તો હું જવાબ આપવા તૈયાર છું. પણ પહેલા આપ એ શબ્દો પાછા ખેંચી લો, આપ એ શબ્દો નહીં વાપરી શકો.

**( આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ એવું કહ્યું કે, તમે પ્રશ્નોમાં સમય વધારે ખેંચાવો છો. માનનીય અધ્યક્ષશ્રી, આ દસમો પ્રશ્ન ચાલે છે અને આપશ્રીનું પ્રશ્નો માટેનો સમય આપવાનું જે ધોરણ છે પાંચ મિનિટનું એ પ્રમાણે આ દસમો પ્રશ્ન ચર્ચામાં હતો એટલે દસ પ્રશ્નોની સામે દરેક પ્રશ્ન માટે પાંચ પાંચ મિનિટ ગણીએ એટલે પચાસ મિનિટ થઈ છે. એમના સભ્યના પ્રશ્નમાં સાત મિનિટ ગઈ છે એટલે એ હિસાબે ત્રેપન મિનિટ ગઈ છે એટલે આમાં આ પ્રશ્નમાં વધારે સમય આપવામાં આવ્યો છે એવું કોઈ કારણ વાજબી દેખાતું નથી. આપ ગૃહનું સંચાલન બરાબર સમય મુજબ જ કરો છો એ વાતનો આ ગૃહને સંપૂર્ણ ભરોસો છે.

**અધ્યક્ષશ્રી** : વિપક્ષના નેતાએ પોતે નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે ચાલવું હોય તો હું એમાં મદદ કરી શકીશ નહીં. આ પ્રશ્ન દસમો જે ચાલતો હતો એમાં એમણે કહ્યું કે સમય વધારે આપવામાં આવી રહ્યો છે. મેં એમને એમ કહ્યું કે દરેક પ્રશ્નમાં પ્રશ્ન શરૂ થાય ત્યારથી હું એનો સમય નોંધી લઉં છું ૧૨-૪૨ મિનિટે મે આ પ્રશ્ન શરૂ કર્યો પરંતુ જે રીતે દરેક પ્રશ્નમાં પાંચ મિનિટનું ધોરણ આપણે રાખ્યું છે પરંતુ જે પ્રશ્નમાં વધારે સભ્યશ્રીઓ ભાગ લેવા માગતા હોય ત્યાં છ થી સાત મિનિટ સુધી જરૂરી લાગે ત્યાં જઈએ છીએ અને જ્યાં આગળ માનનીય મંત્રીશ્રીનો જવાબ લાંબો હોય ત્યાં આપણે એ પ્રશ્નને ટેબલ ઉપર મૂકવાની વાત પણ આપણે કરીએ છીએ. પરંતુ આ સભાગૃહમાં કોઈ પણ સભ્ય પછી એ વિરોધ પક્ષના નેતાશ્રી હોય તો પણ તેમણે કોઈ પણ પ્રકારના આક્ષેપો અધ્યક્ષના પદ સામે કરવા કે 'તમે નક્કી કર્યું છે તે પ્રમાણે' મેં કંઈ જ નક્કી કર્યું નથી હોતું.મારું એટલું જ છે કે સભાગૃહની અંદર બધાને તક મળે, શ્રી ચંદુભાઈ ડાભીના પ્રશ્નને આઠ મિનિટ ચલાવ્યો, કારણકે નાબાર્ડના રસ્તાનો પ્રશ્ન હતો, વડોદરા જિલ્લાના ગામડાના પ્રશ્નો હતા, બન્ને બાજુથી સભ્યો લાભ લેવા માગતા હતા, એમાં બાકીના બધા જ સભ્યો ભાગ લે, એ પ્રશ્નની અંદર આઠ મિનિટ થઈ એ પણ જો એમને લાંબી લાગતી હોય તો એમાં હું એમને મદદરૂપ થઈ શકીશ નહિ, વોકઆઉટ કરવો એ એમનો અધિકાર છે અને એ કરે એમાં મને કોઈ વાંધો નથી, પરંતુ અધ્યક્ષના પદ સામે જો વિપક્ષના નેતાશ્રી આક્ષેપ કરે કે આ સભાગૃહની અંદર તો આ સભાગૃહ સૌની નજર સમક્ષ ચાલે છે, પારદર્શકતાથી ચાલે છે અને એ સભાગૃહની અંદર કયારેય કોઈ સભ્ય પોતાનો પ્રશ્ન પૂછે અને એની અંદર વધારે કોઈ લાભ બધાએ લેવો હોય તો એ લાભ લેવા, એને પોતાનો પ્રશ્ન પૂછવા માટે અધિકાર છે, સમગ્ર રાજયનો પ્રશ્ન, જ્યારે પશુપાલનનો અને રસીકરણનો હતો ત્યારે એ પ્રશ્નમાં બે કે ત્રણ મિનિટ વધારે થાય, જો કે થઈ નહોતી, ૧૨-૪૨ શરૂ થયો હતો અને ૧૨-૪૭ કે ૧૨-૪૮ મિનિટે એમણે આ પ્રશ્નને ઉપસ્થિત કર્યો એટલે હું બરાબર સમયસર જ આગળ જતો હતો, પરંતુ સભાગૃહની અંદર પોતાના સભ્યોને એમ કહેવું કે, તમે પોતે એમાં ભાગ ન લો, એ પણ યોગ્ય નથી, જેવું મારા માટે કહેવામાં આવે છે કે આ લોકશાહી નથી, આ સભાગૃહની અંદર પ્રશ્નોત્તરીનો સમય એ પક્ષથી ઉપર ઊઠીને છે સભાગૃહની અંદર જ્યારે પ્રશ્નોત્તરીનો સમય શરૂ થયો એ બાબતે આજના તબક્કે હું કહી દઉં કે એની શરૂઆત થઈ હતી હાઉસ ઑફ કોમન્સની અંદર, સભાગૃહ બેઠક શરૂ થાય ત્યારે સભ્યશ્રીઓ મંત્રીશ્રીઓને પ્રશ્ન પૂછતા અને એક પછી એક પ્રશ્નો પૂછાતા જાય એમાંથી આ સ્વરૂપ આવ્યું અને એમાં એક ચર્ચાના સ્વરૂપે થયું, અનિયમિત રીતે ચર્ચાઓ થતી જાય, ત્યારપછી એને નિયમબદ્ધ કરવામાં આવી કે સભાગૃહની બેઠકનો પહેલો કલાક પ્રશ્નકાળમાં પરિણમ્યો. પ્રશ્નકાળ સભ્યોનો સમય છે. જો સભ્યોનો હોય તો એને લોકશાહી અને સંસદીય પ્રણાલિકાના પોતાને રખેવાળ કહેવડાવનારાઓએ પણ નક્કી કરવું જોઈએ કે પોતાના સભ્યોને એમ કહેવું કે તમે ચર્ચામાં ભાગ લેશો નહિ એ પણ અસંસદીય છે, વૈધાનિક પરંપરાથી દૂર છે, પ્રશ્નોત્તરીનો સમય એ સભ્યોનો સમય છે અને એમાં સભ્યો વધારે ભાગ લે એ જ મારો હેતુ છે અને એટલા માટે મેં જે પદ્ધતિ પાડી છે એ મારી પાડેલી પદ્ધતિ નથી, આ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષોએ પાડેલી પદ્ધતિને હું અનુસરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે કોઈપણ પ્રશ્નની અંદર વધુ સમય જતો હોય તો સભ્યોનો અધિકાર છે કે એમને બીજા પ્રશ્નો પૂછવા ન મળી શકે એટલા માટે એમાં વધારે સમય ન જવો જોઈએ પરંતુ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ બેઠાં બેઠાં બધાને સૂચના આપી દીધી કે આપણે કોઈએ પ્રશ્નો પૂછવાના નથી અને આ જે અકળામણ હતી એ અકળામણનું આ રિએકશન આવ્યું છે અને એમણે જે કંઈ વાત કરવી હોય તો પોતે એક વ્યકિતએ ઊભા થઈને અને વાત કરે અને ચાલો આના માટે થઈને વોકઆઉટ કરો, વધુ સમય લેવાય છે તો એ વાંધો ઉઠાવી શકયા હોત, પણ એકવાર એમ કહેવું કે આપણા કોઈ લોકોએ આમાં ભાગ ન લેવો અને બીજીવાર અકળાઈને એવી રીતે કહેવું કે ભાઈ વધુ સમય જાય છે હવે કયા પ્રશ્નને કેટલો સમય આપવો એ અધ્યક્ષશ્રીની સત્તા છે અને છતાં પણ પ્રશ્નોત્તરી પૂરી થયા પછી, વિરોધપક્ષના નેતા કે કોઈપણ સભ્ય અધ્યક્ષશ્રી પાસે એનું કલેરિફિકેશન માગી શકે છે એ કરવાને બદલે જે આ વ્યવહાર કર્યો છે આ જે વોકઆઉટ પણ કર્યો છે એ લોકશાહી માટે કે અમારી સામે શાસક પક્ષ સામે નથી કર્યો આ વ્યવહાર અધ્યક્ષશ્રીના સામે કર્યો છે, એટલે

એના માટે થઈને આની ગંભીર નોંધ લેવી જોઈએ. કોઈ અમારો વાંક હોય અને કર્યુ હોય તો વાત જુદી છે એલીગેશન અધ્યક્ષ સામે થાય છે એટલે આ વાતને સરળતાથી ન લેવી જોઈએ આ વાતને વધુ સિરિયસલી લેવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : મેં ગંભીરતાથી જ આ પ્રશ્નને લઈને વાત કરી છે અને આ સભાગૃહની અંદર જે કોઈ પ્રશ્ન ચર્ચા માટે આવે છે એ ક્રમબદ્ધ પાંચ મિનિટના અવસરે ચલાવીએ છીએ. એક પણ પ્રશ્ન જ્યાં આગળ એક કે બે પ્રશ્નોનો વધારે સભ્યોને લાભ મળે ત્યાં આગળ વધારે સમય આપવાનો પણ એક કે બે મિનિટથી વધારે આપી નથી. એટલે એ આક્ષેપ કરવો કે તમારે આ ચૌદમા નંબરનો પ્રશ્ન ના આવવા દેવા માટે લાંબુ ચલાવ્યું. તેમને ચૌદમા નંબરનો પ્રશ્ન ચર્ચવો હોય તો તે ચર્ચી શકે છે. નિયમો પ્રમાણે. બાકીના વિધાનસભાના નિયમો પ્રમાણે પણ ચર્ચી શકે છે. તે ક્રમશઃ આવવાનો છે. એટલે એ જાતના આક્ષેપો કરીને પોતે બહાર ગયેલા કાર્યક્રમોને અહીંયા આગળ લાવવાના જે પ્રયત્નો કરે છે તે આ સભાગૃહની અંદર ના કરે તે યોગ્ય છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

### મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં પંચાયત હસ્તકના જર્જરિત હાલતના રસ્તાઓ

૭૭૪૬ **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓના રાજ્ય અને પંચાયત હસ્તકના ક્યા ક્યા રસ્તાઓ જર્જરિત હાલતમાં છે,

(૨) આ રસ્તાઓની મરામત કામગીરી રસ્તાવાર તાલુકાવાર કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) મરામત કામગીરી પાછળ રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાના રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાઓને ચાલુ મરામત હેઠળ સમયાંતરે જરૂરીયાત મુજબ રીપેર કરી વાહન વ્યવહાર લાયક રાખવામાં આવે છે. રસ્તાઓની મરામતની કામગીરી જરૂરીયાત મુજબ વાહતૂક સપાટીને ધ્યાને લઈ કરવામાં આવે છે.

------------

### દાહોદ જિલ્લામાં બારમા નાણાપંચ અંતર્ગત મંજૂર થયેલ રસ્તાઓ

૭૨૨૨ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ બારમા નાણાપંચ અંતર્ગત તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કુલ કેટલા પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા બાકી છે

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ બારમાં નાણાપંચ અંતર્ગત તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના રસ્તાઓ મંજુર કરવામાં આવેલ છે.

| તાલુકો | મંજુર કરેલ રસ્તાઓની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૪ |
| લીમખેડા | ૩ |
| ધાનપુર | ૨ |
| ઝાલોદ | ૫ |
| ફતેપુરા | ૨ |
| દે.બારીયા | ૧ |
| કુલ | ૧૭ |

(૨) તે પૈકી ૧૫ રસ્તા પૂર્ણ કરવામાં આવ્યા અને ૨ રસ્તા ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

------------

**ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજીનો વ્યાપ વધારવા લીધેલ પગલાં**

૭૮૪૮**શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંગ્રેજીમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને પ્રચાર વધારવા અર્થે શિક્ષણ વિભાગે તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ પગલાં લીધાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) (૧) સમગ્ર રાજ્યમાં ૨૧૭ ડીજીટલ ઈંગ્લીશ લેબની સ્થાપના કરવામાં આવી છે. (૨) સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીશ (સ્કોપ)ની રચના કરવામાં આવી છે જેમાં તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ, કુલ ૬૬૨૩૭ વિદ્યાર્થીઓની તાલીમ અને પરીક્ષાનીકાર્યવાહી થયેલ છે. |

------------

**વલસાડ તથા નવસારી જિલ્લામાં માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવા બાબત**

૭૭૯૨ **શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ તથા નવસારી જિલ્લામાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | સંખ્યા |
|---|---|---|
| ૧. | વલસાડ | ૦૫ |
| ૨. | નવસારી | ૦૨ |

(૨) બાકી રહેતી માધ્યમિક શાળાઓને કેટલા સમયમાં ગ્રાન્ટેડ કરવા માગો છો?

(૨) શિક્ષણ વિભાગને ફાળવવામાં આવનાર બજેટની જોગવાઈઓ ધ્યાને લઈ વિચારણા કરવામાં આવશે.

------------

**ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજીનો વ્યાપ વધારવા લીધેલ પગલાં**

૭૮૨૬ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંગ્રેજીમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને પ્રચાર વધારવા અર્થે શિક્ષણ વિભાગે તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે - વર્ષમાં કોઈ પગલાં લીધા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) (૧) સમગ્ર રાજ્યમાં ૨૧૭ ડીજીટલ ઈંગ્લીશ લેબની સ્થાપના કરવામાં આવી છે. (૨) સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીશ (સ્કોપ)ની રચના કરવામાં આવી છે જેમાં તા.૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ, કુલ ૧૫૧૯૦ વિદ્યાર્થીઓની તાલીમ અને પરીક્ષાની કાર્યવાહી થયેલ છે. |

------------

**સાબરમતી મોટેરા આશારામ આશ્રમની જમીન ઉપર દબાણ દૂર કરવા અંગે**

૭૭૯૩ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરમતી મોટેરા આશારામ આશ્રમ ધ્વારા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી વધારાની જમીન ઉપર દબાણ કરેલ છે, | (૧) ૬૭૦૫૯ ચો. મી. |
| (૨) રાજ્ય સરકાર ધ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા | (૨) એક વખત |

એક વર્ષમાં આ અંગે આ વધારાની જમીન દબાણ બાબતે કેટલી વખત માપણી કરવામાં આવી, અને

(૩) આ વધારાનું દબાણ તાકીદે દૂર નહીં કરવાના કારણો શા છે, અને કેટલા સમયમાં આ દબાણો દૂર કરવામાં આવશે?

(૩) મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની જોગવાઈઓ મુજબ દબાણ દૂર કરવા અંગેની પ્રક્રિયા ચાલુ છે. આ એક અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાથી તે પૂર્ણ થયા બાદ જ દબાણ દૂર કરાશે.

------------

**દાહોદ જિલ્લામાં અકસ્માતે મૃત્યુ પામેલા ખેડૂતોના વિમા**

૭૭૪૦ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં અકસ્તમાતે વિજળી પડવાથી મૃત્યુ પામેલા ખેડૂતોને અકસ્માત વિમો મેળવવા માટે સને ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ફક્ત એક અરજી મળી. |
| (૨) તે અન્વયે કેટલા ખેડૂતોને તેનો લાભ આપવામાં આવ્યો અને કેટલા ખેડૂતોને આ વિમાનો લાભ મળેલ નથી? | (૨) તે અન્વયે કોઈ ખેડૂતને લાભ આપવામાં આવ્યો નથી. અને જે એક અરજી આવેલ તે જિલ્લા કક્ષાની કમિટિમાં મૃતકના વારસદાર નક્કી ન થતાં નામંજૂર કરવામાં આવેલ છે. |

------------

**સરભરા આતિથ્ય પાછળ થયેલ ખર્ચ**

૭૦૪૫**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૧-૪-૦૯ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં માર્ગ અને મકાન વિભાગ ધ્વારા સરભરા આતિથ્ય ખર્ચ કેટલો કરવામાં આવ્યો, અને | (૧) રૂા. ૯૪૩૬.૦૦ |
| (૨) આ ખર્ચમાં માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીનો કેટલો ખર્ચ છે? | (૨) રૂા. ૩૭૨/- |

------------

**રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રા**

૭૮૨૯ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રા વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે, અને | (૧) ૬,૨૨,૦૨૩ વિદ્યાર્થીઓ |
| (૨) આ દરમ્યાન જન ભાગીદારીથી રોકડ તેમજ અન્ય દાન કેટલું મળેલ છે? | (૨) |

| | |
|---|---|
| (૧) રોકડા | રૂા. ૬૩,૩૫,૯૭૯/- |
| (૨) વસ્તુ સ્વરૂપે મળેલ દાનનું મૂલ્ય | રૂા. ૬,૬૪,૨૪,૬૬૮/- |
| કુલ :- | રૂા. ૭,૨૭,૬૦,૬૪૭/-. |

------------

**દહેગામ તાલુકામાં એન્થ્રેક્સના કારણે ઘેટાંઓના મૃત્યુ**

૭૭૮૪ **શ્રી ગ્યાસુદ્દીનભાઈ શેખ** (શાહપુર) **: માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાંદોલ ગામમાં તાજેતરમાં એક જ દિવસે ૨૫ જેટલા દ ોટાંઓના એન્થ્રેક્સને કારણે મૃત્યુ થતાં નાંદોલ ગામ તથા આજુબાજુના ૧૦ કિ.મી.ના વિસ્તારને ભયગ્રસ્ત વિસ્તાર | (૧) હા, જી. ૨૩ ઘેટાના મૃત્યુ થયેલ હતા. |

જાહેર કરવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) એન્થ્રેક્સ રોગચાળો જાનવરોમાં ફેલાતો અટકાવવા તથા એન્થ્રેક્સનો રોગચાળો જાનવરોમાંથી માણસોમાં ફેલાવાની શક્યતા જોતાં સરકારે આ બાબતે શું કાર્યવાહી હાથ ધરી છે અને તકેદારીના શાં પગલાં લીધા છે?

(૨) સરકારે આ બાબતે નીચે મુજબ કાર્યવાહી હાથ ધરી છે અને તકેદારીના પગલાં લીધાં છે.

૧ જે ટોળામાં ઘેટાના મૃત્યુ થયેલ અને તેના સંપર્કમાં જે ઘેટાંઓના ટોળા હતા તે તમામ ૧૭૦૦ ઘેટાઓને એન્થ્રેક્સ વિરોધી રસીકરણ કરી દેવામાં આવેલ છે.

૨ અસરગ્રસ્ત ૭૫૦ ઘેટાઓને સારવાર આપેલ છે.

૩ રોગગ્રસ્ત ટોળાને સદરહું વિસ્તારથી બહાર જવા પર તથા હેરફેર પર પ્રતિબંધ લાદેલ છે.

૪ મૃતદેહોનો તેમજ સારવાર અને રસીકરણમાં ઉપયોગમાં લેવાયેલ સાધન સામગ્રીનો વૈજ્ઞાનીક ઢબે નિકાલ કરવામાં આવેલ છે.

૫ અસરગ્રસ્ત વિસ્તારમાં ચૂનાનું દ્રાવણ છાંટી જીવાણું મુક્ત કરવામાં આવેલ છે.

૬ પશુપાલન ખાતાની ટીમ તથા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવેલ છે.

૭ સ્થાનિક કક્ષાએ, તાલુકા કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવેલ છે.

૮ પશુપાલકોમાં ભય ન ફેલાય, રોગ અંગે સતર્કતા તથા લોકજાગૃતિ કેળવાય તે હેતુથી વિવિધ માધ્યમો દ્વારા પશુપાલકોને તથા પ્રજાને જાણકારી આપવામાં આવેલ છે.

૯ વેટરનરી સ્ટાફ, પેરા વેટરનરી સ્ટાફ તથા ઘેટા પાલકોનો મેડીકલ ટીમ દ્વારા ચેકીંગ કરવામાં આવેલ છે.

૧૦ નાંદોલ ગામ અને તેની આજુબાજુના દસ ગામોની શેરીઓની સફાઈ કામગીરી કરેલ છે. પાણીની ટાંકીઓનું ક્લોરીનેશન કરવામાં આવેલ છે. તથા ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કરવામાં આવેલ છે.

------------

## ખેડા જિલ્લામાં કુમાર અને કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ

૭૨૦૨ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ધોરણ-૧ થી ૭માં કુમાર અને કન્યાઓનો વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં વર્ષવાર ડ્રોપ આઉટ રેટ કેટલો હતો?

**જવાબ**

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટની ગણતરી નવા શૈક્ષણિક સત્રમાં ૩૦મી સપ્ટેમ્બરની સ્થિતિએ કરવામાં આવતી હોવાથી તા. ૩૧-૫-૨૦૦૯ સ્થિતિએ ડ્રોપ આઉટ રેટની માહિતી આપી શકાય તેમ નથી.

ખેડા જિલ્લામાં તાલુકાવાર ધોરણ ૧થી ૭માં કુમાર અને કન્યાઓનો વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં વર્ષવાર ડ્રોપ આઉટ રેટ નીચે મુજબ હતો.

| | | ડ્રોપ આઉટ રેટ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ. | તાલુકાનું | ૨૦૦૭-૦૮ | | | ૨૦૦૮-૦૯ | | |
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | બાલાસિનોર | ૨.૩૦ | ૨.૮૬ | ૨.૫૭ | ૦.૮૬ | ૨.૨૬ | ૧.૫૩ |
| ૨ | કપડવંજ | ૨.૪૩ | ૨.૫૦ | ૨.૪૬ | ૨.૦૭ | ૩.૨૯ | ૨.૬૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | કપડવંજ | ૨.૪૩ | ૨.૫૦ | ૨.૪૬ | ૨.૦૭ | ૩.૨૯ | ૨.૬૪ |
| ૩ | કઠલાલ | ૧.૪૩ | ૩.૪૦ | ૨.૩૫ | ૧.૫૦ | ૨.૪૨ | ૧.૯૩ |
| ૪ | ખેડા | ૨.૮૯ | ૪.૬૨ | ૩.૬૬ | ૦.૯૪ | ૩.૧૯ | ૧.૯૫ |
| ૫ | મહેમદાવાદ | ૧.૬૮ | ૨.૬૮ | ૨.૧૪ | ૨.૦૬ | ૩.૫૩ | ૨.૭૫ |
| ૬ | મહુધા | ૧.૫૦ | ૨.૫૯ | ૨.૦૦ | ૨.૮૬ | ૪.૬૦ | ૩.૬૬ |
| ૭ | માતર | ૦.૮૨ | ૨.૨૧ | ૧.૪૬ | ૧.૩૮ | ૩.૮૪ | ૨.૫૧ |
| ૮ | નડિયાદ | ૪.૫૪ | ૫.૦૨ | ૪.૭૬ | ૦૦ | ૧.૪૬ | ૦.૦૧ |
| ૯ | ઠાસરા | ૧.૪૪ | ૨.૭૭ | ૨.૦૬ | ૧.૬૯ | ૩.૧૮ | ૨.૩૯ |
| ૧૦ | વિરપુર | ૦.૯૬ | ૧.૫૮ | ૧.૨૫ | ૦૦ | ૦.૯૮ | ૦.૪૫ |
| | **કુલ :** | **૨.૩૪** | **૩.૨૫** | **૨.૭૬** | **૧.૦૧** | **૨.૭૭** | **૧.૮૨** |

------------

**ફાયનાન્સ સીટી માટે જમીન સંપાદન**

૭૩૬૦ **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ફાયનાન્સ સીટી (ગીફ્ટ સીટી) માટે સરકારે ક્યારે કેટલી જમીન સંપાદન કરી છે,

(૨) આ જમીનનું વેલ્યુએશન કરવાની કામગીરી ક્યારે કોને સોંપવામાં આવી હતી,

(૩) વેલ્યુઅરે જમીનનું વેલ્યુએશન કેટલું આંક્યુ છે, અને

(૪) આ જમીનના ખાતેદારોએ જમીન માટેનો શું ભાવ મળે તેવી માંગણી કરેલી છે?

**જવાબ**

(૧) હે. ૪-૨૬-૪૨ ચો. મી. જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ છે.

(૨) નગર નિયોજન ખાતુ ગાંધીનગર હસ્તક.

(૩) પ્રક્રિયા હેઠળ છે.

(૪) પ્રતિ ચો. મી. ના રૂા. ૪૦૦૦/-

------------

**બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકાના ૪૫ ગામો ગ્રામ્ય માર્ગોથી વંચિત**

૭૭૪૧ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બરવાળા, રાણપુર અને ધંધુકા તાલુકાના ૪૫ ગામો કે જે ગ્રામ્ય માર્ગોથી વંચિત છે તેઓને એક ગામથી બીજે ગામને જોડવાના સરકારના નિયમોનુસાર કેટલા ગામોને ક્યારે આ રસ્તાઓથી જોડવાનું આયોજન કરેલ છે.

(૨) કેટલા સમયમાં આ કાર્ય પૂર્ણ થશે, અને

(૩) કેટલો ખર્ચ અંદાજિત થવાની શક્યતા છે?

**જવાબ**

(૧) બરવાળા/રાણપુર અને ધંધુકા તાલુકાના બધા જ ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યના યુવાનોમાં અંગ્રેજી શિક્ષણનો વ્યાપ વધારવા લીધલ પગલાં**

૭૮૩૩**શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના યુવાનો અંગ્રેજીમાં બોલ ચાલની ભાષાનું જ્ઞાન મેળવે તે સારૂં રાજ્ય સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

(૧) રાજ્ય સરકારે રાજ્યમાં કોલેજોના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રિય કક્ષાએ ઉપલબ્ધ રોજગારીની તકો પ્રાપ્ત કરી શકે તે આશયથી કુલ-૨૧૭ ડીઝીટલ ઈંગ્લીસ લેંગ્વેજ લેબ સ્થાપેલ છે.

(૨) તદ્‌ઉપરાંત રાજ્યના યુવાનો અંગ્રેજી ભાષાનું કૌશલ્ય કેળવી તેમને માટે કારકીર્દીની ક્ષિતિજો ઉપસ્થિત થઈ શકે તે આશયથી ""સ્કોપ"" (સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીસ) ની રચના કરવામાં આવેલ છે. સ્કોપ દ્વારા

અત્યાર સુધીમાં કુલ : ૬૬,૨૩૭ વિદ્યાર્થીઓએ તાલીમ લીધેલ છે.

------------

**રાજ્યમાં ડિઝીટલ ઈંગ્લીસ લેબની સ્થાપના**

૭૮૩૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડિઝીટલ ઈંગ્લીસ લેબની સ્થાપના ક્યારે કરવામાં આવી, | (૧) વર્ષ-૨૦૦૭-૦૮થી. |
| (૨) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ કેટલી સરકારી, બિનસરકારી કોલેજોમાં તેમજ યુનિવર્સિટીઓમાં આ લેબ કાર્યરત છે, અને | (૨) સરકારી -૧૯<br>બિન સરકારી-૧૯૩<br>યુનિવર્સિટી-૫ |
| (૩) ડિઝીટલ ઈંગ્લીસ લેબથી કોલેજોને શું લાભ થશે? | (૩) ડિઝીટલ ઈંગ્લીસ લેબની સ્થાપનાથી કોલેજોમાં અભ્યાસ કરતાં ત્રણે વર્ષના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં બોલચાલ પર પ્રભુત્વ મેળવવા મદદરૂપ થાય છે. આ લેંગ્વેજ લેબના અભ્યાસક્રમ પૂર્ણ કરતાં વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મેળવવામાં સરળતા રહેશે. આમ ડિઝીટલ ઈંગ્લીસ લેબ કોલેજો માટે લાભદાયક છે. |

------------

**ખેડા જિલ્લાની પ્રાથમિક શાળામાં વીજળીકરણની સુવિધા**

૭૨૦૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ વીજળીની સુવિધાથી વંચિત છે, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની ૩૭ શાળાઓ વિજળીની સુવિધાથી વંચિત છે.

| અ. નં. | તાલુકાનું નામ | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૨ |
| ૨ | ખેડા | ૧ |
| ૩ | માતર | ૪ |
| ૪ | મહેમદાવાદ | ૧૨ |
| ૫ | કપડવંજ | ૧૧ |
| ૬ | ઠાસરા | ૧ |
| ૭ | બાલાસિનોર | ૨ |
| ૮ | વિરપુર | ૪ |
| ૯ | મહુધા | ૦ |
| ૧૦ | કઠલાલ | ૦ |
| | કુલ : | ૩૭ |

(૨) આ સુવિધાઓ કેટલા સમયમાં આપવાનું આયોજન છે?

(૨) સુવિધા ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

------------

**રાજ્યમાં ડિઝીટલ ઈંગ્લીસ લેબની સ્થાપના**

૭૮૩૫ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડિઝીટલ ઈંગ્લીસ લેબની સ્થાપના ક્યારે કરવામાં આવી, | (૧) સને ૨૦૦૭-૦૮થી |
| (૨) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ કેટલી સરકારી, બિનસરકારી કોલેજોમાં તેમજ યુનિવર્સિટીઓમાં આ લેબ કાર્યરત છે, અને | (૨) સરકારી -૧૯<br>બિન સરકારી-૧૯૩<br>યુનિવર્સિટી-૫ |
| (૩) ડિઝીટલ ઈંગ્લીસ લેબથી કોલેજોને શા લાભ | (૩) ડિઝીટલ ઈંગ્લીસ લેબની સ્થાપનાથી કોલેજોમાં |

થાય છે ?

અભ્યાસ કરતાં ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં બોલચાલ પર પ્રભુત્વ મેળવવા મદદરૂપ થાય છે. આ લેંગ્વેજ લેબના અભ્યાસક્રમ પૂર્ણ કરતા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મેળવવામાં સરળતા રહે છે. આમ ડિઝીટલ ઈંગ્લીસ લેબ કોલેજો માટે લાભદાયક છે.

------------

**આણંદ જિલ્લામાં નવી આંગણવાડીઓ**

૭૩૯૮ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ગત બે વર્ષમાં કઈ કઈ યોજનાઓમાં કેટલી આંગણવાડીઓ બનાવવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વિવિધ યોજનાઓ હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે કુલ ૧૯૦ આંગણવાડીના મકાનો બનાવવામાં આવેલ છે.

| ક્રમ | યોજનાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | રીલાયન્સ | ૬૬ |
| ૨ | ગોકુલ ગ્રામ યોજના | ૧૪ |
| ૩ | એસ.જી.આર.વાય | ૦૫ |
| ૪ | રાજ્ય બજેટ | ૬૯ |
| ૫ | મોડલ | ૦૭ |
| ૬ | વિકેન્દ્રીત આયોજન | ૦૪ |
| ૭ | ૧૨મું નાણાપંચ | ૦૮ |
| ૮ | ૨૫ ટકા ધારાસભ્ય મેચીંગ ગ્રાન્ટ | ૧૧ |
| ૯ | સંસદ સભ્ય ફંડ | ૦૬ |
| | કુલ : | ૧૯૦ |

(૨) તે પેકી કેટલીક આંગણવાડી બાંધકામના નાણા ચૂકવવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૨) ના, જી.

(૩) જો હા, તો શા કારણોસર, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કચ્છ જિલ્લામાં ગામતળ જમીન નીમ કરવાના બાકી કામો**

૭૮૫૫ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ગામતળ નીમ કરવાના કેટલા અને ક્યા ક્યા ગામોની દરખાસ્ત રજૂ થઈ,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ગામની સંખ્યા | દરખાસ્ત રજૂ કરેલ ગામના નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| અબડાસા | ૪ | (૧) નલિયા (૨) વાલાવારી વાંઢ (૩) મોખરા (૪) કુવા પધ્ધર |
| લખપત | કોઈ ગામની દરખાસ્ત રજૂ થઈ નથી. | |
| નખત્રાણા | ૧૪ | (૧) વિરાણી મોટી (૨) ઘડાણી (૩) આંગીયા નાના (૪) વિગોડી (૫) મોરજર (૬) ખોભડી મોટી (૭) ધાવડા મોટા (૮) મંજલ (૯) સાંયરા (૧૦) દેશલપર (૧૧) જીયાપર (૧૨) ભુમરા-સરરોહા (૧૩) વિજયાસર (૧૪) રસલીયા |

(૨) તે પેકી કેટલા ગામતળ નીમ કરવામાં આવ્યા,

(૨) એકપણ નહીં.

(૩) કેટલા બાકી છે, અને

(૩) બધા જ બાકી છે.

(૪) બાકી રહેવાના કારણો શા છે?

(૪) જુદી જુદી કચેરીઓમાં ચકાસણી હેઠળ હોવાથી.

**જામનગર અને કચ્છ જિલ્લામાં ગ્રામ સેવકોની મંજૂર થયેલ જગ્યાઓ**

૭૨૨૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને કચ્છ જિલ્લામાં ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મે-૨૦૦૯ની સ્થિતિએ મંજૂર થયેલ છે, | (૧) જામનગર-૭૫<br>કચ્છ -૧૩૩ |
| (૨) મે-૨૦૦૯ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) જામનગર-૩૫<br>કચ્છ -૭૮ |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે? | (૩) જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે. |

------------

**પંચમહાલ જિલ્લામાં પાકી સડકની સુવિધા**

૭૨૦૭ **શ્રી સી.કે.રાઉલજી(ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો હજુ પાકી સડકની સુવિધા વગરના છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ૭ ગામો હજુ પાકી સડકની સુવિધા વગરના છે.

| ક્રમ | તાલુકો | પાકી સડકની સુવિધા વગરના ગામો |
|---|---|---|
| ૧ | ખાનપુર | ૨ |
| ૨ | જાંબુઘોડા | ૫ |
| | **કુલ :** | **૭** |

(૨) આ ગામોને પાકી સડકની સુવિધાઓ આપવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) ૪ ગામોને જોડતા સુચિત રસ્તાની પથરેખા જંગલ જમીનમાંથી તથા ૩ ગામોના રસ્તાની પથરેખા અભ્યારણ્યમાંથી પસાર થતા હોઈ તેને પાકી સડકની સુવિધા આપવાનું કામ હાથ ધરી શકાયેલ નથી.

------------

**સુરત જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તાઓ**

૭૦૪૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં નાબાર્ડ યોજના હેઠળ રાજ્ય હસ્તકના કેટલા રસ્તાને કેટલી મંજૂરી મળેલ છે, અને | (૧) ૬૧ રસ્તાઓ માટે રૂા. ૬૪૧૩.૫૨ લાખની મંજૂરી મળેલ છે. |
| (૨) મંજૂર રસ્તાઓ પૂર્ણ કરવાનું આયોજન શું છે? | (૨) ૪૦ કામો પૂર્ણ થયેલ છે. એક કામ પડતું મુકેલ છે. જ્યારે બાકીના કામો જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**જેતપુર પાવી તાલુકામાં ખેડૂતોને તુવેરની કિટસ**

૭૫૬૪ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકામાં ૨૦૦૭-૦૮ના વર્ષ કૃષિ મહોત્સવમાં કેટલા ગામોમાં બીડીએન-૨ તુવેરના કિટસ કેટલા ખેડૂતોને આપવામાં આવ્યા, | (૧) કૃષિ વિભાગ દ્વારા ૨૦૦ ગામોમાં ૬૭૦ કિટસ ખેડૂતોને આપવામાં આવ્યા. |
| (૨) આ બિયારણ કિટસની કિંમત કેટલી, | (૨) રૂા. ૧૪૬૧/-પ્રતિ કિટસ. |

(૩) કઈ મંડળી/ગ્રાહક ભંડાર દ્વારા બિયારણ કિટસ વહેંચાયા,

(૩) ગુજરાત રાજ્ય બીજ નિગમ, દ્વારા બિયારણ કિટસ વહોંચાયા.

(૪) તેની ગેરરીતી બાબતે કોઈ ફરીયાદ સરકાર પાસે આવી છે,

(૪) કૃષિ વિભાગ દ્વારા વિતરણ થયેલ કૃષિ કિટસમાં ગેરરીતી બાબતે કોઈ ફરિયાદ સરકાર પાસે આવેલ નથી.

(૫) તેની તપાસ કઈ તારીખે થઈ, અને

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) ગેરરીતિ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામજોધપુર-જામનગર રસ્તા ઉપર રણજીત સાગર ડેમ બ્રિજ મંજૂર કરવા બાબત**

૭૮૬૮**શ્રી બ્રિજરાજસિંહ જાડેજા(જામજોધપુર):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જામજોધપુર-જામનગર રસ્તા ઉપર રણજીત સાગર ડેમ બ્રિજ ક્યારે મંજૂર થયેલ છે, અને

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨) : કામને તારીખ ૯/૯/૧૯૯૭ ના હુકમથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ પરંતુ આ કામ માટે અપૂરતી જોગવાઈના કારણે કામગીરી હાથ ધરાયેલ નથી.

------------

**કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધારવા પગલાં**

૮૧૯ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધારવા છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે શું પગલાં લીધા છે,

(૨) ઓછી સ્ત્રી સાક્ષરતાવાળા તાલુકામાં કન્યા શિક્ષણનો દર વધારવા કોઈ આયોજન કરેલ છે, અને

(૩) જો હા, તો તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) (૧) કન્યા કેળવણી રથયાત્રા
(૨) વિદ્યાલક્ષ્મી બોન્ડ
(૩) કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય
(૪) વિદ્યાદીપ યોજના

(૨) હા, જી.

(૩) ખંડ-૧ મુજબ

------------

**અમરેલી સાવરકુંડલા બાયપાસ રસ્તા માટેની જમીનનું સંપાદન**

૭૪૧૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી સાવરકુંડલા બાયપાસ રસ્તાનું કામ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જેની જમીન સંપાદન થયેલ નથી તે તેના માટેની કાર્યવાહી થતી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો મહેસૂલ વિભાગ દ્વારા આ બાયપાસ રસ્તાની જમીન સંપાદન કરવા જમીનની માપણી કરી હદ નક્કી કરેલ છે કે કેમ, અને

(૩) નથી થયેલ તો તેના શા કારણો છે?

**જવાબ**

(૧) પ્રક્રિયા ચાલુ છે.

(૨) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, અમરેલી તરફથી સંપાદનમાં આવતી જમીનોની માપણી થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કૃષિ પાકોમાં ગુજરાત રાજ્ય અગ્રેસર**

૭૯૧૭ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષિ અને બાગાયતના ક્યા ક્યા પાકોમાં ગુજરાત રાજ્ય અગ્રેસર છે, અને

**જવાબ**

(૧) કૃષિના મુખ્ય પાકો પૈકી મગફળી, કપાસ, એરંડા અને બાગાયતના કેરી, કેળા, પપૈયા, ચીકુ, જામફળ, લીંબુ જેવા ફળપાકોમાં તથા ડુંગળી, બટાટા, ટામેટા, રીંગણ, ફલાવર, કોબીઝ અને ભીંડા જેવા પાકોમાં ગુજરાત રાજ્ય અગ્રેસર છે.

(૨) તેનું કેટલું ઉત્પાદન અને વાવેતર વિસ્તાર

(૨) તેના ઉત્પાદન અને વાવેતર વિસ્તારની વિગતો

કેટલો છે?

નીચે મુજબ છે.

**૧. કૃષિ પાકો :-**

| અ.નં. | પાક | વાવેતર વિસ્તાર વર્ષ ૨૦૦૭-૦૮ | ઉત્પાદન |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૮.૫૭ લાખ હેક્ટર | ૩૨.૯૮ લાખ ટન |
| ૨ | કપાસ | ૨૪.૨૨ લાખ હેક્ટર | ૮૨.૭૬ લાખ ગાંસડી |
| ૩ | એરંડા | ૩.૫૮ લાખ હેક્ટર | ૭.૦૮ લાખ ટન |

**૨. બાગાયતી પાકો :-**

| અ.નં. | પાક | વાવેતર વિસ્તાર વર્ષ ૨૦૦૭-૦૮ (હેક્ટર હજારમાં) | ઉત્પાદન (મેટ્રિક ટનમાં) |
|---|---|---|---|
| ૧ | કેરી | ૧૧૦ | ૯૩૦ |
| ૨ | કેળા | ૫૮ | ૩૧૫૮ |
| ૩ | પપેયા | ૧૧ | ૪૮૯ |
| ૪ | ચીકુ | ૨૬ | ૨૫૯ |
| ૫ | જામફળ | ૯ | ૧૩૧ |
| ૬ | લીંબું | ૩૫ | ૩૬૦ |
| ૭ | ડુંગળી | ૮૪ | ૨૨૩૮ |
| ૮ | બટાટા | ૩૧૭ | ૩૭૩૨ |
| ૯ | ટામેટા | ૩૧ | ૭૪૦ |
| ૧૦ | રીંગણ | ૫૬ | ૯૮૮ |
| ૧૧ | ફ્લાવર | ૧૭ | ૩૧૪ |
| ૧૨ | કોબીઝ | ૨૩ | ૩૯૬ |
| ૧૩ | ભીંડા | ૪૧ | ૩૬૬ |

------------

**શિક્ષિત યુવાનોની રોજગારીની તકો વધારવા કામગીરી**

૭૮૩૧ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં શિક્ષિત યુવાનોની રોજગારીની તકો વધારવા માટે ટેકનિકલ શિક્ષણ વિભાગ થકી કોઈ કામગીરી કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. ટેકનિકલ શિક્ષણ ખાતા હેઠળ વર્ષ ૨૦૦૭થી ગુજરાત નોલેજ સોસાયટીની સ્થાપના કરવામાં આવેલ છે.
૨. રોજગારલક્ષી અભ્યાસક્રમો શરુ કર્યા.
૩. રોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**ભિલોડા તાલુકામાં બારમાસી રસ્તાઓ બનાવવા વનબંધુ કલ્યાણ યોજના**

૭૪૩૬ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચાયત હસ્તક અને રાજ્ય હસ્તકના ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામોને બારમાસી રસ્તાઓ આપવા વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વર્ષવાર કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા,

(૨) કેટલા રસ્તાઓમાં ડામર કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૩) આ રસ્તાઓ ક્યા ક્યા છે?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજૂર થયેલ રસ્તાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૬-૦૭ | - |
| ૨૦૦૭-૦૮ | - |
| ૨૦૦૮-૦૯ | ૩ |

(૨) શૂન્ય

(૩)

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | રૂદ્રાલ એપ્રોચ રોડ |
| ૨ | રૂદરડી એપ્રોચ રોડ |
| ૩ | દોલતપુરા એપ્રોચ રોડ |

------------

**શિક્ષિત યુવાનોની રોજગારીની તકો વધારવા કામગીરી**

૭૮૪૪ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં શિક્ષિત યુવાનોની રોજગારીની તકો વધારવા માટે ટેકનિકલ શિક્ષણ વિભાગ થકી કોઈ કામગીરી કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. ટેકનિકલ શિક્ષણ ખાતા હેઠળ વર્ષ ૨૦૦૭થી ગુજરાત નોલેજ સોસાયટીની સ્થાપના કરવામાં આવેલ છે.
૨. રોજગારલક્ષ્મી અભ્યાસક્રમો શરુ કર્યા.
૩. રોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં સરકારી પડતર જમીનો બીન ગોચર કરવાના ધોરણો**

૭૯૦૪ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ગાંધીધામ -મુંદ્રા-માંડવી-અબડાસા તાલુકામાં સરકારી પડતર જમીનો ગોચર જમીન બીન ગોચર કરી આપવાના ધોરણો અનુસાર તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ઉદ્યોગ કે અન્ય હેતુસર છેલ્લા ત્રણ વર્ષોમાં જમીનો અપાઈ છે તેના ભાવોની વિસંગતતા અંગે સરકાર તપાસ કરશે,

(૨) આ વિસ્તારમાં વેચાણ ખત/જંત્રીના નવા ભાવ/અગાઉની જિલ્લા મૂલ્યાંકન સમિતિનાં ભાવ જમીન સંપાદન અધિકારી ધ્વારા કન્સર્ન એવોર્ડની સરખામણી કરી, અને

(૩) રાજ્ય સરકારની જમીનો ખૂબ ઓછા ભાવે અપાયાની અખબારોની હકીકતો અંગે રાજ્ય સરકાર કે જિલ્લા તંત્ર ધ્વારા સચ્ચાઈ તપાસવામાં આવશે કે કેમ?

**જવાબ**

(૧) સરકારી પડતર અને ગોચર જમીન ઉદ્યોગોને કે અન્ય હેતુસર આપવાના કિસ્સામાં કોઈ વિસંગતતા નથી. માટે તપાસ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) સરકારી જમીનના ભાવ ચોક્કસ પધ્ધતિથી નક્કી કરવામાં આવે છે. આથી ઓછા ભાવે સરકારી જમીનો અપાયાની હકીકત બાબતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સરકારી જમીનના ભાવ ચોક્કસ પધ્ધતિથી નક્કી કરવામાં આવે છે. આથી ઓછા ભાવે સરકારી જમીનો અપાયાની હકીકત બાબતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગાંધીનગર ખાતે ફાયનાન્સ સીટી માટે ફાળવેલ જમીન**

૭૨૦૯ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગર ફાયનાન્સ સીટી માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવી હતી,

(૨) આ જમીનમાં કેટલા ખેડૂતો પાસેથી શા ભાવે સંપાદન કરવામાં આવી, અને

(૩) ફાયનાન્સ સીટી માટે સંપાદન કરેલ જમીનમાંથી કેટલી જમીન ક્યા ક્યા ઉદ્યોગ ગૃહોને શા ભાવે આપવામાં આવી?

**જવાબ**

(૧) હે. ૪-૨૬-૪૨ ચો.મી. જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ છે.

(૨) કાર્યવાહી ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સંપાદનની કાર્યવાહી હાલમાં ચાલુમાં છે. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**મુળી તાલુકાના જશાપર ગામ તથા ટીકર ગામે એરટેલ કંપનીના ટાવર**

૭૭૪૯ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મુળી તાલુકાના જશાપર ગામ તથા ટીકર (પરમાર) ગામે એરટેલ કંપનીના ટાવર (મોબાઈલ) ઉભા કર્યા છે તે જગ્યા સરકારની છે કે પ્રાઈવેટ માલીકીની છે; અને

(૨) આ બંને ગામોમાં આવેલ એરટેલ ટાવરનું ભાડું કંપની કોને ચુકવે છે?

**જવાબ**

(૧) સરકારની માલીકીની જગ્યા છે.

(૨) જશાપર ગામે ટાવરનું ભાડું, કંપની શ્રી ગણેશભાઈ તળશીભાઈને ચૂકવે છે. જ્યારે ટીકર (પરમાર) ગામે ટાવરનું ભાડું, કંપની શ્રી પ્રદ્યુમનસિંહ ગંભીરસિંહને ચૂકવે છે.

------------

**વડોદરા જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ**

૭૭૮૯ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાઓ પંચાયત અને સ્ટેટ હસ્તકના કઈ કઈ યોજનાઓમાં મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા, કેટલા કામો પ્રગતિમાં છે, અને કેટલાના વર્ક ઓર્ડર આપવાના બાકી છે?

**જવાબ**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૨૬૭ રસ્તાઓ મંજૂર કરવામાં આવેલ છે જેનું તાલુકાવાર તથા યોજનાવાર **પરિશિષ્ટ** સામેલ છે.

(૨) મંજુર થયેલ રસ્તાઓ પેકી ૮૭ પુર્ણ, ૧૫૯ પ્રગતિમાં અને ૨૧ ના વર્કઓર્ડર આપવાના બાકી છે.

**પરિશિષ્ટ**

**વડોદરા જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ**

| **તાલુકો** | **યોજના** | | | |
|---|---|---|---|---|
| | **નાબાર્ડ** | **કિસાનપથ** | **૧૨મું નાણાપંચ** | **સી.આર.એફ.** |
| વડોદરા | ૨ | - | ૨ | - |
| પાદરા | ૧૦ | ૧ | ૩ | - |
| સાવલી | ૧૫ | ૪ | ૬ | - |
| વાઘોડીયા | ૧ | ૧ | ૩ | - |
| ડભોઈ | ૧૭ | ૧ | ૨ | - |
| શિનોર | ૧૦ | - | ૨ | - |
| સંખેડા | ૨૭ | ૧ | ૧ | - |
| નસવાડી | ૨૬ | - | ૧ | - |
| જેતપુર પાવી | ૧૪ | ૧ | ૨ | ૧ |
| છોટા ઉદેપુર | ૧૨ | - | ૧ | - |
| કરજણ | ૯ | ૧ | - | - |
| ક્વાંટ | ૬ | ૧ | - | - |
| **કુલ :** | **૧૪૯** | **૧૧** | **૨૩** | **૧** |
| **એકંદર કુલ :** | | | | **૧૮૪** |

**રાજ્ય મા.મ. વિભાગ**

| તાલુકો | યોજના | | | |
|---|---|---|---|---|
| | નાબાર્ડ | ૧૨મું નાણાપંચ | સી.આર.એફ. | બજેટેડ |
| ડભોઈ | ૪ | ૧ | - | ૪ |
| નસવાડી | ૮ | - | - | ૨ |
| વાઘોડીયા | ૧ | ૧ | ૧ | ૨ |
| સાવલી | ૯ | ૧ | - | ૩ |
| સંખેડા | ૭ | - | - | ૮ |
| જેતપુર પાવી | ૯ | ૧ | - | ૪ |
| પાદરા | ૨ | - | - | ૧ |
| કરજણ | ૨ | ૧ | - | ૨ |
| છોટા ઉદેપુર | - | - | - | ૩ |
| ક્વાંટ | ૪ | ૨ | - | - |
| **કુલ :** | **૪૬** | **૭** | **૧** | **૨૯** |
| **એકંદર કુલ :** | | | | **૮૩** |

------------

**નવસારી અને ભાવનગર જિલ્લામાં એ.જી.આર-૨૫ ની યોજના**

૭૩૦૦ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી અને ભાવનગર જિલ્લામાં એ.જી.આર-૨૫ ની યોજના અંતર્ગત હોર્ટીકલ્ચર મિશન યોજના હેઠળ માર્ચ-૨૦૦૮ થી માર્ચ-૨૦૦૯ના સમયગાળા દરમ્યાન કેટલા લાભાર્થીઓને ક્યા ક્યા પ્રકારની સહાય લોન અપાય છે, અને

(૨) તે પેકી અનુસૂચિત જાતિના લાભાર્થી કેટલા ?

**જવાબ**

(૧) એ. જી. આર. ૨૫ યોજના અંતર્ગત હોર્ટીકલ્ચર મિશન યોજના નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બાલાશિનોર અને વિરપુર તાલુકામાં મામલતદાર ક્ચેરીનું નવિનીકરણ**

૭૩૬૩ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાની બાલાશિનોર અને વિરપુર તાલુકાની મામલતદાર ક્ચેરી જર્જરીત હાલતમાં છે તે ક્ચેરીના મરામત નવિનીકરણ માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી?

**જવાબ**

- બાલાશિનોર તાલુકામાં નવી મામલતદાર ક્ચેરીના બાંધકામ માટે જમીન ફાળવણી તથા નકશા અંદાજો તૈયાર કરેલ છે. ચાલુ નાણાકીય વર્ષના અંદાજપત્રમાં જોગવાઈ થયેથી બાંધકામ માટે આગળની કાર્યવાહી થશે.
- જ્યારે, વિરપુર તાલુકા મામલતદાર ક્ચેરીના નવા મકાનનું બાંધકામ પૂર્ણ થવામાં છે.

------------

**ટાટા મોટર્સને નેનો કાર માટે જમીનની ફાળવણી**

૭૫૫૯ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ ટાટા મોટર્સને નેનો કાર બનાવવા માટે અમદાવાદ નજીક સાણંદ તાલુકામાં કુલ કેટલા એકર જમીન ક્યા દરથી આપવામાં આવી,

(૨) આ જમીનની કુલ કેટલી રકમ ચુકવવાની થાય છે,

(૩) તેનું ચુકવણું ક્યારે કેવી રીતે કરવામાં આવ્યું

**જવાબ**

(૧) ૧૧૦૦ એકર જમીન પ્રતિ ચો.મી.ના રૂા. ૯૦૦/-ના દરથી આપવામાં આવી.

(૨) રૂા. ૪૦૦,૬૫,૩૦,૦૦૦/-

(૩) હાલ તેનું ચુકવણું કરવામાં આવેલ નથી.

અને કેટલી રકમ તે અન્વયે જમા થઈ, અને

(૪) આ જમીનનો કબજો ક્યારે આપવામાં આવ્યો?

(૪) તા. ૯-૧૦-૨૦૦૮ ના રોજ.

------------

**ફાયનાન્સ સીટી માટે જમીન સંપાદન**

૭૩૫૭ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ફાયનાન્સ સીટી (ગિફ્ટ સીટી) માટે સરકારે ક્યારે કેટલી જમીન સંપાદન કરી છે, | (૧) હે. ૪-૨૬-૪૨ ચો.મી. જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) આ જમીનનું વેલ્યુએશન કરવાની કામગીરી ક્યારે કોને સોંપવામાં આવી હતી, | (૨) નગર નિયોજન ખાતુ ગાંધીનગર. |
| (૩) વેલ્યુઅરે જમીનનું વેલ્યુએશન કેટલું આંક્યું છે, અને | (૩) પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) આ જમીનના ખાતેદારોએ જમીન માટેનો શું ભાવ મળે તેવી માંગણી કરેલી છે? | (૪) પ્રતિ ચો.મી. ના રૂા. ૪૦૦૦/- |

------------

**ખેડા જિલ્લાના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ**

૭૯૦૮ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યના ખેડૂતોને આપવામાં આવતા સોઈલ હેલ્થ કાર્ડની યોજના ક્યારથી અમલમાં મુક્વામાં આવી, અને | (૧) સને ૨૦૦૩-૦૪ થી અમલમાં મુક્વામાં આવેલ છે. |
| (૨) આ યોજના હેઠળ ખેડા જિલ્લાના કેટલા ખેડૂતોને તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા? | (૨) ૭૫,૧૨૯ |

------------

**નવેઠા ગામ પાસે આવતા રેલ્વે પુલના અધુરા કામો**

૭૩૦૨ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ-દહેજ માર્ગ પર આવતા ચેઈનેજ ૨૦૩ પરના રેલ્વે પુલ તથા ચેઈનેજ ૨૦૭ પરના ઓવર બ્રીજ તથા નવેઠા ગામ પાસે મિસીંગ લીંક્નું અધુરું કામ તથા ભેંસલી ગામે ફુટ ઓવર બ્રીજના કામો ક્યા તબક્કે છે, અને | (૧) (અ) રેલ્વે ઓવર બ્રીજના કામો રેલ્વે સત્તાવાળાઓ પાસે નકશા અંદાજોની મંજુરીના તબક્કે. (બ) નવેઠા ગામ પાસે મીસીગ લીંક્ની કામગીરી જમીન સંપાદનના તબક્કે. (ક) ભેંસલી ગામે ઓવરબ્રીજનું કામ નવા ઈજારદાર નક્કી કરવાના તબક્કે. |
| (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) (અ) રેલ્વે ઓવરબ્રીજના કામો રેલ્વે સત્તાવાળા દ્વારા નકશા અંદાજો મંજુર થયે રેલ્વે દ્વારા ડીપોઝીટ વર્ક તરીકે પૂર્ણ કરવામાં આવશે. (બ) રેલ્વે ઓવરબ્રીજના એપ્રોચના કામો તથા નવેઠા ગામ પાસે મીસીંગ લીંક્ની કામગીરી જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયે નવા ઈજારદાર દ્વારા ૧૮ માસમાં પૂર્ણ કરવાનું અને. (ક) ભેંસલી ગામે ફુટ ઓવરબ્રીજની કામગીરી નવા ઈજારદાર નક્કી થયે ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન વિચારેલ છે. |

------------

**વાયબ્રન્ટ-સમીટ-૨૦૦૯ અંતર્ગત ઉદ્યોગપતિઓને જમીન**

૭૮૭૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વાઈબ્રન્ટ સમીટ ૨૦૦૯ અંતર્ગત એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગપતિઓને રાહતદરે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |

(૨) તા. ૩૧-૫-૦૯ સુધીમાં કુલ કેટલા ઉદ્યોગપતિઓને કેટલી જમીન ક્યા દરે ક્યારે ફાળવવામાં આવેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ તેનો શું ઉપયોગ થઈ રહેલ છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કોલેજોના વિદ્યાર્થીઓમાં અંગ્રેજીના જ્ઞાન માટે લીધેલ પગલાં**

૭૮૩૮ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યની કોલેજોના વિદ્યાર્થીઓમાં અંગ્રેજીનું જ્ઞાન વધે તે માટે સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો શું પગલાં લેવામાં આવ્યા?

(૨) (૧) રાજ્ય સરકારે રાજ્યમાં કોલેજોના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ રાષ્ટ્રિય, આંતરરાષ્ટ્રિય કક્ષાએ ઉપલબ્ધ રોજગારીની તકો પ્રાપ્ત કરી શકે તે આશયથી કુલ-૨૧૭ ડીઝીટલ ઈંગ્લીશ લેંગ્વેજ લેબ સ્થાપેલ છે.

(૨) તદ્ઉપરાંત રાજ્યના યુવાનો અંગ્રેજી ભાષાનું કૌશલ્ય કેળવી તેમને માટે કારકિર્દીની ક્ષિતિજો ઉપસ્થિત થઈ શકે તે આશયથી ""સ્કોપ"" (સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીસ) ની રચના કરવામાં આવેલ છે. સ્કોપ દ્વારા અત્યાર સુધીમાં કુલ : ૬૬,૨૩૭ વિદ્યાર્થીઓએ તાલીમ લીધેલ છે.

------------

**નશીતપર અને રામપર વચ્ચે ડેમી નદી પર નવો કોઝવે**

૭૬૨૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નશીતપર અને રામપર વચ્ચે ડેમી નદીમાં નવો કોઝવે બનાવવા માટે રાજ્ય સરકારે ક્યારે મંજૂરી આપી, અને

(૧) તા. ૧૭-૧૧-૦૬ થી મંજૂરી આપેલ.

(૨) તેના ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવ્યા અને કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા શું ?

(૨) તા. ૧૬-૬-૦૯ના રોજ ટેન્ડર બહાર પાડેલ છે. કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા ૯ (નવ) માસ રાખેલ છે.

------------

**પંચમહાલ જિલ્લામાં મૃત્યુ પામેલા ખેડૂતોના પરિવારોને સહાય**

૭૨૬૦ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આકસ્મિક રીતે મૃત્યુ પામેલા ખેડૂતોના પરિવારોની સહાય મેળવવા માટેની તાલુકાદીઠ કેટલી અરજીઓ આવી,

(૧) સામેલ પત્રક-૧ મુજબ કુલ ૧૧૭ અરજીઓ આવી.

(૨) તે પૈકી તાલુકાદીઠ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) સામેલ પત્રક-૧ મુજબ કુલ ૬૭ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) તાલુકાદીઠ કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) સામેલ પત્રક-૧ મુજબ કુલ ૫૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૪) નામંજૂર કરવાના ક્યા કારણો છે ?

(૪) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.
૧ અરજદાર ખાતેદાર ન હોય
૨ અરજી ૯૦ દિવસના સમય-મર્યાદા પછીની હોય
૩ પાંચ હેકટર કરતાં વધુ જમીન હોય

૪ કુદરતી મૃત્યુ હોય
૫ આત્મહત્યા હોય
૬ અધુરા દસ્તાવેજો હોય
૭ મરણનું કારણ સાબિત થયું ન હોય
૮ મર્યાદા કરતાં વધુ ઉંમર હોય

**પત્રક-૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૨૦૦૭ | | | તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર |
| ૧ | ગોધરા | ૧૮ | ૧૩ | ૫ | ૪ | ૩ | ૧ | ૨૨ | ૧૬ | ૬ |
| ૨ | કાલોલ | ૪ | ૧ | ૩ | ૩ | ૩ | ૦ | ૭ | ૪ | ૩ |
| ૩ | હાલોલ | ૮ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૮ | ૪ | ૪ |
| ૪ | ઘોઘંબા | ૧૦ | ૩ | ૭ | ૨ | ૨ | ૦ | ૧૨ | ૫ | ૭ |
| ૫ | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | મોરવા(હ) | ૧ | ૧ | ૦ | ૬ | ૧ | ૫ | ૭ | ૨ | ૫ |
| ૭ | શહેરા | ૧૬ | ૮ | ૮ | ૯ | ૬ | ૩ | ૨૫ | ૧૪ | ૧૧ |
| ૮ | ખાનપુર | ૪ | ૨ | ૨ | ૪ | ૩ | ૧ | ૮ | ૫ | ૩ |
| ૯ | લુણાવાડા | ૧૨ | ૬ | ૬ | ૪ | ૩ | ૧ | ૧૬ | ૯ | ૭ |
| ૧૦ | સંતરામપુર | ૪ | ૪ | ૦ | ૨ | ૧ | ૧ | ૬ | ૫ | ૧ |
| ૧૧ | કડાણા | ૫ | ૩ | ૨ | ૧ | ૦ | ૧ | ૬ | ૩ | ૩ |
| | **કુલ :** | **૮૨** | **૪૫** | **૩૭** | **૩૫** | **૨૨** | **૧૩** | **૧૧૭** | **૬૭** | **૫૦** |

------------

**રાજ્યમાં ઇજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ**

૭૮૧૫ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઇજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ નિવારવા સરકાર તરફથી કોઇ આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો, તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં ઈજનેરી/ફાર્મસી ડીગ્રી તથા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ નિવારવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦થી ઓન લાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

------------

**રાજ્યમાં શિક્ષિત યુવાનોની રોજગારી**

૭૮૧૨ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં શિક્ષિત યુવાનોની રોજગારીની તકો વધારવા માટે ટેક્નીકલ શિક્ષણ વિભાગ થકી કોઇ કામગીરી કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો, તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. ટેકનિકલ શિક્ષણ ખાતા હેઠળ વર્ષ ૨૦૦૭ થી ગુજરાત નોલેજ સોસાયટીની સ્થાપના કરવામાં આવેલ છે.
૨. રોજગારલક્ષી અભ્યાસક્રમો શરૂ કર્યા.
૩. રોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**ભાવનગર જિલ્લાના નર્મદ-કાળા તળાવ અને ખેતાખાતી ગામોને જોડતા પુલનું કામ**

૬૯૮૩ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના નર્મદ-કાળા તળાવ અને ખેતાખાતી ગામોને જોડતા ખાડી પરના પુલના કામ માટેના ટેન્ડરો ક્યારે બહાર પાડવામાં આવ્યા,

(૨) આ કામો કઇ કઇ એજન્સીઓને સોંપવામાં આવ્યા અને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તારીખ ૩૦-૯-૦૮ ના રોજ બહાર પાડવામાં આવ્યા.

(૨) આ કામે મે. રાજકમલ બીલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી. અમદાવાદને સોંપવામાં આવેલ છે. તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ સર્વે ઈન્વેસ્ટીગેશનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

(૩) કરારખત મુજબ.

------------

**કૃષિ ક્ષેત્રે રાજ્યને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ**

૭૯૧૬ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ ક્ષેત્રે રાજ્યને રાષ્ટ્રિય કક્ષાની કઇ કઇ સંસ્થાઓ દ્વારા કેટલા અને ક્યા ક્યા એવોર્ડ મળ્યા ?

**જવાબ**

છેલ્લા ત્રણ વર્ષમાં કૃષિ ક્ષેત્રે રાજ્યને રાષ્ટ્રિય કક્ષાની નીચેની સંસ્થાઓ દ્વારા નીચે મુજબ એવોર્ડ મળેલ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | એવોર્ડનું નામ |
|---|---|---|
| ૧. | નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સીલ, ન્યુ દિલ્હી | રાષ્ટ્રીય ઉત્પાદક્તા પરિષદ, ભારત સરકાર, વર્ષ-૨૦૦૭ |
| ૨. | ડીપાર્ટમેન્ટ ઓફ એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મ્સ એન્ડ પબ્લીક ગવર્નન્સ અને ડીપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, નવી દિલ્હી, ભારત સરકાર | ઈ-ગવર્નન્સ એવોર્ડ "સોઈલ હેલ્થ કાર્ડ" અંગે ઈ-કૃષિ કિરણ, વર્ષ ૨૦૦૮-૦૯ |
| ૩. | ૧. સોસાયટી ફોર મીલેટ રીસર્ચ એન્ડ એ.આઈ.સી.પી.એમ.આઈ.પી.આઈ.સી.એ.આર. જોધપુર<br>૨. ડાયરેક્ટર ઓફ ઓઈલસીડ્સ રીસર્ચ, હેદ્રાબાદ | ૧. એપ્રીસીએશન સર્ટીફીકેટ-૨૦૦૭<br>૨. બેસ્ટ એ.આઈ.સી. આર.પી. (ક્સ્ટ્રોલ) સેન્ટર એવોર્ડ, ૨૦૦૮ |
| ૪. | ૧. નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સિલ<br>૨. બિન પરંપરાગત ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ૧. ૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન કામગીરીમાં ગુણવત્તા અંગે પ્રથમ એવોર્ડ<br>૨. અક્ષય ઉર્જા એવોર્ડ વર્ષ-૨૦૦૭ |

------------

**રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રાને કારણે બાળકોનો ડ્રોપ આઉટ**

૭૮૦૩ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સન ૨૦૦૮ના વર્ષમાં કન્યા કેળવણી રથયાત્રામાં કુલ કેટલા ગામોને આવરી લેવાયેલ હતા, અને

(૨) કન્યા કેળવણી રથયાત્રાને કારણે બાળકોના ડ્રોપ આઉટ રેટમાં કેટલો ઘટાડો થયો ?

**જવાબ**

(૧) ૨૦,૨૦૩ ગામો.

(૨) વર્ષ ૨૦૦૪-૦૫માં ધોરણ ૧ થી ૫ના બાળકોના ડ્રોપ આઉટ રેટ ૧૦.૧૬ ટકા હતો. જે વર્ષ ૨૦૦૮-૦૯માં ૨.૨૯ ટકા સુધી નીચે લાવી શકાયેલ છે. તેવી જ રીતે ધોરણ ૧ થી ૭ના બાળકોના ડ્રોપ આઉટ રેટ જે ૨૦૦૪-૦૫માં ૧૮.૭૯ ટકા હતો તે વર્ષ ૨૦૦૮-૦૯માં ૮.૮૭ ટકા જેટલો નીચે લાવી શકાયો છે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પંચાયત સ્ટેટ હસ્તકના રસ્તાઓની મરામતની કામગીરી**

૭૬૩૦ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર

**જવાબ**

(૧) હા, જી.

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી કરવામાં આવી છે, અને

(૨) તેની પાછળ કેટ કેટલો ખર્ચ થયો ?

(૨)

| | |
|---|---|
| સ્ટેટ | ૧૪.૮૬ કરોડ |
| પંચાયત | ૧૪.૩૧ કરોડ |
| કુલ | ૨૯.૧૭ કરોડ |

------------

**કોલગી સમિતિ દ્વારા અતિ પછાત તાલુકાઓમાં શિક્ષણનો વિકાસ**

૭૮૪૦ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કોલગી સમિતિએ જાહેર કરેલા ૩૦ અતિ પછાત તાલુકાઓમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ કરવા સરકાર દ્વારા કોઇ કામગીરી કરવામાં આવી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કોલગી સમિતિએ જાહેર કરેલા ૩૦ અતિ પછાત તાલુકાઓમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ કરવા સરકાર દ્વારા નીચે મુજબની શૈક્ષણિક સુવિધાઓ આપવામાં આવી છે.

| ક્રમ | શૈક્ષણિક સુવિધાની વિગત | વર્ષ | અતિ પછાત તાલુકાઓની સંખ્યા | શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | નવી શાળા મંજૂર કરી | ૨૦૦૭-૦૮ | ૦૮ | ૧૫ |
| | | ૨૦૦૮-૦૯ | ૧૫ | ૫૯ |
| ૨ | કોમ્પ્યુટર સુવિધા | ૨૦૦૮-૦૯ | ૩૦ | ૬૯ |
| ૩ | પ્રયોગશાળા સુવિધા | ૨૦૦૮-૦૯ | ૩૦ | ૬૨૦ |
| ૪ | ગ્રંથાલય સુવિધા | ૨૦૦૮-૦૯ | ૩૦ | ૬૨૦ |

------------

**સુરત અને તાપી જિલ્લામાં નાબાર્ડ યોજનાના મંજૂર થયેલ રસ્તા**

૭૭૪૩ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) : માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં સુરત અને તાપી જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ તાલુકાવાર કેટલા રસ્તાઓની મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં સુરત અને તાપી જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ રાજ્ય તથા પંચાયત હસ્તકના તાલુકાવાર નીચે મુજબના રસ્તાઓના કામોને મંજૂરી આપવામાં આવેલ છે.

| જિલ્લો | તાલુકો | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| સુરત | ચોર્યાસી | ૩ | ૦ |
| | ઓલપાડ | ૨૧ | ૧૪ |
| | કામરેજ | ૧૧ | ૮ |
| | પલસાણા | ૪ | ૯ |
| | બારડોલી | ૧ | ૨ |
| | મહુવા | ૦ | ૪ |
| | માંડવી | ૦ | ૮ |
| | માંગરોલ | ૨ | ૧૪ |
| | ઉમરપાડા | ૧ | ૨ |
| | કુલ | ૪૩ | ૬૧ |
| તાપી | વ્યારા | ૧ | ૨૦ |
| | વાલોડ | ૨ | ૪ |
| | સોનગઢ | ૦ | ૩૯ |
| | ઉચ્છલ | ૦ | ૬ |
| | નિઝર | ૦ | ૧૦ |
| | **કુલ** | ૩ | **૭૯** |

(૨) તે પેકી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા રસ્તા પૂર્ણ થયા,

(૨) તે પેકી તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ૪૪ રસ્તા પુર્ણ થયેલ છે.

(૩) કેટલા રસ્તા ક્યા તબક્કામાં છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રસ્તાના કામોની સ્થિતિ નીચે પ્રમાણે છે.

| જિલ્લો | પુર્ણ | પ્રગતિમાં | શરૂ કરવાના બાકી |
|---|---|---|---|
| સુરત | ૪૧ | ૫૮ | ૫ |
| તાપી | ૩ | ૭૯ | ૦ |
| **કુલ** | ૪૪ | **૧૩૭** | **૫** |

(૪) થયેલા રસ્તાઓની ગુણવત્તા કેવી છે ?

(૪) થયેલ રસ્તાઓની ગુણવત્તા સંતોષકારક છે.

------------

**રાજ્યમાં ઇજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ**

૭૮૨૨ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ઇજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ નિવારવા સરકાર તરફથી કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, તેની વિગત શી છે ? | (૨) રાજ્યમાં ઇજનેરી/ફાર્મસી ડીગ્રી તથા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ નિવારવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦ થી ઓન લાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. |

------------

**કૃષિ સંશોધનના હેતુ માટેની જમીન ખાનગી ગૃપને આપવા રજૂઆત**

૭૮૭૬ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ સંશોધનના હેતુ માટેની કૃષિ ફાર્મની સુરતમાં રેસકોર્સ રોડ ઉપર આવેલ જમીન હોટલના બાંધકામ માટે વિદેશના એક જુથને વેચી દેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) આ કૃષિ ફાર્મની જમીન ખેડૂતોએ કપાસ જુવારના સંશોધનના કામ માટે આપેલ છે તે હકીકત સાચી છે, | (૨) હા, જી. |
| (૩) કૃષિ ફાર્મની આ જમીન હેતુફેર કરીને ખાનગી ગ્રુપને હોટલ બાંધવા નહીં આપવા બાબતે કોના કોના તરફથી કેટલી ફરિયાદો કરવામાં આવી, અને | (૩) વિવિધ વ્યક્તિ/ગૃપ તરફથી કુલ-૭ (સાત) રજુઆત મળેલ છે.<br>(૧) ગુજરાત ખેડૂત સમાજ, સૂરત.<br>(૨) સૂરત જિલ્લા ખેડૂત સમાજ, સૂરત<br>(૩) વલસાડ જિલ્લા ખેડૂત સમાજ, વલસાડ<br>(૪) નવસારી જિલ્લા ખેડૂત સમાજ, નવસારી<br>(૫) શ્રી હસમુખભાઈ દેસાઈ, એડવોકેટ, સૂરત<br>(૬) ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ, અમદાવાદ<br>(૭) ગુજરાત કૃષિ યુનિવર્સિટી પેન્શનર્સ એસોશીએશન |
| (૪) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ સરકારે તે સંબંધમાં શું નિર્ણય લીધો? | (૪) આ જમીન પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમને તબદીલ કરવાના હુકમો કરવામાં આવ્યા છે. |

------------

**ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજીનો વ્યાપ વધારવા લીધેલ પગલાં**

૭૮૨૫ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અંગ્રેજીમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને પ્રચાર વધારવા અર્થે છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં કોઇ પગલાં લીધાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) (૧) સમગ્ર રાજ્યમાં ૨૧૭ ડીજીટલ ઈંગ્લીશ લેબની સ્થાપના કરવામાં આવી છે.<br>(૨) સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીશ (સ્કોપ) ની રચના કરવામાં આવી છે. જેમાં કુલ ૬૬૨૩૭ વિદ્યાર્થીઓની તાલીમ અને પરીક્ષાની |

કાર્યવાહી થયેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં બારમા નાણાપંચ હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ**

૭૩૦૫ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારમા નાણાપંચ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ના આયોજનમાં બનાસકાંઠા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી રકમના મંજૂર ક્યાં, અને | (૧) ૨૫ રસ્તાઓને રૂા. ૧૬૧૬.૫૦ લાખની મંજૂરી આપેલ છે. |
| (૨) આ રસ્તાઓની કામગીરી ક્યાં સુધીમાં પૂરી થશે ? | (૨) જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવામાં આવશે. |

------------

**ટોલટેક્ષ પેટે થયેલ આવક**

૭૧૪૨ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ટોલટેક્ષ પેટે રાજ્ય સરકારને વર્ષવાર કેટલી આવક મળી ? | તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના રસ્તા અને પુલો ઉપર ટોલ પેટે રાજ્ય સરકારને નાણાંકીય વર્ષ ૨૦૦૮માં કુલ ૨૧૦૫.૫૭૨ લાખ રૂપિયાની તથા નાણાંકીય વર્ષ ૨૦૦૯માં કુલ ૨૬૪૩.૬૪૪ લાખ રૂપિયાની આવક થયેલ છે. તદ ઉપરાંત રાજ્ય સરકારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર (કેન્દ્ર સરકારની માલિકી) ખર્ચેલ રકમ અન્વયે રાજ્ય સરકારને નાણાંકીય વર્ષ ૨૦૦૮માં કુલ રૂપિયા ૩૭૫૯.૩૨૦ લાખ તથા નાણાંકીય વર્ષ ૨૦૦૯માં કુલ રૂપિયા ૩૫૧૧.૭૪ લાખની આવક મળેલ છે. |

------------

**રાજ્યમાં અતિ પછાત તાલુકામાં મંજૂર થયેલ માધ્યમિક શાળાઓ**

૭૮૪૧ **શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૦૮-૦૯માં કરેલ નવીન સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવે છે તે પૈકી રાજ્યમાં અતિ પછાત તાલુકામાં કેટલી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી ? | ૫૯. |

------------

**ખેડા અને આણંદ જિલ્લામાં થયેલ દબાણ**

૭૫૫૨**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિઓની જમીનમાં દબાણ દૂર કરવા અંગે કેટલી અરજીઓ સરકારને મળી છે, | (૧) ખેડા તથા આણંદ જિલ્લામાં આવી કોઈ અરજીઓ મળેલ નથી. |
| (૨) દબાણ મુખ્યત્વે કેવા પ્રકારના જણાયા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વિરોજા, તાલુકા માતર મુકામે કેવા પ્રકારનાં દબાણ છે, અને | (૩) ઉકરડા, કેબીન, ગલ્લા અને ખેતી ઉપયોગી પ્રકારના દબાણ છે. |
| (૪) આ દબાણો દૂર કરવા રાજ્ય સરકારે શીં કાર્યવાહી કરી છે ? | (૪) (૧) ગામતળમાં આવેલ ઉકરડા, કેબીન ગલ્લાના બિન પરવાનગીના દબાણો ગ્રામ પંચાયત દ્વારા દુર કરવામાં આવેલ છે. |

(૨) ગોચર જમીનમાં આવેલ ખેતી ઉપયોગી દબાણો ગ્રામ પંચાયત દ્વારા દુર કરવામાં આવેલ છે. હાલમાં ગોચર જમીનમાં કોઈ દબાણ આવેલ નથી.

(૩) તળાવ ખરાબાની જમીન સ.નં. ૭૩માં કુલ ૬ ઈસમોએ ખેતી ઉપયોગી દબાણો કરેલ છે. જે અંગે ગ્રામ પંચાયત વિરોજા દ્વારા તા. ૨૦-૧૧-૦૮ના રોજ દબાણ દુર કરવા નોટીસ આપતા દબાણદારોએ માતર મુકામે નામ. સીવીલ કોર્ટમાં રે.દિ.મુ.નં. ૫/૦૯થી ગ્રામ પંચાયત સામે દાવો દાખલ કરેલ છે.

------------

**આણંદ જિલ્લામાં ગામડાના કાચા રસ્તા પાકા બનાવવા બાબત.**

૭૭૯૬ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ગામડાના કાચા રસ્તા પાકા બનાવવાની માંગણી કરતી કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓમાંથી કેટલા રસ્તા કાચામાંથી પાકા બનાવવાની અરજી મંજૂર કરવામાં આવી, અને

(૩) ૨૦૦૯-૧૦ વર્ષમાં સરકારની તાલુકાવાર કેટલા રસ્તા કાચામાંથી પાકા બનાવવાની યોજના છે ?

**જવાબ**

(૧) તા. ૦૧-૦૧-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં અરજીઓ નીચે મુજબ આવેલ છે.

| ક્રમ | તાલુકો | અરજી |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૩ |
| ૨ | ઉમરેઠ | ૧૨ |
| ૩ | બોરસદ | ૧૦ |
| ૪ | આંક્લાવ | ૫ |
| ૫ | પેટલાદ | ૧૨ |
| ૬ | સોજિત્રા | ૩ |
| ૭ | ખંભાત | ૯ |
| ૮ | તારાપુર | ૬ |
| | **કુલ** | **૭૦** |

(૨) આવેલ અરજીઓ નોનપ્લાન રસ્તાની હોઈ, તે પૈકી ૯ રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૩) આણંદ-૨, પેટલાદ-૨, ખંભાત-૪ અને બોરસદ-૧ આમ કુલ મંજૂર થયેલ ૯ રસ્તાના કામો પુર્ણ કરવાનું આયોજન છે.

------------

**ખેડા અને આણંદ જિલ્લામાં વરસાદના પાણી ભરાતા જીવન અસ્તવ્યસ્થ**

૭૧૬૨ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૨૦૦૭ થી ૨૦૦૯ સુધીમાં અતિવૃષ્ટિને કારણે ખેડા અને આણંદ જિલ્લામાં ત્રણ માસ સુધી વરસાદના પાણી ભરાઇ જાય છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ પાણીના નિકાલ માટે કઇ જાતનો માસ્ટર પ્લાન બનાવ્યો છે અને તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હાજી, અતિવૃષ્ટિના સમયે પાણી ભરાઈ જાય છે.

(૨) ખેડા જિલ્લા માટે વરસાદી પાણીના નિકાલ માટે માસ્ટર પ્લાનનું આયોજન કરવામાં આવનાર છે જે અંતગર્ત રૂા. ૨૫૪ લાખના ખર્ચે ૩૭ નાળાનું પુનઃ નિર્માણની કામગીરી પ્રગતીમાં છે તેમજ રૂા. ૧૦૬ લાખના ખર્ચે કાંસની સફાઈની કામગીરી પ્રગતીમાં છે. આણંદ જિલ્લા માટે રૂા. ૨૩૦.૫૨ કરોડનો માસ્ટર પ્લાન

બનાવી કેન્દ્ર સરકારને મંજુરી અર્થે રજુ કરેલ છે.

------------

**કપરાડા તાલુકામાં સરકારી કોલેજો**

૭૪૦૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી સરકારી કોલેજો કાર્યરત છે, અને | (૧) એક પણ નહિ. |
| (૨) પછાત એવા આ વિસ્તારમાં સરકારી કોલેજો ન ફાળવેલ હોય તો કોલેજ શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) મોટા પોંઢા ખાતે આર્ટસ કોમર્સ કોલેજ "કપરાડા" થી ૨૦ કી.મી.ના અંતરે હોઈ, ચાલુ વર્ષે કોઈ આયોજન નથી. |

------------

**કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધારવા યોજના અંગે**

૭૮૪૩ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધારવા છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે શું પગલાં લીધાં, | (૧) (૧) કન્યા કેળવણી રથયાત્રા<br>(૨) વિદ્યાલક્ષ્મી બોન્ડ<br>(૩) કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય<br>(૪) વિદ્યાદીપ યોજના |
| (૨) ઓછી સ્ત્રી સાક્ષરતાવાળા તાલુકામાં કન્યા શિક્ષણનો દર વધારવા કોઇ યોજના બનાવેલ છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) ખંડ-૧ મુજબ |

------------

**આણંદ જિલ્લામાં પશુપાલન વિભાગમાં મંજૂર થયેલ મહેકમ**

૭૧૩૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પશુપાલન વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પશુપાલન વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાની વિગત આ સાથે રાખેલ પત્રક-કમાં જણાવ્યા મુજબ છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) સત્વરે. |

**પત્રક-ક**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પશુપાલન વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાની વિગત નીચે જણાવ્યા મુજબ છે.

| અ.નં. | જગ્યાનું નામ | મંજૂર જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | નાયબ પશુપાલન નિયામક | ૧ | -- |
| ૨ | પશુચિકિત્સા અધિકારી | ૧૩ | ૬ |
| ૩ | પશુધન નિરીક્ષક | ૨૫ | ૧૩ |
| ૪ | સીનીયર કારકુન | ૧ | -- |
| ૫ | જુનીયર કારકુન | ૧ | -- |
| ૬ | ડ્રેસર, વર્ગ-૪ | ૯ | ૩ |
| ૭ | પટાવાળા કમ ડ્રાઈવર | ૧ | -- |
| ૮ | પટાવાળા/એટેન્ડન્ટ | ૩૨ | ૧૨ |
| | **કુલ :** | **૮૩** | **૩૪** |

(અ) આ પેકી **પશુદવાખાનાઓમાં** સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે જણાવ્યા સમયથી ખાલી છે.

| અ.નં. | તાલુકા | પશુદવાખાનાનું નામ | કઈ તારીખથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | પશુચિકિત્સા અધિકારી | ડ્રેસર | પટાવાળા | પશુધન નિરીક્ષક |
| ૧ | આણંદ | વાસર | ૧-૪-૦૮ | -- | ૧-૪-૦૬ | -- |
| ૨ | ઉમરેઠ | પ્રા.પ.સા.કે.ભાલેજ | ૫-૧૦-૦૬ | -- | -- | -- |
| ૩ | બોરસદ | બોરસદ | -- | ૧-૪-૦૪ | -- | -- |
| | | ભાદરણ | ૧૦-૩-૦૬ | -- | ૧-૩-૦૬ | -- |
| | | દહેવાણ | નવી જગ્યા | -- | -- | -- |
| | | શાખા ૫દ કઠાણા | -- | ૧-૧-૦૬ | -- | -- |
| ૪ | આંક્લાવ | આંક્લાવ | -- | -- | ૬-૮-૦૫ | -- |
| ૫ | ખંભાત | શાખા ૫દ ભૂવેલ | -- | ૧૧-૬-૦૭ | -- | -- |
| ૬ | તારાપુર | તારાપુર | ૫-૧૦-૦૬ | -- | -- | -- |
| ૭ | પેટલાદ | શાખા ૫દ નાર | -- | -- | -- | ૧૯-૭-૦૭ |
| ૮ | સોજીત્રા | મઘરોલ | નવી જગ્યા | -- | -- | -- |
| | | **કુલ :** | **૬** | **૩** | **૩** | **૧** |

(બ) અને આ પેકી **પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોમાં** સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે જણાવ્યા સમયથી ખાલી છે.

| અ.નં. | તાલુકા | પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રનું નામ | કઈ તારીખથી ખાલી | |
|---|---|---|---|---|
| | | | પશુધન નિરીક્ષક | પટાવાળા/એટેન્ડન્ટ |
| ૧ | આણંદ | સારસા | ૧-૬-૦૯ | -- |
| ૨ | બોરસદ | જંત્રાલ | ૨૩-૧૧-૦૪ | -- |
| | | રણોલી | ૨-૧૦-૯૭ | ૨-૧૦-૯૭ |
| | | સીસવા | -- | ૩૧-૩-૦૪ |
| | | બાદલપુર | ૧-૧૦-૯૯ | ૨૦-૨-૦૩ |
| ૩ | આંક્લાવ | આસોદર | ૭-૬-૯૯ | ૪-૭-૦૬ |
| | | ગંભીરા | -- | ૫-૧૧-૦૮ |
| | | બીલપાડ | ૨૩-૧૧-૦૪ | -- |
| ૪ | ખંભાત | ગુંડેલ | ૧૯-૯-૦૭ | ૯-૧૧-૦૫ |
| | | વડગામ | ૨૩-૧૧-૦૪ | ૯-૧૧-૦૫ |
| ૫ | તારાપુર | ખડા | ૨૩-૧૧-૦૪ | -- |
| | | ઈદણજ | -- | ૨૪-૧૧-૦૪ |
| | પેટલાદ | ધર્મજ | ૨૦-૭-૦૨ | ૧૧-૨-૦૮ (અવસાન) |
| | | ચાંગા | ૩૧-૧૦-૦૧ | -- |
| | | દેવા | ૨૩-૧૧-૦૪ | -- |
| | | **કુલ :** | **૧૨** | **૯** |

------------

**અમદાવાદ શહેરમાં ઉર્દુ શિક્ષકોની ખાલી જગ્યા**

૭૭૫૨ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ કેટલા ઉર્દુ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, | (૧) ૦૩. |
| (૨) આ જગ્યા ભરવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉર્દુના શિક્ષકો કે વિદ્યાસહાયકો ભરવા માટે શાં પગલાં લીધા છે, અને | (૨) આ જગ્યાઓ તા. ૩૧-૮-૦૮થી ખાલી પડેલ છે અને હવે બધાની સાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

| | |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધી ભરવા માંગે છે ? | (૩) ઉપર મુજબ. |

------------

**રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રાનું આયોજન**

૭૮૧૬ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રાનું આયોજન ક્યારથી થાય છે, | (૧) વર્ષ ૨૦૦૩થી. |
| (૨) આ કાર્યક્રમમાં રાજ્યનો કેટલો વિસ્તાર આવરી લેવાયો હતો, અને | (૨) ગુજરાત રાજ્યનો સમગ્ર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે. |
| (૩) આ કાર્યક્રમ દરમ્યાન છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો ? | (૩) ૧૮,૩૬,૧૮૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. |

------------

**વડોદરા અને ભરૂચ જિલ્લાને જોડતો નર્મદા નદી પરનો માલસર-અસાનો પુલ**

૭૭૮૭ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લા અને ભરૂચ જિલ્લાને જોડતા નર્મદા નદી પર માલસર-અસા પુલ ક્યારે મંજૂર થયેલ છે,<br>(૨) હાલમાં આ કામગીરી ક્યા તબક્કે છે, અને<br>(૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ? | (૧) (૨) અને (૩)<br>બજેટમાં કામનો સમાવેશ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં સૈનિક સ્કૂલો**

૭૭૪૭ **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં સૈનિક સ્કૂલ આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો આવેલ હોય તો આ સૈનિક સ્કૂલમાં જરૂરી તમામ સુવિધાઓ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો આવી સૈનિક સ્કૂલ સાબરકાંઠા જેવા પછાત જિલ્લામાં ન બનાવવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**લીમડી, કરંબા અને સંજેલી રોડની બિસ્માર હાલત**

૭૨૩૩ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ઝાલોદ તાલુકાના લીમડી, કરંબા અને સંજેલી રોડ બિસ્માર હાલતમાં છે એ હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો આ રોડનું ડામર કામ કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૧) અને (૨) :<br>રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે.<br>આ રસ્તાના મજબુતીકરણના ભાગરૂપે કિ.મી. ૬/૬ થી ૧૯/૫માં ડામરકામનું ટેન્ડર મંજૂર થયેલ છે. આ કામ મે-૨૦૧૦ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. |

**કન્યા કેળવણીને ઉત્તેજન આપવાની નિધિની રચના**

૭૮૩૦ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શાં પગલાં લીધા. | (૧) (૧) કન્યા કેળવણી રથયાત્રા<br>(૨) વિદ્યાલક્ષ્મી બોન્ડ<br>(૩) કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય<br>(૪) વિદ્યાદીપ યોજના |
| (૨) સરકારે કન્યા કેળવણી નિધિની રચના કરેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |

(૩) આ નિધિમાં આ સ્થિતિએ શું ભંડોળ મળેલ છે ?

(૩) રૂા. ૧૨,૪૪,૯૦,૦૧૭

**ખાનગી શાળાના શિક્ષકોને કુલ પગાર માટેના ચકાસણી કરવાના પડતર રહેતા પ્રમાણપત્રો**

૭૭૮૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ચાલતી ખાનગી શાળાઓના હંગામી શિક્ષકો તેમનો પાંચ વર્ષનો સમય પૂર્ણ કરે તો તેમને કુલ પગાર મળી શકે તે માટે તે શિક્ષકોના પ્રમાણપત્રોની સરકાર દ્વારા ચકાસણી કરવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા જિલ્લાના આવા કેટલા શિક્ષકોના પ્રમાણપત્રો ચકાસણી માટે સરકાર પાસે પડતર રહેલા છે, અને

(૩) આવા કેટલા શિક્ષકોના પ્રમાણપત્રો એક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ કે ચાર વર્ષથી ચકાસણી માટે આવેલા છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમદાવાદ જિલ્લામાં ખેડૂતોની જમીનનું ધોવાણ**

૭૭૪૨ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ અતિવૃષ્ટિ અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮માં ખેડૂતોની જમીન ધોવાણના કિસ્સામાં અમદાવાદ જિલ્લાના ક્યા તાલુકામાં કેટલા લાભાર્થીઓને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું,

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ અતિવૃષ્ટિ અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮માં ખેડૂતોની જમીન ધોવાણના કિસ્સામાં અમદાવાદ જિલ્લાનાં તાલુકાઓમાં ચુકવાયેલ વળતર તથા લાભાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | લાભાર્થીઓની સંખ્યા | ચુકવાયેલ વળતરની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૬૧૩ | ૨૮૫૬૧૬૭ |
| ૨ | વિરમગામ | ૪૨૪૩ | ૭૩૯૬૫૫૫ |
| ૩ | દેત્રોજ | ૧૮૭૯ | ૨૬૦૬૯૮૦ |
| | **કુલ :** | **૬૭૩૫** | **૧૮૮૫૯૭૦૨** |

(૨) કેટલા લાભાર્થીઓ આ પેકીના ક્યા તાલુકામાં બાકી છે, અને

(૨)

| અ.નં. | તાલુકો | બાકી લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધોળકા | ૧૨૬૬૩ |
| ૨ | બાવળા | ૬૩૯૧ |
| ૩ | ધંધુકા | ૨૨૦૬૯ |
| ૪ | રાણપુર | ૮૧૦૮ |
| ૫ | બરવાળા | ૭૯૫૭ |
| ૬ | સાણંદ | ૩૨૮૯ |
| ૭ | માંડલ | ૩૭૭૪ |
| ૮ | દસક્રોઈ | ૧૧ |
| | **કુલ :** | **૬૪૨૬૨** |

(૩) ક્યારે વળતર ચૂકવવા માગો છો ?

(૩) તા. ૩૦-૮-૨૦૦૯ સુધીમાં

## આણંદ જિલ્લામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

૭૩૯૯ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ મહેસૂલ વિભાગ હસ્તકની આણંદ જિલ્લાની ક્ચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) શા કારણોસર, અને

(૪) ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| અ.નં. | સંવર્ગ | મંજૂર થયેલ મહેક્મ |
|---|---|---|
| ૧ | વર્ગ-૧, નાયબ ક્લેક્ટર | ૬ |
| ૨ | વર્ગ-૨, મામલતદાર | ૧૫ |
| ૩ | વર્ગ-૩, નાયબ મામલતદાર | ૧૩૯ |
| ૪ | વર્ગ-૩, કારકુન | ૯૨ |
| ૫ | વર્ગ-૩, કારકુન ક્મ ટાઈપિસ્ટ | ૧૪ |
| ૬ | વર્ગ-૩, ટાઈપિસ્ટ | ૭ |
| ૭ | વર્ગ-૩, ડ્રાયવર | ૬ |
| ૮ | વર્ગ-૪, પ્યુન, પ્યુન ક્મ ડ્રાઈવર | ૪૮ |

(૨)

| અ.નં. | સંવર્ગ | ખાલી જ્ગ્યાઓ | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧, નાયબ ક્લેક્ટર | ૦ | -- |
| ૨ | વર્ગ-૨, મામલતદાર | ૩ | એક જ્ગ્યા તા.૧-૫-૦૮થી,<br>એક જ્ગ્યા તા.૨૪-૬-૦૮થી<br>એક જ્ગ્યા તા.૧-૫-૦૯થી |
| ૩ | વર્ગ-૩, નાયબ મામલતદાર | ૬૪ | બે માસથી લઈ બે વર્ષથી વધુ સમયથી |
| ૪ | વર્ગ-૩, કારકુન | ૩ | |
| ૫ | વર્ગ-૩, કારકુન ક્મ ટાઈપિસ્ટ | ૧૪ | છેલ્લા ત્રણ વર્ષથી |
| ૬ | વર્ગ-૩, ટાઈપિસ્ટ | ૫ | |
| ૭ | વર્ગ-૩, ડ્રાયવર | ૪ | છ માસથી લઈ બે વર્ષથી |
| ૮ | વર્ગ-૪, પ્યુન, પ્યુન ક્મ ડ્રાયવર | ૧૧ | એક વર્ષથી લઈ બે વર્ષથી |

(૩) બદલી, બઢતી, નિવૃત્તિ અને અવસાન જેવા કારણોસર

(૪)

| સંવર્ગ | વિગત |
|---|---|
| નાયબ મામલતદાર | નવી ભરતી થયેથી. |
| મામલતદાર | ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી ઉમેદવારોના નામોની ભલામણ મળ્યેથી |
| કારકુન | કોમ્પ્યુટર જાણકારીનું પ્રમાણપત્ર ઉમેદવારો દ્વારા રજુ થયેથી |
| કારકુન ક્મ ટાઈપિસ્ટ, ટાઈપિસ્ટ | ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળ તરફથી ઉમેદવારોના નામની ભલામણ થયેથી. |

------------

## કચ્છ જિલ્લા ક્લેક્ટર ક્ચેરીમાં કારકુનની ખાલી જ્ગ્યાઓ

૭૮૫૬ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્લેક્ટર ક્ચેરી, ભૂજમાં કારકુનની કેટલી ખાલી જ્ગ્યાઓ છે, અને

(૨) તે પૈકી જ્ગ્યાઓ ભરવા સરકારનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) કુલ ૭ (સાત)

(૨) ગોણ સેવા પસંદગી મંડળે ભલામણ કરેલ પૈકીના નિમણૂક આપવાની બાકી છે તે ઉમેદવારોમાંથી જ્ગ્યાઓ ભરી શકાશે.

------------

**આમરણથી જાંબુડા સુધીનો કોસ્ટલ હાઇવે નં-૬ બિસ્માર હાલત**

૭૨૩૧ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના આમરણથી જાંબુડા સુધીનો કોસ્ટલ હાઇવે નં.-૬ બિસ્માર હાલતમાં છે તે હકીક્ત સરકાર કેટલા સમયથી જાણે છે, અને | (૧) રસ્તો વાહન વ્યવહાર લાયક છે. |
| (૨) આ કોસ્ટલ હાઇવેનું રીકાર્પેટીંગ તથા મરામતનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૨) ચાલુ નાણાંકીય વર્ષમાં અમુક લંબાઈમાં મજબુતીકરણનું આયોજન છે. |

------------

**બોધાન ગામે તાપી નદી પર પૂલ બનાવવાનું આયોજન**

૭૦૪૨ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના બોધાન ગામે તાપી નદી પર પૂલ બનાવવાનું કામ સને ૨૦૦૯-૧૦ના આયોજનમાં સમાવેશ કર્યો છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે પૂલ બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જેતપુર પાવી તાલુકાના જલુ ગામમાં સ્પોર્ટ સંકુલ બનાવવા મળેલ દરખાસ્ત**

૭૫૪૮ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકામાં આવેલ જલુ ગામમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડીયાના સહયોગથી સ્પોર્ટ સંકુલ બનાવવા માટેની દરખાસ્ત સરકારને ક્યારે મળી, | (૧) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા તરફથી આવી કોઈ દરખાસ્ત મળેલ નથી. |
| (૨) ૫૨ એકર જેટલી જમીન ઉપલબ્ધ હોવા છતાં રમતગમત અને યુવા સંસ્કૃતિ વિભાગ તરફથી શું નિર્ણય લેવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ટ્રાયબલ વિસ્તારની માંગણીને સરકાર સંતોષ આપવા માંગે છે ખરી ? | (૩) દરખાસ્ત મળેલ ના હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જામનગર જિલ્લામાં પવન ચક્કી માટે ફાળવેલ જમીન**

૭૮૬૯ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (જામજોધપુર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં એન.આર.કોન. કંપની દ્વારા પવનચક્કીનું કામ ચાલુ છે તેમાં સરકારે ગોચરની કેટલી જમીન ક્યારે શા ભાવે આપી ? | ૯-ગામોમાં ગોચરની કુલ હે. ૨૭-૦૦-૦૦ ચો.મી. જમીન પ્રતિ હેકટરના રૂા. ૧૦,૦૦૦/-ના ઉચ્ચક ભાડાથી સને ૨૦૦૫ થી ૨૦૦૯ સુધીના સમયગાળા દરમ્યાન ૨૦ વર્ષના ભાડા પટ્ટે વિન્ડફાર્મ માટે ફાળવેલ છે. |

------------

**શહેરી વિસ્તારમાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૭૮૨૦ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રામ્ય વિસ્તારની તેમજ શહેરી વિસ્તારની કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) વિસ્તારવાર કન્યાઓને આપેલ બોન્ડની સંખ્યા

| વર્ષ | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૪૫૪૯૭ | ૫૫૩૭ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૨૭૯૭ | ૧૪૨૫૫ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૨૦૦૩ | ૧૦૬૯૪ |
| **કુલ :** | **૩૯૦૨૯૭** | **૩૦૪૮૬** |

(૨) વિસ્તારવાર થયેલ ખર્ચ (રૂા. લાખમાં)

| વર્ષ | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૪૫૪.૯૭ | ૫૫.૩૭ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૨૭.૯૭ | ૧૪૨.૫૫ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૨૦.૦૩ | ૧૦૬.૯૪ |
| **કુલ :** | **૩૯૦૨.૯૭** | **૩૦૪.૮૬** |

------------

**ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજીનો વ્યાપ વધારવા લીધેલ પગલાં**

૭૮૩૨ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અંગ્રેજીનો ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને પ્રચાર વધારવા અર્થે શિક્ષણ વિભાગે તા. ૩૧-૩-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ પગલાં લીધા છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) સમગ્ર રાજ્યમાં ૨૧૭ ડીજીટલ ઈંગ્લીશ લેબની સ્થાપના કરવામાં આવી છે.

(૨) સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીશ (સ્કોપ)ની રચના કરવામાં આવી છે જેમાં તા. ૩૧-૩-૨૦૦૮ની સ્થિતિએ, કુલ ૧૫૧૯૦ વિદ્યાર્થીઓની તાલીમ અને પરીક્ષાની કાર્યવાહી થયેલ છે.

------------

**ભિલોડા તાલુકામાં પંચાયત અને રાજ્ય હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ**

૭૪૩૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં પંચાયત અને રાજ્ય હસ્તકના કઇ કઇ યોજનાઓમાંથી ક્યા ક્યા નવા રસ્તાઓ ડામર કરવામાં આવ્યા,

(૨) રસ્તાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ક્યા ક્યા રસ્તાઓ મંજૂર થયેલ હોવા છતાં કામ ચાલુ કરવામાં આવ્યું નથી અને એના કારણો શા છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના પંચાયત હસ્તકના કુલ ૪ નવા રસ્તાઓ ડામર કરવામાં આવ્યા. *(પરિશિષ્ટ સામેલ છે.)

(૨) કુલ રૂા. ૧૬૯.૨૭ લાખ *(પરિશિષ્ટ સામેલ છે.)

(૩) કુલ ૪ રસ્તાના કામો ચૂંટણી આચારસંહિતાના કારણે તથા ટેન્ડર પ્રક્રિયાના કારણે શરૂ થઈ શકેલ નથી. *(પરિશિષ્ટ સામેલ છે.)

પરિશિષ્ટ

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકામાં પંચાયત હસ્તકના વિવિધ યોજનાઓમાંથી નવા ડામર કરેલ રસ્તાઓની યાદી.

| ક્રમ | યોજના | રસ્તાનું નામ | લંબાઈ કિ.મી.માં | ખર્ચ રૂા. લાખમાં | કામની પરિસ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧ | પી.એમ.જી.એસ.વાય. | કુડોલ સુદરપુરા રોડ | ૧.૮૦ | ૪૪.૮૮ | ડામરકામ પૂર્ણ |
| ૨ | પી.એમ.જી.એસ.વાય. | રાવતાવડા કટારા ફળીયા રોડ | ૨.૨૫ | ૫૧.૬૫ | "" |
| ૩ | પી.એમ.જી.એસ.વાય. | દેવભુમી ફળીયા એપ્રોચ રોડ | ૨.૦૦ | ૫૪.૪૯ | "" |
| ૪ | પી.એમ.જી.એસ.વાય. | રાયસીંગપુર અસારી ફળીયા રોડ | ૧.૦૦ | ૧૮.૨૫ | "" |
| **શરૂ ન થઈ શકેલ કામોની યાદી** | | | | | |
| ૧ | બજેટ ઉચ્ચક જોગવાઈ | શીહોલી મોતીપુરા રોડ | ૧.૫૦ | ૦.૦૦ | ટેન્ડર માંગેલ છે. |
| ૨ | બજેટ ઉચ્ચક જોગવાઈ | નરોડા હમીરપુરા રોડ | ૨.૦૦ | ૦.૦૦ | "" |
| ૩ | બજેટ ઉચ્ચક જોગવાઈ | ખાપરેટા નાંખી રોડ | ૧.૫૦ | ૦.૦૦ | "" |
| ૪ | બજેટ ઉચ્ચક જોગવાઈ | માંકડી નવી વસાહત રોડ | ૧.૨૦ | ૦.૦૦ | "" |

------------

**રાજ્યના ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ**

૭૯૨૦ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ખેડૂતોને આપવામાં આવતાં સોઇલ હેલ્થ કાર્ડની યોજના ક્યારથી અમલમાં મૂક્વામાં આવી, અને | (૧) સને ૨૦૦૩-૦૪થી |
| (૨) આ યોજના હેઠળ ખેડા જિલ્લાના કેટલા ખેડૂતોને તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા ? | (૨) ૯૫,૩૫૭. |

------------

**રાજ્યમાં ડિજીટલ ઇંગ્લીસ લેબની સ્થાપના**

૭૮૦૨ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ડિજીટલ ઇંગ્લીસ લેબની સ્થાપના ક્યારે કરવામાં આવી, | (૧) સને૨૦૦૭-૦૮થી |
| (૨) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કેટલી સરકારી બિન સરકારી કોલેજોમાં તેમજ યુનિવર્સિટીઓમાં આ લેબ કાર્યરત છે, અને | (૨) સરકારી-૧૯<br>બિન સરકારી-૧૯૩<br>યુનિવર્સિટી-૫ |
| (૩) ડિજીટલ ઇંગ્લીસ લેબથી કોલેજોને શાં લાભ થાય છે ? | (૩) ડિજીટલ ઈંગ્લીશ લેબની સ્થાપનાથી કોલેજોમાં અભ્યાસ કરતા ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓને અંગ્રેજી |

ભાષામાં બોલચાલ પર પ્રભુત્વ મેળવવા મદદરૂપ થાય છે. આ લેંગ્વેઝ લેબના અભ્યાસક્રમ પૂર્ણ કરતા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મેળવવામાં સરળતા રહે છે. આમ ડીજીટલ ઈંગ્લીશ લેબ કોલેજો માટે લાભદાયક છે.

------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના મંજૂર થયેલ રસ્તા**

૭૩૬૫ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર-વીરપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તા પંચાયત અને સ્ટેટ હસ્તક મંજૂર થયા, અને

(૨) તે અન્વયે મંજૂર થયેલ રસ્તાઓના કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર-વીરપુર તાલુકામાં પંચાયત અને સ્ટેટ હસ્તક નીચે મુજબ રસ્તાના કામો મંજુર થયેલ છે.

| તાલુકો | મંજુર થયેલ રસ્તાના કામો |
|---|---|
| બાલાસિનોર | ૨૩ |
| વીરપુર | ૨૧ |
| **કુલ :** | **૪૪** |

(૨) મંજુર થયેલ રસ્તાના કામોની સ્થિતિ નીચે મુજબ છે.

| તાલુકો | મંજુર થયેલ કામોની સંખ્યા | રસ્તાના કામોની હાલની સ્થિતિ | | |
|---|---|---|---|---|
| | | પુર્ણ | પ્રગતિ | શરૂ ન થયેલ |
| બાલાસિનોર | ૨૩ | ૩ | ૧૯ | ૧ |
| વીરપુર | ૨૧ | ૩ | ૧૮ | ૦ |
| **કુલ :** | ૪૪ | ૬ | **૩૭** | **૧** |

------------

**રાજ્યમાં ફાર્મસી / ડિપ્લોમા કોલેજો**

૭૫૬૧ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ રાજ્યમાં ફાર્મસીની કેટલી ડીગ્રી અને ડીપ્લોમાં કોલેજો આવેલી છે,

(૨) તે અન્વયે આ કોલેજોમાં પ્રથમ વર્ષમાં એડમીશન માટે મંજૂર થયેલ જ્ગ્યાઓની સંખ્યા કેટલી છે,

(૩) તે પૈકી કઇ કઇ કોલેજોને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઇન્ડિયાની માન્યતા પ્રાપ્ત થઇ છે, કઇ કોલેજોને માન્યતા મળી નથી, અને

(૪) ફાર્મસી કાઉન્સીલ ઓફ ઇન્ડિયાની માન્યતા કોલેજોને મળે તે માટે રાજ્ય સરકારે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ફાર્મસીની ૭૯ ડીગ્રી કોલેજો અને ડીપ્લોમાની ૧૬ કોલેજો આવેલી છે.

(૨) ડીગ્રી કોલેજોમાં પ્રથમ વર્ષમાં ૪૩૬૫ અને ડીપ્લોમા કોલેજોમાં ૧૦૨૦ મંજૂર થયેલ જ્ગ્યાઓ છે.

(૩) માન્યતા પ્રાપ્ત અને માન્યતા મળી નથી તેવી કોલેજોની યાદીનું પત્રક* અનુક્રમે "અ" અને "બ" આ સાથે સામેલ છે.

(૪) ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા પાસેથી મંજૂરી મેળવવાની કાર્યવાહી જે તે સંસ્થાએ કરવાની હોય છે. જેની કાર્યવાહી સંસ્થાઓ તરફથી ચાલુ છે. જે જુદા જુદા તબક્કે છે.

* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

------------

**અંક્લેશ્વર અને ભરૂચ વચ્ચે નર્મદા નદી ઉપર નવો બ્રીજ બનાવવા બાબત**

૭૩૦૩ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ભરૂચ અને અંક્લેશ્વર જુનો નેશનલ હાઇવે ઉપરનો નર્મદા નદીનો બ્રિજ કેટલા વરસ જુનો છે, અને

(૨) વધતા જતા ટ્રાફિક્ના ભારણને કારણે નવો બ્રિજ બનાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૧૨૫ વર્ષ જુનો છે.

(૨) હાલ આયોજન નથી.

------------

**પંચમહાલ જિલ્લામાં નિરાધાર બહેનોને સહાય**

૭૨૬૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ નિરાધાર વિધવા બહેનોને નિયમાનુસાર અપાતી સહાય નિયમિત મળતી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો છ માસ કરતાં વધુ સમયથી મોડી સહાય ચૂકવવાના કારણો શાં છે, અને

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષમાં નિરાધાર વિધવા બહેનોની સહાય માટે નિર્ધારિત રકમની ગ્રાન્ટ ક્યારે છૂટી કરાઇ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિરાધાર વિધવા બહેનોની સહાય માટે નિર્ધારિત રકમની સમગ્ર રાજ્ય માટેની ગ્રાન્ટ પોસ્ટ ખાતાના હવાલે મુક્વામાં આવે છે. જે રકમ પેકી જી.પી.ઓ. અમદાવાદ ધ્વારા હેડ પોસ્ટ ઓફિસ ગોધરાને રૂા. ૧૨૮૦.૧૧ લાખ ફાળવેલ જે રકમ પેકી રૂા. ૧૨૭૯.૮૪ લાખની રકમ વિધવા લાભાર્થીઓના વિધવા નાણાકીય સહાય ખાતામાં જમા કરાવ્યાની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

**પત્રક***

**પંચમહાલ જિલ્લામાં ગોધરા H.P.O. ને ફાળવેલ ગ્રાન્ટ તથા ગોધરા H.P.O. ધ્વારા વિધવા લાભાર્થીઓના W.F.A. ખાતામાં જમા કરેલ સહાયની વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | માસનું નામ | **G.P.O.** અમદાવાદ ધ્વારા ગોધરા **H.P.O.** ને ફાળવેલ ગ્રાંટ | | ગોધરા **H.P.O.** ધ્વારા વિધવા લાભાર્થીઓના **W.F.A.** ખાતામાં જમા કરેલ રકમ | |
|---|---|---|---|---|---|
| | | તારીખ | (રકમ રૂા. લાખમાં) | તારીખ | (રકમ રૂા. લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | જાન્યુ-૦૬ | ૬-૩-૦૬ | ૩૩.૯૪ | ૨૫-૩-૦૬ | |
| ૨ | ફેબ્રુ-૦૬ | ૬-૩-૦૬ | ૩૩.૯૪ | ૨૫-૩-૦૬ | ૬૭.૭૯ |
| ૩ | માર્ચ-૦૬ | ૬-૬-૦૬ | ૩૪.૪૫ | ૧૪-૭-૦૬ | |
| ૪ | એપ્રિલ-૦૬ | ૨૧-૬-૦૬ | ૩૬.૫૦ | ૧૪-૭-૦૬ | ૬૯.૦૭ |
| ૫ | મે-૦૬ | ૧૫-૭-૦૬ | ૩૪.૨૫ | ૧-૯-૦૬ | |
| ૬ | જુન-૦૬ | ૧૯-૮-૦૬ | ૩૪.૧૪ | ૧-૯-૦૬ | |
| ૭ | જુલાઈ-ઓગસ્ટ-૦૬ | ૧૯-૮-૦૬ | ૬૮.૮૧ | ૧-૯-૦૬ | ૧૩૨.૭૩ |
| ૮ | સપ્ટે-૦૬ | ૩૧-૧૦-૦૬ | ૩૩.૬૫ | ૧-૧૨-૦૬ | ૩૪.૭૯ |
| ૯ | ઓક્ટો-૦૬ | ૧૨-૧૨-૦૬ | ૩૩.૬૮ | ૬-૧-૦૭ | ૩૫.૦૭ |
| ૧૦ | નવે./ડીસે.-૦૬ | ૨-૨-૦૭ | ૬૭.૪૧ | ૨૧-૨-૦૭ | ૬૮.૨૦ |
| ૧૧ | જાન્યુ.-૦૭ | -૩-૦૭ | ૩૩.૭૫ | ૩૦-૩-૦૭ | ૩૪.૨૨ |
| ૧૨ | ફેબ્રુ/માર્ચ-૦૭ | ૩૦-૪-૦૭ | ૬૭.૭૨ | ૮-૫-૦૭ | |
| ૧૩ | એપ્રિલ-૦૭ | ૧-૫-૦૭ | ૩૪.૩૦ | ૮-૫-૦૭ | ૧૦૩.૩૫ |

| અ. નં. | માસનું નામ | G.P.O. અમદાવાદ ધ્વારા ગોધરા H.P.O. ને ફાળવેલ ગ્રાંટ | | ગોધરા H.P.O. ધ્વારા વિધવા લાભાર્થીઓના W.F.A. ખાતામાં જમા કરેલ રકમ | |
|---|---|---|---|---|---|
| | | તારીખ | (રકમ રૂા. લાખમાં) | તારીખ | (રકમ રૂા. લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૪ | મે-૦૭ | ૨૭-૭-૦૭ | ૩૪.૩૨ | ૮-૮-૦૭ | |
| ૧૫ | જુન-૦૭ | ૨૮-૭-૦૭ | ૩૪.૪૦ | ૮-૮-૦૭ | ૬૯.૬૩ |
| ૧૬ | જુલાઈ-૦૭ | ૬-૮-૦૭ | ૩૪.૭૦ | ૨૩-૧૧-૦૭ | |
| ૧૭ | ઓગસ્ટ-૦૭ | ૩૦-૧૦-૦૭ | ૩૪.૦૯ | ૨૩-૧૧-૦૭ | ૭૦.૭૫ |
| ૧૮ | સપ્ટે-૦૭ | ૧૩-૧૨-૦૭ | ૩૪.૧૦ | ૧૨-૧-૦૮ | |
| ૧૯ | ઓક્ટો-૦૭ | ૧૭-૧૨-૦૭ | ૩૪.૧૫ | ૧૨-૧-૦૮ | ૬૯.૮૧ |
| ૨૦ | સપ્ટે/ઓક્ટો-૦૭ તફાવત | ૫-૧-૦૮ | ૧.૪૦ | ૨૭-૩-૦૮ | |
| ૨૧ | નવે-૦૭ | ૨૫-૧-૦૮ | ૩૪.૧૬ | ૨૭-૩-૦૮ | |
| ૨૨ | ડીસે-૦૭ | ૨૨-૨-૦૮ | ૩૭.૦૦ | ૨૭-૩-૦૮ | |
| ૨૩ | જાન્યુ-૦૮ | ૧૫-૩-૦૮ | ૩૭.૧૦ | ૨૭-૩-૦૮ | ૧૦૮.૨૧ |
| ૨૪ | ડીસે-૦૭ સુધીનો તફાવત | ૨૮-૩-૦૮ | ૨.૦૦ | ૩૦-૫-૦૮ | |
| ૨૫ | ફેબ્રુ-૦૮ | ૨૫-૪-૦૮ | ૩૭.૨૫ | ૩૦-૫-૦૮ | |
| ૨૬ | માર્ચ-૦૮ | ૨૬-૪-૦૮ | ૩૭.૭૫ | ૩૦-૫-૦૮ | |
| ૨૭ | એપ્રિલ-૦૮ | ૨૧-૫-૦૮ | ૩૭.૯૦ | ૩૦-૫-૦૮ | ૧૧૧.૩૮ |
| ૨૮ | મે-૦૮ | ૪-૮-૦૮ | ૩૫.૦૦ | ૨૧-૮-૦૮ | |
| ૨૯ | જુન-૦૮ | ૮-૮-૦૮ | ૩૭.૨૫ | ૨૧-૮-૦૮ | |
| ૩૦ | જુલાઈ-૦૮ | ૧૪-૮-૦૮ | ૩૬.૦૦ | ૨૧-૮-૦૮ | ૧૦૯.૧૧ |
| ૩૧ | ઓગસ્ટ-૦૮ | ૧૧-૧૦-૦૮ | ૩૭.૦૦ | ૨૫-૧૦-૦૮ | |
| ૩૨ | સપ્ટે-૦૮ | ૧૬-૧૦-૦૮ | ૩૭.૫૦ | ૨૫-૧૦-૦૮ | ૭૪.૫૦ |
| ૩૩ | ઓક્ટો-૦૮ | ૧૬-૧૧-૦૮ | ૩૯.૦૦ | ૧૪-૨-૦૯ | |
| ૩૪ | નવે-૦૮ | ૪-૨-૦૯ | ૩૯.૫૦ | ૧૪-૨-૦૯ | ૭૮.૫૦ |
| ૩૫ | તફાવત | ૯-૨-૦૯ | ૧.૦૦ | ૧૫-૪-૦૯ | |
| ૩૬ | ડીસે-૦૮ | ૨૮-૩-૦૯ | ૪૧.૦૦ | ૧૫-૪-૦૯ | ૪૨.૭૩ |
| | **કુલ :** | | **૧૨૮૦.૧૧** | | **૧૨૭૯.૮૪** |

------------

**અંગ્રેજીના ઉચ્ચ શિક્ષણનો વ્યાપ**

૭૮૧૩ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અંગ્રેજીના ઉચ્ચ શિક્ષણનો વ્યાપ અને પ્રસાર વધારવા માટે શિક્ષણ વિભાગે છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં કોઇ પગલાં લીધા છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) રાજ્ય સરકારે રાજ્યમાં કોલેજોના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ રોજગારીની તકો પ્રાપ્ત કરી શકે તે આશયથી કુલ-૨૧૭ ડીઝીટલ ઈંગ્લીશ લેંગ્વેજ લેબ સ્થાપેલ છે.

(૨) તદ્ઉપરાંત રાજ્યના યુવાનો અંગ્રેજી ભાષાનું કૌશલ્ય કેળવી તેમને માટે

કારકિર્દીની ક્ષિતિજો ઉપસ્થિત થઈ શકે તે આશયથી ""સ્કોપ"" (સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીસ) ની રચના કરવામાં આવેલ છે. સ્કોપ ધ્વારા અત્યાર સુધીમાં કુલ : ૬૬,૨૩૭ વિદ્યાર્થીઓએ તાલીમ લીધેલ છે.

------------

**તાપી જિલ્લામાં કલેક્ટર કચેરીનું બાંધકામ**

૭૪૧૫ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લો નવો બનાવવામાં આવતા તાપી જિલ્લામાં કલેક્ટર કચેરીનું બાંધકામ કરવા માટેની કાર્યવાહી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) બાંધકામ માટે જમીન નીમ કરવામાં આવી છે. નકશા, અંદાજો તૈયાર કરવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવી છે. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) આ કામ ડિસેમ્બર-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રાનું આયોજન**

૭૮૦૪ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રાનું આયોજન ક્યારથી થાય છે, | (૧) વર્ષ ૨૦૦૩થી |
| (૨) આ કાર્યક્રમમાં રાજ્યનો કેટલો વિસ્તાર આવરી લેવાયો હતો, અને | (૨) ગુજરાત રાજ્યને સમગ્ર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે. |
| (૩) આ કાર્યક્રમ દરમિયાન છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો ? | (૩) ૧૮,૩૬,૧૮૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ**

૭૬૩૧**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના ઓરડાઓની કેટ કેટલી ઘટ છે,

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં નીચે મુજબ ઓરડાઓની ઘટ છે.

| ક્રમ | તાલુકો | ઓરડાઓ |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૨૧૪ |
| ૨ | ચુડા | ૨૫ |
| ૩ | ધ્રાંગધ્રા | ૧૩૬ |
| ૪ | હળવદ | ૮૪ |
| ૫ | લખતર | ૩૯ |
| ૬ | લીંબડી | ૪૨ |
| ૭ | મુળી | ૧૦૪ |
| ૮ | પાટડી | ૩૨ |
| ૯ | સાયલા | ૧૧૪ |
| ૧૦ | વઢવાણ | ૧૬૪ |
| | **કુલ :** | **૯૫૪** |

(૨) આ ઘટ પૂરી કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) ૧૧૩ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૩) કેટલા સમયમાં તે પૂર્ણ થશે ?

(૩) જેમ બને તેમ જલ્દી

**રાજ્યની પોલીટેક્નીક કોલેજોને અપગ્રેડ કરવા આયોજન**

૭૮૪૫ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની પોલીટેક્નીક કોલેજોને અપગ્રેડ કરવાની કોઇ યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ આવી કેટલી કોલેજોને અપગ્રેડ થઇ, અને | (૨)૧૨ |
| (૩) આગામી વર્ષે આ માટે શું આયોજન છે ? | (૩) આ અંગે યોગ્ય જોગવાઈ કરવાનું વિચારાધિન છે. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ શાળાઓનું બાંધકામ**

૭૮૪૯ **શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં કેટલી શાળાઓનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) એકપણ નહીં. |
| (૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી શાળાઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ખેડા અને આણંદ જિલ્લામાં રસ્તાઓ તથા પુલો બનાવવા માટે ફાળવેલ રકમ**

૭૫૬૬ શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન વિભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રસ્તાઓ અને પુલ માટે કેટલી રકમની ફાળવણી કરાઇ,

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બેવર્ષમાં રસ્તાઓ અને પુલ માટે નીચે મુજબ રકમની ફાળવણી કરાઈ.

(રૂા. લાખમાં)

| **જિલ્લો** | **વર્ષ** | **રસ્તા અને પુલો** |
|---|---|---|
| ખેડા | ૨૦૦૭-૦૮ | રૂા. ૬૯૧૩.૮૦ |
| | ૨૦૦૮-૦૯ | રૂા. ૧૦૫૬૧.૭૪ |
| આણંદ | ૨૦૦૭-૦૮ | રૂા. ૬૪૩૩.૮૨ |
| | ૨૦૦૮-૦૯ | રૂા. ૭૭૮૬.૩૧ |

**પ્રશ્ન**

(૨) તેમાં તાલુકાવાર નવા રસ્તા માટે કેટલી અને જુના રસ્તા માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૨) બજેટમાં કામો અંગે તાલુકાવાર રસ્તાની કોઈ જોગવાઈ કરવામાં આવતી નથી.

**પ્રશ્ન**

(૩) તે પૈકી કેટલી વપરાઇ ?

**જવાબ**

(૩) તાલુકાવાર ફાળવણી થયેલ ન હોઈ તેથી જિલ્લાવાર નીચે મુજબ ફાળવણી સામે ખર્ચ થયેલ છે.

(રૂા. લાખમાં)

| **જિલ્લો** | **વર્ષ** | **રસ્તા અને પુલો** |
|---|---|---|
| ખેડા | ૨૦૦૭-૦૮ | રૂા. ૬૩૧૮.૪૬ |
| | ૨૦૦૮-૦૯ | રૂા. ૯૯૨૫.૬૧ |
| આણંદ | ૨૦૦૭-૦૮ | રૂા. ૫૭૧૩.૪૦ |
| | ૨૦૦૮-૦૯ | રૂા. ૭૫૭૭.૮૩ |

------------

**ખેડા જિલ્લાની શાળાઓમાં ફાયર સેફટીની સુવિધા**

૭૮૭૯ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા નથી, અને

(૨) આ શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધાઓ ઊભી કરવા સરકારે ક્યા ક્યા આદેશો ક્યારે આપ્યા ?

**જવાબ**

(૧) માધ્યમિક શિક્ષણની તમામ શાળાઓમાં સુવિધા છે.

(૨) માધ્યમિક શિક્ષણની શાળાઓને કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરીએ ઘણી વખત સૂચના આપેલ છે.

------------

**રાજ્યમાં ગીર ગાયના સંરક્ષણ અને વસ્તી વધારવા માટે લીધેલ પગલાં**

૮૧૭૬ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ગીર ગાયની સંખ્યા કેટલી છે, અને

(૨) ગીર ગાયના સંરક્ષણ અને વસ્તી વધારા માટે સરકારે શાં શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ગીર ગાયની કુલ સંખ્યા ૧૩,૯૯,૬૭૭ છે.

(૨) રાજ્યમાં ગીર ગાયના સંરક્ષણ અને વસ્તી વધારા માટે નીચે મુજબના પગલાં લેવાયેલ છે.

(૧) વર્ષ ૨૦૦૫માં ગુજરાત રાજ્યમાં ગોવંશ હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ગોવંશની ગેરકાયદેસર થતી ક્તલના ગુનાઓ અંગે ""ધી બોમ્બે એનીમલ પ્રિઝર્વેશન એક્ટ-૧૯૫૫ ની ક્લમ-૮"" માં દંડ અથવા કેદ અથવા બંને શિક્ષાની જોગવાઈ હેઠળ રાજ્યમાં ગૃહ વિભાગ ધ્વારા કાર્યવાહી ક્રવામાં આવે છે.

(૨) ગોસેવા આયોગ, ગાંધીનગર મારફતે રાજ્યમાં ગીર ગાયો સહિત તમામ ગાયો માટે ગૌરક્ષકો, ગોવંશ સંવર્ધન, જાળવણી, વિકાસ તથા ગોવંશની ક્તલ રોક્વા માટે સ્વેચ્છાએ કામ કરતી વ્યક્તિ/સંસ્થાઓને વિવિધ યોજનાઓ હેઠળ સહાય આપવામાં આવે છે.

(૩) ગુજરાત રાજ્ય પશુધન વિકાસ બોર્ડ, ગાંધીનગર ધ્વારા રાજ્યમાં ગીરવંશના સહીત અન્ય ગોવંશના સંવર્ધન માટે માળખાકીય સુવિધા પુરી પાડવામાં આવે છે.

(૪) પશુપાલન ખાતા ધ્વારા રાજકોટ જિલ્લાના ભૂતવડ ખાતે શુધ્ધ ગીર ગાયોનું એક સંવર્ધન ફાર્મ ચલાવવામાં આવે છે. રાજકોટ શહેરમાં એક સીમેન ફ્રીઝીંગ લેબોરેટરી ચલાવવામાં આવે છે. જેમાં શુધ્ધ ગીર ઓલાદના નરના સીમેન ધ્વારા કૃત્રિમ બીજદાનની કામગીરી ક્રવામાં આવે છે.

(૫) કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ ધ્વારા યુનિર્વસીટી ખાતે ગીર ગાયોના ધણમાં શુધ્ધતા જાળવી રાખવા અને ઉત્પાદક્તા વધારવા સંતતિ પરિક્ષણ યોજના તળે ગીર ધણખૂંટની મૂલવણી ક્રવામાં આવે છે તથા ગીર ગાય સંવર્ધન કેન્દ્ર ચલાવવામાં આવે છે. જ્યાં હાલમાં ૪૦૦ જેટલી ગીર ગાયો છે. આ કેન્દ્ર ધ્વારા ઉચ્ચ શુધ્ધ ઓલાદના સિધ્ધ થયેલ ગીર નર વાછરડા તેયાર કરીને ઓલાદ સુધારણા માટે ગ્રામ પંચાયતો અને ગોશાળાઓને પુરા પાડવામાં આવે છે. ઉપરાંત કૃષિ યુનિવર્સીટી,

જુનાગઢ ધ્વારા સોરાષ્ટ્રમાં ૧૪-જેટલા ગીર ગાય માટેના કૃત્રિમ બીજદાન કેન્દ્રો ઉભા કરવામાં આવેલ છે. જ્યાં યુનિવર્સીટી ધ્વારા કૃત્રિમ બીજદાનની કામગીરી કરવામાં આવે છે. પ્રત્યેક વર્ષે તે ધ્વારા ૩૦૦૦ જેટલા કૃત્રિમ બીજદાન થતાં હોય છે. વધુમાં, આ યુનિવર્સીટી ખાતે સીમેન ફ્રીઝીંગ લેબોરેટરી પણ કાર્યરત છે. જ્યાં ગીર ઓલાદ માટેના સીમેન ડોઝ સંગ્રહ પણ કરવામાં આવે છે.
(૬) તદ્ઉપરાંત કૃષિ મહોત્સવ અને અન્ય ખેડૂત શિબિરો ધ્વારા ગીર ગાયોની જાળવણી, સંરક્ષણ અને સંવર્ધન અંગેની જાગૃતિ લાવવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

------------

**વડોદરા જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવા ખાતેદારો**

૭૭૮૮ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની જમીનના કેટલા ખેડૂત ખાતેદારો છેલ્લા બે વર્ષથી બાકી છે ?

**જવાબ**

તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાના બાકી કેસોની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ખાતેદારોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | વડોદરા ગ્રામ્ય | ૭૫ |
| ૨. | પાદરા | ૧૫૦૦ |
| ૩. | કરજણ | ૪૨૯ |
| ૪. | સાવલી | ૨૧૯૫ |
| ૫. | વાઘોડીયા | ૧૭૭૫ |
| ૬. | ડભોઈ | ૧૧૮૫ |
| ૭. | શિનોર | ૩૭૨ |
| ૮. | નસવાડી | ૯૦૦ |
| ૯. | સંખેડા | ૧૧૧૨ |
| ૧૦. | જેતપુર પાવી | ૨૫૫ |
| ૧૧. | છોટાઉદેપુર | - |
| ૧૨. | ક્વાંટ | ૧૬૪૪ |
| | **કુલ :-** | **૧૧૪૪૨** |

------------

**દાહોદ જિલ્લામાં બિયારણ કિટસ**

૭૨૩૫ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૦૯ ના સમયગાળા દરમિયાન દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા બિયારણ કિટ્સ ફાળવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯ના સમયગાળા દરમ્યાન દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૩૨૦૭ બિયારણ કિટસ નીચેની વિગતે આપવામાં આવેલ છે.

| **તાલુકો** | **કિટસની સંખ્યા** |
|---|---|
| દાહોદ | ૨૦૩૩ |
| ગરબાડા | ૮૧૨ |
| ઝાલોદ | ૪૬૧૭ |
| ફતેપુરા | ૨૩૬૩ |
| લીમખેડા | ૧૭૬૪ |
| ધનપુરા | ૭૪૪ |
| દેવ.બારીયા | ૮૭૪ |
| **કુલ :-** | **૧૩૨૦૭** |

(૨) તે પેકી ખાતા મારફત કેટલા અને ટ્રાયબલ સબ પ્લાન યોજના હેઠળ કેટલા ?

(૨) દાહોદ જિલ્લામાં ખાતા મારફત અને ટ્રાયબલ સબપ્લાન યોજના હેઠળ આપવામાં આવેલ કિટસની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | ખાતા મારફત | ટ્રાયબલ સબ પ્લાન યોજના હેઠળ |
|---|---|---|
| દાહોદ | ૧૭૨૬ | ૩૦૭ |
| ગરબાડા | ૬૫૦ | ૧૬૨ |
| ઝાલોદ | ૨૭૭૨ | ૧૮૪૫ |
| ફતેપુરા | ૧૧૦૮ | ૧૨૫૫ |
| લીમખેડા | ૧૩૩૫ | ૪૨૯ |
| ધનપુરા | ૪૯૬ | ૨૪૮ |
| દેવ.બારીયા | ૬૦૪ | ૨૭૦ |
| **કુલ :-** | **૮૬૯૧** | **૪૫૧૬** |

------------

## કચ્છ જિલ્લામાં રસ્તાઓની મરામત

૭૮૫૮ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭, ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં તાલુકાવાર રસ્તાઓની મરામત કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તાલુકાવાર રસ્તાઓની મરામત કામગીરી પાછળ નીચે મુજબ ખર્ચ થયેલ છે.

રૂા. લાખમાં

| તાલુકો | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ભુજ | ૧૭૫.૮૩ | ૨૭૭.૪૬ | ૩૯૭.૪૦ |
| માંડવી | ૭૭.૮૫ | ૧૩૪.૬૧ | ૨૮૧.૨૯ |
| મુંદ્રા | ૧૩૨.૮૦ | ૧૫૪.૫૪ | ૬૭૨.૬૫ |
| અંજાર | ૬૨.૩૧ | ૧૦૬.૭૦ | ૪૩.૮૪ |
| ગાંધીધામ | ૭.૧૧ | ૧૨.૫૧ | ૭.૬૪ |
| ભચાઉ | ૫૯.૦૦ | ૧૭૬.૨૨ | ૫૩.૪૫ |
| રાપર | ૨૭૫.૫૫ | ૧૪૯.૦૮ | ૫૪.૧૨ |
| નખત્રાણા | ૭૧.૭૮ | ૩૪૧.૧૨ | ૧૮૨.૮૫ |
| અબડાસા | ૭૬.૯૨ | ૧૮૭.૬૧ | ૪૭.૩૫ |
| લખપત | ૧૬૮.૭૩ | ૧૦૯.૫૭ | ૧૪૫.૯૪ |

------------

## આમરણ, જીવાપર અને કેરાળી રસ્તાને રીકાર્પેટીંગ

૭૨૩૬**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના આમરણ-જીવાપર-કેરાળી રાજ્ય ધોરી માર્ગ રીકાર્પેટીંગ ન થવાના કારણે બિસ્માર હાલત થઈ ગયેલ છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ,

(૨) આ રસ્તો રીકાર્પેટીંગ ન થવાનાં શાં કારણો છે, અને

(૩) આ કામ ક્યારે શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

આ રસ્તાની રીકાર્પેટીંગની કામગીરી વર્ષ ૨૦૦૩-૦૪માં પૂર્ણ કરેલ છે. ભારે ટ્રાફીકના કારણે રસ્તાની અમુક લંબાઈમાં નુકશાન થયેલ છે. જેના પેચ કરીને રસ્તો વાહન વ્યવહાર લાયક રાખેલ છે. રસ્તાની સુધારણાની કામગીરી મંજૂર કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે.

------------

## જામગનર જિલ્લાની માર્કેટીંગ યાર્ડની જમીનની ખરીદી માટે માંગણી

૭૮૭૪ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના લાલાપુર તાલુકાના માર્કેટીંગ યાર્ડની જમીનની ખરીદી કરવામાં આવી છે તે જમીનની ખરીદી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખરીદવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો કેટલા રૂપિયાની ખરીદી કરવામાં આવેલી, અને

(૩) આ જમીનની માંગણી બીજા કોઈ ધ્વારા કરવામાં આવેલ હતી કે કેમ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૨૭,૮૧,૧૪૫/-

(૩) પ્રશ્ન અપ્રસ્તુત છે.

------------

## ભિલોડા તાલુકામાં જમીન ચકાસણીની ઓફિસ

૭૪૩૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં જમીન ચકાસણીની ઓફિસ છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં છે, એ સરકારના ધ્યાન પર છે,

(૨) ખેડૂતોના હિતમાં જમીન ચકાસણીની ઓફિસ સરકાર ચાલુ કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યાં સુધી અને જો ના, તો એના કારણો શા છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં જમીન ચકાસણીની સ્થાયી ઓફિસ/પ્રયોગશાળા નહિ પરંતુ ફરતી જમીન ચકાસણી પ્રયોગશાળા હતી. આ વિસ્તારના ખેડૂતોને વૈકલ્પિક રીતે ખેડબ્રહ્મા ખાતે જમીન ચકાસણી પ્રયોગશાળાની સવલત ઉપલબ્ધ હોઈ, આ ફરતી જમીન ચકાસણી પ્રયોગશાળા બંધ કરેલ છે.

------------

## ભરૂચ જિલ્લામાં બીન ખેતી માટેની અરજીઓ

૭૩૦૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર બીન ખેતીની માંગણીઓ કરતી કેટલી અરજીઓ વિવિધ કક્ષાએ આવી,

(૨) આ અરજીઓ પેકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કલેકટર કક્ષાએ કેટલી અરજીઓની મંજૂરી આપવામાં આવી?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) પત્રક મુજબ

(૩) ૫ અરજીઓની મંજૂરી આપવામાં આવી.

**પત્રક**

**તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર બીનખેતીની માંગણી કરતી અરજીઓ.**

| તાલુકાનું નામ | કલેકટર કચેરી | | પ્રાંત અધિકારીની કચેરી | | જિલ્લા વિકાસ અધિકારીની કચેરી | | તાલુકા વિકાસ અધિકારીની કચેરી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજી | મંજુર અરજી | મળેલ અરજી | મંજુર અરજી | મળેલ અરજી | મંજુર અરજી | મળેલ અરજી | મંજુર અરજી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ભરૂચ | ૧૪ | ૫ | - | - | ૧૦૧ | ૨૧ | ૪૦ | ૨૦ |
| વાગરા | - | - | - | - | ૨૪ | ૦ | - | - |
| આમોદ | - | - | - | - | ૦ | ૦ | - | - |
| જંબુસર | ૨ | - | ૭ | ૩ | ૧૨ | ૪ | ૭ | - |
| અંકલેશ્વર | ૧ | - | - | - | ૨૬ | ૮ | ૫ | ૧ |
| હાંસોટ | - | - | - | - | ૬ | ૦ | ૭ | ૧ |
| વાલીયા | - | - | - | - | ૫ | ૧ | ૧ | - |
| જગડીયા | - | - | - | - | ૧૫ | ૨ | ૪ | - |
| **કુલ :** | **૧૭** | **૫** | **૭** | **૩** | **૧૮૯** | **૩૬** | **૬૪** | **૨૨** |

-----------

**રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડ**

૭૯૨૨ **શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાની યોજના હાલમાં આમલમાં છે કે કેમ અને, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ કેટલા કાર્ડનું વિસ્તરણ કરવામાં આવ્યું? | (૨) આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૧૭,૭૯,૮૯૧ કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે. |

------------

**ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓની જમીનમાં દબાણ**

૭૫૬૭ શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓની જમીનમાં દબાણ અંગે તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરીયાદો સરકારશ્રીને મળી છે, | (૧) એક (૧) ફરિયાદ મળેલ છે. |
| (૨) ફરીયાદો સામે સરકારે શાં પગલાં ભર્યા, અને | (૨) મામલતદારશ્રી મહેમદાવાદે તા. ૧૪-૮-૦૮ ના રોજ દબાણ દૂર કરાવેલ છે. |
| (૩) વીરોજા તાલુકો માતર મુકામે દબાણ અંગે સરકારે શાં શાં પગલાં ભર્યા? | (૩)<br>(૧) ગામતળમાં આવેલ ઉકરડા, કેબીન ગલ્લાના બિન પરવાનગીના દબાણો ગ્રામ પંચાયત ધ્વારા દુર કરવામાં આવેલ છે.<br>(૨) ગોચર જમીનમાં આવેલ ખેતી ઉપયોગી દબાણો ગ્રામ પંચાયત ધ્વારા દુર કરવામાં આવેલ છે.હાલમાં ગોચર જમીનમાં કોઈ દબાણ આવેલ નથી.<br>(૩) તળાવ ખરાબાની જમીન સ. ન. ૭૩માં કુલ ૬ ઈસમોએ ખેતી ઉપયોગી દબાણો કરેલ છે. જે અંગે ગ્રામ પંચાયત વિરોજા ધ્વારા તા. ૨૦-૧૧-૦૮ના રોજ દબાણ દૂર કરવા નોટીસ આપતા દબાણદારોને માતર મુકામે નામદાર સીવીલ કોર્ટમાં કેસ રે. દી. મુ. નં. ૫/૦૯ થી ગ્રામ પંચાયત સામે દાવો દાખલ કરેલ છે. |

------------

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અગત્યની બાબત ઉપર હું આપનું ધ્યાન દોરવા માગું છું.

**અધ્યક્ષશ્રી :** મારી પરવાનગી લીધી નથી. કઈ બાબત છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલમાં લિટરે ચાર રૂપિયા અને ડિઝલમાં લિટરે બે રૂપિયાનો જે ગઈકાલે વધારો કર્યો છે

**અધ્યક્ષશ્રી :** આપ નિયમ પ્રમાણે આવો. મેં પરવાનગી આપી નથી. (અંતરાય) મેં પરવાનગી આપી નથી. મેં પરવાનગી આપી નથી એટલે તમે એ રીતે રજૂઆત કરી શકશો નહીં. (અંતરાય) ઓર્ડર...ઓર્ડર....પ્રદિપસિંહ આપ બેસી જશો.. ઓર્ડર...ઓર્ડર....મારે નેઈમ કરવા પડશે. ઓર્ડર...ઓર્ડર... પ્રદિપસિંહજી,.. આત્મારામભાઈ બેસી જાવ. પ્રદિપસિંહજી કોઈ પણ પ્રશ્ન ઉપર પછી તે પેટ્રોલનો હોય કે જે પણ હોય વિધાનસભાના નિયમોના નિયમ નીચે (અંતરાય) મોહનભાઈ, આ સભાગૃહ પ્રજાના અવાજને પ્રતિઘોષ આપવા માટે છે. પરંતુ તે વિધાનસભાના નિયમોની મર્યાદામાં રહીને, વિધાનસભાના નિયમો પ્રમાણે તમે પ્રસ્તાવ લાવો અને જો તે લાવી શકાતો હશે તો હું તેને આવવા દઈશ અને તેની ચર્ચા પણ થશે. પરંતુ ઘોંઘાટથી, અવાજથી કે (અંતરાય) પ્રદિપસિંહજી તમે બેસી જજો. (અંતરાય)

**શ્રી શકિતસિંહ ગોહિલ:** (બેઠાં બેઠાં) કંઈક બોલતાં.

**અધ્યક્ષશ્રી** : હું બન્ને બાજુ રાખું છું આપ પણ બેઠા બેઠા બોલો છો, મેં તમને કોઈ સૂચના નથી આપી. તમે વારંવાર ડિસ્ટપ કર્યા કરો છો, મને. મેં તેમને તરત બેસાડી દીધા છે. આપ બેસી જાવ કહ્યું છે.

ઓર્ડર..ઓર્ડર..માનનીય સૌરભભાઈ પ્લીઝ... પ્રદિપસિંહજી, તમે પ્રસ્તાવને લઈને મૂકો આ વિધાનસભા સચિવાલયને અને તે નિયમોની મર્યાદામાં હશે તો હું તેને લાવીશ અને તેની ચર્ચા થશે. આ રીતે ચર્ચા ઉપસ્થિત કરી શકાય નહીં. નેકસ્ટ..

# સરકારી વિધેયકો

## સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૧

# ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯

**ગુણાત્મક અને ઉદ્યોગ આધારિત ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવા પર ભાર મૂકવા, ગુજરાત રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના અને સંસ્થાપન માટેની જોગવાઈ કરવા અને તેમની કામગીરીનું નિયમન કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ •રાજયપત્રમાં પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક:૧૧, સન ૨૦૦૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### બિલની દાખલપાત્રતા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા:** માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી તેનું અસ્તિત્વ છે તે બે પ્રકારે થાય છે. એક પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા તેના લેજીસ્લેશનથી તેનાથી યુનિવર્સિટી અસ્તિત્વમાં આવે છે. અને બીજુ, યુનિવર્સિટી ગ્રાન્ટ એકટ બન્યો ત્યારે રાજયની વિધાનસભાઓને આ યુનિવર્સિટીઓને માટેનો એકટ બનાવવા માટેના આપણી વિધાનસભા પાસે પાવર્સ છે. લેજીસ્લેચરના જે ફંકશન છે એ કોઈને ડેલિગેટ કરી શકાય નહીં. અહીંયા આપણે લેજીસ્લેચરની જે પ્રક્રિયા છે તે એકઝીકયુટીવને ડેલિગેટ કરવા માટેનું આ બિલ છે. હવે ફરી પાછી જયારે નવી યુનિવર્સિટીઓ બનાવવાની આવશે, કારણ કે Univercity itself is a seperate entity. એ કોઈ એક જ માળખામાં કે એક જ બીબાઢાળમાં બનાવી શકાય નહીં. દરેક યુનિવર્સિટીના પોતાના અલગ અલગ કાનુન, અલગ અલગ સ્ટેચ્યુટ અને અલગ અલગ ફંકશન હોય છે. એની નીડ પણ એરિયા બેઈઝ ઉપર હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આના પહેલા પણ આપણી જે સ્ટેટની યુનિવર્સિટીઓ હતી. એનો કોમન યુનિવર્સિટી એકટ બનાવવાનો પ્રયાસ થયો હતો, બધી જ યુનિવર્સિટીઓનો એક જ એકટ બનાવવા માટેનો, પરંતુ એ એકટને બનાવવામાં આપણને સફળતા મળી નહોતી. ફરી પાછી આ જ પ્રકારે આ પ્રાઈવેટ એટલે કે ખાનગી યુનિવર્સિટીઓનો એક કોમન એકટ બનાવીને આ પાવર્સ, યુનિવર્સિટીને માન્યતા આપવાના પાવર્સ છે એ એકઝીકયુટીવને ડેલિગેટ કરવાનો પ્રયાસ થયો છે. જે લેજીસ્લેચરની પ્રક્રિયા છે એ કોઈ દિવસ ડેલિગેટ કરી શકાય નહીં. વહીવટી પ્રક્રિયા ડેલિગેટ કરી શકાતી હશે. યુનિવર્સિટીનો એકટ પસાર કરવાના અધિકારો બે જ જગ્યાએ અપાયા છે. એ અધિકાર પાર્લામેન્ટ પાસે છે અને વિધાનસભા પાસે છે. યુ.જી.સી.ને સરટેઈન પાવર્સ માત્ર ડીમ્ડ યુનિવર્સિટી, યુનિવર્સિટી નહીં, પરંતુ ડીમ્ડ યુનિવર્સિટી એટલે કે યુનિવર્સિટી જેટલું સ્ટેટસ આપવાના યુ.જી.સી.ને અધિકાર આપેલા છે. એ પણ ત્યાંના એકટમાં જોગવાઈ કરેલી છે. આનો મતલબ તો એવો થયો કે રાજય હવે યુનિવર્સિટી બની ગઈ અને બીજી યુનિવર્સિટીઓને એફીલીએશન આપવાનું કામ કરશે. અત્યારસુધી આ પ્રક્રિયા જે છે, માત્ર એફીલીએટેડ કોલેજો માટે જોગવાઈ એવી હતી કે એફીલીએટેડ કોલેજ હોય એને એફીલીએશન આપવાનું હોય તો રાજય સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ થાય એટલે એ એફીલીએટેડ કોલેજ માન્ય થઈ ગયેલ ગણાય. એવી જ જોગવાઈ આ એકટમાં કરેલી છે કે હવેથી યુનિવર્સિટીઓ છે એ યુનિવર્સિટીઓને પણ રાજય સરકાર એના રાજપત્રમાં એટલે કે ગેઝેટમાં પ્રસિદ્ધિ આપે એટલે યુનિવર્સિટીઓ બની જશે. આ પ્રકારનું બિલ એ આઉટ ઓફ ઓર્ડર ગણાશે. આ બિલને માન્યતા મળવાની નથી. આ આપણા કોન્કરન્ટ સબજેકટમાં આવે છે. પાર્લામેન્ટ એટલે કે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના બન્નેના કોન્કરન્ટ સબજેકટમાં આવે છે. પાર્લામેન્ટની મંજૂરી વગર આ પ્રકારનો કાયદો બનાવી શકાય નહીં.

આપણે માત્ર ઈન્ડીવીડયુઅલ યુનિવર્સિટીનો કાયદો બનાવી શકીએ. એક યુનિવર્સિટીનો કાયદો બનાવી શકીએ છીએ. આ કાયદો આઉટ ઓફ ઓર્ડર રહેવાનો છે. એટલે આ બિલની ચર્ચા ન કરીએ અને આ બિલને

---

• વિધેયક તા. ૨૨મી જૂન, ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આપણે પ્રવર સમિતિને સોંપીએ, અથવા રાજય સરકાર એની પુન: વિચારણા કરી અને ઈન્ડીવીડયુઅલ યુનિવર્સિટીઓ જયાં આમાં દર્શાવેલી છે એ ઈન્ડીવીડયુઅલ યુનિવર્સિટીઓ માટે આપણે વિચારણા કરીએ આના પછીની બેઠકોમાં ગમે ત્યારે લઈએ એવી મારી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ: (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ વાજબી મુદ્દો ઉઠાવ્યો છે. કેટલાક અધિકારો એ આ સન્માનનીય સભાગૃહના છે. આ સન્માનનીય ગૃહના જે અધિકારો છે એ અધિકારોને કોઈ એવા વિધેયકથી સરકાર લઈ શકે નહીં. આજ સુધીના ઈતિહાસમાં કોઈપણ યુનિવર્સિટી બની હશે, તો એનું વિધેયક આ સભાગૃહમાં જ લાવવું પડયું છે. બહુ સાચી અને વાજબી રીતે જ અર્જુનભાઈ દ્વારા કહેવાયું છે કે કેન્દ્ર સરકારના કાયદાથી કે રાજય સરકારના કાયદાથી આ બે થી જ યુનિવર્સિટી બની શકે અને એની રચના થઈ શકે. આપણે શું કરવા જઈ રહ્યા છીએ? આપણે એક એવો ઢાંચો તૈયાર કરવા જઈ રહ્યા છીએ કે જેને આવવું હશે એને આ સભાગૃહ પાસે નહીં આવવાનું, એને સરકાર પાસે આવવાનું. એ ખાડા પૂરી ને એમને મંજૂરી મળી જાય અને હું માનું છું કે આપણે માત્ર પોલિટિકલ માઈલેજ માટે કરીએ તો જુદી વાત છે કે અમારા બિલને મંજૂરી ના મળી. આપણા અધિકાર ક્ષેત્રની બહારનું બિલ પસાર કરશો તો પછી કોઈપણ સરકાર કે ગર્વનરહશે એને એની મંજૂરી મળી શકતી નથી અને એટલા માટે આ બિલનો અભ્યાસ કરીને જે લેકયુના છે એ દૂર કરવી જોઈએ.

**શ્રી અમિત શાહ** :: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એમાં મારે એટલું જ કહેવાનું છે કે આપણે આવી કોઈ સત્તા ડેલિગેટ કરતા જ નથી. કાયદાનું જે બિલ લઈને માનનીય શિક્ષણમંત્રીશ્રી આવ્યા છે એની કલમ ૧૦ માં સ્પષ્ટ ઉલ્લેખ છે જ. એટલે વિધાનસભાની સત્તાઓ લઈ લેવાની કે એવી કોઈ પણ પ્રકારની વાત નથી. લેજીસ્લેશનથી જ યુનિવર્સિટી આવવાની છે. એટલે આવું કોઈ કન્ફયુઝન આમાંથી ઉપિસ્થિત થતું નથી અને ખાનગી યુનિવર્સિટી આપણે સ્થાપીએ એ વખતે વિધાનસભામાં પણ આ બધાં બિલ પસાર કર્યા છે એટલે જો સહજ બિલને જોશો તો આ કલમ-૧૦ બરાબર જાશો તો ઘણી બધી સ્પષ્ટતઓ થઈ જશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કલમ ૧૦ માં તો..

**અધ્યક્ષશ્રી** : આપણે અહીયાં બિલની કલમવાર ચર્ચા કરતા નથી.

**શ્રી વજુભાઈ વાળા** : અત્યારે તો આ બિલ દાખલ કરવું કે નહીં અટલો જ સવાલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન બિલની પાત્રતાનો છે

**શ્રી વજુભાઈ વાળા** : If it is against the Constitution, then we can discuss. We cannot enter in sections of the Bill.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા:** લેજીસ્લેશનના પાવર્સ છે આપણા that we cannot delegate. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એનો જવાબ તમે પછી આપજો ને? પહેલાં તમે જે કહેવું એ કહી દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કલમ ૧૦ એ તો માત્ર જાહેરાત કરવા માટે ગૃહમાં આવવાનું છે, પરંતુ બાકીના બધા એકટ, બધા જ કલોઝીઝ ઓલરેડી ફીકસ છે અને કલમ ૧૦ પણ આપણે પસાર કરીએ છીએ એટલે આપણે કોઈ એકટ બનાવવાની ફરીથી જરૂર રહેવાની નથી.

**શ્રી અમિત શાહ** : ગૃહ સમક્ષ તો કલમ ૧૦ મુજબ આવવાનું છે. એટલે આની બધી જ યોગ્યતાઓની પૂર્તતા થતી હોય તો જ શેડયુલ ૧૦ ઓપરેટ થવાનું છે.

**અધ્યક્ષશ્રી** :માનનીય અમીતભાઈ, મારે હવે જરૂર હશે તો આપને ચોકકસ પૂછીશ. માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોડવાડીયાનો પ્રશ્ન છે કે આ જે ખાનગી યુનિવર્સિટી બિલ છે એ દાખલ કરવું કે નહીં? એની કલમ ઉપરની ચર્ચા તો ત્યારપછી આવશે, પરંતુ દાખલ કરતી વખતે એમાં એમણે ત્રણ મુદ્દા ઉભા કર્યા છે. એક મુદ્દો કન્કરન્સ લિસ્ટનો છે, બીજા મુદ્દો એમ કહયું કે આ બિલથી વિધાનસભાની જે સત્તાઓ છે એ સરકારને આપીએ છીએ અને ત્રીજો મુદ્દો એમ કહયું કે કોમન યુનિવર્સિટી એકટનું બિલ આપણે પસાર કર્યુ હતું અને એમાંથી પછી પ્રશ્ન પેદા થયો અને મુલતવી રાખ્યું. તો સૌથી પહેલાં કોમન યુનિવર્સિટી એકટ પસાર થયો હતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એવું બોલ્યો નથી.

**અધ્યક્ષશ્રી** : આપ બોલ્યા છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં એમ કહયું હતું કે મુશ્કેલીઓ પડી હતી. એમાં સ્પષ્ટતા કહું કે આ ઓર્ડિનન્સ તૈયાર થયો હતો અને ઓર્ડિનન્સને માન્યતા નહોતી અપાઈ.

**અધ્યક્ષશ્રી** : કોમન યુનિવર્સિટી એકટ વિશેનો ઉલ્લેખ કર્યો હતો. હું મારા મત ઉપર આવું છું અને હું વિધાનસભાના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો, ૧૯૮૫ થી ૨૦૦૨ ના પાના નંબર ૯૭ ઉપરના નિર્ણય ક્રમાંક-૮૫માં જણાવેલ છે કે "પ્રણાલિકા મુજબ વિધેયક પસાર કરવા વિધાનસભા સક્ષમ છે કે કેમ તેવા મુદ્દા અંગે અધ્યક્ષ નિર્ણય કરતા નથી."

"સન ૧૯૮૬ ના અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદિલી ઉપર પ્રતિબંધ મૂકવા બાબતનું વિધેયક તા. ૪-૩-૮૬ ના રોજ સભાગૃહમાં દાખલ કરવા માટે માનનીય મહેસૂલ મંત્રીશ્રી હરિસિંહ મહીડા ઉભા થયા પછી, સભ્ય શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો. સભ્યશ્રી મહેતાએ જણાવ્યું કે પ્રસ્તુત વિધેયકની કેટલીક જોગવાઈઓ અને કેન્દ્ર સરકારનો ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ છે તેમાંની જોગવાઈઓ વચ્ચે કોનફલીકટ હોય તો તેવું વિધેયક કોર્ટમાં રદબાતલ થવાની પરિસ્થિતિ ઉભી થાય. સભ્યશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૫ ની જોગવાઈઓના અનુસંધાને પ્રસ્તુત વિધેયક પસાર કરવા વિધાનસભા સક્ષમ નથી તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને જે તમે આજે કર્યો છે. વિધેયકના પ્રભારી મંત્રીશ્રી હરિસિંહ મહિડાએ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા અંગે જણાવ્યું કે પ્રસ્તુત વિધેયક સભાગૃહ સમક્ષ રજૂ કર્યુ તે પહેલા વટહુકમ બહાર પાડવામાં આવેલો અને વટ હુકમ બહાર પડતા પહેલા તે રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલો અને તેને માન્યતા આપેલી છે. તેથી વટ હુકમના સ્થાને આવી રહેલ વિધેયક રજૂ કરવામાં કોઈ અવરોધ હોઈ શકે નહીં." અહીં વટહુકમનો પ્રશ્ન નથી. અહીં વિધેયક આવ્યું છે. માનનીય રાજય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી નલીનભાઈ પટેલે ઉપર્યુકત મુદા અંગે કૌલ અને શકધરના પુસ્તક પાર્લામેન્ટરી પ્રેકટીસ એન્ડ પ્રોસીઝરના પાના નંબર ૪૬૯ તરફ ધ્યાન દોરીને તેમાંથી નીચેના અવતરણો ટાંકયા હતા. "By convention the motion for introduction is not opposed , but there have been occasions when motions for introduction of Government Bills were opposed in the House. The member who wishes to oppose must write in advance (before the commencement of the sitting) to the Secretary General and if two or more members write, the Speaker calls the members whose intimation was first received in point of time".માનનીય મંત્રી શ્રી નલીનભાઈએ એવી પણ રજૂઆત કરી હતી કે બંધારણની કલમ ૨૪૫ (૨) મુજબ વિધેયક પસાર થયા પછી રાષ્ટ્રપતિની વિચારણા માટે રીઝર્વ રાખવામાં આવશે અને તેમની અનુમતિ મળશે પછી જ કાયદો અમલમાં આવશે. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે નીચે મુજબ નિર્ણય આપ્યો હતો. "જયારે સને ૧૯૮૬નું વિધેયક ક્રમાંક ૩૩ દાખલ કરવા માટેનો પ્રસ્તાવ મંત્રીશ્રી મહિડાએ કર્યો ત્યારે સભ્યશ્રી સુરેશભાઈ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરીને જણાવ્યું કે આમાં એક તો સભાગૃહની પ્રણાલી રહી છે અને પાર્લામેન્ટની પણ પ્રણાલિ રહી છે કે જયારે બંધારણીય મુદા અંગે ધ્યાન દોરવામાં આવે ત્યારે સ્પીકર પોતાનું રૂલિંગ આપતા નથી, બંધારણીય મુદા અંગે અને જયારે લેજીસ્લેટીવ કોમ્પીટન્સનો વાંધો લીધો છે કે આ સભાગૃહની સત્તાની બહારનું બિલ છે તેવો વાંધો લીધો છે. ત્યારે આમાં જયારે બંધારણના મુદ્દા ઉપર સ્પીકર પોતાનું રૂલિંગ આપતા હોય ત્યારે એક પ્રોવિઝન બહુ સ્પષ્ટ રીતે મૂકવામાં આવ્યું છે અને એમાં એટલી છૂટ મૂકવામાં આવી છે કે બંધારણના મુદ્દા ઉઠાવવામાં આવે ત્યારે અથવા તો બિલ બંધારણની કલમ મુજબ છે કે કેમ તેવો વાંધો ઉઠાવવામાં આવે ત્યારે એ મુદ્દા ઉપર પૂરેપૂરી ચર્ચા સભાગૃહમાં થવા દેવી જોઈએ એ મુજબ ચર્ચા થઈ છે". એ મુજબ આપે જયારે મુદ્દો ઉપસ્થિત કર્યો ત્યારે.આ ચર્ચા અહીં પણ મેં થવા દીધી છે. અને અંતે એમણે કહયું હતું કે "પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી". હું પણ હવે અહીં કહું છું કે પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. અહીં ચર્ચા પૂર્ણ કરીએ છીએ. રાજય સરકારને આ બિલ લાવવાનો અધિકાર છે અને તેના ઉપર ચર્ચા થાય.

આપ જે કલમ ૧૦નો વાંધો લો છો તો આ બિલ આપને જયારે મળ્યું હતું ત્યારે તેના ઉપર આપ સુધારા મૂકી શકયા હોત. પણ એમાંનો એક પણ સુધારો આપના તરફથી આવ્યો નથી. પહેલાં પણ કોલ એન્ડ શકધરનું અવતરણ મેં કહયું એમા પણ બહુ સ્પષ્ટ છે કે આપે લેખિત અગાઉથી જણાવવું જોઈતું હતું તે પણ જણાવ્યું નથી. એટલે હું માનનીય મંત્રીશ્રીને એમનું બિલ રજૂ કરવાની અનુમતિ આપું છું.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯ (ક્રમશ:)

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૦૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂકરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી , ગુજરાતમાં નવી ખાનગી યુનિવર્સિટીનો અધિનિયમન બનાવવાનું રાજય સરકારની વિચારણા હેઠળ હતું. અને તેના પરિપાક રૂપે ધી ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ પસાર કરવા અંગે હું આપ સમક્ષ ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અગાઉ છ ખાનગી યુનિવર્સિટીઓ અલગ અલગ અધિનિયમોથી રચાયેલી છે. આ ખાનગી યુનિવર્સિટીનો પોતાનો કાયદો કરવાની વ્યકિતગત પ્રણાલિકા અત્યાર સુધી હતી. આ છ યુનિવર્સિટી પૈકી ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૩. નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી અધિનિયમ ૨૦૦૩, ગણપત યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૫, ધ સૅન્ટર ફૉર એન્વાર્યનમેન્ટ પ્લાનિંગ એન્ડ ટૅક્નૉલૉજી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૫, ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૫ અને કડી સર્વ વિદ્યાલય અધિનિયમ ૨૦૦૭ એટલે કે અગાઉ આ છ યુનિવર્સિટીઓને આપણે મંજૂર કરેલી છે. રાજય સરકાર

દ્વારા શિક્ષણનો વ્યાપ વધે, શિક્ષણની ગુણવત્તા સુધરે અને ઘર આંગણે આપણા વિદ્યાર્થીઓને પૂરતું શિક્ષણ મળે એ આ રાજય સરકારનો આશય છે.

ચાર સંસ્થાઓને ખાનગી યુનિવર્સિટી બનાવવાને માટે રાજય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપેલી છે. એમાં અમદાવાદ યુનિવર્સિટી, નવરચના યુનિવર્સિટી,કોલોરાઈડ ટીચર્સ યુનિવર્સિટી, ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી.

આ અધિનિયમમાં નવી કોઈ સંસ્થાઓને ખાનગી મંજૂરી આપતાં પહેલાં ચકાસવાની પ્રક્રિયા બતાવેલ છે જે રાજયની હાલની ખાનગી યુનિવર્સિટીને લગતી જાહેર નીતિને અનુરૂપ છે. હવે પછી જે ખાનગી યુનિવર્સિટી આવે તેને વૈદ્યાનિક પ્રક્રિયા દ્વારા અધિનિયમના શિડ્યુલમાં ઉમેરીને તેને યુનિવર્સિટીનો દરજ્જો આપી શકાય તેવી જોગવાઈઓ રાખેલ છે. આ અધિનિયમની જોગવાઈઓની અંદર આ પ્રાઇવેટ યુનિવર્સિટીમાં મુખ્ય જે હેતુઓ છે એ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી, વિનિયન શિક્ષણ, મેનેજમેન્ટ, કાયદા, ફાર્મસી અને અન્ય ક્ષેત્રમાં જ્ઞાનનો પ્રચાર કરવાનો પ્રસાર કરવાનો એ રાજય સરકારનું મુખ્ય લક્ષ છે. શિક્ષણ ક્ષેત્રે બૌદ્ધિક વિકાસ કરવો, સ્ટેટ ઑફ આર્ટસ શિક્ષણ અને તાલીમ સંદર્ભે સ્ટેટ ઑફ આર્ટસ સુવિધા કરવાના આશયથી સંશોધન અને વિકાસને મહત્ત્વ આપવું. ઉદ્યોગોને જાહેર ક્ષેત્રને કન્સલ્ટન્સી પૂરી પાડવી. નવી કૉલેજોમાં સંશોધન કેન્દ્રો ઊભાં કરવાં, ઉચ્ચ શિક્ષણ, પ્રોફેશનલ શિક્ષણ અને તાલીમનો સમાવેશ થાય છે. ટૅક્નૉલૉજી શિક્ષણમાં નવીનતમ યોગ્ય પોગ્રામ દ્વારા શિક્ષણ આપવું, શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે, પરીક્ષા લેવી, ડિગ્રી અને ડિપ્લોમાના પ્રમાણપત્રો એનાયત કરવા, નૉલેજ સૅન્ટરો ઊભા કરવા આ તમામ બાબતોનો આમાં સમાવેશ કરેલો છે.

ખાનગી યુનિવર્સિટીની જે દરખાસ્ત આવશે એ પ્રોજૅક્ટ રિપોર્ટસ સહિતની દરખાસ્ત મેળવવામાં આવશે. એ મેળવ્યા બાદ દરખાસ્ત સ્વરૂપે રાજય સરકારને રજૂઆત કરવામાં આવશે, પરંતુ આ પહેલા જે તે સ્પોન્સર બોડી હશે એ સ્પોન્સર બોડીએ પાંચ વર્ષના હિસાબો રજૂ કરવાના રહેશે અને જમીનનું સ્થળ, માળખાકીય સુવિધા, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની વિગતો રજૂ કરવાની રહેશે. એના ડેવલપમેન્ટ પ્લાન અને કેમ્પસની વિગતો રજૂ કરવી પડશે. ત્રણ વર્ષમાં કઈ કામગીરી કરી એની વિગતો રજૂ કરવી પડશે. કેટલો ખર્ચ કર્યો આગામી ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ કરવા માગો છો અને જે તે સંસ્થાને શિક્ષણ ક્ષેત્રમાં કેટલો અનુભવ છે. આ સંસ્થા કયા કયા કોર્સ ક્યારે ચલાવવા માગે છે એની પણ વિગતો રજૂ કરવી પડશે. તદ્ઉપરાંત આ યુનિવર્સિટીની રચના માટેના સબળ કારણો એણે જણાવવા પડશે. રાજય સરકાર સ્કૃટીની કમિટીની રચના કરશે અને એ પ્રોજૅક્ટ રિપૉર્ટ જે મળેલ છે એની ચર્ચા પરામર્શ કર્યા બાદ રાજય સરકારને એ મૂકશે. આ સમિતિએ ત્રણ મહિનામાં રાજય સરકારને દરખાસ્ત રજૂ કરવાની રહેશે. નિયમો અનુસાર મંજૂર કે નામંજૂર રાજય સરકાર કરશે. રાજય સરકાર જે સ્પોન્સર બોડીને લૅટર ઑફ ઈન્ડેન્ટ આપશે. લૅટર ઑફ ઈન્ડેન્ટની શરતો પરિપૂર્ણ કરે તો રાજય સરકાર આ યુનિવર્સિટીની વૈદ્યાનિક પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ખાનગી યુનિવર્સિટી તરીકે એને જાહેર કરશે.

આ ખાનગી યુનિવર્સિટી સ્વનિર્ભર ધોરણે ચલાવવાની રહેશે. આ યુનિવર્સિટી અન્ય યુનિવર્સિટીની કૉલેજોને જોડાણ આપવાની કોઈપણ સત્તા મળશે નહિ. આ સંસ્થા લૅટર ઑફ ઈન્ડેન્ટમાં જણાવ્યા મુજબ ફંડ ઊભું કરશે, આ યુનિવર્સિટી કાયદાઓની જોગવાઈઓ પરિપૂર્ણ ન કરે તો આવી ખાનગી યુનિવર્સિટીને રાજય સરકાર ફૉરફિટ કરી શકશે. દરેક ખાનગી યુનિવર્સિટીએ જનરલ ફંડ ઊભું કરવાનું રહેશે. આ યુનિવર્સિટીમાં પ્રમુખ, પ્રોવેસ્ટ, રજિસ્ટ્રાર, મુખ્ય નાણાકીય સલાહકાર, હિસાબી અધિકારી અને સ્ટેચ્યુટ દ્વારા નિમાયેલા અધિકારીઓનો આમાં સમાવેશ થશે. પ્રોવેસ્ટની જગ્યાએ સામાન્ય યુનિવર્સિટીના ઉપકુલપતિની જગ્યા બરાબર રહે છે. પ્રોવેસ્ટ એ મુખ્ય એકેડેમીક અધિકારી રહેશે. ગવર્નીંગ બોડી દ્વારા એક સર્ચ કમિટીની રચના કરવામાં આવશે. આ સર્ચ કમિટી દ્વારા ત્રણ નામો પૈકી ગવર્નીંગ બોડી એક નામને પસંદ કરશે. રજિસ્ટ્રારશ્રી પોતે ગવર્નીંગ બોડી, બોર્ડ ઑફ મેનેજમેન્ટ અને એકેડેમીક કાઉન્સિલના સભ્ય તરીકે રહેશે. તેમને મત આપવાનો અધિકાર રહેશે નહીં. યુનિવર્સિટીના વહીવટ માટે ગવર્નીંગ બોડી રહેશે. શૈક્ષણિક બાબતો માટે એકેડેમીક કાઉન્સિલ, રોજબરોજની કામગીરી માટે બોર્ડ ઑફ મેનેજમેન્ટની જોગવાઈ કરવામાં આવેલી છે. રાજય સરકારને ખાનગી યુનિવર્સિટીની ઈન્સપેકશન કરવાની સત્તા આપવામાં આવેલી છે. રાજય સરકાર આવી યુનિવર્સિટીની બાબતમાં સૂચનાઓ અને આદેશો આપી શકશે, તપાસ સમિતિની રચના કરી તપાસ કરાવી શકશે. જો આવી યુનિવર્સિટીનું વિસર્જન કરવામાં આવશે તો રાજય સરકાર તે સમયે યોગ્ય વ્યવસ્થા કરશે. વહીવટદાર નીમી શકશે અને વિદ્યાર્થીઓના હિતને વિપરીત અસર ન થાય તેવી કામગીરી કુશળતાપૂર્વક કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આની જે ગવર્નીંગ બોડી છે, તે ગવર્નીંગ બોડીમાં એક પ્રમુખ જેને આપણે અત્યારે ચાન્સેલરશ્રી કહીએ છીએ. પ્રોવેસ્ટ જેને આપણે અત્યારે વાઈસ ચાન્સેલર કહીએ છીએ. પ્રયોજક દ્વારા નિયુક્ત ચાર સભ્યો, તેમાં બે સભ્યો વિખ્યાત કેળવણીકાર હોવા જોઈએ. ઘટક સંસ્થા કે કેન્દ્રના ડીન અથવા ડાયરૅક્ટર પૈકી બે સભ્યો કે જેમની નિમણૂક વારા પ્રમાણે, બાય રોટેશન પ્રોવેસ્ટ કરશે. ગવર્નીંગ બોડી માટે નિયુક્ત યુનિવર્સિટી બહારના મેનેજમેન્ટ અથવા ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના એક નિષ્ણાત રહેશે. ગવર્નીંગ બોડીના ત્રણ નિષ્ણાતો નાણાં, કાયદો અને સામાજીક પ્રતિનિધિત્વ કરતા એવા ત્રણ સભ્યોની નિમણૂંક કરવાની રહેશે. ગવર્નીંગ બોડીમાં નિયુક્ત એક વિખ્યાત ઉદ્યોગપતિ હશે. સરકારના ઉચ્ચ અને ટૅક્નીકલ સચિવશ્રી અથવા સરકારના નાયબ સચિવના

દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહીં તેવા પ્રતિનિધિ હોદ્દાની રૂએ રહેશે. ઉપર મુજબના અધિનિયમથી અસ્તિત્વમાં આવતી યુનિવર્સિટી સંપૂર્ણપણે સ્વનિર્ભર ધોરણે જે યુનિવર્સિટી પ્રયોજકો ચલાવશે અને નિભાવશે. રાજય સરકારની યુનિવર્સિટીની દરખાસ્તની ચકાસણી માટે એની દરખાસ્તની અને પ્રોસેસીંગની વ્યવસ્થા કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના પણ આમાં નિયંત્રણો છે તે અંગે યુનિવર્સિટીનું મુખ્ય મથક જાહેર કરવાની સત્તા એ રાજય સરકારની રહેશે. ખાનગી યુનિવર્સિટીની રચના માટે અરજી કરવાનું સ્વરૂપ અને નિયમો બનાવવાની સત્તા સરકારને છે. યુનિવર્સિટીની સ્થાપના માટે અરજી કરનાર સ્પોન્સરીંગ બોડી પ્રોજેકટ રિપોર્ટની બાબતો સમાવવા અંગેનો નિર્ણય લેવાની સત્તા એ રાજય સરકારને રહેશે. સંબંધિત યુનિવર્સિટીનું પ્રથમ સ્ટેચ્યુટ મંજૂર કરવાની, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાની, સાથે સાથે અનુગામી સ્ટેચ્યુટ મંજૂર કરવાની, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાની અને સંબંધિત સૂચનોના પ્રથમ અધ્યાદેશ મંજૂર કરવાની અને રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાની સત્તા રાજય સરકારને રહેશે. સંબંધિત યુનિવર્સિટીના અનુગામી અધ્યાદેશ મંજૂર કરવાની અને રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાની સત્તા એને રહેશે. ખાનગી યુનિવર્સિટીના અધ્યયન, પરીક્ષા, સંશોધન અને યુનિવર્સિટીને લગતી બીજી બાબતોના ધોરણોનું મૂલ્યાંકન કરવા અને એ અંગેના નિયમો ઘડવાની ધોરણોની સત્તા રાજય સરકારને રહેશે. પ્રસ્તુત મંડળ વિસર્જન કરવા માગતા હોય ત્યારે તે અંગે રાજય સરકારને નોટિસ આપવી જોઈએ અને યુનિવર્સિટીના આવા વિસર્જનની નિયમોથી ઠરાવની સત્તા સરકારને રહેશે. યુનિવર્સિટીની તમામ અસ્ક્યામતો અને જવાબદારીઓ પુરસ્કર્તા મંડળ અને સ્પોન્સર્સ બોડીમાં નિહિત કરવાની બાબતે નિયમોથી ઠરાવવાની સરકારને સત્તા રહેશે. જે સત્તાઓને હેતુઓ ધરાવતી બીજી સંસ્થાઓમાં નિહિત કરવા અંગેની રીત નિયમોથી રાજય સરકારની રહેશે. જાહેરનામામાંથી નિયમો જે રાજય સરકાર કરશે તેમાં યુનિવર્સિટી, સંસ્થા, કૉલેજોના અભ્યાસક્રમ અનુસાર વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષણ, તાલીમ અને પરીક્ષા માટેની થતી જોગવાઈ એ નિયમન માટે રાજય સરકારને રહેશે. પ્રસ્તુત અધિનિયમમાં ત્રણ વર્ષની અંદર ઉભી થતી મુશ્કેલીઓ દૂર કરવા અધિનિયમમાં સુસંગત એવી જરૂર જણાય એવી એને સત્તાઓ મળશે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની ખાનગી યુનિવર્સિટી વિધેયકમાં સંપૂર્ણ સ્વયં સ્પષ્ટ વિગતો છે અને હું માનું છું ત્યાં સુધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જે પ્રકારે શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે, ગુજરાતના વિદ્યાર્થીઓને આ લાભ આપવો હશે તો ખાનગી યુનિવર્સિટીઓને પણ ઘણું પ્રાધાન્ય આપવું પડશે. તે પ્રમાણે પ્રાધાન્ય આપવાની વિગતો રજૂ કરી છે ત્યારે માનનીય સભ્યશ્રીઓ એને સમર્થન આપે એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક-૨૦૦૯ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે. માનનીય અર્જુનભાઈ અને માનનીય શકિતસિંહે શરૂઆતમાં જે વાત કરી, ક્નકરન્ટ સબ્જેકટ અને એના સંદર્ભમાં એ વાત સાથે સંપૂર્ણ સંમત થવાની સાથોસાથ આ વિધેયક લાવવા પાછળ સરકારનો જે આશય છે એ છે કે જ્ઞાનનો વ્યાપ વધે, સગવડો સારી મળે અને અભ્યાસની ગુણવત્તામાં વધારો થાય આ ઉદ્દેશો સાથે પણ સંપૂર્ણ સહમત થવા કેટલીક વાતો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય જ્ઞાન આયોગ અને તેના અધ્યક્ષશ્રી સામ પિત્રોડાએ સરકારને રિપૉર્ટ સબમિટ કર્યો. એમાં સ્વીકાર કરવામાં આવ્યો કે, આ દેશમાં ૧૫૦૦ જેટલી યુનિવર્સિટીઓની જરૂરિયાત છે. અગાઉનો સમય એવો હતો કે, ગુજરાતમાં દસેક યુનિવર્સિટીઓ હતી. પાછલા થોડાક વર્ષોમાં એમાં વધારો થઈને આપણે ૩૮ સુધી પહોંચ્યા છીએ અને જે રીતે આગળ જઈ રહ્યા છીએ એ જોતાં બીજી ૩૦-૪૦ યુનિવર્સિટીઓ આવનારા ૪-૫ વર્ષમાં ઊભી થાય તેવી શક્યતાઓ છે અને એ સંદર્ભમાં ખાનગી યુનિવર્સિટી માટેનું કોઈ વિધેયક લાવવાનો વિચાર કરવામાં આવે તો એ વાત સુસંગત છે એમ સ્વીકારીને પણ આપણે આગળ ચાલીએ તો આપણા બધાનો આશય એ છે કે, શિક્ષણ અને વિદ્યાર્થીઓના વ્યાપક હિતોની જાળવણી આ વિધેયકથી થવી જોઈએ અને જ્યારે આપણે શિક્ષણ અને વિદ્યાર્થીઓના વ્યાપક હિતની જાળવણીની વાત કરતા હોઈએ ત્યારે હું સમજું છું કે, આ સંદર્ભમાં સરકારની નીતિ અને સરકારની વિચારધારા ખૂબ જ સ્પષ્ટ થાય એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સરકારનો રોલ શું? ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ખાનગી શિક્ષણનો રોલ શું? શું સરકાર ઉચ્ચ શિક્ષણની તમામ જવાબદારીઓ ખાનગી ક્ષેત્ર ઉપર નાખી દેવા માગે છે કે, સરકાર પોતે પણ કેટલીક જવાબદારીઓ ઉપાડી અને સરકારી ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે એક મુક્ત હરીફાઇનું વાતાવરણ ઊભું થાય. તે વાતાવરણમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવી શકાય એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માગે છે? આ નીતિ અને વિચારધારા સ્પષ્ટ કરવી પડશે અને તે વિચારધારા સ્પષ્ટ નહીં કરીએ તો હું સમજું છું કે, ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં આપણે વાતો કરી રહ્યા છીએ તે હિતોના બદલે ક્યાંક વિદ્યાર્થીઓનું અહિત કરવા તો નથી જઈ રહ્યાને? એની ચિંતા આ ગૃહમાં બેઠેલા આપણે સૌએ કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ આવ્યા છે એમાં આ વિધેયક ખાનગી યુનિવર્સિટી માટેનું વિધેયક છે અને હું સમજું છું કે, આવનારા દિવસોમાં આ યુનિવર્સિટી આવું કરવા માગતી હશે એમને આ વિધેયક લાગુ પડવાનું છે એ દિશામાં આગળ વધી રહ્યા છીએ. અનુસૂચિમાં જણાવેલ યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી છે અને શરૂઆત કરી છે અને એમાં ૪ યુનિવર્સિટીઓના નામ જણાવ્યા છે.હું માનનીય મંત્રીશ્રી પાસેથી થોડીક સ્પષ્ટતા માગું છું આ સંદર્ભમાં કે હવે પછી જ્યારે બીજી સંસ્થાઓ યુનિવર્સિટી બનાવવા માટેની

માગણી કરશે તે વખતે આપણે આ સભાગૃહ પાસે આવવાના કે નહીં આવવાના? ક્યાંક કોઈક રીતે આ સભાગૃહના અધિકારો તરફ આપણે તરાપ મારીએ છીએ કે નથી મારતા, એમણે એમના ઓપનીંગ જે પ્રવચનમાં પણ ઉલ્લેખ કર્યો કે જે કોઈ અરજીઓ આવશે એની ચકાસણી કરવા માટે ચકાસણી સમિતિ બનાવવામાં આવશે. એનો અર્થ એ થયો કે આવી ચકાસણી સમિતિ હજી સુધી બનાવવામાં આવી નથી અને જો આવી ચકાસણી સમિતિ બનાવવામાં ન આવી હોય તો આજે આપણે ચાર યુનિવર્સિટીઓને માન્યતા આપવાની કામગીરી કરી રહ્યા છે તો જો ચકાસણી સમિતિ નથી બની તો પછી આ યુનિવર્સિટીઓની અરજીઓની ચકાસણી કેવી રીતે કરવામાં આવી? અને ભવિષ્યમાં જ્યારે આવા સવાલો ઊભા થાય ત્યારે એના માટેના શું માપદંડો અખત્યાર કરવામાં આવશે એના માટેની સ્પષ્ટતા સાહેબ હું સમજુ છું કે જરૂરી છે. બીજું જ્યારે યુનિવર્સિટી સ્થાપવાની વાત કરતા હોઈએ ત્યારે એના ઈન્ડીકેટીવ ઓબ્જેકટીવ્સની સ્પષ્ટતા થાય એ ખૂબ જરૂરી છે અને આ જે વિધેયકનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે એ મુસદ્દામાં કયાંય યુનિવર્સિટીના ઈન્ડીકેટીવ ઓબ્જેકટીવ્સની ચર્ચા કરવામાં આવી નથી. એક યુનિવર્સિટી સ્થાપવા માટે ઓછામાં ઓછી જમીન કેટલી જોઈશે, ઓછામાં ઓછી મકાન બાંધકામની કેટલી જરૂરિયાત ગણાશે, બીજા બધા કેટલા કોર્સીસ એમાં ઓછામાં ઓછા ચલાવવાના રહેશે આ અંગેની કોઈ ચર્ચા આમાં કરવામાં આવી નથી. અભ્યાસ સમિતિ, એના મૂલ્યાંકન, એની લાઇબ્રેરી, એના વિદ્યાર્થીઓની સંસ્થા, એના ધારાધોરણો આ બધી બાબતો હજી અસ્પષ્ટ હોય એવું દેખાય છે. યુ.જી.સી.એ પણ ભૂતકાળમાં એક ગાઈડલાઈન ઈશ્યુ કરી અને એ ગાઈડલાઈનમાં ઓછામાં ઓછી ૫ જેટલી જૂદીજૂદી સ્ટ્રીમના અભ્યાસક્રમો હોય તો માન્યતા આપવી. ઓછામાં ઓછી આટલી જમીન હોય, અર્બન એરીયામાં એનો જૂદો ક્રાઈટએરીયા નકકી કર્યો હતો, ગ્રામીણ ક્ષેત્રમાં એનો જૂદો ક્રાઈટએરીયા નકકી કર્યો હતો. કેટલી ઓછામાં ઓછી જમીન હોય તો યુનિવર્સિટીની માન્યતા આપવી, દરેક વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછું આટલું બાંધકામ હોય તો જ માન્યતા આપી શકાય, આ પ્રકારની લાઇબ્રેરી હોય તો માન્યતા આપી શકાય. આ પ્રકારના સંશોધનની વ્યવસ્થા ઉભી કરી હોય તો જ માન્યતા આપી શકાય, આવા ઘણાબધા ક્રાઈટએરીયા કરવામાં આવે. આ જે વિધેયકનો દસ્તાવેજ આપણી પાસે આવ્યો છે આમાં આવી કોઈ સ્પષ્ટતા થઈ નથી. હું સમજુ છું કે આપણે યુનિવર્સિટી વિધેયક જો પસાર કરવા જઈ રહ્યા હોઈએ અને એની લાંબાગાળાની અસરોની જો આપણે અનુભૂતિ કરતા હોઈએ તો આવી સ્પષ્ટતાઓ અગાઉથી નકકી થાય, એના ધારાધોરણો અગાઉથી નકકી થાય એ હું માનું છું માનનીય અધ્યક્ષશ્રી અત્યંત હિતાવહ હશે. આ વિધેયકની અંદર આ યુનિવર્સિટીઓને વર્ચ્યુઅલ અને દૂરંતર શિક્ષણ આપવાની પણ સત્તા આપવામાં આવી છે અને જો વર્ચ્યુઅલ અને દૂરંતર શિક્ષણ આપવાની સત્તાઓ એને આપણે આપીએ તો એની સામેના ભયસ્થાનો હોય એ ભયસ્થાનોનો પણ આપણે અભ્યાસ કરવો પડે. કઈ એવી દિશામાં તો આપણે નથી જઈ રહ્યાને કે દૂરંતર અને વર્ચ્યુઅલ શિક્ષણના નામે આ બધી સંસ્થાઓને હાટડીઓ ખોલવા માટેની આપણે મંજૂરી આપી રહ્યા હોઈએ અને એ હાટડીઓ ખોલ્યા પછી માત્ર ફી લઈ અને પરીક્ષામાં બેસાડવાની કામગીરી થાય અને આ સંસ્થાઓને આવકનું એક સાધન બનાવી દેવામાં આવે એવી પરિસ્થિતિનું ન નિર્માણ થાય એ માટે પણ આપણે કેટલીક જોગવાઈઓનો વિચાર કરવો પડશે. હું માનનીય મંત્રીશ્રીનું અને આ સભાગૃહનું પ્રકરણ - ૬ના મુદ્દા નં. ૩૧ (૧) ઉપર હું ધ્યાન દોરવા માગું છું. યુનિવર્સિટીના નિયમનની બાબતમાં આ મુદ્દો છે અને એમાં નિયમન કરનારા બોડીની નિમણૂકના સંદર્ભમાં શબ્દો એવા વાપરવામાં આવ્યા છે કે પોતે યોગ્ય ગણે તેવી વ્યકિતની નિમણૂક કરવી. સાહેબ, પોતે યોગ્ય ગણે એવી વ્યકિતની નિમણૂક કરવાની સત્તા જો આપવામાં આવે તો આપણે જે ઉદ્દેશોને લઈને આગળ ચાલ્યા છીએ એ ઉદ્દેશો ફળીભૂત થશે નહીં. એમાં નિષ્ણાત વ્યકિતની નિમણૂક કરવાની જોગવાઈ હોવી જોઈએ અને એના ક્રાઈટ એરિયા નક્કી થાય અને એ ક્રાઈટ એરિયાને સુસંગત થતી હોય એવી નિષ્ણાત વ્યકિતની નિમણૂક થાય તો જ આપણે આપણા ઉદ્દેશની દિશામાં આગળ જઈ શકીએ.માનનીય અધ્યક્ષશ્રી, આ અધિનિયમના પેઈઝ બે ઉપર કેટલીક વ્યાખ્યાઓ આપવામાં આવી છે એમાં અધ્યાપકની વ્યાખ્યા તરફ હું ધ્યાન દોરવા માગું છું. એમાં અધ્યાપકની વ્યાખ્યામાં કહેવામાં આવ્યું છે કે પ્રોફેસર, રિડર, લેકચરર અથવા અન્ય કોઈ વ્યકિત. સાહેબ આપણે કેટલા ગંભીર છીએ એનો વિચાર કરવો પડશે. આપણે અધ્યાપકની વ્યાખ્યા નક્કી કરીએ અને એની અંદર અન્ય કોઈ વ્યકિત કરી એને જો છૂટું મૂકી દઈશું તો સાહેબ હું માનું છું કે ચોકકસાઈપૂર્વક યોગ્ય શબ્દોના અહીંયા ઉપયોગ થાય અને જેના કારણે અર્થનું અનર્થ ના થાય, અર્થનું જુંદું અર્થઘટન કરવાની તક ઊભી ના થાય એવી જોગવાઈ કરવાની આની અંદર જરૂરિયાત છે.

સાહેબ, યુનિવર્સિટીની સત્તા અને કાર્યો એના મુદ્દા નં.૭ ઉપર હું ધ્યાન દોરવા માગું છું. સાહેબ, એક પદ્ધતિ કેટલુંક વિદેશોમાં જે ચાલતું હોય એનું આપણે અનુકરણ કરી લઈએ છીએ. યુનિવર્સિટી એ એક ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થા છે અને આ ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થાની આપણે વાત કરતા હોઈએ સાહેબ, એમાં શાળા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. વિદેશોમાં સ્કૂલ શબ્દનો ઉપયોગ એક બૃહદ અર્થમાં વિદેશોમાં વપરાય છે. પરંતુ આપણે ત્યાં શાળા શબ્દ એ સ્કૂલ માટે વપરાતો શબ્દ છે અને ઉચ્ચ શિક્ષણના પરવ્યુની બહાર છે. આપણા અગાઉના યુનિવર્સિટી એકટની અંદર પણ આ જ રીતે ઉલ્લેખ્ કરવામાં આવ્યો છે અને એના કારણે કેટલીક ગેરસમજો પણ ઊભી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ શબ્દના સંદર્ભમાં વિચાર કરીને પણ અનુકૂળ શબ્દ મૂકાય એ સંદર્ભમાં વિચાર થવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી સ્થાપવાના મુદ્દા નં.૭ ઉપર હું ધ્યાન દોરવા માગું છું. સાહેબ, એમાં લખ્યું છે આવી સંસ્થાને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કોઈ અનુદાન મળશે નહિ. સાહેબ, રાજ્ય સરકારની વાત સમજી શકાય પણ જ્યારે કેન્દ્ર સરકારનો સ્પેસિફિક ઉલ્લેખ કર્યો છે ત્યારે આપણા વિભાગે કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરી હશે અને જો કરી હોય તો એની માહિતી પણ માનનીય મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ મૂકે તો અમને પણ શું ચર્ચા થઈ એનો ખ્યાલ આવી શકે આ સંદર્ભમાં.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીના અધિકારી મંડળોના મુદ્દા નં.૨૦(જ) ઉપર હું ધ્યાન દોરવા માગું છું. સાહેબ, એવો આક્ષેપ સતત થયા કરે છે કે આ સરકાર પાંચ ઉદ્યોગપતિઓની સરકાર છે. કેટલાક ઉદ્યોગપતિઓના ઈશારે ચાલે છે. સાહેબ, સાચું - ખોટું શું એ ચર્ચામાં હું પડવા માગતો નથી પણ સાહેબ, ૨૦(જ)માં જે જોગવાઈ ઉમેરવામાં આવી છે કે આ સંસ્થાના ગર્વનિંગ બોડીમાં કોણ કોણ હોઈ શકે અને સાહેબ એમાં લખવામાં આવ્યું કે નામાંકિત ઉદ્યોગપતિની નિમણૂંક ગર્વનિંગ બોડીમાં કરવાની ફરજિયાત છે. સાહેબ, આપણે શિક્ષણની વાત કરી રહ્યા છીએ. શિક્ષણમાં શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો જે શિક્ષણમાં ઉપયોગી થઈ શકે એમની વાત કરી રહ્યા છીએ પાછલા બારણેથી ઉદ્યોગપતિઓને ગર્વનિંગ બોડીમાં મૂકવાની વાત નથી કરી રહ્યા સાહેબ અને એટલે જે સંસ્થાને કોઈ ઉદ્યોગપતિને લેવા હશે તો લેશે. એમને જરૂરિયાત જણાય તો લેશે પણ કાયદાથી એને કાયદાથી ફરજિયાત બનાવવાની જરૂરિયાત કયાં ઊભી થઈ એ હજુ મને સમજમાં આવતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌથી ચિંતા છે કે વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળવું જોઈએ. આપણી એ પણ ચિંતા છે કે વિદ્યાર્થીઓનું ફીના સંદર્ભમાં શોષણ થવું જોઈએ નહિ અને એટલા માટે જ આ વિધેયકની અંદર પ્રાવધાન પણ મૂકવામાં આવ્યું કે રાજ્ય સરકારના ફી નિયમનના સંદર્ભમાં જે કોઈ નિર્ણયો હશે અથવા તો જે કાંઈ સમિતિ કે એની ચકાસણી માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હશે એ વ્યવસ્થાનું આ યુનિવર્સિટીઓએ પાલન કરવાનું રહેશે. આ એક જોગવાઈ પણ મૂકવામાં આવી છે. પરંતુ હજી તો આ ચાર સંસ્થાઓ અસ્તિત્વમાં નથી આવી. આપણે આજે ચર્ચા કરી રહ્યા છીએ આજે વિધેયક વિધાનસભા ગૃહમાં મૂકાયું છે અને એમ છતાંય આ ચાર સંસ્થાઓને મંજૂરી મળી ગઈ હોય એ રીતે એ સંસ્થાઓ પોતાની ફી નક્કી કરી નાંખે અને એ સંસ્થાઓ એડમિશન આપવાની જો પ્રોસેસ શરૂ કરીને એની ખાતરીઓ આપવા માંડે તો સરકારનું નિયમન આ સંદર્ભમાં કેટલું રહેશે એ બાબત ઉપર બહુ મોટી શંકા ઊભી થાય છે અને આવી ફરિયાદો અમારી પાસે આવી છે એટલે હું સમજું છું કે, આ ગંભીર પ્રકારની ફરિયાદો મંત્રીશ્રી પાસે આવી હશે અને જો કાયદો અમલમાં આવ્યા પહેલાં જો આ પ્રકારની પ્રવૃત્તિઓ ચાલતી હોય તો સરકારે એને ખૂબ ગંભીરતાથી લઈ અને એને ડામવાનો પ્રયત્ન કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી ઘણા બધા મુદ્દાઓ એવા છે કે જે થોડો વધારે વિચાર માગે છે. ક્યાંક ક્યાંક એક લાંબાગાળાનો નિર્ણય કરવાની દિશામાં આપણે જઈ રહ્યા છીએ, આ બીલ આવનારા દિવસોમાં ગુજરાતમાં શિક્ષણનો ઢાંચો બદલી નાખશે અને એવો નિર્ણય જ્યારે આપણે કરવા જઈ રહ્યા હોઈએ ત્યારે તેમાં પૂરતી ચોકસાઈપૂર્વક કયાંય કોઈ ખોટા શબ્દનો ઉપયોગ નથી થતોને, કયાંય કોઈ છટકબારી નથી આપતાને એનો સંપૂર્ણપણે, સર્વગ્રાહી વિચાર થાય છે હું સમજું છું કે, જરૂરી છે અને એટલા માટે આ વિધેયકને આજે-ન-આજે મંજૂર કરવાને બદલે થોડીક વધારે વિચારણા થાય અને સારું વિધેયક તૈયાર થાય એ દૃષ્ટિએ વિધાનસભાની પ્રવર સમિતિને સોંપવું જોઈએ એવી હું આપના થકી મંત્રીશ્રીને માગણી કરું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક લઈને જે આદરણીય શિક્ષણ મંત્રીશ્રી આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિતિ થયા છે એ વિધેયકને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના દૂરંદેશી ધરાવતા મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતના યુવાનોની એકવીસમી સદીની જે જરૂરિયાતો છે, જ્યારે સમગ્ર વિશ્વમાં આપણે એકવીસની સદી એ જ્ઞાનની સદી ગણાવી રહ્યા છીએ અને એમાં ભારતના યુવાનો અને સવિશેષ ગુજરાતના યુવાનો માટે જે પૂરતી તકો ઉપલબ્ધ કરાવવા માટેનો જે અભિગમ છે એ ત્યારે જ શકય બને કે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પણ ક્રાંતિકારી ફેરફારો લાવવામાં આવે. વિકસિત દેશોએ જે પ્રક્રિયાઓ પાછલા પચાસ વર્ષોમાં કરી છે, દરેક દેશની અંદર વિકસિત દેશમાં ગ્રાન્ટ ઈન એઈડ અને સ્ટેટ યુનિવર્સિટીઓ અને સાથે સાથે ખાનગી યુનિવર્સિટીઓને પ્રોત્સાહન આપવાનો અભિગમ એ દેશોએ જ્યારે સ્વીકાર્યો એમાંથી જ એ દેશોની વિકાસની પ્રક્રિયામાં ઓર ઝડપ આવી છે એ નિર્વિવાદ બાબત છે. એટલે એવા સમયે જ્યારે યુથ એમ્પાવર્મેન્ટ, યુવા સશકિતકરણ કરવા માટેનો જે રાજયની સરકારનો જે પ્રયાસ છે એ પ્રયાસના ભાગરૂપે આજે આ ખાનગી યુનિવર્સિટીનું જે બીલ અહીંયા આવ્યું છે એમાં માનનીય સભ્યશ્રીઓએ ખાસ કરીને વિપક્ષના શ્રી સિદ્ધાર્થભાઈએ જે અવલોકનો કર્યા છે, એ એમના હાર્દ સાથે સંમત થવા છતાં એમણે જે કેટલાક અવલોકનો કર્યા છે એની પણ હું એમ માનું છું કે, આ વિધેયકની અંદર પૂરતી કાળજી લેવામાં આવી હોય એવા અનેક મુદ્દાઓ અને અનેક કલમો એમાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી કોઈ પણ સિસ્ટમ હોય એને એબ્યુઝ કરવા માટેની જે કંઈ સિસ્ટમ હોય જે કોઈ એના અભિગમો હોય એની સામે પણ પૂરતું ચેક - બેલેન્સ થઈ શકે એ પ્રકારની જોગવાઈઓ સરકારના નિયંત્રણો દ્વારા સ્ટેચ્યુટને એપ્રુવ કરાવવાથી માંડીને એના હોદ્દેદારોની નિમણૂકો કરવાની બાબતમાં પણ રાજય સરકારની જે સુપરવીઝન છે એ આની અંદર જોગવાઈ કરવામાં આવેલી છે એટલે

હું એમ માનું છું કે, આવતા વર્ષોમાં આપણા રાજયના જે કોઈ લોકોને શિક્ષણના ક્ષેત્રે ઉમદા કાર્ય કરવા માટેનો જે આ રાજયના લોકોનો જે અભિગમ છે, પછી એ વિદેશોમાં વસતા આપણા એન.આર.જી.ઓ હોય કે અહીં વસતા ઉદ્યોગપતિઓ, મને ઘણીવાર એમ હાસ્યાસ્પદ લાગે છે કે, ઉદ્યોગપતિ એ શબ્દ એ શા માટે એને જુદા અર્થમાં કારણ કે, ઈટ ઈઝ નોટ એ બેડ વર્ડઝ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ જેના ઉપર તો સમગ્ર રાજય અને સમગ્ર દેશનું અર્થતંત્ર જેના ઉપર નિર્ભર છે.એના માટે આપણે ઉદ્યોગપતિની નિમણૂક કે ઉદ્યોગપતિનો ઉલ્લેખ. ઉદ્યોગપતિએ એક વ્યાપક શબ્દ છે. Industrialist, ઉદ્યોગપતિ હોય એ વ્યવસાયકારી હોય અને વ્યવસાયકારી શિક્ષણ કારણકે આધુનિક જે શિક્ષણ છે એમાં યુથ એમ્પાવરમેન્ટ જે છે એ મુખ્યત્વે ઉદ્યોગોની જરૂરિયાત અને યુવાનોને જે રોજગારી મેળવવી છે આજે જે પ્રશ્ન છે એ છે કે એકબાજુ ઉદ્યોગો એમ કહે છે કે અમને સ્કીલ્ડ યુવાનો, નોલેજેબલ માણસો મળતા નથી જયારે બીજીબાજુ યુવાનો એમ કહે છે કે અમને નોકરી મળતી નથી. આ બે વચ્ચેની ગેપ જો આપણે પૂર્ણ કરવી હશે તો ઉદ્યોગપતિઓને પણ ઉચ્ચ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની સાથે ટેકનિકલ અને પ્રોફેશનલ એજયુકેશનના ક્ષેત્રમાં આપણે જોડવા પડશે અને એ જોડવા માટેનો જે પ્રયત્ન કરવામાં આવ્યો છે એને હું જરૂરથી આવકારું છું. કોઈપણ રાજયનો વિકાસ કરવો હોય તો જે રિસોર્સીસ છે એ રીસોર્સીસનું મહત્તમ યુટીલીઝેશન, ઓપ્ટીમમ યુટીલીઝેશન ઓફ રીસોર્સીસ દ્વારા જ સમૃદ્ધિનું સર્જન થઈ શકે છે અને સમૃદ્ધિનું સર્જન કરવું હોય તો રીસોર્સને વેલ્યુ એડીશન કરવું પડે. આજે ભારત એક સદભાગી દેશ છે અને ગુજરાતની અંદર જયારે ૫૦ ટકા કરતા વધારે યુવા વર્ગ હોય ત્યારે એનું મુલ્ય વર્ધન કરવા માટેનો આ જે એપ્રોચ છે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ દ્વારા આપણે જે નવી વધારાની યુનિવર્સિટીઓ, ભાઈશ્રી સિદ્ધાર્થભાઈએ સાચું જ કહયું કે આવતા વર્ષોમાં ૩૫થી ૪૦ નવી યુનિવર્સિટીઓ ગુજરાતની અંદર સ્થપાય અને આ યુનિવર્સિટીઓ પણ કેવા પ્રકારની હશે? હું એક દ્રષ્ટિથી જોઈ શકું છું કે સેકટર સ્પેસીફીક યુનિવર્સિટી ઉભી થઈ શકે જેમકે ફાર્માશ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ અને ફાર્માશ્યુટીકલ વ્યવસાય સાથે સંકળાયેલો વર્ગ હોય એ ફાર્મસી અને કેમિકલના ક્ષેત્રમાં નોલેજ લઈ PHD કરી શકે એવા પ્રકારની યુનિવર્સિટીઓ કે જેમાં consultancy work થી માંડીને વિદ્યાર્થીઓ જે તૈયાર થાય તે એ સેકટરને અનુરુપ વિદ્યાર્થીઓ તૈયાર થઈ શકે. એ જ પ્રકારનું એન્જીનીયરીંગ, ટેક્ષટાઈલ આ જુદાજુદા ક્ષેત્રોની અંદર નિષ્ણાતોને તૈયાર કરવા માટે જે તે સેકટરના ઉદ્યોગ ગૃહો એકઠા થઈને એમના એસોશિએશન મારફતે આવી યુનિવર્સિટીનું પણ નિર્માણ કરી અને એનો ઈનડાયરેકટ બેનીફીટ જે પોતે પોતાની જરૂરિયાતો છે એને સંતોષવા માટે કરી શકે અને યુવાનોને રોજગારીની એમ્પલ તકો ઉભી થઈ શકે. હમણાં જ આપણે વાઈબ્રન્ટ ગુજરાત વખતે પણ જોયેલું કે Jain International Trade Organisation દ્વારા પણ આવી યુનિવર્સિટી સ્થાપવાની ભાવના વ્યકત કરવામાં આવી હતી. હું એમ માનું છું કે આવી ખાનગી યુનિવર્સિટીઓ માટેનું જે ફેસીલીટેશન આ વિધેયક દ્વારા થઈ રહયું છે એનું જે રેગ્યુલેટરી મિકેનીઝમ જે ઉભું થઈ રહયું છે તેમાં હમણાં કહેવામાં આવ્યું કે ચાર યુનિવર્સિટીના નામનો આમાં સમાવેશ થયો પણ એની સ્કુટીની, એની કમિટીની હજુ રચના થઈ નથી. મારે સભાગૃહનું ધ્યાન દોરવું છે કે એના માટે ઓલરેડી સ્કુટીની સહિત જે પ્રક્રિયા છે એ પરિપૂર્ણ કરીને એમને લેટર ઓફ ઈન્ટેન્ટ સુદ્ધાં ઈશ્યુ કરી દેવામાં આવ્યા છે એટલા માટે હું એમ માનું છું કે આ ચારેય યુનિવર્સિટીઓને આપણે આ વિધેયકની સાથે યુનિવર્સિટીના સ્ટેટસની અંદર લઈ જવામાં કોઈ illegitimate કે ઈરેગ્યુલર કાર્યવાહી થતી હોય એવું હું માનતો નથી. જો આપણે સાચા સ્પિરીટથી જો ગુજરાતની પ્રજાનો ચાર ચોપડી ભણેલા ભુતકાળના વડીલોએ ગામડે ગામડે શાળાઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ ઉભી કરવામાં જે સહયોગ આપ્યો છે જેના કારણે આજે હજારો, લાખો યુવાનોએ પોતાના ભવિષ્યને બદલ્યું છે એવા પ્રકારની જે ભાવનાશાળી આપણા રાજયની જે પ્રજા છે એને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં જો આપણે જોડવી હોય અને એના માટે કરોડો, અબજો રૂપિયાનું મૂડીરોકાણ, એના માટે આપણા સરકારના પ્રજા ઉપર કોઈપણ પ્રકારનો ટેકસ નાખ્યા સિવાય, સરકારે કોઈ ખર્ચ કર્યા સિવાય અબજો રૂપિયાનું મૂડીરોકાણ જેના દ્વારા અર્થતંત્રની અંદર એના જી.એસ.ડી.પી.માં જેનો વધારો થઈ શકે કારણકે આજે વિદ્યાર્થીઓને અને એના વાલીઓને પણ, મારો અનુભવ છે કે વાલીઓ આજે એટલા જાગૃત બન્યા છે કે એમની પોતાની ખરીદ શકિત વધી છે.એના કારણે એ પોતાના બાળકોને ભવિષ્ય માટે જે જરૂરી ખર્ચ હોય તે કરવાની તૈયારી સાથે ઉચ્ચ શિક્ષણની અંદર બાળકોને સમૃદ્ધીકરણ કરવાની, સશક્તિકરણ કરવાની દિશામાં જાગૃત બન્યા છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા, શિક્ષણ વિભાગ દ્વારા જે પ્રકારનું બિલ આજે આ સન્માનનીય વિધાનસભા ગૃહ સમક્ષ લાવી રહ્યા છે, એના કારણે આવતા દશકામાં, આવતા ૧૦ જ વર્ષમાં આના પરિણામો ખૂબ સુંદર આ રાજ્યના વિકાસ માટે પણ જોવા મળવાના છે, કારણ કે ભારતની કેન્દ્ર સરકાર પણ આ સમગ્ર વિષયને સામ પિત્રોડાનો ઉલ્લેખ કર્યો. સામ પિત્રોડા પણ એમ માનતા હોય કે ૧૫૦૦ યુનિવર્સિટીઓની જરૂરિયાત છે, ત્યારે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યે અને પ્રગતિશીલ સરકારે આવા પ્રકારના પ્રગતિશીલ નિર્ણયો લઈ આવી યુનિવર્સિટીઓ સ્થાપવા માટેનો જે અભિગમ અપનાવ્યો છે, તે સાચે જ ધન્યવાદને પાત્ર છે. મને એમ લાગે છે કે આ પ્રકારની સ્પેશ્યલાઈઝ યુનિવર્સિટીઓ ગુજરાતની અંદર આપણે અલગ આઈ.આઈ.એમ. સહિતનું કેમ્પેસિંગ ડેવલપ કરીને ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટેની નામના પ્રાપ્ત કરી રહ્યા છીએ. એ આવતા વર્ષોમાં એ સ્તરે પહોંચી શકશે કે જ્યારે ગુજરાતના હજારો, લાખો પરિવારો વિદેશ વસે છે, ત્યારે સૅકટર સ્પેસિફિક અભ્યાસ માટે વિદેશ વસતા પરિવાર તેમના બાળકોને ભારતમાં, ગુજરાતમાં અભ્યાસ કરવા માટે મૂકવા માટેની પણ એમની ઇચ્છા એમાંથી વ્યક્ત થશે. દા.ત.

ફાર્મસી કે મૅડિકલ એજ્યુકેશન વિકસિત દેશમાં એટલું બધુ મોંઘુ થતું હોય છે, જેનાથી એમના બાળકોને એ ભણાવવાની ઇચ્છા રાખતા હોવા છતા ખર્ચના કારણે એ પહોંચી શકતા નથી. એવા વિદ્યાર્થીઓ ગુજરાતની અંદર આવી ઇન્સ્ટિટ્યૂટમાં આવીને કામગીરી કરી શકે. આપણે ગઈકાલે નિરમા યુનિવર્સિટી અને એનું જે સરદાર પટેલ યુનિવર્સિટીનું વિધેયક ચેઈન્જિંગનું પસાર કર્યુ, એ વખતે માનનીય સભ્યશ્રીઓએ પૉઝિટિવ ઈન્ડિકેશન્સ આ યુનિવર્સિટીઓની કામગીરી માટે આપ્યા છે. એ જ બતાવે છે કે સમગ્ર સભાગૃહના સૌ સભ્યશ્રીઓએ આ પ્રકારના અભિગમના હાર્દ સાથે સંમત છે. જ્યારે કોઈપણ વિધેયક આ વિધાનસભા ગૃહ દ્વારા પસાર કરવામાં આવે ત્યારે એમાં કોઈપણ પ્રકારના લેકુના કે તૃટિઓ ભવિષ્યમાં પણ ધ્યાનમાં આવે તો એમેન્ડમેન્ટ દ્વારા આ વિધાનસભા ગૃહ દ્વારા જરૂરી સુધારા વધારા આપણે કરી શકતા હોય, ત્યારે આવા વિધેયકને વિલંબમાં નાખીને પ્રવર સમિતિ સુધી લઈ જવાની જરૂરિયાત મને જણાતી નથી. એટલે આ જે વિધેયક માનનીય શિક્ષણમંત્રીશ્રી જે લઈને આવ્યા છે, એમાં રાજય સરકાર નિયમન માટે અંદાજે ૧૫ જેટલી કલમો સમાવેશ કર્યો છે, જેના કારણે ખાનગી યુનિવર્સિટી અને સંચાલકો મનમાની ન કરી શકે અને વિદ્યાર્થીઓના હિતમાં, શિક્ષણના હિતમાં, રાજયની પ્રજાના હિતમાં આ પ્રકારના ઈન્સ્ટિટયૂશન્સ, આ પ્રકારની સંસ્થાઓનો વ્યાપ વધે અને વિશ્વભરમાં જ્યાં જ્યાં દા.ત. અમૅરિકા જેવા સ્ટેટમાં પણ કૅલિફોર્નિયામાં ફ્રેન્ફર્ટ કે બકલી પ્રકારની યુનિવર્સિટીઓ હોય તો ત્યાં જ સીલીકોન વેલી અને સોફ્ટવેર અને આઈ.ટી.નો વિકાસ થઈ શક્યો છે. ડૅવલપમેન્ટ હંમેશા યુનિવર્સિટીઓમાં થાય છે અને એ પછી ઉદ્યોગમાં આવતું હોય છે. એટલા માટે જે પેરી ફરી ડૅવલપમેન્ટ છે, તે હંમેશા યુનિવર્સિટીઓની આજુબાજુ થતું હોય છે. ગુજરાત જ્યારે સ્વપ્ન જુએ છે કે ભારતના વિકાસમાં ગુજરાતે જે ગ્રોથ એન્જિન તરીકે કામગીરી કરવાની દિશામાં દેશના વિકાસના દર માટે રાજયના વિકાસને ઉચ્ચ ઝડપે જે લઈ જવા માટેનો વેગ છે, એના માટેનું આ એક મોટું કેટલિસ્ટ, ઉદિપકનું કામ આ બિલ કરવાનું છે, એટલા માટે હું આ બિલને મારું સમર્થન આપું છું અને હ્દયપૂર્વક માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રીને ધન્યવાદ આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક ૨૦૦૯ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ પહેલાં હું જે બોલ્યો હતો કે આપણા જે અધિકારો છે તે અધિકારો આપણે એક્ઝિક્યુટિવને સુપરત કરી રહ્યા છીએ અને તેનું પ્રતિપાદન આ બિલમાંથી થઈ રહ્યું છે. અહીંયાં અનુસૂચિમાં બતાવ્યું છે, અનસૂચિની કલમ-૩ જુઓ તેમાં આ બિલના આધારે જ ચાર યુનિવર્સિટીઓને માન્યતા અપાયેલી છે અને તેની અનુસૂચિ આજે આ ગૃહ સમક્ષ રજૂ થઈ રહી છે અને આ યુનિવર્સિટીમાં મોટાભાગે આપણામાંથી અમદાવાદ યુનિવર્સિટી સિવાયના લગભગ કોઈના બેકગ્રાઉન્ડની આપણને ખબર નથી અને તેના એફીલીએશન રાજય સરકારે આ ચારેના ઓલરેડી લૅટર ઑફ ઈન્ડેન્ટ આપેલ છે. આ બિલ પાસ થયા પછી તેનો એકટ અસ્તિત્વમાં આવી જવાનો છે. આ ચારેનો જુદો એકટ નથી. બધાને આ જ એકટ લાગુ પડવાનો છે. માનનીય અનિલભાઈ અને સિદ્ધાર્થભાઈ બંનેએ અને અનિલભાઈએ તો બહુ સ્પેશીફીક વાત કરી કે સૅકટર સ્પેશીફીક યુનિવર્સિટીઓ બને અને સિદ્ધાર્થભાઈએ વાત કરી કે વધારેમાં વધારે યુનિવર્સિટીઓની જરૂર પડવાની છે. . સૅકટર સ્પેશીફીક યુનિવર્સિટીની આ બિલમાં કોઈ જોગવાઈ નથી. નિરમા પહેલી સૅકટર સ્પેશીફીક યુનિવર્સિટી બની હતી એટલે તેનું નામ નિરમા સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી યુનિવર્સિટી આપ્યુ છે. ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઑફ ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી તે સૅકટર સ્પેશીફીક યુનિવર્સિટી છે. તેને માત્ર આઈ.ટી.ના ક્ષેત્રને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. આ તો બીબાઢાળ યુનિવર્સિટીઓની વાત છે. તેમાં અલગ અલગ રીતે બધી જગ્યાએ છે. આપણે કહીએ સૅકટર સ્પેશીફીક છે તે નથી. માત્ર બીબાઢાળ યુનિવર્સિટીઓ જે રીતે આપણે અત્યાર સુધી બીબાઢાળ કોલેજો બનાવી અને સિદ્ધાર્થભાઈએ ચિંતા વ્યક્ત કરી કે આપણી કૉલેજો કયાં ચાલે છે? દસ માળીયા, આઠ માળીયા કે ચાર માળીયા મકાનની અંદર એક ફલોર લઈને તેમાં કૉલેજ ચાલે છે. આપણી એક કલ્પના હતી કૉલેજો અને યુનિવર્સિટીઓના શિક્ષણની. તેના પણ નિયમો બનાવ્યા હતા. તે નિયમો બનાવનાર આપણે બધા હતા. આજે મારા ગામની અંદર બે કૉલેજો ચાલે છે. આજથી ૫૦ વર્ષ પહેલાંથી બનેલી છે. અમદાવાદની વાત નથી કરતો. અમદાવાદમાં તો ગુજરાત કૉલેજ હોય કે ભાવનગરમાં શામળદાસ કૉલેજ હોય અને ગામની વચ્ચે બીની કૉલેજ હોય જેની પાસે ૧૫ એકર, ૨૦ એકર, ૫૦ એકર જમીન હોય. પણ પોરબંદર જેવા નાના ગામમાં માધવાણી કૉલેજ આવેલ છે તેની પાસે આજે પણ ૪૦ એકર જમીન છે. તેની પાસે સૌરાષ્ટ્રની શ્રેષ્ઠ લાઈબ્રેરી છે. ૪૦ વર્ષ પહેલાં બની છે. ૧૯૪૭ પહેલાં તૈયાર થયેલ ગુરૂ કુલ મહિલા કૉલેજ હોય. આજે તેની પાસે ૯૦ એકર જમીન છે. કારણકે તે વખતનો હેતુ હતો કે જે માનનીય સભ્યશ્રીઓએ કહ્યું તે પ્રમાણે તેને સારું શિક્ષણ, સારી સુવિદ્યા મળે અને તે સંસ્થાઓ આવતા વર્ષમાં યુનિવર્સિટી કક્ષા સુધી પહોંચે તેવા ધ્યેય સાથે આ સંસ્થાઓ બનાવવામાં આવેલી છે. તેના પછી સમય બદલાતો ગયો મારા વખતમાં એક કૉલેજ સ્થપાઈ પોરબંદરમાં. એમ કહેવાય છે કે બહુ સારી ચાલે છે. ૬ એકર જમીન છે માત્ર અને છતાં એમ કહેવાય કે સારી કૉલેજ ગણાય છે. પણ તેના પછી જે અત્યારે કૉલેજો બને છે, એફીલીએશનો અપાયેલા છે, તે ગુજરાત યુનિવર્સિટીમાં હોય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હોય. શરતો શું રખાઈ? દરેક કૉલેજોમાં બીબાઢાળ શરતો હોય. શું હોય કૉલેજમાં લાઈબ્રેરી જોઈશે.

આટલા રૂપિયાના પુસ્તક ખરીદવા જોઈશે. પાંચ એકર જમીન જોઈશે. ઈનડોર, આઉટડોર સ્ટેડિયમ જોઈશે. રમતગમતનું મેદાન, બગીચો આ બધું શરતમાં છે. અને દરેક શિક્ષણ મંત્રીશ્રી કે શિક્ષણ સચિવ છે આ શરતો મુજબનું કૉલેજોનું જાહેરનામુ બહાર પાડે છે અને દર વર્ષે આ શરતો રિપીટ થતી હોય છે, કયારેય ફૂલફીલ થતી નથી, અને અત્યારે હું તો ૨૦૦૦ પછી યુનિવર્સિટી શિક્ષણ સાથે રાજનીતિમાં આવ્યા પછી નથી જતો પણ દરેક જગ્યાએ જઈએ ત્યારે શું હોય? ચોથા માળે કૉલેજ હોય, પહેલાં તો કૉલેજોના આચાર્યો માટે બંગલો આપવો ફરજિયાત હતો, હવે બંગલાની વાત જવા દઈએ અને એમાંય એના રૂલ્સ સ્પેશિફાઈ કરેલા, આજે એ શરતો મુજબ અમુક કૉલેજોને જોડાણો, જૂની કૉલેજો છે એને અપાયેલા છે આજે એ જ શરતો મુજબ ઈન્સ્પેકશન થાય છે, બધુ જ થાય છે પણ ત્યાં ત્રણ માળિયા, ચાર માળિયા મકાનની અંદર એક ફ્લોર કોમર્શિયલ બિલ્ડીંગ હોય એની અંદર એક ફ્લોર ભાડે લઈને કૉલેજો ચલાવે છે, તો શું આપણે આવી યુનિવર્સિટીઓ બનાવવી છે? સરકાર આ હોય કે તે હોય, સરકારના હાથની અંદર આવે ત્યારે દરેક વખતે અપેક્ષા નહી રખાય કે રમણભાઈ અહીંયા શિક્ષણ મંત્રી હશે. ગયા પાંચ વર્ષોની અંદર કેટલીક સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોને, કેટલીક પ્રાથમિક શાળાઓને, સેલ્ફ ફાઈનાન્સ શૈક્ષણિક સંસ્થાઓને મંજૂરી અપાય છે એના દાખલાઓ આપણી પાસે છે જ અને એટલા માટે હું વારંવાર એમ કહું છું કે શિક્ષણ છે એને કયારેય સરકારની દાસી નહીં બનાવવી જોઈએ. આ દાસી બનાવવા માટેનું બિલ છે અને જ્યારે દાસી બનાવવા માટેનું બિલ હોય ત્યારે એનો વિરોધ અમે છેલ્લા અંતિમ સાઈન થશે ત્યાં સુધી અમે કરતા રહેવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત શિક્ષણ મંત્રીશ્રીને કહેવા માગું છું કે, બધા સાક્ષી છે, કે અત્યાર સુધી જેટલી યુનિવર્સિટીઓના, ખાનગી યુનિવર્સિટીઓના બિલ આવ્યા છે એમાં વિરોધપક્ષ તરીકે અમે સહકાર આપ્યો છે, બિલ વિના વિરોધે પાસ કરાવ્યાં છે. વધારે યુનિવર્સિટીઓ આવે એને આવકારવા માટે હંમેશા અમે તૈયાર રહ્યા છીએ. ઈવન એક વખત તો માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સર્વ વિદ્યાલય કડીનું બિલ છેલ્લા દિવસે અમારી રાજકીય મુશ્કેલી હોવા છતાં માત્ર આ એક બિલ માટે થઈને અમે ગૃહમાં હાજર રહી એને સમર્થન આપવા માટે આવેલા. બિલ એજન્ડામાં નહોતું, સવારે આવ્યું અને સાંજે એ બિલ પાસ કરાવ્યું છે. એટલે શિક્ષણના વ્યાપની ચિંતા અમને સૌને છે અને શિક્ષણનો વ્યાપ વધવો જોઈએ અને અમે એમ કહીએ છીએ કે આ ચાર યુનિવર્સિટીઓના સેપરેટ બિલ લઈ આવો. અમારી સાથે, અમારા નેતા સાથે બેસો. એમ કહો કે સમયની મુશ્કેલી છે આપણે એક દિવસમાં ચાર બિલ પાસ કરવાં છે ચારેયની સાથે ચર્ચા વિચારણા કરવી છે અમારી તૈયાર છે એના માટે, પણ અમે કયારેય આ શિક્ષણને રાજનીતિની કે સરકારની દાસી બનાવવાનો પ્રયાસ થશે તો એનો હટીને વિરોધ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, એક તરફથી આપણે જે મલ્ટીરેગ્યુલેશન હતા, મલ્ટીરેગ્યુલેશન હઠાવવાની વાત અત્યારે ચાલી રહી છે, યુજીસી જે હેતુ માટે બનાવેલી છે આટલા અનુભવ પછી એવું દેખાયું કે એમાં આપણને એ રેગ્યુલેશનની અંદર સફળતા મળી નથી. આજે દરેક affiliated કૉલેજો હોય છે, માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે શિક્ષણ મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપણે affiliation આપી દીધું પણ યુનિવર્સિટી પાસે આપણે એનું રજીસ્ટ્રેશન કરવું આ યુજીસી એકટ ટુ એફ હેઠળ ફરજિયાત છે. જો કૉલેજોનું રજીસ્ટ્રેશન ફરજિયાત હોય તો યુનિવર્સિટી આપણે ઈન્ડીપેન્ડેન્ટલી કે આપણે આપણા એકટથી સરકાર આપી શકશે. without sanction of the Vidhansabha અને છતાં આપણે કરી રહ્યા છીએ. હું ખરેખર દિલથી કહેવા માગું છું માનનીય શિક્ષણ મંત્રીશ્રીને કે આપણે આ શિક્ષણનું બિલ લઈ આવીને અહિત કરી રહ્યા છીએ. આપણા હાથે આ અહિત નહીં થવું જોઈએ. હજી સમય છે આપણે ૨૯ તારીખ સુધીનો, આ એક પણ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી શકશે નહીં કારણ કે આ બિલ જ ખામી ભરેલું છે, આપ અલગથી લઈ આવો. અમારા નેતા જોડે ચર્ચા કરો અને ચર્ચા કર્યા પછી અલગથી સમય ફાળવવો પડે, એક દિવસ વધારો તો પણ અમારી તૈયારી છે. પણ જે હાલતો કૉલેજોની કરી છે affliliated collegesની એ હાલત આપણે યુનિવર્સિટીની થવા દેવી નથી. મને આનંદ થાત કે આ જે ખાનગી યુનિવર્સિટીનું બિલ લઈ આવ્યા એની જગ્યાએ આપ ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલનું બિલ લઈ આવ્યા હોત તો ખૂબ આનંદ થાત. આજે આખા દેશની અંદર પરિવર્તનની હવા ચાલે છે. હું રાજનીતિની વાત નથી કરતો પણ એક વીઝનરી શિક્ષણ મંત્રી આવ્યા છે અને એણે એજ્યુકેશનની અંદર રીફોર્મ લઈ આવવાની શરૂઆત કરી છે. જ્યાં ભૂલો થયેલી છે ત્યાં સુધારવાની શરૂઆત કરી છે. આપણે સૌએ સ્વીકાર્યુ છે કે આવી યુનિવર્સિટીઓની જેમ ક્યાંક ક્યાંક ડિમ્ડ યુનિવર્સિટીઓમાં પણ લૂંટ કરવાવાળા લોકો પેશી ગયા છે. પહેલી વખત નિર્ણય લેવાયો કે હવે કોઈ ડિમ્ડ યુનિવર્સિટીઓ નહીં અપાય. અને ડિમ્ડ યુનિવર્સિટીઓ જે અપાઈ છે એના ઉપર રેગ્યુલેટર બેસાડવામાં આવશે. કારણ કે ડિમ્ડ યુનિવર્સિટીઓએ એમજ કર્યું કે અમે મેરિટ ઉપર એડમિશન આપીશું. પણ પછી શું કર્યું આવી યુનિવર્સિટીઓએ? બધી જ કંઈ ગુજરાત વિદ્યાપીઠ નથી હોતી. પણ એના નામે વેપાર ધંધો કરનારા લોકો આવી ગયા કારણ કે કોઈને કોઈ જગ્યાએ બ્યુરોકશીની અંદર કોઈને કોઈ જગ્યાએ કયાંકને કયાંક એને ફાયદો લઈ એણે ડિમ્ડ યુનિવર્સિટીઓ શરૂ કરી દીધી અને પરિસ્થિતિ એવી થઈ કે એમાં વિદ્યાર્થીઓને લૂંટાવા સિવાય કશું જ નથી રહ્યું. જે કોલેજોની હાલત હતી એજ હાલત છે. આજે જે દેશ છે એ નેશનલ હાયર એજ્યુકેશન કાઉન્સિલ બનાવવા જઈ રહ્યું હોય. એમ.સી.આઈ. એ.આઈ.સી.ટી.ઈ. એન.સી.ટી.ઈ. અને યુ.જી.સી.ને સ્ક્રેપ કરીને. તો આપણે પણ આવી કાઉન્સિલ બનાવવી જોઈએ. આપ એનો જવાબ એવો આપશો કે અમે તો ગુજરાત એજ્યુકેશન ઈનોવેટિવ કાઉન્સિલ બનાવેલી છે. એની પાસે

કોઈ દાંત નથી. એ એવું છે કે માત્ર સલાહકાર બોડી છે. આ જે કલ્પના છે એ કલ્પના ઓટોનોમશ કાઉન્સિલની છે કે જે રેગ્યુલેટ કરે ટ્રાઈની જેમ. રેગ્યુલેટ કરે લેવલ પ્લેઈંગ ફિલ્ડ આપે. એક્રેડિશન કરાવે અને એના ધોરણો નક્કી કરેલા હોય એ ધોરણો પ્રમાણે થાય. આપણે યુનિવર્સિટી માટે જોગવાઈ તો એવી કરેલી છે કે, મીનીમમ ૨૦૦ એકર જમીન હોવી જોઈએ. પણ મારે તો આપણા બધા જ પુરોગામી વડવાઓ છે એને ધન્યવાદ આપવા છે કે એણે ૨૦૦ એકર નહીં પણ ૪૦૦-૪૦૦ એકર જમીનો આપી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે આજે ૪૦૦ એકર જમીન છે, ગુજરાત યુનિવર્સિટી પાસે પણ ૪૦૦ એકર જમીન છે અને ક્યાંક ક્યાંક કોઈ સ્થાપિત હિતોના દબાણથી કોઈ યુનિવર્સિટીની જમીન લેવાનો પ્રયાસ થયો હોય તો અમારા શકિતસિંહભાઈ જેવાએ આમરણાંત ઉપવાસની જાહેરાત કરી છે અને યુનિવર્સિટીની જે જમીન લઈ લેતા હતા એની પાસેથી પાછી લેવડાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એનાથી આપણે જુદી દિશામાં જઈ રહ્યા છીએ. જુદી દિશામાં એટલા માટે જઈ રહ્યા છીએ કે, સેકટર્સ સ્પેસિફિક નહીં, જેમ બિબાઢાળ આટર્સ-કોમર્સ કોલેજો ચલાવી એજ પ્રકારની આ બિબાઢાળ યુનિવર્સિટીઓને આમંત્રણ આપી અને પ્રોફિટીયરીંગ થાય એવી પરિસ્થિતિનું નિર્માણ આપે કર્યું છે. આપનો ઈરાદો નહીં હોય પણ પરિણામ આજ આવવાનું છે, અને એટલા માટે આ રોકવાની જરૂર છે. અનિલભાઈએ ઉદ્યોગપતિઓની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓએ બનાવેલી યુનિવર્સિટીને આ ગૃહે સર્વાનુમતે મંજૂર કરેલ છે. એટલું જ નહીં અનિલભાઈ જેવા ઉદ્યોગપતિ હોય અને ગણપત યુનિવર્સિટી ચલાવતા હોય ત્યારે આ જગ્યાએ બેસીને અનિલભાઈને પણ અમે બિરદાવ્યા છે અને એના શિક્ષકોને પણ અમે બિરદાવ્યા છે. પણ અનિલભાઈ આ તમારા જેવા ઉદ્યોગપતિઓની વાત નથી થતી આ તો માનીતા ઉદ્યોગપતિઓની વાત થાય છે. તમે માનીતા નથી, નહીંતર તો કંઈક હોત. આ માનીતા ઉદ્યોગપતિઓની વાત થાય છે. માત્ર સિધ્ધાર્થભાઈએ આ માનીતા શબ્દો નથી વાપર્યા એટલા માટે હું સુધારો કરું છું આપની સમજમાં ન આવ્યું હોય તો. (અંતરાય) અરે અમે તો માનીતા જ છીએ. દિલીપભાઈ, અમે માનીતા જ છીએ અહીંયા. માનીતા માટે કોઈ પેલાની જરૂર નથી પડતી નંબર વનની દયાની અહીયા માનીતા જ છીએ, નંબર વન ઉપર જ છીએ. અહીંયા હોય, અહીંયા હોય કે અહીંયા હોય એ જરાય ચિંતા કરવાની જરૂર નથી કોઈએ. એ જરાય ચિંતા નથી કરવાની કોઈએ, અહીંયા કોઈ ગુરૂય નથી અને અહીંયા કોઈ ચેલા પણ નથી, અહીંયા માનીતા જ છીએ બધા. (અંતરાય) એ ચિંતા નહિ રાખવાની. અનિલભાઈએ સ્કૂટિનિની વાત કરી, સ્કૂટિનિ બરાબર થવી જોઈએ, સ્કૂટિનિ થઈ છે કે નથી થઈ એ આપણને ખબર નથી, પણ સ્કૂટિનિઓ કેવી થાય છે આપણે ત્યાં, એમાં ઇરાદાનો પ્રશ્ન નથી, જે વ્યવસ્થા હોય છે એ વ્યવસ્થા એવી ક્યારેક ઊભી થાય છે આની અંદરથી, કે એમાં સ્કૂટિનિ યુનિવર્સિટી લેવલે હોય કે સરકાર લેવલે હોય, હું એક સંસ્થા સાથે સંકળાયેલો છું મારી કૉલેજના પ્રિન્સિપાલ છે એ સારામાં સારા ગણાય છે, અને એ હાયર એજ્યુકેશન કમિશનરની મીટિંગમાં આવે, (અંતરાય) આપણે આપણું સુધારી નથી શકતા એની વાત કરું છું, કમિશનર મીટિંગ બોલાવે અને એમ કહે કે, આપણે ઈંગ્લીશ લેંગ્વેજ લૅબૉરેટરી એ બધી જ, લગભગ ૧૨૦ જેટલી લૅબૉરેટરી તો ખાલી ગ્રાન્ટ ઇન એઈડ કૉલેજોને આપી છે, બહુ સારી લૅબૉરેટરી બની છે બધી જગ્યાએ, પણ વ્યવસ્થા કેવી છે, એ ૧૨૦ લૅબૉરેટરીમાંથી ફંક્શનીંગ કરતી લેંગ્વેજ લૅબૉરેટરી કેટલી? તો કહે માત્ર ૯ કે ૧૦, બાકીની બધીજ, એ તમે ૨૫ લાખ ૩૦ લાખ રૂપિયા વાપર્યા હશે એમને એમ પડ્યા છે, ઇરાદો સારો હશે, પણ અહીંયા બીબાઢાળ વ્યવસ્થા છે, યુનિવર્સિટીમાંથી જાય, રિપૉર્ટ કરી દે, ચા પાણી પી લે, નાસ્તો કરી લે, અમારા વખતમાં ચા પાણી નાસ્તાથી ચાલતુ હતું રમણભાઈ, હવે વધારે ચાલવા માંડ્યું છે બીજું, અધિકારીઓની તો કોઈ જવાની વ્યવસ્થા જ નથી કોઈ જગ્યાએ અને સરકાર કરોડો રૂપિયાનો ખર્ચો કરે અને એ ખર્ચો આઈડલ રહે, એમાંથી બહાર નીકળવા માટે આપણે પ્રયાસ કરવો જોઈએ એના બદલે આવી વ્યવસ્થાઓને બળ મળે એ પ્રકારનું બિલ લઈ આવવામાં આવ્યું છે, અહીંયા ચિંતા ઘણી બધી થઈ કે આપણે શિક્ષણ સંસ્થાઓનો વ્યાપ વધારવો જોઈએ, હું ઇચ્છું છું કે આ વ્યાપ વધે, પણ એ વ્યાપ માત્ર પૈસાદાર મા-બાપોના દીકરા-દીકરીઓ માટે નહિ, હવે છેવાડાના લોકોની પણ સૌએ ચિંતા કરવી પડશે, એક સમય એવો હતો કે પ્રાથમિક શાળાએ જવું એ સદ્‌ભાગી મા-બાપના દીકરા જ પ્રાથમિક શાળાએ જઈ શકતા ૧૯૪૭ પહેલાં, આઝાદી આવી એના ફળ બધાને મળતા થયાં, આજે ગુજરાતની અંદર ૧૦૦ માંથી ૩૦ વિદ્યાર્થીઓ છે એ છતાં શાળાએ જઈ શકતા નથી, સરકારી ફિગરો છે હું નથી કહેતો આ, જે ભણવાની ઉમર છે એ વખતે એને ઘરની મજૂરી કરવી પડે છે કે બીજી મજૂરી કરવી પડે છે યુનિવર્સિટી શિક્ષણ તો ૧૯૪૭ પહેલાં પ્રિવિલેઈજ ક્લાસ માટે હતું, આખા ગુજરાતની અંદર ચાર, પાંચ કે સાત યુનિવર્સિટી શિક્ષણ આપતી સંસ્થાઓ હતી, શ્રેષ્ઠ શિક્ષણો અપાતા પણ એ લિમિટેડ લોકો માટે અપાતા, હવે આપણે એમ કહીએ છીએ કે એનો વ્યાપ વધારવો છે, માત્ર પ્રાઇવેટ યુનિવર્સિટીથી આપણો આ પરપઝ સોલ્વ થવાનો નથી, એના માટે આપણી જે ગ્રાન્ટ ઇન એઈડ કોલેજો છે, એની સંખ્યા વધારવી પડશે, એટલું જ નહિ એની ગુણવત્તા પણ વધારવી પડશે, આજે કેવી ગુણવત્તા છે, આપણે બધા જોઈએ છીએ અને છતાં જાણીને આંખો બંધ કરીએ છીએ, હું બીજો કોઈ શબ્દ નહિ વાપરું, જાણીને આંખો બંધ કરીએ છીએ આપણે. લો કોલેજો ચાલે છે, ગુજરાતની અંદર આજે ૯૫ ટકા લો કોલેજોના ખાલી પાટિયા છેઅને જ્યારે ૯૫ ટકા લો કોલેજના પાટિયાં હોય અને માત્ર પરીક્ષા દેવા માટે આવતાં હોય તો એ પરીક્ષાની કવોલિટી કેવી હશે ? અને તેમાંથી લો કાલેજના જે ગ્રેજયુએટો થાય તેમાંથી માનનીય અધ્યક્ષશ્રી આપણાં જે લોઅર જયુડિશરી છે હાયર જયુડિશરી છે તેના જજ બને

છે. તેમાંથી જ સરકારી વકીલો બને છે. અને તેમાંથી જ વકીલો બને છે. આ જયુડિશ્યલ સિસ્ટમની કવોલિટિ સુધારવી હોય આપણે તો આ કોલેજોના શિક્ષણની અંદર સુધારો લઈ આવવો પડશે. માનનીય અધ્યક્ષશ્રી, નિરમા યુનિવર્સિટી છે તે પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ કોર્સ શરૂ કરી શકે તો ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત કે દક્ષિણ ગુજરાત આ યુનિવર્સિટીઓ શુ કામ ના કરી શકે. અને આપણે આ જે પાંચ વર્ષના ઈન્ટીગ્રેટીડ કોર્ષીસવાળા જે વિદ્યાર્થીઓ બહાર આવે તેને થોડાંક બીજા લો ગ્રેજ્યુએટ કરતાં થોડાંક પ્રિવિલેજ વધારે મળે એવી વ્યવસ્થા શું કામ ના ગોઠવી શકીએ. પણ માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો ચાલે છે આર્ટસ એન્ડ કોમર્સની અંદર. કેવી કોલેજો ચાલે છે? ક્લાસની અંદર ૨૫૦-૩૦૦ વિદ્યાર્થીઓને એડમિશન આપેલાં હોય આપણે પૂછીએ કે આ ૨૫૦-૩૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે એવડો મોટો કલાસરૂમ તો છે નહીં ? તો કહે સાહેબ, આમાં તો ૧૦-૧૫ ટકા વિદ્યાર્થીઓ જ આવે છે બાકીના તો પરીક્ષા દેવા માટે થઈને જ આવે છે. છતાં પણ આપણે એમ કહીએ કે આ જે મેન પાવર છે તે ગુજરાતને શ્રેષ્ઠ મેન પાવર આપવો છે તે કયાંથી આપી શકશે. આ માનનીય અધ્યક્ષશ્રી તેનો વ્યાપ વધારવો છે. વર્ષો થયા, ગુજરાત માગણી કરતું હતું કે ગુજરાતની અંદર એક સેન્ટ્રલ યુનિવર્સિટી હોવી જોઈએ. ગુજરાતની અંદર ઈન્ડિયન ઈન્સ્ટ્રીટયુટ ઓફ ટેકનોલોજી હોવી જોઈએ. ગુજરાતની અંદર ઈન્ડિયન ઈન્સ્ટ્રીટયુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજીની સંસ્થા હોવી જોઈએ. ગુજરાત માટે થઈને બીજા રાજયોની અંદર જઈને ગુજરાતનું શિક્ષણ અને તેનો વિકાસ તેના માટે થઈને ભાષણો જરૂર કરી શકાય મોટા મોટા અને દરેક ક્ષેત્રમાં ગુજરાત નંબર વન છે એવી વાત કરી શકાય. પણ એ શાસકો હતા. ગુજરાતમાંથી ચૂંટાય અને કેન્દ્રની અંદર ટોચની જગ્યાએ બેસતા હતા અને અહીંયા પણ પોતાની જાતને નંબર વન કાયમ કહેવડાવતા હતા. પણ આ છ વર્ષના શાસનની અંદર ગુરૂ ચેલાએ એકેય શૈક્ષણિક સંસ્થા ગુજરાતને આપી નહીં. અને પાંચ વર્ષની અંદર યુ.પી.એ.ની સરકાર આવી. આ પાંચ વર્ષની અંદર ગુજરાતને આઈ.આઈ.ટી. ઈન્ડિયન ઈન્સ્ટ્રીટયુટ ઓફ ટેકનોલોજી મળી. ગુજરાતને સેન્ટ્રલ યુનિવર્સિટી મળી. ગુજરાતને ઈન્ડિયન ઈન્સ્ટ્રીટયુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી અહીંયા મળી. આખા દેશની કક્ષાએ કદાચ આ પાંચ વર્ષની અંદર હાયર એજયુકેશનની અંદર ટોચની સંસ્થાઓ ગુજરાતમાં આવી હોય તો એ ડો.મનમોહનસિંહ અને સોનિયા ગાંધીની નેતૃત્વ હેઠળની કોંગ્રેસ સરકારે આવી છે. (અંતરાય) અરે, માગવાની તો બધાને છૂટ હોય છે આપવાવાળા જોઈએ. આપવાવાળા મજબૂત જોઈએ. તમારી પાસે માગવાની હિંમત નહોતી તે વખતે. માગી હોતને તો પણ થઈ શકત. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાંથી નેતૃત્વ કરનારા લોકોએ કશું ના કર્યુ પણ ગાંધીનગરથી કોઈએ નેતૃત્વ નહોતું કર્યુ તે ત્રણે ત્રણ યુનિવર્સિટીઓ ગાંધીનગરમાં અપાઈ. એટલું જ નહીં માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી આગળ જઈને મારે કહેવું છે .(અંતરાય). અરે, એ તો અડવાણીજી આવે ત્યારે માગી આવજો તમે. અમારે આપવું હશે તે અમે આપીશું. અમે માગવા જઈશું. તમારે માગવું હોય તો અહીંયા માગો. અહીંયા માગવા જાવ. ત્યાં હિંમત નથી માગવાની. ૮ કલાક વીજળી માગવાની શકિત નથી તે શું માગવાના છો. આઠ કલાક વીજળી નથી માગી શકતા ખેડૂતો માટે.

**અધ્યક્ષશ્રી :** અર્જુનભાઈ મારી સામે જોઈને વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ માગવા નહોતું ગયું. કોઈ માગવા નહોતું ગયું, પરંતુ અમદાવાદની સિવિલ હોસ્પિટલને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ હેલ્થનો દરજ્જો આપીને ૧૦૦ કરોડ રૂપિયા આરોગ્ય મંત્રીની હાજરીમાં અમદાવાદમાં આપી ગયા. કેમ સૂઝયું નહીં અત્યારસુધી કયાંય? (અંતરાય) અરે **AIMS** તમારા નંબર વન અને ટુ હતા ત્યારે કયાં ગયા હતા માગવા? **AIMS** અમારો એજન્ડા નથી. તમારો એજન્ડા તમે લેજો, મારો એજન્ડા હું લઈશ.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, તમારી ગાડી બીજા પાટે જાય છે. તમે મારી સામે જોઈને બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમારે લઈ આવવું હશે એ અમે લઈ આવીશું. અમારે લઈ આવવું હશે ને એ અમે લઈ આવીશું.

**અધ્યક્ષશ્રી** : અમીતભાઈ, રિસેસ પડવાની છે. તમે બહાર ચર્ચા કરી શકશો. (અંતરાય) સૌરભભાઈ, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પોતાની જાતને છોટે સરદાર કહેવડાવવાનું અને પછી ગુજરાત માટે કશું નહીં કરવાનું. એમ નહીં. અમારે ચૂંટાયેલા હોય કે ના હોય. છતાં ગુજરાત માટે આ નવેનવી ઈન્સ્ટિટયૂટો અમે લઈ આવ્યા છીએ. અને હજુ પણ અમારા એના માટેના પ્રયાસો રહેવાના છે. અમારી પાસે માગવાની હિંમત છે. અને અમારી સરકાર પાસે આપવાની પણ જીગર છે. અમે દાવો નહીં કરીએ કે આ ગુજરાતનું ગૌરવ છે, એમ અમે કયારેય દાવો નહીં કરીએ. (સતત અંતરાય) અમે ગુજરાતના લોકોની ચિંતા કરી છે. સાબરમતિના કાંઠે આવેલા આશારામ આશ્રમની ચિંતા કયારેય નથી કરી અમે. જમીન આપવાનો વારો આવ્યો છે, તો જમીન અમે જરૂરતમંદ લોકોને આપી છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ તમે મારી સામે જોઈને બોલો. એ બાજુ જોયા વિના બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ટીકા સાંભળવાની હિંમત જોઈએ, જીગર જોઈએ. (અંતરાય) જીગર જોઈએ ટીકા સાંભળવાની. હવે અફસોસ કરો એ કશુ કામનું નહીં. (સતત અંતરાય) હવે તો

લડતા રહો, સામસામે લડતા રહો. એક એમ કહે કે નંબર વનને કારણે હાર્યા છીએ. બીજા એમ કહે કે નંબર ટુના કારણે હાર્યા છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, વિષય ઉપર રહો આપ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, પણ બોલવાનું બંધ કરાવો આપ.

**અધ્યક્ષશ્રી** : પણ તમે આ બાજુ જોઈને બોલો. (અંતરાય) અર્જુનભાઈ, સમય વીતતો જાય છે. નરોત્તમભાઈ, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ જ છે કે આવી ગ્રાન્ટ ઈન એઈડ ઈન્સ્ટિટયૂટ કેન્દ્ર સરકાર આપી શકે તો રાજય સરકારે બે ચાર નવી ઈન્સ્ટિટયૂટ ગુજરાતને આપવી જોઈએ. અને એટલા માટે જ માનનીય અનિલભાઈ, હું કહું છું કે પાંચ માનીતા કરોડપતિઓ કરતા સાડાપાંચ કરોડની જનતાની સામે જોવું જોઈએ. એ નથી જોતાં. એના માટેની આ વાત છે. મારી વાત અને સિદ્ધાર્થભાઈની વાત આ જ હતી કે સાડા પાંચ કરોડની જનતા છે. એને પાંચ કરોડપતિઓની સાથે સરખાવી શકાય નહીં. એના માટેની ઈન્સ્ટિટયૂટ બનાવો. આ તો આપણે આપીએ છીએ. આપણું ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવેલું આખેઆખું એમને આપી દઈએ અને પછી એમ કહીએ કે કચ્છની અંદર મેડિકલ કોલેજ અમે શરૂ કરી રહ્યા છીએ. અરે, મેડિકલ કોલેજ અમે પણ આવકારીએ છીએ. પણ એના માટે ઈન્ફ્રાસ્ટ્રકચર તો બનાવવાનું એમને કહો. એ નથી બનાવવું.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ જઈને વાત કરવા માગું છું. (અંતરાય) ૨૫ વખત ડિઝલ, ઓઈલના ભાવ તમારી સરકાર હતી ત્યારે વધ્યા હતા. ૨૫ વખત, ૨૫ વખત. ત્યારે કયાં ગયા હતા? ત્યારે બોલવું હતું ને.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, તમે ખાનગી યુનિવર્સિટી ઉપર બોલો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, મને યાદ છે, પણ આ લોકોને ડિઝલ, ઓઈલ યાદ આવે છે. એમને ડિઝલ, ઓઈલ યાદ આવે છે. મને તો બરાબર યાદ છે.

**અધ્યક્ષશ્રી** : એ તો તમને પણ યાદ આવવાનું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું તો બરાબર ટ્રેક ઉપર બોલું છું, સાહેબ.

**અધ્યક્ષશ્રી** : તમે ટ્રેક ઉપર જ રહો. નકામી તમારી એનર્જી અને પેટ્રોલ વધારે વપરાય છે, એની મને ચિંતા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, આપ મને રક્ષણ આપો. મારે પેટ્રોલ, ડિઝલ નથી વાપરવું.

**અધ્યક્ષશ્રી** : તમારી એનર્જી વધારે વપરાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, મારી એનર્જી ઓછી વપરાય એટલા માટે આપ મને રક્ષણ આપો.

**અધ્યક્ષશ્રી** : હું એટલા માટે જ કહું છું, કે તમે મારી સામે જોઈને બોલો, તમારે કોઈના રક્ષણની જરૂર નહીં પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ લોકો થોડી સાંભળવાની ક્ષમતા વધારે. થોડી સાંભળવાની ક્ષમતા વધારે તો ચિંતાનું કોઈ કારણ નથી. અભિનંદનો વારંવાર મળે અને એ સ્વીકાર્ય હોય તો ટીકા પણ સાંભળવી પડે. એમાં કોઈને તકલીફ ન હોવી જોઈએ. અને એટલા માટે કે માનનીય અધ્યક્ષશ્રી, અમુક લોકો એવા હોય કે અહીંયા ટીકા સાંભળવી ન પડે, એટલે અહીંયા હાજર ન રહે અને બીજા રાજયોમાં જઈને પોતાના ભરપુર વખાણ કરાવે.

**અધ્યક્ષશ્રી** : આપ આ વિષય ઉપર રહો. આપ વિષય ઉપર રહો ને. (અંતરાય) વિરામનો સમય થયો છે. સભાગૃહ સવાત્રણ વાગે મળશે. આ વિષય ઉપરની ચર્ચા બાકી રહેશે અને આવતીકાલે આગળ ચાલશે. (અંતરાય) આવતીકાલે આ ચર્ચા ચાલુ રહેશે. આજે બપોરપછી બિન સરકારી છે, એટલે. અર્જુનભાઈનું પ્રવચન પૂરું થયું કે ચાલુ છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રવચન ચાલુ છે, સાહેબ.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# બિન સરકારી વિધેયકો

## પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિનસરકારી વિધેયકો

## સન ૨૦૦૮ નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૯

## ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગ્યાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૨૦૦૮

## રાજય હેઠળની જગ્યાઓ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના પૂરતા પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *સન ૨૦૦૮ નું વિધેયક ક્રમાંક-૧૯ સન ૨૦૦૮ નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગ્યાઓ અનામત રાખવા બાબત વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મારો આ બિનસરકારી વિધેયક લાવવા પાછળનો મુખ્ય હેતુ એ છે કે આ દેશનું જયારે બંધારણ ઘડવામાં આવ્યું ત્યારે મહાત્મા ગાંધીજી, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી જવાહરલાલ નહેરૂ આ બધાએ આ દેશનું બંધારણ ઘડવાની ડો. બાબાસાહેબ આંબેડકરને સત્તા આપી એના ભાગરૂપે ડો. બાબાસાહેબ આંબેડકરે બંધારણની કલમ ૧૬(૪) અને ૧૬(૪-એ) મુજબ જે રાજયની જે વસતિનું ધોરણ હોય એ અનુસૂચિત જાતિ એ અનુસૂચિત જનજાતિ હોય એના વસતિના ધોરણના ભાગરૂપે એ લોકોને અનામતનું ધોરણ મળવું જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શૈલેશભાઈ, એક મિનિટ, હવે આ બાજુ ૧૨ અને આ બાજુ ૨૩ મિનિટ છે. માનનીય મંત્રીશ્રી આપને કેટલો સમય જોઈશે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૧૦ મિનિટ જોઈશે.

**અધ્યક્ષશ્રી** : તો પછી આપના એક જ સભ્યશ્રી બોલશે. આ બાજુ ૨૩ મિનિટ અને આ બાજુ ૧૨ મિનિટ છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૧૨ મિનિટ જોઈશે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : આજની પરિસ્થિતિમાં જે કલમો મુજબ જે અનામતની જાહેરાત કરી છે એ અનામતની જોગવાઈમાં વર્ગ-૧ થી વર્ગ-૪ માં જયારે નોકરીમાં જે અનામત છે એ અનામત જગ્યાઓનાં જે ઈન્ટરવ્યુ લેવાય છે એ એક વખત, બે વખત અને ત્રણ વખત ઈન્ટરવ્યુ લીધા પછી ઉમેદવાર ના મળે તો એ જગ્યાને ઓપનમાં તબદિલ કરી દેવામાં આવે છે. ડો. બાબાસાહેબે બંધારણમાં એમ કહ્યું હતું કે આ સીટો અનામતની રાખવી જોઈએ. તો જયારે આ રીતે આ જગ્યાઓ ઓપન કેટેગરીની કરી દેવામાં આવે છે એનાથી આ સમાજને ખૂબ જ મોટું નુકસાન થાય છે. અત્યારે જે રીતની પરિસ્થિતિ છે એમાં વર્ગ-૪ ની જગ્યાઓમાં તો કોન્ટ્રાકટ પધ્ધતિના કારણે એ જગ્યાઓમાં અમારા માણસોની ભરતી થતી નથી. સરકારી કોલેજોમાં જે રીતે પ્રાફેસરો અને કારકુનની એડહોક ધોરણે ભરતી બેઝીક પગાર આપીને થાય છે, આરોગ્યમાં નર્સ કે ડોકટર હોય એ બધામાં હવે તો ફીકસ પગાર હેઠળ નોકરી આપવામાં આવે છે એના લીધે આ અનામતનું ધોરણ આજની તારીખે સરકારી ખાતાઓમાં જળવાતું નથી. એમાં રોસ્ટર એકટની વાત હોય કે અન્ય વાતો હોય આના લીધે અમારા સમાજને ખૂબ જ મોટો અન્યાય આ અનામતની નીતિમાં થાય છે અને ખૂબ જ નુકસાન આ સમાજને થાય છે. આ જ વિધાનસભામાં ભૂતકાળમાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે રિઝર્વેશન એકટ લાવીને પણ આ અનામતની જગ્યાઓ જે ઓપન કરી દેવામાં આવે છે એ કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહીં. ૨૦ ટકા કાપ લાવીને પણ બેકલોગની જગ્યાઓ ઓપન કરી દેવામાં આવે છે, આ તમામ બાબતોના લીધે આ સમાજને મોટું નુકસાન થાય છે ત્યારે આ વિધાનસભામાં બેઠલા બધા દલિત સમાજના ધારાસભ્યો અને એસ.ટી.ના ૨૭ ધારાસભ્યો છે એ બધા ખૂબ સારી રીતે જાણે છે કે આપણે કોઈ રાજકીય વાત કરવી નથી, પરંતુ વિધાનસભા ગૃહને અને મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે કે સમાજના એસ. સી અને એસ. ટી. બન્ને સમાજના લોકોને બહુ મોટું નુકસાન થાય છે. ત્યારે સરકાર આ બાબતમાં રાજકીય વાત કર્યા સિવાય અનામત સીટો છે તેનું ધોરણ જળવાઈ રહે અને તેને બીન અનામત કરવામાં ન આવે એટલી વિનંતી કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના મારા સાથી સભ્ય ભાઈ શ્રી શૈલેષભાઈ પરમાર જે વિધેયક લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ બિલના હાર્દ સાથે સંમંત થવામાં કોઈ વાંધો નથી. પણ માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી છે તે ચિંતા એટલા માટે અત્યારે

---

* વિધેયક ૧૯ મી માર્ચ, ૨૦૦૮ ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

અસ્થાને છે કે એમણે બિલમાં જણાવેલ તમામ, એમની જે સમસ્યાઓ અને પ્રશ્નો છે તેનું નિરાકરણ હાલ ગુજરાત વિધાનસભાના જે કાયદો અસ્તિત્વમાં છે, હાલ જે રિઝર્વેશન અને અનામતની જોગવાઈઓ અમલમાં છે તેની અંદર એમણે કયાંય ચિંતા કરવા જેવી રહેતી નથી. ડોકટર બાબા સાહેબ આંબેડકરના નામનો જયારે એમણે ઉલ્લેખ કર્યો છે, ત્યારે આ સમાજના માટે તો ઠીક પણ સમગ્ર દેશના માટે પણ ડોકટર બાબા સાહેબ આંબેડકે બંધારણના ઘડવૈયાથી માંડીને એમના જાહેર જીવનમાં સમગ્ર જીવન સમાજના છેવાડાના માણસને માટે, દલિત, વંચિત અને પિડિતોના વિકાસ માટે રાષ્ટ્રને સમર્પિત કર્યુ છે. હું એટલા માટે થોડી વાત આની સાથે વણી લેવા માગું છું કે આજે બધી જોગવાઈઓ છે, અનામતની જોગવાઈ છે, નોકરીમાં પણ જોગવાઈ છે. ભરતીમાં જોગવાઈ છે અને બઢતીમાં પણ જોગવાઈ છે, રાજકીય જોગવાઈ પણ છે. શૈક્ષણિક જોગવાઈઓ છે, આ બધી જોગવાઈઓનું મૂળ ડોકટર બાબા સાહેબ આંબેડક અને મહત્મા ગાંધીજી સાથે જે પુનામાં પેકેજ થયું, એમાં આ તમામ વસ્તુના મૂળ ત્યાંથી દેખાઈ આવે છે.કદાચ આ દેશમાં અને દુનિયામાં પણ આ એક એવું એગ્રીમેન્ટ, એવું પેકેજ અને એવો કરાર હતો કે જે કોઈ મોટા આલીશાન એ.સી. હોલમાં નથી થયો, ત્યાં કોઈ ટેબલ કે ખુરશીઓ નહોતી, લાઈટ પણ નહોતી, વ્યવસ્થા નહોતી, પણ એક ઝાડની નીચે પલંગ ઉપર રાષ્ટ્રની બે મહાન પ્રતિભાઓ ભેગી થઈ અને દલિતોની ચિંતા એમણે કરી હતી. તેનું પરિણામ આ છે કે અનામતના લાભ રાજકીય અને આર્થિક રીતે મળી રહયા છે તેનો યશ ડોકટર બાબા સાહેબ આંબેડકરને જાય છે. અને તેનો યશ આપવા માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. ડોકટર આંબેડકરે દલિતો માટે જે પ્રયત્નો કર્યા હતા તેને બિરદાવવા માટે અમારા પ્રયત્નો સતત રહયા છે. અને જયારે જયારે અમને તક મળી છે ત્યારે અમારા પૂર્વજ જેને કહી શકાય તેવા જનસંઘના સ્થાપક શ્યામાપ્રકાશ મુખરજી એ વખતે હિન્દુ મહાસભાના પ્રમુખ હતા, મારે આ વિષયને રાજકીય રીતે વણવો નથી, છતાં પણ જે હકીકત છે એ સત્યને કયારેય છૂપાવવાથી છૂપાઈ શકતું નથી. અને એ દિવસોમાં ડો. બાબા સાહેબ આંબેડકરની સામે પાર્લામેન્ટમાં ઉમેદવાર ઉભો રાખીને જે લોકોએ એમને હરાવવાનું કામ કર્યુ હતું મુંબઈમાં, અને ત્યાર પછી બીજી વાર જયારે સતારાની બેઠક પર ડો. બાબા સાહેબ આંબેડકર સંસદનું ઈલેકશન લડયા ત્યારે એની સામે કોંગ્રેસે ઉમેદવાર ઉભો રાખ્યો હતો અને આ ડો. બાબા સાહેબ આંબેડકર સંસદમાં ન જાય તે પ્રકારની જે લોકો પેરવી કરતા હતા તેની ઉપર લપડાક મારવાનું કામ અમારા શ્યામાપ્રસાદ મુખરજીએ કર્યુ હતું અને એમ કહયું હતું કે ભલે કોંગ્રેસ ગમે એટલા પ્રયત્નો કરે ડો. બાબા સાહેબને સંસદમાં નહીં મોકલવા માટે, અને સંસદમાં ન ચૂંટાય તેના માટેના પણ એમણે બંગાળમાંથી રાજસભામાં મોકલાવીને આ દેશને સર્વોચ્ચ સન્માન આપવાનું કામ કર્યુ છે એ કયારેય ભૂલી શકાય તેમ નથી.

મારે આ તબક્કે કેરીફોર્વડની વાત કરવી છે એટલો મુદ્દો રજૂ કરીને મારી વાત પૂરી કરીશ. મારે કેરીફોર્વડ ઈન્ટરચેઈન્જિબિલિટીની વાત એટલા માટે કરવી છે કે ગુજરાતમાં અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓ માટે મૅડિકલ પી.જી.ના એડમિશનમાં અનામતની ટકાવારી હતી. અમારી કમનસીબી હતી કે એ દિવસોમાં એ સિસ્ટમમાં એસ.સી.નો ઉમેદવાર ન મળે તો એ જગ્યા ઉપર એસ.ટી.ના ઉમેદવારને પ્રવેશ અપાય એ જાતની વ્યવસ્થા હતી પરંતુ એ વ્યવસ્થા રદ કરવાનું કામ ૧૯૮૫માં આ કોંગ્રેસની સરકારે કરીને કેરીફોર્વડ ઈન્ટરચેઈન્જિબિલિટીની પ્રથા રદ કરીને અનુસૂચિત જાતિ અને જન જાતિના વિદ્યાર્થીઓને નુકસાન કર્યુ છે એ કયારેય ભૂલી શકાય તેમ નથી. માનનીય સભ્યશ્રીની લાગણી સાચી હોય તેમ છતાં જે પ્રયત્નો કર્યા છે એને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર જે નીતિ નિયમો નક્કી કરે છે એનું પાલન કરે છે ત્યારે હું મારા વિદ્વાન મિત્ર શૈલેષભાઈને કહીશ કે દિલ્હીમાં બેઠેલી સરકારને કહે કે કડકમાં કડક કાયદો બનાવે એમાંથી અમે એક તસુ પણ આગળ પાછળ ગયા વિના આ સરકાર એનું પાલન કરશે એની ખાતરી આપી શકાય એટલું કહીને આ બિલનો વિરોધ કરુ છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮નું ગુજરાત અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટેની જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબતનું વિધેયક માનનીય સભ્યશ્રી લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

બંધારણમાં જોગવાઈ છે પરંતુ આ જોગવાઈને તોડી મરોડીને એના નિયમોમાં ફેરફાર કરવામાં આવે છે એના લીધે પછાત વર્ગોને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને ખૂબ મોટો અન્યાય થાય છે. એટલા માટે આ વિધેયક લઈને માનનીય સભ્યશ્રીને આવવું પડ્યું છે.

ભૂતકાળમાં અગાઉ રૉસ્ટરની વાત થઈ. રૉસ્ટર એકટ લાવવાની વાત થયેલી હતી પરંતુ હજી સુધી કોઈ કાર્યવાહી એમાં થઈ નથી. ઘણી જગ્યાઓ બોર્ડ કોરપોરેશન પંચાયતમાં એક વખત બિન અનામતથી જગ્યા ભરી દે છે અને પછી એને જ કહેવામાં આવે છે કે તું કોર્ટમાં જા અને પછી એમાં ઘણો જ વિલંબ થાય છે. અનામતના વિદ્યાર્થીને નોકરી મળતી નથી, આવી તો ઘણી મુશ્કેલીઓ થાય છે.

શૈક્ષણિક બાબતોમાં પણ એવું જ થાય છે. ગ્રાન્ટ લેતી શૈક્ષણિક સંસ્થાઓ છે એના સંચાલકો જે જાહેરાત આપે છે એ સાવ નવા પેપરમાં જાહેરાત આપે છે, જે વિસ્તારમાં આ સંસ્થા હોય એનાથી દૂરના વિસ્તારમાં એટલે કે જુદા જ વિસ્તારમાં જાહેરાત આપે એટલે મળવાપાત્ર હોય એને નોકરી મળી શકતી નથી અને આવી રીતે

અન્યાય કરવામાં આવે છે. ત્રણ વખત જાહેરાત કર્યા બાદ અનામત ઉમેદવાર નથી મળતો એમ કરીને બિન અનામત જગ્યા કરીને ભરી દેવામાં આવે છે.

બેકલોગની વાત કરું તો બેકલોગ પણ ઘણો બધો હતો. આ બેકલોગની જગ્યાઓ ન ભરવા છતાં કેવી રીતે પૂરો થયો? કાયદાને તોડી મરોડીને કરી નાખવામાં આવ્યું છે. ગયા વખતે વિધાનસભામાં માનનીય વજુભાઈએ કબૂલ્યું હતું કે ૧૮-૨-૨૦૦૯ના રોજ એમણે કહ્યું કે ડીવાયએસઓમાંથી પ્રમોશન આપવાના હતા એમાં એસ.સી., એસ.ટી.ના ઉમેદવારોને પ્રમોશન ન મળ્યા. તે સાંજે ૮૭ જેટલાને પ્રમોશન આપ્યા એમાંથી એક પણ એસ.સી. કે એસ.ટી.ને મળ્યું નહિ. ૮૭ પ્રમોશન આપવામાં આવ્યા એમાં ૧૩ આદિવાસી ઉમેદવારોને પ્રમોશન મળવા જોઈએ પરંતુ એમાં એક પણને આપવામાં આવેલ નથી. ફરી પાછા ૫-૯-૨૦૦૯ના રોજ પ્રમોશન આપવામાં આવ્યા એમાં પણ એક પણ એસ.સી., એસ.ટી. ઉમેદવારને ન આપ્યું એટલે ઘણો જ અન્યાય કર્યો છે. સરકારનો પરિપત્ર ૫-૯-૨૦૦૦નો છે એનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે, એને પણ ધ્યાને રાખવામાં આવતો નથી. મારે મંત્રીશ્રીને વિનંતી છે કે આ વિધેયક લઈને માનનીય સભ્યશ્રી આવ્યા છે એને મંજૂર કરવામાં આવે અને ખાસ કરીને પ્રમોશન મળે એની વાત કરું તો વર્ગ-૩ માંથી વર્ગ-૨માં પ્રમોશન આપવામાં આવે ત્યારે જી.પી.એસ.સી.ને ફાઇલ મોકલવામાં આવતી હતી એમાં ફેરફાર કરીને હવે એ ફાઇલ મોકલવામાં આવતી નથી અને સરકારને જ મોકલવામાં આવે છે અને એ જ નિર્ણય કરે છે. એમાં પણ અન્યાય થયો છે. એમાં પણ જે ખાનગી અહેવાલ લખવામાં આવે છે એમાં વેરીગુડ અને આઉટ સ્ટેન્ડિંગ લખેલું હોય એને જ પ્રમોશન મળે છે એમાં ઘણા અનામત વાળા ઉમેદવારોના સી.આર.માં આ ન હોવાથી પ્રમોશન મળી શકતું નથી અને તેઓને અન્યાય થાય છે. **શ્રી વિજયભાઈ ૨. પટેલ (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર સન-૨૦૦૮નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગ્યાઓ અનામત રાખવા બાબત બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે તેમાં ચર્ચા કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણની જોગવાઈ અનુસાર આજે અનુસૂચિત જાતિ અને જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જે ઉમેદવારો હોય છે તેમને રાજય સરકાર અનામતની ટકાવારી અનુસાર ભરતી અથવા તો બઢતીમાં તેઓ જગ્યાઓ ભરે જ છે. આ જે અનામતની જગ્યાઓ છે એ જગ્યાઓ માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના નિયમો-૧૯૬૭ મુજબ રાજય સરકારે સુધારો કરેલ છે અને તેમાં જે અનામતની જગ્યાઓ છે તેમાં જે ઉમેદવાર રાજય સરકારમાં નોકરી માટે ઉમેદવારી નોંધાવતા હોય તેમને પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવે છે. આ ઉપરાંત જે બઢતી બાબતનો વિષય છે તે બાબત ૧૯૬૭ના ભરતીના નિયમો અનુસાર જે અનામત વર્ગના જે કર્મચારી હોય તેમને અનુભવના ૧/૩ છૂટછાટ આપવામાં આવે છે અને અનામત કવોટાની આવી જો કોઈ ભરતી કરવામાં આવે તો તેમના ૨/૩ અનુભવના આધારે તેમને બઢતી આપવા માટે વિચારણા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે અનામત બાબતનો વિષય છે એમાં નામદાર સર્વોચ્ચ અદાલતના આદેશ અનુસાર અનુસૂચિત જાતિ અને જનજાતિઓ માટે અનામત માટે બંધારણની જોગવાઈ ૩૦૯ અનુચ્છેદમાં વૈધાનિક નિયમો ઘડીને અથવા કાયદા ઘડીને અથવા તો સરકારી ઠરાવો કરવામાં આવે તો આ જોગવાઈ માન્ય રાખવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે કોઈ ભરતી થઈ રહી છે એ માટે સરકારશ્રીએ સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના નાયબ સચિવ કક્ષાના અધિકારીને આ નિયંત્રણ હેઠળ રૉસ્ટર અનામત સેલની રચના કરવામાં આવેલી છે અને એ અનુસાર આજે આ અનામતની ભરતી છે એ ભરતી પ્રક્રિયા વ્યવસ્થિત થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આના માટે સમીક્ષા માટે રાજય સરકારના મંત્રીમંડળની પેટા સમિતિઓની પણ રચના કરવામાં આવી છે અને વિધાનસભામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિધાનસભાના સભ્યોની સમિતિઓની રચના કરવામાં આવી છે અને તેઓ વખતોવખત સમીક્ષાઓ કરે છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્ય ભાઈશ્રી શૈલેષભાઈ પરમાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે જગ્યાઓ અનામત રાખવા માટેનું જે બિલ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે વિધેયક લઈને આવ્યા છે તેના હાર્દ સાથે સંમત હોવા છતાં એ અધૂરું છે, બિનઅસરકારક છે અને અપૂરતું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જ્યારે મારા સામેના મિત્ર ડો. જોષીયારાજી અને શૈલેષભાઈ બોલતા હતા અને જે ઉલ્લેખ કરતા હતા, મારે ફક્ત તેમને ભૂતકાળ જ યાદ દેવડાવવો છે.અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટે એમના કાળમાં જે નિર્ણયો લેવાયા, ડીરીઝર્વેશન કરવાના ૧૯૯૪માં જે નિર્ણયો લેવાયા એ વખતે એમના પક્ષની સરકાર હતી. પણ ગમે તે કારણોસર એ એમને રોકી શક્યા નહીં અને સાથે જ્યારે જ્યારે પણ આ વિષયમાં એને સુધારવાના પ્રયત્નો કર્યા ત્યારે પણ એમને સફળતા મળી નથી. આ અનામત નીતિને જ્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી આપણી ગુજરાત સરકારે જે નિર્ણયો કર્યા છે કે કેન્દ્ર સરકારની જે પ્રમાણેની અનામત નીતિ બનશે, ઘડાશે એ પ્રમાણે રાજય સરકાર એને અનુસરશે અને એટલા માટે એ જ્યારે રાજય સભાની અંદર

બિલ તરીકે મુકાઈ ગયું છે, એમાં અનેક ક્ષતિઓ છે અને એટલા માટે એનો સર્વગ્રાહી અભ્યાસ કરવાની જરૂર છે. જ્યાં સુધી કૉંગ્રેસનો સવાલ છે, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ડો.બાબા સાહેબ આંબેડકરનું નામ લઈ, એમના નામ સાથેના ઉલ્લેખો કરી, એમણે કરેલા વિચારો, એમણે મૂકેલી વાતો એમનું અવસાન થયું ત્યાં સુધી કોંગ્રેસ કયારેય યાદ કર્યા નથી. જ્યાં સુધી ભારતીય જનતા પાર્ટીનો સવાલ છે ત્યાં સુધી ભારતીય જનતા પક્ષ અનામત નીતિ તરફી રહ્યો છે. (અંતરાય) આ વિષય એટલા માટે છંછેડવા જેવો નથી. મેં વિધાનસભાના ફ્લોર ઉપર અનેક વખત એ વાતો રજૂ કરી છે. જરૂર પડે ચર્ચા કરવાની મારી તૈયારી છે. ૧૯૫૧-૫૨માં જ્યારે જનસંઘની સ્થાપના થઈ તે વખતે અમારા મહામંત્રી દિન દયાળ ઉપાધ્યાય હતા. એમણે અમારા પથદર્શકે કાર્યકર્તાઓને શીખ આપતા એમ કહ્યું હતું કે, દરિદ્રતાકી અંતિમ સિડિ પર બૈઠા હુઆ વ્યકિત હમારા લક્ષ્ય હૈ. આ અંતિમ સિડિ ઉપર બેઠેલો વ્યકિત એ દલિત અનુસૂચિત જાતિનો હોય કે અનુસૂચિત જનજાતિનો હોય. કોંગ્રેસ અને તેના નેતાઓ શરૂઆતથી મારે રાજકીય ટીકા-ટિપ્પણી નથી કરવી. (અંતરાય) બિલકુલ જવાબ આપીશ. કોંગ્રેસ પક્ષના નેતાઓ શરૂઆતથી અનામતના વિરોધી હતા. જેનો ઉલ્લેખ માનનીય આત્મારામભાઈએ કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : જ્યારે શ્રી શૈલેષભાઈ અને શ્રી અનિલભાઈ બોલતા હતા ત્યારે ડિસ્ટર્બન્સ નહોતા કરતા.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : એ પુના કરાર, ૨૪-૯-૧૯૩૨માં પુના કરાર થયો. મહાત્મા ગાંધી અને ડો.બાબાસાહેબ આંબેડકર વચ્ચે. પુના કરાર થઈ ગયા પણ એના પછી પણ આ કોંગ્રેસના પ્રભાવવાળી બંગાળ વિધાન પરિષદે આ પુના કરાર રદ કર્યો હતો. એ પરિષદમાં કોંગ્રેસની બહુમતી હતી એમણે પુના કરાર રદ કર્યો હતો, એવા ઠરાવો કર્યા હતા. એ જ વખતે એમની માનસિકતા ખુલ્લી પડી ગઈ હતી. જ્યારે સંવિધાનની રચના થતી હતી, જુદી જુદી કલમોની ચર્ચા થતી હતી અને જ્યારે અનામત માટેની કલમની ચર્ચા થઈ ત્યારે શરૂઆતના સ્ટેજે (અંતરાય) ઑન રેકર્ડ બોલું છું. બંધારણ સભાની મિનિટસ કોઈ વાંચી જશે તો એને ખ્યાલ આવશે કે અનામતનો વિષય આવ્યો ત્યારે ત્યાંના કોંગ્રેસના આગેવાનો હતા એમણે અનામતનો વિરોધ કરેલો અને કહ્યું હતું કે, દુનિયાના કોઈપણ દેશમાં અનામતની જોગવાઈ નથી. એ વખતે ડો.બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, દુનિયાના કોઈપણ દેશમાં આભડછેટ નથી.
અને એ રીતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના આગ્રહને કારણે અને મહાત્મા ગાંધીના ઈન્ટરવેશનને કારણે ૧૦ વર્ષ માટે આ કોંગ્રેસના લોકો એ રાજકીય અનામત માટે સંમત થયા હતા. ૧૯૬૧ની અંદર એ વખતના વડાપ્રધાનશ્રીએ ૨૭મી જુન હું તારીખ સાથે આપું છું, ૧૯૬૧ના દિવસે રાજયના જે મુખ્યમંત્રીઓ હતા એ બધાને પત્ર લખી અને પોતાની જે દલિત વિરોધી, અનામત વિરોધી જે માનસિકતા હતી એને છતી કરી હતી. ૧૯૬૭ પહેલા સમગ્ર દેશની અંદર જે જુદાજુદા રાજયો છે એ અનુસૂચિત જાતિના રક્ષણ માટે, એના અધિકારના જતન માટે કમિશ્નર ઑફ શિડયુઅલ કાસ્ટ, દરેક રાજયની અંદર કમિશ્નર ઑફ શિડયુઅલ કાસ્ટની પોસ્ટ હતી, એમના શાસનમાં, કોંગ્રેસના શાસનમાં આ દરેક રાજયોમાં કમિશ્નર ઑફ શિડયુઅલ કાસ્ટની પોસ્ટ નાબૂદ કરી અને ફક્ત એક દિલ્હીની અંદર આજે એ રાખવામાં આવી છે. ૧૯૬૮ની અંદર લેકુર કમિટીની રચના કોંગ્રેસની સરકારે કરી અને એ લેકુર કમિટીને એમ કહ્યું કે કઈ કઈ અનુસૂચિત જાતી, જનજાતિનો આર્થિક વિકાસ થઈ ગયો છે એની યાદી બનાવો અને ત્રણ માસની અંદર એનો રિપૉર્ટ આપો. ત્રણને બદલે પોણા ત્રણ મહીનાની અંદર એનો રિપૉર્ટ આવ્યો અને એમાં ગુજરાતમાં વણકર , રોહિત, મેધવાડ, મહેશ્વરી આ બધાનો આર્થિક વિકાસ થઈ ગયો છે એવો રિપોર્ટ મૂકવામાં આવ્યો અને એ વખતનો કોંગ્રેસનો ઈરાદો હતો કે જેનો પણ આર્થિક વિકાસ થઈ ગયો હોય એને અનામતમાંથી નાબૂદ કરવી. જનસંઘે એનો વિરોધ કર્યો હતો, અને એ વખતે પણ જનસંઘે એને અટકાવ્યું હતું. .. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહભાઈ, ખુમાનસિંહભાઈ આપ હવે એમને ઈન્ટ્રપ્ટ કરશો નહીં મહેરબાની કરીને.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : ૧૯૬૮માં ફરીથી એરિયા પેરુમલ કમિટી બનાવી. અને આ કમિટીની અંદર એમને એમ કહેવામાં આવ્યું કે સમગ્ર દેશમાં ફરો અને છ મહીનાની અંદર આ દેશની અંદર આભડછેટ છે કે નહીં એની તપાસ કરો. આની પાછળ પણ કોંગ્રેસના નેતાઓનો ઈરાદો મલિન હતો અને એટલા માટે છ મહિનામાં રિપોર્ટ આવ્યો, અહેવાલ એવો આવ્યો કે હજી પણ દેશની અંદર આભડછેટ છે, એ વખતના વડાપ્રધાને જેને રિપૉર્ટ લખ્યો હતો એને હટાવીને • (xxxxx ) માનનીય અધ્યક્ષશ્રી, આ કયા મોઢે આ લોકો વાતો કરી રહ્યા છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : આઈ હેવ પૉઈન્ટ ઑફ ઑર્ડર સાહેબ, કેરાલાના કોઈ નિષ્ણાતની નિમણૂક થઈ હોય *(xxxxx ) (xxxxx ) આવાં ઉચ્ચારણો એમના દ્વારા અહીંયા કરવામાં આવ્યા.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું રૅકૉર્ડ ઉપરથી કાઢી નાખું છું. અને હવે આપની પાસે માત્ર અઢી મિનિટ છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : અઢી મિનિટ ના હોય સાહેબ.

---

• (xxxxx ) માનનીય અધ્યક્ષાશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : મને ખબર હોયને, મારે ૩-૫૦ પૂરું કરવાનું છે. આપે શરૂ કર્યુ હતું ૩-૩૪ કલાકે, ૩-૩૪ શરૂઆત થઈ કુલ ૨૩ મિનિટ આ પક્ષને મળે છે. ઈન્કલુડીંગ મિનિસ્ટર રીપ્લાય.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : એ મંત્રીશ્રી એકજ મિનિટમાં જવાબ આપશે એટલા માટે કહું છું, અમારે એ નકકી થયેલું છે.

**અધ્યક્ષશ્રી** :તો પછી આપનું પૂરું થાય અને એમનું શરૂ થાય. ૩-૪૬ આ પૂરું થઈ જાય.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : આપી દઈશ. બિલકુલ આપી દઈશ. એ જ રીતે ૧૯૬૯ની અંદર જનસંઘના સાંસદ હરીયાણાના ર્ડા. સુરજભાણજીએ પણ આ રીતે એક પ્રાઈવેટ બિલ લઈ આવ્યા હતા અને લોકસભાની અંદર કોંગ્રેસે એને નકાર્યુ હતું. ૧૯૮૩ની અંદર પણ આ જ રીતે બિલ લઈ આવ્યા હતા અને એ બિલનો પણ નકાર કરવામાં આવ્યો હતો અને એ બિલની અંદર ૧૫ દિવસની સજા અને ૫૦૦ રૂપિયા દંડની જોગવાઈ હતી. આ જે બિલ મૂક્યું હતું એ જનસંઘના ર્ડા. સુરજભાણજી હતા એ વાત પણ મારે તમને કહેવી છે. ૧૯૮૫ની અંદર ૧૨મી માર્ચે જૂનાગઢની અંદર ભારતીય જનતા પાર્ટીએ ઠરાવ કર્યો અને ઠરાવ કરી અનામત નીતિને ખુલ્લું સમર્થન આપ્યું હતું.
૧૯૮૫ની અંદર અનામતનું જે આંદોલન થયું હતું, એના જે મુખ્ય નેતાઓ હતા એ બધા કોંગ્રેસના હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ કોંગ્રેસ દ્વારા ૩-૩ અધ્યાદેશો પસાર કરીને દલિતોને જે મળતી અનામત છે એનાથી વંચિત રાખવાની કોશિશ થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ જે રાજ્યસભાની અંદર જે બિલ (અંતરાય) અરે, એ તમારે કયાં જોવાનું છે ભાઈ. નો, નો, માનનીય વિરોધપક્ષના નેતા અધ્યક્ષ અને હું જાણીએ. તમારે મને કહેવાનું છે?

**અધ્યક્ષશ્રી** : ફકીરભાઈ હું જ જોવાનો છું.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : સાહેબ, બરાબર છે. તમારું માન રાખીશ. વારે ઘડીએ અધ્યક્ષની જેમ ઊભા થઈ જાય. એમને ખોટી ટેવ છે. (અંતરાય) કાંઈ ના થાય.

**અધ્યક્ષશ્રી** : એમના કહેવાથી નથી બેસવાનું. (અંતરાય) સમય જાય છે. I am running with the time. આ ચર્ચા આગળ ચલાવો. (અંતરાય) આપ વાતને આગળ ચલાવો. આપ આપનું વક્તવ્યને ચાલુ રાખો. પ્લીઝ.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) આ બધા વિવેક છે? અરે, વિવેક કોની સામે હોય.

**અધ્યક્ષશ્રી** : આપ આપનો જવાબ પૂરો કરો.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : એકજ મિનિટમાં પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** :ના, હવે પૂરું કરો. મારી પાસે સમય નથી. મારી પાસે ત્રણ જ મિનિટ રહે છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કે જેઓ વંચિતોના વાણોતર છે અને પોતે બક્ષીપંચ સમાજમાંથી આવે છે. એ દલિતોની પીડા જાણે છે અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આ * (xxxxx ) ૧૯૯૮ની અંદર જે બેકલોગ ૧૩,૪૯૩નો મૂકી ગયા હતા એ બેકલોગ ઘટીને આજે ૩૪૬૨ નો થયો છે અને એમાંથી ૧૬૩૩ જગ્યાઓ ભરવાની બાકી છે. ૧૩૦૦૦માંથી ૧૬૩૩ જગ્યા ઉપર બેકલોગ કોઈ લાવ્યું હોય તો આ સરકાર માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હકારાત્મક અભિગમ ધરાવે છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અસંસદીય શબ્દ દૂર કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આપના અસંસદીય શબ્દો અને શબ્દપ્રયોગની યાદી પાના નં.૮૧ શબ્દ ક્રમાંક ૩૪૩. વિરોધ પક્ષના લોકો. વિરોધ પક્ષના સભ્યશ્રીઓને વિરોધ પક્ષના લોકો કહીને સંબોધન કરવું તે યોગ્ય નથી. ૩૪૩ અને તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : તે શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય વજુભાઈ.

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલ માટે થઈને હાર્દ એ છે કે શિડયુલ કાસ્ટ અને શિડયુલ ટ્રાયબના લોકોને જે રીતે ભરતી થવી જોઈએ અને બેકલોગનો જે રીતે એમાં ભરતી થવી જોઈએ એનું પાલન થવું જોઈએ. શિડયુલ કાસ્ટ અને શિડયુલ ટ્રાયબના લોકોની કેવી રીતે ભરતી કરવી, એનો બેકલોગ કેવી રીતે પૂરો પાડવો એના માટે થઈને દિલ્હી ગવર્નમેન્ટ વારંવાર જી.આર. કરે છે. માનનીય સભ્યશ્રીને મારે એટલું જ કહેવાનું કે દિલ્હી ગવર્નમેન્ટે પણ આના માટે કોઈ કાયદો નથી બનાવ્યો. આ બંધારણથી આપેલો અધિકાર છે. તમે અને હું કોઈ પક્ષના માણસો અહીંયા સત્તા પર બેઠા હોય એ કોઈ ઉપકાર કરતા નથી. આ એનો અધિકાર છે અને અધિકાર આપવો જોઈએ અને આ

* (xxxxx ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર અધિકાર આપવા તૈયાર છે. હું માનનીય સભ્યશ્રીને કહીશ આપ પણ કમિટીમાં સભ્ય છો, મંત્રીઓની કમિટી છે, ધારાસભ્યશ્રીઓની કમિટી છે. દિલ્હીના જેટલા જી.આર. છે એ છે, આપણી પાસે કેટલો બેકલોગ છે, કેટલી ભરતી ભરવાની જગ્યા છે એ બધું આપણી પાસે નક્કી છે. એમાં કોઈ અન્યાય થતો હોય, એમાં કાંઈ ઝડપ લાવવાની જરૂર હોય તો આપ ચોક્કસ કહેજો. શિડયુલ કાસ્ટ અને શિડયુલ ટ્રાયબના ૭ ટકા અને ૧૫ ટકા પ્રમાણે એને મળવી જ જોઈએ એ વાત નિર્વિવાદ છે. એટલે કેન્દ્ર સરકારે કાયદો નથી કર્યો અને આખા હિન્દુસ્તાનમાં ૪-૫ રાજ્યોએ કાયદો કર્યો છે. હું માનનીય સભ્યશ્રીને કહું કે આપ દિલ્હીની અંદર જો એવું કરાવી શકતા હોય કે એક મોડેલ એકટ બનાવે દિલ્હીવાળા અને બીજો જે કાયદા બનાવે એને અનુસરવા માટે આ રાજ્ય સરકાર તૈયાર છે. એટલા માટે આપ આપનું બિલ છે એ આપ પાછું ખેંચી લો એવી આપને વિનંતી.

**અધ્યક્ષશ્રી** : શૈલેષભાઈ, આપ આપનું બિલ પાછું ખેંચો છો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો મારે બોલવાનું છે.

**અધ્યક્ષશ્રી** : અડધી મિનિટ જ છે તમારી ૧૨ મિનિટ પૂરી થઈ ગઈ. તમે બને જણા થઈને તમારી જે ૧૨ મિનિટ હતી એ પૂરી થઈ જાય છે. (અંતરાય)૧૨ મિનિટ તમારા પક્ષે આપી, અનિલભાઈ બોલ્યા અને એ બોલ્યા એટલે પૂરું થઈ જાય છે (અંતરાય) ના, ના બંને સરખી જ છે અહીંયા ૧૨ અને ત્યાં ૧૨ છે, નહીં, હું તમને મિનિટે મિનિટે આપું.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ બીલ લાવવાનો હેતુ હતો કે, એસ.સી. અને એસ.ટી. સમાજના જે લોકો છે, જે લોકો ભણેલા ગણેલા છે એનો એને નોકરીનો લાભ મળે, પણ જે રીતે આ બીલ ઉપર જે રીતે રાજકીય ચર્ચાઓ થઈ, એ રાજકીય ચર્ચાનું અવલોકન હું પણ મારા ભાષણમાં કરી શકતો હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરની વાત થઈ, સંસદની વાત થઈ તો હું આ સભાગૃહને હું કહેવા માગું છું કે, ભારત દેશ જ્યારે આઝાદ થયો અને ભારત દેશ આઝાદ થયા પછી જવાહરલાલ નહેરુ આ દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકરને કાયદા પ્રધાન તરીકે કોંગ્રેસ પાર્ટીમાં કામ કરવાનું (અંતરાય) આ દેશનું બંધારણ ઘડવા માટે (અંતરાય) ( આ તકે મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા ઊભા થઈ કાંઈક બોલતાં) સાંભળવું પડે ફકીરભાઈ.

**અધ્યક્ષશ્રી** : ફકીરભાઈ પ્લીઝ (અંતરાય) મારે સમયસર પૂરું કરવાનું છે. ( આ તકે મંત્રીશ્રી અમીતભાઈ શાહ પણ ઊભા થઈ કાંઈક બોલતાં) (અંતરાય) અને આપ પણ હવે પૂરું કરો, ત્રણ અને પચાસ (અંતરાય) મારે સમયની સાથે પૂરું કરવાનું છે. (અંતરાય)

**શ્રી શૈલેષ મ. પરમાર** : કાયદા પ્રધાન હતા, આ દેશના બંધારણમાં લખેલું છે (અંતરાય) કોંગ્રેસના વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શૈલેષભાઈ, શૈલેષભાઈ આપનું વક્તવ્ય પૂરું થાય છે. (અંતરાય) શૈલેષભાઈ આપનું વક્તવ્ય પૂરું થાય છે. વિધેયક આપ પાછું ખેંચો છો કે ચાલુ રાખો છો, તમારે માત્ર એક જ વાક્ય કહેવાનું છે કે, હું પાછું ખેંચું છું કે નથી ખેંચતા.

**શ્રી શૈલેષ મ. પરમાર** : ના નથી ખેંચતો, કોઈ સંજોગોમાં નથી ખેંચતો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

## સન ૨૦૦૮નું ગુજરાત વિધેયકક્રમાંક : ૯

## ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક, ૨૦૦૮

### માતાપિતા, પત્ની અને બાળકો માટે અને તે સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું *વિધેયક ક્રમાંક-૯- સન ૨૦૦૮નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિધેયક લઈને હું આ સન્નમાનીય ગૃહ સમક્ષ આવ્યો છું એ બાબતમાં અગાઉ પણ ઘણી બધી વખત પ્રયાસ થયો છે. કવિ શ્રી દલપતરામને યાદ કરીને હું મારી વાતની શરૂઆત કરીશ. કવિ શ્રી દલપતરામે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, ફકીરભાઈ આપ કેટલો સમય લેશો ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૧૪ મિનિટ.

**અધ્યક્ષશ્રી** : બાકીના સભ્યોને બોલવા નહીં મળે, આ બાજુ ૩૩ મિનિટ અને આ બાજુ ૧૭ મિનિટ છે. એટલે આપ કેટલી મિનિટ લેશો ? એ પ્રમાણે હું બધા સભ્યોને ફાળવું ને.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ૧૦ મિનિટ.

---

* વિધેયક તા.૧૪મી માર્ચ, ૨૦૦૮ના ગુજરાત ગર્વન્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, કવિ શ્રી દલપતરામે એમના જીવનના અંતિમ દિવસોમાં એક મનોમંથન કરે છે અને એમ કહે છેકે, મેં તો ઘણા બધા કાવ્યો લખ્યા ઘણા બધા વિષયો માટે લખ્યું પણ મેં મારા માતાપિતા માટે કોઈ એક કાવ્ય લખ્યું નથી એટલે એમણે એમના જીવનના અંતિમ સમયમાં જે કાવ્ય લખ્યું છે, એ કાવ્ય, "**મમતા મઈ મા**", ના નામે ભણાવવામાં પણ આવતું હતું. એ કાવ્યમાં પહેલા પિતાને યાદ કરીને કહ્યું છે કે "ચડી છાતીએ મેં દાઢી મુછ તાણી કદી અંતરે રીસ આપે ન આણી " કેટલું ભાવવાહી એ કાવ્ય છે? માંને યાદ કરીને પણ એમણે કહ્યું છે કે

" હતો હું સુતો પારણે પુત્ર નાનો, પડું કે ખડું તો ખમ્મા આણી વાણી,
પડે પાંપણે પ્રેમના પુર પાણી   પછી કોણ પોતા તણું દુધ પાતું,
મહા હેતવાળી દયાળી જ માં તું."

આજે આપણે જોઈએ છીએ કે માં બાપને અને વૃદ્ધોને સમાજની અંદર જે સ્થાન મળવું જોઈએ, ઘડપણની અંદર પોતાના દીકરા, દીકરીઓ પોતાના ઘડપણની લાકડી બને એવી અપેક્ષા દરેક માં બાપને હોય છે. છોકરાને ભણાવી, ગણાવી મોટા કર્યા, પરણાવ્યા અને પોતાના ખુન પસીનાથી પાળી પોષીને જેમને સમાજની અંદર સારા નાગરિક તરીકે પોતે જીવન જીવી શકે એના માટે પ્રયત્ન કર્યા એ જ પુત્ર જયારે માં બાપને તરછોડી દે છે ત્યારે એમની જે દશા થાય છે એ ખરેખર ખૂબ જ ચિંતા ઉપજાવે તેવી વાત છે.

**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય, અધ્યક્ષ સ્થાને**

આજે પશ્ચિમના આંધળા અનુકરણમાં આપણે બધા એ વાતને ભુલી જઈએ છીએ કે આપણી જે કંઈ સંસ્કૃતિ છે, આપણી સંસ્કૃતિની જે ગરિમા છે એની અંદર માતા-પિતાને દેવતુલ્ય માનવામાં આવે છે. સવારમાં ઉઠીને માતા-પિતાને વંદન કરવાના, એમની સેવા કરવી એ પ્રભુની સેવા છે એટલી ઉંચાઈએ જયારે આ વાતને આપણી સંસ્કૃતિએ એટલી ઉંચાઈ આપી છે ત્યારે આજની જે પરિસ્થિતિ છે એ કેમ ઉભી થઈ તો મને એમ લાગે છે કે પશ્ચિમનું જે શિક્ષણ છે એ શિક્ષણે માણસના મન, બુદ્ધિ અને અહંકારને તો કદાચ વિક્ષિત કર્યો હશે પણ એના પ્રાણિક, ચૈતિક અને આત્મિક શકિતનું આ શિક્ષણે કોઈ પોષણ આપ્યું નથી અને એટલા માટે જ આપણે જોઈએ છીએ કે પશ્ચિમની અંદર વ્યકિત અકારણ એક ગન લઈને સ્કૂલમાં જાય અને પોતાના જ સહઅધ્યાયીઓને ગોળીથી મારી નાખે. આ જે કંઈ પશ્ચિમની સંસ્કૃતિ છે એ સંસ્કૃતિએ ઘણું મોટું નુકસાન પણ કર્યું છે. વૈશ્વિક ભાષા છે, વેપારીઓ માટે જરૂરી છે પણ આપણું જે કંઈ સારું છે એ ખોઈને આ આંધળી દોટ આપણો સમાજ મૂકી રહ્યો છે એમાંથી અટકવું જોઈએ. પશ્ચિમનું સંગીત એ પણ માણસના આત્માને, તેની ચૈતિક શકિતને અને એની પ્રાણશકિતને ખતમ કરે છે. માણસ માત્ર હાડપિંજર થઈને રહી જાય છે. એની અંદર સંવેદના, પ્રેમ, લાગણી એવી કોઈ ચીજ રહેતી નથી તો આ જે આંધળુ અનુકરણ પશ્ચિમની સંસ્કૃતિનું આપણે કરી રહ્યા છીએ એનું આ દુષ્પરિણામ છે કે આપણે આપણા વડીલોને માન આપી શકતા નથી અને એમને બિલકુલ પરવશ અવસ્થાની અંદર છોડી દેવામાં આવે છે. મા બાપ પોતાના પુત્રને મોટો કરે છે. બંગલાની અંદર રહેતો એ પુત્ર પોતાના મા-બાપને જયારે તરછોડે છે અને જયારે એમને વૃદ્ધાશ્રમમાં મૂકવામાં આવે ત્યારે જે પરિસ્થિતિ થાય છે, એમની આંખોની અંદર આંસુ સુકાતા નથી ત્યાં ગયા પછી જયારે એમને કહેવામાં આવે છે કે તમારા માં બિમાર છે કે તમારા પિતાજી બીમાર છે તો છોકરો ફોન પર કહી દે છે કે તમે ડોકટરને બતાવો હું પૈસા મોકલી આપીશ અને અંતે પુત્રને મળવાના મનની અંદર જે ઓરતા હોય છે એ પૂરા થતા નથી અને આ રીતે કરીને એ મોતને ભેટી જાય છે. આ કરૂણ પરિસ્થિતિ બદલાવવી જોઈએ અને આપણે જ્યારે સભ્ય સમાજે આપણા પોતાના સંસ્કાર છે અને એ પરંપરાને જાળવીને આપણે આપણા વૃદ્ધોને માન સન્માન અને સ્વાભિમાનનું જીવન જીવી શકે તેવી વ્યવસ્થા રાજય સરકારે કરવી જોઈએ અને એના માટેની જોગવાઈઓ કરવામાં આવે તો આ એક ઉત્તમ કાર્ય છે એમ હું માનું છું. ગુજરાતે અનેક બાબતોમાં આખા દેશની અંદર આગેવાની લીધી છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી બહુ જ સુઝબુઝ અને સમજદાર મુખ્યમંત્રી છે, જે પોતે આ બાબતની અંદર પણ કઈક પહેલ કરે અને એમાંથી આખા દેશને પ્રેરણા મળે તે રીતે આ મારું વિધેયક છે એ વિધેયકને આ સન્માનનીય ગૃહ સ્વીકારે અને એની અંદર પૉઝિટિવ બધા માનનીય સભ્યશ્રીઓ પોતાના મંતવ્યો આપે એવી વિનંતી કરું છું અને મારી વાતને પૂર્ણ કરું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મફતભાઈ પુરોહિત માતા-પિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબતે જે વિધેયક લઈને આવ્યા છે, તેને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

દેશ અને વિદેશમાં જે પ્રકારની સોશિયો ઈકોનૉમિક સમસ્યાનો ઉદ્ભવ થયો છે, તેના કારણે કંઈક અંશે કેટલાક કેસોમાં જે સંતાનો છે એ માતા પિતાનું ઋણ ભૂલીને માતા પિતા ઉપરની તેમની જે જવાબદારી છે, તેને ભૂલીને માબાપની સમસ્યાઓનો, એમની સગવડોનો, એમના ભરણ પોષણની જે જવાબદારી છે, તે બાબતમાં અવગણના કરવામાં આવી છે, તેને ધ્યાનમાં રાખીને આ વિધેયક ભાઈશ્રી મફતભાઈ લાવ્યા છે અને તેથી તેને હું મારું સમર્થન આપું છું. બિલની જોગવાઈઓ છે. જે પ્રકારની સમાજ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તનો આવ્યા છે અને હું માનું છું કે આપણી જે વ્યવસ્થા હતી, સામાજિક વ્યવસ્થા હતી, કૌટુંબિક પરંપરાઓ હતી એમાં હવે બદલાતા સંજોગોમાં વિક્ષેપ પડવા માંડ્યો છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે હંમેશા માતા પિતા, વરિષ્ઠ

નાગરિકોની પણ ચિંતા કરી છે અને તેને ધ્યાનમાં રાખીને આ વિધેયકમાં જે જોગવાઈ છે, એમાં ટ્રિબ્યુનલની જે રચના કરવાની અને તેમાં અધ્યક્ષસ્થાને સબ ડિવિઝનલ મૅજિસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના અધિકારી ન હોય તેની પણ કાળજી રાખવામાં આવી છે. માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના જીવનને નડતરરૂપ સમસ્યા હોય છે, તેઓના ભરણ પોષણના પ્રશ્નોના નિકાલ માટે ટ્રિબ્યુનલમાં જ્યારે અરજી કરો તો તેનો નિકાલ ૯૦ દિવસમાં કરવાનો થશે. સંજોગોવશાત કદાચ એમાં કંઈક વૃદ્ધિ કરવાની થાય તો વધુ ૩૦ દિવસમાં લઈને ૧૨૦ દિવસમાં આનો નિકાલ કરવાનો રહેશે, તે પ્રકારની જોગવાઈ કરી છે, જે આવકાર દાયક છે. સમય મર્યાદાને લીધે માતા પિતા અને વરિષ્ઠોનો ત્વરિત ઉકેલ લાવે તે આશીર્વાદરૂપ થશે. આ ટ્રિબ્યુનલમાં રૂપિયા ૫,૦૦૦ સુધીના ભરણ પોષણ આપતી જોગવાઈ કરેલ છે. માતા પિતાની પાછળની જિંદગી સારી રીતે પસાર થાય અને કુટુંબમાં કોઈના આધારિત રહેવું પડે નહીં અને આશ્રિત જીવન પણ જીવવું ન પડે તેનો પણ આમાં ખ્યાલ રાખવામાં આવ્યો છે. માતા પિતા, વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. સરકારી હૉસ્પિટલ, આંશિક ફંડ મેળવતી હૉસ્પિટલોમાં સારવારની જોગવાઈ કરવામાં આવેલ છે. હૉસ્પિટલમાં સારવાર અંગે તમામ તબક્કે વડીલોની વિશેષ કાળજી લેવાય તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજયના પ્રત્યેક જિલ્લામાં ઓછામાં ઓછા ૧૫૦ વડીલ વૃદ્ધોને સમાવી શકાય તેવા ઓછામાં ઓછા એક વૃદ્ધાશ્રમની સ્થાપના કરવાનો પ્રબંધ છે. સંતાનો અથવા સગા સંબંધીઓ ભારતની બહાર રહેતા હોય તો તે સંજોગોમાં પણ ટ્રીબ્યુનલો કેન્દ્ર સરકાર મારફત કામગીરી કરશે. આવા અનેક પ્રસંગો હિન્દુસ્તાનમાં પણ ઘણા જોયા છે, અમેરિકામાં પણ એવા પ્રસંગો જોયા છે કે તેમના સંતાનો પોતાના મા-બાપને વિદેશ બોલાવીને પછી કોઈક પ્રકારની સમસ્યા સર્જાય છે ત્યારે તેમને રોડ વચ્ચે છોડી જતા પણ જોયા છે. આવા કેટલાક કેસોનો મેં અભ્યાસ પણ કર્યો છે. અમેરિકાના કેટલાક વૃદ્ધાશ્રમોની પણ મેં મુલાકાત લીધી છે. ત્યાં સગવડો પુષ્કળ આપવામાં આવે છે. પુષ્કળ સગવડો આપવા ઉપરાંત ત્યાંનું જીવન જે એકાકી જીવન છે, ત્યાં વૃદ્ધો જે રહે છે, બહુ સરસ કેમ્પ બનાવવામાં આવ્યા છે. ત્યાં ગતિશીલ જીવન નથી. એકદમ નિર્જીવ જીવન હોય તે પ્રકારનું વાતાવરણ હોય છે. હવે તો અમેરિકાની સરકાર પણ આનું સંચાલન કરવા માટે સક્ષમ ન હોય તે રીતે થઈ રહયું છે. આ સંજોગોમાં આ બિલ લાવીને મફતભાઈએ ખૂબ સારું કામ કર્યુ છે તેને મારું સમર્થન આપું છું.

**સભાપતિશ્રી :** ડો.કનુભાઈ કલસરીયા, નેકસ્ટ શ્રી ઉદેસિંહ ઝાલા.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના માનનીય સભ્યશ્રી મફતલાલ પુરોહિત ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ અંગે જે વિધેયક લઈને આવ્યા છે તેમાં મારી સંમતિ અને કેટલીક વાતો કરવા માગું છું. ભારતીય સંસ્કૃતિ અને તેના મૂલ્યો એટલા ઉત્તમ છે કે જગતના ઈતિહાસમાં તેની ગણના થાય છે. માતા પિતા માટે આદર, સત્કાર, પ્રેમ અને વચનબદ્ધતા જેવા મૂલ્યો તે આપણી સંસ્કૃતિના લક્ષણો છે અને તે લક્ષણો પ્રમાણે ભારતનો ઈતિહાસમાં ગૌરવવંતો ઈતિહાસ છે. રામચંદ્ર ભગવાને કૈકેયીને આપેલા વચનથી અને વચનની પ્રતિબદ્ધતા માટે રાજપાટમાં બેસવાને બદલે ચૌદ વર્ષ વનવાસ વેઠયો. શ્રવણે માતાપિતાની સેવા માટે ગ્લોરીયસ એકઝામ્પલ પૂરું પાડયું છે. આંધળા માતાપિતાની ઈચ્છા પૂરી કરવા માટે કાવડમાં લઈ અને અનેક તીર્થોમાં તે ફર્યો અને પુત્ર તરીકે તેણે તેની ફરજ બજાવી. આવો આપણો ભવ્ય ઈતિહાસ છે. એક હિન્દી લેખકે કહયું છે કે "તુમ અપને મા-બાપ કો કંધે પર બેઠાકર સો સાલ તક ગુમો ગે ફિર ભી ઉનકા ઉપકાર કા બદલા તુમ નહીં અદા કર શકોગે". ભારતીય સંસ્કૃતિની આજે આપણે વાત કરી રહયા છીએ ત્યારે અને આ વિધેયક લાવવામાં આવ્યું તે વિધેયક પ્રવર્તમાન પરિસ્થિતિના પડઘાને ધ્યાનમાં રાખી અને આ વિધેયક લાવવામાં આવ્યું છે. વર્ષો પૂર્વે પણ આવા વિધેયકો આ જ વિષય ઉપર આવેલા છે અને તેની ચર્ચાઓ થઈ છે. આપણે વિધેયક પાસ થાય અથવા તો સફળતા મળે, ન મળે પણ એટલું મારે કહેવાનું કે આપણ બાળકોમાં સંસ્કારનું સિંચન કરવામાં આવે અને એ સિંચન કરવામાં આવે અને તેના કારણે જેમ કુમળા છોડને વાળીએ તેમ વળે, સાઈકોલોજીકલ એપ્રોચ કરવામાં આવે, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ બાળકોનો ઉછેર કરવામાં આવે. ભારતમાં આર.એસ.એસ. જે કામગીરી બજાવી રહયું છે તેવી વોલન્ટરી સર્વિસીસ જે સ્વૈચ્છિક સંસ્થાઓ છે તે પણ આવો રોલ અદા કરે તો હું ધારું છું કે બાળકો સારા એવા તૈયાર કરીએ અને આ જે માત પિતાના ભરણ પોષણનો પ્રશ્ન આપણે આજે ચર્ચી રહયા છીએ તે પ્રશ્ન સોલ્વ કરી શકીએ.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

નીતિમત્તાની દૃષ્ટિએ, માનવતાની દૃષ્ટિએ, ભૌતિકવાદના કારણે આપણે અલગતાવાદમાં ઘસડાઈ રહ્યા છીએ તો આપણી ભારતીય સંસ્કૃત્તિ ભવ્ય છે એ સંસ્કૃત્તિને યાદ કરીને આપણે આપણું કર્તવ્ય નીભાવીએ. આજે કોઈ શિક્ષિતને નોકરી મળે એ ઘર છોડીને એ ભાઈ નોકરી જાય અને ઘરે એના માબાપ હોય એ માબાપ જો સારી પરિસ્થિતિ હોય અને સુખી હોય અને માબાપમાંથી એક વ્યકિત કમાતી હોય તો નોકરી જનારો જે એનો પુત્ર છે એ એની સારી કાળજી રાખશે પણ જો પરિસ્થિતિ વિકટ હોય, પરિસ્થિતિ સારી ન હોય તો એની કાળજી એનો પુત્ર રાખતો નથી અને માન અપમાનિત થાય છે માનનીય અધ્યક્ષશ્રી, વળી એની પત્નીને વર્તમાન પરિસ્થિતિમાં માબાપ ભેગું રહેવાનું ગમતું નથી અને એ પણ એના પતિને દબાણ કરે છે કે આપણે અલગ રહીએ એટલે માબાપની કાળજી રાખવા માટે આત્મિયતાની રીતે પણ પુત્ર તૈયાર થતા નથી અને આ રીતે પરિસ્થિતિ વણશે નહીં

એટલે આ ખાતાના મંત્રી મહોદયશ્રીને મારી વિનંતી છે કે, આની અંદર જે જે બાબતો છે અને જે મુશ્કેલીઓ છે એ મુશ્કેલીઓનું અધ્યયન કરી અને આ બિલ માટે અથવા તો વૃદ્ધો માટે ખાસ જોગવાઈ કરો એવી લાગણી સાથે વિરમું છું.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય માનનીય સભ્યશ્રી મફતભાઈ પુરોહિત જે બિલ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

કોઈ કવિએ કહ્યું છે કે " ભૂલો બીજું બધું, માબાપને ભૂલશો નહીં." અને આપણા રામાયણમાં પણ એક પ્રસિદ્ધ ચોપાઈ છે કે " રઘુકુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પણ વચન ન જાય " અને શ્રવણકુમારનો પણ આપણે ઈતિહાસ જાણીએ છીએ કે એને માબાપને કાવડ ઉપર લઈને આખા દેશની જાત્રા કરાવી હતી. પ્રહલાદના જીવનચરિત્ર વિષે પણ આપણે જાણીએ છીએ કે પોતાના પિતાના વચન માટે સળગતા થાંભલાને પકડ્યો હતો. પોતાના જીવને જોખમમાં મૂકીને, " માતૃદેવો ભવ:, પિત્ર દેવોભવ: " આ આપણી સંસ્કત્તિ છે. આપણી આ સંસ્કૃત્તિના કારણે હજી સુધી આપણા સમાજમાં માબાપ- વડીલો એમના પ્રત્યે આપણે બધાએ પૂરી કાળજી રાખીએ છીએ અને પૂરું સન્માન રાખીએ છીએ, પરંતુ પશ્ચિમી સંસ્કૃત્તિનું જે આક્રમણ આપણા ઉપર થઈ રહ્યું છે, દિનપ્રતિદિન જે પરિસ્થિતિ અને સમાજના જે મૂલ્યો બદલાતા જાય છે એના પરિણામે કયાંકને કયાંક જેઓ આપણા જન્મદાતા છે, જેના કારણે આપણે પૃથ્વી જોઈ શક્યા છીએ એવા માબાપને એના સંતાનો ભૂલી જાય છે એટલું જ નહીં પણ માબાપને હડધૂત કરે છે, એમને તરછોડે છે અને એવા માબાપો કે જેમણે પોતાની જિંદગીમાં જે કંઈ ધન ભેગું કર્યુ હોય એ પોતાના બાળકના વિકાસ માટે, પોતાના બાળકની ઉન્નતિ માટે બધું હોમી દીધું હોય અને છેલ્લે નિરાશ અને અનાથ જેવા માબાપો થાય છે ત્યારે આપણે એના માટે કોઈ વિચાર તો કરવો જ જોઈએ. આખરે તો આપણી બધાયની જવાબદારી છે ત્યારે માનનીય સભ્યશ્રી મફતભાઈ જે આ બિલ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું સાથેસાથે હું સરકારશ્રીને પણ વિનંતી કરું છું કે, આના માટે કડક કાયદા કરે, ભરણપોષણ માતાપિતાને મળી રહે, એમને જીવન જીવવા માટેની બીજી સવગડો મળી રહે, એમને સારું આરોગ્ય વિષયક સગવડો મળી રહે. આ બધું જ જોવાની જવાબદારી એના સંતાનો ઉપર કાયદાથી આવે એવું આપણે કરવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, વચ્ચે હું ઈંગ્લેન્ડ ગયો હતો તો ત્યાં મેં જોયું કે સિનિયર સિટિઝનો એટલે કે વૃદ્ધો એના બાળકોથી અલગ રહે છે પણ ત્યાં સામાજિક સલામતીની એવી સુંદર વ્યવસ્થા છે કે વૃદ્ધોને તમામ પ્રકારની સગવડ આપવામાં આવે છે. ત્યાં એને ખાવા પીવા માટે, એને રહેવા માટે અને એની આરોગ્ય વિષયક તમામ સુવિધાઓ સરકાર પૂરી પાડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે એટલું તો નહીં કરી શકીએ પણ કમસેકમ એના સંતાનની જવાબદારી આપણે કાયદા દ્વારા ફિક્સ કરી શકીશું તો મને લાગે છે કે, આપણે આપણા મા-બાપને કંઈક યાદ કર્યા કહેવાશે, એના માટે કાંઈક ભોગ આપ્યો કહેવાશે. અત્યારે તમે અમૅરિકા કે બીજા દેશોમાં જુઓ તો દીકરો સોળ વર્ષનો થઈ જાય એટલે સ્વતંત્ર થઈ જાય પોતાની રીતે પોતાનો ધંધો-રોજગાર ત્યાં એ શોધી લે અને મા-બાપને અને દીકરાને પછી લાંબા સંબંધો રહેતા નથી, માત્ર ફાધર્સ ડે કે મધર્સ ડે હોય ત્યારે ફૂલ મોકલાવી દે અથવા તો રૂબરૂ આવી જાય. ત્યાં સમાજની રચના એ પ્રકારની જ છે કારણ કે ત્યાં એની જે વ્યવસ્થા છે એમાં ત્યાં કોઈ બેરોજગાર રહેતું નથી અને સાથો સાથ ત્યાં જે વૃદ્ધો છે એના માટેની જે જરૂરિયાતો છે, સગવડ છે એ સરકાર જ્યારે પૂરી પાડતી હોય ત્યારે ત્યાં આવા કોઈ કાયદાની જરૂર રહેતી નથી પણ જ્યાં સરકારશ્રી આવી કોઈ સુવિધા પૂરી પાડતી ન હોય ત્યાં આપણા સિનિયર સિટિઝનો માટે આપણે બધાએ આ વિચારવું એ આપણા બધાની પવિત્ર ફરજ બની રહે છે ત્યારે મારી આ સભાગૃહના સૌ સન્માનીય સભ્યશ્રીઓને અને સરકારશ્રીને વિનંતી છે કે ભાઈશ્રી મફતભાઈ પુરોહિત જે બિલ લઈને આવ્યા છે એને પક્ષાપક્ષીથી પર રહી માત્રને માત્ર આપણી સામાજિક જવાબદારી, આપણા માતા-પિતાનું જે આપણા ઉપરનું ઋણ છે એ ઋણ અદા કરવાના ભાગરૂપે આપણે બધાય આ બિલના હાર્દ સાથે સંમત થઈએ અને આ બિલ કાયદાનું સ્વરૂપ લે એનાથી આપણા સિનિયર સિટિઝનોને રાહત મળે અને એનું જે પાછલું શેષ જીવન છે તે એ લોકો શાંતિથી જીવી શકે એવી સ્થિતિનું નિર્માણ થાય એના માટે કાયદો ઘડવામાં આવે એવી માનનીય અધ્યક્ષશ્રી, મારી આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓને અને સરકારશ્રીને વિનંતી છે. ફરીને મફતભાઈ પુરોહિત ખૂબ સુંદર મજાનું બિલ લઈ આવ્યા છે એ બિલ આપણા બધાની સામાજિક જવાબદારી, આપણા બધાની નૈતિક જવાબદારી પ્રત્ય અંગુલી નિર્દેશ કરે છે ત્યારે આ બિલને હું મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ સભાગૃહમાં પ્રાઈવેટ મેમ્બર્સ બિલ આવે છે, આ પક્ષથી આવે કે પેલા પક્ષથી આવે પણ એ એક સમાજની ચિંતા કરતી વાત આ સભાગૃહમાં આવે છે, હું માનનીય મફતભાઈને અભિનંદન આપું છું. એમણે સમાજની એક સમસ્યા તરફ અંગુલી નિર્દેશ કરવાનો પ્રયત્ન કર્યો છે અને આ પરંપરા રહી છે આ ગૃહની અને માનનીય મંત્રીશ્રી પણ આ ગૃહના સભ્ય રહ્યા છે. એવું પણ બન્યું છે કે વિરોધ પક્ષનું બિલ હોય એને કોઈ પોલિટિકલ ઓબ્ઝર્વેશન વગર સકારાત્મક રીતે જો એને સરકારે ખાતરી આપી હોય કે અમે આવું બિલ લઈને આવીશું, થોડી વધારે જોગવાઈઓ

કે થોડા ફેરફારો કરીને આવશું. પરંતુ પ્રાઈવેટ મેમ્બર બિલમાં કયારેય પોલિટિકલ ઓબ્ઝર્વેશનો થયા નથી, કોઈ જુનિયર મેમ્બર કદાચ કરે પણ સિનિયર સભ્ય કે સિનિયર મંત્રીશ્રીઓ તરફથી કયારેય આવો ભાવ દેખાયો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મફતભાઈની જે ચિંતા છે, આપણે ત્યાં વડીલો માટેની ચિંતા કંઈક ઘટતી જાય છે એ આપણી સંસ્કૃતિ માટે આપણા સંસ્કાર માટે કે જેના માટે આપણે ગૌરવ લઈએ છીએ એના માટે આ સારું નથી એ એમની ચિંતા છે. કેમ આ સમાજમાં આ વ્યવસ્થા તૂટે છે? એની ચિંતા માનનીય મફતભાઈની છે અને આ ચિંતા માત્ર મફતભાઈની નહિ, સમાજમાં બેઠેલાં ઘણા માનનીય મફતભાઈઓની આવી જ ચિંતાઓ હોય છે જે ચિંતાનો આ સભાગૃહમાં એમણે પ્રતિઘોષ પાડવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે એ સંજોગોમાં સરકાર પણ આ દિશામાં વિચારે, આપણે વૃદ્ધાશ્રમો તરફ, વડીલોને મળતી સવલતો તરફ ચિંતા કરીએ છીએ, આપણે એમને સગવડતાઓ આપીએ, આપણે એમને વ્યવસ્થાઓ આપીએ, એટલું જ નહિ પણ સમાજમાં ક્યાંક સંસ્કાર તૂટે છે, સમાજમાં ક્યાંક સંસ્કૃતિને કોઈક નુકસાન કરે છે, તો એ ક્યાં છે, આપણી શૈક્ષણિક પરંપરાઓ જે હતી કે બાળક પ્રાથમિક શાળામાં ભણતો ત્યારથી એને જે સંસ્કારનું સિંચન શિક્ષકો કરતા કે ગુરૂ કે ઈશ્વર પહેલાં પણ માતા-પિતાનું સ્થાન, એ આપણી આદર્શ સમાજ વ્યવસ્થા છે, આજે વડીલો પ્રત્યેનો આદર જાહેર જીવનમાં હોય તો પણ ઘટે છે, કુટુંબ જીવનમાં હોય તો પણ ઘટે છે, એ વડીલ પ્રત્યેનો દુશ્મનનો પણ વડીલ મળે એને વંદન કરવા એ આપણા સમાજની પરંપરા છે, આજે તો આપણે આપણો પરિવાર હોય પછી એ રાજકીય પરિવાર હોય કે કૌટુંબિક પરિવાર હોય ત્યાં પણ વડીલનું સન્માન કરવાનું કંઈકને કંઈક ચૂકતા આવ્યા છીએ, એ સ્વાર્થના સમીકરણો છે કે જે પ્રવાહો હોય એ, પણ જો આપણે એનું પુનઃસ્થાપન કરીએ આપણા સંસ્કારોનું એ જરૂરી છે ત્યારે એ સંજોગોમાં માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે કદાચ સરકારને આ જ બેઠો ઢાંચો ના અનુકૂળ લાગતો હોય તો ઢાંચામાં સુધારો થાય પણ આ પ્રકારનું બિલ લઈને માનનીય મંત્રીશ્રી આગામી દિવસોમાં ગૃહમાં આવે એવી અપેક્ષાઓ રાખું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી મફતભાઈ પુરોહિત દ્વારા ગુજરાત માતા પિતા અને આશ્રિતોના ભરણ પોષણ બાબતનું વિધેયક, ૨૦૦૮ આ ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે, જેની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રી જીતુભાઈ સુખડીયા, મુરબ્બી શ્રી ઉદેસિંહજી, મુરબ્બી શ્રી રાઘવજીભાઈ, વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહજી એમ અનેક મિત્રોએ ભાગ લીધો છે અને જે સૂચનો કર્યા છે એ મારી વાત પૂરી થશે ત્યારે એનો સ્વીકાર થઈ ગયો છે એની પણ પ્રતીતિ થશે, માનનીય અધ્યક્ષશ્રી, મને બે પંક્તિ યાદ આવે છે,

**"બુઢાપા ગુજરતે વક્ત કી બંજારવાના હૈ, જો જાકર ન આએ, વો જવાની હૈ**
**અગર જીંદાદિલી હૈ તો બુઢાપા ભી જવાની હૈ, ઔર જો આકર ન જાએ વો બુઢાપા હૈ"**

આ વિધેયકની સૂચિત જોગવાઈ માનનીય ધારાસભ્યશ્રીએ જોઈ હશે, માનનીય ધારાસભ્યશ્રી મફતભાઈ આ જે બિલ માર્ચ, ૨૦૦૮માં અહીંયા લાવ્યા અને એ વખતે આ દાખલ કરવામાં આવ્યું, ત્યારે ભારત સરકારે આ જ વિષય ઉપર જે કાયદો પસાર કર્યો હતો તેની સ્વીકૃતિ ગુજરાતમાં કરવામાં આવી નહોતી, ત્યારબાદ રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે, તારીખ ૭-૧૦-૨૦૦૮ના રોજ સમગ્ર કાયદાનો સ્વીકાર કરવામાં આવેલ છે અને તેને અમલમાં પણ મૂકવામાં આવેલ છે, આ કાયદાના અમલીકરણની જવાબદારી સમાજ સુરક્ષા વિભાગને સોંપવામાં આવી છે, રાજય સરકારે, તારીખ ૨૯-૫-૨૦૦૯ના જાહેરનામાથી મેઈન્ટેનન્સ ટ્રિબ્યુનલની પણ રચના કરી છે અને તે અંગે દરેક પ્રાંત અધિકારીને સત્તા પણ આપવામાં આવી છે, દરેક જિલ્લામાં એક વૃદ્ધાશ્રમ કે જેની ક્ષમતા ઓછામાં ઓછાં ૧૫૦ વૃદ્ધ નાગરિકોને સમાવી શકાય તેટલી હોય એવા વૃદ્ધાશ્રમોની સ્થાપના કરવાની જોગવાઈ એમાં કરવામાં આવેલી છે, રાજય સરકાર દ્વારા જ્યાં શક્ય હોય ત્યાં સરકારી તેમજ અનુદાન મેળવતી હૉસ્પિટલમાં સિનિયર સીટીઝન માટે પથારીની પણ વ્યવસ્થા અલગ કરવાની જોગવાઈ પણ કાયદામાં છે, હઠીલા રોગોની સારવાર માટે અને વૃદ્ધ નાગરિકોના કલ્યાણ માટેની સુવિધા આપવાની જોગવાઈ પણ રાજય સરકાર દ્વારા એમાં કરવામાં આવી છે, વૃદ્ધ નાગરિકોને ત્યજી દેવાના કે તિરસ્કૃત કરવાના કે રઝળતા મૂકી દેવાના કિસ્સામાં જવાબદાર ઠરે. તો યોગ્ય સજાની અને દંડની જોગવાઈ પણ તેમાં કરવામાં આવી છે. એટલું જ નહીં માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાના અન્વયે કોઈ હુકમ ઉપર સિવિલ કોર્ટ મનાઈ હુકમ ના આપી શકે તેવી જોગવાઈ પણ ગુજરાતના કાયદામાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવાય છે કે જીવનમાં બે પ્રસંગો એવા છે કે જ્યારે મા-બાપની આંખ અચૂક ભીની થાય છે. એક દીકરી ઘર છોડે ત્યારે બીજું દીકરો તરછોડે ત્યારે. મહાભારતના શાંતિપર્વના ચેપ્ટર આઠમાં ભિષ્મ પિતામહ યુધિષ્ઠિરને કહે છે કે માતા-પિતા અને આચાર્યની સેવા મારા મતે સૌથી અગત્યની છે. આપણાં શાસ્ત્રમાં પણ જેઓ વૃદ્ધોની સેવા કરે છે તે લાંબુ જીવન જીવે છે, કીર્તિ મેળવે છે, ઉચ્ચ જ્ઞાન અને શકિત પ્રાપ્ત કરે છે એ અંગેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી રાજય સરકારમાં આ સંસ્કારોને વણેલ છે અને એટલા માટે આ સભાગૃહ સમક્ષ જણાવતાં મને ગૌરવ થાય છે

**" જીન્હેં શક હો વો કરે ઔર ખુદા કી તલાશ**
**હમ તો ઈન્સાન કો દુનિયા કા ખુદા માનતે હૈ "**

માનનીય અધ્યક્ષશ્રી, આમાં બીજી એ પણ જોગવાઈ કરવામાં આવેલ છે કે મા-બાપે કાયદાકીય નિષ્ણાંત રાખવાની જરૂર નથી. એટલે વકીલની જરૂર નથી. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા અનાથ બાળકોના પાલન પોષણ માટે પાલક માતા-પિતાની યોજના, નિરાધાર વિધવા માટેની યોજના, અશક્ત વિકલાંગો માટેની સુરદાસ યોજના, નિરાધાર વૃદ્ધો માટેની રાજય સરકારની વય વંદના, કેન્દ્ર સરકારની નિરાધાર વૃદ્ધો માટેની યોજના આ બધી યોજનાઓનું અમલીકરણ થાય છે. અહીંયા ચિંતા વ્યક્ત થઈ ઘણાં મિત્રોએ કરી, રાઘવજીભાઈએ પણ કરી, બાકીના મિત્રોએ પણ કરી કે આજે દેશમાં પશ્ચિમી સંસ્કૃતિનું આક્રમણ થઈ રહ્યું છે. અને જે ટી.વી. ચેનલ દ્વારા આપણાં બેડરૂમ સુધી પહોંચી ગયું છે અને તેનાથી આ સમાજને બચાવવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, પશ્ચિમની સંસ્કૃતિ માને છે કે યોગ્ય તમ એટલે કે જે શ્રેષ્ઠ હોય તે ટકશે અને બીજા બધા ખતમ થઈ જશે. જ્યારે આપણી હિંદુ સંસ્કૃતિ કહો કે ભારતીય સંસ્કૃતિ કહો તે કહે છે " સર્વે ભવન્તુ સુખિન: સર્વ લોકો સુખી થાય "

માનનીય અધ્યક્ષશ્રી, પશ્ચિમની સંસ્કૃતિ માને છે " કમાય તે ખાય " હિન્દુ ચિંતન માને છે " જનમ્યું તે ખાય અને કમાય તે ખવડાવે. " માનનીય અધ્યક્ષશ્રી, " પોતે કમાવું અને પછી ખાવું તે " પ્રકૃતિ" છે બીજાનું ઝૂંટવીને ખાવું તે " વિકૃતિ" છે અને પોતે કમાઈને બીજાને ખવડાવવું તે " સંસ્કૃતિ" છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મૅડિકલ સાયન્સની અભૂતપૂર્વ પ્રગતિને કારણે આજે જીવન ધોરણમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે, આયુ મર્યાદા વધી રહી છે. ૧૯૪૭માં આયુષ્યની સરેરાશ ૨૯ વર્ષની હતી તે આજે ૬૩ની નજીક પહોંચી છે. સિનિયર સિટિઝનની સંખ્યા પણ વધી ગયેલ છે. ભારતમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોની સંખ્યા જે ૧૯૫૧ માં ૨ કરોડની હતી તે ૨૦૦૧માં ૭.૬ કરોડની થઈ ગયેલ છે અને ગુજરાતમાં આ સંખ્યા લગભગ ૪૦ લાખની થવા જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય અટલ બિહારી બાજપાઈના નેતૃત્વ નીચેની એન.ડી.એ. સરકારે ૧૯૯૯માં વૃદ્ધ વ્યકિતઓ માટેની રાષ્ટ્રીય નીતિ જાહેર કરેલ જે અંતર્ગત વર્ષ ૨૦૦૭ માં કેન્દ્ર સરકારે માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ અધિનિયમ ૨૦૦૭ બનાવેલ જેનો ગુજરાત સરકાર દ્વારા સ્વીકાર કરી અને ૧૯મે, ૨૦૦૯ના રોજ તેનું જાહેરનામું બહાર પાડી દીધેલ છે અને તેના નિયમો બનાવી ૧૯ મે, ૨૦૦૯ના રોજ તે રાજયમાં અમલી બનાવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકને લગતી તમામ વિગતો મેં આ સભાગૃહ સમક્ષ રજૂ કરી છે તે જોતાં જણાય છે કે, વૃદ્ધ માતા-પિતાના રક્ષણ માટે રાજય સરકારનો કડક કાયદો અમલમાં છે તેથી હવે વિશેષ કોઈ કાયદો બનાવવાની જરૂરિયાત નથી. તેમાં કોઈ ફેરફાર પણ જરૂરી બનતાં નથી તેથી માનનીય ધારાસભ્યશ્રી મફતભાઈ પુરોહિતને આપના દ્વારા મારી વિનંતી છે કે તેમણે રજૂ કરેલ આ વિધેયક પાછું ખેંચે. **શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જે કંઈ વ્યવસ્થા કરી છે, એ માટે હું આભાર માનું છું અને મારું વિધેયક પાછું ખેંચવાની સભાગૃહ મને અનુમતિ આપે તેવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારું વિધેયક પાછું ખેંચુ છું.

**અધ્યક્ષશ્રી:** વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૦

**ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૨૦૦૮**

**ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈઓ કરતું વિધેયક**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮ના• વિધેયક ક્રમાંક:૧૦, સન ૨૦૦૮ના ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણનું આ માનવતાવાદી વિધેયક આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું લઈને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાહેરજીવનના લોકો સતત એક યા બીજા કાર્યક્રમોના સંદર્ભે વ્યાપક પ્રવાસ કરતા હોઈએ છીએ. આપણા આ પ્રવાસ દરમ્યાન આપણે રસ્તા પર જાતજાતની અકસ્માતની અનેક ઘ ટનાઓ નજરે નિહાળતા હોઈએ છીએ. આપણે વર્તમાનપત્રો વાંચીએ કે ટી.વી.માં સમાચાર નિહાળીએ તો આ પ્રકારના દ્રશ્યો કયારેક આપણા મનને વિચલીત કરી જાય છે. ઘરેથી નીકળેલો કોઈ કુટુંબનો મોભી, કોઈનો લાલ અકસ્માત વગર સહી સલામત પાછો આવશે કે નહીં એ માટે દરેકના મનમાં નાની મોટી ચિંતા રહેતી હોય છે. અકસ્માત દરમ્યાન આ દ્રશ્યોથી આપણા બધાના મનમાં વેદના થાય છે અને એ વેદનાથી ઉભી થતી સંવેદનાને કારણે આ પ્રાઈવેટ મેમ્બર બિલ લઈને આ સભાગૃહ સમક્ષ હું આવ્યો છું.

• વિધેયક તા.૧૪મી માર્ચ, ૨૦૦૮ના ગુજરાત ગર્વન્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મજૂરોને લઈને જતી એક ટ્રક ઉંધી પડી જાય કે સળિયા ભરેલ ટ્રકમાં પાછળથી મોટર સાયકલ સવાર અથડાઈને તેમાં ઘૂસી જાય, જાનૈયાઓને લઈને જતું ટ્રેકટર ઉંધુ પડી જાય અને કે અનિયંત્રિત ઝડપે જતી લકઝરી બસ અકસ્માત કરે અને એ બધા અકસ્માતોને કારણે જે દ્રશ્યો ઉભા થાય. સિવિલ હોસ્પિટલ મારા વિસ્તારમાં આવે છે. ટ્રોમા સેન્ટરમાં આ પ્રકારના અકસ્માતો થયેલા લોકોને સારવાર માટે લાવવામાં આવતા હોય છે, એ બધાની હાલત એટલી દર્દનીય હોય છે કે આ પ્રકારના અકસ્માતોથી કેટલાયે લોકો પોતાની જીંદગી ગુમાવે છે. તો કેટલાક લોકો આજીવન અપંગતા પામે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે વિશ્વમાં ૧૫ લાખ જેટલા અકસ્માતો થાય છે. એમાં આપણા દેશમાં ૭૦ હજાર જેટલા લોકો અકસ્માતથી મૃત્યુ પામે છે. ગુજરાતની છેલ્લા ૫ વર્ષની વાત કરીએ તો ૨૭ હજાર જેટલા પ્રાણઘાતક અકસ્માતો થયા છે અને ૩૫ હજાર જેટલા ગંભીર અકસ્માતો થયા છે. નાના મોટા કુલ ૧ લાખ ૭૦ હજાર અકસ્માતો હાઈવે પર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે ભારતીય જનતા પાર્ટીનું નેતૃત્વ કરી રહેલા પ્રહલાદભાઈ પટેલ હોય કે અરવિંદભાઈ મણિયાર હોય તેમણે હાઈવે ઉપરની આવી અકસ્માતની ગોઝારી ઘ ટનાઓના કારણે જાન ગમાવ્યા છે. ગુજરાતમાં સમૃધ્ધિ વધી છે, વાહનો વધ્યાં છે અને નવા પ્રકારનાં વાહનો છે એની અનિયંત્રિત સ્પીડને કારણે ડ્રાઈવરને ખબર નથી કે મારી ગાડી ૧૨૦ કે ૧૪૦ ની સ્પીડ ઉપર જાય છે. એને સ્પીડનો અહેસાસ ન થવાને કારણે આપણે વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ કે આજકાલ હીટ એન્ડ રન એ પ્રમાણેના અનેકવિધ સમાચારો જોઈએ છીએ, સાંભળીએ છીએ, પરંતુ હાઈવે ઉપર ઓવર લોડિંગ, ઓવર ક્રાઉડિંગ હોય, કયારેક કયારેક એક જીપમાં ઘેટાં બકરાંની જેમ ૩૦-૩૫ લોકોને ભરે એ રીતે આ લોકોનું ટ્રાન્સ્પોર્ટેશન થતું હોય, લકઝરી બસમાં ડ્રાઈવર અને હેલ્પર હોય ત્યારે ડ્રાયવર થાકે એટલે હેલ્પર હોય એ ડ્રાઈવરની ગાદી ઉપર બેસીને ગાડી ચલાવતો હોય એના લીધે પણ અકસ્માતો થાય છે, રસ્તા ઉપર બેક લાઈટ ના હોય, રિફલેકટર ના હોય અને કયાંક કયાંક એવું જોવા મળ્યું છે કે ડ્રાઈવરની નબળી આંખો હોાવને કારણે પણ અકસ્માતો થાય છે. ગુજરાતમાં ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયાકિનારો છે અને ગુજરાતના બંદરો ઉપરથી સમગ્ર ઉત્તર ભારતમાં માલનું ટ્રાન્સ્પોર્ટેશન થાય છે એના કારણે હાઈવે ઉપર ટ્રકોની સૌથી વધારે ટ્રાન્સ્પોર્ટેશનની સંખ્યા છે. એ પૈકીના કેટલાક વાહન જયારે રસ્તા ઉપર બંધ પડયા હોય એવું વાહન જયારે બીજા વાહનને છેલ્લી ઘડીએ દેખાય તો એ વાહન પેલા વાહનની પાછળ ઘુસી જાય છે અને ભયંકર અકસ્માત થાય છે, કયારેક રસ્તા ઉપર પશુ મરી ગયું હોય અને એનો સમયસર નિકાલના થવાને કારણે પણ અકસ્માત થાય છે, ગાંધીનગર અને અમદાવાદ કે જયાં મોટા રસ્તા છે અને સલામત છે, પરંતુ બાજુમાં વન વિભાગ હોવાને કારણે નીલગાયો ફુલ્સ્પીડે રસ્તા ઉપર આવી જાય છે ત્યારે પણ આવા પ્રકારના અકસ્માતો થાય છે. આજે મોબાઈલના યુગમાં વાહન ચલાવનાર વ્યકિત મોબાઈલ ઉપર ચાલુ વાહને વાત કરતાં કરતાં ૧૨૦ ની સ્પીડે વાહન હંકારતા હોય છે ત્યારે બેધ્યાનપણું થવાના કારણે, ઘણી જગ્યાએ પોતાના ખાનગી વાહનમાં પણ સી.ડી વગેરે જોતા હોવાના કારપે પણ આ રીતના અકસ્માત થાય છે. અકસ્માતના ઝોન બદલાય છે એટલે પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર. એટલે માર્ગ અને મકાન વિભાગ, ગૃહ વિભાગ અને વાહનવ્યવહાર વિભાગ આ બધાએ ભેગા મળીને સંયુકતપણે નવા અકસ્માતના પોઈન્ટ નકકી કરીને પ્રજાને એનાથી વાકેફ કરવી જોઈએ. અનિયંત્રિત રીતે ચાલતી લકઝરી બસ નિયંત્રિત થાય અને જે લકઝરી બસમાં ૬-૬ હેડ લાઈટ હોય અને સામેવાળો વાહનચાલક જયારે પસાર થતો હોય તો એ લાઈટથી અંજાઈ જવાના કારણે પણ અકસ્માત થાય છે, પરંત આ અકસ્માત થયા પછી એની સારવાર માટે દરેક જિલ્લામાં ટ્રોમા સેન્ટરની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી જોઈએ. આજે આપણે ૧૦૮ ની ઈમરજન્સી સુવિધા સમગ્ર ગુજરાતભરમાં શરૂ કરી છે અને આ ૧૦૮ ના માધ્યમથી જિલ્લાના ટ્રોમા સેન્ટરો સુધી પહોંચાડીને ગોલ્ડન અવર્સમાં એને પૂરતી સારવાર અપાય તો એનાં સારાં પરિણામ લાવી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રિ, ભૂતકાળમાં ઉદયન ચીનુભાઈ અને સી.કે.રાઉલજીની કમિટી નીમવામાં આવી હતી અને એમનાં સૂચનોનો અમલ પણ કર્યો હતો, પરંતુ ફરીથી એની જરૂરિયાત છે. એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે વડાપ્રધાનશ્રી એ.બી.બાજપાઈએ જે રીતે અમદાવાદથી વડોદારા વચ્ચે સ્વર્ણીમ ચર્તુભૂજ રસ્તાની યોજના કરી કે જેના કારણે વચ્ચેના ચાર રસ્તા કે બાકીની આડશો ન હોવાના કારણે અકસ્માતોની સંખ્યા ઘટાડી શકાઈ છે. એટલે આ બધા મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે તો પણ અનેક અમૂલ્વાન જીંદગી બચાવી શકાશે એ જ મારો આ વિધેયક લાવવા પાછળનો આશય છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના આદરણીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા ધોરી માર્ગ અકસ્માત નિવારણ બિલ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જગત સુંદર છે, સમાજ સુંદર છે અને સુંદર સમાજમાં માનવી પણ સારી રીતે જીવે એના માટે સમાજ અને રાજય વગેરેની વ્યવસથા કરે છે.આ સમાજના જીવનના સુખ માટે આપણે જયારે માર્ગો કર્યા, નાની કેડીઓમાંથી સુંદર ધોરી માર્ગો કર્યા અને તે ધોરી માર્ગો પણ ખૂબ સુંદર, સુવિધા વાળા બનાવ્યા, પણ એ સુવિધા વાળા માર્ગો આજે આપણા માટે આંષુ બનીને રહી જાય છે. એ જ રીતે તેના ઉપર ફરતા વિવિધ પ્રકારના વાહનો છે તે વાહનોથી માનવી આનંદ માને છે.પણ એ જ વાહનોના કારણે તેઓ અકસ્માતનો ભોગ બને છે અને સમાજમાં એવી પરિસ્થિતિ ઉભી કરે છે કે કેટલાય નવયુવાનો હોમાઈ જાય છે. કયાંક ઘરનો દિપક બૂઝાઈ

જાય છે. આજે એવી પરિસ્થિતિ થાય છે કે કયાંક રસ્તા ઉપર પડેલ પશુઓ મહિનાઓ સુધી સડતા હોય છે. અને તેના ઉપરથી વાહન પસાર થઈ જાય ત્યારે અકસ્માતનો ભોગ બને છે. અને તેના કારણે અકસ્માતો વધારે થાયછે. આપણા રોડ ઉપર વિવિધ પ્રકારના પશુઓ ફરતા હોય છે. ગાયો હોય, બકરાઓ હોય કે પછી ગધેડાઓ હોય આવા તમામ પશુઓ બેફામ રીતે ફરતા હોય છે અને તે અકસ્માત નિર્માણ કરતા હોય છે. અને તેના પરિણામે અકસ્માતો સર્જાય છે. ત્યારે આવા અકસ્માતોનો જે ભોગ બને છે તેમના કુટુંબ અને તેમના પરિવારની જે પરિસ્થિતિ થાય છે તે પરિસ્થિતિનું દ્રશ્ય આપણે જોઈએ તો આપણા દિલને કંપારી થાય તેવી પરિસ્થિતિ ઉભી થતી હોય છે. એટલે તેના માટે સગવડો ઉભી કરવી જોઈએ, અને વહેલામાં વહેલી તકે એ કરવી જરૂરી છે. અત્યારે મોબાઈનો જમાનો છે. અને આજે સ્કૂટર ઉપર જનાર વ્યકિત ચાલુ વાહને મોબાઈલ ઉપર વાત કરતા હોય અને વાત કરતા કરતા બેધ્યાન થાય અને પરિણામે અકસ્માતો થતા હોય છે. કોઈ સાધન રોડ ઉપર ઉભું હોય અને તેને પાછળ લાઈટ ન હોય ત્યારે પાછળથી આવતું વાહન એ ઉભેલા વાહનની પાછળ ઘૂસી જાય છે અને અકસ્માત થાય છે. એટલે આ બધા અકસ્માતો સમાજ જીવન માટે ખૂબ જ દુ:ખદ છે. અને તેના માટે નિવારણ કરવું જોઈએ. અને તેના નિવારણ માટે માનનીય પ્રદિપસિંહ જે બિલ લઈને આવ્યા છે તેમાં આવી જોગવાઈઓ થાય અને ભવિષ્યમાં સારામાં સારો કાયદો બને અને આ વિધેયક આપણા રાજયમાં આવે તો મને લાગે છે કે તેના નિવારણ માટેની જોગવાઈ થશે. મારી આટલી વાત સાથે હું માનનીય પ્રદિપસિંહને અભિનંદન આપી અને વિરમું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહભાઈ જે ગુજરાત ધોરી માર્ગ અકસ્મત નિવારણ વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. સમગ્ર દેશ અને રાજયનો જે ઝડપથી વિકાસ થયો છે, સમગ્ર વિશ્વમાંથી ઉચ્ચ ટેકનોલોજીના જે પ્રકારના તમામ વાહનો આવ્યા છે, લોકોની સમૃદ્ધી વધી છે તેની સાથે સાથે રાજયમાં પણ ખૂબ મોટી સંખ્યામાં વાહનો વધ્યા છે. અને તેની સામે રોડની વ્યવસ્થા નથી થઈ, એટલે ખૂબ મોટા પ્રમાણમાં અકસ્માતો થાય છે. એટલે માનનીય સભ્યશ્રીને હું ખૂબ અભિનંદન આપું છું કે આ બિલ લઈને આવ્યા છે તેને સરકાર અને આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓ પણ સંમતિ આપે તેવી મારી લાગણી વ્યકત કરું છું. સમગ્ર વિશ્વમાં જે રોડ અને ટ્રાફિકની સમસ્યાઓ છે તેને કઈ રીતે હલ કરવામાં આવે છે તે જોઈએ તો મોટા ભાગના દેશોમાં આવા રોડ ઉપર અને અકસ્માત ઝોન ઉપર કેમેરા ગોઠવવામાં આવેલા છે. અને કોઈ ડ્રાઈવર અવારનવાર અકસ્માત કરે અથવા ભૂલ કરે તો તેના લાયસન્સ ઉપર એક પછી એક પોઈન્ટ લખવામાં આવે છે. અને તેના વીમાનું પ્રિમિયમ પણ વધી જાય છે. એટલે આ જે અકસ્માત નિવારણ બિલ છે એમાં માનનીય મંત્રીશ્રીને પણ મારી વિનંતી છે કે આ ગૃહની અંદર આ બિલ લઈને આવ્યા છે એને મંજૂરી આપે અને એની સાથે સાથે આપણા રાજયમાં જે ટ્રાફિક પોલીસનું મહેકમ છે એની વાત કરું તો છેલ્લા ૫૦ વર્ષમાં વાહનોની સંખ્યામાં ખૂબ જ વધારો થયો છે એની સામે ટ્રાફિક પોલીસ કે અકસ્માત નિવારણ માટેની જે વ્યવસ્થા એ પ્રમાણે ઊભી થવી જોઈએ એ થઈ નથી. ટ્રાફિક પોલીસ છે એ બીજા પોલીસ સ્ટેશનમાં હોય છે બીજે ડયૂટીમાં હોય છે. ટ્રાફિક પોલીસમાં આવવા માટે લાગવગ કરવી પડે છે કારણ કે હાઈવે રોડ ઉપર ટ્રાફિક પોલીસ રાજયની અંદર જે ડ્રાઇવરો પીધેલી હાલતમાં બેફામ વાહન ચલાવતા હોય એ ટ્રાફિકને કન્ટ્રોલ કરવાને બદલે હપતા ઉઘરાવવાના કામમાં જ વ્યસ્ત રહેતા હોય છે. આપણા રાજયમાં લાખો કરોડોની સંખ્યામાં વાહનો છે. જ્યારે રાજય સરકાર પાસે આઠ હજાર જેટલી એસ.ટી.બસો આવેલી છે. કુલ અકસ્માતના ૫૦ ટકા જેટલા અકસ્માતો આ એસ.ટી. બસો જ કરે છે. તેથી એના જે ડ્રાઇવરો છે એને ટ્રેનિંગ આપવાની જરૂર છે. વાહનોનું વ્યવસ્થિત ચેકિંગ કરવામાં આવે લાઈટો ટેઈલ લાઈટો વ્યવસ્થિત રહે, પ્રાઇવેટ લકઝરી બસો વાળા બિન કાયદેસર હૉર્ન ૧૫૫ કેપેસિટી સુધીના વગાડતા હોય છે. આ પ્રાઇવેટ લકઝરી બસનો ડ્રાઇવર આ હૉર્ન વગાડે એટલે આગળના વાહન વાળો ડ્રાઇવર હેબતાઈ જાય અને અકસ્માત કરી બેસે છે. તેથી આ રાજયનો મહત્ત્વનો અને અતિ ગંભીર પ્રશ્ન માનનીય સભ્યશ્રી લઈને આવ્યા છે ત્યારે આ બિલમાં હું પણ મારો સૂર પુરાવું છું. આ બિલ સર્વસંમતિથી મંજૂર થાય અને જો અત્યારે ન થાય તો માનનીય મંત્રીશ્રી એનું અલગથી બિલ લઈને આવે જેથી આપણા રાજયમાં સારી રીતે ટ્રાફિકની વ્યવસ્થા જળવાઈ રહે અને અકસ્માતોની સંખ્યા અત્યારે છે એમાં કમસેકમ ઘટાડો થાય એના માટેના પૂરતા પ્રયત્નો થાય, જરૂરી કાર્યવાહી થાય તેવી મારી વિનંતી અને રજૂઆત છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્યશ્રી સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૦૮નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

ગુજરાતની અંદર છેલ્લા દસ વર્ષમાં જે રસ્તાઓ બન્યા છે, સારા રસ્તાઓ સ્પીડી વાહન અને વધુ વાહનોની સંખ્યાને કારણે ગુજરાતમાં જે હમણાં વાત કરી કે દરિયા કિનારાના કારણે કંડલા હોય કે મુંદ્રા હોય કે જામનગર હોય કે અન્ય પોર્ટના કારણે આજુબાજુના રાજયોના આયાત નિકાસના માલ વહનને માટે ગુજરાતનો પોર્ટોનો વધારે ઉપયોગ થતો હોય છે એના કારણે ગુજરાતના રસ્તાઓ ઉપર વાહનોની વધારે ભીડના કારણે આ અકસ્માતો સર્જાતા અને સ્પીડી વાહનોના કારણે આ અકસ્માતો વધારેમાં વધારે બનતા હોય છે. જેમ હમણાં

કહેવામાં આવ્યું કે પ્રાઇવેટ વાહનો લકઝરી બસો હોય કે રાજકોટ મોરબી વચ્ચે કુર્ઝર ગાડી હોય એના લીધે વધારેમાં વધારે અકસ્માતો પ્રાઇવેટ વાહનોમાં થતાં હોય છે. ગુજરાતની અંદર રાજય સરકારની એસ.ટી. બસો પુષ્કળ પ્રમાણમાં ચાલતી હોવા છતાં ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો એસ.ટી. બસોના અકસ્માતો ઓછામાં ઓછા થતા હોય છે. એનું કારણ એમાં નોકરી કરતા ડ્રાઇવરને એની નોકરીનો સવાલ હોય છે. તેના કારણે પોતે વધુ કાળજી રાખીને ચલાવે છે. તેના કારણે અકસ્માત ઓછાં થતાં હોય છે. આ પ્રાઈવેટ વાહનો છે તેના ડ્રાઈવરને નોકરીની પડી હોતી નથી. આમાંથી નીકળીને ગમે ત્યાં નોકરી કરી શકતા હોય છે. એટલે બેફામ વાહન ચલાવા અને એક સિટીમાંથી બીજાં સિટીમાં જે વાહનો દિવસમાં ફેરા કરતા હોય છે. એ વહેલા પહોંચે એટલે વહેલો વારો આવે. રાજકોટ-મોરબી વચ્ચે ક્રુઝર ચાલે છે. તેમાં વચ્ચે એક પી.આઈ.એ આવીને ત્રણ મહિના પૂરતી ૧૦૦ ટકા ક્રુઝર બંધ કરાવી દીધી. તેના કારણે રાજકોટ-મોરબી અને રાજકોટ-જામનગર વચ્ચે જે અકસ્માતનું પ્રમાણ હતું તે ઘટીને ૧૦૦ ટકામાંથી ૧૦ ટકા થઈ ગયું હતું. જે પ્રાઈવેટ વાહનો બેફામ ચલાવવાને કારણે અકસ્માત થાય તેની કંઈ પડી હોતી નથી તેના કારણે આવા અકસ્માતના બનાવો વધારેમાં વધારે બનતા હોય છે. આમાં કોઈ પણ ડ્રાઈવર એક વખત કે બે વખત અકસ્માત કરે તો તે ડ્રાઈવરના લાયસન્સ ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ. કારણ કે અકસ્માતમાં ગમે તેટલા માણસોનું મૃત્યુ થાય તો તેના ઉપર બીજો કોઈ કેસ થતો નથી, તેની ધરપકડ થાય અને તરત જામીન ઉપર છૂટી જતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧ એપ્રિલથી ૮ એપ્રિલ સુધીમાં રાજકોટ અને મોરબી વચ્ચે આઠ દિવસમાં નવ જેટલા યુવાનો જે કૉલેજમાં ભણીને પરીક્ષા પૂર્ણ કરીને પોતાના વતનમાં જતા હતા, એવા નવ આશાસ્પદ યુવાનોના એક સાથે અઠવાડિયામાં અકસ્માતમાં મૃત્યુ થયા હતા. ખરા અર્થમાં ગુજરાતમાં પ્રગતિના કારણે વધુ વાહનોને કારણે અકસ્માત થાય છે. તેના નિવારણ માટે રાજય સરકાર તેના કોઈ નિયમો બનાવે અને અકસ્માત કરે તેના ઉપર કડકમાં કડક પગલાં લેવામાં આવે અને અકસ્માત કરનાર કોઈ પણ સામે મૃત્યુ થયું હોય તેના ઉપર અકસ્માત કરનારને ૩૦૨ની કલમ લગાડીને વધુમાં વધુ સજા થાય તેવા નિયમો બનાવે. તો પ્રદિપસિંહભાઈ જે બિલ લઈને આવ્યા છે તેમાં સૂર પુરાવીને આ બિલને મંજૂર કરે એવી મારી વિનંતી કરું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે બિલ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું. ખાલી હું બે સૂચન કરીશ કે ધોરી માર્ગ ઉપરના અકસ્માતનું નિયંત્રણ કરવા બાબત. વસતિના પ્રમાણમાં વાહનોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. કેટલાક રસ્તાઓ સાંકડા હોવાને કારણે, કેટલાક રસ્તાઓ ઉપર ડિવાઈડર ન હોવાને કારણે દહાડે-દહાડે અકસ્માત વધતા જાય છે અને કુટુંબોના કુટુંબોને અકસ્માત નડતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના વર્ષોમાં પણ આ ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની ડિમાન્ડ વખતે પણ કહ્યું છે કે નડિયાદથી આણંદ સુધીના રોડ ઉપર ડિવાઈડર કરવામાં આવે તો કેટલાય અકસ્માતો ઓછા થાય. દર અઠવાડિયે એક ગાડીના ચારથી પાંચ જણા અકસ્માતથી મૃત્યુ પામતા હોય છે. આ સરકારને તેની કોઈ પડી હોય તેવું લાગતું જ નથી. ફક્ત નડિયાદથી આણંદમાં ડિવાઈડર કરવામાં આવે તો કેટલાય અકસ્માતોનું નિવારણ થાય એવું છે. પણ તે ધ્યાનમાં આવતું નથી અને એ કરતા નથી.

અકસ્માત વધવાનું બીજું એક કારણ છે કે રાજયમાં એસ.ટી.નું પ્રમાણ ઓછું થયું છે. તેના રૂટ અને શીડયુલ ઓછાં થયા, તેના કારણે જે માણસો છે તેને ખરેખર એસ.ટી.માં મુસાફરી કરવી છે તેને સમયે એસ.ટી. મળતી નથી એટલે જીપમાં કે છકડામાં મુસાફરી કરે છે. જીપમાં જોઈએ તો ૧૦-૧૫ નહીં ૩૦-૪૦ કે ૫૦ની સંખ્યામાં જતા હોય છે. તેને કારણે ડ્રાઈવરને બેસવાની પણ જગ્યા હોતી નથી. અડધી સાઈડમાં ડ્રાઈવર બેઠાં હોય છે તેના કારણે જ્યારે જીપનો અકસ્માત થાય ત્યારે અકસ્માતથી મૃત્યુની સંખ્યા ૧૫થી ૨૦ સુધી થતી હોય છે. હું તો એવું માનું છું કે એસ. ટી. પણ વધારે મૂકવી જોઈએ. જેથી કરીને અકસ્માત ઓછાં થાય. રોડ ઉપરનું નિયંત્રણ કરવા માટે ટ્રાફિક પોલીસને મૂકવામાં આવે છે. ટ્રાફિક પોલીસ ગાડી લઈને ફરે છે, હું માનું છું ત્યાં સુધી ટ્રાફિકનું નિયંત્રણ કરવાની તેની ફરજ છે એ ફરજ અદા નથી કરતા અને ઘણી વખત રોડ ઉપર એક સાઈડની અંદર ગાડીઓ ઉભી રાખીને જે હપતા ઉઘરાવવાની કામગીરી કરે છે તેના કારણે ઘણી વખત અકસ્માતો એ જ જગ્યાએ થતાં હોય છે. હું માનું છું ત્યાં સુધી જો પોલીસે બરાબર નિયંત્રણ કરવું હોય તો ગાડીઓની અંદર રોકીને ખરેખર તેની પાસે પાકું લાયસન્સ છે કે કેમ, એ દારૂ પીધેલો, નશાની હાલતમાં છે કે કેમ તે અગાઉના વર્ષોમાં થતું હતું તે બંધ કરી દીધું છે તેના કારણે અકસ્માતો વધ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોબાઈલ પણ આવ્યા. ચાલુ ગાડીએ મોબાઈલનો ઉપયોગ કરે. એની સહેજ પણ નજર આઘીપાછી થાય તો અકસ્માત થતો હોય છે. હું માનું છું ત્યાં સુધી આ બિલ ખૂબ અગત્યનું છે. સભ્યશ્રીને અભિનંદન આપું છું. એ જે બિલ લઈને આવ્યા છે એ બિલને આ ગૃહ સ્વીકારે, એની અંદર મારો સૂર પુરાવીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય માનનીય પ્રદિપસિંહ જે બિલ લઈને આવ્યા છે અને એના ઉપર ગૃહના સભ્યોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ એક ઉમદા આશયવાળું બિલ છે. એમાં આ ગૃહના કોઈ સભ્યનો વિવાદ કે વિખવાદ હોઈ શકે નહીં. આ બિલના આશય સાથે વિપક્ષના સભ્ય હોય કે ટ્રેઝરી બૅન્ચના સભ્ય હોય કે સરકાર એ બધા સહમત છે. આ બિલનું હાર્દ છે એની અમલવારી માટે અનેક પ્રકારના પ્રયત્નો પહેલેથી થયા છે. અગાઉ પણ આ ગૃહમાં આ પ્રકારનું બિલ

જુદા જુદા સ્વરૂપે અને જુદા જુદા સભ્યો દ્વારા રજૂ થયું છે અને આ વિષય ઉપર આ ગૃહમાં ચિંતા થઈ છે અને ચર્ચા થઈ છે. આ બિલનો વિષય ત્રણ વિભાગને સ્પર્શે છે. એ માર્ગ અને મકાન વિભાગ હોય, પોલીસ વિભાગ હોય કે આરોગ્ય વિભાગ હોય. એ તમામ વિભાગે જુદા જુદા પ્રકારે એની ચિંતા કરી છે. હાઈવે ઉપર ટ્રાફિક હેડ પોસ્ટ ઊભા કરવાની શરૂઆત આ રાજયની અંદર છેલ્લા ર.પ વર્ષથી થઈ ગઈ છે. એમાં ૬૦ ટકા જેટલું કામ પૂરું થયું છે. જ્યાં પણ અકસ્માતો થતા હોય ત્યાં રસ્તા ચાર માર્ગીય કરવા, પહોળા કરવા કે જુદા જુદા પ્રકારના સિગનલ્સ લગાડ્યા છે. વચ્ચે ડિવાઈડર નાખવાનું પણ શરૂ કર્યું છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા સ્પેશિયલ સદર હેઠળ એનો ખર્ચ પાડવામાં આવે છે. રોડ સાઇડે પાકા સોલ્ડર બનાવવાનું કામ એક નવી આઇટમ તરીકે ગયા બજૅટથી માર્ગ અને મકાન વિભાગે લીધું છે. એનો પણ અમલ ચાલુ છે. વધારે ગતિથી ચાલતા વાહનોના ચૅકીંગ માટે ડોપ્લર રડારનો ઉપયોગ કરવામાં આવે છે અને નવા સાધનોમાં ઈન્ટર સેપ્ટરનો ઉપયોગ કરવાનું વિચારણામાં લીધું છે. આ બજૅટમાં એની જોગવાઈ કરી ખરીદી પણ કરવાની છે. જ્યાં સુધી સ્પિડ કંટ્રોલ કરવાનો સવાલ છે ત્યાં સુધી કસૂરદાર વાહન ચાલકો પાસેથી જુદા જુદા નિયમોથી દંડ વસૂલ કરીએ છીએ. પહેલાંથી દંડ તો વસૂલ થતો હતો. અત્યારે વાહનો વધ્યા છે. એનું સઘન ચૅકીંગ કરવામાં આવે છે. પહેલાં જે દંડ વસૂલ કરવામાં આવતો હતો એ રાજયની તિજોરીમાં જમા થતો હતો. હવે એ વસૂલ થયેલો દંડ સોએ સો ટકા ટ્રાફિકની જાગૃતિ માટે, જન જાગૃતિ માટે તથા ટ્રાફિક કંટ્રોલના જુદા જુદા સાધનો ખરીદવાનું રાજય સરકારે નક્કી કર્યું છે. જે વાહન ચાલકો પાસેથી દંડ વસૂલ લેવામાં આવે છે એ બધો જ અકસ્માતો ન થાય તે દિશામાં વાપરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ની સુવિધા પણ આની અંદર ખૂબ જ ઉપયોગી થઈ છે. કોઈપણ સ્થળે અકસ્માત થાય, એની નજીકથી જ ૧૦૮ની સુવિધા, એમ્બ્યુલન્સ પહોંચે છે અને ઘાયલોને યોગ્ય જગ્યાએ તાત્કાલિક પહોંચાડે છે. સભ્યશ્રી પ્રદિપસિંહે કહ્યું તેમ ગોલ્ડન અવર્સની અંદર જ ઘાયલ વ્યકિતને તબીબના હાથમાં પહોંચાડવામાં આવે છે. એ પ્રકારની વ્યવસ્થા રાજયમાં ઊભી કરવામાં આપણે સફળ થયા છીએ. હૉસ્પિટલ બેઝ ટ્રોમા સિસ્ટમ એટલે કે, ૬૦ કિ.મીના પરિઘની અંદર જુદા જુદા ૩ જૂથોમાં ટ્રોમા સેન્ટરો શરૂ કરવાની પ્રક્રિયા પણ વૈજ્ઞાનિક પદ્ધતિથી આરોગ્ય વિભાગે હાથમાં લીધી છે. આરોગ્ય કેન્દ્રો, દવાખાનાઓ અને પ્રાઇવેટ હૉસ્પિટલોને ડીઝીટાઈઝ કરી મેપ ઉપર લઈ અને એની ૧૦૮ને જાણકારી આપવામાં આવી છે. જેથી નજીકમાં નજીક જે સારવાર ઉપલબ્ધ થઈ શકે તેમ હોય એને એ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને ઈજા પામનારની સારવાર માટે તબીબો, નર્સો અને પૅરા મૅડિકલ સ્ટાફને અલગ પ્રકારની તાલીમ આપવામાં આવી છે. અકસ્માતમાં જુદા જુદા પ્રકારની ઈજાઓ થાય છે. એ ઈજાઓના કારણે એને અપંગતા આવે અથવા તો જીવ જાય તો આ પ્રકારની ઈજાઓમાં શું સારવાર કરવી જોઈએ એ આરોગ્ય વિભાગના ક્લાસ-૧થી ક્લાસ-૪ સુધીના કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે અને ધોરી માર્ગો ઉપરના અકસ્માતો માટે ડીઝાસ્ટર મેનેજમેન્ટની રચના પણ કરવામાં આવી છે. આ વખતે એક નવી શરૂઆત પણ કરી છે. હાઈવે ઉપર અગત્યની જગ્યાએ સારવાર મળી શકે તેવી હૉસ્પિટલ ત્યાંથી કેટલા અંતરે છે એ બતાવતા સાઈન બોર્ડ મૂકવાની પણ શરૂઆત પણ વધુ અકસ્માત થતા હોય એવા હાઈવે પર શરૂઆત કરી છે જેથી કદાચ કોઈક હૉસ્પિટલમાં એમ્બ્યુલન્સ પહોંચે એ પહેલા કોઈ ખાનગી વાહનને હૉસ્પિટલમાં લઈ જવું હોય તો એને ખબર હોય કે અહીંથી આટલા અંતરે આ દિશામાં હૉસ્પિટલ છે કે જે ત્યાં આગળ દર્દીને સારવાર આપી શકે. શહેરી વિસ્તારમાં પોલિસ કમિશ્નર અને ગ્રામ્ય વિસ્તારમાં કલેકટર અધ્યક્ષપદે ટ્રાફિક મેનેજમેન્ટ સમિતિની રચના કરવામાં આવી છે એમાં સ્થાનિક સ્વરાજયના ચૂંટાયેલા સભ્યો, સમાજના તજજ્ઞો આ વિષયના જાણકાર લોકો અને એન. જી. ઓ. આ બધાને સમાવિષ્ટ કરી એક જનજાગૃતિ ફેલાવવાનું કામ પણ હાથમાં ધરવામાં આવ્યું છે. ટ્રાફિકના નિયમોના સઘન અમલીકરણ માટે હોમગાર્ડના જવાનો, સિવિલ ડિફેન્સના જવાનો, માજી સૈનિકો, અને એન.જી.ઓ.ની મદદ લઈ ટ્રાફિકનો ચુસ્તપણે અમલ થાય એના માટે બહુહેતુક વ્યૂહરચના પણ ઘડી છે અને એનું પરિણામ પણ સારું મળવાની શરૂઆત થઈ છે અને એમ છતાંય માનનીય પ્રદિપસિંહજી જે બિલ લઈને આવ્યા છે એના કેટલાક મુદ્દાઓ આ બધા ઉપરાંતના હશે તો અમારો વિભાગ મારો વિભાગ અને જે બીજા સંલગ્ન આ પ્રશ્ન સોલ કરવા માટે વિભાગો જવાબદાર છે એ બધાની સંયુકત મીટિંગ થાય અને એની ઉપર પૂરતી ચિંતા થાય એવુ હું ચોક્કસ માનું છું કે આ કરવાની સરકારની ફરજ છે અને એના માટે જ રાજયના અગ્રસચિવ ગૃહના અધ્યક્ષપણા હેઠળ આ ત્રણેય વિભાગોના સચિવોની એક કમિટી બનાવી છે એમની નીચેના લોકો પણ એની અંદર છે અને સમયાંતરે મળી નવા સૂચનો, નવા વિચારો અને નવી નવી વાતો જે અન્ય રાજયોમાં પણ અમલમાં આવતી હોય એ બધાનો અભ્યાસ કરી એક સર્વગ્રાહી પરિવર્તનશીલ નીતિ નવું સ્વીકારવાના વિચાર સાથેની બનાવતા રહે છે, એનો રીવ્યુ પણ કરતા રહે છે, એટલે હું માનું છું કે સરકાર ગૃહની, માનનીય પ્રદિપસિંહજી અને ગૃહના સભ્યોની ચિંતા સાથે સહમત છે અને એના નિવારણ માટે યોગ્ય કાર્યવાહી કરી જ રહી છે. એટલે હું વિનંતી કરું છું કે માનનીય પ્રદિપસિંહજી આ બિલ પાછું ખેંચી લે અને સરકાર બહુ ગંભીરતાથી આ દિશામાં અત્યારે હાલ કાર્યવાહી કરી જ રહી છે અને આગળ ઉપર પણ અમારી આ જે સમિતિ બનાવી છે એ સમિતિ કાર્યરત રહેવાની જ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, મારા આ પ્રાઈવેટ બિલ ઉપર આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ માનનીય શ્રી લીલાધરભાઈ વાધેલા, માનનીયશ્રી મોહનભાઈ કુંડારીયા, માનનીયશ્રી રામસિંહભાઈ પરમારે મારા વિચારની સાથે પણ આ અકસ્માતોના કારણે ઉભી થતી પરિસ્થિતિના સંદર્ભમાં એમણે પણ પોતાના સૂચનો વ્યક્ત કરીને આ બિલને અનુમોદન આપ્યું છે, માનનીય મંત્રીશ્રી અમિતભાઈ શાહે પણ જુદાજુદા વિભાગોનું સંકલન કરીને કેટલાક નવાં પગલાંઓ એમણે લીધા છે અને જે નવા સૂચનો આવ્યા છે એ દિશામાં પણ વિભાગ દ્વારા એનું અમલીકરણ કરવાની દિશામાં જ્યારે માનનીય મંત્રીશ્રીએ પણ એ દિશામાં જવાબ આપ્યો છે ત્યારે આ બિલ પાછું ખેંચવા માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંકઃ ૧૦ પાછું ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી:** વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૪ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તાઃ ૩જી જુલાઈ, ૨૦૦૯ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૩જી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૧૨, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. પ્રમાણપત્ર અંગે

***૭૪૫૦ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજયમાં કેટલી પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. પ્રમાણપત્ર મળે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને

૨. આ કાર્યવાહી તા. ૧-૬-૦૯ની સ્થિતિએ કયા તબક્કે છે?

**આરોગ્ય મંત્રીશ્રી:**

૧. વડોદરા લૅબૉરૅટરીને દેશના કોઈ પણ રાજયની આવી લેબોરેટરીઓમાં પ્રથમ એન.એ.બી.એલ. સર્ટીફીકેશન મળવાની સાથોસાથ રાજયની અન્ય બે પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. પ્રમાણપત્ર મળે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૨. રાજયની ખોરાક અને ઔષધ પ્રયોગશાળા વડોદરાને નવી દિલ્હી દ્વારા એનાયત થતું "નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફૉર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લૅબૉરૅટરી" નું આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર **૫૫ પ્રકારના ટેસ્ટ** માટે મળેલ છે. **વધારાના ૧૬ ટેસ્ટ** માટે પ્રમાણપત્ર મેળવવા જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવેલ છે.

પ્રાદેશિક ખોરાક પ્રયોગશાળા ભૂજ માટે એન.એ.બી.એલ. સર્ટિફિકેટ મેળવવા જરૂરી એવા **ISO:૧૭૦૨૫(૨૦૦૫)** ની જરૂરિયાતો પ્રમાણે અનિવાર્ય એવા કવોલીટી મેન્યુઅલ, કર્મચારીઓને વિવિધ તાલીમ, રો-ડેટા રજીસ્ટરોનો વપરાશ, લૅબૉરૅટરી ટેસ્ટીંગ, ગ્લાસવેર કેલીબ્રેશન, મેઝરમેન્ટ અનસર્ટેનીટી વગેરેની તૈયારીઓ કરવામાં આવેલ છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે અન્ય બે પ્રયોગશાળાઓના સર્ટીફીકેશન માટેની કાર્યવાહી ચાલુ છે. તો તે કઈ બે પ્રયોગશાળા?

**શ્રી જયનારાયણ વ્યાસ** : અન્ય બે પ્રયોગશાળાઓમાં રાજકોટ અને ભૂજ બન્નેના સર્ટીફીકેશન માટેની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં આપણાં રાજયની લૅબૉરૅટરી પ્રથમ નંબરે આવેલ છે તે બદલ અભિનંદન આપું છું અને છેલ્લા એક વર્ષમાં રાજયમાંથી કેટલા આવા નમૂનાનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું અને અન્ય કોઈ રાજયોમાંથી આપણી આ લૅબૉરૅટરીમાં ટેસ્ટીંગ માટે રાજયો આવ્યા છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મૂળભૂત રીતે કોઈ પણ રાજયની ખોરાક અને ઔષધ પ્રયોગશાળાને એન.એ.બી.એલ. સર્ટીફીકેશન મળ્યું હોય એવી ગુજરાતની આ પ્રથમ લૅબૉરૅટરી છે. એથી આગળ જઈને હું માનનીય સભ્યશ્રીને કહેવા માગીશ કે જે ટેસ્ટ કરવામાં આવે છે, ૫૫ પ્રકારના ટેસ્ટ આજે વડોદરાની ઔષધ પ્રયોગશાળામાં કરવામાં આવે છે અને વધારાના ૧૬ ટેસ્ટ માટેના પ્રમાણપત્ર માટે અરજી કરવામાં આવી છે. આના કારણે ગુજરાતમાં ખોરાક અને દવાઓ, તેના ગુણવત્તા નિયંત્રણ ઉપર એટલી સવળી અસર પડી છે અને આવનારા આગામી સમયમાં જ્યારે ખોરાકને લગતા ગુણવત્તા નિયંત્રણ અંગેનો ૨૦૦૬નો કાયદો પાર્લામેન્ટે પસાર કર્યો છે એ અમલમાં મૂકવાનો થશે ત્યારે ગુજરાત એક એવું રાજય હશે, કારણ કે એન.એ.બી.એલ. સિવાય આનું ટેસ્ટીંગ થઈ શકતું નથી. એટલે અન્ય રાજયોમાંથી પણ આ પરીક્ષણો માટે, તાલીમ માટે અને ગુજરાત જે મોડેલ પર એન.એ.બી.એલ. સર્ટીફીકેશન મેળવ્યું છે અને રાજકોટ અને ભૂજમાં જે કાર્યવાહી કરી રહ્યું છે તે માટે અનેક રાજયો આપણાં અનુભવનો લાભ લે છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એન.એ.બી.એલ.ને કારણે ૫૫ ટેસ્ટ માટે પ્રમાણપત્રો મળ્યા છે અને આ ટેસ્ટમાં દૂધની ભેળસેળ દેશના અન્ય રાજયોમાં પકડાઈ છે. ત્યારે દૂધની ભેળસેળને અહીં ટેસ્ટીંગ કરવાની પ્રમાણપત્રમાં માહિતી આપવામાં આવી છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આ ટેસ્ટનો પ્રકાર છે. એટલે દૂધની ભેળસેળ, તેની ફેટ, તેનું સોલીડ કન્ટેઈન્સ વગેરે જાણવા માટે જે કંઈ ટેસ્ટ કરવા પડે તેમાં આ ટેસ્ટનો સમાવેશ થાય અને જે ૫૫ ટેસ્ટ માટે મંજૂરી મળી છે

તેમાં ખોરાકને લગતા ૧૪ ટેસ્ટ માટે મંજૂરી મળી છે તેમાં એડીબલ ઑઈલ અને ફેટ્સને લગતા ૧૧ ટેસ્ટનો સમાવેશ થાય છે જેમાં BR Reading, Saponification value Iodine value, acid value, FFA એ ઘી માટે ખાસ કરીને વપરાય છે. Variant Temperature Test, Melting point, TLC test, Halphen Test એટલા ટેસ્ટ છે અને તેમાંથી જે જરૂરિયાત મુજબના ટેસ્ટ કરવા હોય તે કરવા માટે આ લૅબૉરૅટરી સક્ષમ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : જે પ્રશ્ન પૂછવાનો હતો તે પ્રશ્નનો જવાબ આપી દીધો છે.

**કૅમિકલ્સથી પકવેલ ફળો વેચતા વેપારીઓ સામે પગલાં**

***૭૨૧૧ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. રાજયમાં કેરી અને બીજાં ફળો કૅમિકલ્સથી પકવવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે અને
૨. જો હા, તો આવા ફળો વેચતા વેપારીઓ સામે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ-ખેડા અને વડોદરા જિલ્લામાં કેટલા વેપારીઓ સામે પગલાં લેવામાં આવ્યા?

**આરોગ્ય મંત્રીશ્રી :**

૧. હા, જી.
૨. તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૧૧૦, ખેડા જિલ્લામાં ૧૦ અને વડોદરા જિલ્લામાં ૧૦૧ વેપારીઓ સામે પગલાં લેવામાં આવ્યા. આમ ઉપરોક્ત ત્રણ જિલ્લાઓમાં આવા ફળો પકવતા કુલ ૨૨૧ વેપારીઓ સામે પગલાં લેવામાં આવ્યાં.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કેરી અને બીજાં ફળો કૅમિકલ્સથી પકવવામાં આવે છે. એ જે કૅમિકલ્સ વાપરે છે તે શરીરને બહુ નુકસાનકારક છે. પણ આયુર્વેદિક એનાથી પકવતા હોય તો સારું. આ તો બહુ ખરાબ છે. એ બહુ નુકસાન કરે છે. આમાં કાંઈ કરવા માગો છો કે કેમ? વેપારીઓ ઉપર પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સમજવાનું અમે બંધ રાખ્યું છે. એટલા માટે અમે એકશન લઈએ છીએ. અમે સમજતા નથી. આ જે માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી એ સકારણ છે. કૅમીકલનો ઉપયોગ આ પ્રકારના ફળોને કૃત્રિમ રીતે પકવવા માટે થાય છે. હું અહીંથી આગળ વધીને કહેવા માગું છું. ભેજના સંપર્કમાં કૅલ્શિયમ કાર્બાઈડ આવે છે ત્યારે C૨S૨ એસિટિલિન ગેસ એમાંથી પેદા થાય છે અને એના કારણે કૃત્રિમ રીતે ફળો પકવવાની આખી પ્રક્રિયા થતી હોય છે. આ માટે નિયમોની જે જોગવાઈ છે એ મુજબ આ રીતે કોઈ ફળ કૃત્રિમ રીતે પકવવા સામે પ્રતિબંધ છે. એ પ્રિવેન્શન ઑફ ફુડ એડલ્ટરેશન એકટ ૧૯૫૪ હેઠળ નિયમિત છે. એ નિયમિત છે ત્યારે જે કોઈ ફળો કૃત્રિમ રીતે પકવતા પકડાય તેમને ૬ માસથી ૩ વર્ષની જેલની જોગવાઈ છે અને રૂ.૧૦૦૦/-ના દંડની જોગવાઈ છે અને એ કાયદા મુજબ કાર્યવાહી કરવા માટેની સૂચના મેં મારા ડ્રગ્સ કમિશનરને આપી છે. અમને તકલીફ એક નડે છે. આ કિસ્સાઓ શહેરો અને મહાનગરપાલિકાઓમાં પકડવા જઈએ તો ત્યાંનું આરોગ્ય તંત્ર સ્વતંત્ર રીતે કામ કરે છે. હું આપના થકી સભ્યશ્રી અને સન્માનનીય સભાગૃહને ખાતરી આપવા માગું છું કે, અમે આ દિશામાં પણ બધા જ મ્યુનિસિપલ કમિશનરોને પત્ર લખીને આ પ્રકારની પ્રવૃત્તિ સામે કડક હાથે કાર્યવાહી કરી કોર્ટ કેસીસ કરવા અને દંડનીય કાર્યવાહી કરવા માટે સૂચના આપી છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ કૅમીકલ શરીરને કઈ રીતે નુકસાન કરે છે અને આવા ફળો ન ખાવા માટે લોકોને સમજાવવા લોક જાગૃતિ માટે કોઈ આયોજન કર્યું છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે લોક જાગૃતિ ખૂબ જ જરૂરી છે. શ્રી બચુભાઈએ વાત કરી એ પ્રમાણે અમે વારંવાર અખબારી યાદી અથવા વિજ્ઞાપનો થકી આ પ્રકારની લોક જાગૃતિ કેળવવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ. માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે કોઈ સ્પેશિફિક એ પ્રકારનો સૅમિનાર કરવા ધારતા હોય અથવા તો લોક જાગૃતિ કેળવવા માટે કોઈ સૂચન હોય તો તે આવકાર્ય છે અને તે દિશામાં સંપૂર્ણ સહયોગ કરીને કામ કરવા માટેની તૈયારી છે. કઈ જાતનું નુકસાન થાય છે? આ કૅમિકલ્સના કારણે, આ એસિટિલિનના કારણે કોષો વહેલા પરિપક્વ થઈને પકવતા હોય છે. એક વખત પ્રક્રિયા પૂરી થઈ જાય પછી ચોક્કસ કોઈ વિઘાતક અસરો થાય છે કે કેમ? એ અંગેનો કોઈ અભ્યાસ અત્યાર સુધી થયો નથી અને એ માટેની માહિતી ઉપલબ્ધ નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કેરી અને બીજા ફળો કૅમીકલથી પકવવામાં આવે છે કે અન્ય રીતે પકવવામાં આવે છે. એને અટકાવવા માટે અથવા આરોગ્યને નુકસાન ન થાય એટલા માટે જેમ વિદેશોમાં પ્રત્યેક ફળો ઉપર આરોગ્ય વિભાગ સ્ટીકર મારે છે. એવી સિસ્ટમ, વ્યવસ્થા અહીંયાં કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દિશામાં કેન્દ્ર સરકારનું નિયમન તંત્ર છે અને રાજયનું નિયમન તંત્ર છે, બન્ને વિચારણા કરી રહ્યા છે. માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે, બે રીતે આ પ્રકારની કાર્યવાહી અમલમાં મૂકી શકાય. એક તો આરોગ્ય વિભાગ દ્વારા ઓર્ગેનિક ફુડ સર્ટિફિકેશન અને સ્પેશિયલ સર્ટિફાઈડ કલાસિફિકેશન કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવે છે. કલાસિફિકેશન દ્વારા ઉપલબ્ધિ હોય એ કિસ્સામાં

કોઈપણ પ્રકારની ગરબડ થવાની શક્યતા નથી. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા પાર્લામેન્ટમાં ૨૦૦૬નો કાયદો પસાર કર્યો છે.

જેનો અમલ હવે આગામી વર્ષમાં શરૂ થશે તે કાયદા મુજબ પણ હવે કડક નિયંત્રણો એના માટે લાદવામાં આવ્યા છે પણ આમાં માત્ર કેમીકલ જ વપરાય છે એવું નથી. કયારેક કેળા જેવા કિસ્સામાં બરફનો પણ ઉપયોગ એને વહેલા પકવવા માટે થતો હોય છે એટલે હંમેશા આ વહેલું પકવવા માટે કેમિકલ જ વપરાય છે એવું નથી. ઘણી વખત લાઈટનો ઉપયોગ, કૃત્રિમ ગરમીનો ઉપયોગ થાય ઘણી વખત બરફનો ઉપયોગ થાય આવું થતું હોય છે પણ એ માટેની જે કંઈ કાર્યવાહી હવે જે નિયંત્રિત નવા નિયમો આવે છે એ નીચે કરીશું અને ઓર્ગેનિક ફુડ સર્ટિફિકેશન એ એક એવો રસ્તો છે કે It adequately takes care of this kind of prevention.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૨૧ વેપારીઓ સામે પગલા લેવામાં આવ્યા છે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જેમ આપે કહ્યું એ પ્રમાણે જેમાં જેલની જોગવાઈ છે એ પ્રકારના કેસીસ ૨૨૧ પૈકી કેટલા સામે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે આ કિસ્સાઓ મહદ્અંશે મહાનગરોમાં બને છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને હું કહેવા માગીશ કે અમદાવાદ જિલ્લાના ૧૧૦ કિસ્સા પકડાયા એ ૧૧૦ અમદાવાદ શહેરના છે અને વડોદરામાં ૧૦૧ પકડાયા એમાં વડોદરા શહેરના ૯૨ કિસ્સા છે અને એ પરિસ્થિતિમાં આગળની કાર્યવાહી એ મહાનગરપાલિકાએ કરવાની હોય છે જે અંગે મેં અગાઉ કહ્યું તે પ્રમાણે અમે એનું પણ અમે મોનીટરીંગ હવે કરવાનું નક્કી કર્યુ છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની ચિંતા સકારણ છે હું એને સ્વીકારુ છું, આવકારુ છું પણ એ તંત્ર જૂદું છે. સ્થાનિક સ્વરાજયની સ્વાયત્ત સંસ્થાઓ નીચે કામ કરતું તંત્ર છે. એ મર્યાદાઓ સ્વીકારીને અત્યાર સુધી એમાં કોઈ ઈન્ટરફીયર કરવાનું વલણ નહોતું રાખ્યું પણ મેં મારા ડ્રગ કમિશ્નરશ્રીને સૂચના આપી છે અને બધા જ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓને પણ અમે સરકારમાંથી પત્ર લખીને આ બાબત કોઈપણ પ્રકારની ઢીલ ન વર્તવામાં આવે એ અંગેની સૂચના આપીશું. અમે જે પકડ્યું કેમિકલ એ કેમિકલમાં જે કેલ્શિયમ કાર્બાઈડ પકડાયું એનો અમે નાશ કર્યો છે.

**રાજયની મૅડિકલ કૉલેજોમાં અનુસ્નાતક કક્ષાએ બેઠકો વધારવા બાબત**

*** ૭૪૮૬ શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સરકાર રાજયની મૅડિકલ કૉલેજોમાં અનુસ્નાતક ક્ષાના અભ્યાસક્રમોમાં બેઠકોની સંખ્યા વધારવા માગે છે કે કેમ,

(૨) જો હા, તો તા:૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી બેઠકો વધારવાની મંજૂરી આપવામાં આવી, અને

(૩) નવી મંજૂર થયેલી બેઠકોનો અમલ કયારથી કરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી**

(૧) હા, જી.

(૨) ભારત સરકાર દ્વારા મળેલ લેટર ઓફ પરમીશન મુજબ તા: ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસ્નાતક કક્ષાએ ડીગ્રી ૧૦૯ અને ડીપ્લોમા-૩૫ આમ કુલ ૧૪૪ બેઠકો વધારવાની મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) નવી મંજૂર થયેલી બેઠકો પર વર્ષ ૨૦૦૯-૧૦માં પ્રવેશ આપવામાં આવેલ છે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, થોડા દિવસ પહેલા છાપાઓમાં વાંચ્યું હતું કે તબીબી વિદ્યાશાખામાં સીટ વધારવામાં આવી છે. રાજય સરકારે આ કામ કર્યુ હોય,..

**અધ્યક્ષશ્રી** : છાપાના આધારે નહીં આપ આપના આધારે જ પ્રશ્ન પૂછો.

**શ્રી કિશોર વાંકાવાલા** : જી. અને એ વાંચ્યું હતું સાહેબ આપને પૂછવા માગુ છું કે એ છાપાના આધાર પર હતું, તો ખરેખર તબીબી વિદ્યાશાખાની સીટ વધારવામાં આવી છે કે કેમ અને જો વધારવામાં આવી હોય તો કુલ કેટલી વધારવામાં આવી છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે થોડીક ગેરસમજ છે અને I would like to put the record straight. માનનીય સભ્યશ્રી જે વાત કરે છે તે એમ.બી.બી.એસ. એન્ટ્રી લેવલે જે બેઠકો વધી હતી એ અંગેની વાત છે અને એ વાત સાચી છે કે લગભગ ૫૦૦ જેટલી સીટો આ વખતે સ્નાતક કક્ષાએ વધારવામાં આવી છે જે એક વિક્રમી વધારો છે. ત્યાંથી સંતોષ નહીં માનતા અનુસ્નાતક કક્ષાએ પણ ૩૧-૧૨-૦૭ અને ૩૧-૦૫-૦૯ની વચ્ચે ૮૮૫ સીટ ઉપર ૧૪૪ સીટ એટલે કે ૧૬.૨૭ ટકા વધારાની સીટો આ રાજયમાં ઉપલબ્ધ કરી છે. અને ૧૦૨૯ અનુસ્નાતક કક્ષાની સીટોની ઉપલબ્ધિ આપણા ત્યાં છે. જે કોઈ માનનીય સભ્યશ્રી આનું થોડીક વધારે ઈન્ટરપ્રીટ કરવા માગતા હોય એમના માટે હું કહીશ કે આપણા ત્યાં પોસ્ટ ગ્રેજયુએટ ડૉકટરોની તંગી છે અને વારંવાર આ સભાગૃહ એ અંગેની ચિંતા કરે છે જેના માટે વારંવાર માનનીય સભ્યશ્રીઓની માગણી છે કે અમારે સર્જન જોઈએ છે, એમ.ડી. જોઈએ છે ગાયનેકોલોજીસ્ટના સ્પેશિયાલીસ્ટ

જોઈએ છે ઘણા લાંબા સમય સુધી આ રાજયમાં સીટો ન વધી, ઘણા લાંબા સમય સુધી આ રાજયમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે બહાર જાય અને જેના મા-બાપ પૈસા ખર્ચી શકે એમના જ છોકરાઓ બહાર જાય, મધ્યમ વર્ગના છોકરાઓ મન મારીને પોતે આગળ અભ્યાસ ન કરી શકે, બ્રિલિયન્ટ હોવા છતાં એ પ્રકારની પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિમાંથી સંપૂર્ણપણે બહાર આવવાનો માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે આ રાજયે નિર્ધાર કર્યો છે એ દિશામાં નિર્ણયાત્મક કાર્યવાહી કરી રહ્યા છે. **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે આ અનુસ્નાતક કક્ષામાં જે ઑલ ઈન્ડિયાનો ક્વોટા હોય છે એમાં આપણા વિદ્યાર્થીઓને ઓછી જગ્યાઓ મળે છે. તો એવા સંજોગોમાં ઑલ ઈન્ડિયાના ક્વોટામાંથી માત્ર રાજ્ય જ એનું નિયમન કરી શકે એવી કોઈ વ્યવસ્થા કરવાનું વિચાર્યું છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આમ તો આ પ્રશ્નમાંથી આ મુદ્દો ઉપસ્થિત ન થાય પણ સંલગ્ન બાબત છે એટલે માનનીય સભ્યશ્રીની ચિંતાના જવાબમાં કહેવા માગું છું કે ગુજરાત રાજ્યે આ માટે એક જોગવાઈ કરીને રાજ્યના ક્વોટાને સંરક્ષિત કરવા માટે ૧૨મું ધોરણ ગુજરાતમાંથી પસાર કરીને એમ.બી.બી.એસ. પાસે કર્યું હોય તેને જ અનુસ્નાતકમાં રાજ્ય ક્વોટામાંથી એડમિશન મળે તે માટેનું નોટિફિકેશન બહાર પાડ્યું હતું. એને રાજ્યની વડી અદાલતે માન્ય નથી રાખ્યું અને એ માટે આગળની કાર્યવાહી આપણે દેશની સર્વોચ્ચ અદાલત સમક્ષ માગણી લઈને ગયા છીએ. મને અપેક્ષા છે કે જો આ થાય તો કદાચ આપણને ઉપયોગી બની શકશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ક્યારે નામદાર હાઈકોર્ટ પાસેથી આ જજમૅન્ટ આવ્યું ? એ પછી નામદાર સુપ્રીમ કોર્ટમાં ક્યારે અપીલ દાખલ કરી અને એને એક્સપીડાઈટ કરવા માટેની શું કાર્યવાહી કરવા માગો છો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ શિક્ષણ વિભાગ સાથે સંલગ્ન છે. એકઝેટ તારીખ મારી પાસે નથી પરંતુ મહિના પહેલા જજમૅન્ટ આવ્યું છે અને આપણે આપણા એડ્વોકેટ ઓન રેકોર્ડ થકી સુપ્રીમ કોર્ટમાં મેટર મુવ કરી છે અને મેટર દાખલ થવા પર પેન્ડીંગ છે. એ દિશામાં કોઈપણ પ્રકારની કચાશ નહીં રાખવા અમે સંપૂર્ણ સતર્કતા સાથે આગળની કાર્યવાહી માટે આગળ વધી રહ્યા છીએ.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવી મંજૂર થયેલ બેઠકો ઉપર વર્ષ ૨૦૦૯-૧૦માં પ્રવેશ આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ? અને ક્યારે ભરતી કરવામાં આવી?

**શ્રી જયનારાયણ વ્યાસ** : જે મંજૂર થયેલ બેઠકો છે તેની સંખ્યા વધારે છે પણ જે પ્રવેશ આપવામાં આવેલ છે તે સંખ્યાને જ અમે ગણતરીમાં લીધી છે. આ પ્રશ્ન કેટલી બેઠકો વધી એ અંગેનો છે. ચાલુ શૈક્ષણિક વર્ષથી અમે એડમિશન આપવાની પ્રક્રિયા શરૂ કરી છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૪૪ બેઠકો અનુસ્નાતક કક્ષાએ જે વધારવામાં આવી છે એના માટે હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, પ્રથમ વખત આટલી મોટી સંખ્યામાં આ સીટો વધારવામાં આવી છે. મારો પ્રશ્ન એ છે કે રાજ્યની અંદર જે રીતે સ્પૅશિયાલિસ્ટ ડૉકટરોની જરૂરિયાત છે, ખાસ કરીને આપણી સરકારી હૉસ્પિટલોમાં, એની આવતા પાંચ વર્ષ માટેની ડિમાન્ડને ધ્યાનમાં રાખી આપણે વધારે સીટો માગવાનું આયોજન કરેલ છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર રાજ્ય પૂરતો મર્યાદિત જોવો ન જોઈએ. આયોજન પંચ દ્વારા જે અભ્યાસ થયો છે એ મુજબ ૨૦૨૦ સુધીમાં સાડા બાર લાખ નર્સ અને સાડા છ લાખ ડૉકટરોની આ દેશમાં તંગી પડવાની છે. આ બાબતને લક્ષમાં લઈએ તો ગુજરાત ૫૦૦૦ સીટો સ્નાતક કક્ષાએ કરે અને અનુસ્નાતક કક્ષાએ અત્યારે છે એની ત્રણ ગણી ક્ષમતા કરે તો પણ દેશમાં જે જરૂરિયાત ઊભી થવાની છે એ દિશામાં ખૂબ નાનું પ્રદાન આપણે આપ્યું હશે. અમારો પ્રયત્ન છે કે અત્યાર સુધી આ રાજ્યના આપણા છોકરાઓ બીજા રાજ્યમાં ભણવા મોકલતા હતા એના બદલે આ રાજ્યને દેશનું મેડીકલ એજ્યુકેશનનું હબ બનાવવા અને એના કારણે એની અસરો એવી ઉપલબ્ધ થાય છે કે મેડીકલ કોલેજ સાથે ૭૫૦ પથારીની હૉસ્પિટલ મળે છે. જ્યાં જ્યાં આવી મેડીકલ કોલેજો ઊભી થાય ત્યાં ગરીબ અને તબીબી સેવાથી વંચિત દર્દીઓને ડૉકટરોની તંગી ન હોય, નર્સની તંગી ન હોય એવી હોસ્પિટલમાં એને સારવાર મળે છે. ગુજરાતને મેડીકલ એજ્યુકેશનનું હબ બનાવવા માટે અમે નિર્ધાર કર્યો છે કે અમે જે ૫૦૦ સીટોનો આ વખતે વધારો કર્યો, આ સરકાર ચાલુ વર્ષે આ વિક્રમને ફરી એકવાર તોડી નાખવા માટે નિર્ણયાત્મક રીતે આગળ વધી રહી છે.

### અમરેલી જિલ્લાની નગરપાલિકાઓ માટે કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ

***૮૧૩૧ શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) અમરેલી જિલ્લાની કઈ કઈ નગરપાલિકામાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ યોજનાઓમાં કેટલી ગ્રાન્ટ તા.૬-૬૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવેલ, અને

(૨) તે પૈકી કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** :

(૧)

| ન.પા.નું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) | | | |
|---|---|---|---|---|
| | સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના | બારમાં નાણા પંચની ગ્રાન્ટ | જે.એન.એન.યુ. આર. એમ. | કુલ |
| અમરેલી | ૨.૭૦ | ૪૪.૯૬ | ૧૧૯૮.૨૩ | ૧૨૪૫.૮૯ |
| દામનગર | ૦.૨૬ | ૨૪.૫૫ | - | ૨૪.૮૧ |
| બાબરા | ૦.૭૫ | ૧૩.૧૮ | - | ૧૩.૯૩ |
| લાઠી | ૧.૬૦ | ૮૭.૯૧ | - | ૮૯.૫૧ |
| રાજુલા | ૨.૭૨ | ૧૭.૮૨ | ૧૫૨.૨૬ | ૧૭૨.૮૦ |
| સાવરકુંડલા | ૧.૬૨ | ૧૫.૨૪ | ૨૩૦.૫૧ | ૨૪૭.૩૭ |
| જાફરાબાદ | ૧.૭૫ | ૪૪.૨૩ | - | ૪૫.૯૮ |
| ચલાલા | ૩.૪૭ | ૩૦.૨૨ | ૪૦૨.૯૧ | ૪૩૬.૬૦ |
| બગસરા | ૨.૦૦ | ૫૯.૦૨ | ૧૮૪.૫૫ | ૨૪૫.૫૭ |
| કુલ સરવાળો | ૧૬.૮૭ | ૩૩૭.૧૩ | ૨૧૬૮.૪૬ | ૨૫૨૨.૪૬ |

(૨) તે પૈકી

- એસ.જે.એસ.આર.વાય.માં રૂછા.૧૫.૭૮ લાખ,
- ૧૨ માં નાણાપંચની ગ્રાન્ટમાં રૂા.૨૬૮.૧૩ લાખ,
- જે.એન.એન.યુ.આર.એમ.માં રૂા.૧૪૫૦.૬૦ લાખ એમ કુલ રૂા.૧૭૩૪.૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં સુવર્ણ જયંતી, ૧૨માં નાણાપંચ, જે.એન.એન.યુ.આર.એમ.યોજનામાંથી કેન્દ્રમાંથી ગ્રાન્ટ ક્યારે આવી અને રાજ્ય દ્વારા નગરપાલિકાને ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવી? પ્રશ્ન-૨, જે ૨૫૨૨ લાખ રૂપિયા અત્યાર સુધીમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી ૧૭૩૪ લાખ રૂપિયા વપરાયેલ છે બાકીની ગ્રાન્ટ કેટલા સમયમાં વાપરવામાં આવશે અને કઈ કઈ નગરપાલિકામાં ગ્રાન્ટ વાપરવાની કેટલી બાકી છે? પ્રશ્ન-૩, તમામ નગરપાલિકાઓમાં હાલ એસ.ઓ. એટલે કે સેકસન અધિકારી છે કે નહિ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની જે યોજના છે એ યોજના ભારત સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા એટલે કે મહાનગરપાલિકા હોય ત્યાં મહાનગરપાલિકા અને કોરપોરેશન અને નગરપાલિકા હોય તો નગરપાલિકા આ ત્રણેયના સંયુકત ફંડથી આ યોજનાઓનો અમલ થાય છે એટલે એકલી ભારત સરકારની ગ્રાન્ટથી જ આ યોજનાઓ અમલમાં આવે છે એવું નથી એવું પહેલા મારે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવું છું. બીજો જે પ્રશ્ન એમણે પૂછયો છે કે, આ ગ્રાન્ટ ક્યારે આવી? આ યોજનાની આખી પ્રક્રિયા છે કે ભારત સરકાર આપણને જે કુલ ટોટલ સિલિંગ રાજ્યને ફાળવેલ હોય એમાં ટોટલ સિલિંગમાં પણ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની યોજનાઓની અલગ અલગ ફાળવણી છે, એની ગ્રાન્ટની પણ ફાળવણી અલગ અલગ છે. રાજ્ય સરકારનો હિસ્સો બદલાય, નગરપાલિકા કે કોરપોરેશનનો હિસ્સો બદલાય એ રીતે એમાં ફાળવણની વધઘટ થતી હોય છે. એ ફાળવણી થયા પછી દરેક કોરપોરેશન અને દરેક નગરપાલિકા પાસે આપણે પ્રોજેકટ મંગાવીએ છીએ. નગરપાલિકા અને કોરપોરેશન પ્રોજકટ મોકલે એ પ્રોજેકટની ભારત સરકારના નોર્મ્સ પ્રમાણે ચકાસણી કરવામાં આવે છે પછી રાજ્યની સ્ટીયરિંગ કમિટીમાં પ્રોજકેટ મંજૂર થાય એને ભારત સરકારમાં મોકલવામાં આવે છે અને એ પ્રોજેકટ ભારત સરકાર મંજૂર કરે પછી એની કામગીરી માટેનું આયોજન કરવામાં આવે છે અને પછી તબકકાવાર એની ગ્રાન્ટની ફાળવણી થતી હોય છે. બીજો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે અમરેલી જિલ્લામાં આવેલ ગ્રાન્ટમાં ખર્ચ નથી થયો એ ખર્ચ ક્યાં સુધીમાં કરવામાં આવશે? માનનીય અધ્યક્ષશ્રી, આમાં પણ બે બાબત છે. કેટલાક કિસ્સાઓમાં સરકાર જીયુડીસી દ્વારા નગરપાલિકા જો પોતે ઠરાવ કરીને આપે. નાની નગરપાલિકા હોય, સાધનોની મર્યાદા હોય, અનુભવની મર્યાદા હોય તો એ અમને એમ કહે છે કે તમે જીયુડીસી મારફત આ કામ કરો તો અમે કરીએ છીએ અથવા નગરપાલિકા પોતે અમે કહે કે ના અમારે આ કામ કરવું છે તો એ કામ નગરપાલિકાને કરવાની સત્તા છે અને આપણે એને સોંપીએ છીએ અને નગરપાલિકા એના ટેન્ડરો બહાર પાડે કામ કરાવે, કામ જેમ જેમ થાય એમ ભારત સરકારની પણ આમાં દેખરેખ અને ઓબ્ઝર્વેશન રહે છે અને જેમ બિલો મંજૂર થાય એ પ્રમાણે અમે ગ્રાન્ટની ચુકવણી કરીએ છીએ અને એના કારણે નગરપાલિકાઓ જેમ જેમ કામમાં પ્રગતિ લાવે એમ આપણે રકમો છુટી કરીએ છીએ. ત્રીજો પ્રશ્ન જે માનનીય સભ્યશ્રીએ કર્યો કે નગરપાલિકામાં એસ.ઓ. એટલે કે ઓવરસિયર અથવા એન્જિનિયરો નથી. જે નગરપાલિકામાં એન્જિનિયર નથી ત્યાં હાઉસિંગ બોર્ડમાંથી શક્ય હતા, ફાજલ હતા એ આપવાનો અમે પ્રયત્ન કર્યો

છે અને એ સિવાય પણ રાજ્યની સરકારે નક્કી કર્યુ છે કે નગરપાલિકાની તમામ જગ્યા ઉપર આપવા માટે એન્જિનિયરોની એક કેડર બનાવી અને રાજ્યની કેડર બનાવવાની કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમરેલી જિલ્લામાં સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને સ્વરોજગારીનો આ લાભ મળ્યો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે અગાઉ કહ્યું એ પ્રમાણે ગ્રાન્ટોની જુદા જુદા પ્રકારની ફાળવણીના તબકકા હોય છે. સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના એ નગરપાલિકાઓને સક્ષમ બનાવવા માટે. શહેરોમાં રહેતા ગરીબોને એને રોજગારલક્ષી તાલીમ આપવા માટે અને નગરપાલિકાઓને સુદૃઢ કરવા માટે, કર્મચારીઓને ટ્રેઈનીંગ આપવા માટે આ યોજના છે. આ બેન્કેબલ યોજના છે. નગરપાલિકા તાલીમ આપે, ભલામણ કરે અને બૅન્કને યોગ્ય લાગે તો બૅન્ક એના ધારાધોરણો પ્રમાણે લોન આપતી હોય છે અને આમાં અત્યાર સુધીમાં અમરેલી જિલ્લામાં કુલ ૩૭૨ લાભાર્થીઓને સ્વરોજગારીનો લાભ આપવામાં આવ્યો છે. એમાં અનુસૂચિત જાતિના- ૫૦, વિકલાંગો- ૩, લઘુમતીઓના- ૧૨૪ અને અન્ય જાતિના ૯૫ એમ કુલ-૩૭૨ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે મેં એસ.ઓ.નો પ્રશ્ન પૂછયો એમાં એમનો જવાબ પૂરો નથી આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, મારા બાબરા નગરપાલિકામાં છેલ્લા પાંચ વર્ષથી એસ.ઓ. નથી, એમ.એલ.એ. ગ્રાન્ટના છેલ્લા ત્રણ-ચાર વર્ષોથી કામો પણ થયેલા નથી એટલે ત્યાં એસ.ઓ. આપવા માગો છે કે નહીં અને આ કામ પૂર્ણ કરવા માગો છો કે નહીં, અને બીજું દામનગર, બાબરા, લાઠી અને જાફરાબાદમાં JNURMની ગ્રાન્ટની ફાળવણી કયા કારણોસર કરવામાં નથી આવી અને હવે પછી તેમાં ફાળવવા માગો છે કે કેમ આ ચાર નગરપાલિકાઓમાં, અને બીજું જે કેન્દ્ર સરકારની JNURMની જે ગ્રાન્ટ આવી છે, એમાં ૨૧૨૬ લાખની જે ગ્રાન્ટ છેલ્લા બે વર્ષમાં ફાળવી છે એમાં ૧૪૫૦ લાખ વપરાયેલા છે અને ૭૨૦ લાખ રૂપિયા વણવપરાયેલા પડ્યા છે, તો હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, આ ગ્રાન્ટ ક્યારે પૂર્ણ વાપરવામાં આવશે અને હવે પછી આ બજૅટ સદરે વધુ ગ્રાન્ટ ફાળવવાની બાકી છે કે કેમ અને ગ્રાન્ટ બાકી હોય તો ક્યારે ફાળવવા માગો છો ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો જે એન્જિનીયરની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓ કે મહાનગરપાલિકા એ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે, એનો એકટ જુદો છે, એના મહેકમની ભરતી કરવાના નિયમો અલગ છે (અંતરાય) પૂરી વાત સાંભળો બાવકુભાઈ, પૂરી વાત સાંભળો શહેરી વિકાસમાં દેખરેખ આવે (અંતરાય) ના મારી ગાડી ટ્રેક ઉપર જ છે.

**અધ્યક્ષશ્રી** : હવે ટ્રેકની બહાર જાય છે,એટલે આપ પ્રશ્ન ઉપર જ રહો. પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આજે શ્રી અર્જુનભાઈ મારી ગાડી ટ્રેક ઉપરથી ફેરવવા માગે છે.

**અધ્યક્ષશ્રી** : ના હવે તમે એકબીજાની ગાડીઓને (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓનું મહેકમ, એના નિયમો અને એની ભરતી અને એને પગાર આપવો એ નગરપાલિકાની પોતાની જવાબદારી છે એ પ્રથમ નંબરની વાત છે. માનનીય બાવકુભાઈએ જે વાત કરી છે કે, અમને બાબરા નગપાલિકામાં એસ.ઓ. આપો, એમાં રાજય સરકારની કોઈ જવાબદારીવાળી એવી તો કોઈ વસ્તુ નથી. કાલે ઊઠીને કહેશે કે મને કર્લાક આપો મને સફાઈ કામદારો આપો, મને બોર ઑપરેટર આપો તો આ રાજય સરકારની સત્તા કે ફરજમાં નથી આવતું. દરેક નગરપાલિકાએ પોતાનું મહેકમ જાળવવું અને એને નિયમિત પગાર આપવો અને એની પાસેથી નિયમિત કામ લેવું એ જે તે નગરપાલિકાની પોતાની જવાબદારી અને ફરજ છે અને એને સત્તા પણ છે. તમારે કયાંય ખૂટતું હોય મહેકમ મંજૂરીમાં નોર્મસ પ્રમાણે તો તમે નગરપાલિકાના નિયામક પાસેથી માગણી કરો. તમને ભરતીની મંજૂરી આપે. તમે પોતે, નગરપાલિકા પોતે એન્જિનીયરની ભરત કરવા માટે સક્ષમ છે.

બીજો પ્રશ્ન હતો કે, બાકીની રકમ ક્યારે વાપરવામાં આવશે? તો મેં કહ્યું એ પ્રમાણે જેમ જેમ પ્રોજૅકટો અમલમાં આવતા જાય એનો ખર્ચ થતો જાય છે એમ ગ્રાન્ટ રિલિઝ થયે જ જાય છે આમાં ગ્રાન્ટ કે ફંડનો કોઈ પ્રશ્ન નથી. કોઈ નગરપાલિકાની કામગીરી સારી હોય તો ઝડપથી કામ પૂર્ણ કરે, કોઈ નગરપાલિકા ધીમે ધીમે કામ કરતી હોય તો ઝડપથી પ્રોજૅકટ પૂરો ન થાય એ રીતની સ્થિતિ અમરેલી જિલ્લામાં ઘણી નગરપાલિકાઓમાં છે એટલે જેમ જેમ કામ કરશે એમ એમ ગ્રાન્ટ ચોક્કસ રિલિઝ થશે. (અંતરાય)

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : ગ્રાન્ટ ફાળવવા માટે છે કે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૫. (અંતરાય) ૮ મિનિટ થઈ છે આપના પ્રશ્ન ઉપર, પછી આપ કહો છો કે (અંતરાય) નહીં, નહીં, નેકસ્ટ,શ્રી નિરંજનભાઈ, ત્રણ સભ્યોએ ભાગ લીધો અને ૮ મિનિટ થઈ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : ગ્રાન્ટ ફાળવવા માગે છે કે નહીં એ જવાબ જ નથી આવ્યો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈ ગ્રાન્ટ બાકી છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : કોઈ ગ્રાન્ટ બાકી નથી, ફાળવણી, કુલ ૫૨ પ્રોજૅકટો (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ નગરપાલિકામાં કોઈ ગ્રાન્ટ નથી ફાળવાઈ એમાં હા કે ના.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રોજેકટો જે નગરપાલિકાઓએ મોકલ્યા, એ જે તે વખતે આ ચાર નગરપાલિકાઓએ પ્રોજેકટ મોકલ્યા નથી. ભારત સરકારે એને મંજુરી આપી નથી કે પ્રોજેકટ આવ્યા પણ નથી. હવે એક અગત્યની બાબત એ છે કે ભારત સરકારે ગુજરાત સરકારને જે ગ્રાન્ટ ફાળવી છે એની સિલીંગ જે છે કુલ એ પૂર્ણ થઈ ગઈ છે અને હવે ભારત સરકાર જો આ યોજના લંબાવે, વધારે તો જ બીજા શહેરોને આપણે લાભ આપી શકીશું નહીં તો ભારત સરકારે ગુજરાત રાજયને જે રકમ ફાળવી હતી એની સિલીંગ પૂરી થઈ ગઈ છે.

**અધ્યક્ષશ્રી** : બાવકુભાઈ, ૧૦ મિનિટ થઈ છે અને અમરેલી જિલ્લાના ત્રણ સભ્યોએ લાભ લીધો છે.

**આણંદ જિલ્લામાં કેનાલોમાંથી કાંપ દૂર કરવાનો ખર્ચ**

* ૭૧૫૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં આવેલી કેનાલોમાંથી કાંપ કાઢવા માટે કેટલો ખર્ચ થયો, અને

(૨) કેટલી કેનાલોમાંથી કાંસ કાઢવાનું હજુ બાકી છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) ૭૫ કેનાલોમાં રૂ. ૯૫.૨૯ લાખનું કામ થયેલ છે.

(૨) ૪૫

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું આપના દ્વારા પૂછવા માગું છું કે આણંદ જિલ્લાની અંદર ૭૫ કેનાલોમાં રૂ. ૯૫.૨૯ લાખનું ખર્ચ કર્યું છે. ૪૫ કેનાલોનું કામ બાકી છે. તો હું મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે જળસંપત્તિ વિભાગ હોય, કાંસ હોય કે કેનાલ હોય એ વરસાદ પડતાં પહેલાં શરૂઆતના દિવસોમાં કાંપ કાઢવાનું કામ કરે છે અને વરસાદ પડી જાય છે અને વાઉચરો બની જાય છે એટલે આની અંદર કોઈપણ જાતનો ખેડૂતોને જે જોઈએ એ લાભ મળતો નથી. તો એવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી કાયમી ધોરણે દર વર્ષે ખર્ચ થયા કરે છે તો કાયમી પેકેજ આપીને જિલ્લાના નિયમ પ્રમાણે જે ફંડ આપે છે એ તો આપો છો પણ સ્પેશ્યલ કેસમાં મધ્ય ગુજરાતની અંદર પાણીના પ્રશ્નો માટે, આ પ્રશ્ન માટે સ્પેશ્યલ પેકેજ આપીને આખી કેનાલને લાઈનીંગ કરવા માગો છો કે કેમ? ખેડૂતોની નાની નાની જમીન હોય, એક બે પાક લેવા હોય તો આ બહુ જરૂરી છે તો સ્પેશ્યલ કેસની અંદર પેકેજ આપીને આણંદ જિલ્લાની તમામ નહેરોને પાકી કરવા માગો છો કે કેમ? કાંસમાં પણ આ જ પ્રશ્ન ઉભા થાય છે કે વાઉચરો બન્યા કરે છે અને આપણે પૈસા ચુકવ્યા કરીએ છીએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ જે સિંચાઈ મહી કમાન્ડ વિસ્તારની સિંચાઈ યોજનાની જે અમારી કેનાલો છે એ કેનાલોમાં વરસાદના કારણે દર વર્ષે પાણી વહેવાના કારણે સ્વાભાવિક રીતે આ કુદરતી પ્રક્રિયા છે કે એમાં શિલ્ટીંગ થાય એ પ્રશ્ન પૂછયો. બીજું એમણે એમાં એ ઉમેરી દીધું કાંસનું. કાંસ અલગ વસ્તુ છે. ચોમાસુ પાણીના વરસાદના નિકાલ માટે જે કેનાલો કાંસ હોય એ કાંસ ઉંડા કરવા અને આ કેનાલો સાફ કરવી એ અલગ વસ્તુ છે છતાં હું એમને સંતોષકારક જવાબ આપવાનો પ્રયત્ન કરું છું. એમણે કહ્યું કે છુટક મુટક પ્રયત્નો કરો છો. ૧૯૯૨માં એટલે આજથી ૧૬ વર્ષ પહેલા આ કાંસની સફાઈ થયેલી એ પછી સફાઈ નહોતી થઈ (અંતરાય)

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માટી વરસાદથી ખેંચાઈ આવે છે, માટી વારંવાર આવે છે અને વિભાગોમાંથી વાઉચર બની જાય છે તો માટી કાઢે તો વાઉચર ના બને અને ખેડૂતોને લાભ મળે તો એ કામ કરવા માગે છે કે કેમ? એ ચોખ્ખો પ્રશ્ન છે મારો. કાંસનો તો પ્રશ્ન જ નથી મારો એ તો જુદો પ્રશ્ન પૂછીશ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૨ પછી પહેલી વાર ૨૦૦૮થી આપણે કામ ચાલુ કર્યું છે. ગયા વર્ષે ૯૫.૨૯ લાખનું માનનીય સભ્યશ્રીએ આણંદ જિલ્લાનો જે પ્રશ્ન પૂછયો છે એમાં કામ થયું છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નિરંજનભાઈ, જવાબ પૂરો થવા દો.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ આક્ષેપ છે તો એ પુરવાર કરે. એ કહે ત્યાં હું જવા તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : વિગતો આપે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી ચેલેન્જ છે માનનીય સભ્યશ્રી કહે કે આ જગ્યાએ ખોટું થયું છે. આ હાઉસ પતે એટલે બપોરે મોટરમાં મારી સાથે લઈ જઈ અને ચકાસણી કરવા તૈયાર છું. તેઓ મને સાબિત કરી બતાવે કે આ જગ્યાએ ખોટા ખર્ચા થયા છે. ખોટું વાઉચર બન્યું છે તો હું કડકમાં કડક કાર્યવાહી કરવા તૈયાર છું. **અધ્યક્ષશ્રી** : નિરંજનભાઈ, તમે જે વિગતો આપી એના ઉપર (અંતરાય) એક મિનિટ હમણા આપણે ગોળ ગોળ વાતો જવા દઈએ. સ્પેસિફિકલી આ સભાગૃહની અંદર સભ્યશ્રી વાત કરે છે, ત્યારે તે વાતને

ગંભીરતાપૂર્વક લીધી છે અને આજે જવાની તૈયારી બતાવે છે. આપ એમની સાથે જવાની તૈયારી રાખો.આ જગ્યાએ આ બન્યું છે.

**શ્રી નિરંજન પટેલ** : મારી જવાની તૈયારી છે.

**અધ્યક્ષશ્રી** : આપ બંને જણા નક્કી કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : બપોરે અમે સાથે જઈશું. એમને મારી ગાડીમાં લઈ જઈશ. સમય આપી દે.

**અધ્યક્ષશ્રી** : આનાથી વધારે સારું ન હોઈ શકે. આજે જવાનું છે. આપ બતાવો ખોટું થયું હશે તો તેની સામે પગલાં લેશે. મંત્રીશ્રી પગલાં લેવાં તૈયાર છે. હવે બતાવવાની જવાબદારી આપની પાસે છે. શ્રી શિરીષભાઈ..

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સોમવારે હાઉસમાં એનો રિપૉર્ટ રજૂ કરીશ.

**અધ્યક્ષશ્રી** : નહિ, તમે જશો એટલે રિપૉર્ટ આવી જશે. શ્રી શિરીષભાઈ, આપના પ્રશ્નનો જવાબ એ સ્થળ જોયા પછી રાખો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એવું રાખવું છે, સારું, સારું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાકી રહેલા કેટલાં કામ છે અને કેટલા વર્ષમાં પૂરા થશે. બીજું કે કાંપ કાઢવાની કાર્યવાહી પાછળ કેટલો ખર્ચ થયો. ખાસ કરીને વર્ષોથી કાંસ સાફ નહોતો થયો અને ૨૦૦૭ માં થયો એ અભિનંદનને પાત્ર છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રી શિરીષભાઈએ પ્રશ્ન કર્યો તે પ્રમાણે મહી કમાન્ડ વિસ્તાર ખેડા જિલ્લામાં અને આણંદ જિલ્લામાં આવે છે. આ વર્ષે અમે જે કામ કર્યુ તેમાં બંને જિલ્લાની આખા કમાન્ડ વિસ્તારને થઈને લગભગ પાંચ કરોડ રૂપિયાનાં કામ થયાં છે. ૬૬ર કિ.મી.ની લંબાઈમાં આ ખર્ચ કરી જ્યાં જ્યાં સિલ્ટિંગ હતું, નહેરો તૂટી ગયેલ તેને દુરસ્ત કરી અને સાફ કરી છે. બીજો પ્રશ્ન કર્યો બાકી રહેતાં કામ કેટલાં છે? તો લગભગ બીજા ૬ કરોડ રૂપિયા ખર્ચીએ તો બાકીના મહિ કમાન્ડની ખેડા અને આણંદ જિલ્લાની બંને કેનાલોની સાફસફાઈ થાય અને ઝાડ ઊગ્યા હોય તેને કાઢી નાખીએ અને એનું સ્ટ્રકચરિંગનું રિપેરિંગ કરીએ અને સિલ્ટિંગ થયેલ કાંપ દૂર કરીને કામ પૂરું થાય તેમ છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ કેનાલો સાફ કરી છે. દર વર્ષે લગભગ છેલ્લે ૯૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. તો માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે પાકી કેનાલ બને તે જરૂરી છે એ અત્યારે સિલ્ટિંગનું કામ છે અને અમારે સેલિનિટીનો પણ પ્રશ્ન થાય છે અને કેનાલો ખૂબ લીકેજ થાય છે તો પાકી કેનાલ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સૂચન છે.

### સ્વાઈન ફ્લુ ને રાજ્યમાં પ્રવેશતો અટકાવવા લીધેલાં પગલાં

* **૭૪૬૦ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) વિદેશી પ્રવાસીઓ તેમજ બિન નિવાસી ભારતીય પ્રવાસીઓનાં માધ્યમ થકી સ્વાઈન ફ્લુ રાજયમાં ન પ્રવેશે તે માટે રાજ્ય સરકારે અગમચેતીનાં કોઈ પગલાં લીધાં છે કે કેમ, અને

(૨) જો હા તો તેની વિગતો શી છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) વિગતો નીચે મુજબ છે.

(૧) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વેબ સાઈટ પર મૂકવામાં આવેલ રોગ વિષયક માહિતી તેમ જ રોગ અટકાયતી પગલાં અંગેની માર્ગદર્શિકા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, અધિક્ષકશ્રી અને ડીનશ્રી મૅડિકલ કૉલેજને મોકલી આપવામાં આવી છે.

(૨) અમદાવાદ એરપોર્ટ ખાતે વિદેશથી આવતા પ્રવાસીઓની ૨૪ કલાક આરોગ્ય અંગેની તપાસ માટે દિવસે એક તબીબી ટીમ તથા રાત્રે પાંચ ટીમ એમ કુલ છ ટીમ અને વર્ગ-૧ ના સિનિયર અધિકારીશ્રીને પ્રતિનિયુક્ત કરવામાં આવેલ છે.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી (સા.વ.વિ.) ના અધ્યક્ષસ્થાને ટાસ્ક ફૉર્સની રચના કરવામાં આવેલ અને કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવે છે.

(૪) ડાયરેકટર જનરલ ઑફ હેલ્થ સર્વિસીસ ભારત સરકાર તરફથી મળેલ સૂચના અન્વયે તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવેલ છે:

(અ) રાજયના બંદરો તથા ઇન્ટરનૅશનલ એરપોર્ટ પર તથા સરહદી વિસ્તારના જિલ્લાઓમાંથી કોઈ પણ રોગગ્રસ્ત વ્યકિત પ્રવેશે નહી તે માટે સર્વેક્ષણ હાથ ધરવા જણાવવામાં આવ્યું.

(બ) આઈ.ડી..એસ.પી.ના રિપૉર્ટમાં ફ્લ્યુના રોગોનું રિપોર્ટિંગ કોઈ એક ક્ષેત્રમાં વધતુ જણાય તો તાત્કાલિક પગલાં લેવા તથા રાજ્ય કક્ષાએ જાણ કરવા જણાવવામાં આવ્યું.

(ક) રાજયમાં તમામ કક્ષાએ તબીબી સારવાર, સંક્રમણ અટકાયતી પગલાં લેબોરેટરી પરિક્ષણ તથા આ અંગેના ઉદ્ભવતા પ્રશ્નો અને જવાબો અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ છે.

(ડ) રાજય કક્ષાએ આ રોગની સારવાર માટે એન્ટી વાયરલ દવાઓ (ઓઝલ્ટામીવીર) નો જથ્થો, પર્સનલ પ્રોટેકટિવ કિટસ, એન-૯૫ માસ્ક પ્રાથમિક રીતે ઉપલબ્ધ છે. જેમાંથી રાજયની તમામે મૅડિકલ કૉલેજોને પ્રાથમિક જથ્થો ઉપલબ્ધ કરાવેલ છે.

(ઈ) આ રોગના આરોગ્ય શિક્ષણ અંગેનું આઈ.ઈ.સી. મટીરિયલ તૈયાર કરવામાં આવી રહેલ છે અને તમામ જિલ્લાઓમાં મોકલવામાં આવશે.

(૫) સદરહુ બાબતે રાજય અને જિલ્લા કક્ષાએ ઈન્ફ્લુએન્ઝા એકશન પ્લાન અધતન કરી ઉપલબ્ધ રાખવામાં આવેલ છે. સદર હુ એકશન પ્લાન રાજયની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવેલ છે.

(૬) રાજયમાં ઈન્ફ્લુએન્ઝા કન્ટ્રોલ કામગીરી સારુ રાજય અને જિલ્લા લેવલે પુરતી સંખ્યામાં તાલીમબદ્ધ ફિઝિશ્યન/માઇક્રોબાયોલૉજીસ્ટ/હેલ્થ સ્પેશ્યાલિસ્ટ રાજય અને જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ છે.

(૭) કમિશનરશ્રી, આરોગ્યની કચેરી, ગાંધીનગર મુકામે સ્ટેટ કન્ટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત છે, જેના ટેલિફોન નં. ૦૭૯-૨૩૨૫૩૩૪૩ અને ૦૭૯-૨૩૨૫૦૮૧૮ દ્વારા આ સંબંધિત માહિતી આપ-લે થઈ શકે છે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત રાજ્યમાં સ્વાઈન ફ્લુના કેસ કેટલા નોંધાયા છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : ગુજરાત રાજયમાં સ્વાઈન ફ્લુનો એક પણ કેસ નોંધાયો નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાના જમાનામાં કેટલાક રોગો એવા હતા જેને રાજરોગ કહેવાતો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : હું પ્રશ્ન ઉપર સીધો આવું છું. સ્વાઈન ફ્લુ પ્રકારના રોગમાં કયા પ્રકારના લક્ષણો, ચિહ્નો જોવા મળે છે અને કયા પ્રકારના પ્રિકોસન્સ લેવાવા જોઈએ અને આ વાતની સાથે આ રોગના શિક્ષણ અંગે આઈ.ઈ.સી. નું મટીરિયલ તૈયાર કરવામાં આવી રહ્યું છે, એવું માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી ફલિત થાય છે, ત્યારે આ મટીરિયલ કેટલા સમયમાં તૈયાર થશે અને ક્યારે જિલ્લા કક્ષાએ મોકલવામાં આવશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એન્જિનિયરો વેધ બને એ સારું નહિ, એ વધારે જોખમ પેદા કરે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ આ દેશમાં મોટામાં મોટા બે એરપોર્ટ કે જ્યાંથી અંદર વસ્તુ આવે છે. મુંબઈ અને દિલ્હી છે. એમાં દિલ્હી વિશેષ છે. એટલે સ્વાઈન ફ્લુ આવ્યો એ મને લાગે છે કે દિલ્હીથી શરૂઆત થઈ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એન્જિનિયર નિદાન કરે છે એટલે આપ ચિંતા ન કરતા.

**શ્રી જયનારાયણ વ્યાસ** : • (xxxxx) કેમ કે કાલે ડીઝલ અને પેટ્રોલના ભાવ વધાર્યા એ એની નિશાની છે. આપણે પ્રશ્ન ઉપર આવીએ. **શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન પર આવીએ. ચૂંટણી વખતે ઘટાડવા અને પછી વધારવા એવું નથી થયું. પહેલીવાર થયું છે તે ઐતિહાસિક છે. સાહેબ તે મને ડીસ્ટર્બ કરે છે એટલું કહું છું. માનનીય સભ્યશ્રીએ સ્વાઈન ફ્લૂ શું છે ? તે જાણવા માગ્યું છે. તો સ્વાઈન ફ્લૂ તે ઈન્ફલુએન્ઝા એ એચ-૧, એન-૧ વાઈરસથી થતો શરદી ઉધરસ પ્રકારનો રોગ છે. જેમાં સામાન્ય શરદી જેવા લક્ષણો જોવા મળે છે. આ લક્ષણોમાં તાવ, ઉધરસ, કફ તેમજ ગળામાં સોજો આવવા જેવા ચિહનો દેખાય છે. સ્વાઈન ફલૂના વાઈરસ, એવીયન વાઈરસ, હયુમન ઈન્ફલુએન્ઝા વાઈરસ અને સ્વાઈન એટલે કે પીગ ઈન્ફલુએન્ઝા વાઈરસની સંરચના બદલાવવાથી એટલે તેને ન્યુટ્રેશન કહે છે અંગ્રેજીમાં તેના કારણે ઉદ્દભવ પામે છે. શરૂઆતમાં આ રોગ ભૂંડમાંથી મનુષ્યમાં ફેલાય છે. પરંતુ તે બાદ મનુષ્યથી મનુષ્યમાં આ રોગનો ફેલાવો થાય છે. સ્વાઈન ફલૂથી બચવા માટેની જે વાત પ્રિકોશન માટેની વાત માનનીય સભ્યશ્રીએ કહી તેનાથી બચવા માટેની નીચે મુજબ સાવચેતી વર્તવી જરૂરી છે. જમતાં પહેલાં હાથ વારંવાર પાણી અને સાબુનો ઉપયોગ કરી ધોવા જોઈએ. આસપાસમાં સ્વાઈન ફલૂનો કેસ હોય તો નાક અને મોં માસ્ક પહેરી ઢાંકવા જોઈએ. શકય હોય તો સ્વાઈન ફલૂથી પીડીત દેશોની મુલાકાત ટાળવી જોઈએ. સ્વાઈન ફલૂ માટે સારવાર શકય છે. રોગથી પીડીત દેશોમાંથી આવતા વ્યકિતઓનું આરોગ્ય સંરક્ષણ હાથ ધરવું આ ઉપરાંત સ્વાઈન ફલૂનો કોઈપણ શંકાસ્પદ કેસ દેખાય તો તેનાથી ગભરાયા વગર, રાજય સરકારે તેના માટે આઈસોલેશનથી માંડીને પરીક્ષણ માટેની બધી જ વ્યવસ્થાઓ કરી છે એટલે તે માટે તાત્કાલિક જાણ કરવી અને સ્વાઈન ફલૂની અસર થયા પછી ઉપર જણાવેલા ફલૂના લક્ષણાં જણાતાં તરતજ ડોકટરી તપાસ કરાવવી. તેના માટે જરૂરી ઓઝલ્ટામીવીર નામની દવાઓ ડોકટરી સલાહ મુજબ લેવી. કેમીફલૂ કહે છે તે દવાને. મોં અને નાક ઉપર રૂમાલ ઢાંકી રાખવો. શકય હોય તો ઘરની બહાર ન નીકળવું. ઉધરસ અને છીંક ખાતી વખતે રૂમાલ અથવા પેપર નેપકીન મોં અથવા નાક ઉપર ઢાંકી રાખવો. હાથ વારંવાર ડેટોલ અથવા સાબુથી ધોયા બાદ પાણી વડે ધોવા. સ્વાઈન ફલૂની સારવાર માટે ટેબલેટ ઓઝલ્ટામીવીર ૭૫

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મીલીગ્રામ નામની દવા આપવામાં આવે છે. આ દવા પુખ્ત વયની વ્યકિત માટે દિવસમાં બે વખત એમ પાંચ દિવસ સુધી આપવાની થાય છે તેમજ અન્ય લક્ષણો મુજબ તબીબી સલાહ અનુસાર સારવાર લેવાની હોય છે.

**ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા અંતર્ગત પડતર દરખાસ્તો**

*** ૭૪૭૪ શ્રીઅરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મંજૂરી અપાઈ, અને

(૨) કેટલી દરખાસ્તો પડતર છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

**(૧)** ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિડની પ્રત્યારોપણની ૯૮૦ અને લીવર પ્રત્યારોપણની ૪ મળી કુલ ૯૮૪ મંજૂરી આપવામાં આવી.

(૨) કિડની પ્રત્યારોપણની-૧ દરખાસ્ત પડતર છે.

**શ્રીઅરવિંદસિંહ દા. રાઠોડ :** માનનીય અધ્યક્ષશ્રી, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિડની પ્રત્યારોપણના ૯૮૦ અને લીવર પ્રત્યારોપણના-૪ એમ મળી કુલ ૯૮૪ કેસની મંજૂરી આપવામાં આવી છે. તે માટે રાજય સરકારને અભિનંદન પાઠવું છું. સાથે સાથે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લાના કેટલા લાભાર્થીઓને આમાં લાભ મળેલ છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અહીં જે વાત કરી છે તે માટે તેમનો આભારી છું. સમગ્ર ગુજરાતને ગૌરવ થાય એવી એક વાત હું આ સન્માનનીય સભાગૃહ સામે મૂકવા માગું છું. છેલ્લા બે વર્ષમાં ૯૮૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ અને પ્રત્યારોપણના કેસ થયા છે. તેમાંથી એકલા અમદાવાદમાં ૭૬૭ કેસ થયા છે. એટલે કે દર વર્ષે ૩૮૩ કેસ થયા છે. તેનો અર્થ એ થયો કે છેલ્લા બે વર્ષથી રોજના સરેરાશ એક કરતાં વધારે કિડની પ્રત્યારોપણ માત્ર અમદાવાદમાં કરવામાં આવે છે તે એક વૈશ્વિક રેકર્ડ છે. વિશ્વમાં કોઈ એક જગ્યાએ એક શહેરમાં રોજની એક કરતાં વધારે કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન, પ્રત્યારોપણ થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી બીજું ગરવા ગુજરાતી તરીકે ગૌરવ લેવાનું મન થાય તેવી બીજી વાત છે. ૯૮૦ કિસ્સા કિડની પ્રત્યારોપણના થયા છે તેમાંથી ૧૧૮ કિસ્સા કેડેવર એટલે કે બ્રેઈનડેડ પેશન્ટ હોટ તેના થયા છે. આ પણ એક વિશ્વ રેકર્ડ છે. ગુજરાતીઓની દેહદાન અને ચક્ષુદાનની સુધીની જે ભાવના છે અને તેમાં કેડેવર એટલે કે કિડનીનું દાન કરી અને ૧૧૮ વ્યકિતઓને નવજીવન બક્ષવાની જે વાત થઈ છે તે ગુજરાત માટે અને આ દેશ માટે ગૌરવની વાત છે. આ બે મુદ્દા આ પ્રશ્નનના જવાબમાંથી જે ઉપસ્યા છે તે કોઈપણ ગુજરાતીને ગૌરવરૂપ છે અને સન્માનનીય સભાગૃહની જાણ ખાતર મારે મૂકવા જોઈએ તેમ લાગવાથી મેં આ વાત કરી છે.

ગુજરાતને માટે પણ ગૌરવ રૂપ છે અને આ સન્માનનીય સભાગૃહની જાણ ખાતર મારે મૂકવું જોઈએ એમ લાગવાથી મેં એમને વાત કરી છે. માનનીય સભ્યશ્રીએ પંચમહાલ જિલ્લા પૂરતી વાત કરી ત્યારે મારે એમને કહેવું છે કે આ જે કિડની ટ્રાન્સપ્લાન્ટેશન છે એ માટે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એકટ નીચે માન્યતા પ્રાપ્ત હૉસ્પિટલ હોય એમાં કિડની ટ્રાન્સપ્લાન્ટેશન કરી શકાય છે અને એ માટે સાત સંસ્થાઓને માન્યતા આપવામાં આવી છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ અમદાવાદ, મુળજીભાઈ પટેલ યુરોલોજીકલ હૉસ્પિટલ નડિયાદ, સ્ટર્લિંગ હૉસ્પિટલ અમદાવાદ, સાલ હૉસ્પિટલ અમદાવાદ, ડો.જીવરાજ મહેતા સ્મારક હૉસ્પિટલ અમદાવાદ, એપોલો હૉસ્પિટલ ગાંધીનગર અને ભાઈલાલભાઈ અમીન જનરલ હૉસ્પિટલ વડોદરા, એમાં ૯૮૦માંથી ૫૭૭ કેસ એકલા કિડની હોસ્પિટલમાં થયા છે. રાજય સરકાર, રાજય સરકાર દ્વારા ચલાવવામાં આવતી હૉસ્પિટલો અને રાજય સરકાર દ્વારા આપણે ગુજરાતમાં જે સંસ્થાઓનું સર્જન કર્યુ છે, હું કોઈ અ બ ક ને એના માટેનું ગૌરવ જાય છે એવું કહેવા નથી માગતો પણ જે ગૌરવવંતી પ્રણાલિ ગુજરાતમાં જાહેર હોસ્પિટલોની પ્રણાલિમાં આપણે ઊભી કરી છે, એમાં કિડની હૉસ્પિટલ, એટલે સર, આ ત્રીજો રૅકૉર્ડ છે, કે કોઈપણ એક જ હૉસ્પિટલમાં એક જ જગ્યાએ વિશ્વમાં સૌથી વધારે કિડની ટ્રાન્સપ્લાન્ટેશન થતા હોય તો આપણી કિડની હોસ્પિટલમાં થાય છે અને એ માટે જે વ્યવસ્થા છે એ માટે આપણે ગૌરવ અનુભવીએ છીએ અને એટલે જિલ્લાવાર, પંચમહાલ જિલ્લામાં કેટલા ટ્રાન્સપ્લાન્ટેશન થયા એની વિગતો હોઈ શકે નહીં.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ જે કહ્યું કે ૫૦૦ કરતાં વધુ કેસો કિડની હૉસ્પિટલની અંદર કિડની ટ્રાન્સફર થઈ છે. તો કિડની હૉસ્પિટલ જે આર્થિક મુઝવણ અનુભવી રહી છે અને ખાસ કરીને બીજા રાજયોના દર્દીઓની જે કિડની ટ્રાન્સફર થાય છે તો એના પ્રત્યેનો જે ભેદભાવ રાખવામાં આવે છે તો એનો ખર્ચ રાજય સરકાર આપવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો દર્દીની સામે કોઈપણ પ્રકારનો ભેદભાવ કયારેય રાખવાનું વલણ ગુજરાતે અપનાવ્યું નથી અને એટલા માટે મનસોર કે એવી જગ્યાએથી સિવિલ હૉસ્પિટલ અમદાવાદ, આવી બસ કોઈ દેશમાં કોઈ જગ્યાએ ચાલતી હોયને તો એકલા આ દેશમાં આ સિવિલ હૉસ્પિટલ સુધી મધ્યપ્રદેશથી બસ આવે છે. અને એટલા માટે કોઈ જગ્યાએ કોઈ રાજયમાં કોઈપણ

પ્રકારનો ભેદભાવ ગુજરાતમાં રાખવામાં આવતો નથી. સાહેબ, ગુજરાતીઓ બીજા રાજયોમાં આપણે બિહારમાં પુર આવ્યા ત્યારે આપણે આપણી ૧૦૮ સેવાઓને બિહારમાં મોકલીને બિહારમાં સેવાઓ આપી છે. આપણે કયાં ભેદભાવ રાખીએ છીએ?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા દર્દીઓને ગુજરાતમાં જે સારવાર અપાય છે એટલા માટે થઈને બહારના દર્દીઓ ગુજરાતમાં આવે છે. તો એમના માટેની સગવડો જે છે એ રાજય સરકારના દર્દીઓને જે સગવડો આપીએ છીએ એવી જ સગવડો આપવા માગે છે કે કેમ ? આ વખતની ગ્રાન્ટમાં પણ કિડની હૉસ્પિટલને સૌથી ઓછી ગ્રાન્ટ આપવામાં આવેલી છે. ત્રણ હૉસ્પિટલોની અંદર, કૅન્સર હૉસ્પિટલ, યુ.એન. મહેતા કાર્ડિયોલોજી અને કિડની હૉસ્પિટલમાં તો એને સપ્રમાણ ગ્રાન્ટ આપવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કિડની હૉસ્પિટલે જ્યારે જ્યારે કોઈપણ દરખાસ્ત મૂકી છે એને હંમેશા અમે આવકારી છે. બીજું, અમારું વલણ એવું રહ્યું છે કે, આ જે હૉસ્પિટલો છે, કૅન્સર અને યુ.એન. મહેતામાં પણ અમે એવી અપેક્ષા રાખીએ છીએ કે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ચાલે અને કિડની હૉસ્પિટલમાં ગ્રાન્ટ ઓછી હોવાના કારણે કોઈ કામ અટક્યું નથી. I must say on record that Dr.Trivedi enjoys sucha gignatic reputation કે સાહેબ, કિડની હોસ્પિટલમાં જ્યારે જ્યારે પૈસાની જરૂર પડે જે રીતે કૅન્સર હોસ્પિટલમાં એ જ રીતે યુ.એન. મહેતામાં આપણા ત્યાં ગુજરાતમાં એવા દાતાઓ છે કે જે લોકો આ પ્રકારના કામ માટે પૈસા આપે છે. ત્યાર પછીની વાત માનનીય સભ્યશ્રીએ કહી એને સાથે હું આવકારું છું અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને પણ હું વિનંતી કરું છું કે, આ હોસ્પિટલમાં આખા દેશમાંથી દર્દીઓ આવે છે, ત્યારે એને નેશનલ સૅન્ટર ઑફ એકસલન્સ તરીકે ભારત સરકાર મંજૂરી આપે અને ભારત સરકાર પણ આમાં, કારણકે છેવટે તો નાગરિકો આપણે બધા એક જ દેશના છીએ તો ભારત સરકાર ઑલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઑફ મૅડિકલ સાયન્સ દિલ્હીમાં કરે એવું જ આ ઑલ ઈન્ડિયા સૅન્ટર ઑફ એકસલન્સ આપણે કૅન્સર ઇન્સ્ટિટ્યૂટને ગુજરાતમાં કેમ ન કરીએ? Let us try for it. આપણે ભારત સરકાર પાસે આ વિનંતી લઈને જવું જોઈએ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને હું વિનંતી કરીશ કે, એ નેતૃત્વ લે, તો એમની આગેવાની હેઠળના શિષ્ટ મંડળમાં હું જવા તૈયાર છું. **શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે બે વાત જાણવી હતી પણ એક વાત એમણે કરી એમાં હું સ્વીકારું છું અને કેન્દ્ર સરકારમાંથી ગુજરાતને જે મળતું હોય એ, પ્રશ્નોતરીમાં રાજકીય અવલોકન નહીં પણ અગાઉ કયારેય કહ્યું નથી, કહ્યું હોત તો લીધું હોત નેતૃત્વ. આપની સરકાર ૮-૯ વર્ષ રહી ત્યારે આ યાદ ન આવ્યું હવે યાદ આવ્યું તો અમે નેતૃત્વ લેવા તૈયાર છીએ, કરીશું, જઈશું અને સાથે મળીને પ્રયત્ન કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, આ ઈન્સ્ટીટયુટમાં ભૂતકાળમાં જી.એમ.ડી.સી.માંથી લાવીને આપણે પૈસા આપ્યા હતા. ડો. ત્રિવેદીનું બહું રેપ્યુટેશન છે એ હું સ્વીકારું છું પણ એમના ઉપર બધું નાંખવાના બદલે આજની પરિસ્થિતિ માનનીય મંત્રીશ્રી આપ પણ જાણો છો, હું પણ જાણું છું કે આપણી પાસે અસંખ્ય ફરિયાદો આવે છે કે માણસને સુવડાવવાની ત્યાં પથારી ખાલી નથી હોતી એટલે લોબીમાં પડી રહેવું પડે એટલો બધો રસ છે, સારું છે આપણી પ્રતિષ્ઠા છે. પણ રાજય સરકારની પણ જવાબદારી છે કે, આપણે એમાં વધારે સગવડ આપીને આ ઈન્સ્ટીટયુટને વધારે ગરીબ દર્દી માટે લાભદાયી કેમ બનાવી શકીએ અને કિડનીને લગતા પ્રોબ્લેમ છે એમાં આપણી જે સરકારી હોસ્પિટલો છે, દાખલા તરીકે ભાવનગરમાં આપણું ડાયાલિસિસ યુનિટ છે પણ સામાન્ય બાબતના કારણે એ ઘણાં વખતથી બંધ છે તો આવી બાબતમાં પણ તંત્ર જાગૃત રહે એના માટે માનનીય મંત્રીશ્રી અને સરકાર શું કરવા માગે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સારુ સૂચન છે.. માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય વિરોધ પક્ષના નેતાને હું કહેવા માગુ છું કે, સેન્ટર ઓફ એકસલન્ટ તરીકે ચાર ઈન્સ્ટીટયુટને ડેવલપ કરવાનો અભિગમ રાજય સરકારે અપનાવ્યો છે અને એ મુજબ આપણે આગળ વધી રહ્યા છીએ. રાજયની કેન્સર ઈન્સ્ટીટયુટને ઈન્સ્ટીટયુટ ઓફ એકસલન્ટ તરીકે મેડિકલ કોલેજ સાથે ડેવલપ કરવા માટેનો અભિગમ આપણે અપનાવ્યો છે અને એના માટેની જમીનની એલોટમેન્ટ વિધિ પણ પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, યુ.એન.મહેતામાં પણ આવી જ પરિસ્થિતિ હતી આપણે એમાં બીજી ૪૦૦ પથારી વધારે એડ કરતું એકસ્ટેન્સન કરી રહ્યા છીએ અને તારીખ સાથે હું આ ગૃહને કહેવા માગુ છું કે ૩૧મી, માર્ચ ૨૦૧૦ના રોજ એનું ઉદઘાટન થાય એ રીતે અમે તારીખ સાથે ચાલી રહ્યા છીએ અને ત્યાર પછી કેન્સર રીર્સચ અને એને લગતી કામગીરી અંગેનો એમ.ઓ.યુ. વાઈબ્રન્ટ ગુજરાતમાં તાજેતરમાં થયું છે અને વિશ્વ-વિખ્યાત વૈજ્ઞાનિક ડો. શ્રીવાસ્તવ છે એની સાથે રહીને સ્ટમસેલ અને બાયોટેકનોલોજીના રીસર્ચની દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ અને ચોથું, કિડની અને કિલડી રીલેટેડ એટલે મારે એથી આગળ વધીને કહેવું છે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને કે, કિડનીમાં હવે ગુજરાત has become one of the unique State કે જયાં કિડની પુરતું મર્યાદિન નહીં રહેતા આપણે લિવર ટ્રાન્સપ્લાન્ટેશન પણ શરૂ કર્યું છે અને I take your suggestion positively and we will go along to develop such center. અગાઉ કેમ નહીં કર્યું એનો માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને મારો એ જવાબ છે કે, અગાઉ બાબુભાઈએ આ વાત કરી હોત તો અગાઉ કહ્યું હોત.

## લોંક જળાશયના કમાન્ડ વિસ્તારમાં સમાવિષ્ટ ગામો

**૭૫૭૭ શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકામાં આવેલ લોંક જળાશયના કમાન્ડ વિસ્તારમાં કપડવંજ તાલુકાના કયા કયા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત ગામોને કેટલા સમયમાં સિંચાઈનો લાભ મળશે?

**જળસંપતિ મંત્રીશ્રી :**

(૧) કપડવંજ તાલુકાના કાવઠ, વોલ્વા મહુડા, વાંટા ફતેપુરા અને કાશીપુરા (વિષ્ણુપુરા) ગામોનો સમાવોશ કરેલ છે.

(૨) નહેર માટે જમીન સંપાદનની કામગીરી પ્રગતિમાં છે. જમીન સંપાદન થયેથી,, નાણાકીય ઉપલબ્ધીને ધ્યાને લઈ શક્ય તેટલો વહેલો સિંચાઈનો લાભ આપવામાં આવશે.

**શ્રી મણીભાઈ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ પુછવા માગુ છું કે, આ ગામોની કેટલી જમીનને સિંચાઈનો લાભ મળશે? અને બીજુ માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે, જમીન સંપાદન થયેથી નાણાકીય ઉપલબ્ધીને ધ્યાને લઈ શક્ય તેટલો વહેલો સિંચાઈનો લાભ આપવામાં આવશે. પરંતુ કપડવંજ તાલુકો એ ડાર્ક ઝોન વાળો વિસ્તાર છે, તાલુકામાં પાણીની ખૂબ અછત છે અને આ તાલુકાને સિંચાઈનો ખૂબ ઓછા પ્રમાણમાં લાભ મળે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી નાણાની ઉપલબ્ધતા આ તાલુકા માટે વહેલી કરાવીને તાલુકાના ગામોને સિંચાઈનો લાભ વહેલો આપવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લોંક સિંચાઈ યોજનાનું કામ છે એમાં મુખ્ય બંધનું કામ સિંચાઈ વિભાગે પૂર્ણ કર્યું છે, ડેમ બની ગયો છે એના દરવાજા પણ આપણે બેસાડી દીધા છે અને ચાલુ વર્ષે જળાશયમાં આપણે પાણી ભરવાની શરૂઆત પણ કરીશું. બીજું, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ગ્રાન્ટ વધારે આપીને પણ કામ પૂર્ણ કરાવે. તો આ સરકારમાં પ્રજાકીય કામો માટે, ગામડાના ખેડૂતોના કામો માટે કોઈ પણ નાણાની, ફંડની ઉપલધ્તાનો કોઈ પ્રશ્ન જ નથી. કામો માટે જોઈએ એટલું બજેટ અમારી સરકાર અમને આપે જ છે. કામ નાણાના અભાવે ઉભું નથી રહ્યું પણ આ સિંચાઈ યોજનાની જે કેનાલો બનાવવાની છે
એ કેનાલો બનાવવામાં બે તાલુકાની જમીનો આવે છે એક બાયડ તાલુકાની અને બીજી કપડવંજ તાલુકાની, બાયડ તાલુકાના ખેડૂતોની જમીનમાંથી જ્યાંથી કેનાલ નીકળે છે ત્યાં ખેડૂતો પહેલાં જમીન આપવા સંમતિ આપી હતી, હવે એમ કહે છે કે કેનાલ ઉપરની ફ્લો કેનાલ કે કટિંગ કેનાલ નહિ પણ સરકાર, સરકારના ખર્ચે અમારા ખેતરમાં પાઈપલાઈન નાંખી આપે અને ઉપર અમારી જમીન ખુલ્લી રહે અને પાઈપલાઈનનો ખર્ચો સરકાર ભોગવે એ રીતે જો કેનાલ કરવા તૈયાર હો તો જ અમે જમીન આપીએ એટલે એ વાત આપણે હજીસુધી તો સ્વીકારી નથી અને જમીન સંપાદન માટેની કાયદેસરની કાર્યવાહી કરવા જમીન સંપાદન અધિકારીએ કલમ-૪ સુધીનું જાહેરનામુ બહાર પાડી દીધું છે.

બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો કે આ યોજનાથી કયા કયા ગામોને લાભ મળવાનો છે તો એમાં બાયડ તાલુકાનું ફાંટા ધીરપુરા ગામ છે એની ૧૩૫ હેક્ટર જમીનનો લાભ મળવાનો છે, બાયડ તાલુકાનું બારોલ ગામ એની ૫૧૪ હેક્ટર જમીનનો લાભ મળવાનો છે, બાયડ તાલુકાનું દેસાઈપુરા ગામ એની ૬૯ હેક્ટર જમીનનો લાભ મળવાનો છે, બાયડ તાલુકાનું ડેમાઈ ગામ એની ૪૫૧ હેક્ટર જમીનનો લાભ મળવાનો છે, કપડવંજ તાલુકાનું કાવઠ ગામ એની ૨૭૭ હેક્ટર જમીનનો લાભ મળવાનો છે, કપડવંજ તાલુકાનું વોલ્વા મહુડા ગામ એની ૧૫ હેક્ટર જમીનનો લાભ મળવાનો છે, કપડવંજ તાલુકાનું વાંટા ફતેપુરા ગામ એની ૫૦ હેક્ટર જમીનનો લાભ મળવાનો છે, કપડવંજ તાલુકાનું કાશીપુરા ગામ એની ૩૮૯ હેક્ટર જમીનનો લાભ મળવાનો છે, આમ કટિંગ કેનાલ કરીએ ઉદ્વવહન સિંચાઈ માટેની  તો કુલ ૧૯૦૦ હેક્ટર જમીનને આ યોજનાથી સિંચાઈનો લાભ મળશે. મારી સભ્યશ્રીને વિનંતી છે કે તમે જોડે રહીને જમીનના કબજા અપાવો તો તાત્કાલિક આપણે કામ શરૂ કરી દઈએ.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ કપડવંજ તાલુકામાં લગભગ ૮૦ ટકા સિંચાઈ વગરનો વિસ્તાર છે, આ લોંક જળાશય યોજના એ ક્યારે શરૂ કરવામાં આવી અને જે કેનાલોનું કામ પ્રગતિમાં છે એવું બતાવ્યું છે તો શું પ્રગતિમાં છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ડેમનું કામ તો પૂરું થયું એમ મેં કહ્યું, ડેમમાંથી ઈરીગેશન કરવું હોય તો કેનાલો દ્વારા થાય, કેનાલો કરવા માટે ખેડૂતોની ખાનગી જમીન સંપાદન કરવાની થાય છે, એની સામે કેનાલ માટેની જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ લોંક જળાશય યોજનાથી ખેડા જિલ્લાના કયા ગામોને કેટલો લાભ થશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જે માહિતી આપી, એમાં કપડવંજ તાલુકો એટલે ખેડા જિલ્લો અને ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના જે ગામો છે એમાં કાવઠ, વોલ્વા મહુડા, વાંટા ફતેપુરા અને કાશીપુરા આ ગામોને લાભ મળશે.

**સાબરકાંઠા જિલ્લામાં ખેતી માટે સિંચાઈનું પાણી**

***૮૨૧૬ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સિંચાઈના પાણીની શી વ્યવસ્થા છે,

(૨) સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, ભીલોડા, વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકાઓમાં ખેતી માટે સિંચાઈનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે કે નહિ, અને

(૩) જો ના, તો સિંચાઈનું પાણી પૂરતા પ્રમાણમાં પૂરું પાડવા માટે સરકારનું શું આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી**

(૧) ૧ મોટી, ૨ મધ્યમ, ૯ નાની સિંચાઈ યોજનાઓ તથા ૩૨ પાતાળ કૂવાઓ મારફત સિંચાઈના પાણીની વ્યવસ્થા છે.

(૨) અંશત:

(૩) ચેકડેમો (નાના અને મોટા), તળાવો ઉંડા કરવા, હયાત નહેર સુધારણાના કામો, સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલ વિગેરે દ્વારા શક્ય તેટલા વિસ્તારમાં સિંચાઈ સુવિધા આપવાનું આયોજન છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, મેં સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ માટેની શું વ્યવસ્થા છે એ મેં પ્રશ્ન પૂછ્યો હતો પણ મને જવાબ આપવામાં આવ્યો છે કે, તળાવો અને પાતાળ કૂવા બનાવીને સાબરકાંઠાને પાણીની વ્યવસ્થા કરવામાં આવશે એવું જણાવેલ છે પરંતુ તળાવો અને પાતાળકૂવાને ઉંડા કરવાથી સાબરકાંઠા જિલ્લાને પાણી પૂરું થઈ શકે તેમ નથી તેથી મારો પ્રશ્ન એ છે કે, વાત્રક, મેશ્વો, માઝુમ અને હરણાવી ડેમ, કડાણા ડેમમાં મહી નદીનું પાણી આવે છે, તેમાંથી સાબરકાંઠાના સરદાર ડેમમાં પાણી ભરવા અંગે સરકારે અગાઉ સરવે કરેલ છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે સરવે કરેલ હોય તો તેનો અંદાજીત ખર્ચ કેટલો થાય છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મેં જે જવાબ આપ્યો છે એ સાબરકાંઠા જિલ્લાની હયાત જે સિંચાઈ યોજનાઓ છે એની પણ માહિતી આપી છે, મોટી યોજના, મધ્યમ સિંચાઈ યોજના, નાની સિંચાઈ યોજના, તળાવો ટ્યૂબવેલો અને એના દ્વારા થતું ઈરીગેશન એની માહિતી માનનીય સભ્યશ્રીને આપી છે, માનનીય સભ્યશ્રીની જે લાગણી છે અને બીજા અનેક લોકોની રજૂઆતો જે ભૂતકાળમાં હતી એને ધ્યાનમાં રાખીને વરસાદ ઓછો હોય ત્યારે સાબરકાંઠા જિલ્લાના ડેમોમાં જે પાણી આવતું નથી અને એના કારણે ઈરીગેશન થતું નથી એને ધ્યાનમાં રાખીને રાજય સરકારે એક ઐતિહાસિક નિર્ણય સને ૨૦૦૫-૦૬માં લઈ અને સુજલામ્-સુફલામ્ યોજના દ્વારા નર્મદાનું પાણી પંપીંગ કરી વાત્રક, હાથમતી, મેશ્વો જળાશયમાં ભરવાનું આયોજન છે.

**અધ્યક્ષશ્રી:** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે

# અતારાંકિત પ્રશ્નો

**(અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**જૂનાગઢ જિલ્લામાં ડાર્કઝોન જાહેર કરેલ ગામો**

૭૦૫૨**શ્રી જવાહરભાઈ પે.ચાવડા(માણાવદર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોને ક્યારે ડાર્કઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે, અને | (૧) રાજ્યના જુદા જુદા તાલુકાઓમાં સમયાંતરે ભૂગર્ભજળ રીચાર્જના પ્રમાણમાં ભૂગર્ભજળ ખેંચાણનો અંદાજ કાઢી તે અન્વયે ઓવર એક્સપ્લોઈટેડ, ડાર્ક (ક્રીટીકલ), ગ્રે (સેમી ક્રીટીકલ) અને વ્હાઈટ (સેઈફ) કેટેગરીમાં વર્ગીકરણ કરવામાં આવે છે, અને તે મુજબ તાલુકાઓ ડાર્કઝોનમાં મૂકવામાં આવે છે. ગામવાર ડાર્કઝોનનું વર્ગીકરણ કરવામાં આવતું નથી. |
| (૨) આ ડાર્કઝોન હટાવવા અને ખેડૂતોને સત્વરે વીજ જોડાણો મળે તે માટે સરકારે શાં પગલાં લીધાં ? | (૨) ડાર્કઝોનમાં ભૂગર્ભમાં વધુ પાણી રિચાર્જ કરવા માટે ચેકડેમ બનાવવા, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે. |

------------

## ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાથી રાજકોટ જિલ્લામાં લાભાન્વિત થયેલ લોકો

૭૬૨૮**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સની સુવિધા કરવામાં આવેલ છે તેનાથી લોકોને સારી સુવિધા ઉપલબ્ધ થયેલ છે તે હકીકત સાચી,

(૨) રાજકોટ જિલ્લાનાં ક્યા ક્યા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોએ લાભ લીધેલ છે, અને

(૩) તેની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧) રાજકોટ | ૨૦૫૫૦ | ૯) પડધરી | ૧૩૮૧ |
| ૨) ગોંડલ | ૩૪૩૭ | ૧૦) માળીયા | ૧૧૭૬ |
| ૩) મોરબી | ૩૪૨૪ | ૧૧) વિંછીયા | ૧૮૦૬ |
| ૪) ઉપલેટા | ૨૨૬૭ | ૧૨) ટંકારા | ૧૩૭૫ |
| ૫) જેતપુર | ૩૦૮૮ | ૧૩) કો.સંઘાણી | ૧૨૯૮ |
| ૬) જસદણ | ૨૫૦૪ | ૧૪) જામકંડોરણા | ૧૦૭૧ |
| ૭) વાંકાનેર | ૨૨૮૮ | ૧૫) લોધીકા | ૮૨૬ |
| ૮) ધોરાજી | ૧૩૨૦ | | |

(૩)

| તાલુકાનું નામ | ખર્ચ (રૂા.લાખમાં) | તાલુકાનું નામ | ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૧) રાજકોટ | ૧૫૦.૩ | ૯) પડધરી | ૧૦.૧ |
| ૨) ગોંડલ | ૨૫.૧ | ૧૦) માળીયા | ૮.૬ |
| ૩) મોરબી | ૨૫.૦ | ૧૧) વિંછીયા | ૧૩.૨ |
| ૪) ઉપલેટા | ૧૬.૬ | ૧૨) ટંકારા | ૧૦.૧ |
| ૫) જેતપુર | ૨૨.૬ | ૧૩) કો.સંઘાણી | ૯.૫ |
| ૬) જસદણ | ૧૮.૩ | ૧૪) જામકંડોરણા | ૭.૮ |
| ૭) વાંકાનેર | ૧૬.૭ | ૧૫) લોધીકા | ૬.૦ |
| ૮) ધોરાજી | ૯.૬ | | |

------------

## પંચમહાલ જિલ્લામાં તળાવો ઊંડા કરવાનો ખર્ચ

૭૨૫૭ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૩૧ ડિસેમ્બર, ૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લાના તાલુકાવાર ક્યા ક્યા ગામના તળાવો ઊંડા કરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

સામેલ **પત્રક** મુજબ કુલ રૂા. ૧૮૪.૧૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**પત્રક**

| અ.નં. | તાલુકો | તળાવની સંખ્યા | કરેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૮ | ૧૪.૭૮ |
| ૨ | શહેરા | ૮ | ૬.૩૦ |
| ૩ | કાલોલ | ૧૩ | ૩૨.૯૭ |
| ૪ | લુણાવાડા | ૮ | ૬.૮૭ |
| ૫ | ખાનપુર | ૪ | ૩.૭૯ |
| ૬ | હાલોલ | ૧૭ | ૩૭.૬૦ |
| ૭ | મોરવા (હ) | ૧૦ | ૨૬.૦૪ |
| ૮ | કડાણા | ૪ | ૮.૦૭ |
| ૯ | ઘોઘંબા | ૮ | ૨૦.૬૪ |
| ૧૦ | સંતરામપુર | ૯ | ૨૭.૧૧ |
| | | **૮૯** | **૧૮૪.૧૭** |
| | | | |

| ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધી પંચમહાલ જિલ્લાના જુદા જુદા તાલુકાના તળાવ ઊંડા કરવાનો ખર્ચ દર્શાવતું પત્રક | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકો | તળાવનું નામ | કરેલ ખર્ચ રૂા. લાખમાં |
| ૧ | ગોધરા | ગોલ્લાવ | ૨.૫૯ |
| ૨ | | મહુલીયા | ૨.૯૮ |
| ૩ | | વેલવડ | ૧.૫૭ |
| ૪ | | પઢીયાર | ૧.૮૬ |
| ૫ | | વટલાવ | ૨.૧૦ |
| ૬ | | મહેલોલ | ૨.૧૧ |
| ૭ | | ગવાસી | ૦.૭૯ |
| ૮ | | ભીમા | ૦.૭૮ |
| **કુલ** | | | **૧૪.૭૮** |
| ૧ | શહેરા | આંબાજટી | ૦.૭૪ |
| ૨ | | અણીયાદ | ૦.૧૨ |
| ૩ | | તાડવા | ૦.૯૨ |
| ૪ | | વાંટાવછોડા | ૧.૦૯ |
| ૫ | | બામરોલી | ૧.૨૭ |
| ૬ | | રેણા | ૦.૯૪ |
| ૭ | | ક્વાલી | ૦.૪૯ |
| ૮ | | નાંદરવા | ૦.૭૩ |
| **કુલ** | | | **૬.૩૦** |
| ૧ | કલોલ | ખડકી | ૨.૬૮ |
| ૨ | | ઝાંખરીપુરા | ૨.૦૪ |
| ૩ | | કરાડા | ૨.૯૫ |
| ૪ | | નેસડા | ૩.૨૫ |
| ૫ | | ભાદરોલી ખુર્દ | ૨.૧૦ |
| ૬ | | વેજલપુર | ૨.૬૧ |
| ૭ | | અડાદરા | ૨.૪૮ |
| ૮ | | મલાવ | ૨.૬૧ |
| ૯ | | ત્રેક્ષોલ | ૨.૬૯ |
| ૧૦ | | રામનાથ | ૨.૪૮ |
| ૧૧ | | મધવાસ | ૩.૩૩ |
| ૧૨ | | ઝરડકા | ૧.૨૭ |
| ૧૩ | | ખરસાલીયા | ૨.૪૮ |
| **કુલ** | | | **૩૨.૯૭** |
| ૧ | લુણાવાડા | લાડવેલ | ૧.૧૯ |
| ૨ | | ભલાગ | ૧.૨૫ |
| ૩ | | જેથરીબોર | ૧.૧૫ |
| ૪ | | ઋક્ષુવાડીયા | ૦.૧૯ |
| ૫ | | ખારોલ | ૧.૭૮ |
| ૬ | | નાની ચરેલ | ૦.૬૩ |
| ૭ | | સીમલીયા | ૦.૧૧ |
| ૮ | | નાની દેનાવાડ | ૦.૫૭ |
| **કુલ** | | | **૬.૮૭** |
| ૧ | ખાનપુર | લલાખેતરા | ૦.૩૮ |
| ૨ | | ખડોદી | ૧.૩૧ |
| ૩ | | ઉંમરીયા (ઝેર) | ૦.૫૩ |
| ૪ | | બોરવાઈ | ૧.૫૭ |
| **કુલ** | | | **૩.૭૯** |
| ૧ | હાલોલ | કંજરી (અદા તળાવ) | ૨.૦૬ |
| ૨ | | મસવાડ | ૨.૪૭ |
| ૩ | | કોપરેજ | ૨.૫૧ |

| ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધી પંચમહાલ જિલ્લાના જુદા જુદા તાલુકાના તળાવ ઊંડા કરવાનો ખર્ચ દર્શાવતું પત્રક | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકો | તળાવનું નામ | કરેલ ખર્ચ રૂા. લાખમાં |
| ૪ | હાલોલ | બળીયાદેવ | ૧.૮૧ |
| ૫ | | નવીભાટ | ૦.૭૬ |
| ૬ | | છાનતલાવડી | ૨.૩૯ |
| ૭ | | ધનસર | ૨.૯૮ |
| ૮ | | કંજરીગામ તળાવ | ૩.૯૫ |
| ૯ | | ટીંબી | ૧.૧૨ |
| ૧૦ | | રાધનપુર | ૧.૨૦ |
| ૧૧ | | ગેટ મુવાડા | ૨.૬૩ |
| ૧૨ | | નાવરીયા | ૨.૭૬ |
| ૧૩ | | સુલતાનપુરા | ૨.૦૯ |
| ૧૪ | | જેપુરા | ૩.૪૬ |
| ૧૫ | | ગણેશપુરી | ૧.૪૧ |
| ૧૬ | | ગોકળપુરા | ૨.૦૦ |
| ૧૭ | | ઝાંખરીયા | ૨.૦૦ |
| **કુલ** | | | **૩૭.૬૦** |
| ૧ | મોરવા (હ) | મોરવા (ગોબલી ફળિયા) | ૨.૫૨ |
| ૨ | | કડાદરા | ૨.૩૪ |
| ૩ | | નાગલોદ | ૨.૪૪ |
| ૪ | | રામપુર | ૨.૬૬ |
| ૫ | | ડાંગરીયા | ૨.૭૩ |
| ૬ | | તાજપુરી | ૨.૫૫ |
| ૭ | | ખાનપુર | ૩.૦૩ |
| ૮ | | વાંસદેલીયા | ૨.૧૯ |
| ૯ | | મેખર | ૨.૯૦ |
| ૧૦ | | સાલીયા સંતરોડ | ૨.૬૮ |
| **કુલ** | | | **૨૬.૦૪** |
| ૧ | કડાણા | નવા મુવાડા (નિશાળવાળુ) | ૧.૯૩ |
| ૨ | | નવા મુવાડા (રસ્તાવાળુ) | ૨.૪૨ |
| ૩ | | શિયાળ (રાનીનાળ) | ૧.૪૮ |
| ૪ | | શિયાળ (પાળાવાડો ધરો) | ૨.૨૪ |
| **કુલ** | | | **૮.૦૭** |
| ૧ | ઘોઘંબા | જોરાપુરા | ૩.૭૬ |
| ૨ | | પાલ્લી સીમલીયા | ૧.૬૩ |
| ૩ | | દામણપુરા | ૨.૧૫ |
| ૪ | | વાવકુંડલી | ૩.૩૯ |
| ૫ | | ભાણપુરા | ૧.૩૩ |
| ૬ | | દેવાપુરા | ૩.૦૪ |
| ૭ | | દૂધાપુરા | ૨.૬૪ |
| ૮ | | કાંટુ | ૨.૭૦ |
| | કુલ | | ૨૦.૬૪ |
| ૧ | સંતરામપુર | વાંજીયાખુંટ | ૩.૫૧ |
| ૨ | | ગોઠીબ | ૩.૩૯ |
| ૩ | | બાબરોલ (લીમડીવફળિયા) | ૨.૫૬ |
| ૪ | | સીમલીયા | ૩.૩૫ |

| **૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધી પંચમહાલ જિલ્લાના જુદા જુદા તાલુકાના તળાવ ઊંડા કરવાનો ખર્ચ દર્શાવતું પત્રક** | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકો | તળાવનું નામ | કરેલ ખર્ચ રૂા. લાખમાં |
| ૫ | | ઉખરેલી | ૩.૨૯ |
| ૬ | | બુગડ | ૩.૩૨ |
| ૭ | | પાણીયાર (મળદર ફળિયા) | ૩.૩૧ |
| ૮ | | સૂકા ટીંબા | ૧.૩૮ |
| ૯ | | આંબા | ૩.૦૦ |
| **કુલ** | | | **૨૭.૧૧** |
| **સમગ્ર કુલ** | | | **૧૮૪.૧૭** |

------------

**સાગબારા અને દેડીયાપાડા તાલુકામાં લોકભાગીદારીથી બનેલ ચેકડેમો**

**૭૧૫૨શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના સાગબારા અને દેડીયાપાડા તાલુકામાં લોકભાગીદારીવાળી યોજનાઓ હેઠળ કાર્યપાલક ઈજનેર વેર-૨(વ્યારા)ની દેખરેખ હેઠળ તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા ગામે કેટલી રકમના ચેકડેમો બનાવવામા આવ્યા,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત ચેકડેમોમાં કેટલું પાણી સંગ્રહ કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) સાગબારા તાલુકાના ૨૨ ગામોમાં, ૬૯ ચેકડેમો રૂા. ૧૨૨૧.૬૫ લાખની અંદાજીત રકમના બનાવવામાં આવ્યા છે. આ ચેકડેમોની ગામવાર વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

(૨) ૭૪૮.૧૯ લાખ

(૩) ૧૧.૫૯મી. ઘન ફૂટ

**પત્રક**

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | ચેકડેમનું નામ | અંદાજીત રકમ લાખમાં | થયેલ ખર્ચ રૂા. લાખમાં | પ્રાયોજકનું નામ | બાંધકામનું વર્ષ | સંગ્રહ શકિત મી.ઘ.ફૂટમાં |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | સાગબારા | મોટા ડોર આબા-૧ | ૧૭.૯૨ | ૧૧.૬૧ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૩૦ |
| ૨ | નર્મદા | સાગબારા | દુધલીવેર-૧ | ૨૨.૯૪ | ૧૭.૬૧ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૩૧ |
| ૩ | નર્મદા | સાગબારા | દુધલીવેર-૨ | ૧૭.૬૮ | ૧૩.૮૩ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૧૮ |
| ૪ | નર્મદા | સાગબારા | દુધલીવેર-૩ | ૧૯.૮૬ | ૧૫.૭૧ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૨૦ |
| ૫ | નર્મદા | સાગબારા | દોધનવાડી-૧ | ૧૯.૯૪ | ૧૪.૧૪ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૨૨ |
| ૬ | નર્મદા | સાગબારા | દોધનવાડી-૨ | ૨૦.૩૬ | ૧૫.૯૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૨૧ |
| ૭ | નર્મદા | સાગબારા | દોધનવાડી-૩ | ૨૦.૫૨ | ૧૬.૦૩ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૨૪ |
| ૮ | નર્મદા | સાગબારા | મોટા ડોર આબા-૨ | ૧૩.૯૦ | ૯.૫૮ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૧૨ |
| ૯ | નર્મદા | સાગબારા | ખામપાડા-૩ | ૪૧.૯૩ | ૩૨.૭૭ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૫૫ |
| ૧૦ | નર્મદા | સાગબારા | ટાકણી | ૩૧.૩૨ | ૨૩.૬૧ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૭-૦૮ | ૦.૩૦ |
| | | | | **૨૨૬.૩૭** | **૧૭૦.૮૪** | **કુલ (૨૦૦૭-૦૮)** | | **૨.૬૩** |
| ૧ | નર્મદા | સાગબારા | રણબુડા-૧ | ૩૫.૨૬ | ૨૪.૫૪ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૫૦ |
| ૨ | નર્મદા | સાગબારા | રણબુડા-૨ | ૨૪.૯૬ | ૧૬.૬૨ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૩૦ |
| ૩ | નર્મદા | સાગબારા | રણબુડા-૩ | ૨૩.૮૦ | ૧૬.૦૭ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૨૯ |
| ૪ | નર્મદા | સાગબારા | રણબુડા-૪ | ૨૬.૨૬ | ૧૮.૦૦ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૩૨ |
| ૫ | નર્મદા | સાગબારા | રણબુડા-૫ | ૨૨.૯૯ | ૧૫.૮૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૨૬ |

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | ચેકડેમનું નામ | અંદાજીત રકમ લાખમાં | થયેલ ખર્ચ રૂા. લાખમાં | પ્રાયોજકનું નામ | બાંધકામનું વર્ષ | સંગ્રહ શક્તિ મી.ઘ.ફૂટમાં |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૨ | ૨૪.૩૦ | ૧૬.૮૭ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૨૮ |
| ૭ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૩ | ૨૧.૪૨ | ૧૪.૮૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૨૧ |
| ૮ | નર્મદા | સાગબારા | ઉભારીયા-૫ | ૨૪.૮૯ | ૧૯.૨૮ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૮-૦૯ | ૦.૨૪ |
| ૯ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૪ | ૨૧.૪૯ | ૧૬.૪૩ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૮-૦૯ | ૦.૧૪ |
| ૧૦ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૫ | ૨૧.૩૭ | ૧૪.૭૨ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૪ |
| ૧૧ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૬ | ૨૩.૪૭ | ૧૮.૪૭ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૪ |
| ૧૨ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૭ | ૨૧.૨૮ | ૧૬.૬૯ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૫ |
| ૧૩ | નર્મદા | સાગબારા | દોધનવાડી-૪ | ૩૩.૫૧ | ૨૧.૬૨ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૮-૦૯ | ૦.૨૬ |
| ૧૪ | નર્મદા | સાગબારા | અમીયાર-૧ | ૩૬.૯૫ | ૨૪.૬૬ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૩૦ |
| ૧૫ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૮ | ૩૨.૭૬ | ૨૧.૫૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૨૬ |
| ૧૬ | નર્મદા | સાગબારા | મોરાવી-૧ | ૧૪.૪૦ | ૯.૭૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૧૭ | નર્મદા | સાગબારા | સીમઆમલી-૩ | ૧૨.૫૮ | ૭.૯૭ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૧૮ | નર્મદા | સાગબારા | સીમઆમલી-૪ | ૧૩.૯૬ | ૯.૩૬ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૧૯ | નર્મદા | સાગબારા | અમીયાર-૩ | ૧૩.૬૮ | ૯.૨૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૨૦ | નર્મદા | સાગબારા | અમીયાર-૪ | ૧૪.૪૪ | ૯.૭૧ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૨૧ | નર્મદા | સાગબારા | અમીયાર-૫ | ૧૨.૦૬ | ૮.૦૨ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૨૨ | નર્મદા | સાગબારા | ચિતૂકેવડી-૧ | ૧૨.૦૬ | ૮.૧૭ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૩ |
| ૨૩ | નર્મદા | સાગબારા | ચિતૂકેવડી-૨ | ૧૨.૦૬ | ૮.૧૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૩ |
| ૨૪ | નર્મદા | સાગબારા | મોરાવી-૨ | ૧૩.૮૫ | ૭.૯૪ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૮ |
| ૨૫ | નર્મદા | સાગબારા | મોરાવી-૩ | ૧૪.૩૨ | ૮.૦૨ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૭ |
| ૨૬ | નર્મદા | સાગબારા | સીમઆમલી-૧ | ૧૩.૩૫ | ૫.૨૧ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૨૭ | નર્મદા | સાગબારા | સીમઆમલી-૨ | ૧૨.૯૯ | ૭.૫૬ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૨૮ | નર્મદા | સાગબારા | સીમઆમલી-૫ | ૧૨.૪૪ | ૭.૩૩ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૨૯ | નર્મદા | સાગબારા | સીમઆમલી-૬ | ૧૨.૭૫ | ૭.૭૦ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૩૦ | નર્મદા | સાગબારા | કેલ.૧ | ૧૪.૭૯ | ૫.૮૧ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૩૧ | નર્મદા | સાગબારા | કેલ.૩ | ૧૩.૨૫ | ૭.૭૯ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૩૨ | નર્મદા | સાગબારા | કેલ.૫ | ૧૩.૭૪ | ૭.૫૯ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૩૩ | નર્મદા | સાગબારા | આમીયાર-૬ | ૧૨.૦૯ | ૭.૪૨ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૩૪ | નર્મદા | સાગબારા | કોડબા-૧ | ૧૧.૯૭ | ૮.૨૯ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૩૫ | નર્મદા | સાગબારા | કોડબા-૨ | ૧૧.૪૩ | ૭.૬૦ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૩૬ | નર્મદા | સાગબારા | આમીયાર-૨ | ૧૪.૨૯ | ૮.૧૬ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |
| ૩૭ | નર્મદા | સાગબારા | આમીયાર-૭ | ૧૦.૦૯ | ૭.૩૬ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૮-૦૯ | ૦.૧૨ |

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | ચેકડેમનું નામ | અંદાજીત રકમ લાખમાં | થયેલ ખર્ચ રૂા. લાખમાં | પ્રાયોજકનું નામ | બાંધકામનું વર્ષ | સંગ્રહ શકિત મી.ઘ.ફૂટમાં |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૯ | ૧૨.૩૮ | ૮.૨૬ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૩૯ | નર્મદા | સાગબારા | કેલ.૨ | ૧૩.૦૦ | ૫.૩૧ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૧ |
| ૪૦ | નર્મદા | સાગબારા | કેલ.૪ | ૧૨.૪૪ | ૪.૦૭ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૮-૦૯ | ૦.૧૦ |
| | | | | **૭૧૯.૧૨** | **૪૬૮.૦૨** | **કુલ (૨૦૦૮-૦૯)** | | **૬.૭૬** |
| ૧ | નર્મદા | સાગબારા | દુધલીવેર-૪ | ૧૪.૩૬ | ૯.૬૧ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૯-૧૦ | ૦.૧૧ |
| ૨ | નર્મદા | સાગબારા | દુધલીવેર-૫ | ૧૪.૯૭ | ૧૦.૧૦ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૯-૧૦ | ૦.૧૧ |
| ૩ | નર્મદા | સાગબારા | આમીયાર-૮ | ૧૪.૪૮ | ૯.૬૨ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૪ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૧૦ | ૧૪.૨૪ | ૯.૨૮ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૯-૧૦ | ૦.૧૧ |
| ૫ | નર્મદા | સાગબારા | મોરાવી-૪ | ૧૪.૦૧ | ૮.૩૮ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૬ | નર્મદા | સાગબારા | કેલ.૬ | ૧૩.૯૫ | ૮.૮૩ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૯-૧૦ | ૦.૧૦ |
| ૭ | નર્મદા | સાગબારા | ધનસેરા-૧ | ૧૪.૭૩ | ૯.૨૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૯-૧૦ | ૦.૧૧ |
| ૮ | નર્મદા | સાગબારા | મકરાણ-૨ | ૧૪.૫૪ | ૦.૦૦ | મારુતિ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત | ૨૦૦૯-૧૦ | ૦.૧૧ |
| ૯ | નર્મદા | સાગબારા | નાનીમોગરી-૧ | ૧૪.૯૫ | ૦.૦૦ | એમ.એલ.પી. ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૧૦ | નર્મદા | સાગબારા | મોટામોગરા-૨ | ૧૪.૯૫ | ૦.૦૦ | શ્રી કૃષ્ણગ્રામ વિકાસ ટ્રસ્ટ, સુરત | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૧૧ | નર્મદા | સાગબારા | મકરાણ-૧ | ૧૪.૭૧ | ૦.૦૦ | મારુતિ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૧૨ | નર્મદા | સાગબારા | ચોપડવાવ-૧૩ | ૧૪.૭૧ | ૭.૮૫ | પરિશ્રમ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લીંબાડા | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૧૩ | નર્મદા | સાગબારા | ખોપી-૬ | ૧૪.૯૧ | ૦.૦૦ | એક્તા ગ્રામ વિકાસ ટ્રસ્ટ, સુરત | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૧૪ | નર્મદા | સાગબારા | મોટામોગરા-૧ | ૧૪.૯૮ | ૦.૦૦ | ઓમ સાંઈ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, સુરત | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૧૫ | નર્મદા | સાગબારા | ગોટપાડા-૧ | ૧૪.૮૨ | ૯.૫૫ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૯-૧૦ | ૦.૧૧ |
| ૧૬ | નર્મદા | સાગબારા | મોટા ડોરઆંબા-૩ | ૧૩.૦૭ | ૮.૭૩ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૯-૧૦ | ૦.૧૧ |
| ૧૭ | નર્મદા | સાગબારા | ખોચરપાડા-૧ | ૧૪.૯૧ | ૯.૪૪ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| ૧૮ | નર્મદા | સાગબારા | ખામપાડા-૪ | ૧૩.૯૧ | ૮.૬૯ | હ્યુમન એન્ડ નેચરલ ડેવલપમેન્ટ સોસાયટી સાગબારા | ૨૦૦૯-૧૦ | ૦.૧૩ |
| ૧૯ | નર્મદા | સાગબારા | મોવી-૫ | ૧૪.૯૬ | ૦.૦૦ | એક્તા ગ્રામ વિકાસ ટ્રસ્ટ, સુરત | ૨૦૦૯-૧૦ | ૦.૧૨ |
| | | | | ૨૭૬.૧૬ | ૧૦૯.૩૩ | કુલ (૨૦૦૯-૧૦) | | ૨.૨૦ |
| | | | કુલ (૬૯) | ૧૨૨૧.૬૫ | ૭૪૮.૧૯ | | | ૧૧.૫૯ |

------------

## ભિલોડા તાલુકામાં સુજલામ - સુફલામ યોજના હેઠળ બનેલ મોટા ચેકડેમો

૭૪૩૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં સુજલામ સુફલામ યોજના હેઠળ કઈ કઈ નદીઓ પર ક્યા ક્યા મોટા ચેકડેમ બાંધવાનું આયોજન હતું.

(૨) તે પૈકી તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ કેટલા ચેકડેમો કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકીના ચેકડેમ પૂર્ણ ન થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) નીચે જણાવેલ મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે.

| અ.નં. | ગામનું નામ | નદીનું નામ |
|---|---|---|
| ૧ | બોલુન્દ્રા | હાથમતી |
| ૨ | ચોરીમાલા | હાથમતી |
| ૩ | ખેંરચા | મેશ્વો |
| ૪ | ભિલોડા | હાથમતી |

(૨) અને (૩) :

સર્વેક્ષણ અને અન્વેષણની કામગીરી પ્રગતિમાં છે. જે પૂર્ણ થયે તેમજ તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ જણાયેથી, અનુદાનની ઉપલબ્ધિ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**ઝીણાવારી અને ભુપત આંબાડી નાની સિંચાઈ યોજનાની કામગીરી**

૮૨૦૩ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (જામજોધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં જામજોધપુર તાલુકાના ઝીણાવારી અને ભુપત આંબાડી નાની સિંચાઈ યોજના ની કામગીરી તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામ કેટલા સમયમાં પૂર્ણ થશે અને તે અન્વયે કેટલો ખર્ચ તેની પાછળ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ઝીણાવારી યોજનામાં દાર્શનિક અહેવાલ તેયાર કરવાની કાર્યવાહી હાથ પર છે.

ભુપત આંબરડી યોજના પડતી મુકવાનો નિર્ણય થયેલ છે.

(૨) ઝીણાવારી યોજના દાર્શનિક અહેવાલ તબક્કે હોઈ, પૂર્ણ કરવાની ચોક્કસ સમય મર્યાદા આપવી મુશ્કેલ છે.

ભુપત આંબરડી યોજના પડતી મુકેલ હોઈ, પૂર્ણ કરવાનો પ્રશ્ન નથી.

આ યોજનાઓ પાછળ કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

------------

**માનસરોવર યાત્રીઓને સહાય**

૭૦૪૬**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા માનસરોવર યાત્રામાં લાભ લેતા રાજ્યના યાત્રીઓને કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૨) આ અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં કેટલા યાત્રીઓએ આ યાત્રામાં વર્ષવાર ભાગ લીધો,

(૩) તે અન્વયે વર્ષવાર આ યાત્રીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૪) કેટલા યાત્રીઓને સહાય ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) સરકાર દ્વારા માનસરોવર યાત્રામાં ભાગ લેતા રાજ્યના યાત્રીઓને રૂા. ૨૦,૦૦૦ની પ્રોત્સાહિત સહાય આપવામાં આવે છે તેમજ રૂા. ૩૦૦૦ કીટસના તથા વતનથી દિલ્હી સુધી જવા આવવાનું રેલ્વેનું સેકન્ડ ક્લાસનું ભાડુ આપવામાં આવે છે.

(૨) આ અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં નીચે દર્શાવ્યા પ્રમાણે યાત્રીઓએ આ યાત્રામાં વર્ષવાર ભાગ લીધો છે.

| ક્રમ | વર્ષ | ભાગ લેનાર યાત્રીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૭ | ૧૯૬ |
| ૨ | ૨૦૦૮ | ૧૧૧ |
| ૩ | ૨૦૦૯ | શૂન્ય |

(૩) તે અન્વયે વર્ષવાર આ યાત્રીઓને નીચે પ્રમાણે સહાય ચૂકવવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | ચૂકવવામાં આવેલ સહાયની વિગત રૂપિયામાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૭ | રૂા. ૩૬,૮૪,૩૪૪/- |
| ૨ | ૨૦૦૮ | રૂા. ૧૮,૪૦,૦૦૦/- |
| ૩ | ૨૦૦૯ | શૂન્ય |
| | (રૂા. ૩૦૦૦/-ની કીટસ સહિત) | |

(૪) કોઈ યાત્રીઓને સહાય ચૂકવવાની બાકી નથી.

------------

**આંબલી-મેનપુર સિંચાઈ તળાવની કેનાલ બાબત**

૭૭૬૫ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં આંબલી મેનપુર સિંચાઈ તળાવની કેનાલ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે, તે હકીક્ત સાચી, અને

(૨) જો હા, તો ઉક્ત કેનાલ કેટલા સમયમાં મરામત કરી કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકામાં આમલી મેનપુર સિંચાઈ તળાવનું બાંધકામ ઈ.સ. ૧૯૭૬-૭૭ માં થયેલ છે તેથી તેની કેનાલ રીપેર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આ તળાવની નહેરનું મરામત કામ હાથ ધરેલ છે અને જુલાઈ -૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**ધરોઈ સિંચાઈ યોજનાની નહેરોની સુધારણા**

૮૨૩૩**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધરોઈ સિંચાઈ યોજનાની નહેરો ઘણી જૂની થઈ ગયેલ છે તેને રીપેરીંગ કરવાનું કોઈ આયોજન સરકારે વિચારેલ છે, અને

(૨) જો હા, તો શું આયોજન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

હા, ધરોઈ યોજનાની નહેરોનું રીપેરીંગ કરવા માટે ઈ.આર.એમ. હેઠળ માટીકામ, અસ્તર કામ, પ્લાસ્ટર તેમજ સ્ટ્રક્ચર રીપેરીંગના રૂા. ૪૫.૯૬ કરોડના કામો શરૂ કરવામાં આવેલ છે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પીવાના પાણીની તંગીવાળા ગામો**

૭૬૩૨ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની તંગી છે, અને

(૨) ઉક્ત તંગીવાળા ગામોમાં પીવાનું પાણી પુરું પાડવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પોરબંદરને મીશન સીટીના દરજ્જા બાબત**

૭૫૭૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પોરબંદરને કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગે જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત મશીન સીટીનો દરજ્જો આપતો હુકમ કઈ તારીખે કર્યો,

(૨) મીશન સીટીનો દરજ્જો પ્રાપ્ત થયા પછી રાજ્ય સરકારે તે અન્વયે શી કાર્યવાહી કરી, અને

(૩) મીશન સીટી માટે ક્યા ક્યા પ્રકારના કામો કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પોરબંદરને કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગે જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત મીશન સીટીનો દરજ્જો આપતો હુકમ તા. ૫-૨-૦૯ તારીખે કર્યો છે.

(૨) મીશન સીટીના દરજ્જો પ્રાપ્ત થયા પછી રાજ્ય સરકારે તે અન્વયે જરૂરી પોરબંદર શહેરની સીટી ડેવલપમેન્ટ પ્લાન તેયાર કરવામાં આવી રહેલ છે. જે મંજૂરી અર્થે ભારત સરકારમાં ટૂંક સમયમાં રજૂ કરવામાં આવશે.

(૩) જેએનયુઆરએમ હેઠળ પોરબંદર મીશન સીટી માટે નાણાંકીય ફાળવણી અંગે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય જે થયેથી તેની મર્યાદા અનુસાર આ યોજના હેઠળ પાણી, પુરવઠા, ગટર વ્યવસ્થા, ઘન ક્ચરા નિકાલ વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, રોડ તથા વાહન વ્યવહાર વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ માટેની ગટર વ્યવસ્થા, શહેરી પર્યાવરણ તથા સામાજીક સુવિધા તથા શહેરી ગરીબો

માટેની આવાસ યોજના જેવા કામોનું આયોજન છે.

------------

**ખેડા જિલ્લામાં પાણી પુરવઠા યોજનાથી વંચિત ગામો**

૭૩૬૬ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આવેલ પાણી પુરવઠા યોજનાઓ અંતર્ગત તાલુકાવાર ક્યા ક્યા ગામોને પીવાનું પાણી ઉક્ત યોજનાઓ હેઠળ મળતું નથી, અને

(૨) ઉક્ત ગામો સુધી પાણી પહોંચે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં બાલાસિનોર અને વિરપુર તાલુકાના નીચેના ગામોને પીવાનું પાણી પુરવઠા યોજના હેઠળ મળતું નથી.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૧. કુંજરા<br>૨. જમીયતપુરા<br>૩. ઘાનેલા<br>૪. બલીયાદેવ<br>૫. ઘુંઘલીયા |
| ૨ | વિરપુર | ૧. ઘાટડા<br>૨. ભાટપુરા<br>૩. બાર<br>૪. બલવાખાંટ<br>૫. ગાંધેલી |

(૨) મજબુતીકરણ કાર્યક્રમ અંતર્ગત યોજનામાં જરૂરી કામગીરી આવરી લઈ ૧૨/૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરી પાણી પહોંચાડવાનું આયોજન કરેલ છે.

------------

**નવજાત શિશુઓને બાળરોગ-નિષ્ણાતની સેવા માટે સરકારશ્રીની યોજના**

: ૭૪૮૩ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવજાત શિશુઓને બાળરોગ-નિષ્ણાતની સેવાઓ ઉપલબ્ધ કરાવવા સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**એચબી-૨૦૪-૫**

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગરીબી રેખા હેઠળના કુટુંબમાં જન્મેલ નવજાત શીશુ, આદિજાતિ કુંટુબના તમામ શીશુ તથા સરકારી બાળસખા યોજના હેઠળ કરારબધ્ધ થયેલ ખાનગી બાળરોગ નિષ્ણાત તરફથી વિના મૂલ્યે સેવાઓ પુરી પાડવામાં આવે છે.

------------

**ડીસા સરકારી દવાખાનામાં ઉપલબ્ધ તબીબી સેવાઓ**

૭૩૦૮**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠાના ડીસા ખાતેના સરકારી દવાખાનામાં અત્યારે દર્દીઓ માટે કઈ-કઈ સેવાઓ ઉપલબ્ધ છે, અને

**જવાબ**

(૧) (૧) બહારના દર્દીઓની સારવાર
(૨) અંદરના દર્દીઓની સારવાર
(૩) ઓર્થોપેડીક સેવાઓ
(૪) ફીજીશીયન સેવાઓ
(૫) ચામડીના રોગની સેવાઓ
(૬) આંખના સર્જનની સેવાઓ
(૭) લેબોરેટરી સેવાઓ
(૮) એક્ષરે સેવાઓ
(૯) વાત્સાયન કેન્દ્ર
(૧૦) પોસ્ટમોર્ટમ સેવાઓ

(૧૧) સ્ત્રી રોગ સેવાઓ
(૧૨) બાળરોગ સેવાઓ

(૨) શું એ વાત સાચી છે કે ઉક્ત દવાખાનામાં વિવિધ સુવિધાઓ ઉભી કરી દવાખાનાને લોકભોગ્ય બનાવવાનો સરકારે નિર્ધાર કર્યો છે?

(૨) હા, જી.

------------

**જેતપુર પાવી તાલુકામાં હેન્ડપંપો**

૭૫૭૦**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં જેતપુર પાવી તાલુકામાં સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષે કેટલા નવા હેન્ડપંપો બનાવવાનું આયોજન હતું,

(૨) તે પૈકી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા હેન્ડપંપો બનાવ્યા, અને

(૩) બાકીના હેન્ડપંપો કેટલા સમયમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) નીચે મુજબ

| વર્ષ | હેન્ડપંપ બનાવવાનું આયોજન |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૦ |
| ૨૦૦૮-૦૯ | ૧૮૯ |

(૨) તે પૈકી

| વર્ષ | હેન્ડપંપ બનાવ્યા |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૦ |
| ૨૦૦૮-૦૯ | ૧૫૬ |

(૩) બાકી રહેલ ૩૩ હેન્ડપંપોની કામગીરી પ્રગતિ હેઠળ છે જે તા.૩૧-૭-૨૦૦૯ સુધીમાં બનાવવાનું આયોજન છે.

------------

**ખેડા જિલ્લાના પી.એચ.સી.નું મંજૂર મહેકમ**

૭૧૪૬ **શ્રી રામસિંહ પરમાર** (ઠાસરા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર પી.એચ.સી. દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર પી.એચ.સી. દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | સંવર્ગવાર મંજૂર અને ખાલી જગ્યાઓ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | |
| | | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| ૧ | ઠાસરા | ૭ | ૦ | ૨૧ | ૬ | ૨૮ | ૭ |
| ૨ | માતર | ૫ | ૦ | ૧૫ | ૪ | ૨૦ | ૫ |
| ૩ | ખેડા | ૩ | ૦ | ૯ | ૧ | ૧૨ | ૩ |
| ૪ | મહેમદાવાદ | ૬ | ૦ | ૧૮ | ૪ | ૨૪ | ૬ |
| ૫ | નડીયાદ | ૮ | ૦ | ૨૪ | ૨ | ૩૨ | ૮ |
| ૬ | મહુધા | ૫ | ૦ | ૧૫ | ૫ | ૨૦ | ૫ |
| ૭ | બાલાશિનોર | ૩ | ૦ | ૯ | ૨ | ૧૨ | ૩ |
| ૮ | વિરપુર | ૨ | ૦ | ૬ | ૨ | ૮ | ૨ |
| ૯ | કપડવંજ | ૬ | ૦ | ૧૮ | ૨ | ૨૪ | ૬ |
| ૧૦ | કઠલાલ | ૫ | ૦ | ૧૫ | ૩ | ૨૦ | ૫ |
| | **કુલ :** | **૫૦** | **૦** | **૧૫૦** | **૩૧** | **૨૦૦** | **૫૦** |
| ઉક્ત જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તે તાલુકાવાર પી.એચ.સી.ની સંવર્ગવાર માહીતીનું **પત્રક -અ** સામેલ છે. | | | | | | | |

(૨) વર્ગ-૨ની એક પણ જગ્યા ખાલી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ

જીલ્લા પંચાયત હસ્તકની હોઈ જીલ્લા પંચાયત, ખેડાએ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને માંગણા પત્રકો મોકલી આપેલ છે. જે લાયક ઉમેદવારો મળેથી ભરતી કરવામાં આવશે. હાલમાં વર્ગ-૩ અને -૪ની જગ્યા ઉપર આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે.

------------

## પત્રક -અ
## ખેડા જિલ્લાના પી.એચ.સી.નું મંજુર મહેકમ

| ક્ર.નં. | તાલુકો | ક્ર | પ્રા. આ. કેન્દ્રો | એમ.ઓ. | | લેબ. ટેક. | | ફાર્માસીસ્ટ | | ડ્રાઈવર | | સિ.ક્ર. | | વોર્ડ આયા | | વોર્ડ બોય | | પાર્ટ ટાઈમ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા | ક્યારથી ખાલી | સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | ઠાસરા | ૧ | સેવાલિયા | ૦ | ૦ | ૦ | ૦ | ૫-૧-૨૦૦૭ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨ | મેનપુરા | ૦ | ૦ | ૦ | ૦ | ૬-૧-૧૯૮૯ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૩ | વાંઘરોલી | ૦ | ૦ | ૦ | ૦ | ૬-૧-૧૯૮૯ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦--૨૦૦૬ | ૧ |
| | | ૪ | નેશ | ૦ | ૦ | ૦ | ૦ | ૬-૧-૧૯૮૯ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૫ | ઢુણાદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૬ | ચેતરસુંબા | ૦ | ૦ | ૦ | ૦ | ૪-૧-૨૦૦૩ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૭ | પીપલવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૬-૧-૧૯૮૯ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૨ | માતર | ૮ | અલીન્દ્રા | ૦ | ૦ | ૦ | ૦ | ૬-૧-૧૯૮૯ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૯ | ખાંધલી | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦-૬-૦૬ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૧૦ | દલોલી | ૦ | ૦ | ૦ | ૦ | ૮-૧-૨૦૦૬ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૧૧ | લીંબાસી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૧૨ | ત્રાજ | ૦ | ૦ | ૦ | ૦ | ૫-૧-૨૦૦૭ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૩ | ખેડા | ૧૩ | રઢુ | ૦ | ૦ | ૦ | ૦ | ૭-૨-૨૦૦૭ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૧૪ | નાયકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૧૫ | વા. મારગીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૪ | મહેમદાવાદ | ૧૬ | કનીજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૧૭ | મોદજ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૧-૩-૦૯ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૧૮ | સિંહુજ | ૦ | ૦ | ૦ | ૦ | ૮-૧-૨૦૦૩ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૧૯ | વરસોલા | ૦ | ૦ | ૦ | ૦ | ૮-૧-૨૦૦૨ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૦ | રૂદણ | ૦ | ૦ | ૦ | ૦ | ૮-૬-૨૦૦૩ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૧ | ઘોડાસર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૫ | નડીયાદ | ૨૨ | સલુણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૩ | ચકલાસી | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦-૬-૨૦૦૬ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૪ | પલાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૫ | પીજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૬ | યોગીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૭ | આખડોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૮ | નરસંડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૨૯ | મહોળેલ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦-૬-૦૪ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૬ | મહુધા | ૩૦ | અલીણા | ૦ | ૦ | ૦ | ૦ | ૩૧-૧૦-૦૫ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૩૧ | ચુણેલ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦-૬-૦૩ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૩૨ | નાની ખડોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૩૩ | સિંઘાલી | ૦ | ૦ | ૨૪-૩-૦૮ | ૦ | ૪-૧૨-૨૦૦૨ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૩૪ | સણાલી | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨-૮-૨૦૦૪ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૭ | બાલાશિનોર | ૩૫ | જનોડ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૧-૩-૦૫ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૩૬ | ઓથવાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૧-૧-૦૬ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૩૭ | પાંડવા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૮ | વિરપુર | ૩૮ | સાલેયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૩૯ | ડેભારી | ૦ | ૦ | ૩૦-૩-૦૩ | ૧ | ૩૧-૧-૦૪ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૯ | કપડવંજ | ૪૦ | નિરમાલી | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧-૧૧-૦૪ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૪૧ | મોટીઝેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૪૨ | તોરણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૪૩ | આંતરોલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૪૪ | વઘાસ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૧-૧૨-૦૨ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૪૫ | અંતિસર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| ૧૦ | કઠલાલ | ૪૬ | લસુંન્દ્રા | ૦ | ૦ | ૨૦-૧૧-૦૭ | ૧ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૪૭ | અનારા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૪૮ | ગોગજીપુરા | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩-૩-૦૯ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૪૯ | ભરકુંડા | ૦ | ૦ | ૦ | ૦ | ૭-૧-૨૦૦૭ | ૧ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | ૫૦ | ચરેડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | | ૦ | | ૦ | ૨-૧૦-૨૦૦૬ | ૧ |
| | | | કુલ : | ૦ | ૦ | ૦ | ૩ | | ૨૮ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૫૦ |

**નોંધ :** તા. ૧-૪-૦૫થી બ્લોક ક્ચેરીઓ અસ્તિત્વમાં આવતાં પ્રા. આરોગ્ય કેન્દ્ર ખાતેથી સી. ક્લાર્કની જગ્યાઓ બ્લોક હેલ્થ ક્ચેરી ખાતે તબદીલ કરવામાં આવેલ છે. બ્લોક હેલ્થ ઓફિસ ખાતે વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ ઉભી કરવા બાકીની જગ્યાઓ રદ કરવામાં આવેલ છે. પ્રા. આ. કેન્દ્રોની કામગીરી બ્લોક હેલ્થ ઓફિસ મારફતે કરવામાં આવે છે.

## હડકવાની રસી બાબતે સરકારને મળેલ ફરિયાદો

૭૪૭૮**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હડકવાની રસીની અપૂરતી ઉપલબ્ધતા બાબતની ફરીયાદો રાજ્ય સરકારને મળેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ રસી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ બને તે માટે સરકારશ્રીએ શું વ્યવસ્થા કરેલ છે,

(૨) હડકવાની રસીની અપૂરતી ઉપલબ્ધતાની ફરિયાદોને ધ્યાને લઈ રસીનો ભાવ કરાર અમલ આવે તે પહેલા ૫૦૫૦૦ -વાયલ્સની ખાસ કિસ્સામાં સ્થાનિક ખરીદી કરી રાજ્યની તમામ હોસ્પિટલોમાં વિતરણ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત જરૂર પડે સ્થાનિક ખરીદી કરી દર્દીઓને સેવાઓ પૂરી પા.ડવા માટે જણાવવામાં આવેલ છે. તા. ૧૯-૦૯-૦૮ના રોજથી હડકવાની રસીનો ભાવ કરાર અમલમાં આવતાં દર માસે ૧ લાખ જેટલા વાયલ્સની ખરીદી કરી રાજ્યની તમામ સંસ્થાઓને તેમની જરૂરિયાત મુજબ ફાળવી આપવામાં આવેલ અને ત્યારબાદ રાજ્યમાં હડકવાની રસીની તંગી થવા પામેલ નથી.

(૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ હડકવાની રસીના ડોઝનો કેટલો જથ્થો સરકાર પાસે ઉપલબ્ધ છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ૨૪૭૮૩૮ ડોઝ હડકવાની રસીનો જથ્થો ઉપલબ્ધ હતો.

(૪) ભવિષ્યમાં તંગી પેદા ન થાય તે માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી?

(૪) રાજ્યમાં હડકવાની રસીની તંગી પેદા ન થાય તે માટે ખરીદી પ્રક્રિયા અને વિતરણનું વ્યવસ્થિત આયોજન કરી જે તે માસની જરૂરીયાત માટે એકથી બે માસ અગાઉ ખરીદી હુકમો કરી નિયત સમયે માલ મેળવી રાજ્યમાં તેનું વિતરણ કરવામાં આવે છે.
-હાલ રાજ્યની તમામ હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે તેઓનો એક માસની જરૂરિયાતનો જથ્થો, જિલ્લા કક્ષાએ એક માસનો જથ્થો તેમજ રાજ્ય કક્ષાએ એક માસનો જથ્થો રાખવાનું આયોજન કરેલ છે. જેથી ભવિષ્યમાં પણ રાજ્યમાં હડકવાની રસીની કોઈ તંગી કે ફરિયાદ ઉભી થશે નહિ.

------------

**અબડાસા અને લખપત તાલુકામાં મોટા ચેકડેમ બાંધવાનું આયોજન**

૮૧૨૪ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ૨૦૦૯-૧૦ ના વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકામાં મોટા ચેકડેમ બાંધવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની કાર્યવાહી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં ૨૦ ચેકડેમો અને લખપત તાલુકામાં ૬ ચેકડેમો પ્રગતિ હેઠળ છે.

(૩) તે અંગે કેટલો ખર્ચ થશે?

(૩) અબડાસા તાલુકાના ૨૦ ચેકડેમો માટે કુલ આશરે રૂા. ૧૨૮૮.૦૦ લાખ અને લખપત તાલુકાના ૬ ચેકડેમો માટે કુલ આશરે ૩૪૬.૦૦ લાખનો ખર્ચ થશે.

**"અમૃતધારા" યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

૮૨૦૪ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

રાજ્ય સરકાર તરફથી નગરપાલિકાઓને પીવાના પાણીના હેતુ માટે "અમૃતધારા યોજના" હેઠળ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરેલ છે?

રાજ્ય સરકાર તરફથી નગરપાલિકાઓને પીવાના પાણીના હેતુ માટે અમૃતધારા યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૪૨૮૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે જે પૈકી ગાંધીધામ નગરપાલિકાને રૂા. ૧૦૦ લાખની ચુકવણી કરવામાં આવેલ છે. રૂા. ૪૧૮૦ લાખની ફાળવણી આખરી તબક્કામાં છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં હિપેટાઈટીસ-બી ના કેસો

૭૪૭૦**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં હિપેટાઈટીસ-બી નો પ્રથમ કેસ ક્યારે નોંધાયો,

(૨) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં હિપેટાઈટીસ-બી ના તાલુકાવાર કેટલા કેસ નોંધાયા,

(૩) ઉક્ત રોગથી કેટલા મરણ થયા, અને

(૪) હિપેટાઈટીસ-બી નાથવા સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) પ્રથમ કેસ તા. ૨૬-૧-૦૯ના રોજ નોંધાયેલ હતો.

(૨) મોડાસા-૧૬૨, મેઘરજ-૨૦, હિંમતનગર-૫૦, ભીલોડા-૧૭, બાયડ-૨૩, ઈડર-૧૩૬, વિજયનગર-૫, ખેડબ્રહ્મા-૬, પ્રાંતિજ-૧૯, તલોદ-૪, માલપુર-૧૭, ધનસુરા-૨૮, વડાલી-૧૪, અન્ય-૩ પ્રમાણે તાલુકાવાર કેસ નોંધાયેલ છે.

(૩) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ સુધી કુલ -૯૩ મરણ થયેલ છે.

(૪) હિપેટાઈટીસ-બી નાથવા નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

-સર્વેક્ષણ કામગીરી દ્વારા મળતા શંકાસ્પદ કેસોને શોધી કાઢી મોડાસા અને હિંમતનગર ખાતે જરૂરી લેબોરેટરી ઈન્વેસ્ટીગેશન અને સારવારની વિનામુલ્યે સેવાઓ આપવામાં આવે છે.

- લોકોમાં આ રોગનો ભય દૂર થાય તે હેતુથી ઘનિષ્ઠ આરોગ્ય શિક્ષણ માટે હોર્ડીગ્સ દ્વારા, પત્રિકાઓના વિતરણ દ્વારા ટી. વી. ચેનલો દ્વારા અને જુથ ચર્ચાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

- મોડાસા શહેરમાં હિપેટાઈટીસ-બી અંગેના વેક્સીનેશનથી તમામ લોકોને ત્રણ ડોઝ માસિક ધોરણે આપી આવરી લેવામાં આવેલ છે. તથા મોડાસા, ધનસુરા, મેઘરજ અને માલપુર તાલુકાના તમામ ગામોમાં વેક્સીનેશનનો પ્રથમ ડોઝ અને બીજો ડોઝ પૂર્ણ થયેલ છે.

-ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલ ધારાધોરણ મુજબ મેડિકલ વેસ્ટનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવે છે. જે સ્થળોએ યોગ્ય નિકાલ કરવામાં ન આવતો હોય તેવા સ્થળોએ સઘન તપાસ આદરી નિકાલ યોગ્ય રીતે કરાવવા માટે ઘટતા પગલાં લેવામાં આવેલ છે.

-જરૂરી તબીબી ડિગ્રી વગર મેડિકલ પ્રેકટીસ કરતા હોય તેવા ડોકટરો સામે જરૂરી કાનુની કાર્યવાહી કરવામાં આવે છે. જે ડોક્ટરો દ્વારા અસુરક્ષિત પદ્ધતિથી ઈન્જેક્શન આપવાના કારણે હિપેટાઈટીસ-બી રોગચારો મોડાસા તાલુકામાં ફેલાયો હોવાનું પ્રસ્થાપિત થયું છે. તેવા બે ખાનગી તબીબો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તા. ૨૯-૬-૨૦૦૯ની સ્થિતિએ તેઓ કસ્ટડીમાં છે.

## "ચિરંજીવી યોજના" અંતર્ગત સંસ્થાકીય પ્રસૂતિની ટકાવારી

૭૪૬૭ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ-વાંસદા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચિરંજીવી યોજના હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮, અને ૨૦૦૮-૦૯ના નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્યમાં સંસ્થાકીય પ્રસૂતિમાં કેટલો વધારો થયો,

**જવાબ**

(૧)

| વર્ષ | સંસ્થાકીય પ્રસૂતિની ટકાવારી | ચિરંજિવી યોજનાની સંસ્થાકીય પ્રસૂતિની ટકાવારી |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૬૭.૬૩ | ૫.૮૮ |
| ૨૦૦૭-૦૮ | ૭૭.૮૩ | ૧૩.૧૫ |
| ૨૦૦૮-૦૯ | ૮૨.૦૪ | ૧૬.૧૮ |

(૨) તે અન્વયે કેટલી પ્રસૂતિ સહાય ચૂકવાઈ, અને

(૩) ઉક્ત યોજનાનો લાભ વધુમાં વધુ મહિલાઓને મળે તે માટે સરકાર દ્વારા શું પગલાં લેવાયા?

(૨) કુલ રૂા. ૪૩,૨૮,૧૯,૫૨૨/-

(૩) સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ વધારવા માટે સરકારે ચિરંજીવી યોજના ઉપરાંત

(૬) ૫ડતર પ્રોજેક્ટ પેકી પેટલાદ નગરપાલિકાએ ડી.પી.આર. ભારત સરકારમાં સેધ્ધંતિક રીતે મંજૂર થયેલ છે. ઓડ નગરપાલિકાની રજુઆત ભારત સરકારની મંજૂરી મળ્યેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

-----------

**રાજ્યની આયુર્વેદિક કોલેજોમાં બેઠકો વધારવા બાબત**

૭૪૫૮ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર રાજ્યની આયુર્વેદ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ બેઠક ક્ષમતા વધારવા માંગે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો હાલમાં કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ બેઠકો વધારવા રાજ્ય સરકાર તરફથી ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે, તેમજ કેન્દ્ર સરકાર પાસે બેઠકોની ક્ષમતા વધારવાની મંજુરી માટેની કાર્યવાહી ચાલુ છે.

-----------

**લતિપુર ગામની જમીનને સિંચાઈનો લાભ આપવા બાબત**

૭૨૩૭ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની આજી-૩ સિંચાઈ યોજનાથી ધ્રોલ તાલુકાના લતિપુર ગામની ૭૦ ટકા જમીનને સિંચાઈનો લાભ મળતો નથી તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ યોજનાની ડાબાકાંઠા મુખ્ય નહેર મારફતે માઈનોર-૩ અને ૪ વચ્ચેની મુખ્ય નહેરમાંથી નવી લીંક બનાવી લીફ્ટ ઈરીગેશનથી લતિપુર ગામની જમીનને સિંચાઈનો લાભ મળી શકે છે, તે હકીકત સરકાર જાણે છે, અને

(૩) લતિપુર ગામની બાકી રહેતી જમીનને સિંચાઈનો લાભ આપવા સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે, અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સિંચાઈથી વંચીત વિસ્તાર ૪૯.૭૦ % છે.

(૨) આજી-૩ યોજનાની ક્ષમતા મુજબ સિંચાઈ વિસ્તાર નક્કી કરવામાં આવેલ છે.

(૩) હાલ કોઈ આયોજન નથી.

-----------

**અમદાવાદ શહેરને મેગાસીટીનો દરજ્જો**

૭૭૫૩ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ માં કેન્દ્ર સરકાર તરફથી મેગાસીટી અન્વયે અમદાવાદને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, અને

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી અમદાવાદ ને મેગાસીટી ના દરજ્જા અન્વયેની વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી પરંતુ કેન્દ્ર પુરસ્કૃત જવાહરલાલ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન અંતગર્ત અમદાવાદ શહેરને મેગાસીટી તરીકે માળખાકીય સુવિધા માટે મંજુર થયેલ પ્રોજક્ટસના કેન્દ્ર સરકારનો હિસ્સો ૩૫ % રાજ્ય સરકારનો હિસ્સો ૧૫% તથા સ્થાનિક સંસ્થાનો હિસ્સો ૫૦% આ

મુજબની રકમની ગ્રાન્ટ મળવાપાત્ર છે આવાસો બનાવવા માટેની જમીન રાજ્ય સરકાર મ્યુનિસિપલ કોર્પોરેશન વિના મૂલ્યે ફાળવે છે. વર્ષ ૨૦૦૮-૦૯ માં શહેરોના માળખાકીય સુવિધાની યોજના અંતગર્ત રૂા. ૨૧૪૨૯.૩૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. ઉપરાંત શહેરી ગરીબો માટે પાયાગત સુવિધા અંતગર્ત મંજુર થયેલ પ્રોજેક્ટના કેન્દ્ર સરકારનો હિસ્સો ૫૦% રાજ્ય સરકારનો હિસ્સો ૨૦% તથા સ્થાનિક સંસ્થાનો હિસ્સો ૩૦% લેખે કેન્દ્ર સરકાર તરફથી અમદાવાદ શહેરને મેગાસીટી તરીકે વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂા. ૫૧૬૭.૬૯ લાખ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ મળી કુલ રૂા. ૨૬૫૯૭.૦૦ ની ગ્રાન્ટ મળેલ છે.

(૨) ઉક્ત ગ્રાન્ટનો ક્યા ક્યા કામો માટે કેટલો ઉપયોગ થયેલ છે ?

(૨) ઉક્ત ગ્રાન્ટનો જે કામો માટે ઉપયોગ થયેલ છે. જેની માહિતી આ સાથે જોડેલ પત્રક (અ) માં દર્શાવેલ છે.

## પત્રક (અ)

**તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જે.એન.એન.યુ.આર.એમ. અંતગર્ત ૨૦૦૮-૦૯માં અમદાવાદ માટે મળેલ ગ્રાન્ટના ઉપયોગની માહિતી દર્શાવતું પત્રક**

**(રૂા. લાખમાં)**

| અ.નં. | કામનું નામ | રકમ |
|---|---|---|
| | **અમદાવાદ** | |
| | **શહેરોના માળખાકીય સુવિધાની યોજના માટે** | |
| ૧ | વાસણાથી પીરાણા ચાર લાઈનનો નદીપર પુલ | ૨૫૮.૪૪ |
| ૨ | ચાર લાઈનનો રેલ્વે પર પુલ અમદાવાદ-બોટાદ લાઈન | ૧૦૫.૯૫ |
| ૩ | સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વાસણા મુકામે | ૯૯.૩૧ |
| ૪ | સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પીરાણા મુકામે | ૧૨૧૧.૩૬ |
| ૫ | બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ ભાગ-૧ | ૭૬૬.૫૦ |
| ૬ | બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ ભાગ-૧ | ૩૫૫૦.૦૫ |
| ૭ | વરસાદી પાણીનો નિકાલ પમિ ઝોન | ૫૧૭.૪૭ |
| ૮ | વરસાદી પાણીનો નિકાલ દક્ષિણ અને મધ્ય ઝોન | ૧૦૫૭.૭૦ |
| ૯ | વરસાદી પાણીનો નિકાલ ઉત્તર અને પમિ ઝોન | ૨૧૪૯.૫૨ |
| ૧૦ | અમદાવાદ-મુંબઈ બ્રોડગેજ લાઈન પર રેલ્વે પુલ વટવા અને મણિનગર વચ્ચે | ૨૬૨.૦૦ |
| ૧૧ | અમદાવાદ-મુંબઈ બ્રોડગેજ લાઈન પર રેલ્વે પુલ દક્ષિણી સોસા. નજીક | ૧૮૭.૬૦ |
| ૧૨ | અમદાવાદ-હિંમતનગર લાઈન પર ચાર લાઈનનો રેલ્વે પુલ ઓમકાર ક્રોસીંગ નજીક | ૧૬૧.૯૬ |
| ૧૩ | છ લાઈનનો ફ્લાઈ ઓવર બ્રીજ, સોલા જંક્શન પર | ૩૨૪.૯૮ |
| ૧૪ | રેલવે પુલ સાબરમતી બ્રોડગેજ લાઈન ચાણક્યપુરી નજીક | ૧૭૫.૯૬ |
| ૧૫ | શીવરંજની જંક્શન પર છ લાઈનનો ફ્લાઈ ઓવર બ્રીજ | ૧૪૬.૧૩ |
| ૧૬ | મેમનગર જંક્શન પર ફ્લાઈ ઓવર બ્રીજ | ૨૬૪.૭૮ |
| ૧૭ | પાણીના સંગ્રહ સ્થળોનો વિકાસ, નિકાલ અને પુર હોનારતથી બચાવ | ૯૧૬.૬૦ |

| અ.નં. | કામનું નામ | રકમ |
|---|---|---|
| | અંગેની યોજના | |
| ૧૮ | બીઆરટીએસ ભાગ-૨ | ૪૨૭૧.૦૦ |
| ૧૯ | પૂર્વ વિસ્તાર માટે ગટર વ્યવસ્થા | ૨૭૧.૦૦ |
| ૨૦ | પશ્ચિમ વિસ્તાર માટે ગટર વ્યવસ્થા | ૮૨૩.૦૦ |
| ૨૧ | શહેરી પરિવહન માટે બસો ખરીદવા માટે | ૩૯૦૮.૦૦ |
| | | **૨૧૪૨૯.૩૧** |
| | **શહેરી ગરીબો માટે પાયાગત સુવિધાની યોજના માટે** | ૧૦૫૬.૫૨ |
| ૨૨ | ઓડાના ગરીબ વિસ્તારમાં મકાનો બનાવવાનું કામ | ૪૧૧૧.૫૭ |
| ૨૩ | શહેરી વિસ્તારમાં ગરીબો માટે મકાનો બનાવવાનું કામ | ૫૧૬૭.૬૯ |
| | | |
| | **ગ્રાન્ટ ટોટલ** | **૨૬૫૯૭.૦૦** |

-----------

**પાટણ ખાતે મેડીકલ કોલેજ બાબત**

૭૪૮૪**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉત્તર ગુજરાતમાં પાટણ ખાતે મેડીકલ કોલેજ શરૂ કરવા સરકારશ્રીએ નિર્ણય કરેલ છે કે કેમ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત મેડીકલ કોલેજ કઈ સંસ્થા ધ્વારા સ્થાપવામાં આવશે, અને

(૩) ઉક્ત કોલેજ ક્યારથી શરૂ થશે ?

**જવાબ**

(૧) હાજી.

(૨) રાજ્ય સરકાર દ્વારા

(૩) પાટણ ખાતે રાજ્ય સરકાર દ્વારા મેડીકલ કોલેજ શરૂ કરવામાં આવનાર છે. આ કોલેજ માટે સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા. ૧.૦૦ કરોડ અને ૦૯-૧૦ વર્ષના બજેટમાં રૂા. ૬૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મેડીકલ કોલેજના બીલ્ડીંગના નકશા અને અંદાજો તૈયાર કરવામાં આવ્યા છે. તથા કોલેજના ડીનની નિમણૂંક કરી દેવામાં આવી છે. આ મેડીકલ કોલેજ ભારત સરકાર દ્વારા મંજુરી મળ્યેથી ૨૦૧૦-૧૧ થી શરૂ કરી શકાશે.

**ભરૂચ જિલ્લામાં નેશનલ રૂરલ હેલ્થ મીશન અંતર્ગત લાભાર્થીઓ**

૭૩૧૧ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નેશનલ રૂરલ હેલ્થ મીશન અંતર્ગત તા. ૪-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓની નોંધણી કરી લાભ પહોંચાડેલ છે, અને

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નેશનલ રૂરલ હેલ્થ મીશન અંતગર્ત તા. ૪-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ યોજનાઓ હેઠળ લાભાર્થીઓની નોંધણી કરી લાભ પહોંચાડેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | જનની સુરક્ષા યોજના | કુટુંબ કલ્યાણ યોજના | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૪૬૯ | ૧૦૯૬ | ૧૦૫૮૨ | ૧૩૧૪૭ |
| ૨ | હાંસોટ | ૪૯૦ | ૪૫૫ | ૩૫૦૪ | ૪૪૪૯ |
| ૩ | અંકલેશ્વર | ૧૪૨૭ | ૧૦૩૫ | ૭૦૬૮ | ૯૫૩૦ |
| ૪ | વાલિયા | ૧૮૩૫ | ૯૬૨ | ૧૪૫૧૮ | ૧૭૩૧૫ |
| ૫ | ઝગડિયા | ૨૪૪૧ | ૧૧૭૧ | ૧૯૬૯૧ | ૨૩૩૦૩ |
| ૬ | વાગરા | ૬૨૩ | ૬૦૭ | ૫૮૧૫ | ૭૦૪૫ |
| ૭ | આમોદ | ૭૧૮ | ૫૬૦ | ૬૧૭૫ | ૭૪૫૩ |
| ૮ | જંબુસર | ૧૧૯૭ | ૮૮૬ | ૮૮૧૪ | ૧૦૮૯૭ |
| | **કુલ** | **૧૦૨૦૦** | **૬૭૭૨** | **૭૬૧૬૭** | **૯૩૧૩૯** |

(૨) તે પેકી તાલુકાવાર બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા કેટલી છે ?

(૨) તે પેકી તાલુકાવાર અને યોજનાવાર બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | જનની સુરક્ષા યોજના | કુટુંબ કલ્યાણ યોજના | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના | બીપીએલ લાભાર્થી-ઓની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૨૦ | ૬૧૯ | ૩૪૫ | ૧૦૮૪ |
| ૨ | હાંસોટ | ૮૩ | ૫૫ | ૧૩૪ | ૨૭૨ |
| ૩ | અંકલેશ્વર | ૧૦ | ૨૬ | ૨૧૫ | ૨૫૧ |
| ૪ | વાલિયા | ૦ | ૯૦૩ | ૩૦૨ | ૧૨૦૫ |
| ૫ | ઝગડિયા | ૧૪૧ | ૯૯૫ | ૩૨૮ | ૧૪૬૪ |
| ૬ | વાગરા | ૧૨૬ | ૧૬૩ | ૧૩૩ | ૪૨૨ |
| ૭ | આમોદ | ૨૬૯ | ૧૩૯ | ૧૭૨ | ૫૮૦ |
| ૮ | જંબુસર | ૮૮૨ | ૪૭૧ | ૩૪૮ | ૧૭૦૧ |
| | **કુલ** | **૧૬૩૧** | **૩૩૭૧** | **૧૯૭૭** | **૬૯૭૯** |

-----------

## વડોદરા જિલ્લાની નગરપાલિકાઓમાં ઓક્ટ્રોયના વિકલ્પે ફાળવેલ ગ્રાન્ટ

૮૨૫૯ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાની નગરપાલિકાઓમાં ઓક્ટ્રોય નાબુદીના વિકલ્પ રૂપે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉક્ત ગ્રાન્ટ અપૂરતી હોવાની ઉક્ત સ્થિતિએ કેટલી ફરિયાદો મળી, અને

(૩) ઉક્ત ગ્રાન્ટમાં વધારો કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) વડોદરા જીલ્લાની નગરપાલિકાઓને ઓક્ટ્રોય નાબુદીના વિકલ્પ રૂપે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૯,૬૯,૫૮,૦૦૮/-ની ગ્રાંટની ફાળવણી કરવામાં આવી છે.

(૨) એકપણ નહી.

(૩) સને ૨૦૦૭-૦૮ના વર્ષથી નગરપાલિકાઓને આપવામાં આવતી ગ્રાંટમાં ૧૦ ટકાનો વધારો ચાલુ રાખવાનો નિર્ણય કરેલ છે.

-----------

**રાજ્યમાં અમલી ચિરંજીવી યોજના બાબત**

૮૨૨૦ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં ચિરંજીવી યોજનાના અમલની શરૂઆતથી તા. ૩૧-૫-૦૯ સુધીમાં કુલ કેટલી રકમ ખર્ચવામાં આવી ? | રૂા. ૫૩,૪૬,૬૦,૦૫૬/- |

-----------

**મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટેના નિયમોમાં સુધારા બાબત**

૭૪૮૧**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટેના નિયમોમાં સુધારા કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તેની વિગતો શું છે ? | (૧) અને (૨) હા, જી, તા. ૨૧-૫-૦૯ના શિક્ષણ વિભાગના પત્રથી રાજ્યની યુનિવર્સિટીઓને તબીબી શિક્ષણના અનુસ્નાતક કક્ષાના કોર્ષમાં રાજ્યમાં આવેલ શાળામાંથી ધોરણ ૧૨ પાસ કરેલ હોય અને રાજ્યમાંથી એમ.બી.બી.એસ. પાસ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવા સુચના આપવામાં આવેલ હતી જે નામ. ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવતાં નામ. અદાલતે તે સુચના રદ કરેલ છે. આ ચુકાદા સામે નામદાર સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે, અને તે સબબ આગળની કાર્યવાહી ચાલુ છે. |

-----------

**મોરબી સીવીલ હોસ્પિટલની સુધારણા**

૭૪૪૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી ખાતેની સીવીલ હોસ્પિટલના નવીનીકરણ તથા સુધારણા માટે સરકાર કામગીરી કરવા માંગે છે તે હકીક્ત સાચી છે,<br>(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને<br>(૩) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે ? | (૧), (૨) અને (૩) નવીનીકરણ તથા સુધારણાનું કામ તા. ૧-૧-૦૭ થી શરૂ કરી તા. ૨૫-૯-૦૮ના રોજ રૂા. ૪૦૦.૨૮ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. |

-----------

**ભાવનગર જિલ્લામાં પૂરથી ક્ષતિગ્રસ્ત થયેલ પાણી પુરવઠા યોજનાઓ**

૭૩૧૪ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) :: માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં સન ૨૦૦૭માં આવેલ પૂરથી ક્ષતિગ્રસ્ત થયેલ હોય એવી કેટલી પાણી પુરવઠા યોજના હતી, અને | (૧) ત્રણ |
| (૨) ઉક્ત પાણી પુરવઠા યોજનાઓ પેકી કેટલી યોજનાઓનું રીપેરીંગ કામ બાકી છે ? | (૨) એક, જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે અને ચાલુ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**પરીએજ જૂથ પાણી પુરવઠા યોજનાનું પાણી મેળવતા ગામો**

૭૫૬૮ શ્રી **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં પરીએજ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા ક્યા ક્યા તાલુકાના કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે,

**જવાબ**

(૧)

| તાલુકો | પીવાનું પાણી મેળવતા ગામો |
|---|---|
| માતર | ૧૫ |
| સોજીત્રા | ૧ |
| તારાપુર | ૪ |

(૨) તે પૈકી કેટલા ગામોમાં ફીલ્ટર કરેલ અને કેટલા ગામોમાં ફીલ્ટર કર્યા વગરનું પાણી આપવામાં આવે છે, અને

(૨) ઉપરોક્ત તમામ ગામોને ફીલ્ટર કરેલ પાણી આપવામાં આવે છે.

(૩) માતર તાલુકાના ગામડાઓમાં નળમાં માછલીઓ નીકળવાના બનાવો બનેલ છે તે વાત સાચી ?

(૩) ના, જી.

------------

**આની નદી પર મોટા ચેકડેમ બનાવવાનું આયોજન**

૮૨૪૨ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લામાં આની નદી પર મોટા ચેકડેમો બનાવવાનું શું આયોજન છે?

**જવાબ**

વડોદરા જિલ્લામાં આની નદી ઉપર અછાલા ગામ ખાતે અંદાજે ૮૪ લાખના ખર્ચે મોટા ચેકડેમનું કામ હાથ ધરવામાં આવેલ છે, જે પુર્ણ થવામાં છે. તદઉપરાંત આની નદી ઉપર બીજા મોટા ચેકડેમો માટે પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી હાથ ઉપર છે.

------------

**સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતગર્ત પાણી અને ગટરના કામો માટે ફાળવેલ ભંડોળ**

૮૨૦૮ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અન્વયે પાણી અને ગટરના કામો માટે સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કેટલું ભંડોળ ફાળવેલ છે.

(૨) ઉક્ત કામો હાથ ધરવાના સંદર્ભમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કોઈ વિગતવાર દરખાસ્ત સરકારમાં રજૂ કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે અને તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) હાલમાં આવી કોઈ યોજના અમલમાં નથી. આથી ગ્રાન્ટ ફાળવણીનો પ્રશ્ન રહેતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આની નદી ઉપર મોટા ચેકડેમ બનાવવાનું આયોજન**

૮૨૪૩ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લામાં આની નદી પર મોટા ચેકડેમો બનાવવાનું શું આયોજન છે?

**જવાબ**

વડોદરા જિલ્લામાં આની નદી ઉપર અછાલા ગામ ખાતે અંદાજે ૮૪ લાખના ખર્ચે મોટા ચેકડેમનું કામ હાથ ધરવામાં આવેલ છે. જે પુર્ણ થવામાં છે. તદઉપરાંત આની નદી ઉપર બીજા મોટા ચેકડેમો માટે પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી હાથ ઉપર છે.

------------

**માનસરોવર યાત્રિઓને સહાય**

૮૨૨૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા માનસરોવરની પવિત્ર યાત્રામાં ભાગ લેતા રાજ્યના યાત્રીકોને કેટલી સહાય ચુકવવામાં આવે છે,

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા માનસરોવર પવિત્ર યાત્રામાં ભાગ લેતા રાજ્યના યાત્રીકોને રૂા. ૨૦,૦૦૦/- ની પ્રોત્સાહિત સહાય આપવામાં આવે છે તેમજ રૂા. ૩૦૦૦/- કીટસના તથા વતનથી દીલ્હી સુધી જવા આવવાનું રેલ્વેનું સેકન્ડ ક્લાસનું ભાડુ આપવામાં આવે છે.

(૨) તા. ૩૧-૫-૦૯ સ્થિતિ છેલ્લા ત્રણ વર્ષમાં તે અન્વયે કેટલા યાત્રીઓએ આ યાત્રામાં ભાગ લીધો,

(૨) આ અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં નીચે દર્શાવ્યા પ્રમાણે યાત્રીઓએ આ યાત્રામાં વર્ષવાર ભાગ લીધો છે.

| ક્રમ | વર્ષ | યાત્રીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૭ | ૧૯૬ |
| ૨ | ૨૦૦૮ | ૧૧૧ |
| ૩ | ૨૦૦૯ | શૂન્ય |

(૩) તે અન્વયે વર્ષવાર યાત્રીઓને કેટલી સહાય ચુકવવામાં આવી, અને

(૩) તે અન્વયે વર્ષવાર આ યાત્રીઓને નીચે પ્રમાણે સહાય ચૂકવવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | ચૂકવવામાં આવેલ સહાયની વિગત રૂપિયામાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૭ | રૂા. ૩૬,૮૪,૩૪૪ |
| ૨ | ૨૦૦૮ | રૂા. ૧૮,૪૦,૦૦૦ |
| ૩ | ૨૦૦૯ | શૂન્ય |

(રૂા. ૩૦૦૦/-ની કીટસ સહિત)

(૪) કેટલા યાત્રીઓને સહાય ચૂકવવાની બાકી છે ?

(૪) કોઈ યાત્રીઓને સહાય ચૂકવવાની બાકી નથી.

------------

**સુરત ખાતે તાપી નદીના પાળાનું મજબૂતીકરણનું કામ**

૮૨૫૪ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત ખાતે નદીની બન્ને બાજુએ આવેલ હયાત પાળાની ઉંચાઈ વધારવાનું તથા તેના મજબૂતીકરણના કામો હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) આ કામોની હાલની સ્થિતિ શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તાપીપાળા યોજનામાં માટીપાળાની ઉંચાઈ વધારી મજબૂતીકરણની મોટાભાગની કામગીરી પૂર્ણ થયેલ છે.

**ભુંગળીયા જળાશય યોજના**

૭૫૭૮ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કપડવંજ તાલુકાની ભુંગળીયા જળાશય યોજનાનું કામ ૩૧મી માર્ચ, ૨૦૦૯ ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત યોજનાનું કેટલું કામ બાકી છે, અને

(૩) બાકી કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) મુખ્ય બંધની કામગીરી માર્ચ-૨૦૦૭માં પુર્ણ થયેલ છે.

(૨) અને (૩) : યોજનાકીય અહેવાલમાં બંધનું કામ પુર્ણ થયે પાંચ વર્ષ સુધી જળાશયના પરર્ફોમન્સનું નિરીક્ષણ ર્ક્યા બાદ, નહેરોનું કામ હાથ પર લેવાનું નક્કી થયેલ હોઈ, નહેરો અંગે વર્ષ ૨૦૧૨ માં વિચારણા કરવામાં આવશે.

------------

**સાબરકાંઠા જિલ્લાના પ્રવાસન અને યાત્રાધામ તરીકે વિકસાવવાના સ્થળો અંગે**

૮૨૧૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ક્યા ક્યા સ્થળોને પ્રવાસન અને યાત્રાધામ તરીકેના વિકાસ તળે આવરી લેવામાં આવેલ છે.

(૨) તે માટે વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૩) તે પેકી કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલ શામળાજી વિષ્ણુ મંદીર અને આસપાસના વિસ્તારને પ્રવાસન વિકાસ તળે આવરી લેવામાં આવેલ છે.

આ ઉપરાંત દેવની મોરી, પોલો અને ઈડરને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે સેપ્ટ સંસ્થા દ્વારા કાર્ય યોજના આધારિત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂપિયા ૯૫-૦૦ લાખની ગ્રાન્ટ શામળાજી વિષ્ણુ મંદીર અને આસપાસના વિસ્તારના વિકાસ માટે ફાળવવામાં આવેલ છે.

(૩) કલેકટરશ્રી દ્વારા આર્કિટેકટની નિમણૂંક કરવામાં

આવેલ છે. અને આ કામગીરી માટે નકશા, અંદાજો તેયાર કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. આ નકશા તેમજ અંદાજો આખરી થયેથી પ્રોજેક્ટના અમલીકરણ માટે નક્કી કરેલ રકમ ખર્ચવામાં આવશે.

------------

**પડધરી સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નવું મકાન બાંધવા માટેની દરખાસ્ત**

૭૬૨૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પડધરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા નવું બિલ્ડીંગ બાંધવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, ઉક્ત દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે? | (૩) અંદાજીત રૂા. ૧૭૫.૦૦ લાખ ખર્ચ થાય તેમ છે. |

------------

**૧૦૮ એમ્બ્યુલન્સ સેવાથી થયેલ ફાયદા**

૭૨૬૩ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકાર દ્વારા પુરસ્કૃત ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો અમલ રાજ્યમાં શરૂ કર્યેથી તા. ૩૧-૫-૦૯ સુધીમાં આ સેવાથી થયેલા ફાયદાઓનું કોઈ પણ સર્વેક્ષણ કરેલ છે કે કેમ, અને | (૧) ગુજરાત સરકારે હેદરાબાદની ખાનગી સંસ્થા ઈમરજન્સી મેડીકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (EMRI) સાથે એમ.ઓ.યુ. કરી ૧૦૮ની સુવિધા ગુજરાતના નાગરિકો માટે ઉપલબ્ધ કરાવેલ છે. આ સેવાથી થયેલા ફાયદાઓનું કોઈ સર્વેક્ષણ કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો તેના તારણો શું છે? | (૨) આ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને કારણે નીચે મુજબના ફાયદાઓ ઉપલબ્ધ થયેલ છે :-<br>૧. ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ૧૦૮ ડાયલ કરતાની સાથે સરેરાશ ૧૪ મિનિટમાં શહેરી વિસ્તારમાં અને ૨૬ મિનિટમાં જ નિઃશુલ્ક તબીબી ઈમરજન્સી સેવાઓ, પોલીસ અને ફાયર બ્રિગેડની સેવાઓ ઉપલબ્ધ બનેલ છે.<br>૨. ૧૦૮ ઈમરજન્સી મેડીકલ સર્વિસ ધ્વારા નીચે મુજબ કામગીરી થયેલ છે :-<br>ઈમરજન્સી કોલ ૬,૮૯,૦૮૯ મળેલ છે.<br>તે પૈકી :-<br>(૧) મેડીકલ ઈમરજન્સી કોલ : ૬૭૬૪૧૭<br>(૨) પ્રેગનન્સી સંબંધી કોલ : ૨૦૮૦૪૫<br>(૩) કુલ ૨૮૦૭૯ વ્યક્તિઓના જાન બચેલ છે. (તા. ૧૫-૬-૦૯ સુધીમાં)<br>(૪) કુલ ૫૨૬૦ ડિલીવરી ૧૦૮ એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી. ધ્વારા થયેલ છે.<br>(૫) રોજની સરેરાશ ૨૨૧૨ મેડીકલ ઈમરજન્સી એટેન્ડ થાય છે.<br>(૬) ૯૯ % ઈમરજન્સી કોલનો જવાબ ઈએમ આરઆઈમાંથી બે રીંગમાં જ મળી જાય છે. |

------------

**જંબુસર તાલુકામાં ટેન્કર દ્વારા પીવાનું પાણી મેળવતાં ગામો**

૭૧૫૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ક્યા ક્યા ગામોને પીવાનું પાણી ટેન્કર દ્વારા આપવામાં આવે છે, અને | (૧) એક પણ નહીં. |

(૨) ઉક્ત ગામોને પીવાનું પાણી કાયમી ધોરણે પૂરું પાડવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં યુરોપીયન યુનીયન સહાયિત પ્રોજેક્ટો**

૭૪૩૨ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં યુરોપીયન યુનીયન સહાયિત કેટલી રકમના પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ,

(૨) તે પૈકીના ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર કેટલી રકમના પ્રોજેક્ટો મંજુર કરવામાં આવેલ અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) બાકીની કામગીરી પૂર્ણ ન થવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) કુલ રૂા. ૨૨,૮૯,૬.૯૫ કરોડના પ્રોજેક્ટો મંજુર કરવામાં આવેલ છે.

(૨) પત્રક સામેલ છે.

(૩) યુરોપીયન સહાયિત પ્રોજેક્ટની કોઈ કામગીરી બાકી નથી.

**પત્રક**

**રાજ્યમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લાવાર મંજુર થયેલ યુરોપીયન યુનીયન સહાયિત પ્રોજેક્ટની રકમ અને તેમાંથી થએલ ખર્ચનું પત્રક**

રકમ રૂા. લાખમાં

| અ. નં. | જિલ્લો | પોષ્ટ અર્થક્વેક રિડેવલપમેન્ટ પ્રોગ્રામ (PERP) | | સેક્ટર ઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામ (S.I.P.) | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર રકમ રૂા. | ખર્ચ રૂા. | મંજુર રકમ રૂા. | ખર્ચ રૂા. | મંજુર રકમ રૂા. (૩ + ૫) | ખર્ચ રૂા. (૪ + ૬) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અમદાવાદ | ૨૦૪૩.૦૦ | ૨૦૪૪.૧૫ | ૧૮૪.૫૦ | ૧૮૫.૯૭ | ૨૨૨૭.૫૦ | ૨૨૩૦.૧૨ |
| ૨ | અમરેલી | - | - | ૨૫૫.૦૦ | ૨૫૫.૨૭ | ૨૫૫.૦૦ | ૨૫૫.૨૭ |
| ૩ | આણંદ | - | - | ૩૧.૧૦ | ૩૧.૨૫ | ૩૧.૧૦ | ૩૧.૨૫ |
| ૪ | ભરૂચ | - | - | ૫૨.૫૦ | ૫૩.૪૦ | ૫૨.૫૦ | ૫૩.૪૦ |
| ૫ | ભાવનગર | ૨૫૫.૦૦ | ૨૫૬.૦૫ | ૧૦૬.૦૦ | ૧૦૬.૧૧ | ૩૬૧.૦૦ | ૩૬૨.૧૬ |
| ૬ | બનાસકાંઠા | ૯૯૫.૦૦ | ૯૯૬.૧૦ | ૧૮.૫૦ | ૧૮.૯૫ | ૧૦૧૩.૫૦ | ૧૦૧૫.૦૫ |
| ૭ | દાહોદ | - | - | ૪.૫૦ | ૪.૬૨ | ૪.૫૦ | ૪.૬૨ |
| ૮ | ડાંગ | - | - | ૫૩.૪૫ | ૫૪.૪૨ | ૫૩.૪૫ | ૫૪.૪૨ |
| ૯ | ગાંધીનગર | ૧૦૦૦.૦૦ | ૧૦૫૪.૮૨ | ૪૪૮.૪૦ | ૪૪૯.૩૪ | ૧૪૪૮.૪૦ | ૧૫૦૪.૧૬ |
| ૧૦ | જામનગર | ૧૯૬૧.૦૦ | ૧૯૬૨.૨૦ | ૨૨.૭૦ | ૨૨.૮૯ | ૧૯૮૩.૭૦ | ૧૯૮૫.૦૯ |
| ૧૧ | જુનાગઢ | ૧૩૯૫.૦૦ | ૧૩૯૫.૧૦ | ૫૨.૦૦ | ૫૨.૧૧ | ૧૪૪૭.૦૦ | ૧૪૪૭.૨૧ |
| ૧૨ | કચ્છ | ૫૪૪૦.૦૦ | ૫૪૪૦.૧૫ | ૩૯.૫૦ | ૪૦.૨૧ | ૫૪૭૯.૫૦ | ૫૪૮૦.૩૬ |
| ૧૩ | ખેડા | - | - | ૧૮૩.૭૦ | ૧૮૪.૧૫ | ૧૮૩.૭૦ | ૧૮૪.૧૫ |
| ૧૪ | મહેસાણા | - | - | ૨૨.૫૦ | ૨૩.૧૮ | ૨૨.૫૦ | ૨૩.૧૮ |
| ૧૫ | નર્મદા | - | - | ૩૦.૧૫ | ૩૦.૬૬ | ૩૦.૧૫ | ૩૦.૬૬ |
| ૧૬ | નવસારી | - | - | ૩૧.૧૦ | ૩૧.૮૯ | ૩૧.૧૦ | ૩૧.૮૯ |
| ૧૭ | પંચમહાલ | - | - | ૭૯.૪૦ | ૭૯.૯૫ | ૭૯.૪૦ | ૭૯.૯૫ |
| ૧૮ | પાટણ | ૧૯૩૭.૦૦ | ૧૯૩૭.૦૫ | ૨૩૬.૫૦ | ૨૩૭.૯૪ | ૨૧૭૩.૫૦ | ૨૧૭૪.૯૯ |
| ૧૯ | પોરબંદર | ૧૪૦.૦૦ | ૧૪૦.૧૦ | ૩૦.૦૫ | ૩૮.૩૮ | ૧૭૦.૦૫ | ૧૭૮.૪૮ |
| ૨૦ | રાજકોટ | ૨૬૨૩.૦૦ | ૨૬૨૪.૦૦ | ૮૧.૧૦ | ૮૧.૫૭ | ૨૭૦૪.૧૦ | ૨૭૦૫.૭૭ |
| ૨૧ | સાબરકાંઠા | - | - | ૧૪.૩૦ | ૧૪.૭૪ | ૧૪.૩૦ | ૧૪.૭૪ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૨૮૩૫.૦૦ | ૨૮૩૬.૧૫ | ૨૨.૫૦ | ૨૨.૯૦ | ૨૮૫૭.૫૦ | ૨૮૫૯.૦૫ |
| ૨૩ | સુરત | - | - | ૧૫૩.૧૫ | ૧૫૩.૮૫ | ૧૫૩.૧૫ | ૧૫૩.૮૫ |
| ૨૪ | વડોદરા | - | - | ૬૬.૩૦ | ૬૬.૬૭ | ૬૬.૩૦ | ૬૬.૬૭ |
| ૨૫ | વલસાડ | - | - | ૪૩.૫૦ | ૪૩.૯૮ | ૪૩.૫૦ | ૪૩.૯૮ |
| ૨૬ | વ્યારા/તાપી | - | - | ૧૦.૫૫ | ૧૦.૯૫ | ૧૦.૫૫ | ૧૦.૯૫ |
| | | ૨૦૬૨૪.૦૦ | ૨૦૬૮૬.૦૭ | ૨૨૭૨.૯૫ | ૨૨૯૫.૩૫ | ૨૨૮૯૬.૯૫ | ૨૨૯૮૧.૪૨ |

**જૂનાગઢ જિલ્લામાં પીવાના પાણીની તંગીવાળા ગામ**

૭૦૪૭**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ક્યા ક્યા ગામોમાં પીવાના પાણીની તંગીને કારણે ટેન્કરો દ્વારા પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવ્યું, અને

(૨) ઉક્ત ગામોમાં પીવાના પાણીની કાયમી તંગી નિવારવા સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં *પત્રક-૧ની વિગતે કુલ-૪૨ ગામોમાં પીવાના પાણીની તંગીને કારણે ટેન્કરો દ્વારા પીવાનું પાણી પુરૂં પાડવામાં આવ્યું.

(૨) ઉક્ત ગામોને પીવાના પાણીની કાયમી તંગી નિવારવા *પત્રક-૨ ની વિગતે ૧૪ ગામોને મહી-નર્મદા પાઈપ નેટવર્કમાં જોડવામાં આવેલ છે. ૦૩ ગામોનો હાલ તુરંત ભાદર ડેમ આધારીત ભાદર જુથ પા.પુ. યોજનામાં સમાવેશ કરેલ છે, જેને ભવિષ્યમાં મહી/નર્મદા આધારીત જુથ યોજનામાં આવરી લેવાનું આયોજન છે. જ્યારે બાકી રહેતા ૨૫ ગામોને પણ મહી-નર્મદા પાઈપ નેટવર્કમાં આવરી લેવાનું આયોજન કરેલ છે.

***પત્રક-૧**

| **તા. ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ સુધી** | | | **તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધી** | |
|---|---|---|---|---|
| **ક્રમાંક** | **ગામનું નામ** | **તાલુકો** | **ગામનું નામ** | **તાલુકો** |
| (૧) | ઢેબર | વિસાવદર | | |
| (૨) | અગતરાય | કેશોદ | | |
| (૩) | બાવા સીમરોલી | કેશોદ | | |
| (૪) | ભાટ સીમરોલી | કેશોદ | | |
| (૫) | સીલોદર | કેશોદ | | |
| (૬) | ચર | કેશોદ | | |
| (૭) | ઈન્દ્રા | માણાવદર | | |
| (૮) | મરમઠ | માણાવદર | | |
| (૯) | લીંબુડા | માણાવદર | | |
| (૧૦) | મેખડી | માંગરોળ | મેખડી | માંગરોળ |
| (૧૧) | દીવરાણા | માંગરોળ | દીવરાણા | માંગરોળ |
| (૧૨) | લોએજ | માંગરોળ | લોએજ | માંગરોળ |
| (૧૩) | રહીજ | માંગરોળ | રહીજ | માંગરોળ |
| (૧૪) | મુક્તુપુર | માંગરોળ | મુક્તુપુર | માંગરોળ |
| (૧૫) | સુલતાનપુર | માંગરોળ | સુલતાનપુર | માંગરોળ |
| (૧૬) | આજક | માંગરોળ | આજક | માંગરોળ |
| (૧૭) | આંત્રોલી | માંગરોળ | આંત્રોલી | માંગરોળ |
| (૧૮) | ખોડાદા | માંગરોળ | ખોડાદા | માંગરોળ |
| (૧૯) | બગસરા | માંગરોળ | | |
| (૨૦) | નગીચાણા | માંગરોળ | | |
| (૨૧) | બામણવાડા | માંગરોળ | | |
| (૨૨) | નાંદરખી | માંગરોળ | | |
| (૨૩) | માનખેત્રા | માંગરોળ | | |
| (૨૪) | વિરપુર નેસ | માંગરોળ | | |
| (૨૫) | વિરપુર | માંગરોળ | | |
| (૨૬) | રૂદલપુર | માંગરોળ | | |
| (૨૭) | વિરોલ | માંગરોળ | | |
| (૨૮) | મેણેજ | માંગરોળ | | |
| (૨૯) | કંકાસા | માંગરોળ | | |
| (૩૦) | માંગરોળ ઓજી | માંગરોળ | | |

| તા. ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ સુધી | | | તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધી | |
|---|---|---|---|---|
| ક્રમાંક | ગામનું નામ | તાલુકો | ગામનું નામ | તાલુકો |
| (૩૧) | વાડલા | માંગરોળ | | |
| (૩૨) | ચાખવા | માંગરોળ | | |
| (૩૩) | સરસાલી | માંગરોળ | | |
| (૩૪) | તલોદ્રા | માંગરોળ | | |
| (૩૫) | ફરંગટા | માંગરોળ | | |
| (૩૬) | ચંદવાણ | માંગરોળ | | |
| (૩૭) | લાઠોદ્રા | માંગરોળ | | |
| (૩૮) | ગોરેજ | માંગરોળ | | |
| (૩૯) | શેપા | માંગરોળ | | |
| (૪૦) | વાંસોજ | ઉના | | |
| (૪૧) | | | કોટડા | કોડીનાર |
| (૪૨) | | | માઢવડ | કોડીનાર |

**પત્રક-૨**

(અ) નીચે દર્શાવેલ ગામોને મહી-નર્મદા પાઈપ લાઈન નેટવર્કમાં જોડવામાં આવેલ છે.

| ક્રમાંક | ગામનું | તાલુકો |
|---|---|---|
| (૧) | ઢેબર | વિસાવદર |
| (૨) | મેખડી | માંગરોળ |
| (૩) | દીવરાણા | માંગરોળ |
| (૪) | લોએજ | માંગરોળ |
| (૫) | રહીજ | માંગરોળ |
| (૬) | મુક્તુપુર | માંગરોળ |
| (૭) | આજક | માંગરોળ |
| (૮) | આંત્રોલી | માંગરોળ |
| (૯) | ખોડાદા | માંગરોળ |
| (૧૦) | બગસરા | માંગરોળ |
| (૧૧) | નગીચાણા | માંગરોળ |
| (૧૨) | માંગરોળ ઓજી | માંગરોળ |
| (૧૩) | સરસાલી | માંગરોળ |
| (૧૪) | શેપા | માંગરોળ |

(બ) નીચે દર્શાવેલ ગામોને હાલ તુરંત ભાદર ડેમ આધારીત ભાદર જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરેલ છે. જેને ભવિષ્યમાં મહી-નર્મદા આધારીત જુથ યોજનામાં આવરી લેવાનું આયોજન છે.

| ક્રમાંક | ગામનું | તાલુકો |
|---|---|---|
| (૧) | ઈન્દ્રા | માણાવદર |
| (૨) | મરમઠ | માણાવદર |
| (૩) | લીંબુડા | માણાવદર |

(ક) નીચે દર્શાવેલ ગામોને મહી-નર્મદા પાઈપ લાઈન નેટવર્કમાં આવરી લેવાનું આયોજન છે.

| ક્રમાંક | ગામનું | તાલુકો |
|---|---|---|
| (૧) | અગતરાય | કેશોદ |
| (૨) | બાવા સીમરોલી | કેશોદ |
| (૩) | ભાટ સીમરોલી | કેશોદ |
| (૪) | સીલોદર | કેશોદ |
| (૫) | ચર | કેશોદ |

| | | |
|---|---|---|
| (૬) | સુલતાનપુર | માંગરોળ |
| (૭) | બામણવાડા | માંગરોળ |
| (૮) | નાંદરખી | માંગરોળ |
| (૯) | માનખેત્રા | માંગરોળ |
| (૧૦) | વિરપુર નેસ | માંગરોળ |
| (૧૧) | વિરપુર | માંગરોળ |
| (૧૨) | રૂદલપુર | માંગરોળ |
| (૧૩) | વિરોલ | માંગરોળ |
| (૧૪) | મેણેજ | માંગરોળ |
| (૧૫) | કંકાસા | માંગરોળ |
| (૧૬) | વાડલા | માંગરોળ |
| (૧૭) | ચાખવા | માંગરોળ |
| (૧૮) | તલોદ્રા | માંગરોળ |
| (૧૯) | ફરંગટા | માંગરોળ |
| (૨૦) | ચંદવાણ | માંગરોળ |
| (૨૧) | લાઠોદ્રા | માંગરોળ |
| (૨૨) | ગોરેજ | માંગરોળ |
| (૨૩) | વાંસોજ | ઉના |
| (૨૪) | કોટડા | કોડીનાર |
| (૨૫) | માઢવડ | કોડીનાર |

**ગરબાડા તાલુકાના નાની સિંચાઈ તળાવોની કેનાલના ક્ષતિગ્રસ્ત દરવાજા**

૭૭૬૬ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ દાહોદ જિલ્લાનાં ગરબાડા તાલુકાના નાની સિંચાઈ તળાવો જેવા કે જરી કળશીયા-મીનાક્યાર ખારવા-છરછોડા-નઢેલાવ-ધુળ મહુળી-તળાવ-અભલાડ લીલવા તળાવના વરસો પુરાણા કેનાલ ગેટ બગડી ગયા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) ઉક્ત તળાવોના ગેટની મરામત નહીં કરાવવાનાં કારણો શાં છે, અને

(૩) ઉક્ત તળાવોના ક્ષતિગ્રસ્ત થયેલા ગેટની કેટલા સમયમાં મરામત કરાવવામાં આવશે?

**જવાબ**

(૧) ખારવા સિંચાઈ તળાવ ગ્રામ પંચાયત હસ્તકનું તળાવ છે અને નઢેલાવ - ધુળ મહુળી ગેટના નવિનીકરણનું કામ જુન-૨૦૦૯ માં પૂર્ણ કરવામાં આવનાર છે.

જરી કળશીયા મીનાક્યાર, છરછોડા અને અભલોડ તળાવના ગેટો ઘણાં વર્ષો પુરાણા હોવાથી તેમને મરામતની જરૂરીયાત છે.

(૨) મીનાક્યાર તળાવના ગેટના મરામત માટે બે વખત ટેન્ડર બહાર પાડેલ પરંતુ કોઈ ઈજારદાર દ્વારા ટેન્ડર ન ભરવાને કારણે તેનું કામ હાથ પર લઈ શકાયેલ નથી. છરછોડા અને જરી કળશીયા તળાવના ગેટને ગામોના આંતરિક વિવાદના કારણે લોકો દ્વારા નુકશાન પહોંચાડેલ છે. તેમજ તેમના આંતરિક વિવાદના કારણે મરામતનું કામ હાથ પર લઈ શકાયેલ નથી.

(૩) ઉપરોક્ત પેકી મીનાક્યાર અને આભલોડ તળાવના ગેટના મરામતના કામના ટેન્ડર મંજુરીની આખરી પ્રક્રિયામાં છે. જે જુન-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

જ્યારે જરી કળશીયા તળાવ અને છરછોડા તળાવના ગેટ મરામત કામ માટે લોકોને વિશ્વાસમાં લઈ તે કામ ટુંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## નગરપાલિકાઓમાં ઉર્જાની કાર્યક્ષમતા વધારવાના પગલાં

૮૨૪૬ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગુજરાતની નગરપાલિકાઓમાં ઉર્જાની કાર્યક્ષમતા વધારવા અને વીજળીનો વપરાશ ઘટાડવા માટે રાજ્ય સરકાર દ્વારા શું પગલાં હાથ ધરવામાં આવ્યાં?

**જવાબ**

નગરપાલિકાઓમાં ઊર્જા કાર્યક્ષમતા વધારવાની કામગીરી ગુજરાત શહેરી વિકાસ કંપની લિ. ગાંધીનગર અને IL&FS ના તક્નીકી સહયોગમાં હાથ ધરવામાં આવેલ છે. જેમાં ગુજરાતની બધીજ નગરપાલિકાઓને તબક્કાવાર આવરી લેવાનું આયોજન છે. આ માટે Eco III અને USAID નામક સંસ્થાઓને તક્નીકી સલાહકાર તરીકે નિમેલ છે.

પ્રથમ તબક્કામાં નવસારી, મહુધા, હિંમતનગર, વાપી, દાહોદ, આણંદ, પોરબંદર, ગાંધીધામ, છોટાઉદેપુર અને વેરાવળની કુલ ૧૦ નગરપાલિકાઓમાં એનર્જી ઓડીટની કામગીરી પુરી કરવામાં આવેલ છે. આ યોજનીની કામગીરી માટે ઊર્જા બચતની કામગીરી સાથે સંકળાયેલ ૧૧ કંપનીઓ ESCO પાસેથી નગરપાલિકાઓમાં તાંત્રિક સુધારાઓ સહીત અને નાણાકિય જરૂરિયાત અંગેની દરખાસ્ત મંગાવેલ છે. જેના આધારે આ ૧૦ નગરપાલિકાઓમાં ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ એનર્જી ઓડીટ કરાવી યોજનાનું અમલ કરવામાં આવશે.

અન્ય ૧૪૯ નગરપાલિકાઓમાં આ યોજનાના અમલીકરણ માટે ઊર્જા બચતની કામગીરી સાથે સંકળાયેલ કંપનીઓ ESCO પાસેથી Expression of Interest મંગાવવામાં આવેલ, જેમાં ૧૨ કંપનીઓ મંજૂર થયેલ છે.

------------

## સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

૭૬૩૪ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પગલા લીધાં?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે નીચે મુજબ જગ્યાઓ ખાલી છે.

| અ.નં. | તાલુકો | સંવર્ગવાર મંજૂર અને ખાલી જગ્યાઓ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | |
| | | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| ૧ | પાટડી | ૫ | ૨ | ૧૫ | ૩ | ૨૦ | ૦ |
| ૨ | સાયલા | ૨ | ૦ | ૬ | ૩ | ૮ | ૦ |
| ૩ | મુળી | ૩ | ૧ | ૯ | ૩ | ૧૨ | ૦ |
| ૪ | ધ્રાંગધ્રા | ૩ | ૦ | ૯ | ૨ | ૧૨ | ૦ |
| ૫ | ચોટીલા | ૩ | ૦ | ૯ | ૪ | ૧૨ | ૦ |
| ૬ | હળવદ | ૩ | ૦ | ૯ | ૧ | ૧૨ | ૦ |
| ૭ | ચુડા | ૨ | ૧ | ૬ | ૪ | ૮ | ૦ |
| ૮ | લીંબડી | ૪ | ૦ | ૧૨ | ૫ | ૧૬ | ૦ |
| ૯ | વઢવાણ | ૩ | ૦ | ૯ | ૦ | ૧૨ | ૦ |
| ૧૦ | લખતર | ૩ | ૧ | ૯ | ૫ | ૧૨ | ૦ |
| | કુલ | ૩૧ | ૫ | ૯૩ | ૩૦ | ૧૨૪ | ૦ |

(૨) વર્ગ-૨ની જગ્યાઓ ભરવા કમિશ્નરશ્રી (આ.) ગાંધીનગરની કચેરી ખાતે દર મંગળવારે યોજવામાં આવતા એડહોક વોક ઈન ઈન્ટરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણુંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વર્ગ-૩ની જગ્યાઓ જીલ્લા પંચાયત હસ્તકની હોઈ જીલ્લા પંચાયત સુરેન્દ્રનગર ધ્વારા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને તા. ૩-૬-૦૯થી માંગણા પત્રકો મોકલી આપેલ છે. ઉમેદવારો ફાળવેથી ભરતી કરવામાં આવશે.

------------

## પોરબંદર જિલ્લાને મહી/નર્મદા આધારિત પાણી પૂરું પાડતી જૂથ પાણી પુરવઠા યોજનાઓ

૭૫૭૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ પોરબંદર જિલ્લાના શહેરો અને ગામો પેકી મહી/નર્મદા કેનાલ આધારિત પાણી પૂરું પાડવા માટેની જૂથ પાણી પુરવઠા યોજનાઓમાં ક્યા તાલુકાના ક્યા શહેરો અને ગામોનો સમાવેશ કરેલ છે.

(૨) ઉક્ત યોજના પાછળ કેટલો ખર્ચ અંદાજેલ છે, અને

(૩) ઉક્ત યોજનાની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને કેટલા સમયમાં તે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ
૩ તાલુકાના
૧૩૪ ગામ અને ૫, શહેર.

(૨) આશરે કુલ રૂા. ૧૨૪૦૦.૦૦ લાખ.

(૩) બલ્ક પાઇપ લાઇનના કામો પ્રગતિમાં છે. જે માહે ૩/૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. અને આ પાઇપ લાઇન આધારિત ૩ ગ્રુપ ડીસ્ટ્રીબ્યુશનના કામો પણ મંજુર કરવામાં આવેલ છે અને ટેન્ડરો મંગાવવામાં આવી રહ્યા છે તેની મંજૂરી મળ્યેથી ૧૮ માસમાં ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક**

નર્મદા આધારીત ગ્રુપ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ ગામોની યાદી

| ક્રમ | તાલુકો | ગામનું નામ | ક્રમ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | પોરબંદર | ભેટકડી | ૭૪ | રાણાવાવ | અમરદળ |
| ૨ | પોરબંદર | અડવાણા | ૭૫ | રાણાવાવ | દીગ્વીજયગઢ |
| ૩ | પોરબંદર | સોઢાણા | ૭૬ | રાણાવાવ | ખીજદળ |
| ૪ | પોરબંદર | ફટાણા | ૭૭ | રાણાવાવ | બાપોદર |
| ૫ | પોરબંદર | શીશલી | ૭૮ | રાણાવાવ | મોકર |
| ૬ | પોરબંદર | શીંગડા | ૭૯ | રાણાવાવ | રામગઢ |
| ૭ | પોરબંદર | આંબારામા | ૮૦ | રાણાવાવ | વીરપુર |
| ૮ | પોરબંદર | વડાળા | ૮૧ | રાણાવાવ | પીપળીયા |
| ૯ | પોરબંદર | મીયાણી | ૮૨ | રાણાવાવ | આદિપતરા |
| ૧૦ | પોરબંદર | ભાવપરા | ૮૩ | રાણાવાવ | ઠોયાણા |
| ૧૧ | પોરબંદર | સુખપુર | ૮૪ | રાણાવાવ | કેરાળા |
| ૧૨ | પોરબંદર | મોઢવાડા | ૮૫ | રાણાવાવ | પાદરડી |
| ૧૩ | પોરબંદર | કેશવ | ૮૬ | રાણાવાવ | જાંબુ |
| ૧૪ | પોરબંદર | ટુકડા-મીંયાણી | ૮૭ | રાણાવાવ | ભોદ |
| ૧૫ | પોરબંદર | વિસાવાડા | ૮૮ | રાણાવાવ | મહિરા |
| ૧૬ | પોરબંદર | પાલખડા | ૮૯ | રાણાવાવ | નેરાણા |
| ૧૭ | પોરબંદર | બરડીયા | ૯૦ | રાણાવાવ | ધરમપુર |
| ૧૮ | પોરબંદર | રાતડી | ૯૧ | રાણાવાવ | બોરડી |
| ૧૯ | પોરબંદર | કાંટેલા | ૯૨ | રાણાવાવ | દોલતગઢ |
| ૨૦ | પોરબંદર | મજીવાણા | ૯૩ | રાણાવાવ | અણીયારી |
| ૨૧ | પોરબંદર | ભોમીયાવદર | ૯૪ | રાણાવાવ | ભોડદર |
| ૨૨ | પોરબંદર | સીમર | ૯૫ | રાણાવાવ | વડવાળા |
| ૨૩ | પોરબંદર | ઇશ્વરીયા | ૯૬ | રાણાવાવ | કંડોરણા |
| ૨૪ | પોરબંદર | મોરાણા | ૯૭ | કુતિયાણા | હેલાબેલી |

| **ક્રમ** | **તાલુકો** | **ગામનું નામ** | **ક્રમ** | **તાલુકો** | **ગામનું નામ** |
|---|---|---|---|---|---|
| ૨૫ | પોરબંદર | કીંદરખેડા | ૯૮ | રાણાવાવ | ડેયર |
| ૨૬ | પોરબંદર | ભારવડા | ૯૯ | કુતિયાણા | ખાગેશ્રી |
| ૨૭ | પોરબંદર | બગવદર | ૧૦૦ | કુતિયાણા | કોટડા |
| ૨૮ | પોરબંદર | સીમાણી | ૧૦૧ | કુતિયાણા | ફરેર |
| ૨૯ | પોરબંદર | શ્રીનગર | ૧૦૨ | પોરબંદર | ગરેજ |
| ૩૦ | પોરબંદર | રીંણાવાડા | ૧૦૩ | કુતિયાણા | દેવડા |
| ૩૧ | પોરબંદર | દેગામ | ૧૦૪ | કુતિયાણા | બાવાળવદર |
| ૩૨ | પોરબંદર | કુછડી | ૧૦૫ | કુતિયાણા | ચોલીયાણા |
| ૩૩ | પોરબંદર | વાછોડા | ૧૦૬ | કુતિયાણા | મોબતપરા |
| ૩૪ | પોરબંદર | બેરણ | ૧૦૭ | કુતિયાણા | હામદપરા |
| ૩૫ | પોરબંદર | નાગકા | ૧૦૮ | કુતિયાણા | ખુનપુર |
| ૩૬ | પોરબંદર | બાવળવાવ | ૧૦૯ | કુતિયાણા | જમરા |
| ૩૭ | પોરબંદર | ખીસ્ત્રી | ૧૧૦ | કુતિયાણા | ગઢવાણા |
| ૩૮ | પોરબંદર | ગોઢાણા | ૧૧૧ | કુતિયાણા | ધરશન |
| ૩૯ | પોરબંદર | કાટવાણા | ૧૧૨ | કુતિયાણા | રેવદ્રા |
| ૪૦ | પોરબંદર | વીંઝારાણા | ૧૧૩ | કુતિયાણા | તરખાઇ |
| ૪૧ | પોરબંદર | બખરલા | ૧૧૪ | કુતિયાણા | મેયારી |
| ૪૨ | પોરબંદર | બોરીચા | ૧૧૫ | કુતિયાણા | કડેગી |
| ૪૩ | પોરબંદર | પાડાવદર | ૧૧૬ | રાણાવાવ | ખીરસરા |
| ૪૪ | પોરબંદર | કુણવદર | ૧૧૭ | કુતિયાણા | બાલોચ |
| ૪૫ | પોરબંદર | નટવરનગર | ૧૧૮ | કુતિયાણા | કટવાણા |
| ૪૬ | પોરબંદર | ખાભોદર | ૧૧૯ | કુતિયાણા | પસાવરી |
| ૪૭ | પોરબંદર | પારાવાડા | ૧૨૦ | કુતિયાણા | સેગરશ |
| ૪૮ | પોરબંદર | કોલીખડા | ૧૨૧ | કુતિયાણા | ક્વલકા |
| ૪૯ | પોરબંદર | ચીંગરીયા | ૧૨૨ | કુતિયાણા | ભોગસર |
| ૫૦ | પોરબંદર | બળેજ | ૧૨૩ | કુતિયાણા | છત્રાવા |
| ૫૧ | પોરબંદર | બોખીરા | ૧૨૪ | કુતિયાણા | કાંસાબાડ |
| ૫૨ | પોરબંદર | ઝાવાર | ૧૨૫ | કુતિયાણા | રામનગર |
| ૫૩ | પોરબંદર | ટુકડા-ગોસા | ૧૨૬ | કુતિયાણા | ઇશ્વરીયા |
| ૫૪ | પોરબંદર | ચીકાસા | ૧૨૭ | કુતિયાણા | અમર |
| ૫૫ | પોરબંદર | નવીબંદર | ૧૨૮ | કુતિયાણા | માલ |
| ૫૬ | પોરબંદર | માધવપુર | ૧૨૯ | કુતિયાણા | મોળદર |
| ૫૭ | પોરબંદર | ઓળદર | ૧૩૦ | રાણાવાવ | વાળોત્રા |
| ૫૮ | પોરબંદર | એરડા | ૧૩૧ | કુતિયાણા | ભડુલા |
| ૫૯ | પોરબંદર | ઉડટા | ૧૩૨ | કુતિયાણા | જુણેજ |
| ૬૦ | પોરબંદર | મોચા | ૧૩૩ | કુતિયાણા | ધુવાડા |
| ૬૧ | પોરબંદર | કડછ | ૧૩૪ | કુતિયાણા | અમીપુર |
| ૬૨ | પોરબંદર | ગોરસર | **શહેરી વિસ્તાર** | | |
| ૬૩ | પોરબંદર | મંડેર | **ક્રમ** | **તાલુકો** | **શહેરનું નામ** |
| ૬૪ | પોરબંદર | પાતા | ૧ | રાણાવાવ | આદિત્યાણા (શહેર) |
| ૬૫ | પોરબંદર | ગોસા | ૨ | રાણાવાવ | રાણાવાવ (શહેર) |
| ૬૬ | પોરબંદર | રાજપર | ૩ | કુતિયાણા | કુતિયાણા (શહેર) |
| ૬૭ | પોરબંદર | રતનપર | ૪ | પોરબંદર | છાયા (શહેર) |
| ૬૮ | પોરબંદર | લુશાળા-કેશોદ | ૫ | પોરબંદર | પોરબંદર (શહેર) |
| ૬૯ | પોરબંદર | ભડ | | | |
| ૭૦ | પોરબંદર | દેરોદળ | | | |
| ૭૧ | પોરબંદર | મિત્રાળા | | | |
| ૭૨ | પોરબંદર | ખાપટ | | | |
| ૭૩ | પોરબંદર | રાતિયા | | | |

### બાલાસિનોર-વિરપુર અને કપડવંજ તાલુકામાં સિંચાઈ માટેના પાણીનો સંગ્રહ

૭૩૬૭ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર-વિરપુર અને કપડવંજ તાલુકામાં કેટલા મોટા ચેક ડેમો-તળાવો અને કોતરોમાં સિંચાઈ માટેના પાણીનો સંગ્રહ કરવામાં આવે છે, અને

**જવાબ**

(૧) બાલાસિનોર-વિરપુર અને કપડવંજ તાલુકામાં મોટા ચેકડેમ નથી. નાના ચેકડેમ તથા તળાવોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ઉંડા કરેલ તળાવની સંખ્યા | કોતરો ઉપરના ચેકડેમની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બાલાશિનોર | ૨૭ | ૧૧૭ |
| ૨ | વિરપુર | ૨૧ | ૫૪ |
| ૩ | કપડવંજ | ૫૩ | ૬૨ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત મોટા ચેક ડેમો-તળાવો અને કોતરો ને ઉંડા કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૨) સરકારશ્રી દ્વારા સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (૯૦:૧૦) હેઠળ તળાવો ઉંડા કરવા તથા ૮૦:૨૦ યોજના હેઠળ કોતરો ઉપર નાના ચેકડેમો બાંધી પાણી સંગ્રહ કરવામાં આવે છે.

------------

### નર્મદા આધારિત પાઈપ લાઈનથી પીવાલાયક પાણી મેળવતા શહેરો અને ગામો

૭૩૦૯ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ રાજ્યમાં કેટલાં ગામો અને કેટલાં શહેરોને નર્મદા આધારિત પાઈપલાઈનથી પીવાનું શુધ્ધ પાણી આપવામાં આવે છે, અને

(૨) આ પૈકી બનાસકાંઠા જિલ્લાનાં કેટલાં ગામો અને શહેરોને નર્મદાનું પાઈપલાઈન દ્વારા પીવાનું શુધ્ધ પાણી મળે છે ?

**જવાબ**

(૧) ૫૬૭૧ ગામો અને ૯૪ શહેરોને નર્મદા આધારિત પાઇપલાઇનથી પીવાનું શુધ્ધ પાણી આપવામાં આવે છે.

(૨) ૪૫૪ ગામો અને ૨ શહેરોને નર્મદાનું પાઇપલાઇન દ્વારા પીવાનું શુધ્ધ પાણી મળે છે.

-----------

### ટ્રાયબલ સબ-પ્લાન અંતર્ગત જેતપુર-પાવી તાલુકામાં દવાખાનાની સુધારણા

૭૫૭૧ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકામાં ટ્રાયબલ સબ-પ્લાન, છોટા ઉદેપુર હેઠળ કરાલી, મોટી આમરોલ, કદવાડ, ડુંગરવાટ, જબુગામ, જેતપુર-પાવી ચલામલીના દવાખાનાની સુધારણા માટે સન-૨૦૦૮-૦૯ માં ક્યા ક્યા કામો માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી ?

**જવાબ**

વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકામાં ટ્રાયબલ સબ-પ્લાન, પ્લાનપ છોટા ઉદેપુર હેઠળ નીચેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જુદા જુદા કામો માટે સને ૨૦૦૮-૦૯માં રૂા. ૩૨૪૮૦૨૦/- (અંકે રૂપિયા બત્રીસ લાખ અડતાલીસ હજાર વીસ પુરા) ની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે.

| અ. નં. | પ્રા. આ. કેન્દ્રનું નામ | કામની વિગત | મંજુર કરેલ ગ્રાન્ટ રૂા. |
|---|---|---|---|
| ૧ | કરાલી | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનની મજબુતીકરણ | ૪૦૫૫૦૦ |
| ૨ | | મેડીકલ ઓફિસના ક્વાર્ટસની મજબુતીકરણ | ૨૮૯૭૦૦ |
| | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બિલ્ડીંગ ફરતે કમ્પાઉન્ડ વોલ | ૪૯૯૦૦૦ |
| | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવીન પોસ્ટ | ૨૨૭૮૪૦ |

| | | | |
|---|---|---|---|
| | | મોર્ટમ રૂમના કામ | |
| ૨ | મોટી આમરોલી | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનની મજબુતીકરણ | ૨૬૬૮૧૦ |
| | | મેડીકલ ઓફિસરના ક્વાર્ટસ તેમજ અન્ય ક્વાર્ટસના મજબુતીકરણ | ૧૦૨૩૦૦ |
| | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બિલ્ડીંગ ફરતે કમ્પાઉન્ડ વોલ | ૪૫૬૩૦૦ |
| ૩ | કદવાલ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનની મજબુતીકરણ | ૭૦૧૫૦ |
| | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવીન પોસ્ટ મોર્ટમ રૂમ | ૨૨૭૮૪૦ |
| ૪ | ડુંગરવાંટ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનની મજબુતીકરણ | ૪૭૪૭૪૦ |
| ૫ | ચલામણી | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવીન પોસ્ટ મોર્ટમ રૂમ | ૨૨૭૮૪૦ |
| | | કુલ રૂા. : | ૩૨૪૮૦૨૦ |

જબુંગામ અને જેતપુર પાવી સામુહિક આરોગ્ય કેન્દ્રોના સુધારણા માટે સને ૨૦૦૮-૦૯માં કોઇ પણ ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ નથી.

------------

**શેઢી નદીને પહોળી/ઊંડી કરવા માટેનો સર્વે**

૭૧૪૭ **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં ઠાસરા તાલુકામાંથી પસાર થતી શેઢી નદીને પહોળી કે ઊંડી કરવા માટેનો સર્વે ક્યારે કરવામાં આવ્યો, અને

(૨) તેના અનુસંધાને તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) શેઢી નદીને પહોળી અને ઉંડી કરવા માટે પ્રાથમિક સર્વે વર્ષ એપ્રિલ-૨૦૦૦માં કરવામાં આવેલ હતો.

(૨) શેઢી નદીમાં પાણીનો આવરો ઘટાડવાના ભાગરૂપે શેઢી નદીના સ્ત્રાવક્ષેત્રમાં બાલાશિનોર તાલુકામાં ૧૧૯ ચેકડેમોના આયોજન પૈકી ૧૧૭ પુર્ણ થયેલ છે અને ૨ ચેકડેમોના કામ પ્રગતિ હેઠળ છે.

**કચ્છ જિલ્લામાં બંધારા**

૮૧૨૫ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧/૫/૨૦૦૯ સુધીમાં તાલુકાવાર કેટલા બંધારા બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે બંધારા બાંધવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પુર્ણ થયેલ કામો |
|---|---|---|
| ૧ | અબડાસા | ૮ |
| ૨ | અંજાર | ૨ |
| ૩ | ભચાઉ | ૭ |
| ૪ | માંડવી | ૯ |
| ૫ | મુન્દ્રા | ૯ |
| ૬ | લખપત | ૨ |
| ૭ | રાપર | ૨ |
| | કુલ :- | ૩૯ |

(૨) ક્યાં ક્યાં ?

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | બંધારાનું નામ | ગામનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | રૂક્માવતી ટી. | માંડવી | માંડવી |
| ૨ | સંઘડ બંધારા | સંઘડ | અંજાર |
| ૩ | લાકડાવાંઢ બંધારા | લાકડાવાંઢ | રાપર |
| ૪ | બેલાવાંઢ બંધારા | બેલાવાંઢ | અબડાસ |
| ૫ | લઠેડી | લઠેડી | અબડાસ |
| ૬ | બુડીયા | બુડીયા | અબડાસ |
| ૭ | કડોલી | કડોલી | અબડાસ |
| ૮ | ખુઅડા | ખુઅડા | અબડાસ |
| ૯ | ચરોપડી | મોહાડી | અબડાસ |
| ૧૦ | ધુવઇ | ધુવઇ | અબડાસ |
| ૧૧ | ગુનાઉ | ગુનાઉ | અબડાસ |
| ૧૨ | મોડવદર | મોડવદર | અંજાર |
| ૧૩ | વાંઢીયા | વાંઢીયા | ભચાઉ |
| ૧૪ | મોટી ચીરઇ | મોટી ચીરઇ | ભચાઉ |
| ૧૫ | નાની ચીરઇ | નાની ચીરઇ | ભચાઉ |
| ૧૬ | આમલીયારા | આમલીયારા | ભચાઉ |
| ૧૭ | જંગી | જંગી | ભચાઉ |
| ૧૮ | લાખાપર | લાખાપર | ભચાઉ |
| ૧૯ | ભચાઉ | ભચાઉ | ભચાઉ |
| ૨૦ | કોરીક્રીક (ગુનેરી) | ગુનેરી | લખપત |
| ૨૧ | નારાયણ સરોવર | નારાયણ | લખપત |
| ૨૨ | નાના ભાડીયા | નાના ભાડીયા | માંડવી |
| ૨૩ | બાડા | બાડા | માંડવી |
| ૨૪ | ગુંદીયાલી | ગુંદીયાલી | માંડવી |
| ૨૫ | બાંભડાઇ | બાંભડાઇ | માંડવી |
| ૨૬ | મોટા લાયજા | મોટા લાયજા | માંડવી |
| ૨૭ | મોડકુબા | મોડકુબા | માંડવી |
| ૨૮ | પાંચોટીયા | પાંચોટીયા | માંડવી |
| ૨૯ | ભારાપર | ભારાપર | માંડવી |
| ૩૦ | ધ્રબ | ધ્રબ | મુન્દ્રા |
| ૩૧ | કાંડાગરા | નાની ખાખર | મુન્દ્રા |
| ૩૨ | લુણી | લુણી | મુન્દ્રા |
| ૩૩ | ભદ્રેશ્વર | ભદ્રેશ્વર | મુન્દ્રા |
| ૩૪ | કુકડસર | હટડી | મુન્દ્રા |
| ૩૫ | નવીનાળ | ભુજપુર | મુન્દ્રા |

| | | | |
|---|---|---|---|
| ૩૫ | નવીનાળ | ભુજપુર | મુન્દ્રા |
| ૩૬ | જરપરા | જરપરા | મુન્દ્રા |
| ૩૭ | વાંઢ | વાંઢ | મુન્દ્રા |
| ૩૮ | મુન્દ્રા | મુન્દ્રા | મુન્દ્રા |
| ૩૯ | નવાગામ (માણાબા) | માણાબા | રાપર |

------------

**લુણાવાડા અને શહેરા તાલુકાના સી.એચ.સી અને પી.એચ.સી.ના મંજૂર મહેકમ**

૮૨૦૭ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૩/૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરા અને લુણાવાડા તાલુકામાં સી.એચ.સી અને પી.એચ.સીમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કઈ કઈ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે. અને

(૩) ઉક્ત જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તાલુકાવાર મંજુર મહેકમ નીચે મુજબ છે.

| શહેરા | | લુણાવાડા | |
|---|---|---|---|
| સી.એચ.સી. | પી.એચ.સી, | સી.એચ.સી. | પી.એચ.સી, |
| ૨૯ | ૫૪ | ૨૭ | ૫૪ |

પી.એચ.સી. ખાતેની સી. ક્લાર્કની ૧૨ જગ્યાઓ બ્લોક હેલ્થ ઓફીસ ખાતે તબદીલ કરવામાં આવેલ છે.

(૨) પત્રક-અ અને બ સામેલ છે.

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ની જગ્યાઓની કામગીરી કાર્યભારણ તથા સરકારશ્રીની પ્રવર્તમાન નિતિ અનુસાર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી લેવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૩ અને ૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત હસ્તકની છે.

સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને તા. ૧૮-૩-૦૬ થી માંગણા પત્રક મોકલવામાં આવેલ છે.મંડળ તરફથી ઉમેદવારો ફાળવેથી ભરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યના પ્રત્યેક સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. એન.આર.એચ.એમ. હેઠળ આ સમિતિને સરકારશ્રી દ્વારા નાણાંકીય સહાય રૂા. ૧.૦૦ લાખ લેખે પ્રત્યેક કેન્દ્રને આપવામાં આવે છે, જેમાંથી જે તે સા.આ. કેન્દ્ર તથા પ્રા.આ. કેન્દ્ર ખાતે જરૂરીયાત મુજબ સ્થાનિક કક્ષાએથી આઉટસોર્સથી ઉમેદવારો રાખી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક-અ**

| **અ.નં.** | **સંવર્ગ** | **સી.એચ.સી. વાર ખાલી જગ્યાની સંખ્યા અને તારીખ** | | | |
|---|---|---|---|---|---|
| | | **શહેરા** | | **કોઠંબા તા. લુણાવાડા** | |
| | | **સંખ્યા** | **તારીખ** | **સંખ્યા** | **તારીખ** |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૧૭-૨-૨૦૦૯ | ૧ | ૭-૧-૨૦૦૬ |
| ૨ | એક્સ-રે ટેક્ની. વર્ગ-૩ | | | ૧ | ૧-૩-૨૦૦૦ |
| ૩ | ઓપ્થેલ્મીક આસીસ્ટન્ટ | | | ૧ | ૧૭-૬-૨૦૦૮ |
| ૪ | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૧-૪-૨૦૦૮ | ૧ | ૧-૩-૨૦૦૦ |
| ૫ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૫-૧-૧૯૮૯ | ૧ | ૧-૩-૨૦૦૦ |
| ૬ | વોર્ડબોય વર્ગ-૪ | | | ૧ | ૪-૮-૨૦૦૪ |

| **અ.નં.** | **સંવર્ગ** | **સી.એચ.સી. વાર ખાલી જગ્યાની સંખ્યા અને તારીખ** | | | |
|---|---|---|---|---|---|
| | | **શહેરા** | | **કોઠંબા તા. લુણાવાડા** | |
| | | **સંખ્યા** | **તારીખ** | **સંખ્યા** | **તારીખ** |
| ૭ | આયા વર્ગ-૪ | ૧ | ૭-૬-૨૦૦૮ | | |
| ૮ | સ્વીપર વર્ગ-૪ | | | ૧ | ૧-૩-૨૦૦૦ |
| ૯ | પાર્ટ ટાઇમ સ્વીપર વર્ગ-૪ | ૨ | ૧૨-૩-૨૦૦૯ | ૧ | ૧-૭-૨૦૦૪ |
| ૧૦ | પાર્ટ ટાઇમ વોચમેન વર્ગ-૪ | ૧ | ૧૮-૧-૨૦૦૦ | | |
| | કુલ : | ૭ | | ૮ | |

**પત્રક-બ**

| **અ.નં.** | **સંવર્ગ** | **પી.એચ.સી. વાર ખાલી જગ્યાની સંખ્યા અને તારીખ** | | | |
|---|---|---|---|---|---|
| | | **શહેરા** | | **લુણાવાડા** | |
| | | **સંખ્યા** | **તારીખ** | **સંખ્યા** | **તારીખ** |
| ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૦ | | ૦ | |
| ૨ | લેબોરેટરી ટેક્નીશીયન વર્ગ-૩ | ૦ | | ૧ | ૧૩-૧૨-૨૦૦૭ |
| ૩ | જુનિયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૩ | ૨૯-૧૦-૨૦૦૧<br>૧૮-૫-૨૦૦૮<br>૨૧-૬-૨૦૦૦ | ૪ | ૨-૭-૨૦૦૮<br>૨૧-૭-૨૦૦૪<br>૨-૧૧-૨૦૦૬<br>૧૩-૩-૨૦૦૭ |
| ૫ | ડ્રાઇવર વર્ગ-૩ | ૧ | ૧૮-૫-૨૦૦૮ | ૧ | ૦૭-૧૦-૨૦૦૧ |
| ૬ | વોર્ડબોય વર્ગ-૪ | ૧ | ૧૦-૦૫-૨૦૦૫ | ૩ | ૧-૪-૨૦૦૫<br>૧૩-૩-૨૦૦૭<br>૧૯-૪-૨૦૦૪ |
| ૭ | આયા વર્ગ-૪ | ૧ | ૦૯-૦૩-૨૦૦૮ | ૫ | ૬-૪-૧૯૮૯<br>૬-૪-૧૯૮૯<br>૬-૧૦-૨૦૦૧<br>૧૩-૪-૨૦૦૬<br>૩-૫-૨૦૦૫ |
| ૮ | સ્વીપર પાર્ટ ટાઇમ | ૦ | | ૦ | |
| | કુલ : | ૬ | | ૧૪ | |

------------

**આદિજાતિ વિસ્તારની હોસ્પિટલોમાં એક્સ-રે મશીનો પૂરાં પાડવા બાબત**

૭૧૨૪ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં સરકારે આદિજાતિ વિસ્તારમાં કઈ કઈ હોસ્પિટલોમાં કેટલા એક્સ-રે મશીનો પૂરા પાડ્યા,

**જવાબ**

(૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં આદિજાતિ વિસ્તારમાં નીચે મુજબ આઠ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીન પુરા પાડવામાં આવેલ

| ક્રમ | જીલ્લો | તાલુકો | સી.એચ.સી.નું નામ |
|---|---|---|---|
| ૧ | પંચમહાલ | મોરવા | મોરા |
| ૨ | વડોદરા | પાવી-જેતપુર | જંબુગામ |
| ૩ | બનાસકાંઠા | અમીરગઢ | અમીરગઢ |
| ૪ | વલસાડ | ધરમપુર | પીંડવલ |
| ૫ | સુરત | કામરેજ | કામરેજ |
| ૬ | દાહોદ | ફતેપુરા | સુખસર |
| ૭ | નવસારી | નવસારી | અંબાડા |
| ૮ | સાબરકાંઠા | ખેડબ્રહમા | પોશીના |

(૨) તે અંગે કેટલો ખર્ચ થયો, અને

(૨) તે માટે કુલ રૂા. ૯,૫૬,૮૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) આવા એક્સ-રે મશીનો ફાળવ્યા પછી એક્સ-રે ટેક્નીશીયનોની કેટલી જગ્યા ખાલી છે ?

(૩) સાત એક્સ-રે ટેક્નીશીયનની જગ્યા ખાલી છે ત્યાં પ્રતિનિયુક્તિ ઉપર કર્મચારીને મુકી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે છે.

------------

**અમદાવાદ સિવીલ હોસ્પિટલના ગાયનેક વિભાગના ઓપરેશન થીયેટરમાં એ.સી.ની સુવિધા બાબત**

૮૧૬૪ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગના ઓપરેશન થીયેટરમાં તથા પોસ્ટ ઓપરેટીવ વિભાગમાં એર કંડીશનની સુવિધા નથી એ હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત બન્ને સ્થળે એ.સી.ની સુવિધા સરકાર ક્યાં સુધીમાં પૂરી પાડવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી. ચાર ગાયનેક ઓપરેશન થીયેટરો અને પોસ્ટ ઓપરેટીવ વોર્ડમાં એર કંડીશનરની વ્યવસ્થા ગોઠવાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કચ્છ જિલ્લામાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ માટે બંધારા**

૮૨૪૧ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ માટે તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ કેટલા બંધારાના કામો ચાલુ છે,

(૨) ઉક્ત કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) તેનાથી કચ્છ જિલ્લાને શું ફાયદો થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં હાલે ૮ કામો પ્રગતિ હેઠળ છે.

(૨) આ ૮ પ્રગતિ હેઠળના કામો પૈકી ૬ કામો નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦માં તથા ૨ કામો વર્ષ-૨૦૧૦ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) આ યોજના હેઠળના તમામ બંધારાના કામો પૂર્ણ થયે રીચાર્જીંગની તબક્કાવાર પ્રક્રિયાથી અંદાજે ૧,૫૦,૦૦૦ હેક્ટર જમીન ક્ષાર મુક્ત થશે તથા અંદાજે ૨૯,૦૦૦ હેક્ટર જમીનને સીધો કે આડક્તરો સિંચાઇનો લાભ મળશે.

------------

**વિલસન હીલના વિકાસ માટે સરકારે ફાળવેલ ગ્રાન્ટ**

૭૪૦૯ **શ્રી જીતુભાઈ ચોધરી**(મોટા પોંઢા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પ્રવાસન સ્થળ વિલસન હીલનો વિકાસ કરવા માટે સરકાર દ્વારા સને ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ રકમ પૈકી કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પ્રવાસન સ્થળ વિલસન હિલનો વિકાસ કરવા માટે સરકાર દ્વારા સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કોઇ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૨) લાગુ પડતું નથી.

------------

**ઝુજ ડેમ સિંચાઈ વિસ્તાર**

૮૧૯૦ **શ્રી છનાભાઈ ચોધરી**(ધરમપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલ ઝુજ ડેમનો સિંચાઈ વિસ્તાર કેટલા હેક્ટર છે.

(૨) ઉક્ત સિંચાઈ વિસ્તાર પૈકી હાલ કેટલા વિસ્તારને સિંચાઈની સુવિધા મળે છે, અને

(૩) બાકી રહેતા વિસ્તારને ક્યારે સિંચાઈની સુવિધા આપવા માગો છો ?

**જવાબ**

(૧) સિંચાઇ વિસ્તાર ૪૧૮૦ હેક્ટર છે.

(૨) ૨૨૪૨ હેક્ટર વિસ્તારમાં સુવિધા મળે છે.

(૩) આગામી ત્રણ વર્ષમાં તબક્કાવાર સિંચાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

------------

**"સ્વાઈન ફ્લુ"નો ફેલાવો અટકાવવા સરકાર દ્વારા લેવાયેલ પગલાં**

૭૪૬૯ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ**(આણંદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં "સ્વાઈન ફ્લુ"નો ફેલાવો અટકાવવા સરકાર દ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે વાત સાચી છે.

(૨) જો હા, તો તા. ૩૧/૫/૦૯ની સ્થિતિએ કેટલા કેસોનું સ્ક્રીનીંગ કર્યું, અને

(૩) તે પૈકી કેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવે છે. જે તારીખ ૩૧-૫-૦૯ના રોજ કુલ-૨૩૨૨૬ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે.

(૩) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવતાં એક પણ સ્વાઇન ફ્લ્યુનો શંકાસ્પદ કેસ મળેલ નથી.

------------

**કચ્છ જિલ્લામાં ભૂકંપ પછી રચાયેલ એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી બાબત**

૮૨૨૮ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂકંપ પછી રચાયેલ ભૂજ, અંજાર, ભચાઉ અને રાપર વિસ્તારની એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટીની પાંચ વર્ષની મુદત પૂરી થયા પછી પણ આ ઓથોરીટીની કામગીરી ચાલુ રાખવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) ઉક્ત ઓથોરીટીઓ પાછળ તા. ૬-૬-૨૦૦૯ ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં થયેલ ખર્ચ સામે અપાયેલ સેવા/ફી(ચાર્જિઝ) અન્વયે વર્ષવાર કેટ કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) ભૂકંપ પછી રચાયેલ ભૂજ, અંજાર, ભચાઉ અને રાપર વિસ્તારની એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટીની કોઇપણ પ્રકારની મુદત નક્કી કરવામાં આવેલ નથી. વધુમાં હાલ આ ચારેય ઓથોરીટીઓ કાર્યરત છે.

(૨) ઉક્ત ઓથોરીટી પાછળ તા. ૬-૬-૨૦૦૯ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં થયેલ ખર્ચ સામે અપાયેલ સેવા/ફી (ચાર્જિઝ) અન્વયે વર્ષવાર નીચે મુજબ આવક થયેલ છે.

| **વર્ષ** | **થયેલ ખર્ચ રૂા.** |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૩૧,૫૩,૫૧,૨૦૧ |
| ૨૦૦૭-૦૮ | ૫,૭૬,૫૮,૮૧૨ |
| ૨૦૦૮-૦૯ | ૨,૫૨,૧૯,૮૧૪ |

| **વર્ષ** | **થયેલ આવક રૂા.** |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૩,૯૧,૯૫,૯૪૧ |
| ૨૦૦૭-૦૮ | ૩,૨૨,૧૩,૨૨૩ |
| ૨૦૦૮-૦૯ | ૨,૭૬,૨૩,૩૪૫ |

------------

**"ચિરંજીવી યોજના" અંતર્ગત પ્રસુતિની ટકાવારી**

૭૪૬૫ **શ્રી રાજશીભાઈ જોટવા** (સોમનાથ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચિરંજીવી યોજના અંતર્ગત તા. ૩૧/૫/૦૯ની

**જવાબ**

(૧)

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સંસ્થાકીય પ્રસૂતિની ટકાવારી કેટલી, અને

| વર્ષ | સંસ્થાકીય પ્રસુતિની ટકાવારી | ચિરંજિવી યોજનાની સંસ્થાકીય પ્રસુતિની ટકાવારી |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૭૭.૮૩ | ૧૩.૧૫ |
| ૨૦૦૮-૦૯ | ૮૨.૦૪ | ૧૬.૧૮ |

(૨) ઉક્ત ટકાવારી વધારવા અને યોજનાને વધુ દ ાનિષ્ઠ બનાવવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) સંસ્થાકીય પ્રસુતીનું પ્રમાણ વધારવા માટે સરકારે ચિરંજિવી યોજના ઉપરાંત

- ૫૭૭૫ સ્ત્રી આરોગ્ય કાર્યકરોને સ્કીલ બર્થ એટેન્ડન્ટની તાલીમ આપવામાં આવેલ છે.
- રાજ્યમાં ૩૩૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ૨૪x૭ કાર્યરત કરવામાં આવેલ છે. તે માટે સ્ટાફ નર્સ, ડોક્ટર અને અન્ય સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- પ્રસુતિ માટે મહિલાઓને સંસ્થામાં લઇ જવા ૧૦૮ ઇનરજન્સી સેવાઓની મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.
- સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી તથા પેરામેડીકલ સ્ટાફને પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે.
- રાજ્યમાં ૬૦૦ તબીબી અધિકારીને બેઝીક ઇમરજન્સી ઓબ્સ્ટ્રેટ્રીક કેરની તાલીમ તથા ૫૦ તબીબી અધિકારીઓને સીઝેરીયન ઓપરેશન માટે ૮૦ તબીબી અધિકારીઓને સીઝેરીયન એનેસ્થેસીયાની તાલીમ આપેલ છે. જે જો દી બનાવી સરકારી સંસ્થાઓ પ્રસુતિનું પ્રમાણ વધારવામાં અગ્ર ભાગ ભજવે છે. પોસ્ટ બેઝીક મીડવાઇફરી નર્સીંગ તાલીમ રાજ્યમાં પ્રથમવાર ચાલુ કરવામાં આવેલ છે અને તે પુર્ણ થયા બાદ ઉક્ત પરીચારીકાઓ સરકારી સંસ્થાઓમાં પ્રસુતિ કરાવશે.

------------

**દાહોદ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ મંજૂર કૂવા**

૭૨૪૨**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા કૂવા મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) સ્વજલધારા યોજના નહી પરંતુ સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ નીચેની વિગતે કુવા મંજૂર કરવામાં આવ્યા છે.

| અનુ. | તાલુકો | કુવાની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૩ |
| ૨ | ગરબાડા | ૧૧ |
| ૩ | લીમખેડા | ૬૬ |
| ૪ | દેવગઢ બારીયા | ૦૯ |
| ૫ | ધાનપુર | ૫૫ |
| ૬ | ઝાલોદ | ૧૧૦ |
| ૭ | ફતેપુરા | ૩૪ |
| | કુલ : | ૩૧૮ |

(૨) તે પેકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) ૫૯ કુવા પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) કેટલા પ્રગતિમાં છે અને કેટલા બાકી છે ?

(૩) ૧૯૫ કુવાના કામ પ્રગતિમાં છે અને ૬૪ કુવા બાકી છે.

**આણંદ જિલ્લા માટે સિવિલ હોસ્પિટલની મંજૂરી બાબત**

૭૪૦૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કોઈ ગ્રાન્ટ ફાળવેલ છે કે કેમ, | (૨) સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં રૂ. ૨૦.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) કેટલા સમયમાં હોસ્પિટલ શરૂ થશે, અને | (૩) જમીન મળ્યેથી બનતી ત્વરાએ. |
| (૪) હોસ્પિટલ શરૂ થવામાં વિલંબના શા કારણો છે ? | (૪) જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |

-------------

**ચિરંજીવી યોજના અંતર્ગત થયેલ પ્રસૂતિઓ**

૭૪૫૯ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચિરંજીવી યોજના અંતર્ગત ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રસૂતિ કરાવવામાં આવી, | (૧) ૨,૪૭,૩૬૪ પ્રસુતિ કરાવવામાં આવેલ છે. |
| (૨) ડોક્ટરોને કેટલી સહાય ચુકવવામાં આવી, અને | (૨) રૂ. ૪૦,૬૯,૨૬,૦૨૦/- ની સહાય ચુકવવામાં આવી. |
| (૩) સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ વધારવા સરકાર શું કરવા માંગે છે ? | (૩) સંસ્થાકીય પ્રસુતિનું પ્રમાણ વધારવા માટે સરકારે ચિરંજીવી યોજના ઉપરાંત, |

* ૫૭૭૫ સ્ત્રી આરોગ્ય કાર્યકરોને સ્કીલ બર્થ એટેન્ડન્ટની તાલીમ આપવામાં આવેલ છે.
* રાજ્યમાં ૩૩૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ૨૪ x ૭ કાર્યરત કરવામાં આવેલ છે. તે માટે સ્ટાફ નર્સ, ડોક્ટર અને અન્ય સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
* પ્રસુતિ માટે મહિલાઓને સંસ્થામાં લઈ જવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવાઓનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.
* સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી તથા પેરામેડીકલ સ્ટાફને પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે.
* રાજ્યમાં ૬૦૦ તબીબી અધિકારીને બેઝીક ઈમરજન્સી ઓબ્સ્ટ્રેટીક કેરની તાલીમ તથા ૫૦ તબીબી અધિકારીઓને સીઝેરીયન એનેસ્થેસીયાની તાલીમ આપેલ છે. જે જોડી બનાવી સરકારી સંસ્થાઓમાં પ્રસુતિનું પ્રમાણ વધારવા અગ્ર ભાગ ભજવે છે.
* પોસ્ટ બેઝીક માડવાઈફરી નર્સીગ તાલીમ રાજ્યમાં પ્રથમ વાર ચાલુ કરવામાં આવેલ છે. અને તે પૂર્ણ થયા બાદ ઉક્ત પરિચારીકાઓ સરકારી સંસ્થાઓમાં પ્રસુતિ કરાવશે.

**સપડા સિંચાઈ યોજનાનું વધારાનું પાણી સંગ્રહવા બાબત**

૭૨૩૮ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર તાલુકાની સપડા સિંચાઈ યોજનામાં દર વર્ષે ઓવરફ્લોથી પાણી દરીયામાં જતું રહે છે તે | (૧) હા, જી. |

હકીકત સરકાર જાણે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત યોજનાના વેસ્ટ વીયરની બાજુના વીજરખી ડેમમાં કેનાલ કરી ઉક્ત ઓવરફ્લો થતા પાણીને વીજરખી ડેમમાં નાખવાથી દરિયામાં વહી જતા પાણીનો સંગ્રહ થાય તેમ છે, તે હકીકત પણ સરકાર જાણે છે,

(૨) હા, જી.

(૩) જો હા, તો ઉક્ત સમસ્યાના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) અને (૪) તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ વ્યવહારૂ જણાએ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

-------------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દી માટે ફી માફી બાબત**

૭૭૫૪ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ફી માફી માટે ગરીબ લોકો પાસે પુરાવા તરીકે બી.પી.એલ. કાર્ડની માંગણી કરવામાં આવે છે જે સરકારે રદ કર્યા હોવાથી ગરીબ દર્દીઓ તે રજૂ કરી શકતા નથી અને ફી માફી મેળવી શકતા નથી તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) ના, જી. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંપૂર્ણ સારવાર મફત આપવામાં આવે છે. પરંતુ સરકારશ્રીએ/રોગી કલ્યાણ સમિતીએ અમુક સારવારને લગતા પરીક્ષણો માટે ચાર્જ નક્કી કરેલ છે. જેમાં ફી માફી માટે બી.પી.એલ. કાર્ડની માંગણી કરવામાં આવે છે. ગરીબ નિરાધાર કે જરૂરીયાતમંદ દર્દીઓને પરીક્ષણ ચાર્જમાંથી મુક્તિ આપવા તબીબી અધિક્ષકશ્રી દ્વારા વિવેકબુધ્ધિ પૂર્વક નિર્ણય લેવામાં આવે છે.

(૨) જો હા, તો ગરીબ દર્દીઓ ફી માફી મેળવી શકે તે માટે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નગરપાલિકા માટે સફાઈવેરાની વસૂલાત સામે ખાસ પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની યોજના**

૮૨૫૬ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર તરફથી નગરપાલિકાઓ માટે સફાઈવેરાની વસૂલાત સામે ખાસ પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની કોઈ યોજના અમલમાં છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો છેલ્લા નાણાકીય વર્ષમાં સરકારે કેટલી રકમ સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે નગરપાલિકાને ચૂકવેલ છે ?

(૨) રૂા. ૫,૨૨,૨૯,૧૭૭/-

-------------

**ભરૂચ જિલ્લામાં કાર્યરત પી.એચ. સી., સી. એચ. સી. અને આયુર્વેદિક દવાખાના**

૭૩૧૨ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને આયુર્વેદિક દવાખાનાઓ કાર્યરત છે,

**જવાબ**

(૧) તાલુકાવાર કાર્યરત સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને આયુર્વેદીક દવાખાનાની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | સા.આ.કેન્દ્ર | પ્રા.આ.કેન્દ | આયુર્વેદિક દવાખાના |
|---|---|---|---|
| આમોદ | ૧ | ૩ | -- |
| જંબુસર | ૧ | ૫ | ૨ |
| વાગરા | ૧ | ૩ | ૨ |
| વાલીયા | ૧ | ૬ | ૨ |
| ઝગડીયા | ૧ | ૮ | ૪ |
| હાંસોટ | ૧ | ૨ | ૨ |
| ભરૂચ | ૧ | ૬ | ૨ |
| અંકલેશ્વર | ૦ | ૫ | ૧ |

(૨) ઉક્ત કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે, અને કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને આયુર્વેદિક દવાખાનાઓમાં સંવર્ગ વાર મંજૂર

અને ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | આયુર્વેદિક દવાખાના | |
|---|---|---|---|---|---|---|
| | મંજુર | ખાલી | મંજુર | ખાલી | મંજુર | ખાલી |
| વર્ગ-૧ | ૦૭ | ૦૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| વર્ગ-૨ | ૧૯ | ૦૩ | ૩૮ | ૦૦ | ૧૫ | ૯ |
| વર્ગ-૩ | ૧૦૧ | ૨૨ | ૧૧૪ | ૫૧ | ૮ | ૨ |
| વર્ગ-૪ | ૭૯ | ૧૭ | ૧૫૨ | ૩૮ | ૯ | ૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓની ક્રામગીરી કાર્યભારણ તથા સરકારશ્રીની પ્રવર્તમાન નિતિ અનુસાર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી લેવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓ જિલ્લા પંચાયત હસ્તકની હોઈ સબંધિત જિલ્લા પંચાયત દ્વારા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોકલી આપેલ છે. જેમના તરફથી ઉમેદવારો ફાળવેથી ભરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આયુર્વેદિક દવાખાનાઓમાં મેડીકલ ઓફીસર (આયુર્વેદ) વર્ગ-૨ની ૧૮૧ જગ્યાઓ ખાલી છે. તે પેકી ૬૮ જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણી પત્રક મોકલવામાં આવેલ છે અને આયોગ દ્વારા જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને બાકી રહેતી ૧૧૩ ખાલી જગ્યાઓ એડહોક ધોરણે ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે.

કંમ્પાઉન્ડર વર્ગ-૩ની ખાલી જગ્યાઓ નાણાં વિભાગ તરફથી મંજુરી મળેથી ગોણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત આપીને ભરવામાં આવશે.

વર્ગ-૪ની ખાલી જગ્યાઓ આઉટસોર્સીગથી ભરવા માટેની કાર્યવાહી હાથ ધરેલ છે.

-------------

## વડોદરા જિલ્લામાં કાંસની સુધારણા

૮૨૬૦ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કાંસની કેટલી સુધારણા કરવામાં આવી, અને

(૨) ઉક્ત સુધારણા પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) આ સમયગાળા દરમ્યાન કોઈ કાંસની સુધારણા કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## અમદાવાદ ખાતેની મણીબેન આયુર્વેદ હોસ્પિટલના વિકાસ બાબત

૭૪૬૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતેની મણીબેન આયુર્વેદ હોસ્પિટલને મોડેલ આયુર્વેદ હોસ્પિટલ તરીકે સરકાર વિકસાવવા માંગે છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે,

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ અંગે વર્ષ ૨૦૦૯-૧૦ના વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ રૂા. ૯૦.૦૦ લાખની જોગવાઈ કરવા નવી બાબત રજુ કરેલ છે.

(૩) ઉક્ત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થશે, અને

(૩) આ અંગેની નવી બાબતને વહીવટી મંજુરી મળ્યા બાદ રૂા. ૯૦.૦૦ લાખ પી.આઈ.યુ. ના હવાલે મૂકી કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે. પી.આઈ.યુ. દ્વારા પ્લાન એસ્ટીમેન્ટ રજુ થયા બાદ ઉક્ત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થશે તે નિર્ણિત થશે.

(૪) કેટલા સમયમાં ઉક્ત કામગીરી પૂરી કરવામાં આવશે ?

(૪) ઉક્ત કામગીરી શક્ય તેટલી વહેલી પૂરી કરવામાં આવશે.

-------------

## બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા રાજ્યો માટે પ્રભારીઓની નિમણૂક

૭૩૧૬ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા ક્યા ક્યા રાજ્યો માટે પ્રભારીઓની નિમણૂક થયેલ છે, | (૧) નિમણૂક થયેલ નથી. |
| (૨) આ પૈકી પ્રભારીઓએ માર્ચ-૨૦૦૮ થી માર્ચ-૨૦૦૯ સુધીમાં ક્યા ક્યા રાજ્યોનો કેટલી વાર પ્રવાસ કર્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત પ્રવાસ પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ અંતગર્ત સુરત મહાનગરપાલીકાના એમ.ઓ.યુ.

૮૨૧૨**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯માં સુરત મહાનગરપાલિકાના માધ્યમથી જે એમ.ઓ.યુ. થયા હતા તે પૈકીનો એક એમ.ઓ.યુ. ૭૦૦ કરોડના રોકાણનો અને ૨૫૦૦ લોકોને રોજગારી પૂરી પાડવાનો ખેત ઉત્પાદન બજાર સમિતિના ચેરમેનશ્રીએ કર્યો હતો તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ઉક્ત પ્રોજેક્ટની કામગીરી એપ્રિલ-૨૦૦૯માં શરૂ કરવાનો એમ.ઓ.યુ. થયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૨) હા, જી. |
| (૩) જો, હા તો ઉક્ત એમ.ઓ.યુ.ના સંદર્ભમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી કામગીરી શરૂ કરવામાં આવી છે કે કેમ? | (૩) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ એ.પી.એમ.સી. દ્વારા કન્સલ્ટન્ટ મારફતે પ્રોજેક્ટના ડિટેઈલ આયોજનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. |

-------------

## કપડવંજ તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજનાનું પાણી લાભાર્થી ગામોને નિયમિત ન મળવા બાબત

૭૫૭૯ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજનાનુ પાણી લાભાર્થી ગામોને નિયમિત ન મળવાનું કારણ શું છે, અને

(૨) લાભાર્થી ગામોના લોકોને પાણી નિયમિત મળે તે માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) કપડવંજ તાલુકાની જૂથ પાણી પુરવઠા યોજનામાં ૮૧ ગામ, તેમાં સમાવિષ્ટ પરા અને કપડવંજ શહેરનો સમાવેશ થયેલ છે. અન્ય તાલુકાના ૬ ગામના ૪૨ ગામ/પરા અને બાલાસિનોર શહેરમાં પાણીની તંગી ઉપસ્થિત થતાં તેનો કપડવંજ તાલુકા માટેની જૂથ યોજનામાં સમાવેશ થતાં પાણીની જરૂરિયાત વધવાથી પંપીંગ મશીનરી ક્ષમતા ઓછી પડે છે અને આ પંપીંગ મશીનરી નવ વર્ષ જેટલી જુની થવાના કારણે તેની કાર્યક્ષમતામાં ઘટાડો થવાથી યોજનાના લાભાર્થી ગામોને પાણી નિયમિત આપી શકાતું નથી.

(૨) (૧) જરૂરિયાત મુજબના ગામ/પરાની આંતરીક વ્યવસ્થા તેમજ હેડવર્કસની પંપીંગ મશીનરી બદલવા માટેની કામગીરી હાથ ધરાઈ રહેલ છે અને જરૂરિયાત મુજબ યોજનાની ક્ષમતા વધારવામાં આવી રહેલ છે.

(૨) કપડવંજ શહેર અને બાલાસિનોર શહેર માટેની અલગ પાણી પુરવઠા યોજનાના કામો શહેરી વિકાસ કાર્યક્રમ હેઠળ પ્રગતિમાં છે અને ચાલુ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ૧૬ ગામ/૨૩ પરામાં ભૂગર્ભ ટાંકા તેમજ આનુસાંગિક કામો પ્રગતિમાં છે.

-------------

## સાબરકાંઠા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર અને ખાલી જગ્યાઓ

૮૨૧૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં આરોગ્ય કેન્દ્ર દીઠ કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને તે પૈકી કેટલી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અન્વયે ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સા.આ.કેન્દ્રનું નામ | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મં | ખા | મં | ખા | મં | ખા | મં | ખા |
| ૧ | મેઢાસણ | ૧ | ૧ | ૩ | ૦ | ૧૯ | ૪ | ૧૯ | ૮ |
| ૨ | મેઘરજ | ૧ | ૧ | ૩ | ૦ | ૧૯ | ૨ | ૨૧ | ૧૨ |
| ૩ | તલોદ | ૧ | ૦ | ૩ | ૦ | ૧૯ | ૨ | ૧૮ | ૮ |
| ૪ | તખતગઢ | ૧ | ૦ | ૨ | ૧ | ૧૫ | ૧ | ૧૦ | ૩ |
| ૫ | વિજયનગર | ૧ | ૧ | ૨ | ૦ | ૧૪ | ૨ | ૧૧ | ૨ |
| ૬ | આમોદરા | ૦ | ૦ | ૨ | ૦ | ૧૨ | ૧ | ૧૦ | ૬ |
| ૭ | ઈડર | ૫ | ૩ | ૪ | ૦ | ૨૬ | ૬ | ૨૨ | ૪ |
| ૮ | ચોરીવાડ | ૧ | ૧ | ૨ | ૦ | ૧૪ | ૧ | ૧૦ | ૨ |
| ૯ | માલપુર | ૧ | ૦ | ૩ | ૦ | ૧૪ | ૨ | ૧૦ | ૪ |
| ૧૦ | રૂપાલ | ૦ | ૦ | ૨ | ૦ | ૧૩ | ૩ | ૧૦ | ૪ |
| ૧૧ | ગાંભોઈ | ૧ | ૧ | ૨ | ૦ | ૧૩ | ૧ | ૯ | ૩ |
| ૧૨ | ધનસુરા | ૧ | ૦ | ૩ | ૦ | ૧૪ | ૦ | ૧૦ | ૨ |
| ૧૩ | ખેડબ્રહ્મા | ૩ | ૨ | ૩ | ૦ | ૨૨ | ૪ | ૨૫ | ૧૦ |
| ૧૪ | પ્રાંતિજ | ૧ | ૧ | ૩ | ૦ | ૧૪ | ૨ | ૧૦ | ૩ |
| ૧૫ | બાયડ | ૦ | ૦ | ૩ | ૦ | ૧૩ | ૧ | ૧૦ | ૬ |
| ૧૬ | પોશીના | ૧ | ૧ | ૨ | ૧ | ૧૪ | ૩ | ૧૦ | ૨ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | વડાલી | ૧ | ૧ | ૩ | ૧ | ૧૨ | ૯ | ૧૦ | ૧૦ |
| | કુલ | ૨૦ | ૧૩ | ૪૫ | ૩ | ૨૬૭ | ૪૪ | ૨૨૫ | ૮૯ |

(૨) ઉક્ત જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૨) વર્ગ-૧ની જ્ગ્યાઓ દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી નિમણુક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વર્ગ-૨ની જ્ગ્યાઓ દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરી એડહોક ધોરણે, મેડીકલ કોલેજો તરફથી ઉત્તીર્ણ થયેલ બોન્ડેડ તબીબોને તથા ફીક્સ પગારથી કરાર બંધ ધોરણે નિમણુંક આપવામાં આવે છે. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જ્ગ્યાઓ ભરવામાં આવશે.

વર્ગ-૩ની ક્લેરીકલ સંવર્ગની તથા પેરામેડીકલ સંવર્ગની જ્ગ્યાઓ ભરવા ગોણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરને માંગણા પત્રક મોકલી આપેલ છે.

વર્ગ-૪ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોને રોગી કલ્યાણ સમિતિમાં રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ પુરા) ની ગ્રાન્ટ આપવામાં આવે છે. જેમાંથી વર્ગ-૪ની ખાલી જ્ગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવાની મંજુરી આપેલ છે. જે અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

-------------

**પંચમહાલ જિલ્લામાં કાર્યરત સી.એચ.સી**

૭૨૬૪ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રો નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રો |
|---|---|---|
| ૧ | ગોધરા | ૨ |
| ૨ | હાલોલ | ૧ |
| ૩ | જાંબુઘોડા | ૧ |
| ૪ | કાલોલ | ૨ |
| ૫ | મોરવા | ૧ |
| ૬ | શહેરા | ૧ |
| ૭ | લુણાવાડા | ૨ |
| ૮ | ઘોઘંબા | ૧ |
| ૯ | કડાણા | ૧ |
| ૧૦ | સંતરામપુર | ૧ |
| ૧૧ | ખાનપુર | ૦ |

(૨) નવા કોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ચાલુ કરવાની સરકારે વિચારણા કરી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો ક્યા ક્યા તાલુકાઓમાં શરૂ કરવામાં આવશે?

(૩) સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર હોય તેવા જરૂરીયાતવાળા તાલુકામાં.

-------------

**ભિલોડા તાલુકાની એસ.કે.-૪ યોજનાની મંજૂરી**

૭૪૩૧ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ગામોને પીવાના પાણી માટેની એસ.કે-૪ યોજના ક્યારે મંજૂર કરવામાં આવી,

(૨) ઉક્ત યોજનામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ શું પ્રગતિ થઈ છે, અને

(૩) ક્યાં સુધીમાં ઉક્ત ગામડાઓને પીવાનું પાણી એસ.કે-૪ યોજના દ્વારા મળશે ?

**જવાબ**

(૧) અને (૨) : યોજના બે ભાગમાં છે.
ભાગ-૧ યોજના ચકાસણી હેઠળ છે.
ભાગ-૨ની યોજના સિંચાઈ વિભાગની પાઈપલાઈનના કામો થયા બાદ કરવામાં આવશે.

(૩) યોજના મંજૂર થયેથી ૨૪ માસમાં પાણી આપવાનું આયોજન છે.

-------------

**જે..એન.યુ.આર.એમ. અંતગર્ત જૂનાગઢ જિલ્લામાં ફાળવેલ રકમ**

૭૦૪૮ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં શહેરોના વિકાસ માટે જવાહરલાલ નહેરૂ અર્બન મિશન હેઠળ રાજ્ય સરકારને મળેલ કેન્દ્રની સહાયમાંથી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં શહેરોના વિકાસ માટે જવાહરલાલ નહેરૂ અર્બન મીશન હેઠળ રાજ્ય સરકારને મળેલ કેન્દ્ર સહાયમાંથી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ન.પા./મહા ન.પા.નું નામ | કામનું નામ | મંજૂર થયેલ પ્રોજેક્ટની રકમ | રાજ્ય સરકારને મળેલ કેન્દ્ર સહાયમાંથી ફાળવેલ રકમ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯- | ૨૦૦૯-૧૦ | કુલ |
| ૧ | જુનાગઢ | પાણી પુરવઠા | ૧૫૩૭.૧૫ | ૩૦૭.૪૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૦૭.૪૩ |
| ૨ | કેશોદ | પાણી પુરવઠા | ૧૦૮૦.૯૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૧૬.૧૯ | ૨૧૬.૧૯ | ૪૩૨.૩૮ |
| ૩ | સુત્રાપાડા | પાણી પુરવઠા | ૬૫૭.૭૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | કુલ | | ૩૨૭૫.૮૬ | ૩૦૭.૪૩ | ૦.૦૦ | ૨૧૬.૧૯ | ૨૧૬.૧૯ | ૭૩૯.૮૧ |
| ૪ | ઉના | આવાસ યોજના | ૧૩૪૪.૪૭ | ૦.૦૦ | ૨૪૧.૮૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૪૧.૮૨ |
| | કુલ | | ૧૩૪૪.૪૭ | ૦.૦૦ | ૨૪૧.૮૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૪૧.૮૨ |
| | ગ્રાન્ડ ટોટલ | | ૪૬૨૦.૩૩ | ૩૦૭.૪૩ | ૨૪૧.૮૨ | ૨૧૬.૧૯ | ૨૧૬.૧૯ | ૯૮૧.૬૩ |

(૨) ફાળવેલ રકમ અન્વયે કેટ કેટલા કામો પૂર્ણ થયા?

(૨) ફાળવેલ રકમ અંતર્ગત કામો હાથ ધરેલ છે. તથા પ્રગતિમાં છે. હાલની સ્થિતિએ કોઈ કામ પૂર્ણ થયેલ નથી.

------------

**ચંદલા ગામે પાણીનો બોર ચાલુ ન કરવા બાબત**

૭૭૬૭ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ચંદલા ગામે પાણી પુરવઠા યોજનાનો બોર છેલ્લા પાંચ વર્ષથી તૈયાર હોવા છતાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં ઉક્ત બોર

**જવાબ**

(૧) ચંદલા ગામે અછત કાર્યક્રમ હેઠળ ૬-૨૦૦૨માં બોર કરેલ ત્યારબાદ વરસાદ પૂરતો થવાથી બોર વાપરવાની જરૂરિયાત પડેલ ન હતી. વર્ષ-૨૦૦૬

ચાલુ નહી કરવાના કારણો શાં છે, અને

તથા ૦૭-૦૮માં જરૂરિયાત ઉપસ્થિત થતાં ગ્રામપંચાયત દ્વારા બોરમાં પંપીંગ મશીનરી ઉતારી બોર ચાલુ કરેલ. હાલમાં, બોર પૂરાઈ જવાથી પંપીંગ મશીનરી ઉતારી શકાય તેમ નથી નવીન બોર સારવાની કામગીરી હાથ પર લેવામાં આવી રહી છે.

(૨) ઉક્ત બોર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂા. ૧૭,૯૮૪/-

------------

## ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો ખર્ચ

૭૫૭૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત ખર્ચ પૈકી એમ્બ્યુલન્સ ખરીદવા કેટલો ખર્ચ થયો અને હાલ કુલ કેટલી એમ્બ્યુલન્સ છે, અને

(૩) ઉક્ત ખર્ચમાં કેન્દ્ર સરકારનો ફાળો કેટલો છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૨૦૯.૧૫ |
| ૨૦૦૮-૦૯ | ૬૬૪૧.૮૩ |
| ૨૦૦૯-૧૦(મે-૦૯) | ૧૨૪૭.૬૯ |

(૨) રૂા. ૪૧૬૨.૯૫ લાખ અને
હાલ ૪૦૨ એમ્બ્યુલન્સ છે.

(૩) એન.આર.એચ.એમ. હેઠળ રાજ્ય સરકારના મળવાપાત્ર ફંડમાંથી યોજનાના એડીશનાલીટી કોમ્પોનન્ટમાંથી રાજ્ય સરકારને યોગ્ય લાગે તે રીતે આરોગ્યને લગતી પ્રજાહિતની યોજના માટે ઉપયોગ કરવાની રાજ્ય સરકારને સ્વતંત્રતા છે. આ ફંડ રાજ્યમાં અકસ્માત/હોનારત/પ્રસુતિની વિડંબણા કે સર્પદંશ જેવી ઘ ટનાથી છેવાડામાં છેવાડાના ખૂણાનો કોઈ નાગરિક સહન ન કરે અથવા મૃત્યુ ન પામે તે હેતુથી રાજ્ય સરકારે આ ફંડ અન્યત્ર પણ ફાળવી શકાયું હોત તેવા ફંડની આ રકમ અગ્રીમતા આપી ૧૦૮ સેવાઓ માટે ફાળવીને એ નાણાંનો ઉપયોગ કર્યો છે. આમ, વાસ્તવમાં એન.આર.એચ.એમ. હેઠળની એડીશનાલીટી કોમ્પોનન્ટની આ રકમ જે રાજ્ય સરકારને અન્ય કોઈપણ કામગીરીમાં ફાળવવાની સ્વતંત્રતા હતી તે રાજ્ય સરકારે આ યોજનામાં વાપરી છે.

------------

## મહી યોજનાનું વધારાનું પાણી સિંચાઈ માટે આપવા બાબત

૭૩૬૮ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના મહુધા-નડિયાદ અને ઠાસરા તાલુકામાં અગાઉ મહી યોજનાનું પાણી અપાતું હતું તેને બદલે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નર્મદા યોજનાનું અપાય છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મહી યોજનાનું વધારાનું પાણી ખેડૂતોને સિંચાઈ માટે આપવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કચ્છ જિલ્લામાં સિંચાઈની સુવિધા વધારવા સરકારની યોજનાઓ

૮૧૨૬ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંચાઈની સુવિધાઓ વધારવા સરકારે કઈ કઈ યોજનાઓ હાથ ધરી છે,

(૨) આના લીધે કેટલા હેક્ટર જમીનમાં સિંચાઈ થાય છે, અને

(૩) ક્યા ક્યા ગામોને લાભ મળે છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંચાઈની સુવિધાઓ વધારવા નીચે મુજબ યોજનાઓ હાથ ધરી છે.

- રૂા. ૯૧૪૧.૨૨ લાખના ખર્ચે ૧૪ બંધારા યોજનાના કામો (જેમાં ૯ બંધારા યોજના પૂર્ણ અને ૫ પ્રગતિમાં છે) (સામેલ પત્રક-૧* મુજબ)
- રૂા. ૩૫૪૦.૦૦ લાખના ખર્ચે ૫૩ મોટી નદીઓ પરના મોટા ચેકડેમ બનાવવાનું કામ પ્રગતિમાં છે. (સામેલ પત્રક-૨* મુજબ
- રૂા. ૧૯૩૦.૦૦ લાખના ખર્ચે ૨૫૪ નાના ચેકડેમોના કામો સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ હાથ ધરેલ છે. (સામેલ પત્રક -૩* મુજબ)

(૨) નીચે જણાવેલ યોજનાઓના લીધે નીચે જણાવ્યા મુજબની જમીનમાં સિંચાઈનો સીધો કે આડક્તરો લાભ થાય છે.

| યોજના | સિંચાઈ વિસ્તાર હેક્ટરમાં |
|---|---|
| ૧૪ બંધારા યોજનાઓથી | ૧૩૦૭૦ હે. |
| ૫૩ મોટી નદી પરનાં ચેકડેમથી | ૪૩૧૮ હે. |
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ૨૫૪ નાના ચેકડેમોથી | ૧૬૫૧ હે. |
| **કુલ :** | **૧૯૦૩૯ હે.** |

(૩) લાભિત ગામોની વિગતો સામેલ પત્રક*-૧થી ૩ મુજબ છે.

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

------------

## માંડવી અને સોનગઢ તાલુકામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા મંજૂર ટાંકીઓ

૭૭૬૪ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭, ૦૭-૦૮ અને ૦૮-૦૯માં સુરત જિલ્લાના માંડવી અને તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં પીવાના પાણીની કેટલી ટાંકીઓ મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી ટાંકીઓ પૂર્ણ થઈ,

(૩) બાકી ટાંકીઓનું કામ ક્યા તબક્કામાં છે, અને

**જવાબ**

(૧) અને (૨)

નીચેની વિગતે કુલ ૬૭ ટાંકીઓ મંજૂર કરવામાં આવી.

| ક્રમ | જિલ્લો | તાલુકો | વર્ષ | | | કુલ ટાંકીઓ | પૂર્ણ થયેલ ટાંકીઓ |
|---|---|---|---|---|---|---|---|
| | | | ૦૬-૦૭ | ૦૭-૦૮ | ૦૮-૦૯ | | |
| ૧ | સુરત | માંડવી | ૯ | ૨ | ૧ | ૧૨ | ૧૦ |
| ૨ | તાપી | સોનગઢ | ૧૩ | ૧૭ | ૨૫ | ૫૫ | ૨૩ |

(૩) માંડવી તાલુકાની ૨ ટાંકીઓનું કામ પ્રગતિમાં છે. સોનગઢ તાલુકાની

૧ ટાંકીનું કામ પ્રગતિમાં છે.

૩૧ ટાંકીઓના ટેન્ડર પાણી સમિતિ દ્વારા પ્રક્રિયા

હેઠળ છે.

(૪) પૂર્ણ થયેલ ટાંકીઓ પેકી કેટલી કાર્યરત છે ?

(૪) માંડવી તાલુકાની ૯ ટાંકીઓ અને સોનગઢ તાલુકાની ૧૭ ટાંકીઓ કાર્યરત છે.

------------

**આણંદ જિલ્લામાં હેન્ડપંપો**

૮૧૬૮ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૮થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા હેન્ડપંપ ગામડાઓમાં બેસાડવામાં આવ્યા,

(૨) ઉક્ત સમયગાળામાં આણંદ જિલ્લામાં તાલુકા-વાર કેટલા હેન્ડપંપ રીપેર કરવામાં આવ્યા, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા હેન્ડપંપ બંધ હાલતમાં છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

| તાલુકો | બેસાડેલ હેન્ડપંપની સંખ્યા | રીપેર કરેલ હેન્ડપંપની સંખ્યા | બંધ હાલતમાં હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|---|
| આણંદ | ૧૪ | ૯૦ | ૦૪ |
| ઉમરેઠ | ૩૦ | ૬૬ | ૦૪ |
| બોરસદ | ૩૧ | ૧૨૯ | ૦૪ |
| આંકલાવ | ૦૬ | ૮૬ | ૦૫ |
| પેટલાદ | ૧૬ | ૧૮૫ | ૧૬ |
| સોજીત્રા | ૧૪ | ૫૦ | ૦૪ |
| ખંભાત | ૨૫ | ૨૩૦ | ૦૯ |
| તારાપુર | - | ૨૬ | ૦૨ |
| કુલ : | ૧૩૬ | ૮૬૨ | ૪૮ |
| **નોંધ :** જિલ્લામાં કુલ ૨૧૧૨ હેન્ડપંપ છે તેમાંથી ૪૮ હેન્ડપંપ બંધ છે. | | | |

------------

**બાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

૮૨૫૨ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારે બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલી રકમ રાજ્યની નગરપાલિકાઓને ફાળવેલ છે ?

**જવાબ**

રાજ્ય સરકારે બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રૂા. ૩,૨૨,૦૦,૦૦,૦૦૦/- (રૂા. ત્રણસો બાવીસ કરોડ) ની રકમ નોડલ એજન્સી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના હવાલે મૂકેલ હતી જે પેકી બોર્ડ તરફથી નગરપાલિકાઓને રૂા. ૨,૪૨,૧૪,૬૬,૨૧૯/- (રૂા. બસો બેતાલીસ કરોડ ચોદ લાખ, છાસઠ હજાર બસો ઓગણીસ) ની રકમ ફાળવવામાં આવેલ છે.

------------

**ઝાલોદ, દાહોદ અને ગરબાડા તાલુકાની નાની સિંચાઈ યોજના માટે ફાળવેલ રકમ**

૭૨૪૩ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૨૦૦૭થી તા. ૩૧-૩-૨૦૦૯ના સમય દરમિયાન દાહોદ જિલ્લાના ઝાલોદ, દાહોદ અને ગરબાડા તાલુકાની નાની સિંચાઈ યોજના હેઠળ કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત ફાળવેલ રકમ ક્યા ક્યા કામ પાછળ ખર્ચવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨)

દાહોદ જીલ્લાના ઝાલોદ, દાહોદ અને ગરબાડા તાલુકાની નાની સિંચાઈ યોજના હેઠળ રાજ્ય બજેટ સદરે કામવાર કે તાલુકાવાર કોઈ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ નથી પરંતુ દાહોદ જીલ્લાની નાની સિંચાઈ યોજના હેઠળના કામો માટે કુલ રૂા. ૬૬૦.૫૦ લાખ ગ્રાન્ટ ફાળવેલ છે. અને ઝાલોદ, દાહોદ અને ગરબાડા તાલુકામાં કુલ રૂા. ૧૦૯.૬૪ લાખનો ખર્ચ થયેલ છે. કામવાર ખર્ચની વિગત સામેલ **પત્રક-અ મુજબ.**

**પત્રક-અ**

| અ. નં. | સદર | તાલુકો | કામનું નામ | ખર્ચ રૂા. લાખમાં | કામની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| **સ્પે. રીપેર્સ** | | | | | |
| ૧ | ૨૭૦૨, એમ.આઈ. પ્લાન, | દાહોદ | સ્પે. રીપેર્સ ટુ ભાટીવાડા સિંચાઈ તળાવ | ૫.૧૩ | પૂર્ણ |

| અ. નં. | સદર | તાલુકો | કામનું નામ | ખર્ચ રૂા. લાખમાં | કામની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| | સ્પે. રીપેર્સ ટુ એમ.આઈ.ટેન્ક | | | | |
| **સેફ સ્ટેજ** | | | | | |
| ૨ | ૨૭૦૨, એમ.આઈ.પ્લાન, સેફ સ્ટેજ વર્ક | દાહોદ | સેફ સ્ટેજ વર્ક્સ ટુ વાંકીયા નિશાળ ફળીયા વિલેજ ટેન્ક | ૬.૫૫ | ભોતિક પૂર્ણ |
| **એફ.ડી.આર.ટુ. ચેક ડેમ** | | | | | |
| ૩ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. આગાવાડા ચેકડેમ | ૦.૪૬ | પૂર્ણ |
| ૪ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. વિજાગઢ ચેકડેમ | ૦.૬૪ | પૂર્ણ |
| ૫ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. લીલર ચેકડેમ | ૦.૮૧ | પૂર્ણ |
| ૬ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. કઠલા (ડામરા) ચેકડેમ | ૨.૧૫ | પૂર્ણ |
| ૭ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. ચોસાલા ચેકડેમ નં. ૧ | ૩.૬૨ | ભોતિક પૂર્ણ |
| ૮ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. ચોસાલા ચેકડેમ નં. ૨ | | ભોતિક પૂર્ણ |
| ૯ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. રળીયાદ્દી ચેકડેમ | ૧.૬૯ | ભોતિક પૂર્ણ |
| ૧૦ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. બાવકા ચેકડેમ | ૨.૦૦ | ભોતિક પૂર્ણ |
| ૧૧ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | દાહોદ | એફ. ડી. આર. ટુ. મુવાલીયા ચેકડેમ | ૪.૬૪ | ભોતિક પૂર્ણ |
| | | | દાહોદ તાલુકા કુલ : | ૨૭.૬૯ | |
| **નવીન ચેક્વોલ** | | | | | |
| ૧ | ૨૭૦૨. એમ.આઈ.પ્લાન, લમ્પ પ્રોવિઝન બિલો રૂા. ૧.૦૦ લાખ | ગરબાડા | નેલસુર ગામે નવીન ચેક્વોલ નં. ૧ બનાવવાનું કામ | ૨.૩૯ | ભોતિક પૂર્ણ |
| ૨ | | ગરબાડા | નેલસુર ગામે નવીન ચેક્વોલ નં. ૧ બનાવવાનું કામ | | ભોતિક પૂર્ણ |
| ૩ | | ગરબાડા | નેલસુર ગામે નવીન ચેક્વોલ નં. ૧ બનાવવાનું કામ | | ભોતિક પૂર્ણ |
| **એફ. ડી. આર. ટુ ચેકડેમ** | | | | | |
| ૪ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ગરબાડા | એફ. ડી. આર. ટુ. છરછોડા ચેકડેમ | ૦.૮૦ | પૂર્ણ |
| ૫ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ગરબાડા | એફ. ડી. આર. ટુ. ગાંગરડા ચેકડેમ | ૧.૨૨ | ભોતિક પૂર્ણ |
| ૬ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ગરબાડા | એફ. ડી. આર. ટુ. ભામાતળાઈ ચેકડેમ | ૩.૪૨ | ભોતિક પૂર્ણ |
| ૭ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ગરબાડા | એફ. ડી. આર. ટુ. અમલોડ ચેકડેમ | ૦.૯૪ | ભોતિક પૂર્ણ |
| | | | ગરબાડા કુલ : | ૮.૭૭ | |
| **સ્પે. રીપેર્સ** | | | | | |
| ૧ | ૨૭૦૨. એમ.આઈ.પ્લાન, સ્પે. રીપેર્સ ટુ એમ. આઈ. ટેન્ક | ઝાલોદ | ફ્લડ ડેમેજ રીપેર્સ ટુ થાળા એમ.આઈ.ટેન્ક | ૧૩.૯૮ | ભોતિક પૂર્ણ |
| ૨ | | ઝાલોદ | ફ્લડ ડેમેજ રીપેર્સ ટુ સુથારવાસા એમ.આઈ.ટેન્ક | ૫.૦૫ | પ્રગતિમાં |
| ૩ | | ઝાલોદ | સ્પે. રીપેર્સ ટુ કાળિયાહીલ સિંચાઈ તળાવ | ૭.૯૩ | પૂર્ણ |
| ૪ | | ઝાલોદ | સ્પે. રીપેર્સ ટુ દેવજીની સરસવાણી સિંચાઈ તળાવ | ૪.૯૧ | પૂર્ણ |

| અ. નં. | સદર | તાલુકો | કામનું નામ | ખર્ચ રૂા. લાખમાં | કામની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૫ | | ઝાલોદ | સ્પે. રીપેર્સ ટુ કારઠ વાંગીવડ સિંચાઈ તળાવ | ૬.૧૩ | ભૌતિક પૂર્ણ |
| **સેફ સ્ટેજ** | | | | | |
| ૬ | ૨૭૦૨, એમ.આઈ.પ્લાન, સેફ સ્ટેજ વર્ક્સ | ઝાલોદ | સેફ સ્ટેજ વર્ક્સ ટુ રૂપાખેડા ક્રિષ્ણા વિલેજ ટેન્ક | ૫.૨૧ | ભૌતિક પૂર્ણ |
| **નવીન ચેક્વોલ** | | | | | |
| ૭ | ૨૭૦૨. એમ.આઈ.પ્લાન, લમ્પ પ્રોવિઝન બિલો રૂા. ૧.૦૦ લાખ | ઝાલોદ | હિરોલા (રંગલી ઘાટી) ગામે નવીન ચેક્વોલ નં. ૯ બનાવવાનું કામ | ૨.૨૫ | ભૌતિક પૂર્ણ |
| ૮ | | | હિરોલા ગામે નવીન ચેક્વોલ નં. ૧૦ બનાવવાનું કામ | | ભૌતિક પૂર્ણ |
| ૯ | | | હિરોલા ગામે નવીન ચેક્વોલ નં. ૧૧ બનાવવાનું કામ | | ભૌતિક પૂર્ણ |
| **એસી-ટીસી સુધરણા** | | | | | |
| ૧૦ | ૪૭૦૨ સી.ઓ.એમ.આઈ.પ્લાન ૨૧૨ મોનીટરીંગ ક્વોલીટી ઓફ વોટર બોડીઝ | ઝાલોદ | ઈમ્પ્રુવમેન્ટ ટુ. એ.સી./ટીસી ટુ સારમારીયા એમ.આઈ.ટેન્ક | ૭.૪૦ | પૂર્ણ |
| **એફ.ડી.આર.ટુ. ચેકડેમ** | | | | | |
| ૧૧ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ વરોડ જટાવા ફળિયા ચેકડેમ | ૧.૩૫ | પૂર્ણ |
| ૧૨ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ ડુંગરી ગાંગી ચેકડેમ | ૦.૬૦ | પૂર્ણ |
| ૧૩ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ સુથારવાસા ચેકડેમ | ૧.૪૨ | પૂર્ણ |
| ૧૪ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ પીપલીયા ચેકડેમ | ૦.૬૮ | પૂર્ણ |
| ૧૫ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ આંબા ચેકડેમ | ૧.૬૪ | પૂર્ણ |
| ૧૬ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ લીમડી ખૂટનખેડા ચેકડેમ | ૧.૨૦ | પૂર્ણ |
| ૧૭ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ નાની હાંડી ચેકડેમ | ૧.૩૦ | પૂર્ણ |
| ૧૮ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ કારઠ ચેકડેમ નં. ૧ | ૨.૨૫ | પૂર્ણ |
| ૧૯ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ રળીયાતીભૂરા ચેકડેમ | ૨.૧૪ | પૂર્ણ |
| ૨૦ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ કારઠ ચેકડેમ નં. ૨ | ૪.૬૫ | ભૌતિક પૂર્ણ |
| ૨૧ | ૪૭૦૨ (મૂડી ખર્ચ જોગવાઈ) | ઝાલોદ | એફ.ડી.આર.ટુ કારઠ ચેકડેમ નં. ૩ | ૩.૦૯ | ભૌતિક પૂર્ણ |
| | | | ઝાલોદ તાલુકાનું કુલ : | ૭૩.૧૮ | |

-----------

**જોડિયા રેફરલ હોસ્પીટલના સ્ટાફ ક્વાર્ટર્સની મરામત**

૭૨૪૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડિયા ગામે રેફરલ હોસ્પિટલના સ્ટાફ ક્વાર્ટસ સન ૨૦૦૧ના ભૂકંપને લીધે જર્જરિત થઈ ગયેલ છે તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ ક્વાર્ટસના સમારકામ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

**જવાબ**

(૧) હા. જી.

(૨) રેફરલ હોસ્પિટલ જોડીયા ખાતે કુલ ૪૪ જુના સ્ટાફ ક્વાર્ટર હતા. જેમાં ભુકંપથી અતિ નુકશાન થતા ૨ સ્ટાફ ક્વાર્ટર્સ ભૂકંપ વખતે જ પડી ગયા હતા. બાકી રહેતા ૪૨ ક્વાર્ટસમાંથી સી-ટાઈપના ૧૭ તથા બી-ટાઈપના ૨ એમ કુલ ૧૯ ક્વાર્ટસ જર્જરિત હોઈ રીપેરીંગ શક્ય ન હતું બાકી રહેતા ૨૩ સ્ટાફ ક્વાર્ટર પી.આઈ.યુ. ધ્વારા ૨૦૦૫માં રીપેર થઈ ગયેલ છે. જેમાં એ ટાઈપના ૨૦ તથા બી-ટાઈપના ૩ સ્ટાફ ક્વાર્ટરનો સમાવેશ થાય

છે.

(૩) તમામ જર્જરિત ક્વાર્ટસને સ્થાને ક્યા સુધીમાં નવા ક્વાર્ટસ બાંધવામાં આવનાર છે ?

(૩) પી.આઈ.યુ. ધ્વારા હોસ્પિટલના કંપાઉન્ડમાં ૨૦૦૬માં કુલ ૭ (સાત) સ્ટાફ ક્વાર્ટસ (બી-ટાઈપ-૪ સી-ટાઈપ-૨ એ-ટાઈપ-૧) યુરોપીયન ક્મિશનના ફંડમાંથી નવા બનાવવામાં આવેલ છે. જેનું બાંધકામ સને ૨૦૦૭માં પૂર્ણ થયેલ છે. જેનો કબજો અધિક્ષકશ્રી, સામુહિક આરોગ્ય કેન્દ્ર, જોડિયાને સોંપવાનો થતો હતો. પરંતુ તે આયુર્વેદ હોસ્પિટલને સોંપવામાં આવેલ છે. સને ૨૦૦૮-૦૯માં રૂા. ૫૦,૦૦,૦૦૦/-ની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાંથી સી-ટાઈપના ૮ સ્ટાફ ક્વાર્ટર બનાવવા માટે પી.આઈ.યુ. સ્તરે કામગીરી ગતિમાં છે. બાકીના ક્વાર્ટસ આગામી નાણાંકીય વર્ષ હેઠળ પ્લાન સીલીંગની મર્યાદામાં જોગવાઈ કરી સ્ટાફ ક્વાર્ટસ બાંધવાનું આયોજન છે.

------------

**મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાની નવી પાઈપ લાઈન અંગે**

૭૩૧૩ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાની મુખ્ય વિતરણ પાઈપ લાઈનો જુની હોવાથી નવીન પાઈપ લાઈન નાખવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) કેટલા સમયમાં તે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) આ યોજના અંતર્ગત આવેલા ૧૯ જેટલા ગામોને પૂરતા પ્રેસરથી પાણી પહોંચતું નથી તે અંગે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) મધ્યબારા જુથ પાણી પુરવઠા યોજનાની અંદાજે ૬૦.૦૦ ક્લિોમીટર બદલવાની થતી પાઈપ લાઈનો પેકી ૩૪.૦૦ ક્લિોમીટર નવી પાઈપ લાઈન નાંખવાનું કામ પૂર્ણ કરેલ છે. જ્યારે ૨૬.૦૦ ક્લિોમીટર પાઈપ લાઈન બદલવાની કામગીરીના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

(૨) માહે-જૂન -૨૦૧૦માં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) હયાત પાઈપ લાઈનના બદલે નવીન પાઈપ લાઈન નાંખવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

------------

**વડોદરા શહેરમાં નહેરુ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત મંજૂર મકાનો**

૮૨૬૧ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ)** : **માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત કુલ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા મકાનોનુ કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) મકાનોનું કામ પૂર્ણ ન થયું હોય તેવા મકાનોની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) વડોદરા શહેરમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત કુલ ૧૨૩૩૨ આવાસો મંજુર કરવામાં આવેલ છે જે પેકીના ૫૬૬૪ આવાસો છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ છે.

(૨) કુલ ૧૨૩૩૨ આવાસો પેકી ૧૫૦૪ આવાસો પૂર્ણ થયેલ છે. મંજૂર થયેલ પ્રોજેકટના કામો અંગે રૂા. ૩૮.૩૨ કરોડનો ખર્ચ થયેલ છે.

(૩) ૧૦૮૨૮ આવાસોનું કામ પ્રગતિમાં છે.

**મહાનગરોમાં બી.આર.ટી. એસ. નો અમલ**

૮૨૫૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના મહાનગરોમાં વધતી-જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે સરકાર દ્વારા બી. આર. ટી. એસ. ની અમલવારી રાજ્યના ક્યા ક્યા મહાનગરોમાં કરવામાં આવનાર છે ?

**જવાબ**

રાજ્યના મહાનગરોમાં વધતી જતી વાહનવ્યવહાર ની સમસ્યાને પહોંચી વળવા માટે સરકાર દ્વારા બી.આર.ટી.એસ.ના આયોજન રાજ્યના અમદાવાદ, સુરત તથા રાજકોટ મહાનગરોમાં કરવામાં આવેલ છે.

------------

**અમદાવાદમાં ગેરકાનુની ગર્ભ પરીક્ષણ કરતા તબીબો**

૮૨૧૩ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ગર્ભ પરીક્ષણ ઉપર પ્રતિબંધ હોવા છતાં અમદાવાદ શહેરમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગેરકાનુની રીતે ગર્ભ પરીક્ષણ કરતાં કેટલાં તબીબોને ક્યા વિસ્તારમાંથી પકડવામાં આવ્યા, અને | (૧) એક તબીબને મણીનગર વિસ્તારમાંથી પકડવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે ઉક્ત ઈસમો સામે શાં પગલાં લેવામાં આવ્યાં ? | (૨) (૧) સોનોગ્રાફી મશીન સીલ કરેલ છે. (૨) મણીનગર પોલીસ સ્ટેશનના ગુન્હા રજિસ્ટરનં.૩૦૮૪, તા. ૨૭-૫-૦૯થી ફરીયાદ નોંધાયેલ છે. |

------------

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કોઈ દ ટના બને તો આપણી પ્રથા મુજબ પ્રશ્નોત્તરી પૂરી થયા પછી તે મુદ્દો ઉપસ્થિત કરવાનો થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક-૬ દરમિયાન અને આપ રેકોર્ડ પણ મંગાવીને જોઈ લેજો. હું મારો મુદ્દો માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પુસ્તક પાના નંબર ૧૨૬ અને તે પુસ્તકના પાના ૩૩૮ નિર્ણય ક્રમાંક: ૪૮૩. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી આરોગ્ય દ્વારા એવું કહેવામાં આવ્યું કે •(xxxx) આ શબ્દો રેકર્ડમાંથી દૂર થવા જોઈએ તે હું આ નિર્ણયના આધાર ઉપર માગણી કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આમાં કોઈ પોઈન્ટ ઓર્ડર ઉભો થતો નથી. અને માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે આ જો કાયદો મને લાગું પડતો હોય તો માનનીય ભૂતપૂર્વ વિરોધ પક્ષના નેતાશ્રીએ આ આખી ચર્ચાની શરૂઆત કરી હતી એટલે શરૂઆત ત્યાંથી થવી જોઈએ. (xxxx) એવું કોઈ કહેવાનો મારો ઈરાદો હોઈ શકે નહીં પણ જ્યારે એવું કહેવામાં આવે છે કે, સ્વાઈન ફલુ અહીંયાથી આવે છે તો સ્વભાવિક રીતે મેં એવું કહ્યું કે સ્વાઈન ફલુની શરૂઆત તો ત્યાંથી થાય, જે કંઈ થાય તે ત્યાંથી થાય છે.

**અધ્યક્ષશ્રી** : આ પોઈન્ટ ઓફ ઓર્ડરની અંદર આપે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો અને મને મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો તેમાં પરિસ્થિતિ એ પેદા થઈ, મને ખબર છે કે શ્રી અર્જુનભાઈએ બેઠા બેઠા વાઈડ બોલ નાંખ્યો અને વાઈડ બોલ રમવા જતાં તમને વિરોધ પક્ષના નેતાશ્રીઓ જે મુદ્દો ઉપસ્થિત કર્યો તે તેમાંથી ઉભો થયો. એટલે વાઈડ બોલ રમવાનો થયો. પણ હું ખૂબ ગંભીરતાપૂર્વક આ પ્રશ્નને લઉં છું કોઈ પણ સરકારની ટીકા કરવી હોય અને વિશેષ કરીને રાજય સરકાર વિશે પણ આપને અર્જુનભાઈ આપે કંઈ કહેવું હોય તો બેઠા બેઠા ક્રોસ ટોક થાય અને તેના જવાબની અંદર જે આવે તે આ સભાગૃહના સાક્ષી રહ્યાં છો. અગાઉના નિર્ણયોમાં ક્રોસ ટોક છે અમે પ્રતિબંધિત ના થાય તે આપે કહ્યું છે પરંતુ જે પ્રશ્ન આવ્યો તેનો તેને જવાબ આપ્યો છે. ..અંતરાય... સરકારની ટીકા થઈ શકે તે હું સ્વીકારું છું પણ સરકારની ટીકા કરવા માટે સમય માંગીને, અધ્યક્ષની પરવાનગી લઈને ઉભાં થઈને આપ કરી શકો પરંતુ જો વારંવાર કરો તો પછી મારે તેને વાઈડ બોલ જ જાહેર કરવો પડે. એટલે શબ્દો હું જોઈ લઈશ કે તે શબ્દો માનનીય મંત્રીશ્રીએ શું વાપર્યા છે અને તે જોયા પછી હું નિર્ણય કરીશ.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોના પત્રક સચિવશ્રીની ચેમ્બરમાં મૂકવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્નોત્તરીની છાપેલ બુક દરરોજ સભ્યશ્રીઓને આપવામાં આવે છે તેમાં અમુક પત્રકો સચિવશ્રીની ઓફિસમાં ઉપલબ્ધ છે તે પ્રકારનું છાપી અને જે મૂળ માહિતી છે તે આ બુકમાં ઉપલબ્ધ નથી હોતી અને તેને કારણે જે પેટા પ્રશ્નો ઉદ્ભવતાં હોય છે તે મૂળ માહિતીના આધારે જ પેટા પ્રશ્નો ઉદ્ભવતાં હોય છે. પરંતુ મૂળ માહિતી જ માનનીય અધ્યક્ષશ્રી ગૃહમાં રજૂ થતી હોતી નથી અને તેને કારણે આ પ્રશ્નનો જવાબ સભ્યશ્રીઓને જ્યાં સુધી પ્રશ્નોત્તરી પૂરી ના થાય ત્યાં સુધી મળતો હોતો નથી. અને માનનીય અધ્યક્ષશ્રી હું આપના મારફતે વિનંતી જ કરવા માંગુ છું કે આ બે-ત્રણ-ચાર પાનાથી વધારે કોઈ દિવસ એક પ્રશ્નોત્તરીમાં આવી માહિતી હોતી નથી. આપણે આ જે બુક છાપીએ છીએ તે ૮૫ પેઈજની બુક તો છાપી છે. તો બીજા દસ પંદર પેઈઝ, આજે તો એકેય નથી, પણ સામાન્ય રીતે બીજા પાંચ-દસ પેઈઝથી વધારે પેઈઝ ઉપલબ્ધ હોતા નથી. છાપવા પડતા નથી. હું આપને એ વિનંતી કરું છું કે મૂળ બૂકની સાથે જ એ પૂરવણી આવવી જોઈએ. અને જો મૂળ બૂકની સાથે ન આપી શકાય તેમ હોય તો ૧૮૨ જે પત્રકો છે એ તો બહુ સહેલાઈથી આપી શકાય તેમ છે. અને એનાથી આગળ જઈને કહું કે અમારે માહિતીની ખૂબ જરૂર હોય છે, એટલે એમાં ખર્ચનો સવાલ હોય તો અમે આપવા તૈયાર છીએ. પણ એને કારણે આ માહિતી ગૃહની સમક્ષ રજૂ ન થાય એ વાજબી નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પણ નિર્ણય ક્રમાંક ૩૩૪ અપાયેલો છે. મારી બે બાબત છે. ભૂતકાળમાં પણ માનનીય અધ્યક્ષશ્રીઓએ જે અવલોકનો કર્યા છે. સભ્યશ્રીઓના મદદરૂપ થઈ શકાય તેવા એક યોગ્ય મદ્દાને માનનીય અર્જુનભાઈએ ઉપસ્થિત કર્યો છે. છેલ્લા કેટલાયે દિવસથી અમે પણ જોઈએ છીએ. ભૂતકાળમાં એક ટકોર માનનીય અધ્યક્ષશ્રીઓ તરફથી આવતી હતી, મંત્રીશ્રીઓ માટે કે શા માટે એરેટા તમે મોટું આપો છો? એ પણ નાનું શાના માટે ન થઈ શકે? ભૂલો મોટી શાના માટે, વારંવાર શાના માટે આવવું પડે છે અને કયા સ્ટેજે કરવી જોઈએ? પત્રક લાંબુ કયારે મૂકવું પડે છે? જો કદાચ લેખિત પ્રશ્ન આ સચિવાલયે દાખલ કર્યો એનું પત્રક પણ લાંબુ હોય તો એ પણ આપણે ભૂતકાળની પ્રણાલિકા છે કે લાંબા પત્રક આપણે પ્રશ્નોત્તરીની સાથે જ આપતા હતા. એટલે કેટલાક વિભાગો એની ચીવટ રાખે છે. લાંબા પત્રકો પણ પ્રશ્નોત્તરીમાં બૂકલેટમાં આવી જાય છે. અને અમુક વિભાગો દ્વારા આ પ્રથાને અનુસરવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે નિર્ણય ક્રમાંકઃ ૩૩૪ તરફ પણ આપનું ધ્યાન દોરવું છે. પાના નંબર ૨૨૨. ૧૬ મી ફેબ્રુઆરી ૧૯૯૫ ના રોજ Second line from the bottom. and there after page ૨૨૩. I do agree that Honourable Minister should have done it before supplementaries are put. The Honourable Minister may keep this fact in mind.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓને કોઈપણ જગ્યાએ કયારેક કોઈ સુધારો કરવાનો અવકાશ આવ્યો હોય. એમને કયારેક ખ્યાલ આવ્યો કે ચીઠ્ઠી આવી કે આ ભૂલ રહી ગઈ છે. સુધારો ગમે તે સ્ટેજે અમે સ્વીકારવા પણ તૈયાર છીએ માનનીય અધ્યક્ષશ્રી. પરંતુ આ એક પરંપરા જેવું થઈ ગયું કે રોજ સભ્યશ્રી ત્યાં પત્રક જોવા જાય. અહીંયા જયારે અમે આવીએ ત્યારે અમને સભ્યશ્રીઓને પ્રશ્નોત્તરીની બૂકલેટ પ્રાપ્ત થતી હોય છે. એ પછી જો પત્રક જોવા જવાનું હોય તો સભ્યશ્રીઓ માટે આ બધી સગવડતાઓ નથી હોતી. એ સંજોગોમાં માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે. આમાં આને બહુ પ્રતિષ્ઠાનો સવાલ કે એવું કાંઈ કરવાને બદલે આ ગૃહના સભ્યશ્રીઓના વધારેમાં વધારે અધિકાર માટેની બાબત છે. (અંતરાય) સુધારો પણ ન આપી શકાય તો પત્રક કેવી રીતે આપી શકાય. (અંતરાય) જયારે સુધારો સ્વીકાર્ય નથી થયો, ત્યારે પત્રક તો One step ahead. માત્ર એક શબ્દનો સુધારો પણ સમયસર મળવો જોઈએ, તો પત્રકો લાંબા આપવાના અને એ પણ ત્યાં જોવા જવાનું, એ પ્રકટીકલી બધા માટે, એ બાજુ હોય એમને માટે પણ, એમણે પણ અહીંયા કામ કર્યુ છે. સભ્ય માટે કેટલું મુશ્કેલ હોય છે અને એ સંજોગોમાં આની અસર દૂરોગામી રહેવાની છે, માનનીય અધ્યક્ષશ્રી આપના નિર્ણયની. એટલે હું ઈચ્છું કે વધારેમાં વધારે અમારા પિઝિયન બોકસમાં જ અમને એ વસ્તુ પ્રાપ્ત થાય એવું હું ઈચ્છું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને બધા સભ્યો વતી વિનંતી છે કે આપે ટ્રેઝરી બેંચ સાથે એની મુશ્કેલીની ચર્ચા કરવી હોય તો વાંધો નહીં. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આ અમારી જીન્યુઈન મુશ્કેલી છે. :એટલું જ નહીં, પરંતુ સચિવશ્રીની ઓફિસમાં પણ ગઈકાલે પત્રક લેવા માટે મારા આસિસ્ટન્ટ ગયા હતા તો એમ કહેવામાં આવ્યું કે પ્રશ્નોતરીનો કાળ પૂરો થયા પછી મળશે અને ત્યાં પણ હું માનું છં કે એવું ભારણ હશે. એટલે આપને પણ વિનંતી છે કે આની અંદર બીજો કોઈ ઈરાદો નથી. પ્રશ્નોત્તરીની માહિતી જે રીતે બૂકની સાથે આવી જાવી જોઈએ. બીજી કોઈ વ્યવસ્થા ના થાય તો વાંધો નહીં, પરંતુ ૧૮૨ સભ્યો માટે પીજીયન બોકસમાં આવી વ્યવસ્થા થઈ જાય એવી વ્યવસ્થા કરવામાં આવે એવી વિનતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ એને સમર્થન કર્યુ. આપણી પ્રણાલિકા રહી છે કે સામાન્ય રીતે વિધાનસભા સચિવાલય અંગેના જે કોઈ પ્રશ્નો હોય તેની અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં ચર્ચા થાય છે. આ પ્રશ્ન મંત્રીશ્રીઓને લાગુ પડતો નથી, આ વિધાનસભા સચિવાલયનો પ્રશ્ન છે અને એટલા માટે એને અહીં ચર્ચી શકાય નહીં, તેમ છતાં પણ જયારે પ્રશ્ન ઉપસ્થિત કર્યો જ છે ત્યારે (અંતરાય) નહીં નહીં, આપે કહ્યું છે કે આ લાંબાગાળાની અસરવાળું રૂલિંગ છે તો એનો નિર્ણય હું અહીં આપી જ દઉ છું. હું રૂલિંગ આપવા તૈયાર છું. મારા રૂલિંગ પછી પણ એની ચર્ચા કરવી હોય તો ચેમ્બરમાં ચર્ચા કરવા તૈયાર છું. કોઈપણ સભ્યશ્રી માટે એનો માહિતી મેળવવાનો અધિકાર છે એ હું સ્વીકારું છું અને એટલા માટે જ જયારે વિધાનસભામાં પ્રશ્નોતરીને આપણે ખૂબ જ ગંભીરતાથી લેતા હોઈએ છીએ ત્યારે આ પ્રશ્નોના જવાબો અને વિશેષ કરીને પૂરક પ્રશ્નોના જવાબ મેળવવા માટે આ સભાગૃહના બધાજ સભ્યોની આતુરતા હોય છે અને એટલા માટે એ પ્રશ્ન પૂછાય,પૂરક પ્રશ્ન પૂછાય અને એનો સરખો જવાબ મળે એ જોવાની જવાબદારી આ સભાગૃહના બન્ને પક્ષોના સભ્યો અને ટ્રેઝરી બેંચની પણ છે અને એનું સફળ સંચાલન કરવાની આપસૌના સહયોગથી મારી જવાબદારી છે. એટલે પ્રશ્નોત્તરીનો સમય સભાગૃહ માટે અને સમગ્ર સંસદીય લોકશાહી માટે ખૂબ જ અગત્યનો સમય છે. એટલા માટે અત્યારસુધીના અધ્યક્ષશ્રીઓના સૂચનાત્મક આદેશો અપાયા છે એમાં ત્રણ વસ્તુ છે. એક એ કે જો પ્રશ્ન અતિ વિસ્તૃત હોય તો તારાંકિતમાંથી અતારાંકિત કરતા હાઈએ છીએ જેથી એનો જવાબ આપી શકાય. જયારે જવાબની સાથે આવેલ વિસ્તૃત માહિતીવાળા પત્રક કે પરિશિષ્ટ માટે સામાન્ય રીતે એવું ધોરણ ઠરાવ્યું છે કે તારાંકિત પ્રશ્નના જવાબમાં છપાયેલું એક પાનું અને અતારાંકિત પ્રશ્નના જવાબમાં છપાયેલા ચાર પાનાં જેટલી માહિતી પ્રશ્નની યાદીના જવાબ સાથે છાપવામાં આવે છે, એનાથી વધારે વિસ્તૃત માહિતી યાદીમાં છાપવામાં આવતી નથી, પરંતુ એને સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવે છે. તે માટે અધ્યક્ષશ્રીના આદેશો મળવવા અને આવા અધ્યક્ષશ્રીના આદેશ મળ્યા બાદ પ્રશ્નમાં જે જગ્યાએ પત્રક કે પરિશિષ્ટનો ઉલ્લેખ હોય ત્યાં ફૂદડી કરી પત્રક/પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવ્યું છે એવું દર્શાવવું. આ સંજોગોમાં પત્રક વિસ્તૃત હોય તો અધ્યક્ષશ્રીની પરવાનગીથી યાદીમાં છાપી શકાય છે. અત્યારસુધીના સૂચનાત્મક આદેશો તારાંકિત પ્રશ્નોના જવાબ માટે એક પાનાનો છે. હું સુધારીને ચાર પાના સુધી લાવ્યો છું અને આપ જોઈ શકો છો કે તારાંકિત પ્રશ્નમાં હવે ૧ ને બદલે ૪ પાના સુધી એટલે અતારાંકિતમાં જેટલા આવતા થયા છે તે છતાં પણ લાંબો જવાબ હોય તો એના માટે સચિવશ્રીને ત્યાં રાખવામાં આવે છે. ચાર પાનાથી વધારે હોય તો આપણે ઘણીવાર એ અતિ વિસ્તૃત હોય તો મંત્રીશ્રી પત્ર લખે તો અતારાંકિત કરવો પડે છે. તો કદાચ એ તારાંકિત પ્રશ્ન અતારાંકિત ના થાય એટલા માટે સચિવશ્રીની કચેરીમાં મૂકવાનો નિર્ણય કરીને પણ અતિ વિસ્તૃત પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ થયો હોય, . ત્યારે હું આજે કહું છું કે આ જે ચાર પાના નકકી કર્યા છે અને સાથે બેસીને છ પાના સુધી જવું હોય તેમજ વિસ્તૃત અને અતિ વિસ્તૃતની વ્યાખ્યાને સ્પષ્ટ કરવા માટે ચેમ્બરમાંબેસીને એ નકકી કરીશું, પરંતુ અત્યારસુધીની જે પરિસ્થિતિ છે એમાં એક પાનાનો જવાબ તારાંકિત માટેનો હતો, પરંતુ જયારે પ્રશ્નમાં અતિ વિસ્તૃત માહિતી માગવામાં આવી હોય..ત્યારે દા. ત. આજના પ્રશ્નમાં જોઈએ તો શ્રી કિરણભાઈના પ્રશ્નમાં માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રીએ બધી જ સંસ્થાઓને બતાવતો ૩ થી ૪ પાનાનો જવાબ આપેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૩૩ નંબરનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : હું ના પાડતો જ નથી. પણ એ પ્રસ્થાપિત પ્રણાલિકાના આધારે છે એમાં મારું કહેવું છે કે એક પાનાનો જવાબ હોય તો છાપીને આપવો તે પ્રણાલિ હતી તેના બદલે મેં ચાર પાના કર્યા છે. હવે અતિ વિસ્તૃત હોય તો તારાંકિતનો અતારાંકિત કરવો તે પ્રણાલિ છે. પણ જો અતારાંકિત કરીશું તો એ સભાગૃહના સભ્યોના અધિકાર ઉપર કાપ આવશે. તે ન આવે એટલા માટે અતિ વિસ્તૃત શબ્દોની વ્યાખ્યા આપણે સ્પષ્ટ કરીએ, મેં સૂચનાત્મક આદેશ હોવા છતાં પણ એક ના બદલે ચાર પાનાનો જવાબ છાપવાનો નિર્ણય કર્યો છે. અને તેનાથી આગળ જવું હોય તો પણ આપણી તૈયારી છે. એમાં કેટલા પાના આપવા અને કેટલા વધારવા તે નકકી કરી શકાય. તેમાં એ પણ કહેવાની જરૂર નથી કે તેનો વધારે ખર્ચ હશે તો તે અમે આપીશું. આ સભાગૃહને ખર્ચનો કોઈ પ્રશ્ન નથી. આપણે આવી સારી મીઠી વાત કરતા હોઈએ ત્યારે બધી વાત તીખી ન કરાય, દૂધપાકમાં મરચું ન નંખાય.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે તારાંકિત પ્રશ્ન સભ્યશ્રી પૂછે અને મહેનત કરી અને વિભાગ અને મંત્રીશ્રી જવાબ આપે પછી જયારે પ્રશ્નોત્તરીમાં તેના વારાના ટાઈમમાં જયારે પ્રશ્નનો નંબર બોલાય ત્યારે સભ્યશ્રી હાજર હોય અને આપ નામ બોલો ત્યારે એ સભ્યશ્રી પ્રશ્ન પૂછવા ઉભા ન થાય તો તેના માટે અધ્યક્ષશ્રીનું કોઈ રૂલિંગ છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીએ પ્રશ્ન મૂવ કરવો કે ન કરવો તે સભ્યશ્રીનો અધિકાર છે. પરંતુ તારાંકિત પ્રશ્ન પૂછયો હોય અને પછી તે પ્રશ્ન આવે ત્યારે હાજર રહેવાની જવાબદારી પણ સભ્યશ્રીની છે. તે જવાબદારી એટલા માટે છે કે તે પ્રશ્ન તેમણે પોતે પૂછયો છે. મંત્રીશ્રી આખા રાજયમાંથી માહિતી એકત્ર કરીને આપે છે. તેનો કેટલો ખર્ચ થાય છે તે ખર્ચમાં હું નથી ઉતરતો, પણ સંસદીય જવાબદારીનો એ ભાગ છે. આપની વાત સાચી છે અને હું

સ્વીકારું છું કે કોઈ પણ સભ્યશ્રી જયારે પૃશ્ન પૂછે ત્યારે ગેરહાજર રહે તો તે પણ ગંભીર છે, હાજર રહે અને પૃશ્ન ન પૂછે તો તે વધારે ગંભીર કહેવાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપનું રૂલિંગ આવી ગયા પછી મારે કંઈ બોલી શકાય નહીં. પણ ભૂતકાળમાં આ અધિકાર આપ્યો છે. અને તારાંકિત થઈ જાય તેને લાઈટલી કહયું છે.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, જયારે સભ્ય હાજર હોય ત્યારે ઉભા થઈ અને એમ કહે કે આ પ્રશ્નના જવાબથી મને સંતોષ છે. તેથી હું મૂવ કરવા માગતો નથી. પણ હાજર રહે અને નામ બોલાય તેમ છતાં પણ ન પૂછે તો તે બરાબર નથી. એટલે આપનું રૂલિંગ બરાબર છે.

**અધ્યક્ષશ્રી** : મેં રૂલિંગ બહુ ગંભીરતા પૂર્વક આપેલ છે. કે પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીએ પ્રશ્ન પૂછવો જોઈએ અને ન પૂછે તો તે ગંભીર ઘટના છે તેને હું વળગી રહું છું. નેકસ્ટ.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### પંચમહાલ જિલ્લાના ભેવાડા ગામના તોફાનો અંગે

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**નું** ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના મોકમસિંહના ભેવાડા ગામે કિશોરીની ઝાડ પર લટકતી લાશ મળતાં સ્થાનિક લોકોએ ૧૮ જેટલાં ઘરો સળગાવી, તોફાનો કરી ગામની સંપત્તિને નુકસાન પહોંચાડતાં તેમજ પોલીસ દ્વારા સલામતીનાં પૂરતાં પગલાં ન લેવાતાં ગામમાં ફેલાયેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં. "

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ખાનપુર પોલીસ સ્ટેશન અ.મો. નં. ૮/૦૯ સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબના કામે તા. ૧૮-૬-૦૯ના રોજ ક. ૧૬/૪૫ વાગે સ્થળ ઉપર જાહેરાત આપનાર જીવાભાઈ વીરાભાઈ માલીવાડ, ઉ.વ. ૩૬, રહે. ટાંકના ભેવાડા, તા. ખાનપુર, જિ. પંચમહાલ પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી બાકોરની સમક્ષ રૂબરૂ જાહેરાત આપેલ. તે મુજબ, તા. ૧૮-૬-૨૦૦૯ના રોજ સવારમાં સાડા છ વાગ્યાના સુમારે ગામમાં આવેલ દૂધ મંડળીમાં દૂધ ભરી તેમના ઘરે પરત આવતા હતા ત્યારે તેમની છોકરી સવિતાબેન ભગતના મુવાડા ગામે સ્કૂલમાં ભણવા જતી હતી. તેઓ તેમના ઘરે પરત આવેલા અને ખેતરમાં કામ કરવા ગયેલ હતા અને બપોરના આશરે એકાદ વાગ્યાના સુમારે તેમના કાકા નાથાભાઈ ભલાભાઈએ તેમને (જીવાભાઈને) ફોનથી બેલીયાવાળા ખેતરના શેઢા ઉપર રાયણના ઝાડની ડાળે સવિતાબેનને ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકે છે અને મરણ થયેલ છે. જેથી તુરત જ સદર જગ્યાએ તેઓ ગયેલા. તેમની છોકરી રાયણના ઝાડની ડાળે ઓઢણીથી ગળે ફાંસો ખાધેલ હાલતમાં મૃત્યુ પામેલ જોવા મળેલ જેથી આ બાબતે જરૂરી તપાસ થવા જાહેરાત કરતા, આ બાબતે પોલીસે ઉપરોક્ત નંબરથી અકસ્માત મોત સી.આર.પી.સી. ૧૭૪ મુજબ દાખલ કરેલ.

ઉપરોક્ત બનાવ બાબતે અરજદાર પક્ષ તરફથી મરનાર છોકરી સવિતાના મોત બાબતે શંકા વ્યક્ત થતાં બાકોર પોલીસ સબ ઈન્સ્પેકટર દ્વારા તુરત જ ખંતપૂર્વક તપાસ હાથ ધરવામાં આવેલ. તપાસ સાચી દિશામાં થાય તે હેતુસર સ્થાનિક એફ.એસ.એલ. તથા ડોગ સ્કવોર્ડને પણ બનાવના સ્થળે બોલાવવામાં આવેલ હતી. તેમજ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રીની રૂબરૂમાં લાશ ઉપર ઈન્કવેસ્ટ પંચનામુ ભરવામાં આવેલ અને મરનારની લાશનું ડોકટરની ટીમ દ્વારા પી.એમ. કરાવવામાં આવેલ અને કોઝ ઓફ ડેથનું સર્ટિ મેળવતા મોતનું કારણ "The Provisional cause of death is asphyxia due to hanging. However visera are collected and send to FSL for detailed examination. The final cause of death will be given after report from FSL" મુજબનું આપેલ. વધુમાં આ ગુનાની ગંભીરતા સમજી તેની તપાસ સી.પી.આઈ. શ્રી લુણાવાડાને તાત્કાલિક અસરથી સોંપવામાં આવેલ છે. તેઓએ લાગતા વળગતા શાહેદોના નિવેદનો મેળવેલ હતા. અગત્યના શાહેદોના નિવેદનોમાં કેટલોક વિરોધાભાસ જણાયેલ છે. આ દરમિયાન, મરનાર સવિતાના સગા સબંધી તથા તેમના જ્ઞાતિજનો તરફથી મરનારનું મોત શંકાસ્પદ હોવાનું અને તેણીને મારી નાખેલ હોવાની રજૂઆતો કરવામાં આવેલ તે ધ્યાને લઈ તપાસ અધિકારી દ્વારા ખંતપૂર્વક તપાસ ચલાવવામાં આવતી હતી. તે દરમિયાન માલીવાડ કોમના ઈસમો તથા પટેલ કોમના ઈસમો વચ્ચે મનદુઃખ થવા બાબતે પોલીસ તરફથી જરૂરી તકેદારી રાખવામાં આવેલ અને તે અંગે મોકમસિંહના ભેવાડા ગામે બે પોલીસ માણસોને બંદોબસ્ત પણ રાખવામાં આવેલ.

ઉપર જણાવ્યા પ્રમાણે પોલીસ તપાસ ચાલુ હતી તે દરમિયાન તા. ૨૨-૬-૨૦૦૯ના રોજ માલીવાડ સમાજના આગેવાનો એકત્ર થઈ, શ્રી પુનાભાઈ મસૂરભાઈ માલીવાડની આગેવાની હેઠળ મામલતદારશ્રી બાકોરને આવેદનપત્ર આપી, આ બનાવની નિષ્પક્ષ તપાસ હાથ ધરી સાચો ન્યાય ન મળે તો તા. ૨૬-૬-૨૦૦૯ના રોજથી

માલીવાડ સમાજના કાર્યકરો મામલતદાર કચેરી બાકોર ખાતે ધરણાનો કાર્યક્રમ કરશે તેવી રજૂઆત કરેલ. તા. ૨૬-૬-૦૯ના રોજ મામલતદારશ્રી, બાકોરની કચેરી સામે માલીવાડ સમાજના કાર્યકરો ધરણા ઉપર બેસતા, મામલતદારશ્રીએ જણાવેલ કે, ફોરેન્સિક લેબોરેટરીમાંથી આ ગુના અંગે ફાઈનલ કોઝ ઓફ ડેથનો રિપોર્ટ આવેલ નથી. આ રિપોર્ટ આવેથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમ છતાં, માલીવાડ સમાજના કાર્યકરોએ આ ગુનાના આરોપીની સામે સીઆરપીસીની કલમ-૩૦૨ દાખલ કરી, તેની ધરપકડ કરવા અંગે ઉગ્ર માગણી કરેલ. ત્યારબાદ, ધરણા ઉપર બેઠેલા તમામ માણસો ઘર તરફ જતાં રહેલ. મામલતદારશ્રી બાકોર ખાતે તા. ૨૬-૬-૦૯ના ધરણાના કાર્યક્રમને લક્ષમાં લઈને ૧ ડી.વાય. એસ.પી., ૩ પી.એસ.આઈ., ૨૬ પોલીસના માણસોનો પૂરતો બંદોબસ્ત રાખવામાં આવેલ. આ સમય દરમિયાન માલીવાડ સમાજના માણસો એકત્રિત થઈ, ઉશ્કેરણી કરી મોકમસિંહના ભેવાડા ગામે જઈ પટેલ જ્ઞાતિના માણસોના ઘરોમાં લૂંટફાટ કરી આગચંપી કરી ઘરો સળગાવી દીધેલ. આ દરમિયાન નુકસાન થતુ અટકાવવા અને ટોળુ વિખેરવા માટે પોલીસ વોર્નિંગ આપી ટીયર ગેસના આઠ સેલ (૬ મીસ) છોડવામાં આવેલ તેમજ લાઠીચાર્જ પણ કરવામાં આવેલ તેમ છતાં, ટોળુ ન વિખેરાતાં અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પોલીસે સર્વિસ રિવૉલ્વરના ૧૨ રાઉન્ડ તેમજ ૩૦૩ રાયફલના ૯ (૨ મીસ) રાઉન્ડ ગોળીબાર કરવામાં આવેલ. જેમાં કોઈ જાન હાની કે ઈજા થયેલ નથી. આ બનાવ અંગે ખાનપુર (બાકોર) પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર. નું ૬૦/૦૯ ઈ.પી.કો. કલમ ૧૪૭, ૧૪૮,૧૪૯,૪૩૫,૪૩૬,૩૯૫,૧૨૦ બી, બી.પી.એકટ ૧૩૫ મુજબ ૭૭ આરોપીઓના નામ નમુદ સાથે ૫૦૦ આરોપીઓના ટોળા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આ ગુનાની તપાસ ખંતપૂર્વક અને નિષ્પક્ષ રીતે થાય તે સારું સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી લુણાવાડા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, લુણાવાડાના માર્ગદર્શન હેઠળ કરી રહેલ છે. આ બનાવમાં કુલ ૧૭ મકાનોને આગ તથા લૂંટથી નુકસાન થવા પામેલ છે અને રૂા. ૧,૧૭,૫૬,૬૫૬/-નું નુકસાન થયેલાનું તપાસ દરમિયાન જણાઈ આવેલ છે.

આ બનાવ વખતે પોલીસ તાત્કાલિક પહોંચી જઈ સ્થળ ઉપરથી ટોળામાં સામેલ એવા ૧૧ આરોપીઓને પકડવામાં આવેલ હતા અને તપાસ દરમિયાન અત્યાર સુધી કુલ ૪૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. આ ગુનાની તપાસ ચાલુ છે તેમજ બીજા આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી ગતિમાં છે. આ બનાવ અંગે બીજા કોઈ પ્રત્યાઘાત ન પડે તે સારુ તા. ૨૭-૬-૦૯ના રોજ સવારના ક. ૯/૦૦ થી એસ.આર.પી. ની એક કંપની તથા સ્થાનિક પોલીસ અધિકારીઓનો જરૂરી બંદોબસ્ત રાખવામાં આવેલ છે. હાલ ગામમાં શાંતિ છે. ગામમાં કોઈ ભય કે ગભરાટનું વાતાવરણ નથી.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવ મારા મત વિસ્તારના ખાનપુર તાલુકાના મોકમસિંહના ભેવાડા ગામે તા. ૧૮-૬-૨૦૦૯ કે જે દિવસે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો દિવસ હતો. તે દિવસે ટાંકના ભેવાડા ગામની સવિતાબહેન વિદ્યાર્થિની નજીકના ત્રણ થી ચાર કિલોમીટરના અંતરે આવેલ ભગતના મુવાડા ગામે માધ્યમિક શાળાના આઠમાં ધોરણમાં અભ્યાસ માટે ગામના બાળકો સાથે સ્કૂલે જતી હતી અને રસ્તામાં મોકમસિંહના ભેવાડા ગામની સીમ, એક વાડીની અંદર રાયણના ઝાડ ઉપર આ સવિતા બહેનનો મૃતદેહ મળી આવ્યો એ અંગેની જાણ આ વાડીના રખેવાળે જે તળપદના ભેવાડાનો હતો એમણે ટાંકના ભેવાડા ગામે એમના વાલીઓને કરી ત્યારપછી આ દીકરીના પિતા જીવાભાઈ અને ગામના લોકોએ પોલીસ સ્ટેશન જઈને ફરિયાદ માટે વિનંતી કરી. આ ઘટના જે દિવસે બની તે દિવસે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ એફ.આઈ.આર. ફાડીને લેવામાં આવી નહિ પરંતુ જાણવા જોગ ફરિયાદના આધારે એની તપાસ પોલીસ વિભાગ દ્વારા થઈ એનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું, પેનલથી કરવામાં આવ્યું, એફ.એસ.એલ. રિપોર્ટ માટે માણસો હાજર રાખવામાં આવ્યા એનો રિપોર્ટ હજી આવ્યો નથી. એ ઉપરાંત ત્યાં જિલ્લાના પોલીસ વડા, કલેકટરશ્રી, ડી.વાય.એસ.પી.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, જે ઘટના બની એનું વર્ણન તો મંત્રીશ્રીના નિવેદનમાં છે જ તેથી તમે પ્રશ્ન ઉપર આવો તો સારું ગણાશે.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : આ પ્રશ્ન ગંભીર એટલા માટે છે કે જે ઘટના બની ત્યારપછી પોલીસે ફરિયાદ લીધી નથી, પ્રોપર તપાસ કરવી જોઈએ એ કરવામાં આવી નથી અને એમનો આક્ષેપ છે કે આ અપમૃત્યુ છે ખેતરનો જે માલિક છે એની ઉપર એમનો આક્ષેપ છે કે એણે બળાત્કાર કરીને આ બાળકીનું મૃત્યુ નીપજાવ્યું છે એને ઝાડ ઉપર લટકાવી દીધેલ છે એ અંગે ઊંડી તપાસ થાય. સમાજની અંદર સંવાદિતા જાળવવા માટે જે ફરિયાદીઓ છે એને પણ એમની શંકા કુશંકા દૂર થાય તે પ્રમાણેની તપાસ થવી જોઈએ. ત્યારપછી જે ઘટના બની એ તો અતિ ગંભીર છે, જે લોકોએ ન્યાય માટેની માગણી કરી અને એમની ઇચ્છા પ્રમાણેનો ન્યાય ન મળ્યો એટલે સામૂહિક રીતે નિર્દોષ માણસો મોકમસિંહના ભેવાડા ગામે ૨૬મી તારીખે ૪ થી ૫ ના અરસામાં ઘટના બની. તેમાં એક જ કોમના પૂર્વ-પશ્ચિમ દિશામાં આવેલા ૧૮ જેટલા મકાનોને..

**અધ્યક્ષશ્રી** : શ્રી હીરાભાઈ, બધી ઘટનાનો જવાબ આવ્યો છે તેમાં પ્રશ્ન શું છે? જેમ પહેલાં પૂછયું, જે પહેલાં પ્રશ્ન પૂછયો છે એવી રીતે પ્રશ્ન પૂછયો. બીજો પણ પ્રશ્ન પૂછો.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : મારો પ્રશ્ન એ છે સાહેબ, કે આ સમગ્ર ઘટનાની તટસ્થ તપાસ થવી જોઈએ અને બીજો પ્રશ્ન એ છે કે જે નિર્દોષ લોકોના ઘર બાળી મૂક્યા એ ગુનેગારોને પણ સજા થાય. બીજી એક

અગત્યની બાબત છે કે જે લોકો આ કૃત્યમાં સંડોવાયેલા નથી એવા નિર્દોષ લોકોની જે અટક કરવામાં આવી છે એ લોકોને પણ તપાસ કરીને ન્યાય મળે એ કામ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ઉત્સવ પ્રિય સરકારના શાસનમાં સુરત હોય કે પાટણ હોય, આ ભગતના મુવાડાની બાળકીઓની સલામતી નથી. ૧૮મી તારીખે કન્યા કેળવણી અને પ્રવેશ મહોત્સવના દિવસે જ આ બનાવ બન્યો. આ બનાવ બન્યો તેમાં ૧૧૬ની નોટિસ લાવવા પાછળનો મુખ્ય આશય એ છે કે ૧૮મી તારીખે બનાવ બાદ એક કોમના માણસોને આ છોકરીના પિતાને તેના કુટુંબ જોડે ન્યાય ન મળ્યો કે આ ખરેખર આરોપી છે અને છોકરાઓએ તેમાં પણ સાક્ષી આપી છે. તેમાં હંસાબેન અને હસમુખભાઈ બે છોકરા તેની સાથે હતા અને એ વ્યકિતના અનુસંધાનમાં જે આરોપીનું નામ આપ્યું એ આરોપીનો ડાહ્યાભાઈ વજાભાઈનો છોકરો, અરૂણ પટેલ કે જે એડ્વોકેટ છે, પૈસાપાત્ર છે. ભૂતકાળમાં પણ તેણે આવા નિર્દોષ માણસોના ઉપર ૩૦૨ લગાડેલી. અનિવાર્ય સંજોગોના કારણે જે તે વખતે નિર્દોષ છૂટેલા, આટલું નામ આપવા છતાં પણ એ આરોપીની તાત્કાલિક ધરપકડ કરી નથી. ૧૮મી તારીખે રજૂઆત કરવા છતાં, અને પી.એમ. રિપૉર્ટ પણ રેપ વીથ મર્ડર, મતલબ કે અકસ્માતમાં ખપાવી નાખવાના પેપર આ પી.એમ. રિપૉર્ટ એની પણ જો ફેરતપાસણી થાય તો સત્ય બહાર આવવા, આપના માધ્યમ મારફત આ પી.એમ. રિપૉર્ટમાં પણ આપ ફરીથી ફૉરેન્સીક રિપૉર્ટ મગાવવા માગો છો કે કેમ? બીજી વસ્તુ એ કે ૨૬મી તારીખે અમારા કોંગ્રેસના કાર્યકરો પણ આવેદનપત્ર, અમારા કોંગ્રેસ પક્ષના કાર્યક્રમના નેજા હેઠળ અમારા કાર્યકરોને પણ ખોટી રીતે આ બનાવમાં સંડોવવામાં આવ્યા છે. તો નિર્દોષ માણસોને પણ જો પકડવામાં આવ્યા હોય તો ફેર તપાસણી કરીને છોડવા માગો છો કે કેમ? ખરેખર આ કોમ-કોમ વચ્ચેના તનાવમાં આ જે વ્યકિત છે, ડાહ્યાભાઈ વજાભાઈ, એ ખાનપુર તાલુકાના પંચાયતનો ડેલીગેટ છે. તાલુકા પંચાયતનો પ્રમુખ છે અને આ છોકરાનું નામ આપવા છતાંય પોલીસે તાત્કાલિક દરમ્યાનગીરી કરી હોત તો આ બનાવ બન્યો ન હોત. તો માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત એ જાણવા માગું છું કે આની ન્યાયિક તપાસ થાય, આની યોગ્ય તપાસ થાય અને પોલીસ અધિકારીએ પગલાં લેવામાં ઢીલે કર્યું છે તેના માટે તે અધિકારીઓ સામે પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યંત ગંભીર બાબત છે. આપણાં સૌના માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, જે દીકરીએ આત્મહત્યા કરી છે એની તસવીર જો આપણે જોઈએ તો પણ કોઈ સંજોગોમાં એ ગળે ઉતરે એવું નથી કે તેણે જાતે આત્મહત્યા કરી હોય. માનનીય અધ્યક્ષશ્રી, ૧૩ વર્ષની આઠમા ધોરણમાં ભણતી બાળકી, પોતાના ગામમાં શાળા નહીં હોવાના કારણે ૮મું ધોરણ ભણવા શાળાએ ચાલીને જતી હોય છે. એ ખેતરમાં તેની લાશ ઝાડની એ જગ્યાએથી ટીંગાયેલી મળે છે કે જ્યાં ૧૩ વર્ષની બાળકી પહોંચે એવું ગળે ઉતરે એવું નથી. એ પછી એના પરિવારજનોને જે ખેતરમાં કામ કરનારો માણસ કહેવા જાય છે. પોલીસ શું કરે છે? પોલીસ જો મરનાર દીકરીના બાપ સાથે આવ્યો છે તેની ફરિયાદ નથી લેતી. માત્ર જાણવાજોગ કમ્પ્લેઈન લે છે. માનનીય અધ્યક્ષશ્રી, એક વકીલ તરીકે હું કહું તેમ નહીં, એક સામાન્ય વ્યકિત તરીકે કોઈ પણ સમજી શકે કે જ્યારે પણ પોલીસ પાસે કોઈ પણ ફરિયાદી ફરિયાદ આપે તો પહેલું એકશન શું હોવું જોઈએ? ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપૉર્ટ, એફ.આઈ.આર. ફાઈલ થવી જોઈએ. એફ.આઈ.આર. દાખલ કરી હોત તો આ ગામ ન સળગ્યું હોત. એફ.આઈ.આર. ઈરાદાપૂર્વક લેવામાં ન આવી. માનનીય અધ્યક્ષશ્રી, સાક્ષીઓ સહિત જે મામલતદારશ્રીને આવેદનપત્ર આપ્યું છે તેની નકલ મારી પાસે છે. એમાં સ્પષ્ટ નામ આપે છે કે આ ખેતરમાં આ વ્યકિત બહારથી આવેલી ગુનાહિત ઈતિહાસવાળી હાજર હતી, તેણે રેપ કર્યો છે. બળાત્કાર કરીને મારી દીકરીને મારી નાખી છે. મારા આ ત્રણ સાક્ષીઓ છે. સાક્ષીઓ બોલે છે. મામલતદારશ્રીને આવેદનપત્ર આપે છે. હું કહું છું કે ફરિયાદ એક વખત સાચી કે ખોટી દાખલ કરી દીધી હોત.

તપાસમાં કાંઈ ન નીકળે તો સમરી ભરી શકાય. પોલીસ ફરિયાદ નહીં લીધી. એના કારણે એક સમાજ ઉશ્કેરાયો અને ત્યાં જઈને આખું ગામ સળગાવ્યું. બીજું જ્યારે આવો તનાવ હતો ત્યારે એ ગામની અંદર પોલીસ બંદોબસ્ત પૂરતો હોત. આ આપણી ચિંતા છે. આ બાબતમાં ગુજરાતની સલામતી માટે પર ઊઠીને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે, આ બન્ને બાબતની તટસ્થ તપાસ થાય અને ન્યાયીક તપાસ થાય. જરૂર પડે તો નિવૃત્ત ન્યાયાધીશ મૂકીને પણ તપાસ થાય. આ ઘટના આપણા ગુજરાત માટે કલંકરુપ છે. આ બાબતે પૉઝિટીવ થઈને શા માટે એફ.આઈ.આર. ન લેવામાં આવી? આ જવાબમાં પણ એમ લખ્યું છે કે, રિપૉર્ટમાં નીકળશે કે મર્ડર કેસ છે તો ફરિયાદ દાખલ કરીશું. માનનીય ગૃહમંત્રીશ્રી આને પૉઝિટીવ અર્થમાં લે. જ્યારે ફરિયાદ આવે, થપાટ મારવાની ઘ ટના પણ નોંધાય છે. જો એ નિર્દોષ હોય તો સમરી ભરાય. તો આ બાબતમાં ગંભીરતાથી તાત્કાલિક ન્યાયીક તપાસ કરીને તહોમતદાર છૂટવો ન જોઈએ અને નિર્દોષ હેરાન ન થવા જોઈએ. એવી તપાસ કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ (રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે દિવસે આ ઘટનાની સૂચના પોલીસ સ્ટેશનને મળી એ જ દિવસથી આની તટસ્થ અને કાયદા પ્રમાણેની તપાસ ચાલી રહી છે. સૌથી પહેલાં સ્થળ ઉપરથી જે પુરાવા એકત્રિત કરવા જોઈએ એ કરવામાં આવ્યા છે. એ વખતે એફ.એસ.એલ.ને હાજર રાખવામાં આવી છે, ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી કરાવવામાં આવી છે, ડોગ સ્કવોડ લઈને ગયા હતા. મરણ થનાર બાળકીનું પોસ્ટ મોર્ટમ એક ડૉકટરની જોડે કરાવવાના બદલે પૅનલ પરના ડૉકટરો જોડે કરાવવામાં આવ્યું છે, વિડિયોગ્રાફી કરાવવામાં આવી છે અને સેમ્પલ લઈને એફ.એસ.એલ.ને મોકલવામાં આવ્યા છે અને એફ.એસ.એલ.નો રિપૉર્ટ આવ્યા પછી બીજી કાર્યવાહી કરાવીશું. પોસ્ટ મોર્ટમનો પ્રાથમિક રિપૉર્ટ આવી ગયો છે. પ્રાથમિક રિપૉર્ટ મુજબ બળાત્કારની કોઈ ઘટના થઈ નથી. એવું પૅનલ પરના ડૉકટરોનું માનવું છે. કોઈ ફરિયાદ આપે એટલે કોઈ વ્યકિત ઉપર બળાત્કારનો આરોપ કરવો એ એકદમ પ્રાથમિક દૃષ્ટિએ કશી તપાસ કર્યા વગર આરોપ મૂકવો એ ઠીક નથી. નોંધ બનાવી છે એના પછી ગુન્હો તો ખુલ્લો જ રહે છે. એફ.એસ.એલ.નો રિપૉર્ટ અને પોસ્ટ મોર્ટમનો રિપૉર્ટ આવી જાય અને એમાં બળાત્કાર કે ખૂનનો આશય હોવાનો રિપૉર્ટ આવે, એમાં કોઈ સાયન્ટિફિક એવિડન્સ આવે તો એ કન્વર્ટ થઈ શકે છે. પાછળથી ગુન્હો નોંધવામાં કોઈ તકલીફ પડવાની નથી. એફ.એસ.એલ.નો રિપૉર્ટ ચકાસીને પગલાં લેવામાં આવશે. શ્રી શકિતસિંહે જે લાગણી વ્યક્ત કરી એ લાગણી જોડે હું સહમત છું. એનાથી કોઈ નિર્દોષ ફીટ પણ ન થવા જોઈએ અને દોષિતો છૂટી પણ ન જવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ચોથા દિવસથી રેન્જ આઈ.જી. અને એસ.પી. સીધા આ ઘટના ઉપર દેખરેખ રાખી રહ્યા છે. એ એફ.એસ.એલ.ના સંપર્કમાં છે. જેવો રિપૉર્ટ આવશે, એના તારણો મુજબ એનું એનાલિસિસ કરી જે કોઈ પગલાં ભરવાની જરૂરિયાત હશે એ ચોક્કસ ભરવામાં આવશે. સરકાર દ્વારા કોઈને બચાવવાનો કે છાવરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો ગુન્હો થયો હશે તો કડકમાં કડક સજા કરાવવામાં આવશે. આ સરકારની ફરજ છે અને આ ફરજ માટે અમે નિષ્ઠાપૂર્વક ગંભીરતાથી કામ કરી રહ્યા છીએ.

# માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

### સભ્યશ્રીની ધરપકડ બાબત

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. પોલીસ અધીક્ષક ગોધરાના તા.૨-૭-૨૦૦૯ના ફેકસ મેસેજથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત વિધાનસભાના ૧૧૭ રાજગઢ વિધાનસભા મત ક્ષેત્રના સભ્યશ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણની લુણાવાડા પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નં.૩૯/૨૦૦૯ના આધારે નોંધાયેલ ફરિયાદ આઈ.પી.સી.ની કલમ-૧૮૮, ૭૧(જ) ટ્રાન્સફર વૉરંટના આધારે ગોધરા સબ જેલમાંથી તા.૨-૭-૨૦૦૯ના રોજ ૧૭.૩૦ કલાકે અટક કરવામાં આવેલ છે.

# સરકારી વિધેયકો (ક્રમશઃ)
# ગુજરાત ખાનગી યુવિર્સિટી વિધેયક ૨૦૦૯ (ક્રમશઃ)

**અધ્યક્ષશ્રી** : હવે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૧ની તા.૨જી જૂન, ૨૦૦૯ના રોજ પહેલા વાચન ઉપરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે. શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર) (ક્રમશઃ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી બિલની ચર્ચામાં આજે હું મારા વિચારોને આગળ વધારી રહ્યો છું. કાનૂન આવે અને એ કાનૂન માટેની ઈચ્છાશકિત ના હોય તો કવોલીટી બાબતની જે વાત ગઈ કાલે થતી હતી કે કવોલીટી એજ્યુકેશનની વાત થતી હતી ત્યારે કવોલીટી કયાં જાય છે એની વાત હું કરી રહ્યો છું. પ્રાથમિક એજ્યુકેશન માટે ૧૯૪૯માં બૉમ્બે પ્રાયમરી એજ્યુકેશન રુલ્સ ૧૯૪૯ બન્યા અને આ પ્રાથમિક શિક્ષણધારો આવ્યો અને સરસ વ્યવસ્થા થઈ, શાળાઓ બની એના માટે સારામાં સારી એની ઈન્સ્પેકશનની વ્યવસ્થા થઈ આપણે બધા જ ખૂબ નાના હતા ત્યારની હું વાત કરું છું. મારી શાળામાં હું ભણતો હતો, ધૂળિયા શાળા હતી. પરંતુ એ વખતે ઈન્સ્પેકશનમાં તાલુકા મથકેથી વિસ્તરણ અધિકારી અથવા તો કેળવણી નિરીક્ષક આવતા હતા. બસમાં બેસીને આવે ગામમાં રોકાય, નિશાળની અંદર ઈન્સ્પેકશન આવે ત્યારે ૧૫-૧૫ દિવસથી તૈયારીઓ થાય, નિશાળને બરાબર સાફસૂફ કરવામાં આવે, વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે, એ વખતે મેલાઘેલા કપડા પહેરીને વિદ્યાર્થી આવતા હોય તો એને બરાબર વ્યવસ્થિત તૈયાર થઈને આવવાનું કહેવામાં આવે અને એ ૮ ધોરણ, ૧૦ ધોરણ ભણેલો કેળવણી નિરીક્ષક બરોબર એનું ઈન્સ્પેકશન કરતો હતો એટલે એ વખતે શિક્ષણ સર્વવ્યાપી નહોતું અને છતાં એ શિક્ષણની અંદર કવોલીટી હતી એ વખતે જે ભણેલા આજના ગ્રેજયુએટ કરતા આપણા શંકરભાઈ જેવા, કદાચ એ વખતનું મેટ્રિક કે એનાથી ઓછું ભણ્યા હોય તો પણ એની કોઠાસૂઝ, એની સમજ, એનું વાંચન એ આપણા કરતા વધારે હતું. અને આજે તંત્ર તો આ જ છે. પેલો શિક્ષક છે એ તાલુકાશાળા ઉપર આવી અને આજુબાજુમાં ઘોડા ઉપર બેસીને, કોઈકના ગાડા ઉપર બેસીને કે પગપાળા ઈન્સ્પેકશન કરવા જતો હતો. વાહનવ્યવહાર વધ્યા છે. એના પગારો પણ વધ્યા છે. કેળવણી નિરીક્ષક કયારેય જઈને શું ઈન્સ્પેકશન કર્યુ છે એની માહિતી કયારેય આપે લીધી છે? હા, કાગળ ઉપર બધી જ માહિતી આવી ગઈ હોય કે આ શાળાનું ઈન્સ્પેકશન કર્યુ, આટલું આટલું બધું હતું અને આટલું થયું છે. ડી.ઈ.ઓ. છે એના પગાર પણ વધ્યા અને એના અપગ્રેડ પણ થયા, ઈન્સ્પેકશન કરવાનું કામ કરે છે એ આપણે અંતરઆત્માને પૂછવાની જરૂર છે. પહેલા તો આંગણવાડીઓ નહોતી અને છતાં પગાર વગર એ બાલમંદિર ચલાવનારા લોકો હતા ત્યારે પણ દાતાઓથી ચાલતું હતું. આજે આંગણવાડીઓ પણ છે. એના નિરીક્ષકો પણ છે. પ્રાથમિક શાળાઓ પણ છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ હું આપને રોકતો નથી પણ આંગણવાડી, પ્રાથમિક શાળાઓ .. ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ હું એની નહીં હું ઈન્સ્પેકશન વ્યવસ્થાની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં આપ યુનિવર્સિટીની ઈન્સ્પેકશન વ્યવસ્થા વિશે વાત કરો અનુભવી છે, તો અહીંયા કંઈક માર્ગદર્શન મળશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ હું ઈન્સ્પેકશન વ્યવસ્થાની એ વાત કરું છું કે ઇન્સ્પેકશન વ્યવસ્થાની આમાં ખામી છે આ બિલની અંદર જે ઈન્સ્પેકશન વ્યવસ્થા છે, આપણી શિક્ષણની અંદર એ કઈ પ્રકારની છે એની વાત કરવા જઈ રહ્યો છું. પરંતુ કારણ કે ભૂતકાળની અંદર જે ઈન્સ્પેકશન વ્યવસ્થાઓ હતી એની પાસેથી માત્ર ઈન્સ્પેકશનનું કામ લેવામાં આવતું. અત્યારના ઇન્સ્પેક્ટરો છે પરંતુ એની પાસેથી અપેક્ષા એવી રાખે કે તમે મહિલા સંમેલન કરી આપો એની અંદર સંખ્યા કેટલી સારી થાય તો આ ઇન્સ્પેક્ટર સારામાં સારો. આ ડી.ઈ.ઓ. બહુ સારો માનનીય અધ્યક્ષશ્રી, .. અંતરાય. તમારી વાત સાચી છે, હું ભણ્યો નથી.

**અધ્યક્ષશ્રી** : આપ ટ્રેક બદલો નહીં. આપનો ટ્રેક ખાનગી યુનિવર્સિટીના વિધેયકની અંદર છે. હવે એને વિસ્તૃત કરવાનો આપનો અધિકાર છે પણ પ્રાથમિક શાળા અને એમાં નહીં જાઓ. આપ યુનિવર્સિટીના શિક્ષણના અનુભવી માણસ છો. યુનિવર્સિટી ઉપર કેવું ઈન્સ્પેકશન હોવું જોઈએ એ કહો. નહીં તો માનનીય મંત્રીશ્રી આપનામાંથી બાલમંદિરના ઈન્સ્પેકશનની વિગતોમાં જાય એવું થશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આજે યુનિવર્સિટીમાં ઈન્સ્પેકશનની વ્યવસ્થા છે એમ બાળમંદિર અને માધ્યમિક શાળામાં પણ છે. માધ્યમિક શાળામાં ઈન્સ્પેકશનની વ્યવસ્થા છે પણ એના ડી.ઈ.ઓ. છે એ એના કામના બદલે અમદાવાદના જી.સી.એ.નું ઇલેંક્શન થયું એમાં કોને મત આપવો એના માટેના દબાણો અને બધું કરવાની કાર્યવાહી કરે છે. મૂળ વાત ભૂલી જાય છે. એના આધારે કયા ડી.ઈ.ઓ. સારા અને કયા ખરાબ છે એ નક્કી થાય છે. આ માનસિકતામાંથી નીકળી જવું જોઈએ. આ વ્યવસ્થા છે એટલા માટે શિક્ષણની કેવી હાલત થઈ છે એ કહું. અમદાવાદનો એક જ દાખલો આપું છું. ઈન્સ્પેકશન વ્યવસ્થા બરાબર ન હોય તો શું સ્થિતિ થઈ? એક વિનોદ

પંડ્યા નામના શિક્ષકે આર.ટી.આઈ. હેઠળ અમદાવાદની પ્રાથમિક શાળાઓની માહિતી માગી કે શું શું વ્યવસ્થા છે? એમને જવાબ અપાયો કે ૭૧૧ પ્રાથમિક શાળાઓ અમદાવાદમાં છે. એમાં ૫૮૮૦ શિક્ષકો છે અને ૨,૮૧,૪૮૯ વિદ્યાર્થીઓ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ આપના ખાનગી યુનિવર્સિટીના બિલ ઉપર આવો. એના ઉપર પાંચ કલાક બોલશો તો મને વાંધો નથી. પણ જ્યાં પુનરોક્તિ અને વિષયાંતર થતું હોય ત્યાં રોકવાનો મારો અધિકાર છે. એટલે હું કહું છું કે આપ ખાનગી યુનિવર્સિટીના બિલની જે જોગવાઈઓ છે એની અંદર ઈન્સ્પેકશનની વાત હોય તો એની વાત કરો. આર.ટી.આઈ.માં વિનોદ પંડ્યાએ શું માહિતી માગી એ બધું શિક્ષણની ચર્ચાઓ આવવાની છે એની અંદર કરી શકશો. આ બિલ ઉપર આપ ચર્ચા કરશો એવી તમારી પાસે આશા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની ગુણવત્તા એ એનો ભાગ છે એટલે વાત કરું છું. માનનીય મંત્રીશ્રીએ શિક્ષણની ગુણવત્તા માટેના સુધારા માટેની વાત કરી છે કે ખાનગી ક્ષેત્રમાં ગુણવત્તા સારી હોય છે. આ ગુણવત્તા કેવી છે એની વાત કહી કહ્યો છું. મેં કહ્યું કે ૨,૮૧,૪૮૯ વિદ્યાર્થીઓ આ સ્કૂલમાં ભણે છે અને ૫૮૮૦ શિક્ષકો છે. માત્ર એક જ સ્કૂલ પાસે ક્વોલિફાઈડ શિક્ષકો છે. એમાંથી ૫૫ શિક્ષકોને સરકારના ધારા-ધોરણ પ્રમાણે પગાર મળે છે અને ૩૨૯૪ શિક્ષકો છે એ તો એચ.એસ.સી. કે એસ.એસ.સી. પાસ થયેલા છે. આપણે એમ કહીએ છીએ કે ક્વોલિટી એજ્યુકેશન આપવું જોઈએ. એ કવોલિટી એજ્યુકેશન ક્યાંથી મળી શકે? એટલા માટે પરિણામ શું આવે છે? પરિણામ ક્વોલિટી એજ્યુકેશનનું શું છે, એજ્યુકેશન ક્ષેત્રમાં કેવી વાયબ્રન્ટ ક્વોલિટી છે અને એ વાયબ્રન્ટ કવોલિટીનો સરવે ગુગલ, ઓક્સફાર્મ અને યુનિસેફે પ્રથમા નામની એક એન.જી.ઓ. પાસે કરાવ્યો. આ પ્રતિષ્ઠિત અને આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. એમાં આપણી સરખામણી કોની સાથે થઈ? બિહાર જેવા પાછળના અને છેવાડાના સ્ટેટ છે એના કરતાં પણ આપણા શિક્ષણની ક્વોલિટી પાછળ છે. એમણે સરવે એવો કર્યો કે બીજા ધોરણની ચોપડી છે એ માત્ર વાંચી શકે એવા વિદ્યાર્થીઓ દરેક રાજ્યમાં કેટલા છે? બિહારની અંદર પહેલા ધોરણમાં ભણતો વિદ્યાર્થી છે એમાં ૪ ટકા વિદ્યાર્થીઓ વાંચી શકે છે. ગુજરાતની અંદર દોઢ ટકા જ વિદ્યાર્થીઓ વાંચી શકે છે. બીજા ધોરણના વિદ્યાર્થીઓ છે એમાં બિહારમાં ૧૧.૩ ટકા વિદ્યાર્થીઓ છે કે જે બીજા ધોરણની બુક વાંચી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાતનો સાડા ચાર ટકા વિદ્યાર્થી છે એ બીજા ધોરણની બૂક વાંચી શકે છે. ત્રીજા ધોરણનો વિદ્યાર્થી છે એ બિહારનો એ ૨૬ ટકા વિદ્યાર્થી છે એ બીજા ધોરણની બૂક વાંચી શકે છે. જ્યારે ગુજરાતનો વિદ્યાર્થી છે ૧૩.૭ ટકા વિદ્યાર્થી બીજા ધોરણની બૂક વાંચી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આખા બિહાર કરતા આપણા ૧ થી ૮ સુધીના જે વિદ્યાર્થી છે વાંચવાની અંદર પાછળ છે. (અંતરાય)

**પ્રો. વસુબેન ત્રિવેદી** :માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. યુનિવર્સિટીની સરખામણી કરી શકાય. સ્કૂલોની સરખામણી ના કરી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, આટલા બધા સભ્યોને અહીંયા બોલવાનું છે અને ખાનગી સ્કૂલોની વાત થાય.(અંતરાય) ભાઈ, સ્કૂલોની વાત ના કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સ્કૂલોની વાત નથી કરતો. એટલા માટે જ કહું છે કે આ કવોલીટી એજ્યુકેશનની વાત છે, કવોલીટી કેવી છે એની વાત કરી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, ડ્રોપ આઉટની વાત કરીએ છીએ કે ડ્રોપ આઉટ ગુજરાતની અંદર જીરો થઈ ગયો. (અંતરાય)

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીની સરખામણી એની થઈ શકે, સ્કૂલોની ના થઈ શકે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ડ્રોપ આઉટની વાત થાય છે. આપને કહું છું કે આપણો ડ્રોપ આઉટ જીરો થયો પણ એન્યુઅલ સ્ટેટસ રિપોર્ટ ઓફ એજ્યુકેશન છે એ માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર આપે કાંઈ કહેવું છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કોણે?

**અધ્યક્ષશ્રી** : વસુબેનનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું કવોલીટી એજ્યુકેશન ઉપર બોલું છું સાહેબ, હું કવોલીટી એજ્યુકેશન ઉપર (અંતરાય) મારે કોઈ સ્કૂલોની ચર્ચા નથી કરવી.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, વસુબેનનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે વિષય જે છે એ ખાનગી યુનિવર્સિટીને લગતો છે અને શિક્ષણની જાહેર ચર્ચાઓ, વિગતવારની ચર્ચાઓ માટે શિક્ષણ વિભાગની માગણીઓ આવવાની છે એટલે આપણે બિલ અને બિલની જોગવાઈઓ ઉપર બોલીએ તો વધારે સારુ રહેશે. કવોલીટી એજ્યુકેશન વિષે એકાદ-બે ઉદાહરણો નહિ, કવોલીટી એજ્યુકેશન વિષય ઉપર આપ જાણો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ મને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું તમને બાંધી નથી શકતો. બાંધવાનો પણ પ્રયત્ન નથી કરતો પણ જ્યાં પુનરોકિત થતી હોય ત્યાં રોકવાનો મારો અધિકાર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પુનરોકિત નહિ કરું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, પુનરોકિતને રોકવા છતાં વિષયાંતર થતું હોય ત્યાં પણ હું આપનું ધ્યાન દોરી શકું છું. એટલા માટે મેં આપનું બીજીવાર પણ ધ્યાન દોર્યુ કે આખા વિષયની અંદર આપ ચોક્કસ કહી શકો. કલમવાર જોગવાઈઓની વાત કરો શકો છો એ બધું આપ કહી ચૂક્યા છો. હવે આજે આપે લંબાવવું જ હોય એ રીતે આપ લંબાવી ના શકતા હો તો વિગતવાર ચોક્કસ કહો. એકએક મુદ્દાઓ લેતા જાઓ અને એની વાત આપ કરતા જાઓ. એક એક કલમો લેતા જાવ અને એ વિષેની ચર્ચા કરતા જાવ. મોડી રાત સુધી હું એ ચર્ચાને ચલાવવા તૈયાર છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો લંબાવવાનો કોઈ ઇરાદો પણ નથી. હું એકેય જગ્યાએ પુનરોકિત પણ નહિ કરું આપને હું એટલી વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કવોલીટી એજ્યુકેશનની. કવોલીટી એજ્યુકેશનની અંદર આપણે એમ કહીએ છીએ કે અમે ગુજરાતની અંદર ડ્રોપ આઉટ આખા ઈન્ડિયાની અંદર, ડ્રોપ આઉટની અંદર..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે આ નહિ (અંતરાય)

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### પુનરાવર્તન કરવા અંગે

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એ (અંતરાય) મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બહુ થઈ ગયું, મને રાજકીય ભાષણ કરતા આવડે છે.

**અધ્યક્ષશ્રી** : એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે એ એમને કહેવા દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પણ સાહેબ, પોઈન્ટ ઓફ ઓર્ડર, પણ મને બોલવા ના દેવાનું હોય એવું એ લોકોએ નક્કી કરેલું છે.

**અધ્યક્ષશ્રી** : હું બોલવા દઈશને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહિ હજુ શરૂઆત કરું ત્યાં જ પોઈન્ટ ઓફ ઓર્ડર અને મેં હજુ એક શબ્દય નથી બોલ્યો સાહેબ, હજી.

**અધ્યક્ષશ્રી** : હું આપને બોલવા દઈશ. આપ આપના અધિકારને (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પોઈન્ટ ઓફ ઓર્ડર કઈ બાબતનો છે. હું બોલ્યો જ નથી સાહેબ.

**અધ્યક્ષશ્રી** : એ જાણવા દોને પણ હું એમને કહીશ નથી તો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અડધા કલાકથી આપણે જોઈ રહ્યા છીએ. બે-ત્રણ વખત આપણે પણ માનનીય સભ્યશ્રીને ટકોર કરી છે. બિલ જે છે એ પ્રાઈવેટ યુનિવર્સિટીનું બિલ છે અને જ્યારે યુનિવર્સિટીનું બિલ હોય ત્યારે સ્વભાવિક જ એની ગુણવત્તાની વાત થાય ત્યારે, કોલેજની ગુણવત્તા, યુનિવર્સિટીની ગુણવત્તા એની વાત કરે તો બરાબર છે માનનીય અધ્યક્ષશ્રી, પણ બાલવાડી, આંગણવાડી, ડ્રોપ આઉટ રેશિયો પહેલા ધોરણ, બીજા ધોરણની જો વાતો કરી કરીને માનનીય અધ્યક્ષશ્રી, આપની ટકોર પછી પણ એજ ચાલુ રહે છે અને હું માનું છું કે આ યોગ્ય નથી. અનેક વખત આવી રીતે રોકવામાં આવ્યા છે અને આપ જ કહો છો કે હું રોકતો નથી. પણ હકીકતમાં આપ રોકી શકો છો માનનીય અધ્યક્ષશ્રી, વાર્તા કરવા બેસે તો આખો દિવસ વાર્તા કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે બાબત છે. પહેલી બાબત તો એ છે કે કદાચ જો આ બિલને, એના હેતુને વ્યવસ્થિત રીતે સમજવાનો જો પ્રયત્ન કરે તો. તો સ્કોપ ઈઝ વેરી વાઈડ. ઉદ્દેશ્ય અને કારણો જે છે બીલના એને જો કદાચ માનનીય મંત્રીશ્રી વાંચી જાય ને એક વખત તો એનો સ્કોપ ઈઝ વેરી વાઈડ. બીજી વસ્તુ મારે આપને એ કહેવું છે કે, આપે બે વખત કહ્યા પછી માનનીય અર્જુનભાઈએ ખાતરી આપ્યા પછી હજી શબ્દની શરૂઆત કરી છે અને એ દરમિયાન ઊભા થઈ જવું, આપ રોકતા નથી એ બરાબર નથી, આપે રોકવા જોઈએ, આપે આમ કરવું જોઈએ. અધ્યક્ષશ્રીને શું સંચાલન કરવું, આપ બરાબર સંચાલન કરો છો, આપે જરૂર લાગે ત્યાં રોકવાનો ટોકવાનો પ્રયત્ન કર્યા પછી માનનીય સભ્યશ્રીએ પણ પોઝેટીવમાં વાત કરી, કે સાહેબ હું ખાતરી આપું છું, રિપીટેશન પણ નહીં કરું, આઈ વીલ ટ્રાય ટુ કીપ માય સેલ્ફ વીધ ઈન સ્કોપ, અને સ્કોપ જો જોઈએ તો કવોલીટી એજ્યુકેશન માત્ર નહીં અને ઉદ્દેશો અને કારણોમાં જો નજર કરીએ તો બીલનો સ્કોપ માનનીય સભ્યશ્રી બોલે છે એ વીધ ઈન સ્કોપ એટલું જ નહીં આપના સભ્યશ્રીઓ જ્યારે બોલે છે આઉટ ઑફ સ્કોપ પુષ્કળ જતા હોય છે અમે નથી બોલતા કે સભ્ય બોલે છે પણ મંત્રીશ્રીઓ પણ પ્રશ્નોત્તરીમાં આઉટ ઑફ સ્કોપ જાય છે ત્યારે વાંધો નહીં અને બીજાને આ ખાતરી આપવી ? માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે એક આંગળી કરું ત્યારે બીજી આંગળીઓ મારી તરફ પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપમાં જ બોલે છે, આપે કહી દીધું છે, અહીં કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો રહેતો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફકીરભાઈને પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરવાનો અધિકાર છે. એ પૉઈન્ટ ઑફ ઑર્ડર શું છે એ જાણ્યા પછી હું રોકવાનો પ્રયત્ન કરું. એટલે આપ રોકતા નથી એટલે (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં એમણે કહ્યું એમ, હું તો નથી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આઈ એમ સોરી, મેં એમ કહ્યું કે નહીં કહેવું જોઈએ. આપ રોકતા નથી એમ નહીં કહેવું જોઈએ, આપ રેકોર્ડ મંગાવી લેજો.

**અધ્યક્ષશ્રી** : એ હું જોઈ લઈશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ આપનો રોકવાનો અધિકાર છે, અને આઈ એપ્રીશિએટ આપ રોકો તો.

**અધ્યક્ષશ્રી** : પહેલી વાત એ છે કે, આમાં અગત્યની વસ્તુ એ છે કે, કોઈપણ બીલની ચર્ચા એ વિસ્તૃત થાય, એ સૌથી વધારે એ જરૂરી છે. કારણ કે, બીલ એ લાંબાગાળાની અસરો માટે આવતું હોય છે એટલે આ સભાગૃહની અંદર એક પ્રણાલિકા રહી છે કે, બીલની ચર્ચાને સમય આપણે બાંધતા નથી, તેમ છતાં પણ ક્યારેક ક્યારેક કામકાજ સલાહકાર સમિતિ એ બીલને ક્યારે પૂરું કરવું એની એક મર્યાદાઓ નક્કી કરેલી હોય છે. આપણે જ્યારે જરૂર ન હોય એટલે ઓછી ચર્ચાની જરૂર હોય તો બીલો વહેલા પસાર કર્યા છે. પહેલા દિવસે ત્રણ બીલો લીધા, ગઈ કાલે આપણે આ બીલની ચર્ચાની શરૂઆત કરી છે અને જેમાં વધારે રસ છે તો એની ચર્ચા લંબાય તો એમાં મને જરા પણ વાંધો નથી, એને હું રોકવા માગતો પણ નથી. આજે મોડી રાત સુધી બેસીને પણ આપણે ત્રણ બીલો પૂરા કરવા છે, એ દિશા તરફ આપણે આગળ જવું છે એટલે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, ગઈ કાલે આપે કહ્યું છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સર.

**અધ્યક્ષશ્રી** : ગઈ કાલે જ્યારે મારે વાત થઈ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મેં કહ્યું કે, આવતી કાલનો હજી બે દિવસ, આઈ વીલ ટ્રાય ટુ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ગઈ કાલે તમે કહ્યું કે આજે ગઈ કાલે (અંતરાય) નહીં, નહીં, માનનીય શકિતસિંહજી ગઈ કાલે જ્યારે કહ્યું આજે આપણે સમયસર પૂરું કરીએ અને બાકી રહેવા દઈએ, આવતી કાલે પૂરા કરીશું

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બે જ હતા, ત્રીજું આવી ગયું ?

**અધ્યક્ષશ્રી** : તો ત્રીજું બાકી રાખીશું, બે બીલો આજે પૂરા કરીશું અને બે બીલોની ચર્ચા મોડી રાત સુધી પણ કરવાની હોય તો મારી એ કરવાની તૈયારી છે. હું બીલની ચર્ચા રોકવા માગતો જ નથી, બે બીલો આજે પૂરા કરીશું, ત્રીજું બીલ આવ્યું છે એ પછી.

**શ્રી આર.સી. ફળદુ**: આ ત્રીજું બીલ પણ લેવાની વાત કામકાજ સલાહકાર સમિતિમાં થઈ હતી અને એ આજના દિવસમાં પૂરું કરવાની પણ વાત થઈ હતી, સાહેબ બીલ કયું આવશે એટલી જ વાત બાકી હતી, બાકી તો બીલ લેવાની વાત સ્પષ્ટ હતી.

**અધ્યક્ષશ્રી** : આપણે બપોરે મળીએ છીએ ત્યારે આપણે ચર્ચા કરીશું અનૈપચારિક.

**શ્રી આર.સી. ફળદુ**: ત્રીજું બીલ કયું આવવાનું છે એની સ્પષ્ટતા નથી થઈ, બાકી ત્રીજું બીલ લેવું અને આજે પૂરું કરવાની વાત હતી, પછી તમારે ચર્ચા કરવી હોય તો ૨૯ જુલાઈ સુધી આપણે ચર્ચા કરવા તૈયાર છીએ.

**અધ્યક્ષશ્રી** : અત્યારે એ ચર્ચાનો વિષય નથી. અત્યારે ચર્ચાનો વિષય એ છે કે, બે બીલો અત્યારે આપણે લઈએ છીએ અને મોડી રાત સુધીમાં એને પૂરા કરીએ છીએ અને ત્રીજું બીલ ક્યારે પૂરું કરવું એ આપણે નક્કી કરીશું, બપોરે પણ બેસવું હશે તો આપની સાથે બેસી લઈશું. પણ બીલની ચર્ચાનો વિષય છે અને ચર્ચાના વિષયની અંદર સભ્યશ્રીઓને બોલવાના અધિકાર ઉપર હું તરાપ મૂકવા માગતો નથી પરંતુ સભ્યશ્રીને બે વસ્તુ હું કહું છું કે, જે કોઈ સભ્યો બોલે એ એ પુનરોકિત ન કરે, વિષયની અંદર એ જયારે બીલ ઉપર બોલતા હોય ત્યારે કઈ કલમ ઉપર બોલે છે એ પણ કહે તો માર્ગદર્શન મળશે કારણકે માનનીય મંત્રીશ્રીને એમાંથી કાંઈ સુધારો કરવો હોય તો પણ બીલના મુખ્ય તત્વો જે છે એ કવોલીટી એજયુકેશન છે. એ એક એવો વિષય છે કે જેના ઉપર ઘણું લાંબુ બોલી શકાય પણ આજે જે પ્રશ્ન છે એ કવોલીટી એજયુકેશનની ઉપરાંત ગુજરાતની અંદર શૈક્ષણિક વ્યવસ્થાઓનો જે વિચાર છે અને એ વ્યવસ્થાની અંદર જયારે રાજય સરકાર એક નવી દિશા તરફ જતી હોય ત્યારે સિદ્ધાર્થભાઈએ જેમ ગઈકાલે વાતના મુખ્ય મુદ્દાઓ લીધા એ જ મુદ્દાઓને લઈને આપ આગળ વધો. આપની તૈયારી હોય તો મારી મોડી રાત સુધી બેસવાની તૈયારી છે પણ હું આપને કહું કે હું કલોઝર મૂકવા દેવા માગતો નથી, હું ચર્ચાને રોકવા માગતો નથી પરંતુ જયારે આપના મુદ્દાઓ ખૂટી જાય એવી પરિસ્થિતિ થાય ત્યારે એને લંબાવવાના જે પ્રયાસ કરશો તો એના પરિણામે શું થાય છે કે આપના વકતવ્યના જે મુખ્ય મુદ્દાઓ છે એ માર્યા જાય છે એટલે હંમેશા લાંબુ બોલ્યા કરતા ટુંકી અને મુદ્દાસરની જે વાત હોય તો સરકારશ્રીને પણ માર્ગદર્શન મળે એટલે કવોલીટી એજયુકેશન એ ચોકકસ સ્વીકારશે અને કવોલીટી એજયુકેશન માટે જ રાજય સરકાર કહે છે. સેકટરવાળી જે ગઈકાલે આપ વાત કરતા હતા, સેકટર યુનિવર્સિટીઓની જે વાત કરી એમાં અનિલભાઈ અને સિદ્ધાર્થભાઈ ખૂબ સરસ રીતે બોલ્યા છે. આપ ખૂબ સરસ રીતે બોલી શકો તેમ છો અને યુનિવર્સિટીઓની

સિન્ડીકેટની અંદર પણ ઘણા લાંબા સમય સુધી સભ્ય રહ્યા છો આપના એ અનુભવો આમાં પ્રતિપાદિત થાય એમ હું ઈચ્છું છું. બાલવાડીના નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની ભાવના સાથે હું સંમત થાઉં છું અને મારે લાંબુ બોલવું હોય તો એક-એક કલમ ઉપર લાંબુ બોલી શકાય. એવું લાંબુ બોલવું પણ નથી.

**અધ્યક્ષશ્રી** : બાકીના સભ્યોને પણ હું વિનંતી કરું છું. હું તરત જ એમને રોકું છું.

# ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯ (ક્રમશ:)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, એ લોકો મને એમ કહે છે કે બોલો. મારે રાત સુધી બેસવું પડે એવી પરિસ્થિતિ ઉભી નથી કરવી અને એવો રેકોર્ડ સ્થાપવાની પણ જરાય ઈચ્છા નથી. ઘણા લોકોએ અહીંયા જુનો રેકોર્ડ સ્થાપેલો છે પણ મારી પાસે જે શિક્ષણને લગતી શિક્ષણના વિદ્યાર્થી તરીકે જે માહિતી છે આજે આ બીલ જે પ્રકારે એના ઉદ્દેશોમાં માનનીય મંત્રીશ્રી બોલ્યા છે એ ઉદ્દેશોની પરિપૂર્તિમાં અથવા તો એમને ઉપયોગી થાય કે વ્યવસ્થા ઉભી થાય અને વ્યવસ્થાનું પાલન ન થાય તો શું સ્થિતિ થાય છે એ બાબતમાં હું ધ્યાન દોરવા માગું છું. આપણે કહીએ છીએ કે આપણે વ્યવસ્થા એવી કરી કે ડ્રોપ આઉટ રેટમાં ખૂબ ઘટાડો થાય અને ડ્રોપ આઉટસ રહે પણ નહીં. શાળાઓની અંદર એવી સૂચના અપાય કે તમારે એક થી સાત ધોરણ સુધી હાજરી પુરવાની છે. પરિસ્થિતિ શું થાય કે ડ્રોપ આઉટ રેટસની અંદર આપણે સમગ્ર ગુજરાતના ૨૦ રાજયોની અંદર ૧૮મા સ્થાને સૌથી છેલ્લે છીએ. આજે જે એજયુકેશનલ ઈન્સ્ટીટયુટની અંદર શાળાએ જતા બાળકો છે એમાં પાંચથી ચૌદ વર્ષના જે બાળકો છે એ ઓલઈન્ડીયાની અંદર ૮૫.૬ટકા બાળકો જાય છે. એમાંથી દીકરાઓ છે એ ૮૮.૭ટકા છે અને દીકરીઓ ૮૧.૯ટકા છે. એમાં આપણે બારમા સ્થાને છીએ અને સાતમા ધોરણમાંથી આઠમા ધોરણમાં જાય ત્યારે જે ડ્રોપ આઉટ રેટ આવે છે એમાં આપણે ૨૦માંથી ૧૮મા સ્થાને છીએ એટલે આ વ્યવસ્થા મજબુત કરવા માટે હું કહું છું કે વ્યવસ્થા મજબુત હોવી જોઈએ. અત્યારે જે બીલ લઈ આવ્યા છીએ એ બીલની અંદર આ વ્યવસ્થાની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. આ એકની જ અંદર નહીં પરંતુ દરેક ક્ષેત્રોની અંદર હાયર એજયુકેશનની અંદર પણ હું આવું છું. જાહેર એજયુકેશનની અંદર આપણી વાઈબ્રન્ટ કવોલીટી કેવી છે? ૪૦ સરકારી કોલેજો છે મને વાંધો નથી. ૪૦ કોલેજો છે એ ૪૦ કોલેજોમાંથી માત્ર આઠ કોલેજોની અંદર આચાર્યની જગ્યા ભરાયેલી છે. આપણે એમ કહીએ કે ટેકનિકલ શિક્ષણ અંદર હમણાં આપણે વ્યાપ વધાર્યો છે. સરકારી કોલેજોની અંદર......

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો વિરામનો સમય થયો છે. વિરામ બાદ ૧૧-૦૦ વાગ્યે સભાગૃહ ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ - સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**સભાપતિ ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે હું વાત કરતો હતો એ ક્વોલિટી એજ્યુકેશનની અને ક્વોલિટી આપણા ઘરેથી શરૂ થાય અને આ સરકાર પોતે જ કૉલેજો ચલાવે છે, એ કૉલેજોની હાલત કેવી છે, એની હું વાત કરતો હતો. ૪૦ સરકારી કૉલેજોમાંથી માત્ર ૮ સરકારી કૉલેજો છે. એમાં આચાર્યની જગ્યાઓ ભરાયેલી છે. ટેકનિકલ શિક્ષણની અંદર ૬૦ ટકા અધ્યાપકની જગ્યા ખાલી છે. આપણને મહાલયો જેવી બિલ્ડિંગ ભૂતકાળની સરકારોએ વારસામાં આપી છે, પણ એની આત્મા, પ્રાણ જેવા વિદ્યાર્થીઓ, શિક્ષકો એની સ્થિતિ કેવી છે, એ આંકડા બતાવે છે. જ્યાં ૬૦ ટકા જગ્યાઓ ખાલી હોય એ ડિપ્લોમાં કૉલેજો કે ડિગ્રી કૉલેજો હોય એની હાલત કેવી હશે તે વિચારી શકીએ અને આ ડિપ્લોમાં ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજો ચાલે છે, એના પ્રિન્સિપાલ એ સૌથી મહત્ત્વની કી એપોઈન્ટી હોય છે. એ સંસ્થા ચલાવતા હોય છે. આ ડિગ્રી કૉલેજો એ ૧૪ ડિગ્રી કૉલેજોમાંથી ૧૦ માં આચાર્યની જગ્યા ખાલી છે. ડિપ્લોમાની ૨૬ કૉલેજોમાંથી ૨૨ કૉલેજોમાં આચાર્યની જગ્યા ખાલી છે અને એટલા માટે આપણે ત્યાં એન્જિનિયરિંગ, મૅડિકલ, ફાર્મસી આ બધી જ કૉલેજોની અંદરથી જે ગ્રૅજ્યુએટો બહાર આવે છે, એ બહાર આવનાર ગ્રૅજ્યુએટો છે, એને પ્રાધાન્ય નથી મળતું, કારણ શું? કારણ એટલું છે કે આપણે એની ક્વોલિટી ઉપર કયારેય ધ્યાન આપેલ નથી. દેશની જનતાએ (અંતરાય) આત્મારામભાઈ બહિષ્કાર કરી દીધો, નંબર-૧, ૨ બધાનો. ૩૭૦ સભાઓ લીધી ત્યાં પણ બહિષ્કાર કરી દીધો.

**સભાપતિશ્રી** : અર્જુનભાઈ, આપનું પ્રવચન કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને રોકે નહિ. દેશની જનતાએ બહિષ્કાર કર્યો તમારા નંબર-૧ નો. સભાઓનો બહિષ્કાર થયો બધી જગ્યાએ, એટલે એના કારણે આજે ગુજરાતના જે હાયર એજ્યુકેશન, ટેકનિકલ એજ્યુકેશનની આવી હાલત છે અને એમાં આપણી કેવી હાલત છે. આખા દેશની પ્રોફેશનલ કૉલેજોની, પ્રોફેશનલ એજ્યુકેશનની. એનો એક વિસ્તૃત અભ્યાસ ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદે કરાવ્યો અને એક રીસર્ચ પેપર બહાર પાડ્યું, જે રીસર્ચ પેપરનું નામ છે. એરેસ્ટેડ વર્ચ્યુઅલ સર્કલ. હાયર એજ્યુકેશન એન્ડ હાઈટેક ઈન્ડસ્ટ્રિઝ ઈન ઈન્ડિયાએ અભ્યાસ કર્યો છે. એમાં બે નિષ્ણાંતોએ અભ્યાસ કર્યો છે, એકનું નામ છે રાકેશ બસંત

અને બીજાનું નામ છે, પાર્થ મુખોપાધ્યાય. બહુ અભ્યાસના અંતે આખા ઈન્ડિયાની જે પ્રોફેશનલ કૉલેજો છે, એ પ્રોફેશન કૉલેજો અને હાઈટેક ઈન્ડસ્ટ્રિઝના ગ્રોથ વચ્ચે શું સંબંધ છે તે પ્રતિપાદિત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં મારે ખાસ શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આ પ્રોફેશ્નલ કોલેજોની અંદર, તેના ગ્રોથની અંદર અને ઈન્ડસ્ટ્રીયલ લીંકેજમાં આપણું છેવાડાનું રાજય છે. તેમણે એક ટેક્ષ ઈન્ડેક્ષ બતાવ્યો છે. આ ટેક્ષ ઈન્ડેક્ષ શું છે? State share of professional colleges divide at by state share of population આને ટેક્ષ ઈન્ડેક્ષ કહેવામાં આવે છે. આ ટેક્ષ ઈન્ડેક્ષ પ્રમાણે ગુજરાત દેશની અંદર આઠમા નંબરનું છેવાડાનું રાજય બને છે. આપણે ઈન્સ્ટિટયૂટને ગ્રોથ કરવાની વાત કરીએ છીએ પણ ગ્રોથ કેવો થયો છે? મને આનંદ થાય છે પ્રાઈવેટ યુનિવર્સિટી આવે છે, કવોલિટી એજયુકેશન આવે પણ સાથે સાથે જે રીતે કેન્દ્ર સરકારે ગુજરાતને આઈ.આઈ.ટી.આપી, સેન્ટ્રલ યુનિવર્સિટી આપી અને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી આપી, હેલ્થ ઈન્સ્ટિટયૂટ આપી તે પ્રમાણે ગુજરાતે પણ થોડીક સરકારી ક્ષેત્રમાં છેવાડાનો માણસ પાસે સામાન્ય ફી થી ભણી શકે તેવી મેડિકલ કોલેજો, એન્જિનિયરીંગ કોલેજો અને સેન્ટ્રલ ઓફ એકસેલન્સ બનાવવી જોઈએ. ૨૦૦૭ના મારી પાસે થોડાક આંકડા છે. તે પ્રમાણે જે સરકારી મેડિકલ કોલેજોમાં ભારતમાં કયા રાજયમાં કેટલી છે તો આંધ્રપ્રદેશમાં ૧૪ સરકારી મેડિકલ કોલેજો છે, મહારાષ્ટ્રમાં ૧૯ સરકારી મેડિકલ કોલેજ છે, તામિલનાડુમાં ૧૨ મેડિકલ કોલેજ છે, ઉત્તરપ્રદેશમાં ૧૦ સરકારી મેડિકલ કોલેજ છે અને ગુજરાતમાં ૮ સરકારી મેડિકલ કોલેજ છે. આ સરકારી મેડિકલ કોલેજોની સંખ્યામાં પણ આપણે પાછળ છીએ. તેનાથી આગળ જઈએ તો કવોલિટી એજયુકેશન માટે સૌથી મહત્વનું ફેકટર હોય તો તે કોલેજની ફેકલ્ટી છે. કેટલી ફેકલ્ટી છે? અને તેમાં સૌથી પહેલાં સારામાં સારી ઈન્સ્ટિટયૂટ કોને કહેવાય તેના માટે સૌથી પહેલું ફેકટર જો માપવાનું હોય તો એ છે કે ત્યાં ટીચર સ્ટુડન્ટ રેશીયો કેટલો છે? સૌથી સારામાં સારો રેશીયો આઈ.આઈ.એમ. અને આઈ.આઈ.ટી.નો હશે. તેની સાથે આપણે સરખામણી કરતા નથી. પણ ગુજરાતમાં સ્ટુડન્ટ ટીચર રેશીયો શું છે તેના આંકડા થોડાક મારી પાસે છે તે હું આપવા માગું છું. આખા ભારતની અંદર સ્ટુડન્ટ ટીચર રેશીયો ૨૩નો છે. તેની સામે બીજા રાજયનો સ્ટુડન્ટ ટીચર રેશીયો કેટલો છે? ૨૦૦૫ ના આંકડા મારી પાસે છે. વીજળીમાં આપ મુખ્યમંત્રીશ્રી પાસે માગો તો ખરા આઠ કલાક, કાયમ ખેડૂતોની ગાળો ખાવી ન પડે. રાતના બે-બે વાગે લોકો ઉઠાડે છે. વીજળી માગો ને અહીંયાં. હું આ સ્ટુડન્ટ ટીચર રેશીયો છે તે આપને કહેવા માગું છું. ઓલ ઈન્ડિયાનો કેટલો છે? તો ઓલ ઈન્ડિયાનો ટીચર સ્ટુડન્ટ રેશીયો ૨૩નો છે. તેમાં આંધ્રપ્રદેશનો સ્ટુડન્ટ ટીચર રેશીયો ૨૧ છે, હરિયાણા ૨૭ છે, કર્ણાટકનો-૧૪ છે, કેરાલાનોં ૧૬ છે, મહારાષ્ટ્રનો-૨૬ છે, પંજાબનોં ૨૫ છે, તામિલનાડુનો ૧૬ છે, આસામમાં ૧૬ છે, બિહારનો ૧૯ છે, છત્તીસગઢનો ૩૪ છે, હિમાચલ પ્રદેશનો ૨૯ છે, જમ્મુ અને કાશ્મીરનો ૧૮ છે. ઝારખંડનો ૨૫ છે, મધ્યપ્રદેશનો ૩૫ છે, ઓરિસ્સાનો ૩૮ છે, રાજસ્થાનનો ૩૩ છે, પશ્ચિમ બંગાળનો ૨૯ છે અને તેની સામે ગુજરાતનો ૪૧ છે. સ્ટુડન્ટ ટીચર રેશીયોની અંદર આખા હિન્દુસ્તાનના જે બે છેવાડાના રાજયોમાં ઉત્તરપ્રદેશ અને ગુજરાત છે. ઓલ ઈન્ડિયાનો સ્ટુડન્ટ ટીચર રેશીયો ૨૩ નો છે જયારે ગુજરાતનો ૪૧ નો છે અને ઉત્તરપ્રદેશનો ૪૬નો છે. આ કવોલિટી એજયુકેશન તરફ આપણે જઈ રહયા છીએ? આપણે સવાલ પૂછવો જોઈશે કે આપણે વધારેમાં વધારે વિદ્યાર્થીઓ એનરોલ થાય એટલા માટે ઈન્સ્ટિટયૂશનની મંજૂરી આપીએ છીએ પણ તેની અંદર સ્ટુડન્ટ ટીચર રેશીયોની ચકાસણી કરીએ છીએ? બીજે કયાંય ન કરીએ તો આપણા વિભાગ હસ્તક જે કોલેજો ચાલે છે તેની અંદર લાઈબ્રેરીયન છે. એનો લૅબૉરૅટરી ટેકનિશિયન છે કે બીજા જે પૅરા એકેડેમિક જે સ્ટાફ છે એ સ્ટાફ ભરાયેલો છે કે નહીં એની કોઈ ચકાસણી નથી થઈ, અને આ હાલત છે, હમણાં મેં આ સભાગૃહમાં પ્રશ્ન પૂછયો હતો, સભાગૃહની અંદર પૂછયું મેં કે આપણે ફાર્મસી ડીગ્રી કૉલેજોની અંદર અને ડિપ્લોમા કૉલેજોની અંદર આપણે ત્યાં ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ માન્યતા આપી હોય એવી ઇન્સ્ટિટ્યૂટ કેટલી? તો માનનીય અધ્યક્ષશ્રી, મને જે જવાબ મળ્યો છે એ જ આંકડા આપું છું. આપણી ૭૯ ડીગ્રી કૉલેજો છે, એમાં ૪૩૬૫ વિદ્યાર્થીઓ ભણે છે. એમાંથી માત્ર ૧૪ કૉલેજોને ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ માન્યતા આપી છે. આ ૧૪ કોલેજોમાં ૭૬૫ વિદ્યાર્થીઓ ભણે છે. કુલ ૬૫ ફાર્મસી ડીગ્રી કૉલેજો છે એને આજ દિવસ સુધી ફાર્મસી ઑફ ઇન્ડિયાએ માન્યતા આપી નથી અને એમાં સરકારી કૉલેજોનો પણ સમાવેશ થાય છે. ડિપ્લોમા ફાર્મસી કૉલેજો ૧૬ છે. એમાં ૧૦૨૦ વિદ્યાર્થીઓ ભણે છે અને એમાંથી માત્ર નવ કૉલેજોને ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ માન્યતા આપી છે. એ ૬૪૦ વિદ્યાર્થીઓ છે. ૭ ડિપ્લોમા ફાર્મસી કૉલેજો છે એને ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ માન્યતા આપી નથી અને આ સાત કૉલેજોની સંખ્યા ૩૮૦ છે. ડીગ્રી કૉલેજોની ૬૫ અમાન્ય કૉલેજો છે, એની સંખ્યા છે ૩૬૦૦, માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ચાર હજાર વિદ્યાર્થીઓ દર વર્ષે પાસ થાય છે એ ચાર હજાર વિદ્યાર્થીઓની ગુજરાત બહાર ડીગ્રી માન્ય રાખવામાં આવતી નથી. આ કવોલિટી એજ્યુકેશન છે. અત્યાર સુધીમાં જે એન્જિનીયરીંગ કૉલેજો, યુનિવર્સિટીઓ આપણી પાસે જોડાણ લેવા આવ્યા એ જોડાણ લેવા આવ્યા અથવા તો યુનિવર્સિટી માટેના આપણે જે એકટ પસાર કર્યા એમાંથી આપણે બહાર નીકળીને ગૌરવ પૂર્ણ રીતે કહી શકીએ કે અમે આવી સારી યુનિવર્સિટીઓને એફીલીએશન આપ્યા છે પણ હવે આ બિલ દ્વારા જે પ્રકારે એફીલીએશન આપવા જઈ રહ્યા છીએ અથવા તો જે પાછલા બારણેથી આ હાઉસને અંધારામાં રાખી અનેક એક્ઝિક્યુટિવ, કૅબિનૅટ દ્વારા, શિક્ષણ વિભાગ દ્વારા જે યુનિવર્સિટીઓને માન્યતા અપાવાની છે એ

યુનિવર્સિટીઓની જે કવોલિટી એજ્યુકેશન છે જે અપેક્ષા રાખી હતી પ્રાઇવેટ યુનિવર્સિટીઓ પાસેથી એ નહીં રહે અને એ કમાણી કરવાના સાધન બનવાના છે અને જ્યારે કમાણી કરવાના સાધન માટેની સગવડો આપવા આપણે જઈ રહ્યા છીએ ત્યારે આપણે આ બિલની સાથે સંમત થઈ શકીએ એમ નથી. આ બોધપાઠ મારા મિત્રોએ ખાસ લેવો જરૂરી છે કે બધું જ ખાનગી ખાનગીમાં કરીશું અને ખાનગી ખાનગી કરીને ખાનગીવાળાને બધું આપીશું તો લોકો સાથ નહીં આપે અને આ વખતે થોડા વખતે પહેલાં જનતાએ જે ચુકાદો આપ્યો એ ચૂકાદામાં બતાવી આપ્યું કે આ પ્રકારે (અંતરાય) ગુજરાતમાં એ જ ચુકાદો આવ્યો છે. આ જ ચુકાદો આવ્યો છે, આ તો પેલી કહેવત જેવી છે." ભાદરવા તણો ભીંડો વડને કહેતો વીર, સમાવું નહીં સર્વથા જા સરવર તીર " ભાદરવો મહિનો પૂરો થયો એટલી ભીંડાનું નિશાન નહીં મળે, વડ તો જયાં ઊભો હતો ત્યાં વડ ઊભો રહેવાનો છે. એટલે આ ભાદરવાના ભીંડાની યુકિત છે એ કોઈકને લાગુ પડતી હશે, ભાદરવો મહિનો પૂરો થવા દો અને પછી આપણે જોઈશું. આ એટલા માટે કહું છું કે, હજી પણ માનનીય શિક્ષણ મંત્રીશ્રી કોઈ બીજાની સલાહ લીધા વગર પોતાના અંતરાત્માના અવાજ મુજબ આ ગૃહની લાગણીને ધ્યાનમાં લે અને આ જે બિલ લાવ્યા છે એ બિલને પ્રવર સમિતિને સોંપે, ચર્ચા વિચારણાઓ થાય અને આમાંથી પણ હું ફરીથી આપશ્રી મારફત કહેવા માગું છું કે....કે આ બિલની અંદર પણ જો એકાદ યુનિવર્સિટીનું સેપરેટ બિલ લઈ આવવામાં આવશે અને મેરિટ ઉપર એની ચર્ચા કરવામાં આવશે તો અમે તૈયાર છીએ. અમારા શ્રી સિધ્ધાર્થભાઈએ કહ્યું છે એ પ્રમાણે વધારે યુનિવર્સિટીઓ આવે, માનનીય અનિલભાઈએ જે ઈચ્છા વ્યક્ત કરી હતી કે સેકટર્સ સ્પેસિફિક બધી જગ્યાએ યુનિવર્સિટીઓ બને અને એનો લાભ વિદ્યાર્થીઓને મળે, શ્રેષ્ઠી લોકો એમાં પૈસા રોકે અને એનું વળતર સમાજને મળે એવી વ્યવસ્થા ગોઠવાઈ તો એમાં સંમત થઈશું. આ બિલની સાથે અમે સંમત થઈ શકતા નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ( વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક એનો હાર્દ જે છે એ માનનીય સિધ્ધાર્થભાઈ અને માનનીય અર્જુનભાઈએ કહ્યું એ રીતે નૌલેજ કમિશનની, સામ પિત્રોડાજીની પણ વાત એને અનુરૂપ છે. પણ એ હાર્દ અને આ બિલને વચ્ચેનો જે ભાગ છે, આપણી ભાવના વધારેમાં વધારે શિક્ષિત લોકો, યુવાનો ગુજરાતમાંથી બહાર જાય, ગુજરાતની વ્યવસ્થા ઊભી થાય એમાં સંપૂર્ણ સહયોગ હોય પરંતુ આપણે શું કરવા જઈએ છીએ અને કયાં ક્ષતિઓ છે એ માટે હું માત્ર બે મુદાઓ તરફ આપનું ધ્યાન ખેંચવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી બાબત તો મારી એ છે કે, આપણે આ બિલથી શું કરવા જઈએ છીએ? આજ સુધી ભૂતકાળમાં કયારેય એવું ન હતું જે યુનિવર્સિટી બનતી હોય એ યુનિવર્સિટીના વૈવિધ્યપૂર્ણ સંજોગો એની પરિસ્થિતિ બધું જ હોય છે અને તે જ આ વિધાનસભાએ, આ માનનીય સભાગૃહે એ અબાધિત અધિકાર પોતાની પાસે રાખ્યો છે કે કોઈ પણ યુનિવર્સિટી બનવાની હોય તો એ યુનિવર્સિટીને અનુરૂપ એનું બિલ લઈને સરકાર આ ગૃહમાં આવે આ પક્ષ, આ પક્ષ બધા જ એ વિધેયક ઉપર પોતાની વાત કરે અને વિધેયક પસાર કરે. આપણે અહીંયા શું કરવા માગીએ છીએ? આપણે એક ઢાંચો તૈયાર કરી દેવા માગીએ છીએ. એ ઢાંચામાં જેમણે પણ ખાનગી યુનિવર્સિટી બનાવવી હશે એ આવશે આપ એને લેટર ઓફ ઈન્ટેન્ટ આપી દેશો અને એ ઢાંચાના ખાડાઓ પૂરી અને આપ આ સભાગૃહ પાસે આવવા માગો છો. જે આશય છે આપનો એ મને લાગે છે કે બર નહીં આવે એટલા માટે કે કાલે સવારે કોઈ વિશિષ્ટ સંજોગોમાં આપને વિશિષ્ટ ફેરફાર કરવાની પણ જરૂર પડે. શા માટે આપ એક બીબામાં બેસાડી દેવા માગો છો કે આમ જ અમે કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, આજે તો ચાર ખાનગી યુનિવર્સિટીની વાત લઈને આપ આવ્યા છો ત્યારે આપની વાત શું છે? યુનિવર્સિટીની સ્થાપના કલમ-૩ની પેટા કલમ ૭ તરફ હું આપનું ધ્યાન ખેંચવા માગુ છું. આપ અહીંયા શું કહો છો કે, ' યુનિવર્સિટીઓને કેંદ્ર સરકાર અથવા રાજય સરકાર તરફથી કોઈ પણ સહાયક અનુદાન અથવા અન્ય નાણાકીય સહાય મળશે નહીં.' આ આપનો સ્પષ્ટ આ કાયદાથી અભિગમ છે. મારે હવે માનનીય મંત્રીશ્રીનું એ ધ્યાન દોરવું છે કે, આપ જાણો છો કે, આ જે ચાર પૈકીની એક યુનિવર્સિટી આપ જે બનાવવા જઈ રહ્યા છો એ સંસ્થા પાસે પોતાની આજે કોલેજો છે. એ કઈ કોલેજો છે? જે યુ.જી.સી.ની માન્યતાવાળી છે, એ કઈ કોલેજો છે? જેનું ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ છે, એ કઈ કોલેજો છે? કે જેને યુ.જી.સી.ની ગ્રાન્ટ મળી છે. ગંભીરતાથી આ બાબત વિચારણા કરવાની હું આપને વિનંતી કરું છું. આપનો આશય શું છે? આપે લેટર ઓફ ઈન્ટેન્ટ આપી દીધો છે એટલે જેવું આ બિલ પસાર થાય અને કાયદો અમલમાં આવે એટલે જે કોલેજો આજે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી છેજે કોલેજોએ યુ.જી.સી.ની ગ્રાન્ટ મેળવી છે, જેના આધાર ઉપર અસ્કયામતો ઉભી કરી છે, તે ખાનગી યુનિવર્સિટીનો ભાગ બની જશે, આ હું સમજું છું, આપ આજે ખાતરી આપો તો મને વાંધો નથી, ગેલેરીમાં બેઠેલા આપના અધિકારી મિત્રો આ બાબતને ગંભીરતાથી લઈને આપને સ્પષ્ટતા કરવાનું કહે તો આઈ વીલ બી ધ હેપીએસ્ટ પર્સન, એક કોલેજ છે જેનું મંડળ આજે આપણી સાથે ખાનગી યુનિવર્સિટીમાં જોડાવા આવે છે, એ મંડળની એક કોલેજ છે, એ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી છે અને ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી હોવાના કારણે એના બી.બી.એ. ના કોર્સનું ફીનું ધોરણ ગુજરાત યુનિવર્સિટીએ નક્કી કરેલા ધારાધોરણો મુજબ ૧૦,૦૦૦ રૂપિયા હતું હવે એમણે આપે આપેલા લેટર ઓફ ઈન્ટેન્ટના કારણે એવું જાહેર કરી દીધું કે હવે અમે ગુજરાત યુનિવર્સિટી સાથે નથી હવે અમે ખાનગી યુનિવર્સિટીમાં જવાના છીએ અને એટલા માટે જે ફી ૧૦,૦૦૦ રૂપિયા હતીને તે આજની તારીખે

૩૫,૦૦૦ રૂપિયા કરી દીધી, શું આ આશય હતો ખાનગી યુનિવર્સિટીઓનો, ખાનગી યુનિવર્સિટીઓનો આશય એવો નવી સંસ્થાઓ સ્થપાય, નવી કોલેજો સ્થપાય, નવી યુનિવર્સિટીઓ સ્થપાય, નવી સુવિધાઓ ઉભી થાય, આ નોલેજ કમિશનનો ભાવ અને એ ભાવને અનુરૂપ સરકાર વિધેયક લઈને આવે તો અમને સમર્થન કરતા આનંદ થાય, પણ આપણે શું કરીએ છીએ. કે you have a freedom to join a private University તો એ સંસ્થા ત્યાં જશે તેના કારણે જે પ્રોફેસર યુ.જી.સી.ની ગ્રાન્ટના આધાર ઉપર ગવર્નમેન્ટ યુનિવર્સિટીના ધારા-ધોરણ મુજબ પગાર મેળવતા હતા તેના રક્ષણનું શું ? તેની ચિંતા આપણે આમાં કરવી પડશે. જે કોઈ માત્ર શાળા પણ સ્થાપવા જાયને કોલેજની હું વાત નથી કરતો, યુનિવર્સિટીની વાત નથી કરતો તેના માટે શું છે આપે જે આપની કલમ-૭ અને કલમ-૬ તેની અંદર ક બિલના પાના ૭ના પેટા કલમ (ક). મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૮૬૦ અથવા મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ અથવા કંપની અધિનિયમ ૧૯૫૬ હેઠળ પોતાની નોંધણી પ્રમાણપત્રોની નકલ સહિત પુરસ્કૃત મંડળની વિગતો. આ પ્રોજેકટ રિપોર્ટની સાથે આપવાનો છે. What does it mean ? કે જે આ ખાનગી યુનિવર્સિટી બનાવવા માગે છે તેને શું કરવાનું ? ત્રણ પૈકી એક એટલે કે કાં તો મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ નીચે નોંધાવવાનું કાં તો મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ નીચે નોંધાવવાનું. અથવા કંપની અધિનિયમ નીચે નોંધાવવાનું. આપ કેટલા લિબરલ થવા જઈ રહ્યાં છો આનાથી, આપ કેવા છૂટના દોર ખોલવા જઈ રહ્યાં છો. આપ એક શાળા ખોલવી હોયને તો તેના માટે આપના નિયમ શું છે ? તેમાં આપનો નિયમ એવો છે કે મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૮૬૦ નીચે નોંધાયેલી જ સંસ્થા હોવી જોઈએ. પછી ઔર નહીં એન્ડ મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ નીચે નોંધાયેલી હોવી જોઈએ. આપે કડક કંટ્રોલ રાખ્યો છે જે મારી દ્રષ્ટિએ આવકારદાયક અને જરૂરી છે. કે એક શાળા પણ સ્થાપવી હોય આ બન્નેમાં રજિસ્ટ્રેશન જોઈએ. શાળા માટે અને આ આખી ખાનગી યુનિવર્સિટી કરવાની છે ત્યાં ત્રણમાંથી કોઈ પણ એક. અને ત્રીજું છે તે શું છે કંપની અધિનિયમ. એટલે ખાલી કંપની અધિનિયમ નીચે નોંધાયેલી પેઢી હશે તે પણ ખાનગી યુનિવર્સિટી કરશે. મારી દ્રષ્ટિએ આ ઘાતક વસ્તુ છે. જયારે આપણે કરવી છે તો શા માટે એટલા પ્રિકોસન્સ ના લઈએ કે જેથી કરીને શિક્ષણનો વ્યાપ તો વધે જ પણ તેનું સ્ટાન્ડર્ડ જળવાય, તેના ઉપર કન્ટ્રોલ ઉભો થાય અને આ કન્ટ્રોલ શા માટે જરૂરી છે તે હું આપને આગળ લઈ જવા, તેના તરફ ધ્યાન દોરવા પ્રયત્ન કરવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઈરાદાપત્ર સેકસન ૯ ઓફ ધ એકટ કલમ-૮ હેઠળ રચાયેલી ચકાસણી સમિતિનો રિપોર્ટ મળ્યે સરકારને ખાતરી થાય તો ઈરાદાપત્ર કાઢી આપી શકશે અને સૂચિત યુનિવર્સિટીના સત્તા મંડળ પાસેથી વધુ માહિતી મંગાવી અથવા દરખાસ્ત નામંજૂર કરી શકશે. આ શું આપણે કોઈ આટલી હળવાશથી લઈ જઈ શકીશું એક યુનિવર્સિટીની સ્થાપનાને ? વિદ્યાર્થીઓના ભવિષ્યનો સવાલ છે. મેં આપને કહ્યું આપના લેટર ઓફ ઈન્ડેન્ટ ઈસ્યુ કરવાના કારણે અમદાવાદની એક સંસ્થામાં ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી સંસ્થા, યુ.જી.સી.ની ગ્રાન્ટ મેળવતી સંસ્થા આપે આ એલ.ઓ.આઈ. આપ્યો એટલા માટે દશ હજાર રૂપિયામાં જે કોર્સ ચલાવતા હતા ત્યાંથી પાંત્રીસ હજારે જતાં રહ્યાં. આપણે આ આપ્યાં પછી ધારો કે તમે તેને મંજૂરી નહીં આપી શકવાના કારણો ઉભાં થયા અને ઈન બીટવીન આપણે એલ.ઓ.આઈ.ના કારણે કોઈ વિદ્યાર્થીઓને તેમાં દાખલ કર્યા તેની પરિસ્થિતિ શું થવાની છે તેની ચિંતા આપણે રાખવી પડશે. અને એ ચિંતા નહીં સેવીએ તો આવતા દિવસોમાં એવા કોમ્પ્લીકેશન્સ ઉભા થવાના છે. મેં અનેક દાખલા જોયા છે. MCI ની મંજૂરી વગર મેડિકલ કોલેજ ચાલુ થાય, વિદ્યાર્થી દાખલ થઈ જાય MCI ની મંજૂરી આવે નહીં. Medical council of india ની મંજૂરી વગર સ્નાતકના દરવાજા સુધી પહોંચેલો વિદ્યાર્થી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી દુઃખી થાય. અને કદાચ મહેનત કરીને ગ્રેજયુએટ થયેલો પણ બહાર જઈને પ્રેકટીસ ન કરી શકે. પી. જી. કરવા ન જઈ શકે. કારણો શું? કારણોમાં આ બધા લેકયુના જે આવે છે આપણી, એ જ. માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીની ગવર્નીંગ બોડી. Section twenty. આપ ઉદ્યોગપતિઓને પ્રોત્સાહિત કરો, આપ ઉદ્યોગપતિઓને આવકારો. વાંધો નથી. પણ ઉદ્યોગપતિઓને માટે રીઝર્વેશન કરવાની નીતિ મને લાગે છે કે એ ઘાતક છે. સેકશન-૨૦માં આપણે શું કરીએ છીએ? સેકશન-૨૦માં આપણે યુનિવર્સિટીની ગવર્નીંગ બોડી નીચેના સભ્યોની રહેશે. એમાં આપણે શું કરીએ છીએ? સબ સેકશન (જ) ગવર્નીંગ બોડીએ નામ નિયૂકત કરવાના એક નામાંકિત ઉદ્યોગપતિ. Why ? આપ એને ફ્રીડમ આપો ને કે કોઈપણ એક પ્રતિષ્ઠિત વ્યકિતને યુનિવર્સિટીની ગવર્નીંગ બોડીમાં મૂકી શકાશે. શું ઉદ્યોગપતિ એ કવોલિફાઈડ છે? એમાં ઉદ્યોગપતિને જ આપે મૂકવા? પ્રતિષ્ઠિત વ્યકિત, પછી એ ઉદ્યોગપતિ પણ હોઈ શકે. યુનિવર્સિટી સ્થપનાર મંડળને એમ લાગે કે મારે માનનીય અનિલભાઈને મૂકવા છે. સારા માણસ છે. શિક્ષણના જાણકાર છે. (અંતરાય) હું એ જ કહું છું. હું આપની વાત સાથે સંપૂર્ણ સહમત છું કે ઉદ્યોગપતિ એ કોઈ ડીગ્રી નથી. ઉદ્યોગપતિ એ કોઈ વ્યાખ્યા નથી. ઉદ્યોગપતિને રીઝર્વેશન ન હોવું જોઈએ. આપની વાત સાથે હું સહમત છું. ડીગ્રી હોય તો હું સમજી શકું કે You are inviting a qualified person.

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈએ તો માત્ર વ્યાખ્યા જ કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : I am supporting that definition. I am fully with him Honourable Speaker Sir. હું એમની સાથે સંપૂર્ણ સહમત છું કે આ ડીગ્રી નથી. ડીગ્રી હોય તો કહી શકાય કે ડીગ્રીવાળાને મૂકયા છે તમે. ડીગ્રીવાળાને નહીં, પણ ઉદ્યોગપતિઓને મૂકો છો તમે. તો પછી હું એમ

કહું કે શા માટે આપ એવું કરતા નથી કે જયાં ખાનગી યુનિવર્સિટી સ્થપાય એ વિસ્તારમાં જે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ ધારાસભ્ય છે એ આ ગવર્નીંગ બોડીના મેમ્બર રહે. પછી એ આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય. એ પ્રજાના પ્રતિનિધિ છે. એમને રોજ સાંજ પડયે અનેક માણસોને સાંભળવાના છે. આપણી ગવર્નમેન્ટ યુનિવર્સિટીઓમાં મોટા ભાગે આપણે ધારાસભ્યોને પ્રતિનિધિ તરીકે મોકલીએ છીએ. જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી જિલ્લા પંચાયતની બોડી મોકલે છે. કોરપોરેશનમાંથી ચૂંટાયેલા સભ્યો જાય છે. તો ખાનગી યુનિવર્સિટીઓમાં ધારાસભ્યો ગવર્નીંગ બોડીમાં બેસે એવો સુધારો સત્તાધારી પક્ષના દંડક લઈને આવે અને આપ સ્વીકારો હું તો કહું છું. અથવા આપ સુઓમોટો કહો કે હું અહીંયા એક સુધારો કરું છું કે એ વિસ્તારના ચૂંટાયેલા ધારાસભ્ય ખાનગી યુનિવર્સિટીના ગવર્નીંગ બોડીમાં એક મેમ્બર રહેશે. એનાથી શું થશે કે આ માનનીય સભાગૃહ જે ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપતું વિધેયક પસાર કરે છે એ માનનીય સભાગૃહમાં ભવિષ્યમાં બીજી ખાનગી યુનિવર્સિટી આવવાની હશે ત્યારે આપણે ચર્ચા કરીશું ત્યારે એ ખાનગી યુનિવર્સિટીનો અનુભવ શું છે એ આ સભાગૃહના એક સભ્ય પોતાના અનુભવને શેર કરી શકશે. આ સભાગૃહના માનનીય સભ્ય પાસે કોઈ એક વિદ્યાર્થી જઈને ફરિયાદ કરે કે આ સંસ્થા પહોંચ તો ૫૦ હજારની આપે છે અને અન્ડર ટેબલ બે લાખ રૂપિયા લે છે, તો ગવર્નીંગ બોડીમાં બેઠેલા આ સભાગૃહના માનનીય સભ્યશ્રી ગવર્નીંગ બોડીમાં પ્રશ્ન ઉઠાવી શકશે કે એકસ નામનો વિદ્યાર્થી મારી પાસે આવ્યો હતો. તમે ૫૦ હજારની પહોંચ આપી છે, પણ ડોનેશન બે લાખ લીધા છે. કઈ પ્રકારની આ સંસ્થા ચલાવો છો? આ પ્રકારનું શિક્ષણનું વ્યાપારીકરણ શા માટે ચાલે છે? હું વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવીશ. તો શિક્ષણના નામે શોષણ કરતી સંસ્થા હશે તો અટકશે અને સારી સંસ્થા હશે તો એને પણ લાગશે કે અમારી આ મુશ્કેલીઓ છે. તમે અમારા ગવર્નીંગ બોડીના ધારાસભ્ય તરીકે સભ્ય છો. જાઓ સાહેબ, ખાનગી યુનિવર્સિટીની આ મુશ્કેલીઓને આપ વિધાનસભા ગૃહમાં ઉઠાવજો. તો એનો પણ ફાયદો થવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે અનુસૂચિ છે એમાં ચાર યુનિવર્સિટીઓનાં નામ સાથે આવેલ છે એ તરફ ધ્યાન દોરવું છે. આ જે ચાર ખાનગી યુનિવર્સિટીની વાત છે એમાં બે નામ સાથે તો વાંધો ના હોઈ શકે, આપણી પાસે નેઈમ એન્ડએનવલમ, પ્રિવેન્શન ઓફ મીસયુઝ એકટ છે. મને ખબર નથી આને કેટલું ચકાસ્યું છે. તો એ નડશે, આપણે આ રોકવું પડશે. ઈન્ડિયન, નેશનલ આ શબ્દો કોઈ વાપરી શકાતા નથી. ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ સરકાર કરી શકે, ખાનગી માણસ એ ના કરી શકે, ગુજરાત યુનિવર્સિટી એ સરકાર બનાવી શકે, કોઈ ખાનગી પેઢી ગુજરાત યુનિવર્સિટી ના બનાવી શકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સરકાર બનાવી શકે, કોઈ ખાનગી માણસ ના બનાવી શકે, ભાવનગર યુનિવર્સિટી એ સરકાર જ બનાવી શકે, કોઈ ખાનગી માણસ ના બનાવી શકે. ખાનગી બનાવવી હોય તો નિરમા યુનિવર્સિટી બનાવી શકે, ખાનગી માણસ ધીરૂભાઈ અંબાણી યુનિવર્સિટી બનાવી શકે, પરંતુ આ એ નામ વાપરી શકાતાં નથી. આપણે શું એમને મંજૂરી આપીએ છીએ. આપણે કહયું છે કે અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ, કેન વી પરમિટ ધીસ? અને આ પરવાનગી આપીશું તો આવતીકાલે શું પરિસ્થિતિ સર્જાશે એ વિચાર કરજો. બહુજ સમજણપૂર્વક, આજસુધી સરકાર કયા પક્ષની હોય એ મહત્વનું નથી, તમામ સરકારોએ એની ચિંતા રાખવી પડશે એ મહત્વનું છે. જે એકટ બન્યો છે નેઈમ એન્ડ એનવલમ મીસયુઝ અટકાવવો એના હાર્દમાં પણ આ છે. આજસુધી મેસેજ શું જાય અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ, વીલ એનીવન ફાઈન્ડ કે આ ખાનગી યુનિવર્સિટી છે. નો, સિમ્પલ રિપ્લાય ઈઝ નો, દિલ્હી યુનિવર્સિટી, બોમ્બે યુનિવર્સિટી, બેંગલોર યુનિવર્સિટી એ રીતે જાશો તો કોઈપણ જગ્યાએ આ નામ જો ખાનગી લોકો ના જોડી શકે અને આ પરમિશન આપવાથી બીટવીન ધી લાઈન મેસેજ જાય છે એ ખાનગીનો નહીં, પરંતુ સરકારનો જાય છે અને સરકારનો હોય છે ત્યારે માણસનું એક સમર્પણ હોય છે.કે આ તો સરકારનું છે એમાં ચિંતા નહીં. એમાં હું જોડાઈશ અને એ રીતે નામ જોઈને એ ભરમાશે નહીં. એક બીજો ઘાતક ભાગ છે આ ચાર નામમાં ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચાંગા. તો આ ચરોતર એ આખો વિસ્તાર છે. તો એક ખાનગી યુનિવર્સિટીને આખા વિસ્તારના નામનો ઉપયોગ કરવાની પરમિશન આપી શકીએ ખરા? મને વાંધો નથી કે કોઈ કાકા પોતાનું નામ જોડીને યુનિવર્સિટી બનાવે એ મને વાંધો નથી કે ફલાણા કાકાની યુનિવર્સિટી , પરંતુ ચરોતર યુનિવર્સિટી એ નામ ના હોઈ શકે, મંજૂરી ના આપી શકાય, ના સ્થાપી શકાય. એને સાથ ના આપી શકાય. તો આ બાબતની ચિંતા પણ આપણે કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક અતિ મુશ્કેલી પેદા કરે એવી કલમ તરફ પણ હું આપશ્રીનું ધ્યાન દોરું છું અને એ કલમ એ છે કે યુનિવર્સિટીનું વિસર્જન કરવા અંગેની છે. આ સરકારે આ બિલથી એવું કહ્યું છે કે કોઈ યુનિવર્સિટીને એમ થાય કે હવે મારે આ આટોપી લેવું છે અને બહુ રમી લીધું હવે નથી રમવું. એના માટે શું જોગવાઈ કરી છે કે ઓછામાં ઓછા ૬ મહિનાની અંદર નોટિસ આપવાથી ૯૬ મહિના સુધીમાં આ યુનિવર્સિટી અટોપી લઈ શકાશે. આપની કલમ ૪૧ ની પેટા કલમ ૧ માં જણાવ્યું છે કે, "પુરસ્કર્તા મંડળની રચના અથવા સંસ્થાપનનું નિયમન કરતાં કાયદાની જોગવાઈઓ અનુસાર પુરસ્કર્તા મંડળ પોતાના વિસર્જનની દરખાસ્ત કરે, તો તેણે રાજય સરકારને ઓછામાં ઓછી છ મહિના પહેલાં નોટિસ આપવી પડશે." ઈઝ ઈટ ફેર? ઈઝ ઈટ ટ્રુ?
કેટલો સમય મળવાનો? છ મહિનામાં આ બધું આટોપી લેવાની છૂટ એને? આટલા વિદ્યાર્થીઓના ભવિષ્યને, યુનિવર્સિટી સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના ભવિષ્યને, અને આ ખાનગી છે, એ ખાનગી યુનિવર્સિટી તમને છ

મહિનાની નોટીસ આપે કે બસ બહુ થઈ ગયું, મારે આ યુનિવર્સિટી આટોપી લેવી છે. એટલે આપણે તથાસ્તુ, કે છ મહિના પહેલા કહી દીધું છે ને. આપે, એનો સબ સેકશન ટુ, રાજય સરકારે આવી નોટીસ મળ્યે પુરસ્કર્તા મંડળની વિસર્જન પામેલ યુનિવર્સિટીમાં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની છેલ્લી બેચનો અભ્યાસ પુરો થાય ત્યાં સુધી યુનિવર્સિટીના વહીવટ માટે જરૂરી હોય તેવી વ્યવસ્થા કરવી જોઈશે. કોણે કરવાની આ વ્યવસ્થા? આઈ રીડ ઈટ અગેઈન, રાજય સરકારે આવી નોટીસ મળ્યે પુરસ્કર્તા મંડળની વિસર્જન તારીખથી યુનિવર્સિટીમાં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની છેલ્લી બેચનો અભ્યાસ પુરો થાય ત્યાં સુધી યુનિવર્સિટીના વહીવટ માટે જરુરી હોય તેવી વ્યવસ્થા કરવી જોઈશે. શા માટે? યુનિવર્સિટી સ્થાપવા આવનાર માણસને આટલી સગવડ શેના માટે? કે છ મહિનામાં તમે આટોપી લેજો, અને તમારા આટોપવાના ઈરાદાના કારણે જે વિદ્યાર્થીઓની બેચ પુરી થવાની છે, ફર્સ્ટ ઈયરમાં હશે તેના ૩ વર્ષ હોય, કે પી. જી. માં હોય તો તેના કોર્સ પ્રમાણેના એટલા વર્ષો એની વ્યવસ્થા રાજય સરકારે કરવાની. અને પુરસ્કર્તા મંડળના સ્થાને વહીવટદાર નીમીને યુનિવર્સિટીના કાર્યને ચાલુ રાખી શકશે. આ બધુ રાજય સરકારે કરવાનું. અને આ અધિનિયમ હેઠળ ઠરાવેલી પુરસ્કર્તા મંડળની સત્તા ફરજો અને કાર્ય સોંપશે. આપની સેકશન ૪૬, વિસર્જન, યુનિવર્સિટીના વિસર્જનનો ઈરાદો ધરાવતા પુરસ્કર્તા મંડળે રાજય સરકારને ઠરાવેલી રીતે તે મતલબની નોટીસ આપવી જોઈએ. રાજય સરકારે યોગ્ય વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવે તે રીતે યુનિવર્સિટીનું વિસર્જન થશે. પરંતુ નિયમિત અભ્યાસક્રમના વિદ્યાર્થીને છેલ્લી બેચનો અભ્યાસ પુરો કર્યો હોય તો તેમને પદવી, ડીગ્રી, ડિપ્લોમા અથવા એનાયત કરવામાં આવ્યા હોય ત્યાર પછી યુનિવર્સિટીનું વિસર્જન અમલી બનશે. રાજયસરકારે જવાબદારી લેવાની, પેલા તો છ મહિનામાં છૂટી જાય, પછી આપે સંચાલક મંડળ બેસાડી જે વિદ્યાર્થીઓ છે તેનો અભ્યાસ પુરો કરાવવાનો, એને ડીગ્રી એનાયત કરાવવાની, એટલે એમની ભૂલ રાજય સરકારે ભોગવવાની. આ પૈસા શેના લે છે ખાનગી યુનિવર્સિટી આપ મંજૂરી આપો છો તેમાં? કેપીટેશન ફી, આપે રાખી છે તેની ચિંતા અને જાળવણી, કે છ મહિનામાં કોઈ પણ યુનિવર્સિટી વિસર્જન કરવા માટેની નોટીસ આપશે તો એના પાસે યુનિવર્સિટી શરૂ થઈ ત્યારથી વિસર્જન થાય ત્યાં સુધીની એકે એક વિદ્યાર્થીની ફી, તેની કેપીટેશન ફી નું કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ થયું છે કે કેમ, એમણે લીધેલા ડોનેશન યોગ્ય રીતે વપરાયા છે કે કેમ? અને આ જે કંઈ અસ્કયામત ઉભી થશે તે બધી રાજય સરકારની માલિકીની બનશે. આ આપે કરવું જોઈએ. ચાલો તમારે નથી રમવુ, જયાં સુધી રમ્યા છો ત્યાં સુધી શિક્ષણમાંથી પૈસો પેદા કરવા માટે તમને છૂટ નહોતી આપી. લાવો તમારા હિસાબ, લાવો તમારી કેપીટેશન ફી, લાવો વિદ્યાર્થીની ફી, અમે ચકાસીશું વિદ્યાર્થીને તમે કેવું એજયુકેશન આપ્યું તેનું ધોરણ પણ, અને નહીં હોય તો જેણે યુનિવર્સિટીની સ્થાપના કરી છે તેની પાસે દંડનાત્મક અને શિક્ષાત્મક પગલાંઓ ભરવાની સત્તા રાજય સરકારે પોતાના પાસે રાખવી જોઈએ. એ સત્તા આપણે રાખી શકયા છીએ ખરા? અને એનો સીમ્પલ આન્સર છે ના, જી. ત્યારે માનનીય અધયક્ષશ્રી, હું માનું છું કે આ વિધેયક જે લેકયુનાથી ભરપુર છે, હાર્દ સારો છે. કે નવી યુનિવર્સિટીઓ સ્થપાવી જોઈએ, નોલેજ કમિશન, ભારત સરકાર પણ કહે છે કે યસ, એન્કરેજ કરો આપ. પરંતુ આપણી જે ચીવટ રહેવી જોઈએ અને હજુ હું ફરી વખત આપના મારફતે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ખાસ તકેદારી રાખજો એ વાતની, આપણે આ ખાનગી યુનિવર્સિટીઓ એટલા માટે લાવીએ છીએ કે નવી કોલેજો સ્થપાય, નવી સંસ્થાઓ સ્થપાય, ગુજરાતના વિદ્યાર્થીઓને નવા વિદ્યાભ્યાસ માટેના ક્ષેત્રો ખુલે. નહિ કે ચાલુ સંસ્થાઓ છે કે જેણે યુ.જી.સી. કે રાજય સરકારનો ફાયદો લીધો છે એને વિદ્યાર્થીઓને ઓછા પૈસે ભણાવવાની ફરજ છે એજ સંસ્થાઓ નવી ખાનગી યુનિવર્સિટી સાથે ન જોડાઈ જાય એની સંપૂર્ણ ચીવટ રાખીને માનનીય મંત્રીશ્રી આ સભાગૃહને પણ ખાતરી નહિ આપે તો આવતા દિવસોમાં જે હાર્દ છે એનાથી વિપરીત પરિસ્થિતિ ઊભી થવાની. નવી સંસ્થાને બદલે જે સંસ્થાઓએ આજ સુધી અનેક અસ્ક્યામતો ઊભી કરી છે એ સરકારના તંત્ર નીચે યુનિવર્સિટી શરૂ થઈ છે એની સાથે એફિલિયેશન વાળી સંસ્થા ખાનગી યુનિવર્સિટીમાં જશે અને અનેક ઘણો લોસ ગુજરાત અને ગુજરાતના વિદ્યાર્થીઓને ભોગવવો પડશે. હું માનું છું કે શિક્ષણ મંત્રીશ્રી ગરીબ મધ્યમવર્ગ અને ગુજરાતના હિતની ચિંતા કરે છે ત્યારે એ સંજોગોમાં આ અંગેની ચીવટ રાખવામાં આવે અને આ બાબતની ખાતરી આ સભાગૃહને આપે તેવી આશા સાથે હું વિરમું છું.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રાઇવેટ યુનિવર્સિટી બિલની અંદર ચાર જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે અને ઘણી બધી બાબતોથી ધ્યાન પણ દોર્યુ છે.

મેં બિલ મૂકયુ ત્યારે લગભગ બધી વિગતો વિસ્તૃતથી આપવાનો પ્રયાસ કરેલો હતો પરંતુ મને લાગે છે કે એટલી ચર્ચાને અંતે એટલા જ વિસ્તારથી મને એમ હતું કે બિલ સ્વયં સ્પષ્ટ છે તેમ છતાં ચર્ચાને અંતે એવું લાગે છે કે આ સભાગૃહ સમક્ષ અનેક વિગતો મારે મૂકવી પડશે.

જ્યારે શિક્ષણની વાત કરીએ છીએ ત્યારે દેશના શિક્ષણની અને આંતરરાષ્ટ્રીય શિક્ષણના સ્તરની વાત કરીએ છીએ આ વૈશ્વિકરણની સાથે વિદ્યાર્થીઓ કદમ મેળવે ગુજરાતનો વિદ્યાર્થી એમાં આગળ વધે એના માટેના ત્રણ જરૂરી પાસાઓ છે. માનનીય સભ્યશ્રીએ એનો ઉલ્લેખ પણ કરેલો છે. સૌથી પહેલા એનો વ્યાય, ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધવો જોઈએ એની ગુણવત્તા પણ વધવી જોઈએ અને ગુણવત્તાની સાથેની સમાનતા ગુજરાતના

તમામ ભૂ ભૌગોલિક પછી એ સાગર ખેડુ હોય કે આદિવાસી વિસ્તાર હોય કે અન્ય કોઈ વિસ્તાર હોય આ તમામ જગ્યાએ યોગ્ય પ્રમાણમાં લાભ મળે એના માટેની સમાનતા પણ આપણે કરવી પડે.

સૂચન કર્યુ છે એ પ્રમાણે નેશનલ નૉલેજ કમિશન વધારે યુનિવર્સિટીની વાત કરે છે અનેક લોકોએ આ વાતને સમર્થન પણ આપ્યું છે અને એના અનુસંધાનમાં અન્ય રાજયોએ આ દિશામાં પહેલા પણ કરી છે, ગુજરાત પણ એમાંનું એક છે. અત્યાર સુધી ગ્રૉસ એનરોલમેન્ટ રેશિયો માનવ ઈન્ડેક્ષનો એક ભાગ છે. હાલ કૉલેજના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા છે એ ૧૮ થી ૨૩ વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાનો દર જોઈએ તો એચ.આઈ.ડી. ભારત પ્રમાણે ૧૧ ટકા છે જે ગુજરાતનો જોઈએ તો ૧૦ ટકાથી ઓછો છે. એનો મતલબ એ થયો કે નેશનલ આંકને પહોંચવા માટે આપણે હજી વધારે પ્રયાસ કરવાની જરૂરિયાત છે. ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા અંગેની વાતો થઈ છે આ બધું માત્ર પ્રાઇવેટ સંસ્થાઓ જ કરી શકે તેવું રાજય સરકાર માનતી નથી. આપણે નવી તેર કૉલેજો શરૂ કરી રહ્યા છીએ. આગામી વર્ષમાં બીજી ૨૨ નવી કૉલેજો શરૂ કરી રહ્યા છીએ. ૧૪ એન્જિનિયરીંગ કૉલેજો અને નવ મૅડિકલ પૉલિટૅક્નિક આપણે કરી રહ્યા છીએ. કહેવાનો મતબલ આખું બધું ખાનગી ક્ષેત્રને હવાલે સોંપીને રાજય સરકારે કશું નહિ કરવું તેવો વિષય નથી. રાજય સરકાર અનેકગણું કામ કરે છે. ભૂતકાળમાં પણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી નહોતી તેની સ્થાપના થઈ છે. લો યુનિવર્સિટી નહોતી, તેની સ્થાપના થઈ છે. પૅટ્રોલિયમ યુનિવર્સિટી નહોતી તેની સ્થાપના થઈ છે. ફોરેન્સીક યુનિવર્સિટીની સ્થાપના નહોતી થઈ, તેની સ્થાપના થઈ છે. આ પ્રમાણે ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી કરવાની દિશામાં પણ રાજય સરકાર આગળ વધી રહી છે. ગુણવત્તા માટે મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪-૦૫ના ધોરણ-૮થી ૧૨ના અભ્યાસક્રમમાં આપણે સુધારો કર્યો છે અને એ સુધારો નેશનલ કક્ષાએ આપણાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને આ સુધારો કરવાના કારણે તેના પરિણામો જે આપણને મળ્યા છે, આ વખતે આઈ.આઈ.ટી અથવા એ.આઈ.ત્રિપલ-ઈ.માં ગુજરાતના વિદ્યાર્થીઓએ ખૂબ સારો દેખાવ કર્યો છે. તેની પાછળનું કારણ મેં કહ્યું એ પ્રમાણે અભ્યાસક્રમમાં આમૂલચૂર પરિવર્તન કરીને જે અભ્યાસક્રમોમાં ફેરફાર કર્યો છે તેના લાભ અત્યારે આપણને મળી રહ્યા છે. રાષ્ટ્રીય કક્ષાએ આત્મવિશ્વાસપૂર્વક આ ગ્લોબલ શિક્ષણની અંદર આપણો વિદ્યાર્થી કયાંય પાછો ન પડે તેના માટેની પૂરતી વ્યવસ્થા રાજય સરકારે કરી છે. વિદ્યાર્થીઓ માટે અગાઉ કહેવાયું છે, એકલી ભૌતિક સુવિધાથી કયારેય શિક્ષણ ચાલશે નહીં અને રાજય સરકાર તેનાથી ખૂબ સારી રીતે જાણકાર છે. આગામી દિવસોમાં શૈક્ષણિક સાધનોની સાથે ટીચીંગ લર્નીંગ મટિરિયલ, સપ્તધારા પ્રોગ્રામ, આ સપ્તધારા પ્રોગ્રામમાં સાત આયામો નક્કી કરીને દરેક આયામમાં રાજય સરકાર શું શું કરવા માગે છે, જ્ઞાનધારા, સર્જનાત્મક અભિવ્યકિતધારા, કલા કૌશલ્યધારા, નાટ્ય ધારા, ગીત સંગીત નાટય ધારા, વ્યાયામ યોગ ખેલકૂદ ધારા, સામુહિક સેવા ધારા અને બાયસેક દ્વારા શિક્ષણ મેળવવા માટેનું આયોજન છે. આ રાજય સરકાર આગામી દિવસોમાં જે કરવા માગે છે તે માટેની હું વિગતો આપું છું.

હાલના યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં ચોઈસ બેઝ ક્રેડીટ સિસ્ટમ, ઑન લાઈન પદ્ધતિ અને અંગ્રેજી અને કૉમ્પ્યુટરનું જ્ઞાન વધે તેના માટે રાજય સરકાર પ્રયાસ કરી રહી છે. આજે યુનિવર્સિટીનું જે દૂષિત વાતાવરણ જોવા મળે છે. તેના આપણે બધા સાક્ષી છીએ. વિદ્યાર્થીઓ અને વાલીઓ, તમામ ક્ષેત્રમાં આપણે પરીક્ષાર્થી બન્યા છીએ. પરીક્ષાને મહત્ત્વ આપીએ છીએ. પરીક્ષા માટેના પ્રયાસો કરીએ છીએ. સાચા અર્થમાં વિદ્યાર્થી વિદ્યાર્થી રહ્યો નથી. માત્ર પરીક્ષાર્થી રહ્યો છે. તેને ગુણના બદલે ગુણાંકને આપણે વધારે પ્રભાવી આપી રહ્યા છીએ. એ મિત્રો, આપણી કમનસીબી છે અને એટલા જ કારણસર ક્યાંકને ક્યાંક યુનિવર્સિટી અથવા તો કૉલેજ કક્ષાએ છે જે દૂષિત વાતાવરણ, ગુજરાતના વિદ્યાર્થીઓ જે વૈશ્વિક કક્ષાએ પહોંચવા માટેની પહેલ કરવાના બદલે કારણે ક્યાંક ભાંગફોડ કે ક્યાંક તોડફોડ થવાની પાછળ આ કારણો જવાબદાર છે અને રાજય સરકાર માત્ર પરીક્ષાર્થી નહીં, એ વિદ્યાર્થી સાચો વિદ્યાર્થી બને એ દિશામાં મારા પ્રયાસો છે. શિક્ષણની ગુણવત્તામાં મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આપણે માત્ર ભૌતિક સુવિધાઓ નહીં, એના શિક્ષકો છે, આચાર્યો છે તો આ બધા લોકોને અમારે તાલીમ પણ આપવી પડશે. રાજય સરકારે ૧૫ દિવસ સુધીનું તાલીમનું આયોજન કરીને કૉલેજના વ્યાખ્યાતાઓને, આચાર્યશ્રીઓને સમયાંતરે અમે તાલીમ આપી છે. આ અંગેના સરકારી કૉલેજના ૫૫૦ જેટલા તજજ્ઞોને સ્પીપા દ્વારા તાલીમ આપી છે. ૫૦૦ જેટલા આચાર્યશ્રીઓને તાલીમ આપી છે. મારો કહેવાનો મૂળ મતલબ છે કે વૈશ્વિક કક્ષાએ જે પ્રકારના પ્રયોગો ચાલી રહ્યા છે તેમાંથી આજનો જે અધ્યાપક છે અથવા તો આચાર્ય છે, તેમાંથી કયાંય પણ બાકાત ન રહે અને એને પણ પૂરતી લેટેસ્ટ માહિતી મળી રહે એ રાજય સરકારનો આશય છે અને આ આશયને ધ્યાનમાં રાખીને જ્યારે બિલ લઈને આવ્યો છું, આ બિલની અંદર પણ અનેક નવી બાબતો છે. આ બિલની અંદર જે સભ્યોએ સૂચનો કર્યા છે એને પણ આમેજ કરવાનો મેં પ્રયાસ કર્યો છે. ખાનગી યુનિવર્સિટીના કાયદાથી જે ફાયદો થવાનો છે. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે ફરીથી વિસ્તારથી વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય અને શિક્ષણનો વ્યાપ વધે એ અમારો મુળ આશય છે. ખાનગી યુનિવર્સિટી સાથે સરકારી યુનિવર્સિટીની તંદુરસ્ત હરીફાઈ થાય. વિદ્યાર્થીઓને ગુણવત્તામાં ફાયદો થાય. આજે ગુજરાતના વિદ્યાર્થીઓ બીજા રાજ્યમાં જાય છે. રાજય સરકારની અપેક્ષા છે કે, બીજા રાજયના વિદ્યાર્થીઓ પણ ગુજરાતમાં ભણવા આવે કે જેથી ગુજરાતના અર્થતંત્રને પણ એનો ફાયદો થાય. ખાનગી યુનિવર્સિટી કરવી

હોય તો પ્રાથમિક જરૂરિયાત અને પ્રક્રિયા કાયદાના માધ્યમ દ્વારા વ્યવસ્થા કરેલ છે. જેનાથી એમાં પારદર્શકતા આવે. આ તમામ કલમો એમાં મૂકવામાં આવી છે. એમાં પૂરેપૂરી પારદર્શકતા જળવાય એના માટેનો અમે પ્રયાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાર યુનિવર્સિટીઓની વાત કરીએ એના પહેલાં શ્રી અનિલભાઈએ વાત કરી અને શ્રી અર્જુનભાઈએ એને સમર્થન આપ્યું હતું. સૅક્ટર સ્પેશિફિક યુનિવર્સિટી કરવી હશે તો યુનિવર્સિટી માટે ૩૦૦ - ૪૦૦ એકર જમીન જોઈશે. આ સામાન્ય ધોરણ છે. એ યુનિવર્સિટી સારી કહેવાય, મોટી કહેવાય. આ ચાર યુનિવર્સિટી આવે છે એમાં કેલોક્ષ યુનિવર્સિટી છે. એનું કામ શિક્ષકોને તૈયાર કરવાનું, એમને તાલીમ આપવાનું છે અને રાજય સરકારમાં આવી કોઈ યુનિવર્સિટી નથી. વૈશ્વિક કક્ષાના સારા શિક્ષકો તૈયાર કરવા હશે તો આ પ્રકારની સૅક્ટર સ્પેશિફિક યુનિવર્સિટીને ૪૦૦ એકર જમીનની જરૂર નથી. એને એક જ વિદ્યા શાખા કરવી હશે તો એના માટે જેટલી જમીન જોઈતી હશે એટલી જમીનની એણે વ્યવસ્થા કરવી પડશે. અમદાવાદ શહેરમાં એક યુનિવર્સિટી આવી રહી છે. એના માટે ખાનગી જમીન જોઈશે. ત્યાં નવું શૈક્ષણિક સંકુલ બનવાનું છે. અમદાવાદ શહેરને એનો વધારે લાભ મળવાનો છે. આમાં કાયદાની અંદર દરેક પાસાઓનો વિચાર કરવામાં આવ્યો છે. ખાનગી યુનિવર્સિટીઓની પસંદગી પ્રક્રિયા પારદર્શક રીતે થાય તેવા કાયદા બનાવવામાં આવ્યા છે. ખાનગી યુનિવર્સિટીનું સંચાલન કરવા માટે એનો કાયદો બનાવવામાં આવ્યો છે. બધી જ ખાનગી યુનિવર્સિટીઓ માટે કૉમન યુનિવર્સિટી એકટ નથી લાવી શક્યા. ખાનગી યુનિવર્સિટી થાય છે એમાં એકરૂપતા આવે એ જરૂરી છે. અલગ અલગ વિદ્યાશાખાઓની અંદર પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયે આ વિધેયકની અનુસૂચીમાં વૈધાનિક એમેન્ડમેન્ટ તરીકે મૂકવામાં આવશે. જેના કારણે પ્રક્રિયા સરળ થશે. આંતરિક બાબતમાં પૂરતી સ્વતંત્રતા આપવામાં આવી છે. પરંતુ સાથોસાથ ગુણવત્તા અને શિક્ષણના મોનીટરીંગ માટે સરકારના અંકુશ માટે પૂરતી જોગવાઈ આની અંદર કરવામાં આવી છે. એક કરતાં વધારે સ્થળોએ સીધું નિયંત્રણ કરવાની જોગવાઈ આમાં છે. એડમિશન માટેનું મેરિટનું ધોરણ આ યુનિવર્સિટીઓ જાળવી રાખશે. મારે સભાગૃહના ધ્યાન ઉપર એ વિગતો મૂકવી છે કે, આ સભાગૃહના ધ્યાન ઉપર એ વિગત મૂકવી છે કે, અત્યાર સુધીમાં યુ.જી.સી. એકટ ૧૯૫૬ -૨(એફ) હેઠળ રાજયની વિધાનસભાઓ કાયદાઓ ઘડી શકશે. એ અંતર્ગત અન્ય રાજયમાં નીચે મુજબની ખાનગી યુનિવર્સિટીઓ થઈ છે. કુલ ૧૨ રાજયોમાં આવી યુનિવર્સિટીઓ થઈ છે. આ ૧૨ રાજયોમાં છત્તીસગઢ, નાગાલેન્ડ, પંજાબ, હિમાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, રાજસ્થાન, સિક્કીમ,ત્રિપુરા, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને ગુજરાત, ગુજરાતમાં અત્યાર સુધીમાં ૬ ખાનગી યુનિવર્સિટી છે જેના સારા અનુભવો છે, કયાંય આપણને એના કારણે બીજી કોઈ વિદ્યાર્થીને કે આમ શિક્ષણઆલમને એના દુરોગામી પરિણામ આવ્યા એવું આપણું તારણ નથી. જયારે આ ૪ યુનિવર્સિટી આપવામાં આવશે ત્યારે આખા દેશમાં ખાનગી યુનિવર્સિટીમાં ગુજરાત પ્રથમ નંબરે થશે. મારા બિલમાં અનેક લોકોએ એમના સજેશન પણ આપ્યા છે. વાત પણ કરી છે. થોડીક વિગતો પણ મારે એમને આપવી છે. માનનીય સિધ્ધાર્થભાઈએ એના હાર્દને સ્વીકાર્યુ છે. નૉલેજ કમિશનની પણ એમણે વાત કરી છે પરંતુ એ સાથેસાથે એમનું એવું પણ કહેવાનું હતું કે હવે બીજી કોઈ યુનિવર્સિટી આવશે તો એનું બિલ સભાગૃહમાં આવશે કે કેમ અને એના માટેની ચકાસણી સમિતિ બની છે કે કેમ? મારે સ્પષ્ટતા પૂર્વક જણાવવું છે કે પ્રસ્તુત બિલની કલમ-૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. સરકારને ખાતરી થાય કે પ્રસંગોપાત ઈરાદાપત્રકનું , શરતનું પાલન થશે તો જ અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલ હોય તેવી યુનિવર્સિટીનું નામ, સ્થાન, હકૂમત અધિકારક્ષેત્ર સત્તા યુનિવર્સિટીનું નામ, અનુસૂચીમાં સમાવિષ્ટ કરવા માટેનું વિધેયક લાવી શકશે. આમ પ્રસ્તુત બિલની જોગવાઈ સ્વયંસ્પષ્ટ છે. જ્યારે પણ કોઈ નવી યુનિવર્સિટીની રચના કરવાની થશે ત્યારે બિલમાં દર્શાવેલ કલમ-૧૦ની જોગવાઈ મુજબ વૈધાનિક પ્રક્રિયામાંથી પસાર કરવા માટે વિધાનસભા ગૃહમાં તે બાબતની મંજૂરી અર્થે લાવવાનું રહેશે. આ માટેની ચકાસણી સમિતિ બની છે સમિતિમાં અગ્રસચિવશ્રી શિક્ષણ એના ચેરમેન છે. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, વાઈસ ચાન્સેલર ગુજરાત યુનિવર્સિટી, કમિશ્નર ઉચ્ચ શિક્ષણ એ એના સભ્યો છે. એની અંદર એવું પણ કહેવામાં આવ્યું હતું માનનીય સિધ્ધાર્થભાઈ તરફથી કે પોતે યોગ્ય ગમે તેવી વ્યકિતની નિમણૂક કરવી. કલમ-૩૧ (૧) નો એમણે ઉલ્લેખ કર્યો હતો. રાજય સરકાર, અધ્યાપન, પરીક્ષા અને સંશોધન અથવા યુનિવર્સિટીને લગતી કોઈ બાબતના ધોરણો સુનિશ્ચિત કરવાના હેતુ માટે કોઈ યોગ્ય ગણે તેવી વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા કરાવવામાં આવે તેવી રીતે મૂલ્યાંકન કરવામાં આવશે. આ મૂલ્યાંકન રાજય સરકારે કરવાનું છે અને રાજય સરકાર જ્યારે મૂલ્યાંકન કરે ત્યારે એમાં જે તે વિષયનો તજજ્ઞ હોય એની જ સામાન્ય રીતે નિમણૂક થાય અને એ તજજ્ઞ નિમણૂક કરી શકે એના માટેની જો ખાનગી યુનિવર્સિટી અધ્યાપન પરીક્ષા અને સંશોધન યોગ્ય ધોરણે સંતોષ નહીં અથવા એમાં કંઈ ગેરરીતિ આચરે અથવા શિક્ષણની યોગ્ય ગુણવત્તાનું પાલન ન કરે તો રાજય સરકાર કોઈપણ વ્યકિત અથવા વ્યકિતઓને કે ટ્રસ્ટ સંસ્થાને મુલ્યાંકન માટે નીમી શકે તેવી સત્તા પ્રવર્તમાન રાજય સરકારને આપેલ છે તેમાં શિક્ષણની ગુણવત્તા જાળવણીની કાર્યવાહી થાય તેવો રાજય સરકારનો આશય છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નીગ બોડીમાં ઉદ્યોગપતિને મૂકવામાં આવ્યા છે અને એના માટેની ઘણીબધી વાતો થઈ છે. મારે આ બિલનું એ ધ્યાન દોરવું છે કે એની ગવર્નીગ બોડીમાં બે વિખ્યાત કેળવણીકારોની નિમણૂક કરવાની વાત કરી છે. આ ગવર્નીગ બોડીમાં એક ઈન્ફરમેશન ટેકનોલોજીના નિષ્ણાતની નિમણૂક કરવાની વાત

કરી છે. અન્ય ત્રણ નિષ્ણાતો, નાણા, કાયદો અને સામાજિક ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા હોય એવા ત્રણ લોકો અને એક શિક્ષણ સચિવ, કુલ સાત લોકો થયા. આ સાતની ઉપર વધારાના એક ઉદ્યોગપતિ હોવા જોઈએ. માત્ર એકલા ઉદ્યોગપતિ આ ગવર્નીંગ બોડીમાં હોય, માત્ર ઉદ્યોગપતિ આ સંચાલન કરે એવો જે ભાવ ઉપસ્થિત થાય છે એ મને લાગે છે કે આ ઠીક નથી. તમામ ક્ષેત્રના નિષ્ણાતોને સમાજક્ષેત્રના નિષ્ણાત , કાયદા ન્યાય માટે ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીના કોળવણીકારના, રાજય સરકારના સચિવ આ તમામનો આમાં સમાવેશ કરવામાં આવેલો છે. ઉદ્યોગપતિનો શા માટે કરવામાં આવ્યો એવી એમની ચિંતા છે. આપણે નિરમા યુનિવર્સિટીના બિલ વખતે તો બધાએ ખૂબ સારા વખાણ કર્યા છે. મુરબ્બીશ્રી કરસનભાઈ પણ નીરમા યુનિવર્સિટીના મેનેજીંગ ટ્રસ્ટી પણ ઉદ્યોગપતિ છે.પરંતુ આપણે એના સારા વખાણ એટલા માટે કરીએ છીએ કે એમણે સાચા અર્થમાં શિક્ષણનું મહત્ત્વ સમજીને ઉદ્યોગને એકબાજુ રાખીને માત્ર શૈક્ષણિક સંસ્થા ચલાવવાનો પ્રયત્ન કરેલ છે અને એટલા માટે એ સંસ્થાને આપણે વખાણીએ છીએ. પહેલેથી આપણે એવું શા માટે નક્કી કરી દીધું કે આમાં આવા જ પ્રકારના ઉદ્યોગપતિ આવશે? શિક્ષણ જગતને ફેરવી નાખશે? સાત સાત અન્ય લોકો જ્યારે છે ત્યારે સામાન્યત: તેમનો નાણાકીય સ્ત્રોત અથવા ઉદ્યોગપતિના ઉદ્યોગ અંગેના બહોળા અનુભવ, બજારની વાસ્તવિક માગ શું છે, કેવા પ્રકારનું શિક્ષણ હોવું જોઈએ તે અંગેનું માર્ગદર્શન થશે. વાયબ્રન્ટ ગુજરાતમાં ગુજરાતના અન્ય જિલ્લાઓમાં જ્યારે એમ.ઓ.યુ. થતા હોય ત્યારે એ જિલ્લામાં જે પ્રકારના ઉદ્યોગો છે એ ઉદ્યોગો માટેનો એનો મેન પાવર, સ્કીલ પાવર તૈયાર કરવાનો હશે તો એક ઉદ્યોગપતિ હશે તો એ ઉદ્યોગપતિ કહેશે કે હવેના ટ્રેન્ડ પ્રમાણે આ ઉદ્યોગને આવા પ્રકારના માણસોની જરૂર છે. આ પ્રકારનું શિક્ષણ તમે આપો. આમ, ઉદ્યોગપતિનો રોલ આની અંદર પૂરક થવાનો છે. બજારની જરૂરિયાતને અનુકૂળ શિક્ષણના વિષયો અને અભ્યાસક્રમનો પ્રકાર કેવો હોવો જોઈએ તે યુનિવર્સિટીમાં મેળવવામાં આસાની થશે. યુનિવર્સિટીમાં બજારની વાસ્તવિક માગને આનુષંગિક કોર્સ વિકસાવી શકે અને યોગ્ય શિક્ષણ પૂરું પાડી શકાય એ રાજ્ય સરકારનો આશય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ પણ બે-ત્રણ બાબતો અંગે સારા સજેશનો પણ કર્યા છે. એમની એક-બે ચિંતાઓ મારા ધ્યાન પર પણ આવી છે એનો હું ઉલ્લેખ કરવા માગું છું. એમની સેકટર સ્પેસિફિકેશન યુનિવર્સિટી થવી જોઈએ એવી વાત થઈ હતી ત્યારે મેં અગાઉ કહ્યા પ્રમાણે માત્ર જમીનને ધ્યાનમાં ન રાખતાં આ ટીચર્સ યુનિવર્સિટી છે અને માત્ર શિક્ષકોને તાલીમ આપવાની, સારા શિક્ષકો તૈયાર કરવાનું કામ આ યુનિવર્સિટી કરવાની છે. એમણે કહ્યું છે કે કઈ યુનિવર્સિટીને કેટલી જમીન જોઈએ એનો ઉલ્લેખ નથી. સ્વયંસ્પષ્ટ બાબત એવી છે કે એક યુનિવર્સિટી એવી છે કે જ્યાં ડિપ્લોમા, ડીગ્રી, બધું જ છે, જેની પાસે બધી વ્યવસ્થા છે એટલે એની પાસે સ્વાભાવિકપણે સંકુલ મોટું હોવું જોઈએ એ રાજ્ય સરકાર પણ સ્વીકારે છે. પણ સ્પેસિફિક સબ્જેક્ટ લઈને યુનિવર્સિટી ચાલતી હશે ત્યારે આ જમીનનું ધોરણ એમાં લાગી શકશે નહીં. એમણે એક વાત એ પણ કરી કે કેન્દ્ર સરકારે ડીમ્ડ યુનિવર્સિટી નહીં આપવાનું એક હિંમતભર્યું પગલું ભર્યું છે. અત્યારે તો આ વર્તમાનપત્રમાં આવેલી વાત છે. પણ જ્યારે આવશે ત્યારે એ પણ જરૂર સ્વીકારીશું. મારે કહેવું જોઈએ કે રાજ્ય સરકારની ઉપરવટ જઈને પણ કેન્દ્ર સરકારે ડીમ્ડ યુનિવર્સિટી ગુજરાતમાં આપેલ છે. આજે જો કેન્દ્ર સરકારને એમ લાગે કે આ ડીમ્ડ યુનિવર્સિટી નહીં આપવી જોઈએ ત્યારે જ્યારે આપી ત્યારે એ નિર્ણય ખોટો હતો અથવા એ સુધારવા લાયક છે એવું જરૂરથી કહી શકાય. સેન્ટ્રલ યુનિવર્સિટી, આઈ.આઈ.ટી. કેન્દ્રમાંથી મળી છે એવું માનનીય અર્જુનભાઈ કહેતા હતા. આ સભાગૃહના ફ્લોર ઉપરથી આ વાતને હું આવકારું છું અને કેન્દ્ર સરકારનો હું આભાર વ્યક્ત કરું છું. પરંતુ સેન્ટ્રલ યુનિવર્સિટી અને વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી બન્ને આપવાની વાત થઈ છે. ચૂંટણી પહેલા જાહેરાત થઈ હતી. ચૂંટણી પહેલા જાહેરાત થાય એમાં કોઈ વાંધો નથી. પણ એમાં કંઈ આગળ ચાલવું જોઈએ. વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીની સ્થાપના વખતે મને અહીં બેઠા પછી હું કેન્દ્રીય એચ.આર.ડી. મંત્રીશ્રીને હું મળ્યો છું. એમની સાથે પણ મેં ચર્ચા-વિચારણા કરી છે. એમની સાથે મારા સારા સંપર્કો થાય એવો મારો પ્રયાસ છે. જરૂર પડશે તો તમારો પણ સહયોગ લઈશ. આશય એટલો છે કે માત્ર કેન્દ્ર અને ગુજરાત એ સામ સામેની બાબતો નથી પણ એકબીજાના પૂરક થઈ શકીએ એ જરૂરી છે. એમનું પણ ધ્યાન દોર્યું છે, તમારું પણ ધ્યાન દોરું છું કે વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી સ્થાપવા માટે કેન્દ્ર સરકારમાં કન્સેપ્ટ પેપરથી વાત આગળ વધી નથી. મારે આ ચૂંટણીની જાહેરાત સમજવી કે પેલી વાત સમજવી? વિષય કેવો ચાલે છે?"**હમ આહ ભી ભરતે હે તો હો જાતે હે બદનામ**

**વો કતલ ભી કરતે હે તો ચર્ચા નહિ હોતી**"(અંતરાય) માત્ર ચાન્સલેસરની નિમણૂક થઈ છે અને અર્જુનભાઈ.

**અધ્યક્ષશ્રી** : રમણભાઈ, આપ આપના વિષય પર રહો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો આભાર વ્યકત કર્યો છે મળીને એમની સાથે સારા સંબંધોની વાત કરી છે. સારા સંબંધની ઉપયોગ કરવાની વાત છે પણ જમીન ઉપર આવવું જ પડશેને. માત્ર ત્યાંથી વાતો કરીને, એક વખત વાત બીજી કરીએ અને ત્રીજા દિવસે વાત ત્રીજી કરીએ એવી રીતે જો ચાલવાનું હશે તો ગુજરાતને પોષાય એવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ પ્રાથમિક શાળાના ઈન્સ્પેકશનની પણ વાત કરી છે. જે તે દિવસોમાં એમની વાત સાચી પણ હતી. એમણે કહ્યું કે આ બિલમાં આવી જોગવાઈ નથી એવું એમનું કહેવાનું છે.

જ્યારે બધા મિત્રો કલમો બોલતા હતા ત્યારે મેં બધી કલમો જોવાનો પ્રયાસ એટલા માટે નથી કર્યો કે મેં વિગતવાર અભ્યાસ કર્યો છે. હું પણ કાયદાનો વિદ્યાર્થી છું એટલે મને થોડી ખબર પણ પડે છે. મિત્રો સ્વયંસ્પષ્ટ વિગતો બિલમાં છે કે બિલમાં કોઈ જોગવાઈ નથી. કલમ-૧૫. રાજ્ય સરકારે ખાનગી યુનિવર્સિટીનું ઈસ્પેકશન કરવાની સત્તા આપવામાં આવેલી છે. રાજ્ય સરકાર આવી યુનિવર્સિટી બાબતમાં સૂચનાઓ અને આદેશો આપી શકશે. તપાસ સમિતિની રચના કરાવી તપાસ પણ કરી શકશે. આ પ્રકારનો સ્પષ્ટ ઉલ્લેખ્ કલમ ૧૫ ની અંદર કરવામાં આવેલો છે. આચાર્યોની જગ્યા ખાલી છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનમાં મારી દરખાસ્ત છે. એ આવશે તો સમયાંતરે ભરવાનો પ્રયાસ કરીશું. એમણે એક વાત કરી કે ટેકનીકલ શિક્ષણમાં ૬૦ ટકા જગ્યાઓ ખાલી છે. ૬ ટકા જગ્યાઓ પણ ખાલી નથી. હા, માત્ર વિષય એટલો છે કે જે જે જગ્યાઓ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન આધારિત જે ભરવાની છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન ભરી નહિ શકે એટલે અમે એડહોક પ્રાધ્યાપકોને લીધા. પરંતુ એ શિક્ષણ વિદ્યાર્થીઓને સહેજ પણ નુકસાન ના થાય એ માટેની બધી જ જગ્યાઓ પૂરી દેવામાં આવી છે. અર્જુનભાઈને મારે એટલી વિનંતી કરવી છે કે મિત્ર ભાવે કે આ યુનિવર્સિટીના બિલમાં એમણે પ્રાથમિક શિક્ષણની ઘણી બધી વાત કરી છે. અપેક્ષા એવી છે કે પ્રાથમિક શિક્ષણની વાત આવેને ત્યારે એ યુનિવર્સિટીની વાત ના કરે એવી મારી મિત્ર ભાવે એમને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક એમણે ખૂબ સારી વાત કરી છે અને એમની ચિંતાનો વિષય રહ્યો છે અને એમણે પ્રયાસો પણ કર્યા છે. એમની પ્રશ્નોત્તરીમાં એમણે મેનેજ પણ સારું કરવાનો સારો પ્રયાસ કર્યો છે એ મારે કહેવું જોઈએ અને એ એમની ચિંતા હશે એ હું સમજું છું, એ રાજ્ય સરકારની પણ ચિંતા છે. એમણે એવું કહ્યું છે કે સરકારની ફાર્મસી કોલેજની અંદર કોલેજ ઓફ કાઉન્સિલની અંદર ઘણી બધી સંસ્થાઓ નથી. એવું એમણે પ્રશ્નોત્તરીની પ્રાયોરિટીમાં નહિ આવ્યું હોય એ વાત સાચી છે. ફરીથી પ્રયાસ કરશો તો એ પણ આવશે તો એ વખતે આપણે વિગતવાર જરૂરથી જવાબ આપીશું. માત્ર મારે એટલું કહેવું છે કે જે તે કોલેજે આ અંગેની ત્યાંથી, કાઉન્સિલમાંથી મંજૂરી લેવાની જવાબદારી જે તે કોલેજની છે એવું એકટમાં પ્રોવિઝન છે. પરંતુ એ એકટમાં પ્રોવિઝન હોવા છતાં પણ ધારોકે કોલેજ ના કરે તો ભાવિ વિદ્યાર્થીઓનું શું? એ વિદ્યાર્થીઓનું ભાવિ બગડે નહિ એટલા માટે રાજ્ય સરકારે કુશળતાપૂર્વક જે તે લોકોને નોટિસ આપીને એની સમયાંતરે એની કરવાની અને જો જરૂર પડશે તો અમે દર વર્ષે આમાં કેવી રીતે થઈ શકે એ તમારી ચિંતા ખૂબ વાજબી છે. એ આવકારું છું અને એ દિશામાં જરૂરથી એનો નિર્ણય અમે કરીશું. એમણે છેલ્લે છેલ્લે એક વાત કરી દીધી ભાદરવા મહિનાની. હવે આ યુનિવર્સિટીમાં ભાદરવાની જરૂર નહોતી પણ એમણે કરી છે એટલા માટે ૧૯૯૦ થી ૨૦૦૭ ની ચૂંટણી સુધી તમારો મેળ પડ્યો નથી. હવે ભાદરવો કયારે આવશે? ૧૯૯૦ થી શરૂ કરીને ૨૦૦૭ સુધી હજુ ગુજરાતની જનતાએ તમને કયાંય દેખાડો દીધો નથી અને હજીય રાજી રહો, ખૂબ રાજી રહો, એમાં અમને કોઈ વાંધો નથી. ભગવાન સૌનું ભલું કરે, આવું ને આવું ચાલુ રહે, તમે પ્રશ્નો પૂછયા કરો અને અમે જવાબો આપતા રહીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ બે-ત્રણ વાતો કરી છે, ચિંતા પણ વ્યકત કરી છે. એમણે કલમ ટાંકીને ગુજરાતને કેન્દ્ર સરકારની સહાય નહીં મળે એવી એમણે કલમ-૬નો ઉલ્લેખ કર્યો છે માનનીય અધ્યક્ષશ્રી, આ બિલકુલ સ્વનિર્ભર સંસ્થાઓ હોવાને કારણે એ પછી ગુજરાતની ગ્રાન્ટ લે, કેન્દ્રની ગ્રાન્ટ લે, યુ.જી.સી.ની. ગ્રાન્ટ લે એ બાબત ઠીક નથી અને એટલા માટે સ્પેશિફીક એમને જો ખાનગી યુનિવર્સિટી કરવાની હોય તો પોતાના બલબુતા ઉપર જ કરવી પડે અને એટલા માટે એનો ચોખવટપૂર્વક મે ઉપયોગ કર્યો છે. આપે જે ચિંતા વ્યકત કરી છે એ નહીં થાય એની ગંભીરતાથી અમે કાળજી લઈશું. એ સાથેસાથે કલમ-૬માં નોંધણી પ્રમાણપત્રોની વાત કરી છે (અંતરાય) એમની વાત પૂરી થઈ જાય (અંતરાય) તો ઢીક નહીં તો આના અનુસંધાને (અંતરાય) આટલી બધી તો હું ચિંતા હું કરું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી રમણભાઈ, ચાલુ વિપક્ષના નેતા અને માજી નેતા એ બંને વચ્ચે વાત ચાલુ જ રહે, એમાં આપે ચિંતા નહીં કરવી.

**શ્રી રમણલાલ વોરા** : હાજી સાહેબ, સારું સાહેબ અને ચાલુ રહે એ સારું છે બંને મિત્રો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ તો ચાલુ જ રહેશે, તમારા માજી મુખ્ય મંત્રી અને તમારામાં બંધ થઈ ગયું, મારું ચાલુ જ છે. કેશુભાઈ અને નરેન્દ્રભાઈ વચ્ચે ચાલુ કરાવો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહમાં જે લોકો ન હોય એના ઉલ્લેખો ન કરીએ તો સારું શકિતસિંહ (અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પૂર્વ મુખ્ય મંત્રીશ્રી ભારતીય જનતા પાર્ટીના શિર્ષસ્ત નેતા છે, અમારા મુરબ્બી છે, માર્ગદર્શક છે, આજે પણ એમનું માર્ગદર્શન લઈએ છીએ. આ ગૃહમાં હોવા જોઈએ એવું જરૂરી નથી પણ કયાંક કયાંક છાપાના માધ્યમોથી અર્જુનભાઈ અને શકિતસિંહ વચ્ચે કાંઈક ચાલે છે એવું મેં વાંચ્યું છે, સાચું ખોટું મને ખબર નથી એટલે આપ પણ એ દિશામાં ચાલો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી રમણભાઈ.

**શ્રી રમણલાલ વોરા** : મારો સમય જાય છે.

**અધ્યક્ષશ્રી** : સમયની સાથે જવાનું છે. શ્રી શકિતસિંહજી ભાઈ.(અંતરાય)

**શ્રી રમણલાલ વોરા** : આ અર્જુનભાઈ બોલે છે ત્યારે અર્જુનભાઈ (અંતરાય) ડિસ્ટ્રબ કરે છે એ ન કરે તો સારું, એમાંથી મને બાકાત રાખો.

**અધ્યક્ષશ્રી** : આ અર્જુનભાઈ છે એમનું લક્ષ્ય એ કોઈની આંખ નથી હોતું એ પેલા અર્જુનની વાત હતી એમની નથી.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૬ના પ્રમાણપત્રોની નોંધણીની વાત થઈ છે. કાયદાથી પ્રસ્થાપિત ગમે તે એક જગ્યાએથી લઈ શકે એવી આપણી કાયદાની વ્યવસ્થા હોવાના કારણે એમાં થયું છે. અમદાવાદ યેુનિવર્સિટીની વાત કરી, મારે માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ કોલેજ થઈ શકે તો, અમદાવાદ યુનિવર્સિટી ના થઈ શકે ? આ ભૂતકાળમાં અમદાવાદ કોલેજ થઈ છે એ વખતે તો ભારતીય જનતા પાર્ટી નહતી અને એમણે વિર્સજનની વાત કરી છે. મારે એમાં ખાસ એના ઉપર ધ્યાન દોરવું છે કે કોઈ પણ યુનિવર્સિટી, ખાનગી યુનિવર્સિટી કરે, એ નાદાર થાય, ઉઠી જાય, જતો રહે કે ભાગી જાય તો આ વિદ્યાર્થીઓનું શું ? માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની જવાબદારી છે કે, જે તે ડિગ્રી કોર્ષનો વિદ્યાર્થી છે એ આ ખાનગી યુનિવર્સિટીના કારણે એ વિદ્યાર્થીઓનું ભાવી જોખમમાં ન મૂકાય એટલા માટે એના માટેની પણ કલમમાં જોગવાઈ કરેલી છે. કલમ -૪૨(૩) મુજબ સરકાર આ સંસ્થાનું સંચાલન અન્ય સંસ્થાઓને પણ સોંપી શકાય એવી પણ કલમમાં જોગવાઈ પડી છે અને વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં લઈને જરૂર પડે તો આ જવાબદારી રાજય સરકારે પણ ઉઠાવવી પડે એ ઉઠાવવાની તૈયારી રાજય સરકારે રાખવી પડે. મારા બીલમાં અનેક મિત્રોએ વાત કરી છે, સજેશનો આપ્યા છે, બધાનો ઋણ સ્વીકાર કરું છું, આભારની લાગણી વ્યકત કરું છું અને સાથે સાથે વિનંતી પણ કરું છું કે, આ મારું બીલ સર્વાનુંમતે મંજૂર કરો એટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી માત્ર બે બાબતો જાણવા માગું છું. એક સ્પષ્ટતા એ કે જેમણે કોલેજો, યુ.જી.સી.ની ગ્રાન્ટ મેળવીને ગુજરાત યુનિવર્સિટી સાથે, એફીલીએશન સાથે જે અસ્કયામતો ઉભી છે અને જે એમના અભ્યાસક્રમો ઉભા છે એની એ જ કોલેજો પ્રાઈવેટ યુનિવર્સિટીમાં ટ્રાન્સફર ન થાય એના માટેની કાળજી રખાશે કે કેમ? એક એ અને બીજું જે મારો સવાલ એ છે જે મેં દહેશત વ્યકત કરી હતી કે આપના બીલમાં આ મુશ્કેલી મંજુરી વખતે પણ આવે એવી શકયતા છે કે અમદાવાદ યુનિવર્સિટી અમદાવાદ કે ચરોતર યુનિવર્સિટી આ નામો રાખવાની બાબતમાં મુશ્કેલી થાય એવી શકયતાઓ છે આ બે બાબત અંગે માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી બાબતની પૂરતી વિગતો મારી પાસે નથી. પરંતુ એની ચકાસણી ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન એની પુરતી વિગતો મારી પાસે અત્યારે નથી. માત્ર નવી ખાનગી યુનિવર્સિટી માત્ર સ્વનિર્ભર ધોરણે જ ચાલશે અન્ય કોઈ વ્યવસ્થાનો આમાં વિષય આવતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ માત્ર એટલો જ છે કે યુ.જી.સી.ની ગ્રાન્ટ મેળવીને આજ સુધી જે ચાલતા હતા. જેના બિલ્ડીંગ ઉભા છે, ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલા છે. યુ.જી.સી.ની ગ્રાન્ટ લેતા હતા. વિગત હું નથી પૂછતો કેટલી સંસ્થા. આ પ્રકારની કોઈ સંસ્થા ખાનગી યુનિવર્સિટીમાં ટ્રાન્સફર નહીં થાય એટલી જ આપની ખાતરી હોય ને તો જે અમારી દહેશત છે એ જતી રહે.

**શ્રી રમણલાલ વોરા** : બિલકુલ નહીં થાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : થેન્ક યુ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજુર કરવામાં આવ્યો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૧ નું બીજું વાંચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજુર કરવામાં આવ્યો.

કલમ- ૨ થી ૪૬, અનુસુચિ, કલમ-૧, દીર્ધસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૧નું ત્રીજું વાંચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજુર કરવામાં આવ્યો.

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૧ નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સચિવશ્રી : પેટા બાબત-૨ માનનીય કૃષિમંત્રીશ્રી.

સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક- ૧૨

# કામધેનુ યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯

ગુજરાત રાજયમાં પશુચિકિત્સા અને પશુવિજ્ઞાનનો વિકાસ કરવા માટે અને ડેરી વિજ્ઞાન, મત્સ્યોધોગ અને સંલગ્ન વિજ્ઞાનો સહિત પશુચિકિત્સા અને પશુ વિજ્ઞાનમાં અભ્યાસને આગળધપાવવા, સંશોધન હાથ ધરવા અને સંશોધનના નિષ્કર્ષના અને બીજી ટેકનિકલ માહિતીના પ્રસાર માટે અધ્યાપન અને જોડાણ કરતી યુનિવર્સિટીની સ્થાપના અને તેના સંસ્થાપન બાબત વિધેયક.

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૨, ૨૦૦૯નું કામધેનું યુનિવર્સિટી વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૨, સન ૨૦૦૯નું કામધેનું યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રી માનનીય વજુભાઈ વાળાએ બજેટ રજૂ કરતી વખતે તે વાતથી શરૂઆત કરેલી કે આ સમય છે ગુજરાતના વિકાસ માટેનો. પ્રતિબદ્ધતા અને સમૃદ્ધ ભવિષ્ય માટે પ્રતિજ્ઞા. નવા સંકલ્પો અને તેની સિદ્ધિ માટેની વ્યૂહરચના ઘડી કાઢવાનો. જનજીવનના દરેક ક્ષેત્રમાં વૈશ્વિક ધોરણો સ્વીકારી જીવનમાં ગુણાત્મક પરિણામો આવે, તેવો અમારો દઢ નિર્ધાર છે. ચક્રધારી મોહનથી ચરખાધારી મોહન સુધી ગુજરાતની વિરાસતની વૈશ્વિક ઓળખ અમે કરવા માગીએ છીએ. ગુજરાતના વિકાસના ફળ નાનામાં નાની વ્યકિત અને દૂરના છેવાડે વસતો માનવી પ્રાપ્ત કરે તેવો આશય લઈને હું આપની સમક્ષ આવ્યો છું.

હું કામધેનુ યુનિવર્સિટીનું બિલ જે લઈને આવ્યો છું, એમાં ચક્રધારી મોહનથી ચરખાધારી મોહનના કામધેનુ માટેના કેટલાક અવતરણો કહેવા માગું છું. શ્રીમદ ભાગવદ ગીતામાં ૧૦માં અધ્યાયમાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે "આયુધાનામ: વજ્ર, ધેનુમ: વસતિ કામધેનુ". હથિયારોમાં વજ્ર હું છું, ગાયોમાં કામધેનુ હું છું. વેદોમાં પણ એનો ઉલ્લેખ છે. માતૃ સર્વસુખ બધા. કામધેનુ સ્વરૂપ ગાયમાતા છે. સર્વજીવોની માતા છે, તે બધાને સર્વ સુખ આપનાર. એવી જ રીતે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે ગાય હિન્દુસ્તાનની કામધેનુ છે. ગાય ફક્ત દૂધ નથી આપતી, તે કૃષિ અને માનવ વચ્ચેનો આધારસ્તંભ છે. ભારતની સંસ્કૃતિ સુખ, સમૃદ્ધિ, ગાય અને તેના વંશ વિકાસ સાથે જોડાયેલી છે. એમાં કામધેનુ પશુપાલન યુનિવર્સિટીના નામની પસંદગી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરીને એક માત્ર ભૌતિક નહિ, સજીવન આધ્યાત્મિક અને સંસ્કૃતિને ગુજરાતની સંસ્કૃતિને શોભે એવા નામ સાથે પશુપાલનને પૂરક કામધેનુ યુનિવર્સિટી બનાવવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે. પશુપાલન હવે માત્ર કૃષિનો પૂરક વ્યવસાય નથી રહ્યો. આગામી દિવસોમાં આ વ્યવસાય ઉદ્યોગ તરફ મંડાણ કરી ચૂક્યા હશે અને ત્યારે આપણે ગુજરાતમાં કૃષિ યુનિવર્સિટી સમક્ષ વેઈટરનરી, શિક્ષણ વિસ્તરણ કામગીરી થયેલ છે. આ ક્ષેત્રમાં આગામી દિવસોમાં સ્વતંત્ર વિકાસ માટે અલાયદી યુનિવર્સિટી કરવાનો રાજય સરકારે નિર્ધાર કર્યો છે. રાજયના પશુપાલન ડેરી ક્ષેત્રમાં આગામી ૧૫ વર્ષમાં વિકાસ માટે પોતાની લાઈફ ઑફ પૉલિસી પશુધન નીતિ ઘડી રહી હોય ત્યારે આ યુનિવર્સિટી સ્થાપવાની અત્યંત જરૂરિયાત ઊભી થઈ છે. કૃષિ મહોત્સવ થકી ગુજરાત રાજયનું બીજી હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ ગુજરાત કરી રહી છે, ત્યારે તેની સાથે શ્વેત ક્રાંતિનું નેતૃત્વ આપણે રાજયે નિભાવવાનો સમય પાકી ગયેલ છે. રાજય દૂધ ઉત્પાદનમાં અગ્રેસર હોવા છતા પણ વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં પશુની દૂધ ઉત્પાદકતા પ્રમાણમાં ઓછી છે. ડેરી ક્ષેત્રે અપેક્ષિત આંતરરાષ્ટ્રીય બજાર મળેલ નથી, જેથી ગુણવત્તાસભર વધારો કરવો જરૂરી બન્યો છે. દેશમાં અગાઉ માનનીય સિદ્ધાર્થભાઈ, શકિતસિંહજી અને રમણભાઈએ જેનો ઉલ્લેખ કર્યો છે. દેશમાં હાલમાં આશરે કુલ ૪૦૫ યુનિવર્સિટીઓ આવેલી છે. નૉલેજ કમિશનની ભલામણ મુજબ ૧૫૦૦ યુનિવર્સિટીની ખાસ કરીને ડાયવર્સીફાઈ ડિસિપ્લિન આધારિત યુનિવર્સિટીઓ સ્થાપવી જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આ દિશામાં મોખરાનું સ્થાન ધરાવે છે અને દેશમાં પ્રથમ વખત આયુર્વેદિક યુનિવર્સિટી, સંસ્કૃત યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ફોરેન્સીક યુનિવર્સિટી અને લો યુનિવર્સિટી જેવી યુનિવર્સિટીઓ સ્થાપવા અગ્રેસર રહેલ છે. તે જ રીતે રાજયના ખેડૂતો, પશુપાલકોના હિતમાં અલગ પશુપાલન એટલે કે કામધેનુ યુનિવર્સિટી હોવી જરૂરી છે. આ કામધેનુ યુનિવર્સિટી સ્થાપવા માટે સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર તાલુકાની રાજપુરા નવાગામ ખાતે ૯૨ હેકટર સરકારી જમીન ફાળવવાનું નકકી કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટી માટે વિનામૂલ્યે જમીનની ફાળવણી થનાર છે. આ યુનિવર્સિટી સ્થાપવા માટે આશરે ૧૩૦૯ લાખ જેટલી રકમની જરૂરિયાત ઉભી થશે અને ચાલુ વર્ષના મોડીફાઈડ બજેટમાં આ યુનિવર્સિટી માટે ૬

• વિધેયક તા.૨૫મી જૂન,૨૦૦૯ ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે આ વિશ્વ વિદ્યાલય, યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજયનું દર્શાવેલ છે. આ કાયદાના અમલ બાદ નવી પશુ ચિકિત્સા કોલેજનું જોડાણ વિશ્વ વિદ્યાલયો સાથે થઈ શકશે તેવી જોગવાઈ કરેલ છે. હાલમાં કૃષિ વિશ્વ વિદ્યાલયો સાથે સંલગ્ન એવી પશુ ચિકિત્સા કોલેજો, ડેરી અને મત્સ્યોદ્યોગ સંસ્થાઓને યથાવત કૃષિ વિશ્વ વિદ્યાલય સાથે રાખવામાં આવશે. યુનિવર્સિટીમાં સ્વયં બાકીની બધી જ જોગવાઈઓ કરવામાં આવી છે. રાજયમાં ગામડામાં વસતા જમીન વિહોણા ખેતમજૂરો તથા નાના સીમાંત ખેડૂતોના જીવન નિર્વાહનું એક મહત્વનું સાધન ડેરી છે. અમેરિકાની સંસ્થા દ્વારા તાજેતરમાં્ કરવામાં આવેલ સરવે મુજબ આપણા રાજયે સમગ્ર દેશમાં ૨૦૦૧ થી ૨૦૦૮ સુધીમાં કૃષિ વિકાસદર સરેરાશ ૯.૮ થી વધુ જાળવી રાખીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને રહેલ છે. આમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રનો ખૂબ મોટો ફાળો છે. કૃષિક્ષેત્રે રાજયને થતી આવકમાં પશુપાલન ક્ષેત્રનું યોગદાન ૨૫ ટકા કરતાં વધારે રહેલ છે. ગુજરાતના કિસાનો કૃષિ સાથે અવશ્યપણે પશુપાલન કરે છે. જેના પરિણામે ગુજરાતનો કિસાન દેશના અન્ય રાજયોના કિસાનની સરખામણીમાં આર્થિક રીતે વધુ સક્ષમ સાબીત થયેલ છે. ચિંતાનો વિષય બનેલ કલાઈમેટ ચેઈન્જ બાબતે પશુધન ખૂબ મહત્વની ભૂમિકા અદા કરી રહેલ છે. પર્યાવરણની જાળવણી, જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવામાં પશુઓનો ખૂબ મોટો ફાળો છે. આજે આપણા દેશમાં ૬૦ ટકાથી વધારે ભારવહન પશુઓ દ્વારા થઈ રહેલ છે. આ પશુઓ પોટ્રીઓની આયાતમાં ઘટાડો કરી વિદેશી હૂંડિયામણ બચાવવા સામે અને પર્યાવરણની સમતુલા ટકાવવા બાબતમાં આ યુનિવર્સિટી સંશોધન કરશે. આ યુનિવર્સિટી દૂધના એકત્રીકરણ અને વેચાણ માટે અમૂલના વિશ્વ વિખ્યાત માળખાની જેમ તેને સંબંધીત પશુપાલન, પશુ ચિકિત્સા ક્ષેત્રે, શિક્ષણ, સંશોધનનું માળખું વિશ્વ સ્તરનું બનાવવાનું આ સરકારની નેમ છે. રાજય પશુપાલન, ડેરી, ફીશરીઝ હબ આગળ વધારી રહયું છે. રાજયમાં કાઠિયાવાડી ઘોડા તથા કચ્છ ઉંટની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે. ભારત સરકારે પણ આ ઓલાદને લુપ્ત થતી ઓલાદ તરીકે જાહેર કરી છે. આવા સંજોગોમાં નવી આ કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના આ ઓલાદના સંરક્ષણ માટે પોતાનું યોગદાન આપશે. જૂનાગઢ, દાંતીવાડા ખાતે પશુ સંશોધન કેન્દ્રોનો વિકાસ કરીને સ્થાનિક ઓલાદોનો સુધારો કરવામાં આવશે. આણંદ અને નવસારી ખાતે શંકર ગાયોના વિકાસ માટે સઘન પ્રયત્નો કરવામાં આવશે. રાજય કક્ષાનું અદ્યતન સારવાર અને શસ્ત્રક્રિયા માટે સંકુલ ઉભું કરવામાં આવશે. જેમાં રાજયના પશુપાલકો, પોલીસ વિભાગ અને મિલીટ્રી વિભાગ દ્વારા લાભ લઈ શકાશે. અનેકવિધ લાભો આ યુનિવર્સિટીના માધ્યમથી થવાના છે. ડેરી ટેકનોલોજીની સ્થાપના, ફીશરીઝ માટે અને તેનો ઉલ્લેખ કરું છું ત્યારે ગઈકાલે અમારા મિત્ર અર્જુનભાઈએ હળવા મૂડમાં કહેલું.

**અધ્યક્ષશ્રી** : એનો ઉલ્લેખ નહીં કરો. એનો ઉલ્લેખ કરવાની જરૂર નથી. આપ વિષય ઉપર જ આવો.

**શ્રી દિલીપ સંઘાણી** : ચિંતા એ માટે છે કે...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એમણે બેઠાં બેઠાં કરેલી વાતને આપ ધ્યાન આપો નહીં, અને આપ આપની વાત ઉપર વળગી રહો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ફીશરીજ માટેની ચિંતા પણ આ યુનિવર્સિટી કરવાની છે અને મરીન યુનિવર્સિટીની વાત કરી ત્યારે અડવાણીજી આવે ત્યાં લેવા જજો, એ વાત મને નહીં પણ ગુજરાતની સાડા પાંચ કરોડ જનતાને ચૂકે એવી છે. એટલે જ્યાં જે બેઠા હોય ત્યાં, અને માનનીય શકિતસિંહજીએ સારી વાત કરી કે અમે સાથે આવીને કામ કરીશું તો જ્યાં પ્રશ્ન પડતર હોય ત્યાં સાથે મળીને સમગ્ર ગુજરાતના હિતમાં આપણે કામ કરીએ તો મને લાગે છે કે ગુજરાતના વિકાસમાં ગુજરાતમાં અવરોધતા પરિબળોમાં, ગુજરાત બહારના લોકો તો પ્રયત્ન કરે છે પણ જાણેઅજાણે ગુજરાતમાંથી આપણે કોઈ ગુજરાતના હિતની વાત આવતી હોય ત્યારે એની અસર આપણને ન પડે એવી રીતે આપણે આગળ વધીએ, ઘણી વખત બેઠાં બેઠાં સાંભળતો હોઉં છું, કોઈ બિલ આવે, (અંતરાય) બિલ ઉપર બોલું છું, કલમો તો આપી છે, બિલ ઉપર બોલું છું.

**અધ્યક્ષશ્રી** : આપની જે વાત છે એ કહો, એમના કહ્યા પ્રમાણે કહેવાની કંઈજ જરૂર નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉદ્દેશો જ બધા કહ્યા, કેટલાય ઉદ્દેશો આમાં સ્વયં સ્પષ્ટ છે. મારે લાંબો સમય લેવો નથી. આપના મંતવ્યો જાણ્યા પછી જે ખૂટતું હશે એ હું કહીશ. ઘણી વખત તો સાંભળું છું કે, આ બિલ મોડું કેમ લાવ્યા? આ જોગવાઈ કેમ ન કરી ? આ બધું સાંભળું છું ત્યારે મને એક પરિસ્થિતિ યાદ આવે છે, ગામડાંમાંથી હું આવું છું ત્યારે, માનનીય શકિતસિંહજી, હું ગામડામાંથી આવું છું ત્યારે આ વાત સાંભળું ત્યારે હું જોતો હોઉં છું, ખાડુ, માનનીય અધ્યક્ષશ્રી, ખાડુ એટલે ગામની સમૂહ ભેંસો, ધણ ન કહેવાય, ધણમાં બધા પશુઓ આવે, માત્ર ખાડુ- ભેંસોને જ્યારે ચરાવવા જાય અને સાંજે પરત આવે ત્યારે એકદમ દૂધખાને એનું ખાણ મૂક્યું હોય અને આ ખાણ મૂક્યું હોય ત્યારે એ ખાવા માટે ઝડપથી પરત આવતું હોય ત્યારે ગલીમાં એક બે ત્રણ ચાલી શકે પણ જ્યારે એ વધારે સમૂહમાં હોય ત્યારે એ ફસાઈ જાય અને ફસાતાં ફસાતાં પાછળ જે રહી જાય અને પછી જે પાછળ ગોવાળ હોય એ પાછળવાળા ઢોરને લાકડી મારતા હોય છે, તો આ ૪૦ વર્ષથી ફસાયેલું ના થયું, એટલે આ કરવામાં આવ્યું છે. આ ટીકાઓ થાય છે કે વહેલા કેમ ન લાવ્યા, આ પહેલાં કર્યું હોત તો, તમે વહેલા આ કર્યુ હોત તો અમારે આ કરવું જ ના પડત એટલા માટે આ કરવું પડે છે, હું ઇચ્છું છું કે આ જે નથી

કર્યું એ પણ કરીને, આપણે ભૂલ સુધારતા હોય સમૂહમાં, રાજયના હિતમાં ત્યારે સૌ આ બિલને સ્વીકારે એવી હું વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલ ઉપર આવું, અને બિલ ઉપર જ બોલું એવી સામાન્ય રીતે મારો બિલ ઉપર બોલવા ઊભો થયો છું ત્યારનો અભિગમ હોય છે પણ માનનીય મંત્રીશ્રીએ જે ખાડાંની વાત કરી એનો પ્રત્યુત્તર આપવાની મને ફરજ પાડી માનનીય મંત્રીશ્રીએ, માનનીય અધ્યક્ષશ્રી, પહલાં લાવ્યા હોત તો? માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં લાવ્યા હતા, અને આની ચિંતા કરી હતી. માનનીય શંકરસિંહજી વાધેલા મુખ્ય મંત્રી હતા, ગૃહ ચાલુ ન હતું તો આને અગત્યતા આપીને ઑર્ડિનન્સ બહાર પાડ્યો હતો, મને કહેવા દો, ગુજરાત કૃષિ યુનિવર્સિટીના કુલપતિની અધ્યક્ષતામાં આ બિલ લાવવું કે કેમ એની સમિતિ બની હતી, તા. ૮-૫-૧૯૯૭ જે દિવસે અમે ટેકો આપતા હતા. અહેવાલને લક્ષમાં લઈને અલગ પશુ ચિકિત્સા અને પશુ પાલન યુનિવર્સિટીની સ્થાપના કરવી જોઈએ અને આ સ્થાપના ૨૫-૬-૧૯૯૭ની મંત્રીમંડળની બેઠકમાં ઠરાવ થયો હતો, એ પણ અમે કર્યો હતો. સરકારી ઠરાવ ગતવ/૨૧૯૬-ક-૨ તા. ૩૦-૭-૯૭ના રોજ આ થયેલો હતો. ત્યાર બાદ તા. ૧૫-૧-૧૯૯૮ના રોજ પશુચિકિત્સા અને પશુ વિજ્ઞાન યુનિવર્સિટી વટહુકમ ૧૯૯૮ના રોજ વટહુકમ ક્રમાંક : ૧થી પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આજે આપણે કયાં છીએ? ૨૦૦૯માં છીએ. આમ આ પશુ ચિકિત્સા અને પશુ પાલન યુનિવર્સિટીની સ્થાપનાનું સ્વપ્ન કોંગ્રેસનું હતું, કોંગ્રેસના ટેકાવાળી માનનીય શંકરસિંહજી વાઘેલાની સરકારમાં આ નિર્ણય લેવાયો હતો અને જ્યારે આ નિર્ણય લેવાયો ત્યારે ભારત દેશમાં આ નોંધ કરજો, ભારત દેશમાં પશુ ચિકિત્સા અને પશુ વિજ્ઞાન યુનિવર્સિટીની સ્થાપનામાં તાલિમનાડુ અને પશ્ચિમ બંગાળ પછી ત્રીજા નંબર પર ગુજરાત રાજય હતું. આ ઓર્ડિનન્સને જો આપણે કાયદાનું સ્થાન આપી દીધું હોત તો આખા દેશમાં ત્રીજા ક્રમે આપણે આ વિધેયક લાવી શકયા હોત, એ કર્યું નહીં. તાલિમનાડુમાં ૧૯૮૯માં થયું, પશ્ચિમ બંગાળ ૧૯૯૫માં થયું, ૧૯૯૮માં આપણે અહીંયા થઈ ગયું હોત જો આપણે ઓર્ડિનન્સને રીપ્લેશ કરતું બિલ લાવ્યા હોત તો. આપ નહીં લાવ્યા એટલે મહારાષ્ટ્રે ૨૦૦૦માં કર્યું, ઉત્તર પ્રદેશ ૨૦૦૧માં થયું, કર્ણાટક ૨૦૦૫માં થયું, આંધ્રપ્રદેશ ૨૦૦૫માં થયું, પંજાબ ૨૦૦૬માં થયું, મધ્યપ્રદેશ ૨૦૦૮માં થયું ત્યારે આજે આપણે ત્રીજા ક્રમે હતા ત્યાંથી ૯માં ક્રમે ગુજરાત આજે આ બિલ પસાર કરી રહ્યું છે. આપ કહો છોને કે અમે ચિંતા કરી હોત તો, અમે આ માટે આટલી ચિંતા કરી હતી પણ અવરોધક પરિબળ તરીકે આપની સરકાર આવી, આપને લાગ્યું કે આ તો શ્રી શંકરસિંહજી વાઘેલાની સરકારનો ઓર્ડિનન્સ છે એને રીપ્લેશ કરતું બિલ લાવીએ તો ક્રેડિટ એમને મળે. મારા મિત્ર માનનીય મંત્રીશ્રીને માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત કહેવા માગુ છું કે, ક્રેડિટ કોઈને પણ મળે ગુજરાતનું હિત થતું હોય એવી આપણી ચિંતા હોય તો આપણે આને એ વખતે જ આ ઓર્ડિનન્સને કાયદાનું સ્થાન આપ્યું હોત અને તો જે જમીન કૃષિ યુનિવર્સિટી પાસે ૧૧૦૦ એકર જમીન અને જ્યાં આગળ આ પશુ ચિકિત્સા યુનિવર્સિટી બનવાની હતી, આપણે તો ગૌ ભક્તો કહેવાઈએ, આપણે ગાયને માતા ગણીએ છીએ, હું પણ આજે આ પરંપરામાંથી આવેલા પરિવારનો સભ્ય છું ત્યારે આપણે કહેવાતા ગૌ ભક્તોએ જે જગ્યાએ પશુ ચિકિત્સા યુનિવર્સિટી બનાવવાની હતી એ જગ્યા નેનોને તથાસ્તુ કરીને અર્પણ કરી દીધી છે આજે એ જગ્યાએ પશુ ચિકિત્સા યુનિવર્સિટી નહીં બને અને જે ૧૧૦૦ એકર જમીન કૃષિ વિભાગની યુનિવર્સિટીની હતી, ગાય માતાના મોઢામાંથી એ તણખલું લઈને આપણે કોઈને અપાય નહીં કે આપણે ખવાય નહીં એવું માનનારા આપણે આ યુનિવર્સિટી માટેની જગ્યા આ નેનોના પ્રોજેકટ માટે આપી દીધી છે. એ નેનો કદાચ બીજે જઈ શકી હોત તો આ યુનિવર્સિટી ત્યાં આવી હોત. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતનું સેન્ટર છે ત્યાં એક એવી આદર્શ યુનિવર્સિટી ઊભી થઈ શકી હોત. કયાં કરશે યુનિવર્સિટી એનો આમાં ઉલ્લેખ નથી. આ બિલમાં ઉલ્લેખ નથી પરંતુ મારી આપને વિનંતી છે કે, દસ વખત વિચાર કરજો આપ આજેને આજે આપ જવાબ આપો એવું હું ઈચ્છતો નથી, આપ ઉતાવળ કરીને પ્રત્યુત્તર આપો એવી હું ઇચ્છા રાખતો નથી પરંતુ તજજ્ઞો પાસેથી આપ જાણકારી મેળવજો. મહેરબાની કરીને સરકાર એવી ભૂલ ન કરે કે કોઈ બંજર જમીનમાં આ યુનિવર્સિટી સ્થાપવાની વાત કરીને કાગળ પર જ આ યુનિવર્સિટી રહે અને બિલ પસાર થયા પછી યુનિવર્સિટી કામ કરતી જ ન થાય એવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય એ જોવામાં આવે એ માટે હું ખાસ અપેક્ષાઓ રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઘણી ચિંતા સેવીએ એ આવકારદાયક છે કારણ કે આપણા એનીમલ હસબન્ડરીનું આપણા પ્રોગ્રેશમાં કોન્ટ્રીબ્યુશન ઘણું બધું છે. ૪.૫ ટકા ટોટલ ડોમેસ્ટીક પ્રોડકશન જે આપણા રાજયનું છે ૪.૫ ટકા એ એનીમલ હસબન્ડરીનું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત બીજા બધા કરતા આમાં અગ્રેસર રહ્યું છે ત્યારે એને વધારે આગળ લઈ જવાનું કામ પણ આપણે કરવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, જે આપણે એસ્ટીમેટ સર્વે થયો છે એ પ્રમાણે during the year ૨૦૦૨-૨૦૦૩, Gujarat produced ૬.૦૯million tones of milk, ૩૮૫ millions of eggs and ૨.૭૦ million kilograms of wool. Gujarat also contributed inputs of industries like textile, oil and salt. Bye-product એની બાયપ્રોડક્ટ તરીકે પણ આ ઉદ્યોગોમાં આપણને ફાયદો મળ્યો છે, એટલે જેટલું વધારે કામ વહેલું અને મજબૂત રીતે આ યુનિવર્સિટી કરશે એટલો આ કામમાં આપણને ફાયદો પણ થવાનો છે, મારે ખાસ આ સરકારનું એ પણ ધ્યાન દોરવું છે કે આપ આપના ઉદ્દેશો અને કારણો છે આપ જરૂર પડે તો એમેન્ડમેન્ટ્સ લઈને પણ આવજો, અમે

આજે આ બિલ જે ૧૯૯૮ના કોંગ્રેસની ટેકાવાળી સરકારે એક ઑર્ડિનન્સ કર્યો હતો એ બિલ છે, એ બિલ લઈને આપ આવ્યા છો એ બિલની સાથે સહમત છીએ, અમે વિનાવિરોધે આ બિલને પસાર કરવાના છીએ. પરંતુ સાથોસાથ અમારી કેટલીક અપેક્ષાઓ પણ છે, કે આનો જે હાર્દ છે એને પરિપૂર્ણ કરવા માટે બિલમાં હજી પ્રોવીઝન્સ ઘટે છે, આપે એના એમેન્ડમેન્ટ્સ લઈને પણ આવવા પડશે, એ એમેન્ડમેન્ટ્સ પણ આપ લઈને આવો એમાં ખાસ કરીને આપનો જે ઉદ્દેશ છે એમાં પશુપાલનને લગતા શિક્ષણ, સંશોધન અને વિસ્તરણને વેગ આપવાનો છે એની સાથે મારે ખાસ ધ્યાન એ દોરવું છે કે પશુચિકિત્સા, ડેરી વિજ્ઞાન, મત્સ્ય વિજ્ઞાન એને લગતી જે શૈક્ષણિક સંસ્થાઓ અને કૉલેજોના સંશોધન કેન્દ્રો, આના વિશેનો આ બિલમાં ઉલ્લેખ નથી, જરૂર પડે આપ એનું એમેન્ડમેન્ટ પણ લઈને આવો, કારણકે મહત્ત્વનું અંગ છે એ આ સાબિત થવાનું છે, ઘણા વાદવિવાદ પણ રહેતા હોય છે, પશુની ઉંમર બાબત પછી શું કરવું, આપણા સંતો મહંતોમાં પણ એ વાદ વિવાદ છે કે પ્રોડક્ટિવિટી એની ઘટે પછી શું કરવું, પણ મારું તો એ કહેવાનું છે કે જ્યાંસુધી ગુજરાતમાં આપણું પશુ છે એ વધારેમાં વધારે તંદુરસ્ત કેમ રહે અને આપણી જી.ડી.પી.ની અંદર કેમ એનો વધારો થઈ શકે એની ચિંતા પણ આપણા મારફત થાય એ આવકારદાયક રહેવાનું છે, મારા પક્ષના અન્ય સભ્યશ્રીઓ પણ આ બિલ ઉપર વિસ્તૃત રીતે વાત કરવાના છે એટલે વધારે સમય નહિ લેતાં હું ખાસ કરીને વહેલામાં વહેલી તકે આ યુનિવર્સિટી શરૂ થાય એના હેડકવાર્ટરની બાબતમાં ખૂબ ચિંતા સેવીને કાં તો આણંદ આપણું જે ચાલે છે એ કે સેન્ટર ગાંધીનગર, અમદાવાદ પૂરી જગ્યા સાથે બંજર જગ્યાએ એવી જગ્યાએ ન જાય કે જેના કારણે આખી મુશ્કેલીઓ ઊભી થાય, સંશોધન કેન્દ્રો જે છે એ બાબતની અંદર વધારે ચીવટ લેવાય અને આપના હાર્દમાં જે વસ્તુઓ છે એ પાર્ટ ઑફ ધ બિલ બને એ માટે જરૂર પડે એમેન્ડમેન્ટ લાવીને પણ આપ આ કામ કરો એ જ શબ્દ સાથે હું મારી વાત પૂરી કરું છું માનનીય અધ્યક્ષશ્રી.

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ પછી પણ એક બિલ છે એટલે સમય લંબાવવા મારી ખાસ દરખાસ્ત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : અગાઉ વાત કરી દીધી છે પછી આ રીતે નહિ.

**અધ્યક્ષશ્રી** : આ બિલ પછી નહિ એકજ બિલ લઈએ છીએ આપણે કામધેનુ યુનિવર્સિટીનું બિલ પૂરું કરવું અને મંત્રીશ્રીનો જવાબ થાય ત્યાંસુધી આપણે સભાગૃહનો સમય લંબાવીએ છીએ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ(માણસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ જે કામધેનુ યુનિવર્સિટીનું બિલ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું, આમ તો મને આનંદ છે, હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું, જે પશુઓ છે એ પશુઓની સાથે હું પણ જીવન જીવ્યો છું એવે સમયે આ કામધેનુ યુનિવર્સિટી એનું બિલ જે આવ્યું છે એના માટે કેટલીક વાત કરવા માગું છું, આમ જોઈએ તો આપણે ત્યાં આદિકાળથી માનવ સાથે પશુઓનો સંબંધ છે માનવ સાથે નહિ, જે હિંદુ સંસ્કૃતિ જાણે છે એ હિંદુઓના દેવ દેવતાઓ છે એમને પણ પશુઓ સાથે સંબંધ છે. ખાસ કરીને આપણે જોઈએ તો ભગવાન શંકર છે એમને નંદી સાથે સંબંધ છે, કૃષ્ણ ભગવાન છે એને ગાય સાથે સંબંધ છે અને આપણા યમદેવ છે એમને પાડા સાથે સંબંધ છે. એટલે દેવો પણ આ પશુઓ સાથે નિકટના સંબંધ રાખતા હતા અને એમના ઉપર પ્રવાસ પણ કરતાં હતાં. મને લાગે છે કે આ હિંદુસ્તાનમાં અને ગુજરાતમાં ગામડાઓમાં શરૂઆતમાં ખેતી એ મુખ્ય વ્યવસાય હતો અને પશુપાલન એ ગૌણ વ્યવસાય હતો.

તે વખતે બળદને ખેતીના ઉપયોગમાં લેવામાં આવતો જ્યારે ગાયને દૂધ, દહીં અને ઘી માટે ઉપયોગમાં લેવામાં આવતી. પણ આજે આપણે જોઈએ અને હું જોઈ રહ્યો છું, આપ બધા પણ જોઈ રહ્યાં છો કે હવે પેઢી દર પેઢીએ જમીનો ઘટતી જાય છે અને તે જમીન ઉપર નભવું ગામડામાં મુશ્કેલ છે. તે સ્થિતિમાં હવે ગાય છે તે પશુપાલન છે તેનો વ્યવસાય મુખ્ય વ્યવસાય બન્યો છે. એટલે આજે પશુપાલન મુખ્ય વ્યવસાય બન્યો છે અને ખેતી તે ગૌણ વ્યવસાય બન્યો છે. મને લાગે છે જ્યારે આ મુખ્ય વ્યવસાય બન્યો હોય ત્યારે તેમાં આજે આપણને ગુજરાતમાં જે પશુઓ છે, જે પ્રાણીઓ છે તેની ઓલાદો છે તે કિંમતી અને ઉંચા પ્રકારની છે. તેમાં ખાસ કરીને જોઈએ આપણે તો જે ગાય છે તે ગીરની ગાય અને કાંકરેજની ગાય છે તે બહું સુંદર ગાયો છે. અને આજે આપણે જોઈ શક્યા છીએ કે બ્રાઝિલની અંદર પણ હિન્દુસ્તાનમાં જે ગીરની ગાય લઈ જવામાં આવી હતી અને તે ગાયને સારી ટ્રિટમૅન્ટ આપીને બ્રાઝિલમાં તેનું દૂધ ઉત્પાદન લેવામાં આવે તો એ લગભગ ત્યાંની જે ગાયો છે તે ગાયો કરતાં તેનું ઉત્પાદન વધારે છે. પણ આજે આપણે બધા આપણી જે ગાયો છે તે ગાયોની ટ્રિટમૅન્ટ બરાબર કરતાં નથી તેના પરિણામે જે દૂધનું ઉત્પાદન છે તે ઓછું છે. તેનાથી આપણે આગળ વધીએ તો ભેંસની અંદર પણ તો ખાસ કરીને સૂરતી ભેંસો અને મહેસાણી ભેંસો તથા સાથે સાથે જાફરાબાદી ભેંસો આ મહત્ત્વની ઓલાદો છે તે ઓલાદો પણ સારા પ્રમાણમાં દૂધ આપણને આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય ઘેંટાની વાત કરીએ તો આ યુનિવર્સિટીમાં ગાય ભેંસની સાથે જે ઘેંટા છે તેના વિશે પણ વાત કરવાની છે. તેના વિશે પણ સંશોધનો થવાના છે. એટલા માટે ઘેંટા માટે ખાસ કરીને

પાટણવાડી અને મારવાડી જે ઘેંટાઓ છે તેની નોંધ લેવા જેવી છે. અને સાથે સાથે જે બકરાં છે તે બકરાંની અંદર તો એવી સુંદર જાતો છે જે હંમેશા દર વખતે બે બચ્ચાંનો જન્મ આપી શકે

**( સભાપતિ શ્રી દોલતરાય ના દેસાઈ અધ્યક્ષસ્થાને )**

એવી સારી જાતો પણ આપણને જોવા મળે છે. અને તેમાં ખાસ કરીને સૂરતી છે, મારવાડી છે પછી કચ્છી છે, મહેસાણી અને ઝાલાવાડી જે બકરીઓ છે તે બકરીઓ બબ્બે બચ્ચાંનો સાથે જન્મ આપી શકે છે. આ પ્રકારના ઉંચા પ્રકારના બકરાં પણ આપણને જોવા મળે છે. અને અહીંયા વાત કરી દિલીપભાઈએ ઘોડાની જે વાત કરી તે કાઠી ઘોડાઓ છે તે થોડાં પ્રમાણમાં છે તે હવે ધીમે ધીમે તેનો નાશ થવા જઈ રહ્યો છે. પણ આપણે કાળજી રાખીને તે પણ જીવતાં રહે અને તેનો પણ વિકાસ વધારે થાય તે આપણે જોવાનું છે. અને આપ જોઈ શકો છો આ દેશની જે સરહદો છે તે સરહદોનું રક્ષણ કરવા માટે જે ઉંટ વપરાય છે તે ઉંટ પણ આપણાં ગુજરાતનાં જે કચ્છી પ્રદેશ છે તે કચ્છી પ્રદેશના ઉંટો પણ છે. આ બધાની જે વાતો છે, આ ઓલાદો છે તે ઓલાદો બહુ સારા પ્રકારની આપણને જોવા મળે છે. તો આ જે પશુઓ છે તે પશુઓમાં સૌથી વધારે અગત્યનું જો કોઈ હોય તો મને લાગે છે દૂધ આપતાં જે પશુઓ છે તેનું મહત્ત્વ વધારે છે. અને આ પશુઓ જે છે તેની વસતિ ગણતરી જે છે, પશુ ગણતરી છે તે પણ થાય છે. તેમાં ખાસ કરીને જોઈએ તેમાં ગાય છે તે લગભગ ૮૦ લાખ ગાયો આવેલી છે. ભેંસ જે છે તે ભેંસ ૮૭ લાખ જેટલી ભેંસો ગુજરાતમાં આવેલી છે. ઘેંટા ૨૦ લાખ જેટલાં છે. જે બકરાં છે તે ૪૬ લાખ જેટલાં છે. અને જે અન્ય પશુઓ છે તેમાં ચાર લાખ અન્ય પશુઓ આપણને જોવા મળે છે. અને જે મરઘાં છે, જેનો વિકાસ પણ જરૂરી છે. એવા જે મરઘાં છે તે લગભગ ૧૩૭ લાખ જેટલાં મરઘાં અહીંયા આપણને જોવા મળે છે. એક વાત આ ગૃહમાં હું કહેવા માંગુ છું કે આપણે દૂધ ઉત્પાદનમાં હિન્દુસ્તાન દુનિયામાં પહેલાં નંબરે છે. અને ગુજરાત પાંચમાં નંબરે છે. પણ એક વાતનું દુઃખ છે કે દુનિયાની અંદર તેના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ હોવા છતાં પણ જે વ્યકિતગત એકમો છે ગાય કે ભેંસ છે એ દુનિયામાં આપણા દેશમાં એનું ઉત્પાદન સૌથી નીચું છે. આ મોટી વાત છે. દૂધના ઉત્પાદનમાં આપણે એક દેશ તરીકે આગળ છીએ, પણ ગાય કે ભેંસના વ્યકિતગત દૂધના ઉત્પાદનમાં આપણે પાછળ છીએ. એટલે આ યુનિવર્સિટીમાં આપણે પહેલું કામ એ કરવાનું છે કે અહીંયા જે પશુ છે એ વ્યકિતગત દૂધ ઉત્પાદનમાં જે ઓછું છે એ વધારે દૂધ ઉત્પાદન કેવી રીતે આપે એ કામ પહેલા કરવા જેવું છે એમ મને લાગે છે.

જે દૂધ ઉત્પાદક સંઘો છે એમાં કેટલું દૂધ આવે છે, કેટલું આવ્યું, કેટલું ઉત્પાદન થયું, એની વાત પણ કહેવા માગું છું. ૨૦૦૭-૦૮માં લગભગ ૯૮ લાખ ૯૦ હજાર લીટર દૂધ આપણે મેળવી શકયા. ૨૦૦૮-૦૯માં લગભગ ૮૩ લાખ ૯૦ હજાર લિટર દૂધ મેળવી શકયા. એમાં બકરાં અને ઘેંટા છે. એમાં ખાસ કરીને ઘેંટામાં ૨૦૦૭-૦૮માં લગભગ ૩૦ લાખ કિલો ઉન મેળવી શકયા અને ૨૦૦૮-૦૯માં લગભગ ૨૮ લાખ કિલો ઉન મેળવી શકયા. આ બધી વાત હોવા છતાં મેં વાત કરી એ પ્રમાણે તો હવે શું વસ્તુ જોવા જેવી છે? આટલો સારો વ્યવસાય હોવા છતા પણ હજુ ગુજરાતની દ્રષ્ટિ, એના આગેવાનોની દ્રષ્ટિ કઈ ખામી છે એના ઉપર પડી નથી. મને લાગે છે કે આટલો સારો વ્યવસાય હોવા છતા પણ આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે આ દૂધ ઉત્પાદનમાં આપણે સ્થાન મેળવી શકયા નથી, આ પહેલી વાત છે. બીજી વાત એ છે કે શું કરવું પડે? તો હવે પછી આ દૂધની બાબતમાં અને એની બનાવટોની બાબતમાં એવા પ્રકારનું કામ આપણે કરવું પડે કે આપણને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે સ્થાન મળે અને એના માટે ફકત ગુણવત્તાસભર વસ્તુઓ બનાવવી પડે. ગુણવત્તાસભર વસ્તુઓ જો બનાવવામાં આવે તો આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે આપણને એની માહિતી અને સ્થાન મળી શકે. આ બે વાત છે.

એક વાત અત્યારે ગામડામાંથી આપણે અહીં આવીએ છીએ ત્યારે હમણા દૂધના ભાવ આવે, તો આપ ચેરમેન સાહેબ છો. આ દૂધના ભાવ કિલોફેટ ઉપર મળે છે. ૩૦૦ રૂપિયે કિલોફેટ દૂધ વેચાય છે. આજે પ્રશ્ન મોટો એ છે કે ૩૦૦ રૂપિયે કિલોફેટનો ભાવ ચાલતો હોય તો ખેડૂતોને શા ભાવ મળે? એક કિલોના ૧૦ ફેટ આવતા હોય તો ફકત ૩૦૦ રૂપિયાનો ભાવ હોય તો ૩૦ રૂપિયા જ મળે. પણ મને જે માહિતી છે એમાં તો ગાય કે ભેંસ ૬, ૭ મહિના થયા હોય અને દૂધ આપતી હોય તો છેલ્લા સમયે હોય તો ૫૦૦ કે ૬૦૦ ગ્રામ દૂધ આપે, ત્યારે ઉંચા ફેટ આવે. ૬, ૭ ની આજુબાજુ હોય છે. એટલે અહીંયા ૩૦ના બદલે ૨૫, ૨૬નો ભાવ મળી શકે. પણ મને લાગે છે કે દૂધનો ભાવ સહેજ વધે ત્યારે, જયારે બીજી વસ્તુના ભાવ વધે તો ચિંતા હોતી નથી, પણ દૂધના ભાવ વધે તો તરત જ આંદોલન ચાલુ કરવાની વાત ચાલે છે. આ બહુ ખતરનાક વાત છે. હું તો કહું છું કે આપ તો ચેરમેન સાહેબ છો. એ સંઘમાં તો બધા મળીને દૂધના ભાવ માટે, દૂધના ભાવ વધારવા માટે હિંમત કરીને પગલાં લેવા પડે, પણ બધા એ હિંમત કરતા નથી. મને ખબર છે. મારે ગૃહને ખ્યાલ આપવો જોઈએ કે ગામડાઓમાં આપણે જે માણસો દૂધના ઉત્પાદન સાથે જોડાયેલા છે, એમાં મોટા ભાગની બહેનો જોડાયેલી છે. ભાઈઓ તો હોય, પણ કામ કરે બહેનો. અને આ દૂધમાં મને કહેતા તો સંકોચ થાય, પણ ચોકકસ કહું કે બહેનો માટે તો ઉંચકી ઉંચકીને એમના માથાના વાળ ૪ કે ૫ ઈંચના બની જતા હોય છે. કટીંગ કરાવેલા હોય એવું જોઈને લાગે છે. આવા પ્રકારની જે મહેનત છે એ બહેનો આવી મહેનત કરે છે એ આપણે જોવું પડે અને આ દૂધના ભાવ વધે ત્યારે આંદોલન કરે એ ઠીક નહીં. એટલે જે મિત્રો આ સંઘ ચલાવે છે એ હિંમત કરીને જયારે જરૂર પડે ત્યારે એના વાજબી ભાવ મળે એના માટે પણ ભાવ વધારવા પડે એ વાત કહેતાં પણ મને સંકોચ થતો

નથી. આજે ૩૦૦ કિલો ફેટનો ભાવ હોય ત્યારે પશુદાણનો ખર્ચ પણ કેટલો આવે છે એ આ ગૃહને કલ્પના પણ નહીં હોય છતાં પણ હું કહેવા માગું છું કે અહીંયાં સાગરદાણ છે કે કોઈપણ દાણ છે તો એનો ભાવ ૫૮૫ રૂપિયા ૭૦ કિલોના છે. એટલે કે ૭૦ કિલોની એક ગુણીના ભાવ ૫૭૫ છે અને એનાથી સારું સાગરદાણ હોય તો એના પણ એક ગુણીના ૭૦ કિલોના ભાવ ૭૭૦ રૂપિયા જેટલા છે અને આજે જયારે વરસાદ ખેંચાયો છે અને એમાં જો જુવારના પુળાનો ભાવ જોઈએ તો એ ૧૦૦ પૂળાના ૧૦૦૦ રૂપિયા છે એટલે કે એક પૂળાનો ભાવ ૧૦ રૂપિયા થાય અને એક પૂળામાં એક કિલો પણ એનું વજન હોતું નથી એના ૧૦ રૂપિયા થાય છે અને એ જ રીતે બાજરીના પૂળાનો ભાવ જોઈએ તો એના ૧૦૦ પૂળાના ૬૦૦ રૂપિયા એટલે કે એક પૂળાના ભાવ ૬ રૂપિયા થાય છે. તમને જાણીને નવાઈ લાગશે કે જે ધઉંનું પરાળ કે જેને આપણે ધઉં લીધા પછી ખળામાં બાળી નાખતા હતા જેને લેવા કોઈ તૈયાર નહતું અનો આજનો ભાવ ૨૦ કિલોના ૭૦ રૂપિયા છે. આ બધી વાત મારે ના કરવી પડે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આપ જે સારા વિસ્તારમાંથી આવો છો એટલે ત્યાં આની ચિંતા ના હોય, પરંતુ અમે આ વિસ્તારમાંથી આવીએ છીએ એટલે એની ચિંતા થાય એવી વસ્તુ છે. એટલે આ વાત કહ્યા વિના રહી શકતો નથી.

સભાપતિશ્રી: આપની વાત સાથે સંમત છું, પરંતુ આ યુનિવર્સિટી સ્થાપવા દો, એના માટેની વાત કરો.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : મારી એ વાત છે કે આજે ખેડૂતોની શું સ્થિતિ છે એ મારે આ ગૃહને જણાવવું છે એ માટે હું આ વાત કરી રહ્યો છું.

**સભાપતિશ્રી:** પહેલાં આ યુનિવર્સિટી સ્થાપવા દો. (અંતરાય)

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : મારે શું કહેવું એ મને ખબર છે, પહેલાં મારે શું કહેવું અને પછી શું કહેવું એ પછી કહીશ એની મને ખબર છે, પરંતુ આ મારી વાત છે. આ ખેડૂતોની વાત કહેતાં મને દુ:ખ થાય છે કે આજે ૮૦ ટકા લોકો ગામડામાંથી આવે છે, પરંતુ કોઈ માણસ હિંમત કરીને ખેડૂતોની વાત કરી શકતો નથી એ દુ:ખની વાત છે. એના માટે મારે આ કહેવું પડે છે. કોઈ માણસે આ બે વર્ષમાં આ વિધાનસભામાં ખેડૂતોની વાત કરી હોય એવું મેં સાંભળ્યું નથી અને એટલા માટે મારે આ કહેવું પડે છે. જે વાત આ બિલમાં ના આવતી હોય, પરંતુ ખેડૂતો માટે કહેવા જેવું હોય એ હું કહી રહ્યો છું. આ જે દૂધ ઉત્પાદન છે..

**સભાપતિશ્રી**: મંગળભાઈ, તમારી આખી પ્રકૃતિ બદલાઈ ગઈ છે, ખેડૂતોની વાત આવે એટલે.(અંતરાય)

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : ચાલો, સ્પીકર સાહેબ હવે વાત કરે અને આપણે સાંભળીએ. સાહેબ બોલો.

**સભાપતિશ્રી**: મંગળભાઈ, આપ ચાલુ રાખો, મારાથી આપને અટકાવાય નહીં, આ તો ખેડૂતોની વાત આવી એટલે તમારી પ્રકૃત્તિ બદલાઈ ગઈ એમ કહું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : હવે આ દૂધની વાત ચાલે છે ત્યારે દૂધની વાત પછી કરીએ, પરંતુ સાહેબે વાત કરી એમાં કેટલીક જાતો લૂપ્ત થાય છે. તો આ લૂપ્ત થતી જો છે એના માટે યુનિવર્સિટી પણ એને બચાવી લે. તો આ લૂપ્ત થતી જાતોમાં ખાસ કરીને જે કાઠીયાવાડી ઘોડા છે અને બીજું જે કચ્છી ઉંટ છે એ બન્ને જાતો આજે નાશ પામતી જાય છે, લૂપ્ત થતી જાય છે. તો કાળજી લઈને આ જાતો બચી જાય એવું પણ કરવું પડશે. હવે મને એવું લાગે છે અહીં આપણે ફકત આ જે બિલ છે તે બિલમાં માત્ર ગાયની વાત નથી કરવી, ૧૬૦૦ કિલો મિટરનો દરિયા કિનારો છે ત્યાં માચ્છીમારીનો વ્યવસાય બરાબર ડેવલપ થાય તો મોટો ફાયદો થશે. એટલે યુનિવર્સિટીમાં માચ્છી મારીના વિકાસની વધારે કાળજી લઈને ડેવલપમેન્ટ થાય તેવું કરીએ. અહીં આપણે જો આગળ વધીએ તો ખાસ કરીને આપણે અહીં ખેતી કરીએ છીએ. તે ખેતી વરસાદ આધારિત છે. આપ પણ જોઈ રહયા છો કે આજે લગભગ ૧૫ જૂને આપણને વરસાદ મળવો જોઈએ તે આજ ત્રીજી ચોથી જુલાઈ સુધી પણ વરસાદ મળ્યો નથી. આ મોટી ચિંતાનો વિષય છે. એટલે અછત આધારિત વર્ષ છે. ત્યારે આ ખેડૂત છે તે ખેડૂતનો પશુ પાલનનો વ્યવસાય કેવી સ્થિતિમાં હશે? આજે શું કરતા હશે? કેવી ચિંતા હશે એમને? એની કલ્પના આપણે કરવી પડે. આ ગૃહમાં પણ મને લાગે છે કે ગૃહ પુરું થાય ત્યાંસુધીમાં અવશ્ય આ ચર્ચાય તેવું થવું જોઈએ. પરંતુ અછત હોવાને કારણે ખેતીનો વ્યવસાય બરાબર ટકી શકતો નથી. આ ખેતીની પૂરક આવક છે, તે પુરક આવક ફકત ગાયો છે. દૂધ છે, અને દૂધ ઉપરથી આ પુરક આવક મળી રહે છે. અને ખેડૂત માત્ર તેના ઉપર જીવી શકે છે.

સભાપતિશ્રી : ગાય કામધેનું છે. અને કામધેનુ અને ઈશ્વરને સીધો સંબંધ છે. એટલે વરસાદ આવવાનો છે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : તો બહુ સારી વાત છે. આ સરકારને અને વરસાદને પણ સીધો સંબંધ છે. આપણે જોઈએ જ છીએ. અને આ સરકાર છે એટલે વરસાદ અવશ્ય થાય છે. એટલે વરસાદ થવાનો એમાં કોઈ શંકા નથી.

**સભાપતિશ્રી :** જેટલું જલદી આ બિલ પૂરું થાય એટલો વહેલો વરસાદ આવશે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : તો થોડો મોડો વરસાદ આવશે તો વાંધો નથી. પણ આ ચર્ચા બરાબર થાય તે જરૂરી છે. હવે સવાલ એ ઉભો થાય કે ખેતીનો વ્યવસાય છે તે વ્યવસાયમાં આ જે પશુપાલનનો વ્યવસાય છે તેના કારણે ખેતીની કેટલી આવક થાય છે, તો મને લાગે છે કે મેં જે આંકડા મેળવ્યા છે તે પ્રમાણે ખેતીની આવકમાં પશુ પાલનની સ્થિતિ છે એ જોઈએ તો ખેતીની આવકના ૨૦ થી ૨૫ ટકા પશુ પાલનનો ફાળો છે. અને પશુ

પાલનમાંથી એટલી આવક મળી રહે છે. એટલે એવું દેખાય છે કે આ પશુ પાલનમાં આપણે ખાસ કરીને આજે વસતિ વધારો છે તે વસતિ વધારાને કારણે આપણે તેને અલગથી કંઈ આપવું હોય તો આપી શકતા નથી. પરંતુ આજે જોઈએ તો દૂધ ઉત્પાદન ધીમે ધીમે વધતું જાય છે. ૨૦૨૦ સુધીમાં દૂધનું ઉત્પાદન કેટલાક મિત્રોએ કલ્પના કરી છે કે ૨૦૨૦ સુધીમાં આજના દૂધ ઉત્પાદન કરતાં બમણું દૂધ ઉત્પાદન થશે. ડબલ ઉત્પાદન થશે. આજે સો મેટ્રીક ટન થાય છે તે એ ૨૦૨૦ માં ૨૦૦ મેટ્રીક ટન ઉત્પાદન થઈ શકે તેવી સ્થિતિ છે. જો દૂધ ઉત્પાદન ૨૦૦ મેટ્રીક ટન ૨૦૨૦માં થાય તો તેની પાછળ જે માનવ બળની જરૂર પડશે તે માનવ બળ આપણે કયાંથી મેળવી શકીશું? એ માનવ બળ પણ ડબલ થાય, એ કયાંથી મેળવીશું?

**સભાપતિશ્રી :** તમે આ ખુરશીનો વિચાર કરો, હું તમને અટકાવી તો નથી શકતો. પણ આપ આ ખુરશીનો વિચાર કરજો.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : તમે આવો ને સાહેબ, તમે અહીં આવી જાઓ, ત્યાં બીજા કોઈ બેસશે. આપ આવી જાઓ. (અંતરાય) માનનીય નીતિનભાઈ આ એક જ અવસર મને એવો મળ્યો છે કે ખેડૂતોની વાત કલીયર કરી શકાય.

**સભાપતિશ્રી :** માનનીય મંગળભાઈ, હું પડોશી ધર્મ પણ બજાવું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : હવે આપણને એમ થાય કે આ માનવ શકિત છે તે દૂધ ડબલ થઈ જાય તો ડબલ માનવ શકિત જોઈશે.માનનીય નીતિનભાઈ, આજે મને અવસર મળ્યો છે જેથી ખેડૂતની વાત કલીયર કરી શકાય.

**સભાપતિશ્રીઃ** માનનીય મંગળભાઈ, હું પાડોશી ધર્મ પણ બજાવું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : આ માનવ શકિત છે એની વાત કરીએ તો જ્યારે દૂધ ડબલ થઈ જશે, અત્યારે ૧૦૦ મિલિયન ટન છે એ ૨૦૦ મિલિયન ટનની થઈ જાય તો એના માટે માનવ શકિત પણ ડબલ કરવી પડે. તો આ માનવ શકિત કયાંથી મળે ? આ યુનિવર્સિટી થાય તો એમાંથી તૈયાર થયેલ માનવ શકિત મળી રહે એટલા માટે આ યુનિવર્સિટી થાય એ અતિ આવશ્યક છે. નેશનલ કમિશન ઑફ એગ્રીકલ્ચર આપણે ત્યાં આવેલ એણે એનો રિપોર્ટ કરેલો છે. અત્યારે પ્રવર્તમાન સમયમાં પશુ સારવાર સંસ્થાઓ છે એનો હિસાબ કાઢ્યો છે. ગુજરાતમાં ૬૩૫ પશુ સારવાર સંસ્થાઓ છે. એમાં કેટલા ડોકટર જોઈએ તો પાંચ હજાર પશુઓએ એક ડોકટર જોઈએ તો લગભગ ૩૫૦૦ પશુ સારવાર કેન્દ્રો કરવા પડે એટલે બાકીના લગભગ ૨૯૦૦ પશુ સારવાર કેન્દ્રો નવા બનાવવા પડે. આજની સ્થિતિએ આપણે કહેતા હોઈએ કે ગુજરાત બહું આગળ છે પણ જે નવી માગણીઓ અને નવું આયોજન છે એ પ્રમાણે લગભગ ત્રણ હજાર ડોકટરો ખૂટે છે એના માટે પણ આપણે આયોજન કરવું પડે. હમણાં હમણાં નવા જે રોગો આવ્યા છે એનાથી આપણે ગભરાઈ ગયા છીએ. વિશ્વ આખું ગભરાઈ ગયું છે. સ્વાઈન ફ્લુ, કૅન્સર આ બધા રોગો થયા પછી આપણે સો ગભરાઈ ગયા છીએ. આ સ્વાઈન ફ્લુનો રોગ કયાંથી પેદા થયો છે? આ રોગ પશુઓમાંથી ઉત્પન્ન થયો છે. પશુમાંથી રોગ આપણને લાગે છે અને આપણામાંથી એ રોગ બીજાને લાગે છે તેથી પશુઓમાંથી આ રોગ નાબૂદ કરવા માટે જે ડોકટરો જોઈએ એ ડોકટરો આ યુનિવર્સિટીમાંથી મળી રહેવાના છે એટલા માટે આ યુનિવર્સિટીની વાત વાજબી લાગે છે.

આપણને એમ થાય કે જો યુનિવર્સિટી બને તો એમાં શું કરી શકીએ તો એની અંદર પશુપાલન, ડેરી, મરઘ ા પાલન, મત્સ્યોદ્યોગ અને આને લગતા બીજા સલગ્ન વ્યવસાયો થઈ શકે. આને લગતી બીજી સંલગ્ન પ્રવૃત્તિ કઈ છે એની અંદર ખાસ કરીને જોઈએ તો પશુ રોગ નિયંત્રણ કરી શકીએ, ઘાસચારો છે એનું ઉત્પાદન વધારી શકીએ, ત્રીજી વાત છે સારી જાતની ઓલાદોનું નિર્માણ કરી શકીએ જાળવી શકીએ. રોગ નિદાન છે એની કાળજી લઈ શકીએ, દૂધ અને દૂધના ઉત્પાદનમાં વધારો કરી શકીએ, મત્સ્યોદ્યોગ છે એની પણ સારી કાળજી લઈ શકીએ.

શ્વેત ક્રાંતિ થઈ એની અંદર કોણ જવાબદાર છે, શ્વેત ક્રાંતિ થઈ એના માટે જો કોઈ હોય તો એ આપણી બહેનોને આભારી છે અને એમાં બીજી સહકારી મંડળીઓ છે એને આભારી છે, ડોકટરોને પણ આભારી છે. શ્વેત ક્રાંતિનો યશ આપવો હોય તો અહીંયા ડોકટરો પણ છે. એ ડૉક્ટરો આપણી યુનિવર્સિટી થાય તો તેમાંથી મળી શકે અને હમણાં જે ભારતીય વન્યજીવ સંસ્થા અહીં જે આણંદની યુનિવર્સિટી છે તેની વૅટરનરી કૉલેજ છે. તેને અહીંયા એક કોર્સ તરીકે માન્યતા આપી છે અને તેનું કામકાજ ચાલે છે. હમણાં જે વાત કરી દિલીપભાઈએ કે ડાયવર્સિટી છે તે પ્રમાણે કૉલેજો બનાવવી પડે. નૉલેજ કમિશન ગુજરાતની મુલાકાતે આવેલું અને તેની ડાયવર્સીફાઈ ડીસીપ્લીન છે તેના આધારે આ યુનિવર્સિટી બનાવવી જોઈએ. ખાસ કરીને અત્યારે ૪૦૫ યુનિવર્સિટી છે. પરંતુ આજની જરૂરિયાત પ્રમાણે ૪૦૦ના બદલે ૧૫૦૦ યુનિવર્સિટી સ્થપાવી જોઈએ. પણ યુનિવર્સિટીમાં હવે આ જે વાત કરી, ડાયવર્સીફાઈ ડીસીપ્લીન છે તેના આધારે યુનિવર્સિટી સ્થપાવી જોઈએ. આપણે ગુજરાતમાં શરૂઆત પણ કરી રહ્યા છીએ. ખાસ કરીને તેમાં આયુર્વેદ યુનિવર્સિટી આપણે સ્થાપી છે, બીજી સંસ્કૃત યુનિવર્સિટી સ્થાપી છે. ચીલ્ડ્રન યુનિવર્સિટી સ્થાપી છે, ફોરેન્સીક યુનિવર્સિટીની વાત કરી, લો યુનિવર્સિટીમાં આગળ વધી રહ્યા છીએ. અમારા મુખ્યમંત્રી અને આ સરકાર લગભગ પૂરી કાળજી રાખે છે. ગુજરાતમાં કંઈ બાકી રહેવું જોઈએ નહીં. આટલું બાકી હતું તે પણ પૂરું કરવા માગે છે અને છેલ્લે આ બધી યુનિવર્સિટીઓ બની, પણ છેલ્લી

પશુપાલન યુનિવર્સિટી બાકી હતી જે અહીં આજે મૂકી છે. એ અહીં પસાર થાય એટલી વાત કરીને મારી વાત પૂરી કરું તે પહેલાં સાથે સાથે વાત કરું છું કે કેટલી ગૌચરની જમીનની વાત. ૧૦૦ ગાય હોય તો ૪૦ એકર જમીન ગૌચરની રાખવી પડે એવો નિયમ છે. પણ આપણે જે આ બધી જમીનો આપીએ છીએ. તેનાથી અત્યારે લગભગ ૨૩૮ લાખ પશુઓ છે. તેમના ખોરાક માટે આ જમીન પહોંચી વળે એટલી છે? મને લાગે છે કે અહીંયા જે ૧૦૦ ગાયે ૪૦ એકર પ્રમાણે આટલા પશુઓ માટે આ જમીન ઓછી પડે એવી છે. એટલે આજથી હવે આ સરકાર બીજાં કોઈને ન આપે એટલી મારી વિનંતી છે.

બીજી મહત્ત્વની વાત કહું કે આપણે ગાય-ભેંસમાં કૃત્રિમ બીજ દાન છે તેમાં ૪૦ લાખ ગાયો-ભેંસોને કૃત્રિમ બીજ દાન કરીએ છીએ. આપણે કહીએ કે આગળ આગળ, પણ ક્યાંક આપણે આગળ નથી. પાછળ પણ છીએ. આ ૪૦ લાખમાં ૩૦ લાખ ગાય-ભેંસનું કૃત્રિમ બીજ દાન ડેરીઓ કરે છે અને ફક્ત ૧૦ લાખ ગાય-ભેંસનું કૃત્રિમ બીજ દાન આપણે કરીએ છીએ. કેમ? તો મને કહેતા સંકોચ થાય છે કે ગાયો-ભેંસો માટે ડેરીઓ માત્ર કૃત્રિમ બીજ દાન માટે ૧૦ રૂપિયા લે છે અને આપણે ૩૦ રૂપિયા લઈએ છીએ. એટલે આ ઓછું થાય છે. તો આ ડેરીઓ મોટી છે, આગળ છે એવું નહીં, સરકાર આગળ છે એવું સાબિત કરવા માટે તેમની કક્ષામાં પણ એ પૈસા મૂકવામાં આવે એટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પશુપાલન અને પશુ વિજ્ઞાનમાં શિક્ષણ આપતી એક અલગ કામધેનુ યુનિવર્સિટીની સ્થાપનાનું બિલ લઈને આવ્યા છે ત્યારે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ હું પણ જોઈ ગયો છું. બિલના ઉદ્દેશો અને કાર્યો બાબતમાં રાજયના અર્થતંત્ર ઉપર પશુધનની ભૂમિકાની નોંધપાત્ર અસર હોય છે. પશુધનની છેલ્લી વસતી ગણતરી પ્રમાણે, રાજયમાં કુલ પશુધન આશરે બે કરોડ પાંત્રીસ લાખ છે. જે અગાઉની વસતી ગણતરીની તુલનામાં ૮.૫૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. પશુપાલન અને પશુ વિજ્ઞાનના ક્ષેત્રમાં લોકોને વૈજ્ઞાનિક અને વિસ્તૃત તાલીમ અને શિક્ષણ આપવામાં આવે તો, પશુપાલન અને પશુઓ આધારિત અન્ય વ્યવસાયો જેવા કે, ડેરી, મરઘાંબતકાં ઉછેર અને મત્સ્યોદ્યોગમાંથી વધારે ઊપજ થશે અને પરિણામે રાજયનું અર્થતંત્ર મજબૂત બનશે. હાલમાં, પશુપાલન અને પશુ વિજ્ઞાનનો અભ્યાસ, ઉપર્યુક્ત વ્યવસાયો સાથે સંકળાયેલા લોકોની મુખ્ય જરૂરિયાત બની ગયો છે. આથી, આ સંદર્ભમાં કાયદો અધિનિયમિત કરીને ડેરી, મત્સ્યોદ્યોગ અને બીજા સંલગ્ન વિજ્ઞાનોને આવરી લેતા પશુપાલન અને પશુ વિજ્ઞાનમાં શિક્ષણ આપતી એક અલગ યુનિવર્સિટી સ્થાપવાનું જરૂરી જણાયું છે. પશુચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં અને કૃષિવિષયક યુનિવર્સિટીઓના નિયંત્રણ અને સંચાલન હેઠળ અને સદરહુ યુનિવર્સિટીઓના વિશેષાધિકારો ધરાવતી બધી વિદ્યમાન કૉલેજો, સંસ્થાઓ, સંશોધન મથકો, કેન્દ્રો અથવા શિક્ષણ આપતા બીજા એકમો, સંબંધિત યુનિવર્સિટીના વિશેષાધિકારો ધરાવવાનું ચાલુ રાખવું જોઈશે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મુરબ્બી શ્રી મંગળકાકાએ એક ખેડૂતના દીકરા હોઈ, ગ્રામ્ય વાતાવરણમાં ઊછરેલા છે એમણે ગ્રામ્ય વિસ્તારની વેદના અને લાગણી વ્યક્ત કરી એ માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કદાચ આપણે હસતા હોઈએ કે કાકા શું બોલે છે? એમણે વાસ્તવિક રીતે ખેડૂતની વાત કરી છે. એની સાથે હું બિલકુલ સંમત છું. માનનીય સભ્યશ્રી ઉદ્દેશોની વાત કરતા હતા. રાજયના છેવાડામાં છેવાડે રહેલા ખેડૂતને આનો પૂરેપૂરો લાભ મળે, એને પશુપાલનના ધંધામાંથી બે પૈસા મળે તો એના બાળકનું આરોગ્ય સચવાય, એને સારું શિક્ષણ મળે એ માટે મંત્રીશ્રીએ એવી લાગણી બતાવી છે. હું માનું છું ત્યાં સુધી આ યુનિવર્સિટી સ્થાપવાની છે એના કારણે રાજયને ફાયદો થવાનો છે એમાં બેમત નથી. અમારા નેતાએ કહ્યું એ પ્રમાણે અગાઉના વર્ષોમાં આ અંગેની ચર્ચા થઈ ગઈ છે. હું માનું છું ત્યાં સુધી રાજયની અંદર જોઈએ તો પશુધનની દૃષ્ટિએ આપણા રાજયમાં બીજા રાજયો કરતાં દૂધનું ઉત્પાદન વધારે થાય છે એ હું ચોક્કસપણે માનું છું. રોજનું ૬૮ લાખ લિટર દૂધનું ઉત્પાદન આપણે કરીએ છીએ. રાજયમાં ૧૩ સંઘ છે. એમાં આપણું સ્થાન બીજું છે. હું કહીશ કે, ભારતની અંદર બીજા દેશો કરતાં દૂધનું ઉત્પાદન વધારેમાં વધારે છે. ભારતમાં અત્યારે રોજનું ૧૧૪ લાખ ટનનું ઉત્પાદન થાય છે. બીજા નંબરે અમેરિકા છે. એમાં ૮૭ લાખ ટનનું ઉત્પાદન થાય છે. ભારતની અંદર પશુધનના ધંધાને વેગ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આપણા રાજયની અંદર આ પહેલું બિલ લઈને આવ્યા છે અને એક અલગ યુનિવર્સિટી આપવાની છે ત્યારે ડેરીના ધંધાની બાબતમાં, મત્સ્યોદ્યોગ અને બીજા ધંધાની અંદર વધારેમાં વધારે લાભ લેવો હોય તો પક્ષાપક્ષી કર્યા વગર માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, બિલની અંદર આ સંસ્થા માટે કોઈ સ્થળ બતાવવામાં આવ્યું નથી, કોઈ જગ્યા બતાવવામાં આવી નથી. તો મારું એક સૂચન છે કે, આની સંસ્થા આણંદની અંદર રાખવામાં આવે. ત્યાં અમૂલ છે, ફૅડરેશન છે, એન.ડી.ડી.બી. છે, ઈરમા છે, ડેરી સાયન્સ કૉલેજ છે, વૅટરનરી સાયન્સ કૉલેજ છે. વિદ્યા ડેરી છે. તો હું એવું માનું છું કે, આ વિસ્તારની અંદર એક સંકુલ ભેગા ભેગું થાય તો એક સારો પ્રતિભાવ મળશે. કદાચ તમે નક્કી કરી નાખ્યું હોય, એક લાખ રૂપિયાના ભાવે જમીન લઈ લીધી હોય તો મને ખ્યાલ નથી. આ માટે પડતર જમીન, ગૌચરની જમીન હોય તો એ લેવી જોઈએ કે જેથી સરકારના પૈસા બચશે. અગાઉના વર્ષોમાં અમારા નેતાશ્રીએ કહ્યું એમ જે જમીન હતી એ આપી

દીધી. હવે જો વેચાતી જમીન લેવામાં આવશે તો સરકાર ઉપર વધારાનો બોજો પડવાનો છે. આણંદની બાબતમાં સરકાર વિચારે તો સરકારી કોઈ જમીન હશે તો એ શોધીને આપવાની અમારી તૈયારી છે. હું એટલા માટે કહું છું કે, શ્રી મંગળકાકાએ કહ્યું તે પ્રમાણે દૂધના ધંધાની વાત કરી, બહેનોનો ધંધો છે, બહેનો ગદ્ધાવૈતરું કરે છે. સવારમાં ઊઠીને છાણ-વાસીંદું કરે છે, ભેંસો-ગાયોને દોહીને ડેરી સુધી દૂધ પહોંચાડે છે. બાળકોને નવડાવી-ધોવડાવી તૈયાર કરી શાળાએ મોકલે છે, એના પતિ માટે નાસ્તો બનાવે છે. એને ખેતર સુધી પહોંચાડે છે. આ બધું કામ બહેનો કરતી હોય છે. ખેતરમાંથી ઘાસ લાવીને ભેંસ-ગાયને નીરીને, એને દોહીને મંડળી સુધી દૂધ પહોંચાડવાનું કામ બહેનો કરે છે. એટલે ગધ્ધાવૈતરુ કરે છે. તો બિલની અંદર એમને કહેવામાં આવ્યું કે આ બિલની અંદર.. ..

**પ્રો. વસુબેન ત્રિવેદી** : ગધ્ધાવૈતરુ અપશબ્દ છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : બહેન ગધ્ધાવૈતરુ એટલા માટે કહુ છું એક લાગણી છે. એ અપશબ્દ નથી. લાગણી છે. એક લાગણી તરીકે હું કહુ છું બહેન આને. માનનીય અધ્યક્ષશ્રી, બિલની અંદર આ સંસ્થાની અંદર તાલીમ આપવા માટે એમણે કાર્યકરોની પણ વાત કરી છે. બીજા ખેડૂતોની પણ વાત કરી છે પણ હું માનું છું ત્યાં સુધી આ સંસ્થાની અંદર બહેનોને પણ જો વૈજ્ઞાનિક ઢબે એને પશુપાલનના ધંધાની અંદર માર્ગદર્શન આપવામાં આવે તો આપણને વધારે ફાયદો થાય. મુરબ્બી મંગળકાકાએ કહ્યું એ મુજબ આ બહેનોનો જ વિષય છે. ભેંસ ક્યારે વિવાય, વિવાય પછી એને ખરેટુ કેટલા સમયમાં પિવડાવવું પડે, એના બચ્ચાની કેવી રીતે સારવાર કરવી પડે, એનું જ્ઞાન ફક્ત એક બહેનોને જ છે. મને યાદ છે કે હું ચેરમેન તરીકે બેઠો ત્યારે મને લાગ્યું કે મહેસાણાની મારે હરીફાઈ કરવી છે. કારણ કે ખેડા જિલ્લો છે. તો એક વ્યકિતએ મને કહ્યું કે રામસિંહભાઈ, તમે આગળ નહીં નીવડી શકો કે અત્યાર સુધી તમે પુરુષો સાથે વાત કરી છે. તમારે દૂધનો ધંધો વધારવો હોય અને દૂધ વધારવું હોય તો બહેનો સાથે મીટીંગ કરી અને બહેનની સાથે ચર્ચા કરો, બહેનોને જ્ઞાન આપો તો અમૂલનું દૂધ વધશે. એક અધિકારીને કારણે મેં એનો અમલ કર્યો તો ૬ અને ૮ લાખના લિટરને બદલે આજે હું ૧૮ લાખ લિટર એક દિવસનું કરી શક્યો છું. અગાઉના વર્ષોની અંદર ૬ થી ૭ લાખનું ટર્નઓવર હતું આજે ૧૪૦૦ કરોડનું ટર્નઓવર થયું છે. હું અમૂલની અંદર ૨૫થી ૩૦ વર્ષથી છું અને ધંધાની દૃષ્ટિએ હું માનું છું ત્યાં સુધી ગુજરાતનો જો વિકાસ કરવો હોય તો પશુપાલનના ધંધાની દૃષ્ટિએ, મે અગાઉ પણ ગૃહની અંદર જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઈઝરાઈલથી ગાયો લાવવાની વાત કરી હતી. ઈઝરાઈલથી ગાયો લાવવા માટે મેં ના પાડી હતી, મેં વિરોધ કર્યો હતો કે માનનીય મુખ્યમંત્રીશ્રી ઈઝરાઈલની રોગવાળી ગાયો અહીંયા ન લાવો. પાસે આપણા ગુજરાતની અંદર ગીરની ગાય છે. કાકાએ વાત કરી કે ગીરની ગાય બ્રાઝિલમાં લઈ ગયા અને વૈજ્ઞાનિક પદ્ધતિને કારણે દિવસનું ૬૦ લિટર દૂધ આપણી ગાય ત્યાં આપે છે. આપણી પાસે જાફરાબાદી ભેંસ છે, ગીરની ગાય છે. બનીની ગાય છે એવી સારામાં સારી ભેંસ અને ગાયોનું જો ખરેખર વૈજ્ઞાનિક ઢબે એને અપનાવીએ તો ગુજરાતની અંદર વધારેમાં વધારે દૂધ આપી શકાય એમાં કોઈ બેમત નથી. મુખ્યમંત્રીશ્રીને મેં વાત કરી તો મુખ્યમંત્રીશ્રીએ મને વાત કરી કે રામસિંહભાઈ ઈઝરાઈલની ગાય ૨૫ લિટર દૂધ આપે છે. અહીંયા ગાયો લાવીએ અને એ ખેડૂતોને આપીએ તો ખેડૂતોને ફાયદો થાય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી મેં એમને કહ્યું હતું કે થોડા સમય પહેલાં પેપરમાં એક ગાયે ૫૩ લિટર દૂધ આપ્યું એવું પેપરમાં આવ્યું હતું પુનાની અંદર એક ગાય મેં અમારા બોર્ડ સાથે દોવડાવી તો ત્રણ ટાઇમે ૪૫ લિટર દૂધ આપ્યું. ઈઝરાઈલની જ ગયા વધારે દૂધ આપે છે એવું નથી. સારામાં સારી

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ઓલાદ, એ ભેંસ અને ગાય આપણા ગુજરાતની અંદર છે અને આ સંસ્થાની જ્યારે સ્થાપના થશે ત્યારે હું ચોક્કસ કહીશ કે ગુજરાતની અંદર વધારેમાં વધારે દૂધનો ધંધો વિકસાવવાનો છે. ખેડૂતોને વધારેમાં વધારે રોજીરોટી મળવાની છે. પણ ખરેખર જે વિચાર લઈને મંત્રીશ્રી આવ્યા છે, એમનો એક ધ્યેય છે, એક લાગણી છે, કે આ સંસ્થાને કારણે ગુજરાતની અંદર જ્ઞાનનો પ્રવાહ વધવાનો છે અને પશુપાલન અને બીજાની અંદર પણ વધારે ફાયદો થવાનો છે પણ મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની છે કે રોડ બહુ સારો બનાવ્યો હોય, સડસડાટ ગાડી જતી હોય પણ ઘણી વખતે બમ્પ બનાવે છે એટલે ગાડી ધીમી પડી જાય છે. અમારી દશા એવી છે. અમે ૧૩ સંઘોવાળા છીએ સરકારે હું માનું છું ત્યાં સુધી કોઈ દિવસ સહકારી સંસ્થાની અંદર, ખેડૂતોની સંસ્થાની અંદર ખેડૂત એની જાતે સંસ્થા ચલાવતો હોય ત્યારે એમાં સરકારે દખલ ન કરવી જોઈએ. એ દખલને કારણે ઘણી વખત અમારો બમ્પ આવી જાય છે, અમારો અવરોધ આવી જાય છે એના કારણે અમે જોઈએ એટલો વિકાસ નથી કરી શકતા.

**અધ્યક્ષશ્રી** : શ્રી રામસિંહભાઈ, બિલ ઉપર બોલો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : બિલ ઉપર જ છું આ પશુપાલનના ધંધાની બાબતમાં હું વાત કરું છું. પશુપાલન હશે તો યુનિવર્સિટી રચાવાની છે. યુનિવર્સિટી પશુપાલન નહીં હોય તો નથી રચાવાની. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે, હું એટલું ચોકકસ પણે કહીશ કે ગુજરાતની અંદર જે ઓલાદ છે એ વૈજ્ઞાનિક પદ્ધતિ જો આપણે અપનાવીએ તો ઑસ્ટ્રેલિયા હોય, ન્યૂઝીલેંન્ડ હોય કે ઈઝરાઈલ

હોય આપણે જોઈએ તો ત્યાં એક સારું વાતાવરણ હોવાને કારણે, એની ઓલાદ સારી હોવાને કારણે, વિજ્ઞાન અપનાવવાને કારણે ત્યાંની ગાય હું માનું છું ત્યાં સુધી એક દિવસની અંદર ૪૦ થી ૫૦ લિટર દૂધ આપે છે. આપણે અહીં લાખોની વાત કરીએ છીએ તો ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડની અંદર કરોડોની લિટરની અંદર ત્યાંની ડેરીની અંદર દૂધ આપે છે.તો આપણા બધાની લાગણી હોવી જોઈએ કે સામા પક્ષે કે આ પક્ષે કોઈ કાયમી નથી. હું માનું છું ત્યાં સુધી ગુજરાતમાં શહેરોનો વિકાસ થયો છે પણ શહેરોની આજુબાજુની ઝુંપડપટ્ટીની વાત કરીએ કે ગામડાની વાત કરીએ તો એક પણ દિવસ એવો જતો નથી કે એક કુટુંબમાં એના માતા-પિતા અને બાળકો સાથે આપઘાત ન કર્યો હોય. એનું કારણ એ છે કે એ વ્યાજમાં ડૂબી ગયો હોય, આર્થિક રીતે મુશ્કેલીમાં આવી ગયો હોય છે એના કારણે થાય છે. મેં જોયું છે એ પ્રમાણે ગામડા લેવલે એટલા બધા આપઘાતો થતા નથી. એનું કારણ એ છે કે ગ્રામ્ય લેવલે પૂરક ધંધા તરીકે પશુપાલનનો ધંધો સારી રીતે ચાલતો હોય છે. મેં તો જોયું છે અને મારા વિસ્તારમાં કહ્યું છે કે પૂરક ધંધા તરીકે નહીં પણ ધંધાની દ્રષ્ટિએ પશુપાલન કરીએ તો સારામાં સારી રોજીરોટી મળી શકે એમ છે. દૂધનો ૩૦૦ રૂપિયા ભાવ છે. આ ભાવ મંગળકાકાએ કહ્યું એમ ખેડૂતોને, પશુપાલકોને પોષાતો નથી. એના ખોરાક માટે દાણ માટેના ભાવ વધારે હોવાના કારણે પોષાતું નથી. સરકારને વિનંતી કરું કે અમે દાણ સસ્તુ આપી શકીએ એમ છીએ પણ મોલાસીસના ભાવ ઓછા કરે, એના પરનો ટેક્સ ઓછો કરીને આપે તો સસ્તુ દાણ ખેડૂતોને અમે આપી શકીએ તેમ છીએ. ખેડા અને આણંદ જિલ્લાની વાત કરીએ તો અમૂલ ડેરી ન હોત તો ખેડા અને આણંદ જિલ્લો ટકી શક્યો ન હોત. કારણ કે આકાશી ખેતીમાં તો વરસાદ પડે કે ન પણ પડે. સાથે પશુપાલનના ધંધાને કારણે એનો ચૂલો સળગતો હોય છે. સામેના પક્ષે વિનંતી કરું છું કે પશુપાલનની અંદર વિશેષ પ્રોત્સાહનો આપે. આપણે મત્સ્યોદ્યોગની વાત કરીએ તો આપણી પાસે મોટો દરિયા કિનારો છે. નર્મદા યોજના આવી છે, કેનાલો આવી છે એને વિકસાવીને મત્સ્યોદ્યોગમાં જો આપણે પ્રયત્ન કરીએ તો સારામાં સારી રોજીરોટી મળી શકે તેમ છે. માનનીય મંત્રીશ્રીને એક જ વિનંતી કરીશ કે દૂધનો ધંધો ધંધાની દ્રષ્ટિએ બીજા રાજ્યો કરતાં ગુજરાત નંબર વન બની શકે એમ છે. મારી વિનંતી છે કે સહકારી સંસ્થાઓને સહેજ પણ સરકાર ડિસ્ટર્બ કર્યા વગર અમને પૂરેપૂરો સાથ અને સહકાર આપે. અમારો પણ તમને સાથ અને સહકાર મળશે. આ પ્રસંગે હું યાદ કરીશ કે આણંદની અમૂલ ડેરીની સ્થાપના થઈ ત્યારે સરદાર સાહેબ, ઢેબરભાઈ અને કુરિયન સાહેબ દૂધમાં શ્વેત ક્રાંતિ લાવ્યા એના કારણે રાજ્યના જિલ્લાવાર સહકારી સંઘો ઊભા કર્યા. આવા ૧૩ જેટલા સંઘ ાે ઊભા થયા છે. એના કારણે ખેડૂતોને સારી રોજીરોટી મળી શકે એમ છે. મહેસાણા ડેરી મોટામાં મોટી ડેરી છે. વિસ્તાર પણ મોટો છે. દિવસનું ૨૦ થી ૨૫ લાખ લિટર દૂધ આવે છે. અમે ફેડરેશન માટે અમે સાથે બેસીને ચર્ચા કરી કે આટલું બધું દૂધ આવતું હોય ત્યારે એના નિકાલ માટે, એના વેચાણ માટે વિચારણા કરવી પડશે. મહેસાણાને દિલ્હી આપ્યું. આજે મહેસાણાનું ૧૩ લાખ લિટર કાચું દૂધ દિલ્હીની અંદર વેચવા માટે જાય છે. આના કારણે મોટામાં મોટો ફાયદો થયો છે. બાય પ્રોડક્ટ દરેકને વહેંચી આપ્યું છે. મારે ત્યાં પણ દરરોજનું ૧૭ લાખ લિટર દૂર આવે છે. હું પણ પુના, મુંબઈ અને કલકત્તા વગેરે સ્થળે ડેરીઓ નાખીને દરરોજનું કાચું છ લાખ લિટર દૂર મોકલી રહ્યો છું. એનો જે કાંઈ નફો આવે એ ૧૨ મહિને ભાવફેરની રકમ તરીકે ખેડૂતોને આપીએ છીએ. એના કારણે ખેડૂતોની સુખાકારી વધી છે. પણ મેં કહ્યું એમ આમાં કોઈ કાયમી નથી પણ સાથે બેસીને રાજ્યનો વિકાસ કરવો હોય, ખેડૂતોની ચિંતા કરવી હોય, એના બાળકોનું ભવિષ્ય સારું બનાવવું હોય તો સાથે બેસીને ચર્ચા કરીશું તો ગુજરાત વિકાસ કરશે એમાં કોઈ બેમત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે બિલ લઈને આવ્યા છે ત્યારે આ બિલનો વહેલામાં વહેલી તકે અમલ કરીને યુનિવર્સિટીની વહેલામાં વહેલી તકે સ્થાપના થાય અને ગુજરાતની ડેરી અને ખેડૂતોનો વિકાસ થાય એવી અપેક્ષા રાખું છું. બિલ લઈને આવ્યા છે એને હું અભિનંદન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલને આવકારું છું અને માનનીય મંગળદાસભાઈ અને અમારા શ્રી રામસિંહભાઈએ જે વિચારો વ્યક્ત કર્યા એ વિચારોની સાથે સંપૂર્ણ સમર્થન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આવું સારું બિલ લઈને આવ્યા હતા ત્યારે એ એની રાજનીતિમાં ન ગયા હોત તો સારું થયું હોત. એટલા માટે કે આ બિલને અમે બધાએ નક્કી કરેલ હતું કે સર્વાનુમતે પસાર કરવું. જે બે ટિપ્પણીઓ કરી છે એની વાત હું કરીશ. પહેલું તો એ કે આ બિલનું ઓર્ડિનન્સ, આ યુનિવર્સિટીની સ્થાપના ઓલરેડી ૧૯૯૭માં થઈ ચૂકી હતી. યુનિવર્સિટી છ મહિના ચાલી પણ ખરી અને છતાં એ પછીની સકસેસીવ ભારતીય જનતાપાર્ટીની સરકારે એને કાયદામાં પરિવર્તિત ના કરી અને એના કારણે આજે યુનિવર્સિટીનું આ બિલ છે એ ૧૨ વર્ષ પછી ફરી પાછું લાવવામાં આવ્યું. (અંતરાય)હા, એ વાત સાચી છે કે ૧૨ વર્ષ પછી બાવો બોલ્યો.

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, બોલવા દો મને કોઈ વાંધો નહિ.

**અધ્યક્ષશ્રી** : એનો વાંધો નહિ પણ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને કોઈ તકલીફ નથી.

**અધ્યક્ષશ્રી** : આમાં શું છે કે તમે વાઈડ બોલ નાંખો છો અને એ નો બોલ નાંખે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને કોઈ વાંધો જ નથી. જે બોલ નાખવો હોય તે નાંખે, આપણે રમવા ટેવાયેલા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા એ જતો હતો કે ગઈ વખતે ગઈ વિધાનસભાના સત્રમાં માનનીય દિલીપભાઈ કૃષિમંત્રી નહોતા. એમની જગ્યાએ બીજા કૃષિમંત્રી હતા અને અમારા તરફથી સ્ટાર કવેશ્ચન પુછાયો હતો કે તમે વેટરનરી યુનિવર્સિટી સ્થાપવા માગો છો કે કેમ? એ વખતે જવાબ હતો ના.જી. અમે નથી સ્થાપવા માગતા. ત્યારે જરૂર ના જણાય અને અત્યારે જણાય અમે આવકારીએ છીએ. અમે ઈચ્છતા હતા કે આ વૈશ્વિક કક્ષાની યુનિવર્સિટી બને. હમણાં માનનીય રમણભાઈ વાત કરતા હતા કે વર્લ્ડ કલાસ યુનિવર્સિટીને અમે આવકારીએ છીએ. અમે પણ ઈચ્છીએ છીએ કે આ પણ વર્લ્ડ કલાસ યુનિવર્સિટી બને અને વર્લ્ડ કલાસ યુનિવર્સિટી બનાવવી હોય અને એ પણ પશુપાલન યુનિવર્સિટીને બનાવવી હોય તો એ યુનિવર્સિટી બનાવવી માટે એનું લોકેશન પણ બહુ મહત્ત્વનું છે અને એ લોકેશન મહત્ત્વનું હોય તો ટાટા ઈન્ડસ્ટ્રીઝને નેનો કાર બનાવવા માટે અમદાવાદની નજીકની જગ્યા જોઈએ તો આના માટે પણ નાની ૧૦૦ એકર કે હેકટર જમીન નહિ. ૨૨૦૦ હેકટર જમીન જોઈએ. ૨૨૦૦ હેકટર જમીન આ કોઈ નંબર વને સંપાદન કરેલી જમીન નહોતી. એ સંપાદન કરેલી હતી જે તે વખતની મુંબઈની બ્રિટીશ ગવર્નમેન્ટના નોર્થ કોટ નામના ગર્વનરે જમીન એટલા માટે લીધી હતી આપણી અમુક જે ચિંતા આજે વ્યકિત કરી છે એ વખતે કાંકરેજ સહિતની ગાયો છે એ extinction પર હતી. એ દુષ્કાળના કારણે નાશ પામતી જતી હતી એને બચાવવા માટે શ્રેષ્ઠીઓના પ્રયાસથી એ જમીન ખેડૂતો પાસેથી લઈ અને નોર્થ કોટ ફોર્મ બનાવવામાં આવ્યું. અમદાવાદની બજારમાં જઈને ગાયોનું ભાષણ ગૌ હત્યાના નામે બહુ સારી રીતે કરી શકાય પણ ગાયોની સેવા કરવી સહેલી નથી. ભાષણો ભા.જ.પ.એ કર્યા છે બાકી (અંતરાય) ભાષણો કર્યા છે. (અંતરાય) ભાષણો સહેલા છે, બાકી ગૌચર વેચવાના કામો કર્યા છે. ભાષણો થઈ શકે અને આ કોઈ મીલીજુલી કૃષિ સંસ્કૃત્તિ છે એ ભારતની મલીજુલી સંસ્કૃત્તિ છે. આ દેશનો માલધારી કોઈક જગ્યાએ રબારી છે, કોઈક જગ્યાએ આહીર છે, કોઈક જગ્યાએ પટેલ છે, કોઈક જગ્યાએ મેર છે, કોઈક જગ્યાએ કચ્છની અંદર આજે સૌથી મોટા માલધારી હોયને તો એ મુસલિમ માલધારીઓ છે અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કામ એક ક્ષેત્રમાં કચ્છની અંદર થયું હોય તો એ જાત મુસલિમ માલધારીએ પશુ સેવા કરી છે. એ કોઈનો ઈજારો નથી. ભારતીય જનતા પાર્ટી ઈજારો રાખતા હોય, મતદાન વખતે ભાષણો કરે પણ સાચી વસ્તુ અહીંયા સ્વીકારે. અહીંયા એવા લોકો સલાહ આપે ગધાવૈતરું કરવાની વાત કરી રામસિંહભાઈએ. દિલીપભાઈ તમારી માતા, મારી માતા, મંગળદાસભાઈની માતા એ લોકો એક રૂમના ખોરડાની અંદર રહ્યાં છે, અડધા ભાગની અંદર માણસ રહે, વચ્ચે એક થાંભલો હોય એ થાંભલાની આ બાજુ ઘરના સભ્યો રહે અને બીજી બાજુ કહેવાય એને ઢોરબાર કહેવાય. દિલીપભાઈ યાદ છે ને આ ઢોરબારની અંદર ઢોર બાંધે અને ઢોરબારની અંદર હું અને તમે બંને સૂતેલા છીએ. ભાષણો કરવાવાળાને ખબર ના હોય પશુપાલન કરવામાં કેટલી તકલીફ છે. મંગળદાસભાઈને, રામસિંહભાઈને, મને અને દિલિપભાઈને આ વાતની ખબર છે. એટલે અમારા વડવાઓ તો એમ કહે કે (અંતરાય) ગદ્ધાવૈતરું નહીં , ઢોરને સાચવવા હોય, પશુઓને સાચવવા હોય તો પશુની જેમ રહેવું પડે અને અમે રહ્યા છીએ. આજે અમારા પરિવારો ત્યાં એમ રહે છે. કોઈ સલાહ ન આપે અમને કે અમારે શું બોલવું એ. અમને ખબર છે અમારે બોલવાનું શું છે. ઘણા લોકોને દરેક વાતની અંદર સલાહ આપવાની જ આદત પડી ગઈ હોય છે, એટલા માટે ગાયોના ભાષણ કરવા ગામડામાં જાય છે. પણ આ જ લોકો ગૌચર વેચી નાખે છે ત્યારે કોઈ બોલતું નથી. મંગળદાસ ભાઈએ બહું સાચી વાત કરી કે, બાવીસ સો હેકટર જમીન બાવીસસો એકર જમીન વેચાઈ ગઈ અને એ પણ એક રૂપિયો લીધા વગર આપી છે, એડવાન્સમાં અપાઈ છે. કોઈક જગ્યાએ ગૌશાળાને એક રૂપિયો લીધા વગર એડવાન્સમાં કબજો રાખવાની વાત કરો, અમે અભિનંદન આપીશું. આ તો ગવલીને દોહી કૂતરાને પાવાની વાત છે એની સામે વાંધો છે.(અંતરાય)

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અરે ભાઈ નહતું પાવું તો વાંધો લેવો હતો તમારે, વાંધો લેવાની હિંમત નહતી તો એપ્રિશિએટ કરો તમે બધા (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું એજ વાત કરતો હતો, અહીંયા સ્થળની વાત કરીએ છીએ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ આપે જે કાંઈ કહેવું હોય એ ઊભા થઈને મારો સમય લઈને કહેજો. એમાં આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થળની વાત કરી માનનીય રામસિંહભાઈએ બહું સાચી વાત કરી કે સ્થળનું મહત્ત્વ પણ બહું રહેવાનું છે એમાં અને સ્થળનું મહત્ત્વ ન હોત તો ડૉ. વર્ગીસ કુરીયને એન.ડી.ડી.બી.નું હેડકવાર્ટર દિલ્હીના બદલે એણે આણંદમાં ના રાખ્યું હોત. એટલા માટે રાખ્યું ડૉ. કુરીયન એમ કહેતા હતા કે, ગામડાની વાત હું દિલ્હીમાં જાઉં છું ત્યારે આ પશુપાલનની વાત એની ફાઇલોમાં અટવાય છે, એ મારે ફાઇલોમાં નહતું અટવાવવા દેવું એટલા માટે એન.ડી.ડી.બી.નું હેડકવાટર્ર આણંદમાં રાખ્યું. દિલિપભાઈ આપ કહેતા હતા કે, વૈશ્વિક કક્ષાની સંસ્થાઓ આવે, આ એન.ડી.ડી.બી. પણ આવી , ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ ટૅક્નૉલૉજીએ પણ આ એન.ડી.ડી.બી. અને ગુજરાતની ડેરીઓ સાથે મળીને શ્રેષ્ઠ સંસ્થા ત્યાં પણ સ્થાપી, આપણે

એને આવકારીએ છીએ અને આપ જે કામધેનુ યુનિવર્સિટી સ્થાપવા જઈ રહ્યા છીએ એને હું આવકારું અને ઇચ્છા એવી વ્યક્ત કરું કે આવી શ્રેષ્ઠ સંસ્થા બને એનું શ્રેષ્ઠ લોકેશન પણ આવે. પણ મને દુ:ખ એ વાતનું થયું કે આ કામધેનુ યુનિવર્સિટીનું નામ અને પ્રેરણા, માનનીય દિલિપભાઈએ કહ્યું કે અમને પ્રેરણા મુખ્ય મંત્રીશ્રીમાંથી મળી, મંગળદાસભાઈએ પણ એમને પ્રેરણા કયાંથી મળી ગુજરાતની બહેનોમાંથી પ્રેરણા મળી કે જેમણે ડેરી ઉદ્યોગને એક વૈશ્વિક ઉદ્યોગ બનાવ્યો. સહકારી મંડળીઓમાંથી પ્રેરણા મળી કે જે સહકારી પ્રવૃત્તિ આપણી એક વૈશ્વિક ઓળખ બની ગઈ, એ પશુપાલનના ડાંકટરોમાંથી મળી. આપે પણ એવી પ્રેરણા લેવાની વાત કરી હોત તો હું ખુશ થાત. પણ એનાથી આગળ જઈને કહું છું કે, પ્રેરણા કોણે આપી ગુજરાતને ? વિશ્વકક્ષામાં આપણો દૂધ ઉદ્યોગ આવે એના માટેનું કામ કોણે કર્યુ? સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ ત્રિભોવનદાસ પટેલ અને ડાં. કુરીયન, એમણે આ શરૂઆત કરી. મોતીભાઈ ચૌધરીની માંડીને માનસિંહભાઈ સુધીના અનેક લોકો એમના સાથીદારો બન્યા અને સાચા અર્થમાં ગામડાની બહેનોનું કોઈ એમ્પાર્વમેન્ટ કયાંય થયું હોય આખા દેશમાં કોઈ જગ્યાએ પ્રથમ થયું હોય તો આ ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલી બહેનોનું ડાં. કુરીયન અને ત્રિભોવનદાસ પટેલે કર્યુ છે. પ્રેરણા એમાંથી લો અને એક નહીં અનેક જગ્યાએ એના સાથીઓ ઊભા કર્યા અને એને કારણે રામસિંહભાઈ તો કહે ઘણી વખત, મને વાતનું ગૌરવ છે કે, અમૂલ ડેરી સાથે સંકળાયેલા એક સાથી અમારા સાથી છે અને આ ગૃહના સભ્ય છે રામસિંહમભાઈ એ કહે કે, અમારા વિસ્તારમાંથી ગાયો અને ભેંસો ન હોય તો અમારે ભૂખમરો આવી શકે એવી સ્થિતિ આજે છે. કોઈ પાસે ખેતી નથી. માર્જીનલ ખેડૂતો છે અને એમાં આ ડેરી ઉદ્યોગે એમને બચાવ્યા છે.અને આપણને એ વાતનું પણ ગૌરવ છે કે આ ગુજરાતની જે દુધની ડેરીઓ છે, જે અત્યારે ચાલે છે એ પ્રમાણિકતાનો અને નિષ્ઠાનો ઉત્તમ નમુનો છે. કોઈએ કલ્પના પણ કરી હશે કે ૮૦૦૦ ખેડુતની કોઈ કંપની, કોઈ ડેરી ૮૦૦૦કરોડનું વાર્ષિક ટન ઓવર કરી શકે? એકની દિલ્હીમાં બ્રાન્ચ હોય, બીજાની કલકત્તામાં હોય, ત્રીજાની પુનાની અંદર હોય અને એની માલિક ગુજરાતની બહેનો હોય. આ સ્વપ્નુ ત્રિભોવનદાસ પટેલ અને ડો. કુરિયને સિદ્ધ કરી બતાવ્યું છે. આપણે એને યાદ નથી કરતા. વારંવાર નંબર-૧ને ખુશ રાખવાની પ્રવૃત્તિમાંથી બધાએ બહાર આવી જવું જોઈએ. એને અભિનંદન આપવામાંથી બહાર આવી જવું જોઈએ. હા, કદાચ અહીંયા એ યાદ કર્યું હોત કે શંકરસિંહ વાઘેલા બીલ લઈ આવ્યા હતા. એ વખતે ચુક થઈ કે અમે કાયદો ન બનાવી શકયા તો મને આનંદ થાત પરંતુ અહીંયા આજે પણ આ જે દુધની પ્રવૃત્તિ છે, પશુપાલનની પ્રવૃત્તિ છે એ એટલી વિકસી છે અને એવું સ્વપ્ન આપણા લોકો જે અત્યારે સંચાલકો જોડાયેલા છે. એ રામસિંહભાઈ હોય કે બીજા મિત્રો હોય એમનું સ્વપ્નું એવું છે કે આપણું જે દુધનું ફેડરેશન છે એ વિશ્વનું પાંચમા નંબરનું થાય, દુધ બનાવતી કંપની થાય એવું સ્વપ્ન છે. મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવાનું છે કે અમિતભાઈ તો બધી જગ્યાએ પહોંચી જાય છે કબજો લેવા માટે જેની તિજોરી મજબુત હોય ત્યાં, આપ પણ પહોંચી ગયા?

**અધ્યક્ષશ્રી** : અમુલની ચુંટણીનું શું કરવા વાત કરો છો? આપ બીલ ઉપર આવો. અર્જુનભાઈ, આજે તો તમારી ગાડી કોઈ આડા પાટા ઉપર લઈ જતું નહોતું હું જોઉં છું. તમે શું કરવા આડા પાટા ઉપર જાવ છો? યુનિવર્સિટીનું બીલ છે, યુનિવર્સિટીના પ્રાવધાનો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપ નહોતા ત્યારે થોડાક ઉલ્લેખો થયા હતા.

**અધ્યક્ષશ્રી** : ના. મેં સાંભળ્યું છે બહાર પણ આપ એમાં ન જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કહેવા જતો હતો કે બધાએ રામસિંહભાઈએ ઈચ્છા વ્યકત કરી કે આ જે પશુપાલનનો વ્યવસાય છે એની સાથે સમાજનો છેવાડાનો માણસ, આપણી બહેનો જોડાયેલી છે એનો વ્યાપ છેવાડાના સ્થળ સુધી કરવાનો છે અને એટલા માટે આપણે સૌએ સાથે મળીને આ બાબતમાં આગળ વધવું પડશે. મંગળદાસભાઈએ બહુ સાચી વાત કરી કે ૧૦૦ પશુએ ૪૦ એકર જમીન ગૌચર માટે આપણે રાખીએ છીએ. આ કાયદો ભારતીય જનતા પાર્ટી કે કોંગ્રેસે નથી બનાવેલો પણ જેને આપણે એમ કહીએ છીએ કે ગૌભકિત સાથે કોઈ લેવાદેવા નથી એવા અંગ્રેજોએ બનાવેલો છે. ભાષણો આપણે કરીએ પણ અંગ્રેજોએ બનાવેલી નીતિ આપણે ચાલુ રાખીએ તો ઘણું સારું છે. એ પણ નીતિમાંથી આપણે પાછા ગયા ગૌચરના મારે આંકડા નથી આપવા કેટલા ગૌચરો વેચાયા છે, આ સરકારે જ મને માહિતી આપી છે પણ હું એ કહેવા જઈ રહ્યો હતો કે આપણી પાસે ટેકનોલોજી આવી શકે તો રામસિંહભાઈએ જે ઈચ્છા વ્યકત કરી કે વિશ્વની અંદર શ્રેષ્ઠ કક્ષાનું દુધ અને સૌથી વધારેમાં વધારે ઉત્પાદકતા આપણે લઈ આવી શકીએ તેમ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું એમને કૃષિ આ વેટરનરી યુનિવર્સિટી છે, કામધેનુ યુનિવર્સિટી છે એનું બીલ લઈ આવવાનો જે શુભ સંયોગ પ્રાપ્ત થયો છે. કૃષિ મંત્રી છે દિલીપભાઈ, આપણે ત્યાં સૌરાષ્ટ્રની અંદર ડેરીનો ઉદ્યોગ વિકસ્યો નથી આપણે વાત સ્વીકારવી પડશે. કયાંક કોઈને કોઈ જગ્યાએ આ સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો હતા એની કયાંક નિષ્ઠામાં ખામી હશે અથવા એમને કોઈ જગ્યાએ એમને યોગ્ય મદદ નહીં મળી હોય જે હોય તે પરંતુ આની અંદર આપણે સૌરાષ્ટ્ર અને કચ્છ અને થોડાક અંશે દક્ષિણ ગુજરાત મોટાપાયે કન્ટ્રીબ્યુટ કરી શકે તેમ છે પણ છતાં આપણે કન્ટ્રીબ્યુટ કર્યું નથી. માત્ર બરોડાથી શરૂ કરીને અંબાજી સુધીનો જે પટ્ટો છે એમાં બહુ સારી રીતે આ પશુપાલનનો ઉદ્યોગ છે એ વિકસ્યો છે અને એને કારણે સૌથી વધારે કોઈને ફાયદો થયો હોય તો બહેનોને થયો છે. આપણે જોયું છે કે પુરુષના હાથમાં પૈસા આવે

તો એના પૈસા વ્યસનમાં જાય.કોઈપણ જગ્યાએ જઈએ તો બીડીનું વ્યસન હશે, કોઈને બીજાનું હશે, કોઈકને ખરાબ કક્ષાનું વ્યસન હશે, તો બધા પૈસા એમાં જતા હોય છે. આ એક દૂષણ છે. બહેનોના સોએ સો ટકા પૈસા રસોડામાં ઉપયોગમાં આવશે, બાળકોના ઉપયોગમાં કે ભણતરમાં ઉપયોગમાં આવશે અને બચત પણ થશે. આ ઉદ્યોગ પશુપાલનનો ઉદ્યોગ છે. એ સૌરાષ્ટ્રમાં આવે, દક્ષિણ ગુજરાતમાં આવે અને ઉત્તર ગુજરાતમાં આવે અને એમાં આપણે બીજી રીતે આણંદ જઈએ, ભલે ગયા નિષ્ફળ ગયા, વાંધો નહિ, એક વખત જરૂર આણંદ બધાને બોલાવો. રામસિંહભાઈ સહિતના સાથીઓને કહો કે આપણે ત્યાંના દરેક સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લા સંઘો છે એ એકેએક ડેરી એડોપ્ટ કરે. એની સાથે જોડે અને જોડીને આપણે ત્યાં પશુપાલનના ઉદ્યોગની અંદર વિકાસ નથી થઈ શક્યો એ વિકાસ થાય. એવી આપની મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

આ ક્ષેત્રની અંદર બીજો મહત્ત્વનો વ્યવસાય એ મત્સ્યોદ્યોગ સાથેનો વ્યવસાય છે. મત્સ્યોદ્યોગની અંદર આજથી ૧૦ વર્ષ પહેલા આપણે આખા દેશમાં પ્રથમ સ્થાને હતા. હું દરેક વાતમાં સરકારનો દોષ નથી દેતો. આજે મત્સ્યોદ્યોગ મરવા પડેલો છે. ખૂબ મુશ્કેલીઓ છે. દરિયાકાંઠાની અંદર જે બ્રિડિંગ થવું જોઈએ, ચોમાસામાં વરસાદ થાય ત્યારે પોલ્યુશનના કારણે બ્રિડિંગ થતું નથી. એના કારણે જે માછલીઓનો જથ્થો આપણા માછીમારોને બધાને મળવો જોઈએ તે મળતો નથી, એના કારણે નાના અને મોટા માછીમારો ખૂબ તકલીફમાં જીવે છે. એના માટે પણ કોઈ કાનૂન લઈ આવીને કઈક વ્યવસ્થા કરીને આ લોકોની ઉત્પાદકતા વધે એ ખૂબ જરૂરી છે. એને સબસિડી ચાલુ રહે એ માગણી જરૂર છે. પરંતુ આખરે કોઈ ઉદ્યોગ સબસિડી ઉપર ચાલતો નથી એ વાત સ્વીકારવા જેવી છે. એની ઉત્પાદકતા વધે એના માટેનું વ્યવસ્થિત આયોજન થાય અને પશુપાલન અને મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ લોકોનું જીવન ધોરણ ઊંચું આવે એના માટે આ કૃષિ યુનિવર્સિટીનું બિલ પથદર્શક બની રહે એવી શુભેચ્છા સાથે હું આ બિલને સ્વીકારું છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ કામધેનુ વિશ્વવિદ્યાલય સને ૨૦૦૯ જે બિલ લઈને આવ્યા છે, તે બદલ હું અભિનંદન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ભારતીય સંસ્કૃતિમાં ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. ભગવાન શ્રીકૃષ્ણજીએ આપણને ગાય ઉછેરવા માટેનો પરોક્ષ રીતે આદેશ આપ્યો છે અને આપણને સંદેશો આપ્યો હતો કે ગાયને ઉછેરજો. ગાય જે વાછરડી આપશે એ તમને દૂધ આપશે અને વાછરડો આપશે એ બળદ થશે. એ રીતે એમના વડીલબંધુ બલરામજીએ આપણને હળ આપ્યો. હળ દ્વારા વાછરાડાથી ખેતી કરજો. બંને ભાઈઓએ આપણી સંસ્કૃતિમાં ગાય અને બળદ આપીને આપણને કૃષિ પ્રધાન બનાવ્યા. ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. કૃષિ આપણી કરોડરજ્જુ છે. અને એનું બીજુ પાસુ એ પશુપાલન છે અને એ આપણું ઘરેણુ છે, એટલા માટે કહું છું કે પશુપાલન વિવિધ પ્રકારના છે અને વિવિધ પ્રકારનું ગુજરાતનું પશુપાલન એ ખરેખર આજે આપણે માટે ઘ રેણું બન્યું છે. સરસમજાની આપણે ત્યાં ગાય છે. સાથે સાથે આપણી પાસે ભેંસ પણ છે. ક્યાંક સારા મરઘા પણ છે અને આ બધાને આપણી આર્થિક વ્યવસ્થા ખૂબ સુંદર રીતે આગળ વધી શકે તેવી પરિસ્થિતિ છે.માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે ગુજરાત દેશની અંદર પ્રથમ નંબરનું રાજય બન્યું છે અને દૂધના ઉત્પાદનની અંદર પણ પ્રથમ નંબરનું રાજય બન્યું છે. આજે વિશ્વના દૂધ ઉત્પાદન કરતા દેશો જે છે તેની સરખામણીમાં આપણી પશુઓની દૂધ ઉત્પાદકતા ઓછી હોવાના કારણે પાછળ રહી ગયા છીએ અને એટલા માટે આ બિલની અંદર આપણે આપણા પશુઓને એવી સુંદર મજાની માવજત આપીએ અને તેની વૈજ્ઞાનિક ઢબે જાળવણી અને વૃદ્ધિ થાય અને તેના માટે તેના માટે વિશ્વ કક્ષાના અત્યાધુનિક સંશોધન અને વિસ્તરણની સંસ્થાની જરૂર છે અને એ સંસ્થાની જરૂરના કારણે આજે આપણે આપણા પશુઓને એ દિશામાં તૈયાર કરીશું. ગુજરાતની સરકારે પણ ગુજરાતની અંદર પશુપાલન માટે ખૂબ સુંદર કામગીરી કરી છે. મને કહેવા દો કે આજે પશુપાલન માટે સમગ્ર એશિયા ખંડમાં આજે ડીસાની અંદર પશુ હોસ્ટેલ આકાર લઈ રહી છે. આપણા સૌને માટે અને પશુપાલનનો વ્યવસાય કરનારને માટે તે આશિર્વાદરૂપ નિવડવાની છે. તે જ રીતે ગુજરાતની સરકારે અને રાજયના મુખ્યમંત્રીશ્રીએ એક નવો વિચાર પણ આપ્યો કે જેમ હોસ્ટેલોમાં બાળકો, દીકરા અને દીકરીઓ રહી શકે છે તે રીતે હોસ્ટેલમાં પશુઓ કેમ ન રહી શકે. પશુ હોસ્ટેલો શરૂ કરવામાં આવી અને તેને કારણે બનાસકાંઠાની અંદર બે ગામોમાં આજે પશુ હોસ્ટેલ ચાલી રહી છે અને તે પણ આપણા સૌને માટે એક નવો પ્રયોગ છે. આ રીતે આપણા પશુઓને યોગ્ય રીતે જો એની ચકાસણી થાય, એની તપાસ થાય, તેને યોગ્ય સારવાર આપવામાં આવે તો આપણા પશુઓ ઉત્પાદક બને અને આપણી આર્થિક વ્યવસ્થામાં તે ઉપકારક બને. પશુઓની સાથે આપણો ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયા કિનારો છે અને તે દરિયા કિનારામાં મત્સ્યોદ્યોગના વિકાસની તક છે. એ જ રીતે આજે વસતીના વધારાની સાથે જમીન વધતી નથી અને તે વધતી વસ્તીને માટે જમીન જયારે ઘટતી હોય ત્યારે માનવીએ ગ્રામીણ વિસ્તારે પશુપાલન અને ડેરી ઉદ્યોગ તરફ વળવું પડશે અને તેના માટે પશુપાલન વધારે મહત્વનું રહે છે. આના માટે તજજ્ઞો પણ જોઈશે. તજજ્ઞો માટે પણ એ એવા તૈયાર થાય કે જેથી આપણા તમામ ક્ષેત્રોને તે મરઘા ઉછેર કેન્દ્ર હોય, મત્સ્યોદ્યોગનું હોય કે પશુપાલન કેન્દ્ર હોય તમામ ક્ષેત્રોને સારી રીતે તાલીમ આપીને, સારી રીતે પરીક્ષણ કરીને તૈયાર કરે કે જે આપણી આર્થિક બાબતમાં ઉપકારક નિવડે. આવું સુંદર મજાનું

બિલ લઈને આવ્યા છે ત્યારે હું માનનીય દિલીપભાઈને અભિનંદન આપું છું અને આ બિલને મારું સમર્થન આપી વિરમું છું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલમાં રચનાત્મક અભિગમ દાખવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આવકાર્યું છે અને સમર્થન કર્યુ તે બદલ હું તેમનો આભારી છું. કેટલાક એમના સૂચનોની નોંધ લીધી છે. પોજીટીવ વિચારીશું. એ જ રીતે પ્રો.મંગળદાસભાઈ, રામસિંહભાઈ પરમાર, અર્જુનભાઈ મોઢવાડિયા અને લીલાધરભાઈ વાઘેલાએ જે સૂચનો કર્યા છે તેનો રચનાત્મક રીતે આવકારુ છું. આ બિલમાં સરકારનું મન ખુલ્લું છે. હું આ બિલ રજૂ કરતો હતો તે વખતે કદાચ હું માનું છું કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને અર્જુનભાઈ વાતો કરતા હતા અને ત્યારે મેં જે વાત કરી હતી તે તેમના કાન સુધી પહોંચાડી શકયો ન હતો. એટલે ફરીવાર હું મારી વાત કરીશ. સ્થળ મહત્વનું છે, સ્થળ બિલમાં નથી, તો હું મારા પ્રવચનમાં સ્થળ અંગેની વાત કરું છું. રાજયમાં ચાર કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ ક્ષેત્રે અને પશુપાલન ક્ષેત્રે સારી રીતે કામ કેમ કરી શકાય એટલે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા પછી એ યુનિવર્સિટીઓમાં કૃષિ યુનિવર્સિટી હતી એને ચાર ભાગમાં વહેંચીને ઉત્તર ગુજરાતમાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, દક્ષિણમાં નવસારી કૃષિ યુનિવર્સિટી, મધ્ય ગુજરાતમાં આણંદ યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર જુનાગઢ કૃષિ યુનિવર્સિટી આ ચારેય કૃષિ યુનિવર્સિટીમાં અલગ અલગ રીતે વેટરનરી કોલેજ અને વેટરનરી સબજેકટને કૃષિ યુનિવર્સિટી સાથે સંલગ્ન રીતે અને એ કામ ચાલુ આજે રાખીને એમાં કોઈ સિસ્ટર્બ કર્યા વિના બાકીના વિસ્તારમાં જે વિસ્તાર પશુપાલક ક્ષેત્રે, ભૌગોલિક ક્ષેત્રે અને પછાત રીતે, બેલેન્સથી વિચારીને બાકીના બેલેન્સ કરીને રાજયના એવા વિસ્તારને લાભ મળે એટલે હિંમતનગર અને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના રાજપુરા ગામે સરકારી જમીન, એક પણ રૂપિયો સરકારે લીધા વગર ૯૨ હેકટર જમીન સરકારે આપવાનો નિર્ણય કર્યો છે. એટલે યુનિવર્સિટીનું સ્થળ , જમીનમાં કોઈ રોકાણ વિના આપવાનો નિર્ણય કર્યો છે. એટલે આપની આ ચિંતા મને લાગે છે કે, દૂર થશે અને આવકારશો કારણ કે યુનિવર્સિટી જયારે સ્થપાતી હોય ત્યારે સ્થળની વાત મહત્વની છે. એક સ્થળ વિકસીત હોય તો અન્ય સ્થળને પણ રાજયના વિકાસની તક મળે , નહીંતર સવાલ એક સૌરાષ્ટ્રના વતની તરીકે સૌરાષ્ટ્રમાં આવે એની ચિંતા કરીએ પણ રાજયના એક મંત્રી તરીકે, અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સમગ્ર વિસ્તારને ધ્યાનમાં રાખીને આ અંગેનું માર્ગદર્શન આપ્યું છે. એનો ઉલ્લેખ કરીએ ત્યારે કોઈને સારું લગાડવાની વૃત્તિની વાત કરીએ ત્યારે, તમે વારંવાર ઉલ્લેખ કર્યો અહીંથી, કેટલાક નેતાઓના નામ લઈને, માનીનય મંત્રીશ્રી અગાઉ જયારે હતા ત્યારે આ બિલ વટહુકમ કરીને લાવ્યા, માનનીય મંત્રીશ્રી જયારે એ વટહુકમ લાવ્યા મુખ્ય મંત્રીશ્રી ત્યારે આ બિલમાં કેટલાક તફાવતો છે. આ રાજય સરકારે એની ચિંતા કરી, પૂરેપૂરો અભ્યાસ કર્યો , મેં વ્યકિતગત એની ચિંતા કરીને અભ્યાસ કર્યો, ચારેય કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિ, વગેરે એમની સાથે બેઠક કરીને વિસ્તૃત અભ્યાસ કરીને આ બિલ લાવવા માટે જે પ્રયાસ કર્યો એના કેટલાક મુદ્દાઓ આપના ધ્યાન ઉપર મૂકુ છું. અગાઉ જે વટહુકમ હતો અને હવે આ બિલ આવેછે, એમા કેટલીક જોગવાઈઓમાં ફેરફારો નવા ઉમેરો કરીને લાવ્યા છીએ. પ્લાનિંગ બોર્ડની જોગવાઈ કરવામાં આવી, કલમ ૩૧માં , જે અગાઉ હતી નહીં, એમ તપાસણી અને તપાસમાં રાજય સરકાર ને પણ આવી તપાસનો અધિકાર રહેશે એ કલમ ૯ પેટા કલમ ૬માં સુધારો લાવ્યા છીએ, કુલપતિની નિમણૂકમાં સર્ચ કમિટી અને આ કમિટીમાં માત્રને માત્ર પશુચિકિસ્તક ક્ષેત્રના ત્રણ નિષ્ણાત સભ્યો જ રહે, આવી જોગવાઈ કરી છે. એ કલમ ૧૨માં આપણે જોગવાઈ કરી છે, એ જ રીતે કુલપતિની નિમણૂક ગેરલાયક ઠરાવવા માટેની જોગવાઈ પણ કરી કલમ ૧૨-૮ માં કરી છે. આવી વિવિધ જોગવાઈઓ કરીને આ બિલ યુનિવર્સિટીની કોલેજો માટેના ધોરણ એફીલીએશનના કેન્દ્રો શરૂ કરવા માટેની કલમ ૪૬થી ૨૨માં જોગવાઈ કરી છે. જેથી કરીને અગાઉ જે જોગવાઈઓ ન હતી એ જોગવાઈઓ સાથે આ બિલને લાવ્યા છીએ, માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કરવા માગતી ન હતી એમ નહીં અગાઉ કેમ નહોતુ કર્યુ એના ઉલ્લેખમાં અમારા વિધ્વાન મિત્રએ જે ઉલ્લેખ કર્યો કે આ અગાઉ લાવ્યા હતા પણ હું અગાઉની વાત કરતો એટલે જયારથી કોંગ્રેસનું શાસન સમાપ્ત થયું એટલે ૧૯૯૦ પહેલાની વાત કરતો હતો. આઝાદી પછીના એટલા એ વર્ષોમાં એ લાવ્યા હોત તો મેં પેલી ખાડાવાળી વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે, ખેડૂતોને પશુપાલકોને દૂધના ભાવ ઓછા મળે છે અને એના કારણે એનું શોષણ થાય છે એની ચિંતા પ્રો. મંગળભાઈએ જે કરી હતી એ ચિંતા સાથે આજે પણ સહમત છું. જે વિસ્તારમાં દૂધ ભરવા માટેની ડેરી નથી, દૂધ ભરવાની વ્યવસ્થા નથી એવા પશુપાલકો અને ખેડૂતો ખૂબ લૂંટાતા હતા એ લૂંટાવાનું બંધ થાય, ખાસ કરીને સૌરાષ્ટ્રનો ઉલ્લેખ થયો એટલે આ રાજય સરકારે એમ.ડી ડી.બી. સાથે એમ.ઓ.યુ. કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં દૂધ ક્ષેત્રે કામગીરી કરવાની એને જવાબદારી સોંપાઈ પરંતુ સમય જતા એક વસ્તુ જોવા મળી સહકારી ક્ષેત્રે અમુલ પેટર્નથી જે દૂધ ભરાય છે એમાં ખેડૂતોને ખૂબ લાંબા ગાળાનું પશુ પાલકોને યોગ્ય વળતર મળે છે એટલે રાજય સરકારે નક્કી કર્યું કે, રાજયમાં જે વિસ્તારમાં સહકારી ડેરી જે જિલ્લામાં નથી એનું રજિસ્ટ્રેશન કરીને એવા વિસ્તારમાં પણ અમુલ પધ્ધતિથી નવી કો-ઓપરેટીવ સંસ્થાઓના માધ્યમથી દૂધ ભરાય એના માટે રાજય સરકારે પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો છે અને એ માટેની આ વર્ષના બજેટમાં પણ જોગવાઈ કરી છે. નાની દૂધ મંડળીઓને સાધનોથી માંડીને બીજી સગવડ આપવા માટેની જિલ્લા સંઘો દ્વારા આ વર્ષના બજેટમાં જોગવાઈ કરી છે. કૃત્રિમ બીજ દાન માટેનો પણ ઉલ્લેખ કર્યો આ સૂચન

પણ ખૂબ આવકારદાયક છે. બીજુ સરખા ભાવ આખા રાજયમાં રહે આ સૂચન અંગે હું ચોક્કસ આગામી દિવસોમાં જે મારા વિભાગ તરફથી થઈ શકતું હશે એ પ્રમાણે કરીને આગળ વધીશું. સહકારી સંસ્થાઓના માધ્યમથી ડેરીનો વિકાસ થઈ રહ્યો છે અને એ સમગ્ર ગુજરાતમાં થઈ રહ્યો છે અને એ ગૌરવ માટે સરદાર વલ્લભભાઈ પટેલે શ્રી ત્રિભોવનભાઈને આપેલી સલાહ અને ત્યાર પછી અમુલ પેટર્ન સમગ્ર વિશ્વમાં આજે પ્રખ્યાત છે. દેશ દૂધ ઉત્પાદન ક્ષેત્રે પ્રથમ છે હવે આ કામધેનુ યુનિવર્સિટી દ્વારા આપણો પ્રયાસ રહેશે ઉત્પાદક ક્ષેત્રે સારા પશુઓની કેવી રીતે જાળવણી થઈ શકે, પશુધનની કાળજી કેવી રીતે લઈ શકાય અને જે પશુ પાલન ક્ષેત્રે ચિકિત્સાનો અભાવ છે સમગ્ર દેશમાં છે અને આપણા રાજયમાં સવિશેષ છે એની પુર્તતા કેવી રીતે કરી શકાય એ માટે યુનિવર્સિટીના માધ્યમથી વધારે કોલેજો અને તજજ્ઞો બહાર પાડીને આપણે એની પુર્તતા કરી શકીશું. માનનીય અર્જુનભાઈએ હળવા મૂડમાં કહ્યું કે, અમિતભાઈ અને મારો ઉલ્લેખ કરીને કે તમે કેમ પહોચ્યા? માનનીય રામસિંહભાઈ સાક્ષી છે હું અને અમિતભાઈ કોઈ મંત્રી તરીકે ગયેલા ન હતા, આપ તો ત્યાં બેઠા હતા એટલે આપને ખબર હોય પણ એક સહકારી કાર્યકર પ્રથમ છીએ અમે, મંત્રી કરતા પહેલા સહકારી કાર્યકર પ્રથમ છીએ અને જયારે નિર્ણય કરવાની વાત આવી ત્યારે માનનીય રામસિંહભાઈએ મારા ઉપર છોડયું ત્યારે મેં કહ્યું કે, વિપુલભાઈ દરખાસ્ત કરે અને રામસિંહભાઈ ટેકો આપે. આ કદાચ અમે એકલા કરી શકતા હતા.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી એ આપની અંગત વાતો છે એને અત્યારે ગૃહના ફલોર ઉપર લાવવાની જરૂર નથી. આપ ઝડપથી પૂરું કરો.

**શ્રી દિલીપ સંઘાણી** : તો આ સ્થિતિમાં શ્રી રામસિંહભાઈએ ઉલ્લેખ કર્યો છે કેં સહકારી પ્રવૃત્તિમાં કોઈ ડખલગીરી ન થાય અને સહકારી પ્રવૃત્તિ આપણે અપેક્ષા રાખીએ કે ખૂબ સારી દિશામાં આગળ વધે એવો આપણે પ્રયાસ કરીશું અને આપણે સૌ સાથે મળીને આગળ વધીએ. આ બિલને જે રીતે વિપક્ષના નેતા અને બાકીના સભ્યોએ જે હાર્દ અને ભાવથી લીધું છે.ત્યારે હું સૌને વિનંતી કરીશ કે એ ભાવ અને ભાવના હું સ્વીકારું છું અને આવતા દિવસોમાં રાજયના હિતમાં આમાં વધારે કંઈ કરવા જેવું હશે તો ફરીથી આપની વચ્ચે આવીશું ફરીથી આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આજે આ બિલ આપ સૌ સર્વાનુમતે સ્વીકારો અને બિલને મંજૂર કરવામાં આવે તેવી વિનંતી.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૨, સન ૨૦૦૯નું કામધેનુ યુનિવર્સિટી વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૬૬, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિટંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૨, સન ૨૦૦૯નું કામધેનુ યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૨, સન ૨૦૦૯નું કામધેનુ યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૨-૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૬ ઠ્ઠી જૂલાઈ, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ જોષીયારા** | |
| ખેડા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસો | ૧૭૭ |
| ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક, ૨૦૦૯ | ૧૮ |
| નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી (સુધારા) વિધેયક, ૨૦૦૯ | ૨૨૬ |
| ભિલોડા તાલુકાના શામળાજી ખાતે વેચાણવેરા કચેરી બનાવવા અંગે | ૧૦૬ |
| ભિલોડા તાલુકાની એસ.કે.-૪ યોજનાની મંજૂરી | ૩૭૮ |
| ભિલોડા તાલુકામાં જમીન ચકાસણીની ઓફિસ | ૨૭૮ |
| ભિલોડા તાલુકામાં પંચાયત અને રાજ્ય હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ | ૨૬૮ |
| ભિલોડા તાલુકામાં બારમાસી રસ્તાઓ બનાવવા વનબંધુ કલ્યાણ યોજના | ૨૫૧ |
| ભિલોડા તાલુકામાં સુજલામ - સુફલામ યોજના હેઠળ બનેલ મોટા ચેકડેમો | ૩૨૭ |
| રાજ્યમાં યુરોપીયન યુનીયન સહાયિત પ્રોજેક્ટો | ૩૫૭ |
| શામળાજી ખાતે વર્ષ ૨૦૦૯ના વર્ષનો વન મહોત્સવ ઉજવવા આદિવાસી ખેડૂતોની જમીન એક્વાયર કરવા બાબત | ૧૯૫ |
| સાબરકાંઠા જિલ્લામાં વન અધિનિયમ- ૨૦૦૬ અન્વયે જંગલની જમીનો આપવા બાબત | ૧૯૦ |
| સાબરકાંઠા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા | ૧૧૮ |
| **અનિલકુમાર ત્રિ.પટેલ** | |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯ | ૨૮૬ |
| **અનિલજોષીયારા** | |
| બિન સરકારી વિધેયકો | ૨૯૪ |
| **અભેસિંહ મો. તડવી** | |
| આદિવાસી વિદ્યાર્થીઓ માટે ખાનગી (ડ્રાય હોસ્ટેલો) અને સરકારી ડ્રાય હોસ્ટેલો મંજૂર કરવા બાબત | ૧૫૩ |
| આની નદી પર મોટા ચેકડેમ બનાવવાનું આયોજન | ૩૫૪ |
| રાજ્યના ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ | ૨૬૯ |
| વડોદરા જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો | ૩૮ |
| વડોદરા જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ | ૯૭ |
| શિક્ષિત યુવાનોની રોજગારીની તકો વધારવા કામગીરી | ૨૫૧ |
| **અમરસિંહ વસાવા** | |
| કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ | ૧૭૪ |
| કૃષિ સંશોધનના હેતુ માટેની જમીન ખાનગી ગૃપને આપવા રજૂઆત | ૨૫૯ |
| છઠ્ઠા પગાર પંચ અન્વયે મળવાપાત્ર એરીયર્સની રકમ અંગે | ૯૫ |
| નર્મદા જિલ્લામાં ખેડૂતોએ માંગેલ વીજજોડાણ | ૬૧ |
| રાજ્યમાં અમલી ચિરંજીવી યોજના બાબત | ૩૫૩ |
| રાજ્યમાં ચેતક કમાન્ડોના દળ પાછળ થયેલ ખર્ચ | ૪૧ |
| **અમિત શાહ** | |
| ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૨૦૦૮ | ૩૦૬ |
